શ્રી સટીક—

પ્રવીણસાગર.

૪૮-૬૯

શ્લોક.

नियतिकृतनियमरहितां ह्लादैकमयीमनन्यपरतन्त्राम् ।
नवरसरुचिरां निर्मितिमादधती भारती कवेर्जयति ॥ १ ॥

(काव्यप्रकाशः)

છપાવી પ્રસિદ્ધકર્ત્તા.
હરિશંકર કરૂણાશંકર પાઠક.



અમદાવાદમાં
"ગુજરાત ગેઝેટ" અને "ઍંગ્લોવર્નાક્યુલર" પ્રેસમાં મુદ્રાંકિત કર્યું.

ઇસવિ. ૧૮૯૨. વિક્રમ સંવત. ૧૯૪૮.

કિમ્મત રૂ. ૬

अर्पणपत्रिका.

શ્રીમન કૈલાસવાસી મહારાજાધિરાજ,
શ્રી બાવાજીરાજ સાહેબ બહાદુર,
સ્વસ્થાન રાજકોટના
મહારાજા સાહેબ.

ગુજરાતી સાહિત્યના પરમ હિતેચ્છુક, વિદ્વાનોના આશ્રયદાતા, પોતાની રૈયત પ્રતિ વાત્સલ્ય ભાવથી વર્તવામાં સુદૃઢ, પરમ નીતિજ્ઞ, અને તેવા બીજા અનેક શુભ વિશેષણયુક્ત જેમની કીર્ત્તિ તેમના કૈલાસવાસી થયે છતે પણ ઝંખાય તેમ નહીં છે; એવા મહારાજાશ્રીનું શુભ નામાભિધાન આ પુસ્તક સાથે સંયુક્ત રાખી તેમના વડિલાની પુંજી તેમનેજ અર્પણ કરવામાં કૃત કૃત્ય સમજું છું.

લી. ગુણાભિલાષી
હરિશંકર

વધૂવધ.

એક વ્યવહારિક વાર્તા.

કીમત રૂ. ૧-૮-૦

માંજુભાઈ ભવાનીલાલ ત્રિવેદી.

મીરગામ—બેકરોડ,

મુંબાઈ.

રાજકોટ દરબારશ્રી પ્રવીણસાગર ગ્રંથના કર્ત્તા મેહેરામણજી * વિષેની હકીકત.

અજોજી.

લાખાજી.

વિભોજી—ફટાયા. કાળાવડનાં ૧૨ ગામ લઇ ઉતર્યા ને બાદશાહને મળી ચિભડા ગામમાં રહી સરધારમાં તેમના મામા વાઘેલાઓને મારી રાજગાદી સ્થાપી.

મેરામણજી.

સાહેબજી.

બામણીયોજી.

મેરામણજી

રણમલજી ઉર્ફે બાભોજી

લાખોજી-ઉર્ફે બાવોજી, એ સંવત ૧૮૫૯ના જેઠમાં ગોંડળને નવલખેથી પડી ગુજર્યા.

* મેરામણજી સંવત ૧૮૧૩માં શ્રાવણ માસમાં સિંહ સંક્રાંતિમાં જન્મ્યા હતા અને સંવત ૧૮૫૨ના ચૈત્ર શુદ ૯ને દિને ગુજરી ગયા. તે મેહેરામણજીએ પ્રવીણસાગર નામે ગ્રંથ રચ્યો છે. જે ગ્રંથ સંવત ૧૮૩૮ના શ્રાવણ શુદ ૫ને મંગળવારે આરંભ્યો હતો. મેહેરામણજી કુંવરપદે હતા અને તેમના પિતાની હયાતીમાંજ ગુજરી ગયા હતા, તેથી ગાદીએ બેસવા પામ્યા નહોતા; પણ તે મેહેરામણજી સંવત્ ૧૮૨૦માં રાજકોટ આખી ગામ ફરતું ગઢનું કામ સરૂ કરી સંવત ૧૮૩૬માં પુરૂં કરી સંવત ૧૮૫૦માં રૈયાના નાકાનાં કમાડ ચડાવ્યાં.

બાભોજી ઉર્ફે રણમલજી (ગાદીપતિ.) — દાદોજી.

સુરોજી.

મેરામણજી.

બાવોજીરાજ જે સન ૧૮૯૦માં કૈલાસવાસી થાય.

લાખાજી—હાલના ગાદીપતિ બાળ. મહારાજ.

ઇમ્પિરિયલ

એંગ્લો-ગુજરાતી ડિક્શનરી.

હાલમાં મ્હોટા સુધારા તથા વધારા સાથે બહાર પડેલી ઇન્ટરનૅશનલ વેબસ્ટર ડિક્શનરીના ધોરણ ઉપર રચાયલી અને લગભગ વેબસ્ટર્સ મ્હોટા કદની બહાર પડનારી ડિક્શનરી.

એડવાન્સ કિમ્મત રૂ. ૮ — બહાર પડયેથી કિ. રૂ. ૧૦

H. K. Pathak,

અમદાવાદ.

પ્રસ્તાવના.

કાવ્ય એ નતેજ જનસમૂહના ચિત્તને એટલું તો આકર્ષિત કરનાર વસ્તુ છે કે તેના વિષે આ ઠેકાણે અધિક કહેવાની કંઈજ જરૂર નથી. તેમાં વળી **પ્રવીણસાગર** જેવા રસથી ઝરતા ઝરા અને ચતુરાઈના સમુદ્રરૂપ ગ્રન્થથી મનુષ્યપ્રકૃતિ તલ્લીન બને એ સ્વાભાવિકજ છે. આ આખો ગ્રન્થ રસ, અલંકાર, નાનાવિધ છંદ, શાસ્ત્ર, નાયકનાયકા ભેદ, પ્રેમનિરૂપણ, મિત્રતા, શારીરક અને વ્યવહારિક જ્ઞાન વગેરેનો બોધ આપી છેવટે મોક્ષદાયી અષ્ટાંગ યોગનું પણ દર્શન કરાવે છે.

પ્રથમ આ ગ્રન્થની ૬૦ લહરો ઈડર મહારાજાએ પોતાના શીલા પ્રેસમાં સન ૧૮૬૭ માં છપાવી પ્રસિદ્ધ કરી. ત્યારથી પ્રજા તે સંપૂર્ણ ગ્રન્થ વાંચવાને એકપગે થઈ રહી! મારૂં મન પણ તેવીજ રીતે ઉશ્કેરાયું, અને ગ્રન્થના બાકીના ભાગની શોધ–ખોળ કરતો હતો. સમાગમમાં મળી આવતા ભાટચારણો ઈત્યાદિથી પડપૂછ અને ખંતથી સંશોધન કરતાં આખા ગ્રન્થની ત્રણ પ્રતો મળી આવી. જે મળી આવતાંજ તેની ગુજરાતીમાં ટીકા કરાવવાનો મારા પરમમિત્ર સ્વર્ગવાસી કવિશિરોમણી ગુલાબરામ ચકુભાઈની પ્રેરણાથી આરંભ કર્યો: જેમાં કવિરાજે પોતે, સારી મદદ આપી હતી,–અને તેના ફળરૂપ અત્યારે આ ગ્રન્થ બહાર પાડવાને પરમકૃપાળુ પરમેશ્વરે અવસર આપ્યો છે. ટીકાનો મ્હોટો ભાગ શિહોર-વાસી કવિ ગોવિંદભાઈ ગીગાભાઈએ પુરો પાડ્યો છે, તેમજ છેવટની ૭૩ થી ૮૪ લહેર સુધીની બાર લહેરો મેળવી આપવામાં ભારે મદદ આપી છે,–તેથી તેમનો મ્હોટો ઉપકાર થયો છે. સિવાય પુજ્ય શ્રી * * * વિજયજી અને બીજા જે જે મિત્રોએ ટીકા કરવામાં મદદ આપી છે તેમનો મ્હોટો આભાર થયો છે.

આ ગ્રન્થ છપાવવાની રાજકોટના કૈલાસવાસી મહારાજા શ્રી ૧૦૭ શ્રી બાવાજીરાજની પરવાનગી અપાવવામાં તથા અર્પણપત્રિકા કબુલ કરાવવામાં સ્ટેટ મજકુરના દિવાનજી રા. રા. મોતીચંદભાઈ તુલસીભાઈએ કિમ્મતી મદદ આપી છે, તેથી તેમનો પણ આભાર થયો છે.

મારૂં કામપ્રસંગે બહાર ગામ રહેવું થવાથી અને એવાં બીજાં કારણોને લીધે પ્રુફો સુધારવામાં જે ચૂકો રહી હશે. તેને વાચકો સુધારી વાંચશે એવી તેમના પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે.

લી. પ્રકટકર્ત્તા.

૫૦૨૯

અત્યારલગીમાં કદિ બહાર પડેલી નહિ તેવી—

ગુજરાતી-ઇંગ્લિશ ડિક્શનરી.

જેમાં લગભગ ૩૦,૦૦૦ શબ્દના મ્હોટા જથ્થા સાથે પરશિયન, અરેબિક અને પુષ્કળ સંસ્કૃત રૂટ, દરેક શબ્દનો ઇંગ્રેજીમાં ઉચ્ચાર તથા વિસ્તારથી મીનિંગ આપવામાં આવ્યા છે.

એડવાન્સ કિમ્મત રૂ. ૨-૦-૦ બહાર પડેથી રૂ. ૩-૦-૦

H. K. Pathak,

અમદાવાદ.

૫૦૨૯

श्री ११

श्रीगणेशायनमः



अथ श्री प्रवीनसागर ग्रंथ प्रारभ्यते.

मंगलाचरण-जातिस्वभाव अलंकार.

गणपतिस्तुति—दोहा.

बरन करन अशरन शरन, बंदन अरुन शरीर ।
चंदधरन बारन बदन, हरन शरन जन भीर. ॥ १ ॥

અથ ટીકાકારોક્ત નમસ્કારાત્મક મંગલાચરણ.

કવિત્ત.

"ગોપીનાથ ગૌરીનાથ વિનાયક શારદાને; દયાવાન દેવીમહા ગિરજાને ગંગને;"
"લાભદાય લક્ષ્મીને ભાનુભેશ બ્રહ્મ અને; ઇષ્ટ અન્નપૂરણાને એકાગ્રે અનંગને;"
"સુરને સુરેંદ્ર શચી બોધક વશિષ્ઠવ્યાસ; ધરમ કરમ અને નિગમના અંગને;"
"ટીકાને આરંભે નમી કાર્યસિદ્ધિ કરવાને; રસના સંભારૂ ધરી ચિત્તમાં ઉમંગને."

ટીકા—વરન એટલે અક્ષર કરનારા, કેમકે ઝડપ અને સુંદરતા સાથે લખનાર ગણપતિ જેવા કોઇ નથી, અને તેટલાજ માટે વ્યાસે મહાભારત રચતી વેળા ગણપતીને લેખક ઠેરાવ્યા હતા. તેમજ ગણેશ પુરાણમાં "જગત્કર્ત્તા ગણપતિછે. સો તે અને વરન (વર્ણ) એટલે બ્રાહ્મ, ક્ષત્રી, વૈશ્ય, અને શુદ્ર, એ ચારે જાતિને ઉત્પન્ન કરનારા, તેમજ હિંદી ભાષામાં દરેક શબ્દને છેડે "ન" મુક-

વાથી બહુ વચન થાય છે તો "વર" શબ્દને "ન" લગાડવાથી "વરન"* એટલે દાન કરનારા, સેવક જનોને બહુ દેનારા, નિરાશ્રીતને આશ્રય આપનારા; તથા સિંદૂરથી લાલ થયેલ છે શરીર જેનું એવા અને કપાળમાં ચંદ્ર ધરનારા, તથા હાથીના જેવા મુખવાળા, શરણે આવનાર જનોની પીડા હરનારા—એવા જે ગણપતિ, તેને વંદન એટલે નમસ્કાર કરૂં છું. (૧)

આ મંગલાચરણમાં ગ્રંથકર્ત્તાએ "વંદન" શબ્દનો બે અર્થથી જૂદા જૂદા બે ઠેકાણે ઉપયોગ કર્યો છે તે એવી રીતે કે—ભાષામાં "વંદન" એટલે સિંદૂરથી લાલ શરીર થયું છે. અને બીજા અર્થમાં "વંદન" એટલે વંદના કિંવા નમસ્કાર એમ સૂચવ્યું છે.

ગ્રંથ નિર્વિઘ્નપણે પૂરો થવા માટે ગ્રંથકર્ત્તાઓ પ્રથમ મંગલાચરણ કરે છે અને તે ત્રણ પ્રકારનાં હોય છે. એક નમસ્કારાત્મક એટલે દેવ અથવા ઇશ્વરને નમસ્કાર કર્યો હોય તે, અને બીજું આશિર્વાદાત્મક એટલે જેમાં આશિર્વાદ આપેલો હોય તે, ત્રિજામાં ગ્રંથકારે ગ્રંથના વિષયનું સૂચન કર્યું હોય તે. એમાં આ ગ્રંથકર્ત્તાએ પ્રથમ નમસ્કારાત્મક મંગલાચરણ કરેલ છે.

सवैया

शैलसुतासुत सिंधुर आनन, संकट गंज सदाशिव नंदा;
एकरदी सुरदी बरदी बर, बंदन भाल विराजित चंदा;
मूखक रुढ मरुढ महातम, +गायक गूढ गिरागुन वृंदा;
नायक देव म्हासिधि दायक, पायक पच्छ विनायक वंदा ॥२॥

ટીકા—શૈલ જે હિમાલય તેની સુતા જે પાર્વતી તેના પુત્ર અને સિંધુર કહેતાં મદઝર હાથીના મુખવાળા, કષ્ટનો નાશ કરનાર, શિવના પુત્ર, એક દાંતવાળા, સુરદી એટલે સારા દાંતવાળા અથવા સુર દેનારા. સપ્તસ્વર જે રાગના છે તેના શબ્દનો ઉચ્ચાર આપનારા, અથવા ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત એ જે ત્રણ સ્વર છે (અ આ વિગેરે) તેને આપનારા કહેતાં વર્ણોચ્ચાર શિખવનારા, તથા શ્રેષ્ટ વરદાનો દેનારા, અથવા સુરદીને બદલે 'સુહૃદી' હોય તો સારા હૃદયવાળા એટલે ઉદાર મનવાળા, અને સિંદૂરે ચર્ચિત ક-

*આ ઠેકાણે કોઇને શંકા ઉત્પન્ન થાય કે "વર" શબ્દ બહુ વચનમાં શા માટે વાપર્યો હશે? તો ઉત્તર એ છે કે, હરેક મનુષ્ય પર કોઈ દેવ પ્રસન્ન થાય છે ત્યારે તેને એકવાર દાન એટલે સંપત્તિ આપવા મનઈચ્છિત વરદાન આપે છે; પરંતુ આ ગણપતિ તો હમેશાં પ્રસન્ન રહી વારંવાર "વરદાનોને" આપનારા છે અને દરેક જણના માંગળિક કામો નિર્વિઘ્નપણે નિરંતર કરનારા છે તેથી ગ્રંથકર્ત્તાએ તે બહુ વચનમાં વાપરેલ છે.

+ઇડરપ્રતિમાં 'घायक दुःख सदा सुख कंदा છે.

પાળમાં ચંદ્ર વિરાજે છે એવા, ઉંદરપર ચડેલા પ્રૌઢ માહાત્મવાળા, ગુણના સમૂહ ગૂઢાર્થ વાણીને ગાનારા, એટલે જ્યારે વ્યાસે મહાભારત આરંભ્યું ત્યારે વ્યાસ જેટલી કવિતા કરે તે ઝડપથી લખે એવો કોઇ લૈયો ન મળવાથી ગણપતિને કહ્યું કે તમો લખો. ત્યારે તેમણે કહ્યું કે લખતાં મહારી કલમ અટકે નહીં તો હું લખું. વ્યાસે કહ્યું કે ઠીક છે, પરંતુ જે તમો લખો તે અર્થ સમજ્યા વિના લખવું નહીં. તે વાત ગણપતિયે કબૂલ કરી. પછી વ્યાસે એવી યુક્તિ કરી કે ઠેકાણે ઠેકાણે ગુઢાર્થવાળા શ્લોક બનાવ્યા. તે ગણપતિ વિચારવા રહે એટલામાં વ્યાસ બીજા નવા શ્લોકો બનાવી કાઢે; તોપણ ગણપતિ ગુઢાર્થને યથાર્થ સમજી ઘણી ઝડપથી લખતા હતા. તેથી આ ગ્રંથકર્ત્તાએ આ ઠેકાણે ગણપતિને ગુઢાર્થ વાણીના ગાનાર એવું વિશેષણ આપ્યું છે. સર્વ દેવોમાં મુખ્ય, અનેક સિદ્ધિના આપનારા, સેવકજનોને સહાય કરનારા-એવા જે વિનાયક કહેતાં ગણપતિ તેને હું વંદન કેહેતાં નમસ્કાર કરૂછું. (૨)

दोहा.

बरन उक्ति जुत एकरद, नितप्रति करहु नबीन,

बुधि दीजैं बरनन बने, सागर कथा प्रबीन. ॥ ३ ॥

ટીકા—હે, એક દાંતવાળા ગણુપતિ? સુંદર અક્ષર સહિત વાણી હમેશાં નવિન કરો. અને બુદ્ધિ આપો કે, જેથી આ પ્રવીણસાગરની કથાનું વર્ણન થાય. (૩)

अथशारदास्तुति-दोहा.

बीन लीन बरदायिनी, बानि बरन बिस्तार, ।

दींन मान सरसायिनी, जनसरनौ बिधितार. ॥४॥

॥ अथ शारदा स्तुति अश्वगति कोष्टक बधं भेद यथा ॥

बी	न	लीं	न	ब	र	दा	यि	नी
बा	नि	ब	र	न	बि	स	ता	र
दी	न	मां	न	स	र	सा	यि	नी
ज	न	स	र	नौ	बि	धि	ता	र

॥ अर्थ त्रिपदी चित्र भेद ॥

बी	ली	ब	दा	नी	स	न	ब	बा
न	न	र	यि	र	ता	वि	र	न
दी	मा	स	सा	नी	ध	नौ	स	ज

॥ अथ द्विपदी गोमुत्रिका चित्र भेद ॥

बी	न	ली	न	ब	र	दा	यि	नी	बा	नि	व	र	न	बि	स	ता	र
दी	न	मा	न	स	र	सा	यि	नी	ज	न	स	र	नौ	वि	ध	ता	र

ટીકા—હે વીણા ધારણા કરનાર સરસ્વતિ? તમો વરદાંન આપનારાં, વાણી અને અક્ષરોનો વિસ્તાર કરનારાં તથા ગરીબ લોકોના માનને વધારનારાં, શરણે આવેલા જનોને આ ભવ સમુદ્રમાંથી વીગતે કરી તારનારાં છો તેમ અમને પણ આ પ્રવીણસાગર ગ્રંથમાંથી તારો; મતલબકે ગ્રંથ પૂરો કરી પાર ઉતારો. (૪)

(બીજી રીતે)—વીણા નામના વાજીંત્ર (જંતર) વગાડવામાં લીન એટલે તેમાં નિમગ્ન થયેલાં અને વરદાન આપનારાં, તથા અક્ષરોનો વિસ્તાર કરનારાં હે બાનિ કહેતાં સરસ્વતી? તમો ગરીબ લોકોના મનને (બુદ્ધિને) વધારનારાં છો. અથવા શરણે આવેલા જનોને આ–ભવ સમુદ્રમાંથી વીગતે કરી પાર ઉતારનારાં છો. અથવા (ચોથા ચરણમાં–"જનસરનૌ" હોય તો મનુષ્ય અને દેવને એક નૌકારૂપ આ ભવ સમુદ્રમાંથી તારનારાં છો. તેમ અમોને–પણ આ પ્રવીણસાગર ગ્રંથ પૂરો કરી પાર ઉતારો. (૪)

सवैया

वेद पुरान बतावन पावन, गावन बीन वजावनहारी,
पत्र मराल मृणाल[1] चखी, सुदयालहि बाल बिचच्छन नारी;
व्यापक विश्व जनी जस जापक, कापक ताप रसा रिझवारी,
शंकर सुरसुके बरदायिनि, कीजे कृपा अति बालकुमारी. ॥५॥

[1] અસલ પ્રતિમાં મૃણાલ પાઠ છે પણ મૃણાલ શબ્દનો અર્થ કમળ થતો નથી પણ સરોજનો અર્થ કમળ થાય છે.

ટીકા—પવિત્ર વેદ અને પુરાણને બતાવનારી અથવા પવિત્ર બ્રહ્મવિદ્યાના ગીતને ગાનારી, વીણાને બજાવવાવાળી, હંસના વાહનવાળી, કમળ સરખાં નેત્રવાળી, સારી દયાવાન, સદાય બાળકરૂપે સ્રી છતાં ઘણીજ ચતુર અને વિદ્વાન તથા આખા જગતમાં વ્યાપી રહેલી સર્વની માતા એટલે ઉત્પન્ન કરનારી, જેના જસનો જે જાપ જપે છે તેના આધિ બાધિ અને ઉપાધિ એવા ત્રણ પ્રકારના તાપને કાપીને રસા કહેતાં જીભપર રીઝવવાવાળી એટલે તેની જીભે રહેનારી, અને વરદાન આપવામાં ઉદાર એવા શંકરને, દેવોને પણ વરદાન આપનારી, એવી હે બાળકુમારી સરસ્વતિ? તમે અમારીપર અતિ કૃપા કરો— પ્રસન્ન થાઓ કે જેથી અમારી ધારેલી ધારણા સર્વે પાર પડે. (૫)

॥ श्लोक ॥

। सरस्वतिनमस्तुभ्यंयाविद्यावरदायिनी,
। क्रियतेत्वत्प्रसादेनप्रवीणसागरोमया. ॥६॥

ટીકા—વિદ્યારૂપી વરદાનને દેવાવાળાં હે સરસ્વતિ? હું નમસ્કાર કરૂં છું; કારણકે તમારીજ પ્રસન્નતાની કૃપાથી પ્રવીણસાગર ગ્રંથ રચું છું. (૬)

अथ छंद भुजंगप्रयात.

आँकार प्रेमं प्रभा नाद बिंदा, जयो मातुरा चातुरा भेद छंदा;
गिरा ग्यान गौतीत गूढं गनानी, जयो पार [illegible] बेद बानी.
महा मोहिनी सोहिनी मोह माया, जयों जंत्रनी मंत्र तंत्रं उपाया;
गुनाकार ज्योती निराकार गत्ती; जयो बोधना सोधना सारसत्ती.
दशं द्वादशं षोडशं चत्र शष्टी, जयो भिन्न रूपी कला पार दृष्टी;
वदे जोग बादं मुनिंद्रं विचारा, जयो धारना कारना ध्यान धारा.
निरत्ती सुरत्ती प्रकृत्ती परेशा, जयो मंडलाक र मध्ये प्रवेशा;
सबं व्यापितं थापितं बीज बाला, जयोही प्रणवं यथा मंत्र माला.
महा मंगला रूप माहेवा सिद्धी,.जयो वैष्नवी ईंदिरा नेह निद्धी;
सदा ब्रह्म साविात्रि सत्ता सुहानी, जयों भारती सारती वाक बानी.
रुषीराज आराधना ग्यान गुढा, जयो गायका नायका हंस रूढा;
बिपंचीरता पुस्तकं श्वेत वासा, जयवे बुद्धि दातार अंकं बिकासा.
सुरी आसुरी किन्नरी पाय सेवे, जयो दृष्टीसें शारदा सिद्धि देवे;

कुमारी कला पुरनर कामधेना, जयो चंद्रबिंबा रती रूप मेना.
हसंती लसंती गले हार मुक्ति, जयो कंज धारा दया सिंधु दुत्ती;
कृपा किजियें दिजिये सुप्रगन्धा, जयो चिंत चिंतामनी चारु कन्या.
कलप्प लता इच्छितं सोइ पाऊ, प्रवींनं कथा सागरकी बनाऊ.
रसन्ना मनं बास कीजें तिहारो, जुकत्ती उकात्ति सबेहीं सुधारो;
पुरा प्रेमको पार कोउ न पावें, तिहारे प्रसादें यथा बुद्धि गावें. ॥७॥

ટીકા—ઁકારરૂપ, પ્રેમરૂપ, શોભારૂપ, નાદરૂપ, બિંદુરૂપ, ચાતુરીવાળાં, માત્રકારૂપ, છંદના ભેદરૂપ એટલે ચાર વેદરૂપ, વાણીરૂપ, જ્ઞાન રૂપ, ઇંદ્રિયોથી અગ્રાહ્યરૂપ, ગુરુરૂપ, જ્ઞાનીરૂપ, વેદ વાણીને પાર પામવા-વિસ્તાર કરનાર માતૃ સરસ્વતિ ? તમારો જય થાઓ. મહા શોભાયમાન મોહનીરૂપ, મોહ ઉત્પન્ન કરવામાં માયારૂપ, જંત્ર મંત્ર, અને તંત્રને ઉત્પન્ન કરનાર, તમારો જય થાઓ. ગુણના સંબંધે સાકાર ભાસો છો પણ નિરાકાર છો; માટે હે? બોધ આપી શુદ્ધ કરનાર સરસ્વતિ તમારો જય થાઓ. તમો દશ મહા વિદ્યા (કાલી, તારા, ષોડશી, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્નમસ્તા, ધૂમાવતી, બગલા, માતંગી, કમલા,) રૂપ દ્વાદશરૂપ છો.

અને ષોડશ ઉપચારે કરી પૂજા કરવા યોગ્ય, તથાં ચોસઠ યોગણિરૂપે શોભી એવાં અનેક રૂપ ધારણ કરનાર, ચોસઠ કળા પાર પામેલી છે દ્રષ્ટિ જેની એવી હે ? સરસ્વતિ તમારો જય થાઓ. મોહોટા મુનિયો યોગની ચર્ચા કરી તમારોજ વિચાર કરે છે, અને એકાગ્ર ચિત્તવૃત્તિનું ચર્ચા કારણરૂપ, ધ્યાનને ધારણ કરનાર, સ્મૃતિમાં તત્પર, પ્રકૃતિ અને પરમેશ્વરરૂપે મંડળાકાર આ જગત મધ્યે પ્રવેશ કરનાર સરસ્વતિ તમારો જય થાઓ. સર્વ જગતમાં વ્યાપકરૂપ, અને સર્વને સ્થાપનાર બીજકરૂપ, બાળારૂપ, ઁકારરૂપ, યથાર્થ મંત્રની માળારૂપ સરસ્વતિ? તમારો જયથાઓ. મહા મંગલારૂપ, પાર્વતીરૂપ, અથવા "અષ્ટ યોગિની માંહેની પેહેલી" માહેશ્વરીરૂપ, અષ્ટસિદ્ધિરૂપ, વિષ્ણુની શક્તિ લક્ષ્મીરૂપ, પ્રેમના ભંડારરૂપ, તમારો જય થાઓ. સર્વદા બ્રહ્મા અને સાવિત્રીની શક્તિને શોભાવનાર, વાક્ય અને વાણીના સારને આપનાર હે? સરસ્વતિ તમારો જય થાઓ. હે ગુહ્ય જ્ઞાનને જાણનાર મ્હોટા મ્હોટા ઋષિઓ તમારી આરાધના કરે છે. હે ? હંસ પર બેસનાર, ગાંધર્વ આદિક ગાયન કરનારમાં મુખ્ય એવાં સુસ્વરનિહ સરસ્વતિ તમારો જય થાઓ. હે ? વીણા પર પ્રીતિવાળાં, હાથમાં પુસ્તક ધારી અને શ્વેતામ્બર ધારણ કરનારાં, બુદ્ધિનાં આપનારાં, આંકનો વિસ્તાર કરનાર સરસ્વતિ તમારો જય થાઓ. દેવાંગનાઓ, અસુરની

સ્ત્રીઓ અને કિન્નર નામના યક્ષોની સ્ત્રીઓ જેનાં પગ સેવે છે, અને જે દૃષ્ટીથીજ અષ્ટ સિદ્ધિને આપે છે એવી શારદા! તમારો જય થાઓ. હે? કુમારિ (તમારા સેવકને) કળામાં પરિપૂર્ણ કરવામાં કામધેનુ જેવાં, અને ચંદ્રબિંબ સરખાં કાન્તિવાળાં અને કામદેવને રતિ જેવાં સ્વરૂપવાન તમારો જય થાઓ. હસતા મુખવાળાં, ગળામાં મોતીના હારથી શોભીતા કમળને ધારણ કરનારાં, દયાના બીજા સમુદ્ર જેવાં તમારો જય થાઓ. કૃપા કરીને સુબુદ્ધિ આપો. ચિત્તની ચિંતામણીરૂપ હે સુંદર કન્યા! તમારો જય થાઓ. હે કલ્પલતા રૂપ સરસ્વતિ! હું તમારી પાસેથી એજ પામવા ઇચ્છુછું કે પ્રવીણ સાગરની કથાનો ગ્રંથ બનાવવા ધારૂંછું તેથી તમો મ્હારી જીભે ઉક્તિ આપવા અને મનમાં વિચાર સૂઝાડવાને તમારો વાસ કરો. યુક્તિ અને જુક્તિ એ સર્વે સુધારી સારી કરો. કેમકે ગમે તેવા પૂર્ણ પંડિત હોય તોપણ કોઈ પ્રેમનો પાર પામતા નથી છતાં તમારી કૃપાથી યથાબુદ્ધિ પ્રમાણે હું આ ગ્રંથ (પ્રેમસંબંધી) કાંઈ કહેવાને ચાહુછું તે પૂર્ણ કરો. (૭)

अथशंकरस्तुति--दोहा.

वाम उमा अमला जटा, उर कर उरगा अनूप;
शीश शशी चरची भसम, जय जय शंकर रूप. ॥८॥

ટીકા—ડાબી બાજુએ પાર્વતીજી રહ્યાં છે, નિર્મળ જેની જટાઓ છે અથવા અમલા એટલે ગંગા જેની જટામાં બિરાજે છે, અને હાથ પર અનૂપ સર્પ ધારણ કરેલા છે, માથા પર ચંદ્રમા બિરાજે છે અને સર્વ શરીરને વિશે ભસ્મ ધારણ કરેલ છે એવા શંકરનો જય થાઓ.

झुलना छंद—किंवा—कडखा छंद.

अंब अरधंग भंग शिरं गंगधर, अंग सित भृंग भन जंग बागें,
मारके मार गर मार घर मार घर, पारकन हार संसार आगें.
कंद सुख द्वंद दुख वृंद हर चंदजुत; वाहन नंदी शिषि बिंदु भागें,
माल गल मुंड बिनकाल प्रतिपाल जन; आल [illegible] सिर रंग रागें.॥९॥

ટીકા—શંકર કેવા છે કે- જગત્માતા [illegible] જેની અર્ધાંગના છે અને [illegible] ભાંગને પીનારા, માથામાં ગંગાને ધારણ કરનારા, ગૌર શરીરવાળા ભૃંગ સહિત ડાક ડમરૂને બજાવનારા, [illegible], ગળામાં ઝેર અને ઉત્તમમાળા ધારણ કરનારા, સેવક જનોને સંસારસાગરથી પાર ઉતારનરા, સુખના મૂળ, જન્મ મર્ણાદિક દુઃખના સમૂહને હરનારા, ચંદ્રને ધા-

રણ કરનારા, નંદી, નામના બળદ પર બેસનારા, તિલકસ્થાને અગ્નિનેત્ર ધારણ કરનારા, મસ્તકોની રૂંઢમાળા ગળામાં પેહેરનારા, મૃત્યુ રહિત અજરામર રેહેનારા, ભકતજનને પાળનારા, હાથીનું આખું ચામડું શિરે ઓઢનાર અને રાગના રંગમાં નિમગ્ન થયેલા નિરંતર શોભે છે. (૯)

गतागत अन्यार्थ--सोरठा.[1]

मसान बनहे बास, रेभसमनतनअतिरची,
मुदाअहिनगुनदास, तिलकधूमशिरसुरसरी. ॥१०॥

ટીકા—(શિવપક્ષે સોરઠાર્થ) મસાણ અને જંગલમાં જેનો નિવાસ છે, શરીરે અતિ ભસ્મ લગાવી છે, હર્ષથી સર્પો અને ગણો જેના દાસ થઈ રહ્યા છે, તથા તિલકસ્થાને ત્રીજા અગ્નિનેત્રનો ધૂમાડો છે, અને માથાપર ગંગાજી વિરાજે છે એવા હે! શંકર કલ્યાણ કરો. (૧૦)

उपरना सोरठाने उलटावी वांचतां श्रीकृष्ण पक्षे नीचे प्रमाणे अर्थ थाय छे.

ટીકા—ગંગાજેવી ઉજ્વળ કાન્તિવાળી, મધુવનમાં ક્રીડા કરતી સદાય ગુણ વિનાની માળાને છાતીપર ધારણ કરનારી એટલે શ્રી કૃષ્ણના આલિંગનથી મણિમાળાની છાપ જેની છાતીપર ઉઠી આવેલી છે એવી (કાયમ કૃષ્ણ સાથે વિહાર કરનારી) ગોપિયો શરીરપર ચીર ઓઢ્યા વિના એટલે બેભાન થઇ વનમાં શ્રી કૃષ્ણને ગાતે છે, પરંતુ ક્રોધ ભરેલા ઘનશ્યામ તે વનમાં નથી–અદ્રશ્ય થઇ ગયા છે. (૧૧).

ટીકા—હે સખી ગંગા જેવી ઉજવલ કાંતિવાળી મીઠા સ્વરે ગાનારી હમેશાં દોરા વિનાની માળા પેહેરનારી એટલે કૃષ્ણના આલિંઘનથી પેહેરેલ મણિમાળાની છાપ જેની છાતીપર ઉઠી આવેલી એવી, મતલબ કે કાયમ વિહાર કરનારી, ગોપિયોમાં ઘણા કાળ કામદેવને બહાને રહેલા ઘનશ્યામ તે વનમાં નથી. (૧૧)

श्री राधाकृष्ण स्तुति–दोहा.

बरन बरन बिकसित बिपिन, सुमन सुमन प्रति भृंग;
युमनां तीर समीर शुभ, हरि राधे दोउ संग.. ॥ १३ ॥

ટીકા—સુંદર વર્ણોને [illegible] તરેહ તરેહનાં પુષ્પો પ્રકાશી–ખીલી રહ્યાં છે, અને તે પુષ્પે પુષ્પે ભમરાઓ ગુંજાર કરી રહ્યા છે. એવી રમણીય યમુનાજીની તીરે સુવાસિત પવનની આવતી લહેરોમાં શ્રી [illegible] રાધાજી સાથ બંને વિહાર કરે છે. (૧૩)

---

૧ આ સોરઠો લહેર ૬૨ મીમાં છંદ ૫૬ ઠો છે ત્યાં જુવો.

कवित्त.

कुंज कुंज पुंज पुंज मकरंद के सुरंज,
उडत सुगुंज गुंज रंज रंज रहे भृंग;
कुंद कुंद अटकी करत सदागति गति,
परिभृत उच्चरत सुनत जगे अनंग;
गहरि गहरि गजे यमुनाकी लहरि सुं,
सुमन सरोज आन छये हे रंग रंग;
श्यामा श्याम हिंडोरहि गावत हिंडोरा बैठे,
जटित जराव नंग भुखनशु अंग अंग. ॥ १४ ॥

ટીકા—કુંજ કુંજ [લતામંડપ] ને વિશે પ્રફુલિત થયેલાં ફૂલોના ઉડતા રસ અને રજકણોના સુગંધથી પ્રસન્ન થઈ ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે અને પવન કુંદ કુંદ (ડોલર) પુષ્પને વિશે અટકી મુખાર્થે દોડાદોડ કરે છે, તથા કોયલ પક્ષીના સુંદર ટહુકા સાંભળી કામ પ્રદિપ્ત થાય છે તેમાં જમનાજીની ગંભીર લહરો વધારો કરે છે તથા વિવિધ પ્રકારના રંગથી ફૂલ અને કમળ પ્રફુલાંત થઈ છવાઈ રહ્યાં છે—એવે રમણિક ઠેકાણે શ્રી કૃષ્ણ અને રાધાજી હીરામાણેક આદિ રત્ન જડીત આભૂષણો અંગ અંગ પ્રત્યે પેહેરીને હિંડોળે બેશી હિંડોળ રાગનું ગાન કરે છે. (૧૪)

अलंकार चतुर्देव स्तुति यथासंख्या-दोहा.

નીચેનો શ્લોક અસલ પ્રતમાં નથી પણ રાજકોટવાળી પ્રતમાં હોવાથી અત્રે ફુટનોટ તરીકે તેને આપ્યો છે.

अलंकार आरोहावरोह-श्लोक.

१ २ ३ ३ २ १
विहंगोवाहनंयस्यत्रिकचापस्यभूषणम् ।
२ १ ३
तद्भार्यासालपादेवीसादेवीवरदास्तुमे ॥

ટીકા—(વિ) ગરૂડ (હં) હંસ (ગો) નંદી બળદ, એ જેઓનાં વાહન છે (ત્રિ) ત્રિશૂલ (કં) કમંડલ (ચા) ચાપ અને ધનુષ એ જેઓનાં આયુધ છે. એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેઓની સ્ત્રીઓ (સા) સાવિત્રી (લ) લક્ષ્મી (પા) પાર્વતી એ ત્રણે દેવીઓ મને વરદાન આપનાર થાઓ.

मुषक हंस ब्रषराज खगं, इनहींपें असवार;
गनपति शारद हर हरी, चारहु मंगल चार. ॥ १५ ॥

ટીકા—ઉંદર, હંસ, બળદ, અને ગરૂડ—એ ઉપર અનુક્રમે સ્વારી કરનાર ગણપતિ, શારદા, મહાદેવ, અને વિષ્ણુ; એ ચારે દેવ મંગળરૂપ એટલે કલ્યાણ કરનારા છે. [૧૫]

अलंकार आरोहावरोह यथासंख्या-सवैया.

मूष[१] मराल[२] ब्रषं[३] खग[४] आसन, पीत[४] तुचं[३] सित[२] रक्त[१] पटंजन,
दावसु[१] तंत्रि[२] पिनाक[३] छडीकर[४], बंस[४] त्रिशुल[३] सुपोथि[२] गुनीमनि[१],
बंदन[१] चंदन[२] भूति[३] म्रुगंमद[४], क्रीट[४] जटा[३] कबरी[२] इभ कुंभनि[१],
ईशजु[१] शारद[२] ईश[३] ब्रजेशजु[४]; आदिहु मंगल चारं किये इन.॥१६॥

ટીકા—ઉંદર, હંસ, બળદ અને ગરૂડ એ ચાર જેનાં વાહન છે એવા ગણેશ, શારદા, શિવ અને શ્રી કૃષ્ણ; તથા પિતામ્બર, ગજખાલ, શ્વેત અને લાલ એવાં જેનાં વસ્ત્ર છે એવા શ્રી કૃષ્ણ, શિવ, સરસ્વતિ અને ગણેશ; તથા ફરશી, વીણા પિનાક—ધનુષ અને ફૂલની છડી એ જેણે હાથમાં ધારણ કરેલ છે એવા ગણેશ, શારદા, શંકર, અને શ્રી કૃષ્ણ; તથા વાંશળી, ત્રિશૂલ, પુસ્તક અને માળા એ જેના કરમાં છે એવા શ્રી કૃષ્ણ, શિવ, શારદા અને ગણેશ; તેમજ સિંદૂર, ચંદન, ભસ્મ અને કસ્તૂરી એ ચારેને શરીરે ચર્ચનાર—ગણપતિ, શારદા શિવ, અને શ્રી કૃષ્ણ; મુકુટ, જટા, વેણી, અને ગજ મસ્તક, એઓને માથાપર ધારણ કરનાર શ્રી કૃષ્ણ, શંકર, શારદા, અને ગણપતિ; આદિ ચારે દેવનું ગ્રંથ નિર્વિઘ્ન થવા પ્રથમ મંગલાચરણરૂપી આરાધના કરી છે. (૧૬)

चोपाई.

संवत अष्टद्दश परजंत, तीस आठ साला बरतंत;
सावन सुदि पंचमि कुजवारं, कियो ग्रंथको मंगलचारं.॥१७॥

ટીકા—સંવત ૧૮૩૮ મી સાલની શ્રાવણ શુદિ ૫ ને સોમવારે આ ગ્રંથનું મંગલાચરણ કરી ગ્રંથનો આરંભ કર્યો છે. (૧૭)

दोहा.

रामकृष्न गुरु पद हदे, धरि करि कहों सुग्रंथ;

पायो जिन परसादतें, सुगम शारदा पंथ. ॥ १८ ॥

टीका—विद्यागुरु રામકૃષ્ણ અથવા રામચંદ્રજી, તેમજ ભગવાન શ્રી કૃષ્ણ અને ગુરૂ એ ત્રણેના ચરણકમળને અંતરને વિષે ધારણ કરી આ શુભ ગ્રંથ કહું છું; કેમકે જેની કૃપાથી આ શારદારૂપી વાણીના પંથને સરલ રીતે પામ્યો છું. (૧૮)

गाहा.

श्री गुरुनाथ प्रसादे, किय चत्र देव मंगला चरनं;
प्रेम प्रकाशन ग्रंथे, प्रथम प्रवीन सागरो लहरं. ॥ १९ ॥

ટીકા—શ્રી ગુરૂની કૃપાથી ચારે દેવનું મંગલાચરણ કરી આ પ્રેમ પ્રકાશક પ્રવીણસાગર ગ્રંથનો પ્રથમ લહર સંપૂર્ણ થઈ. (૧૯)

इति श्री काठियावाड देशांतर्गत गोहिलवाड प्रान्तस्थ सिहोरनगर निवासी गीलाभाइ तनय गोविंद विरचचित प्रवीणसागर ग्रंथे सुबोधिनी नामक टीकायां प्रथमः प्रकाश. ॥ १ ॥

लेहेर २ जी.

॥ अथ ब्रह्मास्तुति. ॥

दोहा.

जिहि किनी सब सृष्टिकों, प्रेम नेम परमान;
तिहि वेधा बरनन करौं, ग्रंथ पंथ गति जान. ॥ १ ॥

ટીકા—જેણે આ સર્વ જગત્‌ને પ્રેમના નિયમ પ્રમાણે ઉત્પન્ન કર્યું છે, તે બ્રહ્માનું ગ્રંથના પંથની ગતિ જાણી વર્ણન કરૂં છું. (૧)

सोरठा.

चतुर वेदको जान्न, मैं बरन्यो यह चतुरमुख;
धरत चतुरमुख ध्यान, सोय चतुरमुख होयहै. ॥२॥

ટીકા—ઋગ, યજુ, સામ, અને અથર્વ એ ચારે વેદને જાણનાર હોવાથી તેથી મેં એને ચાર મુખવાળો વર્ણ્યો. એવા બ્રહ્માનું જે કોઇ ધ્યાન ધરે તે ચતુર પુરૂષોમાં મુખ્ય એવો પંડિત થાય. (૨)

छप्पय.

चतुर बेद उच्चरन, चतुर सिर मुकट बिराजे;
चतुर चतुर जिहि नैन, चतुर खग वाहन छाजे;
चतुर बरनके जनक, चतुर जुग जोहि बनावन,
चतुर कोन दिसि चतुर, चतुर जुगजुगहि पं भगन.
कर बरद्द देन पंकज तनुज, अरुन रंग अंबुज लियें;
कवि मूकमती बिदुषजु करन, बरन रचन बुधि दीजियें. ॥ ३ ॥

ટીકા—ચારે વેદના ઉચ્ચાર કરનાર, જેના ચારે માથાપર ચાર મુકુટ શોભી રહ્યા છે; જેને આઠ નેત્ર છે, ક્ષીર નીર જાદાં કરે એવા ચતુર હંસનું વાહન છે, જે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય અને શુદ્ર, આદિ ચારે જાતિને ઉત્પન્ન કરનાર તથા સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ, એ ચાર યુગને યુક્તિથી રચનાર તેમજ અગ્નિ, નૈરૂત્ય, વાવ્ય, અને ઇશાન, એ ચાર ખુણા; પુર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચાર દિશાઓ; તથા ચારે યુગને વિશે ગગન અને તારાગણને ઉત્પન્ન કરનાર, વરદાનને આપનાર, વળી નારાયણના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા, લાલ રંગવાળા, કમળ ધારણ કરનાર, મુંગીમતિ એટલે મંદ બુદ્ધિવાળાને કવિત્વ શક્તિ આપી પંડિત બનાવનાર, તથા અક્ષરોના રચનાર હે, બ્રહ્મા? અમોને બુદ્ધિ આપો, કે જેથી આ ગ્રંથ સંપૂર્ણ થાય. (૩)

रसमय जगदोत्पत्ति कथन—दोहा.

ब्रह्मा विष्नु महेशसो, रसमय रासिक नवीन,
तबहि बिरंची सृष्टिकों, सो नव रसमय कीन. ॥ ४ ॥

ટીકા—બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ, એ ત્રણે દેવો રસમય અને પ્રેમાનુરાગી છે, તેથી બ્રહ્માએ આ જગતને પણ *નવરસમય ઉત્પન્ન કર્યું છે. (૪)

*नवरस कथन—दोहा.

हे शृंगार अरु हास्य रस, करुना रुद्र अरु बीर;
भय बिभत्स अद्भुत भये, शांतसु सुभग शरीर.

ટીકા—શૃંગાર પેહેલો, બીજો હાસ્ય, કરૂણા ત્રીજો, ચોથો રૌદ્રરસ, પાંચમો વીર, છઠ્ઠો ભયાનક રસ, સાતમો બિભત્સ, અદ્ભૂત આઠમો અને નવમો શાંતરસ એ પ્રમાણે અનેક ગ્રંથોમાં નવરસનાં સુંદર અંગ કહેલાં છે.

नव रसमय जगत्कथन–छप्पय.

के शिंगारमय लीन, केइ कृत हास्य कुतूहल,
के करुनामय जान, केइ रस रुद्र मयी बल;
केइ वीर मय धीर, केइ नर धरत भैयानक,
के बिभत्स मय चित्त, केइ अभ्दुतमय कौतुक;
ज्ञानी सुसंत जंन शांत–मय, इक इक रस सबकों लगुन,
सुर असुर नाग नर लोक जिय, सब जग नव रस–मय ममन. ॥ ५ ॥

ટીકા—કંઈક જણાઓ શૃંગારરસમાં તલ્લીન થયલા છે, કેટલાક હાસ્યરસમાં આશ્ચર્યતાને પામે છે, અને વળી કેટલાક કરૂણા રસમય છે, તો કેટલાક રૌદ્ર રસમય છે, કેટલાક ધીર પુરૂષો વીર રસથી ભરપુર છે; અને કેટલાક ભયાનક રસને ધારણ કરે છે, કેટલાકનાં ચિત્ત બિભત્સ રસમય છે, અને કેટલાંક અદ્‌ભૂત રસમય થઈ તેમાં ક્રીડા કરે છે. વળી જ્ઞાની તથા સાધુ પુરૂષો શાંત રસમય છે; એમ આ જગત્‌ને વિશે સર્વ કોઇને એક એક રસ પ્રત્યે પ્રીતિ હોવાથી એમ જણાય છે કે સુર, અસુર, નાગ, અને મનુષ્ય વિગેરે આખુ ખલક નવરસમાં લીન થયેલું છે. [૫]

अथ नव रसे भेद कथन भ्रमरावलि छंद.

बरने गुन देव प्रभा सुरसं मिलनं, तुम जानहुंगे रस रीत सबैं कलनं;
प्रथमं रस श्याम सिंगार उभे बरनें, रति कारन देव कन्हाइ कहें भरने;
रस हास्य प्रकाश सुश्वेत गनें त्रिगुने, उनकारन हसिय वामन देव सुने;
करुना रस रंग कपोत समान कह्यो, यम देवसु नायक कारन शोक लह्यो;
अरुन रस रौद्र प्रभा कवितासु कहे, उन कारन क्रोध सदाशिवजु सुरेह;
रस वीरसु चारि प्रकारन हेम दुति, कहिये सुर इंद्र सुकारन चाह हुती.
असितं रुचिहेजु भयानक येह रसें, भय कारन कालसु ताहिकु देवलसे;
छबि बीभच्छ नील कहे रससों चतुरें, तिहि कारन निंदित हे महाकाल सुरें.
अदभूत कह्यो रस पीत प्रभा तनहें, बिस्मय कहि कारन काम सुरं इनहें;
रस शांत सुचंद्र कला बरनं करियं, मन मोद सोकारनं देव कहे हरियं. ॥६॥

ટીકા—નવે રસના રંગ, ગુણ એટલે કારણ, દેવ, શોભા, અને રસનું પરસ્પર મળવું હવે એ સર્વેનું વર્ણન કરૂં છું; જેથી રસિક જીજ્ઞાસુને સર્વ રસની મનોહર રીત જાણવામાં આવશે. પ્રથમ શ્યામ રંગનો શૃંગારરસ વિયોગ અને સંયોગ એવા બે પ્રકારનો છે; તેનું મૂળ કારણ રતિ એટલે પ્રીતિ છે. અને તેના દેવ શ્રીકૃષ્ણ ભગવાન છે. બીજો હાસ્યરસ; તેનો રંગ શ્વેત, મૂળ કારણ હસવું, વામન દેવતા છે, તે ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ટ એવા ત્રણ પ્રકારનો છે. ત્રીજો કરૂણરસ કપોત વર્ણનો, જળ દેવતા, કારણ કિંવા સ્થાઈ ભાવ શોક છે. ચોથો રૈદ્રરસ; તેનો રંગ લાલ, કારણ અથવા સ્થાઈ ભાવ ક્રોધ, અને દેવતા શંકર છે. પાંચમો વીરરસ; તેનો રંગ સુવર્ણ જેવો, કારણ ઉત્સાહ, ઈંદ્ર દેવતા અને તે યુદ્ધવીર, દાનવીર, દયાવીર, ધર્મવીર, એવા ચાર પ્રકારનો છે, છઠ્ઠો ભયાનકરસ તે શ્યામ રંગનો, કારણ ભય, અને યમ દેવતા છે. સાતમો બિભત્સરસ; તેનો રંગ નીલો, મૂળ કારણ જુગુપ્સા અને મહાકાળ દેવતા છે. આઠમો અદ્ભૂતરસ; તેનો રંગ પીળો, મૂળ કારણ વિસ્મય, અને કામદેવ દેવતા [બીજા ઘણાખરા ગ્રંથોમાં અદ્ભૂતરસનો દેવતા બ્રહ્મા છે] નવમો શાંતરસ; તેનો રંગ ચંદ્રમાના જેવો, મૂળ કારણ પરમાનંદ અથવા નિર્વેદ એટલે વૈરાગ્ય, અને દેવતા શ્રીહરિ છે. [૬]

परस्पर रसोत्पति कथन.

रससों रसकी उतपत्ति कही कविहीं, गुन तायं बनाय जनाय दियें सबहीं;
वरनंत सिंगारहु तें रस हास्य बनें, करुनाहितें रुद्र उदे सुकवि सुगिनें;
अदभूतसें बीरसु बीरहीमें उपजें, रस शांत भयानक बीभच्छ मध्य भजें.॥७॥

ટીકા—એક બીજાને મળતા રસથકી રસની ઉત્પત્તિ રસજ્ઞ કવિયોએ કહી છે; તેના ગુણ બતાવીને સર્વે જણાવી દીધા છે. શૃંગારથી હાસ્યરસ બને છે; કરૂણારસથી રૈદ્રરસનો ઉદય સારા કવિયો ગણે છે. અદ્ભૂતરસથી વીરરસ શૂરવીર પુરૂષોમાં ઉપજે છે; અને બિભત્સ રસથકી શાંત અને ભયાનક પેદા થાય છે. [૭]

चतुर्विधि रस वृत्ति कथन.

कहियेजु प्रमान वृत्ति चत्रके गुनये, रस तीनहु तीन मिले अभिधान भये;
करुना अरु हास्य सिंगार मिलें जितहीं, वृत्ति कौसिकि नाम बतावतहे तितहीं;
रस वीर सु अभ्दुत हास्य जुरे जबतें, उन भारति वृत्ति सुनाम भयो तबतें;

भय बीभच्छ रुद्र इतेरस आन जुरें, यह वृत्तिसु आरभटी प्रगटी उवरें;
अद्भूत सुबीरहिं रुद्र जबें समता, यह सात्विकि वृत्ति भइ सुकहे कविता.॥८॥

ટીકા—હવે રસની ચાર પ્રકારની વૃત્તિઓના ગુણનું પ્રમાણ કહિયે છીએ. તે ત્રણ ત્રણ રસ એકઠા મળવાથી જૂદાં જૂદાં નામ ધારણ કરે છે. કરૂણા, હાસ્ય, અને શૃંગાર એ ત્રણ રસ જ્યાંહાં મળે છે ત્યાંહાં કૌશિકીવૃત્તિ થઈ એમ બતાવે છે, વીર, અદ્‌ભૂત ને હાસ્ય જ્યારે મળે ત્યારે તેનું ભારતીવૃત્તિ એવું સુંદર નામ થાય છે. ભયાનક, બિભત્સ અને રૌદ્ર એટલા રસ આવી મળે ત્યારે એ આરભટી નામે સુંદર વૃતિ થઈ એમ કહે છે. વળી અદ્‌ભુત, વીર અને રૌદ્ર, જ્યારે મળે ત્યારે તે સાત્વિક વૃતિ થઇ એમ બુદ્ધિવાળા કવિયો કહે છે. (૮)

रस दोष अथवा अनरस पंचधा कथन.

रसमें रस मिश्रित दो अरु तीन कहें; अनुमानत दूषन पंच प्रमान यहें;
मधि बीभच्छ बीर सिंगार सुकाव्य कियो, करुना मिलि रौद्र तबें प्रत्यनीक भयो.
मिलि दंपति दोय जितें लपटें कपटें, कहे नीरस ताय सयान भरें निपटें;
बरने कछु भोगमें शोगहुकी उकती, कविताइके भावमें वीरस ए जुगतीं;
अनुकूल इकें प्रतिकूल इकें जबहीं, विदुषं सुरसं दुःसंधान कहे तबहीं;
बिन चाहत सो कविता बरने रसकों, पद्व दूषन पात्रक दुष्ट कहे तिसको.॥९॥

ટીકા—પરસ્પર વિરોધી રસ બે, કે ત્રણ એકઠા થાય તેને પ્રત્યનીક, નીરસ, વીરસ, દુઃસંધાન અને પાત્રદુષ્ટ એવા પાંચ પ્રકારના દોષ પ્રમાણમાં કરી માનેલા છે. બિભત્સ રસમાં વીર અને શૃંગાર રસ મેળવી કોઇ કવિતા કરે અથવા કરૂણા રસમાં રૌદ્રરસ મેળવે તો તે પ્રત્યનીક દોષ થયો જાણવો. તેમજ કોઈ સ્ત્રી પુરૂષ બન્ને એક બીજાના હૃદયમાં કપટ રાખી બહારથી પ્રેમ બતાવી આલિંગનાદિક કરે તેને પ્રજ્ઞ પુરૂષો પ્રકાશ રીતે નીરસ કહે છે. કોઈ ભોગ એટલે કામ ક્રીડાની વખતે કાંઇ શોકની વાતનું વર્ણન કરે ત્યારે તે કવિતાના ભાવમાં વિરસ દોષ થાય એવી રીતે કહેલ છે. એક અનુકૂલ અને બીજો પ્રતિકૂળ એમ બન્ને એકઠા મળે ત્યારે તેને વિદ્વાન અને રસિક પુરૂષો દુઃસંધાન દોષ કહે છે. જ્યાંહાં રસની ઇચ્છા ન હોય તેમ છતાં ત્યાંહાં રસિક કવિનું વર્ણન કરે તેને ચતુર પુરૂષો પાત્રદુષ્ટ દોષ કહે છે. [૯]

रस शत्रुता किंवा विरोधी रस कथन.

कहिये निंजमे रसकेंमें रसजो अरिहें, सुकवी यह काव्य प्रमान नहीं करिहें;
रिपु भावसों बीभच्छ और सिंगार सदा, भानि वीर भयानक दोउ-मिले दुखदा;
करुना अरु-हास्यमें बैर सदाइ रहें, मति सागर नागर सोय कबें न कहें;
रस रंगसु कारन देव वृती बरनी, रससों रस दोष अरु अरिताइ भनी.॥१०॥

ટીકા—એક બીજા પરસ્પર જે રસના શત્રુ છે તે કહીએ, કેમકે તેવી કવિતાને સારા કવિયો પ્રણામ ગણતા નથી. બિભત્સ અને શૃંગાર રસને હમેશાં શત્રુભાવ છે. તથા વીર અને ભયાનક રસને શત્રુભાવ હોવાથી એકઠા મળે દુઃખદાયક છે. કરૂણા અને હાસ્યરસમાં હમેશાં વૈરભાવ રેહે છે તેથી સમુદ્ર જેવી વિશાળ બુદ્ધિવાળા જે ચતુર પુરૂષો છે તે આવી દોષવાળી કવિતા ક્યારેય પણ કરતા નથી. એવી રીતે નવે રસના રંગ, મૂળ કારણ, દેવ અને વૃત્તિ વર્ણવી, તથા રસની મિલતા, રસદોષ અને રસની શત્રુતા વિગેરે કહી. [૧૦]

दोहा.

नव रसमें सिंगार बर, सो हैं उभय प्रकार;
इक संयोग वियोग पुनि, द्वै सिंगार निरधार. ॥ ११ ॥

ટીકા—નવરસમાં શૃંગાર સર્વોત્તમ છે, અને તે બે પ્રકારનો છે; એક સંયોગ શૃંગાર અને બીજો વિયોગ શૃંગાર. એમ બે ભેદથી શૃંગાર રસ નિરધારેલો છે. [૧૧]

नहि संयोग सिंगारमैं, प्रेमहुकों कछु नेम;
दंपति हिये बियोगमैं, रहे अखंडित प्रेम. ॥ १२ ॥

ટીકા—સંયોગ શૃંગારમાં કાંઇ પ્રેમનો નિયમ બરાબર જેવો જોઇએ તેવો નથી પરંતુ વિયોગ શૃંગારમાં તો સ્ત્રી પુરૂષના હૃદયમાં પરસ્પર અખંડ પ્રેમ વ્યાપી રહે છે. [૧૨]

अथ प्रेमनेमनिरूपनभेद, उल्लेखालंकार-कवित्त.

सुघर संयोगी जन चातुकी पियूष धार,
बिरहिं बिबेकी रंभा घनसार-मानीहैं;

मुक्ता सिकत जोगी मनमें छिपाय राख्यो,
विना भेद चाहें अहि कालकूट बानीहें.
सागर या प्रेमस्वांत उरमे अजानहूंके,
पंकजके कोश मध्य पर्यो बुंद पानीहें;
देखो यह बारहूंको जेसो गेह तेसी देह,
जेसी देह तेसो गुन प्रगट निसानीहें. ॥ १३ ॥

ટીકા—જેમ બાપૈયા પક્ષીની માદા વર્ષાદની ધારાને ધારણ કરે છે તેમ સુઘડ સંયોગી જન પ્રેમને રાખે છે. જેમ શ્વાતિ બુંદથી થયેલાં મોતીને છીપ છુપાવી રાખે છે તેમ વિવેકી એવા સ્હોટા યોગી પુરૂષો પ્રેમને મનમાં છુપાવી રાખે છે, પણ જેમ શ્વાતિ બુંદ સર્પના મુખમાં પડી ઝેર થાય છે તેમ કોઇ સર્પ જેવા નીચ અને દુષ્ટ માણસ જે પ્રેમના નિયમને નથી જાણતો તેના મનમાં થયેલો પ્રેમ ઝેરરૂપે થાય છે. વળી સાગર કહે છે કે—આ શ્વાતિના બુંદરૂપી પ્રેમ અજાણ્યા માણસના મનમાં કમળકોશમાં પડેલા પાણીના ટીપાં જેવો છે,—એટલે થોડી વાર રહીને નીચે ખરી પડે છે—વધારે વાર ટકી શકતો નથી, માટે જુઓ આ શ્વાતિના જળને જેવું સ્થાનક મળે છે તેવું શરીર ધારણ કરે છે; અને જેવું શરીર તેવોજ ગુણ પ્રગટે એ પ્રત્યક્ષ પ્રમાણછે. તેમજ પ્રેમને પણ ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ સ્થાનક છે તે એ કે, સંયોગી અને ચાતક, વિરહી તથા કદલી; છીપ અને યોગી એ ઉત્તમ છે, શ્વાતિબુંદ અને સર્પ તે અધમ છે, અને અજાણ્યા મનુષ્ય તથા કમલકોશ એ મધ્યમ છે; એ રીતે આ કવિત્તમાં પ્રેમના ત્રણ સ્થાનક સમજાવ્યાં છે. વળી સંયોગી અને ચાતક અને વિયોગી ને કેળ—કપૂર કહ્યા તેમાં સંયોગી કરતાં વિયોગીમાં પ્રેમ વિશેષ જણાવ્યો છે, તે એવી રીતે કે—બાપૈયા પક્ષી ગળાના છિદ્રથી વર્ષાદના પડતાં બુંદમાંથી ઘણુંજ થોડું ગ્રહણ કરી શકે છે અને કેળ અનંત પાણીનું ગ્રહણ કરી પાણીમય થઇ રહી હર્ષથી કપૂર ઉત્પન્ન કરે છે,—તેથી બાપૈયારૂપી સંયોગી કરતાં કેળરૂપી વિયોગી વિશેષ પ્રેમપાત્ર છે. (૧૩)

दोहा.

प्रेम तत्व सत्ता सकल, फेल रहीं संसार;
प्रेम सधे सोई लहें, परम जोतिको पार. ॥ १४ ॥

ટીકા—પ્રેમ તત્વની સત્તા સકળ સંસારમાં ફેલાઈ રહી છે—જગતમય થઇ રહી છે. જે પુરૂષ પ્રેમનું સાધન કરે છે તેમ પરજોતિના પારને પામે છે. (૧૪)

सवैया.

जोग सध्यो अष्टांग कहाहे कहा, भयो बेद पुरानहि बांचे;
तीरथ ब्रत्त कियोतो कहाहे कहा, गुन गान निरंतर नाचे;
देवन सेव करीतो कहा अरु, मंत्र अराध्यो कहा मन काचे;
सागर नागर ताइ वृथा सब, प्रेम प्रतीत परी वह साचे. ॥१५॥

ટીકા—આઠ પ્રકારના યોગને સાધે તેથી શું? તેમજ વળી વેદ પુરાણ વાંચવાથી પણ શું થઇ ગયું? તીર્થ યાત્રા વ્રત્ત કર્યાં તેથી પણ શું છે? તેમજ ગુણ ગાઇ નિરંતર નૃત્ય કરવાથી પણ શું? દેવની સેવાથી પણ શું? અને કાચે ઢચુપચે મને મંત્ર આરાધના કરેથી પણ શું? સાગર કહે છે કે-એ સઘળી ચતુરાઇ-હુંશીયારી એક પ્રેમ વિના વૃથા છે, તે વાસ્તે જેઓ પ્રેમનો વિશ્વાસ કરી શક્યા છે તેજ આ દુનિયાંની અંદર સત્ય છે. [१५]

दोहा.

प्रथम महा कवि जो भये, रचे प्रेम रस ग्रंथ;
परि प्रकाश काहुन कह्यो, प्रेम नेमको पंथ. ॥ १६ ॥

ટીકા—પ્રથમ જે જે મહા કવિયો થઈ ગયા છે તેમણે પ્રેમના રસમય ઘણા ગ્રંથો રચ્યા છે, પરંતુ પ્રેમના નિયમના માર્ગને કોઇએ પરિપૂરણ રીતે કહયો નથી.

अथ तस्यप्रयोजनं तोटकछंद यथा.

शिव शेष गनंपति बानि गही, अगमं उकती निगमं सुकही;
सनकादिक अंगिरसं सविता, शुक नारदसें उशना कविता;
भृगु बालमि शृंगि बसिष्ठ कवी, रुषिराज रची बहु भांति नवी;
इनहीं विध शंकर दत्त भये, पुनि गोरख ग्रंथ रचे सुनये;
कुल वल्लभ कीन अनेक कथा, किय काव्य सुरामहिनंद यथा;
अमरादिक के सुर भाष कहि, पुनी केउ कवी व्रज भाष ग्रही;
तुलसी अरु सूर कबीर कये, कवि केशव आदि अनेक भये;
उन पूरन प्रेमसु ग्रंथ किये, परिप्रच्छन भेद छिपाय दिये;
परकास महंत कहंत नहीं, सब जान गये मनके मनहीं;

घट पूरन प्रेम हले न हूले, हम तुच्छ भरे उभटंत छले;
उन कारन बुद्धि यथा कहियें, सुरता कछु चूक परी सहियें. ॥१७॥

ટીકા—શિવ, શેષ, ગણપતિ, એમણે વાણીને લક્ષ્યમાં રાખી વેદાદિ જેની અગમ—ગમ ન પડે તેવી યુકતિથી અનેક સુગ્રંથોને રચ્યા છે, તેમજ સનકાદિક અંગિરા, સૂર્ય, શુકદેવ, નારદ, શુકાચાર્ય, ભૃગુ, વાલ્મિક, શૃંગી, વસિષ્ટ, ઇત્યાદિ થઇ ગયેલા અનેક કવિયો તથા રુષી મુનિયોયે ઘણા પ્રકાર તેમ અનેક વિષયથી ભરપુર ગ્રંથો બનાવ્યા છે, એજ વિધિયે શંકર અને દત્તગુરુ થઇ ગયા છે, વળી તે પછી ગોરખે પણ સારાસારા નવા ગ્રંથોને બનાવ્યા છે, વલ્લભ કુળના ગુંસાઇઓયે ઘણા પ્રકારની કથાઓ રચી છે વળી રામાનંદ સ્વામીએ પણ પોતાની યથા મતિ પ્રમાણે કાવ્ય રચ્યાં છે; કેટલા જણાઓએ અમરાદિ સુર ભાષા કહી–તે પછીના કેટલા કવિઓએ વ્રજભાષા ગ્રહણ કરી. તુલસીદાસ, સુરદાસ, કબીર, કેશવ એવા અનેક કવિઓ થઇ ગયા એમણે પૂર્ણ પ્રેમથી સારા ગ્રંથો બનાવ્યા પરંતુ ગુહ્ય ભેદ છાનો રાખ્યો, કારણ કે મ્હોટા જ્ઞાની જનો–મહંતો પ્રકાશ કરી કહેતા નથી–મનની અંદરજ સમજી રહેછે. પાણીથી સંપૂર્ણ રીતે ભરેલો ઘડો હાલતો કે છલકાતો નથી, એવી રીતે આગળ થઇ ગએલા અનેક રુષિમુનીઓ પ્રેમથી ભરપુર હતા–મતલબ કે તેમનો પ્રેમ અચળ હતો તેથી તે ડગ્યા કે છલકાયા નથી, પણ હું તો મંદમતિ અધૂરા ઘડાની માફક છલકી ગયોછું; એ વાસ્તે હું મ્હારી યથાબુદ્ધિ પ્રમાણે કહુંછું જેથી વાંચાકો મારી થએલી ચુકતે સેહેશો. (૧૭)

दोहा.

घट बढ पद गुरू लघु बरन, उकति जुकतिको भेद;
मिंत सोधि सुध कीजियें, कवि मत करहु निषेद.
प्रेम पंथ अति अगमहें, निगम सराहत जाहि;
सुरत नितरसें सोधबो, सुगम न जानो ताहि. ॥ १८ ॥

ટીકા–વળી આ ગ્રંથમાં ઓછાં વધતાં પદ, ગુરૂ, અને લઘુ ઉક્તી અને તેના ભેદાને હે, મિત્ર કવિઓ? એવી એવી મારી ખામીને શોધી શુદ્ધ કરજો પણ નિષેધ કરશો નહીં. પ્રેમપંથ અતિ અગમ્ય છે તેની કોઇને ગમ પડે તેમ નથી, અને જેનો મહિમા વેદ પણ ગાય છે તેવા પ્રેમને સાવધ થઇ ધ્યાનથી તેમાં લીન થઇ ગોતશો–તો મળશે. નહિ તો મળશે નહીં, કારણ કે તે સહેલાઇથી મળે તેમ જાણશો નહીં. (૧૮)

अथ भेदकातिशयोक्ति अलंकार-सवैया.

अंबरतें अति ऊंचि वहे अरु; ऊंडि रसातलहूतें अथारी,
तूहिनके गिरसें अति सीतल; पावकसें अति जारन हारी,
मारहुतें कटु मीठिं सुधाहुतें; झीनि अनुतें सुमेरतें भारी,
जानत जान अजान न मानत; सागर बात सनेहाकि न्यारी. ॥१९॥

ટીકા—પ્રેમની વાત આકાશથી અતિ ઉંચી વહે છે, અને રસાતળથી ઉંડી વહે છે કે જેનો પાર ન આવે તેવી છે, બરફના પહાડ કરતાં ઘણીજ સીતળ છે અને અગ્નિથી અતિ ઘણી બાળનારી, હળાહળ વિખથી પણ કડવી, અમૃતથી પણ અધિક મીઠી છે, અણુથી ઝીણી અને મેરૂ પર્વતથી ભારે છે, તેને જે જાણે છે તેજ જાણે છે-અજાણ્યા જાણતા નથી. વાસ્તે સાગર કહે છે કે એ સ્નેહની વાત ન્યારી-ઓરજ છે. (૧૯)

दोहा.

नासत भासतहें जगत, सोधो सकल विवेक;
प्रेम प्रकासत जास मन, आसत प्रगट अनेक. ॥ २० ॥

ટીકા—સઘળા વિવેકથી વિચારી શોધી જોશો તો એમજ ભાસશે કે આ જગત નાશવંત છે. પણ જેનામાં અખંડ પ્રેમનો પ્રકાશ થયો છે તેને મનતો આ અખંડ પ્રેમમય પરબ્રહ્મ સત્ય છે એમ અનેક પ્રકારે આસ્થા ઉપજે છે. २०)

अथ जातिस्वभाव अलंकार-सवैया.

वेद कितेव अरूझ रहे सव, ओर व्रती वरतंत सनेही;
देह दशा परकों परखे वह, वेपरवाह फिरंत विदेही.
पार लहेतो लहे परिब्रह्मकों, शेष महेश न पावत जेही;
सागर नासत भासतहे जग, प्रेम प्रकासत आसत येही. ॥ २१ ॥

ટીકા—વેદ અને કિતાબ (કુરાન) માં સર્વે લોકો ગુંચવાઇ રહ્યા છે પણ, જે ખરા પ્રેમી છે તે ઓરજ રીતે વર્ત્તે છે. તેની દેહની દશાને બીજો કયો પારખી શકે? કેમકે તે પ્રેમમાં વિદેહી એટલે શરીરનું પણ ભાન ભુલીને બે પરવા થઇ ધુમે છે. તે પ્રેમી મહાત્માઓ પરબ્રહ્મના પારને પામેતો પામે કે જેનો પાર શેષ, અને શંકર જેવા પણ પામતા નથી. સાગર કહે છે કે,-આ જગત નાશવાન દેખાય છે પણ જેને પ્રેમનો પ્રકાશ થાય છે તેનેજ પ્રેમમય પરબ્રહ્મ સત્ય છે એમ ખરી રીતે આસ્થા આવે છે. (૨૧)

दोहा.*

याहीकी जाने जुगति, विविध भेद बिस्तार.
रसिक राधिका कृष्नको, बरनौं कछुक बिहार. ॥२२॥

ટીકા—એ પ્રેમના વિધ વિધ રીતીના ભેદને વિસ્તીર્ણ રીતથી જાણનાર રસિક રાધાજી અને શ્રીકૃષ્ણના વિહારને કાંઇક વર્ણવું છું. (૨૨)

गाहा.

ग्रंथा गम गति गहियं, ब्रह्मा स्तुती भेद रस भाषं;
परथम् प्रेम प्रसंगे, द्वितिय प्रवीनसागरो लहरं. ॥ २३ ॥

ટીકા—ગ્રંથની અગમ્ય ગતિ જાણીને બ્રહ્માની સ્તુતિ કરી, જુદી જુદી રીતથી નવરસના ભેદ કહ્યા, એ વિગેરે પ્રેમના પ્રથમ પ્રસંગની પ્રવીણસાગર ગ્રંથની બીજી લહેર પૂરી થઇ. (૨૩)

इति श्री काठियावाड देशांतर्गत गोहिलवाड प्रांतस्थ सिहोर नगर-निवासी गीलाभाइ तनय गोविंद विरचित प्रवीणसागर ग्रंथे सुबोधिनी नामक टीकायां द्वितीय प्रकाशः ॥ २ ॥

लेहेर ३ जी.

अथ राधाकृष्न युगल स्वरूप बरनन यथा-दोहा.

व्रजमें राधाकृष्नजू, रच्यो सुरस सिंगार;
सोबरनन अब करतहौं, जाहि जपत संसार. ॥ १ ॥

ટીકા—વ્રજમાં રાધા અને શ્રીકૃષ્ણે જે સુંદર શૃંગાર રસને ઉત્પન્ન કર્યો એટલે ખરા પ્રેમને જાહેરમાં આણ્યો તે રાધાકૃષ્ણનું હાલ હું વર્ણન કરૂં છું કે જેને સર્વ જગત જપે છે. (૧)

रमन राधिका कृष्नको, प्रेम सहित संयोग;
सो उरमें रहियें सदा, जाहि जपत तिहु लोग. ॥ २ ॥

* આ ઠેકાણે ગ્રન્થકારે શ્રી રાધાકૃષ્ણના વિહાર-ક્રીડાનું વર્ણન કરવું એમ ધારી ત્રીજી લહેરથી પ્રારંભ કર્યો છે, પરંતુ ચોથી લહરથી વિચાર ફેરવી પોતાપર લીધું છે.

ટીકા—જેને ત્રણે લોક જપે છે એવી શ્રી રાધાકૃષ્ણની પ્રેમ સહિત જે સંયોગ ક્રીડા તે હમારા હૃદયમાં નિરંતર વાસ કરીને રહો. (૨)

अथ जाति स्वभाव-अलंकार–कवित्त.

दोउ नेनां नेन रूप देखत अघात नाहीं,
दोउ मन मेल मानौं एक मन कीनेहैं;
आसन सुखासनपें आनंद उमंग राजें,
जैसें रतीनाथ रती प्रेम मद पीनेहैं;
आनन दुहूकी शोभा बरनी नजात कछु,
ताकी छवी देपें शशी भान छवि हीनेहैं;
नंद नंद सागर सुनागर प्रवीन राधे,
वृंदावन कुंजमें सिंगार रस भीनेहैं. ॥ ३ ॥

ટીકા—શ્રીરાધાકૃષ્ણ બન્ને જણ એક બીજાના નેત્રથી એક બીજાનું રૂપ જોતાં તૃપ્તી પામતાં નથી, તેમજ બન્નેજણે પરસ્પર એવુંજ મન મેળવી દીધું છે કે જાણે બંનેનું એકજ મન હોયનીશું? એમ લાગે છે. તથા જેમાં પ્રેમરૂપી મદિરા પીઇને રતિ-કામ ઉમંગી હર્ષભેર રમે છે,-તેમ, પલંગપર કામ ક્રીડાના આસનમાં અને ખુશીથી બેઠાં બેઠાં ઉમંગથી અનુરાગીને આનંદીત થાય છે. બંનેના મનોહર મુખની શોભા કાંઇ વર્ણવી જાતી નથી કેમકે તેમના મુખની શોભા જોતાં ચંદ્ર અને સૂર્ય કાંતિમાં હીણા (ઝાંખા) લાગે છે. એવા સુંદર અને ચતુર શ્રીકૃષ્ણ અને સર્વ કલામાં પ્રવીણ શ્રીરાધાજી ચોરાશી વનમાંના વૃંદાવનના લતામંડપમાં શૃંગાર રસથી ભીંજાયેલાં વિહાર કરે છે. (૩)

अथ उत्प्रेक्षालंकार–सवैया.

मोर किरीट लसें बर राधेकें, राधेकें शीश प्रसून मनीकों;
बातजको मद स्याम के भालमें, स्यामिनी भाल जरावको टीकों.
कानन कुंडल कान्ह बिराजत, कान्ह प्रिया तरुना अतिनीकों;
अंकमे सोहे मयंक मुखी मनौं, बारदमें शशि सारदहीकों. ॥ ४ ॥

ટીકા—મોર મુકુટ રાધાવર જે શ્રીકૃષ્ણના શીરપર દીપે છે અને રાધાજીના મસ્તક ઉપર મણિયુક્ત શીશફુલ શોભે છે. શ્યામ સુંદર જે શ્રીકૃષ્ણ તેના કપાળમાં વાતજમદ કહેતાં કસ્તુરીનું તિલક શોભે છે, અને શ્યામિની-

જી જે રાધાજી તેના કપાળમાં જડિત ચાંદલો શોભે છે. કહાનકુંવરના કાનમાં કુંડલ બિરાજે છે અને કહાનની પ્રિયા જે રાધા તેના કાનમાં શોભાયમાન તરૌના નામનું ઝુમણું શોભે છે. એવા પોષાંગથી ચંદ્રમુખી જે રાધાજી તે શ્રીકૃષ્ણના ખોળામાં બેઠેલી એવી શોભે છે કે જાણે મેઘની કાળી ઘટામાં શરદ ઋતુનો ચંદ્ર હોયની શું? એમ લાગે છે. (૪)

कावित्त.

राधे मुख चंद ताकों चाहत चकोर जैसें;
नयन सरोज ताकों चाहत अलीन ज्यौं,
अधर पियूष ताकों चाहत फनिंद जैसें;
सघन सुकेश ताकों चाहत शशिन ज्यौं,
कर्क कनरद ताकों चाहत सुकीर जैसें;
कुच हेम कुभ ताकों चाहत कपीन ज्यौं,
राजी सुरसरी ताकों चाहत भगीरथ ज्यौं;
त्रिवलि त्रिवेनी सो प्रवीन चाहे मीन ज्यौं. ॥ ५ ॥

ટીકા—રાધિકાના મુખરૂપી ચંદ્ર છે તેને ચકોરની પેઠે ચહાય છે, તેના નેત્રરૂપી કમળ છે તેને ભમરાની પેઠે ચાહાય છે, અને તેના અધર (હોઠ) માં અમૃત છે તેને સર્પની પેઠે ચાહાય છે, તેના કેશરૂપી મેઘ છે તેને મોરની પેઠે ચાહાય છે, દાંતરૂપી દાડિમના દાણા છે તેને પોપટની પેઠે ચાહાય છે, સ્તનરૂપી સોનાના કળશ છે તેને લોભિયાની પેઠે ચાહાય છે, રોમરાજી (રોમાવળિ) રૂપી ગંગા છે તેને રાજાભગીરથની પેઠે ચાહાય છે, ત્રિવલિરૂપી ત્રિવેણી છે તેને માંછલાની પેઠે ચતુર એવા શ્રીકૃષ્ણ ચાહાય છે. (૫)

सवैया.

कुंज गली बन जैबो तज्यौ अरु, बेठ रहे गिरिसें गिरधारी;
नेननिकी छबि बक्र निहारबों, सोगति नेननिसें भइ न्यारी.
टढो किरिट खुली अलके सोहे, आपनसें सब सूधी बिसारी;
औरनसें मुसके नहिं मोहन, कीनि भली व्रषभान दुलारी. ॥ ६ ॥

ટીકા—"સખી રાધાજીને કહે છે કે" વૃંદાવનની કુંજ (લતામંડપ) ગલીઓમાં જાવું આવવું તજી દઇને પહાડની પેઠે તારા ચિંતવનમાં સ્થિર

થઇ બેશી રહે છે. અને જે નેત્ર કટાક્ષની શોભા વાકું જોવામાં હતી તે ગતિ તો નેત્રથી જુદીજ થઇ છો અને જે માથાપર વાંકો મુકુટ મુકીને છુટા કેશ રાખતા હતા તે તો સર્વે શુદ્ધી પોતે વીસારી મુકી છે અને જે "બીજી અનેક સ્ત્રીઓના ચાળા કરતા" તે હવે બીજી કોઇ સ્ત્રી સાથે જરા મ્હોડું પણ મલકાવાના નથી, માટે હે! વ્રૃષભાનદુલારી રાધાજી! તેં એ શ્રી કૃષ્ણને એટલા બધા ત્હારે એકનેજ વશ્ય કરી રાખ્યા એ તેં બહુજ સારૂં કર્યું છે. (૬)

यथा संख्यालंकार–कवित्त.

केश भोंहें तम चाप व्याल शशी मध्य भृंग,
चीतवें तुरंग बज्ञो खग जैसें पूरहें;
नेन अरु नासा कंज चंप कली मीर कीर,
सुर माधुरीसो किधों कोकिला मयूर हें;
अधर रद वलिन कुंद कली सुधा दारों,
ग्रीवा सों कपोत किधौं कंचनकी चूरहें;
कुच कटी करी हरी हरी शृंग हरी जुरी,
राधाजू प्रवीन माधा मिलनो जरूरहें. ॥ ७ ॥

टीका –જેના કેશ અને ભ્રૂકુટિ અંધકાર અને ધનુષ્ય જેવી ક્રમે કરીને છે. તેમજ સર્પાકાર અને મુખરૂપી ચંદ્ર મધ્યે પાંખ પસારી બેઠેલા ભમરા જેવી શોભે છે. અને જેની ચિતવનિ વેગમાં આવેલ ઘોડા અને ઉડતા પક્ષી જેવી ચપળ છે. તથા જેનાં નેત્ર અને નાશિકા કમળ અને ચંપાની કળી જેવી અથવા માંછલાં જેવાં ચપળ અને પોપટની ચાંચ જેવી સુઘટ ક્રમે કરીને છે. જેનો સ્વર મધુર અથવા કોયલ અને મોરના જેવોછે. તથા જેના હોઠ અનેદાંત કમળઅને કુંદકળી જેવા તથા અમૃતઅને દહાડમના બીજ જેવાં ક્રમે કરીને છે. અને તેની ગ્રીવા તે હોલાની ડોક જેવી અથવા સોનાની ચુડી જેવી છે. તથા જેનાં સ્તન અને કમ્મર હાથીના કુંભસ્થળને સિંહની કટિ જેવી તથા પર્વતના શિખરને દુર્બળ થયેલા સિંહની કટિ જેવી ક્રમ અનુક્રમે છે. એવા ખુબસુરત અને ચતુર રાધાજીને હે માધવ! મળવાની જરૂર છે. એમ રાધાજીના પક્ષની દુતી શ્રી કૃષ્ણ પાસે રાધાજીનાં વખાણ કરી મોહ ઉપજાવી મળવાનું સૂચવે છે. (૭)

पूर्णोपमालंकार–कवित्त.

कंजसे अरुन रंग पाय म्रदु नीके अती,

हंस गती जेसी गति मंद देखी मोहियें;
सिंह कटी जेसी कटी छीन सुभ प्रभा मान,
करी कुंभसें कठोर कुच वर दोहियें;
अंब नव पल्लवसें कोमल अधर पांन,
मीन जेसे चपल द्रग जावक निचोहियें;
बेनी विषधर जेसी जाहिकी सरल श्याम,
ऐसी रांधे राधेनाथजूके उर सोहियें. ॥ ८ ॥

ટીકા—કમળ જેવા લાલ અને ઘણાજ કોમળ જેના મનોહર પગ છે અને જેની હંસના જેવી ધીમી ચાલ જોઇ મોહ પામિયે છીએ, જેની સું-દર શોભાયમાન સિંહની કટિ જેવી પાતળી કમ્મર છે, તથા જેના હાથીના કુંભસ્થળ જેવા કઠોર બે છાતીપર મનોહર સ્તન છે; જેના આંબાના નવાંકુર જેવા કોમળ અને લાલ અધર અને હાથની હથેળીઓ છે, જેના માંછલા જેવા ચપળ ને અળતામાં બોળી નીચોવેલ જેવાં લાલ નેત્ર અને જે-નો સર્પ જેવો સિદ્ધો તથા શ્યામ ચોટલો છે, એવાં જે રાધાજી તે શ્રીકૃષ્ણજી-ના ખોળામાં શોભે. એમ સખી સખી પ્રત્યે કહી શ્રીકૃષ્ણને સંભળાવી મોહ ઉપજાવી મેળવવા ચાહે છે. (૮)

अथ समश्या भेद—सवैया.

एक भई विप्रीत गती यह पैं, दधि कंजेके मध्य समानौ;
हालमकौं विनु अंग चुगे शुक, इंदुपतें छितिपें ठहिरानौ.
अंबुजके बिकसे उलटें तिमि, द्वंद्वतें अंबु धुनीसें बहानौ;
लोचन रक्तकि बानि कपोत रटे, बिन आस्य अहीसें बंधानौ.॥९॥

ટીકા—એક એવી વીપરીત રીત થઈ જે આ દુધનો સમુદ્ર કમળમાં સ-માઇ ગયો (એટલે દુધના સમુદ્ર રૂપી જે સ્તન તે પતિના હાથ રૂપી કમળમાં સ-માઇ ગયો.) અને દાડમને અંગવિનાનો પોપટ ખાય છે (એટલે દાંતરૂપી દાડમના દાણાને તે પર રહેલ નાશિકારૂપી પોપટ ખાય છે.) અને ચંદ્રમા આકાશથી પ્રથ્વીપર આવીને રહયો છે (એટલે આકાશના ચંદ્ર જેવો જે રાધાના મુખ રૂપી ચંદ્ર તે પ્રથ્વીપર આવી રહયો છે.) અને કમળને ખીલવાથી બે માંછલાં ઉલટી આવ્યાં અને તે બંનેથી નદીની પેઠે પાણી વેહેવા લાગ્યું (એ-

ટલે કમળ રૂપી આંખોમાંથી તારા રૂપી બે માંછલામાંથી આંસુ રૂપી જળ વહેવા લાગ્યું.) અને વિના મુખના સર્પથી બંધાયેલ હોલો કોયલની વાણી બોલે છે. (એટલે વિના મુખના સર્પરૂપી ચોટલાથી વિંટાયેલ હોલારૂપી કંઠ કોયલાના સરખીવાણી બોલે છે.) એમ સખી સખી પાસે નાયકાના રૂપનાં વખાણ કરી નાયકને સંભળાવી મોહ ઉપજાવી મેળવવા ચાહે છે. (૯)

सवैया.

सेज बिनोद समै अलि चूकिकें, बामसें श्याम कछूक-गये बद;
भौंह चढाय रही सतराय, दुहू द्रग आय बहे मनुं बारद.
मानहि मान प्रबीन प्रिया तब, जांन अजांन भये मदिरामद;
लाल बिहाल बिलोकि सुबाल, किये तिहि काल रसाल रदच्छद.॥१०॥

ટીકા—"સખી સખી પ્રત્યે કહે છે કે" હે સખી! આનંદની વખતે મશ્કરીમાં ભુલથી રાધાજીને શ્રી ઘનશ્યામે કાંઇક કઠોર વચન કહ્યું, તે સાંભળી રાધાજી ભ્રકુટિ ચડાવી ક્રોધિત થઇ જઇ, બંને નેત્રમાંથી જાણે વર્ષાદ આવી વર્ષતા હોયને? એમ આંસુ વહેવા લાગ્યાં તે જોઇ શ્યામસુંદરે જાણ્યું કે રાધાને રિસ ચડી અને તે કેમે મનાશે નહી, એમ માની પોતાની ભુલ છુપાવવા તેજ વખતે શ્રીકૃષ્ણ જેમ મદિરા પીઇને દીવાના થયા હોય તેમ જાણીને બેભાન થયા. એવા ઘનશ્યામને બે હાલ જોઇ રાધાજીએ મનમાં વિચાર્યું કે મને જે કઠોર વચન કહ્યું તે જાણીને નહીં પણ દારૂના કેફથી બેભાન થઈ બોલ્યા છે તેથી તેમને શરીરનું ભાન નથી, એમ જાણી તેમનીપર પ્રેમ લાવી તેના રસમય હોઠનું ચુંબન કર્યું (એવાં જે શ્રી રાધા કૃષ્ણ તે કલ્યાણ કરો.) (૧૦)

दोहा.

मुकुर गेह चिहु दिस जटे, कीनीं जोत उद्योत;
बिना नेहसौं बारि बिच, दीपक जरिवो होत. ॥ ११ ॥

ટીકા—ચારે તરફ કાચના તકતા જડેલા એવા મંદિરમાં દીવાની જોત પ્રગટ કરી તેનાં પ્રતિબિંબ કાચમાં પડવાથી અનેક દીવા ભાસવા લાગ્યા. તે જાણે તેલ વગરના દીવા કાચરૂપી પાણીમાં બળતા હોયનીશું? એમ દેખાય છે. (૧૧)

कवित्त.

बेठी वृषभान सुता साजिकें सिंगार सार,
सिषन सुधार रस बात करबो करे;
सौंहन खवाय लाख सोह मे दिपा अनंत,
बनी ठनी उठी पंथ पैंड परबो करे;
नंदलाल वेग लाइ लाखन उपाय करी,
देखीयेजु साम डग मग भरबो करे;
ग्रहिके किवार ठाडी होरही नवोढा नारि,
बिना नेह बारी बीच दीप जरिबो करे. ॥ १२ ॥

ટીકા—"શ્રી કૃષ્ણે રાધાજી પાસે મોકલેલ દુતી રાધાને સમઝાવી લાવીને નટવરને કહે છે કે" વ્રષભાન સુતા જે રાધાજી શ્રેષ્ટ શૃંગાર સજી શિખન સુધાર એટલે કેશ સુધારી પટીયાં પાડી બેઠી બેઠી રસની વાતો કરતી હતી અથવા શ્રેષ્ટ શૃંગાર સજીને વ્રષભાન સુતા જે રાધાજી તે બેઠી હતી ત્યાં જઇને શિખન સુધાર એટલે અનેક શિખામણથી સુધારીને રસનીજ વાતો કરે એવી રસમય કરી લાખો સોગન દઇ આપની પાસે આવવા વિનંતિ કરી; ત્યારે તે શોભામાં અનંત દીવા જેવી કાંતિવાળી બણીઠણી ઉઠીને રસ્તે કદમ ભરવા મંડી, એમ લાખો ઉપાય કરી હે નંદલાલ! જલદી લાવી છું તે ધન. શ્યામ, તમો જુવો જોઈએ માર્ગમાં કેમ ડગલાં ભરે છે? એમ કહી બંને ઉભાં થઈ જુવે છે તો, તે નવોઢા રાધાજી સંકેત ઘરના બારણામાં આવી કમાડ થોભીને ઉભી થઇ રહી છે. તે જાણે તેલવિના બારણામાં દીવો બળતો હોયનોશું? એમ શોભે છે-એટલે કમાગ્નિથી બળે છે-તેને જલદી મળી શાંત કરો એમ સૂચવે છે. (૧૨)

(ત્રીજા ચરણનું ઉત્તરાર્ધ અને ચોથા આખા ચરણનો બીજો અર્થ સાથિયાથી જુવો) અને તે આપ માર્ગમાં કેમ ડગલાં ભરતા આવોછો તે જોવા સારૂ સંકેત ઘરના બારણામાં તમારી વાટ જોતી કમાડ થોભીને નવોઢ જે રાધાજી તે ઉભી થઇ રહી છે; તે જાણે તેલ વિનાનો દીવો બળતો હોય એમ બારણા વચ્ચે શોભે છે. [૧૨]

बिछुवा अनोट पाय जेहर जराव जरी,
नूपुर झनंक पाय घुघरि घनी घूरे;

कटि छुद्रघंटिका कीसोरीके विराजमान,
सोहत हमेल हार चौकी हियमें परे;
कंठ कंठमाल औ रसाल बालहिकों राजे,
बिंदु भाल लाल मुख प्रभा शशीकी हरे;
चिर ओढे राधे शीश फूल नंग जोत होत,
बीना नेह बारी बीच दीप जरिवो करे. ॥ १३ ॥

ટીકા—પગની આંગળીઓમાં વિંછિયા અને અંગુઠામાં અનવટ તથા પગમાં જડાવ જેહર અને નુપુર પેહેર્યાં છે તેની ઘણી ઘુઘરીઓનો ઝણકાર થાય છે, અને કિશોર વયવાળી રાધાજીની કમ્મરમાં કટિમેખળા બિરાજી રહી છે, ગળામાં હુમેલ હાર શોભે છે, તેની વચમાં ચોકી (ચકતુ) છે તે છાતીપર પડી છે, રસિક બાળાના કંઠમાં કંઠમાળ (કંઠી) શોભે છે, જડિત અને કપાળમાં લાલ બેંદી કરી છે, તેનું સુંદર મુખ ચંદ્રની શોભાને હરે છે, તથા મનોહર ચીર ઓઢેલ છે, રાધાજીએ જે માથાપર રત્ન શીશફૂલ ધારણ કરેલ છે તેના નંગની જયોતિની કાંતિ દેદીપ્યમાન પ્રગટે છે તેજાણે તેલ વિનાનો દીવો બારણામાં બળતો હોયનેશું? એમ શોભે છે. [૧૩]

अथ भ्रमालंकार विभ्रमहाव–सवैया.

सांझ समे हुलसे मन आवत, गाइन संग बने गिरधारी;
डीठ पर्यो वृषभान सुता मुख, धायके आय चढीजु अटारी.
गेल गहे ग्रहकाहुनकी ग्रह, नंदकि गेल रही ढिग न्यारी;
ले लकुटी अधरान बजावत, वेंनसु धेनकी हाकन हारी. ॥ १४ ॥

ટીકા—સાંઝ સમયે મનમાં ઘણા હર્ષથી બણીઠણી શ્રી કૃષ્ણ ગાયોની સાથે વ્રજમાં આવતા હતા, તેને જોવા દોડીને મેડી ઉપર ચડી ગોખમાં મુખ કાઢી ગીધારીને જોવા ઉભેલાં વૃષભાન સુતા રાધિકાનું મુખ જોતાંજ મોહ પામી વિભ્રમ થયેલા શ્રી કૃષ્ણ પાસેની નંદરાયજીની ગલિ તો એક બાજુએજ રહી ગઈ અને બીજાના ઘરની ગલી તરફ જવા લાગ્યા તથા હૈયા સુનાબની લાકડીને વાંસળી ધારી હોઠ ઉપર મુકી બજાવવા લાગ્યા, અને વાંસળીને ગાયો હાંકવાની લાકડી સમજી ગાયો હાંકવા લાગ્યા. [૧૪]

दोहा–तोटक–कुंडलिया.

गने भ्रपा कन उडगननि पारावार किलोल,

बृच्छहिं भार अढारके,.कनक सेल सग तोल;
के तोल करे गिरधातनकों, कोउ पार लहे बृछ पातनकों,
दधि बाज उडग्गन बुंद गनै, हरिको गुन सो न सबैं बरनै.॥१५॥

ટીકા—વર્ષાદનાં બિંદુ, આકાશના તારા, સમુદ્રના લોઢ, અઢાર ભાર વનસ્પતિનાં પાંદડાં, એ સર્વની સંખ્યા, તથા મેરૂ પર્વતનો તોલ, એ સર્વ કરી શકાય તેમ નથી. તોપણ કોઈ સપ્ત ધાતુવાળા મેરૂ પર્વતનો તોલ કરી શકે અને કોઇ વૃક્ષનાં પાંદડાંની સંખ્યાનો પણ પાર પામી શકે, તથા કોઈ સમુદ્ર જળના લોઢ, આકાશના તારા, અને વર્ષાદનાં બુંદને ગણી શકે તોપણ તે હરિના સઘળા ગુણોને વર્ણવી શકે નહીં. [૧૫]

अथ दूजो भेद उल्लेखालंकार-कवित्त.

बेननकी बागेस्वरी नेंननकी एन बधू,
मेननकी एन सुख देनकी चिंतामनी;
ताननकी सिंधु अभिमानकी जुधेश बंधू,
अंग अंग सोहें दुति चंचलाई दामिनी;
गोननकी हंस मुख जोंननकी चंद अंस,
टोननकी कारनजु देखियेजुं कामिनी;
सुनो नंद नंद प्रभा कहांधों बताय कहौं,
भाये न नीहारे वह भवजूकी भामिनि. ॥ १६ ॥

ટીકા—વચન બોલવામાં સરસ્વતી જેવી, આંખોની ચપળતા અને નમણાઈમાં મૃગલી જેવી તથા કામદેવના સ્થાનક જેવી, સુખ આપવામાં ચિંતામણિ જેવી, ગાયન ગાવામાં સમુદ્ર સરખી, અભિમાન ધરવામાં દુર્યોધન સરખી, પ્રત્યેક અંગની કાંતિમાં શોભાયમાન તથા ચંચળતાઇમાં વિધી જેવી, ચાલવામાં હંસ સરખી, અને મુખાકૃતિમાં ચંદ્રની કળા સરખી, જોયામાં જાણે મોહ મંત્રના કારણ જેવી કામિની કહેતાં રાધાજી શોભાયમાન છે. એમ રાધાના પક્ષની દૂતી શ્રી કૃષ્ણને કહે છે કે હે નંદના નંદ શ્રી કૃષ્ણ! તમો સાંભળો, હું તેની શોભા કયાં સુધી વર્ણવી કહું! કેમકે જો એકવાર તેને નિહાળીને કોઈ જુવે તો તેને શ્રી શંકરની સ્ત્રી પાર્વતી પણ ધ્યાનમાં ઉતરે નહીં. [૧૬]

अथ उत्प्रेक्षाऽलंकार-सवैया.

साज सिंगार चढीहें झरोंखन, ठाढिहें भानु सुता सुखदाई;
हारनके दबि भारनसें कुच, दोउन पाइ मनों लघुताई.
चूरन भार उतारि मनौं, मनमथ्थन हथ्थ किये सुघटाई;
सोहतहे त्रिवली सुमनौं कचके लचके कटि हे दरकाई. ॥ १७॥

ટીકા—સુખદાયક વૃષભાનની સુતા જે રાધાજી તે સોળે શૃંગાર સજી ઝરોખે ચડી ઉભેલાં છે, તેમણે કોટમાં પેહેરેલા મુકતા હારના બોજાથી દબાઇને બંને સ્તનો જાણે કોમળપણું પામ્યાં હોય એવાં દીસે છે. ચુડીઓના બોજાથી લચેલા તેના બે હાથ તો જાણે અનંગદેવે સંઘેડે ચડાવી સુંદર ઘાટવાળા બનાવેલા હોય એમ જણાય છે, વળી તેના સુંદર પાતળા પેટપર પડેલા ત્રણ વાંટા ત્રિવલી શોભે છે તે જાણે કેશના ભારથી પાતળી કમ્મર લચકાઈને ફાટી ત્રણ તડ પડી હોયનીશું? એમ દીસે છે. [૧૭]

अथ भ्रांतिमान अलंकार सवैया.

कारि मंजन अंजन नील निचोलन, भूषन भूषितहें तनमें,
अंधियारि निशा अलि संग लिये, ब्रजराजहुपें जुचली बनमें;
दुतिदामिनि देखी सिखों हुलसें, मुख चंद प्रकास चकोर नमें,
सूनि नूपुर बाल मराल धसें, सु लगीहें कुलाहल कुंजनमें. ॥ १८ ॥

ટીકા—રાધાજીએ સ્નાન કરી આંખ્યોમાં કાળજ સારી નિલાંબર ચીર તથા ચોળી પેહેરી સર્વે અંગ ઘરેણાથી શણગારી શોભાયમાન થઈ અંધારી રાતની વખતે સખીને સાથે લેઇને વ્રજરાજ જે શ્રી કૃષ્ણ તેને મળવા સારૂ વનમાં ચાલ્યાં. તે વખતે તેની વીજળીના જેવી કાંતિ જોઇને મોર હર્ષ પામ્યા, ચંદ્ર જેવા શોભિતા મુખનો પ્રકાશ જોઇને ચકોર પક્ષીનાં ટોળાં સામે નમી આવ્યાં, એટલુંજ નહિ પણ પગમાં પેહેરેલાં તેનાં ઝાંઝરનો ઝમકાર સાંભળીને હંસનાં બચ્ચાં દોડી આવ્યાં તેથીકરી આખા વનમાં કુંજે કુંજે કોલાહલ થઇ રહ્યો છે. (૧૮)

अथ जाति स्वभाव अलंकार-सवैया.

शेष महेश मुनेश सुकेशसें, ध्यान हमेशहि तो गुन गावे;
ब्रह्म सनंक सनात भृगू, वगदालिभ नारद स्वप्न न आवे.

बालमि शृंगिय शक्र शशी रवि, बासर रैन तु चित्तमें लावें;
येंसिय आठ तेंतीस नवं अरु, द्वेदस पार अग्यारन पावे. ॥ १९ ॥

ટીકા—શેષ, મહેષ, મુનીશ્વર, અને શુકદેવજી સરખા પણ નિરંતર ધ્યાન પૂર્વક તમારા ગુણાવીંદનું ગાન કરેછે, બ્રહ્મા, સનક, સનાતન, ભૃગુ, બગદાલિભ, અને નારદ સરખાતો સ્વાને પણ આવતા નથી; વાલમિક, શૃંગી, ઇંદ્ર, ચંદ્ર, અને સૂર્ય સરખા રાત્રિ દિવસ તમારા ચિંતવનને ચિત્તમાં ધારેછે; અઠયાશી હજાર ઋષિ, તેત્રીશ કરોડ દેવતા, નવ યોગેશ્વર, બાર સૂર્ય, અગીયાર રૂદ્ર, વિગેરે પણ તમારા ગુણનો પાર પામી શકતા નથી એવો હે કૃષ્ણ ! તમારો અપાર મહિમા છે. [૧૯]

दोहा.

हरि गुनसो सागर भर्यो; कवि कपोतकी चंच;
पियंत न खूटे प्रेम प्रय, यातें वरन्यो रंच. ॥ २० ॥

ટીકા—હરીના ગણરૂપી સમુદ્ર ભરયો છે, તેનું પ્રેમરૂપી અમૃત સરખું પાણી હોલાની ચાંચ જેવા કવિના મુખવતે પીવાથી ખૂટે એમ નથી. તે શું પી શકે? મતલબ કે ઇશ્વરના અનંત ગુણોમાંથી એકે ગુણનું વર્ણન કરવાની શકિત શિવસનકાદિ કોઇમાં પણ નથી માટે અત્રે જરીકજ રંચ વર્ણન કરયું છે. [૨૦]

अथ. मनं सिच्छा—कवित्त.

छारसंम काया सब मांया *धूम छाया जेसी;
तमो गुन तजरे तूं तजि देवो गारीकों;
तजिदे बडाई तूं आदर अनादर तज,
तज शोक मोह चिंता झूठ नेह नारीको.
तप जप दान पुन्य विनाकिये बेठ रह्यो,
जानत न तेरें सिर दंड दंड धारीको;
अहो मन मूढ तोसों कहा कहूं बेर बेर,
राखरे भरौंसो एक कुंजकें विहारीको. ॥ २१ ॥

ટીકા—આ શરીર રાખ પેઠે નાશવાન છે. તેનો ભરોંસો નથી, સઘળી મમતા અને મોહમાયા ધૂમાડા તથા છાંયાં જેવી મિથ્યા છે માટે હે, મન ! તું તમો ગુણ તજી ગાળો વિગેરે દુષ્ટ વચન કહેવાની કુટેવ છોડીદે; તેમજ મ્હો-

* ઈડર તથા જુની હસ્તલિખિત પ્રતમાં 'छारसम माया सब काया' પાઠછે.

ટાઈ, આદર, અનાદર, શોક, મોહ અને ચિંત્તા વિગેરે દુર્ગુણો તજીદે અને સ્ત્રીયોના ખોટા સ્નેહને અંતરમાંથી કાઢી નાંખ. અને તપ, જપ, દાન, પુણ્ય, કર્યા વિના તું નિરાંતથી બેશી રહેછે પણ ખબર નથી કે તારા માથા ઉપર દંડ ધરનાર યમ રાજાનો દંડ પડશે. હે મૂઢ, મન! તને વારેવારે શું કહું? હવે તો એક કુંજના બિહારી શ્રી કૃષ્ણનો ભરોંસો રાખ્ય, કે જેથી ત્હારૂં કલ્યાણ થાય. (૨૧)

दोहा.

पार नपावत शेषसें, सहस उभैं जिहि रस्न;
प्रेमहुंसें परसन रहो, रसिक राधिका कृष्न. ॥ २२ ॥

ટીકા—જેને બે હજાર જીભો છે એવા શેષ સરખા પણ જેના ગુણનો પાર પામી શકતા નથી ત્યાં હું અલ્પમતિ શા લેખામાં?, માટે હે રસમય શ્રી રાધાવર! હું તમને ખરા પ્રેમથી ઇચ્છુંછું, તેથી કેવળ મહારા પ્રેમથીજ મ્હારી ઉપર પ્રસન્ન રહો એવી મહારી પ્રાર્થના છે. [૨૨]

गाहा.

मुकति जुकति वर दाता, रसमय रूप राधिका कृष्नं;
वरनन प्रेम प्रकासे, तृतीय प्रवीन सागरो लहरं. ॥ २३ ॥

ટીકા—મુક્તિ, યુક્તિ, અને ઉદારપણાથી પ્રીતિના આપનાર તથા રસમય જેનું રૂપછે એવા રાધાકૃષ્ણના પ્રેમના પ્રકાશનું વર્ણન કરતાં પ્રવીણસાગર ગ્રંથની આ ત્રીજી લહર પૂર્ણ થઇ. [૨૩]

इति श्री काठियावाड देशांतर्गत गोहिलवाड प्रांतस्थ सिहोर नगरनिवासी गीलाभाइ तनय गोविंद विरचित प्रवीणसागर ग्रंथे सुबोधिनी नामक टीकायां तृतीय प्रकाशः ॥ ३ ॥

लेहर ४ थी.

अथ ग्रंथाद्य सरस्वती वर्नन—सवैया.

श्रीहरिकी पतनी सविता *सुत, ता रिपुकौं जिन बाहन कीनैं;
शंकरकी पतनी तिन बाहन, ना भ्रपको पति भालमें दीनैं.

* ઈડરે તથા હસ્તલિખિ પ્રતમાં सिवता પાઠ છે.

द्रुहिनकी पतनी तनुजा सब, केत गये कवि सो सुनिलीनैं;
तूंहि हे आदि जुगादिं उपावन, तूं द्रग नेंक सबैं जग भीनैं. ॥ १ ॥

ટીકા—શ્રી હરિ જે ભગવાન વિષ્ણુ તેની સ્ત્રી લક્ષ્મીજી તેને ઉત્પન્ન કરનાર જે સમુદ્ર તેના સુત જે મોતી તેનો અરિ-ચરનાર જે હુંસ તેનું જેણે વાહન કર્યું છે એવાં જે સરસ્વતી તેણે શંકરની સ્ત્રી પાર્વતીના વાહન સિંહનું ભક્ષ જે મૃગ તેનો પતિ ચંદ્રને કપાળમાં ધારણ કરયો છે એટલે ચાંદલો કર્યો છે, એવાં જે સરસ્વતી તેને બ્રહ્માની સ્ત્રી સાવિત્રીના શરીર થકી ઉત્પન્ન થયાં એમ કવિયો કહી ગયા છે તે અમેં સાંભળી લીધું છે; પરંતુ હે સરસ્વતી! તમે સર્વ થકી આદિ છો, ચારે યુગાદિકને પણ તમેજ ઉપજાવો છો અને તમારીજ કોમળ સારી નજરથી બધુ જગત લીલાલેહેરમય એટલે સંપતિ સહિત આનંદમય રહે છે. (૧)

अथ ग्रंथ बीज—सोरठा.

यह विधि भयो सुग्रंथ, जानो जाननहार सब;
बिरह प्रेम दोउ मंथ, बन बन ज्यौं ज्वाला बढत. ॥ २ ॥

ટીકા—જેમ વનને વિશે અન્યોન્ય પરસ્પર વાંસ ઘસાયાથી અગ્નિ પેદા થઇ ઝાળ વધે છે; તેમ વિયોગ અને પ્રેમનું માંહોમાંહે મંથન થવાથી આ ઉત્તમ ગ્રંથની ઉત્પત્તિ થઇ છે તે સર્વ જાણનારાઓ જાણો. [૨]

सोरठा.

बढ्यो प्रेम विस्तार, कहुं वाको निर्माण करि;
उच्छव शिव उच्चार, प्रथम कथा कैलासकी. ॥ ३ ॥

ટીકા—જેવી રીતે પ્રેમનો વિસ્તાર વધ્યો તેનું નિર્માણ કરીને શિવરાત્રીના ઉત્સવ કરવાની જે વાતચીત શિવ પાર્વતીને થઇ ત્યાંથી આરંભીને પ્રથમ કૈલાસની કથા કહુંછું. (૩)

अथ प्रथम कथा,कैलास बर्नन-छंद प्रमानिका.

अखंड धाम ईशरं, रजंत रज्जतं गिरं;
महेश्वरं विराजितं, सुराजनीतं साजितं;
धरंत जोग ध्यानियं, उभे दशा समानियं;
प्रियासु पारवत्तियं, जटेश जोग गत्तियं;

रमंत रीझ रत्तियं, जुगादि आदि जत्तियं;
हरम्य रम्य सोहितं, द्रहीनसें विमोहितं;
दरी अनेक श्रृंगियं, रजंत रंग रंगियं;
झरं झरंत निर्झरं, सलील स्रोत सुभ्भरं;
नदी अल्लक नदियं, बहंत घोष सदियं;
पशू गजेंद्र आदियं, बदे म्रगेंद्र नादियं;
अढार भार झुल्लियं, अनंत बाग फुल्लियं;
प्रसून भार झुम्मितं, मधूमु तंतु चुंबितं;
सुरंज कुंज छट्टियं, पिकं मयूर रट्टियं;
व्रछं सुवेलि बुट्टियं, बिकास बास छुट्टियं;
सुबास सीत धीरियं, सदा बहे समीरियं;
मराल सारसं सरं, कलीतकंठ उच्चरं;
मुनींद्र जोग सद्धियं, बिलोक मोद बद्धियं;
गिरं गिरं सुरं प्रभा, सुजच्छ किंनरं सभा;
गिरा उचार गायका, अनेक नृत्य नायका;
अगा अगापुगां मगं, कूंतं कुलाहलं खगं;
लखंत इश्वरं पुरं, ग्रहं ग्रहं पुरंदरं. ॥ ४ ॥

ટીકા—જેમાં નિરંતર ઈશ્વરનું ધામ છે એવો રૂપાનો રમ્ય કૈલાસ પર્વત શોભે છે, જહાં શ્રી મહાદેવ બિરાજે છે, ને ત્હાં સારી રાજનીતિ ચાલે છે; જે યોગનું સમાધીથી ધ્યાન ધરે છે અને જેને માન અપમાન બંને સરખાં છે, જેની પ્રિયા પાર્વતી છે અને જે જટાને ધરનાર, યોગ વિદ્યાના ઈશ્વર, પ્રસન્ન થઈને પ્રીતિથી પાર્વતી સાથે વિહાર કરનાર, જગતના આદિ કારણ, યતી રૂપ, એવા શંકર જહાં બિરાજે છે-તે કૈલાસ ગિરિમાં મનોહર મેડીઓ શોભે છે, જે જોયાથી બ્રહ્મા જેવા પણ મોહીત બને છે, જેમાં અનેક ગુફાઓ અને રંગ રંગનાં શિખરો ઝળહળે છે, અને જેમાંથી પાણીના ઝરણ ઝરીને નદીઓના પ્રવાહરૂપે વહે છે તથા કંઇક ધરા ભર્યા છે, જહાંથી નંદા અને અલકનંદા નામની નદીઓના પ્રવાહ ઘુંઘવાટ કરતા ચાલે છે, જહાં હાથી આદિક અનેક જનાવરો નિર્ભયતાથી વસે છે, તથા જેમાં શિંહો ગર્જના કરે છે, જહાં અઢાર ભાર

વનસ્પતિ ઝુમી.રહી છે,અને જેમાં અગણિત બાગ બગીચાઓ ખીલી રહ્યા છે,તથા ફુલોના ભારથી ડાળિયો નમી ગઇ છે, અને ભમરાઓ ફુલના તંતુને રસ પીવા ચુંબન કરે છે, કુંજોમાંથી સુગંધમય રજકણો પવનને લીધે ઉડી ચારે તરફ ફેલાઈ રહી છે, જહાં કોયલ તથા મોર મધુર સ્વરથી ટહુકારે છે, જેમાં વૃક્ષવેલ અને નાના છોડવા પ્રફુલિત થવાથી તેના સુગંધની બાસ ફેલાઈ રહી છે; જહાં શીત, મંદ અને સુગંધમય એવા ત્રણ પ્રકારનો પવન નિરંતર વાયા.કરે છે, જહાં હંસ અને સારસ પક્ષીઓ સુંદર કંઠથી મધુર વાણીથી આલાપ કરે છે, જહાં મ્હોટા મુનિયો યોગ સાધે છે, જે જોયાથી આનંદ વધે છે, એવા કૈલાસના દરેક શિખ્ખરપર કાંતિવાળા દેવ, યક્ષ અને કિનરોની સભાઓ છે, જહાં ગવૈયા વાણીનો ઉચ્ચાર કરી ગાય છે, ને જહાં અનેક અપ્સરાઓ નૃત્ય કરી રહી છે,અને પર્વતમાંથી નીકળેલી નદીઓના કિનારાપર પક્ષીઓ કોલાહળ શબ્દ કરે છે, એવું મહાદેવનું નગર કૈલાસપર તે જોતાં ઘેર ઘેર ઇંદ્ર જેવા શિવગણો શોભે છે. (૪)

छप्पय.

महाराज माहेश, बाग कैलास बिराजैं;
उमया आप समीप, गान गंध्रव कुल साजैं.
चारन किन्नर जच्छ, भूत प्रेतादि भयंकर;
के बिराज बिच सभा, केउ कर जोरित किंकर.
करि बिजय अरज कीनी तहाँ, महमाया माहेश प्रत;
महराज महारात्री निकट, यह उच्छव कीजैं महत. ॥ ५ ॥

ટીકા—એક વખતે કૈલાસ પર્વત ઉપર શંકર બાગમાં સભા ભરી વચ્ચમાં આવી.બિરાજ્યા હતા–સાથે ઉમયાજી પણ હતાં; તેમની સામે ગંધર્વગણો આવી ગાન કરતા હતા અને ચારન, કિન્નર, યક્ષ, ભુત, અને પ્રેતાદિક ભયંકર આકૃતિવાળા કેટલાક ગણો સભાની વચ્ચમાં બેઠા હતા, કેટલાક નોકરો હાથ જોડીને ઉભા હતા, તેવા રમણિય સમયે પાર્વતીજીએ વિનય વિનયતાથી અરજ કરી કે હે મહારાજ? મહારાત્રી શિવરાત્રીનો દિવસ નજીક આવ્યો છે, માટે તેપર મહોત્સવ કરવાની તૈયારી કરવી જોઇએ. (૫)

अथ उमा वाक्य-दोहा.

महाराज इक मास प्रति, आवहिंगी महा रैन;

बडो महोच्छव कीजियें, सबै बढे सुख चैंन. ॥ ६ ॥

ટીકા—હે પ્રભુ? એક માસ ગયા પછી સામા આવતા માસમાં મહારાણી આવશે, માટે તેનો મ્હોટો ઉત્સવ કરીએ કે જેથી સર્વના મનમાં સુખચેનનો વધારો થાય. [૬]

हरि बेधा सुर असुर नग, किन्नर जच्छ मुनिंद;

सिंधु नाग दंपति सबें, मिलेंतो महत अनंद. ॥ ७ ॥

ટીકા—ભગવાન વિષ્ણુ, બ્રહ્મા, દેવ,અસુર,પર્વત,કિન્નર,મુનિયો,સમુદ્ર,અને નાગ એ સર્વે સ્ત્રીઓ સહિત જો આંહી આવી મળે તો મહા અનંદ થાય.(૭)

कवि वाक्य–दोहा.

तब हरजू मनहरष भये, उमा अरज सुनि लीन;

सर्वगती नामा सुगन, उन प्रति आयस दीन. ॥ ८ ॥

ટીકા—ઉમયાજીની અરજ સાંભળી લેઇને તેજ વખતે શ્રી શંકર મનમાં અતિ હર્ષિત થઈને સર્વગતિ નામના ઉત્તમ ગણને બોલાવીને તેને સર્વ દેવતાઓને આમંત્રણ કરવાને આજ્ઞા કરી. (૮)

अथ छंद मौक्तिक दाम.

सदाशिव आयसके परमान, ग्रडा मुखकी उर धारि सुबांन;
किये स्रवगत्ति विदाय सुदूत, गयो चलि एक पुरी पुर हूत;
गयो चलि एक महा सिध नग्र, सबें कही बात श्रियंपति अग्र;
गयो इक ब्रह्म पुरी गन तास, कही प्रति द्रुहिन बात प्रकास;
गयो इक नग्र जहां दुर नाद, कह्यो उन श्रीमुखको समवाद;
गयो इक जंम धरंम सुधाम, लह्यो उन ईश बुलावन नाम;
गयो इक सिंधु अपंपति थान, कह्यो उनसें हरको फुरमान;
गयो इक नाग पुरी निरधार, कह्यो सब आदिसु अंत बिचार;
गयो इक राज जहां नगराज, कह्यो उन शंभु महोच्छव साज;
गयो इक जच्छसु किन्नर वास, कह्यो महराज बुलावन पास;
सबें वह आयसकों उर धार, मिले महराजजुके दरबार;
ग्रजादिक सेव सबेंहि संभार, करें गन षोडशही उपचार;
करी बिनता बिनता प्रति सेव, महोच्छव रीत रची महदेव ॥ ९ ॥

ટીકા—શ્રીશંભુના ફરમાન પ્રમાણે તથા પાર્વતીજીના મુખની મનોહર વાણી મનમાં ધારીને સર્વગતિ નામના ગણે દેવતાઓને બોલાવવા બીજા દૂતોને મોકલ્યા. તેમાં એક દૂત ચાલીને ઇંદ્ર પુરિમાં ગયો, તથા એક દૂત ચાલીને વૈકુંઠ પુરીમાં ગયો જહાં શ્રી લક્ષ્મીપતિ પાસે સર્વે શિવરાત્રીના ઉત્સવની વાત કહી; એક દૂત બ્રહ્મપુરીમાં ગયો અને ત્હાં બ્રહ્મા પાસે સર્વે વાત જાહેર કરી; એક દૂત રાક્ષસોના રાજ નગરમાં ગયો અને તેમને શિવ પાર્વતીનો સંવાદ તથા શ્રી મુખનો હુકમ કહ્યો; એક દૂત યમરાજની ધર્મપુરીમાં ગયો અને ત્યાં શિવરાત્રીના ઉત્સવ ઉપર શંકરે બોલાવ્યા છે એમ કહ્યું, એક દૂત સમુદ્રમાં જહાં વરૂણની નગરી છે ત્હાં ગયો ને તેમને શિવનો હુકમ કહ્યો; એક દૂત પાતાળ નાગલોકમાં ગયો અને તેઓને આદિથી અંત સુધી ઉત્સવ સંબંધી વિચાર કહી સંભળાવ્યો; એક દૂત પર્વતના રાજા હિમાલય પર્વતના નગરમાં ગયો અને તેમને શંકરના મહોત્સવની વાત કહી સંભળાવી; એક દૂત કિન્નર અને યક્ષની રાજધાનીમાં ગયો અને તેમને શંકર (પાસે) બોલાવે છે તેમ કહ્યું; એ પ્રમાણે સર્વે દેવ ગણોમાં આમંત્રણ કર્યા પછી તે સર્વે દેવગણોએ શંકરની આજ્ઞા મનમાં ધારીને કૈલાસ પર્વત ઉપર શિવના દરબારમાં સર્વે દેવગણો આવી ભેળા થયા. તેઓ સર્વેની મર્યાદપૂર્વક સંભાળ રાખીને સોળ પ્રકારના ઉપચારથી શિવગણો સર્વેની પૂજા કરી શેવા કરવા લાગ્યા; અને તેમજ ગણોની સ્ત્રીઓએ આવેલા દેવતાઓની સ્ત્રીઓની તે પ્રમાણે પૂજા કરી શેવા કરવા લાગી, એ રીતે મહોત્સવની યોજના કરી શિવે મહોત્સવનો પ્રારંભ કર્યો. [૯]

दोहा.

आये पुर कैलास सब, दंपति देव अनेक;
सेव करत शिव जन सकल, एक एक प्रति एक. ॥ १० ॥

ટીકા—કૈલાસપુરી મધ્યે સ્ત્રીઓ સહિત આવેલા દેવોના સત્કારાર્થે પ્રતિ દેવની હજુરમાં એક શિવગણ અને દરેક દેવાંગના પાસે એકેકી શિવ-ગણપત્ની એ મુજબ હાજર રહી પુજન કરવા લાગ્યાં. [૧૦]

ग्यांन कथा चरचा चले, राग रंग सुविलास;
आयो तत्र उच्छव दिवस, सब मन मोद प्रकास. ॥ ११ ॥

ટીકા—એવી રીતે કૈલાસપર મળેલા સર્વે સુર સમુદાયમાં કેટલેક ઠેકાણે જ્ઞાન સંબંધી ચર્ચા ચાલે છે, કેટલેક ઠેકાણે રાગરંગ એટલે ગાવા બજાવવા-

નો સંગીત નૃત્યાદિ વિનોદ થાય છે, એવી રીતે હમેશાં આનંદમય દિવસો ગુજારે છે, તે દરમિયાનમાં મહા શિવરાત્રીનો ઉત્સવનો દિવસ આવ્યો જેથી સકળ સમાજના ઉરમાં આનંદનો પ્રકાશ થયો. (૧૧)

सांज समे शिवजू सभा, रची तालके रोध;
तहां सुर मिलि बैठें सबें, रजत छांह निग्रोध. ॥ १२ ॥

ટીકા—મહારાત્રીને સાંઝ સમયે મહાદેવજી, તળાવને કિનારે વડની છાયા છે તે ઠેકાણે સભા રચી. તે અંદર આવેલા દેવ, કિન્નર યક્ષાદિ સર્વે લોક ઘટિત સ્થાનકે નમન કરી મર્યાદાથી બિરાજ્યા. [૧૨]

छप्पै.

एक ओर गिरि शृंग, एक दिसि गंग गहर गति;
एक ओर बन बाग, एक रस ताल उच्छरति;
वट समीप प्रासाद, उठत नल अंबु चत्र दिस;
सीत मंद अरु‡ सुरभि, स्वसन गति करत इच्छ बस;
सब भिन्न भिन्न सिंगार धरि, तित्त शंकर कीनी सभा;
बरनाव करत क्रैसें बने, परम देव अकलित प्रभा ॥ १३ ॥

ટીકા—એક બાજુએ કૈલાસ પર્વતનાં શિખરો બિરાજે છે—અને એક બાજુએ ગંગાજીનો પ્રવાહ ગંભિરતાથી વહે છે, એક તરફ વન અને ઉપવન—બગીચા શોભી રહ્યા છે, અને એક બાજુએ તળાવનું સુંદર કંચનમય પાણી પવનથી ઉછાળા મારી રહ્યું છે, ત્હાં વડની સમીપે સુંદર દેવમંદિરના આંગણામાં ફુવારાનું જળ ચારે તરફ ઉડે છે, અને શીત—મંદ તથા સુગંધમય એવા ત્રણ પ્રકારના પવનની લહરો ઇચ્છા પ્રમાણે વાય છે. તે ઠેકાણે શંકરે મનોહર સભા રચી,—તેમાં જૂદા જૂદા હીરા, માણેક, જવાહીરથી શૃંગાર સજીને સર્વે દેવો આવી બેઠા છે, તેનું વર્ણન અવર્ણનિય—મતલબ કે કેમ બની શકે? કારણ કે—તે શંકર મહાદેવ છે તેમની સભાની કળ્યામાં ન આવે તેવી અકળીત શોભા છે. (૧૩)

इश विष्नु विधि इंद्र, चंद्र दिनयचंद धर्म ग्यम;
अगपति अहिपति अनंत, आपपति आप अनुक्रम;

‡ ઈડર તથા હસ્તલિખિત પ્રતમાં गति પાઠ છે.

निकषासुत सुधनंद, केऊ रुषिराज बिराजें;
धरें छत्र छहगीर, ठोर ठोरन प्रति छाजें;
सामीप परे शिव गन सकल, हुकम प्रति हाजिर रहैं;
गंध्रव सुगान नृति नायका, कोन तास उपमा कहैं. ॥ १४ ॥

ટીકા—ઇશ, વિષ્ણુ, બ્રહ્મા, ઇંદ્રિ, ચંદ્ર, દીનકર-સૂર્ય, ધર્મવાન યમરાજ, પર્વતાધિપતિ હિમાલય, નાગેંદ્ર તક્ષક અને શેષ, જળપતિ વરૂણ દેવ, સાતે સમુદ્ર, નિકષાના પુત્ર સર્વે રાક્ષસો, ધનપતિ કુબેર, વળી કેટલાક મહા મુનિવરો દરજ્જા પ્રમાણે આવી બેઠેલા છે, તેઓના શીરપર ધરાયલાં છત્ર, ઉડતા ચમ્મરો ઠેકાણે ઠેકાણે છવાઇ રહ્યાં છે, હુકમ ઉઠાવવાને સામે ઉભેલા શિવદૂતો-ગણો મરિયાદાથી હાજર થઇ રહ્યા છે, ગંધર્વો ગાયન ગાઇ રહ્યા છે, નાયકાઓ નૃત્ય કરી રહી છે એવા પ્રકારથી કૈલાસ ઉપર દિવ્ય સમાજ બિરાજી છે તેની ઉપમા કોણ કહી શકે? [૧૩]

दोहा.

उत आभा सुर गान गति, झुकत बाग बन कुंज;
यह कछुयक बरनन करौं, रव बिहंग मधु गुंज. ॥ १५ ॥

ટીકા—એ પ્રકારથી એકઠી મળેલી દિવ્ય સમાજની શોભા કેવી બની છે કે—દેવતાઓ ગંધર્વના ગાયનની ગતિમાં લીન થએલા છે, અને બાગ બગીચા તથા વન વૃક્ષો અને કુંજોમાં લતાઓ-વેલ્યો નવ પલ્લવ થઇ જઝૂમી રહ્યાં છે, તેમાં અનેક પ્રકારનાં પક્ષીઓ મધુર સ્વરે બોલે છે અને ભમરાઓ ગુંજારવ કરે છે, તેનું જરીક વર્ણન કરૂં છું. ૧૪

अथ सभा मंडप बर्नन छंद भुजंग प्रयात.

बसंता गमं कुंजके पुंज फुल्ले, झुके मंजुलं मंजरी भ्रंग झुल्ले,
मधू माधवी चंपकं अंब्र-मोरें, कली केतकी कुंद फंदा झकोरें;
हरी उमरी बेलि खिले हजारि, तुरा जाहि जामुल्ल तैसी तजारी,
तरं केसरं ब्रच्छ तालं तमालं, लता नागबेली चमेली सुलालं;
जुहि निंब अन्नार नारिंग जंभं, थली बकुली निर्मली रंभ थंभं,
बदें चातुकी कोकिला मोर बानी, प्रसारे फुहारं झरे पात पानि;
लता बाग नीठं सरं लेर लागें, भरे नीर पुरं समीरं त्रिभागें,

बकं बत्तकं सारसं कोक वृंदं, मधू मंडियं कंज केऊ कुमदं;
झिल्ली दद्दरं मद्द नद्दं झनक्के, तरं मंजरं नीर के तीरं तक्के,
नए रंगसें चित्र थंभा नवीनौं, तहां राजितं देव दीवान कीनौं;
समाजं कला गान संगीत साधैं, उभै मेक ग्रामं सुरं लोक आधैं,
म्रदंगानके द्वादशं कीन मोरें, तंत्री आदिदे तार वज्जे टकोरें;
चत्रं पंच दोही जुकत्ती उचारें, सतं मुर्च्छना तीन बीद्या त्रिबारें,
षटं पंच रागं त्रिया राग षट्टं, दुअं चत्र अट्ठं धुवा लाग दट्टं;
अदोसं दसं तार आलाप अट्ठं, सधें गानके तान चोवीस सट्ठं,
अरोही सुरोही सुचाही असत्तं, सुगानं दशं अष्ट तालं समस्तं;
खरे न्रत्य खासे सभा खास खेलं, करे प्रेम वत्तं कुथा काम केलं. ॥१६

ટીકા-વસંત ઋતુ બેસવાથી કુંજનો સમૂહ પ્રફુલિત થઈ રહ્યો છે અને જ્યાંહાં નમેલી સુંદર મંજરીપર સુગંધ લેવા આવી બેઠેલા ભમરાઓ ગુંજારવથી ઝુલતા ફરે છે, અને જહાં મધુમાધવી (મોગરાની વેલ) લતા, ચંપો, અને આંબામોર ખીલી રહ્યાં છે, જહાં કેવડો ડોલરનાં ફૂલના ગુચ્છાઓ પવન સપાટાથી ઝૂલી જઝુમી રહ્યા છે, અને જહાં ચંદન ઉમરો, વેલિ, અને ગુલ્લહજારા ખીલી રહ્યા છે, તેમજ વળી ગલતુરા, જાઇ, જાસુદ, તજારો, કેસર, તાડ, તમાલ, લતા, નાગરવેલ, ચમેલી, ગુલ્લાસા, જુઇ, સીંમડો, દાડિમ, નારંગી, જંબીર, સ્થલ કમલ, બકુલ, નિર્મળી અને કેળવૃક્ષના સ્થંભો. આદિક, અને ફૂલ ફળો સહિત વૃક્ષો પૂર્ણ રીતે પ્રકાશી શોભી રહ્યાં છે, તેમાં વધારો કરવાને બાપૈયાની માદા, કોયલ, મોર વિગેરે અનેક પક્ષીઓ મધુરી વાણીથી બોલી આનંદ ઉપજાવે છે; અને જહાં ફુવારાનું પાણી ઉડી આશપાશનાં ઝાડોને પલાળી મુકે છે-તેથી વૃક્ષોનાં પાંદડાંમાંથી પાણી ઝરે છે તે અતિ શોભાને આપે છે, અને લતામંડપ તથા બગીચાની પાસેજ સરોવરના પાણીના મોજાં કાંઠે આવી અફળાય છે-ત્હાં નગરના લોકો પાણી ભરે છે; તેમજ ત્હાં શીત, મંદ અને સુગંધમય એવો ત્રણે ભાગે સરખો પવન વાય છે, અને જહાં બગલા, બતક, સારસ અને ચકવા પક્ષીઓનાં વૃન્દો શોભે છે, તથા ભમરાઓ કમળપર મધુ રસ પીવા લાગ્યા છે તેમજ વળી કેટલાક કુમુદ પુષ્પપર બેઠા છે; જહાં તમરાં અને દેડકા મદમસ્ત બની ઝણઝણાટ નાદ કરે છે, અને જહાં ઝાડની ડાળો મંજરીના ભારથી નમીને પાણીના કાંઠાને જુવે છે એટલે કાંઠાપર ઝઝુમી ડુબી રહી છે; અને

જહાં સભામંડપની અંદર નવા વિધવિધ પ્રકારના રંગથી ચિત્રેલા નવિન થાંભલાઓ ઓપે છે—આવી રમણિય જગોએ દેવ સમાજ એકઠી થએલી છે તે અતિશય શોભે છે; તે દેવ સભામાં સંગીત શાસ્ત્રના નિયમ પ્રમાણે ગાયનના ધુન મચી રહી છે તે એવી રીતે કે—ત્રણ ગ્રામ, અને લોક જે ચૌદ તેનું અર્ધ સાત, એટલે સાત સ્વરોથી ગાયન થઇ રહ્યું છે, તથા બારપ્રકારના ઓહોરાથી મૃદંગ વાગે છે; વીણા આદિ સતાર, સુંદરીના તાર ટકોરીથી મધુર લાગે છે, ચારને પાંચ (નવને બે) એટલે અગ્યાર યુક્તિઓથી સાત તેરી એકવીશ મુર્છનાનો ઉચ્ચાર કરે છે અને જહાં ત્રીશ રાગિણી અને છો રાગ તથા ચોસઠ કળા સહિત અને દશ પ્રકારના દોષ રહિત, આઠ પ્રકારના આલાપ સાથે, ચોરાશી પ્રકારના તાનથી સ્વરના આરોહ અવરોહથી ત્રાહીને અઢાર પ્રકારના તાળ સાથે સુંદર ગાયન કરે છે, તે રમણિય સમાજમાં ઘણા સારા સારા, ખાસ કામને માટે ભૃત્ય જે શિવગણો તે મર્યાદાથા ઉભા છે, ત્હાં સર્વે દેવગણો પ્રેમની વાતોમાં કામ ક્રીડાની ચર્ચા ચલાવી ચલાવી વિનોદ કરે છે. [૧૬]

दोहा.

और बाग शिवका सभा, उमा औरही बाग;
एक एक हुतें सरस, नृत्य भेद रस राग. ॥ १७ ॥

ટીકા—એક બાગમાં શંકર અને સર્વે દેવોની સભા તથા બીજા બાગમાં મહામાયા શ્રી પાર્વતીજી અને દેવાંગનાઓની સભા વિરાજે છે, ત્હાં એક એકથી સરસ એવા સંગીત શાસ્ત્ર પ્રમાણે અનેક પ્રકારના નાચ, અને ગાયન ચાલે છે. (૧૭)

सोरठा.

आप आप रस रीत, बाग बाग प्रति देव चय;
नृत्य भेद संगीत, ठोर ठोर प्रति देखियत. ॥ १८ ॥

ટીકા—પોતપોતાની રસની રીત પ્રમાણે બાગ બાગ પ્રત્યે એકઠા થયા છે, ત્હાં અનેક પ્રકારના નાચ, અને સંગીત શાસ્ત્ર પ્રમાણે ગાયન ઠેકાણે ઠેકાણે દેખવામાં આવે છે. (૧૮)

अथ छंद मौक्तिक दाम.

जहां जहां धात धरा भृत शृंग, जहां तहां बोलत बृच्छ विहंग;

जहां तहां भूत पिशाचन झुंड, जहां तहां होम हुताशन कुंड;
जहां तहां छंद उचार प्रतीत, जहां तहां अप्सर गीत संगीत;
जहां तहां जूथ मिले त्रिदिवेश, जहां तहां मंत्र उचार महेश;
जहां तहां आपहि आप समान, जतां तहां सोहें सभा सुभ थान;
जहां तहां डोलत देव बिमान, जहां तहां गंध्रव साधत गान;
जहां तहां बाजत बीन म्रदंग, जहां तहां किन्नर चंग उपंग;
जहां तहां बांसुरि सिंगि पिनाक, जहां तहां डोरु बजैं डफ डाक;
जहां तहां कंबु सुझल्लर नद, जहां तहां नोबत पंचश सबद्द;
जहां तहां पूजन पंच प्रकार, जहां तहां षोडसही उपचार;
जहां तहां बृंद बधू विबुधेश, जहां तहां किन्नर जच्छ सुवेस;
जहां तहां आसुरि नागनि नग्य, सुपूजित त्रंबक अंबिक जग्य. ॥१९॥

ટીકા—કૈલાસ પર્વત ઉપર ઠેકાણે ઠેકાણે જહાં ત્હાં સોના રૂપાદિક ધાતુના શિખરો શોભે છે, ઠેકાણે ઠેકાણે વૃક્ષોપર પક્ષી બોલી રહ્યાં છે, જહાં ત્હાં ભૂત તથા પિશાચોનાં ટોળેટોળાં દેખાય છે, તથા ઠેકાણે ઠેકાણે હોમ હવન કરવાના કુંડોમાં અગ્નિ સળગી રહ્યો છે, ઠેકાણે ઠેકાણે વૃત્તધારી બ્રાહ્મણો વેદનો ઉચ્ચાર કરે છે, અને ઠેકાણે ઠેકાણે અપ્સરાઓ સંગીત શાસ્ત્ર પ્રમાણે ગીત ગાઈ રહીયો છે, ઠેકાણે ઠેકાણે દેવતાઓના સમૂહ એકઠા થયા છે, તથા જહાં ત્હાં શંકરના મંત્રનો ધ્વની થઇ રહ્યો છે, અને ઠેકાણે ઠેકાણે દેવની સાથે દેવ, નાગની સાથે નાગ, એમ સરખે સરખા મળી બેઠા છે, એ પ્રમાણે જગે જગે સભાઓ અને સુંદર સ્થળો શોભી રહ્યાં છે; વળી ઠેકાણે ઠેકાણે દેવ વિમાનો ડોલી રહ્યાં છે, જગે જગે ગંધર્વો સંગીતાદિ ગાયનની સાધના—ઉપાસના કરી રહ્યાછે, વળી ઠેકાણે ઠેકાણે વીણા અને મૃદંગ વાગી રહ્યાં છે, ઠેકાણે ઠેકાણે કિન્નરો ચંગ, અને ઉપંગ નામના વાદ્ય વગાડી રહ્યા છે, તેમજ જગે જગે વાંશળી, શૃંગી અને પિનાક નામનાં વાજાંના ઘોર નાદ થઈ રહ્યા છે, અને ઠેકાણે ઠેકાણે ડાક, ડમરૂ, તથા ડફ વાગે છે, ઠેકાણે ઠેકાણે શંખ, તથા ઝાલરના નાદ થાય છે અને ઠેકાણે ઠેકાણે નગારાં તથા પંચ વાજાના શબ્દ ગડગડી રહ્યા છે, ઠેકાણે ઠેકાણે પાંચ પ્રકારે કરી મહાપુજા થાય છે, વળી જહાં ત્હાં ષોડશોપચાર થઈ રહ્યા છે, વળી ઠેકાણે ઠેકાણે દેવાંગનાઓ તથા દેવોનો સમુહ શોભે છે, તથા જગેજગે કિન્નર અને સુંદર વેશવાળા યક્ષો શોભે છે, ઠેકાણે ઠેકાણે અસુરની સ્ત્રીઓ, નાગણીઓ, પર્વતની સ્ત્રીઓ વિગેરે મળીને શિવ પાર્વતીની ઉત્સવમાં પૂજા કરે છે. [૧૯]

दोहा.

डोर नटी क्रमचार* गति, सारु कीर मन रंज;

गान तान कुवलयहुपैं, करत किलालप गुंज. ॥ २० ॥

ટીકા—તે ઠેકાણે નટની સ્ત્રીની ગતિ જેમ દોર ઉપર છે તે પ્રમાણે અનુક્રમે ચાર જણા ગતિ કરે છે, તે એ કે:-મેના અને પોપટનું ધ્યાન સર્વેને રાજી કરવામાં છે, તથા ગાન કરનાર ગવૈયાનું ધ્યાન તાન એટલે સપ્ત સ્વરોના આલાપમાં છે, ભમરાઓનું ધ્યાન કમળપર ગુંજારવ કરવામાં છે. (૨૦)

"બીજો અર્થ"-અદ્ધર રાખેલા દોર ઉપર નટની સ્ત્રીઓ હેરતમાં નાખે એવા અજાયબ ખેલો કરી રહીયો છે, તથા ક્રમચાર એટલે મલ્લ ઘણાક દાવપેચ ખેલી કસરત અને કુસ્તી કરી રહ્યા છે, મેના પોપટાદિ પક્ષીઓ આ રળિયામણા સમયમાં પોતાના મધુર સ્વરથી સર્વના આંનંદમાં વધારો કરે છે, તથા ગવૈયાઓ તેઓના ઘણાજ મધુર કંઠથી ગાઇ અને સાથેના સાજના ટપાથી સર્વ સમાજમાં આનંદ આનંદ વર્ત્તવી રહ્યા છે, તથા ભમરાઓ કમળપર ચારે તરફ ગુંઉઉ કરી ગુંજારવ કરે છે. (૨૦)

धूम धाम दिशि दिशि लगी, मह निशि जाग्रन होत;

चहुं दिस लगी चिराक मनुं, अर्क कोटि उद्योत. ॥ २१ ॥

ટીકા—શિવરાત્રીનું સર્વે મળી જાગરણ કરે છે તેથી તમામ દિશાએ ધામધૂમ મચી રહી છે, અને ચારે દિશાઓ તરફ દીવા કરેલા છે તે જાણે કરોડયો સૂર્ય સાથે ઉગ્યા હોયનેશું ? એમ શોભે છે. (૨૧)

तबहि हर्षि गन गनबधु, हर हजूरमह लीन;

आज निशा हाजर रहन, निज मुख आयस दीन. ॥२२॥

ટીકા—તે વખતે શંકરે રાજી થઈને સર્વે ગણો અને તેમની સુંદરીઓને

* ક્રમચાર એટલે મલ્લ-તેનું પ્રમાણ.

दोहा.

भैसा मेढा भूपती, कुकड ने क्रमचार;

लाडियाथी पाछा लेट, तो नर पंचे नादार.

હજુરમાં બોલાવી કહ્યું કે આજની રાત સર્વે આંહી હાજર રહેજો એમ પોતે આજ્ઞા કરી. [૨૨]

अथ श्राप पतन प्रसंग–दोहा.

एक भृत्य हर महत हित, नाम विचित्रानंद,
उत आवन चूक्यो सुरत, उभें भई मति मंद. ॥ २३ ॥

ટીકા—જે નિરંતર શંકરનો હિતચિંતક અને તેમની કૃપાથી મ્હોટી પદ્વિને પામેલો એવો એક વિચિત્રાનંદ નામનો ગણ અને તેની સ્ત્રી બંને કામવશ હોવાથી મંદ બુદ્ધિનાં થઇ સભામાં આવવાને શ્રી શંકરે આપેલા હુકમની યાદ રહી નહીં-ભુલી ગયાં. [૨૩]

चित्रकला त्रिय हेत रति, मगन भयो मदपान;
बस विलास चूक्यो सुरत, हर हजूरकी जांन. ॥ २४ ॥

ટીકા—પોતાની અતિ વ્હાલી ચિત્રકળા નામની સ્ત્રીના પ્યારમાં લુબ્ધ બની મદ્યપાન કરી રતિ વિલાસમાં આનંદીત થયો અને એમ ભોગને વશ થવાથી શંકરની હજુરમાં હાજર થવાની સરત ભૂલી ગયો. [૨૪]

छपय.

उहीं वखतमहि उग्र, याद उनहीकौं कीनौं;
करि किंकर दिशि दृष्टि, नांउ विचित्रानंद लीनौं;
उनहींसें रिपुभाव, उतें विकटानंद ठाढे;
सुनत ईश उच्चार, मोद मनमैं अति बाढे;
अनुमान समय कीनी अरज, महाराज वह है नहीं;
तिय चित्रकला रतिसें रसिक, मगन महारस मेंनहीं. ॥ २५ ॥

ટીકા—તે સમયે તેના કમભાગ્યને લીધે શંકરે તેનેજ યાદ કર્યો, અને જે બાજુએ સેવક જનો હાજર હતા તે તરફ નજર કરીને વિચિત્રાનંદનું નામ લીધું; ત્હાં વિકટાનંદ નામનો ગણ પાસે હતો તેને વિચિત્રાનંદ સાથે વૈરભાવ હોવાથી શંકરનું વચન સાંભળી મનમાં ઘણોજ રાજી થયો અને બરાબર સમય છે, એમ અનુમાન કરી અરજ કરીકે હે મહારાજ? એ વિચિત્રાનંદ તો અહીં હાજર નથી પણ તે પોતાની સ્ત્રી ચિત્રકળાની પ્રીતિમાં રસ પામી કામરસ એટલે કામ ક્રીડામાં શંતુષ્ટ થયેલો છે. (૨૫)

दोहा.

बिकटानंदकी बांनि सुनि, कछुक छोह मन धार;
सुनत सभा सामीप जन, करचो ईश उच्चार. ॥ २६ ॥

ટીકા—એ પ્રમાણે વિકટાનંદનું બોલવું સાંભળીને કાંઈક મનમાં ક્રોધ આણીને સભા સમક્ષ સર્વે સાંભળે તેમ શંકર આ પ્રમાણે બોલ્યા. [૨૬]

उनकौं आजहिकी निशा, सुख संयोग सनेह;
प्रातहुतें वहु काल लगि, पैहैं ब्रहैं दुख देह. ॥ २७ ॥

ટીકા—એ બંને જણાંને આજનીજ રાત સુખ, સંયોગ અને સ્નેહમાં જશે; પરંતુ પ્રાત:કાળથી ઘણા કાળ સુધી તેઓ પોતાના દેહે વિરહ વેદનાને પામશે. (૨૭)

चौपाई.

सुनत एक शिवकी मुख बानि, सभा सकल करुना मन आनि;
महादेव मनमैं मुरझाये, कहा प्रसंग बिकटानंद लाये;
बिकटानंद मोद मन बाढयो, सहज आपको कारज साध्यो;
एक एक प्रति उचरत बानी, जित तित उकति आपकी जानी;
उमा दासि पुष्पावति प्यारी, चित्रकलासैं अति हितकारी;
वह सुनि बात महा दुख पाई, चित्रकलाके निलय सिधाई;
जाय झरोखनके तट टेरी, एहो भटु अरज सुन मेरी;
चित्रकला बानी सुनि बोली, अंदर लई देहरी खोली. ॥ २८ ॥

ટીકા—આવી શંકરના મુખથી ભયંકર શ્રાપની વાણી સાંભળીને સર્વે સભાના અંતરમાં દયા ઉપજી અને મ્હોટા મ્હોટા દેવો મનમાં મુઝવાઈ કેહેવા લાગ્યા કે આ વખતે વિકટાનંદે કેવો પ્રસંગ આણ્યો છે? પરંતુ વિકટાનંદતો મનમાં અતિ હર્ષિત થયો હતો કેમકે તેણે લેહેજામાં પોતાનું ધારેલું કામ સીદ્ધ કર્યું હતું; આસંબંધી ચર્ચા ચલાવી એક બીજાને કહેવા લાગ્યા, એ પ્રમાણે સર્વ ઠેકાણે શ્રાપની વાત જાહેર થઇ ગઇ. તે સમયે મહામાયા શ્રી પાર્વતીજીની ઘણીજ વ્હાલી પુષ્પાવતી નામે એક કિંકરી હતી તે ચિત્રકળાની સહિયર થતી હોવાથી આ વાત સાંભળી મહા દુ:ખ પામી ચિત્રકળાનાં ઘર તરફ ચાલી અને તેના ગોખ નીચે જઈ કહ્યું કે હે કામ ક્રિડા-

માં લુબ્ધાયલ સખી! મ્હારી અરજ સાંભળ અને જલદીથી દ્વાર ઉઘાડ. પ્રિય સખીનું વચન સાંભળી ચિત્રકળા એકદમ ઉઠી અને દરવાજાનું દ્વાર ઉઘાડી પુષ્પાવતીને અંદર લીધી. (૨૮)

सोरठा.

चित्रकला पति दोय, बिबश बारुनी रस बनें;
बूझन लागे सोय, कहांसु आये आप इत. ॥ २९ ॥

ટીકા—ચિત્રકળા અને તેનો પતિ વિચિત્રાનંદ એ બન્ને આ વખતે મદ્યપાનથી પરાધીન હતાં, તે પુષ્પાવતીને પૂછવા લાગ્યાં કે તમે આંહી ક્યાંથી અને કેમ આવ્યાં છો? (૨૯)

अथ छंद उद्धोर.

पुष्पावत्ती बोलन चाइ, एते बीच गल गहिराइ;
नैनां बार लागी धार, कीनी नीठही उच्चार;
दीनो ईश उच्छव याद, भाष्यो श्रापको संबाद;
लागी बांनि चेरी कान, भूमी परैं ज्यौं बिनु प्रान;
होय सचेत बूझ्यो फेर, बहु पछिताय तिनही बेर. ॥ ३० ॥

ટીકા—પુષ્પાવતી બોલવા ઈચ્છે છે એટલામાં તો ગદ્ગદ્ કંઠરૂપે દયાર્દ્ર થઈ ગઈ તથા બંને નેત્રની અંદરથી શ્રાવણ માસના વરસાદની પેઠે ચોધાર આંસુની ધાર નીકળવા લાગી, અને ઘણીજ મંદ વાણીથી બોલી તથા શિવના ઉત્સવની યાદ દેવડાવી તેમજ શ્રાપ થયાની સર્વે હકીકત કહી સંભળાવી. પુષ્પાવતીની વાણી કાનને અથડાતાંજ સ્ત્રી પુરૂષ બંને જણાં મૂર્છિત થઇ જાણે પ્રાણ વિનાનાં મડદાંજ ન હોય? તેમ જમીન ઉપર ઢળી પડ્યાં અને ઘણીવારે સચેત થઈ ફરીને પુછવા લાગ્યાં તથા અંતરને વિશે ઘણાં વિમાસવા લાગ્યાં. (૩૦)

दोहा.

सुर दंपति यौं उच्चरत, सुव पुष्पावतति सोय;
श्रीशंकरको श्राप हुव, क्यौंसु निवारन होय. ॥ ३१ ॥

ટીકા—પછી તે ચતુર દંપતિ એમ બોલ્યાં કે હે પુષ્પાવતી? અમે જે કહિયે તે સાંભળો; કે શ્રી શંકર પરમાત્માનો શ્રાપ થયો તેનું કઇ રીતે હવે નિવારણ કરી શકાય? [૩૧]

दोहा.

तब पुष्पावति यौं कहत, औरन लखू उपाय;
मिटैं श्रापकों ताप सब, उमा अराधो जाय ॥ ३२ ॥

ટીકા—ઉત્તરમાં પુષ્પાવતી એમ કહેવા લાગી કે, એનો બીજો કોઈ ઉપાય નથી પરંતુ ઉમયાજી પાસે જઈ તેમને આરાધી પ્રસન્ન કરો તોજ તમારા શ્રાપનો સર્વ શંતાપ મટે—એ સિવાય બીજો એકે ઉપાય નથી. (૩૨)

गये तहां गन गन बधू, जहां कपर्दी नारि;
पद वंदन करिकें प्रथम, अस्तुति करी उचारि. ॥ ३३ ॥

ટીકા—પછી જહાં શંકરતી સ્ત્રી ઉમયાજી સભા ભરી બેઠાં છે ત્યાં વિચિત્રાનંદ તથા તેની સ્ત્રી ચિત્રકળા બન્ને ગયાં, અને પ્રથમ ચરણાર્વિંદનું વંદન કરી ઘણીજ નમ્રપણે સ્તુતિ કરવા લાગ્યાં. (૩૩)

अथ उमास्तुति—सवैया.

सोइ बडो सबतें जगमैं नर, उग्र अद्रिष्ट उहि जग पाय;
बाक्य बिसारद नारदसो शुक, बारदके पति देखि सराय.
जो सुलतानि चहैं मनमें तो, सोई छनमैं सुलतान कहाय;
व्हैं भ्रतपें जगमातु कृपा जुतं, तेरि कटाच्छ हुमायुकी छांय. ॥३४॥

ટીકા—હે જગત્ માતા ઉમયાજી! આ જગત્‌ને વિશે એજ સર્વથી શ્રેષ્ટ છે કે જે ભક્તના ઉપર તમારાં કૃપાયુક્ત કટાક્ષ થાય છે તેજ મહા ભાગ્યશાળી ગણાય છે; અને વાકય રચનામાં પંડિત એવા નારદ, શુકદેવ, મેઘના પતિ ઈંદ્ર વિગેરે પણ તમારાં વખાણનું ગાન કરે છે, વળી તમારા સેવક જો મનમાં બાદશાહીને ઈચ્છે તો તે તેજ ક્ષણમાં બાદશાહી પામી બાદશાહ કહેરાવે છે; માટે હે જગદંબા! અમો દીન સેવકપર તમો કૃપાયુક્ત થાઓ. કારણ કે તમારી કૃપાના કટાક્ષ હુમાયુ પક્ષીની છાયા જેવાં મંગળ ફળ આપનારાં છે. [૩૪]

दोहा.

मात सुद्रष्टि प्रतापतें, मिटैं जु अघ दुख ओघ;
सुख संपति धृति संपजैं, आपें बचन अमोघ. ॥ ३५ ॥

ટીકા—હે માજી, તમારી કૃપાદ્રષ્ટિના પ્રતાપથી પાપ અને દુઃખના મહા મ્હોટા ઓઘ હોય તે પણ ટળે છે, તેમજ સુખ સમૃદ્ધિ અને ધીરજ સાંપડે છે, તથા સાચુ ફળદાયક વચન પોતાની મેળે પ્રાપ્ત થાય છે. (૩૫)

अमपें श्री महाराज हर, कही आपकी बान;
माता तुमपें होतहें, मुसकलही आसान. ॥ ३६ ॥

ટીકા—હે દેવી! અમારા ઉપર મહારાજ શ્રી શંકરે જે આપની વાણી કહી છે, તે હે માતુશ્રી! અટવી મુશ્કેલ તો છે પણ આપનાથી કાંઇક ઓછી થઇ શકશે. (૩૬)

उमाउक्ति-सोरठा.

तमसें भइ जु चूक, अचल चले नहिं हर वचन;
करिहौं अरज अचूक, मैं तुम कारन जायकें. ॥ ३७ ॥

ટીકા—પાર્વતીજી કહે છે કે-તમારાથી જે ભૂલ થઇ છે, અને તેથી જે શ્રાપ પામ્યા છો, તે શંકરનાં વચન અચળ છે-તે કોઇથી મિથ્યા થાય તેવાં નથી; તોપણ તમારે વાસ્તે હું ઇશ પાસે જઇ જરૂર અરજ કરીશ. (૩૭)

छप्पय.

सुनि गन दंपति करज, उमा करुना चित लाये;
सुख आसन आरोहि, जीहां हर तीहां सिधाये;
करी अरज कर जोर, आपकों एह न उचित;
भलो बुरो निज दास, कहो कितियक इनकी मत;
यह चूक दंड लायक तऊ, सुनहुं बिनय असरन सरन;
भव एक मनुज बिरहा भुगति, फिर प्रापति व्हैं तुम चरन.॥३८॥

ટીકા—શિવગણ ચિચિત્રાનંદ તથા તેની સ્ત્રીની શોકયુક્ત પ્રાર્થનાને અંતરને વિશે ધારી પાર્વતીજી પોતાના મનમાં અતિ દયા લાવી સુખાસને આરૂઢી જ્યાં શંકર સભા ભરી બેઠા હતા ત્હાં ગયાં, તથા દ્વયકર જોડી પ્રાર્થના કરીને કહ્યું કે હે મહારાજ! અહેજ ગુન્હાને માટે આ દંપતિના જોડાને આપે જે શ્રાપ દીધો તે આપને ઉચીત નથી, કેમકે એ ગમે તેવાં તોય પણ પોતાનાં દાસ છે, અને વળી કહો એમની બુદ્ધિ તે કેટલી? એમણે ચૂક કરી તેથી દંડને પાત્ર તો છે; તોપણ હે અશરણના શરણ! મારાં દિન અને નમ્ર વચનને સાંભળો. એક ભવ સુધી મનુષ્ય લોકમાં વિયોગનું દુઃખ ભોગવી ફ-

રીતે તમારા ચરણકમળને વિશે આવે એમ કૃપા કરી શ્રાપનું નિવારણ કરવું એ આપને યોગ્ય છે. [૩૮]

दोहा.

तुम फुरमायो काल बहु, सो अब करियें माफ;
याको सुच्छम कालमैं, होय निवारन श्राप. ॥ ३९ ॥

ટીકા—હે મહારાજ? આપે એને ઘણા કાળ પર્યંત વિયોગ દુઃખ ભોગવવાનું કહ્યું છે, તે હવે કૃપા કરીને માફ કરો. તથા એનો થોડા વખતમાં શ્રાપ નિવારણ થાય એ પ્રકારે આપ યોજના કરો. [૩૯]

अथ शिवोक्त-दोहा.

उमया करुनामय निरखि, हरष भयो तिहु नैंन;
आवैंगे तुम ल्यायेतें, यौं हर जंपे बैंन. ॥ ४० ॥

ટીકા—આવી રીતે ઉમયાજીને કરૂણામય દેખી ત્રણ નેત્રવાળા શંકરને અતિ હર્ષ ઉપજ્યો અને બોલ્યા કે—હે પાર્વતીજી! તમારા આણવાથી ઇચ્છા પ્રમાણે તેઓ અત્રે આવશે; એમ પ્રસન્ન થઇ શંકરે વચન કહ્યું. [૪૦]

चोपाई.

श्री उमया निज थानक आये, सकल कथा गनकौं समुझाये;
बीती निशा प्रात दरसाये, सकल सुरासुर धाम सिधाये;
गन गनप्रिय सुर देहसु छंडे, मनुजं लोक अवतारसु मंडे;
पुष्पावती प्रेम तस बंधी, मनुज देह उन संग निमंधी. ॥ ४१ ॥

ટીકા—એવી રીતે શ્રી શંકર પાસે પ્રાર્થના કરી, શ્રાપનું નિવારણ કરી શ્રી પાર્વતીજી પોતાને સ્થાનકે આવ્યાં તથા શિવ સભામાં બનેલી સર્વે વાત ગણને કહી સંભળાવી. ત્હાં રાત વીતી ગઇ અને સવાર થયું એટલે દેવ અને દાનવો સર્વે પોતપોતાને સ્થાનકે ગયા; અને શ્રાપ થયેલ ગણ તથા તેની સ્ત્રી બન્ને જણે દેવ શરીર છોડી મનુષ્ય લોકમાં અવતાર લીધો. તે વખતે પુષ્પાવતી પ્રિયસખીના પ્રેમમાં બંધાઇ હતી તેથી તેણે પણ તેની સાથે ભૂલોકમાં મનુષ્યદેહ ધારણ કર્યો. [૪૧]

पुष्पावती प्रेम दृढाव, यथासंख्यालंकार-सवैया.

भ्रंग पतंग कुरंग भुजंगम, कंज शिखा सुर पुंगिन लैहें;

मोर पपीह चकोर सुपंकज, घोर बृषा शशि सूर चहैहैं.
हारन मीन मराळ जुराफहि, काष्ठ जलं सर जोरि जुरैहैं;
देहकुं छेह दहैं इतनें परि, नेहकुं छेह प्रबीन न दैहैं. ॥ ४२ ॥

ટીકા—ભમરો, પતંગ, મૃગ અને સર્પ, તેઓ કમળ, દીવાની જ્યોત, રાગ અને મોરલી, એઓમાં મોહથી બંધન થાય છે, બંધન છતાં ફક્ત પ્રેમને લીધેજ તેમને ત્યાગ ન કરતાં તેમાં પ્રીતિથી જંપલાવે છે; મોર, બપૈયો, ચકોર અને કમળ એ- ઓ પણ મેઘનાદ અને વરસાદની વૃષ્ટિ, ચંદ્ર અને સૂર્ય એઓને ઘણીજ પ્રિત- થી ચ્હાય છે; વળી હારલ,* મચ્છ, હંસ અને જુરાફ‡ તેઓ કાષ્ટ, પાણી, સરોવર અને જોડી એઓ એક બીજા સાથે ઘણીજ પ્રીતથી જોડાઇ રહે છે ને વિયોગ થતાં ઝુરી ઝુરી મરે છે, માટે જુવો ચતુર અને રસીક જનો આ પ્રમાણે દેહનો ત્યાગ કરે છે ખરા પણ તે સ્નેહ—પ્રીતિનો છેહ કરતા નથી. (૪૨)

दोहा.

पशु पंछी सब प्रेम बस, तजत आपको प्रान;
धिक तिहि बिछुरे ना मरें, तजी देह यह जान. ॥ ४३ ॥

ટીકા—પશુ, પક્ષાદિ બધા પ્રેમને આધિન છે તથા તે પ્રેમ વાસ્તેજ પોતાનો વ્હાલામાં વ્હાલો પ્રાણ પણ તજે છે; પરંતુ તેને ધિઃકાર છે કે-જે- ઓ પરસ્પર એક બીજાને તેવા ગાઢ પ્રેમથી વિખૂટા થયા છતાં દેહને છોડી- મરતા નથી. (૪૩)

* હારલ પક્ષીનું બચ્ચું મોટું થઇ પોતાના માળામાંથી ઉડેછે ત્યારે માળામાંથી લા- કડાંનો એક કટકો પગમાં લેઈ ઉડેછે અને તે કટકાને પોતાની આખી જીંદગાની સુધી છો- ડતું નથી. કંઈ અકસ્માતથી કદી તે લાકડાનો કટકો ભરાઈ રહેછે તો તેથી તડફડીને મરે છે પણ લીધેલા લાકડાનો ત્યાગ કરતું નથી.

‡ જુરાફ પક્ષીનું જોડું એક બીજા સાથે જોડાયલુંજ હોયછે, નર માદાના એકેક પગ- સાથે મડાગાંઠ પડેલી હોયછે. તેઓ અડધો દિવસ પોતાનો ચારો શોધવામાં ગુજારેછે અને બાકીનો અડધો દિવસ કાષ્ટ એકઠાં કરવામાં ગુજારેછે. આ પ્રમાણે બાર વર્ષલગી લાકડાં એકઠાં કરેછે, છેવટે બારે વર્ષે તેમને કામની ઈચ્છા થાયછે તેથી એકઠાં કરેલાં લાકડાં ઉપર કામવિકારના જોરથી વિખૂટાં પડેછે અને વિર્યથી ખલીત થાયછે. પછી એક બીજાથી છુટાં થયેલાં બંને પક્ષી જૂદાઈને માટે ખેદથી ઝુરેછે અને છેવટ તેઓ મરવાની ઈચ્છા કરેછે, તેટલામાં ઈશ્વર કુદરતથી વિર્યના ચમતકારથી લાકડાંમાં એકદમ અગ્નિ પ્રકટેછે અને તેથી વિયોગ દુઃખમાં ઝુ- રતું જોડું તેમાં બળી ભસ્મ થઈ જાયછે. પછી એ થએલી રાખનો ઢગ ત્યાંજ જામી જાયછે અને બારે વર્ષે તેમાંથી (જુરાફ જોડું) બચ્ચાં નિકળેછે. ઈશ્વરી લિલા કંઈ અલોકિકજ છે! આવી દંત કથા ચાલે છે, અને જોડું પણ તેમાંજ જેવાય છે.

गाहा.

उच्छव हर कैलासं, दंपति मिलन सुरा सुर बृंदं;
गन शंकर मुख श्रापं, चत्र प्रबीन सागरो लहरं. ॥ ४४ ॥

ટીકા—શંકરનો કૈલાસમાં ઉત્સવ, તેમાં સુર અસુરં વિગેરે દેવતાઓનો સ્રિયો સહિત મેળો, વિચિત્રાનંદને થએલો શંકરના મુખથી શ્રાપ, એવી આ પ્રવીણસાગરની ચોથી લેહેર પૂરી થઇ. (૪૪)

इति श्री काठियावाड देशांतर्गत गोहिलवाड प्रांतस्थ सिहोर नगर-निवासी गीलाभाई तनय गोविंद विरचित प्रवीणसागर ग्रंथे सुबोधिनी नामक टीकायां चतुर्थ प्रकाशः ॥ ४ ॥

लेहेर ५ मी.

प्रेमाभिधान कथन*-छप्पय.

स्नेह राग अनुराग, रक्त आरक्त आप्रकत;
प्रीत लगन मन मिलन, प्रनय लयै साच कहत हित;
चितबंधन इक चित्त, निरंतर ध्यान बिनांतर;
सुखद अरु संतोष, प्रगट दोयं चाह परस्पर;
मेलाप मेल मन मान पुनि,‡ उभै एक अरुझन अहिट;
बंधान अनुसंधान इह, प्रेम नाम जानहु प्रगट. ॥ १ ॥

* આ છપ્પયની અંદર પ્રેમનાં અઠાવીશ નામ આપ્યાં છે પરંતુ તેમાં ખરાં તો આશરે દશ બારેક જણાય છે, બાકીનાં અયોગ્ય લાગે છે. પણ સંસ્કૃત તથા હિંદી ભાષામાં પ્રેમનાં ઘણાંક નામ છે, જેમાંનાં થોડાંક નીચે આપું છું:—

संस्कृत—अनुरक्ति, अनुरति, अनुरंजन, रति, हार्द, प्रियता, रमति, चेतोभू, रक्तता, विभाव, संराम.

हिंदी—प्यार, छोह, मरोह, लाग, मोह, माया, भाव, दुलाट, लाड, वेह, ઈ૰આદિ.

‡ ઈડરવાળી તથા હસ્તલિખિ પ્રતમાં (अनुभो अरु) પાઠ છે.

ટીકા—સ્નેહ, રાગ, અનુરાગ, રક્તિ, આરક્તિ, આશક્તિ, પ્રીતિ, લગન, મનમિલન, પ્રણય, લય, સાચ, હિત, ચિત્તબંધન, એકચિત્ત, નિરંતરધ્યાન, બિનઅંતર, સુખદ, સંતોષ, પરસ્પર ચાહના, મિલાપ, મેળ, મનમાન, બન્નેની ઐક્યતા, અરઝન, અહિટ, બંધાણ, અનુસંધાન, એ પ્રેમનાં પ્રસિદ્ધ નામ જાણવાં. (૧)

अथ अनुक्रम दोष निवारन–दोहा.

अलंकार संगीत रस, हाव भाव छंद होय;
याको अनुक्रम नां ग्रह्यो, समय कहेहें सोय. ॥ २ ॥

ટીકા—આ ગ્રંથમાં અલંકાર, સંગીત, રસ, હાવ, ભાવ અને છંદ એઓનો અનુક્રમ રાખ્યો નથી પરંતુ કથાના ક્રમે જહાં જે જોઇએ ત્હાં તેનું વર્ણન કરેલ છે. (૨)

कथाजु प्रेम प्रसंगकी, जथाजोग सब बात;
ज्यौं धर गिरि नद निर्झरन, सागर सबें समात. ॥ ३ ॥

ટીકા—પૃથ્વી, પર્વત, નદ અને નદીઓ એ સર્વે આખરે સમુદ્રમાં મળે છે તેમ આ ગ્રંથમાં પ્રેમ પ્રસંગની કથામાં જહાં જેવું જોઇએ ત્હાં તેવા પ્રસંગે અલંકાર, રસ, સંગીત વિગેરેનું વર્ણન છે. (૩)

अथ द्रष्टांतालंकार–सवैया.

रंग मिल्यो वह रूप भयो रहें, पैं सबहीमें कहावत पानी;
भारति भेद अनेक भये परि, अंक उचार अकारकि वानी;
मत्तहि मत्त लगैं मुनि सोधत, बोध सबें करतार कहानी;
भूपन भाव दशा रस भापत सागर, त्यौंहि सनेह समानी. ॥ ४ ॥

ટીકા—જેમ પાણીમાં વિવિધ પ્રકારના રંગનું મિશ્ર થવાથી પાણી પોતાનું અસલ રૂપ બદલી રંગ રૂપમય થાય છે છતાં સર્વે પાણીજ કહેવાય છે-કંઈ રંગ કહેવાતો નથી. પાણીના અનેક ભેદ થાય છે પરંતુ તે એકજ અકારના ઉચ્ચારથીજ સર્વે અક્ષરનું ઉચ્ચારણ થાય છે; જેમ ઘણા નોખા નોખા મત્તથી ઋષિ મુનિયો શોધન કરે છે, પણ તે સઘળા જૂદા જૂદા મત્તોમાં સૃષ્ટા સંબંધીજ બોધ હોય છે; તેમ અલંકાર, સ્થાયિ, સંચારી, સાત્વિકાદિક ભાવ, દશ દિશા, અને નવરસ એ સર્વે સાગર કહે છે કે એક સ્નેહમાંજ સમાય છે. [૪]

अथ चौद लोकाभिधान अधिष्टाता नाम बर्नन.

यथाक्रमालंकार-छंद मरहट्टा.

सब जगकी धरनी, वह कवि वरनी, हे शकती आधार;
तिनपैं बाराहं, सब इल साहं, बडरदंहे विस्तार;
उनही पर कच्छं, धरिय सुलच्छं, पीठहुके परमान;
उन ऊरध लग्गं, श्वेत पनग्गं, शेष सहस फन जान;
पहिले पातालं, वासुकि व्यालं, सुजकहि राजसुहात;
तिनपैं दूजो दल, कहत रसातल, राजें कवचनिवात;
तृतियें सु महातल, कद्रु सुतन कुल, काली अधिपति तास;
कहि तुर्य तलातल, बसत असुरकुल, मय दानव सुनिवास;
सुतलं सुभ भनियं, पंचम गनियं, नृपति जहां बलिराज;
वितुलं सुबिसेषं, षष्ठम लेखं, शिव हठकेश्वर साज;
अतलं सप्तम कहि, बलिदानव रहि, राज करत शुभ रूप;
अठमं भनि भूरं, मनुज्ज सपुरं, वैवस्वत मनु भुप;
नवमं भुवरं भनि, जहां शिवके गन, वरिभद्रं मनिभद्र;
दशमं सुर लोकं, सकल असोकं; सुर संजुत रहे इंद्र;
महरं अग्यारम, साजति संयम, राजत ऋषिय अनेक;
जनलोक सुबारम, जिह ब्रह्मचारम, साजत सकल बिबेक;
तप लोक त्रयोदश, बानपुरष बस, नर नारी धरि नेह;
सतलोक निवासी, बसत सन्यासी, लोक चतुर्दश एह;
तिनके पर धाता, जगत बिख्याता, सृष्टि उपावन हार;
तिन पर हर धामं, अति अभिरामं, सकल लोक संहार;
पुनि बिष्नू थानं, पद निरवानं, पोषन सृष्टि समानं;
तिनपर परि-ब्रह्मं, निगम अगम्मं, पावत कोइ सुजान. ॥ ८ ॥

ટીકા—આખા જગતૂને ધારણ કરનાર જે પ્રથ્વી તે એકમહાન શક્તિને આધારે રહી છે, એમ કવિયોએ વર્ણવી છે. અને તે શક્તિપર મોટા વિશાળ દાંતવાળા વારાહરૂપે ઈશ્વર પ્રથ્વીને ઝાહી રહ્યા છે, તે વારાહરૂપ ઉપર

કાચબો ધ્યાન° ધરીને પીઠ પસારી રહ્યો છે; કાચબા ઉપર શ્વેત વર્ણ-વાળો હજાર ફેણાને ધારણ કરનાર ફણીધર-શેષ નાગ છે, તે શેષ નાગ ઉપર-ના પહેલા પડને પાતાલ કહે છે અને તેમાં નાગ લોકની વસ્તી છે તથા ત્હાં વાસુકી નામે નાગ રાજ્ય કરે છે; તેપરના બીજા પડને રસાતલ કહે છે, તે ર-સાતલ નિવાત, કવચ, આદિ અનેક દૈત્યોથી વસેલું છે; તેપર આવતા ત્રીજા દળને મહાતલ કહે છે, તેમાં કદ્રુના પુત્ર અનેક ફેણવાળા સર્પ રહે છે અને ત્હાં કાલી નામે સપ તે સર્વેનો અધિપતિ છે; તેપર ચોથું પડ તલાતલ કરીને છે જેમાં અસુરનાં અનેક કુળ વસેલાં છે અને ત્હાં દૈત્ય દાનવનો ઈંદ્ર મય દાનવ રા-જ કરે છે; તેપર પાંચમું પડ સુતલ કરીને છે-જ્હાં વિરોચનનો પુત્ર બળિ રાજા રાજ કરે છે; તે ઉપર છઠ્ઠું વિતલ કરીને પડ છે તેમાં હાટકેશ્વર નામે શંકર રહે છે; તેપર સાતમું પડ અતલ કરીને છે-તેમાં બળિ દાનવ સારી રીતે રાજ્ય કરે છે; એ સાત પાતાલ ઉપર આઠમું ભુર લોક છે અને તે મનુ-ષ્યાદિ પ્રાણથી ભરેલું છે, ત્હાંનો વૈવસ્વંત મનુ નામે ભૂપ છે; તેના ઉપર ન-વમુ ભુવર લોક છે, જ્હાં વીરભદ્ર અને મણિભદ્ર આદિક શિવના ગણો વસે છે; તેના ઉપર દસમું સુરલોક છે-તે શોક રહિત છે, તેમાં સર્વે દેવતા સહિ-ત ઈંદ્ર રહે છે; તેના ઉપર અગ્યારમું મહર્લોક છે, તેમાં સંયમ એટલે મન વશ્ય કરનાર અનેક ઋષિયો રહે છે; તેના ઉપર બારમું જનલોક છે, તેમાં સર્વે વિવેકને જાણનાર અને બ્રહ્મચર્ય વૃત્ત પાળનારા વસે છે; તેના ઉપર ત-પ લોક છે-જ્હાં ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર વાનપ્રસ્થ સ્ત્રી પુરૂષો સ્નેહ ધ-રીને રહે છે; તેના ઉપર ચોદમું સત્ય લોક છે, તેમાં મહા ત્યાગી એવા સ-ન્યાસીઓ વસે છે; એ ચોદ લોકપર બ્રહ્મ લોક છે, તેમાં સૃષ્ટિને ઉત્પન્ન કરનાર પ્રખ્યાત એવા બ્રહ્મા રહે છે; તે ઉપર શિવલોક છે અને તે અતિ શોભાય-માન છે, ત્હાં સર્વને સંહાર કરનારા મહા રૂદ્ર શંકર રહે છે; એ પછી વિષ્ણુલોક છે, જ્હાં સૃષ્ટિના પોષણરૂપ ભગવાન વિષ્ણુનું ધામ છે; તેના ઉપર વેદથી પણ જાણી ન શકાય એવા ચિદાત્મા પરબ્રહ્મ વ્યાપી રહ્યા છે, એ બ્રહ્મને કોઇક મહાન પુરૂષોજ પામે છે. [૫]

दोहा.

चौद लोकको यह कह्यो, सुच्छम भेद बिचार;
भूर लोककी सकल अब, कहूं बात बिस्तार. ॥ ६ ॥

ટીકા—એ પ્રમાણે ચોદ લોકનાં ભેદનો ટુંકામાં વિચાર કહયો પણ હવે ભુર લોકની વાત સર્વે વિસ્તારીને કહું છું. [૬]

छप्पय:

प्रथी कोंटि पंचास, जगत जोजन सब जानहु;
मध्य मेरु मंडान, प्रगट तिहि कहूं प्रमानहु;
जोजन लच्छ सुजान, यहें दीरघ धर ऊपर;
वाके शृंग बिशेष, बसत गंध्रव सुर किन्नर;
बत्तीस सहस जोजन प्रथुल, सप्त धातु गिर राज शिर;
सोरह-हजार जोजन सकल, प्रथुल धरा परि एह पर. ॥ ७ ॥

ટીકા—પૃથ્વીનો પચાસ કરોડ યોજનનો વિસ્તાર છે એમ સર્વે જગતે જાણવું. તે મધ્યે મંડાણ મેરૂ પર્વતનું પ્રત્યક્ષ પ્રમાણ કહું છું; એ પૃથ્વીપરથી એક લાખ જોજન ઉંચો છે, તેનાં અનેક શિખરોપર ગંધર્વ, દેવ, અને કિન્નર વિગેરે રહે છે, અને તેની છેલ્લી પહોળાઇનો વિસ્તાર બત્રીશ હજાર જોજનનો છે, અને તેના શરીરમાંથી સોના રૂપાદિ સાતે ધાતુઓ નિકળે છે, તથા સોળ હજાર જોજનનો પૃથ્વી ઉપર તેના મૂળનો વિસ્તાર છે. (૭)

दोहा.

मध्य मेरु आवर्त्तहैं, इक इक द्वीप संमुद;
जिहि प्रमान अभिधानजुत, कह्यौ सु कहें कविंद्र ॥ ८ ॥

ટીકા—મધ્યે મેરૂપર્વત અને ફરતા ચારે તરફ એકેકો દ્વિપ તથા સમુદ્ર વિંટાયલા છે, જેઓનું નામ સાથેનું પ્રમાણ વિગેરે આગળના જે કવિયો કથી ગયા છે તે કહું છું. (૮)

छंद मनहंस.

लख एक जोजन जंबुद्वीप सुजानियें;
पुनि द्विगुन तापर क्षार सिंधु बखानियें;
पलवक्ष द्वीप सुद्विगुन, मान बिचारियें;
रसइक्षु सागर द्वीगुनं फिरं धारियें;
कुशद्वीप जोजन द्वीगुनं सुप्रमानसें;
दधि-बारुनी तिन द्विगुन, भाषत बांनसें;
कहि क्रौंच द्वीप सुताहि, द्वीगु लच्छहें;

घृत सिंधु तापर द्वीगुनं परतच्छहें;
गुन शाक द्वीप सुफेर, द्वीगुन जोजनं,
अकुपार दधि तापार, जोजन द्वीगुनं,
द्विगुनो सुतातें द्वीप, शालमली कहे,
पुनि द्विगुन तासें मान, क्षीर समंदहे,
पुनि द्विगुन तिनसें द्वीप, पुष्कर सो कह्यो,
शुध नीर सिंधु प्रमान, द्वीगुन हीं रह्यो,
तिन ऊपरें मरियाद, गिरि आवर्त्तहें,
फिर आदरस धर हेंम, आभा धर्त्तहें,
दिगपाल गज ता ऊपरे ठाढें रहें,
तिन पार कोउ नांलहें, आगें शून्यहें. ॥ ९ ॥

ટીકા—આ જંબુદ્વીપના વિસ્તારનું પ્રમાણ એક લાખ યોજન છે અને તેની ચોતરફ ફરતો બમણા વિસ્તારવાળો ક્ષાર સમુદ્ર (ખારો દરિયો) વિંટાઈ વળ્યો છે, ક્ષાર સમુદ્રથી બમણા વિસ્તારવાળો પ્લક્ષ દ્વિપ છે, પ્લક્ષદ્વિપને ફરતો તેનાથી બમણા માનવાળો ઇક્ષુરસ [શેરડીનો રસ]નો સમુદ્ર આવી રહ્યો છે, તે ઇક્ષુરસ સમુદ્રથી વળી બમણા યોજનનું પ્રમાણ કુશ દ્વિપનું જાણવું, કુશ દ્વિપથી બમણો એને ફરતો વારૂણી (દારૂનો) સમુદ્ર છે એમ પંડિતો કહે છે. એવી રીતે વારૂણી સમુદ્રથી બમણા લક્ષ યોજનના વિસ્તારવાળો ક્રૌંચ દ્વિપ છે, તે ક્રૌંચ દ્વિપથી બમણો ઘૃત (ઘીનો) સમુદ્ર પ્રસિદ્ધ છે, તે ઘૃત સમુદ્રથી બમણા યોજનના વિસ્તારવાળો શાક દ્વિપને ગણી લેવો; તે શાક દ્વિપથી બમણા યોજનવાળો દધિ (દહીંનો) સમુદ્ર છે, તેનાથી બમણો શાલ્મલી દ્વિપ છે, વળી તેનાથી બમણા માનવાળો ક્ષીર (દૂધ)નો સમુદ્ર છે અને તેનાથી બમણો તે પુષ્કર દ્વિપ છે, તે પુષ્કર દ્વિપથી બમણા પ્રમાણનો શુદ્ધ નીર સમુદ્ર (મીઠા જળનો) છે. તેની ફરતો લોકાલોક નામે પર્વત વિંટાઇ રહ્યો છે; તેની પેલી તરફ સોનાની શોભાને ધારણ કરનાર કાચ જેવી નિર્મળ પૃથ્વી છે; તે ઉપર પ્રથ્વીના છેડા થોભીને દિશાઓના દશ હાથી ઉભા છે, તેની પછી શૂન્ય છે. તેનો પાર કોઇ લઇ શકતું નથી. (૯)

अथ दिग् हस्तिनामानि-दोहा.

ऐरावत पुंडरीक पुनि, वामन कुमुद सु नीक;
अंजन पुष्पसुदंत कहि, सार्वभौम सुप्रतीक. ॥ १० ॥

ટીકા-ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક એ પ્રમાણે અષ્ટ દિગ્ગજોરૂપી આઠ હાથી પૃથ્વીના છેડા થોભીને ઉભા છે. (૧૦)

अथ दिग् हस्तिनी नामानि.

अभ्रमु कपिला पिंगला, अनूपमा सु प्रमान;
ताम्रकर्नि शुभ्रदंति कहि, वाम अंजना जान. ॥ ११ ॥

ટીકા--અષ્ટ દિગ્ગજોની આઠ સ્ત્રીયોનાં નામઃ-અભ્રમુ, કપિલા, પિંગલા, અનુપમા, તામ્રકર્ણિ, શુભ્રદંતિકા, વામના અને અંજના એ આઠ દિગ્પાળની આઠ સ્ત્રીઓ છે. (૧૧)

अंत द्वीपके खंड द्वै, इक इक पंच प्रमान;
आदि जंबु नव खंड इह, कहुं ताके अभिधान. ॥ १२ ॥

ટીકા—છેલ્લા કહેલા પુષ્કર નામના દ્વીપનાં બે ખંડ-ભાગ છે; બાકીના પાંચ દ્વીપોમાં પાંચપાંચ ખંડો છે. પ્રથમ જંબુ દ્વીપના નવ ખંડ છે તેઓનાં નામ કહુંછું. (૧૨)

मेराब्रत जंबू सुमीध, हे अठ कुल गिरि बास;
वाहींतें अंतर पर्यो, नव खंड भये प्रकाश. ॥ १३ ॥

ટીકા—મેરૂ પર્વતથી વિંટાયેલા જંબુ દ્વીપમાં મેરૂ પર્વત સિવાય બીજા અન્ય આઠ કુળના આઠ ગિરિ કહેતાં પહાડો છે. તે પહાડની આડસથી પૃથ્વીના નવવિભાગ થયા-તેને અનુક્રમે નવખંડ કહે છે. (૧૩)

जंबु द्वीपके नवखंड बर्नन—छप्पय.

मध्य इलाव्रत खंड, केतु मालह पूरवपर;
हिरनकुरु अरु रम्य, तीन एही दिश उत्तर;
भद्रखंड बारुनी, भरत किन्नर हरि दच्छन;
नवह खंड दिशि नाम, भेद यह कहत बिचच्छन;
तिन मध्य मुख्य जानेहु भरत, जहां सकल शुभहें जुगत;
धन धान्य मान सनमान जुत, भोग जोग अरु हरि भगत.॥१४॥

ટીકા—જંબુ દ્વીપની મધ્યે ઇલાવૃત્ત નામનો ખંડ છે, તેની પૂર્વ બાજુએ કેતુમાળ ખંડ છે, તેની ઉત્તર દિશાએ હિરણ્ય, કુરૂ અને રમ્ય એ ત્રણ ખંડો છે, તેની પશ્ચિમ તરફ ભદ્રાશ્વ નામે ખંડ છે; દક્ષિણે ભરત, કિન્નર અને

હરિ એ ત્રણ ખંડો છે એ રીતે નવે ખંડ, તેની દિશા અને નામ વિગેરે ભેદ ડાહ્યા પુરૂષો કહે છે. આ નવેમાં ભરતખંડ મુખ્ય છે, જેમાં સર્વ જગત્ કરતાં સર્વ પ્રકારની ચીજો વખાણવાલાયક છે. ધન, ધાન્ય, માન, સન્માન, ભોગ, યોગ અને શ્રી હરીના ભકતો રહે છે. (૧૪)

गाहा.

संज्ञा प्रेमसु संख्या, चतुर्दश लोकंनाम अधिपतियं;
द्वीप खंड परमानं, पंच प्रबीनसागरो लहरं. ॥ १५ ॥

ટીકા—પ્રેમના નામની સંખ્યા, ચૌદ લોકનાં નામ તથા તેના અધિપતિઓ, દ્વીપના નવખંડો તથા તેનું પ્રમાણ, ઇત્યાદિ જેમાં વર્ણન છે એવી આ પ્રવીણસાગરની પાંચમી લેહેર પૂરી થઇ. (૧૫)

इति श्री काठियावाड देशांतर्गत, गोहिलवाड प्रांतस्थ सिहोर नगर-निवासी गीलाभाइ तनय गोविंद विरचित प्रवीणसागर ग्रंथे सुबोधिनी नामक टीकायां पंचम प्रकाशः ॥ ५ ॥

लेहेर ६ ठी.

दोहा.

अब प्रवीन सागर कथा, धुरतें कहत बनाय;
देश नगर पितु तास कुल, सो सब देत सुनाय. ॥ १ ॥

ટીકા—હવે પ્રવીણ સાગરની કથા પ્રથમથી વિસ્તાર પૂર્વક રચીને કહું છું. દેશ, નગર, અને તેનું કુળ એ સઘળું સંભળાવી આપું છું. (૧)

अथ रससागरोद्भव स्थान कथन,

छंद चंचला.

चवशाष्टि संख्य देश, भर्त्तखंड मध्य पेख,
बानि लेप देखतं, सुराष्ट्र देशहें विशेष;
सिद्धि रिद्धिको सुधाम, हे तहां जु नेह नग्र;
मान दान जान लच्छ, सुख्खहें तिहां समग्र.
बारहें सहस्र गाम, साम नामतें अवीह;

कोश सातसें प्रमान, खग्ग बान आन कीह.
फोज एक लाखहें, हजार बीस पच फेर;
जोध जुध मंडिकें, उदंड शत्रु कीध जेर.
भोम काज आय आय, सेवहें अनेक भूप;
या बिधि प्रदीप भूप, चंद्र वंशमें अनूप.
एक सत्त मत्त सो, उपंत द्वारपें गयंद;
मेघ ज्यौं गजंतहें, सहस्र दुंदभी अमंद.
देश देश देशपात्त, शत्रु सो सदा डरंत;
राम राजसो उमंग, राज नीतसें करंत. ॥ २ ॥

ટીકા—ભરતખંડની અંદર ચોસઠ દેશ છે, દરેક દેશની ભાષા, પહેરવેશ, રૂઢી વિવેક અને સભ્યતા આદિ ગુણો તપાસતાં સૌરાષ્ટ્ર દેશ અન્ય દેશો કરતાં સર્વોપરી છે. વળી તે નિધી કહેતાં ખજાનાથી અને રિદ્ધી સમૃદ્ધિથી ભરપુર છે; ત્યાંના રાજા પ્રદીપની રાજધાનીનું નેહનગ્ર નામે મોટું પ્રખ્યાત શેહેર શોભે છે, જેની અંદર પુણ્યદાન, જ્ઞાન સંપાદન કરવાને વિવિધ પ્રકારની શાળાઓ, દ્રવ્યોપાર્જના માટે વ્યાપારની સારી સગવડ વિગેરે અનેક પ્રકારના સુખ છે. રાજસત્તા બાર હજાર ગામ ઉંપર ગાજે છે અને ત્હાંની રૈયત આ પરાક્રમી રાજાના તેજથી નીડર અને આનંદથી રહે છે. વળી તે પ્રતાપી રાજાએ પોતાની આણ રાજ્યની આસપાસ સાતસેં ગાઉ સુધી બાહુબળ તથા સમસેરપણાથી પ્રવર્તાવી છે. સૈન્ય–દળની સંખ્યા એક લાખ અને પચીસ હજારની છે, તથા શૂરવીર યોદ્ધાઓના શુરાતનથી મ્હોટી મ્હોટી લડાઇ અને સંગ્રામો કરી મદોન્મત શત્રુઓને સારી હઠાવ્યા છે, એટલુંજ નહિ પણ તેની ખીજમતમાં વાંટાના પડેલા વાંધાનો ન્યાય મેળવવા વાસ્તે દેશ પ્રદેશના અનેક રાજાઓ આવી પગરજ સેવે છે. એવા પ્રકારની ચતુર્વિધ સમૃદ્ધિ યુક્ત આ ગુણજ્ઞ ચંદ્રવંશ શિરોમણી પ્રદીપ રાજા પ્રખ્યાતપણું ભોગવે છે. જેના સભામંડપ પાસે મ્હોટા અને વિક્રાળ મદઝૈર એકસો હાથીની ગર્જનાથી આસપાસનું આખું મેદાન ગાજી રહ્યું છે. વળી દુંદભી વિગેરે હજારો વાજીંત્ર હમેશાં વાગ્યાં કરે છે, જેના નાદથી અનેક દેશના રાજા અને વેરીઓ નિત્ય ડરતા રહે છે. એ પ્રમાણે ભગવાન રામચંદ્રજીની પેઠે અખંડિત રાજનીતિથી રાજા પોતાનું રાજ્ય ચલાવે છે. [૨]

दोहा.

यह प्रदीप जगमें प्रसिध, इहि बिधि राज अखंड;

मंडे सुजस माहि मंडले, दंडे पिशुनउ दंड. ॥ ३ ॥

ટીકા—જગત્ વિખ્યાતપણાથી રાજા પ્રદીપ નિર્ભય અને અખંડિત રીતે રાજ્ય કરે છે, જેની ખ્યાતી ભૂમંડળને વિશે ફેલાઈ રહી છે તેમજ આ રાજા ખળ, ચાડિયા અને ઠગારાઓને શિક્ષા કરી દંડે છે. [૩]

सो मदीप नृप गृह उदित, कुल मंडन सुकुमार;
जोइ बिचित्रानंद भो, हर किंकर अवतार. ॥ ४ ॥

ટીકા—શ્રાપીત શિવગણ વિચિત્રાનંદ અવતાર લેઇને આ પ્રદીપ રાજાના કુળમાં દીવારૂપ કુંવરરૂપે ઉદય થયો. [૪]

छप्पय.

उदे होत नृप नंद, उदित आनंद सकल उर;
बजत दुंदुभी द्वार, सजत सिंगार ललन पुर;
गृह गृह मंगल चार, छंद बंदिन बिस्तारत;
पाय दान सनमान, शब्द जय जय उच्चारत;
दुज बेद भेद संगीत नृत, ठोर ठोर सोभत सभा;
ध्वज धाम धाम कंचन कलश, पुर पुरंद मानहुं मभा. ॥५॥

ટીકા—રાજાને ત્યાં કુંવરને જન્મ થવાથી સર્વના હૃદયમાં આનંદ વ્યાપી રહ્યો અને રાજદ્વારે તથા શહેરમાં નોબત અને દુંદભીના નાદ થઇ રહ્યા તેથી કરી પુરવાસી લલનાઓ કહેતાં સ્ત્રિઓ વિવિધ પ્રકારના શૃંગાર સજવા લાગીઓ તથા ઘેર ઘેર મંગળ ગીત ગવાવા લાગ્યાં, બંદીજનો તથા ભાટ ચારણો કવિતા કરી કીર્તિ ગાવાથી રાજાએ આપેલાં દાન અને આદરસત્કારથી જય જય શબ્દનો ઉચ્ચાર કરવા લાગ્યા. બ્રાહ્મણો વેદ ભણે છે, નાયકાઓ સંગીતના ભેદ પ્રમાણે નૃત્ય તથા ગાયન કરે છે, એમ ઠેકાણે ઠેકાણે સભાઓ શોભે છે. ઘેર ઘેર ધજા પતાકા સાથે સૂવર્ણના કલશ ઝળકી રહ્યા છે, આવી રીતના ઉત્સવથી શેહેર જાણે ઇંદ્રની રાજ્યધાની હોયનેશું? એમ શોભે છે. [૫]

दोहा.

वाही समय मदीप नृप, उर उमंग अति लाय;
कही गनक मनहंस माति, जातक ग्रहसु बनाय. ॥ ६ ॥

ટીકા—તે સમે રાજા પ્રદીપ ઉરને વિશે અતિ હર્ષ લાવી મનહંસ નામના જોશીને કુમારની જન્મકુંડળી બનાવી લાવવાની આજ્ઞા કરી. [૬]

सोरठा.

भूत भविष चित लाय, ग्रह निर्नय कीनो गनक;
सो नृप सनमुख आय, बैठें तब बूझत विभू. ॥ ७ ॥

ટીકા—ભૂત અને ભવિષ્યનો ચિત્તમાં વિચાર લાવીને જોશીએ ગ્રહનો નિર્ણય કર્યો પછી રાજા સન્મુખ આવી બેસતાં રાજા જોશીને પૂછે છે:—[૭]

अथ नृप वाक्य मनहंस गनक प्रति-चोपाई.

अहो गनक मनहंस प्रबीने, जन्मकुंडली तुम ग्रह कीने;
कछु प्रकाश करिकें बिस्तारो, जो बुझें सो अनुक्रम धारो;
राशि स्वामिं गृह कोन कहावो, उच्च नींच अभिधान जतावो;
मित्र शत्रु ग्रह भेदसु कैसें, क्रूर सौम्य कहो खेचर जैसें;
केंद्र त्रिकोन उपचय ए कोहें, भेद दृष्टि भाषो तुम जोहें;
द्वादश भाव कहा कहा देखें, जिन अदृष्ट जातक अवरेखें;
किहि थानक परे ग्रह कोहें, ताको सुफल बताओ जोहें;
भिन्न भिन्न एतो समुझावो, फुनि इनाम ले निलय सिधावो. ॥८॥

ટીકા—જ્યોતિષ-ગણિત શાસ્ત્રમાં પ્રવીણ એવા હે મનહંસ જોશી? તમે જે જન્મકુંડળી કરી આણી છે તેનો કેટલો એક વિસ્તારથી જે પુછીએ તેનો ખુલાસાથી અનુક્રમે ઉત્તર આપો. રાશીના સ્વામી કયાં કયા ગ્રહ છે? અને તેમાં ઉંચ નીચ કેવી રીતે છે તે જણાવો. પરસ્પર ગ્રહોમાં એક બીજા સાથે શત્રુ, મિત્રતાનો ભેદ તથા ક્રૂર અને સૌમ્ય હોય તે બતાવો; વળી તે કેંદ્ર, ત્રિકોણ અને ઉપચય, એ કેમ થાય છે? વળી દ્રષ્ટીનો જે ભેદ હોય તે સાથે બાર ભાવમાં શું શું દેખે છે? જેથી જાતક શાસ્ત્ર અદ્રષ્ટની પરિક્ષા કરે છે. કયે સ્થાનકે કયા ગ્રહો છે? અને તેનું જે ફળ હોય તે જૂદી જૂદી રીતે બતલાવ્યા પછી ઇનામ લઇ ઘેર પધારો. [૮]

अथ मनहंस गनक वाक्यं—दोहा.

तब पंडित यौं उच्चरिय, यह मत गनित समंद;
कहौं उक्ति संच्छेप करि, चित दे सुनो नरिंद. ॥ ९ ॥

ટીકા—ત્યારે પંડિત એમ બોલ્યા કે, આ ગણિત શાસ્ત્રનો મત અપાર છે-વિસ્તાર કરે પાર આવે તેમ નથી. માટે તે સંક્ષેપથી કહુંછું તે હે, નૃપ શિરોમણિ? ધ્યાન પૂર્વક સાંભળો. [૯]

अथ पंडितोक्त लग्नस्वामि भेद-छप्पय.

मेष भौम वृष शुक्र, मिथुन बुध कर्क चंद्र भनि;
सिंह रवी बुध कन्य, तुलाको स्वामि शुक्र गनि;
वृश्चिक कुज धन गुरू, मकर अरु कुंभ शनी कहि;
मीन स्वामि सुरगुरू, राशि स्वामी इह विधि लहि;
शुभ काज समय करियत समंध, ग्रहनाथक गति बल लहैं;
बुधजन विचार यह विधि सबैं, कवि जातक प्रश्न सुकहैं. ॥१०॥

ટીકા—મેષ રાષીનો સ્વામિ મંગળ, વૃષભનો શુક્ર, મિથુનનો સ્વામિ બુધ, કર્કનો ચંદ્ર, સિંહનો સૂર્ય, કન્યાનો બુધ, તુળનો સ્વામિ શુક્ર, વૃશ્ચિકનો મંગળ, ધનનો ગુરૂ, મકર તથા કુંભ રાશીનો સ્વામિ શની અને મીન રાશીનો સુરગુરૂ કહેતાં બૃહસ્પતિ. રાશીઓના અધિપતિનું યોગ્ય રીતે એ પ્રમાણે ગ્રહણ કરીને સારા કામ અને સંબંધ કરતી વખત ગ્રહનું સ્થાન તથા તેની ગતિ પ્રમાણે બળ ગૃહણ કરે છે, એવી રીતે વિદ્વાન જનોનો વિચાર જે જ્યોતિષ શાસ્ત્રમાનો છે તે સર્વ કવિરાજે જાતક પ્રશ્ન કરવાથી નૃપ પ્રત્યે કહ્યો.(૧૦)

अथ उच्च नीच भेद-छंद तोमर.

रवि मेष उंच्च सु जान, शशि वृष सु उंच्च पिछान;
धरनंद मकर सु उंच्च, बुध कन्य दीरघ सूच्च;
गुरु कर्क उंच्च कहंत, भृगु मीन उंच्च रहंत;
तुल मंद उंच्च बिचारि, तमराज मिथुन सुनारि;
ग्रह नीच कहें अब तेह, जंपे सु जोतिष जेह;
तुल तरनि नीच सुजोय, अलि नीच निशिकर होय;
करकें सुभौम असिद्ध, गत मति बुध निषिद्ध;
मकरें अमरगुरु मीच, भृगु नीच कन्या बीच;
गत नीच मेष सुमंद, धनको सुनीच निशिंद. ॥ ११ ॥

ટીકા—સૂર્ય મેષ રાશીનો ઉચ્ચ જાણવો, ચંદ્ર વૃષભનો, મંગળ મકરના, બુધ કન્યાના, ગુરૂ કર્ક રાશીના, શુક્ર મીનના, શનિ તુળાના, રાહુ મિથુન તથા કન્યા રાશીના હોય તો ઉચ્ચ જાણવા. હવે જ્યોતિષ શાસ્ત્ર તે ગ્રહો નીચના કહે છે તેનું વર્ણન કરૂંછું, સૂર્ય તૂળ રાશીના, ચંદ્ર વૃશ્ચિકના, મંગળ કર્કના, બુધ મીનના, ગુરૂ મકરના, શુક્ર કન્યાના, શનેશ્ચર મેષના અને રાહુ ધન રાશીના એ પ્રમાણે હોય તો નીચ જાણવા. [૧૧]

अथ ग्रह मित्र शत्रु भेद-दोहा.

शशि मंगल गुरु तीन ए, रविके जानहु मित्रु;
शुक्र शनैश्वर सूरके, सदा कहतहें शत्रु. ॥ १२ ॥

ટીકા—શશિ કહેતાં ચંદ્રમા, મંગળ, અને ગુરૂ એ ત્રણ સૂર્યના મિત્ર જાણવા, શુક્ર તથા શનિ એ સદા શત્રુ જાણવા. [૧૨]

दिनकर बुध द्वै चंद्रके, मित्र कहें सब कोय;
सब ग्रह और समानहें, कोउ शत्रु नाहि होय. ॥ १३ ॥

ટીકા—સૂર્ય તથા બુધ એ બે ગ્રહને સર્વે કોઈ ચંદ્રના મિત્ર કહે છે તથા બાકીના ગ્રહો તેને સમાન છે-મતલબ કે તેને કોઇ શત્રુ નથી. [૧૩]

सुरगुरु सूर सु सोम त्रय, कुजके मित्र कहाय;
वैरभाव बुध एकसें, कहे जानक कविराय. ॥ १४ ॥

ટીકા—સુરગુરૂ કહેતાં બૃહસ્પતિ, સૂર્ય તથા ચંદ્ર એ ત્રણ મંગળના મિત્ર કહેવાય છે, ફક્ત તેને બુધની સાથેજ વૈરભાવ છે, એ પ્રમાણે જાતક શાસ્ત્રીઓ કહે છે. (૧૪)

दिनकर भार्गव बुध सुहृद, शत्रुभाव शशि जान;
औरें समता भाव सब, यहें गंनक अनुमान. ॥ १५ ॥

ટીકા—સૂર્ય અને શુક્ર એ બે બુધના મિત્ર છે અને ચંદ્રની સાથે શત્રુભાવ છે, બાકીના બધા ગ્રહો સાથે સમાન ભાવ છે. એ પ્રમાણે જ્યોતિષ જાણનારાઓનું અનુમાન છે. (૧૫)

मंगल हंस हिमांशु त्रय, सखा शिखंडिज एह;
उशना बुध अरिहें उभैं, सदा हीन फल देह. ॥ १६ ॥

ટીકા—મંગળ, સૂર્ય, તથા ચંદ્ર એ ત્રણે બૃહસ્પતિના સખા કહેતાં મિત્ર છે, શુક્ર અને બુધ શત્રુ છે-તે સદા હીણા ફળને આપે છે. (૧૬)

शशिसुत शनि प्रिय शुक्रके, सरस भावकों देत;
देव निशाकरसें सदा, याकों रहत अहेत. ॥ १७ ॥

ટીકા—ચંદ્રમાનો પુત્ર બુધ અને શનિ એ શુક્રના મિત્ર છે તે સરસ ફળને આપનાર છે, સૂર્ય અને નિશાકર કહેતાં ચંદ્ર સાથે તેને સદા વૈર ભાવ છે. (૧૭)

असुर पुरोहित बुधहुसें, मंदसु वल्लभ भाव;
रवि शशि कुज रिपु तीनहें, कहे जातक कविराव. ॥१८॥

ટીકા—શુક્ર અને બુધ જોડે શનૈશ્ચર સખાભાવ ધરાવે છે, સૂર્ય, ચંદ્ર, અને મંગળ રિપુભાવ રાખે છે એમ જાતક શાસ્ત્રીઓ કહે છે. (૧૮)

अथ क्रूर सौम्य भेद–दोहा.

रवि मंगल शनि राहु यह, क्रुर कहावत चत्र;
शशि सुरगुरु बुध शुक्र ए, सौम्य सुजानहु मित्र. ॥ १९ ॥

ટીકા–સૂર્ય, મંગળ, શનિ અને રાહુ એટલા ક્રૂર ગ્રહો કેહેવાય છે, તેમજ ચંદ્ર, બૃહસ્પતિ, બુધ અને શુક્રને સૌમ્ય જાણવા. (૧૯)

अथ केंद्रादि स्थान भाव–सोरठा.

केंद्र भुवन यह जान, प्रथम बेद सप्तम सुदश;
सौम्य उच्च निज थान, सो सुखदा क्रूरा दुखद. ॥ २० ॥

ટીકા—પેહેલા, ચોથા, સાતમા અને દશમા એ ચારને કેંદ્ર ભુંવન જાણવાં. સૌમ્ય ગ્રહો પોતાના સ્થાનને વિશે ઉચ્ચના રહ્યા હોય તો તે સુખકર છે તેમજ ક્રૂર ગ્રહો ભુવનમાં હોય તો તે દુઃખદાયક નિવડે છે. (૨૦)

कहें त्रिकोन सुतास, नवम और पंचम उभें;
शुभ तहां सौम्य निवास, क्रूर अशुभ थानक इते. ॥ २१ ॥

ટીકા—નવમા અને પાંચમા સ્થાનને ત્રિકોણ ભુવન કહે છે, ત્હાં સૌમ્ય ગ્રહો હોય તો શુભ અને ક્રૂર ગ્રહો હોય તો અશુભ છે. [૨૧]

त्रय षट अरु अग्यार, यह उपचय अभिधान गृह;
क्रुर सु ग्रह उंच सार, सौम्य अशुभ थानक यहें. ॥ २२ ॥

ટીકા—ત્રીજા, છઠ્ઠા અને અગ્યારમા સ્થાનકને ઉપચય ભુવન કહે છે, તે ભુવનને વિશે ક્રૂર ગ્રહો ઉચ્ચના થઇને રહ્યા હોય તો શુભ અને સૌમ્ય ગ્રહો પણ જો ઉચ્ચના થઇને રહ્યા હોય તો અશુભ ફળ આપનાર છે.(૨૨)

अथ दृष्टि भेद छप्पय यथा.

तृतिय दशम द्वै भौन, शनी संपूरन देखहिं;
और सु खग इहि थान, पंच पिश्वा सब पेखहिं;
थिर नव पंचम ताय, लखे पूरन गुरु अंमर;
इहि थानक ग्रह अवर, चरन द्वय दृष्टि तास सर;
चत्र अरु अष्ट थानक इते, लोहितांग पूरन लखें;
इहि ठोर अवर ग्रह चर्न त्रय, देखत सो दैवी दखें. ॥२३॥

ટીકા—ત્રીજા અને દશમા એ બે ભુવનને શનિ બધી રીતે દેખે, અને બીજા બધા ગ્રહો તે સ્થાનને પાંચ વિશ્વાં જુવે, વળી નવમા તથા પાંચમાને ગુરૂ સંપૂર્ણ રીતે જુવે તથા બાકીના બીજા ગ્રહો તેને બે પાયા દેખે.છે, ચોથા અને આઠમા સ્થાનને મંગળ પૂર્ણ રીતે દેખે છે, બીજા અન્ય ગ્રહો તેને ત્રણ પાયા દેખે છે, એ પ્રમાણે કુશળ ભવિષ્ય જાણનારાઓ જણાવે છે. (૨૩)

अथ द्वादश भुवन परिक्षा-छंद सुभग.

प्रथमं सु यह थान, तनु प्रकृति परमान; सुख दुख अनुसंधान, बृम रूप पहिचान.
द्वितियं भुवन भेद, धन वृद्धि परिछेद; निज कुटुंब सुख दख, अभिप्राय यह जान.
त्रितियं सृकहि धाम, उन सहज अभिराम; पुनि पराक्रम ताम, किंकर सु प्रति काम.
चातुरे ग्रह मात्र, गृह ग्राम पदचात्र; कृषि.कर्म जन थत्र, अवलोकि आराम.
पंचमहि आगार, बुध्धि पुत्र बिस्तार; शुभ शास्त्र सुबिचार, बिधि मंत्र लखि मर्म.
गृह षष्टमें केत, रिपु रोग फल देत; मातुलह पख हेत, कहि क्रूरता कर्म.
सपतालये जात, बिनता गमन बात; वानिज्यगत आत, अवलोकबो एह.
यह अष्टमे बास, उन छिद्र परकास; *शस्त्रादि दुख तास, कह कष्टहें देह.
नोम निलय भाग, धर्म शील बैराग; तप.तीर्थ जप जाग, एतो करो लच्छ.
दशमें सदन एह, निज कर्म पितु देह; नृप द्वारको नेह, व्यापार पारिच्छ.
आसपद दश एक, इभ अश्व कितेक; सुखपाल सु विवेक, मनि अंबर निहार.
दशमं दश सु दोय, व्यय दंड बिधि जोय; कहे बंध कछु होय, निरबंध निरधार.२४

ટીકા—પ્રથમ ભુવનને તનુ ભુવન કહે છે, તેમાં સુખ દુઃખાદિ શરીરના રૂપ રંગ સાથે ગુણ પ્રકૃતિ, સાહસપણું ઉમ્મર, વિગેરે જણાય છે. બીજાનું ધન ભુવન એવું નામ છે, એ બીજા ભુવનને વિષે ધનલાભ તથા હાણ અને પોતાના કુટુંબ તરફનું શું શું સુખ દુઃખ મળશે તે જોવાય છે. ત્રીજાનું સહજ ભુવન એવું નામ છે, તેમાં પરાક્રમ, ચાકરાદિ સહોદરનું સુખ જોવાય છે. ચોથાને માતૃ ભુવન કહે છે, એ.ભુવનમાં ઘર, ગામ, ગરાસ અને ખેતીવાડી તથા ચતુષ્પદાદિ જણાય છે. પાંચમા ભુવનનું સંતાન ભુવન એવું નામ છે, તેમાં વિદ્યા, નિજ હુંશીઆરી, નમ્રપણું, વિવેક, પુત્રોત્પત્તિ તેમજ મંત્ર વિધિ જોવાય છે. છઠ્ઠાને રિપુ ભુવન કહે છે, તેમાં શત્રુ અને રોગની ઉત્પત્તિ, મોશાળ તરફની પ્રીતિ, દુષ્ટપણુ વિગેરે દેખાય છે. સાતમા ભુ-

* હસ્તલિખિ પ્રતમાં 'को नेह अंत तास' પાઠ છે.

વનને જાયા ભુવન કરી કહે છે, તેમાં સ્રીગમન, વેપારમાં લાભ તથા અલાભ, વિગેરે જણાય છે. આઠમા સ્થાનકને છિદ્ર ભુવન કહે છે, તેમાં શરીરપ્રત્યે શું શું સંકટ અને વેદના આવી પડશે તે, આયુષ્ય બળ, શસ્રાદિ ત્રાસ, ઘાત, છિદ્રાદિ બાબત જોવાય છે. નવમા ભુવનને ભાગ્ય ભુવન કહે છે, તેમાં જપ તપ, શીલ, વૈરાગ્ય, યજ્ઞ, તિર્થ વગેરે ધર્મ બાબત જણાય છે. દશમાને કર્મ ભુવન કહે છે, તેમાં રાજદ્વારથી માન-અપમાન, રાજાની પ્રીતિ, વેપારમાં લાભ, પિતા શ્રીનું સુખ એ વિગેરે દેખાય છે. અગ્યારમા સ્થાનકને લાભ ભુવન કહે છે, તેમાં હાથી, ઘોડા, સુખપાલ, મણિ-માણેકાદિ વસ્ર આભુષણની પ્રાપ્તિ જોવાય છે. બારમા સ્થાનકને વ્યય ભુવન કહે છે, અને તેમાં બધી પ્રકારની વ્યય-હાનિ જોવાય છે. [૨૪]

अथ ग्रहस्थान भेद-दोहा.

महाराज यह जानियें, सुत उतपति झष रास;
जो जो थानक ग्रह परे, कहो सु गनक प्रकाश. ॥ २५ ॥

ટીકા—હે, મહારાજાધિરાજ! આપના કુંવરની ઉત્પત્તિ (જનમ) મીન રાશીમાં થઇ છે. એટલે રાજાએ કહ્યું કે હે, ગનહંસ જોષિ! એ તો ખરૂં પણ જે જે ભુવનમાં ગ્રહો રહ્યા છે તે કયાં કેવા ફળ આપનાર છે તે પ્રકટ કરીને કહો. [૨૫]

छप्पय.

प्रथम शुक्र पहिचान, पंचमें चंद्र अंगिरस;
राहु षष्टमें रहत, सूर बुध नोंमहुके वस;
दशमें कुज निरधार, मंद एकादश आयें;
द्वादश केतु कहंत, गनक खेचर सुद्रढाये;
केंदर त्रिकोन उपचय किते, सौम्य क्रूर सु दृश ग्रहें;
स्वगृह नीच उच्च ग्रह सुहृद लखि, सो प्रकाश प्रापति कहें. ॥२६॥


ટીકા—પ્રથમા ભુવન વિષે શુક્ર; પાંચમા ભુવનમાં ચંદ્ર અને બૃહસ્પતિ છે, રાહુ છઠ્ઠે છે, સૂર્ય તથા બુધ નવમા ભુવને રહ્યા છે, દશમા ભુવનને વિષે મંગળ છે, શનિ અગ્યારમે આવ્યો છે તથા બારમે કેતુ છે, એ પ્રમાણે જોશીએ બારે ગ્રહોનો નિર્ણય કર્યો. કેંદ્ર, ત્રિકોણ, અને ઉપચય, એવા કેટલા ગ્રહો છે? તેમજ સૌમ્ય, ક્રૂર, અને શુભના આપનારા કેટલા છે?

નીચ ઉચ્ચ અને મિત્ર કયા છે તથા તે પ્રકટ રીતે કયા ફળને આપનારા છે. (૨૬)†

अथ फलभाव-छंद भुजंगप्रयात.

बसें आदि थानं भृगू त्ता प्रसंगं, रतीनाथ रूपं गती गौर अंगं;
महा बीर बाहू बली नाद रत्तं, उदारं सुशीलं प्रिया प्रेम मत्तं.
रहे पंचमे सोम ताके प्रमाने, सु मेधा सु बृत्ती सर्वे शास्त्र जाने;
नवीनं कृता भारती भेद तंत्रं, सदा इष्ट ऊपासनी बेद मंत्रं.
फुनी पंचमे ए प्रभावं सुजीवं, दशंचत्त बीद्या अभ्यासी सदीवं;
गुनालंकृतं दीन बंधू स दाता, सुखी सततं भोमि भुक्ता सु ख्याता.
पटं थान राहू परि येह रीतं, चढें शत्रु जीतं रु आपें अजीतं;
प्रतापं उदे प्राक्रमे होत सिद्धी, दिनांहीं दिनां राज रिद्धी सु बृद्धीं.

†उपरना छप्पय उपरथी उपजावेली कुमार श्री ७ रससागरस्य जन्मकुंडलिका.



रवी नौम भावें महा भाग्यकारी, वृतं तीरथं देव देवोपचारी;
अनूरागसें वृद्ध बैराग वंतं, बढे बोधके सोध तापं तपंतं.
शशीसूनु नोमें बसे एह गत्ती, सुग्याता उदे अद्रष्टं धर्म मत्ती;
परंब्रह्म सोधंत बोधं सु सतं, तपं तीरथं जोग वृत्ती चहंतं.
दशम्मे कुजं ता फलं ये प्रकृत्ती, शुभं राजजोगं वहें चक्रवृत्ती;
सुखं साजको भोग तासों कहावे, करे जास अभ्यास सोई उपावे.
स्थितं मंद एकादशे सो उपासी, उरं अंतरं भाव लावे उदासी;
उदासी बढंतें पराक्रंम धारे, पराक्रम्मकों छोरि बोधं बिचारे.
गयो द्वादशं केतु ताके सु जोगं, जुरावें कहू प्रेम तासें बियोगं;
मनं व्याकुलं कष्टकारी सुधारे, यहें नो ग्रहं भेद भिन्नं बिचारें. ॥૨७॥

ટીકા—હે ભૂપતે! આદિ ભુવનને વિષે શુક્ર બિરાજે છે, તેણે કરીને રાજકુમાર કામદેવના જેવો રૂપાળો, શરીરે ગૌર કાન્તિવાન, બાહુબળમાં એ-ક્કો અને પરાક્રમી તથા શૂરવીર, સંગીતનો શોખી, ઉદાર, અને સુશીલ તથા પ્રિયાના પ્રેમમાં મત્ત રહેશે. પાંચમા ભુવનને વિષે ચંદ્રમા છે, તેથી મહા બુદ્ધિવાળો, સારી નિષ્ટાવાળો, સર્વ શાસ્ત્ર જાણનાર અને નવિન કૃતિથી કા-વ્યને રચનાર તેમ સદા વેદોક્ત મંત્રદ્વારા ઇષ્ટની ઉપાસના કરવાવાળો થશે. પાંચમે સુરગુરૂ છે, તેનો પ્રભાવ એવો છે કે સદ્‌ગણરૂપી અલંકારવાન, કું-વર ચૌદ વિદ્યા ગુણજાણ, દીન પ્રત્યે બંધુ ભાવ રાખનાર, પરોપકારી, દાતાર સદા સુખવાન અને ખ્યાતિસાથે પૃથ્વીપતિ થશે. છઠ્ઠા સ્થાનકે રાહુ આવ્યો છે, તેથી લડાઇમાં શત્રુઓને જીતી પોતે અજીત રહેશે, પ્રતાપવાન પરાક્રમી થઇ દિવસે દિવસે રાજ્યભંડારમાં વૃદ્ધિ કરશે. નવમે સૂર્ય છે, તે ઘણોજ ઉત્કૃષ્ટ હોવાથી વૃત્ત, તીર્થ અને દેવાર્ચન કરનાર, શ્રદ્ધાથી વૈરાગ્યમાં મન લગાડનાર, ગુહ્ય જ્ઞાનનો ઉપદેશ મળવાથી તપને તપવાવાળો તપસ્વિ થશે. શશી કહેતાં ચંદ્રમાનો પુત્ર બુધ નવમે બિરાજે છે, તેણે કરીને જ્ઞાની, ભાગ્યવાન, ધર્મ પ્રતે પ્રીતિ રાખનાર. પરમાત્માનું શોધન કરવાથીસત્ય વ-સ્તુને ઓળખનાર થશે; તપ, તીર્થ, યોગવૃત્તિ ઉપર ચાહના રાખશે. દ-શમા ભુવને મંગળ છે તે રાજ્ય યોગને વિષે અતિ ઉત્તમ છે, અને તેથી ચક્રવૃત્તિ થઇ સર્વ સુખ પદાર્થનો ભોકતા થશે, તેમજ જે જે વિદ્યામાં મન લગા-ડશે તે તે વિદ્યાને સિદ્ધ કરશે. અગ્યારમે શનૈશ્ચર છે તેથી ઉપાસનાવાળો થશે, પણ પોતાના સુકોમળ અંતરને વિશે ઉદાસી ભાવ આણશે, ઉદાસીભા-વ છતાં પરાક્રમ કરશે, પરાક્રમને મુકી મહા જ્ઞાનના બોધને ચિત્તમાં લેશે.

બારમે ભુવને કેતુનો પ્રસંગ છે તેનો પ્રભાવ એવો છે કે તે કોઈનાથી વિયોગ કરાવા ઝુરાવશે, વિયોગની પિડાથી વ્યાકુળ થઇ કપ્ટને મનમાં ધરશે, એ પ્રકારે નવે ગ્રહોનાં ફળ છે. [૨૭]

दोहा.

यहैं अनूक्रम राज सुनि, जन्मकुंडली भेव;
दिये बसन मनि माल हय, विदा किये दुजदेव ॥ २८ ॥

ટીકા—એ રીતે એકપછી એક જન્મકુંડળીના ભેદ સાંભળી પ્રદીપ નૃપે તે બ્રહ્મદેવને ઘોડા વિગેરે મણિમાલાદિ આભુષણો, ઇત્યાદિ પોશાક નિવાજી વિદાય કર્યા. [૨૮]

गाहा.

"जन=पद" नग्र सुनामं, भूप प्रदीप अंयन उत्पत्ती;
सुच्छम गनक प्रकारं, षष्ठ प्रवीन सागरो लहरं. ॥ २९ ॥

ટીકા—દેશ તથા નગ્રનું નામ, રાજા પ્રદીપને ઘેર કુંવરની ઉત્પત્તિ અને કંઇક જ્યોતિષશાસ્ત્રના પ્રકારવાળી આ પ્રવીણસાગરની છઠ્ઠી લેહેર પૂરી થઇ. [૨૯]

इतिश्रीकाठियावाडदेशांतर्गतगोहिलवाडप्रांतस्थसिहोरसंस्थानवासि-गीलाभाइतनयगोविंदविरचितप्रवीणसागरग्रंथे सुबोधिनीनामकटीकायां षष्ठः प्रकाशः ॥ ६ ॥

लेहेर ७ मी.

अथ कला प्रबीनोत्पत्ति कथन—दोहा.

श्राप परें म्रत लोक मो, चित्रकला अवतार;
संज्ञा देश नरेश पुरं, कहौं सु कछु विस्तार. ॥ १ ॥

ટીકા—શ્રી શંકરના શ્રાપથી ચિત્રકળાનો પણ આ મૃત લોકમાં અવતાર થયો તેનું નામાભિધાન, દેશ, શહેર અને ત્યાંના મહિપતિનું થોડું વર્ણન હવે કહું છું. (૧)

छंद पद्धरी.

यत्र शष्टि भरत, जनपद प्रमान; उन संधि देश, लघु लघु सु आन.

दीपंत सरंस, गुज्जर सुदेश; बरनं सु बसें, चत्र बिविध बेश.
भुअ धान दान, सन्मान भोग; जग प्रसिध सुजस, जहां भक्ति जोग.
ऐसें समाज, गूज्जर अनूप, राजंत तहां, साहि पुहवि रूप.
मनछापुरी सु, तिहि देश मद्धि; सुख अचल भोम, रति रिद्धि सिद्धि.
राजान राज, राजंत तित्ति; नामं सु नीतपालं नृपत्ति.
सूरज्ज बंश, कुलमें सुरेश; नामंत शीश, अनिशह नरेश.
नव खंड सुजश, किय अरि नमाय; अनुसरहिं शरन पटत्रीस आय.
इक सहस कोस, गिरदी अमल्ल; उन सत्रसहस, पुरहें अदल्ल.
लख दोय बाज, पख्खर लगंत; पयदल असंख, आयस पुलंत.
सत दोय करी, मद मत्त सोय; सुखपाल और, रथ सहस दोय.
बिबि सहस द्वार, दुंदुभि बजंत; पचरंग निसान, दो सहस पंत.
पुनि ओर किते, बाजंत पुर; सोरह हजार, बानैंत सूर.
यह नीतपाल, इहि विधि प्रताप; अरि लीन जीते, अनजीत आप.
राजंत मनंछापुरीय राज, सोहंत नगर, सुरपुर समाज.
बनि सहर पास; चिहु ओर बाग; फल फूल झूल, रहे मनहु फाग.
तरु तरु सुभृंग, झंकार तथ्थ; सुर पिक अनेक, सहकार सथ्थ.
कइ ताल सरित, बापी सुकूप; पनिहार घाट, घट जातरूप.
परचंड मंड, जहां सुर प्रसाद; वह मिलन व्योम, मनु लगो बाद.
सुचि विप्र तहां, जुर करत सेव; भाषंत अमित, श्रुति बेद भेव.
ओपें प्रकार, गिर सम उतंग; भैंभीत शत्रु, निज पुर अभंग.
वह सो भ्रषन, तिन बुरज बान; पेखंत प्रशुन, छूटें सुमान.
जुजती सु सहर, चौसर बजार; चलिआत बनिज, जन दिसहि चार.
लख.कोटि अरब, धन होत लेख; ब्यापार भारभीर सु बिशेष.
निज राजमहेल, सोहत अनूप; रुचिसों जु रच्ये, बिधि धरनि रूप.
कलशं सुहेम, ता शशी केत; दुति देवराज, ग्रह प्रभा देत.
बिच राज महल. भामनि बिशेष; दुरि जातरूप, सुर ललन देख.
परसिद्ध जगत, मधि नीतपाल; बिलसंत राज, सुख अति बिसाल.॥२॥

ટીકા—આ ભરતખંડમાં મુખ્ય ચોરઠ દેશ છે અને તેની સરહદને લગતા બીજા ન્હાના ન્હાના ઘણા દેશો છે. તેમાં ગુજરાત દેશ ઘણો ફળદ્રુપ તથા દીપાયમાન છે. ત્હાં ઘણું કરીને વિવિધ જાતના લોકો વાસો કરી રહેલા છે. ધ્યાન (અનાજ) દાન, સન્માન, સારી રીતે થાય છે તેમજ સર્વે પ્રજા અનેક વૈભવ ભોગવે છે. એવી રીતે જેનો સુજશ જગતને વિશે વિખ્યાત છે, જહાં ભક્તિ સહિત પરબ્રહ્મનું રૂડે પ્રકારે આરાધન થાયછે,એ પ્રકારે ગુજર્જર દેશ અનુપમ અને સુખી છે. મનચ્છાપુરી નામનું મ્હોટું શહેર આખા જગતના તેજ રૂપ હોયનેશું? તેમ દેશના મધ્ય પ્રદેશમાં શોભાને આપે છે-ત્હાં જેનો કાળાન્તરે પણ નાશ નથી એવું અચળ સુખ, વિધ વિધ પ્રકારના ભોગ, વિલાસ, અને સ્મૃદ્ધિથી ભરપુર છે. ત્હાં સૂર્યવંશી અતિ શ્રેષ્ટ નૃપશિરોમણી નીતિપાળ રાજા રાજ્ય કરે છે. જહેને ઘણા રાજાઓ હમેશાં મસ્તક નમાવે છે, વળી જેણે નવે ખંડમાં શત્રુઓને પરાજય પમાડી પોતાની કીર્તિ ફેલાવી છે, છત્રીશ કુળના રાજવંશીઓ શરણે આવી હુકમને અનુસરે છે. એક હજાર કોસની ગીરદમાં તેનો અમલ છે, અઢ્ઢલ સત્તર હજાર ગામ સાથે તેની સત્તા હેઠળ સૈન્યદળમાં પાખરિયા બે લાખ ઘોડેસ્વાર છે અને અસંખ્ય પેદલ આજ્ઞાએ વર્ત્તે છે; બસે મદોન્મત્ત હાથીઓ-સુખપાલની સાથે બે હજાર રથ ઝુકી રહ્યા છે, બે હજાર દુંદભી રાજદ્વારે વાગે છે અને રંગ બેરંગી તેટલાંજ નિશાન હારબંધ ફરકે છે; એ સિવાય ઘણાં વાજીંત્રો શહેરમાં વાગી રહ્યાં છે, બાણથી યુક્ત સોળ હજાર યોદ્ધાઓ સૈન્યમાં શોભે છે, એવા પૃથ્વીપર મહા પ્રતાપી નીતિપાળ નરેંદ્ર અરિ કહેતાં શત્રુને જીતીને પોતે શૂરાતનથી અજીત કેહેવાયા છે. રાજાની મનચ્છાપુરી નગરી ઇંદ્રપુરીની પેઠે અતિ શોભે છે. શેહેરની પાસે ચોતરફ બાગ બની રહ્યા છે જહાં ફળ ફૂળ અને લતાઓ લચી રહ્યાં છે,-તે મનથી જાણે વસંત રૂતુ ખીલી રહી હોયને? એમ દેખાય છે. વૃક્ષે વૃક્ષે ભમરાઓ ગુંજારવના ઝણકાર કરે છે, આંબાપર બેઠેલી અનેક કોયલો મધુર સ્વરથી ટઉકા કરે છે, કંઇક તળાવ, નદીઓ, વાવ્ય અને પાણીથી ભરેલા કૂવાઓના પનઘટ ઉપર સ્ત્રીઓ ચકચકિત કનક કળશથી જતિ આવતી જણાય છે. ત્હાં ઉંચાં પરચંડ દેવાલયો ગગન સાથે વાત કરવાને અન્યોન્ય વાદ કરતાં હોય નેશું? તેમ મનથી જણાય છે. જહાં શુદ્ધ બ્રાહ્મણો દેવપુજા અનેક ભેદથી શ્રુતિ અને વેદોક્ત મંત્રદ્વારા હાથ જોડી સ્તુતિ કરી રહ્યા છે. પહાડ સરખો ઉંચો નગરને કોટ શોભે છે. એવા અભંગ નગ્રથી સત્રુઓ ભયભિત થઇ ડરે છે, બળવાનોને નાશ કરનાર અનેક તીણાં બાણો જેના બુરજો ઉપર આવી રહેલાં છે જેને દેખતાંજ. ચુગલોના પ્રાણ છૂટી જાય છે. યુકિત પ્રમાણે ચોપટની પેઠે તે નગ્રને ચોસરી બજાર છે, જહાં ચોતરફના વેપારીઓ આવી લાખો, કરોડો અને અ-


બજોની આપ લે કરે છે, બજારમાં વેપારની ધમાલ ચાલવાથી લોકોની ભારે ગીરદી મચી રહી છે, રાજમેહુલો અનુપમ ઓપી રહ્યા છે તે મેહુલમાં જાણે વિધિએ સ્વ-ઇચ્છાએ સકલ પૃથ્વીનું રૂપ આણી મૂક્યું ના હોય? વળી મેહુલના શિખરો ઉપર કેટલાક કનક કળશ ચળકે છે તે બીજુ દેવરાજ કહેતાં ઇંદ્રના ઘરની શોભા ના હોય? તેવી શોભાને આપે છે. વળી વચ્ચે વસનારી સ્ત્રીઓનું રૂપ જોઇને દેવાંગ્નાઓ લજ્જા પામી સંતાઇ જાય છે, આ પ્રમાણે જગતવિખ્યાત નીતિપાળ રાજા અનેક પ્રકારના અતિ સુખમાં રાજ્યભોગવેછે. (૨)

दोहा.‡

नीतपाल वह गृह सुता, चित्रकला भव लीन;
नीलकंठ पंडित सु तिहि, जन्मकुंडली कीन. ॥ ३ ॥

ટીકા—નિતિપાળ રાજાને ઘેર ચિત્રકળાએ કુંવરીનો જન્મ લીધો તેની નીલકંઠ પંડિતે જન્મકુંડળી કરી. (૩)

‡ ग्रहो उपरथी उपजावेली कलाप्रवीणराजकुमारीकायाः जन्मकुंडलिका.



सोरठा.

यह ग्रह भाव बनाय, नीलकंठ नृपपें गये;
नीतपाल द्रग लाय, बोलें ग्रह फल बरनियें. ॥ ४ ॥

ટીકા—એ રીતે ગ્રહ તથા તેના ભાવ બનાવી નીલકંઠ પંડિત મહારાજ શ્રી નીતિપાલ પાસે ગયા, તે વખતે કુંડળી જોઇ નૃપેંદ્ર નીતિપાલે કહ્યું કે હે પંડિત! તમે જે જન્મકુંડળી કરી આણી છે તેનાં ફળનું વર્ણન કરો. [૪]

ग्रह लग्न फळ भाव-छप्पय.

कर्क लगन तनु भुवन, तहां सुरगुरु अधिकारिय;
तुल चार्तुर शनि बसत, पटम धन केतु बिचारिय.
मकर सपत कुज शुक्र, मीन नवमें बुधं मानहु;
*मेष दशम गृह भानु, व्रषभ शशि ग्यारम थानहुं:
द्वादशें मिथुन राहू रहत, जिहिं जिहि जैसे फल दहें;
निश्चय निहारि जातक जुगति, करि उदार सो सो कहें. ॥५॥

ટીકા—કર્ક લગ્ન છે, અને તનુ કહેતાં શરીર ભુવનનો અધિકારી બૃહસ્પતિ છે. શની તૂળનો ચોથા ભુવનને વિશે પડેલો છે, અને છઠ્ઠા ભુવનને વિશે કેતુ ધનનો, સાતમે મંગળ અને શુક્ર મકરના છે, નવમા ભુવનને વિશે બુધ મીનનો થઇ રહ્યો છે, વળી દશમા ગ્રહને વિષે સૂર્ય મેશનો પડયો છે, વૃષભ રાશીનો ચંદ્ર અગ્યારમા ભુવને રહ્યો છે, બારમા સ્થાને રાહુ મિથુનનો રહ્યો છે, જે જે ગ્રહ જેવું જેવું ફળ આપે તે જાતક શાસ્ત્રની યુક્તિથી નિશ્ચય કરી ઉદારપણું નીલકંઠ પંડિત નૃપ પાસે બેશી કહે છે. (૫)

अथ नीलकंठोक्त ग्रह लग्न भाव फल-छप्पय.

प्रथम देवगुरु गते, चंद्र आनन ब्रन कंदन;
एन नेन शुक घ्रान, कुरक रद कोकिल कूंजन.
तन कोमल दल कमल, बेनि बिषधर कटि केहर;
अरु रंभा नख नीक, अरुन मद रसन अधुर कर.
करता सुकाव्य संगीत रस, सुबुधि शील सीतल प्रकृति;
रतिराज रीत्त कोबिद सुरस, गुरु सुभाव मन हंस गति. ॥६॥

* અસલ પ્રતિમાં 'उर वरख शशि आय, वसत एकादशी थानहु' પાઠ છે.

ટીકા—પ્રથમ ભુવન વિશે દેવગુરૂ કહેતાં બૃહસ્પતિ આવી રહ્યા છે તેથી તેનું મુખ ચંદ્રમાના મુખ જેવું, રંગ કુંદન જેવો, આંખો મૃગના જેવી, નમેલું પોપટની ચાંચ જેવું નાક, દાંત તો દાડમની કળીઓ જેવા અને કોકીલાના જેવો મધુર સ્વર, કમળ-દળ જેવું અંગ, મહા વિકરાળ વિષધર શેશનાગના જેવો કાળોભમ્મર ચોટલો અને કેશરીના જેવી તો જેની કમર છે, કદળી-સ્થંભ જેવી સાથળો, હીરા જેવા નખ અને પગનાં તળાં, જીભ, અધર કહેતાં હોઠ અને હાથ જેના લાલ છે, સિવાય સુંદર કાવ્યને રચવાવાળી, સંગીતમાં કુશળ, બુદ્ધિવાન, સીતળ પ્રકૃતિ સાથે સુશીળ, કામ ક્રીડામાં માહીતગાર, નવ રસના ભેદને જાણવાવાળી, સ્વભાવે ઉદાર અને ગતિ તો જેની હંસના જેવી; એ પ્રકારે મહારાજ આપની રાજકન્યા સુરત્ન થશે.(૬)

छंद त्रोटक.

चतुरं सुवसें, खग मंद जिहीं, अति उन्नत थान हरम्य तिहीं;
उन ग्राम धनें, वन बाग लता, सवसें अरुची, मन व्याकुलता;
षटमैं ग्रह केतु जिहीं रहतं; अति चातुरताइ उदार चितं;
तन व्याधि नव्यापत तास यथा; भय आतुर मानसि आधि विथा;
भृगु सप्तम थानक जास रहें, अति चातुरता पति तास कहें;
वह दंपतिको, मन एक सदा; सुख होय लखें, अलखें दुखदा;
सप्तं ग्रहमें, पुनि भोम रहे; मन कंत मिलें, तन नां मिलिहें;
बिरहा तन तापसु आतुरता; सुरतं न मिर्य, सुरता मरता;
नवमें शशि सूनु सु शीलवती; तप तीरथ सेवित पुन्य मती;
गुनवान सुमंत्र संगीत पढें; रति संमृति देवन सेव बढें;
दशमें रवि उच्च ग्रहे गतिहें; परताप बडो, दिनहीं प्रतिहें;
बिविधं वह राज सुनीत लहें; क्रम कीरति योग बिशेष कहें;
दश एकम जास शशी सुवसें; रतनांबर इम अनेक असें;
बुधि दीन दयाल कमी न धनं; सुचिता रुचि प्रेम प्रकास मनं;
वसि द्वादश राहु रह्यो जिनकों; अनुराग बिराग बढें तिनकों;
भयभीत सु चित्त नहीं थिरता; ग्रह ए फल जातक उच्चरता. ॥७॥

ટીકા—ચોથા સ્થાનને વિશે જેને શનિ પડયો હોય તે ઘણા મ્હોટા અને

રમણિય મહેલ, ગામ, ધન, બાગબગીચા આદિ અનેક સુખસાધન મળે ખરૂં પરંતુ તે બધા સાથે અરૂચી તથા મનથી વ્યગ્રપણું ઉપજે. છઠ્ઠા સ્થાને જેને કેતુ હોય તે ઘણો વિચિક્ષણ, ઉદાર મન, શરીર કોઇ દિવસ દુઃખી થાય નહીં પરંતુ મનમાં ભય, આતુરતા તથા ચિત્ત હમેશાં ખાલી ચરચર બળ્યા કરે. શુક્ર જેને સાતમે ભુવને રહ્યો હોય તો તે સ્ત્રીને ડાહ્યો અને ચતુર સ્વામિ મળે, વળી તે દંપતી-સ્ત્રી પુરૂષનું નિરંતર એક મન રહે તથા એક એકને દીઠે આનંદ માણે અને વિયોગમાં દુઃખને અનુભવે. વળી સાતમા ભુવનને વિશે જો મંગળ હોય તો મનને માન્યો સ્વામિ મળે, પણ એક બીજાના તનથી મેળાપ થાય નહિ-વિયોગ રહે, અને તે વિયોગ—વિરહ દુઃખના બળાપાથી અધીરાપણું-આતુરતા રહે, પોતાના શરીરની ખુબસુરતી ઉપર પણ અપ્રિયતા તેનો તિરસ્કાર કરે છે-પોતાના સુખનો બધો ભંડાર ખુટી ગયો હોય ને શું? એમ માને છે અને પોતાની બધી સુરતા-લેહ રતિ રાગમાંજ રમણ કરે છે. નવમા સ્થાનકે શશીસુત બુધ હોય તો તે સ્ત્રી શીલવાળી-પતિવૃતા, તપ, તીર્થ કરનારી, બુદ્ધિએ પુનેશ્વરી, ગુણવાન, સારી મતીવાળી અને સંગીત વિદ્યાને જાણનારી તથા દેવાર્ચન કરવામાં અધિક અધિક પ્રીતિ અંતઃકરણથી કરે; દશમા ભુવને સૂર્ય ઉચ્ચનો પડયો હોય તો તેથી તે મહા પ્રતાપવાન થાય અને તેથી તેની કીર્તિ દહાડે દહાડે અધિકાધિક વધે, અનેક પ્રકારની રાજ-ખટપટની રીતી-નીતિને જાણે, વળી તે ક્રમે કીર્તિવાન તથા યોગને જાણવાવાળી થાય; અગ્યારમા સ્થાનકને વિશે જેને ચંદ્ર રહ્યો હોય તો તે રત્નાદિથી જડીત અમ્મર-આભુષણો, હાથી તથા અનેક ઘોડા પામે સિવાય બુદ્ધિવાન, દીન જનો પ્રત્યે દાતાર, કશી કમિના નહિ એવા અખૂટ સ્મૃદ્ધિવાન-લક્ષ્મીવંતી થાય, સારાપણા ઉપર રૂચી અને મનમાં પ્રેમનો પ્રકાશ થાય; બારમે જેને રાહુ રહ્યો હોય તેને પ્રેમ અને વૈરાગ્ય વધે, હમેશાં ભયભીત ચિત્ત સાથે ધીરજ વગરની-અસ્થિર મનવાળી થાય. એવી રીતે જાતક શાસ્ત્ર ગ્રહોના ફળને કહે છે. (૭)

दोहा.

मित्र दृष्टिकों परखियें, उच्च नींच सम हेतं;
जाहीकौं जैसी लगन, सो तैसो फल देत. ॥ ८ ॥

ટીકા—"જોતિષપક્ષે":=મિત્ર દ્રષ્ટિ ઉચ્ચ, નીચ, સમ ઉપરથી જાણવું કે જેનું જેવું લગ્ન તે, તેવા ફળને આપે છે. [૮]

"મિત્રપક્ષે"=ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકારના મિત્ર થાય છે, તેથી પ્રસંગપડે જેવો જે મિત્ર હોય તેવું તે કામ કરે છે એટલા માટે

મિત્રની દ્રષ્ટિ જોઇને પારખુ કરિયે કે આ મિત્રની મ્હારાપર ઉત્તમ દ્રષ્ટિ એટલે પ્રીતિ છે, કે મધ્યમ પ્રીતિ છે, કે પછી અધમ પ્રીતિ છે, જેવી જેની પ્રીતિ હોય તેવું તે ફળ આપે અર્થાત્ પ્રસંગપડે જેવો સ્નેહ હોય તેવું તે કામ કરે. [૮]

अथ नीतपाल वाक्य-सोरठा.

नीलकंठ खग थान, कहे सुफल जाने सबें;
यह मंगल दुखदान, कहा करैं इश्वर अगम. ॥ ९ ॥

ટીકા—રાજા કહે છે કે નીલકંઠ પંડિત? તમે જે ગ્રહોના ફળને કહ્યાં તેથી વાકેફ થયા, પણ જે સાતમા ભુવનને વિશે મંગળ પડયો છે તે અતિ દુઃખદાયક જણાય છે; પરંતુ ઉપાય શો? ઇશ્વરની ગતિ અગમ્ય છે-તેની કોઇને ગમ પડતી નથી. (૯)

दोहा.

इतनी कहि कीने बिदा, दुजन दान बहु दीन;
नाम सुभग नृपनें दियो, कुवरी कलाप्रवीन. ॥ १० ॥

ટીકા—એટલું કહી બ્રાહ્મણને બહુ દાન આપી વિદાય કર્યા બાદ રાજાએ પોતાની મરજીથી કલાપ્રવીણ એવું કુંવરીનું નામ પાડયું, પણ જન્મ સમે ચંદ્ર વૃષભ રાશિનો છે, તે ઉપરથી પાડયું હોત તો બ, વ, ઊ, એ અક્ષર ઉપર નામ આવત. [૧૦]

अथ कुसुमावलि उत्पत्ति प्रसंग-दोहा.

ता पुरमें दुज रहतहें, चतुरानन अभिधान;
ग्रह हय गय फंदन अरथ, राजद्वार सनमान. ॥ ११ ॥

ટીકા—તે પુરમાં એક બ્રાહ્મણ રેછે જેનું નામ ચતુરાનન કરીને છે, તેને ઘેર ઘોડા, હાથી, રથ, ઇત્યાદિ ઘણો પૈસો છે વળી તેનું રાજદ્વારમાં પણ સારૂં સન્માન છે. (૧૧)

आगेंहीं उमया भ्रता, पुष्पावती सु नाम;
सों कुसुमावलि भइ सुता, वह चतुरानन धाम. ॥ १२ ॥

ટીકા—અગાઉ મહાકાળ ભગવાન શ્રી શંકરની અર્ધાંગના ઉમયાજીની કિંકરી પુષ્પાવતી નામે વર્ણવી ગયા છીએ તે આ ચતુર બ્રાહ્મણને ઘેર કુસુમાવળી નામની કન્યા થઇ અવતરી. (૧૨)

अथ कला प्रवीन बाल चरित्र वर्नन-छंद उद्धारे.

शिशुता बेंसमें परबीन, ललना सरस आभा लीन;
बासर रेन वाढत गात, मानहु जल बढें जलजात.
बानी बाल मुख तुतरंत, कोकिल कलभ कल उचरंत;
तनया मिलत जूथ नरेश, समता शील कूल बय वेश.
गावत बाग बीच सूजाय, खेलत ताल नूपूर लाय;
मानहू हंस शूक पिक सार, लागे एक बेर उचार:
कर तन लटंक जूथ कूमारि, मानहूं कनक कुंज बयारि;
फूलन गेंद्र मारत हेत, फरकी मीनकी गति लेत.
ऐसी रीत खेल अनंत, कीजंत जोइ न्नाहें चंत;
तब कछू समजी नृप जान्न, दीनो पढनको फूरमान.
लागे गूरु पढावन हेत, मूखसें बरंन निकसे लेत;
बृत विधि संम्रती अभिधान, काव्य सू नीति शास्त्र सूबान,
साहित जातकं संगीत, श्रूति पढि कोक जानी रीत ॥ १३ ॥

ટીકા—ન્હાની વયમાંજ પ્રવીણ વિલાસવતી થઇને મનોહર શોભા ધારણ કરવા લાગી, અને તેને જોતાં જાણે શાન્ત ચંદ્રિકાંમાં ન્હાતા હોય-અમૃત સરોવરમાં ડુબકી મારતાં ના હોય? શીતળ આનંદની વૃત્તિમાં ફરતાં ના હોય? એમ આનંદ આપે છે. સરોવરમાં ઉગેલું જળજાત કહેતાં કમળ તે સરોવરના પાણીમાં વધારો થવાથી વધે છે, તેમ કળાપ્રવીનું શરીર રાત દિવસ વધવા લાગ્યું; બાળપણાને લીધે મુખથી કાલુ કાલુ બોલે છે તે તો જાણે કોકીલાનું બાળ મધુર સ્વરથી બોલતું હોયનૈશુ? તેમ જણાય છે; પોતાના સરખા સ્વભાવવાળી, શીલવાન, કુળવાન, સરખે સરખી ઉમ્મર વિગેરે સુંદરતાછે એવી રાજકુમારીયોની ટોળીમાં મળી બાગ વચ્ચે જઇ આલાપથી ગાય છે તથા સાથે નેપુરના રણકારાને આણી ખેલે છે-તે જાણે હંસ, પોપટ, કોયલ વિગેરે પક્ષીઓનાં ટોળાં એકે વખતે પાસેના આમ્ર વૃક્ષ ઉપર કલેવલ-પણ તે ઘણાજ માધુર્યતા યુક્ત એકીજ વખતે સ્વરોચ્ચારણ કરતાં ના હોય? તેમ લાગે છે, વળી તે કુમારીઓ નીચી નમી કેડથી લળી લળી ગાતી વખતે સામસામી છટાથી લટકા કરે છે-તે તો જાણે વનમાંની લતાઓ વાયરાથી લચીજતી હોયને? તેમ જણાય છે; વળી વ્હાલથી એક બીજાને રમતાં પેરસ્પર ફુલના દડા મારે છે તેના બચાવને વાસ્તે ફરકીને જાણે પાણીમાંની માછલી સરી જતી હોયનૈશુ? તેવા પ્રકારે અનંત વિધિથી સરકી-છટકી જાય છે, આ પ્રકારે મનવા-

નિચ્છત અનેક પ્રકારની રમત ગમત કરે છે; પછી કંઇક મુદતે કુંવરીને યોગ્ય સમજી રાજા નીતિપાલે ભણવાની આજ્ઞા કરી, વિદ્યાગુરૂ ઘણા ઉમળકાથી ભણાવવા લાગ્યા, ગુરૂમુખથી નિકળતા શબ્દો ઝીલી લેતી હોય ને તેવી રીતે કુંવરી વૃતવ ધિ, ધર્મ શાસ્ત્ર, કાવ્ય, નીતિ, સાહિત્ય અને સંગીત શાસ્ત્ર, જ્યોતિષ વિદ્યા, વેદ-પુરાણ, કોકશાસ્ત્ર વિગેરે શીખી સકળવિદ્યા પારાંગત બની. (૧૩)

दोहा.

संग सहेली सब पढी, कुसुमावलि तिहि साथ;
कौंन प्रबीन प्रबनसी, काव्य करन समराथ. ॥ १४ ॥

ટીકા—કુંવરી કલાપ્રવીણની સાથે કુસુમાવળી સહિત સર્વ સાહેલીઓ ભણીયો ખરી પણ કાવ્ય રચવામાં કળાપ્રવીણની બરોબરી બીજી કઇ સમર્થ થઇ શકે? મતલબ કે-કોઇજ નહીં. [૧૪]

तब नृप दूज दच्छा दई, भई कूमरि बय संध ॥
नीतपाल निज मन मूदित, सोधन लगे समंध. ॥ १५ ॥

ટીકા—એ પ્રકારે કુંવરીને શિરોમણી થયેલી જોઇ વિદ્યાગુરૂ બ્રાહ્મણને દક્ષિણા આપી સંતોષ્યા. પછી નીતિપાલ રાજા કુંવરીને સંબંધ લાયક જોઇ મનમાં અતિ હર્ષ લાવી તેના સમોવડીઆ પતિની ખોળ કરવા માંડી. (૧૫)

गाहा.

मनछापूरी प्रसंगं, राजं सू नीतपाल रजधानी;
उद्भव कलाप्रवीने, सप्त प्रवीन सागरो लहरं. ॥ १६ ॥

ટીકા—મનછાપુરીના પ્રસંગવાળી, નીતિપાલ રાજા અને તેની રાજધાનીનું વર્ણન, કળાપ્રવીણનું જન્મચરિત્ર યુક્ત પ્રવીણસાગર ગ્રંથની સાતમી લહેર સંપૂર્ણ થઇ. (૧૬)

इतिश्रीकाठियावाडदेशांतर्गतगोहिलवाडप्रांतस्थसिहोरनगरनिवासिगीलाभाइतनयगोविंदविरचितप्रवीणसागरग्रंथे सुबोधिनीनामकटीकायां सप्तम प्रकाशः ॥ ७ ॥

लेहेर ८ मी.

अथ रससागर चरित्र बरनन-दोहा.

नृप प्रदीप आतमज तस, ग्रह्यो न गनक प्रमान;

सोधि सुभग दीनौ सुतिहि, रससागर अभिधान. ॥ १ ॥

ટીકા—મહારાજા પ્રદીપે પોતાના કુંવરનું નામ જોશીના કહેવાને પ્રમાણ ન ગણી સારૂં લાગે તેવું રસસાગર એવું નામ પાડ્યું. (૧)

बढत बेस दिन दिन बढें, रूप सुमति रति रंग;

चढत सु शशि सागर लहर, यों रससागर अंग. ॥ २ ॥

ટીકા—દિવસે દિવસે ચંદ્રમાની કળા અને તરંગ લેહેરો વધતી જાય છે તેમ રસસાગરની ઉમ્મર, રૂપ, સારી મતી, રતિરંગ આદિ વધવા લાગ્યાં.(૨)

सोरठा.

सप्त बरष हुअ संध, पंडित ढिग बेठे पढन;

जो गुरु कहत प्रबंध, सो सहसा सीखत सबें. ॥ ३ ॥

ટીકા—કુંવર સાત વર્ષના થયા એટલે પંડિતની પાસે બેશી ભણવા લાગ્યા. વિદ્યાગુરૂ જે જે પ્રબંધ કહે છે તે સઘળો સહજમાં શીખી લે છે.(૩)

छप्पय.

प्रथम बरन पहिचान, अंक मत्ता सु अनूक्रम;

पिंगल छंदं प्रमान, अमर व्याकर्न समृति ध्रम.

पंच काव्य षट शास्त्र, राजनीती सब जानी;

गनक भेद साहित्य, समुझ संगीत सुबानी.

पुनि कोक कला अनुमान पढि, भिन्न बेद भेद सुग्रहें;

महाराज रीझ मनहंस, दुज द्वादश पुर दच्छा दहें. ॥ ४ ॥

ટીકા—પ્રથમ અક્ષરોની જાતનું જ્ઞાન થયા પછી અનુક્રમે ગણિતાદિ અંકનો અભ્યાસ કર્યો, પિંગળના છંદોનાં પ્રમાણ, અમર ઇત્યાદિ કોશ, વ્યાકરણ, મનુસ્મૃતિ આદિક ધર્મ શાસ્ત્ર, રઘુવંશ, માઘ, કુમાર, કિરાત અને નૈષધ એ પંચ કાવ્ય, વેદાંત, ન્યાય, સાંખ્ય મિમાંસા, પાતાંજલ આદિ છ શાસ્ત્ર રાજનીતિની, સઘળી રીતો, જ્યોતિષભેદ, સાહિત્ય અને સંગીત શાસ્ત્ર પણ જાણી લીધું, વળી કોક શાસ્ત્રની કળાને જાણી, વેદના નોખા નોખા ભેદોનું જ્ઞાન મેળવ્યું, આવી રીતના કુંવરના અભ્યાસથી મનહંસ પંડિત ઉપર પ્રસન્ન થઈ પ્રદીપ રાજાએ તેમને બાર ગામ દક્ષણામાં આપ્યાં. [૪]

दोहा.

बांक बनैटी अरु पटा, धनुबिद्या सब साध;

बाज फिरावन राज बिधि, आखेटक आराध. ॥ ५ ॥

ટીકા—લેજમ, બલાંટી, પટ્ટા ખેલવા અને બાણ વિદ્યા વિગેરે કળાને સાધ્ય કરી લઇ ઘોડા ફેરવવાની રીત, રાજ્ય પ્રકરણી વિષય અને સીકારના ભેદોને જાણી લીધા. [૫]

सोरठा.

राज नीतकी रीत, रससागर जानें सबें;
सोय कहों करि प्रीत, सुच्छम भेद सु संग्रहें. ॥ ६ ॥

ટીકા—કુમાર રસસાગર સઘળી રાજનીતિ જાણે છે તે, સૂક્ષ્મ રીતે ઘણા સ્નેહથી કહી સંભળાવું છું. (૬)

अथ राजनीति बर्नन—छंद रोला.

राजनीतकी रीत, एह रससागर जानें;
करि मर्ज्जन नित प्रात, देव सेवा अनुमानें.
हय गय शाला देखि, अस्त्र विद्या आराधन;
आरोहे आरूढ, बाग बन नग्र निहारन.
कोट खंध कैबांन; शिलहखाना सु निहारें;
किंकर निज निज थान, सावधान सु संभारें.
प्रजा अरज पहिचान, तास तकसीर सुधारत;
जिहि जिहि जैसो दोष, दंड तैसो तिहि डारत.
साच बात संग्रहें, जूठ परतीत न आवें;
चुगल चोर हुन्नरी, समयके लिये निभावें.
निज अमीर उमराउ, पुरानें मान न खंडे;
दीन दुजन प्रतिपाल, गुनेगारी ग्रह दंडे.
पुनि प्रधान दीवान, मान दिन दिन सु बढावें;
सरजोर सु उथ्थपें, हुकुम हाजर सु दृढावें.
कविकी मति बत दान, सूर सनमान सदाहीं;
करे हुकुम हित काम, रीझ पावतहें वाहीं.
सेंन पुरानो अटल, नयो समया सर राखें;
बेध सु कारिय बेध, हेत हित कारिय दाखें.

कबहु होत पल कठिन, तबहुं हिम्मत नहिं छंडे;
आप बिकट आगमें, ईश बिसवास सु मंडे.
सेवक साधि सु धर्म, पटो दूनो सोइ पावें;
द्रोहि धर्म जो होत, ताहिको मूल मिटावें.
निज पैदास निहार, षटह भाग सु तिहि कीजें;
एक भरत भंडार, दान पुन एक सु दीजें.
तीन सेंन प्रति खरच, एककी एह द्रढाई;
राज क्राज पर गाह, बाज गज राज खवाई.
नित प्रति चातुर संग, मूढ सांमीप न आनें;
भूखन बसनँ सु धार, सभा रिचबो निज जानें.
राग रंग रीझबो, रीझ जैसी तैसो दत;
कामनि बिबिध बिलास, कोक चारित्रनकी गत.
आखेटक अभ्यास, कैफ करबो कोही दिन;
मित्र हेत अरि दहन, खटक बिसरे न कबी मन. ॥ ७ ॥

ટીકા—રાજનીતિની રીત એક રસસાગરજ જાણે છે અર્થાત્ એ વિષયમાં કુમાર સર્વ પ્રકારે અતિ કુશળ છે. દરરોજ પ્રભાતમાં વ્હેલા ઉઠી સુગંધીમય તેલ-ફુલેલ ચોળી ગંગોદકથી નાઇ શુદ્ધપણે વિધિથી દેવાર્ચન કરે છે. બાદ નાના પ્રકારના વસ્ત્રાલંકારને સજી પોતીકા અંગરક્ષકો સાથે ગજ તથા અશ્વશાળાને જોઈ અસ્ત્ર એટલે તીર વિગેરે દૂરથી ફેંકવાના હથિયારોની વિદ્યા સાધે છે-અર્થાત્ નિશાન પાડતાં શીખે છે, જે પછી રત્ન જડિત સુવર્ણ અને જવાહીરના સાજથી શણગારેલા પંચકલ્યાણી ઘોડા ઉપર સ્વાર થઇ બાગ-બગીચા અને વન-ઉપવને ફરી ત્યાંથી કિલ્લો, કોઠાર, ખાઇ, શસ્ત્ર શાળાનાં તમામ હથિયારો જોઇને કિંકર કહેતાં અનુચરો પહેરેગીરો પોતાના સ્થાને સાવધપણે નોકરી કરે છે કે નહીં? તે તપાસી પછી રાજસિંહાસને બિરાજી પ્રજાની અરજ સાંભળે છે, ગુન્હેગારોના દોષ સુધારે છે તથા તકસીર પ્રમાણે દંડ કરે છે. સત્ય વચનને ગ્રહણ કરે છે અને અસત્યનો વિશ્વાસ કરતા નથી. ચોર, ચાડિયા અને જુગારી લોકો સમય ઉપર કામ આવે માટે તેમને રાજ્યમાં નભાવે છે, પોતાના અમીર, ઉમરાંઓ, તથા જુના સજ્જનોનું માનભંગ ક્યારેય થવા દેતા નથી, ગરીબ બ્રાહ્મણોનું પાલન કરે છે; તથા ગુન્હેગારોને કેદ નાખે છે; વળી પ્રધાન, દીવાનાદિ નોકરોના

માનમાં વધારો કરી દિવસે દિવસે ઉંચી પાયરીએ ચઢાવે છે, શિરજોર માણસને ઉથાપી દૂર કરે છે તથા હુકમ પ્રમાણે વર્ત્તવાને સર્વને ઉત્તેજીત કરે છે. વળી કાવ્યને બનાવનાર કવિયોને તેમની યોગ્યતા પ્રમાણે બક્ષિસ આપે છે, શૂરવીરોનું હમેશાં સન્માન કરે છે; હુકુમ પ્રમાણે વર્તી સારૂં કામ કરનાર ભારે ઇનામને મેળવે છે. પુરાના લશ્કરને અટલ રાખી સમયે સમયે નવા માણુસોની તેમાં ભરતી કરી યુદ્ધકળાને શીખવે છે. વેશ્રીસુ વેધ અને મતલબ સાથેજ પ્રિત કરે છે, દૈવ ગતિયે કોઈ વખત કઠણ સમય આવી જતાં હિમ્મત હારી બેસતા નથી, મહા સંકટને વખતે ઇશ્વર ઉપર વિશ્વાસ રાખી ધૈર્યતાથી કામ લેછે, સેવ્યસેવક ધર્મ પ્રમાણે વર્ત્તનારા બમણો પગાર પામે છે પણ ધર્મદ્રોહી માણુસોને તો જડમૂળથી ઉખેડી નાખે છે, પોતાની પેદાસ તપાસી તેના છ ભાગ કરી એક ભાગ રાજભંડારમાં, એક ભાગ પુણ્યદાનમાં, ત્રણ ભાગ લશ્કર પાછળ ખરચી બાકીના એક ભાગમાં ઘોડા હાથીનું જીવન-ખવાક વિગેરે તમામ રાજ્ય ખર્ચ કરે છે. હમેશાં ચતુર જનોથી સંગ કરે છે અને મૂઢને તો સામો પણ આવવા દેતા નથી; નિત્ય પ્રત્યે નવા નવા વસ્રાલંકાર ધારણ કરે છે, તથા રાજસભા રચવામાં પોતે હાજર રહે છે, રાગ રંગથી રંજીત થઇ યોગ્યતા પ્રમાણે તેમને બક્ષિસ નિવાજે છે. કામનીઓના વિધ વિધ વિલાસને તથા કોકના ભેદને સારી પેઠે જાણે છે. સીકાર ખેલવાના કામમાં ઉત્તમ રીતે જેને અનુભવ છે, કેફને નિંદ્ય જાણી કોઇ દિવસે તે કરે છે. મિત્રનું ભલુ ચાહી શત્રુને બાળવા એ મનમાંથી કયારેય ખસેડતા નથી. (૭)

दोहा.

भेद यहे जानें सबें, रससागर सुकुमार;
नृप प्रदीप पारि हैं सदा, राज कार्जको भार. ॥ ८ ॥

ટીકા—આ પ્રકારે સઘળા ભેદને રસસાગર કુમાર જાણે છે, રાજ્યતંત્રનો તમામ ભાર પ્રદીપ રાજાએ પોતા ઉપર રાખ્યો છે. [८]

यातें कुमर न काज कछु, मनवत सुख विलसंत;
कुल वय सम रजपूत कवि, आवृत रहत अनंत. ॥ ९ ॥

ટીકા—એથી કુંવરને કંઇજ કામ નથી અને તેથી ફક્ત મનવાન્છિત વિલાસને ભોગવે છે; કુંવર નિરંતર પોતાના સમોવડીઆ અનેક કુલીન રાજપુત્રો અને કાવ્યને રચવાવાળાથી વિંટાયલો રહે છે. [૯]

गाहा.

सागर मित हितकारी, भारतिनंद कवि रविजोतं;

बीरभद्र सत्रसालं, रतनप्रतापं कुमार उमरावं ॥ १० ॥

ટીકા—કુંવર સાગરના હિતકારી મિત્રોમાં ભારતીનંદ, રવિજયોત કવિ, વીરભદ્ર, સતસાળ, રત્નપ્રતાપ અને ઉમરાવ કુંવર છે. [૧૦]

छप्पय.

सतरंजादिक खेल, कवहुं गुन ग्रंथ बंचावें;
सुरापान कब मगन, कवहुं संगीत नचावें.
कबहुं भगल मल कबहुं, कबहुं नट देखत साधन;
देत रीझवत दान, बसन धन भूषन वाहन.
आखेट करत कबहू अरन, प्रति उद्यन उतरत मुदित;
रस रंग राग नित नित नये, दिन दिन विहरत यह जुगत. ॥११॥

ટીકા—સતરંજ, ચોપટ બાજી આદિ ખેલની કોઇ કોઇ વખત રમત રમે છે અને કોઇ વખત ગુણવાળા ગ્રંથો વંચાવી સાંભળે છે, કોઇક સમયે મદિરાપી ખુશ રહે છે અને કોઇ વખત સંગીત શાસ્ત્ર પ્રમાણે નાયકાઓને નચાવે છે, કોઇ વખત પાડાઓની કુસ્તી અને મલ્લયુદ્ધ તો કોઇ વખતે નટના ખેલ જોઇ પ્રસન્ન થઇ તેમને બેસવાને વાહન, દ્રવ્ય અને આભૂષણો બક્ષે છે. વળી કોઇ સમયે સીકારે જાય છે ત્યારે પોતાનાં ક્રીડાવનમાં ઉતરી ક્રીડા કરી આનંદ પામે છે. એવી રીતે હમેશાં નવા નવા રાગ રંગ અને ગમત રમતમાં પ્રતિદિન વિહાર કરે છે. [૧૧]

गाहा.

द्विज विद्या उपदेशं, राजनीत बरनन संछेपं;
रससागर सुचरित्रं, अष्ट प्रवीन सागरो लहरं. ॥ १२ ॥

ટીકા—બ્રાહ્મણની વિદ્યાનો ઉપદેશ, રાજનીતિનું સંક્ષિપ્ત વર્ણન તથા રાજકુમાર રસસાગરનું ચરીત્ર યુક્ત આ પ્રવીણસાગરની આઠમી લહેર પૂરી થઈ.(૧૨)

इतिश्रीकाठियावाड़देशांतर्गतगोहिलवाडप्रांतस्थसिहोरनगरनिवासिगीलाभाइतनयगोविंदविरचितप्रवीणसागरग्रंथे सुबोधिनीनामकटीकायां अष्टम प्रकाशः ॥ ८ ॥

लेहेर ९ मी.

अथ आखेटक प्रसंग-दोहा.

रससागर इहिं विधि रहत, अति आनंद बिलास;
भयो बेस द्वादश वरष, आयो चातुर मास. ॥ १ ॥

ટીકા—રસસાગર એ પ્રમાણે અતિ આનંદ સાથે વિલાસમાં રહે છે. વખત જતાં કુંવરની વય બાર વર્ષની થઇ તે સમયે ચોમાસાના દિવસ આવ્યા. [૧]

छप्पय.

रससागर इक समय, मिंत मिल सौध बिराजत;
मेघराग गुनि गात, गहर धुनि अंबर गाजत.
सरापान महिं मगन, याद आखेटक आयो;
पंच सहस असवार, प्रति कुमर हुकम कहायो.
सजि सिलह सुभट पख्खर तुरिय, बोले प्रध नोबत बजी;
पैंदल हजार पंचह लियें, दश सहस सैंना सजी. ॥ २ ॥

ટીકા—એક સમયે રસસાગર કુમાર મિત્રોની સાથે રાજ ભુવનમાં બીરાજ્યા છે, તે વખતે ત્હાં વારાંગનાઓ મેઘરાગ ગાય છે જેથી આકાશમાં ગેહેરા અવાજથી મેઘનાદ થાય છે. વળી મદિરાપાનથી મત્ત થયેલા છે તેવામાં સીકારની વાત યાદ આવી કે તરતજ પાંચ હજાર સ્વારોને તૈયાર રહેવા કુંવરે હુકમ કહાવ્યો, જે સાંભળી સુભટો આયુદ્ધ સજી સર્વે સાજ સજીત ઘોડા ઉપર સ્વાર થયા, ત્યારે ચોપદારો નકી પોકારવા લાગ્યા અને નગારાં વાગવા માંડયાં વળી પાંચ હજાર પગે ચાલતું પય-દળ-સિપાઇઓને પણ સાથે લીધા; એ પ્રમાણે દશ હજાર શૂરવીરોની સૈન્યા સજ થઇ. [૨]

दोहा.

दश गय पंच हजार हय, पैंदल पंच हजार;
रससागर महराजकों, चढयों सु सहज सिकार. ॥ ३ ॥

ટીકા—દશ હાથી, પાંચ હજાર ઘોડા, પાંચ હજાર પગથી ચાલનારૂં દળ એ પ્રમાણે મહારાજ રસસાગરનું લશ્કર સહજ સીકાર માટે ચડયું. [૩]

अथ छंद पद्धरी.

सागर कुमार साजित सिकार, लीनी सु फोज दश सहस लार;

नौबत सुनाद छूटे निसांन, दुर्ज्जन सु त्रास दिशहू दिशांन.
बाजंत तूर भेरीं बिशाल, कैवांन बांन केते कमाल;
सागोश स्वान चीते सुसंग, बेहरि सुबाज जुर्रा बिहंग.
लगरा सुझगर तूरमचि लीन, कूही सुबास कर बासकीन;
शकला सुपान मीरहु सिकार; दल मिलित आय दरबार द्वार.
महराज चढत लीनी सलाम, धुनि सुनि लखंत जन धाम धाम;
उच्चार मरध नीशान अग्र, निकसे सुमध्य दिन बहिर नग्र.
तिहि किय मुकाम सरितासु तीर, बनात मोंमपोसी सबीर;
द्वैसतह संग बानिज दुकान, परिपूर साथ सह खान पान. ॥ ४ ॥

ટીકા—કુમાર રસસાગર એવી રીતે દસ હજાર ફોજની લાર સહિત સીકાર સારૂ તૈયાર થયા ત્હાં નોબતના નાદ થવા લાગ્યા અને નીશાંન છૂટી રહ્યાં છે તેથી દિશાઓનાં ખળ માણસો ત્રાસ પામી રહ્યાં છે. તુરી અને સરણાઇઓના ઘોર નાદ થઇ રહ્યા છે, કેટલાક બાણ ફેંકવામાં પ્રવિણ શૂરવીરો પ્રથમથી સજ થઇ ઉભા છે. સાગોશ, કુતરા, ચિત્તા, બેહેરી, બાજ તથા જુર્રા ઇત્યાદિ પશુ પક્ષીઓ, વળી લગર, ઝગ તુરમચી, કુહી, બાસઆદિ પક્ષીઓનાં પાંજરાં કેટલાકના કરને વિશે ઝુકી રહેલાંછે, કંઇક ઉમરાવો હાથ ઉપર શકરા બેસાડી શીકારે આવે છે. એ પ્રમાણે ચતુરંગી દળ રાજ્ય દરબારે આવ્યું અને જ્હાં મહારાજ ચડ્યા કે તુરત સૈનાકોની સલામ થઇ. વાજીંત્રોની ધ્વની સાંભળી નગ્રવાસીઓ ઘેર ઘેર બારીએ-અટારીએ ચઢી મહારાજ શ્રીને નીરખે છે. ચોપદારોની નકીના પોકારો સહિત રંગ-બેરંગી વાવટાઓ મોખરે રખાવી કુમાર રસસાગર પોતે મંદમંદ ચાલથી મધ્યાહ્નકાળે નગરી બહાર નીકળી સરિતાની તટપર મુકામ કર્યો. બનાતી મોમપોશી તંબુ લગાવી દીવા, વળી સાથે બસેં વેપારી વાણિયાની દુકાનો હતી તેથી આખા લશ્કરને ખાવા પીવાની સઘળી વસ્તુઓ પૂર્ણપણે મળી આવતી હતી. [૪]

दोहा.

शुध पख मास अषाढ शुभ, तिथि सप्तमि बुधवार;
अमरजोग अभिजित नखत, सागर चढें सिकार. ॥ ५ ॥

ટીકા—શુભ અષાઢ માસની સુદિ પક્ષની સપ્તમીને બુધવારે અમૃત જોગ સાથે અભિજીત નક્ષત્રના શુભ મુહુર્તમાં રસસાગર કુંવર સીકારે ચડ્યા. (૫)

किय मुकाम सरिता सुतट, बिंच महराज सबीर;
घन बरसत सरसत तरल, मुख दरसत न मिहीर. ॥ ६ ॥

ટીકા—સરિતાની શુભ તટ ઉપર સર્વ સૈન્યની મધ્યોમધ્ય મહારાજનો તંબુ ખેંચા મુકામ કર્યો, તે સમયે વરસાદ વરસે છે, પવનના સુસવાટાની જોડ વિદ્યુતના ચમત્કારા થઈ રહ્યા છે અને વાદળાંની ઘાટી ઘટાથી સૂર્ય દેખાતો નનથી એવું અંધકાર હોવાને લીધે એક બીજાનાં મુખ પણ સૂઝતાં નથી. (૬)

अथ वर्षा वर्नन—छंद हारक.

घोर घटन जोर पटन मोर अटनवें रटें,
चातुक धुनि झिल्लव गन भेक सरनकें तटें;
गाज गहर बीज सहर सीत लहर मारुतं;
नील धरन शैल झरन बेल तरन आवृतं.
चाप मरन पंच बरंन "अंबर=मनि" छाहियं;
दंपति हित चाहत चित ब्रैति विपति लाहियं.
बूढ दरस बूंद बरस श्रात भर सु छल्लियं;
राज कुमर साथ सुघर तास अवसर चल्लियं. ॥ ७ ॥

ટીકા—મેઘાડમર છવાઇ ઘમઘોર બની મૂશળ ધારે વરસાદ વરસે છે-તેણે કરી પાસેના વનમાં મોર ટેંહુંકાર કરી રહ્યા છે; ચાતક, તમરાં વિગેરે પક્ષીઓની સરોવર તીરે ચારે તરફ ધુન મચી રહી છે તેમજ ડેડકાંનો સમૂહ ડેકુંડેકું કરે છે, વરસાદની ભારે ગાજવીજ જોડે વીજળી ચમકારા કરી દોડી રહી છે અને પવનની થંડી લેહેરો આવે છે, જમીન લીલોતરીથી છવાઈ ગઇ છે-તે જાણે કોઇ નવ જોબના સ્રીએ અંગે લીલી સાડી સજી હોયને? તેવા શોભાને આપે છે. પાણીના ઝરા ખળખળ વહે જાય છે, સુંદર વેલ્યો વૃક્ષો ઉપર ચારે તરફ વિંટાઇ રહીયો છે-તેથી જાણે લતા મંડપજ છવાઇ રહ્યો હોયને? પંચરંગી ખેંચેલું ઇન્દ્ર-ધનુષ જણાય છે,આકાશમાં છવાયલી વાદળાંની ઘટાને લીધે આકાશ-મણી સૂર્ય ઢંકાઇ ગયો છે,આવા રૂડા સમયને વિશે દંપતી-સંયોગી સ્રી પુરૂષો પ્રીતિથી એક બીજાને ચિત્તમાં ચાહે છે પણ વિયોગી જનો તો દુઃખનેજ અનુભવે છે; બુઢ નામના લાલ રંગના જંતુઓ દેખાય છે. વરસાદનાં બુંદ વરસવાથી નદીઓ ચારેકાંઠે પાણીથી ભરપુર બની છલકાતી પાણીની છોળો દેખાય છે, આવા સમયે રાજકુમાર રસસાગર ચતુર અને સુઘડ પુરૂષો સાથે સીકારે ચાલ્યા. [૭]

दोहा.

घन बरषत गत "जगत=चंख", छित छहियत तम ब्रंद;
नरपति निज मित मिल सकल, हितवत करत अनंद. ॥ ८ ॥

ટીકા—વરસાદ વરસે છે તેણે કરી જગત-ચક્ષુ જે સૂર્ય તે છવાઈ ગયાથી દેખાતો નથી અને ચોદિશ ઘોર અંધારૂં પથરાઇ ગયું છેઃ—આવા સમયે નૃપતિ પોતાના સબળા મિત્રો સાથે મળી મનવાન્છિત આનંદ ભોગવે છે. [૮]

निशिकर सुत बासर बितित, सुरगुरु तमी प्रतंत;
गत सुजाम परि गुन घरी, शिवा सु सुर उचरंत. ॥ ९ ॥

ટીકા—બુધવારનો દિવસ વહી ગયો અને ગુરૂવારની રાત થઈ તથા એક પહોર ઉપર ત્રણ ઘટિકા રાત્રી ગયા કેડે શીવા એટલે શિયાળની માદા શિયાળવી સારા સ્વરથી બોલવા લાગી. (૯)

सुर उत्तर ईशान बिच, फुनि दच्छन चित धार;
सो रससागर सुकवि प्रति, बूंजत सुकन्न बिचार. ॥ १० ॥

ટીકા—તે શબ્દ ઉત્તર અને ઇશાન દિશાની વચ્ચે થયો તેટલામાં વળી દક્ષિણ દિશામાં સાંભળ્યો, એ શબ્દો સાંભળીને મહારાજ રસસાગર પોતાના વિખ્યાત કવિયોને શુકન સંબંધી વિચાર પૂછે છે. (૧૦)

अथ कविप्रति रससागरोक्त-दोहा.

अहो सुकवि रविजोत तुम, जानत राज वसंत;
पशु पंछी आगम उकति, कहो सु यह बरतंत. ॥ ११ ॥

ટીકા—અહો રવિજ્યોત કવિ! તમે વસંત રાજાદિ શુકનના ભાવને જાણો છો વાસ્તે તે પશુ પક્ષાદિની ભવિષ્ય વાણીના ભેદની વાત કહો. [૧૧]

अष्ट दिशा पति पाहुने, अंत्र दिशा सु निकेत;
ज्वाला आदि अठ भेद कहि, कहा कहा फल देत. ॥ १२॥

ટીકા—આઠ દિશાના પતિ ઘર નિરંતર જે દિશામાં તથા જ્વાલા અંતરદિશા આદિ આઠ ભેદ જોડે શું શું ફળને આપે છે તે કહો. [૧૨]

रससागर प्रति कवि रविजोति उक्त शुकन भेद-दोहा.

करनहार किरतार सो, कहनहार कहि देत;
तुम बूझत ते ते कहौं, प्रश्न अनुक्रम लेत. ॥ १३ ॥

ટીકા—કવિયે કહ્યું કે આપે પુછેલા પ્રશ્નના અનુક્રમે ઉત્તર હું કહું છું; પરંતુ કરતા હરતા તો પરબ્રહ્મ પરમાત્મા છે. (૧૩)

अथ भेद दिशा स्वामि भाव-छप्पय.

पूरव रवि ऋषिवान, अगनि शशि क्षत्रिबंधु राहि;
दच्छन कुज नृप जान, बूध नैरुत बानिक काहि.

पच्छिम सुरगुरु बिप्र, वावि भार्गव आसुरपति;
मंद शबर उत्तरह, ईश ईशानकोंन थिति.
आदित्य निशादिन आप ग्रह, अनु दिन इक इक घर खसें;
शंकर अडोल औरें सबें, पुनि आदित निज ग्रह बसें. ॥ १४ ॥

ટીકા—પૂર્વ દિશાને વિશે ખેતીકાર ખેડુતનું ઘર છે વાસ્તે તે દિશાનો સ્વામિ તે [ખેડુ] કહેવાય, રવીવારને દિવસે તે ત્યાં રહે. અગ્નિકોણમાં ક્ષત્રીનું ઘર અને તે સોમવારે ત્હાં રહે. દક્ષિણ દિશાને વિશે રાજાનું ઘર અને તે મંગળવારે ત્હાં રહે. નૈઋત્યકોણમાં વણિક ઘર તે બુધવારે ત્હાં રહે. પશ્ચિમ દિશામા બ્રાહ્મણનું ઘર તે ગુરૂવારે ત્હાં રહે. વાવ્યકોણમાં અસુરપતિનું ઘર તે શુક્રવારે ત્હાં રહે. ઉત્તર દિશામાં ભિલ્લનું ઘર તે શનીવારે ત્હાં રહે. ઈશાન કોણને વિશે ઇશ રહે છે. રવિવારે રાત દિવસ (તે દિશાનો સ્વામિ ખેડુત) પોતાને ઘેર અને પછી અનુક્રમે દરરોજ એકેક ઘર ખસ્યા કરે, એ પ્રમાણે ફક્ત શંકરના સ્થાન સિવાય બધાંય ઘર બદલી-ફરીવળી રવિવારે પોતાને ઘેર આવી રહે. [૧૪]*

*कई दिशामा कोनां घरछे अने कये वारे त्यां कोण परुणा आवे छे. तेनुं कोष्टक.

दिशाओनां नाम.	पूर्व	अग्नि	दक्षिण	नैऋत्य	पश्चिम	वाव्य	उत्तर	ईशान
केनां केनां घर.	खेडुनुं घर	रजपूतनुं घर	राजानुं घर	वैश्यनुं घर	ब्राह्मणनुं घर	शाहनुं घर	भिल्लनुं घर	महादेवनुं घर
रवीवार	खेडु	ब्राह्मण	रजपूत	पादशाह	राजा	भिल्ल	वैश्य	०
सोमवार	ब्राह्मण	रजपूत	पादशाह	राजा	भिल्ल	वैश्य	खेडु	०
मंगळवार	क्षत्रि	पादशाह	राजा	भिल्ल	वैश्य	खेडु	ब्राह्मण	०
बुधवार	पादशाह	राजा	भिल्ल	वैश्य	खेडु	ब्राह्मण	रजपूत	०
गुरुवार	राजा	भिल्ल	वैश्य	खेडु	ब्राह्मण	रजपूत	पादशाह	०
शुक्रवार	भील्ल	वैश्य	खेडु	ब्राह्मण	रजपूत	पादशाह	राजा	०
शनिवार	वैश्य	खेडु	ब्राह्मण	रजपूत	पादशाह	राजा	भिल्ल	०

अथ पाहुने भेद-दोहा.

कृषिकर्त्ता भ्रत नृप बानिक, द्विज असुरेश निशाथ;
ज्यौं सु जगत बिवहार है, त्यौं बीरज घटि बाध. ॥ १५ ॥

ટીકા—કૃષિકર્ત્તા ખેડુ, ક્ષત્રી-રજપૂત, રાજા, વાણિયો, બ્રાહ્મણ, અસુરપતિ, ભિક્ષુ એમનો જે પ્રમાણે જગતમાં વ્યવહાર છે તેવી રીતે તેઓનાં ફળને જાણવું અર્થાત પાલ પ્રરત્વે ફળ સમજવું. (૧૫)

चलत पंथ गति पाहुने, थानक थानकि जान;
छल बल जीत अजीत यह, जानो परखि पयान. ॥ १६ ॥

ટીકા—રસ્તે ચાલવાની ગતિ પ્રમાણે ચાલતાં જે ઘેર આવે, તે સ્થાનક, તેનો સ્વામિ તપાસી છળ, બળ, જીત, હાર વિગેરે પરીક્ષા કરી જાણવાં.[૧૬]

अथ दिशांतर स्थान भाव-छपय.

उदित अगनि बिच अगनि, अगनि दच्छन बिच कूपह;
दछ नैरुत बिच वापि, नईरुत पच्छिम बागह.
पच्छ बाव्य मधि काठ, बाव्य उत्तर लच्छी वद;
उत्तर ईश रनथंभ, ईश पूरब सोनित नद;
अगनी सु कूप रन नदं अशुभ, बापि भाव सम जानिये;
उपबनह काठ लच्छी सुभग, ज्वाल भेद अनुमानिये ॥ १७ ॥

ટીકા—પૂર્વ દિશા તથા અગ્નિ કોણની વચ્ચે અગ્નિ કુંડ, અગ્નિ તથા દક્ષિણ દિશાની વચ્ચે કૂવો, દક્ષિણ દિશા તથા નૈરૂત્ય કોણની વચ્ચે વાવ, નૈરૂત તથા પશ્ચિમ દિશાની વચ્ચે બાગ, પશ્ચિમ તથા વાવ્ય કોણની વચ્ચે કાષ્ટ, વાવ્ય તથા ઉત્તર દિશાની વચ્ચે લક્ષ્મી, ઉત્તર તથા ઇશાનની વચ્ચે રણસ્થંભ, ઇશાન તથા પૂર્વ દિશાની વચ્ચે લોહિની નદી, અગ્નિ, કૂવો રણસ્થંભ તથા લોહિની નદી અશુભ છે; વાવ્યનો ભાવ સમાન છે; ઉપવન, બાગ, કાષ્ટ, અને લક્ષ્મી તે શુભ છે. એ પ્રમાણે જવાળાદિ ભેદનું અનુમાન જાણવું. [૧૭]

अथ ज्वालादि प्रहर भाव-छपय.

सूर उदित इक जाम, ज्वाल पूरब दिश जानहु;
अगे अगनि भाँति धूम; छाँह दच्छन अनुमानहु.
नैरुत धर निरधार, अस्त माँहिं पंक कहावे;
बाव्य बसत जलबंब, भसम उत्तर परि आवे.

अंगार बसे ईशान तव, प्रहर प्रहर भुगता दिशा;

चलि नीत रीत निज ग्रह रहे, बीतत इक दिन इक निशा. ॥१८॥

ટીકા—સૂરજનો ઉદય થયા પછી એક પહોર લગી જવાળા પૂર્વ દિશામાં જાણવું; પછી અગ્નિ કોણને વિશે ધુમાડો, દક્ષિણમાં છાયા અનુમાનવી, નૈઋત્યમાં પૃથ્વી, પશ્ચિમમાં ગારો, વાવ્ય દિશાઓમાં જળનો બંબ, ઉત્તર દિશામાં ભસ્મ, અને અંગારા ઇશાન કોણમાં એ રીતે તે દરેક પહોર—એક દહાડો અને એક રાત (આઠ પહોર) ચાલી પોતાને ઘેર આવે છે. (૧૮)

अथ ज्वालादि फल भाव-छप्पय.

ज्वाल अगनि भय अशुभ, धूम मनकों मुरझावें;

छांह निफल कृत काम, धरा आनंद उपावें.

कीच कुशल परि कष्ट, जलह सीतल सुखकारी;

भलों बिभूती भाव, अतिहि संकट अंगारी.

मधि आदि अंत अनुमान कर, भलो बुरो फल भाव गहे;

चितह विचार चातुर घरी, सुकन भेद कोविद सु कहे. ॥१९॥

ટીકા—અગ્નિની જવાળ ભય આદિ અશુભ કરતા, ધુમાડો મનને મુઝવે છાયા ધારેલા કામમાં નિષ્ફળતા પમાડે અને ધરા કહેતાં પૃથ્વી આનંદ ઉપજાવનાર છે, કીચ—ગારો કુશળતા આપે પણ અંતે દુઃખકર છે; જળ—પાણી ધીમે થંડાઈથી કામ કરે પણ સુખકારી છે. વિભૂતી—ભસ્મનો ભાવ ઘણોજ ઉત્કૃષ્ટ છે, અંગારા ઘણાજ સંકટ કરનાર છે; આદિ મધ્ય અને અંતનો અનુમાન કરી તે પ્રમાણે સારા ખોટા ફળના ભાવને ગ્રહે છે. ચાર ઘડી ચિત્તમાં વિચાર કરી શુકન ભેદ સુકવિયે કહ્યો. [૧૯)

दोहा.

सुकन सिंधु संछेप करि, कह्यो सुमति अनुसार;

अवजो आपकों भयें, ताकों कहौं विचार. ॥ २० ॥

ટીકા—શુકન શાસ્ત્રનો ભેદ સિંધુ સમાન વિશાળ છે તેમાંથી સંક્ષેપે યથામતિ કહી સંભળાવ્યો પણ હવે આપને જે શુકન થયા છે તેનો વિચાર કહું છું. (૨૦)

अथ निज सुकन भाव—छप्पय.

शिवा सु सुर रनथंभ, कहूं आहव उपजावें;

छांह धुम्रके मध्य, निफल जुध मन मुरझावें.

फुनि दच्छन उच्चार, नृपति गृह साह सिधावें;
जलह तहां वह जोग, रार हानि रीझ उपावें.
मनुंहार मान उनकी सुफिर, आप सराहोगे वहें;
चत्र घरी जोग अनुराग चित, कहुं लगहें सुकुनी कहें. ॥२१॥

ટીકા—શિયાલ્યનો સુ શબ્દ રણથંભને વિશે થયો તે લડાઇનો ભાવ ઉપજાવે છે, છાયા અને ધૂમાડાની મધ્યે શબ્દ થયો તે અમથી નકામી લડાઈ ઉપજાવે અને તેથી મનની અંદર મુઝાવું પડે, વળી દક્ષિણ દિશામાં જે ઉચ્ચાર થયો તે નૃપતિ રાજાને ઘરે વણિક ગયો છે તેથી ત્હાં જળનો જોગ છે, તેણે કરી ટંટાને મારી હુલ્લી આનંદ ઉપજાવે; વળી સાથે વધારામાં તે સામા થયલાના સત્કારને સ્વીકારી તેમના સ્થાનકે આપ પધારશો. આ ચાર ઘડીના શુભ શુકનના જોગથી એમ માલમ પડે છે કે ત્હાં આપને મનને ગમતું થશે એમ શુકની કહે છે. (૨૧)

गाहा.

आखेटक सुपयानं, पावस गहन पंथ गिरि गहियं;
सुकन भेद अनुसारं, नवम प्रबीन सागरो लहरं. ॥ २२ ॥

ટીકા—સીકારે જવાનું પ્રયાણ, વર્ષા ઋતુનું વર્ણન, જંગલ અને પહાડને પંથે ચાલતાં થયેલા શુકનની ભેદવાળી આ પ્રવિણસાગર ગ્રંથની નવમી લહેર સંપૂર્ણ થઇ. [૨૨]

इतिश्रीकाठियावाडदेशांतर्गतगोहिलवाडप्रांतस्थसिहोरनगरनिवासिगीलाभाइतनयगोविंदविरचितप्रवीणसागरग्रंथे सुबोधिनीनामकटीकायां नवम प्रकाशः ॥ ९ ॥

लैहेर १० मी.

अथ आखेटक विहार-दोहा.

उभे प्रहर चरचा चली, कियो शयन सुख साज;
निशि बीति आनंद भर, उठे प्रात महराज. ॥ १ ॥

ટીકા—એ પ્રમાણે બે પહોર લગી વાત વિનોદ થઇ રહ્યા પછી સુખસય્યાંમાં મહારાજ સુખાળવા થયા એ પ્રમાણે રાત વિતતાં પ્રાતઃકાળમાં મહા

રાજ આનંદભેર ઉઠ્યા. [૧]

खान पान करिकें चढे, गिर झंगर पथ लीन;
इत प्रतना महराज उत, इंद्र आडंबर कीन. ॥ २ ॥

ટીકા—ખાન પાન કરી સર્વેએ મૃગ ખોળવા પહાડવાળી ઘાટી જંગલનો માર્ગ સાધ્યો, તે સમે જેમ અહીં મહારાજ રસસાગરની ફોજ ચડી તેજ પ્રમાણે આકાશમાં ઈંદ્રે પણ આડંબર કર્યો અર્થાત્ આકાશમાં વર્ષાદ ચડી આવ્યો. (૧)

अथ फोज वर्षा एकत्र भाव वर्नन, द्रष्टांतालंकार–छंद चोबोला.

सागरकी जु चढीहें चमूं इत, त्यों उत इंद्रघटा प्रसारी;
सूरनके कर शेल सकत्तिय, त्यों उत कौंधत हे बिजुरी;
बाजत आनक नाद इतें, उतकों घनघोर बजें गहरी;
तूर बजे सहनाइ इतें, सु उतें धुन मोरनिकी उचरी;
मंद गयंद चले इतकों, उत बूंद सु श्याम मिले बदरा;
घोर सु पाखर घंटनकी, इत त्यौं उत सोर करे ददरा;
गावतहें गुनि राग इतैं, उत राव उपावन झल्लवकी;
राज कुमार इतैं रकतांबर, त्यौं उत भा नव पल्लवकी;
बैंरख ओर निसान इतैं, उत देव धनू छबिसों जुं धरे;
बानि क्ष्दंत नकीब इतैं, उत चातुक त्यों ललकार करे;
शात्रव दस्यू इतैं दुरगें, उत मंद पतंग मयूख करी;
सेंन इतैं रससागरको, सूरराज उतैं मनू होड परी. ॥ ३ ॥

ટીકા—આંહી એટલે પ્રથ્વીપર સાગરની ફોજ ચઢી તેમ ત્હાં કહેતાં આકાશમાં ઇંદ્રઘટા છવાઇ રહી છે, શૂરવીરોના કરોને વિશે અહિં ભાલા ઇત્યાદિ શક્તિયો ચળકાટ મારે છે તેમ આકાશમાં વીજળીના ચમકારા ઝબકી રહ્યા છે, દુંદુભીના અહિં જેમ નાદ થઈ રહ્યા છે તેમ આકાશમાં મેઘની ગરગડાટ સાથે ભારે ગર્જના થઈ રહી છે, તુર અને સરણાઇયો અહિં જેમ વાગી રહીયો છે તેમ આકાશમાં ઉંચા પર્વત અને વૃક્ષોપર બેઠેલા મોર શબ્દની ધુન મચાવી રહ્યા છે, અહિં જેમ મંદમંદ ગતિર્થી હાથીયો ચાલે છે તેમ આકાશમાં કાળાં વાદળનાં વૃંદ ચઢી આવી એકઠાં મળે છે, અહિં જેમ ઘંટ તથા પાખરના ઘોર નાદ થઈ રહ્યા છે તેમ ત્હાં વન અને ઉપવનને વિશે તમરાંનો સોરબકોર ચાલી રહ્યો છે, અહિં જેમ રાજકુમારે રકતાંમ્બર ધારણ કરી લીધાં

છે તે પ્રમાણે ત્હાં નવ પલ્લવરૂપી રકતાશ ઝળકી રહી છે, અહિં જેમ બૈરખ [ધ્વજા વિશેષ] અને નિશાન [ધ્વજાભેદ] ધારણ કર્યા છે તેમ આકાશમાં પણ રંગ બેરંગીન ઇંદ્રઆપ ખેંચાયું છે, અહિં જેમ ચોપદારો નકી પોકારી રહ્યા છે તેજ પ્રમાણે ત્હાં બપૈયા પક્ષી લલકારને કરી રહ્યા છે, અહિં દળના પ્રસવાથી દુશ્મનો છુપાઈ પેઠા છે તેમ ત્હાં આકાશમાં સૂર્યે કીરણોને મંદ ઝાંખાં કરી નાખ્યાં છે, એ પ્રમાણે જાણે પૃથ્વીમાં મહારાજ રસસાગરને અને આકાશમાં સુરરાજના સૈન્યને એક બીજા જોડે હોડ પડી ના હોય શું?(૩)

अथ अलंकार रूपक, पूनः वर्षा बर्नन-दोहा.

बन बनांत पल्लव बनीं, घन कन पटा समाज;
झन झनांत खग घंट सूर, गिरि पावस गजराज. ॥ ४ ॥

ટીકા—જેનીપર. વન (વનરાઈ)રૂપી બનાતની [લીલી] ઝૂલ બની રહી છે અને વરસાદની જે ધારા તે પટારૂપી સાજ છે; ઘંટ અને પક્ષીઓના ઝણઝણાટ રૂપી ઘોર થાય છે તેવો વર્ષા ઋતુનો પર્વતરૂપી હાથી દેખાય છે. [૪]

अथ रूपकालंकार-कवित्त.

वग पंत दंत क्रत चपला कपोल चित्र, "धारा=धर" सुंड देंड मद बूंद बरषात;
झल्लव झनंक लोह लंगर खर्नक पाय, प्रबल समीर झर लागी फूतकार बातः
गजरव घन गाज सारसी पपीहा सूर, सूर धनूं रंग रंग कसन कसेहें गात;
बद्दर गयंद वृंद दद्दरन मोर सोर, घूघ्घरन घोर चहुंओर घंट घननात. ॥५॥

ટીકા—દાંતની કાન્તિ તે તો જાણે બગલાની પંક્તિ ના હોય? તેમ, કંપોળ ચિત્ર તો જાણે વિજળીના ચમકારા હોય નૈ? તેમ, મેઘની મૂશળ ધારારૂપ સૂંઢ અને વરસાદનાં આછાં બુંદરૂપી મદ ઝરે છે, પગના લોઢાના લંગરના રણકા તે તો જાણે તમરાંનો ઘોર રણકાર હોય નૈ? તેમ, સુંઢમાંના ફુતકાર તે તો ઘણા વાયુથી વરસતી મેઘની ઝડીરૂપી વરસાદની ગર્જનાના ગડગડાટરૂપી ચીસ, તથા શબ્દનો અવાજ તો જાણે સારસ અને બપૈયાનો સુર હોય નૈ? તેમ, પંચરંગી આકાશમાં ખેંચાયલા ઇન્દ્ર આપરૂપી રંગ બેરંગીન પટાથી અંગ કસ્યાં છે, એવા વાદળાંરૂપી હાંથીઓના વૃંદને દેડકાં તથા મોરના સોરરૂપી ઘુઘરમાળો અને ઘંટનો ચારે તરફ નાદ થઈ રહ્યો છે.[૫]

दोहा.

रहें बरषत वरषें रहत, करत बलाहक छंद;

सागर चलि गिरिवर गहें, जहां पशू पंछी बृंद. ॥ ६ ॥

ટીકા—વરસે છે અને જરીકમાં રહી જાય છે એ પ્રમાણે વરસાદે ક્રીડા મચાવી છે તેવા સમયમાં સાગર કુમાર જહાં પશુ પક્ષીઓનાં જુથ્થ વસે છે એવા ગિરિવર કહેતાં મ્હોટા પહાડ તરફ ચાલ્યા. (૬)

अथ सिकार टोर बर्नन—छंद छवी.

आये सुराज, आखेट साज, गिरवर उतंग,
जल स्रवत शृंग, झर झरनि झार, धुनि बार धार,
धुनि बार धार, बहु भांति बृच्छ, बन बेल गुच्छ,
निज निज सु नीड, खग करत क्रीड, सरवर बिसेक;
सरिता अनेक, वाराह बाग, मृग जाग जाग,
रुक भाल बृंद, कपि करत छंद, सामर सु जूह,
शशके समूह, पशु भांत भांत, बरनें न जात,
गीरदी पहाड; शत कोस झाड, हरिताई देख,
रीझे बिशेप, सर तीर आय, बिधकूर बुलाय,
आयसा दीन, दश फोज कीन, खेलें पहार,
बीथीं बिचार, आपाप संग, रस रीझ रंग,
वह गहन मांझ, दरसाई सांझ, सब लें सिकार,
कीनी गुंजार, महराज तांम, दीनें इनाम,
वह ताल तीर, कीने मवीर, निज बिसल ठोर,
उमराओ ओर, पट मित धाम, महराज पाम. ॥ ७ ॥

ટીકા—એવી રીતે સીકારના સાજ સાથે મહારાજ રસસાગર પહાડમાં આવ્યા, તે ગિરિવર-પહાડ ઘણો ઉંચો છે, વળી જહાં પાણીના ઝરાઓ-માંથી નીમળ પાણી ખળખળ વહે છે અને તે વહેણાનો ખળખળ શબ્દ વારેવારે કાનને વિશે સંભળાય છે, વિવિધ પ્રકારનાં જહાં અસંખ્ય વૃક્ષો અને વન વેલ્યો તથા ફુલ ગુચ્છાઓ લચી રહ્યાં છે, પક્ષીઓ પોતપોતાના માળાઓમાં ક્રીડા-આનંદ કરે છે, ત્હાં સરોવર તથા અનેક નદીઓ છે, વળી જગે જગે વરાહ, વાઘ, મૃગ, અને રીંછનાં જુથ્થ તેમજ વાંદરાં કલોલથી કુદાકુદ કરી રહ્યાં છે, સાબર તથા સસલાં વિગેરેનાં ટોળાં અને ભાતભાતનાં જેનું વર્ણન થઇ શકે નહિ એવાં અનેક પશુઓ સુખરૂપે એ

પહાડમાં વસે છે. પહાડની ગિરદમાં સો કોસ સુધી પુષ્કળ વૃક્ષની ઝાડી છે એવી રીતની મહત્તા જોઈ મહારાજ રસસાગર ઘણા રાજી થયા, પછી સરોવર તીરે આવી મારાઓને બોલાવી ફોજના દશ વિભાગ કરી પહાડમાં સીકાર ખેલવાને હુકમ કર્યો, આપસ આપસમાં મિત્રોથી રંગરસ સાથે સ્વચ્છંદ રીઝથી સીકાર ખેલતાં જંગલમાંજ સાંઝ પડી એટલે તમામે કુમાર હજૂર આવી કુરનસ બજાવી, ત્યાં મહારાજે સર્વેને ઇનામ આપી રાજી કર્યા; પછી તે તળાવનેજ કાંઠે દેરા તંબુ તાણી પડાવ કર્યો. બીજા ઉમરાઓ પોત પોતાના રહેઠાણે રહ્યા પણ છ મીત્રોનો મુકામ તો મહારાજાની પાસેજ રાખ્યો. [૭].

दोहा.

सांझ भई सदसी रची, हेरत बिपिन बहार;
सागर द्वै कविसें कह्यो, बरनो कबित सिकार. ॥ ८ ॥

ટીકા—સાંઝ પડી એટલે સભા રચી બેઠા અને જંગલની બહાર નિહાળતાં મહારાજ રસસાગરે બન્ને કવિયોને કહ્યું કે કવિતાથી સીકારનું બ્યાન વર્ણવી બતલાવો. (૮)

अथ भारती नंदोक्त—कवित्त. सिकार भेद.

प्रथम धराकों निरधारियें कुरंग रूख, मुरकों जरूर करि डारियें सुमारमें;
छंडियें चपलताई खंडियें न सुरताकों, रीझियें सुथिर आन दीजियें सु तारमें.
जानीयें सु मारुत पिछांनीयें षटोंही ऋत, एन नेन आयुधकों ल्याय एक लारमें;
साधककों तारबो जु मारबो हरन हेर, इतनो विचारबो तो फीरबो सिकारमें.॥९॥

ટીકા—પ્રથમ જમીન, હરણ અને ઝાડ એ ચિત્તમાં નક્કી કરી, સીકારની સહેલાઇને પારખો, પછી તે ઘેરી આણેલાં હરણનાં ટોળાંને હુંશીયારીથી ગાળી કિંવા તીરની પણછની એક તારમાં (સીધી સીટીમાં) આણી એક નજર અને સ્થીરતાથી રહી પશુઓને નજીક આવવા દેવાં તથા છયે ઋતુને લક્ષ્યમાં રાખી પવન કેવો વાય છે તે વિચારી આંખ્યો અને હથીયારને એક લારમાં આણી સાધકને યુક્તિથી બચાવી હરણને મારવું;—એટલી આવડત હોય તો સીકારમાં ફરવું. (૯)

अथ पुनः रविजोतोक्त सिकार बर्नन-श्लेषालंकार—कवित्त.

आवन मिलावनको प्रथम बिचार भेद, जावन फिरावनको दाओ भूमि लखियें;
छरितु समे सुधार थिरता निहार थान, अंबर समारबो दुराय देह अखियें.
सुरता लगाइयें नलाइयें सु आतुरता, संकित सुबाससें समीरहु न नखियें;
दब्बन दबावनको पाय अनुमान पंथ, सागर सिकारके समाजकों परखीयें.॥१०॥

ટીકા—જનાવરને આવવા તથા મેળવવાના ભેદનો પ્રથમ વિચાર કરવો તથા તે જંગલમાં હરવા ફરવાંનો લાગ ફાવશે કે કેમ? તે જોવું. તથા ૭ રૂતુમાંની ચાલતી રૂતુને લક્ષ્યમાં લઇ સ્થિરતાવાળી જગો જોઇ પહેરેલાં લૂગડાંને શરીરે કસી ચુપકીદીથી વિના આતુરતાએ તેમ એકજ નજરથી નિર્માણ કરી રાખેલી જગોએ ભરાઈ બેસવું અને પવન સરખો પણ ખાવો નહીં તથા દાબવા દબાવવાના રસ્તાનું અનુમાન કરવું, એ પ્રમાણે હે રસસાગર કુમાર! સીકાર સંબંધી સર્વ સામગ્રીને પારખવી. [૧૦]

"પ્રિયા મિલન ઉપાય યથા, ઉપપતિ નાયક." પોતાની પ્યારી અહિં શા ઉપાયથી આવે, તેનો મિલાપ કોણ કરાવે ઇત્યાદિ અનેક ભેદનો પ્રથમ વિચાર કરવો; એટલે માલણ, મણિહારન આદિ મેળવનાર દૂતિયો કિંવા કુંટણીઓને મળવું. અને જહાં પ્યારીને મળવાનો સંકેત કરવો હોય તે સ્થળે બીન હરકતે કેમ જવાશે તથા પાછું શી રીતે અવાશે તે પોતાને લાગ ફાવે તેવી જગો જોઈ કરવો. ને વળી છયે ઋતુનો સમય મનમાં ધારીને જહાં સ્થિરતા પામીએ એવું સ્થાનક જોઈ કરવો, તથા પ્યારી પ્રસન્ન થાય તેવાં સારાં વસ્ત્ર સુધારીને પહેરવાં. સંકેત સ્થળમાં કોઇ ન ભાળે તેમ શરીર સંતાડીને બેસવું તથા પ્યારીને મળી સંગ કરતાં ઉતાવળ કરવી નહીં. વળી તે સંકેત સ્થળમાં કામ ક્રીડાથી થ.કયા છતાં પણ વસ્ત્રથી પવન નાખી સંચળ કરવો નહીં. અર્થાત્ છાનું રહેવું.વળી તે રસ્તે જતાં આપણે કોઇથી દબાઇયે એકે આપણને કોઇ દબાવે તેનો પ્રથમ વિચાર કરીએ કેમકે સીકારે જઇએ ત્યારે જનાવર આપણને મારે નહીં પણ આપણ તેને મારીએ એટલી સામગ્રી સાથે તૈયાર રાખવી પડે છે તેમજ હે સાગર ! આ પ્રિયાને મળવામાં જાણવું. (૧૦)

अथ रससागरोक्त–दोहा.

यहें समग्र सिकारकों, कबि तुम कह्यो प्रमान;
भेद किते अभिधान जुत, विध विध कहों बिधान. ॥११॥

ટીકા—આ સઘળા સીકારના પ્રમાણને હે કવિરાજ! તમે કહ્યા પણ તેના નામ સાથે કેટલા ભેદ છે તે જૂદી જૂદી રીતે કહો. (૧૧)

अथ कवि उक्त–दोहा.

बनचर खेचर बेधके, द्वादश भेद सिकार;
महाराज जानत सबे, फुनि हम कहें प्रकार. ॥ १२ ॥

ટીકા—વનચર કહેતાં વનમાં ફરનારાં જનાવર તથા આકાશમાં ઉડતાં

પક્ષીઓના સીકારના બાર ભેદ છે, તે બધાને મહારાજ આપ જાણો છો તો પણ હું તેના પ્રકારને (પૂછવાથી) કહું છું. (૧૨)

अथ स्थलचर द्वादश सिकार भेद अभिधान–दोहा.

घेर गाड गाडि सु कहि, नीड डोर अरु फंद;
मूल डाव पशु पंख विधि, घंट बेग यह छंद. ॥ १३ ॥

ટીકા—ઘેર, ગાડ, ગાડી, નીડ, ડોર, ફંદ, મૂળ, ડાબ, પશુ, પંખ, ઘંટ અને વેગ એ બાર સીકારના ભેદ છે. [૧૩]

अथ द्वादश सिकार भेद उदाहरन–छंद मल्लिका.

आप थान एन हेर, बाज बा कुजाक घेर;
अस्त्र दाउसें हनंत, घेर तासकों कहंत.
नीर तीर खोदि बेध, बैंठ रेत राहबंध;
पीवतं पशू प्रहार, गाड तासको विचार.
बेधकं गढी सुबास, दाव देख लाय पास;
बेधितं बिशास धार, गाडियं यहै प्रकार.
आवतं पशू दृढाय, बृच्छ बेधकं चढाय;
छांह आय अस्त्र छेद, एह नीडको सु भेद.
नील बृच्छ डार हाथ, साधकं बधीक साथ;
नीठ कीनं बेध बान, एह डोरको प्रधान.
कच्छ चारके निकास, आगमं प्रसार पास;
पीठसें करंत छंद, बंध होत एह फंद.
बेध बृच्छ मूल धार, साधकं हकें सिकार;
दृष्टि चोरि मारि लेत, एह मूलको सु हेत.
जानि आवनं निरंत्र, कीन काठ जोरि तंत्रं;
आयं सो पशू दबंत, डावको यहैं बृतंत.
साधकं सु दांव लाय, आखटी पशू लगाय;
वाहिको गृहंत जाय, सो कहें पशू उपाय.
बेधकं विहंग ठानि, आदि बाज पंख आंनि;

"वेढितं गूहें सु तास, पंख भेद ए प्रकास.
रैंन दीप तंत्र कीन, साधकं सु बीन लीन;
नाद रीझ जंतु आय, घंट सो हनंत ताय.
जातहें पशु सु भाज, पीठपें कहंत बाज;
पांचकें करंत घाव, एह बेगको सुभाव. ॥ १४ ॥

ટીકા—જે પોતાના સ્થાનક (ઉભા હોય ત્યાં)થી હરણને બાજ અથવા કુતરાની મદદથી ઘેરી અગ્ર દાવથી હણે છે તેનું નામ ઘેર સીકાર છે. પાણીવાળી જગાની તીરે ખાઇ ખોદી પશુ જે રસ્તેથી પાણી પીવા આવતાં હોય તે રસ્તાને રોકી પશુને પાણી પીતાં મારે છે તેને ગાડ સીકાર કહે છે. સીકારી ફરતો ગઢ બાંધી રાહ જોઈ બેશી રહે અને બીજી તરફથી સાથીતો દાવ જોઈ પ્રાણીને પાસે આણે છે પછી લલચાવી વિશ્વાસથી મારે છે એ પ્રકારે ગાડી નામના સીકારનો ભેદ છે. આવતા પશુને ધીરજ દઇ મારનારને વૃક્ષે ચડાવી છાંયે બેસવા આવેલા પશુને હથિયારથી છેદે છે એ રીતીએ નીડ નામના સીકારનો ભેદ છે. સાથીતની સહાયતાથી ઝાડની લીલાં પાંદડાંવાળી ડાળી હાથમાં ઝાલી પશુને પાસે આણી બાણથી ભેદી હણે છે તે ડાર નામે સીકારનો ભેદ છે. પાણી અને ચારવાળી રહેઠાણે આગમચથી જાળ પાથરી આસપાસથી પશુઓને ઘેરી ચોતરફથી હોહો કરી જાળમાં ફસાવી મારે છે તેને ફંદ નામના સીકારનો ભેદ કહે છે. વેધક વૃક્ષના થડમાં છૂપાઈ રહી સાથીતે હાંકી આણેલા પશુને સરત ચુકાવી હણે છે એ મૂળ નામના સીકારનો પ્રકાર છે. પશુઓને નિરંતર આવવા જવાની જગોએ એક લાકડાનું યંત્ર ગોઠવી રાખી યંત્રમાં સપડાયલું જાનવર કચરાઇ મરે એ રીતે ડાબ નામના સીકારની બિના છે. દાવ સાધી સીકારી પાળેલા ચિત્તા વિગેરે જાનવર પુઠ પાછળ દોડાવી પકડી લઈ જાય તે પશુ નામે સીકારનો ભેદ છે. બાજ વિગેરે સીકારી પક્ષીઓને બીજાં ઉડતાં પક્ષીઓ જોઇ તે ઉપર છોડી પકડી મંગાવે તે પંખ નામે સીકારનો પ્રકાર છે. રાત્રીને વિશે દીપ–તંત્ર કરી સાધક બીન નામના વાદ્યને વગાડે અને તેના નાદથી મોહિત થઈ આવેલા જંતુઓને મારે તેને ઘંટ સીકાર કહે છે. દોડી જતા પશુ પછવાડે સ્વાર થઇ દોડથી તેને પકડી ઘા કરી મારે એ સીકારનો વેગ નામનો સ્વભાવ છે. (૧૪)

अथ चतुर्विधि जलचर सिकार बर्नन–दोहा.

बिनसी शस्त्र सु बेध करें, फंद बिनान सु भेद ॥

चार मकार सु जानियें, जल चरके परछेद. ॥ १५ ॥

ટીકા—બનસી (કાંટો) શસ્ત્ર વેધ, જાળ અને બોનાન, એ પ્રમાણે પાણીમાં રહેતા જીવોને મારવાના ચાર પ્રકાર છે.

सोर मकार सिकारकें, कबिनें कहें बनाय;

महाराज रीझें सु मन, खेल खुशी चित लाय. ॥ १६ ॥

ટીકા—સોળ પ્રકારના સીકારના ભેદનું વર્ણન કવિયોયે કર્યું તેથી સીકાર રમવાનું મનમાં આણી મહારાજ રસસાગર અતિ ખુશાલ થયા. (૧૬)

महाराज कहि मित मति, यह गिरि गहन अपार;

इक इक दिन एकेक विध, खेलैं सोर सिकार. ॥ १७ ॥

ટીકા—પછી મિત્રો પ્રત્યે મહારાજે કહ્યું કે આ પહાડનો વિસ્તાર ઘણોજ મોટો છે, માટે એક દિવસે એક એ પ્રમાણે જે સીકારના સોળ પ્રકાર છે તેને રમવા. (૧૫)

यह द्रढाव करिकें लगें, राग रंग सु बिलास;

सुरापान पीवन लगें जगे चिराक मकास. ॥ १८ ॥

ટીકા—આ પ્રમાણેનો ઠરાવ કરીને રાગ રંગ એટલે ગાનતાનના વિનોદ સાથે મદીરા પીવા લાગ્યાં, એ વખતે સાંઝ પડવાથી ચારે તરફ દીવા બત્તીઓ પ્રગટી તેથી અજવાળાનો પ્રકાશ થયો. [૧૮]

अति सुखसें बीती सु निश, मगटी मभा पतंग;

बन बन मति बाहनि बही, तर तर मृगित तुरंग. ॥ १९ ॥

ટીકા—ઘણા આનંદ અને સુખમાં રાત વીતી અને પ્રભાતમાં સૂર્ય ભગવાનની કાંતિ ઉદય થઇ એટલે વને વને ફોજે વહેવા માંડ્યું અને તરૂવરે તરૂવરે મૃગિત ઘોડાઓ શોધવા લાગ્યા. (૧૯)

अथ छंद चुलीय.

नग नग मग मग मृग मृगित, झरनपगा पग पग सु निहारत;
आयस जो महाराजकी, सोय मकार सबें पशू मारत.
ओरे जीवु अनेकमें, बाघ बराह भाल बृक गाजत;
जोध मरत मारत किते, बीर हाक आनक धुनि बाजत.
कसब करत जोई बिसम, सो महराज इनामहि पावत;
अगहन क्रौंच दरी गहन, ताहि कुजाक सु खोधत आवत.

दिन प्रति खेलत ए जुगति, निश शुभ ठोर मुकाम जमावत;
पंद्रह दिन बीते रमत, नीतपाल हद नीठ सु जावत. ॥ २० ॥

ટીકા—સીકારીઓ પહાડે પહાડે અને જગે જગે હરણાંને ઢુંઢે છે, નીરઝરણાં અને તેવીજ પાણીવાળી જગોએ પશુ પક્ષીનાં પગલાં નિહારતા ફરે છે અને મહારાજાની આજ્ઞા પ્રમાણે સર્વ જણાઓ પશુને હણે છે. બીજાં અનેક પ્રાણીઓમાં વાઘ, સૂવર, રીંછ, આદી ગાજે છે. કંઇક યોદ્ધાઓ પશુને મારે છે અને પોતે મરે છે, કેટલાક શુરવીરો મોટા શબ્દથી હાકો મારે છે તેમજ સાથે નગારાંની ધુન લાગી રહીછે, એવી રીતે આ સંકટમય જગાની અંદર કેટલાકો જે સીકારમાં પોતાના કિસબની બહાદુરી બતાવે છે તો તે મહારાજા શ્રી કુંવરરાજ કનેથી બક્ષીસ-ઇનામ પામે છે. અગહન ગુફાઓ, કોતર અને ઝાડીમાં ફરીવળી સીકારી કુતરાઓ સીકારને શોધી આવે છે એવી રીતે દિન પ્રત્યે દિન યુક્તિથી સીકાર ખેલેછે અને સાંઝે સારા ઠેકાણે મુકામ કરે છે; એ પ્રકારથી સીકાર રમતાં પંદર દિવસ વહી ગયા અને આગળ ચાલતાં ચાલતાં ફોજ નીતિપાળ નામના રાજાની સરહદ ઉપર આવી પહોંચી. [૨૦]

सोरठा.

नीत प्रति हास विलास, आखेटी आये करत;
नीतपाल हद पास, कीय मुकाम सु आयकें. ॥ २१ ॥

ટીકા—એવી રીતે નિત્યં દિવસ હાસ્ય વિનોદ કરતાં આખેટીઓ-સીકારીઓએ નીતિપાલ નામના રાજાની સરહદ નજીક આવી મુકામ કર્યો. (૨૧)

पीछे रहे प्रसार, गिरिवर शतकोसी गिरद;
इक द्वै कोस उजार, नीतपाल आगें अमल. ॥ २२ ॥

ટીકા—એવી રીતે પ્રથમ વર્ણેલો સો કોસની ગીરદમાં પથરાયલો પર્વત પછાડી રહ્યો અને એક બે ગાઉ આગળ જહાં નીતિપાલ રાજાનો અમલ છે ત્હાં લગી આવી પહોચ્યા. [૨૨]

पन्नद्रह कीये प्रकार, रमन बेग भेद सु रह्यो;
खेलन प्रात विचार, फुनि चाहत पीछें फिरें. ॥ २३ ॥

ટીકા—સીકારના પંદર પ્રકાર તો રમ્યા પણ સોળમો વેગ નામનો ભેદ ખેલવો રહ્યો તે પ્રાતઃકાળમાં ખેલી પાછા ફરવાનો નિર્ણય કર્યો. [૨૩]

गाहा.

चली चमूं बरनावं, गिरिवर गहन प्रभा परकाशं;

सोरह भेद सिकारं, दशह प्रवींनं सागरो लहरं. ॥ २४ ॥

ટીકા—ચઢેલા દળનું વર્ણન, પર્વત, ગહન જંગલની શોભાનો પ્રકાશ, સીકારના સોળ ભેદ એ સંબંધી પ્રવીણ સાગર ગ્રંથની આ દશમી લહેર પૂરી થઇ. (૨૪)

इतिश्रीकाठियावाडदेशांतर्गतगोहिलवाडप्रांतस्थसिहोरनगरनिवासिगीलाभाइतनयगोविंदविरचितप्रवीणसागरग्रंथे सुबोधिनीनामकटीकायां दसम प्रकाशः ॥ १० ॥

लेहेर ११ मी.

अथ क्रूराबाद कला प्रवीन संबंधं प्रसंगो यथा.

छप्पय.

जनपद सिंध नरेश, सहर क्रूरा सु बाद बर;
तरनतेज अभिधान, आंन दश्चचत्र सहस पुर.
उभैं लच्छ अस चढत, बढत इतमांम दिनंहु दिन;
गज रथ अरु सुखपाल, मांल काहूं न कमी तिन.
दुरजन दबंत जिनके डरन, करन सु कवि दानी कहत;
जगती सुमध्य फेल्यो सुजस, इंद्र ओर आभा लहत. ॥ १ ॥

ટીકા—સિંધ દેશમાં પદ્વીમાં સર્વોત્તમ અતિ સરસ ક્રૂરાબાદ નામે નગર છે, તે નગરના તરનતેજ ભૂપાળની ચઉદ હજાર પુર કહેતાં ગામો ઉપર આણ ચાલેછે, તે રાજાના લશ્કરમાં બે લક્ષ ઘોડેસ્વાર ચડે છે તથા તેની દોલત અને આબરૂમાં દિવસે દિવસે વધારો થયે જાય છે; હાથી, રથ, સુખપાલ વિગેરે કોઇ જાતની કમીના નથી. અને જેના ભયથી દુર્જન લોકો નાશને પામેછે. દાન આપવામાં કર્ણ જેવો જેને પ્રખ્યાત કવિયો દાનેશ્વરી કહે છે, એવી રીતે જેનો જશ આખા જગતને વિશે. તે બીજો ઇંદ્રજ હોયને? તેમ શોભે છે. (૧)

दोहा.

कुमर सुघर ताकों कहत, रंगराव अभिधान;
सूर सु शील उदार अति, विद्या लहन विधान. ॥ २ ॥

ટીકા—આ કિર્તિમાન રાજાને એક રંગરાજ નામે કુંવર છે જે સુઘડ, શુરવીર, ઉદાર મનવાળો, અતિ ચતુર અને વિદ્યા ભણવામાં ઘણો કુશળ છે.(૨)

सोय कुमर बय संध हुय, तरनतेज सु निहार;
सोधन करे सबंधको, यह बिचार चित धार. ॥ ३ ॥

ટીકા—રાજકુંમારને સંબંધ લાયક થયેલો જોઈ મહારાજ કુંવરના વિવાહ સંબંધી મનમાં શોધ કરવા લાગ્યા. (૩)

राज सु बोलिय राजगुरु, शशिधर नाम सु ताय;
सोधन कुमर सबंधकी, बात सु कही बताय. ॥ ४ ॥

ટીકા—અને શશીધર નામના રાજગુરૂને બોલાવી કુંવરની સગાઇ બાબત ખોળ કરવાની વાત કહી જણાવી. (૪)

छप्पय.

शशिधर प्रति महराज, यह बानी उच्चारीय,
कुमर भये बय संध, करो सबंध निहारीय,
मरुत ढुंढ अरु हिंदु, मेद मालव प्रति जाओ,
गुज्जर धर सोरठ, सोधि नातो सु बनाओ,
सामर्थ्य राज सामांन कुल, सम्र वयं रूप सु ठानींयें;
आगम सु भेद जानंत तुम, सामुद्रिक अनुमानीयें. ॥ ५ ॥

ટીકા—આ પ્રમાણે શશીધર રાજગુરૂને મહારાજે કહ્યું કે કુંવર હવે સંબંધ કરવાને લાયક થયા છે માટે સઘળી બાબતથી તપાસ કરી રૂડે ઠેકાણે સંબંધ કરી આવો. મારવાડ, ઢુંઢ, હિંદુસ્તાન, મેવાડ અને માળવા વિગેરે દેશ પ્રતિ જાઓ, વળી ગુજરાત અને સૌરાષ્ટ દેશમાં જઇ યોગ્યતાથી સગપણ કરો; તે પણ સામર્થ્યમાં, કુળમાં, રાજ્યમાં આપણી બરોબરનું હોય તેમ કન્યાની ઉમ્મર, તથા સ્વરૂપ તપાસી ભવિષ્ય ભેદના તમે તો જાણ છો પરંતુ સામુદ્રિક લક્ષણો ધ્યાનમાં લઇ સંબંધ કરજો. [૫]

अथ छंद उद्धोर.

शशिधर चले आयस पाय, यह सामान दीनो राय;
दश दुंदभिय दश निसांन, पेंदल पंज सत अनुमान.
हय फुनि साथ एक हजार, द्वे गजराज दीने लार;
चेरी अंतरंग सुदोय, चक्र द्वैं सु बाज सजोय.

द्वै सुखपाल लीनी साथ, द्वै लक्ष खरच दीनो हाथ;
यह इतमाम साथ सु दीन, विदा राजगुरको कीन. ॥ ६ ॥

ટીકા—આજ્ઞા પામી શશિધર રાજગુરૂ કુંવરના સંબંધની ખોળ વાસ્તે જવા તૈયાર થયા તે વખતે રાજાએ આ પ્રમાણે સામાન આપ્યો. દશ દુંદુભી- દશ નીશાંન, પાંચસેં પાયદળ, એક હજાર ઘોડેસ્વારો, બે મોટા હાથી, કન્યા જોવા માટે જનાનખાનાની બે ચેટીઓ, ઘોડા જોતરેલા બે રથ, બે પાલખી તથા બે લાખ દામ હાથખરચી માટે, એટલો અસબાબ આપી રાજગરૂને બીદાય કર્યા. [૬]

दोहा.

ओर ठोर इक द्वै निरखि, आये गुज्जर देश;
बहु सनमान दियो सु तिहि, नीतहिंपाल नरेश. ॥ ७ ॥

ટીકા—એક બે ઠેકાણાં જોઇ રાજગુરૂ ગુજરાત દેશમાં આવ્યા, ત્હાં તેમને નીતિપાલ રાજાએ બહુ રીતે આદરસત્કાર કર્યો. (૭)

नृप बूझ्यो शशिधर सु प्रति, तरनतेज आनंद;
आप सिधारतहो कहां, कैसो मतो नरेंद्र. ॥ ८ ॥

ટીકા—પછી નીતિપાલ રાજાએ શશિધર સુ તરણતેજ મહારાજના આનંદ સમાચાર પૂછ્યા, સાથે આપ ક્યાં જાઓછો? અને તમારા રાજાજીનો શો વિચાર છે? તે પણ જાણવા માગ્યું, (૮)

शशिधर कहि नृप सुत सुघर, कन्या सोधन काज;
एहि बात पर आपलों, हम पठये महराज. ॥ ९ ॥

ટીકા—ઉત્તરમાં રાજગુરૂએ કહ્યું કે:—અમારા નૃપ શિરોમણિ તરણતેજ મહારાજના રાજકુંવર ઘણા સુઘડ અને બુદ્ધિશાળી છે તેમને વાસ્તે કન્યા શોધવા હું નીકળ્યો છું અને એ વાસ્તેજ આપની પાસે મને મોકલ્યો છે. (૯)

नितपाल उक्ति—चोपाई.

तुम संबंध सोधनकों आये, उचरत बात भेद हम पाये;
सामुद्रिक सु भेद तुम पाओ, यह संछेप हमें समुझाओ;
दीरघ ह्रस्व देह शुभ केते, सुच्छम ऊंच कहो शुभ जेते;
रक्त सु प्रथुल कहो शुभ जोही, शुभ गंभीर बताओ सोही;
कहा जामात्र लछ अपलच्छन, कन्या सुभग कहा कहा दूषन;
सकल भेद तुम जाननहारें, हम उमेद सुन बेकी धारें. ॥ १० ॥

ટીકા—રાજકુમારના સગપણ વાસ્તે આવ્યા છો તે વાત અમે જાણી પણ તમે જે સામુદ્રિક ભેદ જાણતા હો તે સંક્ષેપે સમજાવો. શરીરના ભાગો તેમાં લાંબા તથા ટુંકા કયા ઉત્તમ છે, તેમ સૂક્ષ્મ અને ઉંચા જે સારા હોય તે પણ કહો. લાલ તથા પહોળા અને કયાં અંગો ગંભિર હોય તે સારાં. જમાઈમાં કયાં કયાં લક્ષણ અને અપલક્ષણ? તથા કન્યાના ગુણ અને દુષણ? એ બધા ભેદથી તમે માહીતીવાળાછો, વાસ્તે તમે તે સાંભળવાની હમને ઉમેદ છે. (૧૦)

अथ शशिधरोक्त-दोहा.

सामुद्रिक मुनि बर उकति, पार न पावत कोय;
तुम बूझ्यो सो मति यथा, कहौं अनुक्रम सोय. ॥ ११ ॥

ટીકા—એ પ્રમાણે રાજાએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં શશિધર રાજગુરૂ કહે છે કે સામુદ્રિક વિદ્યા જે સમુદ્ર મુનિની સર્વોત્તમ વાણી તેનો કોઈ પાર પામતું નથી તો પણ તમે પુછયું ત્યારે મહારી યથા બુદ્ધિનુસારે તે અનુક્રમે કહું છું. [૧૧]

अथ सामुद्रिकके प्रत्यंग शुभ लच्छन भेद-दोहा.

पंच दीर्घ रस्वह चतुर, पंच सूक्ष्म षट ऊंच;
सप्त रक्त त्रय विस्तरन, त्रय गंभीर समुच. ॥ १२ ॥

ટીકા—પાંચ દીર્ઘ કહેતાં લાંબા, ચાર ટુંકા, પાંચ સૂક્ષ્મ, છ ઉંચા, સાત લાલ, ત્રણ વિસ્તારવાળા-પહોળા, ત્રણ ગંભીર, એ વિભાગોને ઉંચા માનેલા છે. (૧૨)

अथ प्रथकांग भेद-छंद बिजोहा.

जानुनी द्वैकरं, नैंन नासा वरं, अंत्र ऊरं उभं, पंच दीर्घं शुभं,
ग्रीवही प्रज्जनं, जानियें जंघनं, प्रष्ट रस्वं सुहें, च्यार एही लहें,
पर्वयं अंगुली, केश रदावली, नख चर्माबरं, पंच तुच्छं नरं,
कक्ष वक्षो जियं, कुक्ष कंधं कियं, घ्रान लिल्लाटहें, छे शुभं ऊंचहें,
पानि पाद्र चखं, तालू जिव्हा नखं, आधुरं आरनं, सात श्रेष्ठं जनं,
भाल ऊरं लखें, मुद्धनी मानुपे; तीन बिस्तारित, सो शुभं कारितं,
श्रोन नाभी गनं, शद्ब उच्चारनं, तीन गंभीर हें, रम्य लच्छं कहें. ॥१३॥

ટીકા—ગુદણ, બે હાથ, આંખ્યો, નાક અને સ્તનનો અંતર છાતી વચ્ચેનો ભાગ એ પાંચ લાંબાં હોય તે ઉત્તમ. ડોક, પ્રજન, જાંઘ અને પુઠ એ ચાર ટુકાં હોય તે સારાં. આંગળીઓના પર્વ-છેડા, કેશ-માથાના વાળ, દાંતની હાર, નખ તથા ચામડી એ પાંચ નર્મ પાતળાં હોય તે સારાં. કાખ, સ્તન, પેટ, ખભા, નાક અને લીલ્લાટ એ છ ઉંચાં હોય તે શુભ જાણવાં. હથેળી, પગનાં તળાં, ચક્ષુ, તાળવું, જીભ, નખ અને અધર કહેતાં હોઠ એ સાત લાલ હોય તે શ્રેષ્ટ જાણવાં. કપાળ, ઉર અને માથું એ ત્રણ વિસ્તીર્ણ હોય તે શુભકારક ગણાય છે. કાન, નાભી અને ઉચ્ચાર એ ત્રણ ગંભીર હોય તે રમ્ય લક્ષણ કહેવાય છે. [૧૩]

अथ जामात्र शुभ लच्छन-छंद मंथान.

आपें बिद्या वंत, सूरापनो चित, ख्याता शुभं देश, तारुन्यता बेश,
शीलं गुनं सार, रूपं शुभं धार, माधुरता बानि, शुद्धं कुलं जांनि,
दीनं दया कार, सोहे सु आचार, भोगं सबे भोग, काया बिन रोग,
दृढं मती कीन, पापा रती हीन, जानें निजं रीत, सारं करे प्रीत,
सत्यं सु भाखेत, इष्टं उपासंत, आपें सु उदार, जामात्र सोसार. ॥१४॥

ટીકા—પોતે વિદ્યાવંત, ચિત્તને વિશે શુરપણું, ઘણા દેશમાં ખ્યાતિ, જુવાન, શીલ સ્વભાવ તથા ગુંણીયલ, અતિ રૂપાળો, માધુર્ય ભરેલી વાણી, ઉત્તમ કુળવાન, દીનજનો પ્રત્યે દયાવાળો, સદાચારી, સર્વ ભોગને ભોગવનાર, શરીરે નિરોગી, દઢ મતિવાળો, પાપ ઉપર જેને રતિ કહેતાં પ્રીતિ નથી, પોતાની સર્વ પ્રકારની વ્યવહારિક રીતિને જાણનાર, ઉત્તમ મિત્રો જોડે મિલતાઇ કરે, સત્ય અને ખરૂં બોલનાર, ઇષ્ટદેવની આરાધના કરનાર અને આપે ઉદાર એ લક્ષણવંતા જમાઈનો સાર છે. (૧૪)

अथ जामात्र दुषन-छंद तिलका.

मलिनं बसनं, न मया सुमनं, वय जास बृद्धा,
अघकार श्रधा, कुल हीन वही, तन रोग जिहीं,
अरु खंड दशा, सु अचार भ्रशा, रति हीन भवं,
नित मिंत नवं, मन पीशुनता, क्रम हीन कृता,
अदतार सदा, कुपथे स मुदा, दुर आकरती,
गुन चोर गती, पुरषं परखें, बिन खोट लखें. ॥ १५ ॥

ટીકા—મલીન લુગડાંવાળો, મનને વિશે માયા નથી, જેની વૃદ્ધ અવસ્થા

છે, પાપ કર્મમાં અંધા, કુળ હીણુ, શરીરે રોગી, નબળિ સ્થિતિવાળો, સારા આચારથી ભ્રષ્ટ, પ્રીતિહીણુ ભાવવાળો, નિત નિતને વિશે નવનવા મિત્રો કરનાર, ચુગલીખોર, અયોગ્ય-હિણું કામ કરનાર, સદાયે અ-દાતાર, કુ પંથને વિશે મગ્ન રહેનાર, બેડોળ દેખાવવાળો અને ગુણચોર. એ પ્રમાણેના પુરૂષનો ત્યાગ કરી ઉત્તમ પુરૂષને પારખી જમાઇ કરવો. [૧૫]

अथ कन्या सुभ लच्छन-छंद शंखनारी.

तनं हेम रंगं, रुची केश भ्रंगं, प्रभा एन नेनं,
मुख चंद्ररनं, तिलं फूल नासा, सरोजं सु बासा,
"शुदं = ि य" दंतं, रसा रक्त क्रंतं, छबी सुक्त जैसें,
शभं श्रोन ऐसे, पिकं भाष बानी, दरं ग्रीव जांनी,
शुभा ओट बिंबा, हनुं पक्क अंबा, उरं छीन आभं,
गती गूढ नाभं, कटी तुच्छ आरी, नितंब प्रसारी,
बरं रंभ जंघं, सु पिंडी निपंगं, पदं पान रक्तं,
सु रेख सु बृत्तं, तन छीनं न मंसं, गति ईभ हंसं,
तुछं नींद्र हांसी, सु शीलं प्रकासी, सुकुम्मार ताई,
मनो कंज छाई, यहे लच्छ कन्या, लिखे सु प्रगन्या. ॥१६॥

ટીકા—સુવર્ણના જેવો જેના શરીરનો રંગ છે, માથાના વાળ ભમરાના જેવા કાળા અને કાંતિદાર છે, મૃગનયણી અર્થાત મૃગના નેત્ર જેવી જેની આંખ્યોની પ્રભા છે, મુખ તો પુર્ણીમાના ચંદ્ર સરીખું વિશાળ શોભાદાર છે, તલ ફુલ સરીખું જેનું નમેલું નાક છે, કમળના જેવી જેના શરીરને વિશે સુવાસ છે, દાડમની પેશીઓ જેવા તો જેના ચળકતા દાંત છે, લાલ જીભ અને છીપના જે જેવા જેના શુભ કાન છે. કોકીલાના જેવી માધુર્ય ભરેલી વાણી છે, શંખાકૃતિ બરોબર જેની ડોક છે, લાલચોળ જેના અધર કહેતાં હોઠ છે, પાકી ગળગળિત થએલી અંબા કેરી જેવી જેની હડપચી છે, નાજુક અને કઠિણ સ્તન છે, ગંભારતો જેની નાભી છે, કેડ જેની પાતળી અને વાંકી છે તેમજ મિતાહારી અને વિસ્તારથી પ્રસરેલાં ભારે જેનાં નિતંબ છે, કદળી સ્તંભ જેવી તો સુંદર જાંઘ છે, બાણના ભાથા જેવી જેની પીંડીયો છે, પગની તળીઓ તથા હાથની હથેળીઓ જેની લાલ છે, પગ તથા હાથમાં સારી રેખા પસરેલી છે, અતિ પાતળી નહીં તેમ માંસથી અતિ રૂષ્ટપુષ્ટ જાડી પણ નથી, હાથણી તથા હંસની ચાલ જેવી તો જેની હીંડવાની ગતિ છે, સ્મીત હાસ્ય તેમ નિદ્રા-ઉંઘ

પણ થોડી છે, શીલ સ્વભાવને દેખાડનારી, પ્રફુલીત થએલા કમળ વદનના જે-વી સુ-કોમળતાઇ છે. એ પ્રકારના લક્ષણવાળી કન્યાને ઉત્તમ બુદ્ધિવાળાઓએ શ્રેષ્ઠ કહી છે. (૧૬)

अथ कन्या दूषन–छंद मालती.

करात्क कु वेशं, सु पिंगल केशं, द्रगं फुनि पिंग,
सुजाकृति अंग, अती विसतार, कृशांग निहार,
अधूर सु दंत, असीत सु कंतं, प्रथू जिहि कंध,
मधू त्रप गंध, घनी धुंधवान, बद्दे अति बान,
सुपाकृति कांन, प्रथू लघु घ्रांन, चलं गति चित,
तनं विषमंत, करां गुलि ओर, रसन्न कठोर,
कृता नित रोष, डरे नाहिं दोष, सदा चित लोल,
उनंत कपोल, अती जिहि निद्र, कंछू तन छिद्र,
अधूर सकंप, नहीं मन जंप, कठोर सु बार,
हसंत अपार, पदंगुठ अंत, त्रजंन्य बढंत,
त्रजन्य हिहेर, घढ़े मध्य फेर, अनामिक जाय,
धरा न छुआय्र, भ्रुवा प्रथु रूप, कपोलन कूप,
बढें त्रप जोग, कछू तन रोग, बढयो धरि अंग,
कुशील कुरंग, त्रपा जिहि छीन, कन्या यह हीन. ॥१७॥

ટીકા—મહાકરાળ અને ખરાબ જેનો વેષ છે, પીળાશ પડતા વાળ તેમં આંખ્યો પણ પીળચટી છે, ખંજોલ્યા કરતી હોય તેવું અંગ છે, અતિ વિસ્તારવાળી પ્રચંડ તથા કૃશ અંગવાળી છે, હોઠ, દાંત અને જીભ એ કાળાં છે, જાડી અને પહોળી જેની ખાંધો છે, દારૂના જેવા જેના શરીરની દુર્વાસના છે, ઘણી ક્ષુધા-ભુખવાળી, અતિ બોલનારી, સુપડાની આકૃતિ જેવા કાન, પહોળું અને નાનું નાક, ચિત્ત તથા હીંડછા ચપળ છે, કદરૂપુ અને ખરાબ જેનું શરીર છે, હાથની આંગળીઓ તથા જીભ જેની કઠોર છે, નિરંતર રોષવાળી-રોષ કરતાં ડરતી કે ડગતી નથી, ચિત્ત જેનું સદાયે ભમતું છે, ઉંચા જેના ગાલ છે, અતિ ઉંઘ, શરીરમાં કોઇ પ્રકારનું છીદ્ર, ક્રોધને લીધે કાંપતા જેના હોઠ છે, મનમાં જરાએ જંપ નથી, કઠોર વાળ છે, બહુ હસનારી, પગના અંગોઠાની બરોબર તર્જની આંગળી જેની વધેલી છે, તર્જનીને જોઈ વચલી-પણ તે પ્રમાણે વધેલી છે, (વચલી પાસેની અનામિકા આંગળી)

જમીનને લાગતી નથી, ભવાં તો જેનાં મજબૂત તથા વિસ્તારવાળાં છે, જેના ગાલપર ખાડા પડી ગયા છે, ન્હાની છતાં ઉમ્મરમાં દેખાય એવું કઠોરીયું અને રોગીષ્ટ જેનું શરીર છે, ન્હાના મ્હોટા શરીરના અવયવો છે, નઠોર સ્વભાવ તથા શરીરનો રંગ જેનો ખરાબ છે, તેમ જેને શરમ કે લાજ ઓછી છે. એ લક્ષણવાળી કન્યાને હીણી માનવી. [૧૭]

दोहा.

सामुद्रिक जनता सुभग, गुन औगुन जामात्र;
कन्या गुन दूपन कह, नृप गुरु परखि सुपात्र. ॥ १८ ॥

ટીકા—સામુદ્રીકને જાણવાવાળા શશિધર પંડિતે જમાઇના ગુણ અવગુણ તેજ પ્રમાણે કન્યાના પણ ગુણ દોષને કહ્યા, જેથી રાજગુરૂના સુપાત્રપણાની રાજાએ પરીક્ષા કરી. [૧૮]

'नीतपाल मनुहार करि, रखे दिवस दस बीस;
रंगराउ प्रति करि मतो, किय कन्या बकसीस. ॥ १९ ॥

ટીકા—એ પછી રાજા નીતિપાળે દસવીસ દહાડા આગ્રહ કરીને રાજગુરૂ શશિધર પંડિતને પોતાને ત્હાં રાખ્યા પછી કુંવર રંગરાવ જોડે મસલત કરી કન્યા બક્ષીસ કરી અર્થાત્ વિવાહ કીધો. (૧૯)

छप्पय.

बजे द्वार दुंदभी, माल गृहें गृह प्रति वंदन;
राज समार्ज सुरचित, चुआ केसर अरु चंदन.
नृत्य भेद संगीत, नीतपाल सु जस गावत;
बनि बनि तरुनि समूह, कलापरवीन वधावत.
विप्रह उचार वेदह धुनि, अनि जन सह आनंद अति;
आगम अदृष्ट अंकन उदें, वह-कन्या दरसें दुचिति. ॥ २० ॥

ટીકા—રાજદ્વારમાં દુંદુભી વાગવા લાગ્યાં તથા ઘર ઘર પ્રત્યે લોકોએ શુભગણાતાં તોરણ અને ફુલની માળા બાંધીઓ છે, મ્હોટો દરબાર ભરી કચેરી કરી સર્વેને ચુવા ચંદન કેસર આદિનાં છાંટણાં નાખ્યાં છે, વળી સભામાં સંગીત શાસ્ત્ર પ્રમાણે ગાનતાન તથા નાચ થઇ નીતિપાળ રાજાના સુયશને ગાય છે, સ્રીયો વસ્ત્ર આભૂષણથી બનીઠની કળાપ્રવીણને વધાવે છે, બ્રાહ્મણો વેદધ્વનીનું ઉચ્ચારણ કરી રહ્યા છે, વળી અન્ય સર્વે કોઇ પુરવાસીઓ ઉરમાં અતિ આનંદથી-

અરકાવ બન્યાં છે, ભવિષ્ય-અદૃષ્ટના અંકનો પ્રકાશ થયાથી કન્યા ચેન વગરની ઉદાસીન જણાય છે [૨૦]

सोरठा.

दुचिती कला प्रवीन, सकुचितसी मनसें कहें;

कहा करम गति हीन, यह संबंध सवित्ता दीयो. ॥ २१ ॥

ટીકા—એ રીતે ઉદાસી કળાપ્રવીણ મનમાં સંકોચ પામીને તે પોતાના મનને કહેવા લાગી કે હા દૈવ્ય! કરમની ગતિ કેવી હીણ છે? વિધાતાએ શાએ આંક આંકયા હશે કે જેના પ્રભાવે કરી પિતાશ્રીએ આવો વગરવિચારનો અયોગ્ય સંબંધ જોડયો! (૨૧)

छप्पयः

शशिधर प्रति महराज. बाज बकसीस बीस किय,

उभैं सुखासन सुभग, उभैं रथ ईभ उभैं दिय,

उभै जोर निज वसन, वलय कुंडल मनि मालह,

शीशपेच शीरपाउ, कनक उपवीत दुसालह,

पहेराव ओर जन जन सुमति, वत इतमामें सबे दीये;

लखि पत्र तरुनतेजह सु प्रति, राज गुरुह बिदा कीये. ॥ २२ ॥

ટીકા—પછી શશિધર રાજગુરૂને રાજાએ વિશ ઉત્તંમ ઘોડા બક્ષીસ કર્યા તે જોડે ઘણીજ બેમુલી કીમતી બે પાલખીયો, બે રથ અને બે હાથી આપ્યા, પોતાનાં પહેરવાનાં કીમતી લુગડાંની બે જોડ, કડાં, કુંડલ, મણીમાળ, શિરપેચ, સોનાની જનોઈ, સાલ તથા દુશાલા [સાલ સેલું] ઇત્યાદિ ઘણી જાતની બક્ષીસથી રાજગુરૂને પુરી નાખ્યા, એટલુંજ નહિ પણ રાજગુરૂ સાથે આવેલાં બીજાં સર્વ જનોને તેમની યોગ્યતા પ્રમાણે ઘણી અમૂલ્ય વસ્તુઓ ઈનામમાં આપી, તરૂણતેજ મહારાજ ઉપર એક પત્ર લખી રાજગુરૂને વિદાય કર્યા.[૨૨]

गाहा.

'तरन=तेज' इतमामं, संबंध जोग सामुद्रिक भेदं;

एकादश अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ २३ ॥

ટીકા—તરણતેજ મહારાજાએ રાજગુરૂની સાથે આપેલો અસબાબ તથા વિગ્રહ કરવાના વખતે થયલી સામુદ્રિક ભેદની ચર્ચા, એ વિગેરે વૃત્તાંતવાળી પ્રવીણ સાગરની આ અગીઆરમી લેહેર પૂરી થઇ. [૨૩]

इतिश्रीप्रवीनसागरेसंबंधसामुद्रिकभेदोनामएकादशमीलहरी समाप्ता.

લેહેર ૧૨ મી.

अथ नितिपाळ सेहेलान प्रसंग-दोहा.

सेल करन सेंना सजी, नीतपाल नर नाह;
गय हय रथ पैंदल चले; यह चतुरंग अथाह. ॥ १ ॥

ટીકા—નીતિપાળ રાજાએ સ્હેલ વાસ્તે સજ કરેલી હાથી, ઘોડા રથ અને પેદલવાળી ચતુરંગી અથાગ સેના ચાલી. [૧]

छप्पय.

बजि निसान बहु विध, गजह शिर दरक अश्व गनि,
मनहु सघनके महन, धरा नभ गजत चंड धुनि,
फुनि पताक फहरात, मनहु पचरंग जरी चक्र,
सुर क्रनाल सहनाय, होत नकीब गहक्र हक,
पखरित बाज गज यों पुलत, मनु अढार खोयन मलिय;
करि चाह नृपति स्हेलांन, कजि चतुरंगी सेना चलीय. ॥ २ ॥

ટીકા—વિવિધ પ્રકારથી સણગારેલા હાથી ઘોડાઓ ઉપર નિશાન અને ડંકા વિગેરે દુંદુભી અનેક પ્રકારથી ગડગડી રહ્યાં છે, તે જાણે વર્ષા ઋતુના મ્હોટા મેઘનાદથી પૃથ્વી અને આકાશ ગાજી ઉઠયાં ના હોય? તેવી રીતે મહા ગંભીર નાદ થાય છે; વળી ધ્વજાપતાકા ફરકરી રહ્યાં છે, તે મનમાં જાણે જરીના પચરંગી સુ-શોભીત ચક કે પડદા હોય નેશું? તે પ્રકારે દીસે છે, અને કર્નાલ નામના વાધના તથા સરણાઇના શોર થાય છે, તેમજ ચોબદારની ગંભિર હાલકોનો નાદ થાય છે; ઘણા પ્રકારના સાજથી સણગારેલા ઘોડા અને હાથીઓ ડોલતા ગંભીરતાઇથી ચાલે છે, તે જાણે અઢાર અક્ષોહિણી સેના ભેગી થઇ ના હોય? એ પ્રમાણે નૃપતિ નીતિપાળ મહારાજાએ સ્હેલઘાએ જવાની કરેલી ઇચ્છા માટે ચતુરંગી સેના ચાલી. [૨]

अथ गज बर्नन-दोहा.

गिरि उतंग सम अंग गनि, भा घन बद्दर भत्त;
साज सहित अहिराव सम, हले सु जुथ्थ हमत्त. ॥ ३ ॥

ટીકા—મહા મ્હોટા ગગનમાં ગાજતા ઉત્તંગ-પહાડના જેવા અંગથી તથા આકાશમાં મેઘ-વાદળાના જેવી જેણે કાન્તિ ધારણ કરીછે એવા સાજથી ઇન્દ્રના ઐરાવત હાથી સરીખા હાથીઓનો સમુહ ચાલવા માંડયો. (3)

अथ छंद हनुफाल.

मद मसत हस्ति चलंत, घन ग्रसत बद्दर क्रंत;
शिर लसत बंदन शूल, जरकासित ढंपित झूल;
पुनि ग्रसत लंगर पाय, गिर घसत ठोकर लाय;
निज डसत सुंडा दंड, तन असित अति परचंड;
मद झरत झरनी समान, अरि डरत देखि उतान;
घन घुरत घंटन घोर, तन करत कज्जर खोर;
शिर जरित कंचन साज, गडग भरत उचरत गाज;
शिर कुंभि सरीय सु-चंग, मद लुब्ध गुंजित भृंग;
सित दिपत इभ मुख दंत, मनु प्रभा घन बक पंत;
शिर भलक अंकुश ऊप, नभ झलक चपला रूप;
कुंतार करत बखान, डग भरत ताम धरान. ॥ ४ ॥

ટીકા—મદથી માતંગ બનેલા મ્હોટા હાથીઓ ચાલી રહ્યા છે, તે વરષા ઋતુના વરસતા વરસાદમાં આમથી તેમ દોડતી વાદળાંની ગતિ હોયને શું? તેમ દેખાય છે; જેના મસ્તકોને વિશે સિંદુરથી ચીતરેલાં ચીત્રો આવી રહ્યાં છે, વળી તે જરકસી ઝુલ્યોથી ઢંકાએલા છે, તેમના પગ જોડે જે લંઘર તણાય છે તેની ઠોકર અને ભરાવાને લીધે પર્વતો ઘસી ખરી પડે છે, પોતાના સૂંઢ-દંડ [સૂંઢરૂપી દંડ) ને પોતાનાજ મ્હોમાં ઘાલીને ડસે છે, વળી જેનાં શરીર કાળાં અને મહા પ્રચંડ છે, નીરઝરણાંની પેઠે જેનો મદ ઝરી રહ્યો છે તથા જેના શરીરની ઉંચાઈ અને મ્હોટાઈ જોઇને શત્રુઓ ભયને પામે છે, ઘંટના મહા ઘોર શબ્દો થઈ રહ્યા છે, શરીરે જેને કાજળની ખોર (ગલેફ) ચઢાવેલ છે, જેની પીઠપર રત્નાદિકથી જડિત સોનાની અંબાડી, હોદ્દા વિગેરે શોભે છે, એવા તે હાથીઓના પગ કદમ ભરી ચાલે છે તે પગલાના અવાજ ગાજે છે, કુંભસ્થળને વિશે સુનેરી કલગીઓ શોભી રહી છે, મદના લોભી સુગંધને લીધે ભમરાઓ ચારે તરફ ગુંજારવ કરે છે, ઘનઘોર થએલા વરસાદની અંધારી કાળી ઘટામાં જાણે બગ પંક્તિ બેઠી ના હોય? તેવી રીતે જેના મુખમાંના સફેત દાંતો દીપી રહ્યા છે, વળી માથા ઉપર જે ભાલા અને અંકુશો છે તે એવા તો દીપે છે કે જાણે નભને વિશે વીજળી ચમકારા કરી રહી ના હોય? માવત જેમ જેમ તેઓનાં વખાણ કરે છે તેમ તેમ પૃથ્વી ઉપર તેઓ ડગ ભરે છે. (૪).

अथ उत्प्रेक्षालंकार—छप्पय.

इक गज नृप आरूढ, नाम दिय ताम मुकट मनि,
भद्र जाती शोभंत, कनक हीरा मय भूषन,
मेघाडंबर छत्र, चौंर चिहुंओर बिराजत,
मनहुं राज राजंत, सूर उदयागिरि उदित,
आरोह अवर उमराउ गज, के बंदीजन बिरद पढि;
सोहंत भूप दळ रूप शुभ, मनु सुर जुत सुरराज चढि. ॥ ५ ॥

ટીકા—એક હાથી ઉપર રાજાધિરાજ મહારાજ શ્રી બેઠા છે, તે હાથીનું નામ મુકુટમણિ આપેલું છે, જે હાથી ઘણી ઉંચી જાતનો છે તેના અંગે હીરા માણેકથી જડિત કનક ઘરેણાં પહેરાવેલાં છે, વળી મેઘાડંબર છત્ર ધરેલું છે અને આસપાસ ચોદિશે ચમ્મર ઢળી રહ્યાં છે, એવા હાથી ઉપર બેઠેલા મહારાજા એવા દેખાય છે કે જાણે ઉદય ગીરી ઉપર સૂર્યનો ઉદય થયો હોયને? અન્ય ઉમરાઓ પણ બીજા હાથીઓ ઉપર ચડ્યા છે, ભાટ ચારણાદિ બંદી જનો મહારાજાના યશને ગાઇ રહ્યા છે, એવી રીતે રાજાના દળનું રૂપ એવું તો શોભે છે કે જાણે સુરરાજ કહેતાં ઈંદ્ર પોતાની દેવતાઇ સૈન્યા સાથે ચઢ્યા હોય ને? એમ લાગે છે. (૫)

अथ अश्व वर्नन—छंद मुक्तदाम.

तरक्कि चढींय जूथ तुरंग, फरक्कित पारत फेंट कुरंग;
झलक्कत साज लगे गजगाह, छलक्कत आपहुकी लखि छांह.
लटक्कत सेंन करंत लगाम, सटक्कत सांम संभारत तांम;
चमक्कत अंग सु रंग सु चंग. अनी दपटंत अफारत अंग.
वहे मनु छूटत नाउक बान, कियो सहगोसहुकी छबि कान;
ढलक्कत स्रल्ल छटा उर ढल्ल, कुमारिय गोंनित कंध न कल्ल.
धकैं गजराज प्रकार धसंत, दरप्पनके प्रतिबिंब डरंत;
चहूं दिश चक्रित बीज चमंक, धरे घन घूघर हेम घमंक.
बने नवरंग सु अंग बिधांन, मनी जट हाटक पीठ पलांन;
बनांत सु के मखतूल बिराज, समारितहें जर तारज साज.
पढे कितनेइ सु कोतल पंत, चमू कितनेइ सुं बीर चढंत;
प्रथीपति ता मधि नीतसुपाल, मनू सुरराज सुराबृत माल. ॥ ६ ॥

ટીકા—ઘોડાઓના જુથ્થ તુરકી ચાલથી ચાલે જાય છે, ફડકની ફેંટમાં આવતાં હરણોને પાડી નાખેછે, ડોકમાં પ્હેરાવેલ ગજગાહ નામનાં ઘરેણાં ઝળકે છે, પોતે પોતાનાજ સીળાને દેખી ધુરકે છે. બેસનાર સ્વારની લગામની સાનથી કોઇ લટકતા તો કોઈ છન છન નાચતા ચાલે છે, ચાલથી ચાલતા ફલંગ મારતા પોતાના વ્હાલા બેસનાર પડી જાય નહિ તેની ચીવટ રાખેછે, જેનાં છટાદાર સારા રંગથી સુશોભીતાં અંગો ચળકી રહ્યાંછે, અને જેઓ પોતાના શરીરને અફળાવતા ઘોડાઓને દોડાવેછે, તેતો જાણે તીરંબાજનું કામઠામાંથી સુસવાટ કરતું બાણ છુટયું હોય ને? તેવા વેગથી દોડે છે, તે સમયે સાગોસિંના કાનાકૃતિ જેવાં સીધાં ભાલોડા સરીખાં કાનસોરીયાં કરે છે, સેઢાડીના પીછાંના છટાદાર ગુચ્છાની માફક જેમની કેશવાળી તથા વિશાળ છાતીઓ શોભી રહીયો છે, જેની ખાંધની છબી તો કાર્તિક સ્વામિના બેસવાના વાહન મોરના ફુલેલા ગળાની માફક છે, દોડાવાથી ખીજયા હોય ત્યારે હાથીની મીસાલે ધસારો કરે છે, જળરૂપી દર્પણમાં પોતાનાં પડેલાં પ્રતિબિંબથી ડરે છે, ચોદિશ વીજળીના ચમકારાની પેઠે સુન્દરતાથી કાવે ફરેછે, ગળાને વિશે ઘાલેલી સોનાની ધુઘરમાળોના ઘણઘણાટ સોરી રહ્યા છે, જેઓનાં અંગ નવ નવા રંગદાર પટવાળીઓ તથા તેવાજ સુન્દર સાજથી શણગાર્યાં છે અને જેમની પીઠ ઉપર રત્ન જડાવ સુવર્ણનાં મંડાયલાં પલાણ તથા તે પલાણ ઉપરના મખમલના ગાલીચા-ઘાસીવા કસેલા છે, એમ ઘણા પ્રકારથી કેળવાયલા કોતલ ઘોડાઓની લેન ચાલી આવેછે, કેટલાક ઘોડાઓ ઉપર સૈન્યવીરોએ સ્વારી કરી છે તે મધ્યે પૃથ્વીપતિ નીતિપાળ મહારાજ એવા દેખાય છે કે જાણે દેવતાઓના સમુદાયથી વિંટાયલો સુરપતિ તો ના હોય? તેવી શોભાને આપેછે. (૬)

अथ रथ बर्नन-छंद रथोद्धता.

हैं अनंत फंदन बरूथनी, नींड डोर जिहि रेसमीं तनी;
जात रूप परचंड इंडहे, नीक जट्ट हाटकं सु इंडहें.
झल्लरिय जरतार छत्रियं, झीन झबे मांनिक जरात्रियं;
नीमि बांक कुबजं सुरूपियं, बाज केकं बृषभं सजोरियं.
तास झूल मखतूल झूलितं, भ्रंत सूर चकडोल भूलितं;
चंग सोर घुघरी घनी बजें, जूथ नृत्य अछरं मनो सजें.
रंग रंग सोहितं पताकियं, मनो धाम कईम प्रभा कियं;
मध्य चाप इषुधी सु साजितं, के अमाति उमराउ राजितं ॥ ७ ॥

ટીકા—લશ્કરને વિશે અનંત રથ છે, નીડ જેની રેશમી દોરીથી તાણી બાંધેલીછે, છત્રીઓના સોનાના મ્હોટા દંડ સાથે શોભા આને જડાવદાર સોનાના જેમાં ઇંડાં છે, એવી છત્રીઓ જરિ કપડાંથી જડેલીઓ છે, ઓઢાની ઝાલરનાં જડાવદાર ફુમતાંમાં નાનાવિધ માણક મોતી અને હીરા જડેલા છે તેના તેજથી રથ તેજનાં અંબારરૂપ થઇ રહ્યા છે. પૈડાના પાટા, ધરી તથા ઉંટડા જેના રૂપેરી છે, કેટલાક રથે બળદ અને કેટલાકે ઘોડા જોતરેલા છે તે ઉપર મખમલથી જડેલી તારની ઝુલ્યો એવી તો જળહુળી રહીઓ છે કે તેના આગળ ભ્રાંતિથી ઇંદ્રના રથનેય ભૂલાવી દેછે. સુંદર અને તીણા સ્વરથી ઘણીક ઘુઘરીઓ તથા બળદની ઘુઘરામાળોના ગણકારા થાય છે; એ વિધિએ રથનાં જુથ્થ ચાલે છે તે જાણે અપ્સરાઓ નૃત્ય કરતી ના હોય ? તેમ દીસે છે. માથે રંગ બે રંગી ધજા પતાકા ફરકે છે તે એમ જણાય છે કે જાણે કર્દમ ઋષિયે મનથી રચેલા કામગ નામના વૈમાનની શોભા હોયનેશું? તેમ લાગે છે, જેના મધ્યભાગે ધનુષ અને ભાથાઓ સજી કંઇક ઉમરાઓ બીરાજેલા છે. (૭)

अथ पैंदल बर्नन—छंद मोदक.

ब्रृंद कजाकनके जु चले बनि, अग्रसु पंत बनी सुपताकनि;
तुर बजें करनाट सुतंसह, मौंअरि के परिगाह सु बंसह.
के सरनारन फेर क्रनालह, अंबर नील सितं पित लालह;
पूरब रूम क्रनाट फिरंगिय, हिंद सु सिंध बरारब बंगिय.
बान कबाक तुफंग भु धारत, दीठ परे पशु पंखिन मारत;
सांम सु आयस टूक करें तन, मानु प्रभा नवरंग घटा घन.
आपन आपन जूथ चलें मिल, पंथहु पंथ प्रसारित पैंदल;
कैंधुं धसे रघुबीर अनूचर, के निकसे कनकंपुर किंकर. ॥ ८ ॥

ટીકા—પગે ચાલતાં માણસોનાં વૃન્દ બની ચાલે છે જેના અગ્ર ભાગે વાવટાવાળાઓની પંક્તિ બંધાઇ છે, ત્હાં કેટલાંક તુર, કરનાટ અને તાસાં વાગે છે તેમજ કેટલાક મોર, ભેરી, વાંસળી સરણાઈ તથા કરનાલ વિગેરે વાજીત્રો વગાડે છે, લીલા, ધોળા, પીળા અને રાતા એ પ્રકારે દરેક જણે પોશાકો પહેરેલા છે, પુરબીઆ, રૂમી, કર્નાટકી, ફીરંગી, હિંદુસ્થાની, સિંધી, આર્બસ્થાની તથા બંગાળી વિગેરે દેશોનાં માણસો સૈન્યદળમાં શોભે છે, તેઓએ ખભે ધનુષ અને બાણનાં ભાથાં ધારણ કર્યાં છે. કેડને વિશે જમૈયા, કટાર વિગેરે છટાદાર નાજુક હથિયારો ખોશી દીધાં છે, વળી હાથમાં અને કેડે તલવારો, પીસ્તોલો, બંદુક, ભાલા એ પ્રકારે આયુધો સજેલાં છે,તેઓ દષ્ટિએ આવતાં

પશુ પક્ષીઓને મારે છે, વળી સંગ્રામને સમયે પોતાના માલીકની આજ્ઞાનુસાર દેહ છેદાઇ ભેદાઇ ટુકડા થતા છતાં પાછા ડગતા કે ડરતા નથી, તે જાણે નવરંગી મેઘ ઘટા દળરૂપી ચઢી હોયનેશું? એવી રીતે સૈન્ય-દળ શોભા આપે છે, સૈનીકો પોતપોતાની ટુકડીઓમાં ચાલે છે, રસ્તે રસ્તે સિપાઇઓ એવો ભાસ આપે છે કે જાણે કયાંઇક શ્રી રામચંદ્રજીના અનુચર ચઢી ધસારો કરી જતા ના હોય? કે પછી કનકપુર-લંકાના ચાકરો કનકપુરથી બહાર આવ્યા હોયને? [૮]

दोहा.

चत्र अंग-चतुरंगनी, बरनें प्रथक बनाय;
"नादा=युध" षट त्रीश बिधि, बजे साजि बरनों ताय. ॥ ९ ॥

ટીકા—એ પ્રમાણે ચતુરાંગી સેનાને પૃથક્ પૃથક્ વર્ણવી પણ છત્રીશ પ્રકારે વાગતાં વાજીત્રો તથા હથિયારોનું વર્ણન કરૂં છું. (૯)

अथ षट् त्रिंश वाजित्राभिधान-छप्पय.

मंडल बीन रबाब, अनोप तंबूर उपंगह,
बर बसु सुरद पिनाक, कुमायच पुंग सुरंगह.
बंसी परिग्रह बांस, कानुटक ताल सुपिंगी;
तूर भेर सहनाय, पाव रनसंग दर सिंगी.
करनाट पनव आनक मुरंज, डफ सुडाक डमरू सजे;
जलतरंग झंझ मंजीर मिलि, षटह त्रीश बाजित्र बजे. ॥१०॥

ટીકા—મંડળ, બીન (જંતર) રવાજ, અનોપ, તંબુર, ઉપંગ, બર, બસુ, સુરદ, પિનાક, કુમાયચ, પુંગી, (મોરલી) સારંગી, બંસી [વાંસળી] પરગાહ, બાંસ, કાનુટક, તાલ, (કડતાલ) પિંગી, રણતુર, ભેરી, [મ્હોટાં નગારાં] સરણાઇ, પાવો, રણસીંગ, શંખ, શિંગી, કરનાટ, પણવ, આનક (નગારાં), મુરંજ, ડફ, ડાક, ડમરૂ, જલતરંગ, ઝાંઝ અને મંજીરા એ પ્રકારે છત્રીશ જાતનાં વાજીત્ર વાગે છે. (૧૦)

अथ षट् त्रिंश आयुधाभिधान-छप्पय.

चक्र शूल धनु वज्र, बांन कैबांन तुफंगह;
फरसु कटारह छुरा, सेल खेटक गद खंगह.
तोमर पाश भुशंड, बांक खंजर जंबू लठ;

जंत्र सु अंकुश भाल, हलह मूशल खग बर बठ.
जंजाल जरह गुपति गुरज, दाव पटा पिस्तोल लिय;
आयुध षडांग पट त्रीश जुत, नीतपाल सेना चलिय. ॥ ११ ॥

ટીકા—ચક્ર, ત્રિશૂલ, ધનુષ, વજ્ર, બાણ, કેવાન, તુફંગ, (બંદૂક) (કોકબાણ) ફરશી, કટાર, છરા, સેલ, [બરછી] ખેટક, ગદા, શાંગ્ય, તોમર, પાશ, ભુશંડી,બાંક, ખંજર, જંબુર, લઠ્ઠ, જંત્ર, અંકુશ, ભાલું, હળ, મુસલ, ખાંડું, [તરવાર] બર, બઠ, જંજાલ, જરહ, ગુપ્તી, ગુરંજ, દાવ, (કુહાડો) પટા, પિસ્તોલ, એ વિધિએ આયુધો અંગને વિશે ધારણ કરી મહારાજા નીતિપાળની સેના ચાલી. [૧૧]

अथ समग्र सेन बर्नन–छंद सेहेल.

यही रीतसें नीतपालं चढें, बिरद्दा वली बान बंदी पढें;
षटं त्रीश बंसावली खत्रियं, चले आसुरं चंड चारित्रयं.
षटं त्रीश आयुधं अंगं सजे, विषमं षटं त्रीश नादं बजे;
वितुंडं प्रचंडं सु पंथं वहे, परावंध वीरं सु बाजं ग्रहे.
रथं संचरं कीन आरोहितं, सुखंपाल फुंद्दा जरी सोहितं;
भयंकर द्रक्कं भरे भारियं, कितें बान कैवान कटारियं.
वहे पायकं व्यूह केते बनें, इनें, इकं जोजनं जाय तंबू तनें. ॥१२॥

ટીકા—એ પ્રમાણે નિતિપાળ રાજા ચઢ્યા ત્યાં બંદીજનોએ બિરદાવળી ગાવા માંડી, છત્રીશ વંશના ક્ષત્રીઓ તથા મહા ચરિત્રને કરવાવાળા અસુરો પણ ચઢ્યા, એક તરફ રણ વિશે છયે અંગને વિશે છત્રીશ પ્રકારનાં શસ્ત્ર સજી શૂરવીરો શોભે છે અને બીજી તરફ મહા બિહામણા છત્રીશ પ્રકારના ઘોર અને શૂરનાદથી વાજાં વાગી રહ્યાં છે, વિકાળ ગજેંદ્ર રસ્તે લવા લાગ્યા, પલાંણેલા કોતલ ઘોડાઓને કંઇક વીરોએ પકડયા છે, કંઇક રથમાં બેશી ચાલે છે, કેટલાક જરી ફુમતાંથી શણગારેલા સુખપાલોમાં શોભે છે, કોઇમાં બાણ, કોકબાણ, કટારી વિગેરે ભયંકર હથિયારોનો ભાર ભર્યો છે, કંઇક પગે ચાલતા સિપાઈઓ વહે જાય છે. એ રીતે ફોજે એક જોજન જઇ તંબુ તાણી પડાવ નાંખ્યો. [૧૨]

अथ सैन संख्या–छप्पय.

असी सहस अस चाढिय, सवा अनुमान सहत सत;
सहस डोल सुखपाल, लच्छ निकासित कुजाक भ्रत.

सुतर पंच अध सहस, बेद सत आतस बानहुं;
बिबि सहस्र बाजित्र, दस सहस बनीज दुकानहुं.
निज सहर छंडि जोजन निकसि, द्वादश कोश मुकाम किय;
सहलान नीतपालह सहज, दुर्जन गिरि गहवर दुरिय. ॥ १३ ॥

ટીકા -હજાર ઘોડાઓ, સુમારે સવાસો હાથી, એક હજાર રથ અને સુખપાલ, સફેત પોશાક પહેરેલા લાખ સિપાઇ, અઢી હજાર ઉંટ, ચારસો દારૂખાનું (આતસબાજી) છોડનાર, બે હજાર વાજીંત્ર, દશ હજાર વાણિયાની દુકાનો. એ પ્રમાણે પોતાનું શેહેર છોડી એક યોજન ઉપર વિસામો લઇ બારગાઉ જઇ મુકામ કર્યો. આવી રીતે સહજ સ્હેલ વાસ્તે રાજા નીતિપાળ નીકળેલા સાંભળી દુર્જનો ગિરિ ગુફાઓ તથા જંગલમાં સંતાઇ ગયા. (૧૩)

अथ अलंकार उल्लेख नृप पराक्रम बर्नन-छप्पय.

राज नीत रघु वीर, सरस साहस लंकेशर;
प्रजा पालन प्रथुराज, गुनह गंभीर सु सागर.
मघवा रमन मनोज, नचल आहव मेरू नर्ग;
रिपु काटन दुज राम, जगत तप तेज "नयन=जग".
माहेश रीझ बकसन सुमन, गंग नीर निरमल सुगति;
सुर गुरु सयांन धारन धरम, नीतपाल सोहें नृपति. ॥ १४ ॥

ટીકા—રઘુવીર સરીખા રાજનીતિજ્ઞ, સાહસમાં લંકેશ કહેતાં દશમાથાના રાવણ સરીખા, પ્રજાનું લાલનપાલન કરવામાં ભીડ પૃથુરાજ સરીખા, ગુણમાં સાગર જેવા ગંભિર, વિહારને વિશે ઇંદ્ર સરીખા, સંગ્રામને વિશે મેરૂ પર્વત જેવા અચળ, રિપુ હણવામાં ફરસુરામ સરીખા, જગત્માં સૂર્યના જેવું જેનું તેજ તપ્યું છે, આપવામાં શંકર સરીખા, ગંગાના પાણી જેવી જેની નિર્મળ ગતિછે, વૃહસ્પતિ જેવા શાણા, અને ધારણાશક્તિમાં ધર્મરાજા જેવા નૃપેંદ્ર નીતિપાળ શોભે છે. (૧૪)

सोरठा.

नीतपाल सहलान, करत करत आये तितें;
रस सागर जिहि थान, क्रिय मुकाम आखेट करि. ॥ १५ ॥

ટીકા—નીતિપાલ રાજા એ પ્રકારથી સ્હેલ કરતાં કરતાં જહાં રસસાગર સીકાર કરી પડાવ કરેલો છે ત્હાં આવ્યા. (૧૫)

दुहुं दल इक दिन आय, अष्ट कोश अंतर परें;
तहं लगि कछू न तांहि, एक एकहूकी खबर. ॥ १६ ॥

ટીકા—બંને દળો એક દિવસે આવી આઠ ગાઉના અંતરે પડાવ નાખ્યો-ત્યહાં લગી કોઈ કોઇને ખબર ન્હોતી. (૧૬)

गाहा.

नीतपाल सहलानं, चत्र अंग बर्नन चतुरंगनि;
नादायुध अभिधानं, द्विदश प्रबीन सागरो लहरं. ॥ १७ ॥

ટીકા—રાજા નીતિપાળની સ્હેલચાહ, ચતુરરાંગી જે સેના તેના ચારે અંગનું વર્ણન, વાજીંત્ર અને આયુધોનાં નામ-વિગેરે પ્રસંગવાળી પ્રવીણસાગર ગ્રંથની બારમી લેહેર પૂરી થઇ. [૧૭]

इतिश्रीप्रबीनसागरग्रंन्थेनीतिपालसहेलानबर्ननद्वादशमीलहरं.

लेहेर १३ मी.

अथ नीतपाल रससागर संग्राम प्रसंग यथा-दोहा.

दुहुं जामनि सुखसर बितित, भयो उदय नभ भान;
कूच करनके अरनम, दुहु दल बजे निशांन. ॥ १ ॥

ટીકા—બન્ને રાયના લશ્કરને રાત્રી સુખમાં વીતી સૂર્યનો ઉદય થવાથી પ્રાત:કાળ થયો ત્યારે અરણ્યને વિશે કુચ વાસ્તે સૈન્ય અંદર નગારાં વાગવા લાગ્યાં. (૧)

नीतपाल बामी मिसल, चली निकट कंतार;
सागरकी आग्रिम चमू, सोधत जिहां सिकार. ॥ २ ॥

ટીકા—રાજેન્દ્ર નીતિપાળના સૈન્યની ડાબી બાજુએ એક ટોળી લેનબંધ ચાલી તે જ્હાં રસસાગરની ફોજની મોખરાની ટુકડી સીકારની શોધ કરે છે તેની પાસે આવી લાગી. (૨)

छप्पय.

नीतपाल दश सहस, चली बांई चतुरंगन;
रससागर सु हरोल, सहस उभ सोधत आरन.
भयो जोग भाराथ, रह्यो अंतर अध जोजन;

आखेटीके अग्र, उठे बातज कोलह बन.
हके सु बीर ता पुंठि हय, कुंत असुग हनियत किते;
सहलांन दिशा सनमुख भजे, आयुध मुख उबरे तिते. ॥ ३ ॥

ટીકા—એ રીતે રાજા નીતિપાળના દસ હજાર માણસની એક ટુકડી ચતુરંગીણી સેનની ડાબી દિશાએ જહાં રસસાગરના બે હજાર ઘોડેસ્વારો આગળથી આવી અરણ્યમાં સીકારની ખોળ કરે છે ત્હાં આવી પહોચી, તે બંને રાજાઓ વચ્ચે હજુ બે ગાઉનો અંતર છે એવામાં બંન્યે લશ્કરની ટુકડીઓમાં ભયંકર દેખાવ થયો. સીકારને શોધતા સીકારીઓ આગળ અરણ્યવાશી હરણ, સુવર વિગેરે અનેક પશુઓ નાશ ભાગ કરવા લાગ્યાં જેમને બહાદુર સીકારીઓ પાછળ ઘોડાઓને મારી મુકી ભાલાં અને બાણથી હણે છે એ પ્રમાણે સીકારીઓનાં હથિયારોના પંજામાંથી છટકી નાઠેલાં પશુઓ સ્હેલ વાસ્તે આવેલા નીતિપાળ રાજાની ફોજ ભણી ભાગી નાઠાં. (૩)

अथ छंद मुक्तदाम.

हरोलिय लीन बनंचर हक्कि, धरा गिरि बाज खुरान धमक्कि;
तरब्बर तूटत फेंट तुरंग, कुराहन क्रौंच धसंत कुरंग.
किते लगि कंटक जात दुकूल्ल, फुनी रतु राज रचे मनु फूल;
वहे नद निर्झर बाट उबाट, न खेंचत सिंधव सूर निराट.
सु संचर पंत रहंत समग्र, असंसत पंच भये तिहि अग्र;
दरी अंतराय परी नहि दीठ, निकंसित जाय सहेलीय नीठ. ॥ ४ ॥

ટીકા—હરોલના સીકારીઓએ ઠામ ઠામ વનચર પશુઓને ચારે તરફથી હાકી સીકાર વાસ્તે તેમની પાછળ પોતાના ઘોડાઓ ઝોકાવી મુકયા તે સમયે પુરથી દોડતા ઘોડાઓની ખરીઓના પડઘાથી આખું જંગલ અને પહાડ ધમકી રહ્યાં! એવી રીતે પુર સપાટે દોડતા ઘોડાઓની ફેંટથી વૃક્ષનાં વૃક્ષો તુટી પડવા લાગ્યાં, ક્રૌંચ તથા હરણનાં ટોળાંઓ પર્વત અને ખોમાં સંતાવા ધસી ચાલ્યાં, તેમની પુંઠે થએલાઓમાં કંઇકનાં બેરંગી લુગડાં કાંટામાં ભરાવા લાગ્યાં તે જાણે ઋતુરાજ, કહેતાં વસંત ઋતુએ રચેલાં ફુલ ખીલી રહ્યાં હોયને! તેવો ભાસ આપવા લાગ્યાં. નદી અને પાણીના જરાઓ જહાં ત્હાં સ્વેચ્છાએ વેહે છે, સીકારે નીકળેલાં સીકારીઓ પણ વાટ કે કુવાટ ન જોતાં સુસવાટાપુર તમામ ઘોડેસ્વારો એકઠા મળી હારબંધ થઇ ગયા તેમાંથી પાંચસે ઘોડેસ્વારો આગળ થયા પણ ચાલતાં માર્ગે વચ્ચે એક કોતર આડું આવ્યું

તેથી સ્હેલાણીનું સૈન્ય જોવામાં આવ્યું નહીં અને તેથીસીકારીસ્વારો તે સૈન્યની ટુકડી પાસે જઇ ચડ્યા. [૪]

दोहा.

सहलानी सात्रव समुझि, बाज उठाहिय बीर;
बिरद हाक बज्जीय विषम, गज्जीय नाद गहीर. ॥ ५ ॥

ટીકા—સ્હેલાણીના માણસોએ તેમને દુષ્મન સમજી તથા ચમકી સાવચેત થઇ તેમની સામે પોતાના ઘોડા ચલાવ્યા ત્હાંતો વીર યોદ્ધાઓની વીરહાકની ચોતરફ ભંગીર હાલકો થવા લાગી. [૫]

आखेटी खेचें सु अस, निरखि फोज मेहेलांन;
सेहेलांनी सनमुख वहे, नवरंग खुले निसांन. ॥ ६ ॥

ટીકા—સીકારીઓએ તો સ્હેલાણીની ફોજ જોઇને ઘોડાઓ ખેંચી રાખ્યા પણ સ્હેલાણીઓ તો નવરંગી નીશાન ખુલ્લાં કરી સન્મુખ વહી આવ્યા. [૬]

अथ छंद हनूंफाळ.

नद गहर बज्जिय नीठ, दुहुं दल सु मिलियत दीठ;
उत उठिय आतस जग्ग, "जट=धर" सु चख मनु जग्ग;
उभ वहिय द्वंद अस्त्र, नभ गिरत मानु नखत्र;
तित त्रहिय त्रंबक तूर, सनमुख सु मिलियत सूर;
परसेल पंजर पार, बिल निकस मनु अहि बार;
बपुं बहत अति किरवान, मनु तडित पतन समान;
भये रोष वाथ भिरंत, मद पीयत मनु मदमंत. ॥ ७ ॥

ટીકા—અને લશ્કરના શૂરવીર યોદ્ધાઓ એક એકને જોતાંજ ત્હાં શૂરનાદથી વાજીત્ર વાગવા લાગ્યાં તથા આતસબાજી છુટી તે જાણે જટાધારી શંકરનું કામદેવને ભસ્મસાત કરવાને ત્રીજું નેત્ર ઉઘડ્યું હોયને? તેમ લાગે છે. અને બન્ને સૈન્યના શૂરવીરો સામસામી શસ્ત્રો વાપરે છે તે જાણે નભ મંડળમાંથી તારા ખરતા હોય નૈ? ત્હાં ત્રંબાળુ અને રણતુરના નાદની ગર્જના થવા લાગી અને યુદ્ધ સામંતો સામસામે મળી તિક્ષણ ખંજરના પ્રહાર કરવા લાગ્યા તે તેમણે પહેરેલાં કવચ ભેદી આરપાર નીકળવા લાગ્યાં તે દેખાવ જાણે રાફડારૂપી શરીરના છીદ્રમાંથી ભુજંગો બહાર આવ્યા હોયને? તેમ દેખાય છે તથા ત્હાં જે શરીર ઉપર તરવારોની રણઝીક પડી રહી છે તે વેજી તરવારોના, સૂર્યના તેજથી થતા ચમકારા જાણે વીજળીયો થતા હોયને?

વળી મહાક્રોધથી વિકાળ તથા ખુની દેખાતા રણધીરો અન્યોઅન્ય જે બાથો ભીડે છે તે જાણે મદિરા પીધેલા મદમસ્ત છકેલા હોયને? (૭)

दोहा.

परे सु सागर भट सितर, भयो खरो भाराथ;
सेहेलांनी परसत सवा, मुरेजु सागर साथ, ॥ ८ ॥

ટીકા—આ પ્રમાણે જાણે મહાભારતમાં વર્ણવેલો જંગ મચી રહ્યો તેમાં સાગરના સીત્તેર રણધીરો હણાયા અને સ્હેલાની લશ્કરના વસારાથી સાગરનાં માણસો રણક્ષેત્ર છોડી પાછાં હઠયાં. (૮)

तज्यो खेत निज भट निरख, किय रससागर क्रुद्ध;
चले सु तुरी उठाय तब, जोधे करनकों जुद्ध. ॥ ९ ॥

ટીકા—પોતાના વીરો રણક્ષેત્ર છોડી નાસતા જોઇ રસસાગરે મહા ક્રોધ કર્યો અને તેજ વખતે પોતાનો ઘોડો આગળ મોખરે આણી સિપાઇઓ સહિત યુદ્ધે સામા ધસ્યા. (૯)

छंद पद्धरी.

करि रोश चलिय सागर कुमार, मिलि मुच्छ भौंह जापे मार मार;
ललकार सकल जोधार लीन, कोपे सुभट सुर सिंधु कीन.
जोधार अंग धारे जरद, निहसे सु ताम निसांन नद;
चख बीर अरुन मुख उदित चंड, पावक पहार मानहु प्रचंड.
संचरे लरन आखाड सिद्ध, उलटयौं सु मनहु परलै उदद्ध;
हिंसार बाज हुअ बीर हक, इल धूर पूर ढंके अरक.
सु मिले फेर दोउ दल समान, मनु सुर सुरारि सागर मथान;
ग्रिद्धनी व्योम सुर करत गाढ, उडि बक सु पंत मनु घन अषाढ.
रन सेन उभय अद्दरीय रार, धुंरजटी उठे मनु छोह धार;
चिहुं ओर करत चिल्लान चीस, रव कीन मनहु सिंगी गिरीस.
आराब लगी आतस सु आग, जटधार मनों बाडवा जाग;
बीरान तीर नावक सु बान, सल्लभ चिनंग कैंधों क्रसान.
सूरांन सेल घट नाट साल, बिबि ओर ईस सलकंत व्याल;
धरं धर परंत सर सार धार, छिति क्रोध सिद्ध गोला पछार.

जोधार अंग धारे जरद्द, भव जट अनेक भये बीरभद्द;
केते कटार तन पार कीन, दुलहनि दरीच कर मनहुं दीन.
महि परि उठंत केते कबंध, धर पहर दोय लग्गे सु धंध;
जुरियत अनेक नभ देवयान, मिलियंत अछर बर चितमान.
उमया सु पत्र रत पूर आर; हर प्रोहे सीस केते सुहार;
भुअ परें बाज पदमी भुशंड, परभा पहार अजगर प्रचंड.
बीरान डाक डमरू बजंत, भूतं पिशाच जोगनि भ्रषंत;
सबिकादि पंष पोषित समूह, जयकार हुव सागरह जूह ॥ १० ॥

ટીકા—અતિ રોષરૂપ બની સાગર કુંમાર દુશ્મન સામે ચાલ્યા ત્હાં મુછના વાળ ઉભા થઇ ભ્રકુટીને મળ્યા અને મુખે "મારો મારો" ઉચ્ચાર કરી ગર્જનાથી સબળા યોદ્ધાઓ સહિત લલકાર કરી કાળરૂપ બની સિંધુ રાગ કર્યો. સર્વે યુદ્ધાઓએ શરીરપર બખતર પહેરેલાં છે તે સમે નગારાંના સૂર નાદ થવા લાગ્યા, ઘણા ક્રોધથી સૈનીકોની આંખ્યો તથા મ્હો વિક્રાળ થઇ ગયાંછે. તે જાણે મહા પર્વત ઉપર અગ્ની સળગતો હોયને? એમ દેખાય છે. અખાડામાં દાવપેચને સિદ્ધ કરેલા યોદ્ધાઓ સંગ્રામમાં દોડતા અને થેકતા જાય છે તે જાણે પ્રલયકાળ સમયનો સમુદ્ર મહા પ્રલય કરવાને ઉલટયો હોય ને? તેમ દેખાય છે. ઘોડાઓના ખુંખારા અને યોદ્ધાઓના મુખથી વીરહાકો થવા લાગી, આવી રીતે ઉલટેલા સૈન્યપુરથી આકાશ ધૂળમય બની રહ્યું અને સૂર્ય ઢંકાઇ ગયો. એમ બંને સૈન્ય ફરીને એકઠાં મળ્યાં તે જાણે સમુદ્ર મંથનાર્થે દેવ તથા દાનવો એકઠા થયા હોયને? ત્હાં ગીધ વિગેરે માંસાહારી પક્ષીઓ ગાઢ શોર કરે છે તે દેખી જાણે અષાઢ મહિનાના વરસાદમાં બગલાંની પંક્તિ ઉડતી હોયને? તેમ શોભે છે. રણક્ષેત્રમાં બન્યો દળ એકઠાં મળી સામસામી એકએકને હણેછે તે જાણે ક્ષોભ ધરીને ત્રિપુરારી ઉઠયા હોય ને? ચોદશ સમળીયો ચીસો પાડે છે તે જોઇ ગિરિજા પતિયે જાણે શિંગી નાદ કર્યો હોયને? તેમં જણાય છે. આરબની આતસબાજી સળગી તે તો જાણે સૃષ્ટિના પ્રલય કાળનો રૂદ્ર દેખાવ અથવા વરવાનલ અગ્ની લાગી ઉઠયો હોય ને? તેમ દેખાય છે. વીરોનાં તીર અને બાણાવળીઓનાં બાણ સુસવાટાબંધ છુટે છે તે જાણે કોઇ પર્વતની ખોમાંથી તીડાનો રાફડો ઉલટયો અથવા દેવતાના તણખા ઝરતા હોયને? એમ દેખાય છે. એ પ્રકારે સુભટોના ઘટરૂપી નાટકશાળામાંથી ભાલાં આરપાર નીકળે છે તે જાણે શંકરની બન્યો તરફથી સર્પ સળકી જતા હોયને? એમ દેખાય છે. શસ્ત્રોની ઝીણી ધારથી કંઇક

યોદ્ધાઓનાં મસ્તકો ભોંય ઉપર પડે છે તે જાણે ક્રોધાતુર બની સિદ્ધ પુરૂષો પૃથ્વીમાં ગોળા પછાડતા હોયને? કવચ વખતર અને આયુધથી સજ થઇ રણધીરો લડવા દોડે છે તે જોઈ જાણે શિવજીની જટામાંથી અનેક વીરભદ્ર પ્રગટી નાસતા હોય નૈશું? વળી કંઈક કટારો અંગને છેદી સોંસરી નીકળી છે તે જાણે પરણવા બેઠેલી કન્યાએ અંતરપટમાંથી હાથ બાર કાઢ્યો હોયને? તેમ લાગે છે. વળી કેટલાંક મસ્તક વગરનાં ધડ ભીરૂને મારવા દોડે છે, આ પ્રકારે બે પહોર સુધી પૃથ્વી ઉપર લડાઈ મચી રહી તે જોવા સારૂ ગગન મંડળની અંદર અક્ષર અનેક દેવતાઓ વૈમાનમાં બેશી જોવાને ટોળે થયા છે તેમજ ઇચ્છાવરની આશાએ ઘણીક અપ્સરાઓ ટોળે મળી છે. ભવાનીનો સિંહ રક્ત પીઇ તૃપ્ત થયો અને શિવજી પણ પોતાની મુંડમાળામાં ઘણાંક માથાં પરોપવા મંડી પડ્યા છે, પૃથ્વી ઉપર જહાં ત્હાં ઘોડા, હાથી વિગેરે અનેક પશુઓ પડેલાં છે તેનો પ્રભાવ પહાડ અને અજગરના જેવો વેરાન થઇ પડ્યો છે અને માંસ ભક્ષ કરવા આવેલ વીરોનાં ડાક અને ડમરૂ વાગે છે તથા ભૂત, પ્રેત, પીશાચ અને જોગણીઓ રૂધિર તથા માંસનું ભક્ષણ કરે છે, તેમ સમળીઓ વિગેરે માંસહારી પક્ષીઓના સમુહને દીવાળીનો દિવસ થઈ રહ્યો! અને લડાઇને વિશે રસસાગરના લશ્કરે જય મેળવ્યો.[૧૦]

दोहा.

सहस सूर अध सहस अस, चमर बंध नृप चार;
हुओ पंच सिंधुर परत, रससागर जयकार. ॥ ११ ॥

ટીકા—એક હજાર શૂરવીરો, પાંચસે ઘોડા, ચમરબંધી ચાર રાજાઓ અને પાંચ હાથી નાસ પામ્યા પણ છેવટે કુમારનો જય વર્તાયો. (૧૧)

छप्पय.

सूर उभैं अध सहस, सहस अनुमान बाज सज;
सेनापति नृप सप्त, गिरे द्वादश आहव गज.
वाम चंमू भई विकल, रारि हारित छंड्यो रन;
बान सुखासन बरह, जीत लीनें सागर जन.
बाजित्र नाद बिध बिध बजे, म्हाराज सागर मुदित;
रस बीर रुद्र बीरस रचे, दुति मुख द्वादश रवि उदित. ॥१२॥

ટીકા—અઢી હજાર શૂરવીર, એક હજારેક ઘોડા, સેનાપતિ સાથે સાત રાજા અને બાર હાથી એ રીતે સંગ્રામમાં પડવાથી ડાબી બાજુ તરફનું લશ્કર ભયભીત થઇ હારખાઈ રણભૂમી તજી પાછું હઠયું. આ પ્રમાણે દુશ્મનનો પરા-

જય જોઇ તેઓનાં ધનુષ, બાણ, વિગેરે હથિયારો, હાથી, ઘોડા સુખપાલાદિ વાહન, દારૂગોળા, પૈસો ઇત્યાદિ સર્વ વસ્તુઓ કુમાર રસસાગરના માણસોએ હાથ કરી લીધી; ત્હાં વિધવિધ પ્રકારનાં વાજીત્ર વાગવા લાગ્યાં, આવી રીતના પોતાના જયથી મહારાજા સાગર ઘણાજ પ્રસન્ન થયા. શૂરવીરોએ રૂદ્ર અને વીર રસ રચી. જીત મેળવી તેથી રાજા અને યોદ્ધાંઓના મુખ ઉપર બારે સૂર્ય ઉગ્યા હોય એવી કાંતિ ઝળકવા લાગી. [૧૨]

दोहा.

खेत छंडि सेहेली खसे, इक गिरि अंतर जाय;
सुतर चलाये राज प्रति, रन बीती कहितायु. ॥ १३ ॥

ટીકા—રણભૂમિ મુકી સ્હેલાણી લશ્કર પાછું ઉઠયું અને એક પહાડના અંતરાય નીચે તળેટીમાં ભરાયું પછી રણક્ષેત્રમાં બનેલો બનાવ નીતિપાળ રાજાને કેહેવા-સારૂ સાંઢણી સ્વારને મોકલ્યો, તેણે બનેલી તમામ હકીકત નીતિપાળ રાજાને કહી સંભળાવી. [૧૩]

सुतरी नीतसुपाल प्रति, बीतत कह्यो बिचार;
महाराज भरि रोश मनु, धरी अगनी घ्रत धार. ॥ १४ ॥

ટીકા—સાંઢણી સ્વારે નીતિપાળ રાજાને, લડાઇની સર્વ બીના કહી તેથી અગ્નિ કુંડમાં જેમ ઘીની ધાર પાડવાથી અગ્નિ ઝાળ વધે તેમ નીતિપાળ રાજાને ભારે ક્રોધ ઉપજ્યો. [૧૪]

अथ उत्प्रेच्छा लंकार—छप्पय.

जंभ शीश धरवजर, धखे सुरपारि जालंधर;
ध्रुअ किन्नर रुप धरे, हुये मनमथ्थ दहन हर.
शिर काश्यपु "नर=सिंह", भीम कौरव शिर भारथ;
कै रघु शिर लंकेश, शीश शिगुपाल जदू सथ.
सुतरीं पुकार नरनाह सुनि, धरिय कोप कर मुच्छ धरि;
जोगनीभाल ज्वाला जगिय, पावक मनु खांडीव परि. ॥१५॥

ટીકા—તે જેમ જંભાસુરના ઉપર વજ્રધારીએ, દેવતાઓ ઉપર જાલંધરે, કિન્નરના ઉપર ધ્રુએ, રતિનાથને બાળવા શંકરે, હિરણ્યકશ્યપ ઉપર નૃસિંહે, મહાભારતની લડાઇમાં કૌરવના ઉપર ભીમસેને, લંકેશ રાવણના ઉપર રઘુવીરે, કે શિશુપાળ ઉપર યાદવો ધસ્યા હોય ને? તેમ રાજા નીતિપાળે સાંઢણી સ્વારનો પુકાર સાંભળી મહા ક્રોધાન્ત થઇ મૂછ ઉપર હાથ ધર્યો તથા ભા-

રે રોષને લીધે તેની ભ્રકુટીમાંથી જોગણી જ્વાળાની પેઠે જ્વાળા નિકળવા માંડી તે જાણે ખાંડવે વન ઉપર અગ્નિ આગ સળગી ઉઠી હોય ને! તેમ દેખાય છે. (૧૫)

दोहा.

सागरके सनमुख तबें, रुप पलटी महराज;
दिश दिश हाक हकीब हुअ, आनक बिषम अवाज. ॥ १६ ॥

ટીકા—ત્યારે સાગરની સામે નીતિપાળ મહારાજાએ નજર ફેરવી તે વખતે દિશાયે દિશાયે નકી પોકારનારની નકીની હાલકો થઇ અને તરેહવાર શબ્દથી દુંદુભી વાગવા લાગ્યાં. [૧૬]

अथ अलंकार एकावली-छप्पय.

दिश दिश हाक नकीब, हाक हाक नोबत गज;
नोबत नोबति तूर, तूर तूरन छुट्टी धज.
धज धज प्रति मिलि फोज, फोज फोजन गज चल्लीय;
गज गज परि गज पती, पतिहि प्रति छत्र सु झल्लीय.
छत्र छत्र प्रति चमर छवि, उपमा घन दामनि बल्लीय;
अनेक इंद्र किधो उंदधि, नीतपाल बाहनि चढीय. ॥ १७ ॥

ટીકા—એ પ્રમાણે દિશાઓને વિશે નકીબની નકીઓની હાલકો થવા માંડી; અને હાકે હાકે નોબત ગાજવા લાગી. નોબતે નોબતે રણતૂર વાગવા માંડ્યાં, ફોજે ફોજે ગજ કહેતાં હાથીઓ ચાલવા લાગ્યા, હાથીએ હાથીએ ઉમરાવો આવી બેઠા તથા તે દરેક સરદારને માથે છત્ર ધરાયાં, છત્રે છત્રે ચમર ઢોળાવા માંડ્યાં તે વખતની એવી શોભા થઇ રહી છે કે જાણે વરસાદની કાળી ઘટામાં વીજળીયો ચમકતી હોય ને? એવી રીતે મહારાજ નીતિપાળની ફોજ સંગ્રામ માટે ચડી તે જાણે અનેક ઈંદ્રો સાથે ઉલટ્યા હોય કે સાગર ઉલટ્યો હોય ને! તેવી શોભા જણાવવા લાગી. (૧૭)

अथ छंद कंद.

धरं नीतपालं चमू उठ्ठियं धूर, समीरं चढयो पत्ररद्दी प्रभा सूर;
धरा धुज्जीयं सैल धोंसान धोंकार, भुअंगं मनो कच्छ कोलं तज्यो भार;
गजं बाज धर्क्क गिरं ढ्ढंगरं गाह, रसा सोधनं कीन मानों मथूराह;
बहंतं सरीता सरं सोषितं बार, अगंस्तं लियो मानहो ओर ओतार;
थपें किंकरं उथ्थपें केरि मंथान, जग्यो फेर मानों रघूबीर राजान. ॥१८॥

ટીકા—એમ પ્રમાણે નીતિપાળ રાજાની ફોજ સંગ્રામે ચઢી જેના ભારે ખખરૂવટાથી જમીન ઉપરની ધૂળની ગીરદ ઉડી તે જાણે સૂર્યના તેજને ઢાંકવાને ધૂળના વાહનપર બેશી પવન ચડયો હોય ને! એમ અંધકાર દેખાવા લાગ્યો; નગારોના ધમકારાથી પહાડ અને પૃથ્વી કાંપવા લાગ્યાં તે જાણે આ પૃથ્વીને ધારણ કરનાર શેષ, કાચબો, અને વરાહે પીઠપરનો ભાર તજી દીધો ના હોય! એમ લાગવા માંડયું; ઘોડા તથા હાથીઓને પહાડ અને જંગલમાંથી ધકેલી મૂકયાં તે તો જાણે પથ્વીની શોધ વાસ્તે પૃથુરાજ નીકળ્યા હોય ને! અને લશ્કર-સૈન્ય વહે છે તેથી પ્રવાહવાળી નદીઓ તથા તળાવનાં પાણી સોષાઇ ગયાં તે જાણે અગસ્ત્ય મુનીએ પાછો મનુષ અવતાર લીધો હોય ને! પોતાના કિંકરોને સાબાશી આપે છે તથા દુશ્મનોને ઉથાપે છે તે જાણે પાછા રામચંદ્રજી પ્રકટ થયા હોય નેશું? (૧૮)

अथ छंद भुजंग प्रयात.

मयी नाथ जुद्धं चले नीतपालं, जरैंपोस जो धारलीनें सु जालं,
धरें पख्खरं पीठ गज्जं सु धज्जं, विषमं षटं त्रीश नादं सु बज्जं,
तुरंगानके अग्र छूटे पताखा, भुजा दंड धारी उच्चारंत भाषा,
गजं बाज फोजं छबी छांह मीरं, हुओ मंडलं ओर अंत्रं महीरं,
चमू नाथ ईभं चहुं ओर चारं, भ्रमंतं भुशंडीनके कुंभ भोरं,
वहें फंदनं पायकं बाज दंदं, मिसल्लं मिसल्लं सुछल्ले समंदं,
किते पंच सद्दी दुरद्दी कमालं, मनों गाज कादंबनी मेघ मालं,
परे पख्खरं कुंजरं सोभ पंती, दरी तुंग केंधों दिगंपाल दंती,
तुरंगं सनाही चढे साहि तेगं, बसू खंड मानों वहे चंड बेगं,
भयंकार छाये नभं अग्र भाला, जगींहें किधों वाडवा अंत ज्वाला,
सुभट्टं सु कोदंड टंकार सज्जे, भये पारथं भारथं जूथ भज्जे,
अराबा किते आतसी कीनं अग्रं, महा बीर धीरं सु सेना समग्रं,
अरंभो मलें काल फोजं उलट्टी, जुगं अंत केंधरे कियो रोष जट्टी. ॥१९॥

ટીકા—એમ નીતિપાળ યુદ્ધ વાસ્તે ચાલ્યા તે વખતે જરીયાની વસ્ત્રો પહેરી અંગપર સુવર્ણનું સાવ બખતર પહેરી લીધું છે, હાથીઓની પીઠ ઉપર પાખર નાખી વાવટાઓ લીધા ત્હાં જૂદી જૂદી છત્રીશ પ્રકારનાં વાજીંત્રોના વિશમ નાદ થવા લાગ્યા, ઘોડેસ્વાર સૈનિકોની મોખરે ધજાઓ ઉડ-

વા લાગીઓ, હાથમાંના ભયંકર દંડો પછાડી સુભટો આવેશથી ગર્જના કરવા લાગ્યા, હાથી, ઘોડા, અને માથે છત્ર ધરાયેલી ફોજ એવીતો લાગે છે કે જાણે પૃથ્વી અને આકાશની મધ્યમાં બીજું નવુંજ સૂર્ય મંડલ બન્યું ના હોય? મુખ્ય સામંતોના હાથીઓ ઉપર ચમ્મર ઢોળાવા લાગ્યાં, વળી હાથીનાં કુંભસ્થળ ઉપર ભમરાઓ ભમી રહ્યા છે, વ્યુહ ચક્ર રીતે રથ, પાયદળ અને ઘોડેસ્વારની ટુકડીઓ વહે છે તેથી એમ ભાસે છે કે જાણે સમુદ્ર છલી ઉભરાઇ જતો હોય ને! વળી કંઇક હાથીઓના શીર ઉપર પંચ શબ્દી અવાજ થૈ રહ્યા છે, તેથી એમ જણાય કે જાણે વાદળાંની ઘોર ઘટામાં ગર્જના થતી ના હોય? વળી પાખર લાદેલા હાથીઓની પંક્તિ એવી દીપે છે કે જાણે ગુફાઓની તુંગ અગરતો દિશાઓના દિગ્પાળના હાથીયો હોય ને! નાગી તરવારોને ધારણ કરેલા ઘોડેસ્વારોની ફોજ ચઢી તે પૃથ્વીપરના પવનનો સુસવાટ અગર તો ગરૂડની પેઠે અધર ઉડતા હોયને? એમ દેખાય છે. આકાશને વિશે ભયંકર તથા તેજસ્વી ભાલાની પણછો છવાઇ રહીયો છે તેથી એમ જણાય છે કે જાણે વડવા અગ્નિની ઝાળો પ્રગટી હોય ને? વળી કંઇક સુભટો ધનુષ્યના ટંકાર કરી રહ્યા છે તે જાણે પારથ કહેતાં અર્જુનાદિ વીરો કરૂક્ષેત્રની ભારથની લડાઇમાં ટંકાર કરી રહ્યા હોય ને? કેટલાક આરબો વિગેરેને તોપો. ઇત્યાદિ આતસીઓને મોખરે રાખી રણધીર શૂરાઓથી ભરપૂર સૈન્યદળ પ્રલય વખતના સમુદ્ર સમું ઉલટયું તે જાણે જગતનો પ્રલયકાળ આવ્યો ન હોય અથવા મહારૂદ્રે રોષ ધર્યો ના હોય! એમ દેખાય છે. (૧૯)

दोहा.

नीतपाल इहि विधि चले, दुहु दल भयो निहार;
इष्ट मंत्र निज उच्चारिय, रन ठाढे जितवार. ॥ २० ॥

ટીકા—એવી વિધિએ નીતિપાળ રાજા સૈન્ય લેઇ ચાલ્યા ત્હાં બંને ફોજની એક બીજા ઉપર દષ્ટિ પડતાં રણને વિશે હમેશાં જેમણે વિજય મેળવ્યો છે એવા વીજઇ વીરો ઇષ્ટ મંત્રનો જાપ જપી રણક્ષેત્રમાં આવી ઉભા. (૨૦)

गुन गहीर कविं राज तव, जिहि गज बंध प्रमान;
मन बूझन धार्यो मतो, बदी विरदकी बान. ॥ २१ ॥

ટીકા—ત્હાં રાજ્ય આશ્રીત અને પ્રતિષ્ઠિત એવા ગુણગહીર નામના કવિરાજે ભૂપાળ પાસે જઈ વિનયતાથી નીચે પ્રમાણે પ્રશંસા કરી. (૨૧)

अथ गुनगहीर कवि उक्त नीतपाल बिरदावली.

छंद छवी.

रांजान राज, महिमंड माज, खल दल बिषंड, दंडन उदंड,

बर दैंतं बंस, हिंदुआन हंस, सेना समंद, कैवान कंद,
षटत्रीश क्षत्र, छांह गीर छत्र, मरदं सुमेर, जुध सत्र जेर,
उंरबी सु इंद, महिमा अमंद, भव अंश भूप, "रज=धान" रूप,
कोपित कृशान, जाहर जहान, "जग=चख" उजाल, पोहो नीतपाल.॥२२॥

ટીકા—રાજનાએ રાજા મહારાજાધિરાજ, મહિમંડળના મર્યાદારૂપ, ખળ અને દુષ્ટ જનોને વિખેરનારા, છાકેલાને શિક્ષા કરનાર નીજ કુળને શોભાવનાર અથવા આપેલ દાનને વશ રહેનારા એટલે વચન પાળનારા, હિંદુઓમાં સૂર્ય, જેવા સેનામાં સમુદ્ર જેવા, કોકબાણ વિગેરે શસ્ત્રના કંદરૂપ, ક્ષત્રીઓની છત્રીશ કુળના છત્રરૂપ, મરદોમાં મેરૂજેવા, યુદ્ધને વિશે શત્રુઓને મારનાર, પૃથ્વીમાં ઇંદ્રિરૂપ, અગાધ સ્તુતિવાળા, રાજાઓ વિશે શિવઅંશ રૂપ, રાજધાનીમાં રત્નરૂપ, કોપમાં અગ્નિ સરખા, જાહેર જગત્ચક્ષુ જે સૂર્ય તેના જેવા તેજવાળા એટલે રાજ્યમાં અન્યાય રૂપીઅંધારાને મટાડી ન્યાયરૂપી અજવાળું કરનાર હે નીતિપાળ રાજા! તમારો જયજયકાર વર્તો. [૨૨]

दोहा.

विरद बोलि भुवि पाल प्रति, करी अरज करजोर;
यह अचिंत आहव कहा, कौन शत्रु शिर जोर. ॥ २३ ॥

ટીકા—આ પ્રકારથી ગુણગહીર કવિરાજે બે હાથ જોડી નીતિપાળ રાજાકને સ્તુતિ પૂર્વક અરજ કરી કે અણચિંત્યું આટલું શું છે તથા આવો બળિષ્ટ શત્રુ કોણ છે?

पाउं हुकम महराजको, लाउं खबर तहकीक;
तब लगि आप इतैं रहें, उभै न जुरे अनीक. ॥ २४ ॥

ટીકા—જો મહારાજ હુકમ મળે તો દુશ્મનો કોણ છે અને તેઓ શા વાસ્તે લડે છે વિગેરે તમામ ખબર લાવું ત્હાંલગી આપ અહિયાં રહો અને બંનો લશ્કરોને એકઠાં થવા દેશો નહીં. [૨૪]

नीतपाल कवि अरज सुनि, एती करी उचार;
आप वेग सुध लाइयें, तबलों जुरें न रार. ॥ २५ ॥

ટીકા—નીતિપાળ રાજા કવિનું આ પ્રમાણેનું બોલવું સાંભળી કહ્યું કે આપ ઘણીજ ઉતાવળથી ખબર લાવો ત્હાં સુધી રાર કહેતાં લડાઈ થશે નહીં. (૨૫)

राज हुकम सुतरी वहे, प्रतना कहो पुकार;
कवि आवन लगि कलहको, निज मुख कह्यो निवार. ॥ २६ ॥

ટીકા—રાજ્ય આજ્ઞા પ્રમાણે લશ્કરમાં સાંઢણી ફેરવી સર્વેને પોકારી કહ્યું કે કાવના આવતા સુધી કોઇએ લડાઇ કરવી નહીં એમ મહારાજાએ હુકમ કરેલો છે (૨૫)

छप्पय.

राज सेना तित रहे, कवि सुं चल्लिय सलाम करि;
सहस आध असवार, साज हाटक निज गज सरि.
सुतर चलाये अग्र, खबर दीनी सागर प्रति;
गुनगहीर कविराज, आप मिलवेकों आवत.
सागर उच्चर इतनी सुनत, च्यार पेंड आगें चले;
मरजाद यथा सनमानं करि, महाराज सु कवी मिले. ॥ २७ ॥

ટીકા—રાજાનું લશ્કર તો હતુ ત્હાંનું ત્હાંજ રહ્યું અને કવિ મહારાજાને સલામ કરી ચાલ્યા, તે વખતે સાથે પાંચસેં ઘોડેસ્વાર લઇ, કંચનની અંબાડી જેની પીઠપર છે એવા પોતાના હાથી ઉપર આરૂઢ થઇ રસસાગરની સેના ભણી ચાલ્યા, પોતે રાજકુમારને મળવાને આવે છે તે સમાચાર કહેવા વાસ્તે પ્રથમથી સાંઢણી સ્વાર મોકલી ખબર કહેવડાવ્યો, સમાચાર મળતાંજ કુમાર રસસાગર ચાર ડગલાં આગળ ચાલી મર્યાદાથી યથાઘટીત કવિરાજનું સન્માન કરી મળ્યા. [૨૬]

सोरठा.

वितत बात बृतंत, कवि बूझ्यो सागर कह्यो;
तब पिछताये चिंत, परी उभै पहिचांन जब. ॥ २८ ॥

ટીકા—વિતેલી વાતનું વૃત્તાંત કવિએ પૂછયું અને કુમાર સાગરે કહ્યું એટલે તો એક બીજાને ઓળખાણ પડી જેથી ઘણો ખેદ કરવા લાગ્યા. (૨૮)

आगु होय असवार, कवि सु चले पहिचान करि;
कही सकल विततार, नीतपाल नृपसें कथा. ॥ २९ ॥

ટીકા—કવિ રસસાગર સાથે પિછાન કરી પાછા જલદી સ્વાર થઇ નીતિપાળ રાજા પાસે આવી સર્વે વાત વિસ્તારીથી કહી; (૨૯)

छप्पय.

नीतपाल सुनि बात, भयो मन मन्यु सु हीनो;
विरचंद्र परधान, बोलि दीवान सु कीनो.

मिले महत उमराउ, एह परमान कियो सब;
आहव भयो अचिंत, कछू तकसी नहीं तबर.
बाहनि तूच्छ शिशुता सु बय, अभय दान उन दीजियें;
समंध आप उन आदि लखि, मिल मनु हार सु कीजियें. ॥ ३० ॥

ટીકા—જે સાંભળતાં રાજા નીતિપાળ શીતળ થઇ ગયા અને વીરચંદ નામના પ્રધાનને બોલાવી તેજ ઠેકાણે પોતાના સામંતો, સેનાપતિઓ વિગેરે મ્હોટા મ્હોટા અમીર ઉમરાઓ ભેગા થઇ સર્વેએ ઠરાવ કર્યો કે આ બનાવ અજાણતાંજ બન્યો છે-એની કાંઇ કસુર નથી, તથા સૈન્ય પણ બહુજ થોડું છે વળી વય પણ નાની છે માટે એને અભયદાન આપવું જોઇએ, કારણ કે આપણી અને એની વચ્ચે જુનો સબંધ છે, વાસ્તે તેની સાથે હેતથી સારી રીતે મનુહાર કરી પરોણાગત કરવી. (૩૦)

चोपाई.

नीतपाल सब अरज सु मानी, मनसु बात मिलबे की ठानीं;
दरकबाहकों आयस दीनी, कलह जुरनकी बरजन कीनीं.
गुन गहीर कवि प्रथम पठाये; रससागर भांति मिलन कहाये;
चाह मिलन जुग सेंन सुचल्लीय, पारवार मानहुं छिति छल्लीय.॥३१॥

ટીકા—એવી રીતે ઉમરાવોની અરજ સાંભળી મનથી કુમાર રસસાગરને મળવાનો મનસુબો કર્યો અને ચોપદારને કલહ બંધ કરવા આજ્ઞા કરી, તથા પ્રથમથી ગુણગહીર કવિને રસસાગર પાસે મોકલી મળવાને કહાવ્યું; તેથી મનનેવિશે મળવાની ઇચ્છા કરી બન્નો સૈન્ય-દળ ચાલ્યાં તે જાણે મર્યાદા મુકી પૃથ્વી ઉપર સમુદ્ર ઉછળી ચાલ્યો હોય ને! એમ દેખાવા લાગ્યું. [૩૧]

अथ छंद मुक्तदाम.

उभै दल त्रंबक बज्जीय तूर, सिलैंधर वृंद सु बंधीय सूर;
उभै नृप कुंजरपें असवार, निसांने नकीबन अग्र किनार.
उभैं दिश बंदिन छंद उचार, सुरागत गान बजावन सार;
उभैं महिनाथ चमूं गति मंद, दुती भइ छीन मिलंत दिनंद.
उभैं बिच बंधित पाट बितान, बने जरतार बनांत बिछांन;
उभैं नरनाह मिले तित आंन, पुरातन नीत म्रजाद प्रमांन.

उभैं इक आसन एक उछीर, विराजित इंद्र मनो जुग बीर;
उभैं उमराउ सभा किय आय, गुनी बिरदावत गांनक गाय.
उभैं हित बात करंत अनंत, चढे रन सो पिछतावत चिंत;
उभैं मनुहार पियंत अमल्ल, खरी भइ रीझ मिट्यो मन पल्ल.
उभैं किय तत्र मिसल्ल मुकाम, विरोचन सोम कुली दछ बांम.॥३२॥

ટીકા—બન્નો સૈન્ય-દળમાં ત્રંબાળુ, રણતુર, નગારાં વિગેરે વાગવા લાગ્યાં તથા શસ્ત્રધારી સામંતોના સમૂહો આગળ થયા. બન્નો રાજા હાથી ઉપર સ્વાર થયા, તેમની આગળ નીશાંન અને ચોચદારોની લેન બંધાઇ, બન્નો તરફ ભાટ, ચારણ, કવિ મોટેથી કવિતા ગાઇ જસ બોલવા લાગ્યા. બંને લશ્કરમાં શૂરીયાં વાજાં વાગી રહ્યાં છે, અને બંને ભૂપતિયોની ફોજ મંદ ગતિથી હીંડે છે, બંને લશ્કરના ચાલવાથી ધૂળની ગીરદ ઉડવાને લીધે ભગવાન સૂર્યનારાયણની કાંતિ મંદ થઇ ગઇ, બન્નો દળ વચ્ચે કનાત અને તંબુ તાંણી ચાંદની બાંધી સિંહાસનો નંખાયાં તથા જરીયાની તેમજ રંગ બેરંગી બનાતમાં બિછાનાં પથરાયાં. બંને નૃપ પુરાતન રાજ્ય રીત પ્રમાણે આવી મર્યાદાથી મળ્યા અને એકજ ગાદી તકીયે બેઠા—તે જાણે બે ઇંદ્ર એક આસને બીરાજ્યા હોય નૈ ! એમ શોભે છે. બંને બાજુના ઉમરાઓની સમાજ એકઠી થઇ ત્હાં ગુણી ચારણાદિ બંદીજનો કીર્તિ બોલવા લાગ્યા તથા ગવૈયાઓ ગાયન કરવા લાગ્યા. એક બીજા જોડે ઘણા સ્નેહથી વાતો કરે છે, અને રણ વિશે ચઢ્યા તેનો મનમાં પસ્તાવો કરવા લાગ્યા. વળી પરસ્પર મનુહારથી અમલના રેઠીયા કસુંબા પીએ છે, એ રીતે બંને રાજવંશીઓ ઘણા રાજી થયા અને મનનો રોષ જતો રહયો. ત્હાંજ રાજાઓએ દરબાર ભરી મુકામ કર્યો. સૂર્યવંશી નીતિપાળ રાજા તથા ચંદ્રવંશી કુમાર રસસાગર બેય ભૂપતિયો અનુક્રમે જમણી ડાબી બાજુએ બીરાજ્યા. (૩૨)

दोहा.

नीतपाल सागर नृपति, रीझ भई मिटि रोष;
उठि सधीर निज निज गये, उर सुं तज्यो अपसोस. ॥ ३३ ॥

ટીકા—રાજા નીતિપાળ તથા સાગર કુમારને રોષ મટી પ્રીત બંધાણી પછી અંતરમાંથી અપશોચને કાઢી નાખી રજા લઇ પોતપોતાના સ્થાનકે ગયા. [૩૩]

गाहा.

रससागर सु हरोलं, बामी मिसल नीतपालं नृप;

आहव मिलन उपावं, त्रिदश प्रवीन सागरो लहरं. ॥ ३४ ॥

ટીકા—રસસાગરના લશ્કરના હરોળી લશકરને અને નીતિપાળ રાજાના ડાબી બાજુના લશકરને ભેગાં મળતાં યુદ્ધ થયું, પછી મિલાપ થયો ઇત્યાદિ હકીકતવાળી પ્રવીણ સાગર ગ્રંથની આ તેરમી લેહેર સંપૂર્ણ થઇ. (૩૪)

इतिश्रीप्रवीनसागरग्रंन्थेनीतिपालसहेलानबनेनत्रीयोदशमीलंहरं. ॥१३॥

लेहेर १४ मी.

अथ रससागर नीतपाळ मनुहार प्रसंग-छप्पय.

दिशि दिशि तनित वितान, गान नाटक गुन सज्जें;
जित तित जगीत चिराक, त्रिविध बाजित्र सु बज्जें.
महाराज जुग मुदित, उदित आनंद सु जन जन;
बीत्यो तमी बृतांत, दुती प्रगटी नभ दिनमन.
शीशह्र लबीर कुंदन, कलश, जर निसांन रसमी जुगति;
सोहत मुकाम मानहु सहस, द्वारामति देवाल द्युति. ॥ १ ॥

ટીકા—દિશાએ દિશાએ 'વિતાન-બિછવા' બંધેલા છે તથા નાટકના ખેલ થઈ રહ્યા છે, અને જ્યાં ત્યાં દીવાઓનો ઝગઝગાટ પ્રકાશી રહ્યો છે, ખાલ, તાર અને ફુંક એમ ત્રણ પ્રકારનાં વાજાં વાગે છે (ખાલ એટલે નગારાં, ઢોલ, પખાજ વિગેરે; તાર એટલે સતાર, સારંગી, વીણા તંબુર વિગેરે અને ફુક એટલે રણતુર સરણાઇ, નફેરી, બંશી ભુંગળ વિગેરે); બંને રાજાઓ ઘણાજ હર્ષિત થયા છે તથા જન જન પ્રત્યે આનંદ ઉદય થઈ રહ્યો છે. એ વિધિયે રાતનું વૃત્તાંત ખલાસ થતાં નભ વિશે સૂર્યનારાયણનાં કિરણો ઉદય થયાં તે મહા તેજવાળા તંબુપરના સોનાના કલશ તથા જરીનાં નાશાનો ઉપર પ્રસરવાથી બંને લશ્કરના પડાવનું સ્થળ એવું શોભે છે કે જાણે દ્વારીકાપુરીનાં હજારો દેવાલયો ચળકતાં હોય નહિ ! (૧)

दोहा.

रेन पंच उतहीं रहे, नीतपाळ मनि न्योत;
निज मिजलस सागर सु मिले, कीयो बिदाको ज्योत. ॥२॥

ટીકા—પાંચ રાત્રી સુધી નીતિપાળ રાજાએ આમંત્રણ કરવાથી તેટલો

વખત ત્યાંજ રહ્યા, બાદ સાગર કુમાર પોતાની મીજલસને મળી પોતાની નગરી તરફ જવાનો નિર્ણય કર્યો.

छप्पय.

देव उदित दुंदभी, सेन शशिवंस करायेः
नीतपाल सुनि नाद, आप सागर प्रति आये.
हित अति करि मनुहार, कोउ बिध बिदा न कीने;
बातन रीझ बनाय, मनंछा पुरलों लीने.
उत रेंन अहर उतही रहे, दूजे दिन नोबत बजी;
नृप नीतपाल सागर सहित, कूच करन सेना सजी. ॥३॥

ટીકા—સૂર્ય નારાયણનો આકાશમાં ઉદય થતાં કુચ વાસ્તે કુમારે લશ્કરમાં નગારાં વગડાવ્યાં, તેનો નાદ સાંભળીને નીતિપાળ રાજા કુમાર સાગરની પાસે આવ્યા અને ઘણા સ્નેહથી આગ્રહ કરી રોકયા—કોઇ પણ પ્રકારથી જવાની વિદાયગીરી આપી નહીં, તથા ખુશાલીની વાતો કરી રાજકુમારને ખુશ કરી મનંછાપુરી લેઇ જવાને નિશ્ચય કર્યો. પછી તે દહાડો રાત ત્યાંજ રહી બીજે દિવસે સજ થવાને લશ્કરમાં નોબત વગડાવીને નીતિપાળ રાજા સાગર સહિત કુચ કરવાને સેનાની તૈયાર કરી. (૩)

छंद तोटक.

रससागर नीत सुपाल मिले, मनईछ पुरीं प्रतमं सु चले;
बसुधा परि बाहनि बृंद बहे, छवि अंबर अबुंद आन छहे.
गहरी धुनि आनक नाद घनें, प्रतना पति सामज शीश बनें;
कितने बन बीर अखेट करें, प्रति जोजन जाय मुकाम परें.
तित साजतई दोहुं भूप सभा, नित नाटक होत पुरंद्र प्रभा;
दश द्वादश कोस चले जबही, अध जोजन इंछ पुरी तबही.
उत सेंन उमें सु सबीर गढे, भ्रत पट्टन पेंषि बधाइ बढे;
नृप द्वार सुजाय बधाइ कही, सुनि लोग पुरं हरखे सबही. ॥ ४ ॥

ટીકા—સેના સહિત રસસાગર કુમાર તથા નીતિપાળ રાજા મળી મનંછાપુરી જવાને નિકળ્યાં ત્યાં પૃથ્વી ઉપર અનેક લશ્કરનાં વૃંદ વહે જાય છે તે જાણે નભમાં એકઠાં થઇને મેઘની ઘટા છવાઇ રહી હોય નૈ? એમ દેખાય છે. ઘણા ગેહેરી શબ્દથી નગારાં વાગી રહ્યાં છે, સેનાપતિયો હાથી ઉપર બિ-

રાજ્યા છે, કુંઇક જણાઓ વનને દિશે સીકાર કરે છે, એવી રીતે એક જોજન ગયા કેડે બંને ભુપતિયોએ મુકામ કર્યો, ત્હાં બંને રાજાની સભા ભરાણી છે. નાટકના ખેલ થઇ રહ્યા છે તેથી જાણે ઇંદ્રની સભા આજ હોય ને! એ પ્રમાણે દશ બાર દિવસ ચાલતાં મનછાપુરી બે ગાઉ રહી, એટલે બંને સૈનિકોએ ઉતરી પડાવ કર્યો, નગર પાસે આવ્યાથી વધામણી વાસ્તે એક અનુચરને રાજદ્વારમાં મોકલ્યો તેણે મહારાજાના આવવાની વધામણી કહી, જે સાંભળી ગામમાં સર્વે લોકો અતિ હર્ષીત થયા. (૪)

दोहा,

सुनि वधाइ हरखित सकल, गृह गृह मंगल चार;
ठोर ठोर दुंदभि बजे, सजि मंडन नर नारि. ॥ ५ ॥

ટીકા—વધામણી સાંભળી સકળ પ્રજા ખુશી થઈ ઘેર ઘેર આનંદ વર્તાવા લાગ્યો, ઠેકાણે ઠેકાણે દુંદુભી વાગવા માંડયાં અને નરનારીઓ ભાત ભાતના શણગારને સજે છે. (૨)

नीतपाल पाटित कुमर, रुद्रसेन अभिधान;
सोय चढन नृप सांमुहें, किय किंकर फुरमान. ॥ ६ ॥

ટીકા—નીતિપાળ રાજાના પાટવી કુમાર રૂદ્રસેને રાજાની સામે તેડવા જવાને સેના સજ કરવાને આજ્ઞા આપી. [૬]

छप्पय.

कुमर चढे रुद्रसेन, तूर भेरी आनक वज;
निज समान उमराउ, कुमर दस वीस चढे गज.
सोर सहस असवार, पंच पैंदल सहस्र लिय;
दिनकर अंसु बितीत, जाय प्रतना प्रवेश किय.
कीने सधीर नृपसें निकट, नीतपाल वंदन सुकारि;
फुनि रससागरसें मीले, उर बिशेष आनंद भरि. ॥ ७ ॥

ટીકા—રૂદ્રસેન કુમાર પિતાની સામે જવા ચડયા ત્યારે રણતુર, ઢોલ શરણાઇ વિગેરે અનેક વાજીત્ર વાગવા લાગ્યાં, અને પોતાની સમાન વયના ઉમરાઓના દશ બાર કુંવરો હાથી ઉપર સ્વાર થયા, સોળ હજાર સ્વાર, પાંચ હજાર પેદળ એ પ્રમાણે સૂર્ય-કિરણ આથમતી વખતે કુમાર રૂદ્રસેન પિતાની સેનામાં ગયા, રાજાની પાસે તંબુ તણાવી પોતાના પૂજ્ય પિતાશ્રી નીતિપાળને વંદન કરી, પછી ઉરને વિશે પરમાનંદ ધરી રસસાગરને જઇ મળ્યા. (૭)

दोहा.

निशि बीती नाटक रचत, भइ मयूख नभ भान;
पुर प्रसाद दरसाइ दुति, मनहुं लंक सुर थान. ॥ ८ ॥

ટીકા—નાટકની રમત જોવામાં રાત્રી ખુશ રૂપ વીતિ ગઈ અને આકાશમાં સૂર્યે ઉદય પામીને કીરણ વિસ્તાર્યાં તે વખતે શહેરની મેડીઓ અને દેવાલયો સુરસ્થાન કહેતાં ઇંદ્રિપુરી હોય નૈશું? કે પછી સોનાની લંકા તો નહોય? એમ શોભવા લાગ્યું. (૮)

पुर जन नृप आगम उमगि, राह निहारत नैन;
सेष मुहूरत सहसकर, चले सु चढि गुन सैन. ॥ ९ ॥

ટીકા—નૃપપતિના આવવાના સમાચાર સાંભળી હર્ષિત પુરવાસીઓ આંખોથી મહારાજાના આવવાની રાહા જુવેછે; સૂર્ય નારાયણના આથમતા પહેલાં છેલ્લા મહુર્તમાં ત્રણે સૈન્ય-દળો ચઢી ચાલ્યાં. [૯]

छंद पद्धरी.

दिन लगन शेष दल चलिय साज, वाजित्र नाद धर गगन गाज;
उपवन सु वृच्छ फूले अनंत, बीथी सु कुंज बाहनि बहंत.
कलिकंठ कीर पिक चक्र मोर, बिकसित प्रसून सारंग सोर;
सर भर सलील श्रोता सु कूह, सारस प्रिचान जलचर समूह.
एसें चरित्र निरखत महीप, सेना सु सहर आवत समीप;
नृप आगमं सु जन हरख धार, निकसे सु नग्र परकार द्वार.
नर नारि निकसि सांमे चलंत, मानहुं प्रकार विपु दल मलंत;
बाहनी व्योम नृप उदित चंद, सनमुख प्रसार कैधों समंद.
पुर द्वार नीठ फहरे निशांन, दुति देव मंद भइ समय दान;
दुज कवि अनेक उचरें असीस, उमराउ सीस नामे सु ईश.
कैबांन कोट कीनी सलाम, कीनो प्रवेश पुर द्वार ताम;
हर सेन बाम मधि नीतपाल, सागर सु दच्छ आरूढ व्याल.
बाजंत्र घोर गानंक गान, बंदि ब्रदाव लठधार बान;
नर नार नग्र उमडे उछाह, बंधे सु मोद ब्रक राह राह.
प्रति चौंक चौंक सारथिक साज, अक्षत अबीर उडि अरुन राज;

हरितं सुद्रुव हरिता धरंत, प्रासाद पुष्प वृष्टी परंत.
जित तित सुदीप माला प्रकास, मानो सहस्र कर सत उजास,
बंनिता विसेष साजे सिंगार, झांखे द्रीच दामनि उजार.
साहा नमंत शिर हाट हाट, हाटक हमेल चिक झुकित पाट;
रजधान राज प्रविसत प्रकार, किंकर सलाम कीनी गुजार ॥ १० ॥

ટીકા—દહાડાના આખર લગનમાં સર્વે દળ તૈયાર થઇ ચાલ્યું તે વખતે થયેલ વાંજીત્રોનો નાદ પૃથ્વીથી આકાશ સુધી ગાજી રહ્યો, બાગ બગીચાઓ વિગેરે ઉપવનનાં અનેક વૃક્ષો પ્રકાશીત થઇ રહ્યાં છે. જેની ગલીઓમાંથી લશ્કર વહે જાય છે, બપૈયા, પોપટ, કોયલ, ચકવા, મોર આદિ પક્ષીઓ મધુર સ્વરથી બોલે છે, તથા પૂર્ણપણે વિકસેલાં ફુલોની પાછળ ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે, પાણી ભરેલાં સરોવર, તળાવ, નદીયો, કુવા વિગેરે જળાશયોની તીરે સારસ, સીંચારાં આદિ જળચર પ્રાણીના સમુહ બેઠેલો છે; એ વિગેરે અનેક લીલાઓ બંને નૃપો નીરખતા નીરખતા સૈન્ય-દળ સહિત પુર પાસે આવે છે, રાજા આવવાની ખબર સાંભળી પુરવાસીઓ અતિ ઉત્સાહથી પુરના કિલ્લા બહાર આવ્યાં એટલુંજ નહીં પણ મહારાજને જોવાની ઇચ્છાઓમાં ઘણાં હર્ષ઼ઘેલાં બની સ્રી પુરૂષો સામે ચાલે છે-તે જાણે સામેથી બીજું મોટું દળ આવતું હોય નેશું? તેમ દેખાય છે. વળી તે જાણે સેનારૂપી નભમંડળમાં રાજારૂપી ચંદ્રનો પ્રકાશ થવાથી, સામે ભેટવાને આવતા માણસોના સમુદાયરૂપી સમુદ્ર છલકાઇને આવતો હોય ને? તેમ શોભે છે. પુરના દરવજાબહાર નીશાન ઉડવા લાગ્યાં, સૂર્યનું તેજ મંદ થઇ ગયું અને સમેદાન એટલે મસાલો પ્રગટાઇ તે વખતે ઘણા બ્રાહ્મણો, કવિયો આશીર્વાદ દેવા લાગ્યા, અમીરાદિ સામંતોએ પોતાના ઇશ જેવા રાજાને નીચાવળી મસ્તક નમાવ્યાં, કોટના રખેવાળોએ સલામ ભરી, રાજા નગરના દરવજામાં આવ્યા તે સમયે કુમાર રૂદ્રસેન ડાબી બાજુએ, વચમાં નીતિપાળ અને જમણી બાજુએ રસસાગર એવી રીતે ત્રણે જણ હાથી ઉપર બેશી ચાલે છે, વાજીત્રોના સુંદર શબ્દો થઇ રહ્યા છે, ગણીકાઓ ગાયન કરે છે, બંદીજનો બિરદાવળી બોલે છે અને ચોપદારો નકી પોકારે છે. નગરનાં સર્વે સ્રી પુરૂષોના મનમાં ઉત્સાહ ઉછળી આવ્યો છે-અને તેથી રાજ માર્ગમાં ઠેકાણે ઠેકાણે ફુલના હાર તોરણો તથાં વાવટાઓ બંધાયાં છે, બજારે બજારે સુંદર રંગથી સાથીયા પુરાયા છે તથા જગે જગે ચોખા, અબીલ ગુલાલ ઉડવાથી આખો રસ્તો લાલ થઇ રહ્યો છે, તેમજ લીલી દ્રોવાળી જમીન તો જાણે દ્રોરૂપી પૃથ્વીએ લીલા રંગની સુંદર સાડી પહેરી લીધી હોય ને? તેમ લાગે છે. આખે રસ્તે ઉંચી

મેડીઓ અને અટારીઓ ઉપરથી નૃપને વધાવવા ફુલનો વરસાદ વરસે છે, જગોએ જગોએ હાંડીઓ, ઝુમ્મરો, દીપમાળો સળગી રહ્યાં છે તે આદિ થયેલી રોષની તો જાણે સો સૂર્ય સાથે ઉગ્યા હોય ને? તેવું તેજ આપે છે. ઘણી રૂપવાન સ્ત્રીઓ તરેહ તેરેહના શૃંગાર સજી બારી બારણે પડદા-ચક નાખી જુવે છે, દુકાને દુકાને શાહુકારો મહારાજાને નીચાવળી નમન-પ્રમાણ કરે છે, કંચનવણી હુંમેલ અને રત્ન જડિત સુવર્ણના હાર ઝુકી રહ્યા છે, એમ રાજ મહેલમાં જતાં મહેલ માંહલા કિંકરોએ આવી મસ્તક નમાવ્યું. [૧૦].

छप्पय.

राज निकट आराम, नाम नवरंग बाग जिहि;
रससागर जुत सेन, कीन सुमुकाम ठोर तिहि.
संग रहे रुद्र सेन, विविध मनुहार बनायत;
बाग मेहेल सुभ थान, तहां कीनी सु बिछायत.
नृप नीतपाल सूधे चले, पंच उलंघित देहरी;
गज तजि दिवान कीनों तहां, चली वधाइ सु चेहरी. ॥११॥

ટીકા—રાજમહેલ નજીક નવરંગ નામનો જે બાગ છે તેની અંદર પોતાના લશ્કર સહિત રસસાગરે મુકામ કર્યો, જહાં કુંવર રૂદ્રસેન સાથે મળી અનેક પ્રકારની મીજલસો અને રંગ ભોગ ભોગવે છે, બાગની મધ્યે એક સુંદર મેહેલ હતો તે ઠેકાણે ઉત્તમ જરી કપડાંથી બીછાયત કરાવી, રસસાગરને ઉતારો આપી નીતિપાળ રાજા સીધા ચાલ્યા અને પાંચ દહેરીઓ વટાવા હાથીએથી ઉતરી દિવાનખાનામાં જઇ બેઠા તે જોઇ દાસી અંતઃપુરમાં વધાઇ દેવા દોડી. (૧૧)

दोहा.

अंदर द्वार उछाह हुय, सजे सु मंडन नार;
दीपमाल दिश दिश जगी, गायक गान उचार. ॥ १२ ॥

ટીકા—મહારાજ પધાર્યાની વધામણી સાંભળી અંતઃપુરમાં પરમાનંદ થઇ રહ્યો ને તેજ વખતે રાણીઓએ તરેહ તરેહનાં વસ્ત્રાભુષણોથી અંગે સોળ શણગાર સજ્યા અને દિશાયે દિશાયે દીપમાલા પ્રગટી, તથા ગાયન કરનાર સ્ત્રીઓ ગાવા લાગી. (૧૨)

छप्पय.

महल सोर महाराज, सोर सोरह दासी जुर;

चली बधावन राय, अतिहि आनंद लाय उर.
केसर अतर गुलाब, चुआ चंदन लीने कर;
उडत अबीर गुलाल, थार मुकता फलके भर.
बिध बिध प्रसून धारे प्रथक, मंगल गावत मंद गती;
सिंगार सोर वृष सोर बय, आइ जहां राजे नृपति. ॥१३॥

ટીકા—મહારાજ નીતિપાળને સોળ રાણીઓ છે અને તેમના રહેવાના સોળ મેહુલ છે, તે દરેક મેહુલથી સોળ સોળ દાસીઓ ટોળે મળી મનમાં ઘણા હર્ષ ધરી મહારાજાને વધાવાને ચાલીઓ, જેમણે કરને વિશે કેસર, અત્તર, ગુલાબ, ચુવા અને ચંદનનાં કંચનનાં નકસીદાર પાત્રો ધારણ કર્યાં છે, તેમજ અબીલ ગુલાલ તથા વધાવા વાસ્તે મોતીઓથી ભરેલા કનક થાળ, સાતસાતનાં ફુલોથી ભરેલી અનેક છાબો લઇ ધીરે ધીરે મંગળ ગીતો ગાતીઓ ચાલે છે, તે દાસીઓ કેવી છે કે જેમણે સોળ શૃંગાર અંગપર પહેરી લીધા છે, તથા જેમની ઉમ્મર પણ સોળ સોળ વર્ષની છે એવી ભરજોબનના મદથી માતી રૂમઝુમ ઝનકારને કરતી તે સ્ત્રીઓ જહાં મહારાજા નીતિપાળ બીરાજ્યાછે ત્હાં આવીઓ. (૧૩)

दोहा.

अरचे चरचे ईश प्रति, सुमन हार पहिराय;
निराजन घन सार किय, शशिगोती सु बधाय. ॥ १४ ॥

ટીકા—આદ મહારાજાની વિધિએ પુજા કરી ચંદન ચરચ્યું, ફુલના હાર ગજરા પેહેરાવ્યા, કપુરથી આરતી ઉતારી મોતીઓથી વધાવ્યા. [૧૪]

किंकर निज कीनी बिदा, उर अति बढ्यो उमंग;
महाराज प्रापित महल, वहें सहेली संग. ॥ १५ ॥

ટીકા—આ પ્રકારે નીતિપાળના મનતરંગમાં મહાઉમંગની છોળો ઉછળવા લાગી અને તેથી પોતાના તમામ અનુચરોને રજા આપી પોતે આવલી દાસીઓ સાથે મેહેલમાં ગયા. (૧૫)

खांन पांन सय्या सहित, करि सागर मनुहार;
रुद्रसेंन आयस लई, गये सु निज आगार. ॥ १६ ॥

ટીકા—ખાંનપાન અને સુવાને પલંગાદી સય્યા વિગેરેની જોઇતી તમામ વસ્તુઓ પુરી પાડી રસસાગરની સારી રીતે મનુહાર કરી પછી આજ્ઞા માગી રૂદ્રસેન કુંવર પોતાના મહેલે પધાર્યા. (૧૬)

आमिषादि नित नित असन, बहु व्यंजन पकवान;
अस्त उदैं कल परत नहि, अति आनंद उद्यान. ॥ १७ ॥

ટીકા—રસસાગરને નિરંતર માંસ, અનેક પ્રકારનાં શાક, ભાતભાતનાં પકવાન વિગેરે ભોજનથી તથા મનગમતી સહેલ મલવાથી સૂર્યના ઉદય અસ્તની પણ ગમ રહેતી નથી. (૧૭)

सुरा आदि बिधि बिधि अमल, बिधि बिधि गान उचार;
आमंत्रन बिधि बिधि नये, बिधि बिधि नित मनुहार. ॥ १८ ॥

ટીકા—મદીરા અફીણ વિગેરે અનેક જાતની કેફ, સમય સમયની રાગ રાગણીથી ગાયન, રોજ રોજ પ્રત્યે નવનવાં આમંત્રણ તથા નવ નવા પ્રકારના ખાનપાનવાળી મીજલસોથી રસસાગરને સુખ ચેનમાં રાખે છે. [૧૮]

छप्पय.

नीतपाल मनुहार, सरस रससागर मानी;
सागर की जु सयांन, नीतपालादि बखानी.
पख इक गयो प्रमान, अरज बिदाकी कीनी;
नीठ नीठ करि नीत, पाल आयस तब लीनी.
एकेक दान दुजे कवि दीये, उर उछाह अति अति बढे;
बाजे निशांन उदित अरुन, सेन सु रससागर चढे. ॥ १९ ॥

ટીકા—નીતિપાળ રાજાની પરોણાગત કબુલ રાખી તેથી તથા કુમાર રસસાગરનું ડહાપણ, વિનય, વિવેક તથા શૂરાતનથી નીતિપાળ રાજા આદિ સર્વે અમીર ઉમરાઓએ ઘણાં વખાણ કર્યાં, એ પ્રમાણે સુખ ભોગમાં એક પખવાડીયું વહી ગયું પછી સાગરે પોતાને પુર=ઘેર જવાની અરજ કરી તથા ઘણીજ ઉતાવળ કરી ત્યારે મહા મહેનતે નીતિપાળ રાજાએ વિદાયગરી આપી તેથી અંતરને વિશે અતિ આનંદીત બની દરેક બ્રાહ્મણ તથા કવિઓને બોલાવી તેમના દરજ્જા પ્રમાણે દાન આપ્યાં. પ્રાત:સમયે સૂર્ય નારાયણનો પ્રકાશ થયો ત્યારે રસસાગર કુમારનાં લશ્કરનીઅંદર કુચનાં નગારાં વાગવા લાગ્યાં અને તેજ વખતે કુમાર સહિત તમામ સેના સ્વદેશ જવાને તૈયાર થઇ. (૧૯)

अथ छंद मुक्तदाम.

चढे रससागरजू गजराज, सज्यो सतकुंभ सु कुंभिय साज;
सुरंगिय पाग सु शीश लसंत, तुरा लर मोतनकी सु झुकंत.

कलंगिय पच्छ हमाउ सुकीन, नव ग्रह शीश सु पेच मनीन;
कनंक गुलीक सु कुंडल कान, मनूं मुख बिंब सु भान विहान.
झगा कसमीर सु रंगित झीन, भर्यो जर चंदन अत्तर भीन;
मनी जट चोकिय मोतन माल, सुशोभित सोसनियं सु दुशाल.
बिराजत नील मनी 'भुज-बंध', शुभं बल नीक जटे "कर-संध";
बनीं मनि मुद्रिक पल्लव बीच, मनो नखतावलि रैंन मरीच.
रह्यो कटि फेंट गुलाबिय रंग, सुनेरिय मीन कटार सु संग;
भरयो जर तार सु नील तुमान, कसी असि चाप उभैं कर बान.
कुलावन बीच झुकंत निवंग, उदैं मनु कोटिहि कोटि अनंग;
नकीबन हाक बजंत निशान, भयो दल कूच सु उदित भान.
महेलन नीठ चले महराज, परी उनकानिन नाद अवाज;
बिलोकन ब्रह्म सुता परवीन, झरोखन आय दुहू द्रग दीन. ॥२०॥

ટીકા—સોનાની રત્ન જડાવ અંબાડી જેની પીઠપર છે એવા હાથીઓમાં ઉત્તમ હાથીપર કુમાર રસસાગર સ્વાર થયા, તે ઘડીએ સુંદર રંગની પેચદાર પાઘડી મસ્તકને વિશે ધારણ કરી છે, જેમાં મોતીની સરો અને અમુલ્ય રત્નોના ફુમતાવાળા તોરા ઝૂકે છે, પાગ મધ્યે હુમાઉ પક્ષીનાં સુંદર પીછાંની કલગી ધારણ કરેલી છે, તેમજ તારામંડળમાં ચળકતા મહા તેજોમય નવ ગ્રહો જેવા મણીરત્ન માણેકોથી જડીત્ર શીરપેચ ઝળહળી રહ્યા છે,કાનને વિશે સુવર્ણનાંમોતીઓથી ભરેલાં લોલક લળકી રહ્યાં છે, અને અંગે ધરેલા અન્ય અલંકારોથી સાગરનું ગોળ મુખ જાણે પ્રભાતના સૂર્યબિંબ સરીખું હોયને! એમ શોભે છે. કેશરી રંગનો નકસીથી ભરપુર તથા જરીના નાનાવિધ બુટ્ટાદાર ચંદન અને અત્તરના છાંટણાથી ભીંજાયેલો જામો પેહેર્યો છે, મણીમય મુલ્યવાન ચોકીદાર હાર તથા મુકતાફળ મોતીની માળા ગળામાં શોભે છે, ખભા ઉપર સુંદર રંગીન દુશાલો નાખેલો છે, કરને વિશે લીલા મણીથી સોહાતાં સુંદર બાજુબંધ, પહોંચી-નવગરૂ તથા હીરાજડીત સોનાનાં કડાં પહેરેલાં છે, હાથની દશે આંગળીઓએ મણીમય વીંટીઓ શોભે છે,-તે જાણે રાત્રીને વખતે નભ વિશે નક્ષત્રોનાં કીરણો ચળતાં હોય ને! સોનેરી અને વળી મીનાકારીથી ભરેલા મ્યાનવાળી કટાર તથા ગુલાબી રંગનો સુંદર દોપટ્ટો કમ્મરને વિશે લપટેલ છે, જરીના તારથી ભરેલો લીલા રંગનો તમાન તથા સોનેરી મુંઠવાળી તરવાર કેડે કસી લીધા છે, બેઉ હા-

થમાં ધનુષ તથા વાંસાને વિશે બાણથી ભરેલો ભાથો શોભે છે;-તે સમે સાગર જાણે કરોડો રતિનાથ કહેતાં કામદેવ પ્રગટ થયા હોય નૈ? એવા કામરૂપ લાગે છે. ચોપદારો નકી પોકારે છે, નગારાં વાગી રહ્યાં છે એમ સૂર્ય ઉગે તમામ સૈન્યદળ કુચ કરીનીકળ્યું. એવા દમામથી રાજકુમાર સ્વારી સાથે રાજ મેહેલ પાસેની ગલીને રસ્તે થઈ જાય છે, તે સમયનાં અનેક વાજીત્રોનો નાદ સાંભળી કળાપ્રબીન અને કુસુમાવળી ગોખમાં આવી સ્વારીને જુવે છે એટલે સાગરને સેન સહિત બન્ને જણીઓયે જોયા. [૨૦]

अथ प्रवीन चरित बर्नन अलंकार जाति स्वभाव

कवित्त.

उदित मिहीर बाल मंजित गुलाब नीर,
फिरोसी सु चीर धरयो छेहरे किनार जर;
बिछुआ मंजी पाय किंकिनि शरीर मध्य,
मोती मनिहार हीर भुजबंध चूर कर.
बेसर सु कीर नासा काशमीर खोर बिंद,
लोलक पुभी रजंत कवरी कुसुम लर;
नेंन तीर नागे रेख बीर पान बीर देत,
सुनत गहीर धुनि धीर न सकीसु धर. ॥ २१ ॥

ટીકા—સૂર્ય ઉગવાથી કળાપ્રવીણ ગુલાબજળથી ન્હાઇ જરીના છેડા અને કીનારીદાર પીરોજા રંગનું ચીર પેહેર્યું, પગની આંગળીઓએ વીંછીયા તથા પગમાં લંગર અને કેડને વિશે કટીમેખળા બાંધેલી છે, કંઠે મોતી અને મણી માણેક આદિ હીરાના હાર તથા હાથે બાજુબંધ અને ચુડીયો પહેરેલી છે, પોપટની ચાંચ જેવા નમેલા નાકમાં નથ પેહેરી; કપાળમાં કેસરની આડ અને લાલ કંકુ-હીંગળોકની બેંદી કરી છે, કાનમાં હીરાનાં લચકાદાર લોલક લળકી રહ્યાં છે, ચોટલામાં ગુંથેલી ફુલની વેણી શોભે છે, ભાલોડારૂપી તીક્ષણ આંખ્યોમાં અંજનની સેર આવી રહી છે, અને સખિયે પાનની બીડી મુખમાં આપેલી છે એવી સુકુમાર કળાપ્રવીણ વાજાનો ગંભીર નાદ સાંભળી ચિત્ત ઠેકાણે રાખી શકી નહી અર્થાત્ ધીરજ રહી નહીં. (૨૧)

अथ पुर्णोपमा अलंकार.

उठीहे चमंकि पाय धरनि धमंकि धरे, जेहर झमंकी मन आतुर अती भई;
उर अकुलाय धाय चढीहे झरोख जाय, चिकसु उठाय लखी कुसुम अगें लई.

सागर चलंत मैग जुरत दुहुन द्रग अटाकी घटानमें छटान ज्यौं छिपैं गई;
दोऊ मन प्रेम बान लगे ज्यों लगे निशांन पें अयान तनत्रान छेदन भये दई. ॥२२॥

ટીકા—એવી રીતે વાજાના નાદથી ચમકીને ધમક ધમક પૃથ્વી ઉપર ચાલવા લાગી તેથી ઝાંઝરનો ઝમકાર થઇ રહયો, પછી ચિત્તમાં ઘણી આતુર બની, મુંઝાઇ અકળાઈ છેવટે વેગથી દોડી જઇ ઝરોખે ચડી ત્યાં નાંખેલા ચકને ખેંચી લઇ પ્રિયસખી કુસુમાવળીને આગળ રાખી કુમારને નીરખવા લાગી, તે સમે રસ્તે ચાલતા સાગરની નજર અટારીએ ઉભેલી કળાપ્રવીણ ઉપર પડી એમ બંનેની દૃષ્ટિ એકમેક થતાંજ વાદળાંની ઘટામાં જેમ વીજળી છુપી જાય તેમ મેડીમાં કળાપ્રવીણ સંતાઇ ગઈ, પરંતુ જેમ તાકેલા નીશાન ઉપર બાણ વાગે તેવી રીતે બન્નેનાં મનમાં એક બીજાને પ્રેમ બાણ લાગ્યાં તે જેમ અજાણપણામાં બખતર કાપીને તીર ભોકાય તેવીરીતે બંનેનાં મન છેદાઇ ભેદાઇ ગયાં. (૨૨)

सवैया.

सागर जात गयंद चढे सु, प्रबीन झरोख चढी उमगी;
दूर कियो चिक दीठ जुरी जुग, रीझ भई भरि लाज भगी.
दामनि ज्यौं सु द्रमंक गई चित, दोउनके सु चमंक लगी;
होत नहीं बिरहानल उद्दित, प्रेम जरीक जगी चिनगी. ॥ २३ ॥

ટીકા—કુમાર સાગર જેમ ગજેંદ્ર ચડી રસ્તે જાય છે તેમ મહા ઉમંગ તથા આતુરતાવાળી કળાપ્રવીણ ઝરૂખે ચડેલી છે, ચક દૂર કરી જોવા લાગી એટલે બંનેની દૃષ્ટિ એકમેક થતાં ઉર વિશે અતિ ખુશાલ થયેલી કુમારી કળાપ્રવીણ કાંઇક લાજની મારી ઠમકતી પાછી હઠી,–તે જેમ વીજળી ચમકીને વાદળમાં છુપાઇ જાય તેમ કળાપ્રવીણ સરમાઇ સંતાઇ ગઇ ખરી; પણ બન્નેના ચિત્તે કંઇ ઓરપણું ધારણ કર્યું. તેથી છેક વિરહાગ્નેનો ઉદય થયો નહિ પણ સહેજ પ્રેમની ચીનગારી જાગી. [૨૩]

दोहा.

धन संबत रितु मास पख, धन सु उदे दिन कीन;
जाम घरी पल धन लग्यो, सागर प्रेम प्रवीन. ॥ २४ ॥

ટીકા—સંવત, ઋતુ, માસ, પક્ષ, તેમ આજના ઉગેલા દિવસને ધન્ય છે, વળી પોહોર, ઘડી અને પળને પણ ધન્ય છે કે જેમાં સાગર અને પ્રવીણને પ્રેમ લાગ્યો. (૨૪)

बैंठि बाल बीछोंन परि, मन फुनि चितवन चात;
रससागर मग गमन किय, झांखी चख उरझात. ॥ २५ ॥

ટીકા—એવી રીતે કળાપ્રવીણ પાછી હઠી સુંદર બીછાવેલા ભરકચીના ગાલીચા ઉપર બેઠી તો ખરી પણ ચિત્તને કંઇ ગોઠતું નથી. વારંવાર તેનું ધ્યાન કરે છે તથા રસસાગર ગયા તે રસ્તાને ઘણી વખત નિહાળી નિહાળી મુંઝાય છે. [૪૫]

छप्पय.

रससागर मग जात, हरम्य हरम्यनि प्रति हेरत;
वह मुख निरखन चहत, कंथ फुनि पाछें फेरत.
प्रापत भये बजार, साह शिर नमत जितैं तित;
निकसे नग्र बहीर, चटक लागी न मटत चित.
दोऊ लखंत दुचिते भये, बय किसोर कहत न बनें;
एकेक चाउ लागी सु उर, मुरझावत निज निज मनें. ॥२६॥

ટીકા—રસસાગરને માર્ગે જતાં અનુક્રમે ઉંચે ઉંચે માળે ચડી કળાપ્રવીણ જુવે છે તેમજ ચંદ્રમુખી કળાપ્રવીણનું મુખાર્વિંદ જોવાની અભિલાશાએ રસસાગર પણ પાછા ફરી ફરી જુવે છે, એવી સ્થીતિ અનુભવતાં બજારમાં આવ્યા જહાં હાટે હાટે શેઠ શાહુકારો શીર નમાવે છે, એમ કરતાં નગરની બાહાર નિકળ્યા પણ ચિત્તમાં જે ચટક લાગી છે તે કેમે કરી દૂર થતી નથી, એ પ્રમાણે બંને પરસ્પર એક બીજાને જોવાથી વિહ્વળ તથા બેચેન થયા છતાં ન્હાની ઉમ્મર હોવાથી કોઇને કાંઈ કહેવાયું નહીં, પણ એક બીજાને હૃદયમાં મોહ ઉપજ્યો છે તેણે કરી મનમાં મુઝાવા લાગ્યાં. (૨૬)

अथ अलंकार उत्प्रेछा—गाहा.

प्रेम रह्यो परछन्नं, गुप्त औषधि मंत्र अंकह मुनि;
मानहु ईसमें अनलं, जल सुचिताइ वेद परि ब्रह्मं. ॥ २७ ॥

ટીકા - ઔષધમાં જેમ ગુપ્ત ગુણ રહ્યો છે, મંત્રના અંકમાં મુનિ છંદ રહ્યા છે, મહાદેવના ત્રીજા નેત્રમાં અગ્નિ રહ્યો છે, પાણીમાં પવિત્રપણું રહેલું છે, વેદમાં પરબ્રહ્મ રહ્યા છે, તેમ કળાપ્રવીણ અને સાગરના મનમાં ગુપ્ત પ્રેમ વાસ કરી રહ્યો. [૨૭]

प्रेम बीज उर पहियं, रहियं लाज पांसु लपटायो;

जोबन घन बरखंतं; बृच्छ अमोल ऊगहे आगें. ॥ २८ ॥

ટીકા—હૃદયરૂપી પૃથ્વામાં પ્રેમ રૂપી બીજ પડ્યું અને તે લાજ રૂપી ખાતરમાં લપટાઇ રહ્યું તે જ્યારે જોબન રૂપી વરસાદ વરસશે ત્યારે તેમાંથી આગલ અનુપમ વૃક્ષ ઉગશે. (૨૮)

अथ छंद चंद्रायणा.

चले सु सागर सेंन, मनंछा नग्रसें; नीतपाळ तारीफ, रसनकी अग्रसें.
सूर बंस हद छंडि, गये सु पहारमें; सागर चूके सुरत, लगे सु सिकारमें.
दिवस चले दस बीस, मुकाम मुकामसें; उतरे आय उदान, निकट निज धामसें.
बहें सु किंकर नग्र, बधाई जा करी; ठोर ठोर उच्छाहे, उमग लागी झरी.॥२९

ટીકા—સાગરનુ સેન મનંછાપુરીથી ચાલ્યું તે જીહવાગ્રે નીતિપાલ રાજાની તારીફ કરતુ કરતુંસૂર્યવંશી રાજાની હદ છોડી એક પહાડી જગાએ જઈ પેહોચ્યું, કુમાર રસસાગર ત્હાં કળાપ્રવીણની પ્રેમ સ્મૃતિને વિસારે મુકી સીકાર ખેલે છે એવી રીતે ચાલતાં, મુકામો કરતાં દસ વીસ દિવસે પોતાના નગ્ર સમીપે આવી પહોંચી પોતાના બાગમાં મુકામ કર્યો, ત્હાંથી નોકરોએ શહેરમાં જઇ વધામણી કહી જેથી આખા પુરની અંદર ઠેકાણે ઠેકાણે ઉચ્છવ અને ઉમંગની ઝડી મચી રહી. (૨૯)

छप्पय.

सांझ समे चढि सेंन, तूर दुंदभि धुनि बज्जिय;
राग रंग गुन गान, होत पूरह प्रवेश किय.
अटन अटन जन चढे, सूमनको घन बरपावत;
चंदन केसर चरचि, माननी मंगळ गावत.
निज द्वार नीठ उमराउ सब, शीश नामि गृह गृह बहे;
सागर प्रदीप बंदे चरन, कहि वितीत महिलन गये. ॥ ३० ॥

ટીકા—સાંઝ સમયે સૈન્ય ચડ્યું એટલે રણતૂર દુંદભી ઇત્યાદિ વાજીત્રો વાગવા લાગ્યાં, રાગ રંગ અને ગાન તાનથી કુમારે શેહેરમાં પ્રવેશ કર્યો. તે સમે બારી બારીએ અને ઝરૂખે ચડીને લોકો સાગરને વધાવવા ફુલની વૃષ્ટિ કરવા લાગ્યા, કેસર ચંદન ચરચીને સ્ત્રીયો મંગળ ગીતો ગાવા લાગીઓ. રાજદ્વાર પાસે આવતાં તમામ અમીરઉમરાઓ આજ્ઞા લઇ નીચાવળી સલામ કરી પોત પોતાને ઘેર જવા લાગ્યા, પછી કુમાર રસસાગર પોતાના પીતાશ્રી પ્રદીપ રાજાના ચરણનું વંદન કરી બનેલી સઘળી બીના કહી મેહેલમાં ગયા. [૩૦]

गाहा.

मिलन नृपति मनुहारं, जुग द्रग जुरत प्रेम उतपन्नं;
नेह सु नग्र सपंतं, चउद प्रबीन सागरो लहरं. ॥ ३१ ॥

ટીકા—રાજા નીતિપાળ અને રસસાગરનો સમાગમ, નીતિપાળ રાજાની મનુહાર, કળાપ્રવીણ અને રસસાગર બન્નેની એક દૃષ્ટિ થવાથી પ્રથમ પ્રેમનું ઉત્પન્ન થવું, ત્હાંથી નેહ નગ્રમાં આવવું આદિ વૃત્તાંતવાળી પ્રવીણ સાગરની આ ચૌદમી લેહેર સંપૂર્ણ થઈ. (૩૧)

इतिश्रीप्रबीनसागरग्रंन्थेनीतिपालसहेलानबर्ननचतुर्दशमीलहरं. ॥१४॥

लेहेर १५ मी.

अथ रससागर उद्वाह प्रसंगो यथा–सोरठा.

रससागर महराज, भई त्रयोदश बरष बय;
नृप प्रदीप सुख साज, किय अहर उद–वाहको. ॥ १ ॥

ટીકા—રસસાગર મહારાજની તેર વર્ષની ઉમ્મર થઈ તેથી પ્રદીપ રાજાએ ખુશી થઈ વિવાહનો આરંભ કર્યો. (૧)

छप्पय.

मुलक 'मेद–पुर' मुदित, नाथ संग्राम सेंन जिहि;
तास सुता सुभ लच्छ, आव्हयें 'चंद्र–कला' तिहि.
शोधि शील कुल रूप, तहां संबंध द्रढायो;
शुद्ध मुहूरत धारि, लगन दुज साथ पठायो.
लीनो बधाय मुक्ता फलन, भौंन भौंन उच्छव भये;
कीने बिदाय दुज देवको, मनि कुंदन भूषन दये. ॥ २ ॥

ટીકા—મેવાડ મુલકમાં મુદિતપૂર નામનું શેહેર છે અને ત્હાં સંગ્રામસેન રાજા રાજ્ય કરે છે,–તેને શુભ લક્ષણવાળી ચંદ્રકળા નામે એક કન્યા છે, તેનું શીલ, ઉત્તમ કુળ અને સ્વરૂપ ઇત્યાદિ જોઈ તેની સાથે રસસાગરના વિવાહનો કરાર કર્યો. સંગ્રામસેન રાજાએ પણ શુભ મુહૂર્ત્ત જોવરાવી લગ્ન પત્રિકા બ્રાહ્મણ સાથે મોકલી; તે લગ્ન પડીને મોતીથી વધાવી લીધું તેથી પુરમાં કુંવરનાં લગ્ન લીધાની વાત ફેલાતાં ઘેર ઘેર ઉત્સવ થઈ રહ્યો અને લગ્ન લાવનાર

બ્રાહ્મણને મણી કુંદન યુક્ત સુવર્ણના અલંકાર અને પોશાગ વિગેરેથી સંતોકી વિદાય કર્યા. (૨)

अथ लग्न भेद अवयोग—छप्पय.

कुलिक विष्टि उतपात, मृत्यु कानक यमघंटह;
लतायोग गृहवेध, वैध्रता गेल षतिपातह.
अष्ट षष्ठमें इंदु, क्रांति=साम्य सु गलांत गन;
रिक्ता दग्धा तिथ्य, प्रथम संक्रांतिहुको दिन.
नक्षत्र गृहन छंडे हयन, अष्टादश अवयोग लखि;
उदवाह समय सागर गनक, यहें लग्न लीनों परखि. ॥ ३ ॥

ટીકા—કુલિક, વિષ્ટિ, ઉત્પાત, મૃત્યુ, કાણુક, યમઘંટ, લત્તાયોગ, ગૃહવેધ, વૈધ્રત, એકાર્ગળ, વ્યતિપાત, આઠમે તથા છઠે ચંદ્ર, ક્રાંતિસામ્ય, ગલ્લાંત રિક્તા તથા દગ્ધા તિથિ, સંક્રાંતિનો પહેલો દિવસ અને તે વર્ષમાં ગ્રહણે ભોગવેલું નક્ષત્ર, એ અઢાર અવયોગને દૂર કરી સાગરના વિવાહની વખતે જોશીએ લગ્ન પરિક્ષા કરીને લીધું. [૩]

दोहा.

सोम सूर माधव शुकल, दशमि देव गुरुवार;
स्वातिभ गोधूलिक समें, कियो लग्न निरधार. ॥ ४ ॥

ટીકા—ઉત્તરાયણના સૂર્ય, વૈશાક મહિનાના શુકલ પક્ષની દશમ અને ગુરૂવારને દિવસે સ્વાતિ નક્ષત્રમાં ગોધુલિક એટલે સાંઝસમે લગ્નનો નિશ્ચય કર્યો. [૪]

उभय ठोर उच्छव रच्यो, उर उदवाह सु धार;
पूजे हेरंबी प्रथम, विघन बिनासन हार. ॥ ५ ॥

ટીકા—ઉરને વિષે વિવાહનો વિચાર ધારી બન્નો ઠેકાણે લગ્ન ઓચ્છવ રચાયો અને પ્રથમ સમારંભમાં વિઘ્નહર્તા એવા ગણપતિનું પુજન કરવા માંડયું. [૫]

तत्र गणपति स्तुति—छंद जयमंगल.

गुनं वृंदं गनेशं, सुही बंदं सुरेशं, मथू दुंदी मचंडं, बुधी दाता वितुंडं,
करी कुंभं विशालं, रदं मेकं रसालं, बन्यो भालं सु चंदं, चढ्यो बिंदू सु बंदं.
अनूरागं दुकूलं, कुनैं दामं मफूलं, हरं सूनु हरंबे, उरं मोदं सु अंबे,

खनंके सं अरूढं, गिरागम्यं सुगूढं, सुधी बुद्धी सु ईशं, गना मुख्यं गिरीशं, विघन्नंही बिदारं, अनंतं धी उदारं, शुभं आदेश सामी, नमो तुभ्यं नमामी.॥ ६ ॥

ટીકા—ગુણના વૃંદ-ભંડાર એવા ગણપતિ કેવા છે કે જેનું ઈંદ્રાદિ દેવો પુજન કરે છે, પહોળું અને મ્હોટું જેનું પેટ છે, બુદ્ધિના આપનાર, લાંબી સુંઢવાળા અથવા બેતુંડવાળા, વિશાળ કુંભસ્થળવાળા, જેણે હાથીનું મસ્તક ધારણ કરેલું છે, સુંદર અને રસાળ એક દાંતવાળા, જેણે કપાળમાં ચંદ્રને ધારણ કર્યો છે, લલાટમાં તિલકને ઠેકાણે જેણે સિંદુર ચર્ચ્યો છે, લાલ રંગનાં રેશમી વસ્ત્ર પેહેર્યાં છે. વિકસેલ લાલ કરેણના ફુલોના હાર જેણે ધારણ કરેલા છે, શંકર અને પાર્વતિના પુત્ર, માતાના મનમાં હર્ષ ઉપજાવનારા, ઉંદર ઉપર બેસનારા, ગુંઢ વાણીના ભણનાર, સીદ્ધિ બુદ્ધિના ઇશ, ગીરજાપતિ શંકરના ગણોમાં મુખ્ય, વિઘ્નહરી, અપાર બુદ્ધિવાળા, ઉદાર, અને શુભ આદેશના કરનારા ગણુપતિ? હું તમને ષોડ્શોપચારે કરી નમન કરૂં છું. [૬]

दोहा.

रसमय रससागर कुमर, 'चंद्र-कला' छबि लीन;
गनपति पूज सु 'मदन-फल', कौतुक बंधन कीन. ॥ ७ ॥

ટીકા—ચંદ્રકળાની છબીમાં લીન થયેલા રસિક રસસાગર કુમારે ગણપતિની પુજા કરી મંગળ સૂત્રની સાથે મિંઢળ પોતાને હાથે બાંધ્યું. [૭]

अथ छंद चर्चरी.

दोय ठोर गनेश पूजित, नील मंडप छाहितं;
देश देश आमंत्र कीने, भूप दिशि दिशि आहितं.
गान गायक तान साधत, भेद बाजित्र बाजितं;
कंचनी नित नृत्य कारित, राज मंडल साजितं.
धाम धामनि कुंभ हाटक, पाट तार 'पता-खियं';
वेद भेद सु वीप्र पाठित, कीरती कवि भाषियं.
दूब हारित द्वार द्वारन, "बंद-माल" सु बद्धियं;
'रक्त-राज' अबीर ऊडत, सारथीक सु सद्धियं.
काशमीर कपूर अत्तर, चूआ चंदन लाहितं;
बास भूषन साज दंपति, बाम मंगल गाहितं.

खान पान अनेक आसव, चित्त सह आनंदहे;
पांडुके बलिराय अध्वर, सत्र ए रघु इंदहें. ॥ ८ ॥

ટીકા—આ પ્રમાણે બંને ઠેકાણે ગણેશ પૂજન થઇ રહ્યું છે, લીલા મંડપો રોપાયા છે, દેશો દેશ કંકોતરીઓ મોકલી આમંત્રણ કર્યાં છે, તેથી ઘણા દેશોના ભૂપતિયો આમંત્રણને માન આપી લગ્નમંડપમાં આવ્યા છે, ત્હાં ગવૈયા વિધવિધની રાગ રાગણીથી ગાન કરે છે અને તેમાં નરઘાં સારંગી આદિ સુર પુરે છે, એવી રીતે ઘણા ભેદથી વાજીત્રો વાગી રહ્યાં છે. નાયકાઓ નિરંતર નાચ તમાસા કરે છે, દેશદેશથી આવેલા રાજવંશીઓનાં મંડળો શોભે છે, અને આખા પુરમાં ઘેર ઘેર કનક-કળશ તથા રેશમી પતાકા ઝળકી રહ્યાં છે! જુદા જુદા વેદના ભેદથી બ્રાહ્મણો વેદ-ધ્વની કરી રહ્યાં છે, કવિયો જસ બોલે છે, લીલી દ્રો અને તોરણ ઘરેઘરના દરેક બારણે બાંધ્યાં છે. લાલ રંગી ગુલાલ અને અબીલ ઉડી રહ્યાં છે, રંગ બેરંગથી સાથીઆ પુરાયા છે, કેસર, કપૂર, અત્તર, ચુવા, ચંદન શરીરે ચોળ્યાં છે તથા સુશોભીત રંગ રંગનાં વસ્ત્ર-આભુષણો, નાનાવિધ માણેક મોતીના જડાવદાર અલંકારોથી પુરવાસી નર નારીઓએ શૃંગાર સજ્યા છે, માનનીઓ મંગળ ગીત ગાયછે, અને અનેક પ્રકારનાં ખાનપાનથી સર્વના મનમાં અતિ આનંદ વ્યાપિ રહયો છે, તેથી આ વિવાહ જાણે પાંડવનો કે બળી રાજાનો કે પછી રઘુકુળના ઇંદ્રનો યજ્ઞ તો ન હોય! એવી શોભા આપે છે. [૮]

दोहा.

नेह नग्र अरु 'मुदित-पुर', इहि विधि भयो उछाह;
इतें बरायत सज भई, उतें निहारत राह. ॥ ९ ॥

ટીકા—નેહનગ્ર અને મુદિતપુરમાં એ રીતે ઉત્સાહ થઈ રહયો છે. બાદ અહીં નેહ નગરથી જાન તૈયાર થઈ, તેમ મુદિતપુર જાનની રાહા જુવે છે. (૯)

अथ बरात संख्या बर्नन—छंद बरायति.

शतं सु द्वादशं सजे सु.दंतियं, अस्वं सु पंच लच्छ पंत पंतियं;
सिबीक फंदनं सहस्र पंचियं, लखं सु साथ पंच पैदलं कियं.
धजं दशं सहस्र बीस नादियं, कविंद सोरही हजार हालियं;
उभै हजार विप्र बेद बायका, हजार चार गायका सु नायका.
कनंक बाज साज जोध कुंजरं, कसुंब केसरी जरी पटंबरं;
मनी सु मातिकं सु पन्न मुत्तियं, अलंकृतं अनेक देह दुत्तियं.

अखंड राग रंगके उछाहसें, परे न जांत रात द्योस राहसें;
यहें सु रीत होत हास्य छंदियं, चले बरात वृंद मंद मंदियं.
करे कलोल नौलराज नीतियं, चलंत राह बीच मास बीतियं;
'मुदीत-नग्र' नीठ देहरे दिये, बधाइ पत्र पैंकले अंगें किये. ॥ १० ॥

ટીકા—શણગારેલા બારસેં હાથીઓ, અને પાંચલાખ ઘોડાની પાયગા લેન બાંધ ચાલી; પાંચ હજાર રથ તથા પાલખીયો તેમ પાંચલાખ પેદળ સાથે લીધું; દશ હજાર ધજા, વીશ હજાર વાજીત્રો અને સોળ હજાર કવિયો જોડે ચાલ્યા; બે હજાર વેદ ભણનારા બ્રાહ્મણ, ચાર હજાર ગાયન કરનાર ગવૈયા અને નાયકાઓ પણ સાથે છે, સોનાનાં ઘરેણાંથી શણગારે ઘોડા, યોદ્ધા અને હાથીયો પણ જાનમાં છે; કસુંબલ અને કેસરીયા રંગથી રંગેલાં જરીનાં સુંદર વસ્ત્રો પેહેરેલાં છે; મણી, માણેક, મોતી આદિ ઘરેણાં પહેરેલા જાનૈયાઓની શરીરાકૃતિ મહા તેજસ્વી દેખાય છે; હમેશાં રાગ રંગની મોજમાં જાન રસ્તે વહે જાય છે,—એવી રીતના મહા ઉમંગથી રાત્રિ દિવસની પણ જેમને ગમ રહી નથી. ઠઠા મશ્કરી અને હાસ્ય વિનોદની ગમ્મત રમતને લીધે જાનનાં માણસો ઘણીજ ધીમી ગતિએ ચાલે છે; નીત પ્રતિ નીત નવીન રીતે રાજનીતિથી કલોલ કરે છે, એમ આનંદમાં ને આનંદમાં ચાલતાં એક મહિનો તો રસ્તામાં વીતિ ગયો બાદ મુદિતપુર પાસે આવી પડાવ કરી વધાઈ પત્ર આપી એક સ્વારને પ્રથમથી વેવાઇને ઘેર મોકલ્યો. (૧૦)

छप्पय.

रससागर सुबरात, मास इक पंथ बहाये;
'मुदित-पुरी' दरसंत, सौध धज कलश लखाये.
कीनो तहां मुकाम, रह्यो अंतर जुग जोजन;
बहे बधाई हार, पत्र कुंकुम दीने तिन.
पहुंचें सु पैंक मुदितह पुरि, राजद्वार पत्र सु दिये;
संग्रामसेन मन मोद भरि, पायक गज नायक किये. ॥ ११ ॥

ટીકા—રસસાગરની જાન રસ્તે ચાલતાં એક મહિને મુદિતપુર નજદિક આવી પહોંચી, ત્યાં મુદિતપુરના મેહેલની ધજા અને કળશ દેખાયાં એટલે ત્યાંજ બે જોજનને અંતરે મુકામ કરી વધામણી લેઈ જનાર સાથે કંકુ કેસરે છાંટેલો પત્ર મોકલ્યો; જે લઇ દૂત મુદિતપુર પહોચી રાજદ્વારે જઇ વધામણિ પત્ર આપ્યો કે તરતજ સંગ્રામસેન રાજાએ મનમાં હર્ષ પામી પત્ર લાવનાર પાળાને હાથી બક્ષીસ આપીને ગજ-નાયક કર્યો. [૧૧]

दोहा.

मुदितनग्र जन मन मुदित, जित तित भये उछाह;
भूप अनुज रनजीत तिहि, आप बुलाये राह. ॥ १२ ॥

ટીકા—આથી મુદિત નગરનાં રહેસીઓ મનમાં હર્ષ પામ્યા અને જહાં ત્હાં ઉત્સવ થઇ રહ્યો છે તે વખતે રાજાએ પોતાના નાના ભાંઇ રણજીતસિંહને હજુરમાં બોલાવ્યા. (૧૨)

कह्यो सु नीठ बरात अब, जोजन जुगल मुकाम;
आप सिधारें सामुहें, आवत अपने धाम. ॥ १३ ॥

ટીકા—અને કહ્યું કે જાંનનો હવે બે જોજન ઉપર મુકામ છે માટે ~~આપ તેનું~~ સામૈયું કરવા સારૂં સામા જાઓ, કેમકે તે જાંન આપણે ઘેર આવે છે. [૧૩]

छप्पय.

चढे राज रनजीत, चढे द्वै सत गज नायक;
एक नियुत असवार, नियुत अनुमान सु पायक.
तूर भेर करनाल, पनव आनक धुनि वज्जे;
केसर ज़री कसूंब, वसन भूषन तन सज्जे.
छांहागिर छत्र छायो सु नभ, उडि गुलाल आसव छकित;
रवि सेस जाम रहे जा मिले, राजत राज प्रदीप जित. ॥ १४ ॥

ટીકા—રાજઆજ્ઞા સાંભળી રણજીતસિંહ ચડ્યા તે વખતે જોડે બસેં હાથી, દશ લાખ ઘોડેસ્વાર અને આશરે દશ લાખ પેદળ ચાલ્યું, ત્હાંતો રણતુર, ભેરી, કરનાલ, પણવ, નગારાં વિગેરે વાજીત્રો વાગવા લાગ્યાં, યુદ્ધાઓએ કેસરી તથા કસુંબી જરીનાં વસ્ત્ર અને નાના વિધ અલંકારો શરીરે પહેરી લીધાં છે, છત્રધારીઓનાં છત્રથી આકાશ છવરાઇ રહ્યું છે, ગુલાલ ઉડે છે વળી સુરાપાનથી છકેલા સેના વીર સાથે સૂર્ય આથમતાં પાછલો પહોર દિવસે શેષ રહ્યો તે વખતે જહાં પ્રદીપ રાજા બિરાજે છે ત્હાં જઇ મળ્યા. (૧૪)

दोहा.

उर सु उभैं आनंद भरि, नृप प्रदीप रनजीत;
रैंन नृत्य संगीत रत, चलें उदित आदीत. ॥ १५ ॥

ટીકા—પ્રદીપ રાજા તથા રણજીતસિંહ બન્ને જણા મનને વિશે આ-

નંદ ધરી નૃત્ય અને ગાનતાનની ગમ્મતમાં રાત્રિ ગુજારી પ્રાતઃકાળે સૂર્ય ઉગતાં મુદિતપુર તરફ ચાલ્યા. (૧૫)

अथ छंद पद्धरी.

दोय मिले चढि सेन चले अनु रागसें, सांझ भये लगि नीठ 'विलं बित बागसें;
पंच घरी दिन पच्छ रहे फुनि चल्लियं, मानहुं सात समुंद छमा भर छल्लियं.
अंतर जोजन आध चले जन नग्रसें, मानु घटा नवरंग उडित अग्रसें;
बाजत नांद अनेक गुनी जन गाइतं, ऊडि गुलाल अबीर धरा नभ छाइतं. ॥१६॥

ટીકા—સ્નેહથી બંને સૈન્ય હળીમળી ચઢ્યાં તથા સાંઝ પડતાં મુદીતપુર પાસેના બાગમાં આવી ઉતારો કર્યો અને પાછલો પાંચ ઘડી દિવસ રહયો તે વખતે પાછા ચઢ્યા તે જાણે સાતે સમુદ્ર છળ્યા હોય ને! નગરથી બે ગાઉ છેટે આવી એટલે પુરવાસી સર્વ જનો સામે ચાલ્યા,–તે જાણે મેઘની નવરંગ ઘટા મોખરે ચડી આવી હોય ને! વળી વિધ વિધના વાજીત્રના નાદ થાય છે અને ગુણીજનો ગાય છે, તે વખતે ઉડતા અબીલ ગુલાલથી પૃથ્વી તથા આકાશ છવાઇ રહ્યું છે. [૧૬]

छप्पय.

नग्र द्वारके नीठ, बाग संग्रामसेंन शुभ;
बन अनंत बिच महल, कुंज गिरदी जोजन उंभ.
झुकित फूल फल वृंद, भ्रंग भूले मधु गुंजत;
चौंक चौंक जल जंत्र, कीर केकी पिक कुंजत.
दीनो बरात बासह तहां, उभे नियुत अंदर रहे;
अनि जन सबीर उपबन गिरद, मिसल देख सबही दहे. ॥१७॥

ટીકા—પુરના દરવાજાકને સંગ્રામસેનનો સુંદર બાગ છે જેની ભારે મહત્તાને લીધે તેને 'અનંત વન' કરી કેહે છે, તે મધ્યે એક શોભાયમાન મેહેલ આવેલો છે જેની ફરતી બે જોજન સુધી ઉત્તમ વૃક્ષોના કુંજની ગિરદ ફેલાઈ રહી છે, વળી ત્હાં ફળ ફૂલનો ભારે જથો ઝુકી રહ્યો છે તેથી સુવાસનાના લોભી ભ્રમરો ગુંજાવર કરી રહ્યાં છે; ચોકે ચોકે પાણીના ફુવારા ઉડી રહ્યા છે, પોપટ, મોર અને કોયલ કલોલ કરી રહ્યાં છે, એવા રમણીક બાગમાં જાનને જાનીવાસો આપ્યો. બે રીતે બે લાખ માણસ બાગની અંદર રહ્યાં તથા બાકીનાં માણસોને બાગની બહાર ઉપવનમાં તાણેલા તંબુઓમાં સગવડ જોઇ સર્વને ઉતારા આપ્યા.

दोहा.

उपबन बास बरात किय, सूर धरी गुन सेश;
बिंद सेंन तीसह सहस, कीनो सहर प्रवेश. ॥ १८ ॥

ટીકા--ઉપવનમાં જાને વાસ કર્યો તે પછી જ્યારે લણ ઘડી દિવસ શેષ રહ્યો એટલે ત્હાં ત્રીશ હજાર સેના સહિત વરરાજાએ શેહેરમાં પ્રવેશ કર્યો. (૧)

अथ छंद मनहंस.

रससागरं बनि बिंद पट्टन चल्लियं, सम शील कुल बयवेष मिंत सुमल्लियं;
शत कुंभियं शत कुंभ साज सु साजितं, तिहि शीश राज कुमार शत सू बिराजितं.
रजि कुंकमीर दुकूल जरकस बुट्टियं, चरचे सू अत्र गुलाब माधुर छुट्टियं;
शिरपेच कुलह सू रंग तोरन झुकियं, मनिहार मुत्तिय माल दूलरि चुकियं.
कर मुद्रिका भुजबंध कंकन सोहितं, मनु कोटि इंद्र अनंग आभा मोहितं;
छबि छांह गीर सू छत्र चामर छाजितं, धुज अग्र बाजित नाद घन धुनि गाजितं.
अस बीस सैस सू तास कीजत आवृतं, दश सैस पैंदल साथ गानक गावतं;
लठधार बोलत बानि अग्र पताक्कियं, नृत भेद रूपा रूप बंदिन भाषियं.
पुर पोर कीन प्रवेश मगज मालियं, जुरि गाननी निरखें झरोखन जालियं;
हट लेत बनिक सलाम सौध दिवा लियं, उडि व्योम छाय अबीर पोप गुलालियं.
चकडोल गोखन गाय मंगल नारियं, इहि रीत बिंद सूपंत राज दुवारियं. ॥१९॥

ટીકા—રસસાગર વરરાજા બની શેહેર તરફ ચાલ્યા, ત્યારે પોતાના સરીખા સ્વભાવ, ઉમ્મર, કુળ અને વેશવાળા સર્વે મિત્રો સાથે મળેલા છે; સો હાથીઓ સોનાની અંબાડીવાળા સાજથી સજેલા છે જેની પીઠ ઉપર સો રાજકુમારો બિરાજેલા છે; કેસરથી રંગેલ જરીના બુટાવાળાં વસ્ત્ર પેહેર્યાં છે અને શરીરે ચોળેલાં અત્તર ગુલાબજળની સુવાસના છૂટી રહી છે. શિરપેચ કલગી અને સુંદર રંગદાર તોરા માથાપર ઝુકી રહ્યા છે; કંઠે મણીના હાર, બેલસી મોતીની માળા, તથા કરને વિશે બાજુબંધ-ચોકી તથા જડાવ કડાં અને આંગળીઓએ વિંટીઓ શોભે છે,-તે જાણે કોટી ઇંદ્રિ અને રતિનાથની શોભાને લજાવતાં હોયને! છત્રધારીના છત્ર અને ચમ્મરની શોભા રહી છે; ધજાની આગળ વાજીત્રોના નાદ મેઘની ગંભીર ગર્જના પેઠે ગાજી રહ્યા છે. વરરજાને વીસ હજાર ઘોડેસ્વારો ઘેરીને ચાલ્યા આવે છે, દસ હજાર પેદલ સાથે ગવૈયાઓ ગાય છે; પતાકાની આગળ ચોપદારો નકી પુકારે છે; નાયકાઓ

દશ રૂપકના ભેદ પ્રમાણે નૃત્ય કરે છે, બંદિજનો છંદ રૂપક બોલતા ચાલે છે; એ પ્રમાણે શેહેરના દરવાજામાં પ્રવેશ કર્યો ત્હાં મંગળમાળા લઇ વધાવા સારૂ ટોળે મળેલી સ્ત્રીયો ઝરોખા અને જાળીયોમાંથી વરરાજાને નીરખે છે. હાટે બેઠેલા શાહુકારો સલામ કરે છે એમ સર્વને દીવાળી થઈ રહી છે. અબીલ, ગુલાલ અને ફુલ વ્યોમ આકાશમાં છવરાઇ છે, રથમાં તેમજ ગોખમાં બેઠેલી સ્ત્રીયો મંગળગીત ગાય છે, એરીતે વરરાજા રાજદ્વારમાં પહોચ્યાં. (૧૯)

दोहा.

राजद्वारहींसें निकट, अटा सघन अभिधान;
लघू बरातीं वास किय, बहु मनुहार सुमान. ॥ २० ॥

ટીકા—રાજદ્વાર પાસે સઘન નામની એક અટા કહેતાં હવેલી હતી તેની અંદર ઘણા આદરથી આ નાહાની જાને ઉતારો કર્યો. (૨૦)

छप्पय.

लघु बरात तह वासित, बाज वाहन दुलहा किय;
राज कुमर सत संग, उभैं शत पासवान लिय.
सहस आध सहचरी, सकल आयुध सजि लीनें;
दुज पंडित दश बीश, गमन मंडप दिश कीनें.
नृत्य भेद रूपा रचित, गानक साधे गान गत;
बत्तिस सु कवि बोलें बिरद, राजद्वार प्रबिसंत तित. ॥२१॥

ટીકા—આ ન્હાની જાન ત્હાં રહી અને તોરણે જવાને વરરાજાએ ઘોડા ઉપર સ્વારી કરી, તેવખતે સો રાજકુમાર, બસેં હજુરી તથા બધાં આયુદ્ધ સજેલી પાંચસેં દાસીઓ અને દશ વીશ પંડિત બ્રાહ્મણો સાથે વરરાજા મંડપ ભણી ચાલ્યા તે સમયે નાયકાઓ દશ રૂપકના ભેદ પ્રમાણે નૃત્ય કરે છે તથા ગવૈયા શાસ્ત્રની રીત પ્રમાણે ગાય છે, હાંશિયાર બત્રીશ કવિયો બિરદ બોલી રહ્યા છે એવી રીતે વરરાજાએ રાજદ્વારમાં પ્રવેશ કર્યો. (૨૧)

सोरठा.

रससागर सु नरेश, बंदन बंदन माल किय;
मंडप करत प्रवेश, स्वश्रु परिच्छन कीन तहां. ॥ २२ ॥

ટીકા—રસસાગર વરરાજાને તોરણનું વંદન કરી મંડપમાં પ્રવેશ કરતાં સાસુએ અંતરપટ રાખી પોંખી લીધા. (૨૨)

अथ छंद पद्धरी.

पुन्याह कीन पंडित उचार, संग्राम दुलह चट चरन धार;
मधुपर्क छुद्र दधि आज्य लीन, ग्रहि ग्रह्य सूत्र बंदन सु कीन.॥२३॥

ટીકા—ત્યહાં પંડિતો સ્વસ્તિવાચન ઉચ્ચારન કરવા લાગ્યા અને સંગ્રામસેને આપેલા દર્ભની ચટાઇપર વરરાજાએ પોતાનો પગ મુકયો એટલે મધ, દહીં, ઘી મધુપર્ક કરી બ્રહ્મસૂત્રની વિધિ પ્રમાણે ગ્રહણ કરીને વંદન કર્યું. (૨૩)

छंद मुक्तदाम.

घटं चत्र कुंभिय हाटक जान, जरी कउसेय तूनें सु बितान;
रची 'रंग–भूम' सु अंगन राट, प्रवालिय खंभ पटीर कपाट.
सुनेंरिय पंचहु रंग सुधार, दिवालन चित्र रची चित्रकार;
मिले तहां राज बधूनके बृंद, मनों चहुं ओर प्रकाशित चंद.
रहे मनि मुत्तिय भूषन झूल, जरी नवरंग सु अंग दुकूल;
झरोखन अंगन मंगल गाय, रच्यो नुम रंभ महोच्छव आय.
तहां अति दूलह अद्दर कीन, जराव सु चोकिय आसन दीन;
बुलावन पंडित आयस पाय, सहेलिय चंद्रकला प्रति जाय,
कियों पधरावनको सु बिचार, सजे तन भिन्नहु भिन्न सिंगार. ॥२४॥

ટીકા—ચોરીના ચારે ખુણે કનક કુંભ તથા કળશ બાંધ્યા છે, અને મંડપમાં જરી તથા રેશમી ચંદની છાઇ છે, મહેલના આંગણામાં રંગભૂમી રચાઈ છે, પ્રવાળાંના થાંભલા અને સુખડનાં તો કમાડ છે એવા મંડપમાં રાજવધુઓનાં વૃંદ ટોળે મળ્યાં છે, સોનેરી તથા પાંચે રંગનાં સુધારીને ચિતારાઓએ ભીંતોપર ચિત્રો ચિતર્યાં છે,–તે જાણે ચારે તરફ ચંદ્ર પ્રકાશ થયા હોય નૈ! એમ દેખાય છે. મણી, મોતીની ઝુલવાળાં આભૂષણો તથા જરીનાં નવરંગી વસ્ત્ર સુંદર અંગે અંગ ઉપર શોભી રહ્યાં છે, એમ નાનાવિધ શણગાર સજી માનુનીઓ રાજમહેલને આંગણે અને ઝરૂખે બેશી મંગળ ગીતો ગાય છે, તે જાણે રંભાએ આવી મહા ઉત્સવ રચ્યો હોય નૈ! ત્યહાં વરરાજાનો ઘણો આદર કરિ જડાવ બાજઠનું આસન આપ્યું બાદ પંડિત પાસેથી બોલાવવાની આજ્ઞા પામી સાહેલીઓ ચંદ્રકળા પાસે ગઇઓ, અને મંડપમાં કન્યા પધરાવવાનો શુભ વિચાર કર્યો, એટલે ચંદ્રકળાએ શરીરે વિવિધ પ્રકારના શણગાર સજ્યા. (૨૪)

अथ शृंगार् बर्नन–अलंकार जाति स्वभाव–छंद मालिका.

अंग ऊबटं सु रंज, माधवी सलील मंज; चैल आरद्रं उतार, धौत बासनं सु धार.
अंग पौंछितं अनूप, केस पास उग्र धूप; नेह लाय ग्रंथि वेन, नीरजं प्रसून श्रेन.
गंधसार धारलीन, केसरं त्रिपुंड कीन; लेंग 'लाल-पाट' लार, दाउदी प्रसून तार.
केसरी उढोन सार, तार छेहरे किनार; नील कंचुकी कसंत, कंज सारके लसंत.
जावकं रचे सुपाय, वीछुआ अनोट लाय; जेहरं मंजीर बंध, किंकनी कटीं सु संध.
नीक हार मुक्तमाल, चोकियं पनें सु लाल, दूलरी बिराज बाम, कंठ कंठ पोत शाम.
बेसरं बिराज नास, श्रोन त्रोंनको बिलास; अंगदं भुजा सु दंड, कंगनं बलै सुमंड.
पोंचि पोंचियं सु साज, मुद्रि अंगुरी बिराज; पूनरंभंवं सु पान, लाल बुटका रचान. भाल मानु आध चंद, धारितं जराव बिंद; बंदनी कसी वनाय, सीस-फूल नीठ लाय. वेंनि वेंनिबंध ग्राय, सो छुए छवान जाय; आन्नं तमोर रंग, वंदनं भर्यो सु मंग. भिन्न भिन्न आनि केक, भूषनं धरे अनेक; नेन नाग रेख धार, लैं दिठोन दीन नार. मुक्र आननं निहार, लाजमें गडी सु बार; साथकी कुमार आय, साहिकें लही उठाय, गोंन कीन मंद मंद, ज्यौं छक्यो झुकैं गयंद. ।२८।

ટીકા—અંગે સુંદર તથા સુગંધમય પીઠી ચોળીને મધુમાધવીના બેહેકતા પાણીથી સ્નાન કરી, ભીનાં વસ્ત્ર ઉતારી ધોયેલું કોરૂં વસ્ત્ર પેહેરી, અનોપમ અંગ લુછી, માથાના છૂટા કેશને અગરને ધૂપ દઇ, ફુલેલ તેલ ઘાલી વેણી ગુંથી તથા તેમાં કમળ અને ફુલોની લટો પરોવી, છાતીપર મળીયાગીરી ચંદન ધરી કપાળને વિષે કેશરની ત્રીપુંડ્ર આડ કરી, સોનેરી કસબથી દાઉદી ફુલના બુટા ભરેલ લાલ અતલસને ઘણા ઘેરવાળો ઘાઘરો પેહેર્યો. તથા કેસરથી રંગેલી ઓઢણી ઓઢી લીધી, કે જેના છેડા તથા કિનારી સોનેરી તારથી ભરેલા છે, લીલા રંગની કંચુકી કસીને પેહેરી–છે જે કમળના તંતુ જેવી શોભે છે. અળતાથી રંગેલા પગની આંગળીઓએ વીંછીયા, અંગુઠામાં અણવટ અને પગમાં જેહેર તથા લંધર પેહેરી, ઘુઘરીઓવાળી કટીમેખળા પાતળી કેડ બાંધી, સુંદર હીરાનો અનુપમ હાર અને મોતીની માળા કંઠે ધારણ કરેલ છે, જેમાં લાલ પાનાદાર ચોકીઓ શોભે છે. કપોત સરખા ગળામાં બેંસરયને હાર અને સોનાની કંઠી બીરાજે છે, નાકે વાળી અને કાનમાં તરોની ઝાલ્યો દીપે છે, ભુજ દંડપર બાજુબંધ, હાથે ચુડો અને કંકણ, પોહોંચાએ પોહોંચી અને કરાંગુલીએ વીંટીઓ બીરાજે છે. નખ તથા હથેળીઓ

મેંદીની લાલ બુટીઓથી રંગેલા છે, કપાળ તો જાણે અર્ધ ચંદ્ર હોય નેં? તેમ શોભે છે, તથા તેપર જડાવ ચાલ્લો ધર્યો છે જેનીઉપર બંદગી કરી માથે શિશફુળ પહેરયું છે, વેણીને છેડે બાંધેલ વેણીભૂષણ એટલે ગાફણો તો પગની પેંડીએ અડવા લાગ્યો, પાનની બીડી ચાવવાથી મુખપર તંબોળનો રંગ લાગ્યો. સેંથામાં સિંદુર ભર્યો, એમ ભિન્ન ભિન્ન અનેક આંણીને ઘરેણાં પેહેર્યાં છે, આંખમાં કાજળની બારીક રેખા તેમ ગાલપર કાન પાસે કાજળનું ટપકું કરયું છે, પછી દર્પણમાં મુખ જોઇ કન્યા લાજમાં ડુબી ગઈ.ત્હાં પાસેની કુમારીઓ આવી રાજ કન્યાને ઝાલી ઉઠાડી મંદ મંદ ગતિથી કું-વરીને.ચલાવવા લાગીઓ,-તે જાણે છકેલી હાથણી ઝુકી આવતી હોય નેં? તેવી શોભાને આપે છે. (૨૫)

छप्पय.

सही पंच शत संग, शील कुल बेस बराबर;
भूषन बसन बनाय, साहि लीनी दुलही कर.
सहस उभैं सहचरी, खमां मुख खमां उचारत;
केसर अत्तर गुलाब, चुआ चंदन घन धारत.
जित तित झनंक जेहर लगी, पिक धुनि मंगल गाहितं;
मानहुं अनेक उद्दित अरक, दुलहनि मंडप आहितं. ॥ २६ ॥

ટીકા—સ્વભાવ, કુળ, પોશાગ અને વયમાં બરોબર છે એવી પાંચસો સાહેલીઓ જોડે લીધી, તેઓએ વસ્ત્રાભૂષણ વિગેરે પેહેરાવીને કંન્યાનો હાથ ઝાલી તેડી લીધી, અને બે હજાર દાસીઓ ત્હાં મોઢેથી "ખમા ખમા" એમ ઉચ્ચારે છે; વળી કંઇક જણીઓ કેસર, ચંદન, અત્તર, ગુલાબજળ, ચુવા અને ઘનસારાદિ સૌભાગ્ય દ્રવ્યનાં પાત્ર લેઇ ચાલિયો,-તેમનાં જહાં ત્હાં ઝાંઝર અને લંગરનો ઝણણાટ લાગી રહયો છે, અને સર્વે કોયલના સરખા સુંદર સ્વરથી મંગળ ગીત ગાય છે. એ પ્રમાણે રાજકન્યા લગ્ન મંડપમાં આવ્યાં તેથી જાણે અનેક સૂર્યનો ઉદય થયો હોય નેં! એમ દીસવા લાગ્યું. (૨૬)

छंद पद्धरीं.

चत्र कुंभि गमन कन्या सु कीन, दुलहा सुमुख आसन सु दीन;
अन्योन्य गंध चर्चित अपार, पहिराय कंठ पर सून हार.
दुज वादि प्रयोग कन्या सुदान, मेलाप पान कीनो सुपान;
चत्रबीस तंतु चत्र कर बिसाल, आरोप कीन मंगल सुमाल.

एकेंक ग्रंथि बंधे सुवास, गावंत नारि पख उभय हास;
चतु रस्त्र स्थंदिलं निगम चार, कीने सु पंच भुव संसकार.
वन्ही सुँ वेद मंत्रन दढाय, गृह्योक्त मंत्र आहूति लाय;
दंपति उठाय कर कर सुधार, लाजा सुहोम कीनो प्रकार.
मंगल सु चत्र स्थंदिल भ्रमंत, कन्या सु बाम किय दच्छ कंत;
पूजे सु सप्तपदि छोय पाय, कंसार नार भोजन कराय.
उच्छिष्ट भुक्त बंध्यो सु बिंद, उरमें बिशेष बाढ्यो अनंद;
दंपती-देव स्वस्तीक्रु धार, आशिषा बेद कीनो उचार.
आशिषा कीन अभिषेक तांम, सागर सु दीन दश दुजन ग्राम;
सौभाग्यवती मोक्षे अशीष, हेरंव अंब नामे सु शीश. ॥ २७ ॥

ટીકા—કંન્યા ચોરીમાં આવ્યાં એટલે વરરાજાની સન્મુખ આસન આપી પધરાવ્યાં પછી વરકંન્યા પરસ્પર એટલે વર તરફથી કન્યાને અને કંન્યા તરફથી વરને ખુશબોદાર અપાર ચંદન અને બહેકતા ફુલોના હાર ઘાલ્યા. બ્રાહ્મણોએ પ્રયોગ બોલી કંન્યાદાનનો સંકલ્પ ભણી વરકંન્યાનો હસ્તમેળાપ કરાવ્યો, પછી ચોવીસ તંતુની ચાર હાથ લાંબી મંગળમાળા વરકંન્યાને પેહેરાવી અને અકેકના વસ્ત્રના છેડા ગાંઠ્યા. ત્હાં વરવધુ તરફની સ્ત્રીઓ હસવું આવે એવાં ગીતો ગાવા લાગીઓ, પછી બ્રાહ્મણોએ વેદવિધિ પ્રમાણે ચોરસ સ્થંદિલ ઉપર પંચ ભુ-સંસ્કાર કર્યા, અગ્નીની વેદ મંત્રવડે સ્થાપના કરી ગ્રહ્યસૂત્રના મંત્ર પ્રમાણે આહુતીઓ આપી, પછી વરકંન્યાને ઉભાં કરી વરના હાથમાં કંન્યાનો હાથ મુકાવી અને તેવડે લાજાહોમનો પ્રકાર કરાવ્યો, અને સ્થંદિલે ચાર મંગળ ફેરા ફેરવી ડાબી તરફ કંન્યા અને જમણી તરફ વરરાજાને બેસાર્યા, કંન્યાના પગને અડી વરરાજાએ સપ્તપદીનું પૂજન કરયું, તે પછી કંન્યાએ વરને કંસારનું ભોજન કરાવ્યું અને ઊત્સિષ્ટ રહેલો કંસાર વરે કંન્યાને ખવરાવ્યો; એથી વરકંન્યાના હૃદયમાં ઘણોજ આનંદ થયો. પછી ચાર સૌભાગ્યવતિ સ્ત્રીઓએ કંન્યાના હાથમાં કંકુવાળા અક્ષતથી સાથીયો પુરી શિવ પાર્વતી, બ્રહ્મા સાવિત્રી, કૃષ્ણ રૂકમણી, ઇંદ્રિ ઇંદ્રાણી ચારનાં નામ લઇ તેમની સૌભાગ્ય આપી. અને બ્રાહ્મણોએ કંકુના ચાંલ્લા કરીને વેદ મંત્રવડે અભિશકેસહ આશીર્વાદ દીધો, એટલે કુમાર સાગરે દશ ગામ બ્રાહ્મણોને દક્ષિણામાં આપ્યાં. સૌભાગ્યવતી સ્ત્રીઓએ આંશીશ દઇને વધાવ્યા જે પછી વરકંન્યાએ ગણપતિ તથા ગોત્રદેવીને સ્તુતિપૂર્વક શીશ નમાવ્યું. (૨૭)

दोहा.

शीप अंब हेरंब नय, उर आनंद विशेश;
रत्न महल सज्या रचित, दंपति कियो प्रवेश. ॥ २८ ॥

ટીકા—સ્ત્રી પુરૂષ બંનેએ દેવી તથા ગણપતિને વંદનસહ મસ્તક નમાવી મનમાં અતિ હર્ષ ધરી રત્ન જડિત મહેલની અંદર જહાં સુખસય્યા રચેલી હતી ત્હાં પ્રવેશ કર્યો. (૨૮)

गाहा.

रस सागर उदवाहं, मुहुरत शुद्ध दोष अभिधानं;
पानी ग्रहन प्रसंगं, पत्र प्रवीन सागरो लहरं. ॥ २९ ॥

ટીકા—રસસાગરનો વિવાહ, લગ્નનનું શુદ્ધ મુહૂર્ત્ત, દોષના નામ અને વરકંન્યાનો હસ્તમિલાપ સંબંધી આ પ્રવીણ સાગર ગ્રંથની પન્દરમી લેહેર સંપૂર્ણ થઈ. [૨૯]

इतिश्रीप्रवीनसागरग्रंन्थेरससागरचंद्रकळाउद्धारअनुक्रमनिरुपणंनामपंचदशमीलहेरं. ॥ १५ ॥

लेहेर १६ मी.

अथ रससागर चंद्रकला विहार प्रसंगो यथा दोहा.

दंपति महल प्रवेश करि, गये बरातीवास;
लागे द्वार झरोंख खुलि, चेरि गिरद अवास. ॥ १ ॥

ટીકા—એ રીતે બંને સ્ત્રી પુરૂષે મેહેલમાં પ્રવેશ કર્યો એટલે અંતઃપુરનાં માણસો જાનીવાસે ગયાં અને દાસીઓએ ઝરોખાનાં તમામ કમાડ ખુલ્લાં કરી અથવા ગોખનાં કમાડ ખુલ્લાં મુકી દ્વારનાં બારણાં બંધ કરી અવાસને ચારેતરફ ઘેરી લીધો અર્થાત્ ચોકી કરવાને ગોઠવાઈ ગઈઓ. (૧)

अथ शयन ग्रह साज वर्ननं—छंद मंदाक्रांता.

सेजं सोहें, धवल वसनं, गंग फेनं समानं,
छाये फूलं, ललित मालिका, पाट फुंदे कसानं,
श्रीखंडादी, मृगमद जुतं, छंडितं कासमीरं,

सोंधा अत्रं, अगर धुपितं, माधवीकं उसीरं*,,
पूंगी लोंगं, निकट धरितं, बालुका नागबेली,
जातीपत्रं, फलसु सुभगं, पुष्प चंपा चमेली,
वारी कुंभं, जडित पनिका, दाम द्वारं कपूरं,
पंखा पाटं, सुरभि अनिलं†, दीप जोती सु भूरं,
सौधं हेमं, मुकर जटितं, कारितं चित्र कारी,
ठोरं ठोरं, चिकन बिछितं, गेंदुकं हेम तारी,
नाना खेलं, जित तित रचे, गायका गान साधे,
त्रीयं प्रियं, सकुचि मुदितं, मेन मंत्रं अराधे. ॥ २ ॥

ટીકા—સૈયા ઉપર બીછાવેલ ગંગાના ફીણ જેવો ઉજ્વળ ઓછાડ શોભે છે, તે ઉપર સુગંધીમય મલ્લિકાનાં સુંદર ફુલો પંથરાવ્યાં છે, ફુમતાવાળા સેજબંધથી સેજ કસી છે, ચંદન, કસ્તુરી અને કેસર છાંટેલાં છે, ચુવા અત્તર, અગરનો ધુપ, મદિરા અને સુગંધી વાળા મહેકી રહ્યાં છે તથા ત્હાં સોપારી, લવીંગ, ઇલાયચી, નાગરવેલિનાં પાન, જાવંત્રી, જાયફળ, તમાલપત્ર વગેરે મુખવાસના પદાર્થ અને ચંપા, ચમેલી વગેરે સુગંધીદાર પુષ્પો રાખેલાં છે, રત્ન જડિત સોનાના કળશ પાણીથી ભરી મુકેલા છે, ફુલના હાર અને કપુરથી બારણાં શણગારેલાં છે,-જેમાંથી સુગંધીવાળો પવન આવે છે, તેવા સુંદર પંખા બાંધેલા છે; ઉત્તમ પ્રકારના દીવાથી ઝગઝગતો પ્રકાશ થઇ રહ્યો છે; એવા સુવર્ણ જેવી કાંતિવાળા રાજમેહેલમાં ચારેતરફ ચિતારાએ ચિત્રેલા કાચના તકતા જડેલા શોભી રહ્યા છે; જહાં ત્હાં ગલીચા બીછાવેલ છે. તે ઉપર જરીયાન તકીયા અને ગાલમસુરીયાં મુકેલાં છે. મેહેલની બહાર જહાં ત્હાં નાચ આદિ ખેલ થઇ રહ્યા છે, નાયકાઓ ગાયન કરી રહીયો છે, આવા રળિયામણા મેહેલની અંદર સ્રી પુરૂષ બંને જણ લાજ અને હર્ષયુક્ત થઇ કામ મંત્રનું આરાધન કરે છે. [૨]

सोरठा.

बिध बिध कीन बिलास, पहंरायत सहचरि प्रसन;
उमडित हंस उजास, उठे दुलह प्रमुदित बदन. ॥ ३ ॥

ટીકા—સ્રી પુરૂષે વિવિધ પ્રકારનો વિલાસ કર્યો તેથી અંતઃપુરની ચો-

*લિખિત પ્રતમાં "माधवीकासमीर" પાઠ છે. †અસલ પ્રતમાં 'सलोल' પાઠ છે.

કી કરનાર સખીઓ (દાસીઓ) પ્રસન્ન થઈ અને સવાર થતાં સૂર્યનો પ્રકાશ થવાથી હસ્તે વદને વરરાજા ઉઘાડેથી જાગી ઉઠ્યા. [૩]

सागर जाय समाज, किय बंदन गुरुजन जनक;
नृप प्रदीप महराज, इंद्र दान आरंभ किय. ॥ ४ ॥

ટીકા—પછી સાગર કુમાર જાનીવાસે જઈ પોતાના મંડળમાંના ગુરૂજન તથા પિતાને નમસ્કાર કર્યો. પછી પ્રદીપ મહારાજાએ ઇંદ્રદાન (દાત્ય) દેવાનું શરૂ કર્યું. [૪]

अथ छंद सारंग.

राजं प्रदीपं समाजं तहां कीन, संग्रामसेनं बुलाये सथं लीन;
केते मिले देश देशं महीपाल, केते कविंदं दुजं गानकं जाल.
चेलं तंही हेम हीरा मनी माल, दीने रथं बाज गजं सुखंपाल;
कीनो कविंदेश मुख्खं जयकार, लीनी विदा मास मानी मनूहार. ॥५॥

ટીકા—પ્રદીપ રાજાએ દરબાર ભર્યો અને સંગ્રામસેનને બોલાવી સાથે રાખ્યા; તે મેળામાં દેશેદેશના કેટલાએક રાજાઓ આવી બિરાજ્યા હતા, કેટલાએક કવીશ્વરો, બ્રાહ્મણો અને ગવૈયાનો સમુહ હતો. તેઓને શાલ, દુશાલાદિ વસ્ત્ર, સુવર્ણનાં ઘરેણાં, હીરા, માણેક અને મોતીની માળાઓ તેમજ રથ, ઘોડા, હાથી અને પાલખીઓ વગેરેનાં દાન આપી તૃપ્ત કર્યા, તેથી પ્રસન્ન થઇ કવીશ્વરો મ્હોઢેથી પ્રદીપ મહારાજનો જયકાર બોલ્યા; પછી સંગ્રામસેનના આગ્રહથી એક માસ સુધી પરોણાગત કબૂલ કરીને રહ્યા, બાદ પ્રદીપ મહારાજાએ પોતાના રાજમાં જવાની આજ્ઞા લીધી. (૫)

छप्पय.

रससागर सुबरात, मुदितपुर मास विलंवित;
नीठह नीठ बिदाय, दिन संग्रामसेन तित.
हय गय फंदन शिबिक, शकट कुंदन सु रजतभर;
महत रत्न मगि मुक्त, जटित भूषन सुवसनजर.
दुहिता अमाति दुज कवि दिये, पारीबरह अपार किय;
इक द्वै मुकाम निज संग चलि, वर बरात बिद्या सुदिय. ॥ ६ ॥

ટીકા—રસસાગર રાજકુમારની જાન મુદિતપુરમાં એક મહિનો સુધી રહી તે પછી ઘણા આગ્રહે સંગ્રામસેને મરજી વિરૂદ્ધ જવાની રજા આપી અને કરીયાવરમાં પોતાની કુંવરીને ઘોડા, હાથી, રથ, પાલખી, સોના રૂપાથી ભ-

રેલાં ગાડાં, મહત રત્નો, મણી, મોતી અને જડાવ ઘરેણાં તથા જરીનાં વસ્ત્ર આપ્યાં. બ્રાહ્મણ, કારભારી તથા એક કવિ અને દાસીઓ આપી. એ રીતે અપાર કરિયાવર કરી કુંવરીને બોલાવવા સારૂ સંગ્રામસેન રાજા એક બે મંજલો સુધી પોતે સાથે ચાલી વર તથા જાનને વિદાયગરી આપી. [૬]

चोपाइ.

निज पुर नृप संग्राम सिधाये, बर बरात संचर सु पलाये;
मंद मंद चलि आये सुदेशं, नेहनग्र मधि किनो प्रवेशं.
मंगलीक गृह गृह प्रति साधे, अति हुलास पुरजन मन बाधे;
मंगल गुनी मांबुन गावे, दुलहा दुलहनि महल सिधावे. ॥ ७ ॥

ટીકા—પોતાને નગરે સંગ્રામસેન રાજા પાછા ફર્યા અને વરકન્યા સઘળી જાને પોતાના દેશ તરફ ચાલવા માંડ્યું. અને ધીરે ધીરે ચાલી સ્વદેશે આવી પહોંચી નેહનગરમાં પ્રવેશ કર્યો; તેથી નગરમાં ઘેર ઘેર મંગળ આનંદ વરતાયો. નગરના સર્વ લોકોનાં મન અતિ હર્ષયુક્ત જણાવા લાગ્યાં અને ગવૈયા તથા સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગીઓ. એવી રીતે વરકંન્યા મેહેલે પધાર્યાં. [૭]

दोहा.

चंद्रकला गति कोक विध, आलिंगन उर धार;
चुंबन भेद सु बंध वर, दंपति करत विहार. ॥ ८ ॥

ટીકા—ચંદ્રકળા એટલે ચંદ્રની ચઢતી ઉતરતી ગતિ પ્રમાણે કામ દેવનાં રેઠાણ અને કોકશાસ્ત્રની રીતિ પ્રમાણે આલિંગનના ભેદ મનમાં સમજીને ચુંબન તથા આસનના પ્રકાર ધારણ કરી સ્ત્રી પુરૂષ બંને સુખ ભોગવ્યા કરે છે. [૮]

अथ चंद्रकला स्थान निरूपनं-छंद अपरांतिका.

कोककी कला भेदसों कहे, मैन चंद्रिका अंग जो रहे;
कृश्न पक्ष प्रतीपदा प्रतं, काम-कामनी शीश वासितं.
दूज लोयने त्रीतिया धरे, चोथ गल्लियं सु पंचमी गरे;
कुक्ष षष्टमी सप्तमी स्तने, अष्टमी कटें नौमि नाभिनें.
श्रोणियं दशे ऊरु ग्यारसी, जंघ द्वादसी गुल्फ त्रीदसी;
चत्रदशं पाय पृष्टके, मंदही तिथी पा अंगुष्टके.

दाम अंगमें मेंन सु यौं द्रढे, शुक्ल पक्षसें दक्षकों चढें;
जोहिं ऊतरें त्यों चढे तनं, शीशलों गये मास पुरनं. ॥ ९ ॥

ટીકા—ચંદ્રની કળા જેમ જેમ ચઢતી ઉતરતી થાય છે તેમ તેમ સ્ત્રીના શરીરમાં કામદેવ જુદા જુદા ભાગોમાં ફરે છે, તેના ભેદ કોકશાસ્ત્રમાં નીચેના ક્રમથી કહ્યા છે:-કૃષ્ણ પક્ષના પડવાને દહાડે કામદેવ સ્ત્રીના માથામાં વસે છે, બીજને દિવસે ડાબી આંખમાં, ત્રીજને દિવસે (અધરમાં) નિચલા હોઠમાં, ચોથે ગાલમાં, પાંચમે ગળામાં, છઠે કાખમાં, સાતમે ડાબા સ્તનમાં, આઠમે કેડે, નવમીએ નાભિને વિશે, દશમે નિતંબ એટલે ઢગરાના ડાબા ભાગમાં, અગ્યારસને દિવસે સાથળમાં, બારસે ઝાંઘમાં, તેરસે ડાબા પગની ધુંટીમાં, ચઉદશે પગના તળીયામાં, અને અમાવાસ્યાના દિવસે ડાબા પગના અંગુઠામાં. એવી રીતે સ્ત્રીના ડાબા અંગમાં કામદેવ રહે છે, તેમજ શુકલ પક્ષમાં જમણે પડખે ચડે છે અને જે તિથિયે જ્યાં ઉતરે છે તેજ તિથિયે ત્યાં અંગના અવયવોમાં ચડે છે, એમ ચડતાં ચડતાં પુનમને દિવસે માથા સુધી જાય છે. [૯]

अथ अष्ट बिधि आलिंगन भेद—छंद महालक्ष्मी.

आठ रीत सुं आलिंगनं, सोय संछेप कीनो ब्रनं;
चंद्रविंबा नवं नागरं, संग रीझे रससागरं.
एक पायं सु चंप्रे पगें, दूसरो दूसरेसें लगें;
प्रीय बाला भुजासें ग्रहे, वृक्षरूढा सु तासें कहे.
कंठ लागे प्रिया प्रीयसें, हे लटकी रही हीयसें;
प्रेम बाढें उभे जानियें, सो लतावेष्टितं ठानियें.
श्रोंन बैठें प्रियाके पती, ओठ चुंबे सु बढे रती;
केस छूटे प्रिया प्री ग्रहे, ‡जाघनं तास संज्ञा दहे.
नेंन मूदें त्रिया पीयके, संग लावे कुचं हीयके;
रीझ रीतं सु बेठंतहे, *विजुकं तास भाषंतहे.
दोउ सोहें बिहारं वतं, हीयसें हीय लावे हितं;
दंपती चित लावे मुदें, एह ऊरूपगूढं उदें.
रीझंहीसें लपट्टे उभं, मंत बातं उचारे शुभं;

‡ અસલ પ્રતમાં 'लाघव' પાઠ છે. * મૂળમાં 'बीजकं' પાઠ છે.

ओह हांसी चखं चंचलं, सोय जानी तिलंतंदुलं.
पान पानं उरंसें उरें, जंघाजंघ उभैंही जुरें;
एक गत्ती उभैंही लही, छीरनीरं सु भाषें वही.
भाल भालं कपोलं जुरें, पानि कंठं उरंसें उरें;
वीर देवंत एक इकें, संगना सोय लालाटिकें. ॥ १० ॥

ટીકા—આલિંગનના જે આઠ પ્રકાર છે તેનું સંક્ષેપથી વર્ણન કર્યું છે. ચંદ્રબિંબ સમાન કાન્તિવાળી નવોઢા ચતુર ચંદ્રકળાની સંગે આનંદ લીન થઈ રસસાગર તરેહ તેરેહનાં આલિંગન દેછે; સ્ત્રીના દક્ષિણ પગને પુરૂષના વામ પગથી ડાબી બીજો પગ સ્ત્રીના બીજા પગને લગાડે અને પ્રિયતમાને હાથથી બાઝે તેને "વૃક્ષરૂઢા" આલિંગન કહે છે. (૧) ઘણા વ્હાલની સ્ત્રી પુરૂષના કંઠસાથે વળગીને છાતીનીસાથે લટકી રહે, અને તેથી અન્યોન્ય જે પ્રેમ વધે-તથા જે ક્રીડા થાય તેને "લતાવેષ્ટિત" આલિંગન કહે છે. (૨) પ્રિયાની કમ્મરે બેશી પુરૂષ જે હોઠ ચુંબે અને તેથી રતિ કહેતાં પ્રીતિ વધે, તથા સ્ત્રીના છુટેલા કેસને ગ્રહી જે રતિ રમત કરે તેને (જાઘન) આલિંગન કહે છે. (૩) પોતાના વ્હાલા પતિની આંખ્યો હાથવતે ડાબી પોતાનાં સ્તન પતિની છાતિ સરસાં ચાંપી હેતથી આલિંગન કરે તેને (વિદ્ધક) "બીજક" આલિંગન કહે છે. [૪] સ્ત્રી પુરૂષ પરસ્પર વિહારની વાતો કરતાં રસવડે એકેકની છાતીથી છાતી લગાડી દંપતી આનંદ સહિત ક્રીડા કરે તેને "ઉરૂપગુઠ" આલિંગન કહે છે. [૫] ઘણીજ પ્રીતિથી સ્ત્રી પુરૂષ બંને એક બીજાને લપટઈ રતિની ધીમેથી વાતો કરે, ભવાં હસતાં હોય એમ ચંચળ નેત્રવડે કટાક્ષ કરી વિહાર કરે તેને "તિલતંદુલ" નામે આલિંગન કહે છે. (૬) હાથે હાથ, છાતીએ છાતી અને જાંઘ સાથે જાંઘ ભેરવીને સ્ત્રી પુરૂષ બન્ને એક રીતથી જે રતિ ક્રીડા કરે તેને "ક્ષીરનીર" નામે આલિંગન કહે છે. [૭] કપાળે કપાળ, ગાલે ગાલ અડાડી અને હાથ કંઠે ભેરવીને છાતીએ છાતી મીલાવી પરસ્પરના મુખમાં પાનની બીડી આપી ગમ્મત કરે તે "લાલાટિક" નામનું આલિંગન કહેવાય છે. [૮] (૧૦)

अथ सप्तबिधि चुंबन भेद—छेद सारबती.

लाय मुखं तियके मुखसें, चुंबन जोर करंत लसें;
छोह तिया पियं मोद लहें, सोय मिता अभिधानं कहें.
त्रीयं प्रिय मुख मेल करें, चुंबन देत जु रीझ भरें;

कंप सु बाल अधूर कृतं, सो अभिधान कहैं फुरतं.
मूंदत नेंन तिया पियके, आपुनके वाहि रीत टके;
ओठ सुकंत धरें रसना, सो अवघ्रष्ट कहे संगना.
जोर करे तिय कंत ग्रहे, चुंबन ले प्रतिकूल दहे;
नेम विनां हर कोय तनें, भ्रांति प्रवीन वहें बरनें.
पान तिया पिय ओठ ग्रहे, चुंबनकी रस रीत लहे;
दंपति मोह बढंत चितें, पीडित नाम वहें कहतें.
आपुसमें अरसं परसं, लेत दुहू रस रीझ बसं;
एकहीएक जुरे अधुरं, संपुट एइ कहे चतुरं.
चुंबन कंत करे मुखसें, आधुर ओर रसन्न प्रसें;
दंत लगे त्रिय नृत्यकरे, मौलि वहें अभिधान धरे. ॥ ११ ॥

ટીકા—પોતાનું મુખ સ્ત્રીના મુખ સાથે મિલાવી બળાત્કારે ચુંબન કરે તેથી સ્ત્રી ક્ષોભવાન થાય, જે જોઇ પુરૂષ આનંદ માને તેને "મિતા" નામે ચુંબન કહે છે. (૧) સ્ત્રી પોતાના પ્રિયના મુખ સાથે પોતાનું મુખ મેળવી રીઝથી ચુંબન કરાવે,અનેપ્રેમને લીધે બાલાનો હોઠકાંપવા લાગે તે"સ્ફુરિત"નામે ચુંબન કહેવાય છે. (૨) સ્ત્રી પોતાના સ્વામિની આંખ્યો પોતાના હાથથી ઢાંકીને પોતે પણ તેમજ આંખો મીચી રાખે અને જીભથી પતિના હોઠ ચુંબે તેને (ઘાટિક) "અવઘૃષ્ટ" નામે ચુંબન કહે છે. (૩) જોર કરતી સ્ત્રીને ખેંચાખેંચ કરી પુરૂષ પકડી સ્ત્રીની ઇચ્છા વગર અનિયમીતપણે હરકોઈ ઠેકાણે ચુંબન કરે તેને સુજ્ઞ પુરૂષો "ભ્રાંતિ" નામે ચુંબન કહે છે. (૪) સ્ત્રીના હાથ દબાવી તેના હોઠને પુરૂષ ચુંબન કરે અને પ્રિતિથી અધરામૃત રસ લે તેથી દંપતિના મનમાં ભાવ વધે તે "પીડિત" નામે ચુંબન કહેવાય છે. (૫) નરનારી પ્રેમથી લીન થઇને પરસ્પર હોઠે હોઠ મિલાવી ચુંબન લે તેને ડાહ્યા પુરૂષો "સંપુટ" નામનું ચુંબન કહે છે. (૬) પુરૂષ મુખથી ચુંબન કરતીવખતે હોઠ અને જીભ પોતાના મુખમાં લઇ ચાંપીને દંત દે તેથી સ્ત્રી નાચવા લાગે તે સમોષ્ટ અથવા "મોલી" નામે ચુંબન કહેવાય છે. (૭) (૧૧)

सोरठा.

हाव भाव रस रीत, दंपति रति विलसें सदा;
सोय कहो करि प्रीत, नाम सुगुनी संछेप करि. ॥ १२ ॥

ટીકા—રસની (પ્રેમની) રીત પ્રમાણે હાવભાવથી રસસાગર નિરંતર

રતિ વિલાસ કરે છે, તે પ્રીતિવડે હાવ ભાવનાં નામ તથા તેના ગુણ સંક્ષેપે કહું છું. (૧૨)

अथ भाव भेद निरूपनं-छंद पदनील.

आनन बोल बिलोकन मध्य जनावतहें, सो मन धारित बात बिचिछन पावतहें, ताय कहे भाव सुपंच प्रकार कहें, सोय कहो बिसतार सु सुच्छम पंथ गहें, एक बिभाव सु हे अनुभाव सु ओराहि हे, स्थाइय सात्विक यों बिभिचारिय जान लहे, पंचहु भावके लच्छन भेद यहें बरनें, तासबिभाव कहंत जिही रस रीत बनें, दोय कहे तिन भेद अलंबन उद्दिपनं, रम्य कछूक निहार धरे चिंशटा सु मनं, भाव विभाव उदीत अनूकरनं जु करें, ताय कहें अनुभाव सु दंपति प्रेम भरें, स्थाइ नवं रति हांसिय क्रोध सु शोक तदा, ओर उछाह भय निंदित बिस्मित जान मुदा*, सात्विक स्तंभ सु स्वेद रुमं सुरभंग कहे, कंप विरंग अस्रू सु प्रले अठ जान लहे, तीश त्रयोदश भेद यहें बिभचारि भजें, नेम विना नवहू रस भेदनमें उपजें, आदि निर्वेद सु ग्लानि शंका अरु आलसहें, दैन्य सु संमृति मोह धृती चपलाइ वहें, व्रीड मदं श्रम चित कहि हरखं गरवं, नींदसु नींद विषाद अवेग जडं सरवं, स्वप्न प्रबोध विवादं अरू उतकंठ गनें, आपसमार मती उग्रता पुनि त्रासं भनें, व्याध अरू उनमाद भयं तरकं मरनं, नाम तथा गुन ए बिभिचारिय त्रीस गनं. ॥ १३ ॥

ટીકા—મ્હોડે બોલીને અથવા આંખ્યોની દ્રષ્ટિથી મનમાં ધારી રાખેલી વાત જણાવે છે તથા તે મનમાં ધારેલી વાતને ચતુર પુરૂષ સમજી લેછે તેને રસભાવ કહે છે. અને તે રસભાવ પાંચ પ્રકારના કહેવાય છે. જે વિસ્તારથી કહું છું કે જેથીકરી રસભાવનો સૂક્ષ્મ રસ્તો જાણવામાં આવશે. એક વિભાવ, બીજો અનુભાવ, ત્રીજો સ્થાઇ, ચોથો સાત્વિક અને પાંચમો વ્યભિચારી ભાવ જાણી લેવા. એ પાંચે ભાવનાં લક્ષણ તથા ભેદની બિના આ પ્રમાણે છે:-જે થકી રસની રીત પેદા થાય તેને વિભાવ કહે છે; તે વિભાવના આલંબન અને ઉદ્દિપન એમ બે પ્રકાર કહ્યા છે. કંઇ ખુશી ઉપજાવનાર રમણી વસ્તુને નિહાળી મનમાં ચેષ્ટા આણે તથા વિભાવ ભાવને યોગ્ય રીતે

* મુદા એટલે બ્રહ્માનંદ, અર્થાત્ બીજા સંસારિક વિષયનો અભાવ થઇ એક પરબ્રહ્મમાં તદાકાર વૃત્તિ થઇ જાય અને આનંદમય રહે તે.

તે જણાવી આપે તેને અનુભાવ નામે ભાવ કહે છે; જેથી દંપતી પ્રેમમાં લીન થાય છે. સ્થાયી ભાવના નવ ભેદ છે અને તે આ પ્રમાણે છે:—રતિ, હાસ્ય, ક્રોધ, શોક, ઉત્સાહ, ભય, નિંદા, વિસ્મય, અને મોદ. સાત્વિક ભાવના આઠ ભેદ છે; સ્તંભ, સ્વેદ, રોમ, સ્વરભંગ, કંપ, વૈવર્ણ, અશ્રુ, અને પ્રલય-શારિરિક મોહ. એ આઠ સાત્વિક ભાવ જાણવા. વ્યભિચારી ભાવના તેત્રીશ ભેદ છે; અને તે નિયમ વિના નવે રસના ભેદોમાં ઉપજે છે, તેના ભેદ આ પ્રમાણે છે:-પ્રથમ નિર્વેદ, ગ્લાની-નિરબળતા, ઉદાસિનતા ફિકાશ વિગેરે-શંકા, આલસ્ય, દૈન્ય, સ્મૃતિ, મોહ, ધૃતિ, ચપળતા, વ્રીડા, મદ, શ્રમ, ચિંતા, હર્ષ, ગર્વ, નિદ્રા, નિંદા, વિષાદ, આવેગ, જડતા, સ્વપ્ન, પ્રબોધ, વિવાદ, ઉત્કંઠા, અપસ્માર, મતિ, ઉગ્રતા, ત્રાસ, વ્યાધી, ઉન્માદ, ભય, વિતર્ક, અને મરણ. એવી રીતે નામ તથા ગુણના ભેદે કરીને વ્યભિચારી નામના ભાવ તેત્રીશ પ્રકારના છે. (૧૩)

अथ अष्टादश हाव निरूपनं–छंद चर्चरी यथा.

दंपतिय सिंगार प्रगटीत तास अंगसु भावहें, सोय भाव बिचार सोधतं अष्टदश बिधि हावहें, प्रीयको सो भेष धारें चित प्रेम प्रकाशहें, वाहिको अनुकर्न साधे हाव लीला तास हें, मित चाह सनेह बाढित नौतमं गति आनबो, हावमें परबीन धारत सो बिलासहि जानबो, तुच्छ भूषन अंग धारत शोभ होत विशेषहे, साहिता मन शीधि साहित हाव बिच्छित सो कहे, हास चाल बिलोक बोलन जास रीत जथा कृता, सोय हाव ललीत सोहितं रूप रंग सु सोहिता, अंग भूषन बास उलटे बेन उलटे उद्यमं, प्रेमके भेर रीत बदले सोय हावहि विभ्रमं, बोल समय न बोल साकियत लाज व्यूढ विचारियें, तासके परभावसें वह हाव विहरति धारियें, मित मिल अपमान करियत चित धारत हासको, हाव एही बिबोक कहियत छोभ बाढत तासको, दंत नख छत मर्द आरति मंद सुख दुख मानियें, तासके अनुकर्न सोई हाव कुटमित जानियें, क्रोध श्रम भय हर्ष गर्वित कंप स्मित अभिलाषितं, ऊपजन इकबेर हावं सु किलहर्किंचित भाषितं, मित दरशन चित चाहत बात धरत न कानहें, चातुरी कर हाव कहियत सो मुटायत जानहें, जूनपन आनंद उपजित चित प्रेम प्रकाशितं, बाल कारन बिना हसियत हाव कहियत हासितं, बाम भरि आनंद बेठत निज समीप सु मिं-

तहे, चौंकि उठियत बिना कारन चकित हाव कहंतहे, रूप ओर सुहाग जोबन गर्व कामनि धारितं, ताहिको बिस्तार वर्नत हाव मद सु उचारितं, कंत बिछुरत बिरह व्यापित चल विचल तन चितहे, आरती उपचार शोधन हाव तपन कहंतहे, रीझ मनवत बसन भूषन रीझवत नव खेलहें, रीझवत पियसंग बसबो कहें हाव सु केलहें, रूप सुंदर सुभग भूषन बास सुभग बनावके, प्रीय लगन उतकंठ लागी गुन कुतूहल हावके, आध तन सिंगार साजित आभरन अध सोहितं, हाव सोय बिछेप कहियत चकित इत उत जोहितं, स्याम संग सुजान कामनि बात निकसित कोयहें, जान होय अजान बूझत हाव मुग्धित सोयहें. ॥ १४ ॥

ટીકા—દંપતીમાં શૃંગાર ઉદય પામ્યાથી તે સ્ત્રી પુરૂષના શરીરનાં લક્ષણ તથા સ્વભાવ ઉપરના ભાવ વિચાર પૂર્વક શોધતાં અઠાર પ્રકારના હાવ ઉપજે છે. પોતાના પ્રિય પતિના જેવો વેશ ધારે એટલે સ્વામિનાં વસ્ત્રાભૂષણ પહેરી જે સ્ત્રી પુરૂષના જેવો વેશ લે તથા મનમાં પ્રેમનો પ્રકાશ થવાથી પતિની ક્રીયાનું અનુકરણ કરે તે "લીલા" નામે હાવ કહેવાય છે. મિલની મમતાથી પ્રીતિ વધે અને શરીરની નેતમ કાંઈ ઓરજ પ્રકારની ગતિ દેખાય તેને હાવના પ્રવીણ પુરૂષો "વિલાસ" નામે હાવ કહે છે. થોડા અલંકાર પેહેરવાથી જેનું અંગ વિશેષ સુંદર જણાય તેને સાહિત્ય શાસ્ત્રના મતે શોધનારા "વિચ્છિત" હાવ કહે છે. હસવા, ચાલવા" જોવા અને બોલવાથી જેની રીત ધટારથ જણાય અને સોહામણા રૂપરંગથી સુંદર દેખાય તે "લલિત" હાવ કહેવાય છે. અંગે વસ્ત્રાલંકાર એક એકથી ઉલટા પેહેરે, બોલવું તથા રોજગારે પણ ઉલટપાલટ થાય અને પ્રેમમાં તલ્લીન હોવાને લીધે રીતિ પણ બદલી જાય તેને "વિભ્રમ" નામે હાવ કહે છે. લાજની મારી વિચારમાં ને વિચારમાં પતિ સાથે બોલવાના સમયે જે સ્ત્રીથી બોલી શકાતું નથી તેની પ્રભાને લીધે તેને "વિહૃત" નામે હાવ ધારે છે. સ્ત્રી પોતાના પ્રિયતમનું મનમાં હાસ્ય ધરી અપમાન કરે અને તેથી કરી પતિ ક્ષોભ પામે તે "બિબ્બોક" નામે હાવ કહેવાય છે. પતિયે દીધેલા દંતધાવ, નખ, અને મર્દનની પીડાથી મનમાં સુખ અને ઉપલક મોડ મોડ દુઃખ જણાવી જે સ્ત્રી ખાલી રોષ કરે તેને "કુમિત" નામનો હાવ કહે છે. ક્રોધ, શ્રમ, ભય, હર્ષ, ગર્વ, કંપ, સ્મિત, અને અભિલાષ એટલાં જહાં એકી વખતે ઉપજે તેને "કિલકિંચિત" નામે હાવ ઉપજ્યો એમ કહ્યું છે. જે સ્ત્રી ચિત્તને વિશે પોતાના પ્રિયતમના દર્શનની ચાહના કરે અને ચતુરાઈથી પ્રિયના વખાણની વાતો કાને ન ધરે તેને "મોટાયિત"

નામે હાવ કહે છે. જોબનપણાને લીધે આનંદ પ્રગટ્યાથી ચિત્તમાં પ્રેમનો ઉદય થાય અને વગર કારણે તે સ્ત્રી હસે તે "હાસિત" નામે હાવ કહેવાય છે. સ્ત્રી અતિ હર્ષ ભરી પોતાનો પ્રિય મિત્ર જહાં હોય ત્હાં સામી જઇ બેસે અને વગર કારણે ચોંકી ઉઠે તેને "ચકિત" નામે હાવ કહે છે. સ્વરૂપ, સૌભાગ્ય અને જોબનથી ગર્વ ધરી તેનું વિસ્તારથી વર્ણન કરે તે "મદ" નામે હાવ કહેવાય છે. સ્વામિના વિયોગને લીધે વિરહાગ્નિ પ્રગટવાથી જેનું તન, મન ચળ વિચળ થાય છે અને કેમે ચેન પડે નહિ, તે વેદના ટાળવને આતુરતાથી ઉપાય ખોળતી હોય તેને "તપન" નામે હાવ કહે છે. જે સ્ત્રી ખુશીથી પોતાની ઇચ્છાનુંસાર વસ્ત્રાલંકાર પેહેરે, તેમજ ખુશી પ્રમાણે નવા નવા ખેલ કરે, અને ઇચ્છા પ્રમાણે પોતાના પ્રાણ પતિની સાથે વશીને વિહાર કરે, તેને "કેલી" નામે હાવ કહે છે. અતિ સુંદર સ્વરૂપવાળી સ્ત્રી સુંદર વસ્ત્રાભૂષણ પેહેરી બની ઠણીને પોતાના પ્રિયતમને નિરખવાની ઉત્કંઠા કરે તે ગુણ "કુતુહળ" નામના હાવના છે. અર્ધા શરીરે શણગાર સજયો હોય અને ઘરેણાં પણ અધુરાં ધરી ચકિત થએલી સ્ત્રી આમ તેમ જુવે તે "વિક્ષેપ" નામે હાવ કહેવાય છે. પ્રાણપતિની પાસે નીકળેલી કોઇ વાતથી જાણીતી છતાં નથી જાણતી કરી પૂછે તેને મુગ્ધીત નામે હાવ કહે છે [૧૪]

दोहा.

उदाहरन अरु बंध त्रिधि, कहें ग्रंथ बढिजाय;
याहीतें संछेप करि, दीनो भेद जनाय. ॥ १५ ॥

ટીકા—એ રીતે ઉદાહરણ તથા લક્ષણોની વિધિ કેહેવાથી ગ્રંથ વધી જાય એ માટે સંક્ષેપકરી (ટુંકામાં) ભેદ જણાવી આપ્યો. (૧૫)

अथ षट् ऋतु बिलास बरनंन-दोहा.

षट् रितु प्रति भूषन बसन, नये नये नित हेत;
रूप दुलह दुलहनि नये, नये नये सुख लेत. ॥ १६ ॥

ટીકા—છ રૂતુને વિશે નવાં નવાં ઘરેણાં તથા નવાં નવાં વસ્ત્ર પેહેરીને નવા નવા હેતે હમેશાં મળીને વર વધુ નવાં નવાં રૂપ કરીને નવાં નવાં સુખ લેછે [૧૬]

अथ तत्र प्रथम ग्रीषम बर्ननं-दोहा.

चेल गुलाबी केसरी, सब सीतल उपचार;
मुक्ता मंडन बाग बसि, ग्रीषम करत बिहार. ॥ १७ ॥

ટીકા—ગુલાબી તથા કેસરી રંગનાં સ્ત્રવ ધારણ કરી ચંદન, સુગંધીવાળો

ને કપુર વિગેરે સઘળા સીતળ ઉપચાર કરી મોતીનાં ઘરેણાં પૈહેરી, બગીચામાં રહીને ઉન્હાળાના દિવસમાં ક્રિડા કરે છે. [૧૭]

छप्पय.

विपन कुंज वाटिका, फिरत जलजंत्र फुहारन;
छवि शीतल तरु छांय, विविध जल केल विहारन.
बोहो घनसार गुलाब, मलय कसमीर बिलेपन;
शुभ केसरमय वसंन, तास भूषन मुक्ता तन.
पेखंत चंद्र सीतल पवन, सुमन सेज गजरा सुभत;
बिलसे बिलास निसदिन विविध, रससागर ग्रीपम सुरत. ॥ १८ ॥

ટીકા—જંગલ, ઝાડની કુંજો અને વાડીયોમાં ફરવું, ફરતાં ફરતાં પાણીનાં ફુઆરાઓનો બ્હાર લેવો; ઝાડની સીતળ છાયાતળે રેહેવું, અનેક પ્રકારના જલ ક્રીડાના વિહાર કરવા; કપૂર, ગુલાબ, મળયાગિરી ચંદન અને કેસર વિગેરેના લેપ કરવા; કેસરથી રંગેલાં સુંદર વસ્ત્ર અને તેવાંજ સુંદર મોતીનાં ઘરેણાં તને પેહેરવાં; રાતની વખતે ચંદ્રમાને જોવો; થંડા પવનની લહેરોનું સેવન કરવું; ઉત્તમ ફુલના ગજરા પહેરી ફુલનીજ સય્યામાં સુવું. એવી રીતે ગ્રીષ્મ નામની સારી ઋતુમાં રસસાગર રાત દિવસ અનેક પ્રકારે વિલાસ ભોગવે છે. (૧૮).

अथ वर्षा बर्ननं-दोहा.

सुही कसूंबी पट सकल, नीक जटित सिंगार;
अटा घटा निरखन नवल, बरषा करत बिहार. ॥ १९ ॥

ટીકા-લાલ કસુંબી રંગનાં સોભીતાં બધાં વસ્ત્ર પહેરી, હીરાજડાવ ઘરેણાં સજવાં અને મેડીની અગાશીમાં જઈ આકાશમાં ચડેલા મેઘની નવલ ઘટાને જોવી; એમ વર્ષા ઋતુમાં વિહાર કરે છે. (૧૯)

छप्पय.

ऊंच बसत शुभ अटा, घटा प्रगटित घनमें छबि;
निरखत गोख निकेत, सु धर गिरि हरित भये सबि.
मिलि दंपति मनुहार, प्यार करि अति मद पावत;
भाव कवित सुर भेद, गुनी मल्हार सु गावत.
सोहंत कसूंमल पट सुही, कौतुक श्रावन त्रीज कृत;

बिलसे बिलास निसदिन बिबिध, रससागर वरषा सु रत. ॥२०॥

ટીકા—ઉંચી અને શોભાયમાન મેડીમાં રહીને મેઘમંડળમાં છવાયલી ઘટાની શોભાને મેહુલના ગોખમાં બેશીને ચારે તરફ જુવે છે, તો જમીન અને સઘળા પાહાડો લીલા થઇ ગયા છે; તે સમે ત્હાં સ્ત્રી પુરૂષનું જોડું મળીને પરસ્પર ઘણો પ્યાર કરીને આગ્રહથી મદિરા પાય છે; ભાવ, કવિત્ત, અને સ્વરના ભેદે કરી ગુણીજનો જેની પાસે મલ્લાર રાગથી ગાયન કરે છે, તને કસુંબી રંગનાં લાલ વસ્ત્ર શોભે છે, અને શ્રાવણ વદ ત્રીજ [કજલી] ને દિવસે કૌતુક કરનાર રસસાગર વર્ષા નામની ચારી ઋતુમાં અનેક પ્રકારે રાત દિવસ વિલાસ કરે છે. (૨૦)

अथ शरद ऋतु बर्नन-दोहा.

अंबर जरी सु सोसनी, पना सु भूषन धार;

चंद्रोदय जल कमल छबि, शरद सु करत बिहार. ॥ २१ ॥

ટીકા—સોસની રંગથી રંગેલાં જરીનાં વસ્ત્ર તથા પાનાથી જડેલાં ઘરેણાં ધરીને ચંદ્રના પ્રકાશથી પાણીમાં ખીલેલી કમળની છબીને અથવા ચંદ્રનો ઉદય, જળ અને કમળની શોભાને જોઇ; શરદ રૂતુમાં વિહાર કરે છે.[૨૧]

छप्पय.

मंदिर दीपक माल, बाल दीपक माला बनी;

चहत चंद्र चंद्रिका, तिया पति जरह बसन तनी.

कर कर कमल कुमोद, प्रेम धरि दुर्गा पूजंत;

अति उज्वल आगार, उमहि सुख अनंत अरूजंत.

तटनीं तडाग तट बिमल तहां, क्रीडा जल मंजन करत;

बिलसे बिलास निसदिन बिबिध, रससागर यह शरद रत. ॥२२॥

ટીકા—મંદિરમાં બત્તીઓની દીપમાળો પ્રગટી છે,તેમ સ્ત્રી પણ દીપમાલા જેવી શોભાયમાન બની છે, છતાં ચંદ્રમાના પ્રકાશને ન્હાતાં સ્ત્રી પુરૂષ શરીરે જરીનાં વસ્ત્ર પેહેરી, કમળ અને પોયણીનાં ફુલ હાથમાં ઝાલીને પ્રેમથી દેવી અંબિકાનું પૂજન કરે છે, અતિશે ઊજળા મંદિરમાં ઊમંગથી અનંત સુખમાં મગ્ન થાય છે; નદી અને નીર્મળ પાણીથી ભરેલા તળાવના કિનારા ઉપર જઇને પાણીમાં ન્હાતાં જળ ક્રીડા કરે છે; એમ શરદ ઋતુમાં રસસાગર રાજકુમાર અનેક પ્રકારે રાત દિવસ વિલાસ કરે છે. (૨૨)

अथ हेमंत ऋतु बर्नन-दोहा.

नील निचोल सु अंबरी, मानिक भूषन सार;
अतिहि उष्न उपचार तन, हेमंत करत बिहार. ॥ २३ ॥

ટીકા—કાળાં વસ્ત્ર અને ઓઢવાને શાલ તથા દુશાલા, તથા પહેરવાને માણેક જડાવ ઘરેણાં, તેમ શરીરને સુખકર ગરમ ઉપચારોનું સેવન કરવું; એ પ્રમાણે હેમંત ઋતુમાં વિહાર કરે છે. (૨૩)

छप्पय.

भूमि भुवनमय भोग, तैल मर्द्दन तप तापन;
हैं जल केलि हमाम, तप्त भोजनं तरुनीं तन.
बहु मृगमद तंबोल, तल्प घन तूल तलाई;
सुजनी सुभग दुसाल, सदल सरपाउ सुहाई.
शुभ मानिक भूषन सकल, कोक कुतूहल रस कवित;
बिलसे बिलास निशदिन बिबिध, रससागर हेमंत रत. ॥ २४ ॥

ટીકા—ભૂમિની અંદર કરાવેલા ભોંયરાવાળા ઘરમાં રહીને વિલાસ કરવા, સુગંધમય તેલનું શરીરે મર્દન કરવું; દેવતાથી તાપવું; ન્હાવાની ઓરડીમાં રાખેલા ગરમ પાણીથી ન્હાવું; ઉનું ઉનું ભોજન જમવું; સ્ત્રીના શરીરને સેવવું; કસ્તુરીનું ઘણું લેપન કરવું; તથા નાગરવેલનાં પાનબીડાં ચાવવાં; ઘણા રૂથી ભરેલી તળાઇમાં સૂવું; સુંદર સુજની તથા દુશાલા ઓઢવા; દળદાર અને સુંદર છેડાવાળા શિરપાવ સુહાવા; ઉત્તમ માણેકથી જડેલાં સઘળાં ઘરેણાં પેહેરવાં; કોક શાસ્ત્રનાં કૌતુક કરવાં, અને શૃંગાર રસનાં કવિત્ત બોલવાં કિંવા વાંચવાં; એમ હેમંત ઋતુમાં વિલાસ કરે છે. [૨૪]

अथ शिशिर ऋतु बर्नन-दोहा.

अंबर सर्पी सित बसन, नील मनींसु अपार;
दंपति प्रेम अनंत उर, शिशिर सु करत बिहार. ॥ २५ ॥

ટીકા—અમર, માખણ, ધોળાં લુગડાં અને નીલ મણીઓનાં અપાર ઘરેણાંથી સ્ત્રી પુરૂષ ઉરને વિશે ઘણો પ્રેમ લાવી શિશિર ઋતુમાં વિહાર કરે છે. (૨૫)

छप्पय.

पाक सहस शत पाक, नेह अभंग करत नित;

भेषज मोदिक भक्ष, ताम्र पारद पक्व तित.
आमिष उष्म अहार, चंद्रहासह रस अचवंन;
काम थंभ गुटिकान, तेज उपचार करत तंन.
सनमान त्रिया नृत गान शुभ, निस दीरघ दिन छीन नित;
बिलसे बिलास निसदिन बिबिध, रससागर यह शिशिर रित. ॥२६॥

ટીકા—બળવાન અને પૌષ્ટિક વિધવિધ જાતના હજારો અને સેંકડો પાક ખાવા; નિરંતર ફુલેલાદિ તેલનું મર્દન કરવું; નાના પ્રકારની ઔષધિયોવાળા લાડુ જમવા; મારેલા ત્રાંબા અને પકાવેલા પારાની ખાખ ખાવી; રાંધેલું ગરમ માંસ ખાવું; ચંદ્રહાસાદિ માદક રસ પીવો; કામને સ્તંભક એવી ગોળીઓ ખાવી, તથા ઉત્તમ અને તેજસ્વી શરીર રહે એવા ઉપાયો કરવા; સ્ત્રીનો સત્કાર કરવો; નૃત્ય તથા ગાયન સાંભળવું; એવી રીતે જેની રાત લાંબી અને દિવસ ટુંકો છે. એમ શિશિર ઋતુમાં રસસાગર રાતદિવસ અનેક પ્રકારે વિલાસ વિલસે છે. (૨૬)

अथ वसंत ऋतु वर्नन–दोहा.

श्वेत बिचित्र तन बसन, सकल नंग सिंगार;
केसर चंदन कुमकुमा, करत बसंत बिहार. ॥ २७ ॥

ટીકા—શ્વેત અને કેસરથી ચિત્રેલાં વસ્ત્ર શરીરે પેહેરવાં; તેમ મણી માણેક આદિ સઘળાં નંગોથી જડેલાં ઘરેણાં સજવાં; કેસર, ચંદન અને કુમકુમાદિ યુક્તથી વસંત ઋતુમાં વિહાર કરે છે. (૨૭)

छप्पय.

जुवती नर कर जूथ, खुसीमहि फाग सु खेलहीं;
केसर जल पिचकार, लिये अत्तर कर तेलहि.
गोद अबीर गुलाल, नदर इतरेतर नांखहि;
बोलत राग बसंत, भजें मुख गारि सु भाखहि.
बाजें मृदंग डफ बीन बहु, राजे सब लज्जा रहित;
बिलसे विलास निसदिन बिबिध, रससागर सु बसंत रित. ॥ २८ ॥

ટીકા—જુવતી કહેતાં સ્ત્રી તથા પુરૂષોનાં જુથ્થ એકઠાં મળી આનંદમાં ફાગ ખેલે છે; કેશરના પાણીની પિચકારીઓ ભરી તાકી તાકીને મારે છે, તથા અત્તર અને સુગંધીવાળાં તેલ હાથે લગાવે છે; ગોદમાં રાખેલ અબીલ ગુ-

લાલની ફાંટો ન ડરતાં એક બીજા ઉપર દોથા ભરી ભરીને ઇધર તિધર નાખે છે; મોઢેથી વસંત રાગ ગાઇને ફાગ (ગાળો) બોલે છે; મૃદંગ, ડફ, વીણા વિગેરે ઘણાંક વાજાં વાગે છે અને સર્વે લજ્યારહિત થયેલાં શોભે છે; એવી રીતે વસંત ઋતુમાં રસસાગર રાજકુમાર અનેક પ્રકારે રાત દિવસ વિલાસ કરે છે. (૨૮)

अथ गाहा.

कोक कला अनुमानं, बर्नन भाव हाव सु बिलासं;
षट रुतु क्रत सु बिहारं, सोर प्रबीनसागरो लहरं. ॥ २९ ॥

ટીકા—કોક શાસ્ત્રની રીતથી ચંદ્રની કળા પ્રમાણે કામદેવનું રેઠાણ; હાવ ભાવના વિલાસનું વર્ણન, સાગર કુમારે છ ઋતુમાં કરેલો વિહાર, એ વૃત્તાંતવાળી પ્રવીણ સાગરની સોળમી લેહેર પૂરી થઇ. (૧૬)

इतिश्रीप्रबीनसागरग्रंन्थेकोककला,हाव,भाव,षट्ऋतुविहारोनामषोडशोलहरं. ॥१६॥

लेहेर १७ मी.

अथ गायन प्रसंग—छंद चोपाइ:

शुभ जनपद पंजाब जहांहें, पुर लाहोर मुलतान तहांहें,
गायन तहां अनंत रहावें, सब संगीत रीत गृह गावें,
मुख्य चातुकी कोकिला दोई, सोर अठार बरष बय सोई,
रंम्य स्वरूप लहंन रस ग्रंथा, जानन भेद नायका पंथा,
राग रागनी रूप प्रबीना, साज बजावन मुरज सु बीना,
गूढ भेद जानन गुन गाथा, काव्य नवीन करन समराथा,
वह गायन दिन एक बिचारी, जनपद सहल करनकी धारी.॥१॥

ટીકા—જહાં પંજાબ નામનો મનોહર દેશ છે,—ત્હાં લાહોર અને મુલતાન શેહેર છે. તે શેહેરમાં ગાયન કરનારં અનેક ગવેયા અને નાયકાઓ રહે છે,—તેઓ સંગીતની સઘળી રીતી પ્રમાણે રાગના ઘરમાં ગાઈ જાણે છે. તેમાં પણ ચાતુકી અને કોકિલા નામની બે વારાંગનાઓ મુખ્ય છે, તેમાં એકની સોળ અને બીજીની અઢાર વર્ષની ઉમ્મર છે; તે બંને અતિ સ્વરૂપવાન, રસના સઘળા ગ્રંથોને જાણવાવાળીઓ, નાયકા ભેદના પંથથી પારંગત, રાગ

રાગણીઓનાં રૂપને ઓળખવામાં અને ગાવામાં કુશળ, બજાવવાના સાજમાં મુરજ, વીણા વિગેરે અનેક વાદ્ય બજાવનારીઓ, ગુઢાર્થ ભેદ અને ગુણવાળી ગાથાઓને જાણનારીઓ, અને નવિન કવિતા કરવામાં સમર્થ એવી ગાયન કરનારી તે નાયકાઓએ એક દિવસ વિચારીને બીજા દેશોમાં મોજ કરવા જવાની ઈચ્છા ધારી. (૧)

दोहा.

कछू तास अरथ न कमी, दिय गुरुजन गृह भार;
गायन देशाटन चली, देखन राजदुवार. ॥ २ ॥

ટીકા—તેમને કોઈ રીતે દ્રવ્યની કમીના નથી પરંતુ ફક્ત રાજદ્વાર જોવા માટે ઘરનો ભાર પોતાના વડીલોને સોંપીને પોતે પરદેશમાં ચાલીયો. (૨)

छप्पय.

हय जोरित चकडोल, एक मंदोलिका सु वर;
पंच सुतर सामान, दश सु दासी सकटी सर.
असी साठ असवार, आठ पंचासक पायक;
नट अरु नायका, और दस बीसक गायक.
जेहर जराव अंबर जरी, बिध्र विध बाजित संग लिय;
कोकिला चातुकी नाम जिहि, राज सहल गायन चलिय. ॥३॥

ટીકા—ઘોડા જોડેલ એક રથ, એક ઉમદી પાલખી, સામાન ઉપાડવાને પાંચ ઉંટ, દશ દાસીઓ, પાંચ ગાડીઓ, સાઠ સ્વાર, પચાસ સાઠ પ્યાદા, નટ, વારાંગનાઓ અને બીજા દશવીશ ગવૈયા; ઝાંઝર, લંગર અને બીજાં જડિત ઘરેણાં તથા જરીનાં વસ્ત્ર, આદિ નાના વિધ વાજાં સાથે લઇ તે કોકિલા તથા ચાતુકી જેનાં નામ છે એવી બે નાયકાઓ રાજદ્વારની સેહેલ કરવા ચાલીઓ.(૩)

दोहा.

जाते राजदुहार प्रति, गावे बीच जनान;
पावे मोज अद्रष्टवत, फुनि उठि चलें बिहान. ॥ ५ ॥

ટીકા--જ્યાંહાં જાય ત્હાં રાજદરબારમાંજ જાય છે તેમ ગાય છે પણ અંતઃપુરમાંજ, એમ ગાયનથી રીઝી અદષ્ટ પ્રમાણે બક્ષિસ મળેછે તે લેઈ વળી સવારે ઉઠી બીજી રાજધાની તરફ ચાલવા માંડેછે. (૫)

फिरत आइ गुर्जर धरा, पुरी मनंछा थान;
खान पान सनमान किय, नीतपाल राजान. ॥ ६ ॥

ટીકા--એમ કરતાં કરતાં ગુર્જર ધરામાં જહાં મનછાપુર.નામે શહેર છે ત્હાં આવીઓ; જ્હાં રાજા નીતિપાળ રાજ કરે છે, તેમણે તે નાયકાઓનું ખાનપાનાદિથી ઘણું સન્માન કર્યું. [૬]

छंद दोधक.

गायन थान इकंत जमायो, खानहि पान सबें सुख पायो;
सांझ सु राजदुवार सधाई, द्वार प्रवेशन आयस पाई.
जाय जनानहिमें सिर नाई, बीन म्रदंग मिलाय सु गाई;
गायन भेद संगीत सु लीनो, गान प्रमान सबें तिय कीनो.
रीझ प्रबीनकला उर आई, सासन श्री महराज मगाई;
रीझ प्रमानें इनाम सु दींनो, गायनकों सु टिकवहिं कींनों. ॥ ७ ॥

ટીકા--ગાયન કરનારીઓએ એકાંત જોઇ મુકામ કર્યો અને ત્હાં ખાનપાન વિગેરેથી ઘણું સુખ પામીઓ; સાંઝ થઇ એટલે રાજમંદિરે ગયાં બાદ અંદર જવાની રજા મેળવીને અંતઃપુરમાં જઇ રાણીઓને વંદન કરયું, પછી વીણા તથા મૃદંગનો સ્વર મેળવીને ગાયન કરવા લાગીઓ; તેઓએ ગાયનમાં સંગીત શાસ્ત્રનો ભેદ લીધો તેથી કરી બધી રાણીઓએ તેમનું ગાયન પ્રમાણ કરયું; જેથી કળાપ્રવીણને મનમાં ઘણી ખુશી ઉપજી, પછી મહારાજાની મંજુરી મગાવીને ખુશી પ્રમાણે ઇનામ આપ્યું તથા તે નાયકાઓને ત્હાં થોડી મુદત વધારે ટકવાને કહ્યું. [૭]

दोहा.

नित प्रति राजकुमारि मिल, सुने जु गायन गान;
इक दिन कलाप्रबीन जूं, बूझ्यो ऐह बिधान. ॥ ८ ॥

ટીકા—એ પ્રમાણે નિત નિત રાજકન્યા મળીને તે નાયકાઓનું ગાયન સાંભળે છે, પછી એક દિવસે કળાપ્રવીણે આ પ્રમાણે ગાયન સંબંધી ભેદ પુછયો. (૮)

कलाप्रबीनोवाच छप्पय.

कहा सप्त सुर नाम, कोंन अनुमान पिछानें;
कहा मुर्छना ग्राम, सुरसु केते मिलि जानें..
को सु भये षट राग, कोंन रागनीं राग प्रति;
कोंन तास सुत सुता, रंग रूप सु कैसी गति.

सब मिल स्वरूप केते प्रथक, केते ताल लगाइयें;
कोकिला चातुकी भिन्न कर, एते भेद बताइयें. ॥ ९ ॥

ટીકા—સાત સ્વરનાં નામ કયાં છે, તથા કિયા અનુમાનથી તેની ઓળખ થાય છે? મુર્છના અને ગ્રામ કેટલાં છે? કેટલા સ્વરો એક બીજામાં મળી જાણે છે, તેમ કોનાથી છ રાગની ઉત્પત્તિ, અને તે તથા કયા કયા રાગ પ્રત્યે કયી કયી રાગણીઓ છે. તેઓના દીકરા તથા દીકરીઓ કોણ કોણ; વળી તેમના રંગ રૂપની ગતિ કેવી છે? સઘળાં મળીને કેટલાં રૂપ છે અને તેઓને પૃથક રીતે કેટલા તાલ લગાડાય છે; તે હે કોકિલા ચાતુકી! ભિન્ન ભિન્ન રીતે કરીને એટલા ભેદને બતાવશો. [૯]

अथ गायनोत्तर—दोहा.

अहो प्रवीन संगीत दधि, पेर न पावत पार;
जो बूझे सो मति यथा, कहों भेद विस्तार. ॥ १० ॥

ટીકા—અહો કલાપ્રવીણ, સંગીત વિદ્યા સમુદ્ર પેઠે વિશાળ છે માટે કોઈ તેના પારને પામતું નથી; પરંતુ આપે જે ભેદ પૂછ્યા તે યથામતિ પ્રમાણે વિસ્તારીને હું કહું છું. (૧૦)

अथ स्वर नाम—छंद चंद्रायणा.

षर्ज रिषभ गंधार सु मध्यंम जानियें, पंचम धैवत और निषाद बखानियें;
स रि ग म प ध नी सप्त सप्त सुर अंकहें, तीन ग्राम मूर्छना बीस एकं कहें. ॥ ११ ॥

ટીકા—ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ પ્રમાણે સ્વર જાણવા. સા રી ગ મ પ ધ ની એ સાત સાતે સ્વરોના અંક છે; ગ્રામ ત્રણ અને મુર્છના એકવીશ છે. [૧૧]

अथ ग्राम नामाभिधानं—दोहा.

नाभि कंठ कपालिका, यहें धाम निरधार;
यह अभिधान सु जानियें, मंद मध्य अरु तार. ॥ १२ ॥

ટીકા—નાભી, કંઠ, કપાળ એ ગ્રામનાં સ્થાન છે; એ ત્રણે સ્થળ મંદ મધ્ય અને તાર નામથી જણાય છે. (૧૨)

अथ सप्तस्वर अनुमान भेद—छप्पय.

बरहि बान सुर षर्ज, रिषभ चातुकी उचारन;
अंगुचार गंधार, मध्य कुरची कल धारन.

पंचम कोकिल शब्द, बाज धुनि धैवत जानें;
घन गर्जन सु निषाद, सप्त सुर भेद बखानें.
षट सुर फिरंत षंडव वहें, पंच सु ओडव धारिये;
स्वर सप्त सोय पूरन कहे, रागन धाम बिचारियें. ॥ १३ ॥

ટીકા—મોરની વાણી જેવો ષડજનો સુર, બપૈયાના ઉચ્ચાર સરીખો ઋષભનો સુર, ગાંધારનો બકારના ઉચ્ચાર સરીખો, કુરચીના ઉચ્ચાર જેવો મધ્યમનો, પંચમનો કોયલાની વાણી જેવો, ધૈવતનો ઘોડાના શબ્દ સરીખો, અને વર્સાદની ગર્જના પેઠે નિષાદનો ઉચ્ચાર છે. જે ગાયનમાં છ સ્વરો ફરે તેને ખાડવ કહે છે; પાંચસ્વરો આવે તો ઓડવ ધારે છે, અને જેમાં સાતે સ્વરો આવે તેને પૂર્ણ કહે છે; એમ સાત સ્વરનો વિચાર છે. હવે રાગના ધામનો વિચાર કરીએ. [૧૩]

अथ रागोत्पत्तिभेद-छप्पय.

भैरव हरतें भयो, मालकोशह बिष्नू मुख;
ब्रह्म गात हिंडोल, औं दीपक दिनमनि रुष.
शेषहुतें श्रीराग, मेघ गाजत अकास हुव;
इक इक प्रति राग; पंच रागनीं प्रगट भुव.
सुत पंच पंच प्रति रागनीं, पंच पंच पुत्री कहें;
बिस्तार बढ्यो संबंधसें, तीन लोक फैल्यो वहें. ॥ १४ ॥

ટીકા—ભૈરવ રાગની ઉત્પત્તિ હરથી, માલકોશની વિષ્ણુ મુખથી, બ્રહ્મા-ના શરીરમાંથી હિંડોર રાગની, દીપકની સૂર્યના તેજથી ઉત્પત્તિ શ્રી રાગની શેષથી અને આકાશમાં ગાજતા મેઘથી મલ્લારરાગની ઉત્પત્તિ છે;હવે એક એક રાગથી પાંચ પાંચ રાગણીયોનો ભવ થાય છે, તે દરેક રાગણીને પાંચ પાંચ પુત્ર તથા પાંચ પાંચ પુત્રિયો કહેલી છે; એવી રીતના સંબંધથી એટલોબધો વિસ્તાર વધ્યો કે જે ત્રણે લોકમાં ફેલાઈ રહ્યો છે. [૧૪]

दोहा.

बरने रूप सबीनंके, तबे बहोत बिस्तार;
कहें प्रबीन षट रागके, रागनि युक्त उदार. ॥ १५ ॥

ટીકા—જો બધા રાગના રૂપનું વર્ણન કરીએ તોતો ગ્રંથનો બહુ વિ-સ્તાર થઈ જાય, વાસ્તે રાગણીઓયુક્ત છ રાગનોજ વિસ્તાર કરીએ છીએ.[૧૫]

अथ श्री भैरव पंच रागनी नाम भेद-चोपाई.

भैंरु राग भैरवी नारी, वैरारी माधवी विचारी;
सिंधू बंगाली सु कहावे, यहैं रीत संगीत बतावे. ॥ १६ ॥

ટીકા—ભૈરવ રાગને પાંચ સ્ત્રીઓ છે; એક ભૈરવી, બીજી વેરાડી, ત્રીજી માધવી, ચોથી સિંધુ અને પાંચમી બંગાલી નામે કહેવાય છે,—અને તે સંગીત શાસ્ત્ર જણાવે છે. (૧૬)

अथ भैरवादि रागनी स्वरूप श्रृंगार भेद-छंद पद्नील.

शंकर सो जु सरूप हिमंकर भाल गहे, अंबक तीन जटा मधि देवधुनी सु बहे. अंबर सेत अही भुज मुंडन माल गरें, भैरव आसन सिद्ध मृगं तुचपें सु करें. सोहत गौर सरूप सुपेत सु पाट लसें, श्वेत उढोलन उरोजन कंचुकि लाल कसें. चंपककी उर माल बजावत ताल करं, भैरवि शंकर थान उचारत बानि हरं. कंकन कंचन पान सु कंचुकि श्वेत हिये, नागनिके छबि केस सु अंग बिखेर दिये; देव प्रसूनन गुच्छ सु रीझ धर्यो श्रवने, चाहतहे प्रिय संग बिरारिय सो बरने. अंजित नैंन परीभृत बेन सु हेम तना, पीत निचोल पिया मुख चुंबतहे ललना; कंठ भुजा धरि रीझतहे छिन मध्य हसे, ए मधुमाधवि साम समीप्र सदा बिलसे. अंबर आरुन रूप बिसाल त्रिसूल लिये, पूजतहे शिव थान खरी कर कंज कीये; क्रोध भरी मनमें बिरहानल अंग दहें, हेरतहे पति पंथ सु सिंधवि तास कहें. भाल दिये मृगसार बिभूत सु अंग धरें, शीश जटा शुभ मूरति लीन त्रिशूल करें; केसर रंग उढोन सु मंदहिं मंद हसे, एह बंगालनि बाल सदा बन कुंज बसे. ॥ १७ ॥

ટીકા—સ્વરૂપ તો જેનું શંકરના સરીખું છે; ચંદ્રમાને જેણે કપાળ વચ્ચે ધરેલો છે; ત્રણ નેત્ર અને જટામાંથી ગંગા વહે જાય છે; સ્વેતાંબર પહેરેલાં છે; ભુજાઓ વિશે સર્પ અને કંઠમાં જેણે મુંડમાળા પહેરેલી છે,—એવો ભૈરવ રાગ મૃગચર્મ ઉપર સિદ્ધાસન કરીને રહ્યો છે. જે ગૌર વર્ણથી શોભે છે; શરીરે ધોળાં વસ્ત્ર તથા ધોળી ઓઢણી ઓઢી છે; સ્તન ઉપર લાલ રંગની કંચુકી કસેલી છે; ચંપાના પુષ્પની માળા ગળામાં ઘાલેલી છે તથા હાથેવતી તાલ વગાડે છે; એ પ્રમાણે ભૈરવી રાગણી મહાદેવજીના સ્થાનમાં "હર હર" એવી વાણીનું ઉચ્ચારન કરે છે. સોનાનાં કંકણ હાથે પેહેરેલાં છે; અને સ્વેત કંચુકી છાતીપર ધારણ કરી છે; સર્પણી સરખા છૂટા કેશ રાખીને શરીર ઉપર વિખારે

લા છે; પારીજાતકના ફુલના ગુચ્છા હર્ષવડે કાને પહેરેલા છે, તથા પ્રિયતમના અંગને ભેટવા ઇચ્છે છે; એ રીતે વેરાડી રાગણીનું વર્ણન છે. અંજનવડે જેણે આંખ્યો આંજી છે; કોયલ સરીખી મધુરી વાણી બોલે છે; સોના જેવું કાંન્તિમય શરીર છે; પીળાં વસ્ત્રને ધારણ કર્યાં છે, તથા પ્રિયતમના મુખનું ચુંબન કરે છે. અને ગળે હાથ નાખી ખીજથી જરા જરામાં હસે છે; એવી મધુમાધવી નામની રાગણી હમેશાં પોતાના પતિકને વિલાસ કરે છે. અંગે લાલ વસ્ત્ર પેહેરેલાં છે; સુંદર જેનું રૂપ છે; હાથમાં ત્રિશૂળ છે; શિવજીના મંદિરમાં ઉભી ઉભી કમળ લઇ હાથ પસારી પૂજા કરે છે; ચિત્તમાં રોષ આણી વિરહાગ્નિથી અંગને બાળે છે અને વારંવાર પતિના આવવાની રાહ જુવે છે; એ રીતે સિન્ધવી નામે રાગણી કહેવાય છે. કપાળમાં કસ્તુરીનું તિલક કરી શરીરે ભસ્મ ધારણ કરેલી છે; મસ્તક ઉપર જટા રાખેલી છે; જોયામાં ખુબસુરત દેખાય છે; હાથમાં ત્રિશૂળ ઝાલેલું છે; કેસરીયા રંગની ઓઢણી ઓઢીને મંદમંદ હસે છે; એ બંગાલી નામે રાગણી બાળસ્વરૂપથી નિરંતર વનકુંજે વસે છે. (૧૭)

अथ श्री मालकोश पंच रागनी नाम-चोपाइ.

मालकोशहूकी यह बाला, टोडी गोडी रूप रसाला;
फुनि गुनकलि खमायचि नारी, कुकुभ युक्त पंचो हितकारी. ॥१८॥

ટીકા—માલકોશ રાગની અતિ સ્વરૂપવાન ટોડી, ગોડી, ગુનકલી, ખમાચી અને કુકુભા એ પાંચ રાગણીઓ માલકોશ રાગની હીતકારી સ્રીયો છે. (૧૮)

अथ मालकोशादिं रागनीं स्वरूप शृंगारं भेद-छंद चामर.

सेत बास धारितं सुरूप श्याम रंगहे, सीप सून कंठ हार बार जूथ संगहें; शीश चड पानमें छरी सु बास धारितं, चातुरी बिलास मालकोश सु बिचारितं. कंज नेन कीजितं कटाछ कुंजमें खरी, सेत सारि श्याम कंचुकी सु बान माधुरी; खौरहें कपूर बीन नाद एन रीझही, काम रंग अंग भीन टोडि रागनी कही. कोकिला सु बानि बाम सांम अंगियां हिये, पान नाद अंब मोर ओंन तीरपें कीये; सेत बास चंद्रिका उजास आस्य जानियें, बागमें बिराज बाल गोरिका बखानियें. बासहे मलीन दीरघं उसास डारितं, छीन अंग नेंन नीर अंगियां भिगारितं; बार खोलि बेठितं कदंब शीश डारिहें, पहरीत जानियें गुनंकली सु मारिहें. नेंन एनके समान कोकिला सु बानहें, चातुरी भरी जु भेद भाषितं सु तांनहे; सोहिवं कुसूम बास ई-

सकी अहे गती, चंद्र आननं प्रकाश सोयहे खमायची. कंतके विलाससें उजागरंग नेनमें, तूट हार बार छूट तूतरंत बेनमें, कंचुकी दरार खाइ बांहकी बलैं छनी, एह भार अंग मोरितं कुकुम्भ रागनी. ॥ १९ ॥

ટીકા—અંગે ધોળાં લુગડાં પેહેરેલાં છે;સ્વરૂપવાન પણ જેના શરીરનો રંગ કાળો છે; ગળાને વિશે મોતીની માળા ઘાલી છે અને પાંચ સ્ત્રીઓ સાથે છે; માથે મુગટ અને હાથમાં સુગંધીદાર ફુલની છડી ધરેલી છે; એમ વિલાસને વિશે ચતુર એવો માલકોશ રાગ કહેલો છે. કમળ સરીખી આંખ્યોથી કટાક્ષ કરતી કુંજમાં ઉભી છે; સ્વેત સાડી ઓઢેલી છે અને છાતીએ શ્યામ કંચુકી કસી છે; વાણી જેની મધુર છે; કપુરનો લેપ અંગે ચરચેલો છે; વીણા વગાડે છે તેના નાદથી હરણોને રીઝાવે છે; એવી પ્રગટેલા કામના રંગથી અંગે ભીંજાએલી ટોડી નામની રાગણી કહી છે. કોયલની વાણી જેવી જેની મધુર વાણી છે; સ્તન ઉપર કાળી કંચુકી કસેલી છે; નાદ નામનું વાદ્ય જેના હાથમાં છે અને આંબાના મોરનું ઝુમણું કાને લટકાવેલ છે; સ્વેતામ્બર પેહેરેલાં છે; ચંદ્રબિંબ જેવું તો જેનું મ્હોડું ઝળકે છે; એવી બાગમાં વસતી બાળરૂપ વખાણાતી ગોડી નામની રાગણી કહી છે. જેનાં પહેરેલાં વસ્ત્ર મેલાં છે; લાંબા અને ઉંડા નીસાસા નાખે છે; જેનું શરીર વિરહાગ્નિને લીધે છિન્ન ભિન્ન–કૃશ થઈ ગયું છે; આંખમાંથી ઝરેલા આંસુના પાણીથી ઉર ઉપરની પેહેરેલી કંચુકી પલળેલી છે તથા ખુલ્લા અને છૂટા કેશ પંખારીને બેઠેલી છે; વળી કદંબ વૃક્ષની ડાળ જેના ઉપર આવી રહી છે; એવી રીતે ગુનકલી નામે રાગણી છે. નેત્ર જેનાં મૃગની સમાનાં છે, તથા કોયલના કંઠ જેવી મધુરી વાણી છે; ચાતુરીથી ભરપૂર ભેદો ભરેલાં જે સુંદર તાન બોલે છે; અંગે કસુંબી રંગથી રંગેલાં વસ્ત્ર શોભે છે; હંસની ગતિ જેવી જેની ચાલ છે અને જેના મ્હોડાની કાન્તિ સરદ પૂનમના પ્રકાસીત ચંદ્રનીબિંબ સરીખી તેજસ્વી છે;એવા લક્ષણવાળી ખમાચી નામની રાગણી છે. સ્વામિસાથે ભોગ વિલાસ કરવાથી આખી રાત્રિના ઉજાગરાનો રંગ જેની આંખમાં ખીલી રહયો છે; કંઠમાંનો મુક્તા હાર તૂટી ગયો છે; જેના વાળ છૂટી–વિખરાઈ ગયા છે; બોલતાં બોલતાં તોતડાય છે; હાથે પહેરેલી ચુડીયોમાં ચિર પડી ગઈ છે; જેની કંચુકીની બાંય છણાઈ ગઇ છે, ને આળસને લીધે પાની ઉપર ભાર દઇને અંગ મચકોડે છે; એ લક્ષણવાળી કકુભ નામની રાગણી છે કહી (૧૯)

अथ हिंडोर पंच रागनी नाम भेद–चोपाइ.

रामकली देसाख सु बामा, ललिता अरु बिलाबली नामा;

पटमंजरी पंचमीं नारी, ए हिंडोरकि आगना कारी. ॥ २० ॥

ટીકા—રામકલી, દેશાખ, લલિતા, બિલાવલી, અને પટમંજરી એ પાંચે રાગણીઓ હિંડોર રાગની આજ્ઞાકારી નારીયો છે. (૨૦)

अथ हिंडोरादि रागनी स्वरूप शृंगार भेद—छंद चर्चरी.

सीसपें मनि मुकुट सोहित पीत बास सो हावही, अंग हेम अनंग उपमां मंद मंद सु गावही; हाटकी हिंडोलना परि नारि देत सु झोलहें; अंग अंग सिंगार साजित राग यह हिंडोलहें. नील रंग दुकूल दीपत पीत रंग सु अंगहे, एनसार सु भाल चर्चित जटित भूषन नंगहे; सामको मन मोहि लीजत हाव भाव सु गायके, रागनीं यह प्ररखि लीजें रामकलिय बनायके. मूरती सु प्रचंड सोहत बीर रसमय बालिका, साम चीर सनेह पतिसें हार हिय मनि मालिका; आनपें पति जान नं दैयत मधुर बानीं भाषहें, अंग अंग अनंग प्रगटित रागनीं देसाखहें. गौर अंग पुहूप गुननीं सजत सोर सिंगारहें, झीनि बास दमंक दामनि मुख सुधाकुर सारहें; कंज नेनन अंजि काजर अधर बिंब बखानियें, हासयुक्त बिलास हेरत ललित रागनि जानियें. आप बन संकेत राजित राह देखत मिंतकी, लाल चीर सु नील कंचुकि देह दामन कंतकी; साजें अंग सिंगार आभ्रन ध्यान वह लागी रहें, मेन व्यापित अंग अकुलित बिलाबल तासें कहें. फूल माला मृगाज उरमें बिरह व्यापित अंगमें, प्री बिजोग बिहाल सेजन रेंन दिन यह रंगमें; खान पान भे बसन भूषन नां सुहावें सहचरी, छीन होत छिन छिन प्रति रागनी पटमंजरी. ॥ २१ ॥

ટીકા—માથે મણીથી જડેલો મુગટ તથા જેણે પીળાં વસ્ત્ર પેહેરેલાં છે; સોના જેવી જેના અંગની કાંતિ છે; વળી જેને કામદેવની ઉપમા અપાય છે; ધીમે ધીમે ગાય છે, સોનાના હીંડોળા ઉપર બેઠેલો છે અને તેની સ્ત્રીઓ પ્રેમથી હિંચકા નાંખી ઝુલાવે છે; પ્રત્યેક અંગ શણુગાર સજેલા છે; એ રીતે હિંડોલ રાગ છે. જેણે શ્યામ રંગનાં વસ્ત્ર પેહેર્યાં છે; પીળું અને સુંદર શરીર છે; કપાળમાં જેણે કસ્તુરીવું તિલક રચેલું છે અને નંગ જડાવ ઘરેણાં પેહેર્યાં છે; હાવ ભાવ અને ગાયનથી પ્રિય સ્વામિના ચિત્તનું મોહ ઉપજાવીં હરણ કરે છે; એ લક્ષણી રામકલી રાગણી પારખી લેવી. જેની આ-

કૃતી ઘણી મ્હોટી છે-પણ તે શોભાયમાન દેખાય છે; વળી તે રસમય બાળ સ્વરૂપે છે; અંગે કાળા રંગની સાડી પહેરેલી છે તથા પતિથી ઘણું વહાલ છે; કંઠમાં ફુલના હાર અને મણીની માળા પેહેરી છે તથા બીજી કોઇ અન્ય નાયકા પાસે સ્વામિને જવા દેતી નથી; માધુર્યતા યુક્ત વાણી બોલે છે; પ્રત્યેક અંગ અંગને વિશે કામદેવ પ્રગટ થયેલો છે; એ રીતે દેશાખ નામની રાગણીનાં લક્ષણ છે. ગૌરવર્ણી જેની કાયા છે; પીયણીના ફુલની માળા પેહેરેલી છે તથા જેણે અંગે સોળ શણગાર સજેલા છે,તેથી અંગે પેહેરેલાં ઝીણા વસ્રોની અંદર જાણે વિજળી ચમકતી હોય નૈ? એવી પ્રભા દેખાય છે; ચંદ્રમાના જેવું અતિ સુંદર જેનું મુખ શોભે છે; કમળ સરખી અણીઆળી આંખ્યોમાં કાજળ આંજ્યું છે; જેના હોઠ બિંબાકૃતિ જેવા લાલ અને વખાણવા જોગ છે; હાસ્યયુક્ત વિલાસથી જુવે છે; એ લક્ષણવાળી લલિત નામની રાગણી જાણવી. પોતે વનની લતામાં કરેલા સંકેત સ્થળે રહીને પોતાના પ્રિય મિત્રની વાટ જુવે છે; લાલ ચીર તથા શ્યામ રંગની કંચુકી પેહેરેલી છે તથા જેની કાયા વીજળીના જેવી ચમકતી છે; અંગે સોળ શૃંગાર અને દ્વાદશ ધરેણાં ધરીને પ્રિય પતિનાજ ધ્યાનમાં સઘળી વૃતિ લાગી રહેલી છે; રતિનાથના વ્યાપવાથી અંગ અકળાઈ ગયું છે; એવી ચેષ્ટાવાળી વિળાવળ નામની રાગણી કહેવાય છે. જેણે હૃદયપર ફુલની માળા અને કસ્તુરી ધારણ કરી છે; અંગે વિરહ વ્યાપેલો છે; પ્રિયતમના વિયોગથી સેજ-પલંગમાં બેહાલ રીતે પડેલી છે; તથા રાત દિવસ વિયોગના રંગમાંજ ગમખાર રહે છે; વિયોગ દુઃખને લીધે ખાન, પાન લુગડાં તથા ધરેણાં જેને પહેરવાં ગમતાં નથી તેમ સહેવાતાં નથી; ક્ષણે ક્ષણે સુકાતી જાય છે; એ લક્ષણવાળી પટમંજરી નામની રાગણીછે.(૨૧)

अथ दीपक पंच रागनी नाम भेद—चोपाई.

देसी ओर कमोद कहावें, नट केदार दार गुन गावें;
बहुरि कांनरा रूप बिसाला, यहें पंच दीपककी बाला. ॥२२॥

ટીકા—દેશી, કમોદ નટ, કેદાર અને કાનરા એ પાંચ ઘણા રૂપ વાળી રાગણીયો દીપક રાગની જુવાન સ્રીઓ છે. (૨૨)

अथ दीपकादि रागनी स्वरूप शृंगार भेद—छंद हारक.

सोहत गन पीठ परन आवृत गन कामनी, आरुन तन लाल बसन माल मुगतकी बनी; बेस सुभग केस खुलित गावत सुभ बानियें, कुंजन मधि गुंज मधुप दीपक यह जानियें. नील* बसन गौर सुतम सोवत पतिपें लरी, आञ्जन तन पानि अंजन चाह रमनकी भरी; रूप रसिक गावन पिक

*नील ने બદલે हरित જોઈએ કેમકે ત્યાં લીલો રંગ કહેવાનું છે.

मीतम मन मोहनी, जोबन मत रीझत चित देसि कहंत रागनी. कुंदन तन सारि अरुन सेत बरन कंचुकी, कूजन पिक गुंजन मधु कुंजन बनमें झुकी; काम दहत मित चहत शोच रहतहें, व्याकुल मित सु राह लखित कैयत सु कुमोदनीं. प्रिय मनहर चित्त चतुर केसर बर अंगहें, हंस गमन भूषन तन चैल अरुन रंगहें; पीठ दुरद पानि धरत जूथ सखिनके लहें, नाटिक गति साधित नित रागनि नट सो कहें. गंग जटन कूह लटन भेख सु मुनि धारितं, रूप सुभग पंकज द्रग ए उपाबित डारितं; भूति चादित ग्यान गादित मंत्र पठत सारहें, कानन मधि आनन शशि सोहित सु किदारहें. श्याम बरन रिष्ट करन सेत बसन सोहितं, ईभ रदन बाम धरन अंबरमनि पूजितं; खोर मलय भाल रचित माल सुमन केहरा, आंगन, मधि खरी लसिव लछन हसित कांनरा. ॥ २३ ॥

ટીકા—હાથીની પીઠ ઉપર બેઠેલો તથા સ્ત્રીઓના વૃન્દથી વિંટાએલો છે, શરીર રાતું છે, તેમ લુગડાં પણ લાલ પેહેરેલા છે, ગળામાં મોતીની માળા ધારણ કરેલી છે, સુંદર પોષાક પેહેરી કેશ જેણે ખુલ્લા મુકયાં છે, ઘણી સુંદર વાણીથી ગાય છે,–તે જાણે કુંજલત્તામાં ભમરો ગુંજાર કરતો હોય ને! એ પ્રકારે દીપક રાગ પરખી લેવો. પેહેરેલાં વસ્ત્ર જેનાં લીલાં છે, અને શરીરે ગોરવણી છે એવી નાયકા સુતેલા પતિની પાસે ઉભી છે, અંગે ઘરેણાં ધારણ કરેલાં છે, તથા હાથમાં લીધેલા વીંઝણાવાળી તે સ્ત્રી રમણ કરવાની ચાહનાથી ભરેલી છે, રૂપે મનોહર, કોયલના જેવા મધુર અવાજથી ગાયન કરનારી, પ્રિયતમના મનને મોહની લગાડનારી, જોબનથી છકેલી અને હમેશાં ચિત્ત જેનું પ્રસન રહે છે, એવી દેશી નામની રાગણી કહી છે. કુંદન સરીખું જેનું શરીર છે; લાલ સાડી અને સ્વેતવર્ણી કંચુકી પેહેરેલી છે; કોયલના જેવા સુંદર બોલથી અને ભમરાની પેઠે ગુંજાર કરતી વનની કુંજોમાં ઝુકી રહી છે; કામના બળાપાથી પ્રિયતમને ચાહતી તથા ઘણી સોચનાથી વિહ્વળ બનેલી તે પ્રિય મિત્રની રાહ જુવે છે; એ રીતે કુમોદની નામે રાગણી છે. પ્રિયતમનું મન હરનારી, ચિત્તમાં ચતુર અને કેસર સરીખું જેનું અંગ છે, ચાલવાની ગતિ જેની હંસના જેવી છે, શરીરે ઘરેણાં અને લાલ રંગનાં વસ્ત્ર પેહેરેલાં છે; હાથીની પીઠ ઉપર હાથ ધરેલો છે, જોડે સખીઓના જુથ્થ લીધેલાં છે તથા નિરંતર નાટ્ય શાસ્ત્રને સાધે છે; તેને નટ નામની રાગણી કહે છે. જટામાં ગંગાને રાખે છે, કેશની વાંકી લટો શરીર ઉપર લટકી રહી છે,–એ રીતે મુનિના જેવો જેણે

વેષ ધારણ કર્યો છે, વળી સોહામણું જેનું સ્વરૂપ છે, કમળ સરીખી આંખ્યો છે, કેડે સાપની જનોઇ નાખેલી છે, શરીરે ભસ્મ ચોળી જ્ઞાનમાં ગર્ક થઈ ઉત્તમ મંત્રને ભણે છે, એવી વનમાં બેઠેલી તથા ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળી તે કેદાર નામની રાગણી છે. કૃષ્ણવર્ણું જેનું શરીર છે, હાથમાં ખડગ છે, તથા પેહેરેલાં ધોળાં વસ્ત્ર શોભે છે, ડાબા હાથમાં હાથીનો દાંત રાખીને અંબરમણિ કહેતાં સૂર્યનારાયણની પૂજા કરે છે, કપાળમાં મલયાગિરી ચંદન ચરચેલું છે તથા પુષ્પ અને કેવડાની માળા જેણે પેહેરી છે; આંગણામાં ઉભી રહી શોભાયમાન તે બાળા છટાથી હસે છે; એ લક્ષણવંતી કાનરા નામની રાગણી કહી છે. (૨૩)

अथ श्रीराग पंचरागनी नामा भेद–चोपाई.

मालसरी मारू शुभ नामा, धन्यासरी वसंत सु बामा;

आसावरी युक्त यह जानी, श्री रागके पंच मनमानी. ॥ २४ ॥

ટીકા—માલસરી, મારૂ, ધનાસરી, વસંત અને આશાવરી સાથે એ પાંચ રાગણીઓ શ્રી રાગની વહાલી સ્રીયો છે. (૨૪)

अथ श्रीरागादि पंचरागनी स्वरूप शृंगार भेद–छंद नाराच.

मनोंजके समान रूप बीन लीन-पानहें, फटीक माल कंठ धार माधुरी सु बानहें; सरोज एक पानमें संगीत भेद गावहीं, बिराजमान कुंज बीच श्रीय सो कहावहीं. रसाल बृच्छ छांहमें रहंत बैठ बालिका, अनूप रूप पानिले धरंत पान आलिका; अरून बास ओर पीत रंग अंगिया रहें, बिछोह कंतपें हसंत मालश्री वहें कहें. बिराजितं संकेत ठोर सारियं लसें जरी, धरे प्रसून भूषनं अनंग रंगसें भरी; सखी लखंत रीझ रीझ चुंबनं कियो चहें, सु बास साजितं किते सु मारु रागनी कहें. बिजोग मिंत लीन छीन छीन अंग व्हैंगही, उसास लेत आप अंसुआनकी धुनी वही; बिराज मोरश्री तरें बिलास आसकी भरी, न कोउ एक आपही उदानमें धनासरी. मधूप गुंज आसपास साम अंग सोहितं, मयूर पिच्छ अंब मोर पानि मिंत मोहितं; बिलास हाव भावके हुलास चित चाहनीं, सुपेत बास कासमीर खोर सो बसंतनीं. बिराज चांग बृच्छ छांह सामही सरीरहें, लपेट अंग नागनी सुपेत रंग चीरहें; प्रसून हारं धारितं पटार भालमें भरी, सुरंज कुंज आसपास रागनीं आसावरी. ॥ २५ ॥

ટીકા—કામદેવની સમાન અતિ સુંદર રૂપ છે, તથા હાથમાં જેણે વીણા ઝાલેલી છે, સ્ફટિક મણીની માળા કંઠમાં ધારણ કરેલી છે અને જેની વાણી મધુર છે; એક હાથમાં કમળ ઝાલીને સંગીતના ભેદથી ગાયન કરે છે, એવો કુંજ વચ્ચે બીરાજેલો શ્રી રાગ કહયો છે. જે બાળા રસાલ આંબાના ઝાડની છાયા નીચે બેઠેલી છે, અનોપમ રૂપવાળી અને પ્રિય સખીના હાથ ઉપર જેણે પોતાનો હાથ ધરેલો છે, શરીરે લાલ રંગનાં વસ્ત્ર અને પીળા રંગની કચુંકી પેહેરી છે, પતિથી વિયોગ છતાં હાસ્ય કરે છે,—એને માલશરી નામની રાગણી કહે છે. જે સંકેત સ્થળે બેઠેલી છે, અને તેણે પેહેરેલી જરીની સાડી ઘણી શોભે છે, ફુલના અલંકારો પહેર્યા છે અને કામ રંગથી ભરેલી એવી રીઝી રીઝીને સખીને નિહાળે છે, તેમજ ચુંબન કરવાને ઈચ્છે છે; અંગે કેટલાંક સુંદર વસ્ત્ર સજેલાં છે,—તેને મારૂ રાગણી કહી છે. પ્રિય મિત્રના વિયોગથી અંગે જે ઘણી દુબળી થઈ ગઈ છે, પોતે નીસાસા મુકે છે, વળી જાણે નદી વેહેતી હોય ને! તેમ આંખ્યોમાંથી આંસુની ધારા વહે જાય છે, બોલસરીના ઝાડ નીચે વિલાસ રમવાની આશા ભરી બીરાજેલી છે, અને જહાં કોઇ નથી એવા બગીચામાં પોતે એકલીજ છે; એવી ધનાશ્રી નામની રાગણી કહી છે. જેની આસપાસ ભ્રમરાઓ ગુંજારવ કરે છે તેમ જેનું શ્યામ અંગ ઘણુંજ શોભે છે; મોરનાં પીછાં અને આંબાનો મોર હાથમાં લીધેલ છે, મિત્રને મોહ ઉપજાવી ઉપજાવી મનને હરનારી, હાવ ભાવ યુક્ત વિલાસના હુલાસને ચિત્તમાં ચ્હાતી, ધોળાં લુગડાં વાળી, અને અંગે કેસરનો લેપ કર્યો છે—એવાં લક્ષણવાળી વસંતની નામે રાગણી છે. બાગમાં વૃક્ષની સીતળ છાંયાતળે બીરાજેલી છે તથા જેના શરીરનો વર્ણ શ્યામ છે, શરીરને ફરતી નાગણી લપેટી છે અને સાફ ધોળું ચીર પેહેરેલું છે, કંઠમાં ફુલના હાર ધારણ કરેલા છે, કપાળમાં મલયાગિરી ચંદન ભર્યું છે—અર્થાત્ આર્ચા કરી છે, જેની આસપાસ કુંજની સોરમ મ્હેકી રહી છે; તે આશાવરી નામની રાગણી છે. (૨૫)

अथ मेघ राग पंच रागनी नाम—चोपाई.

टंक मलार गुज्जरी नारी, फुनि भूपाली अति हितकारी;
देसकार जुत पंच गन्नाई, मेघ रागहूके मन भाई. ॥ २६ ॥

ટીકા—ટંક, મલાર, ગુર્જરી, ભુપાળી, અને દેશકાર એ પાંચ હિતકારક રાગણીયો મેઘ રાગની મનગમતી સ્ત્રીઓ છે. (૨૬).

अथ मेघाद्य रागनी स्वरूपं शृंगार भेद—छंद मनहंश.

धरि छत्र राजत बीर मंडल साजहीं, वपु पीत श्याम मुखारविंद बिराज-

हीं; सिर चूड पाति कृपान खोलतहीं रहें, महा बीर काहु बलिष्ट मेघ तासें कहें. बिछुरंत प्रीतम अंग बिलखी बालहें, रचि पोप सेज उसास लेत बि-सालहें; अन्य बाल देखत नीठ बोल लहंतहें, नव रंग धरित दुकूल टंक कहंतहें. म्रग नेन कोकिल बन गौर सु रंगहें, भरि नेन बिलखित बाल बि·छुरत संगहें; तन छीन बास मलीन बीन सु धारहें, निज मितकी करमाल सोय मलारहें. दस दोय आभ्रन अंग सोर सिंगारहें, तनु कंचुकी छबि पीत आरुन सारहें; पर सेज बिलखित बाम छीन कटी खरी, कर ताल गांन रसाल बाल सु गूजरी. सेत बास सेत सिंगार आनन चंदहें, तनु गौर माधवि खोर उर आनंदहें; निज मिंत कारन पानि पोपन मालिहें; निरखंत राह सुनाह यहँ भूपालिहें. तन हेम रंग रसाल मोतिन हारहें, मुख चंदकी अनुहार चित सिंगारहें; किय खोर चंदन भाल मंद सु हासनिं, यह देसकार कहंत कंत बिलासनीं. ॥ २७ ॥

ટીકા—જેને માથે છત્ર ધરેલું છે એવો શૂરવીરોના મંડળમાં બેઠેલો શોભે છે, જેનું શરીર પીળું અને મુખારવિંદ શ્યામ છે, માથે મુગટ અને હાથમાં ખુલ્લી તરવાર શોભે છે, મહાશૂરવીર તેમજ જેના હાથ ઘણા બળીઆ છે: તેને મેઘ નામે રાગ કહે છે. પ્રિયતમના વિયોગથી અંગે દિલગીરી ધરી ખેદ પામે છે, સુંદર પુષ્પની સેજ રચીને તે ઉપર લાંબા લાંબા નિસાસા મુકે છે, બીજી સખીઓને જોઈ પોતાની પાસે તેમને બોલાવી લે છે, શરીરે જેણે નવરંગી તરેહ તરેહનાં વસ્ત્ર પેહેરેલાં છે, એને ટંક નામની રાગણી કહી છે. જેની મૃગના સરીખી આંખ્યો, કોયલના જેવી મધુરી વાણી અને ગોરૂં જેનું શરીર છે, આંખ્યો આંસુથી ભરેલી તેમજ વિખૂટા પડેલા પતિને લીધે દિલ-ગીરી જેણે ધારણ કરેલી છે, શરીર દુર્બળ, મેલાં વસ્ત્ર તથા હાથમાં વીણા ધારણ કરેલી છે, પોતાના પ્રિય પતિના નામની હાથમાં માળા લેઈ તેનો જાપ જપે છે; એવી મલાર નામની રાગણી છે. જેણે શરીરે બાર આભરણ અને સોળ શણગાર સજેલા છે, પીળા રંગની કંચુકી તથા લાલ સાડી પેહેરી છે, તેમ પાતળી કમ્મરવાળી તે બાળા વિયોગને લીધે પલંગ ઉપર દુઃખ માનીને એકદમ ઉભી થઈ હાથમાં તાલ લેઈ રસિક ગાયન ગાય છે; એવી ને ગુર્જરી નામની રાગણી છે. ધોળાં લુગડાં અને સફેત મોતી વિગેરેનાં ઘરેણાં જેણે પેહે-રેલાં છે, ચંદ્રમા સરીખું સુંદર મુખ છે, વળી ગોરા શરીરે મધુમાધવીનો લેપ કરી મનમાં આનંદીત રહે છે, પોતાના મિત્રને વાસ્તે હાથમાં જેણે ફુલની

માળા લીધેલી છે, એવી તે બાળા પોતાના પ્રિયની રાહ જોયા કરે છે; તે લક્ષણવંતી ભૂપાળી નામે રાગણી કહી છે. સુંદર અને સુવર્ણમય શરીર છે તથા કંઠમાં મોતીનો હાર પેહેરેલો છે, મુખ રૂપી ચંદ્રને બરાબર શોભાવે એવાં ઘરેણાં ઘાલેલાં છે, તેમ કપાળમાં ચંદન લગાવી મંદ મંદ હસે છે, એવી દેશકાર નામની રાગણી પોતાના પતિને વિલાસથી ખુશી ઉપજાવે છે. (૨૭)

दोहा.

तीस रागनी राग षट, गावत गुनी बनाय;
तब दस दोष बचावही, सो अब कहें सुनाय. ॥ २८ ॥

ટીકા—એવી રીતે ત્રીસ રાગણી અને છ રાગ ગુણીજનો બનાવીને ગાય છે ત્યારે દશ પ્રકારના દોષને બચાવે છે, તે દશ દોષને હવે સંભળાવિયે છીએ. (૨૮)

अथ दश दोषाभिधान—छप्पय.

प्रथम काकसुर कहत, तालहीनहु सुरभंगह;
भ्रू मुख ग्रीव डुलंत, ओर फुनि डोलत अंगह.
सुर भेद न जानंत, ओर सुर ग्रहत कपालहि;
समय बिना संगित, राग उपजें न रसालहि.
दश दोष राग संगीत मत, गावत गुनीं बचावहीं;
श्रोता प्रवीन तब सुख लहें, मंगन मोज सु पावहीं. ॥ २९ ॥

ટીકા—પહેલો કાકસ્વર એટલે કાગડાના જેવો સ્વર કાઢવો તે; બીજો તાલહીન એટલે તાલ વિના બેતાલ ગાવું તે; ત્રીજો સ્વરભંગ એટલે ગાવામાં સ્વર તૂટે અગર તરડાઇ જાય તે; ચોથે ભમર ડોલાવવી; પાંચમે મુખ ડોલાવવું; છઠે ગળું ડોલાવવું; સાતમે કોઈ પણ અંગ ડોલાવવું; આઠમે સ્વરનો ભેદ ન જાણવો; નવમો કપાળી સ્વર કાઢવો; દસમો સમય વિના ગાવું કે જેથી રસમય રાગ ઉપજે નહીં; એ રીતે સંગીત શાસ્ત્રના મતને જાણનારા ગુણવાન જનો એ દશ દોશ બચાવીને ગાય છે. ત્યારે હે, કળા પ્રવીણ! ચતુર સાંભળનારને સુખ ઉપજે છે તેમ ગાયક પણ સારી મોજને પામે છે. (૨૯)

अथ संगीत शास्त्रे कालानुमान भेद—छंद पद्धरी.

सुचि अग्र कमल दल बेध काल, बरनंत ताप छिन बुधि बिसाल,
वसु छिन मिलंत इक लव वदंत, लव अष्ट एक काष्टा कहंत,
काष्टा सु अष्ट एकहि निमेष, आठहु निमेष इक कला लेख,

द्वै कला एक त्रुट्टी बखानि; द्वै त्रुटिक एक अनु तास जानि,
अनु द्वै मिलंत द्रुत एके हाय, जुग द्रुत जुरंत लघु कहत सोय,
लघु द्वै मिलंत गुरु कहें तास, त्रै लघु पुलीत कीनो-प्रकास,
लघु चत्र चत्रमुख कहत ताय, संगीत काल बरनें वनाय. ॥ ३० ॥

ટીકા—સોયની અણીથી કમળદળ વિંધતાં જેટલો વખત લાગે તેને વિશાળ બુદ્ધિવાળા ક્ષણ કહે છે; એવી આઠ ક્ષણ એકઠી મળવાથી જે કાળ થાય છે તેને એક લવ કહે છે; એવી આઠ લવને એક કાષ્ઠા કહે છે; તે એકઠી મળેલી આઠ કાષ્ઠાથી એક નિમિષ થાય છે; આઠ નિમેષની એક કળા જાણવી; બે કળાની એક ત્રૂટી; એવી બે ત્રૂટી મળે તેને એક અણું કહે છે; બે અણું મળવાથી એક દ્રુત બને છે; બે દ્રુતને એક લઘુ કહે છે; બે લઘુ મળવાથી ગુરૂ કહેવાય છે, એવી એકઠી થએલી ત્રણ લઘુને એક પ્લુત કહે છે; તથા એકઠી થએલી ચાર લઘુને એક ચતુર્મુખ કહે છે. એમ સંગીતનો કાળ બતાવી વર્ણવેલો છે. (૩૦)

अथ अनुभेदोत्पत्ति स्वामी कथन—छंद सिंह.

अनु उद्भव मारुत चंद्र पती, द्रुत भो जल शंकरकी जु रती,
द्रुतही जु विराम वही सु गती, प्रगटे घन मारुत कंद जती,
लघु पावक तें भये देवि कला, लघुत्राम जलाग्न सु जीववला,
गुरु अंबर व्है पति शेष तिनें, प्लुत भोम हरी हर ब्रह्म गिनें,
मुख चत्र विधी भये स्वामिविधी, यह भेद उचारतहें प्रसिधी. ॥ ३१ ॥

ટીકા—અણુની ઉત્પત્તિ પવનમાંથી છે ને તેનો પતિ ચંદ્રમા છે; જળથી દ્રુતની ઉત્પત્તિ થયેલી છે અને તેના સ્વામિ શંકર છે; દ્રુત વિરામની વરસાદના પવનથી ઉત્પત્તિ છે અને તેના દેવતા કાર્તિક સ્વામી છે; અગ્નિથી લઘુની ઉત્પત્તિ અને તેનો દેવતા દેવી છે; પાણીથી લઘુ વિરામની ઉત્પતિ અને તેનો સ્વામિ અગ્નિ છે; ગુરૂની આકાશથી ઉત્પત્તિને સ્વામિ શેષ છે; પૃથ્વીથી પ્લુતની ઉત્પતિ અને હરી હર બ્રહ્મા એ રીતે ત્રણ તેના દેવતા છે, બ્રહ્માથી ચતુર્મુખ થયા છે તેમ તેનાં સ્વામિ પણ બ્રહ્માજ છે. એ રીતે આ ભેદોનો વિચાર પ્રસિદ્ધ કહે છે. (૩૧)

दोहा.

छिन सु आदि त्रुटि अंतलो, या मधि सुच्छम रूप;
ताके उच्चरन होत नहिं, वातें रहे विरूप. ॥ ३२ ॥

ટીકા–ક્ષણથી આરંભીને ત્રુટીના અંત સુધીમાં સુક્ષ્મ રૂપ રહેલું છે તેનો ઉચ્ચાર થતો નથી તેથી તે ગુપ્ત રહે છે. (૩૨)

अनू आदिदे रूप जो, ताको होत उचार;
उनकी संज्ञाकों कहें, जंतु शद्ध बिस्तार. ॥ ३३ ॥

ટીકા—અણુ આદિ જેટલાં રૂપ છે તેમના ઉચ્ચાર થાય છે પણ તેની સંજ્ઞા સમજવા સારૂ કયા જંતુઓના શબ્દ જેવા છે,તેમના ઉચ્ચાર કહું છું.(૩૩)

अथ जंतु शद्ध संज्ञा भेद–छप्पय.

अनु तीतर उच्चार, चटक द्रुत बानी जानो;
द्रुत विराम बक शद्ध, चक्रवाकह लघु ठानो.
लघु बिराम पिक बोलं, गुरू बायस बानी रुख;
कुर्कुट प्लूत कहंत, बचन केकी चत्रहमुख.
यह बिधि उच्चार बरनें सकल, तिहि मिल ताल कहें गुनीं;
अनेक भेद तालन भये, सो प्रबीन ग्रंथन सुनीं. ॥ ३४ ॥

ટીકા—તેતરના સરીખો અણુનો ઉચ્ચાર છે; દ્રુતની ચકલીના જેવી વાણી જાણવી; બગલાના જેવો દ્રુતવિરામનો ઉચ્ચાર છે; ચકવાના સરખો લઘુનો ઉચ્ચાર છે; લઘુવીરામનો બોલ કોયલના જેવો મધુર છે; તેમ ગુરૂની વાણી કાગડાના જેવી છટાવાળી છે; કુકડાના જેવો પ્લુતનો ઉચ્ચાર કહ્યો છે; અને મોરની બોલી જેવી ચતુર્મુખની વાણી છે. એ પ્રમાણે સઘળાનો ઉચ્ચાર વર્ણવ્યો છે. એમ તેઓના ઉચ્ચાર મળવાથી ગુણીજનો તેને તાલ કહે છે, તે તાલના ઘણા ભેદ થયા છે તે હે, કળાપ્રવીણ! તમે સંગીત વિદ્યાના ગ્રંથથી સાંભળ્યા હશે. (૩૪)

दोहा.

अनु आदिक उचार गति, आवृत ताल अनंत;
सोर मुख्य संगीतमें, तिहि अभिधान कहंत. ॥ ३५ ॥

ટીકા—અણુ આદિના ઉચ્ચારની ગતિની આવૃત્તિથી અનેક તાલ રચ્યા છે, પરંતુ સંગીત શાસ્ત્રમાં મુખ્ય સોળ તાલ કહેલા છે, તેઓનાં નામને કહું છું. (૩૫)

अथ ताल कालाभिधान–छप्पय.

एकताल लघुशेष, जतलझह त्यौरा कहि;
सूर साम अरु झंप, प्रीतमठ जयमंगल वहि.

ब्रह्म लच्छमीं भेद, कनकमेरु यिश्रहबृत;
कुंभ सु रायभयंक, ओर पाताल कुंडलन.
यह सोर ताल आदिक कहे, गान नाद नाटिक सु गत;
बिश्राम तास चत्र काल कहि, समहि बिषम आगत अतित. ॥३६॥

ટીકા—એકતાલ, લઘુશેષ, જેતશ્રી, ચૌંરા, સૂર, સામ, ઝંપ, પ્રીતમઠ જયમંગલ, બ્રહ્મ, લક્ષ્મી, કનકમેરૂ, નિશ્રહુત્રૃત, કુંભ, રાયભયંક, અને પાતાલકુંડલ એ સોળ તાલ મુખ્ય કહ્યા છે. ગાવામાં, બજાવામાં અને નાટકની ગતિમાં વિશ્રામ વાસ્તે ચાર કાળ કહ્યો છે તે સમ, વિષમ, આગમ અને અતીત છે. (૩૬)

दोहा.

यह गायनसंगीत गति, सुच्छम कही सु गाय;
तिहिं प्रबीन सनमान किय, भूपन बसन बनाय. ॥ ३७ ॥

ટીકા—આ સંગીત શાસ્ત્રની ગતિ સંક્ષેપમાં ગાયનકાર કોકીલા અને ચાતુકી નામની નાયકાઓએ કહી સંભળાવી, ત્યારે કળાપ્રવીણે તેમનું ઘણું સન્માન કરીને ઘરેણાં તથા વસ્ત્રાદિક પોષાક આપ્યો. [૩૭]

गाहा.

गायन कला प्रबीनं, चरचा राग रागनी भेदं;
ताल काल अनुमानं, सत्र प्रबीन सागरो लहरं. ॥ ३८ ॥

ટીકા—કળાપ્રવીણના પાસે નાયકાઓએ કરેલી રાગ રાગણીઓના ભેદની ચરચા તાલ તથા કાળ અને તેઓના અનુમાન સંબંધી પ્રવીણસાગરની આ સત્તરમી લેહેર પૂરી થઈ. (૩૮)

इतिश्रीप्रबीनसागरग्रंथेकलाप्रबीनगायनप्रसंगनगायनभेदोनामसप्तदशोलहरं. ॥१७॥

लेहेर १८ मी.

अथ कलाप्रबीन गायन चर्चा प्रसंग-दोहा.

एक समें एकंत प्रति, बैठें कलाप्रबीन;
चिंत चढी सागर छबी, कीने कवित नवीन. ॥ १ ॥

ટીકા—એક સમે એકાંત સ્થળમાં કળાપ્રવીણ બેઠી હતી તે વખતે

રાજકુમારે રસસાગરની છબી ચિત્તને વિશે ખડી થવાથી તેણે આ પ્રમાણે નવીન કવિત બનાવ્યાં. (૧)

अथ अलंकार जातिस्वभाव प्रवीनोक्त कवित्त यथा.

कटि फेंट छोरनमें, भ्रकुटी मरोरनमें, सीस पेंच तोरनमें, अति उरझायकें; मंद मंद हांसनमें, बरुनी विलासनमें, आनन उजासनमें, चकचोंध चायकें; मोती मनि मालनमें, सोसनी दुसालनमें, चिकुटीके तालनमें, चेटक लगायकें; प्रेम बान देगयो, न जानियें किते गयो, सु पंथी मन लेगयो, झरोंखे द्रग लायकें. ॥ २ ॥

ટીકા—કટીએ લપેટેલા સુન્દર ફેંટાના લટકતા છેડાઓમાં, ભ્રકુટીની ટેડાઇમાં, અને શીરપેચના લળકતા તોરાંમાં અતિ ફસાવીને, સ્મીત હાસ્યમાં, પાંપણના વિલાસમાં અને મનહર મ્હોઢાના તેજમાં આંજી નાંખીને, મોતી અને મણિઓની માળામાં, સોસની રંગના દુશાલામાં અને ચપટીના તાલમાં ચેટક (ભુરકી નાંખીને) લગાડીને પ્રેમરૂપી બાણ મારી ગયો અને વળી હું જાણતી નથી કે તે ક્યાં જતો રહ્યો! પણ તે રઢિયાળો મુસાફર ઝરોખામાં નજર નાંખીને મ્હારૂં મન હરી ગયો. [૨]

अलंकार उपमा कवित्त.

सुगंध समीर जैसें, हंस बार छीर जैसें, भू जल मिहीर जैसें, मयूषी चढायकें; पारद कुमारि जैसें, हरी स्वांत धार जैसें, अम्र एनसार जैसें, धूम उरझायकें; उक्ती एकदंत जैसें, शुद्ध बोध संत जैसें, मित बात मित जैसें, सेंनन जनायकें; प्रेम बान देगयो, न जानियें किते गयो, सु पंथी मन लेगयो, झरोंखे द्रग लायकें. ॥ ३ ॥

ટીકા—સુગંધીને જેમ પવન, પાણીમાંથી દૂધને જેમ હંસ, પૃથ્વી ઉપરના પાણીને જેમ હજારો કિરણોવાળો સૂર્ય, પારાને જેમ કુંવારી સ્ત્રી, સ્વાતિના બુંદને જેમ બપૈયો, અમરના ધૂમાડાને ધુંચવીને જેમ કસ્તુરી, મહા કવિયોની વાણીને જેમ ગણપતિ, આત્મજ્ઞાનના ઉપદેશને જેમ સંત, અને મિત્રે સાનમાં જણાવેલી વાતને જેમ મિત્ર, તેમ તે પ્રેમ બાણ મારીને ગયા છતાં હું જાણતી નથી કે તે ક્યાં જતો રહ્યો! પણ તે ચિત્તનો ચોર મુસાફર ઝરોખામાં નજર નાંખીને મ્હારૂં મન હરી ગયો. [૩]

अलंकार उपमा कवित्त.

अही खगराज जैसें, चिरियां सु बाज जैसें, केशरी सु गाज जैसें, मांन

निकसायकें; जलचर झषाह जैसें, मीन मीनहाह जैसें, कीर पंखग्राह जैसें, फंद उरझायकें; भागीरथ गंग जैसें, घंटिक कुरंग जैसें, कुहिया कुलंग जैसें, भूतल भ्रमायकें; प्रेम बान देगयो न जानियें किते गयो सु पंथी मन लेगयो, झरोंखे द्रग लायकें. ॥ ४ ॥

ટીકા—સાપને જેમ ગરૂડ, પક્ષીને જેમ બાજ, કેશરીના પ્રાણને જેમ મેઘની ગર્જના હરે છે, પાણીઓમાં વસતા જંતુઓને જેમ મગરમચ્છ, માછલાંને જેમ માછીમાર, પોપટને જેમ પંખગ્રાહુ સીકારી ફંદમાં ફસાવીને, ગંગાને જેમ ભગીરથ રાજા, હરણને જેમ ઘંટાવળ સીકારી, કુહી જેમ કાકાકવાને જમીનમાં ફેરવીને લઇ જાય છે, તેમ તે પ્રેમનું બાણ મારીને જતો રહ્યો પણ હું નથી જાણુતી કે તે મ્હારા ઉરમાં પેઠેલો ચતુર મુસાફર ક્યાં ગયો! તેમ ઝરોખામાં નજર નાખીને તે મ્હારૂં મન હરી ગયો. [૪]

दोहा.

प्रेम बीज परबीन उर, ढंपित त्रपा सु धूर;
जोबन घन बरसत फुंहीं, उदये कवित अंकूर. ॥ ५ ॥

ટીકા—આગળ જોયા પ્રમાણે કુમાર રસસાગરની છબીને ઝરોખામાં રહી જોયાથી કળાપ્રવીણના હૃદયમાં જે પ્રેમ રૂપી બીજ પડયું હતું તથા લાજ રૂપી ધૂળમાં ઢંકાઇ ગયું હતું તેની ઉપર હવે જોબન રૂપી વરસાદ વરસવાથી તેમાંથી ઉપર કહેલા ત્રણ કવિત રૂપી અંકુર ઉઠયા. [૫]

छिन बिसरत उर चढत छिन, वह रससागर ध्यान;
एक समय आमंत्रि अलि, कींनो कुमरि दिवांन. ॥ ६ ॥

ટીકા—એ રીતે રસસાગરનું ધ્યાન કલાપ્રવીણ ક્ષણમાં વિસરે છે અને ક્ષણમાં પાછું ચિત્તમાં ચડી આવે છે, તેમ છતાં એક સમયે પોતાની વ્હાલી સહીયરોને આમંત્રણ કરી બોલાવીને કુંવરીએ સભા રચી. (૬)

अथ कलाप्रबीन कुमारिका मंडल बर्ननं—छंद पद्धरी.

दिस दिस दरीच सतखन दिवाल, शारद उमंड मनु मेघ माल,
चांदनी चोक रचि चित्रकार, श्रीखंड साख खोलित दुहार,
प्रति द्वार द्वार दरियच उसीर, पट झींन भींन माधवी नीर,
सुखरा सु खंभ सोभा लसंत, कंचन लिखात कंगुरन क्रांत,
आंगन अनूप छबि फटिक बंध, मारुत सु मंद सीतल सुगंध,
जरकस दिवाल गीरी झकंत, कुंदन सु पाट आसन उनंत,

बिध बिध बिचित्र गेलम बिछाय, उत बाल जूथ बैठें सो आय,
सिंहासन सु कुमरी प्रबीन, सहचरी गिरद सांमान लीन,
कर कासमीर कुमकुम गुलाब, अरगजा अंत्र मृगसार डाब,
किंहि कर कपूर चंदन बिजून, माधवी कुंद चंपक प्रसून,
फलजाय जायपत्री सुजांन, त्रिकुटी लवंग पुंगी सु पांन,
मनिजटित शीश परबीन छत्र, जुग पासवांन ठाढी सु तत्र,
कर चमर लीन सहिबिध सजांन, बोल्लंत आस आशिषा बांन,
सब राय कुमरि बय कुल समांन, शुभ रूप बास भूषन त्रिधांम,
केसर कसूंब कौसेय चेल, सित असित नील जरकासित बेलं,
भूषन सु नीक मानिक जरित्र, पीरोज कर्म पांनें बिचित्र,
किय दीपदान हिलबी हजार, प्रति द्वार द्वार किंगुर किनार;
राजंत राज मंडल कुमार, उपमा सुरी सु सुर पति आगार,
चंचला कुंड मंडलीय चंद, चांदनी चक्र मोहनीय फंद,
ललना बिचित्र आभा लसंत, कैलास कुंज फूलित बसंत,
गायका उभैं साधंत गान, नायंका नाटकी भेद आनं. ॥ ७ ॥

ટીકા—દિશાએ દિશાએ દ્વાર અને સેંકડો ખંડવાળા મેહેલની દિવાલો ઉભી છે તે જાણે શરદની મેઘની સફેત ધટાઓ ચડી હોય નૈ? એમ દિસે. છે. ચોકમાં ઘણી જાતનાં ચિત્રોવાળી ચાંદની બાંધેલી છે, મલયાગીરી ચંદનની બારશાખોવાળાં કમાંડ ખુલ્લાં મુકેલાં છે અને તે દરેક બારણે સીતળ તથા સુગંધમય વાળાની ટટીઓ લાગી છે, જેની ઉપર ઝીણાં મધુમાધવીના સુગંધીદાર પાણીથી પલાળેલાં લુગડાં નાંખેલાં છે, વચ્ચે સુખડના સુંદર નકસીદાર થાંભલા દીપી રહ્યા છેને તેના બારીક કાંગરા સુવર્ણ સરીખો દેખાવ આપે છે, સ્ફાટિકથી બાંધેલી આંગણાંની છબી અનુપમ દેખાય છે, ત્હાં મંદ, શીતળ અને સુગંધમય સ્વચ્છ પવનની લહેરો આવે છે, ચકચકીત સોના રૂપાની દીવાલગરીઓ ઝુકી રહી છે, ચોકમાં સોનાની પાટ્ય તથા ઉંચાં સિંહાસનો ગોઠવેલાં છે, વળી વિધ વિધ ચિત્રોરૂપી બેરંગી ગલીચાં બીછાવેલા છે, જે ઉપર આવીને બાળાઓનાં જુથ્થ તથા સિંહાસન ઉપર કુંવરી કળાપ્રવીણ બીરાજ્યાં, એટલે સહચરીઓ ભાત ભાતની સામગ્રી લઇને કળાપ્રવીણની ચારે તરફ વિંટાઇને ઉભી રહીઓ, ત્હાં કંઇકના હાથમાં કેસર,

કોઇએ ચંદન, કોઇએ ગુલાબજળથી ભરેલી ગુલાબદાની, કોઇએ અત્તર, અગરજા અને કસ્તુરી, તો કોઇએ કર્પુરાદિનાં પાત્ર અને વીંઝણા લીધેલ છે; વળી કંઇકના હાથમાં મધુમાધવી, ડોલર અને ચંપાનાં પુષ્પો આવી રહેલાં છે, કેટલીયોકના હાથમાં જાયફળ, જાવંત્રી, એલચી, લવીંગ, સોપારી અને પાનના ડાબલા શોભે છે, રાજકુમારી કળાપ્રવીણને માથે મણિજડીત્ર છત્ર ધરેલું છે, હાથમાં ચમર લઇને બે દાસીઓ રાજકુમારીને પવન ઢોળેછે તથા 'ખમાં ખમાં' એમ મુખેથી આશીશ બોલે છે, ત્હાં ભેગી મળેલી સઘળી રાજકુમારીઓનું કુળ અને ઉમ્મર સરખાં છે, તથા શોભાયમાન સુંદર લુગડાં અને ઘરેણાં પહેર્યાં છે જેથી કરી તે કોમળાંગીઓનાં સુંદર શરીર વધારે દીપે છે, કેસરી, કસુંબી, રેશમી, સ્વેત, કાળાં, લીલાં, જરીનાં, વેલદાર વસ્ત્ર તથા અમુલ્ય માણેક, મણી અને પીરોજા રંગના મર્કત અને પાનાથી જડેલાં ઘણી જાતનાં ઘરેણાં પેહેરેલાં છે; હજારો હાંડીઓ અને દીવાબત્તીઓના ગ્લાસનાં ઝુમરો બારણે બારણે અને કાંગરાના કોનારા ઉપર ઝળહળી રહ્યાં છે, તે વખતનું કુવરીનું મંડળ એવું શોભી રહ્યું કે જાણે ઇંદ્રના ભુવનમાં દેવાંગનાઓ બેઠેલી હોય નૈ? કે પછી વિજળીઓનું કુંડાળું અથવા ચંદ્રનું મંડળ તો હોય નૈ? એવી ઉપમાને ધરે છે. ચાંદની ચોકમાં તે બેઠેલું મંડળ જાણે જગત્‌ને મોહ ઉપજાવવા ફંદ રચ્યો હોયનૈ? એવી રીતે તે લલનાઓની વિચિત્ર પ્રકારની કાંતિ શોભે છે; એવી રીતના તે સમાજનો દેખાવ જાણે વસંતુ ૠતુમાં કૈલાસ ઉપરનો બાગ ખીલી રહ્યો હોય નૈ? ત્હાં કોકીલા અને ચાતુકી બન્નેય ગાયકા નાયકા તથા નાટકના ભેદો આણીને ગાયન કરે છે. [૭]

છપ્પય.

राज सुता आवर्त, कला परवीन विराजे;
नृत्य भेद नाटकी, बीन मरदंग सु बाजे.
छये रंग रति पुंज, मधुप गुंजत सुबास बस;
द्दिलय कुंभ भरि पात्र, सबें अचवत आसव रस.
हुल्लास कला परबीन हुअ, नेह नवल हिय लाय हित;
गायन बुलाय लीने निकट, शिष्य भेद भंपे कवित. ॥ ८ ॥

ટીકા—એમં રાજસુતાઓથી વિંટાએલી કલાપ્રવીણ બીરાજેલી છે અને તે વખતે નાટકના ભેદથી નૃત્ય થઇ રહ્યું છે, વીણા અને મૃદંગ સુંદર અવાજથી વાગે છે, જેના યોગે ત્હાં ભારે રંગ છવાઇ રહ્યા છે! સુગંધી-

મય પદાર્થોની સુવાસનાથી ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે, આવા અતિ આનંદજનક સમયે સર્વ રાજકુમારીઓ કાચના સીસામાંથી પાલ ભરી ભરી મધુપરસનું પાન કરે છે, તે વખતે રસસાગર રાજકુમાર ઉપર બંધાયલાનવા સ્નેહને ચિત્તમાં આણીને અતિ ઉમંગ પામેલી કલાપ્રવીણ પ્યારથી ગાયન કરનાર કોકીલા અને ચાતુર્કી નાયકાઓને પાસે બોલાવીને ગુરૂ જેમ શિષ્યને શીખવે એવા ભાવથી પોતાનાં રચેલાં ત્રણ કવિત કહ્યાં. (૮)

चोपाइ.

कलाप्रबीन कबित्त सिखाये, गायन राग रूप ग्रहि गाये;
फेर प्रबीनकला यह सूझी, गायन प्रश्न बोली यह बूझी.
किते महोर मरदंग सु बज्जे, जापरि नृत्य नाटिक सज्जे;
जो नायका नृत्य गति लावे, कोंन भेद अभिधांन कहावे. ॥ ९ ॥

टीका—કળાપ્રવીણે કવિત્ત શીખવ્યાં તેને નાયકાઓએ રાગના રૂપમાં આણીને ગાયાં. પછી ફરીને કળાપ્રવીણને આ ભેદ પૂછવાની વાત સુઝવાથી ગાયનકાર નાયકાઓને બોલાવી તે ભેદની વાત પૂછી. મૃદંગ કેટલા મ્હોરાથી વાગે છે કે જેથી નાટકકારો નૃત્ય કરે છે? વળી જે નાયકાઓ નાચવાની ગતિયોને આણે છે તેના કયા ભેદ અને કયાં નામ કહેવાય છે? (૯)

अथ गायनोक्त मृदंग मोहोर भेद-दोहा.

गज संजम हनमंत अरु, चत्र मलार जुत जांन;
अठ द्वादश अठ अठ उक्रति, बाजत महोर भिधांन. ॥ १० ॥

ટીકા—ગજ, સંજમ, હનુમંત અને ચત્રમલાર સાથે ચાર ભેદ છે; આઠ ગજના, બાર સંજમના, આઠ હનુમંતના અને આઠ ચત્રમલારના મ્હોરાથી મૃદંગ વાગે છે. [૧૦]

अथ नृत्य भेदा भिधान-छप्पय.

आद्यक्षरा कवाट, गतागत भेद सु जानें;
सर्वतोमुख जमक, ओर अमृत गति आनें.
सिंहाविलोकन पर्न, भेद नवे समह दून भनि;
तान मांन द्वै भेद, खंड नव भेद ओर गनि.
गति भेद जुक्त चत्रदर्श भये, नाटिक लावत नृत्यहें;
परबीन भेद औरें प्रथक, तुम जानत कह्य हम कहें. ॥११॥

ટીકા—આદ્યક્ષરા, કવાટ, ગતાગત, સર્વતોમુખ, જમક, અમૃતગતિ, સિંહાવિલોકન, પર્ન, નવસમહ, દૂન, તાન, માન, ખંડનત અને ગતિભેદ મળીને ચૌદ થયા, એ પ્રમાણે નાટક કરવાવાળો ચૌદ ભેદને નૃત્યમાં આણે છે, તેમ હે કળાપ્રવીણ! બીજા પણ પૃથક્ પૃથક્ ભેદો છે તેને તમે જાણો છો વાસ્તે અમે શું કહિયે? [૧૧]

दोहा.

बूझे कला प्रवीनजू, कहे सु गायन लच्छ;
नाटिकसाला नृत्य माहि, किये भेद परतच्छ. ॥ १२ ॥

ટીકા—કળાપ્રવીણ જે જે પૂછે છે તે તે લક્ષસહિત નાયકાઓ કહે છે, વળી નાટકશાળામાં નૃત્યને કરી પ્રત્યક્ષ રીતે ઉપરના ભેદ કરી બતાવ્યા. (૧૨)

वह समयो बीतो सुभग, नाटिक करत बिहांन;
उठि कुमारि निज ग्रह गई, दिये रीझवत दांन. ॥ १३ ॥

ટીકા—એવી રીતે નાટકની રમત ગમ્મતના આનંદમાં વખત વિતી ગયો પછી રીઝવત મુજબ ઇનામ આપી રાજકુમારી પોતાના મેહેલ ગયાં. (૧૩)

गायन कला प्रवीनजू, इहि बिध करत हुलास;
इय फंदन भूपन बकसि, बिदा कीय षट मास. ॥ १४ ॥

ટીકા—કોકીલા અને ચાતુકી નાયકાઓ અને રાજકુમારી કળાપ્રવીણ એ પ્રકારે આનંદ વિલાસ કરે છે, એમ પ્રતિરોજ નૃત્ય અને સંગીતના ભેદની ચર્ચામાં છ માસ વિતી ગયા એટલે નાયકાઓને ઘોડા, રથ અને ઘણા અલંકારો ઇનામમાં બક્ષી વિદાયગરી આપી. (૧૪)

गाहा.

मंडलि कला प्रवीने, नाटिक भेद मुरज गति मोहोरं;
अष्टादश अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ १५ ॥

ટીકા—કલાપ્રવીણની મંડળીનું વર્ણન, નાટકના ભેદ અને મૃદંગના મોહોરાની ચર્ચાવાળી પ્રવીણસાગર ગ્રંથની અઢારમી લેહેર પુરી થઇ. [૧૫]

इतिश्रीप्रवीनसागरग्रंन्थेकलाप्रवीनराजमंडळनाटिकमुरजभेदोनामअष्टादशलहरं. ॥१८॥

लेहेर १९ मी.

अथ गायन नेहनगर आगमन प्रसंगोयथा—दोहा.

कलाप्रबीन इनांम दिय, गायन बीदा कीन;
सोय चली सोराठ धर, नेहनग्र पथ लीन. ॥ १ ॥

ટીકા—કોકીલા તથા ચાતુકી નાયકાઓને ઇનામ બક્ષી કળાપ્રવીણે વિદાયગરી આપી જે પછી તે બન્ને જણીઓએ સોરઠ દેશની ભૂમી તરફ નેહનગરનો માર્ગ લીધો. (૧)

छप्पय.

चलत घोस दस बीस, नेहनग्रह पुर पुग्गिय;
अटा सोध एकंत, ठोर तिहिं अवमोचन किय.
नाम धाम निरधार, कारबारी सु कहायो;
खांन पांन सामांन, राजद्वारहुसें आयो.
प्रविसंत राज संध्या समय, गांन करत संगीत ग्रत;
रीझे सु राग चंद्रहकला, गायन कीन बिलंब तित. ॥२॥

ટીકા—ઘોસથી દશવીશ દિવસ ચાલીયો ત્યારે નેહનગરમાં આવી પોહોંચીઓ અને એકાંત મેડી શોધી ત્હાં ઉતારો કર્યો, પછી પોતાનું નામ, ઠામ, વિગેરે સમાચાર રાજ્ય કારભારીને લખી મોકલ્યા એટલે રાજદ્વારથી ખાવા પીવાની સર્વ વસ્તુઓ આવી, તેનાથી પરવારી સાયંકાળે રાજદ્વારમાં જઇ અંતઃપુરમાં સંગીત શાસ્ત્રની રીત પ્રમાણે ગાયન કર્યું, તેથી મહારાણી ચંદ્રકળા તે નાયકાણીઓ ઉપર ઘણાં પ્રસંન્ન થયાં બાદ તેમને ત્હાં રહેવાને ફરમાવ્યું. (૨)

दोहा.

राज बधू रीझें सकल, गायन गांन सु तांन;
चंद्रकला सु सराह किय, सुनी सु सागर कांन. ॥ ३ ॥

ટીકા—નાયકાઓના ગાનતાનથી રાજવધૂઓ રાજી થઇઓ એટલુંજ નહીં પણ ચંદ્રકળાએ તેમનાં કરેલાં વખાણ રસસાગરે કાનવડે સાંભળ્યાં.(૩)

छप्पय.

रितु बसंत मधु मास, चंद्र पूरन परकासित;
सौध भोमि तीसरी, कीन चांदनी बिछाइत.
रससागर शशिकला, सकल आभूषन साजें;
कादंबरि अचवंत, बडे उच्छाह बिराजें.

दस्सु बीस पासवान सु प्रथक, नजरवेग ठाढी रहीं;
महराज चित गायन चढी, उन प्रति पठवनकी कही. ॥४॥

ટીકા—વસંત ઋતુ-ચૈત્ર માસના શુક્લપક્ષની પુર્ણીમાની રાત્રીએ ચંદ્રમાં પૂર્ણ પ્રકાશી રહયો છે તે સમે મેહેલને ત્રિજે માળે પાથરેલા ગાલીચાપર સફેદ ચાંદની બીછાવી એટલે કુમાર રસસાગર અને ચંદ્રકળા સર્વે અલંકાર પેહેરીને મદિરાનું પાન કરતાં કરતાં અતિ ઉત્સાહથી ત્હાં આવી બીરાજ્યાં એટલે દસવીશ પાસે રહેવાવાળી દાસીઓ જરા છેટે ઉભી રહીઓ; તે સમે મહારાજાને નાયકાઓ યાદ આવી તેથી તેમને ત્હાં બોલાવી લાવવાનો હુકમ ફરમાવ્યો. [૪]

दोहा.

लहि आयस्र चेरी चली, आई गायन थान;
कहि कोकिला चातुकी, ईश बुलावत वान. ॥ ५ ॥

ટીકા—આજ્ઞા લઇ દાસી ચાલી અને નાયકાઓને ઉતારે આવી કોકિલા તથા ચાતુકીને કહ્યું કે તમો મહારાજાએ બોલાવ્યાં છે. [૫]

हुकम पाय गायन उभैं, चली सु चेरी संग;
उनकी उभैं सु किंकरी, लीनें बीन म्रदंग. ॥ ६ ॥

ટીકા—રાજહુકમ સાંભળી બન્ને ગુણિકાઓ દાસીની સાથે ચાલીઓ, એટલે તેમની પણ કિંકરીઓ વિણા અને મૃદંગ લઇને સાથે ચાલી નીકળીઓ. (૬)

छंद पद्धरी.

गायका आइ महराज धांम, तीसरी भूमि कीनी सलांम;
बैठी नृ राज मासला लीन, सुर तार कीन मरदंग बीन.
संगीत रीत समये प्रमांन, रागनी राग गाये सुतांन;
महराज कीन आयस्स राग, बोलो बसंत जंगल बिहाग.
कानरा शुद्ध गाओ सु फेर, कहि पासवांन गायका टेर;
वह घरी एक लाग्यो अतंत, तरु तरु भये सु थिर जीव जंत.
आयो सु चंद आधे अकास, चांदनी जोति चहुंदिश प्रकास;
दूसरे प्रहर घरीयार बज्य, तींसरे जांम पहिरात जग्य..
निसिचर परंद साधंत सोर, बिधु बिंब हेर उलटे चकोर;

मधु मुराक्षि कंज कुमुदनि बिकास, सीतल समीर मिलयुत सु बास.
नभ सौध सटा उज्वल लसंत, घनसार सघन मानहुं श्रपंत;
श्रीखंड किधौं पैं दधि फुंहार, कैलास श्रंग गंगा सु धार.
महराज मुदित मद मद्यपांन, समयो पिछांन गायन सयान;
बाजित चढाय नृप करि सलांम, सातमें सुरह तीसरे ग्रांम.
आलाप बीन मरदंग गाज, अच्छर उचार सुरपति समाज;
आयस प्रमांन रागनी गाय, महराज कुमर लीनें रिझाय. ॥ ७ ॥

ટીકા—એ રીતે તે બંને વારાંગનાઓ માહારાજાના મેહેલમાં આવી ત્રીજે માળે જહાં મહારાજા શ્રી બિરાજ્યા હતા ત્હાં સલામ મુજરો કરી મહારાજાની આજ્ઞા લઇને બેઠીયો; પછી મૃદંગ અને સારંગીના સૂર મેળવીને સંગીતની રીતી પ્રમાણે સમયને અનુસરી તાન ટપ્પા સહિત રાગરાગણીથી ગાયન સંભળાવ્યાં; તે સાંભળી મહારાજાએ વસંત, જંગલો અને બીહાગ રાગ અને તે પછી શુદ્ધ કાનરો ગાવાને દાસી મારફત કેહેવરાવ્યું. તે ઘડીએ એવો સમય હતો કે ઝાડે ઝાડે પક્ષીઓ સ્થિર થઈ બેઠેલાં હતાં, ચંદ્ર પણ અરધે આકાશે એટલે માથે આવી મ્હોંચ્યો હતો, તેથી ચારે તરફ ચાંદનીનો પ્રકાશ પ્રસર્યો હતો, ત્હાંતો બીજા પહોરની ઘડીયાળ વાગી જેથી ચાંકી પહોરનો પેહેરેગિર જાગી ઉઠયો, રાત્રીમાં ફરનારાં પશુ પક્ષીઓ સોરબકોર કરવા લાગ્યાં, ચંદ્રબિમ્બને નેહથી જોઇને ચકોર પક્ષી ઉડવા લાગ્યાં, અને સૂર્ય વિકાશી કમળ ભમરા સહિત બીડાઇને કરમાઈ ગયાં તથા ચંદ્રવિકાશી કમળ જે પોયણાં તે પ્રફુલ્લિત થયાં; સુગંધયુક્ત સીતળ પવન વાવા લાગ્યો, આકાશમાં લાગેલા ઉંચા રાજમેહેલની ઉજ્વલ શોભાનો દેખાવ જાણે મેઘમંડળમાંથી કપુરનો વરસાદ વર્સાવતો હોયને? કે ચંદનના પર્વત હોયને? અગર ક્ષીર સમુદ્રના ઉજ્વળ ફુવારા ઉડતા હોયને? કે પછી કૈલાસમાંથી ગંગાની ધારા પડતી હોયને? એમ શોભતો હતો; મહારાજા પણ મદ્યપાનની કેફમાં ચકચુર બની મગ્ન હતા, તે સમયને જાણીને એટલે વખત વર્તીને ચતુર નાયકાઓએ વાજિત્ર સજ કરી સૂર સાથે સૂર મેળવી મહારાજાને સલામ કરી સાતમા સૂરને ત્રીજા ગ્રામમાં આલાપીને વીણા અને મૃદંગ બજાવ્યાં,—તે જાણે અપ્સરાઓ ઇંદ્રરાજાની સમાજમાં ગાયન કરતી હોયને? એમ આજ્ઞા પ્રમાણે રાગરાગણીઓ ગાઇ મહારાજને રીઝાવી લીધા.(૭)

दोहा.

गायो कवित बसंतमे, विष्नु पद सु बिहाग;

गायन निज बानी सु महिं, गायो जंगल राग. ॥ ८ ॥

ટીકા—ગુણિકાઓએ વસંત રાગમાં કવિત ગાઇને વિષ્નું પદથી બિહાગ રાગ ગાયો પછી પોતાની સ્વ-ભાષા (પંજાબી)માં જંગલો રાગ ગાયો. (૮)

अथ वह गायनोक्त शब्दोदाहरनं, अलंकार सम रूपक—कवित्त.

तरु नवपल्लवके, कलम कलीन करि, लेखक अनंग गति, मधुकर साजकी. मामवी प्रसून मोर, किंशुकन सही कीनी, रजसो पराग* दीनीं, सुकन समाजकी. कोकिला सुकीर मोर, बाचंत बरन भेद, मिलहु मिलहु जन, बिरही अवाजकी. चलीयें प्रवीन पोन, त्रिविध बराती लायो, बाती सुनियें जु आई, पाती रितुराजकी. ॥ ९ ॥

ટીકા—વૃક્ષના નવા પાનરૂપી કાગળમાં કમળની કળીરૂપી કલમ કરીને કામદેવરૂપી લખનારે ભમરારૂપી અક્ષરો લખવાની સામગ્રી કરી. તે તે એ કે માધવીના ફૂલ આંબાનો મોર, અને કેશુડાંરૂપી શાઈ કરીને ભમરારૂપ અક્ષરો લખ્યા, ને તેને સુકવવા માટે પરાગરૂપી રજ ઉપર નાંખી. અને તે કોયલ, પોપટ તથા મોર અક્ષરા ભેદને જાહેર રીતે વાંચે છે. તે એવી રીતે કે હે વિયોગી જનો? મળો મળો એટલે ભેળા થાઓ. એમ દીર્ઘ અવાજ કરીને વાંચે છે. અને વળી કહે છે કે હે ચતુર જનો! જોવા ચાલો. વળી આ શીત, મંદ, અને સુગંધ એવા ત્રણ પ્રકારના પવનરૂપી જાનૈયાઓ વસંત ઋતુની લગ્નપત્રિકા લઈ આવ્યો છે તેની વાતને સાંભળો. (૯)

दोहा.

सुरभी चारत बन सुन्यो, नारायन मुख नाम;
सो बंसुरीसें बावरो, कीनो गोकुल गाम. ॥ १० ॥

ટીકા—વનમાં ગાયો ચારતાં નારાયણ (કૃષ્ણ) મુખથી જે નામ બંસરીમાં સાંભળ્યું તે બંસરીથી ગોકુળ બાવરૂં કરી દીધું! (૧૦)

अथ बिहागोक्त विष्नु पद—अलंकार विनोक्ती.

काना तेरी कछुयक मुरलीमें कारन, ब्रंदाबनमें मधुर बजाई शरद चंद उजियारन, श्रवन सुनत बिनता सुधि भूली द्रग भरि आये बारन, ब्रज सि-

* અસલ પ્રતિમાં 'રજ મકરંદ' છે. પરંતુ 'મકરંદનો અર્થ પુષ્પનો રસ અથવા મધુ થાય છે માટે તે ઠેકાણે પરાગ જોઈએ; કેમકે પરાગ એટલે પુષ્પનું રજ કિંવા પુષ્પાસત્વ એમ જાણી ફેરવેલ છે.

गरोई भयोहे बावरो धुनिमें लगीहे धारन, सागर एह सनेह भरीहैं राधे राधे उचारन. ॥ ११ ॥

ટીકા—હે કૃષ્ણ! તારી મોરલીમાં કંઈક કામણ રહેલું છે, વૃંદાવનમાં શરદ ઋતુના ચંદ્રના ઉજીયારામાં મધુર અવાજથી જે મોરલી બજાવી તેનો સ્વર સાંભળતાંજ વૃજની સ્ત્રીઓ શુદ્ધબુદ્ધ ભુલી તેમની આંખ્યોમાં આંસુ ભરાઇ આવ્યાં, એટલુંજ નહીં પણ બધું વૃજ બાવરૂં બની સૌહુની ધારણા શક્તિ તે મોરલીની ધ્વનીમાંજ ગુમ થઇ ગઇ છે! તે અને એ સ્નેહસાગરથી ભરેલી છે તથા "રાધા રાધા" એમ ઉચ્ચારે છે; અથવા હે સાગર! એ સ્નેહમાં ભરેલી છે અને "રાધા રાધા" એમ ઉચ્ચાર કરે છે. (૧૨)

जंगलोक्त पंजाबी ख्याल यथा.

बो मितनूं बोहोराइ अंखीयां, दरसदा दारू प्याला पाया तादिनसें तलखीयां, पल बिछुरनसें कल न परतहे श्रावन धार बरषीयां, निसदिन डोलतहें जु दिवानी नेहदा जादू नखीयां, सागर एह सजन बिन देखें जनम जनमदी दुखीयां. ॥ १२ ॥

ટીકા—એ મિત્રે મ્હારી આંખ્યોને ભ્રુકુકાવી દીધી, કાન્તિ રૂપી દારૂનો પ્યાલો પાયો તે દિવસથી મ્હારૂં મન તલખ્યા કરે છે અને વિયોગ મ્હને એક પળ પણ કળ પડવા દેતો નથી—અથાત્ ચેન પડતું નથી. અને આંખ્યોમાંથી શ્રાવણ માસના વર્ષાદની માફક આંસુની ધારા વર્ષે જાય છે, નેહરૂપી ભુરકી નાખવાથી અહરનીશ બ્હાવરીની માફક ફર્યા કરે છે, વાસ્તે હે સાગર! સજ્જનને દેખ્યા વિના જન્મ જન્મની દુઃખીયારી છે. (૧૨)

चोपाइ.

गायन तीन भेद यह गाये, महाराज रीझे मन पाये;
कलाप्रबीन कवित जो कीनें, शुद्ध कानरामें वह लीनें. ॥१३॥

ટીકા—વારાંગનાએ આ ત્રણ ભેદ ગાયા, તેથી મહારાજ મનમાં અતિ રીઝ પામ્યા તે પછી ઉલટથી કળાપ્રવીણે જે કવિત્ત બનાવ્યાં હતાં તેને શુદ્ધ કાનરા રાગમાં આણીને નાયકાઓએ ગાવા માંડ્યાં. (૧૩)

दोहा.

रससागर सुनियत कवित, संमृति भई पुरांन;
मनछापुरी गलीन मधि, बहैं झरोखा ध्यान. ॥ १४ ॥

ટીકા—આ કવિત્ત સાંભળતાંજ રસસાગરને જુની વાત યાદ આવી તથા મનંછાપુરીની રાજગલીમાં જોયેલા ઝરોખાનું ધ્યાન થઈ આવ્યું.[૧૪]

सागर सहचरिसें कही, गायन बूझो जाय;
यहै कवित को ग्रंथके, किहिं बानी कहं पाय. ॥ १५ ॥

ટીકા—એટલે દાસીને રસસાગરે કહ્યું કે જા જઇને ગાનારીઓને પુછ કે આ કવિત્ત કયા ગ્રંથનાં છે? કોનાં બનાવેલાં છે? તથા તમને કયાંથી મળ્યાં? (૧૫)

छंद उधोर.

चेरी चली आयस पाय, बूझी गायकामति जाय;
गायनकों भयो उछाह, चरचा चित बाढी चाह.
अल्या मत्य भंखी भास, श्रीमुख नीठ आवन आस;
जो महराज बूझें वात, बरनीं दूरसें नहि जात.
सासन नीठकी हम पाय, दीजें बात भेद बताय;
किकरि बूझि सागर फेर, लीनी नीठ गायन टेर.
ठाढी बंदि करपुट कीन, बैंठन राज सासन दीन;
श्रीमुख कही गायन मत्त, भंखो कौंन भेद कवित्त. ॥१६॥

ટીકા—આજ્ઞા પામીને દાસી ચાલી અને ગાયનકાર વારાંગના પાસે જઇ પુછયું તેથી તે ગાનારીઓને અતિ હર્ષ થયો અને મનમાં એ સંબંધી ચર્ચા કરવાની ઇન્તેજારી વધી, બાદ પુછવાને આવેલી દાસી પ્રત્યે બોલીઓ કે અમારે હજુરની પાસે આવવાની આશા છે, કારણ કે જે વાત મહારાજ પૂછાવે છે તે આવી રીતે બીજાને કહી શકાય તેમ નથી વાસ્તે અમને પાસે આવવાની જો રજા મળે તો તે વાતનો ભેદ બતાવીએ. એટલું સાંભળી દાસી ફરીને મહારાજાને પુછી નાયકાઓને હજુર પાસે લેઈ ગઈ. ત્હાં પ્રાર્થના કરી હાથ જોડી તે નાયકાઓ મહારાજા સન્મુખ ઉભી રહીઓ; મહારાજાએ બેસવાની આજ્ઞા આપી, પછી શ્રી મુખથી નાયકાઓને કહ્યું કે આ કવિત્તનો શો ભેદ છે કહો. (૧૬)

अथ गायनोक्त—छप्पय.

हम लहोर महि रहत, चाह चल्लिय देशाटन;
आइ मनंछापुरी, नीतपालह नारिंद जिन.
तास्स सुता सु किसोर, कलापरबीन नाम जिहि;

हम अनुकंपा कीन, मास षट किय बिलंब तिहि.
चातुरी भेद जाने सकल, रूप राशि उतहीर रहें;
महाराज आप बूझे कवित, उन सिखाय उनही कहें.॥१७॥

ટીકા—અમે લાહોરમાં રહીએ છીએ, મનમાં દેશાટણની ઇચ્છા થવાથી મુસાફરીએ નીકળ્યાં છીઈએ, અને ફરતાં ફરતાં જહાંનીતિપાળ રાજા રાજ્ય કરે છે તે મનછાપુર શહેરમાં આવ્યાં, તે રાજાની રાજકન્યા કીશોર વયની અને સ્વરૂપવાન છે તેમ તેનું નામ કળાપ્રવીણ છે, હુમારા ઉપર મેહેરબાની કરી ૭ મહિના સુધી અમને ત્હાં રાખ્યાં. કન્યા ચતુરાઇના સકળ ભેદને જાણે છે, એટલુંજ નહીં પણ સર્વે રૂપનો સમુહ તેમાંજ રહ્યા છે. હે માહારાજ! આપે જે કવિત્તને માટે પુછોછો તે અમને એણે શીખવ્યાં છે, તેમ બનાવ્યાં છે પણ એણેજ. (૧૭)

दोहा.

सागर यह बानीं सुनत, संमृति लगि सु हेर;
उदें प्रेम अंकूर भो, कबित गवाये फेर. ॥ १८ ॥

ટીકા—રસસાગરને આ વાત સાંભળતાંજ જોએલી કળાપ્રવીણની સ્મૃતિ થઇ આવી તેથી પ્રેમના અંકુરનો ઉદય થયો અને કવિત્તને ફરીને ગવરાવ્યાં. [૧૮]

गाहा.

नेहनग्र संपत्तो, गायन सौध सागरं चर्चा;
ओगनीस अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ १९ ॥

ટીકા—નાયકાઓનું નેહનગરમાં આવવું, મહારાજાના મીલાપની સાથ મેહેલમાં થએલી ચર્ચા, એ વૃત્તાંતવાળી પ્રવીણસાગરની ઓગણીશમી લેહેર પૂર્ણ થઇ. [૧૯]

इतिश्रीप्रवीनसागरग्रंन्थेरससागरश्रीमुखचर्चानामअेकोनविंशोलहरं. ॥१९॥

लेहेर २० मी.

अथ रससागर गायन चर्चा प्रसंग, रससागरोक्त सोरठा.

रससागरं यह बात, बूझत फेर असाध उर;
जनपद पुर कुल जात, कहाँ प्रबीन अभिधान कहा. ॥१॥

ટીકા—રસસાગર તે વાત પુછે છે ખરા પણ પૂર્વની સ્મૃતિ થઇ આવવાથી

ચિત્તની સ્થીરતા રહી શકી નહીં માટે ફરીને પુછે છે કે તેનો દેશ કયો, શેહેર કયું, કુળ કયું, કઇ જાત અને તેનાં બીજાં નામ શાં છે! તે કહો..(૧)

अथ गायनोक्त गूढोक्ति प्रत्युत्तर ‡कवित्त.

द्रग भौंन बांन मिल, गुन ग्राम आदि रूप, द्वीप परे दुज राज, भूमि अनुमान करि, राग भूत भूमि बांन, बान वसुधा मिलाव, लोग-जुज युग मनि, स्थानक निवास परि, द्वीप द्रग द्वीपवति, द्वीप यूग वेद रूप, परम पवित्र वंश, उदय प्रभा धरी, गिरि गंगा पंथ भूत, समय समीर बीन, तत्व ईशशीश ब्रह्म, अंक संगना उचरी. ॥ २ ॥

ટીકા—આ કવિત્તનો અર્થ અક્ષરના વર્ગ અને બારાખડી ઉપર અંક સંજ્ઞાની ગણુતરીથી થાય છે તે નીચે મુજબ—

વર્ગસંખ્યા	વર્ણ વર્ગ.
૧	અ આ ઇ ઉ ૠ
૨	ક ખ ગ ઘ ઙ
૩	ચ છ જ ઝ ઞ
૪	ટ ઠ ડ ઢ ણ
૫	ત થ દ ધ ન
૬	પ ફ બ ભ મ.
૭	ય ર લ વ
૮	શ ષ સ હ
૯	ક્ષ જ્ઞ.

બારાક્ષરી ક્રમ યથા.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
ક	કા	કિ	કી	કુ	કૂ	કે	કૈ	કો	કૌ	કં	કઃ

એવી રીતે વર્ણના વર્ગ અને બારાક્ષરી ઉપર અંક સંજ્ઞાની ગણુતરીથી “ગૂજર મનછા રવિ સુજાન” એટલા અક્ષર નીકળે છે. તે નીચે વિસ્તારથી લખું છઉં,—

દ્રગ કહેતાં બે એટલે બીજા વર્ગના “ક ખ ગ ઘ ઙ” એ માંહેલા

‡ આ કવિત્ત કેટલીક લખેલી પ્રતયોમાં પાઠ ફેર છે. તે નીચે મુજબ,—

કવિત્ત.

દ્રગ[૨] ભૌન[૩] બાન[૫] મિલ ગુન[૩] ગ્રામ[૩] આદિરૂપ; દ્વીપ[૭] પરે દુજરાજ[૨] ભૂમિ ઉનમાન કરિ;
પંક[૫] શર[૫] વેદ[૪] ભેદ રસ[૬] રામ[૩] મેદનીલે[૧], સિંધુ[૭] ભુજા[૨] વેધામુખ[૪] થાનક નિવાસ પરિ;
હરનૈન[૩] હરિપાન[૪] જુગલ[૨] વિચાર જાનો, મુનિ[૭] જ્વાલ[૩] વ્યાલજીહ[૨] વંશ ઉદે પ્રભાધરિ;
ગિરિ[૮] ગંગા[૩]પંથ ભૂત[૫] સમય[૩] સમીર[૩] બીન[૨], તત્વ[૫] ઈશશીશ[૫] બ્રહ્મ અંક[૧] સંગના ઉચરિ.

ભાન કહેતાં ત્રીજો અક્ષર (ગ) તેની સાથે બાણુ એટલે બારાક્ષરીનું પાંચમું રૂપ "ુ" મેળવવાથી (ગુ) થયો; ગુણ કહેતાં ત્રણ એ ત્રીજા વર્ગના "ચ છ જ ઝ" એ માંહેલા ગ્રામ કહેતાં ત્રીજા અક્ષરને આદિ રૂપ લગાડવાથી (જ) થયો; દ્વીપ કહેતાં સાત એ સાતમા વર્ગના "યરલવ" એ માંહેલા બીજા અક્ષરને દ્વીજરાજ કહેતાં પેહેલું રૂપ લાગવાથી (ર) થયો,-અર્થાત્ "ગુજર" એ ત્રણ અક્ષર જાણ્યાથી જે નામ થયું તે દેશ કળાપ્રવીણની જન્મભૂમિ છે એમ અનુમાન કરવું.

રાગ કહેતાં છ,-તે છઠ્ઠા વર્ગના "પ ફ બ ભ મ" એ માંહેલા ભૂત એટલે પાંચમા વર્ણમાં પેહેલું રૂપ લાગવાથી (મ) થયો; બાણુ એટલે પાંચ,-તે પાંચમા વર્ગના "ત થ દ ધ ન" તે માંહેલા પાંચમા અક્ષરમાં વસુધા એટલે પેહેલીજ માત્રા મળવાથી (ન) થયો; લોક એટલે ત્રણ,-તે ત્રીજા વર્ગના "ચ છ જ ઝ ञ" એ માંહેલા ભુજ કહેતાં બીજા અક્ષરમાં યુગમની એટલે બીજી માત્રા મેળવવાથી (છા) થયો; એમ "મનછા" એ ત્રણ અક્ષર જાણ્યાથી જે નામ થયું તે નામના શેહેરમાં શુભ જગોએ નિવાસ કરીને રહી છે, મતલબ કે મનછા પુરીમાં રહે છે.

દ્વીપ કહેતા સાત,-તે સાતમા વર્ગના "યરલવ" એ માંહેલા બીજા અક્ષરને દ્વીપવતિ એટલે પેહેલી માત્રા લાગવાથી (ર) થયો, તે સાતમા વર્ગના "યરલવ" એ માંહેલા યુગ જે ચારને ચોથા અક્ષરને વેદ કહેતાં ચોથું રૂપ લાગવાથી (વી) થઇ; એમ "રવી" એ બે અક્ષર જાણ્યાથી જે નામ થયું તે અતિ પવિત્ર વંશમાં ઉત્તમ પ્રભાથી ઉદય થએલી છે, અર્થાત સૂર્ય વંશમાં જન્મેલી છે.

ગિરિ કહેતાં આઠ,-તે આઠમા વર્ગના "શષસ" એ માંહેલા ગંગાપંથ જે ત્રણને ત્રીજા અક્ષરને ભૂત એટલે પાંચમી માત્રા લાગવાથી [સુ] થયો; સમય કહેતાં ત્રણ,-તે ત્રીજા વર્ગના "ચ છ જ ઝ ञ" એ માંહેલા સમીર એટલે બીજા અક્ષરને બીજી માત્રા લગાડવાથી (જા) થયો, તત્વ એટલે પાંચ,-તે પાંચમા વર્ગના "ત થ દ ધ ન" એ માંહેલા શશશીશ કહેતાં પાંચમા અક્ષરને બ્રહ્મ એટલે આદિ માત્રા લગાડવાથી [ન] થયો; એવી રીતે "સુજાન" એ અક્ષરની સંજ્ઞાથી જે નામ થયું તે તેનું નામ અર્થાત્ સુજાન તેનું નામ છે. એટલે ગુજર [દેશ મધ્યે] મનછા [પુરમાં] રવિ [વંશી] સુજાન કુંવરી રહે છે; એમ ગૂઢ વાણીથી દેશ, ગામ, વંશ અને નામની સૂચના કરી. (૨)

गूढोक्ती गायन सुनत, भये सु सिंधु सयांन;
गरव नरव तामहि उलटि, पायो गनित विधांन. ॥ १ ॥

ટીકા—નાયકાઓની ગૂઢ ઉક્તિવાળું કવિત્ત સાંભળીને સિંધુ કેહેતાં સાગર શયાના થયા એટલે મનમાં જે અસાધ્ય હતી તે મટીને સુદ્ધ આવી, અને તે કવિત્તનો ભેદ સમજવા ગરવ અને નરવ એ બે શદ્બોને ઉલટા કરીને એટલે વરગ અને વરણ તથા માત્રાની ગણતરી વિગતથી ગૂઢ ઉક્તિવાળા કવિતનો સર્વે મતલબ સમજી લીધો. [૩]

दोहा.

सागर गायनसें कही, मन तरंग भरि मेंन;
अंग अंग बरनन करहु, जैंसो देख्यो नेंन. ॥ ४ ॥

ટીકા—પૂર્વાનુંરાગ પ્રગટવાથી મન કામદેવના તરંગથી ભરાઈ ગયું તેથી ફરીને રસસાગરે નાયકાઓને કહ્યું કે કળાપ્રવીણના અંગે અંગના સર્વે અવયવોનું જેવું તમે આંખે જોયું હોય તેવું નખસીખ સુધી વર્ણન કરો. (૪)

गायन कर्त्ता काव्यकी, तोटक छंद बनाय;
बरनन कलाप्रबीनको, सागर दियो सुनाय. ॥ ५ ॥

ટીકા—નાયકાઓ કાવ્ય કરતી હતી માટે તોટક છંદ રચીને કળાપ્રવીણના અંગનું વર્ણન કરીને મહારાજા રસસાગરને આ રીતે કહી સંભળાવ્યું. [૫]

अथ गायनोक्त कलाप्रबीन प्रत्यंग बर्नन, अलंकार लुप्तोपमा
—छंद तोटक.

पुनरंभव पानिप की प्रभुता, बजरं परि मानिक की छबिता;
पद पल्लव नीरज चंप कली, हरि केसर कुंकुमकी हदली. ॥ ६ ॥

ટીકા—કળાપ્રવીણના પગના નખની કાંતિની શોભા હીરા ઉપર રાખેલા માણેકની છબિ જેવી છે, અને તેના પગની આંગળીઓ કમળ અથવા ચંપાની કળીઓ જેવી છે, અને તે આંગળીઓની કાંતિએ કેસર તથા કુંકુમની શોભાની હદને હરી લીધી હોય તેવી અનોપમ છે. (૬)

उपमा चरनं अरनं बरनं, कमलं कि जपा तरनं करनं;
दुति राजत ताढिग एडिनकी, मनु कारिग गेंदकुजं मनिकी. ॥ ७ ॥

ટીકા—પગના રાતા રંગને કમળ, કિંવા જાસુસ કે ઉગતા સુરજની કિરણોની ઉપમા આપિયે એવા છે; પગ પાસેની પાનિયોની કાંતિ તો જાણે નારંગી, કિંવા દડો અથવા મંગળ મણિ હોયને! તેવી છે. (૭)

छबि द्वै गुलफा मति मोहि छकी, रुचि मारसु नाभि हिमं रथकी;
रीतकी गति पिंडुरि मेंजुरुकी, झलकें मनमथ्थ निषंग झुकी. ॥ ८ ॥

ટીકા—તેની બે ખૂટિયો જોઇને મ્હારી મતિ મોહ પામી છકી ગઇ, કેમકે તેની શોભા કામદેવના સોનાના રથના પૈડાના માણા જેવી છે; તેમ કામની સ્રીરતિ તેની ગતિની શોભાને રોકનાર તેની પીંડીઓ તો કામદેવના ઝુકેલા ભાથા જેવી ઝળકે છે. [૮]

गहरी गाति जानुसु ग्रंथनकी, मथनी उलटी मन मध्थनकी;

जुग जानु करी कर हेम जुटी, उपमा फुनि भानुफला उलटी.॥९॥

ટીકા—તેના ગોઠણની ઢાંકણીઓની ગંભિરતાઈ ઉલટાવેલી કામદેવની ઝેરણ [રવાઇ] ના અગ્ર ભાગ જેવી છે અને સોનેથી જડેલ હાથીની સુંઢ જેવા તેના બે સાથળ ઉલટેલી કેળ જેવા દેદિપ્યમાની દેખાય છે. [૯]

बरनीं न नितंब बनी बरकी, सुखमा तट रूप भेर सरकी;

कटि लंक मनो मृगराज कस्यो, ललितं नव अंकुर जानि लस्यो.॥१०॥

ટીકા—અતિ શ્રેષ્ઠ નિતંબની [કેડનો પાછલો ભાગ] શોભા વર્ણવી શકાય એવી નથી, તોપણ તે શોભામાં પાણીથી ભરપુર તળાવના કિનારા બરોબર છે, તેની પાતળી કેડયનો લાંક કશાયેલા (શિકારપર ટાંપેલા) સિંહના જેવો છે; અને તે જાણે સુંદર નવાંકુર લળકતાં હોય ને? એમ દીસે છે. [૧૦]

नव नाभि सु नीरज कोश बनी, गति मैंन शिकारनकी मडनी;

अहि बेल दलं छबि ऊदरंकी, त्रिवली रस तीन्न तरंगनकी. ॥११॥

ટીકા—તેની ગંભિર નાભિ નવા કમળના કોશ [વચેના ખાડા] જેવી છે, તેના પેટની આકૃતિ નાગરવેલના પાન જેવી છે, અને તે ઉપર રહેલી ત્રિવલી [પેટના ત્રણ આંટા] પાણીની ત્રણ લેહેરો જેવી છે. (૧૧)

रुमराजि सिवारनसी अवली, निरखें गुन श्याम चिटी नवली;

रस रीझ भेर दुहु पाखरवा, परियांनके हाटक के परवा. ॥ १२ ॥

ટીકા—તેના પેટ ઉપર સેવાળ જેવી રોમરાજી (રૂવાડાની બારીક પંક્તિ) જોવાથી કાળો રોરો અથવા નવી કાળી કીડિયોની હાર જેવી છે, અને રસ રિઝથી ભરપુર તેનાં બે બાજુનાં પડખાં પરિયોની સોનાની પાંખ જેવાં છે. (૧૨)

बिबि काम बटासे उरोज बनें, तिहुनेंन निशांन सबीर तनें;

परि राजत श्याम सुरंग प्रभा, सतकुंभके शृंग मधूप सभा. ॥ १३ ॥

ટીકા—તેનાં બે સ્તન કામદેવના ખેલવાના બે લગોઢા (ગોળ દડા) જેવા બનેલા છે, અથવા ત્રણ નેત્રવાળા શંકરના નિશાન રૂપ કામદેવે તાણેલા તંબુ જેવાં છે, તે સ્તન ઉપર રહેલી કાળી સારા રંગની ડીંટડીની શોભા

એવી છે કે જાણે સોનાના પર્વતના શિખ્ખર ઉપર લોભાયમાન ભમરો બેઠા હોયનીશું? એમ શોભે છે. (૧૩)

कलधौत उरं कुच नीकटवा, नवरंग मनोज मही नटवा;

भवनं सुर पास कला भुजकी, कमलं नक्ष दंद तिमिध्वजकी. ॥१४॥

ટીકા—તેના સ્તનની આસપાસનો સોના જેવો ઝળકતો છાતીનો ભાગ કામદેવરૂપી નટને નાચવાની રંગભૂમિ જેવો છે, અને તેના ભુજની શોભા દેવના પાશ જેવી થઈ છે, કિંવા કમળના નાળ જેવી અથવા કામદેવના દંડ જેવી શોભે છે. (૧૪)

प्रगटी कर कंजनकी परमं, सुबयार करं श्रुतिकेश रमं;

सरसी अँगुरी नख बाढ सजे, छविनोदन मानिकखौर रजे. ॥१५॥

ટીકા—તેના હસ્ત કમળની હથેળીની શોભા એવી પ્રગટી છે કે જાણે શ્રુતિકેશ જે વિષ્ણુ તેને પવન કરવાનો રમા એટલે લક્ષ્મીનો પંખો હોય તેવી છે, અને [કામદેવના] બાણ જેવી આંગળીઓ છે, અને સજેલી ધાર જેવા નખ શોભે છે, તથા [હથેળીમાં મેંદી] ખૌર [લેપ] કરેલી શોભે છે તે માણેકની શોભાની પ્રેરણા કરાવે છે. (૧૫)

બીજી કીરીનો બીજો અર્થ(કામદેવના) બાણ જેવી આંગળીઓને નખરૂપી ધાર સજેલી છે, અને તે નખપર મેહેદી આપેલી શોભે છે તે જાણે માણેકની શોભાની પ્રેરણા કરતી હોયનૈશું? એમ દેખાય છે. (૧૫)

पुनि पीठ सु रंभ शिशू पतवा, चतुराइ अनंग पटी चितवा;

तरुनी गल ग्रीव कपोतनकी, गति कंबु सुराहि अनंगनकी. ॥१६॥

ટીકા—તેની પીઠ તો સુંદર કેળના બચ્ચાના પત્ર જેવી છે, અથવા કામદેવની ચતુરાઇના ચિત્રો ચિતરવાની પાટી હોય તેવી છે, અને નવયૌવના કળાભરીજુનું ગળું હોલાના ગળા જેવું છે, તેમ તેની નમણાઇ શંખ અથવા કામદેવની સરાઇ જેવી છે. [૧૬]

चिबुकं ढहि ठोडिय मेचककी, तरुराज फलं अलि सूनु तकी;

अरुनं छबि राजतहें अधरं, शिशु पल्लव किंदुरकें सुधरं. ॥ १७ ॥

ટીકા—તેની ડાઢી ઉપર કરેલ કાળું લાજવું પાકેલા આંબાના ફળ ઉપર તાકેલ નાજુક ભમરાના બચ્ચા જેવું છે, અને લાલ હોઠની શોભા એવી દીપે છે કે જાણે વૃક્ષનાં નવાં થતાં પાન જેવી કિંવા બિલફળ (ગલોડાં) જેવી મનોહર છે. (૧૭)

दुतिहें रसना गम दंतजमें, कुवलै दल हालिमके कनमें;

कंबहों मुखमंद सु वानि कहें, रव कोकिल हीनंप पाय रहे. ॥१८॥

ટીકા—ચળકતા દાંતના સમુદાયમાં રહેલી તેની જીભની કાંતિ પાકેલા દાડમના કણમાં રાખેલા કમળના લાલ પત્ર જેવી છે, કયારેક તે મ્હોડેથી ધીમે ધીમે વચન કહે છે ત્યારે કોયલનો સ્વર પણ તેનાથી હીનતા પામીને રહે છે. (૧૮)

हुलसें कबहू तब मंद हसे, कुसुमावलि चंद कला बिकसें;

तवकं जुत बाम कपोल लसें, मधुमाधवी लेंन मधूप घसें. ॥ १९ ॥

ટીકા—ક્યારેક હુલાસ પામે છે ત્યારે જરાક હસે છે, તે જાણે ફુલની પંક્તિ અથવા ચંદ્રની કળા પ્રકાશ પામી હોયને? એમ દીસે છે. તેના ડાબા ગાલ ઉપર રહેલું ત્રાજવું એવું શોભે છે કે જાણે મધુમાધવીનો સુગંધ લેવા ભમરો ધસ્યો હોયનીશું? [૧૯]

ललितं मुख नाशिक ओप लली, कहि कीरसु दीपक चंपकली;

चख चंचलता श्रुति कौंन चलें, मृग खंज तिमी मधु कंज मलें. ॥२०॥

ટીકા—અને તે બાળાના મનોહર મુખ ઉપર રહેલું નાક પોપટની ચાંચ, કિંવા દીવો અથવા ચંપાની કળી જેવું શોભે છે, અને આંખ્યોની ચપળતા કાનના ખુણા તરફ ચાલે છે તે ગુણ તથા આકારથી મૃગ, ખંજનપક્ષી, માછલું, ભમરો અને કમળના રૂપને દળી નાખે છે. (૨૦)

वरुनी पल भ्रोंह बिशेष बनें, तरवार तरंग धनू अतने;

अति सोहित भाल शशी त्रितियं, कुवलैं दल कातरि खंड कियं.॥२१॥

ટીકા—તેની પાંપણ, પલક અને ભૃકુટિ વધારે શોભાયમાન બનેલ છે, તે અનુક્રમે ખુલ્લી તરવાર, જળતરંગ અને કામદેવના ધનુષ જેવી શોભે છે; ત્રીજના ચંદ્ર જેવું અતિ શોભાયમાન તેનું કપાળ જાણે કમળના પત્રને અર્ધ ચંદ્રાકારે કાતરીને કટકો કરયો હોયને? એમ દેખાય છે. [૨૧]

शशि गोतन सीप हरी श्रवनं, भव खंडन दाव ध्यनिभवनं;

चिकुरं मनमथ्थ खुले चमरी, कर ग्रंथित कंबलसी कबरी. ॥ २२ ॥

ટીકા—મોતીની છીપના માનને હરીને અન્યે કાનની શોભાને જગત્માં ખંડન કરવાનો દાવ [કૂહાડો અથવા પેચ] હોય એવા તેના ધ્વનિભવન કહેતાં કાંન છે;

“ શ્રવંનં ને બદલે ભ્રુવનં ”-હોય તો મોતીની છીપની શોભાને હરીને તેનું જગત્માં ખંડન કરવાનો દાવ [કૂહાડો કિંવા પેચ] હોય એમ તેના ધ્વનિભવંન કેહેતાં કાન છે, તેના છુટા કેશ કામદેવની ચમરી જેવા શોભે છે,

અને હાથે ગુંથેલા વેણી કુંબલ નામના સર્પ જેવી છે.[૨૨]

परवा मनि नील विहंग पटी, फनि आल धरें मनि धार फटी;
चिकुरें रुचि नेह भरे चलके, जमुना मरकंत प्रभा झलके. ॥ २३ ॥

ટીકા—મરક્તમણિ અને કાળી ચળકતી પક્ષીની પાંખ જેવી તેની ઓળીએ પાડેલી કેશપાટી છે તે જાણે સર્પે પહોળી કરીને મણિપર ધરેલ ફણ હોયને? એવી શોભે છે, તેમ તેના મનોહર કેશ ફુલેલ તેલથી ભરેલા ચળકે છે, તે જાણે જમનાં-જળ કિંવા મરકતમણિની શોભા તે હોયને? તેવા ઝળકે છે.[૨૩]

झमकें फुंद घूघरवा सु झबे, छपदी नव गुंजत कंज छबे;
गुन लाल प्रसून सु बेंन गुही, बिच रोदसीं भूमि त्रिबेंनि बही. ॥ २४ ॥

ટીકા—તેની વેણીમાં ગુંથેલા ફુમકાવાળા ગોફણાની ઘૂઘરીએ ઝમઝમ વાગે છે, તે જાણે નવિન ભમરાએ ગુંજારવ ન કરતા હોય! તેમ શોભે છે.

બીજો અર્થ—(અથવા તેના ઘુઘરવા એટલે લટકતા કેશના ઝબા-જે ગોફણો તેમાં ગુંથેલાં ફુમકાં અને ઝુમણાની ઘૂઘરીએ વાગે છે તે જાણે કમળપર નવિન ભમરાએ ગુંજારવ કરતા હોયને? તેમ શોભે છે.)

રેસમના લાલ દોરા અને શ્વેત ફુલથી તેની વેણી ગુંથેલી છે, તે જાણે પૃથ્વી અને આકાશ વચ્ચેની [વાંસારૂપી] જમીનપર ત્રિવેણી નામની નદી વેહેતી હોય નીશું? એમ દેખાય છે. (આ ઠેકાણે લાલ દોરારૂપી સરસ્વતી નદી, શ્વેત ફુલરૂપી ગંગા નદી અને શ્યામ વાળા રૂપી યમનાં નદી, એમ ત્રણેના સંયોગથી ત્રિવેણી નામની નદી કલ્પી છે.) [૨૪]

बिध रूद्र निबंध कसी कबरी, रुचि पीत चढे मकरी चकरी;
शिर-फूल जराव जरयो सरसों, दरवी मनि बिंब फनी दरश्यो. ॥२५॥

ટીકા—રૂદ્રપાશની રચનાની રીત પ્રમાણે કેશને કશીને બાંધેલા છે, તેની શોભા જાણે પીત એટલે ચંદનપર ચડીને કરોલિયે ચકરી કહેતાં લાળનો ગોળ પાશ અથવા જાળ બનાવેલ હોયને? તેમ શોભે છે. અને માથા ઉપર જડાવ શીશફુલ ધારણ કરેલું છે, તેમાં ચોટલાનું પ્રતિબિંબ પડે છે તે જાણે ફણ ઉપર રહેલા મણિમાં સર્પનું પ્રતિબિંબ દેખાતું હોયને! તેમ દીપે છે.[૨૫]

भति याहि सु बंदन मंग भरयो, सुरखी रवि गो तममें प्रसरयो;
ललना अलकावलि यों लटकें, झुकि पुंछ अही शिशुवा झटके. ॥२६॥

ટીકા—તેના સેંથામાં સિંદૂર એવી ભાતથી ભરયો છે કે જાણે સૂર્યનાં લાલ કિરણ અંધારામાં પ્રસર્યા હોયને! વળી સુંદરી કહેતાં કળાપ્રવીણના વાંકા

વળેલા વાળની લટો, એમ લટકે છે કે જાણે સર્પનાં બચ્ચાં નમીને પુંછડાં ઝાટકતાં હોય ને! તેમ દીસે છે. (૨૬)

खुटिलानकि राजत ओप खरी, कुसमं गुछ अंकुश काम करी;

झलवा मलवा पलवा दलवा, दलवा अलिवा किलवा झुलवा. ॥२७॥

ટીકા—તેના કાનમાં ખુટિલા નામના ઘરેણાની કાંતિ એવી શોભે છે કે જાણે ફૂલના ગુચ્છા અથવા કામદેવના હાથીનો અંકુશ હોયને! તેમ દેખાય છે. અને કાનમાં પેહેરેલી ઝાલયો હુલે છે તે જાણે પલકના દળ (પડ) ને મળવા આવતી હોયને! તેમ દેખાય છે; અને દલવાજે-હેમનાં જડાવ પાંદડાં કાનમાં પેહેર્યાં છે, તેને કમળ-દળ કહેતાં પાંખડી જાણીને અલિવા કેહેતાં આંખોની કાળી કીકી રૂપી ભમરાઓ, કિલવા કેહેતાં ત્હાં નક્કી ઝુલવા કેહેતાં ઝુમી રહ્યા છે. (૨૭)

ચોથા પાદનો બીજો અર્થ—અલિવા તેની સખિયો,[1] દલવા=તેના સમૂહ,[2] કિલવા=તેનાં વખાણ,[3] ઝુલવા=તેની ઝુલ એટલે ઝુલઝુલી કેહેતાં કાનમાં પેહેરવાનાં પાંદડાં,[4] અર્થાત્ કાનમાં પેહેરવાનાં હેમના જડાવ પાંદડાનાં વખાણ તેની સખિયોનો સમૂહ કરે છે. [૨૭]

करनं हरनं जरनं तरनं, तरनं तरनं अरनं करनं;

श्रवनं सुमनं भुवनं सुतनं, शशि शृंग किये मुलिका सुमनं. ॥२८॥

ટીકા—કાનમાં સોનાના જડાવ તરોના પ્રેહેર્યા છે, તે જાણે તરૂણ (ઉગતા) સૂર્યનાં લાલ કિરણ હોય તેવાં શોભે છે, અને ભુવન જે જળ તેના સુતન કેહેતાં કમળ-તેના જેવા કાનમાં શ્રવનસુમન કેહેતાં કર્ણફુલ પેહેરેલ છે, તે જાણે ઉલટા અર્દ્ધ ચંદ્રાકાર કપાળરૂપી ચંદ્રના શૃંગ કેહેતાં લમણાંરૂપી બે ખુણા ઉપર મોગરાનાં ફુલ રાખ્યાં હોયને! તેવા શોભે છે. [૨૮]

बँदनी नग संजुत खेंच बँधी, शशि शीश नवंग्रह पंत सँधी;

जलजात लरी बिंद लाल जटे, दरवी दुरिकें कुज चंद चटे. ॥२९॥

ટીકા—કપાળ ઉપર રત્ન જડિત દામણી ખેંચીને બાંધેલી છે, તે જાણે કપાળરૂપી ચંદ્રમાના માથાપર નવે ગ્રહો હાર કાઢીને રહ્યા હોયને! એમ દેખાય છે; વળી કપાળમાં મોતીની શરથી બાંધેલ લાલમણિ જડેલો ચાંદલો એવો શોભે છે કે જાણે શરરૂપી સર્પ સંતાઇને કપાળરૂપી ચંદ્ર મધ્યે લાલ મણિરૂપી રહેલા મંગળને ચુંબતો હોયને! એમ દેખાય છે. (૨૯)

चरची अरचा किय केसरकी, रंससागर नाउ सुरंगुरुकी;

बिंदवा छवि लाल जँगाल बढी, चुनियाँ ढिग नील पतंग चढी. ॥३०॥

ટીકા—પૂજા કરીને કપાળમાં કેસરની આડ્ય કરી તે કેવી શોભે છે-કે જાણે રસના સમુદ્રમાં બૃહસ્પતિનું વાહાણ હોય નીશું? એમ દેખાય છે, અર્થાત્ બૃહસ્પતિનો રંગ પીળો છે અને કેસરનો રંગ પણ પીળો છે, તેમ-જ વાહાણના પડખાનો ભાગ અને કપાળનો આકાર સરખો છે તેથી કપાળ પ્રમાણે કરેલી આડ્યને રંગ તથા આકારપરથી બૃહસ્પતિના વાહાણની ઉ-પમા આપી છે, અને તેના કપાળપર કરેલ કંકુનો લાલ ચાંદલો અને જં-ગાલની લીલી ટીલડીની શોભા એવી વધી છે કે જાણે લાલ ચાંડલારૂપી ચુ-નીની પાસે લીલા રંગનો પતંગ (કાગડિયો) ચડયો હોય નીશું ? એમ દેખાય છે. [૩૦]

चख नागसु नाग नये बनवा, चमकीसु खद्योतनकी रचवा;
मनि नील सु नासनमें मुरवा, धुनि चाहत देखि लटें धुरवा. ॥ ३१ ॥

ટીકા—તેની આંખોમાં આંજેલા કાજળની બારીક રેખાઓ તો જાણે સર્પના નવા કણા હોયની શું! એમ દેખાય છે. તેમ ડોળાનો ચમકાટ આગિયા જીવડાના પ્રકાશ જેવી રચના કરે છે, અને તેના સુંદર નાકમાં નીલમણિરૂ-પી મેઘે લટરૂપી વરા મુકેલા જોઇને મોર (વર્ષાકાળ જાણી) ટહેંકાર કરવા-ને ચાહાય છે. [૩૧].

मुकता मनि वेसरमें मिलकें, भृगुसुनु शशी शशिमें भलकें;
रद राजत रेखनकी रसमी, मनु कुंदकली जिमपीत भ्रमी. ॥ ३२ ॥

ટીકા—તેના નાકની નથમાં મોતી અને મણિ મળીને એવાં શોભે છે કે જાણે મુખરૂપી ચંદ્રમધ્યે મોતીરૂપી શુક્ર તથા સ્વેત મણિરૂપી ચંદ્ર મુખરૂપી ચંદ્રમધ્યે હોયનીશું? એમ ઝળકે છે; અને તેના દાંતમાં જડેલી સોનાની રે-ખા એવી શોભે છે કે જાણે ડોલરની કળી ઉપર પીળી ભમરીનું બચ્ચું બે-ઠું હોયનીશું ? (૩૨)

अरुनाइ अनोप तमोर असी, धुनि प्रेम हिये मुख लैंर धसी;
दुति राजत नाग दिठौंन दियो, करता लवले रसराज कियो. ॥३३॥

ટીકા—હોઠ ઉપર ચાવેલા પાનબીડાની મનોહર રતાશ એવી છે કે જાણે હૃદયમાં રહેલ પ્રેમરૂપી નદીની લેહેર મુખ સુધી ઉછળી આવી હોય નીશું? એમ દીસે છે. એટલે કવિ-કુલ સંપ્રદાયની રીત પ્રમાણે પ્રેમનો રંગ લાલ છે તેથી પ્રેમરૂપી નદીનું જળ હોઠ ઉપર આવી રહ્યું હોયની એમ દે-ખાય છે; અને તેના કાનપાસે જરાક કાજળનો મસો કરેલ છે તેની પ્રભા એવી શોભે છે કે જાણે જગતકર્તાએ પોતાનો લવ માત્ર યંશ લઇને રસરાજ કેહેતાં શૃંગાર રસને બનાવ્યો હોયનીશું ? એમ દેખાય છે. (૩૩)

हरवा मुकता मनिमाल हिये, अमरं धुनि धार हजार किये;
दुलरी दुति चोंकिनकी दमके, चपला घन हेम गिरं चमके. ॥ ३४ ॥

ટીકા—તેણે છાતીપર મોતીના હાર અને મણિની માળાઓ ધારણ કરેલી છે તે જાણે ગંગા નદીએ હજાર ધારાઓ કરી હોયનીશું? એમ દેખાય છે. તેમ બેલરની માળાની પ્રભા અને તેમાં રહેલી ચોકીની કાંતિ ઝળહળે છે, તે જાણે સોનાના પર્વત ઉપર ઘણી વીજળીઓ ચમકતી હોયને! એમ દેખાય છે, [બીજો અર્થ] સ્તનરૂપી સોનાના પર્વત ઉપર કાળા કુચાગ્રરૂપી ઘન [વર્ષાદ] અથવા કાળી કાંચળીરૂપી ઘન ઉપર મોતીની માળા અને ચોકીરૂપી વીજળી ચમકે છે. (૩૪)

भुजबंद दुहू सु जराव भजें, सुख आसन मैंन महीप सजे;
चिकनी गुजरी कँगनी जु चुरी, रद कुंजर रंगभरी कँगुरी. ॥ ३५ ॥

ટીકા—બન્ને ભુજાએ બાંધેલા જડાવ બાજુબંધ એવાં શોભે છે કે જાણે કામદેવરૂપી રાજાએ બેસવા માટે સુખપાલ બનાવેલ હોયનીશું? વળી તેના હાથમાં પેહેરેલ ચિકની એટલે સુંદર ઓપેલી ગુજરી, કંકણ અને ચૂડીયો છે તે અનુક્રમે ચૂડીઓ હાથી દાંતની, કંકણ રંગ ભરેલાં તથા ગૂજરી કાંગરાવાળી શોભે છે. (૩૫)

पहुंची मुंदरी अंगुरी परसें, दुति छत्र मनोभवकी दरसें;
मिहदी नख पानन मोह मनं, गहिरें दल पंकज बूढ गनं. ॥ ३६ ॥

ટીકા—તેના હાથના કાંડામાં પોંચી અને આંગળીમાં અક્ષર કોતરેલ ઢાલવાળી વીંટી પેહેરી છે તેની છબિ કામદેવના છત્ર જેવી દેખાય છે, અને તેની બંને હાથની હથેળિયોમાં તથા નખપર મેંદીના માનને મોહ કરે એવી જૂદી જૂદી બીંદીઓ (રેખાઓ) કરેલી છે તે જાણે ગેહેરા રંગના કમળના પત્રપર ચોમાસામાં થતા ઈંદ્રિગોપ નામના લાલ જીવડાના સમૂહ જેમ પાસ પાસે બેઠા હોય તેમ શોભે છે. (૩૬)

कटिसें रसना रव यों निकसे, वरदावन वंदन मैंन बसें;
लखि नीविनके फुंदना लक्के, चकरी कर कामहुतें छटकें. ॥३७॥

ટીકા—તેની કેડ્યમાં પેહેરેલી સુવર્ણ મેખલાથી મનોહર શબ્દ એવા નીકળે છે કે જાણે કામદેવને બરદાવવાને ત્યાંહાં બંદીજનો વસ્યાહોયનીશું? એમ દેખાય છે. વળી તેના ઘાઘરાની નાડીનાં ફુમકાં લટકે છે તે જોઇને મને તો એમ લાગે છે કે જાણે કામદેવના હાથમાંથી ચકરડી તો છટકતી હોયનેશું! એટલે કામદેવ જેમ ચકરડી ફેરવતો હોય તેમ નાડીરૂપી દોરીથી ફુમકાંરૂપી ચકરડી બાંધીને હાથમાંથી વેહેતી મુકે તેમ લાગે છે. (૩૭).

रव नेपूर पायल घुघरवा, बजती ध्वनि जेहरकी विछुवा;
मधुबाल मराल सु लालमुनी, गुन गावत कंद्रप केजु गुनी. ॥३८॥

ટીકા—તેના પગમાં પેહેરેલા પાયલ અને નેપૂરની ઘૂઘરીઓના અવાજ તથા જેહર અને આંગળીઓના વિંછિયા વાગી શબ્દ કરે છે, તે જાણે ભમરાઓનાં બચ્ચાં ગુંજારવ કરતાં હોય અથવા હંસનાં બચ્ચાં તથા લાલ મુનિયાં નામનાં પક્ષીરૂપી ગુનીજનો (લાયક) કામદેવના ગુણ ગાતાં હોય તેમ લાગે છે. (૩૮)

अंगुठामें अनौट रहे अटके, चरितं गुन भांखतहे चटके;
दुगुनी दुति जावक पाय दये, छवि कंज सुफूल जसूल छये.॥३९॥

ટીકા—તેના પગના અંગુઠામાં રહેલાં મનોહર અનવટ અથડાઇને અવાજ કરે છે તે જાણે ચટક (ચકલ્યાં) પક્ષીરૂપી વંદીજનો તેનાં ચરિત્ર અને ગુણનાં વખાણ કરતાં હોયને! એમ લાગે છે; તેમ તેના પગને તળે અળતો લગાવ્યો છે તેથી તે બમણી કાંતિ કરે છે અને તેની શોભા જાણે લાલ કમળ અને જાસ્વંતના ફુલ બિછાયાં હોયને! તેવી ઓપે છે. (૩૯)

गजराज मशलनकी गति की, मधि लंगर चातुरकी मति की;
विविधं नवरंगन दुकूल बेनें, गुनसो रसना नहि जातगिने. ॥०४॥

ટીકા—તેની ચાલવાની છટા મ્હોટા હાથી જેવી મંદ અને હંસ જેવી મનોહર છે. તે મધ્યે ચતુર પુરૂષોની બુદ્ધિને બાંધનાર જાણે લંગર (સાંકળ) હોયને! એવી મોહ ઉપજાવનાર છે, સાથે અનેક પ્રકારનાં નવા નવા રંગનાં રેશમી વસ્ત્રો પેહેર્યાં છે,-જેના અનંત ગુણ અમારી જીભથી ગણી શકાય એવા નથી. (૪૦)

तदपी मतिके अनुसार सबे, जब आयस आपकि पायतये;
प्रति अंग कही छवि दीठ परी, किरतार प्रवीन करिसु करी.॥४१॥

ટીકા—તોપણ અમારી બુદ્ધિ પ્રમાણે સર્વે સ્વરૂપ જ્હારે આપનો હુકમ પામ્યા ત્હારે દરેક અંગની છબિ જેવી અમારી નજરે પડી તેવી કહી બતાવી પરંતુ જગકર્ત્તાએ એક કળાપ્રવીણને બનાવી તેજ બનાવી છે,-અર્થાત્ તેના જેવી આ દુનિયામાં બીજી કોઇ સ્ત્રી નથી. (૪૧)

दोहा.

नखतें सिख सिखतें सु नख, आभा कही बनाय;
तऊ प्रवीन नवीन छवि, बनी न बरनी जाय. ॥ ४२ ॥

ટીકા—નખથી. સિખ સૂધી શરીરના અવયવ અને સિખથી નખ સૂધી ઘરેણાની શોભા બનાવી કહી, તોયપણ પ્રવીણની નવી છબી જેવી બનેલી છે તેવી યથાર્થ બર્ની જાય એવી નથી. (૪૨)

अथ तदंते रससागर अभिलाष दशा—सोरठा.

सुनत श्रवन प्रति अंग, अंग अंग प्रगटें अनंग;

भई सुमन गति भृंग, त्रिनां बाग विकसित कुसुम. ॥ ४३ ॥

ટીકા—એમ કળાપ્રવીણના પ્રત્યેક અંગની શોભાનું વર્ણન સાંભળીને મહારાજાને અંગે અંગમાં કામ વ્યાપી રહ્યા અને જેમ ફુલનો રસ પીવાને ભમરો ઉત્સુક થાય તેમ બાગવિનાના પ્રફુલ્લિત થયેલા કલાપ્રવીણરૂપી ફુલનો રસ પીવાને સાગરરૂપી ભ્રમર ઉત્કંઠિત થયા. [૪૩]

उदयो प्रेम पतंग, सुख समूह संकुचित.कुमुद;

भयो मुदित मन भृंग, विरह कुंज प्रफुलित लता. ॥ ४४ ॥

ટીકા—પ્રેમરૂપી સૂર્ય ઉગ્યો તેથી સુખના સમયકાળરૂપી [ચંદ્ર વિકાશી] પોયણીનાં કમળ કરમાઇ ગયાં એમ વિરહરૂપી કુંજલતા મંડપ ઉપર પ્રફુલ્લિત થએલી વેલ જોઇને મનરૂપી ભમરો હર્ષિત થયો. (૪૪)

उमडी घटा सनेह, धीर जवासा तरु सुक्यो;

बिरहा सर सु भरेह, मिंत सुरत छूटे.पटा. ॥ ४५ ॥

ટીકા—સ્નેહરૂપી મેઘની ઘટા ચડવાથી ધીરજરૂપી જવાસો સુકાઇ ગયો, વિરહરૂપી તળાવ ભરાઇ ગયું અને મિત્રની સુરતરૂપી પટા એટલે ઝરા છુટ્યા અર્થાત્ પાણી (આંસુ) વેહવા લાગ્યાં. [૪૫]

मग मग या गति लीन, डग डग ला लागत खरी;

लगनी अगनि प्रवीन, जल थल प्रति जगमग रही. ॥ ४६ ॥

ટીકા—નાયકાઓએ કરેલ વર્ણન સાંભળીને દરેક માર્ગનું ભાન ભૂલી રસસાગર એક ગતિમાં લીન થઇ ગયા તેથી તેમને ડગલે ડગલે વિરહની આગ ખરેખરે લાગવા માંડી, એટલુંજ નહિ પણ પ્રવીણની પ્રીતિરૂપી આગ જળથળ પ્રત્યે પડી એટલે સર્વ સ્થળે જગમગી-રહી, અર્થાત્ પ્રગટ દેખવા લાગી.(૪૬)

अमर कोश दधि प्रान, बिरह ज्वाल पावक जरें;

सुरति धूम अनुमानं, मृगमद मिलित प्रवीन तन. ॥ ४७ ॥

ટીકા—સાગરના પ્રાણરૂપી ચમરનો ભંડાર વિરહરૂપી અગ્નિની ઝાળથી બળવા લાગ્યો, તેથી તેની સુરતિરૂપી ધૂમાડો પ્રવીણના શરીરરૂપી કસ્તુરી તરફ ચાલ્યો. (૪૭)

सवैया—अलंकार द्रष्टांत.

लोह करीच फिरें तितही, जित ग्राव चमंकनकी फुरता;
अंमर कोशको धूंम तितैही, जितैंहि मृगंमदकी दुरता.
पुंगीको नाद बजें जितहि, तित पंनग आननकी मुरता;
यों परवीन सुनें प्रति अंग, भ्रमें तित सागरकी सुरता. ॥ ४८ ॥

ટીકા—જે તરફ ચમકનો પથ્થર હોય તે તરફ લોઢાનો સોંયો ફરે, જ્હાં ગુપ્ત રહેલી કસ્તુરી હોય ત્હાંજ અમર કોશનો ધુમાડો જાય, જ્હાં મોરલીનો નાદ થતો હોય ત્હાંજ સર્પ ફણ માંડીને નાચે, તેમ સાંભળેલા કળાપ્રવીણના પ્રત્યેક અંગમાં રસસાગરની સુરત ફર્યા કરે છે. (૪૮)

दोहा.

राज कुमर रीझे सु तित, दान मान दिय ताय;
गायन निज थानक गई, सागर प्रनय जनाय. ॥ ४९ ॥

ટીકા—કળાપ્રવીણના અંગે અંગનું વખાણ સાંભળીને નાયકાઓ ઉપર મહારાજ ખુશી થયા અને તેને ત્હાંજ સારા સત્કારથી ઈનામ આપ્યું, જે લઈને સાગર ઉપર ઘણોજ પ્રેમ જણાવીને નાયકાઓ પોતાને ઉતારે ગઈઓ. (૪૯)

गाहा.

गायन राज समीपें, बर्नन किय प्रवीन प्रत्यंगं;
सागर दशा तदंते, बीश प्रवीन सागरो लहरं. ॥ ५० ॥

ટીકા—નાયકાઓએ મહારાજાની પાસે કરેલું કળાપ્રવીણના અંગે અંગનું વર્ણન સાંભળ્યા પછી મહારાજાની બનેલી હાલતયુક્ત પ્રવીણસાગરની વીશમી લેહેર પૂરી થઈ. (૫૦)

इतिश्रीप्रवीनसागरग्रंन्थेरससागरगायनचर्चाकलाप्रविणप्रत्यंगबर्ननोनामाविंशमोलहरं.॥२०॥

लेहेर २१ मी.

अथ रससागर मित्र चर्चा प्रसंग—दोहा.

इन नेनन आनन वहैं; कब देखहुं किरतार;
एसें रससागर निशा, बीती करत बिचार. ॥ १ ॥

ટીકા—હે સરજનહાર પરમેશ્વર? આ આંખ્યોથીતે મુખ હું ક્યારે જોઇશ! એમ વિચાર કરતાં કરતાં રસસાગરની રાત વીતી ગઇ. [૧]

भयो भोर मिंत सु मिले, करें कुतोहल बात;
रससागर औरें दशा, जानीं काहु न जात. ॥ २ ॥

ટીકા—સવાર થયું એટલે સઘળા મિત્રો આવી મળ્યા અને વિનોદ કરવા લાગ્યા, પરંતુ રાજકુમાર રસસાગરની તો ઓરજ દશા થઇ ગઈ છે તે કોઇથી જાણી શકાતી નથી. (૨)

अथ अलंकार भिन्न पद रूपक-ता दशा वर्ननं, हिंदि
सवैया (झूलना).

देहको देहरा चितके तख्तमें, इस्कके देवकी जोत जागी;
प्रान पूजा करे नेंन पानी भरे, कांन ध्यानी कथा आन तागी.
स्वास पंखा ठह्यो बुद्धि बीरा गह्यो, जीह तंत्री लह्यो भेद रागी;
मित्र मंत्रं भजें तंत्र फंदं तजें, एक प्रवीनसें टेक लागी. ॥ ३ ॥

ટીકા—દેહરૂપી દેવાલયમાં ચિત્તરૂપી તખ્ત ઉપર ઇસ્કરૂપી દેવની જોત પ્રગટી, તે દેવની પ્રાણરૂપી પૂજારો પૂજા કરે છે, આંખ્યોરૂપી પનીહારી પાણી ભરી લાવે છે, કાનરૂપી સિદ્ધ બીજી કથાઓને છોડી ધ્યાન ધરે છે, સ્વાસરૂપી પંખો ચાલે છે, બુદ્ધિએ બીડાં ઝાલ્યાં અને જીભરૂપી વીણા મિત્રના મંત્રનો જાપ જપે છે, એ પ્રકારે એક પ્રવીણનીજ ટેક [સ્નેહ] લાગી છે. [૩]

दोहा.

भूलिगये चित गति सुरति, भूषन बसन शरीर;
मनमें बसी प्रवीन छबि, बढी बिरहकी पीर. ॥ ४ ॥

ટીકા—તેથી કુમાર મનની ગતિ અને પોતાની સુરતને ભૂલી ગયા એટલુંજ નહિ પણ શરીરે લુગડાં ઘરેણાં પેહેરવાનુંએ વીસરી ગયા, ફક્ત એક મનમાં પ્રવીણની છબી વસી છે તેથી વિયોગની પીડા વધી ગઇ. (૪)

अलंकार स्मरणानु भाव—सवैया.

गंध्रव गान प्रवीन उचारत, बीन प्रवीन बजावत रागी;
भाषत भाष प्रवीन सु भेदुन, मिंत प्रवीन सुरा मद दागी.
गायन बानि प्रवीन कथा सु, प्रवीन सुनी तबसें रति जागी;
सागर चित प्रवीन चढे सु, प्रवीन प्रवीन बहैं जक लागी. ॥ ५ ॥

ટીકા—ગંધર્વની પેઠે ગાય છે તેમાં પ્રવીણનો ઉચ્ચાર કરે છે, પ્રીતિથી બીન વગાડે છે તેમાં પણ "પ્રવીણ પ્રવીણ" એ નામનેજ બજાવે છે, વાત કરે છે તેમાં પણ પ્રવીણનાજ ભેદનાં વચન બોલે છે અને દારૂ પીતાં પીતાં પણ પ્રિય મિત્ર પ્રવીણનાજ પ્રેમમાં અંકિત થયેલા અથવા દાઝેલા છે. એવી રીતે ગાવા બોલવામાં પ્રવીણનીજ કથા કરે છે; વળી જ્હારથી કળાપ્રવીણને સાંભળી છે ત્હારથી પ્રીતિ જાગી છે, એમ સાગરના મનમાં પ્રવીણજ ચડવાથી એટલે સ્મરણ થવાથી અરે પ્રવીણ! અરે પ્રવીણ! એમ ઝંખના લાગી છે. (૫)

चोपाइ.

महाराज मच्छन मुरझावें, बात भेद कहुपें न बतावें;
मिंत पाय चितकी जु उदासी, बोलन लगें कुतोहल हांसी.
मंद मंद प्रतिउत्तर बोले, वहें ध्यान महराज न डोलें;
आन काहू आयस नहिं सूझें, बेमरजाद होय को बूझें.
यौं बासर दश पंच बिहाये, मिंत बात बूझन अकुलाये;
समय एह बूझनकी ठांनी, बोले सुहृद राज प्रति बांनि. ॥ ६ ॥

ટીકા—મહારાજા રસસાગર મનમાં ને મનમાં મુઝાયા કરે છે પણ કોઈને વાતનો ભેદ આપતા નથી, પરંતુ મિત્રો કુંવરના ચિત્તની ઉદાસી જાણી ગયા અને તેમને પ્રસન્ન કરવા હાસ્ય વિનોદનાં વચન બોલી વાતે ચલાવવા લાગ્યા,—ત્યારે તેઓની સાથે ધીમે ધીમે ઉત્તર આપે છે પણ મહારાજા પ્રથમના લાગેલા ધ્યાનને ચુકતા નથી તેથી કોઈને તેની ગમ પડતી નથી, વળી બેમરજાદ થઈ પૂછી પણ કોણ શકે? એમ મુંઝવણમાં પાંચ દશ દિવસ વહી ગયા ત્હાંતો મિત્રો વાત પૂછવાને અધીરા બની ગયા તેથી એકાંત વખતે આ વાત પૂછવાનો ઠરાવ કરી મહારાજા પાસે આ પ્રમાણે વચન બોલ્યા. [૬]

अथ मित्रोक्त-दोहा.

मिंत अरज महराज किय, बाग बिलोकन बान;
महाराज मंदोल चढि, कियो गमन उद्यान. ॥ ७ ॥

ટીકા—મિત્રોએ મહારાજને બાગ જોવાની વિનતી કરી તે મંજુર રાખીને પાલખીમાં બિરાજી પોતે બગીચા તરફ પધાર્યા. [૭]

अथ बाग बर्नन—छप्पय.

बीतत अहर बसंत, अच्छ बीरुध बिलंब किय;
कोमल किसलय झुकित, सुमन बन बन प्रति फुल्लिय.

बोलत बिबिध बिहंग, भृंग गुंजार करत तित;
सीत मंद मधु स्वसन, जुकति जलजंत्र उच्छरित.
आमंति मंत्र महाराज प्रति, एकंतिक आसन रचिय;
पटुता उचारि बानी प्रथक, यहें बिनय महराज किय. ॥ ८ ॥

ટીકા—વસંત ઋતુના દિવસ વીતી ગયા છે, વૃક્ષ ઉપર વેલ્યો વિંટાઇયો છે, નવાં અંકુરીત કોમળ પાંદડાં ઝુકી રહ્યાં છે, વને વને પુષ્પો ખીલી રહ્યાં છે, વિવિધ જાતનાં પક્ષીઓ સુંદર વાણી બોલી રહ્યાં છે, ત્હાં જગે જગે ભ્રમરાઓ ગુંજારવ કરી રહ્યા છે, સીતળ અને સુગંધીમય મધુર પવન મંદ ગતિથી વાય છે, વળી પાણી ઉછાળતા અનેક ફુવારા ઉડી રહ્યા છે! આવી મનોરંજક જગાએ એકાંત સ્થળે બિછાયત કરી મહારાજાને ગુપ્ત વાત પુછવાને આમંત્રણ કર્યું, બાદ કુંવર રસસાગરે ત્હાં બિરાજ્યા એટલે પ્રથક્ પૃથક્ રીતે આ મુજબ મિત્રોએ વિનય કર્યો. (૮)

दोहा.

करि अभिवंदन जोरि कर, कियो छमापन क्रोध;
सासन श्री महराज ग्रहि, बूझी मनकी शोध. ॥ ९ ॥

ટીકા—મિત્રોએ પ્રથમ બે હાથ જોડી વંદન કરી ક્રોધ ન કરવા ક્ષમા ઇચ્છી-મહારાજાની આજ્ઞા લેઈને મનમાં રહેલી શોકક વાર્તા પુછી. (૯)

मित्रोक्त-दोहा.

कहा भयो कित चित गयो, किही जगत दिन रेंन;
पल पल प्रति लीनह प्रभा, कहा नयो चित चेंन. ॥ १० ॥

ટીકા—મિત્રો કહે છે કે:-મહારાજ આ શું થયું અને ચિત્ત ક્યાં ગયું? વળી રાત દિવસ કોનું રટણ કરો છો? પળે પળે તમારી પ્રભા મંદ થતી જાય છે માટે આપના ચિત્તમાં નવું ચેટક શું થયું છે! (૧૦)

नीठ नीठ बूझत कही, गायन उक्ति उदार;
बहें कबित बर्नन यहें; उर आसय बिस्तार. ॥ ११ ॥

ટીકા—એમ વારે વારે પુછવાથી મહારાજાએ ધીરે ધીરે નાયકાઓએ કહેલાં કવિત્ત તથા તેઓએ કરેલું નખશીખનું વર્ણન તથા પોતાના મનમાં આશય વિસ્તારથી કહી બતાવ્યો. [૧૧]

सोरठा.

देखित श्री महाराज, दुचिते बिरहानल दुखित;

आधि मिटावन काज, यहें मित उच्चार किय. ॥ १२ ॥

ટીકા—એમ મહારાજાને વિરહ વેદનાથી દુઃખી અને બેચેન જોઈ તે વ્યાધીને મટાડવા સારૂ મિત્રો આ પ્રમાણે બોલ્યા. [૧૨]

मितोक्त–छप्पय.

महाराज यह बात, सत्य हमतो नहि मानें;
कुमरी वय सु किसोर, कवित्त कैसें करि जानें.
कलाधार गायका, रीझ रावरी सुपाई;
चरचा भेद चलंत, उक्ति समये सिर लाई.
मानें न आप अनुमान यह, पाती लिख सु पठाइयें;
परिहें प्रतीत प्रतिउत्तरन, मन न कछू मुरझाइयें. ॥ १३ ॥

ટીકા—હે મહારાજ? અમેતો એ વાત સાચી માનતા નથી કારણ કે કુંવરીની ઉમ્મર ન્હાની છે તેથી કવિત્ત શી રીતે રચી જાણે? પણ એતો કળાને જાણનાર પેલી નાયકાઓયે આપને ખુશી થએલા જોઇ ઈનામની આશાએ આ વાતના ભેદની ચર્ચા ચાલતાં લાગ વિચારીને ખોટી ઉક્તી કહી છે, વાસ્તે જે આપ ન માનતાં એ સંબંધમાં એટલું અનુમાન કરવું જોઇએ કે આપણે એક પત્ર લખી ત્હાં મોકલીએ, તેનો પ્રત્યુત્તર આવવાથી પ્રતીતિ પડશે એટલા માટે એ બાબત મનમાં કાંઈ મુંઝાવું નહીં. (૧૩)

सोरठा.

निज उर कर निरधार, मित उकति सागर सुनें;
आये सु राज दुहार, सभा विसर्जन बाग किय. ॥ १४ ॥

ટીકા—મિત્રોનાં વચન સાંભળી તેમ વર્તવાને પોતાના મનમાં રસસાગરે નિશ્ચય કર્યો, ત્યાર પછી સભા વિસરજન કરી રાજદ્વારે પધાર્યા. (૧૪)

बीतत अहर कितेक, पाती लखी प्रबीन प्रति;
बानी अहट विवेक, छंद सु मुत्तियदाम करि. ॥ १५ ॥

ટીકા—કેટલાએક દિવસ વિત્યા પછી મહારાજાએ વિવેક પૂર્વક સુંદર વાણીમાં મોતિદામ છંદ રચી પ્રબીણ પ્રત્યે મોકલવા એક પત્ર લખ્યો. [૧૫]

निज सु अनुग निरखंत, भायो भारतिनंद कवि;
विषम सु सरनि बहंत, सबें बात समराथ वह. ॥ १६ ॥

ટીકા—બાદ પોતાના મિત્રો ઉપર નજર ફેરવતાં પાસે બેઠેલા ભારતીનંદ

કવિ ગમ્યા, કારણ કે એ કઠણ માર્ગે પણ જઈ શકે એવા તેમજ સઘળી બાબતમાં સમર્થ છે. [૧૬]

अथ भारतिनंद बर्नन—छप्पय.

करता काव्य नवीन, नाद बीनादि बजावन;
राज भेद रिझवंत, रीत संगीत सु गावन.
लावन उक्ति अनेक, टेक धारित विवेक मन;
षट भाषा षट शास्त्र, बेद परबीन पुरानन.
नाना प्रकार परपंच कर, वीर धीर गंभीर मति;
साहस उदार सरसति प्रसंन, जासु समय तैसी प्रकृति. ॥ १७ ॥

ટીકા—નવીન કાવ્યને કરનાર, વિણાદિ વાદ્યને વગાડનાર, રાજ ભેદથી ખુશી કરનાર, સંગીતની રીતી પ્રમાણે ગાનાર, યુક્તિ પૂર્વક અનેક વાતો લાવનાર, ટેકીલા તેમજ મનમાં વિવેક ધારીક, છ ભાષા અને છ શાસ્ત્ર યુક્ત સઘળા વેદ તથા પુરાણમાં પ્રવીણ, નાના પ્રકારના પ્રપંચને કરનાર, વીર, ધીર તથા ગંભીર મતિવાળા, ઉદાર અને જેને સરસ્વતી પ્રસન્ન છે, સાહસીક તેમજ વખત પ્રમાણે પ્રકૃતિ રાખનાર એવા ભારતીનંદ કવિ છે. [૧૭].

तासु बुलाय इकंत, चित आसय उच्चारी;
जनपद पुर नृप नाम, बात सबही बिस्तारी.
कुमरी कलाप्रबीन, नाम कहि पत्र दियो कर;
प्रच्छन पठवन भेद, ओर लावन प्रतिउत्तर.
केते उपाय फुनि फुनि प्रथक, कवि सुनियत सागर कये;
भारतीनंद मनमें मुदित, प्रति पयांन रंहस भये. ॥ १८ ॥

ટીકા—એવા ભારતીનંદ કવિને એકાંતમાં બોલાવી રસસાગરે પોતાના મનનો આશય કહ્યો, અને જહાં મોકલવાના છે તે દેશ, શેહેર, રાજાનું નામ વિગેરે સર્વે વાત વિસ્તારથી કહી, અને કહ્યું કે તે રાજાની કળાપ્રવીણ નામની કુંવરી છે તેને આ પત્ર આપવો છે એવી સુપરત કરી પત્ર આપી ગુપ્ત રીતે તે પોહોચાડવા અને પ્રતિઉત્તર લાવવાના ભેદ-તેમ બીજા કેટલાએક જુદા જુદા ઉપાયો વારંવાર કવિને મહારાજે કહી સંભળાવ્યા. તેથી ભારતીનંદ કવિ મનમાં હર્ષ પામીને જલદીથી ચાલવાને તૈયાર થયા (૧૮) .

दोहा.

करि बंदन महाराजकों, पत्र लियो सिर धार;

हय गय सिविक सबीर साजि, तुरत होत तहियार. ॥ १९ ॥

ટીકા—પછી કવિએ મહારાજાને વંદન કરી પત્ર માથે ચડાવી લીધો, અને ઘોડા, હાથી, પાલખી, તંબુ વિગેરે સામગ્રી સજી તરત જવાને તૈયાર થયા.(૧૯)

गाहा.

सागर प्रथम सु बिरहा, चरचा मिंत्र पत्र पठवन बिधि;

एकवीस अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २० ॥

ટીકા—પ્રથમ સાગરની વિરહ દશા અને પછી મિત્રોએ કરેલી ચર્ચા ને ત્યાર પછી પત્ર મોકલવાની હકીકત જેમાં છે એવી, આ પ્રવીણસાગરની એકવીશમી લેહેર સંપૂર્ણ થઇ (૨૦)

इतिश्रीप्रबीनसागरग्रन्थेरससागरमिंतचर्चाप्रथमपत्रभेदोनामएकविंशमोलहरं. ॥ २१ ॥

लेहेर २२ मी.

अथ भारतीनंद कवि मनंछापुरी पयांन प्रसंगो यथा–दोहा.

शैत कुजाक अस शत उभैं, इक इभ सिबिक समान;

राय हुकम कबिराय किय, पुरी मनंछ पयांन. ॥ १ ॥

ટીકા—સો સિપાઇ, બસેં ઘોડા, એક હાથી, એક પાલખી એમ સામગ્રી સાથે આપીને મહારાજે કવિરાયને (પત્ર લઇ) મનંછાપુરી જવાનો હુકમ કર્યો. [૧]

सोरठा.

निशि दिन हास बिलास, कर्त्त बृंद कविको चलिय;

बहै वर्त्म प्रति मास, पुग्गिय मनइछह पुरी. ॥ २ ॥

ટીકા—રાત.દિવસ હાસ્યવિનોદની ગમત કરતાં કવિ અને તેની સાથેના માણસો ચાલ્યાં. તે ચાલતે ચાલતે રસ્તામાં એક માસ થયો ત્યારે મનંછાપુરીએ પહોંચ્યા. [૨]

छप्पय.

वन उपबन आवर्त्त, सुभर सीतल सरिता सर;

गिरद कुंज बिच दुर्ग, अटा उमडित तिहि ऊपर.

कनक कुंभ सिर केतु, झुकित जर जवनि झरोखन;
द्वार द्वार दुंदभी, मनहु गर्जित घटा सु घन.
द्वाराधिपाल सासन सु मग, पुरह पोर परवेश किय;
देवस्त 'समे-दानह' उदित, एकांतिक ग्रह उत्तरिय. ॥ ३ ॥

ટીકા—તે શેહેરની ચારે તરફ વીંટાયેલા વન અને ઉપવનો [બગીચા]માં નદી અને તળાવો સુંદર ઠંડા પાણીથી ભરેલાં છે, તે સ્થળે વૃક્ષોની ઘટામાં મનોહર કિલ્લો દેખાય છે. કિલ્લાની અંદર અતિ ઉંચી મેડિયો આંવી રહીયો છે, ને તે મેડિયોપર સોનાના કળશ બિરાજે છે, તે કળશપર ધજાઓ ફરકે છે. મેડિયોના ગોખમાં બાંધેલ જરીના પડદા ઝુકી રહ્યા છે, વળી દરેક મંદિરને બારણે નગારાં વાગે છે,—તે જાણે વાદળાંઓમાં મેઘ ગર્જના કરતો હોયને! એમ દેખાય છે. આવા મનોહર શેહેરના દરવાજા પાસે આવી દ્વારપાળના ઉપરીની રજા લઈ નગરની પોળમાં પ્રવેશ કર્યો. તે સમે સૂર્ય અસ્ત પામ્યો છે અને મસાલો પ્રગટાઈ, જે પછી કોઈ એકાંત સ્થળે જઇ ત્હાં ઉતારો કર્યો. [૩]

दोहा.

इत रहिना कहिना न कहुं, मतो दुरावन काज;
सोदागर बांने सु कवि, लगे खरीदन बाज. ॥ ४ ॥

ટીકા—આંહી રેહેવું પણ કોઇને કહેવું નહીં, કારણ કે આપણો વિચાર [કોઇ ન જાણે તેમ] ગુપ્ત રાખવાનો છે. એમ વિચારી સોદાગરને બ્હાને કવિરાજ ઘોડા ખરીદવા લાગ્યા. [૪]

बाज बिलोकततहें सु कवि, बिध बिध करत विचार;
साहित्य मत सोधत सखी, पाती पठवन धार. ॥ ५ ॥

ટીકા—કવિયે સોદાગરને બ્હાને ગામમાં ફરીને ઘોડા જોવા માંડ્યા, પરંતુ મનમાં અનેક પ્રકારના વિચારો કરે છે. સાહિત્ય શાસ્ત્રના મત પ્રમાણે એટલે નાયકા ભેદના ગ્રંથોમાં જે ચાર પ્રકારની સખીઓ અને અનેક પ્રકારની દૂતીઓ કહેલી છે; તેવી કોઇ સખી (દૂતી) મળે તો પત્ર મોકલી શકાય; એમ ધારીને તેવી કોઇ સખી (દૂતી) ને શોધે છે. આ ઠેકાણે મૂળ દોહામાં સખી લખી છે પરંતુ ત્યાં દૂતી જોઇએ કેમકે એ કર્મ દૂતીનું છે, તેમજ કર્ત્તાનો પણ એજ સિદ્ધાંત છે તે નીચેનાં સવૈયાથી સ્પષ્ટ જણાય છે; પરંતુ દૂતીને બદલે સખી શબ્દ ભૂલથી વપરાયેલો હોય એમ જણાય છે. [૫]

सवैया.

धाइ जनी अरु नाइ नटी, सु परोसनि राज प्रवेसनि हेरें;
चूरहि हेरि सुनारि बराइनि, मालनि सिल्पिमें मन फेरें.
ब्रह्मसुता पटवानि चितेरनि, रामजनी सु सन्यासिनि टेरें;
बाजके व्याज सु राजकी शासन, सोधें सखी काज निवेरें. ॥ ६ ॥

ટીકા—ધાવ્ય, દાસી, હજામડી, નટડી અને પાડોસણ વિગેરે જે રાજદરબારમાં જતી આવતી હોય તેવી સ્ત્રિયોને ગોતે છે; વળી મણિયારી [બંગડીઓ વેચનારી] સોનારણ, તંબોલણ, માલણ અને શિલ્પની એટલે ભરત વિગેરે ભરી જાણનારી સ્ત્રિયોમાં મન ફેરવી જુવે છે; તથા બ્રાહ્મણી, પટવાની સ્ત્રી, ચિતારી, જનાનામાં ગાવા નાચવા જનારી નાયકાઓ તેમજ સંન્યાશિની એટલે આર્યા (જૈનમાં સાધુ થયેલ સ્ત્રી) બાવી આદિ તરફ જુવે છે. એવી રીતે ઘોડા ખરીદવાને બહાને ગામમાં ફરીને મહારાજાની આજ્ઞા પ્રમાણે (છાનો પત્ર પહોચાડવાનું) કામ કરી આપે એવી સખી [દૂતી] ને શોધે છે.(૬)

छप्पय.

लए बाज दस वीस, भए दस द्वादसही दिन;
पठवन प्रत्र प्रवीन, मतो सोधत नितही मन.
गुनगहीर कवि सूनु, उक्तिवर नाम कहाये;
सोय सहर निरखंत, गली उनहीं चढि आये.
बूझंत तास सु कवि सुनें, नाम धाम निरधार किय;
परसे सु आय सिविका सु तजि, उन आसन सनमान दिय.॥७॥

ટીકા—ભારતીનંદ કવિયે દશવીશ ઘોડા ખરીદ કરયા બાદ તેને દસબાર દિવસ થઇ ગયા. (તોપણ કાંઇ ફાવ્યા નહીં તેથી લાચાર થઇ) મનમાં હમેશાં કલાપ્રવીણને પત્ર પહોચાડવાની યુક્તિયો શોધતા હતા; એટલામાં તે ગામના ગુણગંભિર કવિના પુત્ર ઉક્તિવર નામે એક સમે તે શેહેરમાં ફરવા નીકળેલા તે નગરચર્યા જોતા જોતા જહાં ભારતીનંદ કવિવર ઉતરયા હતા તે ગલીમાં આવી ચડયા ને પડપુછ કરતાં માલુમ પડયું કે નેહનગરનિવાસી ભારતીનંદ કવિ અહિયાં ઉતર્યા છે; ત્હારે પાલખીમાંથી ઉતરીને કવિ શિરોમણી ભારતીનંદને આવી મલ્યા. પછી કવિ ભારતીનંદે પણ તેમનું ઘણું સન્માન કરીને આસન આપી બેસાર્યા. (૭)

दोहा.

बूझ्याँ तितही उक्तिवर, भारतिनंद सु भेव;
कहो सिधारत आप कित, कछु कारन कहि सेव. ॥ ८ ॥

ટીકા—ત્હાં ઉક્તિવર કવિયે ભારતીનંદ કવિથી ભેદ પૂછયો કે આપ ક્યાં સિધારો છો? કાંઇ કારણ વાસ્તે કે પછી નોકરી બજાવવા માટે જાઓ છો તે કહો. [૮]

उत्तर भारतिनंद दिय, किहि सेवन कछु काज;
बाज खरीदन पठहिय, रससागर महाराज. ॥ ९ ॥

ટીકા—ભારતીનંદે ઉત્તર આપ્યોકે કાંઈ નોકરી બજાવવાના કામ માટે આવ્યા છેયે, અને તેએ છે કે ઘોડાની ખરીદ કરવાને મહારાજા રસસાગરે અમને મોકલ્યા છે. (૯)

कही भारतीनंद कवि, बाज खरीदन बान;
बूझ्यो तब फुनि उक्तिवर, परखन अश्व प्रमान, ॥ १० ॥

ટીકા—ભારતીનંદ કવિએ ઘોડા ખરીદ કરવાની વાત કહી ત્યારે ફરીને ઉક્તિવરે ઘોડાની પરીક્ષાનું પ્રમાણ સહિત લક્ષણ પુછયું. (૧૦)

अथ उक्तिवरोक्त-छंद-चंद्रायणा.

उत्तम मध्यम नीच, कनिष्ट कहाइयें, किहि जनपद उतपन्न, शुद्ध सु बताइयें. द्विज छत्री अरु वैश, शुद्र क्यौं जानियें, क्योंसु भये उतपन्न, आदिं अनुमानियें. अंग रंगकी खोटि, किती बिधकी कहें, भ्रमरिकानके भेद, अशुभ को अंगहे. सुभग रंग शुभ भृंग, किते तन लेखीयें, सदा व्याधि अभिधान, सु क्योंन परेखीयें. ॥ ११ ॥

ટીકા—ઉત્તમ, મધ્યમ, નીચ અને કનિષ્ટ કોને કહીએ, તેમજ કયા દેશમાં પેંદા થએલા ઘોડા સરસ કહેવાય છે! બ્રાંહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એવી ઘોડાની જાતિ કેમ જાણીએ તેમ તેઓ કોનાથી ઉત્પન્ન થયા છે! તે જાણવાનું અનુમાન કહો. શરીરના રંગની ખોડ કેટલી છે, ભમરીઓના ભેદવાળાં કયાં અંગ અશુભ ગણાય છે, વળી શરીરમાં કયા રંગ તથા કયી ભમરી હોય તેવાં કેટલાં અંગ ઉત્તમ ગણાય છે? સાથે નિરંતર થતા રોગનાં નામ તથા તેની પરિક્ષા કેમ કરવી તે પણ કહો. (૧૧)

अथ भारतीनंदोक्त-दोहा.

शालिहोत्र रुषिराज कृत, अश्वन भेद अपार;
जो बूझत तुम उक्तिवर, कहुं संछेप उदार. ॥ १२ ॥

ટીકા—ત્યારે ભારતીનંદ કવિ કહે છે કે શાલિહોત્ર નામે ઋષિરાજના કરેલા ગ્રંથમાં ઘોડાની પરિક્ષાના ઘણા ભેદ છે, પણ હે ઉક્તિવર કવિ! તમે જે મને પૂછ્યું તે વિશે ટૂકામાં હું કહું તે સાંભળો. (૧૨)

अथ अश्व उत्तमादि चतुर जाति भेद–छप्पय.

बाज तुलान तुषार, यहैं उत्तम जानो सहि;
गोगक अरु केआन, पट्टहारी मध्यम कहि.
राजसलथ सामजा, उत्तरा नीच कहावें;
सिंधुपार स्मवरा, गोहोर कनिष्ट बतावें.
चत्र जाति भेद द्वादश भए, अन्य जनपद मिश्रित रहैं;
कीजें परेख लीजें सु हय, शालिहोत्र अैसें कहें. ॥ १३ ॥

ટીકા—બાજ, તુલાન અને તુખાર એ ઘોડાની ત્રણ જાતિ ઉત્તમ જાણવી. ગોગક, કૈકાન અને પટ્ટિહારી એ ત્રણ જાતિ મધ્યમ કહી છે, રાજસલથ, સામજા અને ઉત્તરા એ ત્રણ જાતિ નીચ કેહેવાય છે, સિંધુપાર, સાંવરા અને ગોહોર એ ત્રણ જાતિ કનિષ્ઠ બતાવી છે; એવી રીતે ચાર જાતિના બાર ભેદ થયા, અને તેમાં બીજા દેશના પણ ભળીને મિશ્રિત રહ્યા છે, તે માટે શાલિહોત્ર મુનિ કહે છે કે તેમાંથી પરિક્ષા કરી ઘોડા ખરીદવા. [૧૩]

अथाश्वचतुर्वर्णोद्भव परिक्षा भेद–छप्पय.

जल उद्भव द्विज पुष्प, गंध मंगल असवारी;
अग्नि क्षत्रि तन अगर, कलह चढियत जयकारी.
मरुत वैस घृत गंध, सहज गमनं सुखदाई;
भूमि शूद्र मधु मकर, यहैं आखेट उपाई.
मुख बोर ब्रह्म पानीं पियत, खुर लगाय खत्री लहैं;
खेचंत वार वैसह अधुर, शूद्र सदा डरपत रहैं. ॥१४॥

ટીકા—જળમાંથી જેનો ઉદ્ભવ છે તે બ્રાહ્મણ જાતિનો ઘોડો જાણવો, અને તેના શરીરની સોરમ ફુલના જેવી સુવાસનાવાળી હોય તે માંગળિક કાર્યમાં સ્વારી કરવાથી શ્રેષ્ઠ ફળને આપે છે; અગ્નિમાંથી જેની ઉત્પત્તિ હોય તે ક્ષ-

ત્રિ જાતિનો ઘોડો જાણવો, અને તેના શરીરનો અગરના જેવો સુગંધ હોય-તેપર લડાઇમાં ચડવાથી વિજય આપે છે; પવનમાંથી જેની ઉત્પત્તિ હોય તે વૈશ્ય જાતિનો ઘોડો જાણવો, અને તેના શરીરનો ઘીના જેવો વાસ હોય તે-સેજ કામમાં સ્વારી કરવાથી સુખને આપે છે; જમીનમાંથી જેની ઉત્પત્તિ હોય તે શુદ્ર જાતિનો ઘોડો જાણવો, અને તેના શરીરનો મગરમચ્છના જેવો વાસ હોય-તે ઉપર સિકારમાં ચડવાથી ઉત્તમ ફળ આપે છે. (પાણી પીતી વખતની પરીક્ષા) બ્રાહ્મણ જાતિનો ઘોડો મ્હોઢું બોળીને પાણી પીએ છે, ક્ષત્રી જાતિનો ઘોડો ખરી લગાડીને પાણી પીએ છે, વૈશ્ય જાતિનો ઘોડો હોઠવતે ખેંચીને પાણી પીએ છે, અને શુદ્ર જાતિનો ઘોડો હમેશાં પાણી પીતાં કરતો રહે છે. (૧૪].

अथाश्व अंग खोट भेद-छंद हाकली.

करनं तीन त्रीकरन कहैं, विकराली रद विषम वहैं;
जिहि दंता बढि घटि बरनें, रद भंगा तिहि हय सु भनें.
अहि आकार धरनि निरखें, अहि मूसल्य तुरंग परखें;
फरकें अंग सु अशुभ सदा, अधकेशं इत उत दुखदा.
जिहि कंठ वृष सम कुमुरा, सुरगी तास सु अतिहि बुरा;
थन सो बाज कहृत थनही, यह एकंड वृषनं इकही,
उरधा पुंछ अलव चमरी, यह एकादशी प्रकृति बुरी. ॥ १५ ॥

ટીકા—ત્રણ કાનવાળા ઘોડાને ત્રિકર્ણ કહે છે, વિકાળ દાંતવાળાને વિષમ કહે છે, જેના દાંત વધતા ઘટતા હોય તેને રદભંગ ઘોડો કહે છે, જેનાં શરીરમાં સર્પનો આકાર હોય તેને અહિ કહે છે, અને જે જમીન સામું જોઇ રહે તેને મુશલ્ય કહે છે, જેનું અંગ હમેશાં ફરકયા કરે તે અશુભ ગણાય છે, જે ઘોડાને આગળ પાછળ અરધા કેશ હોય તે દુ:ખદાયક છે કંઠે જેને બળદ જેવી કાળી કામળી હોય તે સુરગી ઘોડાની જાત ઘણીજ ખરાબ કહેવાય છે, જેને આંચળ હોય તેને થનહી કહે છે, એક વૃષણવાળાને એકાંડ કહે છે, અને જેનું પુંછડું ઉંચુ રહેતું હોય તેને ચમરી કહે છે. એ પ્રમાણે વર્ણવેલી અગીયારે પ્રકૃતિ બુરી સમજવી. (૧૫)

अथ अश्वरंग खोटी भेद—छंद रोला.

श्वेत रंग चत्र पाय, शांम जमदूत सु आंखें; भस्म रंग तन रसन, सोय भस्मी सहि भाखें. एक रंग अनि रंग बिंदु पुष्पाक्ष कहावें; सर्व रंग मिल

बिंदु, सोय मिश्रांग बतावें. असित तालु जिहि सोय, कृष्न तालु लखि लीजें; सेत रंग मुख शाम, काल मुख सोय कहीजें. ओर रंग दाहिनौ, पाय इक सेत सु मूशल; ओर रंगमें जंघ, शाम सो कहे अमंगल. आन रंगमें लाल, टीक सो अरुनंजन कहि; आनि रंगमें टीक, शाम सो कालंजनै वहि. आन रंग सित टीक, सेतअंजनी सु जानों; एन टीक आनि रंग, पद्मअंजनि बखानों. श्वेत तिलक बिच अंत्र, तिलकतूटह वह ठाने; बांय दाय अधरंग, आनि अध अंगी माने. ओर रंग चत्र पायँ, सेत कंचुकी कहत तिहि; ओर रंग वह मगट, डोर शीशतें पुंछ जिहि. अरुन रंग सित त्रिंदु, पुहुप कच्छी वह धारे; एक रंग आरुनी ताय, तमार सु बिचारे. आनि रंग इक सेत, अग्रनासा सो दूतहि; बाज अंगमें रंग, खोटउन ईश यहँ कहि. ॥ १६ ॥

ટીકા—જે ઘોડાના શરીરનો રંગ સ્વેત હોય ને ચારે પગનો કાળો હોય તેને જમદૂત કહે છે; જીભ અને જેના શરીરનો રંગ રાખ જેવો હોય તેને લસ્મી કહે છે; જેના આખા શરીરનો એકજ રંગ હોય અને બીજા રંગનું તેમાં ટપકુ હોય તેને પુષ્પાક્ષ કહે છે; જેના અંગે સર્વ રંગ મળેલાં બિંદુ હોય તેને મિશ્રાંગ કહે છે; જેના તાળવાનો રંગ કાળો હોય તેને કૃષ્ણતાળુ જાણવો; શરીરનો રંગ ધોળો અને મ્હોઢાનો રંગ જેનો કાળો હોય તેને કાળમુખ કહે છે; જેના શરીરનો રંગ જુદી ગમે તે જાતનો હોય અને ફક્ત એક જમણા પગનો રંગ સફેત હોય તેને મૂશળ કહે છે; શરીરનો રંગ ગમે તેવો છતાં એક જાંઘનોજ રંગ કાળો હોય તો તે અમંગળ કહેવાય છે; શરીરનો રંગ બીજો ગમે તે હોય અને લાલ રંગનું કપાળમાં તિલક જેને હોય તેને અરૂણાંજન કહે છે; અંગનો રંગ જુદો ગમે તેવો હોય પણ કાળા રંગનું તિલક હોય તો તેને કાળંજન કહે છે; અંગનો રંગ ગમે તેવો જુદો છતાં સ્વેત તિલક હોય તેને શ્વેતાંજન જાણી લેવો ;શરીરનો રંગ બીજો ગમે તેવો છતાં કપાળના તિલકનો રંગ કાળીયાર મૃગના જેવો હોય તેને પદ્માંજન કહે છે; ધોળું ટીલું હોય પણ વચ્ચે અંતર હોય તો તેને તીલકતૂટ કહે છે; જેની બંને બાજુએ નોખા નોખા રંગ હોય તેને અર્ધાંગી કહે છે; શરીરનો રંગ જેનો જુદો છતાં ચાર પગનો રંગ સ્વેત હોય તેને કંચુકી કહે છે; અંગનો રંગ બીજો ગમે તેવો છતાં માથાથી તે પુંછડા સુધી ડોર હોય તેને મગટ કહે છે; શરીરનો રંગ લાલ છતાં ધોળું ટપકું હોય તેને પહોકકચ્છી કહે છે; જેના અંગનો રંગ લાલજ હોય તેને તામ્ર કહે છે; જેના શરીરનો બીજો ગમેતેવો રંગ છતાં

એક નાહની ડાંઠીનો સફેત રંગ હોય તેને દૂત કહે છે; એમ ઘોડાના અંગના રંગ વિગેરેથી શાલિહોત્રમાં આ ઓગણીશ ખોડ કહી છે. [૧૬]

अथाश्व अशुभ भ्रमरिका स्थान भेद—छप्पय.

हृदय कर्ण कटि नाभि, कपोलह वाम कहीजें;
कुक्ष पांसु फुनि भाल, त्रिबलि नीचै लखि लीजें.
जंघ पुच्छ परि गुह्य, पुच्छ ढंपित गूदह गनि;
कुकुदि पृष्ट कुरपेर, पादु उदरंतरही भनि.
कक्षांत ओर आधुर अगर, बीश भ्रमर अशुभा कहें;
अनुमान खोंटि एती सु तजि, लहन हार सिंधव लहें. ॥१७॥

ટીકા—છાતીએ, કાને, કેડે, નાભિયે, ડાબે કપાળે, (જડબે) કુખે, પડખે, કપાળે, ત્રિવલીની નીચે, જાંઘે, પુંછડા ઉપર, ગુહ્ય ઇંદ્રીએ, પુંછડાથી ઢંકાએલી ગુદા ઇંદ્રીએ, કકુદીએ, (કવે) વાંસે, આગલા પગને ગોઠણે, પગે, પેટ વચ્ચે, કાખની વાંસે અને હોઠની પાસે; એ વીશ ઠેકાણેના ભમરા અશુભ ગણાય છે. અનુમાનથી એટલી ખોડ તજીને લેવાવાળા ઘોડાઓને લે છે. (૧૭)

अथ अश्व सुभग रंग भेद—छंद पद्धरी.

तन पीत सेत पद नील नेंन, यह चक्रवाक अस श्रेष्ट चेंन,
वपु जंबु रंग पद चंद्र सेत, यह मल्लिकाक्ष फल सुभग देत,
सेतंग मध्य सब रंग चित्र, यह सामकर्न सबसें पवित्र,
अन्य रंग पाय मुख सेत होय, भापंत पंचकल्यान सोय,
मुख भाल पुच्छ पद हृद सु क्रंत, सित अष्ट अष्ट मंगल कहंत,
शुभ पंच रंग एही प्रमान, नृप आसनीक सोधे सयान. ॥ १८ ॥

ટીકા—શરીર પીળું, ધોળા પગ અને નીલી આંખ્યો હોય તે ચક્રવાક ઘોડો અતિ શ્રેષ્ટ લક્ષણવાળો ગણાય છે, અંગનો રંગ જાંબુ જેવો અને પગ ચંદ્ર પેઠે ધોળા હોય તે મલ્લિકાક્ષ અશ્વ ઉત્તમ ફળને આપે છે, અંગ ધોળું અને તેમાં બીજા ઘણા રંગનાં ચિન્હ હોય તે શ્યામકર્ણ ઘોડાની જાતિ બીજી બધી કરતાં પવિત્ર ગણાય છે, અંગનો રંગ ગમે તેવો જુદો છતાં પગ તથા મ્હોડું ઉજળું હોય તેને પંચકલ્યાણી કહે છે, મ્હોડું, કપાળ, પુંછડું, પગ અને હૃદય કહેતાં છાતી એમ આઠ અંગ સફેત હોય તેને અષ્ટમંગળ કહે છે, એ

સુંદર પાંચ રંગના પ્રમાણુ કરેલા પાંચ પ્રકારના ઘોડા રાજાને બેસવા યોગ્ય ગણી વિચિક્ષણ પુરૂષો શોધીને ખરીદ છે. [૧૮]

अथाश्व भ्रमरीका शुभ स्थान भेद–छप्पय.

भाल शुद्ध त्रय सुभग, सुभग शशि कला भाल महि;
शुद्ध कंठ त्रय सुभग, कंठ इक चिंतामनि कहि.
कंध परत त्रय सुभग, सुभग दक्षह कपोल पर;
श्रवनमूलपें सुभग, सुभग सोहत त्रिवली सर.
फुनि तालु सेत मध्यह सुभग, यह नव भृंग निहारीयें;
तजि अशुभ भेद शुभ संग्रहें, बाज खरीद विचारी. ॥ १९ ॥

ટીકા—જેના કપાળમાં ત્રણ ભમરા હોય તે ઉત્તમ ઘોડાનું લક્ષણ છે, ચંદ્રની કળા જેવા ઉજવળ તિલકસ્થાને ભમરાનું ચિન્હ હોય તો શુભ છે, કંઠે જેને ત્રણ ભમરા હોય તો તે ઉત્તમ છે, વળી કંઠ ઉપર એકજ ભમરાના ચિન્હવાળો ઘોડો પણ શ્રેષ્ટ ગણાય છે અને તેને ચિંતામણિ કરી કહે છે, કાંધ ઉપર ત્રણ ભમરા પડ્યા હોય તો તે શુભ છે, જે ઘોડાના જમણા જડબા ઉપર ભમરો પડેલો હોય તો તે શ્રેષ્ટ ગણાય છે, તેમજ કાન પાસે ભમરો હોય તે પણ શ્રેષ્ટ છે, જેની ત્રિવલી ઉપર ભમરો હોય તે પણ સારો સમજવો, અને સફેત તાળવામાં પડેલો હોય તો તે પણ ઉત્તમ ગણાય છે; એ રીતે નવ ઠેકાણે ભમરા જોઈને અશુભ લક્ષણવાળા ઘોડાને તજી ઉત્તમ લક્ષણવાળાનો સંગ્રહ કરવો, એમ ઘોડા ખરીદ કરતી વખતે વિચાર કરવો. [૧૯]

दोहा.

नाभि कंठ गल नासिका, पाय चत्र पर हो;
भाल भ्रमरिका तीन सुध, जयमंगल कहे सोय. ॥ २० ॥

ટીકા—નાભિ, કંઠ, ગાલ, નાક અને ચાર પગ ઉપર તેમજ કપાળમાં જેને ત્રણ ભમરા હોય તો તે અશ્વ ઘણો શુદ્ધ ગણાય છે અને તે ઘોડાને જયમંગળ કહે છે. [૨૦]

अैसें भेद अनेकहें, अश्व शुभा शभु लच्छ;
तामहि तत्व सु संग्रहे, कहि दीने परतच्छ. ॥ २१ ॥

ટીકા—એવા અનેક ઘોડાના શુભ અશુભ લક્ષણના ભેદ છે, તેમાંથી સાર સાર ગ્રહણ કરીને તમોને પ્રતક્ષ રીતે આટલા કહી બતાવ્યા. [૨૧]

अथाश्व सदा व्याधी भेद–दोहा.

बोहोंतर व्याधि सु बाज वपु, आनहि आन निदान;
विक्रय लहत बिचारवो, सो द्वादश अभिधान. ॥ २२ ॥

ટીકા—ઘોડાના શરીરે બોહોતેર પ્રકારે વ્યાધિ થાય છે તેનાં જુદાં જુદાં કારણ છે પરંતુ ઘોડા વેચાથી લેનારે તેના મુખ્ય બાર રોગ વિચારવા જોઈએ, જેનાં નામ નીચે પ્રમાણે છે. [૨૨]

अथ द्वादश व्याध्याभिधान भेद–चोपाई.

पेट–कीट पखशूल–कहाई, लोही–लघू पित्त अरु बाई;
कम खुराक सत पुरषी धांसा, आंसू झरन वार–चल नासा.
भाल शूल पुनि मुख–जल धारा, व्याधि विलोकि खरीदन हारा.॥२३॥

ટીકા—પેટમાં જીવડા, પડખામાં શૂળ, મુતરતાં લોહી જતું હોય, પિત અને વાઇના વિકાર, ખોરાક કમી ખાતો હોય, શરીરે ખુજલી, ધાંસો હોય, આંસુ ઝરતાં હોય, નાકેથી પાણી ઝરતું હોય, કપાળમાં શૂળ હોય અને મ્હોઢેથી પાણીની લાળ ઝરતી હોય તે,એવી બાર વ્યાધિ લેનારે પ્રથમ જોવી.(૨૩)

दोहा.

भारतिनंद सु कवि कही, विधी परेखन बाह;
उर अति रीझे उक्तिवर, निज मुख कीन सराह. ॥ २४ ॥

ટીકા—ભારતીનંદ કવિએ ઘોડા પારખવાના વિધિ કહી તેથી કવિ ઉક્તિવર મનમાં ઘણા ખુશી થયા, અને સ્વમુખે ભારતીનંદનાં વખાણ કરવા લાગ્યા. (૨૮)

गाहा.

कवि मनंछापुरि गमनं, चरचा अरचा उभय अश्व भेद विधी;
उभय विंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २५ ॥

ટીકા—ભારતીનંદ કવિનું મનછાપુરીમાં જવું, અને ત્હાં ઉક્તિવર કવિ સાથે થએલો બોલાપ તથા ઘોડાના લક્ષણ અને શુભાશુભ ભેદ સંબંધી ચર્ચાવાળી પ્રવીણ સાગર ગ્રંથની બાવીશમી લેહેર પુરી થઇ. (૨૬)

इतिश्रीप्रबीनसागरग्रंन्थेभारतीनंदउक्तिवरचर्चाअश्वभेदोनामद्वाविंशतीलहरं. ॥ २२ ॥

लेहेर २३ मी.

अथ भारतिनंद उक्तिवर चर्चा प्रसंगो यथा भारतिनंदोक्त-छप्पय.

किते राज संतान, किते अन्तःपुर भाषत;
किते द्वार देहुरी, किते अंदर पहिरायत.
राज सभा कब रचें, कबें परसंत बिदेसी;
कुमर पास को रहें, कौन अंतर परबेसी.
एते सु भेद कवि उक्तिवर, भिन्न भिन्न भंखो तुमें;
परसवे नीतपालह नृपति, हें उमेद हियमें हमें. ॥ १ ॥

ટીકા—ઘોડાની પરીક્ષા સંબંધી ચર્ચા થઇ રહ્યા પછી કવિ ભારતીનંદે ઉક્તિવર કવિને પુછયું કે:–તમારા રાજાને સંતાન (છોકરાં) કેટલાં છે? જનાનખાના ને વિશે રાણીઓ કેટલી છે? અને દરબારમાં દરવાજા તથા દોઢિયો કેટલી છે? તેમજ રાજમેહેલની અંદર પેહેરા ભરનાર સિપાઇઓ કેટલા છે? મહારાજ પોતે કચેરી ક્યારે કરે છે? તેમ પરદેશિયોને આવી મળવું હોય તો તે ક્યારે મળી શકે છે? વળી મહારાજના કુંવર પાસે કોણ કોણ રહે છે? અંતઃપુરમાં જવા આવવાની છુટ કોને છે? એટલા ભેદ હે ઉક્તિવર કવિ! તમો જુદી જુદી રીતે વિસ્તારથી કહો,–કારણ કે નીતિપાળ રાજાને મળવાની મને ઘણીજ હૃદયમાં ઉમેદ છે. [१]

छंद पद्धरी.

भारतीनं बूझी सु मोय; संछेप वात बरनों सु सोय. नृप नीतिपाल औतार इंद; माहेश मोज सेना समंद. नरइंद सोर उदवाहि नाफु. रनि पासवानि नृत्तिक अपार, नंदनी एक नृप एक नंद; दुजराज बिंब दीपति दिनंद. सुत नाम रुद्रसेनह रसाल; वर रूप कला परबीन बाल. दरवार द्वार देहुरी सात. शत पंच पंच पायक रहात. परकार राज गिरदी प्रमान; थित सहस पंच प्रति थान थान. रवि घोस राज सदसी रचंत; बासी बिदेस तिहि दिन प्रसंत. उमराओ वृंद आवें अमात्त; नायका नृत्य गायका गात. छबि छांहमीर नंग जटित छत्र; चिहुं दिशा पासवान सु विचत्र. बोलंत बिरद सु कवी सु वान; जेष्टीसुधार निज थान थान. दिन चत्र घरी मंडल रचंत; जामनी जाम अध वीश्रजंत. देहुरी सात लंघित भुआल; वहें

कोन पुरुष अभिधान बाल. ता अंत्र फेर देहुरी तीन; पहिरात राज किंकरी कीन. उनहीं सु शस्त्र बंधे अखंड; पहिराव पुंस मूरति प्रचंड. ॥ २॥

ટીકા—ઉક્તિવર કવિ ભારતીનંદ કવિને કહે છે કે હે કવિરાજ! આપે જે વાત મને પુછી તેનું ટૂંકામાં વર્ણન કરૂંછું તે સાંભળો." નીતિપાળરાજા ઇંદ્રના અવતાર છે, એટલે દેવામાં શંકર સરીખા દાતાર છે; તેની ફોજ સમુદ્રના જેવી વિશાળ છે, વળી તે મનુષ્યના ઇંદ્ર જેવા નીતપાળરાજાને પરણેત સોળ રાણીઓ છે, સિવાય હજુરે રહેનારી અને નૃત્યકાર નાયકાઓનો તો પારજ નથી. રાજાને એક કુંવરી અને એક કુંવર છે, તે ચંદ્ર અને સૂર્ય બિંબ સરીખાં કાન્તિદાર છે, કુંવરનું નામ રૂદ્રસેન છે અને સ્વરૂપવાન કુંવરીનું નામ કળાપ્રવીણ છે; રાજદરબારને સાત દરવાજા તથા સાત દેવડીઓ છે, તે દરેક દેવડીએ-ગેટે પાંચસેં પાંચસેં સિપાઇઓ પેરો ભરે છે, રાજગઢને ફરતા દરેક થાણે પાંચ પાંચ હજાર યોદ્ધાઓ રક્ષા કરે છે, બુધવારને દિવસે મહારાજા સભા ભરે છે, જે દિવસે વિદેશીઓની મુલાકાત લેછે; સભામાં અનેક ઉમરાઓ અને પ્રધાન આવી બેસે છે, ત્હાં નાયકાઓ નૃત્ય કરે છે તથા ગવૈયાઓ ગાયન કરે છે; મહારાજા ઉપર તે વખતે રત્ન જડિત છત્ર શોભે છે તેમજ સઘળી દિશાઓને વિષે હજુરી માણસો અદબથી ઉભા રહે છે, કવિજનો છંદ-કવિત્તથી બીરદાવળી બોલે છે, છડીદારો હાથામાં સુંદર હીરા માણેક જડાવ સુવર્ણની છડીઓ ઝાલી પોત પોતાની જગાએ ઉભા રહે છે, બપોર પછી ચાર ઘડી દિવસ શેષ હોય ત્હારથી સભા ભરાય છે તે અર્ધ પહર રાત્રિ વિત્યા પછી વિસર્જન થાય છે, એવો બળવાન નામધારી પુરૂષ કોણ કહે છે કે રાજદરબારની સાત દેવડીઓને પસાર કરી શકે છે? અર્થાત્ એક નાના બાળકથી પણ અંદર જઈ શકાય તેમ નથી. તેની અંદર માહેલી કોર બીજી ત્રણ ચોકીઓ છે જહાં રાજ-કિંકરીઓ ચોકી કરે છે, અને તેઓ કાયમ હથિયારબંધી રહે છે, વળી પુરૂષના જેવો પોષાક પેહેરે છે, તેથી તેઓ બળવાન અને ભયંકર દેખાય છે. [૨]

दोहा.

रुद्रसेन महाराज निज, मैहलन करत बिहार;
आवृत निज सम शत उभय, कवि उमराओ कुमार. ॥ ३ ॥

ટીકા—રૂદ્રસેન કુંવર પોતાના સરખા પોતાના બાપના ઉમરાઓ અને કવિયોના બસેં કુંવરોથી વિંટાએલો રહી પોતાના મેહેલમાં ક્રીડા કરે છે. [૩]

चोपाई.

कुमरी कलाप्रवीन कहावे, राज सुता आवर्त रहावे;

शील रूप कुल बेस सहेली, बाल जूथ जांबुनद बेली.
क्रीडत बाग एकंत अटारी, कहि हजूर एक ब्रह्मकुमारी;
एती बात उक्तिवर भांखी, भारतिनंद भेद उर राखी. ॥ ४ ॥

ટીકા—કુંવરી જે કલાપ્રવીણ કહેવાય છે તે રાજકન્યાઓથી નિરંતર ઘેરાયલી રહે છે, અને સ્વભાવે, રૂપે, કુળેને પોષાકથી સરખે સરખી સાહેલીઓને પોતાની બરાબર રાખે છે. વળી તે સખી સમુહમાં પોતે સોનાની વેલ્ય જેવી શોભે છે, તે બાગ અને એકાંત મેડીમાં ક્રીડા કરે છે, તેની હજુરમાં એક બ્રાહ્મણની કુંવરી રહે છે, એટલી વાત ઉક્તિવરે કહી તે સઘળા ભેદને ભારતીનંદ કવિએ પોતાના મનમાં રાખ્યા. [૪]

दोहा.

राज रीत अनुमान किय, पतंगन पावे पार;
भारतिनंद अनंदभो, सुनियत ब्रह्मकुमार. ॥ ५ ॥

ટીકા—રાજરીત ઉપરથી અનુમાન કરી જોયે તો મનને વિશે એમ નક્કી થયું કે રાજદરબારના પારને સૂર્ય પણ પામી શકે તેમ નથી, પરંતુ ભારતીનંદ કવિ "કુંવરી કળાપ્રવીણની હજુરમાં બ્રાહ્મણની પુત્રી રેહે છે," એવું જાણી રળિયાત થયા. (૫)

चतुरानन गिहचें किये, कुसुमावलि अभिधान;
इतेमें उठि उक्तिवर, आयस लई पयान. ॥ ६ ॥

ટીકા—ચતુરાનન તેમજ તેની પુત્રી કુસુમાવળીનાં નામ ભારતીનંદ કવિયે પોતાના મનમાં યાદ કરી રાખ્યાં એટલામાં ઉક્તિવર કવિયે ઉઠી જવાની આજ્ઞા લીધી. (૬)

छप्पय.

वही रेंन बरतंत, चित्त कविराज मतो किय;
अनुग मित्र आमात, अवहमोचन सिच्छा दिय.
कह्यो सिद्ध परछंन, बसत तित भो हम जावन;
सोय जोग आयसा, होय व्हैंगो इत आवन.
इतनी उचारि आराम किय, अंत जाम निश उठि शयन;
निज साज मतंवत संग लिय, एकाकी किनो गमन. ॥ ७ ॥

ટીકા—રાત પડી એટલે કવિરાજે પોતાના ચિત્તને વિશે નિશ્ચય કરી પોતાના નોકરો, મિત્રો તથા પ્રધાન મંડળને બોલાવી શિખામણ દઈ કહ્યું કે

એક મહાત્મા છાની જગોએ રહે છે ત્હાં મારે જવાનું થશે અને ત્હાંથી તે સિદ્ધ જ્હારે આજ્ઞા દેશે ત્હારે મ્હારૂં પાછું આવવું થશે; એટલું ક-હી પોતે સુખાસને આરામ કર્યો અને પાછલી પહોર રાત બાકી રહી ત્હારે શયનેથી જાગી ઉઠી જોઈતો સાજ સાથે લઇને એકાએક ચાલી નીકળ્યા. [૭]

अथ छंद मुक्तदाम.

उठे निश जाम रहे कविराज; लियो निज संग मतेंवत साज.
प्रकार सु खोलित रच्छक द्वार; गये इक कोस इकंत उजार.
महा सरिता जल मंजिय अंग; रच्यो नखसीख बिभूतिय रंग.
त्रिपुंड्र सु केसर ब्रंदन बिंद; दिये उर मध्य बढ्यो सु अनंद.
अछादन अंवर ओर कुपीन; करं मधि दंड.कमंडलु लीन.
कस्यो कटिबंध सु मेखल धार; लई कर सिंगिय किन्नरि लार.
उचारत तार सु अंचल हाथ; मनो नवसें निकसे इक नाथ.
धरे अवतंसन एन अजीन; चले पुर कंन्यक होय अचीन.
प्रवेशन प्रात कियो पुर ताम; गली चतरानन बूझिय धाम.
सु पुग्गिय बूझत बूझत पोर; उतैं द्विज मंडल हैं चहुंओर.
दियो दुज आसन तापस बंद; उचारित जोगं सु आशिष छंद.
तबें चतुरानन बूझिय बात; रहो कित आप कितें लगि जात. ॥८॥

ટીકા—જ્હારે એક પહોર રાત બાકી રહી ત્હારે કવિરાજ ઉઠ્યા અને પોતાને જોઇયે તેટલો સાજ સાથે લીધો, બાદ દરવાજાના રક્ષકે દરવાજો ઉઘાડયો એ-ટલે શેહેર બહાર એક ગાઉ ઉપર એકાંત સ્થળે જ્હાં ઉજડ જગો હતી ત્હાં જઈ, પાસે જે મ્હોટી નદી વહેતી હતી તેમાં જળથી ન્હાઈને શરીરે નખથી તે સીખ સુધી ભસ્મ લગાવી, કપાળમાં કેસરના ચંદનનું ત્રિપુંડ્ર અને સિં-દૂરની બિંદગી કરી, જેથી પોતાના મનમાં અતિ આનંદ વધી ગયો. પાસે ઓઢવાને એક ચાદર રાખી અને શરીરે કોપીન પેહેરી, હાથમાં દંડ તથા ક-મંડળ લીધાં, દાભની કટીબંધ કસી–કટિમેખળા ધારણ કરી, હાથને વિશે શીં-ગી, સારંગી અને અંચોળો રાખી ઔંકારનો ઉચ્ચાર કરવા વાગ્યા, તે મનથી એમ જણાય છે કે જાણે નવ નાથમાંના એક નાથ તો પ્રસિદ્ધ નીકલ્યા હો-યની? કાનમાં કુંડળ પેહેરી, મૃગચર્મ ધારણ કરી, કોઈ જાણે નહિ એમ નિ-શ્ચિંત થઇ અવધૂતનો વેષ લઈ, જંગલમાંથી કંન્યારાશિ જે પ્રવીણ તેના શે-હેર તરફ ચાલ્યા; અને પ્રભાતમાં પુરમાં પ્રવેશ કર્યો બાદ ચતુરાનન બ્રાહ્મણની

ગલિ તથા તેનું ઘર પુછવા લાગ્યા, અને તેમ પૂછતાં પૂછતાં તેની પોળમાં પહોચ્યા, ત્હાં આસપાસ બધે બ્રાહ્મણોનાં મંડળ વસે છે તેથી તેમણે તપસીને વંદન કરી આસન આપ્યું, જેથી જોગીએ વેદમંત્ર બોલી આશિર્વાદ દીધો એટલે ચતુરાનન વિનયથી તે સિદ્ધને પુછવા લાગ્યા કે હે મહારાજ! આપ ક્યાં રેહોછો અને ક્યાં સુધી પધારો છો? (૮)

अथ संन्यास्युक्त दोहा.

रहें ब्रह्मकी सृष्टिमें, चहें ब्रह्मको स्थान;

कहाजानें कित जाइगें, प्रेरनहार प्रधान. ॥ ९ ॥

ટીકા—એટલે સિદ્ધે ઉત્તર દીધો કે બ્રહ્મની સૃષ્ટીમાં રહીએ છીયે તેમ બ્રહ્મના પદને ચ્હાઇએ છીએ, કોંણ જાણે કે ક્યાં જઈશું? કારણ કે પ્રેરણા કરવાવાળા પરમાત્મા છે. (૯)

अथ चतुराननोक्त दोहा.

आमना सु मठ संप्रदा, पद अरु क्षेत्र प्रकाश;

देव देवि आचार्यको, तिर्थ किते संन्यास. ॥ १० ॥

ટીકા—ચતુરાનને સંન્યાસીને પ્રશ્ન પછ્યા કે સન્યાસીના આમ્નાય, મઠ અને તેનાં નામ શું છે? સંપ્રદાયની શી રીત છે? તે તથા પદ અને ક્ષેત્રને કહો; વળી દેવ, દેવી આચાર્ય કોણ છે અને તીર્થ કેટલાં છે? તે હે સંન્યાસી! અનુક્રમે કરી કહો. (૧૦)

अथ संन्यास्युक्त षड्विध सन्यासाम्नाय भेद-छप्पय.

पश्चिमामना प्रथम, मठह शारदा उचारे;

कीटवार संप्रदा, तीर्थ आश्रम पद धारे.

क्षेत्र तास द्वारिका, देव सिद्धेश्वर आरय;

देवि भद्र कालिका, ब्रह्म विष्नु आचारय.

गोमती गंग तीरथ सु तिहि, एसें इष्ट उपाइयें;

संन्यास कहे द्विजवर सुनो, सहि विधि सिद्धि सु पाइयें.॥११॥

ટીકા—સિદ્ધ કહે છે કે પ્રથમ પશ્ચિમ આમ્નાય અને તેનો શારદા મઠ, કીટવાર સંપ્રદાય, અને તે મઠના શિષ્યો તીર્થ અને આશ્રમપદને ધારણ કરે છે, તેનું ક્ષેત્ર દ્વારીકાં છે તથા દેવ સિદ્ધેશ્વર છે, દેવી ભદ્રકાળી, બ્રહ્મા અને વિષ્ણુ આચાર્ય છે, તહીં ગોમતી ગંગાનું તીર્થ છે, સંન્યાસી કહે છે કે હે દ્વીજવર! સાંભળો, એ વિધિએ જો ઈષ્ટદેવની ઉપાસના કરીએ તો સારી સિદ્ધિને પામીએ. (૧૧)

द्वितिय पूर्व आमना, भोग गोवर्धन मठ भनि;
भोगवार संप्रदा, उनह पद बन अरु आरनि.
तिहि पुरुषोत्तम क्षेत्र, देवता जगन्नाथ तित;
विमल शक्ति बलभद्र, पद्म आचारय भाषित.
तीरथ महोदधी तित महत, एसें इष्ट उपाइयें;
संन्यास कहे द्विजवर सुनो, सहि बिधि सिद्धि सु पाइयें. ॥१२॥

ટીકા—બીજો પૂર્વ આમ્નાય અને તેનો મઠ ગોવર્ધન કહેવાય છે, ભોગવાર સંપ્રદાય અને એ મઠના શિષ્યો વન અને આરણ્યપદને ધારણ કરે છે, તેમનું પુરૂષોત્તમ એવા નામનું ક્ષેત્ર અને દેવતા જગન્નાથ છે, દેવી વિમળ અને બળભદ્ર તથા પદ્માચાર્ય આચાર્ય કહેવાય છે, ત્હાં મહોદધિનું મ્હોટું તીર્થ છે, સન્યાસી કહે છે કે હે દ્વિજવર ! સાંભળો, એ વિધિએ જો ઇષ્ટદેવની ઉપાસના કરીએ તો ઉત્તમ સિદ્ધિને પામીએ. [૧૨]

उत्तरामना त्रितिय, तास जोयसी मठह वद;
अनंद वार संप्रदा, गिरी सागरु पर्वत पद.
क्षेत्र बद्रिका श्रमह, तहां दैवत नारायन;
पूरन गिरि मात्रिका, मल्लिकानंद, नाथ भन.
तीरथ नियंत भाषंत तित, एसें इष्ट उपाइयें;
संन्यास कहे द्विजवर सुनो, सहि बिधि सिद्धि सु पाइयें. ॥१३॥

ટીકા—ત્રીજો ઉત્તમ આમ્નાય અને તેનો જોશી મઠ કહ્યો છે, આનંદવાર સંપ્રદાય અને તે મઠના શિષ્યો ગિરિ, સાગર અને પર્વતપદને ધારણ કરે છે, ક્ષેત્ર બદ્રિકાશ્રમ અને ત્હાં નારાયણ દેવતા છે, પૂર્ણગિરિ દેવી અને મલ્લિકાનંદનાથ આચાર્ય છે તથા ત્હાં નિયંતા તીર્થ છે, સન્યાસી કહે છે કે હે દ્વિજવર! સાંભળો, એવી રીતે જો સર્વ વિધિયુક્ત ઇષ્ટદેવની ઉપાસના કરીએ તો મહાશ્રેષ્ટ સિદ્ધિને પામીએ. [૧૩]

तुर्य दच्छिनामना, तहां सिंगेरि मठ सुखद;
भूरिवार संप्रदा, पुरी भारति सरसति पद.
शुभ रामेश्वर क्षेत्र, देव वाराह बसत जित;
कामाक्षा मात्रिका, नाथ शृंगी तापस तित.
भद्रेति तीर्थ राजे तहां, एसें इष्ट उपाइयें;

संन्यास कहे द्विजवर सुनो, सहि बिधि सिद्धि सु पाइयें.॥१४॥

ટીકા—ચોથો દક્ષિણ આમ્નાય અને તેનો સુખદા શૃંગેરી મઠ છે, ભુરીવાર સંપ્રદાય અને તે મઠના શિષ્યો પુરી, ભારતી અને સરસ્વતી એવા પદને ધારણ કરે છે, રામેશ્વરનું શુભ ક્ષેત્ર અને ત્હાં વારાહ દેવતા વસે છે, દેવી કામાક્ષી અને શંગીનાથ નામે તપસ્વી આચાર્ય છે, ત્હાં ભદ્ર તીર્થ છે, સન્યાસી કહે છે કે હે દ્વિજવર! સાંભળો, એવી રીતે જો વિધિથી ઇષ્ટની ઉપાસના કરીએ તો મહા સિદ્ધિને પામીએ. (૧૪)

पंचम उर्ध्वामना, तहां मठ मेरु कहावे;
देहकाशि संप्रदा, ज्ञान पद ताय बतावे.
कहे क्षेत्र कैलासं, तत्र देवता निरंजनं;
माया देवी तहां, ईश्वरह आचारय इन.
तीरथ सु मनह सरवर तहां, एसें इष्ट उपाइयें;
संन्यास कहे द्विजवर सुनो, सहि बिधि सिद्धि सु पाइयें.॥१५॥

ટીકા—પાંચમો ઉર્ધ્વામ્નાય અને તેનો મેરૂ નામે મઠ કહેવાય છે, દેહકારી સંપ્રદાય અને તે મઠના શિષ્યોનું જ્ઞાન એવું પદ બતાવે છે, કૈલાસ નામનું ક્ષેત્ર અને નિરંજન દેવતા છે, ત્હાં મહામાયા દેવી અને ઈશ્વર આચાર્ય છે, તે ઠેકાણે માનસરોવર નામનું તીર્થ છે, સન્યાસી કહે છે કે હે દ્વિજવર! સાંભળો, એવી રીતે જો વિધિ સાથે ઇષ્ટની આરાધના કરીએ તો ઉત્તમ સિદ્ધિને પામીએ. [૧૫]

षष्टम अध आमना, परम आत्मा मठ मानो;
पर संतोष संप्रदा, जोग एकें पद जाने.
मनहसरोवर क्षेत्र, देव प्रमहंसा ताही;
मनसा देवी तत्र, नाथ चेतना वहांही.
त्रिकुटी कहंत तीरथ तहां, एसें इष्ट उपाइये;
संन्यास कहे द्विजवर सुनो, सहि बिधि सिद्धि सु पाइयें.॥१६॥

ટીકા—છઠ્ઠો અધો આમ્નાય અને તેનો પરમાત્મા એવે નામે મઠ માને છે, પરમ સંતોષ સંપ્રદાયનું નામ અને તે મઠના શીષ્યો જોગ એવા એક પદને ધારે છે, મનહ સરોવર ક્ષેત્ર અને પરમહંસ દેવતા છે, મનસા દેવી અને ત્હાં ચેતનાનાથ આચાર્ય છે, ત્રિકુટી (ઇંડા, પિંગળા, સુષુમ્ણા નામનું) તીર્થ છે, સન્યાસી કહે છે કે હે દ્વિજવર! સાંભળો, એવી રીતે જો સર્વ વિધિયુક્ત ઇષ્ટ ઉપાસના કરીએ તો મહા સીદ્ધિને પામીએ. [૧૬]

सोरठा.

बरनी सह बिस्तार, संन्यासी संन्यास बिधि;
पूजन पंच मकार, द्विज कीनो शुभ लच्छ लखि. ॥ १७ ॥

ટીકા—એ રીતે સન્યાસી પદની સર્વ વિધિ પેલા નામધારી સન્યાસીએ વિસ્તારીને કહી જેથી તેના ઉત્તમ લક્ષણ જોઈ પરમ સંતોષને પામેલા ચતુરાનન બ્રાહ્મણે તેમનું પાંચ પ્રકારના ઉપચારે કરી પૂજન કર્યું, [૧૭)

उत्तम अशन कराय, पुनि पूंगीफल पान* दिय;
आसन दियो जमाय, द्वारांदर एकंत ग्रह. ॥ १८ ॥

ટીકા—પછી ઉત્તમ અન્નથી ભોજન કરાવીને પાન, સોપારી વિગેરે મુખવાસ આપ્યો અને પોતાના મકાનમાં એકાંત જગાએ આસન કરી આપ્યું (૧૮)

गाहा.

कवि संन्यास स्वरूपं, जोगामना चत्रमुख चर्चा;
त्रयहविंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ १९ ॥

ટીકા—કવિએ લીધેલું સન્યાસીનું રૂપ, ચતરાનન બ્રાહ્મણ સાથે થએલી યોગાશ્રમ આદિ સંબંધી ચરચાયુક્ત આ પ્રવીણસાગર ગ્રંથની ત્રેવીશમી લેહેર સંપૂર્ણ થઈ. [૨૩]

इतिश्रीप्रवीनसागरग्रंन्थेकविचतुराननचंर्चासंन्यासभेदोनामत्रयोविंशतिमोलहरं. ॥२३॥

लेहेर २४ मी.

अथ कवि कुसुमावलि चर्चा प्रसंगो यथा—चोपाइ.

उत आसन संन्यास जमायो, उन दिन बीत प्रात पुनि आयो;
प्रनव पढंत गुनवती फेरे, कुसुमावलि संचर चख हेरे. ॥ १ ॥

ટીકા—ત્હાં સન્યાસીએ એકાંતમાં આસન જમાવ્યું, પછી તે દિવસ વિત્યો અને બીજા દિવસનું પ્રભાત થયું તે સમે સન્યાસી ૐકાર મંત્ર ભણીને માળા ફેરવે છે, તથા ચંચળ આંખ્યોથી કુસુમાવળીને આવવાની વાટ જુવે છે. (૧)

* પાન એટલે તાંબૂલ અર્થ થાય, પરંતુ સન્યાસીને પાન બીડાં અયોગ્ય જાણી પાનનો અર્થ હાથ કર્યો છે.

दोहा.

एतेमें कुंसुमावलि, आयस लई प्रवीन;

फंदन चढि ग्रह गमन किय, संग कुजाक सु लीन. ॥ २ ॥

ટીકા—એટલામાં કુંસુમાવળી પ્રવીણની આજ્ઞા લઈ રથમાં બેશી, સાથે રખવાળને લેઈ ઘર તરફ ચાલી. [૨]

रथ कुजाक रहे देहुरी, निज ग्रह गई कुमार;

अशन कीन उठियत लष्यो, उन संन्यास अगार. ॥ ३ ॥

ટીકા—રથ અને સિપાઇઓ દેવડીએ રહ્યા અને કુસુમાવલિ પોતાના ઘરમાં ગઈ, ત્હાં જમીને ઉઠી ત્યારે તેણે ખાલી ઘર ઉતરેલા સંન્યાસી સહિત જોયું. (૩)

सोरठा.

ब्रह्मनि जोगि निहार, पुच्छिय निज परिवार प्रति;

उन सह कही उचार, ईश रूप संन्यास इत. ॥ ४ ॥

ટીકા—બ્રહ્મકુમારીએ જોગીને જોઈ પોતાના ઘરમાં કુટંબને પૂછવા લાગી કે આ કોણ છે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે અહીં ઈશ્વર રૂપ સન્યાસી પધાર્યા છે. (૪)

गई सु बंदन ताय, उर बिशेष आनंद भरि;

संन्यासी सुख पाय, रूप हेर निज मन रहे. ॥ ५ ॥

ટીકા—ઇશ્વર જેવા સન્યાસી ઉતર્યા છે. એ સાંભળી મનમાં અતિ હર્ષ ધરીને ત્હાં સન્યાસીને વંદન કરવા ગઈ, તેથી સંન્યાસી પણ કુસુમાવળીનું સ્વરૂપ જોઈ સુખ પામી પોતાના મનમાં રાજી રાજી થઇ ગયા. (૫)

उन पद बंदन कीन, उन छंदन आशिष दई;

भव रिपु तापस भीन, कुसुम सु चली प्रवीन प्रति. ॥ ६ ॥

ટીકા—બ્રહ્મકુમારી કુસુમાવળીએ સન્યાસીના પગનું વંદન કર્યું એટલે સ્વામિયે વેદમંત્રવડે આશિર્વાદ આપ્યો, પછી કામદેવના રસથી તપસ્વી ભીંજાઇ રહ્યા અને કુસુમાવળી કળાપ્રવીણ ભણી ચાલી. (૬)

चोपाई.

इहि विधि ब्रह्मसुता नित आवे, अशन बिसर्ज जोगि प्रति जावे,

बंदन करि नृप द्वार सिधावे, तापस समय इकंत न पावे,

बात-बृतंत कौंन प्रति बूझे; आप चिंत संन्यास अरूझे.
बासर यौं चत्र पंच बिहाये; तापस एह मतो मन लाये.
अहर ब्रह्म चरचाह उपावे; आध निशा आसन प्रति जावे.
होत एकंत आपको जबही; किंनरि तार तार करि तबही.
बिजया मगन सप्त सुर साधे; मनहु गान गंध्रव आराधे.
जागत लोग श्रोन सुर लग्गे; दंपति बिरह जोग मन जग्गें..
दिन द्वै च्यार एह बिध कीनो; सुनबेहार सराहन लीनो. ॥ ७ ॥

ટીકા—એ પ્રમાણે બ્રહ્મબાળા નિરંતર પોતાને ઘેર આવીને જમી રહ્યા પછી જોગાની પાસે આવી અને પ્રણામ કરી રાજદ્વાર તરફ જાય છે, તપશીને એકાંતનો વખત આવતો નથી તેથી પુછવાની હકીકત કોને પુછે! અને એવી ચિંતાથી સન્યાસી મનમાં મુઝાવા લાગ્યા, એમ ચાર પાંચ દિવસ વિતાડયા પછી તપશીએ મનમાં નકી કરી એવી રીતે ચાલવા માંડયું કે દિવસે દિવસે બ્રહ્મ મંડળમાં બેશી બ્રહ્મ સંબંધીજ ચર્ચા ચલાવે, ને પછી સાંજનો અર્ધ રાત્રી વિત્યા કેડે પોતાના આસને આવી પોતાને જહારે એકાંત મળે ત્હારે કીન્નરી (સારંગી) ના તાર ચડાવી વિજયાના રંગમાં મગ્ન થઇ સાત સ્વર સાધીને ગાયન કરવા માંડયું,—તે જાણે કોઇ ગંધર્વ ગાયનથી પ્રાર્થના કરતો હોયને? અને તેના મધુર સ્વર સાંભળવાથી પાસેનાં લોકો જાગી ઉઠયાં તેથી કરી સંયોગી સ્ત્રી પુરૂષને કામ અને વિયોગી દંપતીને વિરહ જાગ્યો, એવી રીતે બે ચાર દિવસ ગાયન કર્યું એટલામાં તો સાંભળનારાઓ રાત દિવસ તેમની વાહવા કરવા લાગ્યા. (૭)

सोरठा.

बहै सराहन श्रोंन, परी कुमरि कुसुमावली;
रही निशा किज भौन, शासन मंगि प्रबीन प्रति. ॥ ८ ॥

ટીકા—લોકોએ કરેલાં સંન્યાસીના ગાયનનાં વખાણ બ્રહ્મ કુમારી કુસુમાવળીને કાને પડયાં તેથી રાત્રીએ પ્રવીણની રજા માગી પોતાને ઘેર રહી. (૮)

आध निशा अनुमान, सोए सकल समीप जन;
कुसुम संन्यासी थांन, गई सु घंट कुरंग गति. ॥ ९ ॥

ટીકા—અનુમાને અરધી રાત વિતી અને પાસેનાં સકળ જનો સુઈ ગયાં એટલે નિત નિયમ પ્રમાણે સન્યાસીએ ગાવા બજાવવાનો આરંભ કર્યો; તે સાંભળી જેમ રાગમાં મોહ પામેલી હરણી ઘંટાવળના નાદ તરફ. દોડી

જાય તેમ કુસુમાવળી સન્યાસી સ્થાનકે દોડી ગઈ. (૯)

लगें संन्यासी हेर, आसन आच्छादन करन;

कही कुसुम तिहि बेर, नाद सुनन उर चाह अति. ॥ १० ॥

ટીકા—સંન્યાસી કુસુમાવળીને પોતાની પાસે આવતી જોઇ આસનને આચ્છાદન કરવા લાગ્યા-એટલે આસન મહુનાં કમાડ બંધ કરવા લાગ્યા. ત્યારે કુસુમાવળીએ કહ્યું કે મહારાજ! આપનું ગાયન સાંભળવાની મારા મનમાં અતિ ચાહના છે અને તેટલાજ માટે હું અત્રે આવી છઉં. (૧૦)

अथ संन्यास्युक्त-गाहा.

सुनहो ब्रह्म कुमारी, हम गुरु कीय आयसा एही;

नन अन्य प्रय सुनावे, आसन नित्य गाय एकाकी. ॥ ११ ॥

ટીકા—ત્યારે સંન્યાસી બોલ્યા કે બ્રહ્મ હે કુમારી! સાંભળો, અમારા ગુરૂએ એવી આજ્ઞા આપી છે કે ગાયન અન્ય જણને સંભળાવવું નહીં પોતાના આસન ઉપરજ બેશીને એકલાએજ ગાવું. [૧૧]

दोहा.

आडंबर संन्यास करी, फिर पिछताये चित;

मिलें न फिर पीछी फिरे, एसो समय इकंत. ॥ १२ ॥

ટીકા—એવી રીતે સન્યાસીએ આડંબર તો કર્યો પણ પછી મનમાં પસ્તાવા લાગ્યા કે જો કુસુમાવળી ફરીને જશે તો પાછી આવશે નહીં અને આવો એકાંતનો વખત પણ ફરીને મળશે નહીં. (૧૨)

बोले फिरि आओ इतें, बैठो ब्रह्म कुमार;

तुम चाहे तो हम करें, इक द्वै तान उचार. ॥ १३ ॥

ટીકા—એમ વિચાર કરી સ્વામિ ફરીને બોલ્યા કે હે કુસુમાવળી! આવો અને અહીં બેસો, અને જો તમારી ચાહના હોય તો હું એક બે પદ ગાઉં તે સાંભળો. (૧૩)

धरि एक बात बनायके, पाइ चित परतीत;

किंनरि ग्रहि लहि समय सुर, गायो भेद संगीत. ॥ १४ ॥

ટીકા—એમ કુસુમાવલી સાથે એક ઘડી વાતો કરી તેના ઉરમાં વિશ્વાસ આણીને હાથમાં સારંગી લઇ સમય સુર આલાપી સંગીત શાસ્ત્રના ભેદ પ્રમાણે ગાવા લાગ્યા. (૧૪)

अथ छंद पद्धरी.

संन्यास भेद संगीत गाय; सुर सप्त भेद किंनरि बजाय.
समयो वृतंत चितमें लाय; दो च्यार राग रागनि उपाय.
ब्रह्मनी रीझ उलटी अपार; पर्वनी रेन मनु पारवार.
जानी सु रीझ जोगेंद्र चित्त; परबीन कीन लीने कवित्त.
कानरे मध्य गाये सु भीन; परखे कुमारि परबीन कीन.
संन्यास प्रत्य बूझी बनाय; एही कवित्त कोनसें पाय.
संन्यास फेर भंषी सु बात; हमनें बनाय वह हमें गात.
ब्रह्मनी कहे क्यौं कहे आप; तापसीं वितथ भंषे प्रलाप.
आगें कवित्त हम सुने एह; तुम कहो हमे कीन्ने सु तेह.
मुनिराज बानि बोले बहोर; तुम सुने वहें होयगे ओर.
हमने बनाय या कवित तीन; याही कवित्त या दशा दीन.
प्रत्तीत रहे पुनि मौन धार; ब्रह्मनी चित् बाढयो बिचार. ॥ १९ ॥

ટીકા—સન્યાસી સંગીત ભેદ પ્રમાણે ગાય છે તથા સપ્ત સ્વરનાં ભેદથી સારંગી બજાવે છે, 'આજનો ખરો સમય છે' એમ મનમાં આણી બે ચાર રાગ રાગણીયો ગાઈ એટલામાં તો કુસુમાવળી અપાર રાજી થઇ ગયાં તે જાણે પુર્ણીમાની રાત્રે સમુદ્ર ઉલટયો હોયને! એમ હર્ષયુક્ત દેખાવા લાગ્યાં. એવી કુસુમાવળીને મનમાં ખુશી થએલી જોઈ સ્વામિએ કલાપ્રવીણનાં બનાવેલાં ત્રણ કવિત્ત કાનરા રાગમાં ગાયાં. જે સાંભળતાંજ કુસુમાવળીએ એ ત્રણે કવિત્ત પ્રવીણનાં બનાવેલાં છે તે પારખી સંન્યાસીને પૂછયું કે આ કવિત્ત કોનાં બનાવેલાં છે અને તે તમને કોની પાસેથી મળ્યાં? ત્યારે સંન્યાસી ફરીને બોલ્યા કે એ કવિત્ત અમે બનાવ્યાં છે અને અમેજ ગાઈએ છીએ, એટલે બ્રહ્મકન્યા બોલી કે આપ એમ કેમ કહોછો—તાપસી થઈને આવું જુઠું ભાંખોછો? કારણ અગાઉ એ અમે સાંભળેલાં છે અને તમે કહો છો કે એ અમે કર્યાં છે! ત્યારે મુનિરાજ ફરીથી બોલ્યા કે તમે જે કવિત્ત સાંભળ્યાં હશે તે બીજાં હશે, આ ત્રણ કવિત્ત તો અમારાંજ બનાવેલાં છે તથા આ કવિત્તેજ અમને આવી દશા આપી છે, એટલું કહી મુનિરાજ મૌન રહ્યા પણ કુસુમાવળીના મનમાં વિચાર વધી ગયો. (૧૯)

सोरठा.

ब्रह्मनि मन उरझाय, पुनि बूझ्यो संन्यास प्रति;

कैसें कहो सुनाय, दशा जोग कवितन दई. ॥ १६ ॥

ટીકા—કુસુમાવળી મનમાં મુંઝાવાથી ફરીને સંન્યાસીને પૂછવા લાગી કે આ કવિતે આપને જોગીની દશા કઈ રીતે આપી તે ભેદને કહી સંભળાવો. (१६)

स्मित भंष्यो संन्यास, कहा काम इन बात तुम;

यहै बडो इतिहास, पढै सु जाने प्रेम बिधि. ॥ १७ ॥

ટીકા—એટલે સંન્યાસીયે જરા હસીને કહ્યું કે તમારે એ વાતનું શું કામ છે? એ મ્હોટો ઇતિહાસ છે,—જે પ્રેમની વિધિ ભણ્યું હોય તેજ તેને જાણે. (७)

भंष्यो ब्रह्म कुमार, कहो प्रेम इतिहास कहा;

कोन कवित्त विचार, मोसों मोय सुनाइयें. ॥ १८ ॥

ટીકા—ત્યારે કુસુમાવળી બોલી કે પ્રેમ અને ઇતિહાસ શું છે? કવિત્તનો શો વિચાર છે? તે મ્હારા ગળાના સમ-મને સંભળાવો. [१८]

छप्पय.

पूनर भइ प्रतीत, जोग आनंद मन जग्यो;

कथा कहन अभिलाख, बचन ब्रह्मनि प्रति मग्यो.

खाली शब्द न जाय, जोइ मग्गों सो दीजे;

प्रेम पुरांनन भेद, कबहु परकास न कीजें.

द्रढ मन उदार अति द्विज सुता, प्रति ब्रतीत बकस्यो बचन;

चित चाह भरी बरसंत वह, बूझन लगी सु छनहु छन. ॥१९॥

ટીકા—જ્યારે બરોબર વિશ્વાસ આપ્યો ત્યારે જોગીના મનમાં આનંદ ઉત્પન્ન થયો અને વીતત વાત કેવાની અભિલાષાથી જોગીએ બ્રહ્મકુમારી કુસુમાવળી પાસે વચન માગ્યું એકે મ્હારો નાખેલો સ્વાલ ખાલી જાય નહીં તેમ જે હું માગુ તે તમારે આપવું પડશે અને જુના પ્રેમનો ભેદ ક્યારેય પણ કોઈને કહેવો નહીં. પછી દૃઢ અને અતિ ઉદાર મનવાળી બ્રહ્મકુમારીએ સંન્યાસીની બંનેય વાતને પાળવાનું વચન આપ્યું, પછી ચિત્તમાં વૃતાંત સાંભળવાની અતિ ઉલટવાળી કુસુમાવળી ક્ષણે ક્ષણે યોગીને પૂછવા લાગી. [१९]

सोरठा.

ब्रतीं कह्यो ब्रतंत, सो सब द्विजदुहिता सुन्यो;

आखेटकके अंत, गायन गाबि सागर दशा. ॥ २० ॥

ટીકા—સીકારને અંતે મનંછા પુરીમાં બન્નોની નજરનું એકઠું થવું, નાયકાઓનો મીલાપ તથા તેમણે ગાયેલાં કવિત્ત સાંભળવાથી સાગરની બેહાલ થએલી દશા, વિગેરે વૃત્તાંત જોગીએ કહ્યું તે સરવે બ્રહ્મપુત્રી કુસુમાવળીએ સાંભળ્યું. [૨૦]

यहै प्रेम इतिहास, मंत्र बीज अच्छर यहैं;
यहै भेद संन्यास, यह कवितन दीनी दशा. ॥ २१ ॥

ટીકા—સર્વે વાત કહ્યા પછી જોગીએ કહ્યું કે એજ પ્રેમનો ઇતિહાસ છે; તેમ મંત્ર બીજના અક્ષર પણ એજ છે, સંન્યાસ ગ્રહણ કરવાનો ભેદ પણ એજ છે, એ રીતે આ કવિતેજ આવી દશા આપી છે. (૨૧)

सधे सु पार समाध, प्रेम उभय अच्छर यहैं;
या माहि सिद्धि अगाध, बेधादिक बरने सबें. ॥ २२ ॥

ટીકા—આ પ્રેમ શબ્દના બે અક્ષરને જે સાધે છે તેજ સમાધીના પારને પામે છે, એમાં (એ બે અક્ષરમાંજ) ઉંડી સિદ્ધિ રહેલી છે તેથી બ્રહ્માદિ સર્વે તેને ગાય છે. (૨૨)

बात भेद बिस्तार, संन्यासी भंष्यो सबे;
बाला ब्रह्म बिचार, मौंन गह्यो बिस्मय सु.मन. ॥ २३ ॥

ટીકા—વાતના ભેદનો વિસ્તાર જે સન્યાસીએ સઘળો કહ્યો તે સાંભળી કુસુમાવળી વિચારમાં પડી ગઈ અને મૌનપણું ધારીને મનમાં વિસ્મય પામવા લાગી. (૨૩)

गाहा.

कुसुमावलि संन्यासी, चरचा प्रेम भेद परकाशं;
चत्रबीस अभिधानं, पूने प्रबीन सागरो लहरं. ॥ २४ ॥

ટીકા—કુસુમાવળી અને સન્યાસી સાથે થએલી પ્રેમના ભેદના પ્રકાશની ચર્ચાવાળી પ્રવીણ સાગર આ ગ્રંથની ચોવીસમી લેહેર સંપુર્ણ થઈ. (૨૪)

इतिश्रीप्रबीनसागरग्रन्थेसन्यासीकुसुमावळीचर्चा प्रेमप्रकाशभेदोनामचतुर्विं लहरं. ॥२४॥

लेहेर २५ मी.

अथ पुनि संन्यासी कुसमावळी चर्चा प्रसंग-दोहा.

कुसम प्रति संन्यासि कहे, कैसे कला प्रवीन;
जा कारन सागर हुकम, यहै दशा हम कीन. ॥ १ ॥

ટીકા—પછી કુસુમાવળી પ્રત્યે સન્યાસીએ કહ્યું કે કળાપ્રવીણ કેવાં છે કે જેને વાસ્તે મહારાજ શ્રી રસસાગરના હુકમથી અમારી આવી સ્થીતિ કરવી પડી છે! [૧]

अथ कुसुमोक्त-दोहा.

हस्तिनि शंखिनि चित्रिनि, स्रष्टा सृष्टि सु कीन;
इनही समय सरूप गुन, पद्मिनि कला प्रवीन. ॥ २ ॥

ટીકા—જ્હારે સૃષ્ટા કહેતાં બ્રહ્માએ સૃષ્ટિની અંદર હસ્તિની, શંખિની અને ચિત્રિણી જાતની સ્ત્રીઓ બનાવી એ વખતે સ્વરૂપમાં અને ગુણમાં તો એક કળાપ્રવીણનેજ પદ્મિની બનાવેલી છે. [૨]

अथ संन्यास्युक्त-दोहा.

साहित्यके सब भेद तुम, जानत ब्रह्म कुमार;
लच्छन नायक नायका, या तें कहो उदार. ॥ ३ ॥

ટીકા—સંન્યાસીએ કહ્યું કે હે બ્રહ્મકુમારી! સાહિત્યના સરવે ભેદને તમે જાણો છો, માટે નાયક નાયકાનાં સર્વે લક્ષણો ઉદારતાથી કહો. [૩]

अथ कुसुमावल्युक्त चार नायक भेद यथा-दोहा.

अनुकूलह दच्छन प्रथम, शठ अरु धृष्ट विचार;
चारहु गुन तनकी प्रकृति, सुच्छम कहुं उदार. ॥ ४ ॥

ટીકા—અનુકુળ, દક્ષ, શઠ, અને ધ્રષ્ટ એ ચાર નાયક છે, એ ચારેના ગુણ તથા તેની પ્રકૃતિને હવે સંક્ષેપમાં કહુંછું. [૪]

तत्र प्रथम अनुकूल भेद-छप्पय.

सदा शांत शुभ बदन, बास शुभ कच तन कोमल;
सुच्छमांग तुछ भोग, हृस्व कर पद रद ऊज्वल.
निद्रा तुच्छ प्रमाद, तुच्छ आहार जघन्य जिन;
अमल बास रुचि उकति, मंद मृदुता जुत भाषन.
सहजहि सुगंध संगीत रुचि, बीर धीर सु उदार मन;
पूरन सु प्रेम एकें पतनि, अनुकूल लच्छन सु इन. ॥ ५ ॥

ટીકા—નિરંતર સ્વાભાવે શાંત અને શુભ, મુખ તથા શરીરની સુંદર વાસના, કેશ અને શરીરે કોમળ, નાજુક પ્રકૃતિ, ભોગ થોડો, હાથ પગ ટુંકા, સફેત દાંત, અલ્પ નિદ્રા અને આળસ રહિત, આહાર થોડો, ગુહેંદ્રિ સૂક્ષ્મ, સ્વચ્છ વસ્ત્ર ઉપર રૂચી, વાણી ધીમી અને કોમળતા ભરેલું ભાષણ, સેજ-સૈયાને વિશે અત્તરાદિ સુગંધમય વસ્તુઓ અને સંગીત ઉપર રૂચી, વીરપણું તથા રણે ધૈર્યતા, મનથી ઉદાર અને પોતાનીજ એક પત્નિ ઉપર પૂર્ણ પ્રેમ રાખતો હોય એ સર્વે અનુકૂળ નાયકનાં લક્ષણ છે. [૫]

अथ दच्छन भेद—छप्पय.

शुभ लच्छन सु उदार, सदा शुचि चित्र आसकत;
शीलवान सु सुरूप, समय ज्ञाता सु काव्य कृत.
काम कला परबीन, रीझ रीझवन बिधि जाने;
प्रीत रीत खंडे न, सार संगीत वखाने.
पटुता उचार समता सहज, मानिनिके नित मन हरन;
पूरन प्रताप प्रमुदित बदन, यह दच्छनके अनुकरन. ॥ ६ ॥

ટીકા—ઉત્તમ લક્ષણ, ઉદાર મન, સદા પવિત્ર, ચિત્ર ઉપર પ્રીતિ, શીલવાન, સુંદર સ્વરૂપવાળો, સમયને ઓળખનાર, ઉત્તમ કાવ્ય કરનાર, કામ કળામાં મશહુર, રીઝ રીઝવવાની વિધિથી જાણીતો, પ્રીતિની રીતિનું ખંડન કરે નહીં, સંગીન શાસ્ત્રના સારને વખાણે, ચતુરાઈથી બોલે, સ્વભાવથી સર્વે સ્ત્રિયોમાં એક સરખી પ્રીતિ રાખે, અને સદા માનનીના મનનું હરણ કરનાર, પૂરણ પ્રતાપવાન, હસતા મુખવાળો, એ દક્ષ નાયકના લક્ષણ છે. [૬]

अठ शठ भेद—छप्पय.

मुख सु मिष्ट हृदि कपट, अडर अपराधि सदाही;
स्थूल भुजा उर प्रथुल, श्रोनि बड तन कठुराही.
कूर्मोदर द्रग चपल, क्रूर देही लज्जा तनु;
लंपट काम सु केल, अतिहि आतुर मर्कट मनु.
साचही समान क्रूरहि कहें, निज स्वारथ नितही चहें;
अति हानि बृद्ध अनुमननह, शठ सूजान तासें कहें. ॥७॥

ટીકા—મોઢે સારૂં ને મીઠું બોલે, હૃદયમાં કપટ, મનમાં પ્રભુનો પણ ડર ન રાખતાં સદા અપરાધને કરે, હાથ ઘણા જાડા અને છાતી વિસ્તાર-

વાળી, કેડની નીચેના પાછલા બન્ને ભાગ મ્હોટા, અંગ કઠોર, કાચબાની પીઠ જેવું પેટ, ચપળ આંખ્યો, શરીરનો દેખાવ ક્રૂર, લાજ થોડી, કાંમ ક્રીડાંમાં અતિ લંપટ-તે જાણે વાંદરો હોયને? એવો આતુર, સાચાની પેઠે જુઠું બોલે અને હમેશાં પોતાના સ્વાર્થનેજ ઇચ્છે, જેને નફા નુકશાન અને વધારાનું કાંઈ અનુમાન નથી એવાં લક્ષણવાળાને ચતુર પુરૂષો શઠ કહે છે.[૭]

अथ धृष्ट भेद छप्पय.

स्थूल केश शिर बदन, फटित द्रग चल हेरन चित;
कंध बाहु ह्रस्व दीर्घ, श्रोन दीरघ पद सोहित.
क्रोध निद्र सालस, कपट पीशुन अधिकारी;
निडर दंभि निर्लज्ज, भोगको आतुर भारी.
क्रतघनी दोष शंक न धरे, अविश्वास उर मानियें;
प्रीतकी रीत जानें नही, बहुभुक धृष्ट बखानियें. ॥ ८ ॥

ટીકા—વાળ, માથું અને મ્હોડું જાડાં હોય, ફાટેલી આંખ્યો હોય, દ્રષ્ટિ તથા મન જેનું ચંચળ હોય; ગરદન ટુંકી અને હાથ પણ ન્હાના, કેડની નીચેના પાછલા બે ભાગ મ્હોટા, લાંબા પગ, ઘણોજ ક્રોધી, અતિ ઉંઘણશી, આળસુ, કપટી અને પિશુનતા-ચાડિયાપણું, કોઈનો જેને ડર નથી, દાંભીક, લાજ વગરનો, કામ વિકારમાં ઘણોજ આતૂર, કૃતઘ્ની, ખરાબ કાર્ય કરતાં પરમેશ્વરની પણ બીક ન રાખે તેવો, ને જેના મનમાં કોઇનો વિશ્વાસ નહીં, પ્રીતિની રીતને ન જાણનારો તેમજ આહાર પણ ઘણો, એ લક્ષણવાળા પુરૂષને ધ્રષ્ટ કહે છે. (૮)

अथ चतुर्विध नायका भेद–दोहा.

पद्मिनी चित्रिनी शंखिनी, ओर हस्तिनी बाल;
मुख्य भेद यह तियनके, बरनत बुद्धि विशाल. ॥ ९ ॥

ટીકા—પદ્મિનિ, ચિત્રિણી, શંખિની અને હસ્તિની એમ સ્ત્રીઓના મુખ્ય ભેદને વિશાળ બુદ્ધિવાળા વિદ્વાનો વર્ણવે છે. (૯)

अथपद्मिनी–छप्पय.

चंद्रानन तन कनक, नेंन मृग कोकल भाषन;
कटि केहरि गल कंबु, कंज कर पद शुक नासन.

रंभोरु कच उरग, अधर सुरख रद हालम;
गति मराल कुच पीन, छीन निद्रा स्मित भुक कम.
सहजहि सुवास सुमती म्रदुल, अति उदार पूजा सकाति;
पूरन सु-प्रेम त्रीडा सु शुचि, प्रथम एह पद्मिनी प्रकाति. ॥१०॥

ટીકા—જેનું મુખ ચંદ્રના જેવું, સોનાસરીખું શરીર, મૃગીના જેવી ચંપળ આંખ્યો, કોયલના જેવું સુંદર અને મધુર ભાષણ, કેડતો જેની કેસરી સિંહના જેવી પાતળી, ગળું શંખના જેવું, કમળ સરીખા હાથ અને પગ, પોપટના જેવું નમણું નાક, કેળના થડ જેવી સાથળો, કાળા સર્પ જેવા કેશ, (પરવાળા જેવા) લાલ હોઠ, દાડમની પેશીઓ જેવા ચળકતા દાંત, હંસના જેવી હીંડછા, મ્હોટાં કઠણ અને ભાલોડાસરીખાં સ્તન, નિદ્રા થોડી, તેમજ હસવું અને ખાવું પણ થોડું, શરીર સુગંધવાળું, સદ્‌બુદ્ધિ, કોમળ સ્વભાવ, અતિ ઉદાર, ઇશ્વર પૂજન ઉપર પ્રીતિ, સંપૂર્ણ પ્રેમને જાણનારી, લજ્જાવાળી અને પવિત્ર; એવી રીતે પ્રથમ પદ્મિની સ્ત્રીની પ્રકૃતિનાં લક્ષણ છે. [૧૦]

अथ चित्रिनि भेद-छप्पय.

चपल द्रष्टि चित अचल, कंज नेनी रुचि केसर;
श्याम केश गज गमन, भ्रंग भ्रुअ भाष मयुर बर.
काव्य शील्प संगीत, चित्र रीझे सु रीझावि;
प्रेम नेम परबीन, चिंत चातुरी उपावे.
नन ह्रस्व दीर्घ प्रथुल न कशा, कोप तुच्छ अंबर अमल;
तुच्छ सु प्रमाद सुकुमार शुभ, यह चित्रिनि लच्छन सकल. ॥११॥

ટીકા—દૃષ્ટિ જેની ચપળ હોય, દૃઢ ચિત્ત, કમળ સરીખી આંખોવાળી, કેસરના વર્ણ જેવી કાન્તિ, શ્યામ અને સુંદર કેશ, હાથણીના જેવી ચાલવાની ગતિ, ભમરા જેવી ભૃગુટી, મોરના જેવું શ્રેષ્ટ બોલવું, કાવ્ય, શીલ્પ, સંગીત અને ચિત્રના કામથી રીઝી તથા તેમાં પોતાની સુંદર કારીગરીથી અન્યને પણ ખુશી ઉપજાવે, વળી પ્રેમના નિયમમાં પ્રવીણ, ચિત્તથી ચાતુરી બતલાવનારી, શરીરે ટુંકી નથી તેમ લાંબી પણ નથી તેમ પહોળી અને દુબળી પણ નથી, ક્રોધ થોડો, નિર્મળ વસ્ત્ર, અર્થાત્=બધી રીતે સરખી હોય, પ્રમાદ તુચ્છ અને અતિ કોમળ, એ સઘળાં ચિત્રિણી સ્ત્રીનાં લક્ષણ છે. [૧૧]

अथ शंखिनी भेद—छप्पय.

बाहु दीर्घ कश शीश, पाय कुच दीर्घ तपत कर;

तन दीरघ तनु रीस, वक्र चाले वसुधा पर.
स्थूल घ्रान भ्रू अधर, ह्रस्व अंगुलि नंम्रत गल;
रति अतृप्त त्रप हीन, भुक्त बहु क्रूर प्रकृति कल.
मज मद सुगंध कटि मुख प्रथुल, विव्हल मदन बिलास महि;
कपटी कुशील पीसुन सदा, केश पिंग शंखिनि सु कहि. ॥ १२ ॥

ટીકા--હાથ લાંબા, ન્હાનું માથું, પગ અને સ્તન લાંબાં, હાથ તપેલા, શરીરે ઉંચી, અતિ રીશાળવી, ધરતી ઉપર વાંકી ચાલનાર, પહોળુ નાક, ભ્રગુટી અને હોઠ જાડા, નહાની આંગળીઓ, નમેલું ગળું, રતિ ભોગની ભુખી, લાજ વગરની, બહુ ખાનારી, ક્રૂર પ્રકૃતિ, હાથીના મદ જેવી શરીરની વાસના, કેડ અને મ્હોં અતિ વિશાળ, વિષય વિલાસમાં વિવ્હળ, કપટી, ખરાબ સ્વભાવવાળી, હમેશાં ચાડી કરનારી, અને પીંગળા છે કેસ જેના, એ લક્ષણવાળી સ્ત્રી શંખિનિ જાતિની કહી છે. [૧૨]

अथ हस्तिनी भेद-छप्पय.

स्थूल अंग बहु छुधा, लोम तिच्छन पिंगल चख;
गंधक गंध कुशील, कुटिल बानी भाषत मुख.
रोषवान स्वर रुक्ष, काम केली अत्रप्त नित;
बदत म्रषा बिन त्रपा, दुष्ट दुमनी सदा रहत.
अरु चित कुरंग कुच शिथल आति, प्रीत रीत जाने नही;
अंकुश म्रजाद माने न कछु, हस्तिनि हस्तिनि सम कही.॥१३॥

ટીકા--અંગે રૂષ્ટપુષ્ટ, બહુ ભુખાળવી, રૂવાંટાં તિક્ષણ, પીળચટી આંખો, ગંધકના જેવી શરીરની વાસ, સ્વભાવે કુવડ, વાંકું બોલનારી, અતિ રોષાળવી, લુખો સ્વર, હમેશાં કામવાસનામાં અતૃપ્ત, જુઠાબોલી, લાજ વિનાની, સ્વભાવે દુષ્ટા, પતિથી બેમને રહેનાર એટલે પતિ સાથે મન નહિ મેળવનારી, હરણના જેવું ચપળ મન, સ્તન અતિ નરમ, પ્રીતિની રીત નહિ જાણનારી, કુળની મર્યાદા-અંકુશને પણ માનતી નથી, એવાં લક્ષણવાળી સ્ત્રી હસ્તિની જાતિની હાથણી જેવી કહી છે. (૧૩)

दोहा.

चहु विध नायक नायका, बरने भेद बनाय;
रींझ भीज मनमें रहे, सन्यासी सु सराय. ॥ १४ ॥

ટીકા—એ પ્રમાણે ચાર પ્રકારના નાયક અને નાયકાઓના ભેદ બનાવીને વર્ણન-કહ્યા, તેથી મનમાં ખુશી થઇને હાસ્યરસથી ભીંજાઈ સન્યાસી-કુસુમાવળીનાં વખાણ કરવા લાગ્યા. [૧૪]

अथ सुकुमावल्युक्त-दोहा.

जिहि एती लय प्रेमकी, रससागर सु कुमार;
सो केते जाने सकल, त्रिया भेद बिस्तार. ॥ १५ ॥

ટીકા—પછી કુસુમાવળીએ સંન્યાસીને કહ્યું કે જેને એટલીબધી પ્રેમની લે લાગેલી છે, તે [રસસાગર રાજકુમાર] સર્વે મળીને કેટલી જાતના સ્ત્રી ભેદને જાણે છે? [૧૫]

सोय कहो संछेप करि, नायकानके लच्छ;
सुनन चाह हमकों वहे, तुम बानीं परतच्छ. ॥ १६ ॥

ટીકા—તે સંક્ષેપથી નાયકાઓનાં લક્ષણને કહો, અને તે તમારી સુંદર વાણીથી હમને સાંભળવાની ચાહના છે. [૧૬]

अथ सन्यास्युक्त-सोरठा.

सो कछु कही न जाय, रससागर जाने जिती;
प्रमानि कहों बनाय, सत्र सछेप सु नायकां. ॥ १७ ॥

ટીકા—સંન્યાસી કહે છે-કે રાજકુમાર રસસાગર જેટલી નાયકાઓના ભેદને જાણે છે તે સર્વ વર્ણિ જાય તેમ નથી, તોપણ હે બ્રહ્મ કુમારી? સંક્ષેપમાં સઘળી નાયકાઓનાં લક્ષણ બનાવીને હું કહુછું. [ક ૧૭]

नायका भेद संख्या बर्नन क्रीडाचंद्र छंद यथा.

जुग्ती उक्ती षटं भाषमें नायका जो बरत्ती,
कियो भेद संछेप जैसी हमे चित्त वृत्ती प्रकृत्ती;
तुमें जानहो मितके चित्तकी चातुरी ए प्रमानी,
करी आपकी आयसाके प्रसादं विधांनी ज्युबानी. ॥ १८ ॥

ટીકા—યુક્તિપૂર્વક વચનોથી છએ ભાષામાં જે નાયકાઓ કહેલી છે તેના કેટલાક ભેદ હું જેવી મહારા મનની વૃત્તિ અને સ્વભાવ છે તે પ્રમાણે ટુંકામાં આપના હુકમના પ્રસાદથી.જે શાસ્ત્રોક્ત રીત પ્રમાણે વાણીએ કરીને નાયકા ભેદ કહુંછું તેથી તમે જાણશો કે મિત્ર [રસસાગર] ના ચિત્તની ચતુરાઈ આ પ્રમાણે છે. [૧૮]

स्वकीया तिया आपके शामके रंग रत्ती सदाही,
प्रकीया प्रिया प्रीतके मिंतसें नीत लावे मुदाही;
सामान्या वधू प्रेमके नेमहीनी लपट्टी कपट्टी,
त्रयं भेदमें नार उच्चार सो वेद भेदं प्रगट्टी. ॥ १९ ॥

ટીકા—જે સ્ત્રી પોતાના પરણેલ પતિમાંજ પ્રસન્ન રહીને હમેશાં તેના-પર પૂર્ણ પ્રેમ રાખે તે સ્વકીયા નાયકા; જે સ્ત્રી પરણેલ પતિ સિવાય બં-ધાયેલ પ્રીતિવાળા મિત્ર સાથે હમેશાં હર્ષ જણાવે તે પરકીયા નાયકા; જે સ્ત્રી પ્રેમના નિયમથી રહિત છતાં પણ પૈસા માટે કપટથી લપટી રહે તે સામા-ન્ય નાયકા; આ જે મેં ત્રણ ભેદ [સ્વકીયાદિ] નાયકાઓના કહ્યા તે વળી ચા-ર ભેદથી પ્રગટ થાય છે. [૧૯]

कहों पद्मनी पद्मभा हेमवेली नवीनं प्रवीनं,
ग्रहे चित्रनी मिंतके चित्तकी प्रीत संगीत लीनं;
वहे शंखिनी भंखनी झूठ प्रेमं प्रमानं न जाने,
अरू हस्तिनी मस्तनी गत्तधी प्रेम वत्ती न माने. ॥ २० ॥

ટીકા—જે સ્ત્રી કમળની પ્રભાને ધારણ કરનારી અને નવીન સોનાની વેલ જેવી કાન્તિવાળી તથા બધી રીતે પ્રવીણ હોય તે પદ્મિની નાયકા; જે સ્ત્રી પોતાના પતિની પ્રીતિમાં તથા ગાયનમાં લીન હોય તે ચિત્રની નાયકા; જે સ્ત્રી જૂઠા બોલી હોય અને પ્રેમના પ્રમાણને ન જાણતી હોય તે શંખિની નાય-કા; જે સ્ત્રી મદથી છકેલી, બુદ્ધિ વિનાની અને પ્રેમની વાતને ન માને તે હ-સ્તિની નાયકા. [૨૦]

अवस्था कही तीनकी तीनसो वेद भेदं उकत्ती,
मुगद्धा कथा काम ग्याता अग्यात सुरत्ती नमत्ती;
मध्या कामिनी काम रु लाज दोऊ समानं प्रमाने,
सदा प्रौढसो मीतके चित्तकी रीझ खीजं पिछाने. ॥ २१ ॥

ટીકા—પ્રથમ સ્વકીયાદિ ત્રણ નાયકાઓ કહી અને તેના વળી પ-દ્મિન્યાદિ ચાર ભેદ કહ્યા-તેના પણ અવસ્થાએ કરીને મુગ્ધાદિ ત્રણ ત્રણ ભેદ થાય છે. એટલે પદ્મિન્યાદિ ચાર નાયકાને સ્વકીયાદિ ત્રણે ગુણિયે ત્યા-રે બાર ભેદ થાય અને તે બારને મુગ્ધાદિ ત્રણે ગુણિયે ત્યારે બારત્રેરી છ-ત્રીશ ભેદ થાય છે, મુગ્ધા નાયકાના બે ભેદ છે, તેમાં જે અંગમાં આવેલું જોબન અને કામક્રીડાની વાતને જાણે તે જ્ઞાતયૌવના; અને જે કામક્રીડા

માં ન સમજે તેમ બુદ્ધિ પણ કમ હોય એટલે-તેમાં બાળકપણું હોય તે અજ્ઞાનયૌબના નાયકા; જે સ્ત્રીમાં કામ અને લાજ બન્ને સરખાં હોય તે મધ્યા નાયકા; જે સ્ત્રી પોતાના પ્રીતમની રીઝ અને ખીઝ ઇસારાથી જાણી જાય [ને તે પ્રમાણે વરતે તથા કામક્રીડાને વધારે ચહાય] તે પ્રૌઢા-નાયકા. (૨૧)

नवल्लवधू बालकी नीतही नीत द्युती बढंती,
नवंजोबना कामिनी काम सीढी चढंती पढंती;
अनंगानवं बाल ख्यालं त्रसंती रसालं बिशालं,
लजाप्रायरत्तीः चरंत्ती लजंती भजंती सु लालं. ॥ २२ ॥

ટીકા—(મુગ્ધાના ચાર ભેદ) જે સ્ત્રીના અંગની કાંતિ દિનદિન પ્રત્યે વધતી જતી હોય તે "નવલવધૂ" મુગ્ધા નાયકા; જે સ્ત્રીના અંગમાં બાળ પણું મટીને યૌવન પ્રવેશ કરે અને કામક્રીડાની રીતને શીખતી શીખતી કામદેવની નીશરણીપર ચડવા માંડે એટલે-કામક્રીડામાં પ્રવર્ત્ત થાય તે "નવયૌબના" મુગ્ધા નાયકા; જે સ્ત્રી બાળકની પેઠે ખેલતી હોય તે ઘણીજ રસીલી હોય પરંતુ કામક્રીડાથી ત્રાસ પામે તે "નવલઅનંગા" મુગ્ધા નાયકા; જે સ્ત્રીનો પતિ સુરતારંભ કરે, ત્હારે લાજથી સરમાઈ જાય અથવા છટકી જવાના ઉપાય કરે તે "લજ્યાપ્રાયા" મુગ્ધા નાયકા. (૨૨)

अरूढा यहे जोबना अंग कामैं बिकासे प्रकासे,
बचंनाप्रगलभा उरानो निकासे बिलासे ज्यु हासे;
मनोभावनी वाम कामंकला चंचलासी उजासी,
विचित्रारती भेद रत्ती सुमत्ती जुवंती प्रकाशी. ॥ २३ ॥

ટીકા—[મધ્યાના ચાર ભેદ] જે સ્ત્રીના અંગમાં જોબન અને કામ પરિપૂર્ણ રીતે પ્રકાશ પામ્યાં હોય તે "અરૂઢયૌબના" મધ્યા નાયકા; જે સ્ત્રી પોતાના પ્રીતમને હાસ્યવિલાસમાં ઠમકો આપે તે "પ્રગલ્ભવચના" મધ્યા નાયકા; જે સ્ત્રી કામક્રીડામાં વીજળીના જેવી ચપળ અને હુશિયાર હોય તે "મનોભાવની" એટલે "પ્રાદૂર્ભૂતમનોભવા" મધ્યા નાયકા; જે સ્ત્રી કામક્રીડાની અનેક રીત બુદ્ધિથી પ્રકાશ કરે તે "સુરતવિચિત્રા" મધ્યા નાયકા. (૨૩)

समस्तं रसंकोविदा मिंतके चिंतकी चाह पूरे,
विचित्रा लली मोहनीकी कला लालको चित्त चूरे;
अक्रामीत जो मिंतकों कीर ज्यों हाथ लावे बुलावें,

लुब्धापती लाजकी स्यामसें वामं संका न लावें. ॥ २४ ॥

ટીકા--(પ્રૌઢાના ચાર ભેદ) જે સ્ત્રી પોતાના પ્રીયતમના ચિત્તની ચાહના પૂરી કરે તે "સમસ્તરસકોવિદા" પ્રૌઢા નાયકા; જે સ્ત્રી મોહ ઉપજાવનારી કળાથી (અથવા મોહની અવતારયંશરૂપ ખૂબસૂરતીથી) પોતાના પતિનું મન હરે તે "વિચિત્રવિભ્રમા" એટલે "વિચિત્ર વિભ્રમા" પ્રૌઢા નાયકા; જે સ્ત્રી પોતાના પતિને મને વચને અને કર્મે કરીને પોપટની પેઠે વશ્ય કરી રાખે એટલે-પોપટને જેમ તેના પાળક હાથમાં લઈ બોલાવે છે તેટલુંજ બોલે છે તેમ પતિ જેને આધિન થઈ રહે તે "આક્રમિતા" પ્રૌઢા નાયકા; જે સ્ત્રી સર્વની સરમ છોડી નિઃશંકપણે પોતાના પતિ સાથે તેમય થઇ રહે તે "લુબ્ધાપતિ" પ્રૌઢા નાયકા. [૨૪]

किये द्वादशं भेद त्रै भेदके द्वादशं त्रै बखानी,
अधीरा पती दोषसें रीषसें क्रूर भाखंत वानी;
सुधारा त्रिया आपके स्यामसें रोस वत्ती न बोले,
समं धीरता कंतपें भेदसें बात बोले न खोले. ॥ २५ ॥

ટીકા—એવી રીતે ચાર મુગ્ધાના ભેદ ચાર મધ્યાના ભેદ અને ચાર પ્રૌઢાના ભેદ મળીને કુલ બાર થાય. તેને સ્વંકીયાદિ ત્રણ ભેદે ગુણિયે ત્હારે છત્રીશ થાય. જે સ્ત્રી પોતાના પતિનો દોષ જોઈ ક્રોધથી કઠોર વચન કહે તે "અધીરા" જે સ્ત્રી પોતાના પતિનો દોષ જાણ્યા છતાં પણ ક્રોધ ન કરે ને કઠોર વચન પણ ન કહે તે "ધીરા" નાયકા; જે સ્ત્રી પોતાના પતિનો દોષ જોઈને મર્મ વચનમાંજ જણાવે પણ તે ખુલ્લું ન કહે તે "ધીરાધીરા" નાયકા. (૨૫)

चत्रं बीश अंकुर बाला बरंनी स्युग्यातां कविता,
वसू अष्ट त्रै दोय कीनी त्रयं लच्छनं संजुगत्ता;
सुआधीन ले आदि आद्यं स्वयंदूतिका मानि वामा,
अनूढा कही गर्विता भिन्न भिन्नं सबे आदि नामा. ॥ २६ ॥

ટીકા—વળી કાવ્ય જાણનારા કવિયોએ બીજી ચોવીશ જાતિની નાયકાઓ વરણવેલી છે. તે એકે=વસુ એટલે ૮, અષ્ટ એટલે ૮, ત્રૈ એટલે ૩, દોય એટલે ૨ અને ત્રયં એટલે ૩ મળીને કુલ ચોવીશ લક્ષણ સહિત નાયકાઓ કહેલી છે. તેની વીગત="સ્વાધિનપતિકાદિ" આઠ "અને સ્વયંદૂતિકાદિ" માની લીધેલી આઠ "એમ અનૂઢા ગર્વિતાદિક" જૂદા જૂદા નામની સર્વે મળીને ચોવીશ કહી છે. (૨૬)

मुआग्रीनेपत्तीक जाके गुनंसे बंध्योहे ज्यु श्याम,"
उतंकंठिता शोचितं चितमें मितक्यों नाय धामं;
सज्या वासिकं सेज साजे विराजे पिया पंथ हेरे,
अभिसंधिता आदि माने न पाछें चहें प्रीय नेरे. ॥ २७ ॥

ટીકા—જે સ્ત્રીના ગુણથી પતિ બંધાયેલો હોય તે "સ્વાધિન પતિકા" નાયકા; અને પ્રીયતમ હજી ઘેર કેમ ન આવ્યા એમ કહીને જે સ્ત્રી પોતાના મનમાં શોચ કરયા કરે તે "ઉત્કંઠિતા" નાયકા; જે સ્ત્રી સજયા બિછાવીને પોતાના પતિની વાટ જોતી બેસે તે "વાસક સજ્યા" નાયકા; જે સ્ત્રી રિસકરી બેસે ને પતિ આવી મનાવે તોયે માને નહિ, ને જ્યારે પતિજાય ત્હારે પસ્તાય ને કહે કે હવે કોઇ મ્હારા પતિને મ્હારી પાસે લાવો. તે "અભિસંધિતા" એટલે "કલહાંતરિતા" નાયકા. [૨૭]

खरी खंडिता प्रेम खंडे पती और संगी बिलोके,
बियोगी पती प्रोषिता मेन नाराच छत्ती सु झोके;
विप्रं लब्धिका एह संकेतमें प्रीय नाये रिसायें,
अभिसारिका साजि सिंगार श्यामं सु जाये रिझायें. ॥२८॥

ટીકા—જે સ્ત્રી બીજી સ્ત્રી પાસે ગયેલા પોતાના પતિને જોઈને પ્રેમનું ખંડન કરે તે "ખંડિતા" નાયકા; જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય અને તેથી કામ છાતીમાં બાણ મારતો હોય, અર્થાત્ પતિના વિયોગથી કામની પીડાથી દુઃખી હોય તે "પ્રોષિત પતિકા" નાયકા; જે સ્ત્રીપોતાનો પ્રિય સંકેત સ્થળે ન આવવાથી રિસાય તે "વિપ્રલબ્ધા" નાયકા; જે સ્ત્રી જાતજાતના શૃંગાર સજી પતિ પાસે જઇને તેને આનંદ પમાડે તે "અભિસારિકા" નાયકા. [૨૮]

स्वयं दूतिका दूत बानी पियासें अराधे सु साधे,
समस्या वधू प्रीछवे औरही ठौरको दाव बांधे;
दुरावे सखी लक्षिता प्रच्छन्नं मितसें चित्त लावे,
रतीकी गती कोकलु अंगमें चेन आवे लखावे.* ॥ २९ ॥

* આ છંદમાં સ્વયંદૂતિકાને ઠેકાણે વચનવિદગ્ધા અને સમસ્યાવધૂને ઠેકાણે ક્રિયાવિદગ્ધા જોઇએ. કેમકે–તે નીચે લક્ષિતા ગુપ્તાદિ પરકીયાના ભેદ ક્રમ પ્રમાણે બનાવેલા છે. તેમજ લક્ષણે પણ વચનવિદગ્ધા અને ક્રિયાવિદગ્ધાના છે. તેમ છતાં વળી છંદ ૨૦ મામાં 'ક્રિયા ચતુરા' અને 'મોહની' એવી બે નવી નાયકાઓ આપી છે. અને તેનાં લક્ષણો ક્રિયાચતુરા' એટલે ક્રિયાવિદગ્ધા અને મોહની એટલે વચનવિદગ્ધાના જેવાં આપ્યાં છે; માટે એમાં કાંઈ ભૂલ થઈ છે.

ટીકા—જે સ્ત્રી પોતાના પતિને (જારને) દૂતિના જેવાં વચનથી એટલે પોતે પોતાની મેળેજ દુતત્વપણું કરી પ્રીતમને સમજાવી મળીને પોતાનું કામ સાધે તે "સ્વયંદૂતિકા" નાયકા; જે સ્ત્રી કાંઈ બીજું (જૂદું) સમજાવે અને બીજે ઠેકાણે જવાનો દાવપેચ લગાવે એટલે બીજા કોઈ ન જાણે તેવી કાંઈ ક્રિયા સમસ્યાથી કરીને પોતાના પ્રીતમને સમજાવે તે "સમસ્યાવધૂ" નાયકા; જે સ્ત્રી સખીનાથી છાની રીતે મિત્ર સાથે મન લગાડે, ને તે વાત તથા કોકશાસ્ત્રની રીતે રતિક્રીડા કરેલી હોય તે છાની રાખે પણ તેની સખી ચિન્હ ઉપરથી સર્વે જાણી જાય તે "લક્ષિતા" નાયકા. [૨૯]

गुपत्ता रती गोप जाने बिधाने सुमाने शयाने,
कुलट्टा पटाछूट वामं सु कामं विलासं बखानें;
मुदित्ता सुरत्ता हूती जानियें आगमं प्री उमंगे,
विनासे अनूशेन संकेत जावे न पावे न रंगे ॥ ३० ॥

ટીકા—જે સ્ત્રી પોતે કરેલી રતિને ગુપ્ત રાખવાની રીત જાણે તેને ડાહ્યા માણસો "રતિગૂપ્તા" નાયકા માને છે; જે સ્ત્રી છૂટે પટે એટલે નિર્લજપણે કામવિલાસને વખાણ્યાકરે તે "કુલટા" નાયકા; જે સ્ત્રી પોતાના પતિનું આવવું જાણીને હવે કામક્રીડા થશે એમ જાણી આનંદપામે તે "મુદિતા" નાયકા; જે સ્ત્રી સંકેત સ્થળે જાય અને ત્યાં તે સ્થળનો નાસ થયો જુવે અથવા પોતાનો પ્રીતમ ત્યાં ન મળે તે "અનુશયના" નાયકા. (૩૦)

अनूढा‡ प्रिया जाहिको व्याह कीनो न सोही कुमारी,
स्वयं दूतिकादी कही अष्ट नारी चितंमें विचारी;
प्रियं सापराधं लखे माननी त्रै विधं मान धारे,
लघूमान सो मामनी सामसें ख्यालहीमें निवारे. ॥ ३१ ॥

ટીકા—જે સ્ત્રીના વિવાહ કરેલા ન હોય ને કુંવારી હોય તે "અનૂઢા" નાયકા કહેવાય; એ રીતે સ્વયંદૂતિકા આદિક આઠ નાયકાઓ ચિત્તમાં વિચારીને કહી. અપરાધવાળા પતિને જોઇને સ્ત્રીઓ ત્રણ પ્રકારનું નામ ધારે છે તેથી તેનાં ત્રણ જૂદાં જૂદાં નામ પડેલાં છે; તે આ પ્રમાણે કે:—જે સ્ત્રી

‡ ઉઢા અને અનૂઢા એવા પરકીયાના બે ભેદ છે. તેમાં આ ગ્રંથકારે અનૂઢા એકજ કેમ લીધી? એમ કોઈ શંકા કરે તો તેનો ઉત્તર એ છે કે—પરણેલી જેટલી નાયકાઓ છે તે તમામ ઉઢા છે; પરંતુ અનૂઢા એટલે કુમારીનું વર્ણન ક્યાંઈ આ છંદમાં નથી માટે અત્રે લીધી છે.

પોતાના પતિને બીજી સ્ત્રી પાસે જોઇને માન ધરે ને તે માન પાછું પોતાના પ્રિય સાથે સેહેજ ખ્યાલમાં છોડીદે તે "લઘુમાનવતી" નાયકા. [૩૧]

कही मध्यसो क्रोध छूटे पती बोध कथ्थे प्रचंडे,
गुरू माननी मान घट्टे न बोले सु बानी विखंडे;
चले भोर प्रानेशकी नायका पर्वसंता† वखानी,
लखै मितको चेन त्री औरसों अन्य संभोग जानी. ॥३२॥

ટીકા—જે સ્ત્રી પોતાના પતિના મુખથી બીજી સ્ત્રીનાં વખાણ સાંભળીને પ્રચંડ (અતિશય) માન ધરે ને પાછું તે માન જહારે પતિ સારી રીતે બોધ કરે ત્હારે તજે તે "મધ્યામાનવતી"; જે સ્ત્રી પોતાના પતિના શરીરમાં બીજી સ્ત્રી પાસે જઇ આવ્યાનાં ચિન્હ જોઇને માન ધરે ને પાછું તે માન પોતાનો પતિ જહારે ન ઘટે એવી દિનતાથી ઘણી રીતે આજીજીની સાથે સમઝાવે તેથી ધીરે ધીરે માનને છોડે તે "ગુરૂમાનવતી" નાયકા; જે સ્ત્રી સવારેજ પોતાનો પતિ પરદેશ જનાર છે એમ જાણીને ખેદ પામે તે "પ્રવત્સપતિકા" નાયકા; જે સ્ત્રી બીજી સ્ત્રી પાસે જઈ આવેલા પોતાના પતિનાં ચિન્હ જોઈને ખેદ પામે તે "અન્ય સંભોગ દુઃખિતા" નાયકા. [૩૨]

ग्रहे रूपके* गूनसें गर्वसो गर्भिता भाव तीनं,
मती सागरं काव्यके भावमें बाल कथ्थी प्रवीनं;
निजं रूपके गर्वसो रुप गर्वापती बात खंडे,
द्विती प्रेम गर्वा पतीसें रतीसें भरी रार मंडे. ॥ ३३ ॥

ટીકા—જે સ્ત્રી પોતાના રૂપથી અથવા ગુણથી ગર્વ ધારણ કરે તે "ગર્વિતા" નાયકા કહેવાય,—તેના ત્રણ ભેદ છે. સમુદ્ર જેવી બુધિવાળા કવિયોએ કવિતાના ભાવમાં જે ચતુર સ્ત્રીયો કહી છે તે આ પ્રમાણે છે:—જે સ્ત્રી પોતાના રૂપના ગર્વથી પતિની વાતને ખંડન કરે તે "રૂપગર્વિતા" નાયકા; જે સ્ત્રી પોતાના પતિના ભર પ્રેમથી ગર્વ ધરીને જેની તેની સાથે લડે તે "પ્રેમ ગર્વિતા" નાયકા. (૩૬)

त्रिती कामगर्वा सवेही गुरु लोगकी लाज तज्जे,
बिनाही समे कामसें श्यामिनी श्यामको संग भज्जे;

† પ્રવત્સપતિકા.

* અસલ પ્રતિમાં="ग्रहे मितके दोषसें गर्वसो गर्विता भावतीनं." એમ પાઠ છે, પણ તે અયોગ્ય હોવાથી ફેરવ્યો છે.

षटं चत्रते नायका ए सबे तीन रुपं बिचार,
त्रिया त्रैगुनी ताय विस्तारिकें द्वे गुनी द्वे सु धारे. ॥ ३४ ॥

ટીકા—જે સ્ત્રી પોતાના સઘળા મોટેરા કુટુંબના લોકોની લાજ તજીને સમય વિના કામાતુર થઇ પતિનો સંગ કરે તે "કામગર્વિતા" નાયકા; એવી રીતે કહેલી સ્વાધિનપતિકાથી ગર્વિતા સુધીની [છ ચોક] ચોવીશ નાયકાઓનાં ઉત્તમાદિક ત્રણ રૂપ વિચારમાં લઈ અર્થાત્ ત્રણ ગણી કરીને પછી તેને દિવ્યાદિકથી ત્રણ ગણી કરીને ક્રિયા ચતુરાદિકથી બમણી વિસ્તારવી, પછી તેને જેષ્ટાદિક બે ભેદ બમણી કરવી. (૩૪)

उतमं अपंमान जोरे तुछोरे सदाही सहल्ले,
लघू दोषतें मध्यमा मान साधे मनामं विचल्ले;
यही अद्धमा बारही बार रुठे न छूटे कपटं,
यहींसें जुदी तीन वामा विचारे ग्यानें निपट्टं. ॥ ३५ ॥

ટીકા—જે સ્ત્રી પોતાના પતિએ અપમાન કર્યું હોય તો પણ મનમાંથી રોષ છોડીને હમેશાં સરલ ચાલે તે "ઉત્તમા" નાયકા; જે સ્ત્રી પતિના થોડા દોષથી માન કરે પણ પાછી પરિણામે માન તજી દે તે "મધ્યમા" નાયકા; જે સ્ત્રી પતિનો દોષ જોઈને વારે વારે રિસાય અને કપટ ન મુકે તે "અધમા" નાયકા; એ ત્રણે નાયકાઓથી જુદી બીજી ત્રણ નાયકાઓ ઘણા શાણા વિદ્વાનો કહે છે તે એ કે,-(૩૫)

दिवा नायका सो पतीसें सदा रीझ रंगं निभावे,
दिव्यादिव्य सो मितकी रीझमें चित्त लावे न लावे;
अदिव्या सदा प्रेमके नेमहीसें ज्यु हीनी जुयत्ती,
इती रीतकी सागरं चितं जानी सु आनी जुकत्ती. ॥ ३६ ॥

ટીકા—જે સ્ત્રી પોતાના પતિના સ્નેહને હમેશાં સારી રીતે નભાવે તે "દિવ્યા" નાયકા; જે સ્ત્રી પોતાના પતિના પ્રેમમાં મન લાવે અથવા ન લાવે એટલે પતિ પ્રેમ કરે તો પોતે પ્રેમ કરે–નહિ તો નહિ તે "દિવ્યાદિવ્ય" નાયકા; જે સ્ત્રી હમેશાં પતિના પ્રેમના નિયમથી હીન હોય તે "અદિવ્ય" નાયકા; એટલી રીતથી મહારાજા રસસાગરે પોતાના મનમાં જાણેલી નાયકાઓ એ યુક્તિમાં લાવીને કહી છે. (૩૬)

चतुरं क्रिया* मर्ममें सेनसें मैंन चेनं जनावे,

* ક્રિયાચતુરા એ ક્રિયાવિદગ્ધાનો પર્યાય છે,–માટે ક્રિયાવિદગ્ધા સમજવી.

द्वितीनायका मोहनी× बानिमें बानि भेद बनावे;
दुहूमें पतीकों अती वल्लभा जानिये सोइ जेष्टा,
कछु न्यूनहे वल्लभा नायका सो कहीजें कनिष्टा. ॥ ३७ ॥

ટીકા—જે સ્ત્રી કાંઈક ક્રિયા કરીને અથવા મર્મમાં કિંવા શાનમાં (ઇસારતમાં) કામનાં ચેન પોતાના પતિને જણાવે તે "ક્રિયાચતુરા" [ક્રિયાવિદગ્ધા) નાયકા; જે સ્ત્રી વાતની વાતમાં પોતાનો મતલબ પતિને જણાવે એટલે બીજા સાથે વાતો કરતાં પાસે ઉભેલા પ્રીતમને સમઝાવે અને અન્ય કોઈ જાણે નહીં તે "મોહની" [વચનવિદગ્ધા] નાયકા; એક પતિને બે સ્ત્રીયો હોય તેમાંની જે સ્ત્રી પતિને વધારે વાહાલી હોય તે "જેષ્ટા" નાયકા જાણવી,-અને કાંઇક ઓછી વાહાલી (અણમાનેતી) હોય તે "કનિષ્ટા" નાયકા કહિયે. (૩૭)

इती नायका देव बानी व्रजं भाषमें माख बोले,
तिहीकों लही मार या आजही आपकी पास खोले;
मबे नायका माथ मीलायवेमें बढे भेद जे ते,
कहूं वाहिकी फेर संख्या लियो चित्तमें सर्व तेते. ॥ ३८ ॥

ટીકા—એ રીતે એટલી નાયકાઓની સંસ્કૃત અને વ્રજ ભાષાના ગ્રંથો સાક્ષી પૂરે છે. તેનો સાર લઇને આજ આ આપની પાસે ભેદ ખોલ્યો છે અને તે સર્વે નાયકાઓને સાથે એકઠી મેળવવાથી જેટલા ભેદ થાય છે તેટલા સર્વ ભેદની ફરીને સંખ્યા કહું છું તે સર્વે મનમાં સમઝી લ્યો. (૩૮)

त्रिया त्रैगुनी चत्र भेदं करी त्रगुनी तांय लीजे,
किये द्वादशं भेद त्री भेदकों त्रगुने चौगुनीजे;
चत्रं विंशकं त्रगुनी त्रैगुनी द्वै गुनी द्वै ज्यु लीनी,
लख एक छासी महस्त्रं छमें और चौवीश कीनी. ॥ ३९ ॥

ટીકા—(નાયકાભેદ સંખ્યા),સ્વકીયાદિક ત્રણ સ્ત્રીઓ ગણીને તેને પદ્મિન્યાદિક ચાર ભેદે ગુણીને તેને મુગ્ધાદિ ત્રણ ગણી કરી લઇએ એટલે "૩૬" થાય, પછી નવલવધૂ આદિક બાર ભેદ તથા ધીરાદિ મધ્યાનાં ત્રણ ભેદ મેળવતાં "૫૧" થાય, તેને સ્વકીયાદિ ત્રણ ભેદે ગુણતાં "૪૫" થાય તેને પદ્મિ-

× મોહની એ નામની નાયકા કોઇ રસ ગ્રંથમાં નથી પણ તેનાં લક્ષણ વચનવિદગ્ધાનાં છે માટે વચનવિદગ્ધા સમજવી. એ વિશે વધારે જાણવા માટે આજ છંદના ૧૨ છંદની નોટ જુવો.

न्यादि भेदथी ચારગણી કરિયે એટલે "૧૦૮" થાય, તેમાં પ્રથમ કહેલી સ્વકીયાદિ "૩૬" મેળવિએ એટલે "૨૧૬" થાય, તેને સ્વાધિન પતિકાથી ગર્વિતા સુધીના ચોવીશ ભેદે ગુણતાં "૫૧૮૪" થાય, તેને ઉત્તમાદિ ત્રણ ભેદે ગુણતાં "૪૬૬૫૬" થાય, તેને ક્રિયા ચતુરાદિ બે ભેદે ગુણતાં "૯૩૩૧૨" થાય, તેને જેષ્ટાદિ બે ભેદે ગુણતાં "૧૮૬૬૨૪" એક લાખ છાશી હજાર છસો અને ચોવીશ નાયકાઓ થાય. (૩૯)

दोहा.

लाख एक छासी सहस, छसें ओर चोवीश;
इते भेद बनितानके, लहत हमारे ईश. ॥ ४० ॥

ટીકા—એક લાખ છાશી હજાર છસેં ને ચોવીશ, એટલા ભેદ નાયકાઓના અમારા સ્વામિ રસસાગર જાણે છે. (૪૦)

कवि भंषत रीझे कुसुम, बहुर लगे बतरान;
अचरिजसी धारत उभय, इक इक समुझि सयान. ॥ ४१ ॥

ટીકા—કવિનું બોલવું સાંભળીને કુસુમાવળી રાજી થઈ અને વળી વાતો કરવા લાગી તથા દરેકનું પરસ્પર ડાહાપણ જોઈને બન્ને જણ અચરજ થયાં. (૪૧)

गाहा.

कुसुमावलि संन्यासं, चरचा प्रथक नायका भेदं;
पंचविंश अभिधानं, पूर्न प्रबीनसागरो लहरं. ॥ ४२ ॥

ટીકા—કુસુમાવળી અને સન્યાસીને પૃથક થયેલી નાયકા ભેદની ચરચા સંબંધી પ્રવીણસાગર ગ્રંથની પચીશમી લેહેર સંપૂર્ણ થઇ. [૪૨]

इतिश्रीप्रवीनसागरग्रन्थेसन्यासीकुसुमावळीचर्चानायकाभेदोनामपंचविंशतिमोलहरं.॥२५॥

लेहेर २६ मी.

अथ सन्यासी कुसुमावली पत्र प्रकाश प्रसंग—दोहा.

एक एकहुकी प्रकृति, उभै सराहन कीन;
संन्यासी सागर पती, कर कुसुमावलि दीन. ॥ १ ॥

ટીકા—સન્યાસી અને કુસુમાવળીએ અરસપરસ એક બીજાની પ્રકૃતિનાં બન્ને જણે વખાણ કર્યાં, ત્યાર પછી સંન્યાસીએ રસસાગરનો પત્ર કુસુમાવળીના કરમાં દીધો. (૧)

चोपाई.

यहैं बात संन्यास उचारी; पाइ हमे परतीत तुम्हारी.
रससागर सु पत्र लखिदीनो; सोय आपके हाजर कीनो.
पहोचे यह परवीनकलापें; पुनि प्रति उत्र लिखें वह आपें.
यहैं आप प्रतिउत्तर दीजें; नाहि तो बचन झूठ कहि लीजे.
कुसुमावली कही संन्यासी; तुमतो दई हमनकों फांसी.
राज द्वार क्यों उत्तर लीजे; बचन झूठ कैसें भंखीजे.
पुनि ब्रह्मनि मन्न निश्चय धार्यो, प्रति संन्यास उत्र उच्चार्यो;
दिन दशपंच रहो इन ठाउं; प्रान ब्रजौं या उत्तर लाउं. ॥ २ ॥

ટીકા—બાદ સંન્યાસીએ કહ્યું કે તમારી હવે અમને પરતીત પડી છે માટે રસસાગરે જે મને પત્ર લખી આપ્યો છે તે મેં આપને હાજર કર્યો, હવે તે કાગળ કળાપ્રવીણને પહોચે અને તે પત્રનો પ્રત્યુત્તર પોતે લખી આપે એવી રીતે જવાબ આપો, અગર નહીં તો મેં જૂઠું વચન આપ્યું છે એમ કહી દો. પછી કુસુમાવળી સંન્યાસીને કહેવા લાગી કે તમે તો મને ફાંશી આપી, કેમકે રાજદ્વારથી ઉત્તર કેમ લેઈ શકાય? તેમ આપેલું વચન પણ જૂઠું છે એમ કેમ કહેવાય? પછી બ્રહ્મપુત્રી કુસુમાવળીએ મનમાં નિશ્ચય કરીને સંન્યાસીને ઉત્તર આપ્યો કે પાંચ દશ દિવસ આપ આંહી રહો અને તે અરસામાં પ્રાણ તજું છું યા તો ઉત્તર આણી આપું છું. (૨)

दोहा.

उभ श्रोता वक्ता उभय, बानी उभय बिशेश;
अन्यो अन्येकेक प्रति, उभय कीन आदेश. ॥ ३ ॥

ટીકા—બન્ને જણ સાંભળનારાં અને બન્ને જણ કહેનારાં તેમજ બન્ને જણની નિર્મળ વાણીથી કુસુમાવળી અને સંન્યાસીયે પરસ્પર જૂદા પડતી વખતે એક બીજાને પ્રણામ કર્યા.

उभय रूप गुन सम उभय, उभय बराबर बेश;
अन्यो अन्येकेक प्रति, उभय कीन आदेश. ॥ ४ ॥

ટીકા—બન્ને જણ રૂપ અને ગુણમાં સમાન છે તેમ વેશમાં પણ બરાબર છે. એવાં સન્યાસી અને બ્રહ્મસુતા કુસુમાવળી બંને છૂટાં પડતાં અન્યોઅન્ય એક બીજાને પ્રણામ કર્યા. (૪)

उभय नम्र उन्नत उभय, कुल गुरुवाईभेश;
अन्यो अन्येकेक प्रति, उभय कीन आदेश. ॥ ५ ॥

ટીકા—બન્ને નમ્રતામાં તથા કુળમાં અને મ્હોટાઈમાં તેમજ વેશમાં સરખાં છે-એવાં સંન્યાસી અને કુસુમાવળીએ જુદાં પડતાં અન્યોઅન્ય એક બીજાને પ્રણામ કર્યા. (૫)

धीर दई पाती लई, गेह करन परवेश*;
अन्यो अन्येकेक प्रति, उभय कीन आदेश. ॥ ६ ॥

ટીકા—પછી બ્રહ્મબાળાએ સ્વામિને ધીરજ દઈ પત્ર લઈને પોતાના ઘરમાં જતાં-વિખૂટાં થતાં એક બીજાને પરસ્પર બન્ને જણે પ્રણામ કર્યા. (૬)

सोरठा.

निश अध गई निहारि, उभ अंत्रप्त बात न उठे;
निज ग्रह गई सुनारि, संन्यासी आसन शयन. ॥ ७ ॥

ટીકા—બન્ને જણ વાતોથી ધરાતાં નથી અને ઉઠતાં પણ નથી, એમ કરતાં કરતાં અરધી રાત વહી ગઇ તેથી છેવટે કુસુમાવલી ઉઠીને પોતાના ઘરમાં ગઈ અને સંન્યાસીએ આસન ઉપર શયન કર્યું. (૭)

सब निश शोच विचार, कीनो ब्रह्म कुमारिका;
प्रात चलत दरबार, संन्यासी व्रंदन कियो. ॥ ८ ॥

ટીકા—આખી રાત બ્રહ્મકુમારીએ શોચ અને વિચાર કર્યા કર્યા અને સવારમાં રાજદરબારે જતાં સંન્યાસીને વંદન કર્યું. [૮]

वंदिन कही कुमारि, महाराज माया अगम;
आशिप जोगि उचारि, कही मनंछा तुम सफल. ॥ ९ ॥

ટીકા—સ્વામિને પ્રણામ કરતાં બ્રહ્મબાળાએ કહ્યું કે મહારાજ! આપની માયા તો અગમ્ય છે, તે સાંભળી યોગીએ આશિષ દઈ કહ્યું કે તમારી મન ઇચ્છા-ધારણ સફળ થશે. (૯)

छंद मुक्तदाम.

चली चढि फंदन ब्रह्म कुमार. दिनंकर उग्र गई दरबार;
पहोंचिय जग्र कलापरबीन; दुंहू कर जोरि सु आशिप दीन.
सुता नृप वंदन कीन बुलाय; निजासन ब्रह्मनि बैठित आय.
करे नित ख्याल खुशी सु रसाल; रही प्रहिरोंन वही दिन बाल.

* અસલ પ્રતિમાં "किनाग्रह प्रवेश" પાઠ છે.

भई निश बीतमयो दीन ताप; सहेलिय ऊठि चली ग्रह• आप.
कलापरबीन दुजी मुख देख; कछू दुचिती यह कीन परेख.
झरोखन आप बिराजित जाय; लई तह बिमनि नीठ बुलाय.
कलापरबीन सु बूझिय बात; कहो किहि भेद अकुलत जात.
तबै दुज बाल सु उत्तर दीन; कछू नहि आज सु मादक कीन.
प्रवीन सु माजुम लीन मगाय; लियो निज ब्रह्मनिकों जु लिवाय.
दुजी मगवाई सु आसव बोलि; लयो कर लिकरि कुंभ सु खोलि.
सुता नृप पात्र दिवाए सु पंच; उभैं भइ आनन मादिक रंच. ॥ १० ॥

ટીકા—સ્વામિની આજ્ઞા થતાં રથમાં બેશી બ્રહ્મકુમારી સૂર્ય ઉગતાં રાજદરબારમાં ગઈ, અને જ્યાંહાં કળાપ્રવીણ છે ત્યાંહાં પહોંચીને બે હાથ ખુલ્લા કરી આશિષ આપી, એટલે રાજસુતાએ વંદન કરી બોલાવી; પછી પોતાના આસને જઇ કુસુમાવળી બેઠી ખરી પણ હમેશાં જેમ ખુશી ઉપજાવે એવા રસિક ખ્યાલ કરતી પરંતુ આજે તો તે કેવળ મૌન ધરીને રહી છે, એવી રીતે વખત ગુજરતાં દિવસનો તાપ મટી ગયો અને રાત્રી થઇ તેથી સર્વે સહીયરો ઉઠીને રજા લઇ પોતપોતાને ઘેર ગઈઓ, ત્હારે કળાપ્રવીણ કુસુમાવળીનું મુખ જોઇને મનમાં કહેવા લાગી કે આજે કુસુમાંવળી કંઈક બેચેન જણાય છે એમ પરિક્ષા કરી, પછી જરોખે જઇ ત્હાં બેઠી અને પોતાની પાસે કુસુમાવળીને બોલાવી કળાપ્રવીણ પુછવા લાગીકે પ્રિય સખી કુસુમાવળી! આજે શા ભેદથી તમે અમુઝાઓ છો? ત્હારે કુસુમાવળીએ ઉત્તર આપ્યો કે કંઇ નહિ, એ તો મેં આજ કાંઈ નીશો કર્યો નથી તેથી એમ લાગે છે. એટલે પ્રવીણે માજમ મગાવી પોતાના હાથથી તે કુસુમાવળીને ખવરાવી, ત્હાં કુસુમાવળીએ મદિરાનો શીશો મગાવી દાસી પાસે તે ખુલ્લો કરાવી પાંચ ભરપુર પ્યાલા રાજકુમારી કળાપ્રવીણને દેવરાવ્યા તેથી બંને જણીઓની લાલ આંખ્યો અને ખુશાલ થઇઓ. [૧૦]

चौपाई.

जाम बितीत जामनी होई, सहचारि आयस दई सु सोई;
कुसुमावलि एकंत परेखें, कही प्रबीन चांदनि देखें.
उठिं जन दोउ चांदनी आयें, इक द्वै तान ब्रह्मनि गायें;
उर हुल्लास हुओ अति जवही, बोली ब्रह्म कुमारिप्रति तबही.॥११॥

ટીકા—એક પહોર રાત વિત્યાકેડે હજુરી દાસીઓને રજા આપવાથી

તે સૂઈ રહીઓ, કુસુમાવળી તો વાટજ જોઇ રહી હતી કે એકાંત ક્યારે મળે! એટલામાં તો કળાપ્રવીણે કહ્યું કે ચાલ સખી ગચ્ચીમાં જઈ ચાંદની જાઇએ, પછી બન્ને જણીઓ ઉઠિને ચાંદનીમાં આવી બેઠીઓ અને ત્હાં કુસુમાવળીએ એક બે ગાયનના ખ્યાલ ગાયા એટલે તો કળાપ્રવીણના ઉરમાં હુલાસનો પાર રહ્યો નહિ ત્હારે સમયાનુસારી કુસુમાવળી રાજકુંવરી પ્રત્યે બોલી.[૧૧]

छप्पय.

एक सर्वरी सुपन, भयो सो कह्यो न जाई;
बहुत बात बिस्तार, हानिके मध्य हसाई.
यहै सुरत परबीन, बात बूझनकों लग्गी;
प्रमानि मोह बढाय, बचन दोऊ यह मग्गी.
सुनि सुपन क्रोध कीजें नही, अरज प्रत्युत्तर दीजियें;
बिधि बिधि बिवेक कंहतहि बनें, सुपन सु भेद सुनीजियें. ॥ १२ ॥

ટીકા—આનંદની કહેવા લાગી કેહે પ્રાણથી વહાલી પ્રિય સખી કળાપ્રવીણ! મને એક રાત્રિયે સ્વપ્ન થયું અને તેની લીલા કહી જાય તેમ નથી, કેમકે તે વાત્ત બહુ લાંબી હોવાથી પુરી તો કહી શકાયજ કેમ! વળી તે સ્વપ્નમાં એક દુ:ખ અને બીજું હસવું છે. એ વાત સાંભળી કળાપ્રવીણ આતુર થઈ પૂછવા લાગી, ત્હાં તો કુસુમાવળીએ સ્વપ્નની વાતનો મહિમા વધારી બોલવાની ચાતુરાઇથી કળાપ્રવીણને એટલી અધીરી કરી મુકી કે તેના મોહનો પાર રહ્યો નહિ! ત્હારપછી આતુર પ્રવીણ પાસેથી બે વચન માગી લીધાં, તે એકે સ્વપ્નની વાત સાંભળી ક્રોધ કરવો નહીં, તેમ અરજ સાંભળી તેનો ઉત્તર આપવો; એમ કરો તો ઘણીજ વિધિવાળી વાત કહેવાનું બને અને તમે પણ સ્વપ્નના ભેદને સાંભળો. (૧૨)

दोहा.

बात सुनन उर चाह बहु, बकसे बचन प्रबीन;
कुसुमावलि प्रति नृप कुमरिं, कहो कहो जक लीन. ॥१३॥

ટીકા—વાત સાંભળવાની ઉરમાં ઘણી ચાહનાવાળી કળાપ્રવીણે કુસુમાવળીના માગ્યા પ્રમાણે બન્ને વચન આપ્યાં તે પછી કુસુમાવળી પ્રત્યે રાજકુમારીએ "હવે કહો, હવે કહો" એવી જક લીધી. (૧૩)

अथ सुपन आडंबर कुसुमावलि उक्त—छंद पद्धरी.

आयो सु सुपन निश एह आज; आखेट आये वह महाराज.

गाजंत निशान साजत गयंद; निकसे झरोख नीचै नृरिंद.
निज कुमर एह साथी न सथ्थ; चांदनी आय आकाश पथ्थ.
कौमुदी चंद पूरन प्रकाश; राजंत आप इत मुदित आस.
उठि आप तासु मनुहार कीन; आधे उछीर आसन सु दीन.
बतरानलगे उभ उर हुलास; नन पासवान हम एक पास.
सिंगार बास दुहु सम सरूप; भामनी काम कामनी भूप.
जर चेल चित्र मनि मुक्त माल; राधिका कृष्न आभा रसाल.
मुसकात वात तुम करत मंद; उर बढत हूमें त्यों त्यों अनंद.
चंदन चढाय सौगंध लाय; तुम पात्र दीन मैरेय ताय.
आपको पात्र उन दीन फेर; हसि अति हुलास अनिन सु हेर.
एकेक भयो उर अति सनेह; मानहु घटा श्रव सुधा मेह.
तुम भरयो पात्र दूसरि बार; हसि कह्यो आप हमसें निहार.
हांहां गुलाबदानी मगाय; महराज अंग छिरकौं जु आय.
तुम लगे बहुर बतियां उमग्य; हांहां सु लांउ कहि गई जग्य.
एही सुपन्न कारन सु कोन; मुसकाय ग्रहे भ्रमनी मोन. ॥ १४ ॥

ટીકા—કુસુમાવળીએ સ્વપ્નની વાત કહેવી સીરૂ કરી કે:-આજ રાત્રીએ એવું સ્વપ્ન આવ્યું કે જાણે પેલા સિકારે આવેલા મહારાજ ફરીને વાજતે ગાજતે તથા ઘણી તરેહની સણુગારેલી હાથી ઉપરની અંબાડીમાં બેશીને આપણા આ ઝરોખા નીચે થઈને નિકળ્યા. તે રાજકુમાર એકલા પોતે માણસવિના અજવાળિયામાં આકાશ માર્ગે આપણા મેહેલમાં આવ્યા, તે વખતે ચંદ્રની ચાંદનીનો પરીપૂર્ણ પ્રકાશ થયો હતો,-તેથી આપ હર્ષિત વદનથી આંહી બેઠાં હતાં ત્હાં તેઓ આવ્યા ત્હારે આપે ઉઠીને તેમને સત્કારથી અને અર્ધા બિછાનાપર ઓસીકા તરફ બેસાર્યા; પછી બન્નો જણ મોજથી વાતો કરવા લાગ્યાં, જે વખતે પાસે દાસ દાસી કોઇ હતાં નહિ-ફક્ત એક હું જ પાસે હતી. અંગે સજેલા શૃંગારે, વસ્ત્ર આભૂષણે, તેમ સ્વરૂપમાં સરખે સરખાં બન્નો જણ જાણે રતિ ને કામદેવ હોયને! એવાં દેખાતાં હતાં. જરીનાં વસ્ત્ર તથા જાત જાતનાં મણિ-મોતીની માળાઓ કંઠે પહેરેલ હતી, અને તે વખતની શોભા જોતાં જાણે સુંદર રાધાકૃષ્ણજ શોભતાં હોયને! વળી તે સમયે તમે બંને જણ મંદમંદ વાતો કરતાં તથા વચ્ચે સ્મિત હાસ્ય કરતાં હતાં,-જે જોઇ મારા મનમાં વધારે વધારે આનંદ ઉપજતો હતો; તમે

તેમને ચંદન ચુરચી, સુગંધી તેલ-ફુલેલ-અત્તર લગાવી, મદિરાનું માત્ર ભરી આપ્યું; તેમ તેમણે પણ પાત્ર ભરી આપને આપ્યું. એમ કરતાં પરસ્પર એક એકને અતિ સ્નેહ થયો, તે જાણે મેઘની ઘટામાંથી અમરતનો વરસાદ વરસતો હોયને! વળી તમે બીજીવાર પાત્ર ભર્યું અને મારા સામું જોઇ હસીને બોલ્યાં કે કુસુમાવળી! ગુલાબદાની મંગાવો કે હું મહારાજ ઉપર ગુલાબજળ છાંટું એમ કેહી તમે ઘણા ઉમંગથી વાતો કરવા લાગ્યાં; બાદ મેં કહ્યું હે હાંહાં લાવી આપું છું! એમ કહેતાંજ આંખ ઉઘડી ગઇ-અર્થાત્ જાગી ઉઠી! તો હે કળાપ્રવીણ! એ સ્વપ્નનું કારણ કોણ? એટલું બોલી કુસુમાવળી જરા મુસકાઇને મૌનપણું ધારી બેઠી. [૧૪]

दोहा.

कहा सुपन कारन कहा, कहा उकति यह कीन;
सुमन गुच्छ मुसकाय कछु, कुसुम सु हन्यों प्रवीन ॥ १५ ॥

ટીકા—આતે સ્વપ્ન કેવું? તેમ તેનું કારણ તે શું! આતે કેવી વાત કરી? એમ કહી જરા મુસકાઇને ફુલનો દડો કળાપ્રવીણે કુસુમાવળીને માર્યો. [૧૫]

चोपाई.

कुसुम प्रवीन प्रकृति कछु जानी; बोलनलगि कुमरी प्रति बानी.
राज वंश ब्रह्मको नहि मारे; हम तो सुपन सत्य करिडारे.
द्विज दधीच सुर कारज कीनो; द्विज अगस्त कोपि दधि पीनो.
द्विज मिलाय रुकमिनी हरि दोइ; द्विज सु दीन जानो मत कोई.
द्विज वश मंत्र मंत्र वश देवा; एहि विध सृष्टि करत द्विज सेवा.
यातें बचन सत्य द्विज मानो; द्विज सु देव मानव जिन जानो. ॥१६॥

ટીકા—કુસુમાવળી કળાપ્રવીણની કંઇક પ્રકૃતી જાણીને વળી રાજકુંવરીને કેહેવા લાગી કે, રાજવંશી તો (તમારી પેઠે) બ્રાહ્મણને મારે નહીં; અમેતો બ્રાહ્મણ છૈયે માટે ખોટા સ્વપ્નાને પણ સાચું કરવું હોય તો કરી નાખિયે-કેમકે જુવો આગળના બ્રાહ્મણો! દધીચિ ઋષિએ પોતાના અંગનાં હાડ કાઢી આપીને દેવતાઓનું કામ કર્યું; અગસ્ત્ય મુનિયે કોપીને સમુદ્ર પીધો, વળી બ્રાહ્મણે શ્રીકૃષ્ણ તથા રૂકિમણી એ બન્નેને મેળવી આપ્યાં; વાસ્તે કોઇએ બ્રાહ્મણને દીન જાણવા નહીં, બ્રાહ્મણને વશ મંત્ર અને મંત્રને વશ દેવ છે, તેટલાજ માટે સૃષ્ટી બ્રાહ્મણની સેવા કરે છે, તેથી બ્રાહ્મણનાં વચન સાચાંજ જાણો-એટલે બ્રાહ્મણ છે તે મનુષ્ય નથી પણ દેવ છે એમ જાણો. (૧૬)

गाहा.

श्रवनि बात प्रवीनं, मुनियत धार अंतरंग सखी;

कारन करन प्रकाशं, बोलिय प्रति विवेक जुत बानी. ॥१७॥

ટીકા—કળાપ્રવીણ કુસુમાવળીની વાત સાંભળીને એને અંતરંગિની સખી ધારીને ખરૂં કારણ પ્રગટ કરવાને તેની પ્રત્યે વિવેકયુક્ત વાણીથી કહેવા લાગી. (૧૭)

येहित भरित उसासं, बोलत मंद मंद यह बानी;

उन उत कित इत आवहि, पावहि जिहि अद्रष्टमहि जैसो. ॥१८॥

ટીકા—પ્રથમ અંગ મરડી-આળસ ખાઇ-ઉંડા નિસાસો મુકી ધીમે ધીમે આ વચન બોલી કે હે, સખી! એ ત્હાંના રેહેનાર રાજવંશી આંહીં કયાંથી આવે અને મને મળે! આપણે તો જે આપણા અદ્રષ્ટમાં લખ્યું હશે તે પામશું. (૧૮)

सोरठा.

एक अंगवत नारि, संग रहत निश दिन सदा;

आशय लई निहार, कुसुम सु कलाप्रबीन मन. ॥ १९ ॥

ટીકા—એકજ અંગવારીની પેઠે બન્ને જણીઓ નિરંતર રાત દિવસ એક સંગે રહે છે, તેથી કુસુમાવળીએ કળાપ્રવીણના અંતઃકરણનો અભિપ્રાય જાણી લીધો. (૧૯)

फुनि तब कही प्रकाश, वहे आप जोरी बिहद;

हे न कछु परिहास, उन पत्रायो आप प्रति. ॥ २० ॥

ટીકા—ત્યાર પછી કુસુમાવળીએ ખુલ્લે ખુલ્લું કહ્યું કે હે, કળાપ્રવીણ! એ રાજવંશી આપની બરોબર જોડ છે-તે હું કાંઇ મશ્કરી કરતી નથી પણ તેનો આપનીપર પત્ર આવ્યો છે. [૨૦]

तुरत त्रपा तजिदीन, चित प्रबीन भई चटपटी;

'लाव लाव' जक लीन, कुसुम वहे पाती कहां.! ॥ २१ ॥

ટીકા—એ વાત સાંભળતાંજ તુરત લાજ તજી દીધી અને ચિત્તમાં ચટપટી લાગવાથી આતુર બનેલી બોલી કે હે કુંસુમાવળી! એ પત્ર કયાં છે? તથા 'લાવ લાવ' એમ જિકર કરવા લાગી. (૨૧)

पाती कही बनाय, आलेटकं संन्यासलों;

कुसुम प्रतीत सुपाय, पाती दई प्रबीन प्रति. ॥ २२ ॥

ટીકા—જ્હારે કુસુમાવળીને વિશ્વાસ આવ્યો ત્હારે રસસાગર સિકારે આવ્યા હતા ત્હાંથી તે છેક સંન્યાસીને મોકલ્યા છે ત્હાં સુધીની સઘળી વાત વિસ્તારીને કહી સંભળાવી, બાદ કળાપ્રવીણને પત્ર આપ્યો. (૨૨)

गाहा.

पाती लई प्रवीनं, उर आनंद उदास उमंगिय;
खोलित कसन सु ग्रंथी, बंद बिदार बाचने लग्गिय. ॥ २३ ॥

ટીકા—કાગળ લેતાંજ કળાપ્રવીણના ઉરમાં ઉદાસી અને આનંદ ઉછળી આવ્યાં; પછી તે થેલી ઉપર બાંધેલી રેશમની દોરીની ગાંઠ ખોલી સઘળા બંધ વિદારી પત્ર વાંચવા લાગી. (૨૩)

अथ पत्र उदाहरन शिरनामेंको-सोरठा.

अहो! श्रि मिंत्र प्रवीन, बरन भेद ग्रहि बाँचियें;
लिख्यो जु पत्र नवीन, छंद सु मुक्तियदाम करि. ॥ २४ ॥

ટીકા—અહો, શ્રી મિત્ર પ્રવીણ! આ પત્ર વરણ કહેતાં અક્ષરના ભેદને ગ્રહી વાંચજો, જે મૌક્તિકદામ છંદ કરી લખ્યો છે. (૨૪)

अथ छंद मौक्तिकदाम.

स्वसंतिय श्री 'मनइंछित-थान'; बसें तहं जाननहार बिधान.
सदा उर अंतर एकहु रंग; उभे गति जाननहार अनंग.
त्रिहू गुन श्रीविध जाननहार; करे चत्र वेद सु भेद विचार.
लहें रति चारिहु भेद बहीर; रती इत पंच प्रती तुक धीर.
पदे फुनि पंच कवित्त सु काव्य; सधे रस मिश्रित पंच सु भाव्य.
षटे रस शासतरं षट बानि; अलिंगन रीत षटो रितु जानि.
सतो सुर लीन संगीतन जुक्त; सतं मत संस्कृतं सु विभक्त.
अठो गुन सात्विक आठ प्रकार; त्रियानकि आठ दशा बिसतार.
नवं रस थाइ कला नव लीन; नवं बिधि ब्याकरनं ग्रह भीन.
दशा दश हाव दशं दश थान; दशं मह पूजन काव्य प्रमान.
दुहू दश आभरनं अनुमान; दशां दुहु अंक जुतं अभिधान.
विद्या दश चत्रनकी रति रीत; ध्रुवा दश चत्रन भेद संगीत.
दशं अरु पंच सु मेंन निवास; कथा अनुमान समास प्रकास.

षटं दश आनन भूषन अंग; दशं षट गान कलान अनंग.
अठं दश भिन्न सु बात पुरान; दशं अठ ताल बिधान सु गान.
दुहूं दश एक सु मूर्छना गात; दशं उकती दश दोय बनात.
षटं दश दोय दुहानकि जात; गुनं दश दोय सु लच्छन बात.
उभे दश द्वादशं संचर एक; अठं दश द्वे गुन राग बिबेक.
शतं दश दोय कलान सु भेद; दशं अठ आसन कोक सु बेद.
अलंकृत आठ दशं दश नाम; बढे अति अच्छरके बिशराम.
गने गनती गुन छंद अपार; पढे नाहि पार लहे मुखचार.
सबे उपमा शुभसी छबि लीन; इते गुन लायक मित प्रवीन.
सदा चिरजीव रहो वह मित्र; लिख्यो रससागररनें यह पत्र.
सबे रसके तुम सज्जन धाम; सु बंचहुं जे कमलापति नाम.
इतें निज नेहसे मोद अनंत; लिखो निजके सु मया करि मित.
बढें पतियां लखि प्रेम प्रकाश; घटें उमड्यो मनु भाव उदास.
बिचारहु फेर हकीकति भाष; तुमें मुख देखनको अभिलाष.
घरी धन जो मुख देखहु आप; मिटे तनके बिरहानल ताप.
करें किरतार करे दिन एह; घटा बरसें चढि अंमृत मेह.
सदा मन ध्यान न चूकत सोय; जबे मिलहो तब आनंद होय.
कहा लिखियें बिसतार बिशेष; इतेमहि जानहुंगे अबिशेष.
इते फुरमान लखो फुरमास; सबे बिधिहें हमको बिशवास.
अनंतर अंत्र न राखिये एह; हमें तुम चाहत दीठ सनेह.
न लेखियें लेखक दोष जरूर; लखो प्रति उत्तर पत्र जरूर.
एके पर आठ सु संमत लेखि; बहे ब्रष तीनरु वंश बिशेषि.
सित पख ओर मधू शुभ मास; भयो परि पूरन चंद्र प्रकाश.
गुरू ग्रह बीत गई निश आध; लिख्यो यह पत्र सु मित्र अराध.
नभाउन प्रेम प्रकार प्रतीत; बिचारहु फेर सबैयन रीत. ॥ २९ ॥

ટીકા—સ્વસ્તિ શ્રી એટલે કલ્યાણકારક અને શોભાયમાન મનંછાપુર નામે ગામ છે—ત્યાં સર્વે રીતને જાણનારા વસે છે; તેના મનમાં હમેશાં એકજ

રંગ છે ને કામદેવની.૨૭, તમ ને સાત્વિક એ બન્ને ગતિને જાણે છે; ત્રણ ગુણ અને ત્રણ પ્રકારની વેદવિધી-કર્મ-ઉપાસનાના જ્ઞાનને જાણનારા, ચાર વેદના ભેદનો વિચાર કરનારા અને બાહ્ય ભેદને અવલોકનારા, ઉતાનકારિ પાંચ પ્રકારના સુરતને સમઝનારા, વળી પાંચ પ્રકારની કવિતા અને રઘુવંશ આદિક પાંચ કાવ્યના ભણેલા, તેમ રસ સહિત વિભાવાદિ પાંચ ભાવને સાધનારા, સ્વાદના છ રસ, તથા છ શાસ્ત્ર, અને છ ભાષાને જાણનારા, આલિંગન કરવાની રીતિને તથા છ ઋતુઓના ઉપચારને સમઝનારા, સંગીત શાસ્ત્રના જુક્તિથી સાતે સ્વરને પારખનારા, સંસ્કૃતમાં રહેલી સાતે વિભક્તીના મતને જાણનાર, આઠ ગણ અને આઠે સાત્વિક ભાવને જાણનારા, ક્રિયાની આઠ દશાને વિસ્તારનાર, નવ રસ તથા રતિ-હાસ્ય વિગેરે સ્થાયી ભાવની કળાને જાણનાર, નવ વિધનાં વ્યાકરણને તથા નવે ગ્રહોનાં ભિન્ન રૂપને સમજનાર, અભિલાષાદિ વિયોગની દશ દશા, લિલા વિલાસાદિ સંયોગના હાવ, અને દશ દિશાઓના સ્થાનકને જાણનાર, દશ મહા વિદ્યાનું પૂજન તથા દશ પ્રકારે કાવ્ય પ્રમાણને જાણનાર, બાર પ્રકારથી ઘરેણાં પેહેરી જાણનાર, બાર અંક યુક્ત એટલે બાર અક્ષરવાળી બારાક્ષરી (બારાખડી) પ્રમાણે નામને જાણનાર એટલે લગુ-ગુરૂના નિયમ પ્રમાણે શુદ્ધ શબ્દને ઓળખનાર, ચૌદ વિદ્યા, ચૌદ રતિ ક્રીડાની રીત, ધ્રુપદ આદિ સંગીત શાસ્ત્રના ચૌદ ભેદને જાણનાર, શરીરમાં કામદેવને રેહેવાનાં પંદર ચઢ-ઉતર ઠેકાણાંને પારખનાર, સર્વ પ્રકારની કથાનું અનુમાન અને સમાસની રીતને જાણનાર, અંગમાં સોળ પ્રકારના સોળ શૃંગાર આણી સજવાની રીત તથા ગાયન સંબંધી સોળ પ્રકારની કામકળાને જાણનાર, અઢાર પુરાણની ભિન્ન ભિન્ન વાર્ત્તાને તથા ગાયનના અઢાર તાલની રીતિને ઓળખનાર, અને ગાયનની એકવીશ પ્રકારની મૂર્છનાથી વાકેફ, બાવીશ પ્રકારની ઉક્તિથી ભાષણ કરનાર, છવીશ દોહાની જાતને જાણનાર અને બત્રીશ લક્ષણ તથા તેત્રીશ પ્રકારે સંચારી ભાવથી માહીતગાર, તેમ રાગણીયો સહિત છત્રીશ પ્રકારના રાગને વિવેકથી જાણનાર, બોતેર પ્રકારની કળાના ભેદને જાણનાર, કોક શાસ્ત્રમાં જણાવેલાં ચોરાશી જાતનાં આસનને કરી જાણનાર, એકસો આઠ અલંકારને સમઝનાર, વધતા ઓછા અક્ષરના વિશ્રામને પિછાણનાર, મેરૂ, મર્કટી, પતાંકા આદિ અપાર છંદોની ગણતરી કરનાર કે જેનો જાણતાં ચાર મુખવાળા બ્રહ્મા પણ પાર પામતા નથી-એવી સર્વ શુભ ઉપમાયુક્ત સુંદર છબી લેનાર, એટલા ગુણલાયક મિત્ર પ્રવીણ! સદા ચીરંજીવ રહો. સર્વ રસના ધામરૂપ હે, મિત્ર કળાપ્રવિણ! આ પત્ર લખનાર રસસાગરના! તમને સર્વ સૃષ્ટિના આધારરૂપ જય કમળા પતિ કહેતાં જય શ્રી કૃષ્ણ વાંચજો; અહીં આપના નેહથી ઘણો આનંદ છે, અને મીત્ર! આપના આનંદનો પત્ર મેહેરબાની કરીને લખશો, પત્ર લખવાથી

પ્રેમનો પ્રકાશ વધે છે તેમ મનમાં ઉપજેલી ઉદાસીનતા ઘટે છે, વળી કાગળથી હકીકતનો વિચાર જાણવામાં આવે છે. મને એક તમારૂં મ્હો જોવાની અભિલાષ છે અને જ્હારે હું તમારૂં મુખ જોઇશ તેજ ઘડીને ધન્ય લેખીશ, વળી ત્હારેજ મ્હારા શરીરનો વિરહાગ્નિનો તાપ મટશે,–એવો દિવસ પરમેશ્વર ક્યારે મેળવશે–કે વાદળાંની ઘટા ચડીને અમૃતનો મેહ વરસે! હમેશાં મારૂં મન તમારૂં ધ્યાન ચુકતું નથી, વાસ્તે જ્હારે મળશો ત્હારેજ આનંદ થશે; વિસ્તારીને વધારે વધારે શું લખીયે? વાસ્તે આટલેથી થોડું લખ્યું ઘણું કરી સર્વ બાબત જાણી લેશો, આંહી કાંઈ અમારા સરખી ફરમાશ હોય તો લખીને ફરમાવશો, બાકી અમારે તો સર્વ રીતે તમારો વિશ્વાસ છે; મનની અંદર કાંઇ પણ અંતર (જુદાઇ) રાખશો નહીં અને તમને–સ્નેહથી જોવાને ચાહીએ છીએ, કાગળમાં કંઇ દોષ હોય તો મનમાં આણશો નહીં, અને પત્રનો ઉત્તર જરૂર લખશો. એક ઉપર આઠ એટલે અઢાર અને વંશ એટલે રાંજવંશ જે છત્રીશ તેમાં ત્રણ વધારવાથી ઓગણચાળીશ થાય અર્થાત્ સંવત ૧૮૩૯ ના ચૈત્ર માસની શુકલ પક્ષમાં ૧૫ ને દિવસે પરિપૂર્ણ ચંદ્ર પ્રકાશ થયો; તે દિવસે ગુરૂવાર હોવાથી ગુરૂવારની અરધી રાત વિતિ ગઈ તે વખતે હે મિત્ર! આપને આરાધીને આ પત્ર લખ્યો છે–જે વાંચી આ જોડાયેલા પ્રેમને સદા નભાવશો એવી આપની પ્રતીત છે, અને વળી નીચે લખેલા સવૈયાને વિગતેથી વિચારશો. (૧૯)

अथ द्रष्टांतालंकार सवैया.

रंगहि रंग रह्यो मिलकें अंति, मंजतहीं चटकी नहि छूटे;
भेद कछू न परे परसें कर, पात प्रसून खरे नहि खूटे.
भाजन फूटगयो जु इते पर, टूक भयेहें तितीबिधि तूटे;
ऐसें प्रवीन बसे उर भीतर, जैसें बनाय बिलोरमें बूटे. ॥ २६ ॥

ટીકા—જેમ કાચનાં નાના પ્રકારનાં રંગદાર વાસણ સાથે તેમાં કાઢેલાં ચિત્રનો રંગ એવો તો સુદૃઢ મળીને રહ્યા છે કે તેને માંજવાથી એક ચટકી પણ છુટતી નથી, તેમજ તેના ઉપર કરેલા હાથના સ્પર્શથી જરાએ ભેદ પડતો નથી, અને તે બિલોરના પાત્ર ઉપર ચિત્રેલી પાતરાંવાળી ડાંખળીયો કે ફુલ ખરતાં કે ખુટતાં પણ નથી, પણ જો તે વાસણ ફુટીને તેના કટકા થઇ જાય તો તે ચિત્રના પણ તેટલાજ કટકા થાય છે; એમ હે પ્રવીણ! જેમ બિલોરી કાચના વાસણમાં ચિત્રેલી બુટીઓ વસી રહે છે, તેમ અમારા ઉર ભીતર તમે વસી રહ્યાં છો. (૨૬)

अथ अलंकार दृष्टांत.

बंध परेच जुदे पिंजरा दोउ, एककु एक घरी बिसरे नां;

ओसर वोट खुलें कबही तब, अंगहि अंग निहारत नेनां.
आपसमें बतरानलगे तब, जानत म्हेर बिरंचिको हेनां;
देखो प्रबीन बिहंगमकी गति, कीर कहांको कहांकि है मेनां.॥२७॥

ટીકા—જુદા જુદા પાંજરામાં જો કે બન્ને પક્ષીઓ બંધ પડે છે છતાં એક એકને ઘડી વિસારતાં નથી અને કોઈક વખતે તેમનો ઓસર ખુલે છે તેવાંજ આંખ્યોથી અંગે અંગને નિહાળ્યા કરે છે, વળી આપસ આપસમાં વાતો કરવા લાગે છે ત્હારે જાણે છે કે વિરંચી કહેતાં બ્રહ્માને પણ મેહેર નથી. માટે જુઓ હે પ્રવીણ! એ પક્ષીઓની ગતિ કેવી છે કે ક્યાંહાંનો પોપટ અને ક્યાહાંની મેનાછે. (૨૭)

अथ अलंकार दृष्टांत.

धाम अराम रह्यो करिकें तहूं, मित मिल्यो तो चल्यो तजि तीरें;
कोमल कुंजनको बसिया, रसिया व्है उड्यो सुख छांड शरीरें.
बाज बहे तो गहे गति बाजकी, धीर बहे तो ग्रहे गति धीरें;
कोटि उपाय करे बिछूरें नाहिं, प्रेम प्रबीन सुगंध समीरें. ॥ २८ ॥

ટીકા—મહેકતા બગીચામાં નિરાંતે ઘર કરીને રહ્યો છે પણ જો કદિ મિત્ર પવન મળ્યો તો તે બગીચાની તીરને તજીને ચાલી જાય છે, વળી તે કોમળ કુંજનો વસનાર છતાં રસિયો થઈને શરીરના સુખને છાંડી ઉડી નિકળે છે, અને તે મિત્ર પવન જો કદિ બાજની ગતિ ધારણ કરીને ઉતાવળે વહે છે તો પોતે પણ તેજ માફક ઉતાવળી ગતિને પકડે છે, તેમ જો તે મંદ ગતિયે વહે છે તો પોતે પણ તેવી ગતિને ધારણ કરે છે; એ બેને (સુગંધ અને પવનને) જુદા પાડવા સારૂ કરોડો ઉપાય કરે તોપણ તે એક એકથી વિખરે-જૂદા પડે નહીં; હે પ્રબિન! સુગંધને પવન સાથે એવો પ્રેમ લાગેલો છે તેમજ અમારે પણ તમારી સાથે છે. (૨૮)

अथ अलंकार दृष्टांत.

पावसमें मन मोद लिये जिमि, पान किये द्विरदी मदिराके;
ज्यौं ज्यौं घटा बरसे सरसें, तन सूकत सूकगए गदराके.
आठहु मास निसास रहे अरु, गाजत गाज उठे बदराके;
एसे यहें गुजरान अहो निश, देखो प्रबीन सने ददराके. ॥ २९ ॥

ટીકા—હાથીઓ જેમ મદિરાના પાનથી મોદમાં મહાલે છે તેમ વર્ષાદમાં દેડકાંઓ આનંદીત થાય છે, જેમ જેમ એક એકથી સરસ વરસાદની ઘટા વરસે છે તેમ તેમ દેડકાં સજીવન થઈ વધતાં જાય છે; જેમ રોગથી શ-

રીર સૂકાઈ જાય તેમ વર્ષાદ સૂકાવાથી એટલે ચોમાસુ મટવાથી તે પણ સૂકાઈ જાય છે; આઠ મહિના સુધી સાસ વગર રહે છે પણ વાદળાંની ગાજવીજ થતાંજ પાછાં ગાજી ઉઠે છે, એવી રીતે અહરનીસ તેઓનું ગુજરાન થાય છે, હે પ્રબીન! એ દેડકાંઓનો સ્નેહ જુઓ, અર્થાત્ અમારી પણ તેવીજ ગતિ છે. [૨૫]

अथ अलंकार दृष्टांत.

भीत भयो चित चित्र लख्यो तन, निंदत नीरज नंद दगारो;
अंग जरे मुरझायपरे पुनि, चाहत चंच अंगारको चारो.
सूर प्रभा प्रगट्यौं तो कहा सब, लागतहे जू हलाहल खारो;
देखो प्रबीन चकोरके नैंनन, चंद गयो तो भयो अंधियारो. ॥३०॥

ટીકા—મનમાં ભયભીત થઈ આલેખેલા જેવો શરીરે સ્તબ્ધ બની ગયો ને [થોડીવાર પછી સૂધીમાં આવ્યો ત્યારે] કમળમાંથી જેની ઉત્પત્તિ છે એટલે નંદ કહેતાં બ્રહ્મા દગાખોર છે એમ તેની નિંદા કરે છે, શરીરે બળે છે, વળતી મુરઝાઈને પૃથ્વી ઉપર પડે છે–છતાં ફરી ફરીને ચાંચથી અંગારાના ચારાને ચાહે છે, ને બીજાને પ્રિય એવો સૂર્યનો પ્રકાશ થયાં તેમાં ચકોરને શું? એનેતો સર્વ હળાહળ ઝેરજેવો ખારો લાગે છે. માટે હે પ્રબીન ! જુવો, કે ચકોરની આંખ્યોને તો ચંદ્રમા ગયો એટલે અંધારૂંજ થયું અને એજ માફક અમારી તમારી વચ્ચે પણ સમજવું. [૩૦]

दोहा.

आठ तीन पर पंच कर, तीन तीन पर दोय;
पंच पंच कर एक सो, निशादिन जंपत सोय. ॥ ३१ ॥

ટીકા—આઠમા વર્ગના ત્રીજા વર્ણની એટલે (સની) પાંચમી માત્રા કરવી અર્થાત્ (સુ) ત્રીજા વર્ગના ત્રીજા વર્ણ ઉપર બીજી માત્રા એટલે (જા) પાંચમા વર્ગના પાંચમા વર્ણની એટલે (નની) પેહેલી માત્રા કરવી અર્થાત્ (ન) [થાય; એમ "સુજાન" એવું જેનામ થયું, તેનેજ રાતદિવસ જપ્યા કરીએ છીએ. (૩૧)

पंच सवैया द्वै दुहा, बीश छंद अनुमान;
लिख्यो जू पत्र प्रबीनपें, सागर रसिक विधान. ॥ ३२ ॥

ટીકા—પાંચ સવૈયા, બે દોહા, અને વીશેક છંદયુક્ત પ્રમાણે રસીક પુરૂષોની રીત પ્રમાણે રસીક રસસાગરે કળાપ્રવીણ ઉપર પત્ર લખ્યો. (૩૨)

गाहा.

कुसुम सु कला प्रवीने, चरचा प्रथम पत्र बंचन विधि;
षष्ठविंश अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ ३३ ॥

ટીકા—કુસુમાવળી અને કળાપ્રવીણની ચર્ચા અને પ્રથમ પત્ર વાંચવાની વિગત સંબંધી પ્રવીણસાગર ગ્રંથની છવીશમી લેહેર સમાપ્ત થઇ. (૩૩)

इतिश्रीप्रवीनसागरग्रन्थेकलाप्रवीनकुसुमावळीसंवादेप्रथमपत्रबंचनभेदोनामषष्टाविंशतिमोलहरं. ॥ २६ ॥

लेहर २७ मी.

अथ कलाप्रवीन दशा कुसुमावलि चर्चा प्रसंग—सोरठा.

सागर पत्र प्रवीन, बंचतही बदली दशा;
मनहुं छीनं जल मीन, तिहीबेर तलफन लगी. ॥ १ ॥

ટીકા—કુમાર રસસાગરનો પત્ર વાંચતાંજ કળાપ્રવીણની દશા બદલાઇ તે જાણે પાણી વિના જેમ માંછલી તરફડે તેમ તે વખતે તરફડવા લાગી. (૧)

चोपाई.

खोलत बीर बांचनें लग्गी; रोंम रोंम बिरहानल जग्गी.
बरन बरन सर छाती पारा; जाने प्रेम जाननेहारा.
पहुचें एक पंचती आरा; उमडे नेंन असाढी धारा.
पूरन छंद बाचने लग्गे; प्रान पतंग दीप ज्यों दग्गे.
अथ इति पत्र बांचने पाई; एतेमें तनकी सुधि नाई.
कुसुमावलि पाती कर लेवे; हिय द्रढकी हिम्मति फिर देवे.
मागे फिर सचेतव्है पाती; अति उसास भरिआवे छाती.
इहि बिधि पाती पूरन कीनी; कलाप्रवीन मूर्छना लीनी.
कुसुमावलि मनमें पछतानी; ऐसिहि बात अंमें नहि जानी.
के उपचार करन मन लागी; मुहुरत गए मूर्छना भागी.
फिर फिर बात बूझने लागे; कुसुमावलि मतेकों मागें. ॥ २ ॥

ટીકા—બિડેલ કાગળ ફોડીને વાંચવા લાગી કે રોમે રોમે વિરહાનળ

પ્રગટયો, અને અક્ષરે અક્ષરે કામ-બાણ છાતી છેદી સોંસરાં ઉતરવા લાગ્યાં, એ પીડાને તો એક પ્રેમને જાણનાર પુરૂષજ જાણે! એમ પત્ર વાંચતાં વાંચતાં એ એક પંક્તિના છેડા સુધી પહોંચી ત્યાંતો અષાઢ માસના વરસાદની માફક આંખ્યોમાંથી આંસુની ધારા વરસવા લાગી, જેમ તેમ પૂર્ણ છંદને વાંચવા લાગી એટલે તો પતંગિયું દીવામાં એકદમ ઝુકાવી બળે તેમ પ્રાણરૂપી પતંગ પ્રેમ દીવામાં બળવા લાગ્યું; પહેલેથી તે છેડા સુધી કાગળ વાંચ્યો એટલે તો શરીરની શુદ્ધબુદ્ધ જતી રહી–અર્થાત્ બેભાન થઇ ગઇ! ત્યારે કુસુમાવળીએ કાગળ પાછો લઇ લીધો અને પ્રવીણને મન દૃઢ રાખવાની ફરી ફરીને હિમ્મત આપવા લાગી. એમ કરતાં પાછી જ્યારે કુંવરી સચેત થાય છે એટલે કાગળ માગી વાંચવાને જાય છે ત્યાંતો પાછી અતિ ઉસાસાથી છાતી ભરાઇ આવે છે, એમ કરતાં કરતાં કાગળ પૂરો વાંચ્યો કે તરતજ કળાપ્રવીણને મૂર્છા આવી; આવા સ્થીતિ જોઇ કુસુમાવળી મન સાથે પસ્તાઇ કહેવા લાગી કે આવી વાત પ્રથમ જાણી નહીં–નહિ તો કાગળનો ભેદ ખુલ્લો કરત નહીં એમ કહીને ઘણાક ઉપચારો કરવા લાગી, એવા ઉપાય કરતાં બે ઘડી વીતિ ગઈ ત્યારે મૂર્છા વળી કે તરત પાછી ફરી ફરીને તેને તે વાત પુછવા લાગી, તેમ તેમ કુસુમાવળીએ તેનું ખંડન કરવા માંડયું. [૨]

अथ पुनि कलाप्रवीन दशा-छंद भुजंग

टुटे बंधमें लोककी लाज टुटी, छुटे बीरमें चितकी धीर छूटी.
गुलाबी किये नेंन नेनोमें पानी; भरीआइ छत्ती सु बोले न बानी.
दिवानी भई चांदनी बीच डोलें; उदासी लई पान लावे कपोलें.
पसीना भयो रोमकी रोचि जग्गें; वही मितका चित्तमें ध्यान लग्गें.
उसासा भरे श्वासके संग ज्वाला; भई चंद्रकी चंद्रिका ज्वाल माला.
मनो अंग दाहे परी दाह जग्गा; कटे घाउके ऊपरें लोंन लग्गा.
सखी हाथसें पत्र ले फेर बंचे, दुऊ नेनसें नीर धारा न खंचे. ॥ ३ ॥

ટીકા—કાગળ ઉપરના બંધ તુટયા કે તેની સાથેજ લોકની લાજ તુટી ગઈ અને કાગળને છોડવા સાથે જરામાં મનની ધીરજ છૂટી ગઇ, રોઇ રોઈને રતાશ પડતી ગુલાબી રંગ જેવી કરેલી આંખ્યોમાંથી આંસુ રૂપી પાણીની ધારા વહેવા લાગી, છાતી ભરાઇ આવવાથી વચન બોલી શકતી નથી, અને ગાંડા જેવી દીવાની બનીને ચંદ્રની ચાંદનીમાં ડોલતી ફરે છે, તે ઉદાસી ધરીને હાથ લમણે મુકી વિચાર કરે છે, અંગે પરસેવો વળી ગયો ને રૂંવાડાં ઉભાં થવાથી તેની કાંતિ જાગી ઉઠી, તથા મિત્રનું ધ્યાન પોતાના મનમાં

લાગી ગયું; ઉંચા નીચા નીસાસા ભરવાથી શ્વાસની સાથે ઝાળો ઉઠી અને ચંદ્રનું અમૃત જેવું સિતળ અજવાળું પણ અગ્નિની ઝાળોના સમુહ જેવું થઈ અંગ બળે છે તે જાણે દાવાનળ અગ્નિ સળગી ઉઠયો હોયને શું! વળી એમ દેખાય છે કે જાણે કપાયેલા ઘા ઉપર મીઠું લાગ્યું હોયને? એવી વેદના કરે છે; એટલું દુઃખ સહન કરતાં પ્રિય સખીના હાથમાંથી પત્ર લેઇને પાછી વાંચે છે, બન્નો આંખ્યોમાંથી ચાલતી આંસુની ધારા તો ખંચાતીજ નથી. (૩)

दोहा.

कुसुमावलि पटुताइ करि, बहु समुझावत बाल;
त्यों सु प्रेम बाढे बिरह, आज्य अगिन मिलि ज्वाल. ॥४॥

ટીકા—કુસુમાવળી બહુ બહુ ચતુરાઇ કરીને પ્રવીણને સમઝાવે છે તેમ તેમ વિરહવેદના અને પ્રેમ અગ્નિમાં ઘી બળવાથી ઝાળ વધતી જાય છે તેવી રીતે તે વધે જાય છે. (૪).

नीठ नीठ आनी सयन, उर सु द्रढाई धीर;
बिंद याद नींद न लगी, जुरी प्रात बहु बीर. ॥ ५ ॥

ટીકા—કુસુમાવળીએ માંડ માંડ શય્યાપર લાવીને મનમાં ધીરજ આપી સૂવારી પણ પ્રવીણને પ્રિયતમના સ્મરણને લીધે નિંદ્રા આવી નહીં, બાદ સુવાર થયું ત્હારે ઘણીક સખીઓ એકઠી મળીઓ. [૫]

अथ चोपाई.

दिनकर उदित सहेली आई; सोउ न कलाप्रबीन सुहाई.
कुमरी कछू उदास लखाई; सोई चतुर सहेलिन पाई.
षुसी खेल बिध बिधके मंडे; उन उदास भावहू न छंडे.
दिन प्रति दिन पहतरें बिहावे; चरचा वही रेंनकुं चलावे.
ब्रह्मानि वह बातको बिसारे; राज सुता छिन छीन संभारे. ॥ ६ ॥

ટીકા—સૂર્ય ઉગતાં સર્વ સાહેલીઓ આવીઓ તે કળાપ્રવીણને ગમ્યું નહીં. રાજકુંવરી આજ કાંઈ ઉદાસી દેખાય છે એમ ચતુર સાહેલીઓ પામી ગઇઓ તેથી તેને ખુશી કરવા સારૂ ઘણા પ્રકારના ખુશીના ખેલ કરવા લાગીઓ,–તોપણ કુંવરીએ ઉદાસીનો ભાવ તજયો નહીં; એમ દહાડો રાત ઉદાસીમાં ને ઉદાસીમાં ગુજારે છે તથા રાત્રિને વખતે તે સંબંધી ચર્ચા ચલાવે છે, બ્રહ્મકુમારી એ વાતને વિસરાવે છે પણ રાજકુંવરી ક્ષણે ક્ષણે એની એજ વાત સંભારે છે. (૬)

छप्पय.

पूरन कलाप्रबीन, प्रेम उर मध्य सु आयो;
तर्क कीन दिन तीन, चितमें एह द्रढायो.
मरना व्हैंत कबूल, ओरहीसें नहि बरना;
उमया ईश अराधि, गुजर पत्रहिपर करना.
एती उलंघ बात जु कहें, कुल म्रजाद अपवाद जन;
कौमार बिरद धारन मतो, निज निश्चैं कीनो स्व मन. ॥ ७ ॥

ટીકા—પૂર્ણ પ્રેમથી કળાપ્રવીણ જ્હારે હૃદયમાં ભરપૂર થઈ, ત્હારે ત્રણ દિવસ લગી તર્ક કરીને ચિત્ત સાથે એવો દૃઢ નિશ્ચય કર્યો કે મરવા સુધી કબૂલ પણ બીજા અન્ય પુરૂષ સાથે લગ્ન કરવું નહીં; માત્ર શિવ પાર્વતીને આરાધી કેવળ એક મનના માણ્યા માહારાજા શ્રીના પત્ર ઉપરજ ગુજરાન ચલાવવું એથી જો લોકો કુલ-મર્યાદાનું ઉલંઘન કર્યાની ઉલટી વાત કહેશે તો કૌમારવ્રત ધારણ કરવું એવો પોતાના મન સાથે પ્રવીણે નિશ્ચય કર્યો. (૭)

दोहा.

यों धारत दिनकर अहर, भई सांझ शशि भोर;
कुमरी नीतपाल सु प्रति, कही अरज करजोर. ॥ ८ ॥

ટીકા—એમ મનમાં વિચાર ધારતાં સૂર્યના દિવસની સાંજ થઈ, અને બીજે દિવસે પ્રભાતમાં શશી કહેતાં ચંદ્રમાનો દિવસ [સોમવાર] થશે જાણી નીતિપાલ રાજા પ્રત્યે રાજકુંવરીએ હાથ જોડી અરજ ગુજારી. (૮)

छप्पय.

महाराज निज बाग, उमा माहेश सुहावे;
उन मानतके लिये, प्रात शशि दिन सु सिधावे.
व्रद्ध बाल नर नारि, सहर सिगरोई आवे;
खान पान सामान, सबें सिरकार पठावे.
नृप नीतपाल कुमरी अरज, सुनियत वह मानी सबें;
धरि आस तास आयस दई, पुर पुकार भंषी तबें ॥ ९ ॥

ટીકા—વ્હાલા પિતાજી! આપણા બાગમાં ઉમા માહેશનું મંદિર છે, તેમની મેં માનેલી માનતાને લીધે પ્રભાતમાં શશી દિવસ કહેતાં સોમવારનો દિવસ છે તેથી આપ કહો તો ત્હાં જઇએ, એટલુંજ નહિ પણ સાથે

શેહેરનાં વૃદ્ધ,-બાળક,-નર-નારી વિગેરે સર્વ લોક આવે અને તેમને ખાવા પીવાને સર્વ વસ્તુ સત્કાર પુરી પાડે. આવી કુંવરીની અરજ સાંભળી નૃપ શિરોમણી નીતિપાલ રાજાએ તે વાત કબૂલ કરી અને ધીરજ આપી તેની આશા પુરી પાડવાની આજ્ઞા આપીને આખા શેહેરમાં તે પ્રમાણે ઢંઢેરો પીટાવ્યો. (૯)

छप्पय.

निश बिति शशि भोर, नाद नृप द्वार सु बज्जे;
पुरजन मंडन धारि, सबें शिव थानक सज्जे.
चक्री अरु मंदोल, सुतर गज बाज सु पैंदल;
इहि विधि बरन अठार, आय इश्वर थानक चल.
सामान खान पानहि सकल, दिय अमात जन जन सुप्रति;
उच्छव अनंत जन मन मुदित, ठोर ठोर संगीत गति. ॥१०॥

ટીકા—રાત ગુજરી અને સોમવારનો પ્રાતઃકાળ થયો ત્હાં રાજદ્વારમાં વાજાંનો નાદ થવા માંડયો, પુરવાસીઓ નાના પ્રકારના વસ્ત્રાભૂષણો અંગ ઉપર ધારણ કરી રાજાના બાગમાં શિવ મંદિરે સજ્જ થઇ જવા લાગ્યાં. તે વખતે રથ, પાલખી, ઉંટ, હાથી, ઘોડા અને પગે ચાલતા સિપાઈ સાથે મહારાજા નીતિપાળ અને અરાઢે વર્ણના લોકો બાગમાં ઈશ્વરસ્થાનકે ચાલી આવ્યાં. તેઓને ખાનપાનાદિ સકળ સામાન રાજાના કારભારીઓએ દરેક જણને પહોચાડયો; આવા રળિયામણા ઉત્સવથી સર્વના મનમાં અતિ અતિ આનંદ છવાઈ જહાં ત્હાં ગાયન અને વાજીત્રો વાગી રહ્યાં છે. (૧૦)

अथ छंद झंपताळ.

बागमें नीतपालं नृपत्ती रजे; नाद बाजित्रके भिन्न भिन्नं बजे.
केउ बाजी-गरं रंग बाजी नटा; नायका नृत्य साधंत केऊ पटा.
गायका गान साधंत केऊ कला; कुंजमें गुंज माधूप छूटे नला.
मानुषं सोर झिंगोर केऊ खगा; माननी जूथ गावंत केऊ जगा.
आपके आप सामान केऊ संभा; मानहों उच्छवं इंद्र पाई प्रभा.
राज पुत्री जरी नंग सिंगारियं; हेम तारी सु पाटंबरं धारियं.
अंग आभावनी कंचनं वेलियं; संग लीनी शतंपंच साहेलियं.
मंद गत्ती सबें मंगलं गावही; ऊमया ईश थानंकपे आवही. ॥ ११ ॥

ટીકા—બાગમાં નૃપત્તિ નીતિપાલ બીરાજેલા છે, ત્હાં ભિંન્ન ભિન્ન રીતેથી ઘણાંક વાજીત્રો વાગે છે, કંઇક ઠેકાણે બાજીગરો ઘણી રંગથી રમત કરે છે, કંઈક નટ-ખેલાડીઓ હેરત પમાડે તેવા ખેલ સાધે છે, કંઈક ઠેકાણે નાયકાઓ નૃત્ય કરી રહીયો છે અને કંઇક જગોએ અખાડા સિદ્ધ પહેલવાનો કુસ્તી ખેલે છે, વળી કોઇ કોઇ ઠેકાણે ગવૈયાઓ સાત સ્વરને તાલમાં આણી ગાયન કરે છે,તેમ બીજીગમ કુંજલતા મંડપની ઘટામાં ભમરાઓ ગુંજારવ કરી રહયાછે; પાણીના નળમાંથી ફુવારા છૂટી રહ્યા છે, બાગમાં કંઇક ઠેકાણે હુંસ, વિગેરે પક્ષીઓ કલ્લોલતાથી સુંદર અવાજ કરી રહ્યાં છે, વળી કોઈ જગાએ માનની ભરેલી સ્રીઓનાં વૃન્દ ટોળે મળીને ગીતો ગાય છે, તેમ કેટલીક ઠેકાણે પોતાના સમોવડીઆ મિત્રો મળી સભા ભરી વિનોદ કરે છે, તેથી એમજ જણાય છે કે જાણે આ ઉત્સવ ઇંદ્રાદિ દેવોની પ્રભા હોયને? રાજપુત્રીએ ત્હાં જરી અને અનેક નંગથી જડિત્ર ઘરેણાં તથા સોનાના કસબની કોર પાલવદાર સોનેરી પીતાંબર પહેરી લીધું તેથી તેના શરીરની શોભા જાણે સોનાની વેલ હોયને? તેવી દીસવા લાગી. એવી રીતે સાથે પાંચસેં સાહેલીઓ લેઈ મંદ ગતિથી મંગળ ગીતો ગાતાં ઉમાઇશના સ્થાનકે આવ્યાં. (૧૧)

अलंकार आरोहावरोह यथासंख्या—अथ छप्पय षटविधानी.

समर शशि सारंग, जिष्नु धन्वंतरि शंकर;
तिलक रूढ आयुद्ध, नाद बाहन ओरें सर..
कमल एनचख शंख, चाप तोतामुख इंदु;
कांति सुघट अरु कुटिल, गोल ऊझकेसे म्रदु.
तिय पान नेन ग्रीवा गनो, भ्रकुटी नासा भाल भनि;
एती प्रबीन आभा लिये, बाल बाग निकसी सु बनि. ॥१२॥

ટીકા—કામદેવનું બાણ જે કમળ તે સરખા કોમળ હાથ અને ચંદ્રમાનું વાહન જે મૃગ તેના નેત્ર સરખાં ચપળ નેત્ર અને કૃષ્ણનું નાદ કરવાનું વાદ્ય જે શંખ તેના જેવું ગળું અને અર્જુનનું આયુધ જે ગાંડીવ ધનુષ તે બરોબર વાંકી ભ્રકુટી, અને ધન્વંતરીનું વાહન જે પોપટ તેની ચાંચ સરખું નમણું નાક, અને શંકરનું તિલક જે ચંદ્ર તેની કાંતિ જેવું તેજસ્વી કપાળ, એમ છએ અંગે ઉપરની કાન્તિને ધારણ કરેલી એવી તે બાળારૂપ પ્રવીણ સુંદર શણગારથી બનીને બગીચામાંથી નિકળી. (૧૨)

छंद मुक्तिदाम.

सदा शिव मंजन गौरि कराय; चरचत चंदन केसर चाय.

चढाइग पुष्प सु बिल्लव पत्र; गुलाल सु ओर अबीर विचित्र.
कियो तित धूप सु दीपक माल; फला रगके नइबेद रसाल.
त्रिकुट्टिय लोंग सु पुंगिय पान; धर्यो मुखवास अनेक बिधान.
कनंकन थार कपूर सु लीन; करी उत आरति बाल प्रबीन.
परी भवनाथ भवानिय पाय; करी तहं अस्तुति छंद बनाय.॥१३॥

ટીકા—સદાશિવ જે શંકર તેમને ગૌરી સહિત વિધિએ સ્નાન કરાવી કેસરનું ચંદન ચરચ્યું, પછી પુષ્પ અને બીલીપત્ર ચડાવ્યાં, તથા વિચિત્ર રંગના ગુલાલ–અબીલ ચડાવી ધૂપ કરીને દીપમાળા પ્રગટી, બાદ રસાળ ફળ અને સ્વાદીષ્ટ નૈવેધ ધર્યું, જે પછી ઇલાયચી–લવીંગ–સોપારી–પાન વિગેરે અનેક રીતે મુખવાસ મૂક્યો, બાદ સોનાના થાળમાં કપૂર સળગાવી બાળા પ્રવીણે શ્રીશંકરની આરતી ઉતારી, પછી મહાદેવ તથા પાર્વતીને પગે પડી છંદ બનાવી સ્તુતિ કરવા લાગી. (૧૨)

छंद तोमर.

जय जय जटा मधि गंग, जय जय कबारि उत्तमंग,
जय जय विभूति बिलास, जय जय सुगंध प्रकास,
जय जय सो चंदा भाल, जय जय त्रिपुंड्र रसाल,
जय जय सु नेंन ज्वलिंद, जग जय सु बंदन बिंद,
जय जय मुंडन माल, जय जय सु मुक्त रसाल,
जय जय अही तन धार, जय जय प्रसूनन हार,
जय जय गरल गल संध, जय जय कपोत स बंध,
जय जय सु नग्न शरीर, जय जय पितांबर चीर,
जय जय सु भ्रख्खन भंग, जय जय सुरा मद संग,
जय जय वपू विकराल, जय जय सरूप बिशाल,
जय जय सु नंदी नाथ, जय जय मृगेंद्र सु साथ,
जय जय सु गुनजुत दास, जय जय सु जोगिनि पास,
जय जय सु संकट गंज, जय जय जनारति भंज,
जय जय उमा अध अंग, जय जय सदा शिव संग,
जय जय भवा भव भूप, जय जय सु प्रेम सरूप,
इतनीं सु अस्तुतिं कीन, वंदे चरन परबीन. ॥ १४ ॥

ટીકા—જટામાં ગંગાને ધરનાર હે સદાશિવ! અને માથાપુર કેશપાશને ધરનાર હે ઉમાદેવી! તમારો જય થાઓ. વિભૂતિ લેપન કરનાર હે મહાદેવ! અને સુગંધીને ચર્ચનાર હે પાર્વતિ! તમારો જય થાઓ. કપાળમાં ચંદ્રને ધરનાર હે શંકર! અને સુંદર ત્રિપુંડ્ર-આડ કરનાર હે ઉમિયાજી! તમારો જય થાઓ. જ્વાળા સમાન લાલ નેત્રને રાખનાર હે ભોળાનાથ! અને સીંદુરની બિંદગી કરનાર હે શ્રી દેવી! તમારો જય થાઓ. ગળામાં મસ્તકોની મુંડ-માળાને ધરનાર હે ભગવાન્ મહારૂદ્ર! અને કંઠમાં મોતીની માળા પેહેરનાર હે પાર્વતીજી! તમારો જય થાઓ. શરીરે સર્પ ધરનાર હે શંકર! અને ફૂલ-હાર ધરનારાં હે પાર્વતી,! તમારો જય થાઓ. ગળામાં હળાહળ વિખ ધરનાર હે નીલકંઠ! અને કંઠે હોલાની ઉપમાનો છે સંબંધ જેને એવાં-અથવા તો કપોતનું બીજું નામ સૂત્રકંઠ અર્થાત્ જેણે મંગળસુત્ર કંઠે બાંધ્યું છે એવાં હે જગદંબા! તમારો જય થાઓ. નગ્ન સ્વરૂપવાળા હે ભૂતનાથ! અને અંગે પીળાં વસ્ત્ર પહેરેલાં છે એવાં હે ઘ્રધેરી! તમારો જય થાઓ. ભાંગને પીનાર હે અચલેશ્વર! અને મદિરાનું પાન કરનાર હે યોગમાયા! તમારો જય થાઓ. વિક્રાળ શરીરવાળા વિરૂપાક્ષ! અને અતિશે સુંદર રૂપવાળાં હે ત્રિપુરેશ્વરી! તમારો જય થાઓ. નંદી-પોઠીયા ઉપર બેસનાર હે નંદીનાથ! અને સિંહ ઉપર બેસનાર હે વાઘેશ્વરી! તમારો જય થાયો. ભૂતાદિ દાસને પાસે રાખનાર હે મૃત્યુંજય! અને જોગણીઓથી આવૃતાયલાં હે ગિરિજા! તમારો જય થાઓ, સંકટના ભાંગનાર હે દુઃખહારા! અને શરણે આવેલાં લોકોની પીડાને હરનારાં હે જગદંબા! તમારો જય થાઓ. અર્ધા અંગમાં ઉમયાને ધારણ કરનાર હે શિવજી! તથા અર્ધા અંગમાં મહાદેવને રાખનારાં હે વિશ્વેશ્વરી! તમારો જય થાઓ. જન્મધારી અને અજન્માના રાજા હે શંકર! અને પૂર્ણ પ્રેમરૂપ હે ભવાની! તમારો જય થાઓ. આટલી સ્તુતિ કરી કળાપ્રવીણે ઉમયા માહેશના ચરણને વંદન કર્યું. (૧૪)

गाहा.

> बंदे चरन प्रबीनं, उमया ईश प्रति यह मंगीय;
>
> जलधारा जल नंखिय, भंखिय बिरद कुमारिका रहनं. ॥१५॥

ટીકા—એવી રીતે ચરણમાં પગે લાગીને કળાપ્રવીણે શિવ પાર્વતી પાસે એ માગ્યું કે માહારૂં કુમારવૃત્ત કાયમ રહે અને તે આપ નભાવજો; એટલું કહીને હાથમાં લીધેલું પાણી જળધારામાં નાખી-કુમારિકાવૃત્ત લીધું. (૧૫)

दोहा.

> शिक्षा देत सहेलियन, बरजे रही न नार;

सोय बात नृपनें सुनी, हुओ सु हाहाकार. ॥ १६ ॥

ટીકા—સાહેલીઓએ નિયમ લીધા અગાઉ અતિશય શિખામણ આપી અને ઘણીએ વારી-પણ કળાપ્રવીણ કોઈની વારી રહી નહીં અને કુમારવૃત્ત રૂપી પણ લીધું, તે વાત નીતિપાળ મહારાજે સાંભળી અને ચોતરફ હાહાકાર થઈ રહ્યો. (૧૬)

चोपाई.

नृपे निकट* आमात बुलाये; कुमरी बरजन काज पठाये.
बोले आय कुमरि प्रती बानी; एह कहा उर अंदर ठानी.
कुमरी कही होय सो होई; एह बात बरजो मत कोई.
उमया ईश एह व्रिद दीनो; शीश चढाय हमे सो लीनो.
प्रान समान राखिहौं मेरे, उठो अमात जाओ निज डेरे. ॥ १७ ॥

ટીકા—પછી રાજાએ કારભારીઓને પાસે બોલાવી કુંવરીએ લીધેલ પણને તજાવવા માટે સમજાવવાને મોકલ્યા. તેઓ કુંવરી પાસે આવીને નમ્ર વાણીથી કહેવા લાગ્યા કે બાઇ સાહેબ! આપે આ શો વિચાર મનમાં ધાર્યો? બાદ કુંવરીએ કહ્યું કે જે થનારૂં હતું તે થયું, હવે એ વાતને તજવા વિષે કોઈએ કાંઈ બોલવું નહીં, અને ઉમયા અને ઈશ્વરે એજ વ્રત દીધું છે તેમ મેં તે માથે ચડાવી લીધું છે, વળી તેને પ્રાણસમાન ગણીને રાખીશ માટે હે કારભારીઓ! તમો ઉઠો અને સૌએ સૌસૌને ઘેર જાઓ. [૧૭]

दोहा.

अति अमात बरजी तऊ, मानि न राज कुमारि;
उठि अमात नृपपें गये, कही बात विस्तारि. ॥ १८ ॥

ટીકા—કારભારિયોએ એ બાબત ઘણું ઘણું કહ્યું પણ રાજકુંવરીએ તે વાત માની નહીં, પછી કારભારીઓ ઉઠીને રાજા પાસે ગયા, તથા બનેલી સઘળી વિસ્તારીને કહી. (૧૮)

मरजी वरजी नां मिटे, कही येहि छितिपाल;
करम रेख अतिही कठिन, स्रष्टा लिखी सु भाल. ॥ १९ ॥

ટીકા—પછી નીતિપાળ મહારાજ એમ બોલ્યા કે જે કાળે જે વાત થવાની છે તે વાત કોઈ કાળે કોઈની રોકી રહેતી નથી, પરંતુ બ્રહ્માએ અમારા

* અસલ પ્રતિમાં "नृपआगार" પાઠ છે.

કપાળમાં અતિશય કઠોર કર્મની રેખા લખી છે કે અમારે આ કુંવરીનું કોમાર વ્રત જોવું પડશે! (૧૯)

छप्पय.

नीतपाल तिहि काल, गान नाटक बरजाये;
कीनो सहर प्रवेश, दुचित सब जन दरसाये.
आवत भयो अनंद, इसी दरसाइ उदासी;
बन सु चलत रघुबीर, मनहुं मन अवध सु बासी.
इहि रीत सदन आये सकल, गान न नाटक नाद गति;
प्रविशत प्रवीन निज महल प्रति, उर सनेह प्रगटंत अति. ॥२०॥

ટીકા—નીતિપાળ મહારાજે તેજ વખતે ગાયન તથા નાટક બંધ કરાવ્યાં, પછી પોતે શેહેરમાં પ્રવેશ કર્યો તેથી સકળ સમાજ ઉદાસ જણાયો. બાગમાં આવતાં જે પ્રમાણે આનંદ મળ્યો હતો તેજ પ્રમાણે પાછાં જતાં ઉદાસી દેખાવા લાગી. કેકઇને આપેલા વચનથી શ્રી રઘુવીર વનમાં ચાલી નિકળ્યા જે પછી અયોધ્યાવાસીઓ મનમાં શોક ધરીને પાછાં અયોધ્યામાં ગયાં હતાં-એ પ્રમાણે આખું સદન કોઇ પણ ગાયન કે નાટકાદિ ખેલ સિવાય મુંગે મ્હોડે ઘેર આવ્યું; કળાપ્રવીણ પણ પોતાના મેહેલમાં ગયાં ત્હાં તેમને તો મનમાં અતિશય સ્નેહ પ્રગટયો. (૨૦)

दोहा.

सही गई निज निज महल, रहीं कुसुम इक पास;
गइ जाम जामनि तबे, कही एह परकास. ॥ २१ ॥

ટીકા—સાહેલીઓ પોત પોતાને ઘેર ગઈઓ-ફક્ત એક કુસુમાવળીજ પાસે રહી છે, પછી એક પહોર રાત ગઈ ત્હારે આ પ્રમાણે કુસુમાવળીએ પ્રકાશ રીતે કહ્યું. [૨૧]

गाहा.

कुमरी कला प्रवीनं, यह उपाय कीन कहा आपें;
मम चित एह उदासी, क्यों दिनं बिषम बीतिहे आमें. ॥२२॥

ટીકા—હે રાજકુંવરી કળાપ્રવીણ! આપે આતે શો ઉપાય કર્યો? મારૂં ચિત્ત એથી ઉદાસીમાં ગરક થઇ ગયું છે અને ચિંતા થાય છે કે અતિ વિષમ દિવસો કેમ વીતશે? (૨૨)

कुसुम सु मत्य प्रवीनं, कही अब कहा करंत हसाई;
प्रजरत लगे पहारं, अंजुली नीर बूझहे बन्ही. ॥ २३ ॥

ટીકા—ત્હારે પ્રવીણે કુસુમાવળી પ્રત્યે કહ્યું કે, પ્રિય બ્હેના હવે મશ્કરી શું કરો છો? આખો પહાડ જ્યાં બળવા લાગ્યો ત્હાં એક અંજળી પાણી શું અગ્નિ ઓલાવશે! (૨૩)

कुसुंमसु कलाप्रबीनकी, सुनी जु बात सयांन;
धीर धरन मन द्रढ करन, बदी बिरदकी बान. ॥ २४ ॥

ટીકા—કુસુમાવળી ધીરજ ભરેલી પ્રવીણની વાત સાંભળીને ધીરતાથી દ્રઢ મન રખાવવા આ પ્રમાણે વખાણનાં વચન બોલી. (૨૪)

अथ छंद कंद.

भलो सूत्रधारा रच्यो खेल ब्रह्मंड; ब्रतं धार खंडा अनी सेलके दंड.
यही रीत आपें कियो प्रेमको पान; सुनी नांहि ऐसी हमें आजलों कान.
बिना भोगाहि जोग सिद्धी करामात; न हूई न होवे यही ओरसें बात.
मनंछा सदा पूरिहे आपकी ईश; यँहें सत्य जानो हमें ब्रह्म आशीष. ॥२५॥

ટીકા—ઇશ્વરરૂપી સુત્રધારે આ બ્રહ્માંડનો સરસ ખેલ રચ્યો છે, તેમાં આવું કઠણ વ્રત ધરવું તે તરવારની ધાર કે બરછીની અણી ઉપર ચડવા જેવું છે; એ પ્રમાણે આપે પ્રેમનું પાન કર્યું એ કાંઈ ન્હાની સુની વાત નથી! આવા અતિ દુર્ઘટ વ્રતવાળી કોઈ સ્ત્રી નજરે જોઇ તો શું પણ કાને સાંભળીએ નથી, અને તમે તો વગર ભોગે જોગની કરામત સિદ્ધ કરો છો, કેમકે આવી વાત કોઇથી થઇ નથી અને થશે પણ નહીં; માટે હે બ્હેન! આપની વાંચ્છના પરમ કૃપાળુ ઇશ્વર હમેશાં પૂરશે, એમ હે પ્રિય પ્રવીણ! સત્ય માનજો-એવી અમારી બ્રાહ્મણની આશીષ છે. [૨૫]

गाहा.

कलाप्रबीन सु कुसुमे, चरचा प्रेम नेम परसंगं;
सप्तविंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २६ ॥

ટીકા—કળાપ્રવીણ અને કુસુમાવળીયે કરેલી પ્રેમની ચર્ચા અને કૌમારવ્રતના નિયમના પ્રસંગ સંબંધી પ્રવીણસાગર ગ્રંથની સતાવીશમી લેહેર સંપૂર્ણ થઇ. (૨૬)

इतिश्रीप्रबीनसागरग्रंन्थेकलाप्रबीनकुसुमावळीचर्चाप्रेमनेमग्रहणोनामसप्तविंश-तिमोलहरं. ॥ २७ ॥

लेहेर २८ मी.

अथ कलाप्रवीण कुसुमावळी पत्रोत्तर भेद प्रसंगोयथा-सोरठा.

कही कुसुम तिहि बार, वह जोगी अबलों इतें;
ताको करो विचार, पत्रोत्तर पावे कहा. ॥ १ ॥

ટીકા—પછી કુસુમાવળીએ તે વખતે કહ્યું કે પેલા યોગેશ્વર હજી સુધી આંહીં છે તેના કાંઇ વિચાર કરો-તેને પત્રનો શો ઉત્તર દેવો છે? (૧)

सुनी सु ब्रह्मनी भाष, रीझे कला प्रवीनजू;
तन गहनो पोषाक, कियो बकस कुसुमावली. ॥ २ ॥

ટીકા—આ પ્રમાણેની કુસુમાવળીની વાણી સાંભળીને કળાપ્રવીણ અતિ રાજી થયાં-તે એટલે સુધી કે અંગે પેહેરેલો મૂલ્યવાન પોશાક કુસુમાવળીને બક્ષિસ કર્યો. (૨)

द्वादश आभ्रन धार, नौतम कलाप्रवीनजू;
सजे सोर सिंगार, उर सु दशा अभिसार ग्रहि. ॥ ३ ॥

ટીકા—પછી કળાપ્રવીણે મનમાં અભિસારિકાની દશા ગ્રહીને નવાં અને ઉત્તમ બાર પ્રકારથી અંગે ઘરેણાં પહેરી સોળ પ્રકારનો શૃંગાર સજ્યો. (૩)

अथ वह द्वादशाभरन षोडश शृंगार बर्नन यथा-छंद लघु नाराच.

फुलेल अंग रंजियं, गुलाब नीर मंजियं; बनाय केश पट्टियं, सिंदूर माग थट्टियं. ललार आड केसरी, गुलाल बिंदुली करी; सरोज नैन अंजनं, चढाय चित्र चंदनं. समीप धूप लाहियं, सुबास ले चढाहियं; दिये सु पान मेंदियं, सु पाय जावकं कियं. उभे दशं सु आभ्रनं, सिंगार षोडशं तनं; संमार मंग मुत्तियं, प्रसून शीश जुत्तियं. जराव बिंदुली जरी, बिराजमान बेसरी; तरोंन श्रोंन झुकियं, हमेल हार चुकियं. मनी सु पोंचियं जरी, अनूप मुद्र अंगुरी; चुरी भुजान कंगनं, रसाल किंकनी धुनं. बजंत पाय जेहरं, अनोट बीछुवा सुरं; दुकूल रंग रंगके, सिंगार सार अंगके. बिराजमान चुक्कियं, समीप आरसी लियं; निदार अंग आपसें, जरीं मनोंजि तापसें. लगो सु ध्यान मितमें, बिचार लाय चितमें; सिंगारकों उतारियं, पितांबरं सु धारियं. कियो सरूप जोगनी, बिभूत अंगसें बनी; करे सु रुद्र मालिका, लपंत नेंन लालिका. लपेट बेंनि शीशसें, लगी समाधि ईशसें; लिलार

आध चंदना, बन्यो सु लाल बिंदुवा. दुसाल लाल रंगसें, लपेट आध अंगसें; सरोज आसनं किये, बिदेह साधनं लिये. बन्यो सरूप बालिका, मनो कनंक कालिका; मगाय फेर आरसी, सरूप देखिके हसी. ॥ ४ ॥

ટીકા—અંગે ફુલેલ તેલ મર્દન કરી ગુલાબજળથી સ્નાન કર્યું; બાદ ઉત્તમ પ્રકારે કેશ ઓળી-પટીયાં પાડી-સેંથામાં સિંદુર ભર્યું, કપાળમાં કેસરની આડ કરી-ગુલાલની બિંદિ કરી-કમળ સરીખી આંખ્યોમાં કાજળ સારી-અંગે ચંદનનો લેપ કર્યો; પાસે ધૂપ સળગાવી તેની સુવાસનાને અંગમાં લીધી, પછી નાજુક હાથની હથળીએ મેંદી મુકી પગને તળે અળતાનો રંગ લગાવ્યો; એમ બાર પ્રકારે આભરણ પહેરીને શરીરે સોળ શંણગાર સજ્યા. સેંથો સમારી-તે ઉપર મોતીની લરો બાંધી-માથે ફુલના ગજરા બાંધ્યા; કપાળમાં જંડાવ બિંદલી કરી-નાકમાં વાળી પેહેરી-કાનમાં સોનાની જડાઉ ઝાલયો અને ગળામાં ચોકીવાળો હુમેલહાર (કાંઠલો) પેહેર્યો; હાથે પાબિંદાર પહોંચીયો ધરી-દશે આંગળીઓએ અનોપમ વિંટીઓ ઘાલી-ભુજાએ ચુડીઓ તથા કંકણ પહેરીને સુંદર અવાજવાળી કટિમેખળા કેડે બાંધી; પગે ઘાલેલાં ઝેહેર અને અણવટ વિંછીયાનો ઝણેણાટ ગાજી ઉઠયો; નાના પ્રકારનાં રંગ-બેરંગી વસ્ત્ર પેહેરી-અંગે સઘળા શણગાર સજ્યા. પછી ઉત્તમ નક્સીદાર બાજઠ ઉપર બેસી-પાસે આરસી લઈને પોતાનું અંગ નિહાળવા લાગી,-ત્હાંતો કામ તાપથી શરીરે બળવા લાગી અને પોતાનું ધ્યાન મિત્રમાં લાગ્યું તેથી ચિત્ત સાથે વિચાર લાવીને સજેલા સરવે શણગાર ઉતારી-ફક્ત પિતાંબર અંગ ઉપર ધરી લીધું; અને જોગણી જેવું સ્વરૂપ કરીને-અંગે વિભૂતિ લગાવી-હાથમાં રૂદ્રાક્ષની માળા લઈ-લાલચોળ આંખ્યોથી ટગમગ જોવા લાગી; પછી છુટી કેશની વેણીને માથે લપેટી એક શંકરમાં સમાધી લગાવી. તે વખતે લીલાટમાંનો અર્ધો લાલ ચાંડલો અર્ધચંદ્ર જેવો દીસવા લાગ્યો-લાલ રંગનો દુસાલો અર્ધે શરીરે લપેટી-પદ્માસનવાળી-વિદેહ સાધન લીધું. તે વેળાએ બાળારૂપ પ્રવીણનું એવું સ્વરૂપ બન્યું કે જાણે સોના જેવા અંગવાળી કાળિકા હોયને શું! વળતી ફેર આરશી મગાવી-પોતાનું રૂપ જોઈને હસી. [૪]

गाहा.

राज सुता तिहिबेरं, कलम धार पत्र कर लीनो;
सागर मत्य सनेहं, लखिय भेद छंद मधुभारं. ॥ ५ ॥

ટીકા—તે વખતે રાજસુતાએ કલમ ધરી પત્ર હાથમાં લીધો, અને પરી-

પૂર્ણ સ્નેહથી-મધુભાર છંદમાં-મહારાજા રસસાગર ઉપર પત્ર લખ્યા બેઠી.(૫)

दोहा.

प्रनय पत्र पूरन कियो, शुभ सौगंध चढाय;

कसन बंध दीनो कुसुम, जरी सु थेली लाय. ॥ ६ ॥

ટીકા—ઘણા પ્રેમથી પત્ર પૂરો કરી તે ઉપર ઉત્તમ સુગંધી ચડાવી-જરીની થેલીમાં ઘાલી-ઉપર રેશમની દોરી કસી-કુસુમાવળીને આપ્યો. (૬)

तादिनसें परवीनजू, यह व्रद ग्रह्यो अनूप;

आद्य निशा सिंगार करि, तजि कृत जोगनि रूप ॥ ७ ॥

ટીકા—તે દહાડાથી પ્રવીણે એવું વ્રત ગ્રહણ કર્યું કે પહેલી રાતમાં શણગાર સજી, પછીથી તે તજીને જોગણી રૂપ કરવું. [૭]

छप्पय.

सजत रैंन सिंगार, दशा अभिसार सु लावे;

सोय बिसर्जन करत, रूप जोगनी बनावे.

देव सेव जप करत, आदि निश योंहि बितावहि;

कुमरी प्रेम कवित्त, करत ब्रह्मनिहि सिखावहि.

विपनी गाय वह बीन ग्रहि, चत्र घरी निशि कृत शयन;

लौकीक काज दिनप्रति करे, निश नित प्रति उपचार इन. ॥८॥

ટીકા—રાત પડે એટલે શૃંગાર સજીને અભિસાર કરવા એટલે અભિસારિકા નાયકા જેમ પ્રીતમને મળવા જતી હોય તેવી દસા લાવે છે, તે પછી તે સજેલો શૃંગાર ઉતારીને જોગણીનું રૂપ ધારણ કરી-દેવ સેવા તથા જપ કરી પ્રથમ રાત એ પ્રમાણે વિતાડે છે, ને પાછલી રાતે કળાપ્રવીણ પ્રેમનાં કવિત્ત બનાવીને બ્રહ્મકુમારીને શીખવે છે, જે કુસુમાવળી હાથમાં વિણા ગ્રહીને ગાય છે, બાદ ચાર ઘડી સૂવે છે. લૌકીક કામ દિવસે કરે છે અને રાત્રે તો હમેશાં ઉપર પ્રમાણેજ ઉપચાર આદરે છે. [૮]

सोरठा.

नित प्राति यह गुजरान, धार्यो कलाप्रबीनजू;

प्रगटित बिंब बिहांन, कुसुम पत्र जुत किय बिदा. ॥ ९ ॥

ટીકા—કળાપ્રવીણે હમેશાં એ પ્રમાણે ગુજરાન કરવાનું ધાર્યું અને સૂર્યબિંબ પ્રગટતાં કુસુમાવળીને પત્ર સાથે વિદાય કરી. [૯]

बूझनि गइ निज बास, अशन कीन उतहीं रही;
शयन समय संन्यास, पास गई प्रमुदित वदन. ॥ १० ॥

ટીકા—પછી બ્રહ્મ-કન્યા પોતાને ઘેર ગઇ, અને ભોજન કરી ઘેરજ રહી; પછી સુવાની વખતે પ્રમુદિત વદનથી સંન્યાસી પાસે ગઇ. (૧૦)

बूझ्यो सकल बिबेद, संन्यासी कुसुम सु कह्यों;
तबें सराही टेक, कुमरी कला प्रबीनकी. ॥ ११ ॥

ટીકા—સન્યાસીએ વિવેકની સાથે સર્વ હકીકત પૂછી અને તે કુસુમાળીએ કહી; ત્હારે તો પ્રવીણની કુમારવ્રતની ટેકના સન્યાસીરૂપ કવિરાજે ઘણાં વખાણ કર્યાં. (૧૧)

निशि एकंत निहार, पत्र दियो परबीनको;
संन्यासी शिर धार, लीनो कुमरि सलाम करि. ॥ १२ ॥

ટીકા—રાત્રે એકાંત જોઇ કુંવરી કળાપ્રવીણનો મહારાજા રસસાગર ઉપરનો પત્ર સંન્યાસીને આપ્યો, તે સંન્યાસીએ કુમારિકાને સલામ કરી માથે ચઢાવ્યો. [૧૨]

दोहा.

संन्यासी रीझे सुरत, कवित आशिषा कीन;
पाती नाम प्रबीन लिख, कुसुमावलिं कर दीन. ॥ १३ ॥

ટીકા—સંન્યાસી દિલથી અતિ રાજી થઇ-રાજકન્યાને આશિષ દેવાસારૂ આતુરતાથી એક કવિત્ત કરી-તે ઉપર પ્રવીણનું નામ લખી-તે પત્રિકા કુસુમાવળીના હાથમાં દીધી. [૧૩]

अथ अलंकार आशिषा कला प्रबीन आशिषा-छप्पय* कमल बंध यथा.

चत्र बदन जग रचहि, रसा जबलगि अनंत गहि;
हर उमया अध बसहि, जीव जबलों सुधा श्रवहि.
बरन भारती करहि, पवन जब लगि गवनं रहि;
रमन रमा हरि रसहि, बीन जबलों नारद लहि.
नग नाक अचल नीरद छलहि, तरनि तेज जबलगि तपुहि;
हिल्लोर गंग जल तब लगहि, चिरह जीव परबीन तुहि.॥१४॥

* આ છપ્પય લેહેર ૬૫ મીમાં છંદ ૨૧ મે લખ્યો છે.

बिधि बिषधंर हर शशि गिरा, मरुत बिष्नु मुनि बीन;

दिव दधि रवि जल गंग लगि, चिरह जीव परबीन. ।।१५।।

ટીકા—બ્રહ્મા, શેષ, મહાદેવ, ચંદ્રમા, સરસ્વતી, વાયુ, વિષ્નુ, નારદમુનીની વીણા, સ્વર્ગ, સમુદ્ર, સૂર્ય, ને ગંગાજળ કાયમ રહે ત્હાં સુધી હે પ્રવીણ! ચિરંજીવ રહો. (૧૫)

संन्यासी श्रमभो सफल, कुसुम सु बिद्या लीन;

अवमोचन प्रति आदि निशि, उठि निज गमन सु कीन. ॥ १६ ॥

ટીકા—સન્યાસીનો સર્વે શ્રમ સફળ થયો તેથી કુસુમાવળીથી વિદાયગીરી લીધી અને ત્હાંથી પહેલી રાતેજ આસન ઉઠાવી પોતાના ઉતારા તરફ ચાલતી પકડી. [૧૬]

साज बदल सोये सयन, भये उठे परभात;

नेहनग्र पीछे फिरन, आयस कही अमात. ॥ १७॥

ટીકા—ઉતારે જઇ-વેશ બદલીને સયન કર્યું અને પરભાત થયું એટલે ઉઠી નેહનગર પાછું જવાની તૈયારી કરવાને કારભારીને આજ્ઞા કરી. (૧૭)

छप्पय.

साज बाज गजरात, शिबिक पैंदल सब सज्जिय;

अतिहि भयो आनंद, नाद नीसांन सु बज्जिय.

नेहनग्रकी दिसा, चित हरखंत गमन किय;

बहत राह दिन्न किते, भये निज नग्र सु पुग्गिय.

प्रबिशंत सदन निज जन मिले, बीती निशा बिशेष सुख;

उतकंठ लगी उरमें यहें, कब लषिहौं महाराज मुख. ॥ १८ ॥

ટીકા—ઘોડા અને હાથીને સજ્જ કરી-પાલખી અને પાળા પણ તૈયાર કરયા, ને સર્વના મનમાં અતિશે આનંદ થયો તથા નગારાં વગાડવા લાગ્યા બાદ પ્રસન્ન મને નેહનગરની દિશા તરફ ચાલ્યા; એમ ચાલતાં કેટલેક દિવસે પોતાના નગરે પહોચ્યા, બાદ ઘેર જઈ પોતાના પરિવારને મળ્યા એમ આખી રાત વિશેષ સુખમાં કાઢી-પણ કવિના મનમાં એ ઉત્કંઠા હતીકે મહારાજાનું મુખ ક્યારે જોઇશ! [૧૮]

गाहा.

प्रेम दशा परबीनं, सागर पत्र लिखन प्रति उत्तर;

अष्टविंश अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ १९ ॥

ટીકા—પ્રવીણની પ્રેમ દશા, અને સાગરના કાગળનો લખેલ પ્રત્યુત્તર વાળી પ્રવીણસાગર ગ્રંથની અઠાવીશમી લેહેર પુરી થઈ. [૧૯]

इतिश्रीप्रवीनसागरग्रंन्थेकलाप्रवीनप्रेमदशायांपत्रपत्युत्तरभेदोनामअष्टविंशतिलहरं.॥२८॥

लेहेर २९ मी.

अथ कलाप्रवीन पत्र प्रत्युत्तर प्रसंगो यथा-दोहा.

सूर उदित सुकवी चले, गये सु राजदुहार;
सह आवर्त्तन जुत सभा, सागर मिले कुमार. ॥ १ ॥

ટીકા—ભગવાન્ સૂર્યનારાયણના ઉગતાંજ કવિરાજ રાજદ્વાર ભણી ચાલ્યા અને ત્હાં પહોચી સભા સહિત રાજકુમાર રસસાગરને મળ્યા. [૧]

छिन छिन प्रति सुकवि बदन, हेरतहे महाराज;
मुदित जान उर सुख उदित, कियो विसर्ज समाज. ॥ २ ॥

ટીકા—મહારાજ રસસાગર ક્ષણે ક્ષણે કવિના મુખ સામું જોયા કરે છે [તે એવા હેતુથી કે-જે કામે કવિને મોકલ્યા હતા તે કામ ફતેહ કરી આવ્યા હશે કે નહિ?] એટલામાં કવિનું મુખ હર્ષિત જાણી મનમાં સુખ ઉપજ્યું [ને-ધાર્યું કે કામ ફત્તેહ કરી આવ્યા છે, એમ માની વિશેષ હકીકત પુછવા] સભા બરખાસ્ત કરી. (૨)

गये अटा एकंत चढि, बूझ्यो कुमर बिधान;
कही बात बिस्तार कवि, पाती पठवन बांन. ॥ ३ ॥

ટીકા—સભા વિસર્જન કરી-એક એકાંત મેડી ઉપર કવિ ભારતીનંદને લઈને કુમાર ગયા અને ત્હાં સર્વ હકીકત પુછી, એટલે સઘળી અથ-ઇતિ કાગળ પહોચાડવા સંબંધની વિસ્તાર પુર્વક બિના કહી. (૩)

कलाप्रबीन सराह करि, उर अनंद्द अति लाय;
सुकवि छ्ठ कुंनस करी, पाती पांन धराय. ॥ ४ ॥

ટીકા—મનમાં અતિશય હર્ષ ધરીને પ્રથમ તો કવિયે કળાપ્રવીણનાં વખાણ કર્યાં; બાદ પ્રવીણનો લખેલો પત્ર કુમાર રસસાગરને સલામ કરી હાથમાં આપ્યો. (૪)

अथ कलाप्रवीन पाती उदाहरनं शिरनामेको-दोहा:

श्रीसागर महाराजजू, निधि गुन अचल नरिंद;
पत्र उकति जुत बाचियें, मधूभार यह छंद. ॥ ५ ॥

ટીકા—ગુણના ભંડાર-મનના અચલ-મનુષ્યના ઈંદ્ર-સદા શોભાયમાન શ્રી રસસાગર મહારાજ! કૃપા કરી આ મધુભાર છંદમાં યુક્તિપૂર્વક લખેલો પત્ર વાંચો. [૫]

अथ छंद मधुभार.

स्वस्तिश्री गांउ, नेहनग्र नांउ; गुनके निधांन, पूजहि प्रमान; आपसें आप, दिनकर प्रताप; बंदगी बांन, परमं समान; अविचलहि बाच, संनेह साच; गंगा पवित्र, सत्र शुभ चरीत्र; दीनन दयाल, बांनीं रसाल; गुन मुक्त.माल, गौ विप्र पाल; पुनके जिहाज, कवि कुल निवाज; जसके समाज, मंत्रह सकाज; बुधिके निधान, गुरुवे गुमान; अंमृतह नेंन, सुख इष्ट देंन; गनपति गरूर, निश वंश नूर; मन मित्र रंज, अरि अमर गंज; सागर गभीर, सेना सधीर; अतिही उदार, भू ग्रहन भार; गुरु गुन अनंत, करतार चिंत; त्रिय हरन धूप, मनमथ सरूप; निरकुल अधार,-सरनं सधार; निज देव बंद, आनंद कंद; औषधी मेह, पोषन स्नेह; चातुरह चिंत, बनके बसंत; सुख देंन दूर, घनज्यों मयूर; चिनपरा पच्छ, पंछियां बृच्छ, चकोर चंद, चातुकी बुंद; मधुकर सु बास, मनके निवास; मन मीन-बार, अहि गंधसार; अंबरक्तनेन, मृग नाद बेंन; संनेह एक, राखंत टेक; शिव शक्ति दोय, मानंत सोय; तिहु लाके मांहि, सबहि सराहि; चारहू बेद, जानंत भेद; पंच तत्व अंग, जानत सरंग; षट लहन भाष, चातुर सलाष; सातहू द्वीप, इसके अधीप; अठ कुल उलंग, महिमा उतंग; नव रसहि सार, जानन विचार; दश दिगाह पाल, जशके हमाल; क्रिया बिधान, चौदह सयांन; अठ दशी पुरान, जानन प्रमान; सब कला सार, जाने बिचार; गुन सकल श्रष्ट, सब हरन कष्ट; एसें अनंत, उपमा लहंत; हिंदवान माज, श्री महाराज; सागर सनेह, चिरजीव देह; लखियत प्रवीन, अरजी सु कीन; बाचिये रम्न, राधिका क्रष्ण; रावरे नेंन, अति मोद

चेंन; आपको पत्र, शिर कियो छत्र; बांचो बनाय, उर लाय लाय; करि लिख्यो भेद, परसन उमेद; देखत तरंग, उलट्यो उमंग; कीट ज्यों भ्रंग, गति भई अंग; इनहीं प्रमान, उरहमें ध्यान; चाहना चित, मिलवो सु मित; जिन्हान आप, गुन गाए आप; अभिलाष कांन, कब सुनहु बांन; भुज यों सु भाये, परसों जु पाय; द्रग देख आप, व्हेंगे नीपाप; रावरो रंग, रमि रह्यो अंग; हियमें हजूर; जानो जरूर, राखवो टेक, दिन दिन विशेक; तुम प्रथा मिंत, धारियें चित; कछु अंत्र भेद, कीजें निषेद; फुरमास होय, फुरमाय मोय; इत सबें आप, फेल्यों प्रताप; हमेश पत्र, लिखियें विचित्र; संवत अठार; चालीश धार, वैशाख मास, पून्यो प्रकास; शिर आय सोम, निश आध भोम; मदनें सराप, तकसीर माप; फिर दशा चित्त, जानों कवित्त. ॥ ६ ॥

ટીકા—સ્વસ્તી શ્રી નેહનગર નામે નગર નિવાસી, ગુણના ભંડાર, પૂજવા યોગ્ય-પોતાના પ્રતાપથી પ્રખ્યાત-અર્થાત્ સાગરરૂપ, દિનકર કહેતાં સૂર્યના જેવા પ્રતાપવાન, આરાધના કરવા યોગ્ય, બહુજ કીર્તિવાન, અથવા પર કહેતાં ઈશ્વર જેવા, અચળ બોલવાવાળા, સ્નેહના સાચા, અથવા સ્નેહને સાચવનારા, ગંગા સરખા પવિત્ર, સરવે ઉત્તમ ચરિત્રોને કરવાવાળા, દીન જનો પ્રત્યે દયાવાળા, રસિક વાણીવાળા, સદ્ગુણ રૂપી મોતીની માળા જેવા, ગાય અને બ્રાહ્મણને પાળવાવાળા, પુણ્યના જહાજ જેવા, કવિયોના કુળ ઉપર કુરબાન; યશના સમુદાય રૂપ, વિચારપૂર્વક કામ કરનાર, બુદ્ધિના ભંડાર, મહત્તપણાનું ગુમાન ધરનાર, અમૃત સરખી શીતળ આંખ્યોવાળા, ઇચ્છિત સુખ દેનારા, ગણપતિ જેવા ગરિષ્ટ, પોતાના કુળમાં ભૂષણ રૂપ, મીત્રોને મનથી રાજી રાખનાર, વેરીઓને લડાઇમાં હંફાવનાર-રંજ ખેંચાવનારા, સમુદ્ર જેવા ગંભીર-અર્થાત્ મ્હોટા મનવાળા, સેનાને ધૈર્ય આપનાર, અથવા લડાઈમાં ધીરજવાન, ઘણાજ ઉદાર, પૃથ્વીના ભારને ગ્રહણ કરનાર, ઘણાજ ગંભીર ગુણોવાળા, કિરતારનું ચિતવન કરનાર, સ્ત્રીયોના તાપને હરવા-સમાવનાર, કામદેવ જેવા સ્વરૂપવાનં, નિર્બળના આધારરૂપ, શરણે આવેલાનું રક્ષણ કરનાર, પોતાના ઇષ્ટદેવને વંદના કરનાર, આનંદના મૂળરૂપ, જેમ ઔષધીઓનું (છોડવા) વરસાદ પોષણ કરે છે-તેમ સ્નેહનું પોષણ કરનાર, ચિત્તમાં ચતુરાઇથી ભરેલા, વનને વસંત ઋતુ જેવા, મેઘ જેમ મોરને સુખદાયક છે. તેમ દૂરથી પણ સુખ દેવાવાળા, પાંખ વગરનાં પ્રાણીઓને પાંખ રૂપ, પક્ષીઓને વૃક્ષ જેવા

આશ્રય દાતાર, અને જેમ ચકોરને ચંદ્ર-બપૈયાને સ્વાતિના બુંદ-ભમરાઓ-ને સુગંધી-તેમ મહારા મનનું રેઠાણરૂપ, તેમજ વળી મહારા મનરૂપી મા-છલીને જળ જેવા, સર્પોને ગંધસાર સરીખા, રક્ત નયણી કોયલને આંબા-ના વૃક્ષ જેવા વ્હાલા, મૃગલીઓને નાદમાં તલ્લીન કરનાર વીણા રૂપ, એ-કજ સ્નેહના ટેકને રાખવાવાળા, શિવ-શક્તિ એ બન્નેને માનનારા, ત્રણે લોકમાં જેના યશને ગાયછે-એવા ચારે વેદના ભેદને જાણવાવાળા, પાંચે તત્વોને ગુણ તથા રંગ સહિત જાણનાર, પુરૂષોમાં ચાલાક, છ ભાષાઓથી માહીતગાર, ચતુર, સાતે દ્વીપના ઈશ્વર, આઠ કુળ પર્વતોને ઉલંઘીને મહિમા જેનો ઘણોજ ઉંચો વધિ ગયો છે-એવા, અને નવે રસના સારને વિચાર પૂર્વક જાણવાવાળા, દશે દિગ્પાળો તમારા યશને ઉપાડનાર બનેલાં છે. અ-ર્થાત્ દશે દિશાઓના અંત સુધી તમારો યશ ફેલાયો છે, ચૌદ વિદ્યાનાં વિ-ધાનોથી યુકત, અઢારે પુરાણોના પ્રમાણોને જાણનાર, ચુમ્મોતેર કળાઓના સાર તથા વિચારોના જ્ઞાતા, સર્વ શ્રેષ્ટ ગુણ સંપંન, સઘળાં કષ્ટને હરનાર એવી અનંત ઉપમાઓથી અલંકૃત, હિંદુઓની મર્યાદા રૂપ, શ્રી મહારાજા-ધિરાજ સ્નેહના સાગરરૂપ-મહારાજા રસસાગરજી! તમે દેહથી સર્વદા ચિ-રંજીવ રહો. બાદ નમન સાથે આ અરજી કળાપ્રવીણે લખી છે-તે જીભથી વાં-ચતાં પ્રથમ શ્રી રાધાકૃષ્ણ વાંચજો. હે મહારાજા! આપનાં નેન તો અમોને અતિ મોદની સાથે ચેન ઉપજાવનારાં છે, ને આપનો જે પત્ર આવ્યો તેને માથે ચડાવી છત્ર રૂપે રાખ્યો છે, અને તે બનાવને વારે વારે મનમાં લા-વીને વાંચ્યો-ને તેજ પ્રમાણે ભેદ કરી ઉત્તર લખ્યો છે તે કૃપા કરી સ્વીકા-રશો. આપના સ્પર્શની ઉમેદવાર આ દાસીને તો નદીયોના તરંગની પેઠે આપને મળવાનો ઉમંગ મચ્યો છે; અને જેમ પ્રેમનો કાંટો વાગવાથી ભમરા પછવાડે કીડાની ગતિ થાય છે,-તેમજ આ અંગની ગતિ થઈ ગઇ છે!એજ પ્રમા-ણે આ હૃદયમાં આપનું ધ્યાન લાગી રહ્યું છે, ને ચિત્તના ચાહનાવાળા હે મિત્ર! આપને એક મળવાનીજ અભિલાષા છે, અમારી જીભતો કેવળ આપના ગુણના ગાયનનોજ જાપ જપે છે, તેમ આ કાનતો એવી અભિલાષા કરે છે કે આપના મુખથી સ્રવેલી વાણી કયારે સાંભળશું! તેમજ બંને હાથતો એવો ભાવ-આશા રાખે છે કે આપણે મહારાજાના પગનો સ્પર્શ કયારે કરીએ, વળી આંખ્યો પણ એમ ચાહના કર્યા કરેછે કે આપનાં દર્શન કરી કયારે અમો નિષ્પાપ થઈશું? તેમ હે મિત્ર! આપનો રંગતો અમારા અંગમાં ચોદશ રહયો છે, ને વળી હે નામવર હજૂર! આપ મહારા હૃદયમાં અહરનીશ હાજર રહ્યા છો તે નક્કી જાણજો. માટે એક ટેક રાખવી અને તે દિવસે દિવસે વધારવી. હે મ્હારા પરમ મિત્ર! ચિત્તમાં કૃપા ધરજો. ને કાંઈ અંતર ભેદ હોય તો

તે નિષેધ કરશો એટલે કાઢી નાખશો. વળી જે અમ સરખી ફરમાસ હોય તે તો કૃપા કરીને ફરમાવશો. અહીં સઘળે આપનો પ્રતાપ ફેલાઇ રહ્યો છે, હમેશાં કુશળ પત્ર લખજો. સંવત ૧૮૪૦ ના વૈશાક માસની પુનમને મંગળવારની અર્ધ રાત્રીએ-માથે ચંદ્ર આવ્યો ત્હારે કામદેવરૂપી મદિરાના કેફથી આ પત્ર લખ્યો છે, માટે કાંઈ જે તકસીર હોય તે માફ કરશો, અને ફરીને અમારા ચિત્તની દશા આ કવિત્ત ઉપરથી પુરતી રીતે જાણશો. (૬)

अथ अलंकार कारन माला–कवित्त.

भानहूतें जोत भारी, भारी कामहूतें कारी, कारी-गरहूतें न्यारी, प्यारीहैं
चतुर नर. बेदतें अभेद बानी, बानीमें न आवे ध्यानी, ध्यानीसें पुरानी
जानी, नाहि न अमरपर. फैलरही अंग अंग, अंगहू न जाने रंग, रंगकी
तरंग जैसें, गंग हर शीर झर. पोन पानींहू न पावे, पावे सो स्वरूप गावे,
गावें गुन सागर हमेश चाह उर भर. ॥ ७ ॥

ટીકા–સૂર્યથી પણ જેની જ્યોત અતિ ભારે ઉજ્વળ છે, કામદેવથી અતિ કાળી છે અને કારીગરથી ન્યારા છે, તો પણ તે ચતુર પુરૂષોને તે પ્રેમની જોતિ પ્રિય છે; વેદથી અભેદ જેની વાણી છે, વળી તેનું ધ્યાન વાણીમાં આવતું નથી, તેમજ તે ધ્યાનીથી પણ આગળની છે, તે દેવતાઓના સ્વર્ગમાં પણ નથી–છતાં શરીરના દરેક અંગમાં ફેલાઈ રહી છે, પણ અંગ તેના રંગને જાણતું નથી, તે રંગની તરંગો-લેહેરો શંકરના શીર ઉપરથી ઝરતી ગંગાની પેઠે શ્રવે છે, તેનો ભેદ પવન અને પાણી પણ પામી શકતાં નથી, અને જે પામે છે તે સ્વરૂપને ગાયા કરે છે, તેમ હે સાગર! અમે પણ નિરંતર ઉરને વિશે ઘણીજ ચાહનાથી પ્રેમના ગુણનું ગાન કર્યા કરીએ છીએ. (૭)

अथ अलंकार असंगती–सवैया.

सागर रावरे कागदको इत, ज्यों ज्यों लगो अरहट फरेबो;
त्यों त्यों हमें अखियांन अहो निश, बारकी धार घरी ज्यों ढरेबो.
ज्यों ज्यों प्रवाह व्हें अंसुआनको, त्यों त्यों विरहा हिय होज भरेबो.
ज्यों ज्यों सुरंज़ सनेह चढे मधि, त्यों त्यों जिया निंबुवा उछेरबो.॥८॥

ટીકા–હે સાગર! આપના કાગળનો અહીં જેમ જેમ રેંટ ફરે છે, તેમ તેમ અમે આંખ્યોમાંથી અહરનિશ ઘડીમાંથી જેમ પાણીની ધારા ઝરે–તેમ આંસુની ધારા ઢાળીએ છીએ, અને જેમ જેમ આંસુનો પ્રવાહ વહે છે, તેમ તેમ હૃદયરૂપી હોજમાં વિરહ એકઠો થાય છે. તે મધ્યે જેમ જેમ સ્નેહ સુરંજ ચડે છે, તેમ તેમ જીવરૂપી લીંબુ ઉછરે છે. (૮)

अथ अलंकार परि करांकुर–सवैयाः

गोमन व्योमन द्धोम उठे धगि, रोंमन रोंमनसें जगि जारे;
गात सिरात नही दिन राति सो, बातन जात कछू बिसतारे.
भीतर चीतर मिंत रह्यो सु प्रतीतन थीत रह्यो जिय द्वारे;
नागरताइ कहा करिये चितकी तुम सागर जाननहारे. ॥ ९ ॥

ટીકા—વિરહાગ્નિની આંચને લીધે પૃથ્વી અને આકાશ તપી ઉઠે છે, ત્હારે સળગીને રોમ રોમને બાળે છે અને દિનરાત ગાત્ર તો ઠંડુ થતુંજ નથી, તે વાત કાંઈ વિસ્તારે વિસ્તારી જતી નથી,–પણ હૃદયની અંદર મિત્ર ચિત્રાઈ રહ્યા છે, તેથી પ્રતીતિને લીધે જીવ બારણે સ્થીર થઈ રહ્યો છે, ત્હાં ચતુરાઇ શું કરીએ! તમે ચિત્તની વાતને હે સાગર! જાણવાવાળા છો. (૯)

अथ अलंकार लुप्तोत्प्रेक्षा–सवैया.

सागर सिंधु सनेहको नाउ, पर्‍यो रस भौंरकर्‍यो तहं घेरो;
देखतहे जितही तितही जल, क्षार पहार पुलीन न हेरो.
काम कमांन चढाय इतें पर, चोट चलावत आवत नेरो;
ऊडत बूडत बैंठत बेधत, काग कुवाको भयो मन मेरो. ॥१०॥

ટીકા—સાગર રૂપી સમુદ્ર તેમાં સ્નેહ રૂપી નાવ પડયું છે, ત્હાં રસરૂપી ભમરીઓએ ઘેરો ઘાલ્યો છે, જ્હાં જુવે છે ત્હાં બધે જળ જળજ જણાય છે, પહાડ કે કીનારો નથી તેમાં વળી કામદેવે તે ઉપર પોતાનું ચાપ ચઢાવ્યું અને દાવ મારીને પાસે આવે છે, ઉડતાં બુડે અને બેસતાં વેધે, એમ વાહાણના થંભ ઉપર બેઠેલા કાગડાની પેઠે હે સાગર! મ્હારા મનની ગતિ થઈ છે. (૧૦)

अथ अलंकार समरूपक–सवैया.

सायत सोधतहें मिलबो, पढबो गुन पंडित मेंन अखारें;
द्यौस निशा जुज पत्र घरी, बिरहांनके अंक हमेशं बिचारें.
नेंननके जल कुंभ भरें धुनि, ध्यान बिधानकि टेक सुधारें;
प्रेमको जंत्र नली सुरता मधि, सागर मित नछत्र निहारें. ॥११॥

ટીકા—મળવાના સમયને શોધીએ છીએ અને તે ગુણું મનમથ રૂપી પંડિતના અખાડામાં ભણીએ છીએ, ત્હાં રાત દિવસ જુજવાં પૃત્ર અને ઘડી ઘડીએ વિરહાનળના અંકને હમેશ વિચારીએ મનન કરી છીએ, આંખ્યોરૂપી

પાણીના ઘડાને ભરીએ છીએ, તેમ ધુન ધ્યાનથી વિશ્રાંતની ટેકને સમારીએ છીએ, અને વળી પ્રેમના યંત્રમાં સુરતારૂપી નળીઆંથી સાગર મિત્ર નક્ષત્રને નિહાળીએ છીએ. (११)

दोहा.

प्रेम ब्रच्छ पल्लव परसि, लाला बिरह अपार;
मन लूता तंता सुरति, निश दिन करत बिहार. ॥ १२ ॥

ટીકા—પ્રેમ રૂપી ઝાડનાં પાંદડાંને સ્પર્શી વિરહરૂપી અપાર લાળનો મનરૂપી કરોળિયો-પ્રીતિથી તાંતણો કાઢીને-રાતદિવસ તેમા વિહાર કરે છે [१२]

चोसर मांडें चितकी, सुरत फिरावें सार;
पासो डारें प्रेमको, जीते ज़ीतनहार. ॥ १३ ॥

ટીકા—આ ચિત્તની ચોસરબાજી માંડીને તેમાં સુરતા રૂપી સોગઠાં ફેરવે, પ્રેમરૂપી પાસો ઢાળે-પણ તેમાં જે જીતવાવાળો હોય તેજ જીતે. [१३]

बांचत पत्र प्रबीनको, रससागर तिहि बेर;
तन मनकी जैसी दशा, बनी सु बरनों फेर ॥ १४ ॥

ટીકા—પ્રવીણનો પત્ર વાંચે છે તે સમયે રસસાગરના તનમનની જેવી દશા બની તેને પુનઃફરીને વર્ણવું છઉં. [१४]

अथ रससागर दशा बर्ननं-छंद हनुंफाल.

थेली लखी जरतार, मन दृढ हुवा वहि बार. खोली सु कसनें ग्रंथ, प्रगटी कला मनमंथ. सुसबोह लागी घ्रांन, लागो झरोंखा ध्यांन. करसें जु खाली बीर, मिटिगई मनकी धीर. शिरनांम बांचत संग, बदल्यो बदनको रंग. ज्यों ज्यों पलेटत हांस, त्यों त्यों उलट ऊसास. ज्यों ज्यों बंचे तुक छंद, उर बढत सुख आनंद. उपमा सु बंचत भीन, मन तुच्छ जल ज्यौं मीन. बंची हकीकत तार, दो नेंन जलकी धार. तनकी दशाकी बात, मुखसें कही नहि जात. बहुरेसें दरसाय, कवि रहें मन मुरझाय. ॥ १५ ॥

ટીકા—જરીયાની થેલી જોઈ તે વારે તો મન દ્રઢ થયું, પણ કસની ગાંઠને છોડી એટલે તો રોમે રોમે કામદેવે પોતાની કળા પ્રગટી; કાગળમાં નાખેલ સુગંધ નાકે આવતાંજ ઝરોખાનું ધ્યાન લાગ્યું-હાથથી જહાં પાકીટ ખોલ્યું ત્હાંતો મનની ધીરજ જતી રહી, શિરનામું વાંચતાં તો બદનનો રંગ બદલાઈ ગયો, જેમ તેમ કાગળની ઘડ વાંચીને પલટાવેછે, તેમ તેમ શ્વાસ ઉલટેછે,

અને જેમ. જેમ છંદની તુકો વાંચે છે તેમ તેમ ઉરમાં સુખ અને આનંદ વધે છે, ભિન્ન ભિન્ન સુંદર ઉપમાઓ વાંચતાં તુચ્છ કહેતાં થોડા પાણીનું માંછલું તરફડિયાં મારયા કરે તેમ આ મન તરતલફવા લાગ્યું છે, કાગળમાં હકીકત વાંચી ત્હાંતો બન્નો નેત્રમાંથી આસુની ધારા વહેવા લાગી તે વખતની મહારાજાની દશાની વાત તો મ્હોડેથી કહી જતી નથી, અને મહારાજ બાહુક જેવા દર્શાયા તેથી કવિ મનમાં મુઝાઈ ગયા. (૧૫)

दोहा.

कही सुकवि महाराजकों, सुरत रखें इक ठोर;
एती सुनत सचेत व्हें, बूझन लगे बहोर. ॥ १६ ॥

ટીકા—પછી કવિએ રસસાગરને કહ્યું કે હે મહારાજ! મનની સુરતા એક ઠેકાણે રાખો, એટલું સાંભળતાં સચેત થઇને ફરીને વૃત્તાંત પુછવા લાગ્યા. (૧૬)

सोरठा.

ऐसें सुकवि सुनाय, रससागर बोले वचन;
बरनो सकल बनाय, कैसें कलाप्रबीनकी. ॥ १७ ॥

ટીકા—એમ કવિરાજને સંભળાવીને રસસાગર બોલ્યા કે કળાપ્રવીણની હકીકત કેવી છે—તે સર્વે વિસ્તારીને કહો. [૧૭]

अथ अलंकार अनन्वय-कवी उक्त छप्पय.

लिख्यो पत्र महाराज, सोय यहि विधि पहुंचायो;
बांचत कलाप्रबीन, चिंतमें मतो द्रढायो.
जाय उमा हर थांन, आप लीनो कुमार व्रत;
सती संत अरु सूर, कोउ करिहे न असी गत.
वय तुच्छ आप पटुता वडी, कह इक रसन सराहियें;
शोधंत आंन यहि सम तिया, स्रष्टा स्रष्टि न पाइयें. ॥ १८ ॥

ટીકા—પછી કવિ કહે છે કે હે મહારાજ! આપે પત્ર લખ્યો તે એ રીતે ભારે પ્રપંચની યુક્તિવડે પહોચાડયો—જે વાંચતાં કળાપ્રવીણે મનમાં દઢપણું ધર્યું પછી શિવ પાર્વતીના સ્થાને જઇને આપે કુમાર વ્રત લીધું, સતી, સંત અગર શુરવીર કોઇએ એવી ગતિ કરી નથી. ન્હાની ઉમ્મર છતાં જેની મ્હોટી ચતુરાઇને એક જીભેથી શું વખાણીએ? કેમકે શોધતાં એના જેવી બીજી આ સૃષ્ટીમાંતો મળે તેમ નથી. (૧૮)

सोरठा.

सागर सुकवि उचार, सुनी पत्र बंच्यो प्रथम;
ऐसी आशय धार, चत्र प्रहर चरचा चली. ॥ १९ ॥

ટીકા—એવું કવિનું બોલવું સાંભળીને પ્રથમ કાગળ વાંચ્યો અને એ-જ આશયથી ચાર પહોર સુધી પત્ર સંબંધી ચર્ચા ચાલી. (૧૯)

छप्पय.

रससागर तिहि समय, एह आशय उर धारी;
कृत दिन प्रति निज काज, शयन एकंत अटारी.
मिलेजु सिगरे मिंत, एह चरचा ऊपावें;
कबित सवैया छंद, बिरहकी दशा बनावें.
पठवें सु पत्र परबीन प्रति, मास मास धार्यो बिरद;
उंन पत्र फेर आवे इतें, वढे प्रेम दुहु हद बिहद. ॥ २० ॥

ટીકા—મહારાજા રસસાગરે તે વખતે મનમાં એવો આશય ધાર્યો કે દિવસે તો પોતાનું કામ કરવું, પણ સૂવાની વખતે એકાન્ત મેડી ઉપર બધા મિત્રો એકઠા મળી એ સંબંધી ચર્ચાની ઉપાસના ચલાવવી, અને કવિત્ત સવૈયા તથા છંદમાં વિરહની દશા વર્ણવીને તેનો પત્ર દર મહિને મહિને પ્રવીણ તરફ મોકલાવવાનો મનસૂબો ધાર્યો; બાદ તેનો જવાબ ફરી ફરીને આવે એમ થએથી બન્નેનો બેહદ પ્રેમ વધતો જશે. (૨૦)

गाहा.

पत्र सु कला प्रबीनं, दिये सुकवि सागर वंचत विधि;*
उनहत्रीश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २१ ॥

ટીકા—પ્રવીણનો પત્ર કવિયે આપ્યો ને સાગરે વાંચ્યો-તે સંબંધી પ્રવીણ સાગર ગ્રંથની ઓગણત્રીસમી લેહેર પુરી થઇ. (૨૧)

इतिश्रीप्रबीनसागरग्रंन्थेकलाप्रबीनपत्रपत्युत्तरमेदेरससागरदशावर्ननोअेकोनत्रिंशातिमो लहरं. ॥२९॥

---

* અસલ પ્રતીમાં "सुकवी दहन बंच सागर बिधि" પાઠ છે.

लेहेर ३० मी.

अथ दंपति दशा वैद-प्रसंगो यथा–दोहा.

सागर कला प्रवीनको, लगो एक चित ध्यांन;
बिरह दशा बरनत सदा, पाती पर गुजरांन. ॥ १ ॥

ટીકા—સાગર અને કળાપ્રવીણ બંનેને ચિત્તમાં એકજ ધ્યાન લાગી રહ્યું છે તેથીકરી સદાય વિરહ દશાને વર્ણી–ફક્ત કાગળ ઉપર ગુજરાન ચલાવે છે.[૧]

छप्पय.

ऐसें अहर कितेके, वहें चरचा बिस्तारत;
कब मिलहों किरतार, यहें दोऊ उर धारत.
शोच शोच महराज, एह सुकबी प्रति बूझी;
बिना मिलन परबींन, उरह मति मोहि अरूझी.
अभिलाष लगो मनमें सु अति, मनछापुर कीजें गमन;
चितमें बिचार धार्यो मतो, कोऊ बिध देखें बदन. ॥ २ ॥

ટીકા—એમ કેટલાક દિવસ ચર્ચા કરતાં વહી ગયા અને હે પરમેશ્વર અમે ક્યારે મળશું? એમ બન્ને જણ પોતપોતાના મનમાં ધારેછે; એવી રીતે મનમાં શોચના કરી કરીને મહારાજે કવિને કહ્યુંકે પ્રવીણને મળ્યાવિના મહારા મનની મતિ મુંજાઇ ગઈ છે, અને મને એ અભિલાષ થયો છે કે આપણે મનછાપુર તરફ જઈએ–કેમકે મેં મનમાં વિચાર કરીને નક્કી કર્યું છે. કે ત્હાં જઇને કોઈ રીતે પ્રવીણનું મુખ જોવું. (૨)

दोहा.

कही सुकवि महाराज प्रति, जो चित धारत सोय;
सातो मित सिधाइयें, ओरें खबरि न होय. ॥ ३ ॥

ટીકા—એ વાત સાંભળી કવિયે મહારાજને કહ્યું કે જે વિચાર આપે મનમાં ધાર્યો છે–તે પ્રમાણે સાતે મિત્રો સીધાવિયે અને તેની બીજા કોઈને ખબર ન થાય તેમ કરીએ. (૩)

चोपाई.

बांत यहें महाराज बिचारी; मनछापुरी गमनकी धारी.

निज हजूर किंकर फुरमावें; हमें इष्ट साधनकों जावें.
पीछेफिरें तहांलों कोई; हें यह इत यह जाने सोई.
महल आवनें मतो मिटायो; ओरहिको सब काज बतायो.
खबरदार यह कोउ न पावे; पावत इष्ट सिद्धि नाहिं आवे.
वंदबस्त ऐसी बिध कीने; सातो मित बुलाय सु लीनें.
संग मतेवत साज सवारी; आध निशा कीनीं असवारी.
प्रच्छन भेद काहु नहि चीनी; कोउ गांउं पहिचांन न दीनी.
बंहत गहन मनछापुर आये; आय बाग अवमोच द्रढाये.
किय मंजन निज बास उतारे; फिरंग पोस सातो जन धारे. ॥४॥

ટીકા—એ વાત મહારાજાએ વિચારીને મનછાપુરીએ જવાનું ધાર્યું, પછી પોતાની પાસે હમેશના રહેનાર હજુરીઓને ફરમાવ્યું કે અમો ઇષ્ટની ઉપાસના વાસ્તે જઇએ છીએ, અને ત્હાંથી પાછા આવીએ ત્હાં લગણ લોક એમજ જાણે કે મહારાજાતો આંહીંજ છે. મેહેલે આવવાનું બંધ કર્યું તેમ બીજાઓને બીજું કામ બતાવી કહ્યું કે ખબરદાર! આ વાત કોઈ જાણે નહીં—ને જો જાણશે તો ઇષ્ટસિદ્ધિ થશે નહીં. એવી રીતે બંદોબસ્ત કરીને સાતે મિત્રોને બોલાવી લીધા અને મરજી પ્રમાણે સર્વ વસ્તુઓ સંગાથે લઈ અર્ધી રાત ચાલ્યા; એ ગુપ્ત ભેદ કોઇ જાણી શક્યું નહીં, તથા ગામમાં પણ કોઈ ઠેકાણે ઓળખાણ પડવા દીધી નહીં, એમ ગહન મુસાફરી કરતાં મનછાપુરીમાં આવ્યા—પછી ત્હાં બાગ વચ્ચે મુકામ નાખ્યો; પછી પોતાનાં વસ્ત્ર ઉતારી ન્હાયા બાદ સાતે જણાએ ફીરંગીનો પોષાક અંગે ધર્યો. (૪)

दोहा.

बांनो धरयो तबीबको, सहर नजरमें लाय;
बनी जु छबि महाराजकी, सो बिध कहों बनाय. ॥ ५ ॥

ટીકા—શેહેર ધ્યાનમાં લાવીને એટલે શેહેરની નજદીક આવીને વિલાયતી પોશાક પેહેરી—અંગ્રેજ દાક્તર થયા, તે વખતે મહારાજના અંગની શોભા જે બની તે વિધિપૂર્વક વર્ણવીને કહુંછું. (૫)

—अथ रससागर फिरंग रूप बर्ननं—छंद तोटक.

महराज तबीब प्रपंच किया; यह साज फिरंगि नमून लिया.
त्रिकुटी शिरताज[१] जराव धरी; कुरती जरतार बनात करी.

૧. તાજ (મુકુટ) પુલિંગ છતાં ગ્રંથકારે સ્ત્રિલિંગે આપરેલછે અને આવી ભૂલ્યો હજારો ઠેકાણે છે; તે સુધારતાં ગ્રંથમાં બહુફેરફાર કરવો પડે જેથી જેમ છે તેમ રાખેલ છે.

पिसतोल धरी दोउ कंमरमें; नवरंग छडी सु लई करमें.
कुसुमावलि[२] राह मुकांम धरयो; कुरसी पर आसन आप करयो.
लषि पंथिक रूप निहार हसे; भये प्रात सु ब्रह्मसुता निकसे.
चकडोर लगे उत दीठ करी; कवि देखतही पहिचांन परी.
चरचांनलगी रथ खेंच तहां; तुम कोंन कहांलो बसंत कहां.
तव उत्तर एह फिरंग दिया; हमनें सहलांन बिदेश किया.
इतसें बहु दूर बिलात रहें; हमकों सब लोग तबीब कहे.
मन बेदरकार इलाज करें; दरदी न रहे हम दीठ परें.
समुझी इतनें महि ब्रह्म सुता; यहतो वह्न कारन कोंन मता.
तुम आय भलें कहि मंद हसें; दरदी यहं सेर अनेक बसें.
इतनी कहि आप ग्रहें उतरी; अथ जीमि उठी दरबार फिरी. ॥ ६ ॥

ટીકા—મહારાજાએ (વિલાયતી) તબીબ (ડાક્તર)નો પ્રપંચ-[કપટ] કર્યો ત્યારે આ પ્રમાણે ફિરંગી [નમૂના] જેવો વેષ સજી લીધો=માથાપર લણુ-ગોશા (લણ હાંસવાળી) જડાવ ટોપી ધરી, કસુબથી ભરેલ બનાતનો કબજો [કોટ] "પાટલૂન" વિગેરે પેહેરી લીધાં. અને કમ્મરની બન્ને બાજૂએ બે પિસ્તોલ ધારણ કરી. બાદ નવા રંગથી રંગેલી અથવા નવરંગની લાકડી [સોટી] હાથમાં રાખીને સાતે મિત્રેએ કુસુમાવળીને દરબારમાંથી ઘરે અને ઘેરથી દરબારમાં જવા આવવાનો રસ્તો હતો તે રસ્તાપર મુકામ કર્યો. અને ત્હાં મહારાજ પોતે ખુરશી પર બેઠા. તે વખતે તે રસ્તે જે જે કોઈ નિકળતા તે તેમનું રૂપ (નવાઈ જેવો ફિરંગીનો વેશ) જોઇને હસતા હતા. તે સમે સવાર થયું ત્હારે બ્રહ્મ-સુતા જે કુસુમાવળી-તે રથમાં બેશીને ઘરે જવા ત્યાં થઈને નિકળી-તેણે રથમાં બેઠાં બેઠાં દાકતર તરફ નજર કરી તો ત્હાં કવિને જોયા એટલે તુરત ઓળખાણુ પડીકે આ કવિ સન્યાસીને વેશે મ્હારે ત્હાં આવી પત્ર આપી ગયો હતો તેજ છે. પછી રથને ઉભો રખાવીને ત્હાં જઈ તેઓની સાથે વાતો કરવા લાગી કે તમે કોણ છો? ક્હાં સુધી જશો? અને ક્હાં રહોછો? ત્યારે ફિરંગી બનેલા મહારાજાએ ઉત્તર આપ્યો કે=અમો જૂદા જૂદા દેશ જોવાની ઇચ્છાથી પરદેશમાં સેહેલ નીકરવા નિકળ્યા છીએ. આંહીથી ઘણે છેટે વિલાયત દેશછે ત્હાં રહીયે છીએ. ને અમને સર્વે લોકો તબીબ-વૈદ્ય કહે છે. અને અમો મનમાં કોઈની ગરજ

૨. કુસુમાવળી રાહમાં ગ્રંથકારે શ્લેષ રાખેલ છે તે એકે કુસુમાવલ્લી એટલે ફુલવાડીના રસ્તાપર. બીજો અર્થ=કુસુમાવળી જે બ્રહ્મ સુતા તેને જવા આવવાના રસ્તાપર.

એટલે આશા ન રાખતાં રોગીઓના ઉપાય કરીયે છીએ,-અમારી નજરે પડેલા દરદીનું કોઇ દર્દ રહેતું નથી. એટલી વાતમાં તો કુસુમાવળી સમજી ગઈ કે આતો તે કારણ કળાપ્રવીણને મળવા માટે વિચાર કરેલો જણાય છે. એમ મનમાં જાણીને બોલીકે="તમે ભલે આવ્યા" એવું કહી જરા તરા હુશીને બોલીકે આ શહેરમાં અનેક દરદીઓ વસે છે. એટલું કહીને પોતાને ઘેર જઈ-ઉતરીને તે (ઉતાવળથી) અરધું જમી-ન જમી-ઉઠીને પાછી દરબાર તરફ ચાલી. (૭)

दोहा.

कुसुम फिरी दरबार प्रति, आइ जहां बैदान;
फुनि उत रहि चरचा लगी, बूझ्यो एह बिधांन. ॥ ७ ॥

ટીકા—કુસુમાવળી ઘેરથી દરબારે જવા નીકળી અને જહાં વૈદ્યો હતા ત્હાં આવીને વળી પાછી ચર્ચા કરવા લાગી, તેમાં આ રીતે પુછયું. (૭)

अहो बैद बांनी सुनो, साध्य मिटें सब व्याधि;
कहो सु कैसें के समें, ऐसी होय असाध्य. ॥ ८ ॥

ટીકા—અહો વૈદ્યરાજ! જરા વાત સાંભળો, કે જેના ઉપાય થઇ શકે એવા સર્વે સેહેલા રોગતો મટી શકે-પરંતુ જેનો ઉપાય ન થઇ શકે એવા અસાધ્ય રોગ વિશે જે હું કહેવા ચાહું છઉં તે કેમ કરીને અને કયે સમે મટે તે કહો. (૮)

कुसुमावल्युक्त दरदी चेष्टा स्मृत्यलंकार—सवैया.

ऐयत बैयत बार द्रगें अरहंट ज्यों बोरत ढारेत गागर;
रोवत जोवत राह दशों दिश, देखत लेखत रावरे कागर.
झूरत सूरतकों न बिलोकत, कंपत झंप सहेलिय लागर;
हेर निसांन निदान निबेरहु, व्याधि सधें क्यों असाधि ए सागर.[1] ॥९॥

ટીકા—જેમ રેંટે બાંધેલી ગાગરો પાણીથી ભરાય છે ને ઠલવાય છે તેમ આંખ્યોમાં આંસુ આવી ભરાય છે અને ઠલવાય છે, તથા [કોઈની આવવાની વાટ જોતી હોય તેમ]દસેદિશાએ જોયા કરે છે અને રોયા કરે છે, ને આપના કાગળો જુવે છે ને તેનો પ્રત્યત્તર લખે છે-તથા હમેશાં ઝુરે છે, તેમ પોતાની સુરત સામું જોતી નથી.-ને કંપે છે-તથા ચમકી ઉઠે છે, ને સખિયોને ગળે બાઝી પ-

૧ સાગર શબ્દમાં ગ્રંથકારે શ્લેષ રાખેલ છે તે એ કે=સાગર એટલે સમુદ્ર જેવો અસાધ્ય રોગ, અથવા સંબોધનાર્થે પ્રવીણના મિત્ર મહારાજા રસસાગર.

રે છે. હે સાગર! એ પ્રમાણે લક્ષણ જોઈને રોગના કારણનો નિર્ણય કરો કે આ રોગ તે સાધ્ય છે કે અસાધ્ય છે. [૯]

दोहा.

ब्रह्मनि बांनि तबीब सुनि, यह प्रति उत्तरकीन;
पाती लिखी प्रवीनपें, साध यंत्र कहि दीन. ॥ १० ॥

ટીકા—કુસુમાવળીની વાત સાંભળીને વૈદરાજે એ જવાબ આપ્યો કે આ સાધ્ય યંત્ર છે-તે દરદીના હાથમાં આપશો એટલે તુરત સાધ્ય થશે એમ કહીને કળાપ્રવીણપર એક પત્ર લખી આપ્યો. [૧૦]

अथ वह पाती उदाहरनं-दोहा

अहो मिंत परबीनजू, आय बिदेसी बैद;
कवित सवैयनको लहो, भिन्न भिन्न सब भेद. ॥ ११ ॥

ટીકા—હે, પ્રિય મિત્ર કળાપ્રવીણ! અમે વિદેશી વૈદ્ય અત્રે આવેલા છિયે માટે કાગળમાં લખેલ કવિત્ત સવૈયાના નોખા નોખા ભેદનો વિચાર કરો. [૧૧]

अलंकार संशय दृष्टांत–छप्पय.

सूर उदित तब कहा, दर्द चकवा नहि भागें;
दीप कियो तब कहा, नेंन खद्योत न लागें.
चंद कौमुदी कहा, दर्श देख्यो न चकोरा;
कमल प्रफुल्लित कहा, बास लोभित नहि भौंरा.
घन गाज गाज बरष्यो कहा, चाह न पूरत चातकी,
परबीन प्रेम जानंत यों, प्यास न बूझत बातकी. ॥१२॥

ટીકા—ચકવા ચકવીના વિયોગનું દુઃખ ન ફિટ્યું તો સૂર્ય ઉગ્યો તેથી પણ શું? જો પતંગીયાની આંખે ન દેખાણું તો દીવો પ્રગટ્યો તેથી પણ શું? જો ચકોર પક્ષીને દેખા ન થઈ તો ચંદ્રની ચંદ્રિકા પણ શા અર્થની? જો સુગંધના લોભી ભમરો પાસે આવ્યા નહીં તો તે કમળ પ્રફુલ્લિત થયું તેથી પણ શું? જો ચાતક પક્ષીની ચાહના પુરી નહિ તો વર્ષાદ ગાજી ગાજીને વર્ષ્યો તો તે શા અર્થનો? તેમ પ્રિય મિત્ર કળાપ્રવીણ! તમે પ્રેમને જાણોછો, માટે એમ વાતો કરવાથી કંઈ તૃષા બુઝાતી નથી. [૧૨]

अथ अलंकार जातिस्वभाव–सवैया.

मिंत बिचार करो चितमे यह, कैसें भयोहे हमें इत ऐबो,
एकहुं द्वेक दिना चत्र पंचमे, अंत परेगों उतें फिरिजैबो.
जांननहार अजांन भये कह, ज्यों त्यों करो इकबेर मिलैबो,
आज त्रपा न उलंघो प्रबीनपें, पाछें दुहून घनों पछितैबो. ॥१३॥

ટીકા—પ્રિય મિત્રવર ! એ બાબતનો મનમાં વિચાર કરો કે હુમારૂં અહિં આવવું કેમ થયું છે, અને વળી એક બે કે પછી ચાર પાંચ દિવસે વિખુટા થઈ અંતે પાછું જવું પડશે, માટે તમો જાણવાવાળાં છતાં અજાણ કેમ થાઓછો? વાસ્તે હવે તો ગમે તેમ કરીને પણ એક વાર મેળાપ થાય એમ કરો, જો આજ લાજનું ઉલંઘન નહિ કરો તો પછી હે પ્રબીન! પાછળથી બન્નેને ઘણું પસ્તાવું પડશે. [૧૩]

अलंकार दीपकावृत्ति छप्पय.

ज्वाल बुझावत जलह, जलह जारत क्यों बूझे,
तिमिर न्निवारत सूर, सूर तमक्रम कह सूझे,
गरल उतारत सुधा, सुधा मारत को वारे,
तपंन मिटावत चंद, चंद तपतहि को टारे,
घंनमाल जिवारतहे जगत, क्यों जीवें घन व्हें विमुख,
परबीन मिंत सुखदाय तूम, दुखदायक मरज्यों न सूख. ॥ १४ ॥

ટીકા—અગ્નિની જવાળાને પાણી બુઝાવે છે પણ જ્હારે પાણીજ બાળે ત્હારે તે જવાળા કેમ બુઝાય ! અંધારાનું સૂર્ય નિવારણ કરે છે અર્થાત્ મટાડે છે, પણ જ્હારે સૂર્યજ અંધારૂં કરે તો પછી કેમ સુઝે? ઝેરને અમૃત ઉતારે છે પણ અમૃતજ જાહરે સૂર્યજ મારે ત્હાં કોણ વારી શકે? તાપને મટાડી ચંદ્ર ઠંડક કરે છે પણ જ્હારે ચંદ્રજ તપે તો પછી તે તાપને કોણ તારનાર છે! મેઘ મંડળ આ જગતને જીવાડે છે પણ જ્હારે મેઘજ ન વર્ષે તો પછી જગત્ કેમ જીવે? માટે હે પ્રવીણ મિત્ર! તમોતો સુખદાયક છતાં તમેજ જ્હારે દુઃખ આપશો તોતો અમારે એમજ સમજવું કે એ અમારા પ્રારબ્ધમાંજ સુખ લખેલું નથી. (૧૪)

अलंकार ग्रहित मुक्तदाम—सवैया.

कीजें विचार कहा मिलवे महि, कामरि भारि बने अति भीजें;
भींजरहे मन एकहुं रंग, तिहि भांति छेह कहीं पर दीजें.

दीजे नहीं दरसंन इति भये तो विरही सु कहां लग जीजें;
जीजें सोई गिनतीमें नही दिन, मिंत प्रबीन मेहेर न कीजें. ॥ १५ ॥

ટીકા—માટે મળવામાં વિચાર શું કર્યા કરો છો! અને જાણતાં નથી કે આંસુની પડતી ધારાથી જેમ જેમ કામળી ભીંજાતી જાય છે તેમ તેમ અતિ ભારે થતી જાય છે! ને અમો મનમાં એકજ રંગથી ભીંજાઈ રહ્યા છીએ-તે ઉપર શાવાસ્તે છેહ દોછો? આટલું થયા છતાં એટલે અમો અહીં આવ્યા છતાં જો દર્શન દેશો નહીં તો અમો વિયોગી ક્યાં સુધી જીવશું? અને હાલ જે તમોને મળ્યાવિના જીવિયે છીએ તે ગણતરીમાં ગણ્યા જેવા દિવસ નથી; કેમકે મુવા જેવા જીવિયે છીએ-માટે હે કળાપ્રવીણ! (અમારી આવી દશા છતાં) હજુ સુધી કેમ દયા કરતાં નથી? [૧૫]

अलंकार द्रष्टांत–छप्पय.

गंग न्हाय हर परसि, पाप न घट्यो तब न घट्यो;
गये धनंतर द्वार, रोग न मिट्यो तब न मिट्यो.
प्रगटे सूर प्रताप, तिमिर न गयो तब न गयो;
ईश लिये उपदेश, ज्ञान न भयो तब न भयो.
शुकदेव व्यास मुनियत कथा, भ्रम न तग्यो तब ना तग्यो;
परवीन मिंत आयें सुपुर, दुख न भग्यो तब ना भग्यो. ॥ १६ ॥

ટીકા—ગંગામાં ન્હાયા અને વિશ્વનાથનો સ્પર્શ કર્યો છતાં પાપ ન ઘટ્યું તો પછી-નજ ઘટ્યું એમ જાણવું; અને ધનુર્વૈદ્ય ધન્વંતરીને દ્વાર ગયા છતાં રોગ ન મટયો તો એમજ જાણવું કે-તે મટવાનો નથી. સૂર્યનો પ્રતાપ ઉદ થયો ને અંધારૂં ન ગયું તો પછી-નજ ગયું એમ જાણવું; વળી શંકરથી ઉપદેશ લીધો અને જ્ઞાન થયું નહીં તો પછી-નજ થયું એમ સમજવું; વળી શુકદેવ તથા વ્યાસ જેવા મુનિવરથી કથા સાંભળી અને ભ્રમણા ન ભાગી તો પછી-નજ ભાગી; તેમ હે મિત્ર પ્રવીણ! અમે તમારા પુરમાં આવ્યા અને દુઃખ ન ગયું તો પછી-નજ ગયું એમજ જાણવું તો. [૧૬]

अलंकार द्रष्टांत-सवैया.

बातन घात भईहैं इते पर; घात अनंग रची क्यों निवारो.
अंबरलों धर ज्वाल उठी जर; तापर पाय कहां निरधारो.
कोश पचाशक पांच भये डग; पांच भये डग कोश हजारो.
यांदिन याद करो न प्रबीनजु; कौनहुं पें फिरयाद पुकारो. ॥१७॥

ટીકા--મૂળતો આ વાતજ ઘાતરૂપે નિવડી છે અનોતે ઉપર કરમદેવે ઘાત રચી છે તેને હુંવે કેમ ટાળી શકું! આકાશથી પૃથ્વી સુધી (વિરહાગ્નિ) ની ઝાળ સળગી ઉઠી છે તે ઉપર પગ કયાં મુકું! આવતાં તો પચાસ ગાઉનું અંતર પાંચ ડગલાં જેવું જણાયું પણ હુવેતો પાંચ ડગલાં હજારો ગાઉ જેટલે છેટે થઇ પડ્યાં છે; માટે મિત્ર પ્રવીણ! જો આપ આવા દુર્ઘટ દિવસમાં અમને યાદ નહિ કરો એટલે અમનેનહિ માનો તોપછી અમે કોની પાસે જઇને ફરિયાદ કરીશું?(૧૭)

अलंकार जातिस्वभाव-सवैया.

आस्य बिलोकन आश हमें बिस, बास बडो सु निराश घरो नां;
अंमृतकी जु भरी अखियां उनही, अखियां बिष बुंद भरो नां.
मांन समांन कियोहे हमें वह, बोत दिनां कों सने बिसरो नां;
पौंर खरेंकें,जोर अद्दो निशे, तासें प्रबीन मरोर करो नां. ॥ १८ ॥

ટીકા--તમારૂં મુખરૂપી દર્શનની અમને મ્હોટી આશા તેમજ વિશ્વાસ છે માટે નિરાશ કરશો નહીં; અને અમૃતથી જે આંખ્યો ભરેલીછે તે આંખ્યોમાં વિખનાં બુંદ ભરો નહિ; અને હુમે પ્રાણ સમાન કરીને રાખ્યોછે તે ઘણા દિવસનો સ્નેહ હુવે વિસારશો નહીં-એમ અહુરનીશ હાથ જોડીને ઉભાં છીએ માટે હે પ્રવીણ! તેથી મરોર-કટાક્ષ કરોમાં (૧૮)

अलंकार जातिस्वभाव-सवैया.

नेंनन नीरनको झरबो भरबो, अति सांस उदास उसासी;
बात कहा उरझी सुरझेन रहे, मुरझाय बिदेशकं बासी.
छूटहिगी न छुटेबो करो कह, कंठ परीहे सनेहकी फांसी;
मिंत प्रबीन भई सु भई अब, हेतहुकी न करो तुम हांसी. ॥ १९ ॥

ટીકા--આંખ્યોમાંથી આંસુનું ઝરવું, ઉદાસીથી અતિ ભારે ઉસાસા ભરવા-છતાં હુજુ પણ વાત શુ ધુંચવાઈ રહી છે કે કંઇ સુઝ પડતી નથી! તેથી આ દૂર દેશાવરમાં રહેવાવાળો અને તમારા દર્શનનો અભિલાષી વિદેશી જન મુંઝાઈ રહ્યો છે, વળી જે આ સ્નેહરૂપી ફાંશી ગળામાં પડેલી છે, તે કોઈ કાળે છોડી છૂટવાની નથી-પછી તેને શું કરશો ? માટે હે મિત્ર પ્રવીણ ! જે બનવાની બની હવે તો આપ હેતની ફજેતી કરો નહીં. (૧૯)

अलंकार असंभव-सवैया.

बात बिछोहनकी तुम जांनत, एसो सवाद यहें सियरा; .
ओसर नीठ बन्यों नं बिसारहु, बोत दिनाको लगो नियरा.

आप बडे न बिचारतहो, मिलबेंकों हमें तलफें जियरा;
मित प्रबीन मेहेर न आवत, कैसें कठोर कियो हियरा.॥२०॥

ટીકા—વિયોગના દુઃખની વાતનાં તમો જાણવાવાળાં છો-કે આવોશીતળ સ્વાદ એમાં રહેલો છે, માટે ઘણી મહેનતે આ અવસર આવ્યો છે તેને વિસારશો નહીં, કાં. જે ઘણા દિવસની પ્રીત લાગી છે-છતાં આપ મહાન થઇને તે વિચારતાં નથી પણ તે માટે અમારો જીવ મળવાને તલફે છે, તો હે મિત્ર પ્રવીણ! તમોને હજીએ દયા આવતી નથી? એવું તે કઠોર હૈયું કેમ કરી બેઠાં છો? (૨૦)

अलंकार दृष्टांत–सवैया.

राम गये बनबास इते पर, भाग गतीसें सती संग तागें;
संकट भाग भयो नल राय; इतें पर भ्रांति दमंतिए जागें.
पांडव भाग बेहाल किये जु, इतेकर कैचकनकी गति जागें;
मित प्रबीन जु देश बिदेशहुं, भाग चलेंहें दुहू डग आगें ॥२१॥

ટીકા—એકતો રામને વનવાસ જવું પડયું, તેમાં અધુરામાં પુરૂં ભાગ્યની ગતિથી હરણ થયાને લીધે સતી સીતાનો સંગ તજ્યો; તેમજ ભાગ્યની પ્રસંસાથી નળરાજાને સંકટને ભોગ થવું પડ્યું, તેમાં વળી દમયંતી ઉપર ભ્રાંતિ ઉપજી; પાંડવોને ભાગ્યે બેહાલ કર્યા છતાં તે ઉપર વળી દ્રૌપદી વાસ્તે કૈચાકીચકના કૃત્યનું સંકટ આવી લાગ્યું. માટે મિત્ર પ્રવીણ! દેશ કે વિદેશમાં ભાગ્ય તો બે ડગલાં આગળનું આગળજ સમજવું. (૨૧)

अलंकार विनोक्ति-दोहा.

नीर तीर तलफत परयो, धीर न धरियत मीन;
निकट तऊ पलहें बिकट, परसे बिनां प्रबीन. ॥ २२ ॥

ટીકા—જળાશયની તીરે પડયું પડયું તરફડે છે-એવી ગતિવાળું તે માછલું ધીરજ ધરતું નથી, જો કે પાણી તો પાસેજ છે; એમ મિત્ર પ્રવીણ! તે પાણીના સ્પર્શ સિવાયના તે માછલાને એક મહા વિકટરૂપ થઈ પડે છે. (૨૨)

ग्रीषम गिर लागे जरन, सरवर निकट पुलीन;
बूझेगा कैसें बिपिन, परसें बिनां प्रबीन. ॥ २३ ॥

ટીકા—ગ્રીષ્મ કાળના તાપના દિવસમાં પર્વત બળવા લાગ્યા, તેની પાસે પાણીથી ભરેલું સરોવર તો છે, પણ પ્રિય પ્રવીણ! પાણીના સ્પર્શ વગર તે શી રીતે ઓલાશે. (૨૩)

निकट जडी मुहरा धरें, काम भुजंग डस कीन;
विष व्याप्यो उतरत नहीं, परसे बिनां प्रवीन. ॥ २४ ॥

ટીકા—જેને કામરૂપી સર્પે ડંસ દીધો છે, પાસે વિષનિવારણ બુટિ અને મોહોરા છે-પણ મિત્ર પ્રવીણ! સ્પર્શ કર્યા વિના કંઈ વિષ ઉતરે છે? મતલબકે ઉતરે નહીં. (૨૪)

भोजन लाये थार भर, कर पकवांन नवीन;
तऊ छुधा भाजत नहीं, परसे बिनां प्रवीन. ॥ २५ ॥

ટીકા—નવ નવાં પકવાન બનાવી-થાળ ભરીને-તે મહા સ્વાદિષ્ટ ભોજન પાસે મૂક્યું છે પણ મિત્ર પ્રવીણ! સ્પર્શ કર્યા સિવાય તેને જોઇને કંઈ ભૂખ ભાગે છે? અર્થાત્ ભાગે નહીં. (૨૫)

केसरें चंदन कुमकुमा, भरे कटोरे तीन;
अंग रंग लागत नहीं, परसे बिनां प्रवीन. ॥ २६ ॥

ટીકા—કેસર, ચંદન અને કુમકુમના એમ ત્રણ કટોરા ભરેલા છે, પણ મિત્ર પ્રવીણ! સ્પર્શ કર્યા સિવાય તે કચોળાં માંહેલો રંગ ઉડીને કંઇ અંગને લાગવાનો નથી. (૨૬)

प्याले भर धरियत निकट, सुरा सरस अति कींन;
तऊ केफ आवत नहीं, परसे बिनां प्रवीन. ॥ २७ ॥

ટીકા—અતિ ઉત્તમ બનાવેલા મદિરાથી ભરેલા પ્યાલા પાસે રાખ્યા છે, પણ મિત્ર પ્રવીણ! તેને હાથે ઝાલી પીધા સિવાય કંઈ કેફ આવે નહીં. (૨૭)

अंमृतको भाजन निकट, भर्यो धर्यो नहि पींन;
यों देखत अमर न भये, परसें बिनां प्रवीन. ॥ २८ ॥

ટીકા—અમૃતથી ભરેલ પાત્ર પાસે મુક્યું છે પણ પીધું નથી, તો મિત્ર પ્રવીણ! તેને ઉઠાવી પિધા વગર-એમ માંડ માંડ જોઇને કંઈ અમર થવાય નહીં. (૨૮)

गंगा जमुना सरसती, लहर त्रिबेनी लीन;
निकट गये पातक रहे, परसे बिनां प्रबीन. ॥ २९ ॥

ટીકા—ગંગા, યુમનાં અને સરસ્વતિ એમ ત્રિવેણી કહેતાં ત્રણે નદીઓના પાણીની લેહેરો ચાલી જાય છે, પણ મિત્ર પ્રવીણ! તેના પ્રવાહમાં ન્હાયા સિવાય પાતક તો એમનું એમજ રહે-અર્થાત્ મટે નહીં-તે તો ન્હાય તોજ જાય. (૨૯)

श्रीमंडल बीना मुरज, धरे सकल रस भींन;
मधुरे स्वर बाजत नहीं, परसे विनां प्रबीन. ॥ ३० ॥

ટીકા—શ્રી મંડળ, વીણા, મુરજ વિગેરે ઉત્તમ રસથી ભીંજાયલાં વાજિત્રો પાસે ધરેલાં છે, પણ હે મિત્ર પ્રવીણ! તેને હાથે ઝાલી વગાડ્યા વિના મધુર અવાજથીં વાગેજ નહીં. (૩૦)

लोह पुंज इतकों धर्यो, इत पारसमनि दीन;
सो कंचन कैसें बनें, परसे विनां प्रबीन. ॥ ३१ ॥

ટીકા—એક બાજુ લોઢાનો પુંજ-ઓઘ ધરી રાખેલો છે, ને બીજી બાજુએ પારસ મણી છે, પણ હે મિત્ર પ્રવીણ! તે લોઢા સાથે પારસ મણીનો સ્પર્શ કર્યા વિના સોનું કેમ થાય? [૩૧]

अलंकार हंसान्योक्ति–सवैया.

मोतिनकी सिकता जल शीतल, पंकज नील सिते पित आरन;
कंचनकी तहलीर करी नवरंग, जरी मनिबंध कीनारन.
झार अठारहु भार प्रफुल्लित, बात त्रभेद झकोरत डारन;
हंस छुधातुर आतुर डोलत, मिंत प्रबीन कहो किहि कारन. ॥ ३२ ॥

ટીકા—ખાવાને જ્હાં મોતીની વેળુ છે, પીવાને જ્હાં શીતળ પાણી છે, કાળાં-ધોળાં-પીળાં-ને રાતાં એમ અનેક જાતનાં કમળો છે, સોનાની પાળ બાંધી રંગ બેરંગી મણીઓથી જેના કિનારા જડેલા છે, જેમાં અઢારભાર વનસ્પાતિનાં ઝાડો પ્રફુલ્લિત થઈ રહ્યાં છે, અને શીત-મંદ-ને સુગંધમય એમ ત્રણ પ્રકારનો વાયરો ડાળીયોને ઝુલાવી રહ્યા છે, જ્હાં હંસ ખાવાને આતુર બની ઠેર ઠેર ડોલતા ફરે છે, હે મિત્ર પ્રવીણ! કહો-તે શા વાસ્તે? (૩૨)

सोरठा.

सरवर मांन पुलीन, शीतल जल मुगता चुगन;
कारन कहा प्रबीन, प्यास छुधा हंसा मरत. ॥ ३३ ॥

ટીકા—ફરવાને માન સરોવરનો કિનારો છે, પીવાને શીતળ પાણી છે; તે કારણ શું-હે મિત્ર પ્રવીણ! તે કહો જોઇએ વારૂ? [૩૩]

डसे बिरह अहि शांम, रोंम रोंम लागी लहर;
धरियत होय अरांम, मोहरे अधर प्रबीन मुख. ॥ ३४ ॥

ટીકા—વિરહરૂપી કાળો નાગ કરડેલો છે–જેનું ઝેર રોમે રોમે વ્યાપી ગયું છે, પણ જો પ્રિય મિત્ર પ્રવિણના મુખના હોઠરૂપ અમૃતમય મ્હોરો

ધરે તો આરામ થાય. [૩૪]

हैं मन भयो बिहाल, बिन मिलयंत परबीनजू;
जिय बिरहानल जाल, बूझेगी देखे बदन. ॥ ३५ ॥

ટીકા—પ્રિય પ્રવીણને મળ્યા વગર આ મન બેહાલ થઇ ગયું છે, અંતરમાં વિરહારૂપી દાવાનળની ઝાળો સળગી ઉઠી છે-તે જ્હારે પ્રવીણના દેદારને જોશે ત્હારેજ બૂઝાશે. [૩૫]

बीच दरीचन धाय, गोख झरोखनमें अटा;
बदन न देख्यो जाय, हेर हेर हारे नयन. ॥ ३६ ॥

ટીકા—ડેલિયે, ગોખે, જાળિયે અને અગાસિ વિગેરે સર્વે સ્થળે જોઈ જોઈને અમારાં નેત્રો હારી ગયાં-તો પણ કાંઈ આપનું મુખ જોયું નહીં (૩૬)

गूढोक्तिः

तीजो कीजे चित, रस गिनती परबीन करि;
मिलन बिचारहु मित, दूजो व्हैहे प्रेमको. ॥ ३७ ॥

ટીકા—હે પ્રિય મિત્ર પ્રવીણ! નવરસની અનુક્રમે ગણતરી કરતાં ત્રીજો રસ જે કરૂણા તે મનમાં ધરીને એટલે દયા લાવીને-હે મિત્ર મળવાનું વિચારો,-નહીં તો પ્રેમનો બીજો રસ જે હાસ્યરસ તે થશે, અર્થાત્ પ્રેમની મશ્કરી થશે. (૩૭)

कीनी कुसुम बिदाय, एती लिख पाती दई;
सो प्रबीन प्रति जाय, मौन ग्रही मनमें मुदित. ॥ ३८ ॥

ટીકા—એવી રીતે પત્ર લખી અને તે કુસુમાવળીને આપી કળા પ્રવીણ પાસે મોકલી, તે મનમાં હર્ષ ધરીને પ્રવીણની પાસે આવી બોલ્યા વગર ઉભી રહી. (૩૮)

अथ गाहा.

सागर गमन बिदेशं, बर्नन तबीब रूप बरनावं;
पठवन पत्र प्रबीनं, त्रीश प्रबीन सागरो लहरं. ॥ ३९ ॥

ટીકા—સાગરનું પ્રદેશ જવું, તેમ ધરેલ ફિરંગી ડાક્તરના વેશનું વર્ણન તથા પ્રવીણપર પત્ર લખી મોકલ્યો તે સંબંધી હકીકત જેમાં છે-એવી પ્રવીણ સાગર ગ્રંથની ત્રીશમી લેહેર પુરી થઈ. (૩૯)

इतिश्रीप्रबीनसागरग्रंथेसागरविदेशगमनप्रबिनपत्रपठवनभेदोनामत्रिंशतिमोलहरं. ॥३०॥

લેહેર ૩૧ મી.

अथ कलाप्रवीन कुसुमावलि चर्चा प्रसंगो यथा-दोहा.

नैन भोंह मुसकित बदन, ब्रह्मनि बैंठी आय;
बदन बधाईके लियें, अति मनमें अकुलाय. ॥ १ ॥

ટીકા—નેત્ર-ભૃકુટિ અને મુખ મરકાવતી કુસુમાવળી કળાપ્રવીણ પાસે આવી ને મુખેથી જલદી સુખદાયક વધામણી આપવા માટે મનમાં અતિશે અકળાવા લાગી. (૧)

पर इकंत ओसर नहीं, भटू भीर चहुं ओर;
कुमरी चित चंचल परखि, कही चिंत किहि ठोर. ॥ २ ॥

ટીકા—પણ એકાંતનો અવસર નહોતો; ચારે તરફ સખિયોની ભીડ હતી તેથી બોલી નહી, પણ રાજકન્યા કુસુમાવળીનું ચપળ મન જોઈ તે સમજી ગઈ ને બોલી કે હે કુસુમાવળી! ત્હારૂં મન આજ કયે ઠેકાણે છે? [૨]

चोपाई.

आज कहा ओरसी लषावें; कछु प्रतीत जाननें न पावें.
मंद मुसकि ब्रह्मनी कहाया; एकें नजर तमासा आया.
कुमरी कहे कोंनसा तमासा; जासें अति आवतहें हांसा.
बिप्रनि कहे बिलात रहाये; सोय फिरंग सहरमें आये.
उनकी लखी ओर पोसाखा; हांसी होय सुनत उन भाषा.
एती कही ओर नहिं खोलें; ख्याल रमूज षुसी फिर बोलें.
बीतत अहर निशा दरसाई; सब सहियां निज भवन सिधाई.
कलाप्रबीन इकंत जु कीनी; ब्रह्मनि बैद बधाई दीनी. ॥ ३ ॥

ટીકા—કળાપ્રવીણે કુસુમાવળીને કહ્યું કે આજનો દેખાવ તો કાંઈ ઓરજ તરેહનો દેખાય છે? ને વળી તેનું કારણ કાંઈ કળવામાં આવતું નથી; એટલે સ્મીત હાસ્યથી તે બ્રહ્મબાળા બોલી કે આજ એક તમાસો નજરે આવ્યો છે. કળાપ્રવીણે પૂછ્યું કે એવો કેવો તમાસો છે કે જેથી ઘણું હસવું આવે છે! ત્હારે તે બ્રહ્મ કન્યા બોલી કે વિલાયતમાં રહેતા ફિરંગી આપણા શેહેરમાં આવેલા છે; તેનો આપણાથી ઓર પોષાક અને જૂદી ભાષા સાંભળીને હસવું આવે છે=એટલું બોલી છૂપો ભેદ ખોલ્યો નહીં અને ઘણી રમુજની સાથે ખ્યાલની વાતો બોલવા લાગી, એમ કરતાં કરતાં દિવસ વિતિ ગયો ને રાત દેખાઈ એટલે બધી સાહેલીઓ પોત

પોતાને ઘેર ગઇયો, જે પછી કળાપ્રવીણ સાથે એકાંત કરીને કુસુમાવળીએ વૈદ્યવાળી વધામણી આપી. (૩)

दोहा.

कुमरि बधाई बैद सुनि, हरषित चित अपार;
करि बिनती ब्रह्मनि बहुरि, पाती दई निकार. ॥ ४ ॥

ટીકા—રાજકન્યા વૈદ્યની વધામણી સાંભળીને મનમાં ઘણોજ હર્ષ પામી, અને વળી વંદન સાથે તે બ્રાહ્મસુતાએ વૈદ્યનો પત્ર કાઢી આપ્યો. [४]

ओर दोर मनको भयो, पाती बंच प्रबीन;
तन गहनो पोषाक जुत, ब्रह्मनि बकसन कीन. ॥ ५ ॥

ટીકા—તે પત્ર વાંચતાં પ્રવીણના મનનો કંઈ ઓરજ તરેહનો ભાવ થઈ ગયો, તે એટલે સુધી કે શરીર ઉપરનો અલંકાર સહિત આખો પોષાક કુસુમાવળીને બક્ષિસ કર્યો. (૫)

निस नितवत आराध कर, चरचा लगी फिरंग;
वहे रूप बरनन करत, निशि बीती यहि रंग. ॥ ६ ॥

ટીકા—પછી રાત્રીએ હમેશાં કરવાનું નિત નિયમ-આરાધન કર્યા બાદ ફિરંગીની ચરચા ચાલી, એમ તે ફિરંગીના રૂપનું વર્ણન કરતાં એજ રંગમાં રાત વીતી ગઇ (૬)

सोरठा.

प्रगटन लगो प्रभात, लाल रेख अंबर लगी;
शशि आभा न सुहात, छिन छिन तन दुति तारिका. ॥७॥

ટીકા—પ્રભાતનો ઉદય થવા લાગ્યો ત્હાંતો સૂર્યનાં કિરણોની લાલ રેખાઓ આકાશમાં ફેલાવા લાગી, ને ચંદ્રની શોભા મોળી (ઝાંખી) પડવા માંડી, તથા તારાઓનું તેજ ક્ષણે ક્ષણે ક્ષીણ થવા લાગ્યું. (૭)

अथ प्रभात बर्नन-चोपाई.

मंद मंद आभा दरसाये; तरनि तेज तारिका घटाये.
बांनि बृच्छ चिरियांन उचारी; अंबर महि उलटी उजियारी.
बाग बाग प्रति बन सु बिकासे; सर सर कमल पुंज परकासे.
चकवा दंपति मित मिलानें; दीप मंद मंदह दरसानें.
चित बिछोह चकोरा दग्गे; कुंज भृंग गुंजारव लग्गे.

निशिचर निज मनमें मुरझाये; दिनचर चित अनंत सुख पाये.
ठोर ठोर रवि बिंब प्रसारी; आशा दुति आरुनि निहारी.
चरचा चलत बखत यह आया; बाला बिरह अंग प्रगटाया.
मता मिंत मिलबेका ठांना; किय प्रबीन दरदीका बांना. ॥८॥

ટીકા—ચંદ્રની કાંતિ ધીમે ધીમે મંદ દર્શાવા લાગી, અને સૂર્યના તેજ આગળ તારાઓનું તેજ ઘટવા લાગ્યું, વૃક્ષોપર બેઠેલાં પક્ષીઓ બોલવા લાગ્યાં ને આકાશમાં ઉજાશ ભરાઈ આવ્યું, બાગ-બગીચા, વન-ઉપવનો પ્રકાશીત થયાં, સરોવરે સરોવરે કમળના સમૂહો પ્રકાશી નીકળ્યા, ચકવા ચકવીનાં જોડાં ઈષ્ટ મિત્ર-સૂર્યને મળી આનંદમગ્ન થયાં, ને દિવાનું તેજ મંદ થવા લાગ્યું, તેમજ ચંદ્રમાના વિયોગનું દુઃખ ચકોર પક્ષીના મનમાં ઉદે થયું અને કુંજની લતાઓમાં ભમરાઓ ગુંજારવ કરવા-ગણગણવા લાગ્યા, તથા રાત્રીને વિશે ફરનારાં પ્રાણીઓ પોતાના મનમાં મુંઝાવા લાગ્યાં, તેમ દિવસે ફરનારાં પ્રાણીઓ ચિત્તમાં ઘણાંજ રળિયાત થયાં અને જહાં ત્હાં સૂર્ય બિમ્બનું અજવાળું ફેલાઇ રહ્યું-જેથી દિશાઓની લાલાશ પડતી કાંતિ દેખાવા લાગી. એમ ચર્ચા ચાલતાં આ (પ્રભાતનો) વખત આવ્યો એટલે તે બાળારૂપ રાજકુંવરીએ અંગમાં વિરહ પ્રગટાવ્યો અને મનમાં મિત્રને મળવાનું ઠરાવીને પ્રવીણે દરદીનું બાનું કર્યું. [૮]

सोरठा.

मिंत मिलन उरधार, दरदी कीन प्रबीजू;
कीनी कुसुम पुकार, आसपास ओरें नहीं. ॥ ९ ॥

ટીકા—મનમાં મિત્રને મળવાનું ધારીને કળાપ્રવીણને દરદી ઠરાવી, (શૈય્યાપર સુવરાવી) આસપાસ કોઇ નથી એમ જાણી કુસુમાવળીએ પોકાર કર્યો. [૯]

अथ कलाप्रबीन दर्ददशा बर्ननं—छंद पद्धरी.

बेहोस होत रायां कुमार; कुसुमावली सु कीनी पुकार. आये मिले सु जन्नान लोग; कोऊ निदांन पावे न रोग. महाराज आप देखनें आय; निज बैद मान करिकें बुलाय. मिलि राज बैद परेखे चरित्र; बाला सरूप देखे बिचित्र. नसकों निहार दरदी न पाय. आपके जांन ओषध खवाय; ज्यों ज्यों करंत ओषध उपाय; त्यों त्यों बिसेष ब्याधी जनाय. हारे सु बैद लग्गी नकार; बाला करंत तलफन अपार. महाराज बिप्र आयसा दीन;

जप जाप होम आराध कीन..लहे केउ नीम दीने सुदांन; भइ सांझ तोउ बोले न बांन. ॥ १० ॥

ટીકા—રાજકુમારી બેહોશ થતાં કુસુમાવળીએ બૂમ મારી, જે સાંભળીને અંતઃપુરનાં માણસો આવી મળ્યાં, પરંતુ કોઈ રોગના નિદાનને પારખી શકતું નથી, છેવટે મહારાજા નીતિપાળ પણ પોતે કુંવરીને જોવા સારૂ પધાર્યા, બાદ કુંવરીની વિકલ હાલત જોઈ પોતાના વૈદ્યોને સન્માન કરી બોલાવ્યા. રાજવૈદ્યો મળીને રોગની પરિક્ષા કરી પ્રકૃતિ જૂવે છે, તેમ તેમ પ્રવીણનું વિચિત્ર રૂપ જણાયું, પછી નાડી તપાસી પણ દરદને પારખી શકયા નહીં, છેવટ માંડ માંડ જાણીતાં ઔષધ ખવરાવવા લાગ્યા. જેમ જેમ ઓષડ કરે છે, તેમ તેમ વધારે વ્યાધિ જણાય છે, આખરે વૈદ્યો થાકયા પણ ટેકી લાગી નહીં—અને રાજબાળા તો અપાર તરફડ કર્યા કરે છે; આવી ભયાનક સ્થીતિ નિહાળી મહારાજાએ બ્રાહ્મણોને આજ્ઞા આપીને જપ, જાપ, હોમ, આરાધન કરાવ્યું, કંઇક બાધાઓ લીધી, દાંન અર્પ્યાં, પણ સાંઝ થયા છતાં રાજકન્યા એક બોલ બોલતી નથી. (૧૦)

अथ अलंकार बिनोक्ति–सवैया.

हैं न निसांन नसांनमें जाहर, बैद कहा परखे बपुरे;
लोग अजांन निदांन निहारत, दांन बिधांन बिथा न हरे.
मंत्र न जंत्र न तंत्र न भेद, कितेइ करंत कछू न टरे;
सागर मिंत मिलें न तबें लगि, कोनहु आय सहाय करे. ॥ ११ ॥

ટીકા—નાડિયોમાં કાંઈ જાહેર નિશાન [લક્ષણ] જણાય નહીં ત્હાં બાપડા વૈદ શું પારખી શકે? અને અજાણ લોકો રોગનું કારણ તપાસે છે પણ જાણતાં નથી કે દાન, પુન્ય, કોઈ વ્યાધિને હરે તેમ નથી; મંત્ર નહિ–જંત્ર નહીં–તંત્રના ભેદે નહિ એમ કોઈનાથી તે દુઃખ ટળતું નથી! જ્હાંલગી સાગર મિત્ર મળે નહીં ત્હાં સુધી કોણ આવીને સહાય કરે! (૧૧)

दोहा.

सांझ भई एसें दरद, कोउ निदांन न पाय;
कोटिहु किये इलाजपें, समें न आंम उपाय. ॥ १२ ॥

ટીકા—એ દુઃખમાંને દુઃખમાં સાંજ થઇ પણ કોઈ દરદના નિદાનને પારખ્યું નહીં, કરોડો ઉપાયો કર્યા—પણ સઘળા વ્યર્થ છે; પીડા અન્ય ઉપાયથી શમતી નથી. (૧૨)

बानी मंद प्रबीन सों, कुसुमहि दियो सुनाय;

लोग सबै करुना लगे, मन महीप मुरझाय. ॥ १३ ॥

ટીકા—સર્વે જણાં કરૂણામય થઈ ગયાં, ખુદ મહારાજા પણ મનમાં મુંઝાવા લાગ્યા,તે વખતે પ્રવીણે મંદ વાણીથી કુસુમાવળીને સંભળાવ્યું. (૧૩)

अथ विभावना अलंकार कलाप्रबीनोक्त-सवैया.

काहेकों चंदन अंग लगावत, काहेकों नीर गुलाबको डारो;
काहेकों फूलन हार धरावत, काहेकों लें घनसार बिगारो;
काहेकों सीत बयार विजोनत, ए न बिथा उपचार हमारो;
जंगम जोगी जती दुज बूझहु, है कोउ मित मिलावन हारो.॥१४॥

ટીકા—શું કરવાને શરીરે ચંદન લગાડો છો અને શામાટે ગુલાબજળ છાંટો છો? શા વાસ્તે ફુલના હાર ધરો છો! અને અમસ્થુ ઘનસાર લડાડીને શા વાસ્તે બગાડો છો? અરે! શું કરવાને ઠંડો પવન નાખો છો! એ સર્વ ઉપચારો આ દરદ મટાડવાને મિથ્યા છે-પણ જંગમ, જોગી, જતી, બ્રાહ્મણ વિગેરેને પૂછો કે-છે કોઇ મિત્રને મેળવવાવાળો? (૧૪)

अथ विभावना अलंकार, कलाप्रबीन व्याधिदशा बर्ननं—कवित.

लाय लाय चंदन गुलाव चरचाय आली, अंग अंग लागत अनेक भांत लाय लाय; जाय जाय नसन निहारत निदांन जांन, जांनहू न छूटे बिथा प्रांन भयो जाय जाय. पाय पाये हारे प्रथ गुरुजन घेर घेर, पाय घरी धीर धरे ऐसो न उपाय पाय; हाय हाय हेतुजन करत निराश भरे, आश भरे सागर ब्रेहेनि मुख हाय हाय. ॥ १५ ॥

ટીકા—લાવી લાવીને ચંદન અને ગુલાબજળ સાહેલીઓ ચર્ચે છે ને છાંટે છે તેમ તેમ અંગે અંગે ઘણા પ્રકારની લાય લાગે છે; અને રોગનું મૂળ પારખવાને જઇ જઇને વૈદ્યો નાડિયો નિહાળે છે–છતાં પ્રાણ તો જાઉં જાઉં જાઉં થયા કરે છે, માતપિતાદિક ગુરૂજનો પ્રવીણને ઘેરી ઘેરીને ઓસડ પાઈ પાઇને હારી ગયાં, પરતુ પા ઘડી ધીરજ ધરે એવો ઉપાય મળ્યો નહીં તેથી સ્નેહીઓ નિરાશ થઇને "હાય હાય" કરે છે, ને આશા ભરેલા સાગર તથા વિયોગિની પ્રવીણ મુખથી "હાય હાય-ઓય ઓય" કરે છે. (૧૫)

दोहा.

कुमरि बात सुनियत कुसुम, सहियन दई सुनाय;
हमें ब्रम कैसें कहें, बैद बिलाती आय. ॥ १६ ॥

ટીકા—કુંવરીની વાત સાંભળતાં કુસુમાવળીએ બધી સાહેલીઓને

સંભળાવી દીધું કે અમે બ્રાહ્મણોથી કેમ કહેવા?-નહિતર વિલાયતી વૈદ્ય આવેલા છે. [૧૬]

सोरठा.

सोई सुनी जनांन, सहियन प्रति चरचा चलत;
कहि पठयो फुरमांन, बैद बुलावन राय प्रति. ॥१७॥

ટીકા—એમ સહિયરોમાં ચાલતી ચર્ચા અંતઃપુરની રાણીઓએ સાંભળી એટલે વિલાયતી વૈદ્યને બોલાવવા માટે મહારાજા શ્રીની હજુરમાં કેહેવરાવી મોકલ્યું. (૧૭)

सुनत राय सब बात, हित दुहिता आतुर हुवे;
आयस दई अमात, बैद बिलाती लाउ इत. ॥ १८ ॥

ટીકા—આ સર્વ વાત સાંભળીને મહારાજા પોતાની કુંવરીના હિતને વાસ્તે આતુર થયા, અને કારભારીને વિલાયતી વૈદ્ય અહિં બોલાવી લાવવાને આજ્ઞા આપી. [૧૮]

छप्पय.

आयस पाय अमात, बैद थांनक प्रति आये;
बरनी बात जनाय, कही महराज बुलाये.
तब यह कह्यो तबीब, दरद देखतें मिटावें;
पें व्हें बे मरजाद, राज द्वारमें न आवें.
बहु दूर बिलातहुमें बसें, सहल देश निरखें सबें;
नस बिना—व्याध जानन परे, क्यों निदांन कीजें तबें? ॥१९॥

ટીકા—કારભારી મહારાજાની આજ્ઞા પામી વૈદ્યના ઉતારા પ્રત્યે આવ્યા, ને બનેલી સઘળી વાત જણાવી મહારાજા આપને બોલાવે છે એમ કહ્યું, ત્હારે તે વિલાયતી દાક્તરે કહ્યું કે એ દરદના શા ભાર છે-એને દેખતાં વાંતજ મટાડી દઇએ! પણ ત્હાં ઓઝલને લીધે બેમર્યાદ થાય માટે હમો રાજદ્વારમાં તો નહિં આવિયે-અમો ઘણે દૂર વિલાયતમાં વસીએ છઇએ, પણ સઘળા દેશ જોવાને વાસ્તે અમો તો ફક્ત સહેલવાએ નીકળ્યા છીએ. તો કામદાર સાહેબ! નાડી જોયાવિના રોગની શી રીતે ખબર પડે! અને તે ન બતાવે ત્હાં શું ઓષડ કરીએ! (૧૯)

अथ छंद मौक्तिक दाम.

अमायत कीन अती मनुंहार, चले उठि बैद सुराज दुहार,

गर्ये जहां रीजतहे महराज, कियो समर्मान उच्चे करताज,
समीपसु बैठहि बैद अमात, तबें महराज सु बूझिय बात,
कहो नव नारिन नाम सु कोंन, पितं कफ बाव गती कह भोंन,
किती गति होत त्रिदोष बिचार, इती बिधि बैद कहो बिसतार.॥२०॥

ટીકા—પછી કામદારે ઘણા સન્માનથી સાથે આવવા અરજ કરી ત્યારે ઉઠીને વૈદરાજ રાજદ્વાર ભણી ચાલ્યા, તેઓ જહાં મહારાજા નીતિપાળ બિરાજે છે ત્હાં ગયા—ને માથેથી ટોપી ઉંચી કરી મહારાજને સલામ કરી; પછી રાજાની સમીપમાં વૈદ્ય અને કારભારી જઇ બેઠા—ત્હારે મહારાજાએ વૈદ્યને પુછ્યું કે વૈદ્યરાજ! કહો, નવ નાડીઓનાં નામ કયાં કયાં છે? વળી પિત્ત, વાત અને કફની ગતિ તથા તેના કયાં ઠેકાણાં છે? કેટલી ગતિએ ત્રિદોષ, વિચાર ઉપજે છે? એટલી વિધિ વિસ્તારીને હે વૈદ્યરાજ! કહો. (૨૦)

अथ नव नाडी परिक्षा, वैंद्योक्त—गाहा.

सुनि छिति पाल सु बयनं, तब तबीब दीन प्रति उत्तर;
बैदक बिधि सु अनंतं, बरनहुं भेद आप जो बुझ्झिय. ॥ २१ ॥

ટીકા—એમ મહારાજા શ્રીના પ્રશ્નો સાંભળીને વૈદ્યે ગરિબાઇથી ઉત્તર દીધો કે હે રાજન! વૈદક શાસ્ત્રની વિધિ અનંત છે, પણ આપે જે ભેદ પુછ્યો તેને યથાક્રમે વર્ણવુ છું. (૨૧)

अथ नव नाडी नाम भेद-गाहा.

स्नायू हिंसा धमनी, धारनि धरा तंतुकी जांनहु;
वायुकि स्थिरा बिचारहुं, जीवझा सु नाडि नव एही. ॥२२॥

ટીકા—સ્નાયુ, હિંસા, ધમની, ધારિણી, ધરા, તંતુકી, વાયુકી, સ્થિરા, અને જીવજ્ઞા એમ નવ નાડીઓ કહી છે. (૨૨)

दोहा.

पांनि मूल अंगुष्ठके, बहत त्रिधाम सु नार;
आदि अंत पित बातहे, मध्य सु कफ निरधार. ॥२३॥

ટીકા—હાથના અંગુઠાના મૂળમાં ત્રણે ઘરમાં નાડી વહ્યા કરે છે, તેમાં આદિ કહેતાં પ્રથમ ઘરમાં નાડ ચાલતી હોય તો પિત્ત, છેલ્લા ઘરમાં ચાલતી હોય તો વાયુ, તેમ વચ્ચેના ઘરમાં ચાલતી હોય તો કફ એમ નક્કી સમજવું. (૨૩)

सोरठा.

यहैं त्रिदोष बिधांन, बहत चत्र गति भेद यह;
इन आदांन निदांन, कर चिकत्स भेषज करहु. ॥ २४ ॥

ટીકા—આ પ્રમાણે ત્રિદોષનાં વિધાન છે:- કે આ ત્રણ ભેદથી નાડી ચાલે છે, પણ જ્હારે ચોથી ગતિના ભેદથી ત્રણે ઘરમાં ચાલવા માંડે ત્હારે ત્રિદોષ ઉત્પન્ન થાય છે, એમ આદાન અને નિદાન તથા ચિકિત્સાએ કરીને વૈદું કરીએ છીએ. (૨૪)

अथ नाडीगति भेद—सवैया.

बायस भेक कुलंग गती पित, थांनक आद उवै निधारें;
मोर मराल कपोत कहै कफ, मध्य निवास बनाय बिचारें.
नाग जलो गति होय जबैं तब, मारुत भाषत अंत अगारें;
तीतर लाव बटेर वहे गति, तीनहुं ठोर त्रिदोष निहारें. ॥ २५ ॥

ટીકા—કાગડાની, દેડકાની અને કુલિંગની ગતિથી જ્હારે નાડી ચાલતી હોય ત્હારે પિત્તની ઉત્પત્તિ, અને તે વખતે નાડી પેહેલા ઘરમાં વહે છે; મોરની, હંસની અને કપોતની ગતિથી હોય ત્હારે કફની ઉત્પત્તિ અને તેમાં નાડી વચ્ચેના ઘરમાં રહી ચાલે છે; સર્પની અને જળોની ગતિએ જ્હારે વહેતી હોય ત્હારે વાયુની ઉત્પત્તિ અને તે વખતે નાડી છેલ્લા ઘરમાં વહે છે; તેતરની, લાવની અને બટેરની ગતિએ નાડ ત્રણે ઘરમાં ચાલતી હોય ત્હારે ત્રિદોષ સમજવો—એમ મ્હોટા વૈદયો કહે છે. (૨૫)

दोहा.

चपला पित्त सु मंद कफ, वात बक्र गति होय;
ओर ठोर गति ओर ग्रहि. कहें त्रिदोषी सोय. ॥ २६ ॥

ટીકા—પિત્તની ચપળ, કફની ધીમી અને વાયુની વાંકી ગતિથી નાડી હોય અને બીજા ઘરમાં બીજી ગતિથી ચાલે તે ઠેકાણે ત્રિદોષી કહેવાય છે. (૨૬)

नाडी भेद तबीबलैं, भाषे भिन्न सु भींन;
नीतपाल मन व्हैं मुदित, अंदर आयस दीन. ॥ २७ ॥

ટીકા—ભિન્ન ભિન્ન ભેદો લઈને તે ફિરંગી વૈદે નાડીના ભેદ કહ્યા, તેથી મનમાં નીતિપાળ રાજા મુદિત થઈ અંતઃપુરમાં જવાની આજ્ઞા આપી. (૨૭)

अथ छंद हनुंफाल.

आमात उठि बैंदांन; नृप द्वार कीन पयांन. देहुरी लंघित सात; पुनि कि-

करी पहिरात. बैंठाय बैंद दुहार; इक गई अंदर नार. नृप नार बुझिय जाय; इत फिरंग आयस पाय. उन कही आवे दोय; तीसरा संग न कोय. उन बैद भखी जाय; जन दोउ अंदर आय. कीनो सु बैद पयांन; सुकवी ग्रह्यो सामांन. फिर लंधि देहुरि तीन; परबेस अंदर कीन. किंकरी सामीं आय; ले चली सौध बुलाय. ॥ २८ ॥

ટીકા—કારભારી અને વૈદ્યે રાજાની આજ્ઞા થતા ત્હાંથી ઉઠીને રાજદ્વાર ભણી ચાલવા માંડયું, તેઓ સાત દેહેરીઓ વટાવીને આવ્યા અને જહાં સ્ત્રિયોનો પેહેરો હતો ત્હાં ગયા, વૈદને ત્હાં બારણે બેસારીને એક સ્ત્રી મહેલમાં ગઈ અને અંદર જઇ મહારાણીને કહ્યું કે અહીં ફિરંગી વૈદ્ય આવ્યા છે અને અંદર આવવાની આજ્ઞા માગે છે. ત્હારે ઉત્તર આપ્યો કે બે સિવાય ત્રિજો કોઈ આવે નહીં. એટલે તે કિંકરીએ પહેરાપર આવીને આજ્ઞા પ્રમાણે વરધી આપી એટલે વૈદ્યરાજ તથા જોડે સામાન લઇને ભારતીનંદ કવિ ચાલ્યા, તેઓએ પાછી ત્રણ દહેરીઓ વટાવીને અંદર પ્રવેશ કર્યો, એટલે એક કિંકરી સામે આવીને તેઓને સાથે લેઈ મેહેલે ચાલી. (૨૮)

गाहा.

व्याधि सु कलाप्रबीनं, नाडी भेद बैद प्रविशन विधि;
एकत्रिंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २९ ॥

ટીકા—કળાપ્રવીણની વ્યાધી, નાડી ભેદ, વૈદ્યરાજ મેહેલમાં ગયા, આદિ વિધિયુક્ત પ્રવીણસાગરની એકત્રીશમી લેહેર સંપૂર્ણ થઈ. [૨૯]

इतिश्रीप्रबीनसागरग्रन्थेप्रबीनव्याधिनाडिपरिक्षाभेदोनामएकत्रिंशतिमोलहरं. ॥३१॥

लेहर ३२ मी.

अथ कलाप्रबीन वैद चिकित्सा प्रसंगो यथा-सोरठा.

बैद सु अंदर जाय, निरखित राज दुहार छबि;
सो सुरपुर समुदाय, कैलासकि बैकुंठ बिधि. ॥ १ ॥

ટીકા—વૈદ્ય અંદર જઇને રાજમેહેલની શોભા નીરખી તો ત્હાં એવી રળિયામણી છબી જોવામાં આવી કે જાણે તે સ્વર્ગનો સમુદાય છે-કે કૈલાસ છે-કે વૈકુંઠ છે-કે પછી બ્રહ્મલોક છે?

आय सु चेरी संग, जहां वृंद बैठे बधू;

उत लें नाम फिरंग, कुसुम सुनाई कुमरि प्रति. ॥ २ ॥

ટીકા—એમ મહેલની શોભાને નિરખતા વૈદ્ય અને તેનો સાથી સુઘડ દાસીની જોડે જહાં રાજવધુઓનાં વૃંદ બેઠેલાં છે ત્હાં આવ્યા એટલે તેમનું (ફિરંગી) એવું નામ કુસુમાવળીએ રાજકુંવરી પ્રત્યે લીધું. [૨]

अथ छंद मनिमाल.

आये इत बैद अवाज कहें, बाला बिखरे तन साज चहें.
ब्रह्मी रुष नेंन उघार लखी, नेंनांमहि ब्रह्मसुता परखी.
अंका भरि सेज बिठाय दही, एते कछु साज सम्हार लही.
सिंगार खसे सु सजे न सजे, बैदांन समीप सु आय रजे.
बैठी उत राज तरूनि सभा, देखंत तबीब कुमारि प्रभा.
झीनें पटमें छबि कामनिकी, मानों दरसे दुति दामनिकी.
टूटी लर मोतिय शीश झरे, मांनो पयकी घन धार धरे.
छूटी लट सो उर आय रही, मानों हर नागनि चक्र लही.
ज्यों ज्यों बेंदी छबि भोंह चढें, त्यों त्यों उपमा सु अनेक बढें.
ऐसें सिगरेइ सिंगार खसे, मानो ललना रति अंत लसें.
शोभा लखिकें मन रीझ रहें, देखें कर लाउ तबीब कहें.
दीनो कर बैद नसा परखें, टेढी करि भ्रोंह त्रिया निरखें.
एकें इक दीठ मिलंत जबें, लीनो बधु सात्विक भाव तबें.
चंदा मुख बिंब चढी अरूनीं, लाली गुल नेंन भरी बरुनी.
राजी उलटी कर कंप लहें, भूलो शुधि बैंद विलोकि रहें.
ब्रह्मी कहि बैद सम्हारि दशा, कीजें उपचार निदांन नसा.
बैदांन इतेमहि जांन लहि, चेरे करसें निज थेलि ग्रही.
सीसा मदका सु निकास लिया, नोरंग चुआ उन नाम किया.
प्याला भर एक सु आप पिया, दूजा भरि राज कुमारि दिया.
नासा स्वर खैंचत सीवि करें, बैद्रा मिसं बैंदन चित हरें.
बीरी करि चूरन पांन दही, एते महि बाल सम्हार लही. ॥ ३ ॥

ટીકા—અહિં "વૈદ્ય આવ્યા" એવો અવાજ કર્યો, જે સાંભળતાંજ

કળાપ્રવીણ શરીર ઉપરના વિખરાઇ ગયેલા શણગારને સમારવાની ઇચ્છા કરવા લાગી કે તુરત બ્રહ્મકન્યા તે રૂખ આંખના અણસારામાં તરત સમજી ગઇ અને સ્હેજવારમાં રાજકન્યાને બાથમાં લેઇ-ઓઠીગણ મુકી સુખસજયા ઉપર બેસાર્યાં, એટલા વખતમાં કંઇક સાજ સમારી તથા કેટલોક શૃંગાર સમાર્યો-ન સમાર્યો ત્હાંતો વૈદરાજ સામે આવી રજુ થયા; ત્હાં રાજવધુઓની મંડળી બેઠેલી છે, વૈદરાજ ત્હાં કુંવરી-કળાપ્રવીણની શોભા નિહાળે છે, તો ઝીણાં વસ્ત્રમાં કામનીરૂપ કળાપ્રવીણની છબી એવી શોભે છે કે જાણે આકાશમાં વીજળી ઝબકતી હોયને? અને માથા ઉપરથી તુટેલી લરોમાંથી મોતી ઝરે છે તે જાણે દુધના મેઘની ધાર પડતી હોયને! એમ દેખાય છે; અને છુટેલી એક લટ છાતીએ-સ્તને આવી વિંટાઇ રહી છે તે જાણે મહાદેવજીએ ધરેલું નાગણીનું ચક્ર હોયને! એમ દેખાય છે; ને જેમ જેમ કપાળ ઉપરની બેંદી સહિત ભ્રૂકુટિ ચડાવે છે, તેમ તેમ તેની શોભા અને ઉપમા અનેક પ્રકારે વધતી જાય છે; એ વિધિયે શરીરના શણગાર ખસી ગયા છે, તેથી લલનારૂપ પ્રવીણ એવી લાગે છે કે જાણે સંભોગને અંતે શોભતી હોયને? એવી પ્રભા જોઇને જેનું મન ખુશાલીમાં ગરકાવ થઇ ગયું છે, આનંદીત થયેલા એવા તે વૈદે કહ્યું કે "હાથ લાવો-નાડી જોઇએ" કે તરત રાજદુલારીએ વૈદના હાથમાં હાથ આપ્યો-ત્હાં વૈદ પોતાના હાથમાં પ્રવીણનો હાથ લઇને નાડી પરખવા લાગ્યા અને કળાપ્રવીણ તો ભ્રૂકુટીની કમાન વાંકડી કરી વૈદનું મુખ નિરખ્યા કરે છે; જહારે એક બીજાની નંજરે નજર મળી એટલે સ્ત્રીએ સાત્વિક ભાવ ધર્યો-તે એવી રીતે કે ચંદ્ર જેવા શ્વેત મુખ પાકેલ ગલોડા જેવી રતાશ-ગુલાબના ફુલના જેવી લાલમ અને કમળ જેવી આંખ્યોની પાંપણો જળથી ભરાઇ આવી-એટલુંજ નહીં પણ રોમાવલિ ઉભી થઇ ગઇ અને હાથે કંપારી છુટી; બીજી ગમ વૈદ પણ પોતાના શરીરની શુદ્ધબુદ્ધ ભુલી પ્રવીણસામું સ્તબ્ધ થઇ જોઇ રહ્યા, તે જાણી તેમને કુસુમાવળીએ કહ્યું કે હે વૈદરાજ! બરાબર દશા સંભાળીને નાડી પારખી મનન કરીને પછી ઉપાય કરો કે જેથી અમારી લાડીલીને આરામ થાય. એટલું કહેતાં વૈદ ચેતી-ચિત્તને વશ્ય રાખી ચેલા પાસથી દવાની થેલીલેઈને તેમાંથી મદ્યનો શિશો કાઢી લીધો ને તેનું "નવરંગ ચુવો છે" એમ નામ આપી તેમાંથી એક પ્યાલો ભરીને પોતે પીધો-અને બીજો પ્યાલો રાજકુંવરીને આપ્યો-તે નાકના સ્વરને ખેંચી કુંવરી કળાપ્રવીણ સીસકારા સાથે પીઇ ગયાં, આમ વૈદના મિસથી વૈદનું પ્રવીણે ચિત્ત હરી લીધું! પછી "આ ચુરણ છે" એમ કહી વૈદે પ્રથમ રીતિ પ્રમાણે એક પાનની બીડી પોતે ખાઇ બીજી પ્રવીણને આપી જે ખાતાંવેંત રાજલાડીલીને અસાધ્ય મટીને સાધ્ય થઇ ગઇ. [૩]

अथ जाति स्वभाव श्लेषालंकार तबीबोक्त-सवैया.

बैननमें सब बात जनावत, नैननमें सनिपात सो आवें;
सीत घरीक घरीक उठे जर, फेर घरी मुरजी तन तावें.
साधन ओर अराधन ओर, "न=नारि" निहारि सबे सुध पावें;
वैदनकों सब भेद परिच्छ, न-आयुष बैद प्रबीन मिलावें. ॥४॥

ટીકા—(પ્રથમ અર્થ) વૈદ્યે કહ્યું કે જે દરદીને પૂછતાં વચનમાં તો વધારે વાત (વાયુનું દર્દ) જણાવે, અને તેના નેત્રમાં જોતાં સન્નીપાત છે એવું નજરે આવે; વળી ઘડીકમાં શરીર ઠંડુ થઇ જાય ને ઘડીકમાં તપી ઉઠે, તેમ વળિ ઘડીકમાં મુંઝાઇને શરીરમાં સંતાપ પામે-એવા દરદીના રોગનું સાધન જુદાજ પ્રકારનું છે. તેમ આરાધન (અનુષ્ઠાન) પણ જૂદાજ પ્રકારનું છે; તેમજ એની નાડ જોવાથી દરદની સર્વે ખબર પડતી નથી-બધા વૈદ્યોને આ રોગના સર્વ ભેદની પરિક્ષા નથી પણ તેની (દરદીની) આવરદા હોય તોજ તે હુશિયાર વૈદ્યને મેળવી આપે.

(બીજો અર્થ) કળાપ્રવીણ એક વચનમાં પ્રેમની બધી વાત જણાવી આપે છે, અને તેના નેત્રમાં તો સનિ (સ્નેહ) પાત (પડેલો) તે જણાઇ આવે છે. ઘડીકમાં [મિલનો મેળાપ થવાથી] ઠંડી થાય છે-અને ઘડીકમાં (વિયોગ થશે એવી ફિકરથી) તપી ઉઠે છે! તેમજ વળી ઘડીકમાં મુંઝાય છે ને સંતાપ પામે છે. તેને જોઇને આસપાસની [નારિ] [સ્રિયો જૂદાજ પ્રકારનાં સાધન અને આરાધન કરે છે-પણ તેના રોગને કોઇ જાણી શકતાં નથી. વળી વૈદ્યોના સર્વ ભેદ જાણનાર આ વૈદ્ય પ્રવીણની આવરદાએજ મેળવી આપ્યા છે-અથવા સર્વ વૈદ્યોના ભેદને જાણનાર આ વૈદ્યે પ્રવીણને આવરદા મેળવી આપી છે. [૪]

अथ हेतुत्प्रेक्षालंकार, कलाप्रवीन दशा-सवैया.

द्रग लोलनसें अध खोल लखें, कर टेक कपोल दियें न दियें;
कस कंचुककी कसकांन लगी, मुखसें सिसकार कियें न कियें.
भ्रुव कोंननसें फरकांन लगी मुख, काहुको नाम लियें न लियें;
श्रीव्रजकांत प्रबीनकि बात मनो कही, बोइ करें सुनिबो करियें. ॥ ५ ॥

ટીકા—અરધ ખોલેલી ચપળ નેત્રોવડે જોયા કરે છે, હાથનો ટેકો ગાલ ઉપર દે છે અને નથી દેતી, કંચુકીની કસોને ખેંચવા લાગી; અને મુખથી સીસકારો લે છે અને નથી પણ લેતી, ભ્રૃકુટીના ખુણાને ફરકાવવા લાગી, તેમ

મુખેથી કોઈનું નામ લે છે ને નથી લેતી, ઘડિયે ઘડિયે ઝબકી ઉઠે છે તથા રસ મુકીને એવી તો વાતો કરે છે કે જાણે તે કહ્યાજ કરે ને આપણે સાંભળ્યાજ કરીએ. (૫)

अथ प्रदीपालंकार तत्र प्रवीन नैंन बर्ननं-सवैया.

रूप भरी रस रंग कटाछन, नाओक क्रंन सरं नखियां;
माधवि आरुनता रदकी, हदकी मधुमत्तनकी झखियां.
खंजन गंजन मीन प्रभानह, रंजन कंजनकी पखियां;
मिंत्त प्रवीन यहे मृगकी अखियांसें अधीक लसे अंखियां. ॥ ६ ॥

ટીકા—૩૫, રંગ તથા રસથી ભરેલી અને ધનુષધારીએ કાન સુધી ખેંચીને નાખેલા બાણ જેવા વેગવાળાં જેનાં કટાક્ષ છે એવી અને મદિરાની રતાશ તથા હાથીદાંતની ઉજ્વળતાની હદને હરનારી, અને ભમરાઓની કાળાશને ઝાંખી કરનારી તથા ખજન પક્ષીની શોભાને ગભરાવનારી તેમ માછલાની ચપળતાને હરનારી અને કમળની પાંખડીઓને રાજી કરનારી એવી હે પ્રિય મિત્ર પ્રવીણ! આ મૃગની આંખ્યોથી તમારી મનોહર આંખ્યો અધિક શોભે છે. (૬)

अथ उत्प्रेक्षालंकार प्रवीन बानी बर्ननं-सवैया.

चंचलता चख कोंन, चमंकित, खोर झुकें बरुंनी तिरछांनी;
भोर कपोल घसें उससें रसकें, चसकें समकें मुसकांनी.
रेख रदच्छदकी झलके, चलके रद रत्त रसा दर सांनी;
कोकिलकी कलकी हलकी हलकी, सुनि मिंत प्रवीनकी बांनी.॥७॥

ટીકા—આંખ્યોના ખુણામાં ચપળતા ચમકે છે અને કાજળની (ખોર) રેખા સહિત વાંકી વળેલી પાપણો શોભે છે, તથા બન્ને ભમરો કપોલ (ગાલ) તરફ ધસી આવે છે; અને તેના મુખના શિતકારા તથા મંદ હાસ્ય અધિક રસના સ્વાદને વધારે છે. તેમ હોઠની રેખા ઝળકે છે. વળી દાંત સહિત લાલ જીભ દેખાઇને ચમકે છે. એવા મનોહર મુખમાંથી નીકળતી પ્રિયમિત્ર કળાપ્રવીણની વાણી. કોયલના મધુર અવાજની હલકથી પણ હલકી લ છે. [૭]

अथ संदेह श्लेष भेद. अलंकार-सवैया.

बोलतही सरसात हितू मन, बेंनमें मोर महा सुख दांनी;
जेबरनी सुरता रतिकी यह, ते पुतरीमें परें सब जांनी.

भेद कितेइ किते सुर बंदन, जोइ कहे यह टेक निसांनि;
तांन बिधांन गुमांन भरीअत, बीन किधों परबीनको बांनो. ॥८॥

ટીકા—બોલતાંજ હેતુ જનનાં મન ખુશી થાય છે ને વચનમાં તો મોરની પેઠે મહા સુખ દેવાવાળી છે, તથા જેટલી કામદેવની સ્ત્રી રતિની સુરતક્રીડાની ચતુરાઈ વર્ણવેલી છે–તે સર્વે આ પ્રવીણની આંખની પુતળીમાં માલમ પડે છે; અને કેટલાક ભેદ [મર્મ] વાળા અને કેટલાક સ્વરના ઉચ્ચાર વખાણવા યોગ્ય જોઇને કહે છે કે આ સર્વે ટેકની નિશાની છે, એટલુંજ નહીં પણ તાન, વિધાન તથા ગુમાનની ભરેલી આતે વાણી છે કે પ્રિયમિત્ર પ્રવીણની વાણી છે? [૮]

બીજો અર્થ—જેમાં સાતે સ્વર બોલે છે ને હો "કહેતાં" નિશ્ચય એમાં તુંબડાં છે તથા વાણી (બૈન)માં મયૂર પક્ષી જેવી સુખદાયક છે; વળી જેણે આ (તિકી) સ્ત્રીના સુર, તાળ, વરણવી વિસ્તાર્યા છે તેની સર્વે આ કાઠની પુતળીરૂપ વીણામાં માલુમ પડે છે, અને કેટલીક વગાડવાની ગતિયો વિગેરે ભેદ તથા કેટલાક ઉંચા નીચા સ્વર કરવાના બંદન (બંધન) એટલે પડદા છે તેને જોઇને કહે છે કે આ નખલો મારી તાર બજાવવાના ટેકની નિશાની છે–એવા અનેક તાનના વિધાનવાળી ગુમાનોથી ભરેલી ચતુરની વાણી છે કે આતે વીણા છે? (૮)

सोरठा.

होय सचेत कुमारि, बूझन लगी बधून प्रति;
ओठसु आंनन धार, कहीसु इतें फिरंगि को. ॥ ९ ॥

ટીકા—પછી રાજકુંવરી સાવધ થઇને તથા હોઠને મ્હોમાં દબાવી પાસેની સ્ત્રિયોને પૂછવા લાગી કે અહિં આ ફિરંગી કેવા! (૯)

कीनी कुसुम उचार, कुमरी खमां खमां सुकहि;
लीनी भलें सम्मार, आपे भई असाध गति. ॥ १० ॥

ટીકા—ત્હારે કુંવરીને "ખમા ખમા" એમ કુસુમાવળીએ માનદાયક વચન ઉચ્ચારીને કહ્યું કે બેન સાહેબ! શાય કારણથી આપને અસાધ્ય થઇ ગઈ હતી તેની આ વૈદે ભલી રીતે સંભાળ લીધી અને તેણે ફરી આપ સાધ્ય થયાં તે ઘણુંજ સારૂં થયું. (૧૦)

सो कीनों आसांन, आप वहें फिरंग इत;
दीजें इन सनमांन, कहा मजाद सु कीजीयें. ॥ ११ ॥

ટીકા—આ ફિરંગી વૈદ્ય આપણે મહેલે આવ્યા એજ એમણે આપણા

ઉપર ઘણું અહેસાન કર્યું છે તેથી એમને સન્માન દ્યો—એમની આગળ તે મર્જીદ શાં કરવી ! [૧૧]

चोपाई.

कला प्रबीन कुमरि सुधि लीनी, अनुग बधाइ राज प्रति दीनी.
महाराज मन दुचिते भज्जे, देहुरि पंच शबद्दिय बज्जे.
अति आनंद सहर जन पाये, केंउ कुमरी उपायन लाये.
हुकुम राज मंत्री प्रति दीनों, भलो निदांन फिरंगि न कीनों.
कुंडल बलय बसन ले जाओ, बैदन प्रति इनांम बकसाओ.
यह अमांत सुनि अंदर आये, बकसन बैंद साज सब लाये.
बानी यह प्रति बैंद कहाई, यह इनांम महराज पठाई. ॥ १२ ॥

ટીકા—એમ રાજકુંવરી કળાપ્રવીણ જ્યારે ઠીક થયાં ત્હાં એક અનુચરે મહારાજાને વધામણી આપી, જેના પ્રતાપે મહારાજાના મનની ફિકર ટળી રળીયાત થયા, અને રાજદ્વારે પંચ શબ્દથી વાજીંત્ર વાગવા લાગ્યાં—તેથી આખા શેહેરમાં આનંદ આનંદ વરતાઈ રહ્યો, અને તેની ખુશાલીમાં રાજકુંવરી સારૂ ભેટો લઇ લઈને પુરજનો આવવા લાગ્યાં. એવા હુલ્લાસથી મહારાજાએ મંત્રી પ્રત્યે હુકમ દીધો કે ફિરંગી વૈદ્યે ઘણો સરસ ઉપચાર કર્યો જેથી કુંવરીને સુખ થયું, વાસ્તે કુંડળ—કડાં—અને ઉત્તમ વસ્ત્ર લઇ જઇ વૈદ્યને ઈનામ બક્ષિસ કરો; એવી રાજ આજ્ઞા સાંભળી કારભારી ઈનામ આપવાની બધી વસ્તુઓ લઈને અંદર આવ્યા, બાદ નરમ વાણીથી વૈદ્યને કહ્યું કે આ બક્ષિસ મહારાજાએ આપને વાસ્તે મોકલી છે તે સ્વીકારશો. (૧૨)

तबीबोक्त-सोरठा.

हम इनांम नहि लेत, कृपा ईश काहू न कमी;
पर उपकारन हेत, सहज देश निकसे सहल. ॥ १३ ॥

ટીકા—એટલે વૈદ્યે કહ્યું કે:-અમે કંઈ ઈનામ લેતા નથી હમારે ઈશ્વરની કૃપાથી કંઈ વાતની કમીના નથી, અમો તો પરઉપકાર વાસ્તેજ સહજ દેશાંતરની સહેલે નિકળ્યા છીએ. (૧૩)

लीनो नहि ईनांम, बोत बिनय मंत्री करी;
गये अमायत धांम, सासन मंग महीपकी. ॥ १४ ॥

ટીકા—ઈનામ આપવાને મંત્રીએ ઘણો વિનય કર્યો પણ વૈદ્યે તે ભેટ લીધી નંહી, પછી કારભારી મહારાજા પાસે આવી વિતક વાત કહી બાદ રાજેન્દ્ર શ્રીની આજ્ઞા પામી પોતાને ઘેર ગયા. [૧૪]

बैठे उतें फिरंग, चित न उठबेकों चलें;
नैंन निहारत अंग, उर उमंग अतिही भरे. ॥ १५ ॥

ટીકા—ત્હાં વેશધારી ફિરંગી બેઠા છે જેનું મન ત્હાંથી ઉઠવાને ચાલતું નથી, ને હૃદયમાં અતિશે ઉમંગભેર કળાપ્રવીણનું અંગ ટગર ટગર જોયા કરે છે. (૧૫)

कीनी कुसुमन सेंन, लोक लाजहूके लियें;
बीती जाम जु रेंन, तब तबीब लीनी बिदा. ॥ १६ ॥

ટીકા—પછી કુસુમાવળીએ લોકની લાજને લીધે સાંન કરી એટલે એક પહોર રાત ગઈ ત્હારે વૈદ્યે વિદાયગીરી લીધી. (૧૬)

छप्पय.

तब तबीब निज थांन, आय मित्रन प्रति भंखिय;
तुम प्रताप तारुनी, व्याधि मुसकिल असांन किय.
नृप इनांम पठयो, सोय हमहू नाहि लीनों;
सुख सुरता मन प्रांन, उलट उंनहीकों दीनों.
विध विध बनाय बातन करी, वह चरचा सबही निशा;
परभात मतो करि मिंत मिल, अबें गमन कीजें दिशा. ॥१७॥

ટીકા—તે તક વટાવી વૈદ્યરાજ પોતાને મુકામે આવી મિત્રો પ્રત્યે કહેવા લાગ્યા, કે તમારા પ્રતાપથી નવયૌવના કળાપ્રવીણનો કઠણ રોગ મટાડી તેમની પર અહેસાન કર્યું છે, અને રાજાએ ઇનામ મોકલાવ્યું તે તો અમે લીધું નહીં-પણ ઉલટું સુખ, સુદ્ધિ, મન અને પ્રાણ એમને દીધું છે. એવી ઘણા પ્રકારે વાતો કરી તે આખી રાત ચર્ચામાં કાઢી અને પ્રભાતમાં મિત્રોએ મળીને એવો મનસૂબો કર્યો કે હવે આપણી દિશા તરફ ચાલીએ.(૧૭)

दोहा.

मुरझाये सागर सुमन, परी भनक वह कांन;
बनें न फिर मिलबो अबें, धार्यो मिंत पयांन. ॥ १८ ॥

ટીકા—સવારે ચાલવું એવો ભણકારો કાને પડયો ત્હારે સાગર મનમાં મુંઝાઈ ગયા, અને મનમાં જાણ્યું કે મિત્રોએ તો જવાનું પ્રયાણ કર્યું તેથી હવે ફરીને મળવાનું બનશે નહીં. (૧૮)

अथ एकावल्य अलंकार, तत्र सागरोक्त-सवैया.

चलबो यह कांन भनंक परी, तबतें अंखियांन भरे जलबो;
जलबो बिरहानल पावकसें, जिय नावक बांन लगो सलबो.
सलबो हिय होत प्रबीन मिटे न, बनो नहिं फेर घरी मिलबो;
मिलबो मिलबो मुखहीतें गयोहे भयोहें अबे चलबो चलबो. ॥१९॥

ટીકા—ચાલવું એવો કાને ભણકારો પડ્યો ત્યારથીજ આંખ્યો પાણીથી ભરાવા લાગી. અને વિરહાગ્નિના તાપથી બળવા માંડયું તથા કાળજામાં લાગેલા નાવકના બાણની પેઠે સાલવા લાગ્યું. વળી જે સાલ હૃદયમાં સાલે છે તે હે પ્રિયમિત્ર પ્રવીણ! મટ્યું નહીં-કેમકે ફરીને એક ઘડી પણ મળવાનું બન્યું નહીં અને મળવું મળવું એતો મુખેથી ગયું પણ હવે તો ઉલટું ચાલવું ચાલવું થયું છે. [૧૯]

अथ जातिस्वभाव अलंकार—छप्पय.

तबें मिंत महराज, करी कर जोर अरज यह;
आप गये रजधांन, निशा पहिचांन परी नह.
अब रहत थिर इतें, काहु जो जांनन पावें;
नफा न कछु इन बात, गुनेगारह ठहरावें.
महराज कहो इतहीं रहें, यहें सु बात बिचारियें;
मिलबो बनें न इहि फेर अब, नेहनग्र पथ धारियें. ॥ २० ॥

ટીકા—સાગરને ઉદાસ જોયા એટલે મિત્રોએ મહારાજને હાથ જોડીને આમ અરજ કરી કે, આપ રાજધાનીમાં પેઠા તે વખતે રાત્રી હોવાથી ઓળખ પડી નહીં, પણ હવે અહિંયાં સ્થિતિ કરીને રહીશું અને કોઇ આપણો ભેદ જાણી જશે તો પછી એ વાતમાં કાંઇ ફાયદો નથી-પણ ઉલટા ગુન્હેગાર ઠરાવશે માટે મહારાજ કહો તો અહીં રહીએ! આ ખરી વાતને મનન કરી જુવો. અને હમણાં એનો ફરીને મેળાપ થવાનો નથી માટે નેહનગરનો રસ્તો પકડિયે. (૨૦)

दोहा.

यही बात कर प्रात उठि, कियो गमन दिस बास;
सागर कलाप्रबीन दुहु, उरमें लई उदास. ॥ २१ ॥

ટીકા—એ પ્રમાણે વાત કરી પ્રાતઃકાળમાં વહેલા ઉઠીને પોતાના નિવાસ ભણી ચાલતી પકડી પરંતુ વિયોગને લીધે સાગર અને પ્રવીણ એ બન્ને જણે મનમાં ઉદાસી ધરી. (૨૧)

अथ वह प्रातः सूर्योदय बर्नर्न, संदेहालंकार-सवैया.

प्रात उदें प्रगंट्यों रवि बिंब, किधों कैलासपति द्रग ज्वालहि;
पत्र तजें बिकसोंहें पलास, उसास जम्हात धराधर व्यालहि.
पोंनसें तुंग उड्यो गिरिराज, कीधों मुचकंद जगावत कालहि;
रक्त भरयो सु श्ररयो सु लसें जनु, जोगिनि कालि भुजामें कपालहि.॥२२॥

ટીકા—પ્રભાત થતાં સૂર્યનાં કિરણો પ્રગટ્યાં, તેથી એવો ભાસ થાય છે કે જાણે આતે સૂર્યનું બિંબ છે કે પછી કૈલાસ પતિ શંકરના ત્રીજા નેત્રની ઝાળ છે! કે ખરી ગયેલાં પાંદડાંવાળો સુંદર કેસુડાંથી ભરેલો ખાખરો ખીલી રહ્યો છે! કે ધરા કહેતાં આ પૃથ્વીને ધરનાર શેષનાગ બગાસું ખાઇને ઉસ્વાસ નાંખે છે, તેની આ ઝાળ હશે! કે પછી વાયરાના ભારે ઝપાટાથી કોઇ પર્વતનું શીખર ઉડે છે કે મુચકુંદ રાજાને કાળજ ગાડે છે! પછી લોહીથી ભરેલું અને ઝરેલું જોગણીરૂપ કાળીકાના હાથમાં ખપ્પર છે શું? (૨૨)

चोपाई.

यहि बिधि उदय प्रभाकर कीनों; नेहनग्र पथ सागर लीनों.
उत प्रवीन उनकी सुधि पाये; दोऊ मन बिशेष दुख लाये.
जीरत बिरह ज्वाल तन जग्गी; ठोकर मनहु व्याल तन लग्गी.
कुसुम मित उत इत संमुझावें; पें न धीर कोऊ बिधि पावे.
आगे अनंद होंन मन धारी; पें मिल बिरह दून बिस्तारी.
खांन पांन भूषन रुचि छंडे; मदन भेद बिस्तारन मंडे.
उनके चित भेद वह जांनें; बिरही बिना बदंत न मांने. ॥२३॥

ટીકા—એ પ્રમાણે સૂરજે પ્રકાશ કર્યો, ત્યારે રસસાગરે નેહનગરનો માર્ગ લીધો, તે ખબર પ્રવીણને પોતાને ત્યાં મળી તેથી પ્રવીણ અને સાગર એ બન્ને જણ પોતપોતાના મનમાં ઘણું દુ:ખ પામ્યાં, અને બાળનારી વિરહાગ્નીની ઝાળ શરીરે જાગી ઉઠી, તેથી જાણે શરીરમાં સર્પની ઠોકર લાગી હોયને! એ રીતે બંને જણાંએ દુ:ખરૂપ થઇ પડયું. પછી પ્રવીણને કુસુમાવળી અને અહિં સાગરને મિત્રો સમજાવી દીલાસો આપે છે પણ કોઇ ઉપાયથી ધીરજ ધરતાં નથી, મનમાં એમ હતું કે આનંદ થશે પરંતુ મળવાથી તો ઉલટી રોમ રોમ વિરહની ધુન આ તરફ પ્રગટઇ તેણેકરી ખાન, પાન અને અલંકાર આદિ શણગાર ધરવાની રૂચી છાડીને બન્ને જણ મદન ભેદનો વિસ્તાર

કરવા લાગ્યાં, એઓના ચિત્તનો ભેદ એઓ પોતેજ જાણે અર્થાત્ જેને એ વિરહ વેદનાને અનુભવી નથી તેના આગળ કહિયે તો માને નહીં.(૨૩)

अथ तस्य दृष्टांतानन्वयालंकार–सवैया.

पानिके जंतु कहा पहिचांनत, ग्रीषमके तपकी गरदीकी;
केसरकी करिहैं कह किंमत, हे न परीख जहां हरदीकी.
कायरकों न कछू परिहैं कल, सूरनकों सुधि हे मरदीकी;
बे दरदी न प्रबीन लहैं कछु, जांनहिगो दरदी दरदीकी. ॥२४॥

ટીકા—પાણીના જંતુઓ ગ્રિષ્મ ઋતુના તાપની ઝડીને શું જાણે! જ્યાં હળદીની કીંમત નથી તેઓ કેસરની શું પરીક્ષા કરી શકે! લડાઇના મેદાનમાં કાયરને કાંઇ બહાદુરીની કળ પડેજ, નહીં—એની તો શૂર પુરૂષોનેજ શુદ્ધિ હોય છે, હે પ્રવીણ! બેદરદી દરદીના દુઃખને લહેજ નહીં—એતો દરદીજ દરદીના દરદને જાણશે. (૨૪)

दोहा.

समुझावें सागर सु प्रति, मिलिमिलि राह सु मित;
सुख जानत दुखभो प्रगट, धीर न धरियत चित. ॥ २५ ॥

ટીકા—આમ મહારાજ રસસાગરની વ્યાકુળ હાલત થઇ. પુછવાથી મિત્રો એકઠા મળી મળીને વારે વારે સમજાવે છે; પણ સુખ જાણતાં દુઃખ પ્રગટ્યું તેણેકરી મન ધારણું રાખી શકતા નથી. [૨૬]

बहत राह बहु दिन भये, लंघ बिदेश सु देश;
जिहि बिधि कीनो गमन त्यों, किय निज धांम प्रवेश. ॥२६॥

ટીકા—પોતાને શહેરે જતા રસ્તે બહુ દિવસ વહી ગયા, અને દેશ પરદેશને ઉલંઘતા ઉલંઘતા જે રીતે ચુપકીદાથી જતાં ગમન કર્યું હતું તેજ પ્રમાણે પોતાના મેહેલમાં પ્રવેશ કર્યો. (૨૬)

गाहा.

बैंद कला परबीनं, चरचा नेहनग्र सागर गतिं;
उभैं त्रिंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २७ ॥

ટીકા—કળાપ્રવીણનું વેદું, ઉતારે થયેલી ચર્ચા, પછી મિત્રો સહિત મહારાજા રસસાગરનું નેહનગર ભણી પધારવું એ વૃત્તાંતવાળી પ્રવીણસાગર ગ્રંથની બત્રીશમી લેહેર સંપૂર્ણ થઇ. (૨૭)

इतिश्रीप्रबीनसागरग्रंन्थेकलाप्रबीनवैदोपचारविधिभेदोनामद्वात्रिंशत्तमोलहरं. ॥ ३२ ॥

लेहेर ३३ मी.

अथ दंपतिविरहदशावर्नन–दोहा.

इतकों रससागर कुमर, उतकों कलाप्रवीन;
मिलि बिछुरत बाढ्यो सुदुख, बिरह दशा तब लीन. ॥ १ ॥

ટીકા—આંહી રસસાગર કુમાર અને ત્હાં કળાપ્રવીણ બન્ને એકઠાં થઇ જૂદાં પડવાથી વિયોગનું દુઃખ થયું તેથી વિરહ દશાને ધારણ કરી. (૧)

तत्र विप्रलंब श्रृंगार भेद वर्ननं–छप्पय.

बिछुरत प्रीतम उभै, होत तिहि ठोर जो रसहि;
बिप्रलंब सिंगार, तास बरनंत सु कवि कहि.
भेद चत्र तिहिं भिन्न, पूर्न अनुराग कहीजें;
करुना मान प्रवास, यहें चारो लिख लीजें.
गुन भेद रूप ताकें सु गहि, बहुर दशा दश बिस्तरत;
करि भिन्न भिन्न ताकी कला, बिरह बिथा बर्नन करत. ॥२॥

ટીકા—મળેલાં સ્ત્રી પુરૂષ અથવા બે મિત્રો જૂદા પડે, તે ઠેકાણે જે રસ ઉત્પન્ન થાય છે તેને વિપ્રલંભ શ્રૃંગાર કહીને કવિયો વર્ણવે છે, તેના નોખા નોખા ચારે ભેદ છે; પેહેલો પૂર્વાનુરાગ, બીજો કરૂણ, ત્રીજો માન અને ચોથો પ્રવાસ વિપ્રલંભ; એ ચારેને જાણવા જોઇએ. તેમના ગુણ, ભેદ અને રૂપને ગ્રહીને પછી દશ રીતિની દશાને વિસ્તારે છે, તેમ ભિન્ન ભિન્ન કળા કરીને વિરહ દશાનું વર્ણન કરે છે. [૨]

अथ विप्रलंभ श्रृंगार चतुर्भेद बर्नन–छंद पद्धरी.

देखंत प्रेम दंपतिहि सोय; बिछुरंत तदन परकास होय. बिनु लखें प्रांन तलफे अताग; एही सु भेद पूर्बानुराग. आपको जास मिलरह्यो रंग; जोगांन जोग दुख तास अंग. लिख मिंत दशा शोचंत चित; ताहि सो बिरह करुना कहंत. मितको मिंत पावें जु दोष; पावंत चित आवेंजु रोष. कछु रार होत बिछुरे सु आंन; खिन मिलें कष्ट वह बिरह मांन. परदेश मिंत कीनो पयांन; मिटिगई ओघ पुग्गे न थांन. एकके चित बाढे उदास; तासें कहंत बिरहा प्रवास. बिन मिलें शोच बाढंत मिंत; दश दशा होत अह सो बदंत. ॥ ३ ॥

ટીકા—જે સ્ત્રી પુરૂષમાં એક બીજાને પરસ્પર જોયાથી પ્રેમ બંધાયો હોય તે વિખુટાં પડતાં પ્રકાશ થાય અને પ્રિયને વગર જુવે પ્રાણ અ-થાગ તલફે એ પૂર્વાનુરાગ નામે વિપ્રલંબનો ભેદ છે; પોતાનો (રંગ) પ્રેમ જેથી મળી રહ્યો હોય અને અદૃષ્ટના જોગે તેના શરીરે દુઃખ થાય તેને લીધે પ્રિયની દશા જોઇ મનમાં ચિંતા કરે–તેને કરૂણ નામે વિપ્રલંબ કહે છે; મિત્રથી થયેલા દોષને મિત્ર જાણે અને જે જાણતાંજ મનમાં રોષ આવે તેથી તકરાર થતાં છૂટાં પડે પણ એક બીજાને વગર મલે ઘણું દુઃખ ખમે, એ માન વિપ્રલંબ નામે ભેદ જાણવો; મિત્ર પરદેશ ગયા હોય અને અ-વધી વિતિ ગયા છતાં ઘેર પહોચ્યા ન હોય તથા તેણે કરી એક બીજાના મનમાં ઉદાસી વધે–તેને પ્રવાસ વિપ્રલંબ નામે ભેદ કહે છે; વળી મિત્રને મળ્યા વગર મનમાં ખેદ વધતો જાય અને તેની જુદાઇને લીધે દસ સ્થિતિ થાય તેને વિરહ કહે છે. (૩)

दोहा.

बिप्रलंभ सिंगारके, कहे चार परकार;

होत दशा दश बिन मिलें, सो अब कहों उदार. ॥ ४ ॥

ટીકા—એ પ્રમાણે વિપ્રલંબ શૃંગારના ચાર પ્રકાર કહ્યા, પણ વગર મેળાપે જે દશ પ્રકારની દશા ઉપજે છે તેને હવે ઉદારતાથી કહું છું. (૪)

अथ दश दशा नामं कथनं–गाहा.

अभिलाष सु चितायं, "गुनह–कथन" संमृति उद्वेगं;

फुनि प्रलाप उन्मादं, जडता व्याधि मरन यह जानहु. ॥५॥

ટીકા—અભિલાષા, ચિંતા, ગુણકથન, સ્મૃતિ, ઉદ્વેગ, પ્રલાપ, ઉન્માદ, જડતા, વ્યાધિ–અને મરણ એ દશ દશા જાણવી. [૫]

अथ विरह दश दशा भेद–छंद मौक्तिकदाम.

मिलें मन नेंनन बेंनन रंग; चहें मिलवो चित दंपति अंग. इकें इक चाहत-जात सनेह; कही अभिलाष दशा यह एह. किहीविध मित मिलें उत जा-य; इतें मिलहें कब मित सु आय. चहें निश द्योस विचारत चित; चिंता यह चातुर तास कहंत. जहां गुन मित सु चिंत गनेत; असंकृत ओर स-रुप अनंत. भयो मनमथ्थ सुमार विशेष; चहें विरहा गुन कथ्थन लेष.

* અસલ પ્રતિમાં આમ પાઠ છે કે="विना प्रियं और कछु न सहाय."

भये प्रिय याद न और सुहाय;* सबें ग्रह काज दिये बिसराय. लगी मिलियें मिलियें यह बांन; दशा बिरहा वह संमृति जांन. सबें सुखदायक जो उपचार; वहें दुख देंन लगे सु अपार. लगो मन मित सु मितहि ध्यांन; दशा उदवेग ब्रहा सु बखांन. रहे मन भोंर समान भ्रमंत; तनं मनसें परताप तपंत. बहो विधि बानि बदें प्रिय पच्छ; यहें परलाप दशा ब्रह लच्छ. तरकित ऊठ चलें सु बिशेष; चितें रहें चक्रित आंनन देख. हसें फुनि रोय करंत बिवाद; यहे बिरहा सु दशा उनमाद. गई सुधि बुद्धि सु भूलि सयांन; भयो सुख दुःख सु दोय समांन. लगी प्रियसें सुरता अवछेद; दशा बिरहा जडता यह भेद. जपें तन दीरघ लेत उसांस; झरे जल नेंनन होय निरास. बढे दिनहीं दिनही मन आधि; दशा बिरहांन कहें यह व्याधि. छलं बलके उपचार करंत; बनें नहि क्यों न मिलें दोउ मित. बढें परि पूरन प्रेम प्रमांन; बने तब शेष दशा सु बिधांन. ॥ ६ ॥

ટીકા—જે દંપતીનો અન્યોઅન્ય સ્નેહને લીધે મન, આંખ્યો, અને વાણીનો રંગ મળી ગયો હોય, અને તે સ્ત્રી પુરૂષ મનમાં એક બીજાને અંગથી મળવાને ચ્હાય-એમ એકેકનો મળવા માટે સ્નેહ વધતો જતો હોય તેને વિરહની અભિલાષ દશા કહે છે. કયે પ્રકારે મિત્રને ત્યાં જઈ મળું અથવા આંહી આવીને મિત્ર ક્યારે મળશે એ પ્રકારે જે રાત દિવસ મનમાં ચિંતવન કર્યા કરે, તેને ચતુર જનો વિરહની ચિંતા નામની દશા કહે છે. જે ચિત્તમાં મિત્રના ગુણ લહ્યા કરે અને તેના વસ્ત્રાલંકારની શોભા તથા સ્વરૂપનું વર્ણન કર્યા કરે તેથી જે મનને મથનાર કામ વધારે ઉત્પન્ન થાય એને વિરહની ગનકથન નામની દશા જાણો. જ્યારે પ્રિય મિત્ર યાદ આવે ત્યારે બીજું કાંઇ ગમે નહિ ને ઘરનું સકળ કાર્ય ભૂલી જલદી જઈ મળીએ તો ઠીક-એવી જેની પ્રકૃતિ થઈ જાય તેને વિરહની સ્મૃતિ નામની દશા જાણવી. જે સર્વ રીતે સુખદાયક ઉપચારો છે, તેજ ઉપચારો અપાર દુઃખદાયક લાગે. અને હૃદયની અંદર મિત્રનું ને મિલનુંજ ધ્યાન લાગી રહે, તે વિરહની ઉદ્વેગ નામની દશા વખાણેલી છે. ભમરાની પેઠે જેનું મન રખડતુ રહે, અને તન મનથી જૂદો જે જીવ તે પણ તપી ઉઠે તથા ઘણી રીતે પ્રિયતમના પક્ષની વાણી બોલ્યા કરે એ વિરહની પ્રલાપ દશાનું લક્ષણ છે. શંકાથી ઉઠી ચાલે અને મનમાં ભ્રમિત રહે તથા મુખ સામું જોઈને તો હસે ને વળી રૂવે તેમ ક્યારેક વાદ કરવા લાગે એવી જે સ્થિતિ તે વિરહની ઉન્માદ દશા જાણવી. પ્રિય મિત્રમાં અખંડ ધ્યાન લાગવાથી શુ-

દ્ધિ બુદ્ધિ અને શાહાણપણ ભૂલી જાય અને તેથી સુખ દુઃખ બન્ને સરખાં થાય એટલે સુખ દુઃખની ખબર રહે નહીં એવી જે સ્થિતિ-એને..વિરહની જડતા નામની દશા કહે છે. વિરહથી અંગ તપે અને લાંબા ઉસાસા લે વળી આંખ્યોમાંથી આંસુની ધારા ચાલ્યા કરે, તેમજ નિરાશા થઈ જાય ને દિવસે દિવસે મનનું દુઃખ વધતું જાય-એને વિરહની વ્યાધિ નામની દશા કહેલી છે. જહારે છળબળના ઘણાક યત્નો કરે પણ કોઇ પ્રકારે બન્ને મિત્રોને મળવાનું બને નહીં, તથા મનમાં પ્રેમનું પરીપૂર્ણ પ્રમાણ વધી પડે અને તેણેકરી જે અનાયાસે મરણ થાય તેને મરણ નામની વિરહની છેલ્લી દશા કહેલી છે. [૬]

गाहा.

उते कुसुम परबीनं, माहाराज मिंत इत चरचा;
कीनी काव्य नवीनं, जो जो दशा होय सब बरनें. ॥७॥

ટીકા—ત્હાં કુસુમાવળી અને કળાપ્રવીણ અને અહીં મહારાજા રસસાગર તથા મિત્રો વચ્ચેની ચર્ચામાં જે જે દશા ઉપજે છે, તે સરવે નવિન કવિતા કરી વરણવે છે. (૭)

अथ कलाप्रबीन कुसुमावल्युक्त विरह दशाबर्ननं;तत्र प्रथम
कलाप्रवीनोक्त मिलितरूपकालंकार–सवैया.

राज महा अभिलाष बिराजत, चिंतहे राजकुमार बिचच्छन;
संमृति ओर उद्वेग बजीर, अमीर दुहू जडता गुन कथ्थन.
हे हकमी उनमाद प्रलापहि, ब्याधरु शेष निआउ चुकावन;
सागर शाह सनेहकीं आयस, यातन नग्र दुहाई फिरी इन. ॥ ८ ॥

ટીકા—અભિલાષરૂપી મહારાજા ગાદી ઉપર બિરાજે છે, અને ચિંતારૂપી અતિ વિચિક્ષણ રાજકુમાર છે, સ્મૃતિ અને ઉદ્વેગ એ બે પ્રધાનો છે, જડતા અને ગુણકથનરૂપ બે અમીરો છે, ઉન્માદ અને પ્રલાપ એ બે હાકેમો શોભે છે, જ્યાંહાં વ્યાધિ તથા મરણ ન્યાય ચુકવનાર ન્યાયાધિશો છે, આ શરીરરૂપી નગરીમાં હે, મિત્ર સાગર ! સ્નેહરૂપી હાકેમની દુહાઈ ફરી ગઈ છે. (૮)

अथ मिलित रूपकालंकार सवैया.

सागर सूर प्रभा प्रगटी अरु, नेह मरीच निरंतर जागें;
कांम अनोपम ओप करें इत, आतसके चसमें चख लागें.

ताकि पुरी रूपहें घटमें, प्रतिबिंबित प्रांन महा दुख दागें;
काहु बिचार न बुझें अबें यह, जारत जोबनको बन आगें. ॥९॥

ટીકા—સાગર રૂપી સૂર્યની પ્રભા કહેતાં કાંતિ પ્રગટી તથા પ્રકાશ પામીને હમેશાં સ્નેહ રૂપી કિરણો તેજના અંબારથી જાગૃત થયાં, તેમ જેને કામદેવે અનુપમ રીતે આપેલાં એવાં આંખ્યોરૂપી દેવતાંમાં તે કિરણો તરફ લાગ્યાં-તેની રૂપ હૃદયરૂપી ઘટમાં પડી, અને તે પ્રતિબિંબ પડવાથી પ્રાણ મોટા દુઃખથી બળવા લાગ્યો. અને તે ઓલાવવાને કોઇ વિચાર સૂઝતો નથી પણ ઉલટું આગળ જતાં જોબનરૂપી વનને અગ્નિથી બાળે છે. [૯]

अथ भिन्न पद श्लेष रूपकालंकार-कवित्त.

उर पुर पेठो जारि, ज्वलन नमाय लीनों; नेंन गढ टेढो जल, नलन डुबायोहें, सुख साज राजकों, बिखेरिके बिदाय दीनें; मन मजमूंन ग्वालियर लें चढायोहें. प्रान तख्त बेठों आय, दुखके दिवांन जुत; बिरहा बिकट सूबा, अमल जमायोहें. सागर बियोगी खंड, दंडन प्रचंड रूप; मदन पठायो शाह, प्रेम दल आयोहें. ॥ १० ॥

ટીકા—વિરહ રૂપી સુબો હૃદય રૂપી શેહેરમાં પેઠો અને તેને પરિતાપ રૂપી અગ્નિથી બાળીને નમાવી લીધું, નેત્રરૂપી વાંકા ગઢને આંસુના પ્રવાહરૂપી પાણીના નળાથી બોળી કાઢ્યો, સુખ રૂપ સામગ્રી અથવા રાજ સમાજને વિખેરીને સૌને કાઢી મુક્યાં, તથા મનરૂપી મજમુદારને તો ગ્વાલિયરના કિલ્લામાં પરહેજ કીધો છે—એટલે ગ્વાલિયર જેવા મજબૂત કિલ્લામાં તેને ગોંદી રાખ્યો છે; એટલાથી સંતોષ ન પામતાં દુઃખ રૂપી દીવાનને સાથે લઇને પ્રાણરૂપી તખ્ત ઉપર આવી બેઠો, એવા તે વિરહરૂપી વિકટ સુબાએ બધે પોતાનો અમલ જમાવી દીધો; એમ હે મિત્ર સાગર! વિયોગીના દેશનો દંડ કરવાને મહા વિકરાળ મદનરૂપી શાહે મોકલેલા પ્રેમનું દળ-લશ્કર આવેલું છે. (૧૦)

अथ द्रष्टांतालंकार—सवैया.

नेंननसें जब नेंन लगे तबसें, वह नेंनन चाहत नेंनां;
रेंन कहूं अंसुवा बरजे दिन, रेंन वहे छिनही बिसरेंनां.
मेन महा दुखमें नित तावत, ज्यों हिग मंजर पंजर मेंनां;
हें न कछू सख चेंन हिये अह, जाग रहे अरु सागर हेंनां. ॥११॥

ટીકા—જ્હારથી આંખ્યો સાથે આંખ્યો લાગી છે તે સમયથીજ એ

આંખ્યોને આ આંખ્યો ચાહે છે, અને કંઇક રાત તો આંસુઓને રોકે છે પણ ક્યારેય રોક્યાં રહેતાં નથી તેતો રાત દિવસ વહ્યા કરેછે, વળી એક ક્ષણ પણ એ આંખ્યોને આ આંખ્યો વિસારતી નથી. જેમ મેનાના પાંજરા પાસે બિલાડીને રાખવાથી મેનાનું મન બાળ્યા કરે છે તેમ કામદેવ હમેશાં મને મહા દુઃખમાં બાળ્યા કરેછે તેથી કરીને સાગર પાસે નથી તેને તો કોણ શાંત કરશે.(૧૧)

अथ यथासंख्यालंकार, कुसुमावल्युक्त–सवैया.

बाल ब्रहांन बिहाल बिलोकित, कीवे इलाज सखी सब दोरी;
एक गुलाब लियो छिरकावन, चंदनकी इक ल्याइ कटोरी.
फूलन हार इकें पहिरावत, एकहु ".दांन=समीर" गह्योरी;
सागर एकहिबेर सबें वह फोरत, ढोरत तोर मरोरी. ॥१२॥

ટીકા—વિરહથી છિન્ન ભિન્ન થએલી તે બાળાને જોઇને તેની આસપાસની સર્વ સખીઓ દોડી આવીઓ, જેમાંની એકે શીતળતા વાસ્તે છાંટવાને ગુલાબજળ આણ્યું, એક સખી ચંદનથી ભરેલી કટોરી લાવી, એક સુગંધમય ફુલોના હાર પેહેરાવા લાગી, અને એકે શીતળ પવન ઢાળવા સારૂ વીંઝણો લીધો; પણ હે સાગર! એ સર્વ એકજ વારે ફોડી–ઢોળી–તોડી ને મરડી નાખ્યાં. [૧૨]

अथ अत्यंतातिशयोक्ति अलंकार–सवैया.

नेननसें असुवा उमहे सो गलीन भई बरषाकी तरंगन;
बारहु मास रहे ऋतु ग्रीषमं, आयत सास परोसनि अंगन.
जेहर सो रसनां दोहरी भई, पल्लवकी मुंदरी भई कंगन;
सागर छेद भये छतीयां सर तोउ भरें मनमथ्थ निषंगन. ॥१३॥

ટીકા—આંખ્યોમાંથી આંસુઓ ઉભરાઇને ચાલે છે પરંતુ તેથી તે શેરી ચોપાસાની (તરંગિની) નદીરૂપ બની નથી; કેમકે એમો ઉનો શ્વાસોશ્વાસ પાડોશણના આંગણા સુધી આવે છે–વાસ્તે ત્હાં તો બારે માસ ગ્રીષ્મ ઋતુજ રહે છે. વળી પગમાં પેહેરવાનાં લંગર તો કટિમેખળાથી બમણાં મોટાં થયાં છે, તેમજ આંગળીઓમાં પેહેરવાની વિંટિયો હાથમાં પેહેરવાનાં કંકણ જેવડી થઇ છે–[અર્થાત્ એવી તે અંગે દુબળી થઇ ગઇ] અને હે સાગર! કામદેવ તો હજી પોતાના ભાથામાં (વિરહીને મારવા) બાણ ભરે છે પણ અબળાની છાતીમાં તો તે પેહેલાંથીજ છેદ પડી ગયા છે! (૧૩)

अथ रससागर मित्रोक्त बिरहदशाबर्ननं, अलंकार तद्रूपक–सवैया.

याजिय कुंद रच्यो हियमें तहं, इंधन अस्ति सु आंन ठहेहें;
बीच धरे बिरहा बिशवानर, नेंन स्रवा घृत धार बहेहें.
होमतहे सुखकी करि आहुति, धीरज श्रीफल मध्य दहेहें;
प्यारे प्रबीन प्रबीन पढें श्रुति, नांमके मंत्र निरंत्र ग्रहेहें. ॥१४॥

ટીકા—આ જીવે તો પોતાના હૃદયમાં યજ્ઞનો કુંડ રચ્યો છે, ને તેમાં લાકડાંને ઠેકાણે હાડરૂપી બળતણ લાવીને નાખ્યું છે, વળી તેને સળગાવવાને વચમાં વિરહરૂપી અગ્નિ ધર્યો છે, આંખ્યોરૂપી શરવામાંથી આંસુરૂપી ઘીની ધારાઓ ચાલ્યા કરે છે, અને સુખની આહુતી કરીને હોમે છે, ધીરજરૂપી પૂર્ણાહુતિનું શ્રીફળ તે મધ્યે અગ્નિમાં બાળે છે, "હે પ્યારી પ્રવીણ! પ્રવીણ!" એ નામનિ શ્રુતિના મંત્રનો નિરંતર જાપ જપે છે. [૧૪]

अथ असंमत्यलंकार-सवैया.

प्रेमको बीज धर्यो हियमें वह, लाजकी पांसु दबाय दुरायें;
नेंन घटा बरसें जबही, तबही जलके परसें दरसायें.
पत्र सखी प्रसरें गन भेद, किते अभिलाष प्रसून लगायें;
चाहत चितसु आवनके फल, प्यारे प्रबीन कहो कब पायें. ॥१५॥

ટીકા—હૃદયરૂપી ખેતરમાં પ્રેમરૂપી બીજ વાવીને તેને લાજરૂપી ખાતરથી ઢાંકયું હતું તેમાં જ્હારે નેત્રરૂપ મેઘની ઘટા વરસવા લાગી ત્હારે તેના પાણીના સ્પર્શથી દર્શાઈ આવ્યું, તેમાં ગુણ ભેદરૂપ ડાળિઓ અને પાદડાં પ્રગટ્યાં, ને તેને કેટલાંક અભિલાષ રૂપ ફુલ લાગ્યાં, હવે તો ચીત્ત કેવળ આવવાનીજ આશા રાખી રહ્યું છે, તો હે, પ્રિય પ્રવીણ! કહો કે, એ ફળ હવે કયારે પામશું? (૧૫)

अथ असंगति अलंकार-सवैया.

अंब अताग निवान भरे ब्रह, संमृति तंत्र संवार धरें;
ब्रीडको गंच बध्यो गनके गुन, बैल बिचार फिबेबो करें.
कांतिकि माल कसी बरुनि ब्रह, नेंन घरी सु भरें ढबरें;
अंग उधांन प्रबीन रच्यो जिय, प्रेम प्रसूंन लता प्रसरे. ॥ १६ ॥

ટીકા—વિરહરૂપી અતાગ કે જેનો તાગ-છેડો નથી એવું પાણીનું નવાણ સરોવર ભરેલું છે, જહાં સ્મૃતિ રૂપ યંત્ર સંભાળથી ગોઠવ્યો છે, તથા

જે લાજનો રેંટ-મંચ ગુણરૂપી રાંઢવાથી બાંધી રાખ્યો છે-જેને વિચારરૂપી બળદ ફેરવ્યા કરે છે; તે રેંટથી માંડીને [પાંપણ રૂપી] (કાંતિ) ફાળકાની માળ બાંધેલી છે તે વડે ગ્રહણ કરેલી નેત્ર રૂપી ઘડીઓ ભરાય છે અને ઠલવાય છે, એમ આ જીવે અંગરૂપી બગીચો રચ્યો છે-તેમાં પ્રેમ રૂપી પુષ્પલતા પ્રસરી જાય છે. (૧૬)

अथ विभावनालंकार–सवैया.

स्वेंपल बीच भरेइ रहो सु परेइ रहो प्रसरे तन सारें;
कंठ कपोल झरेइ रहो सु भरेइ रहो नव बास भिंगारें.
बुंद नसें बिखरेंइ रहो सु ढरेंइ रहो बरुनीं मग ढारें;
नेंनन नीर खरेइ तबें जब, नाम तिहारे प्रवीन उचारे. ॥१७॥

ટીકા—હે પ્રવીણ! તમે પોતેજ (સાગરની) પલકની વચમાં (આંસુરૂપે) ભર્યાંજ રહો છો, અને આખા શરીરમાં ફેલાઈને પડ્યાં રહો છો, તેમ કંઠ ઉપર તથા કપોલ ઉપર ઝર્યાં રહો છો, વળી નવાં વસ્ત્ર ભીંજવીને ભર્યાંજ રહો છો, અને જળ બુંદની પેઠે (અંગ ઉપર) વિખરાઈ રહો છો, તથા પાંપણના રસ્તાને ઢાળે ઢળ્યાંજ રહો છો; માટે હે પ્રવીણ! જ્હારે તમારૂં નામ (સાગર) ઉચારે છે, ત્હારે તેની આંખ્યોમાંથી આંસુ ઝરે છે,-મતલબ કે:- જેનું નામ લઇ બોલાવિયે તે આવી હાજર થાય છે, તેમજ તમારૂં નામ લિયે છે ત્હારે આંખમાંથી આંસુ ખરે છે-તેપરથીજ જણાય છે કે તમેજ આંસુરૂપે તેની આંખ્યોમાં રહ્યાં છો. [૧૭]

अथ जातिस्वभाव अलंकार–सवैया.

शोच बिचार बढेइ रहें सु पढेइ रहेहे नजुमि निदांनें;
आंनन तेज अढेइ रहें सु द्रढेइ रहें बैवस्वत जानें.
प्रेम प्रतीत द्दढेइ रहें सु गढेइ रहें बिरहा तन प्रांनें;
चिंत प्रबीन चढेइ रहें सु गढेइ रहें मनमथ्थ निसांनें. ॥१८॥

ટીકા—શોચ ને વિચાર વધ્યા કરે છે, જોશીઓ તેના નિદાંનને ભણ્યાજ કરે છે. તોય તનનું તેજ અવટાયુંજ રહે છે; વળી જીવ લેવાને યમરાજા તો તૈયારજ થઈ રહે છે, અને પ્રેમની પ્રતીતિ વધારે વધારે સુદ્દઢ થતી જાયછે, વળી શરીર તથા પ્રાણમાં વિરહ ભરાયાંજ કરે છે, ચિત્તમાં પ્રવીણ પ્રવીણજ ચડયાં રહે છે, તેમ રતિનાથનું નિશાન પણ મનમાં રોપાયુંજ રહે છે.(૧૮)

अथ जातिस्वभाव अलंकार-सवैया.

नेंनन नींद कछू करबो अरु, पावकही जरबो मनकों;
सास उसासनको भरबो पुनि, शोच सदा करबो दिनकों.
नेंनन नीर प्रबा झरबो फिर, चाहतहें मरबो तनको;
प्यारे प्रवीन बिचार करो यह, कांन खता बिरही जनकों. ॥१९॥

ટીકા—નેત્રોમાં નિંદ્રા તો ભરાય પણ અગ્નિથી મનને બાળ્યાજ કરવું, લાંબા લાંબા ઉસાસા નિસાસા ભર્યા કરવા અને આખો દિવસ નિરંતર શોચના-દિલગીરી કર્યાજ કરવી, નેત્રમાંથી આંસુ રૂપી પાણીનો પ્રવાહ ઝરાવ્યાજ કરવો તથા શરીર તજવાનું પણ ચ્હાવું, તો પ્રિય મિત્ર પ્રવીણ! વિચાર કરો કે આમાં બિરહી જનની કંઈ ભૂલ હશે? કે જેથી કરી હમેશાં આવી દશા ભોગવવી પડે છે? [૧૯]

अथ असंगति संदेहको संकर अलंकार-सवैया.

प्रेम सुरंज उठे हियमें तिनसें जु चुआंन लगे बरुनी बन;
मित्रको तंत्र कियो घटमें वह, जंत्रसें कैंधो बहेहें सुरा कन.
प्रांन सनेही वही द्रग किंकर कैंधो गुलाब लगे छिरकावन;
कैसि भई गति सो न परें कल, प्यारे प्रवीन बिनां इन आंखन.॥२०॥

ટીકા—પ્રેમરૂપી ફુવારો આ હૃદયમાં ઉછળ્યા કરે છે, તેણે કરીને પાપણોમાંથી જળ ચુવા લાગ્યું; મિત્રરૂપી તંત્ર ઘટમાં કર્યો છે, જેમાંથી સુરાના કણ વહે છે કે પ્રાણ સ્નેહીને આ આંખોરૂપી ચાકરો ગુલાબજળ છાંટવા લાગ્યા છે! એક પ્રાણ સમાણી પ્રવીણ વિના આ આંખોની કેવી સ્થીતિ થઈ છે? તેની કાંઈ ખબર પડતી નથી. [૨૦]

अथ समरूपक अलंकार-सवैया.

स्वासकि डोर प्रवीन तनें अरु, आंसन नेह लगावत आरें;
चितकी सांन फिरान लगी वह, आसिककी किरवांन उजारें.
काट कुटील खरेंबो करेहें, झरेबो करें बिरहा चिन गारें;
वाहन प्रांन बियोगिनके नित, आयुध मार खराद समारें.॥२१॥

ટીકા—સ્વાસની દોરીને પ્રવીણે ખેંચી અને આંસુરૂપી તેલ આરામાં લગાવ્યું-તેથી ચિત્તરૂપી સરાણ ફરવા લાગી, તે ઈશક રૂપ તલવારને ઉજાળે છે, જેમાંથી કુટીલ કાટ ખરતો કરે છે અને બિરહ રૂપી ચીનગારીઓ ઝર્યા

કરે છે; એ પ્રમાણે તે વિયોગીના પ્રાણને હણવા સારૂં હમેશાં કામદેવ રૂપી શીકલીગર-સરોશ્ય હથિયાર સજે છે. [૨૧]

अथ रूपकालंकार-सवैया.

चौक कशिषु तनाय कसे अरु, अच्छत नेंन कटाछ उडावें;
बंदन जावक बिंद करे सितकारकि फूकसें मूठ चलावें.
हारकि संकरसें जु हनें हिय, पायलके दुहु डाक बजावें;
भूत धस्यो बिरहा घट भीतर, मित प्रबीन मिले तो समावें. ॥२२॥

टीका—ચાચરપર પાથરેલ બિછાનું તણાવીને બાંધે-એટલે સાૈની નજર ખીલે, અને પછી નેત્રના કટાક્ષ રૂપ અક્ષત ઉછાળે, બાદ સિંદુરના તથા અળતાના લાલ ચાંલ્લા કરે, સીતકારારૂપ ફુકથી મૂઠ મારે અને હારની સાંકળથી અંતઃકરણને હણે, પગનાં ઝાંઝર રૂપી બે ડાકલાં વગાડે, એવા ઉપાયને યોજનાર મિત્ર પ્રવીણરૂપ ભુવો મળે ત્હારેજ આ વિરહરૂપી ભૂત મનમાં પેઠું છે તેને સમાવે. (૨૨)

अथ समरूपकालंकार-सवैया.

मेंन सुनार दुकांन रच्यो तन, धीरज सास धुआं उमटें;
ज्यों ज्यों लगें बिरहानल ज्वाल त्यों, कंचनन्नेह प्रभा प्रगटें.
शांम तुला रति लाले धरें मधि, नेंन कसी सु बढें न घटें;
प्यारे प्रबीन परच्छन हार, बनावत भेद मनी सु जटें. ॥२३॥

टीका—કામદેવરૂપી સોનારે આ તનરૂપી દુકાનની રચના રચી છે, જેમાંથી ધીરજનો ધુઓ સ્વાસને રસ્તે થઈ બ્હાર આવે છે; જેમ જેમ વિરહાનળની અગ્નિની ઝાળ લાગે છે, તેમ તેમ સ્નેહરૂપી સોનાની કાંતિ અગ્નિમાં તવાઈને શુદ્ધ દેખાય છે, બે કીકીઓરૂપ કાંટામાં રતિરૂપ લાલ ચણોઠી મુકીને સરખાવી જેતાં અથવા આંખોરૂપી કસોટીમાં કસી જેતાં ન ઘટે કે ન વધે, હે પ્યારે પ્રવીણ! એમ તે સોની ભેદરૂપ મણીઓથી જડિત્ર હાર બનાવે છે. (૨૩)

अथ मिथ्याध्यवसत्यालंकार-सवैया.

एक समें किरतार करें यह, उत्तरसें इक जोगिनि आवें;
दंड करें नृप खंडनके शिर, आंय त्रियांनकि आंन फिरावें.
जाय सदा जिय चाहतहें हम, पच्छम तीय पटोदे पठावें;

कंठ भुजा धरिकें भरि आसव, तादिन आय प्रबीन पिलावें.॥२४॥

ટીકા—એક સમે કિરતારે જાણુ એવો બનાવ કર્યો કે ઉત્તરમાંથી એક જોગણી આવે અને આખા ખંડના નૃપને માથે દંડ કરે, પછી સ્રીઓનાં થાણાં બેસારી સ્રીઓનીજ આણ ફેરવે, તેમ જેને હમેશાં અમારો જીવ ઇચ્છે છે-તેનેજ પશ્ચિમ તરફનો પટ્ટો આપીને મોકલાવે, તો પ્રિય મિત્ર પ્રવીણ! તે દિવસે આવીને કંઠમાં હાથ ધરીને મદિરાનું પાત્ર ભરી પાન કરાવે.[૨૪]

अथ उत्प्रेक्षालंकार—सोरठा.

ज्यों ज्यों संम्रति होत, त्यों त्यों अति बिरहा बढें;
मांनहु दीप उदोत, पूरन नेह प्रबीन जू. ॥ २५ ॥

ટીકા—હે પ્રવીણ! હવે તો જેમ જેમ તમારી સ્મૃતિ થાય છે, તેમ તેમ વિરહવેદના ઘણીજ વધતી જાય છે, તે જાણે પરીપૂર્ણ ભરેલા તેલથી દીવાનો પ્રકાશ વધતો જતો હોયનીશું? એમ લાગે છે. (૨૫)

अथ मित्रोक्त समरूपक अलंकार—सवैया.

ज्वाल बनीं बिरहा बडवानल, आंसुन लेर लगी प्रसरें;
धीरज बेट डुबावनकों, मकरध्वज मीन कलोल करें;
नाउ मनोरथके न चलें मग, नेहकि भोंर अरूझ परें.
प्यारे प्रबीन दीनां तन सागर, सागरकी समताजु धरें. ॥२६॥

ટીકા—વિરહની પિડા તો વડવાનળ અગ્નિની જ્વાળ બની છે, આંસુરૂપી લહેરો આવી આવીને પસરે છે, હવે ધીરજના બેટને ડબોવવાને કામદેવરૂપ મગરમચ્છ આનંદ કરે છે, અને સ્નેહરૂપી ભમરી આડી આવવાથી મનોરથરૂપ નાવ જરાએ ચાલતું નથી; માટે એક પ્યારી પ્રવીણ વિના મહારાજા રસસાગરનું શરીર સમુદ્રની સમતાને ધરે છે. (૨૬)

अथ प्रतिपालंकार—गाहा.

रेरे धिषणा मंदो, चंदो किय वदन सरभारियं;
एयं कला चलायं, दिन दिन कला बाढ्यिं अबला. ॥२७॥

ટીકા—રે રે! મંદ બુદ્ધિવાળા કવિયો! ચંદ્રને સ્રીના મુખ સરખો કહ્યો એજ વિરૂદ્ધપણું છે, કેમકે ચંદ્રની કળા ચળ હોવાથી પ્રતિ દિવસે ઘટતી જાય છે, અને સ્રી-મુખની કળા તો દિવસે દિવસે વધતી જાય છે.(૨૭)

दोहा.

ऐसेंही चरचा चलत, दिन बीतत दुहु ठोर;

पत्र लिखत एकेक प्रति, बढ्यो बिरहको दोर. ॥ २८ ॥

ટીકા—એવી ચર્ચા ચલાવી બંને ઠેકાણે દિવસ ગુજારે છે, તેમજ એકેકપર પત્ર લખી મોકલવાથી વિરહનો વેગ વધી પડયો. [२८]

गाहा.

सागर कलाप्रबीनं, व्यापित बिरह दशा बर्नन बिधि;
त्रयं त्रिंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २९ ॥

ટીકા—રસસાગર તથા કળાપ્રવીણને વ્યાપેલી વિરહ દશાના પ્રકારના વર્ણનવાળી પ્રવીણસાગર ગ્રંથની તેત્રીશમી લેહેર સંપૂર્ણ થઈ. (૨૯)

इतिश्रीप्रबीनसागरग्रन्थेदंपतिबिरहदशाबर्ननंनामत्रयस्त्रिंशतिमोलहरं. ॥ ३३ ॥

लेहेर ३४ मी.

अथ उपालंभ भेद–दोहा.

पाती प्रेम एकेक प्रति, आवतहे इहि रीत;
करत शोच चितमें किते, बासर भये बितीत. ॥१॥

ટીકા—એ પ્રમાણે નિરંતર એક બીજા ઉપર સ્નેહના પત્રો આવે છે, તે વાંચી મનમાં શોક કર્યા કરે છે; એવી રીતે કેટલાક દિવસો વીતિ ગયા. (૧)

रेंन द्योस नेंन न लगे, हें न कछू सुख चेंन;
मेंन भरे बिछुरें दुहू, लगे उपालंभ देंन. ॥ २ ॥

ટીકા—રાત દિવસ આંખ્યો મળતી નથી, કેમકે કામથી ભરેલાં બેહુ જણ જૂદાં પડી ગયાં, તેથી પરમેશ્વરને ઠબકો દેવા લાગ્યાં. (૨)

अथ तत्र प्रथम प्रबीनोक्त उपालंभ भेद, कर्ताउपालंभ
परिसंख्यालंकार–सवैया.

देह जुदाइ करीतो कहा मन, एह जुदो न कबें परिहें;
ननसें तसबीर जो सागर हें जु, लखी सु नहीं टरिहें.
ध्यांन लगो वह बानिकको सोई, अंगके संग लगो जरिहें;
क्योंरे गुमांन करे किरतार अबें, करि कोप कहा करिहें. ॥३॥

ટીકા—દેહની જુદાઈ કરી તેથી શું ! પણ આ મન કયારેય જૂદું પ-

ડશે નહીં; અને આ નેત્રવડે જે મ્હારા પ્રાણ સાગરની છબી નિરખી છે, તે કોઈ કાળે ટાળી ટળવાની નથી! વળી એ માનિકનું ધ્યાન લાગ્યું છે તે તો આ અંગની સાથે જડી રાખેલું હોવાથી અથવા અંગની સાથેજ બળશે. વાસ્તે હે પરમેશ્વર! શામાટે ગુમાન કરે છે?–હવે તે કોપ કરીને વધારે શું કરીશ! (૩)

अथ परिकरांकुरालंकार–कवित्त..

सागर अथाह सो न, चातुरहू तिरयो जाय; मरें पार परयो जाय, ता-
छिनहूं प्ररियें. मेरहूको फेर बिनां, पायहू न परयो जाय; गरें-लाग गि-
रयो जाय, गिरहूतें गरियें. पर बिन पंछीहूतें, नभहू न चढयो जाय;
नभनको नेचो पाय, नभहूतें परियें. पति पति जपि जपि, तपि तपि हा-
रयो तन; किरतार टार अंक फेरहूं न करियें. ॥४॥

ટીકા—સમુદ્રનો વિસ્તાર અથાગ છે, તે ચતુર હોય તેનાથી પણ તર્યા જાય એમ નથી; તેમ જો મરવાથી પણ પાર પમાતું હોય તો તેજ ક્ષણે મરીયે; મેરૂ પર્વતના ઘેરને પગવિના ફરાય નહીં, ને જો લાગ મળે તો ઉપરથી પડીયે; પાંખ વિનાના પંખીથી આકાશે ચડયું જાય નહીં–પણ જો નભનો અંત-પાર પામીએ તો આકાશેથી પડીયે; વળી "પતિ પતિ" એમ જપી જપીને અને તપી તપીને શરીર થાકી–હારી ગયું, નહિતો કિરતારના લખેલા આંક ટાળીને બીજા શા માટે ન કરિયે? અથવા તો હે કિરતાર! હવે તો નશિ-બમાં આ વિયોગના લખેલા આંક ટાળી નાખ, અને ફરીથી (કોઇવાર એવા) આંક કરીશ નહીં. (૪)

दोहा.

हरता करता कहतहें, सोउ न साच बिचार;
नेंन नीर अजहुं न मिटें, बिरही कहा बिहार. ॥५॥

ટીકા—સર્વ કોઇ ઇશ્વરને કર્ત્તા હર્ત્તા કહે છે તે સાચો વિચાર નથી, કેમકે તે હર્ત્તા છે તો અમારી આંખ્યોમાંથી વહેતું નીર હજુ સુધી કેમ હર્યું નહીં! ને કર્ત્તા છે તો આ વિરહીનો વિયોગ ટાળીને વિહાર કેમ કરાવ-તો નથી? (૫)

अथ बिशेषालंकार, इंद्रोपालंब–सवैया.

हे मतिमंद पुरंदर ये अबला पर आज कहा बल बंध्यो;
ना बिरही बिरही कबहू बिरही जनको सुरसें उर बंध्यो.
मा ढिग सागर मित अली तब, या दिनमें सुख ऐसो निर्बंध्यो;

कांम कर्मान गही इतनें पर, चातुक बांन कर्मानहि संध्यो. ॥ ६ ॥

ટીકા—હે, મંદ મતિના ઈંદ્ર! આ એક અબળા ઉપર આજ આટલું બધું શું બળ બાંધ્યું છે! તું વિરહી નથી, તને કોઇ દિવસ વિરહનો અગ્નિ પ્રગટયો હોય એમ જણાતું નથી, શાથી કે વિરહી જનનો તો રસ સાથેજ પ્રાણ બાંધ્યો છે! અલી પ્રિયે! જહાંલગી મ્હારી પાસે મિત્ર સાગર નથી ત્હાં લગી આ દિવસમાં આવું સુખ નિમાયેલું છે, એટલા ઉપર તો વળી કામદેવે કમાન ઝાલી-ત્હાંતો બપૈયે તે કમાનમાં વાણીરૂપી તીર સાંધ્યું છે. (૬)

अथ व्याघातालंकार, चंद्रोपालंभ-सवैया.

दधि कोक सरोजन शोक निधांन-मधूकरकों मुरझावतहें;
दरदी तनकी मनकी बतियां, सो उलूकको मिंत न पावतहें.
कछु शंक बिनां धर कोंन प्ररें, हर कंकनसो शिंर आवतहें;
बिरही जनकी बिनती सुनिकें शशिकों न कोऊ समुझावतहें ॥७॥

ટીકા—સમુદ્ર, હરણ અને કમળોને શોકના ઓઘ, ભમરાઓને મુંઝાવનાર, તેમ આ દરદીના તન અને મનની વાતને તો ઉલુક કહેતાં ઘુવડ મિત્ર જાણતોજ નથી અને વળી જરાય સંદેહ વિના કોઇની (બીક) ધરતો નથી અને શિવના (ભસ્મ) કંકણ જેવો (બાળનાર થઇને) માથાપર આવે છે, પણ અમારી વિરહી રૂપી દીનમી વિનતી સાંભળીને ચંદ્રમાને પણ કોઇ સમજાવતું નથી. (૭)

अथ पर्यस्तापन्हुति अलंकार-सवैया.

हें न सुधा शशि पुंज हलाहल, बूझहुं चक्र पुकार करेंगो;
देखतहीं दुखदायक तूं यह, कंज सबें बिधि साख भरेंगो.
लाजतें हे न इते पर आवत, साज कला कहा मोहि करेंगो;
सागर मिंत मिलेंगे तबें लग, तेरो रिपू द्रगतें न टरेंगो. ॥ ८ ॥

ટીકા—હે, ચંદ્રમા! લોકો કહે છે કે તારામાં અમૃત છે, પણ તેમ નથી-તું તો કેવળ હળાહળ વિખનોજ ઢગલો.છે! જો પુછું તો આ ચકવો તે વિશે પોકારી ઉઠશે, દેખીતોજ તું તો દુઃખદાયક છે! જેની આ કમળો સાક્ષી પુરશે. આંહી ઉપર આવતાં લાજતો નથી! અને વધારે વધારે કળા સજીને મને તું શું કરીશ? હું જાણુંજ છું કે પ્રિય મિત્ર-સાગરના મળવા લગી તારો રિપુ જે રાહુ એટલે સાગરનો [રાહ]-રસ્તો મ્હારી આંખ્યોમાંથી ટળશે નહીં. (૮)

अथ शिक्षाक्षेपालंकार, ब्रह्म उपालंभ-कवित्त.

करेहे अनीत कछु, परेहे न ब्रह्म कल; हरेहे न चित अंत, करताको राज-हें. जोई जोई आवे मन, सोई सोई लीजे कर; कोई दिन ओइ संग, दरदी अवाजहें. सागर प्रवीन कोक, शोककी न जानतहें; कोकनद नंद तोय, तोककी नवाजहें. मानरे अजान तेरो, काल न रहेगो मांन; जाहिर जहांन, आनदांन तेरी आजहें. ॥ ९ ॥

ટીકા—આટલી અનીતિ કરે છે અને હે બ્રહ્મા! તને તેની કંઇ ગમ પડતી નથી? ચિત્તને વિશે જરાએ બ્હીતો નથી પણ જાણુકે અંતે જગત્કર્ત્તાનુંજ રાજ છે! જે જે મનમાં આવે તે તે કરી લે, પણ કોઈ દિવસેય તારા ઉ-પરીની પાસે દરદીની બૂમ પહોંચશે; સાગર અને પ્રવીણ એવાં જે હરણ હરણી તેના શોકની પિડાને તું જાણતોજ નથી; માટે હે રાતા કમળના નંદન બ્રહ્મા! તને તો [સ્તોક] થોડાક કાળની બક્ષીસ છે, વાસ્તે રે! અજાણ! જરા માન! કારણ-કાલે તારૂં માન પણ રેહેશે નહીં, આ જાહેર દુનિયામાં તારી આણ દાણ આજજ છે! (૯)

दोहा.

चतुर नहींरे चतुरमुख, नहीं प्रेम पहिचांन;
सागर मिंत चकोर शशि, ताफ न मिलवे आंन. ॥१०॥

ટીકા—નહિ, નહિ, ચાર મુખવાળા બ્રહ્મા! તું ચતુર નથી-એટલુંજ નહિ પણ તને પ્રેમની એ પિછાનં નથી, જો એમ તું ન માનતો હોય તો પ્રિય સાગરરૂપ ચંદ્ર અને પ્રવીણ રૂપ ચકોરને આણીને મેળવી આપે નહીં?(૧૦)

पर्यस्ता पन्हुतिअलंकार-सवैया.

मूरति हे मनकी मनमें, लगनीं अगनीं झरके तपनेंमें;
माल लियें मुख नांम उचारत, बासर बीततहें जपनेंमें.
या तनको मिलबोइ मिथ्यो अरु, बातनको मिलबो सपनेंमें;
ब्रह्म वडो इसकीमें अजांन बियोग, ले भाल लिख्यो अपनेंमें.॥११॥

ટીકા—મૂરતી તો મનની મનમાંજ છે અને લગની તો ઝરતા અગ્નિના તપવામાંજ છે, હાંથમાં માળા લઇને મુખેથી નામનો ઉચ્ચાર જપ્યા કરીએ છીએ-એમ જાપ જપવામાંજ દિવસો વિતે છે, વળી આ તન મળવું તો મ-ટયું પણ સાથે વાતનું ય ઠેકાણું સ્વપ્નામાં રહ્યું! માટે એમજ માલમ પડે છે કે આ બ્રહ્માજ ઇશકમાં બડો અજાણું જણાય છે, કેમકે હે, મનના માણેલા સાગર! જેણે વિયોગ લઇને આપણા કપાળમાં લખ્યો? [૧૧]

अथ उल्लासालंकार–सवैया.

खारो कियोहे पयो=निधिकों पय, कारो कियो पिकसां अनुमांनों;
कंटक डार गुलाब कियो अरु, चातक बारही मास त्रसांनों.
पंकको अंक कियोहे मयंकमें, आग कियोहे चकोरको खांनों;
सागर मिंत सबें परखा करि, हंस पती हरवाहन जांनों. ॥ १२ ॥

ટીકા—સમુદ્રના જળને ખારૂં કર્યું છે, ને પ્રિય બોલવાવાળી જે કોયલ તેને કાળી કરી, સુગંધવાળા ગુલાબની ડાળિયોમાં કાંટા કર્યા, તથા ચાતક પક્ષીને બારે માસ તરશ્યોજ (વિરહીજ) રાખ્યો, શીતળ કિરણોથી પ્રકાશી સુખ આપનાર ચંદ્રમામાં ડાગ કર્યો, ચકોર પક્ષીનું ખાણું દેવતા રાખ્યું, તો વ્હાલા સાગર મિત્ર ! સર્વ રીતે પરિક્ષા કરીને હંસપતિ જે બ્રહ્મા તેને મહાદેવજીના વાહન જેવા [આખલા] જાણો. [૧૨]

अथ भ्रमापन्हुति कामदेवोपालंभ–कबित्त.

घटा हें न केश बज्र, छटा हें न बेसर ये; कुच हें न अंमृतके, कुंभ धरे भर भर. नेंन हें न एंन येजु, कज्जर कलंक नांहि; ज्योंनें हें न तन जोत, भूषन न कर कर. भाल हे न इंदु लाल, बिंदु हें न ज्वाल; नेंन सुरसरीन नेंनको, नीर बहें झर झर. कोंनपें चढाई आज, करीहें तिमंगलेश; नेंन इंद चंद ईश, कांपतहें थर थरं. ॥ १३ ॥

ટીકા—આ કંઈ મેઘની કાળી ઘટા નથી-એતો કેશ છે; આ કાંઇ વજ્રની છટા નથી-એતો નાકમાંનું બેશર છે; આતો કુચ છે-કંઇ અમૃતના કુંભ ભરી ભરીને ધર્યા નથી; એતો આંખ્યો છે-કંઈ મૃગ નથી; આતો કાજળની રેખા છે-કંઈ કલંક નથી; આતો તનની જોત છે-કંઈ તેજ નથી; એતો ઘરેણાં છે-કંઈ કિરણો નથી; એતો કપાળ છે-કંઈ ચંદ્રમા નથી; એ તો લાલ બિંદુ છે-કંઈ આંખ્યોની અગ્નિની જવાળા નથી; આ કંઈ ગંગાજી વહેતાં નથી-એતો આંખ્યોમાંથી ઝરીઝરીને પાણી વેહે છે; તો હે તિમંગલેશ! આજ કોના ઉપર ચડાઈ કરી છે તે કેહો? કેમકે તમ્હારા નેત્રથી ઈંદ્ર, ચંદ્ર અને શંકર થર થર કાંપે છે. (૧૩)

सोरठा.

सरपति सुरपाति हें न, नाहि मकरपति हीमकर;
सरब गतीसरबेंन, चढ्यो कोप कर कोंनपें. ॥ १४ ॥

ટીકા—હે, સરપતિ! આ કંઇ સુરપતિ-ઇંદ્ર નથી; હે, મકરપતિ! આ કંઇ ચંદ્રમા નથી; હે સર્વ ઠેકાણે ગતિ કરનાર કામદેવ! ત્હારે તું કોના-પર કોપ કરીને ચડયો છે? [૧૪]

अथ सागरोक्त उपालंभभेदेदृष्टांतालंकार, कर्त्ता उपालंभ–सवैया.

ग्रीषमके गिरिके तरके पर, दाह लगें तन एसें दहेगो;
पावसके घनकें बनके सम, अंबक अंब प्रवाह बहेगो.
सीत हरें गति जैसी भई तुंम, आपकि आप सबेंहि सहेगो;
जो बिरही मनकी न लहो हरि, कोंन पराइ पुकार कहेगो. ॥१५॥

ટીકા—ગ્રીષ્મના તડકાના તાપથી ડુંગર ઉપર જેમ દાહ લાગેછે એવી રીતે આ તન બાળશો; કહિ ચાતુર માસના વર્ષાદના જળની પેઠે આંખ્યોમાં-થી આંસુનો પ્રવાહ વેહેવરાવશો; સતી સીતાના હરણથી જેવી તમારી ગતિ થઇ હતી-તેજ પ્રમાણે પોતાપર પડેલાં સંકટ પોતેજ સહેશે; માટે હે હરી! જો વિરહીના મનની પિડા ન લહો તોપછી કોણ પારકી પિડાનો પોકાર કહેશે?(૧૫)

अथ स्मृतिमान् अलंकार–सवैया.

कच्छ भये परबेश दधी कर, भूलगये कमला हरि लाई;
रावन दुष्ट हरी बनिता बन, प्रेमकि पीर तबेउ न पाई.
बिप्रके संग बहे पुर कुंदन, या दिनें या दिन आ दिन आई;
प्यारे प्रबीन प्रबीन पुकारत, क्योंन सुनों अरजी यह सांई. ॥१६॥

ટીકા—કાચબા થઇને સમુદ્રમાં પેશી જે કમળાને લાવ્યા તે હે હરી! ભૂલી ગયા કે? દુષ્ટ રાવણ વનવાસથી સીતાને હરી ગયો-તોયે પ્રેમની પિ-ડાને પિછાણી નહી? વળી બ્રાહ્મણની સંગે રાતોરાત કુંદનપુર એકદમ વહી ગયા-તે દિવસ પણ તમને આવા અમારા વસમા દિવસ જોઇને યાદ ન આવ્યા? હે પ્યારાં પ્રવીણ! અમે તો "પ્રવીણ પ્રવીણ" પુકારીએ છીએ-તોય પણ હે સ્વામિન્! આ અમારી અરજી કેમ સાંભળતા નથી? (૧૬)

अथ शिक्षाक्षेपालंकार-कवित्त.

चकोरी ज्यों हेरि हेरि, चातुकी ज्यों टेरी टेरी; जुगनूं ज्यौं घेरी घेरी, दरदी दहतहें. सूर शशि सागर समीरसें न पावे सुख; जाके शीश बीतत सो, सबही सहतहें. जानीहे तो बोलहे, न जाने तो प्रबीनहे न, उलतेको पानी सो बरेदन बहतहें राज नीत रीत ऐसें, चलेगी अनीत कैसें; कोउ

किरतारसें पुकार न कहतहें. ॥ १७ ॥

ટીકા—ચકોરીની પેઠે જોઇ જોઇને, ચાતુકીની પેઠે શબ્દોં ખેંચી ખેંચીને, પતંગિયાની પેઠે ઘેરી ઘેરીને દરદીઓ બળે છે; તેઓ સૂરજ, ચંદ્ર, સમુદ્ર, તેમ પવનથી પણ સુખ પામતાં નથી; એમ જેને માથે જે જે દુઃખ વિતેછે તે બધાને સહન કરે છેજ પણ ભરતીનું પાણી, પાણીનેજ દિવસે વહે છે. માટે હવે તો આટલેથી જાણશોતો ઘણું છે-અને નહીં જાણો તો તે પ્રવીણ-ચતુર નથી; આવી રાજનીતિની રીતિમાં આમ અનીતિ કેવી? એટલું કોઈ પરમેશ્વરને પુકાર કરીને કહેતું નથી? [૧૭]

अथ शिक्षाक्षेपालंकार–सवैया.

मिंत बिना ज्यु तपै तलफै तन, धीमर जाल गहे मनु माछे;
ऐसि दशा न दया तुमकों ब्रज, दीनदयाल कहावत आछे.
बारहि बार पुकार प्रबीनज्यु, बार करो न बिचारहो पाछे;
पापनि साप बियोगिनके हरि, व्हैगो बिछोह तुम्हे अरु लाछे. ॥१८॥

ટીકા—જાણે માચ્છિએ જાળમાં માછલાં પકડ્યાં હોય, ને તે જળવિના તરફડે તેમ મિત્ર વિના આ તન તપે છે ને તરફડે છે, એવી દયાળવી દશા થઇ તોય તમને દયા નથી આવતી? અને વ્રજમાં તો ગરીબોપર સારી રીતે દયા કરનારા કહેવાઓ છો? વળી અમે તો વારે વારે "હે, પ્રવીણ! હે પ્રવીણ!" એ નામનું પુકરાણ પોકારિયે છીએ, વાસ્તે વાર કરશો નહીં-જો વાર કરશો તો પાછળથી પસ્તાવું પડશે. તેમ વિયોગીના શ્રાપના પાપથી હે, હરી! તમારે ને લક્ષ્મીજીને વિયોગ થશે. (૧૮)

अथ ब्रह्म उपालंभ व्याघातालंकार–सवैया.

हे न हीतू हितकी नहि मानत, चिंतमें कोन निआओ धरयोहे;
कैसें जवाब करेगो तहां, किरतारके दंड कछू न डरयोहे.
कोन गुनो तकसीर कहा, परबीन दधी संग बैर करयोहे;
छांड मरोर अजों चतुरानन, तेरो पिता इत पाय परयोहे. ॥१९॥

ટીકા—[હે બ્રહ્મા!] તું હેતુ નથી છતાં હિતની વાત માનતો નથી, તો પછી તેં ચિત્તમાં કેવો ન્યાવ ધાર્યોછે? તું કિરતારના દંડથી તો ડર્યો નથી-પણ ત્હાં (.પરમેશ્વરને) જવાબ શું આપશો? શો ગુન્હો? અને શી તકસીર છે કે પ્રવીણ ને સાગર સાથે વૈર કર્યું છે? હે ચાર મુખના બ્રહ્મા! હજીએ તારી કરડાકી છોડી દે! તારો પિતા તો અહિં આવીને પગે પડયો છે-(એટલે કમળ પ્રવીણના પગ સાથે ઉપમાનો સંબંધ રાખે છે.) [૧૯]

व्याघातालंकार–सवैया.

जाय मिलीहे सुता परबीनसें, भ्रात उहां बसि ध्यांन धर्योहे;
तातको तात रहे नित नेनन, तातके भ्रात मिलाप कर्योहे.
तातके भ्रातके मिंत किते तह, तात रहे नित पाय पर्योहे;
रे बिधि नीच कपूत कुलच्छन! मंद मती तिनसें झगर्योहे.॥२०॥

ટીકા—હે બ્રહ્મા! તારી પુત્રી જે સસ્વતિ તેતો પ્રવીણને જઇને મળી છે, અને તારો ભાઇ કમળથી જેની ઉત્પત્તિ છે એવું જે મોતી તેતો (પ્રવીણની) વાળીમાં વસી ધ્યાન ધરે છે, તારો બાપ [કમળ]નો બાપ જે પાણી તેતો પ્રવીણના નેત્રમાં હમેશાં રહ્યા કરેછે; વળી તારા તાતનો ભાઇ જે તારો કાકો ચંદ્રમા તેણે, પણ પ્રવીણના કપાળમાં ચાંદ્લારૂપે મેળાપ કર્યો છે, તારા તાતના ભાઇ (તારા કાકા) ચંદ્રમાના મિત્ર જે તારા તેમાંના કેટલાક તો પ્રવીણ પાસે તારાટબકી રૂપે રહ્યા છે, અને તારો પિતા કમળ તો રોજ પ્રવીણના ચર્ણમાંજ પડયો રહ્યો છે–અર્થાત્ પ્રવીણના પગજ કમળ જેવા સુકોમળ છે. અરે! નિચ–કપૂત–કુલક્ષણ, અને મંદમતિવાળા બ્રહ્મા! તું એવી કોમળાંગી પ્રવીણ સાથે ઝગડો કરે છે? (૨૦)

असंगत्यालंकार–सवैया.

हांजर जादु निहारत नेन या, प्रेमकि शाहि परी हिय आती;
साह सनेह सु तख्त सिंहासने, ढारत पंग बजीर बिछाती.
दोरत दोउ कुजाक दशो दिश, चोर न पाय चहूमुख घाती;
देखतही द्रग आयगयो सब, या कर मिंत प्रबीनकि पाती. ॥२१॥

ટીકા—હજરત પુરી આ આંખ્યો જાદુની ક્રિયાથી નસીબના લેખના લખનાર ચોરને નિહાળે છે; ત્હાં પ્રેમરૂપી સાહી હૈયામાં આવી લાગી, પગ વગરના–અપંગ મનરૂપી વજીર ત્હાં બિછાનું બિછરાવે છે, એટલે તો સ્નેહરૂપી શાહ સિંહાસને આવી બેઠા; અને સંકલ્પવિકલ્પરૂપી બે સિપાઇ ચોરને પકડવાને ચોતરફ દોડવા લાગ્યા–પણ ચાર મુખના ઘાતકી બ્રહ્મારૂપી ચોર જડયો નહીં. એમ જોત જોતામાં તો આ હાથમાં મિત્ર પ્રવીણનો પત્ર આવી લાગ્યો જેને દેખતાંજ સઘળું નજરે આવી ગયું. (૨૧)

संभावनालंकार–सवैया.

पन्नग पाओ तबे सब पोंन, पुकारतही पतियां नहि लावे;
बीरन बांध गडो धरनी, हनुमंत प्रबीन अजों न मिलावे.

अंत कृपान कटो बिधिके कर, फेर न काहु बियोग बनावे;
चाहे सो तूं कर सागररे, करतार ज्यु एक दिना फुरमावे. ॥२२॥

ટીકા—પોકાર કર્યા છતાં પત્ર લાવતો નથી ત્હારે બધાય વપનને હે, સર્પ! તમે ખાઈ જાઓ; અને હે, હનુમાનજી! વીરો હજી સુધી પ્રવીણને મેળવતા નથી માટે તેને મુસ્કે બાંધીને આ પૃથ્વીમાં દાટો; વળી હે અંતક યમરાજ! તરવારથી ઘાટના ઘડનાર બ્રહ્માના હાથ કાપો-કે ફરીને કોઇને વિયોગ કરાવે નહીં! એમ કહી મન પ્રત્યે કહે છે કે:-હે સાગર! જો એક દિવસ પરમેશ્વર એવો હુકમ આપે કે તને ગમે તે તું કર-તો સર્વેને યોગ્ય શિક્ષા કરવામાં ખામી રાખું નહીં. [૨૨]

अथ कलमउपालंभअनूपलब्धि संकरपरिकरांकुरालंकार–सवैया.

देखनकों द्रग बाउरे डोलत, प्रेमके पान भये मतवारे;
याहि छवी सु कबी न भईहे, प्रबीन प्रबीन प्रबीन पुकारे.
फेर बिचार कियो हियमें तब, तेरि नहीं तकसीर चितारे;
या कलमें चलमें न रीझायहे, आद उने अरु बैर हमारे. ॥ २३ ॥

ટીકા—પ્રેમરૂપી મદિરાના પાનથી છકેલી આંખ્યો ચિતારે ચિત્રી આ-ણેલી પ્રવીણની તસવીરને જોવાને વાસ્તે બાવરી બનીને ડોલતી ફરે છે, અને આવી છબિ તો કોઈ વખતે બનેલી નથી માટે રસનાથી હે, પ્રવીણ! પ્ર-વીણ! અરે, મિત્ર પ્રવીણ!! એમ પોકાર કર્યા કરે છે. અને વળી મન સાથે વિચાર કર્યો-ત્હારે જણાયું કે હે ચિતારા! એમાં તારી કસુર નથી-પણ આ કલમે ચાલીને મન (કામદેવ) ને રિઝવ્યો છે, અર્થાત્ મને પિડા કરવામાં કામદેવને મદદ કરી રીઝવ્યો છે-તેમાં કાંઇ નવાઈ નથી; કેમકે અમારે અને એને અસલનું વૈર છે. (૨૩)

अथ अद्रष्टोपालंभ जातिस्वभाव अलंकार–सवैया.

पत्र प्रबीनकि साध मरे पल, आध हिये न अराध बिसारे;
मीन मनों जल छीन जिये तउ, दीनकि कोन पुकार बिचारे.
संग सदा बसिये हसिये मिलि, एसें अद्रष्ट करे न दगारे;
आस्य उसास भरी अखियां द्रग, फेर कहूं इक बेर निहारे. ॥२४॥

ટીકા—આંખની કીકીરૂપ પ્રવીણની સાથે પત્ર વ્યવહાર તો સાધીસા-ધીને મુવા, તેમ અરધી પળ પણ હૃદયમાંથી એની આરાધનાને વિ-સારતા નથી; તે જેમ માછલું જળ શૂકયા પછી જીવે-એ પ્રકારે અમો જીવિ રહિયે; તોય આ દિનના પુકારને કોણ વિચારે? કોઇજ નહીં. અને

હમેશાં સંગે રહીએ-મળીને હસીએ-એવું દગાખોર અદષ્ટ કરતું નથી. અંદરથી ઉસાંસ ભરી નિસાસા મુકીએ છીએ, અને આંખ્યો જળથી ભરિયે છીએ, તેમ વળી ઇચ્છીએ છીએ કે આ નેત્રથી ફરીને એકવાર (મૃગલોચનીને) કયારે નિરખિયે? [૨૪]

अथ संशयाक्षेपालंकार–सवैया.

अंग उमंग तरंग न भो अरु, रंग न भो परजंकनको;
बेननको रस रेन न भो अरु, चने न भो कर कंकनको.
जावक नागन दाग न भो ज्यु, सुहाग न भो हरि लंकनको;
मिंत प्रबीन मिलाप न भो यह, बंक सबे विधि अंकनको. ॥ २५ ॥

ટીકા—અંગમાં ઉમંગનો તરંગ આવ્યોજ નહીં, તેમ છત્રપલંગનો રંગ પણ થયો નહીં, રાતમાં વેણુનો રસ થયો નહીં-અથવા એના નાજુક કરના કંકણનું ચિન્હ આ શરીરે થયું નહીં; તેમ પગે લગાવેલ અળતાનો તથા આંખમાં સારેલાં કાજળનો ડાગ પડયો નથી, અને સિંહના જેવી વાંકી કેડ તથા પાતળી લાંકવાળી પ્રવીણનો સૌભાગ્યરૂપ હું થયો નહીં, મિત્ર પ્રવીણનો મેળાપ થયો નહીં એ સરવે વિધિના આંકનીજ કસુર છે. (૨૫)

अथ कर्त्ताउपालंभ एकावलि अलंकार–सवैया

कररे उनके गुनकी गुननी जिय, ध्यान हमेश वहे धररे;
धररे उन मूरति आंखनमें, अबहीं तो गयो सुख बीसररे.
सररे उन आयस राख चढाय ज्यु, एसि करीहे बिशंभररे;
भररे अति सास उदास भयो हिय, याद प्रबीन प्रभा कररे.॥२६॥

ટીકા—રે જીવ! એના ગુણની માળા કર અને તે મારી જીવનદોરીરૂપી પ્રાણનું નિરંતર ધ્યાન ધર! વળી એની આખી મુરતીને સદાય આંખમાં રાખ-હવેતો મેલાપનું સુખ ભુલાઇ ગયું છે; અરેરે! હવે તે શું કરવું? માત્ર એજ કે જ્હારે મારી આવીજ સ્થતિ ઇશ્વરે કરી ત્હારે રે જીવ! તેની આજ્ઞા માથે ચડાવી રાખ્ય અને ઉદાસ થયેલા હૈયામાં આવીજ સ્થીતિએ ઉસાસા નિસાસા ભર્યા કર અને પ્રવીણની પ્રભાનું સમરણ કર્યા કર. (૨૬)

अथ चंद्र उपालंभ गूढोक्ति, श्लेश अंतर्लापिका–दोहा:

छमजा हिन राकुं मयनर, यह न लहत्त अजान;
संकर शंकर अंकपर, कर मयंक कर बान. ॥ २७ ॥

ટીકા—સમજ્યા વિના (મયન) કામદેવના (૨) વેશના (રાકુ) રસ્તાને એ અજાણ્યો "ચંદ્ર" જાણતો નથી પણ વિદ્વાનો જાણે છે; જેમકે=સંકર મિશ્રિત) સાથે રહેલા શંકર એટલે અગ્યાર અક્ષરો (પેહેલા ચરણમાં કહ્યા છે તે) "સમજા હિન રાકુ મયનર" તેમાંથી એક લેવો ને એક પડયો મુકવો એમ અક્ષર લેતાં "સજાનકુયર" અને "મહિરામન" એવાં બે અગ્યાર અક્ષરનાં નામ નિકળે છે. તે અંક કેહેતાં અક્ષર પર એટલે "સુજાનકુવર" અને "મહિરામન" પર ચંદ્રમાએ પોતાનાં કિરણોને બાણરૂપે કરેલાં છે-અર્થાત્ વિરહી જનને પિડા કરે છે. (૨૭)

બીજો અર્થ—"પ્રેમના" (રા) રસ્તાને સમજ્યા વિના [કુ] ખરાબમય નર છે તે અજાણ્યા આટલું જાણતા નથી કે (શં) સુખ (કર) કરનાર અર્થાત્ સુખકર સુખકર (એવા મિત્રના નામનાં વિશેષણના) અક્ષરો ઉપર કર્મના આંક કુરબાન છે. અર્થાત્ મિત્રને વાસ્તે નશીબમાં લખેલું સુખ દુઃખ ભોગવવું કબૂલ છે. [૨૭]

अर्थ पयायोक्ति प्रथमभेदअलंकारे—छप्पय.

सागर कलाप्रबीन, मिंत अरु कुसुमावलि पुनि;
उपालंभके भेद, लगी इहि बिधि चरचा धुनि.
वह लिख पठवत पत्र, एक एकहि प्रति आवें;
लग्यो सु हित संधांन, ओर कछु नांहि सुहावें.
सुख साज काज भूले सकल, मिंत मिंत साधन लगे;
ज्यों ज्यों बितीत होवत अहर, ज्योति प्रेम त्यों त्यों जगे.॥२८॥

ટીકા—સાગર તથા કળાપ્રવીણ, મિત્ર અને કુસુમાવળી વચ્ચે ઇશ્વરાદિકને ઠબકો દેવાના ભેદની આ પ્રમાણે ચરચાની ધુનિ લાગી રહી છે, અને તેઓ એકેકને લખીને પત્રો મોકલે છે એમ એક બીજાને પ્રેમનું સંધાન લાગ્યું-તે સિવાય અન્ય બીજું કાંઇ ગમતું નથી એટલે સુખનો સાજ તથા સરવે કાર્ય ભૂલી ગયાં, અને એક "મિત્ર મિત્ર" એવીજ સાધના લાગી રહી. એ પ્રકારે જેમ જેમ દિવસો વીતે છે-તેમ તેમ પ્રેમની જોતિ જાગે છે. (૨૮)

गाहा.

उपालंभ अनुमानं, मिंतह चित उक्तिकी चरचा ॥
चतुर त्रिंश अभिधानं, पूर्न प्रबिनसागरो लहरं ॥ २९ ॥

ટીકા—ઠબકો દેવાનું અનુમાન અને મિત્રના ચિત્તની ઉક્તિની ચરચા

સંબંધી પ્રવીણુસાગર ગ્રંથની આ ચોતરીસમી લહેર સંપૂર્ણ થઈ. [૨૯]

इतिश्रीप्रवीनसागरग्रन्थेदंपतिउपालंभभेदोनामचतुस्त्रिंशतिमोलहरं. ॥ ३४ ॥

लेहेर ३५ मी.

अथ शिवालय प्रसंग–दोहा.

दिनभर दिन एई दशा, तन छिनभर सुख नांहि;
मिलन मिंत कैसें बने, कीजे सोय उपाहि ॥ १ ॥

ટીકા—આખા દિવસના દિવસો શોચનીય દશામાં નિર્ગમવા લાગ્યા અને શરીરે ક્ષણમાત્ર સુખ ઉપજતું નથી. માટે હે મિત્ર! આપણું મળવાનું શી રીતે બને? તે કૃપા કરી કહો એટલે તે ઉપાય કરીએ. (૧)

सोरठा.

सागर भरे सनेह, ऐसें लिखी प्रबिन प्रति;
उन प्रति उत्तर एह, आयो सो बरनत अबे ॥ २ ॥

ટીકા—એમ મહારાજ રસસાગરે ભરપુર સ્નેહવડે કળાપ્રવીણ ઉપર પત્ર લખ્યો,-તેનો પ્રવીણ તરફથી પ્રતિઉત્તર જે આવ્યો તેનું વર્ણન હવે કહું. (૨)

अथ प्रत्युत्तर–दोहा.

करे पुंस उपाउ को, अबला निबला अंग ॥
कही बात पूरब कथा, कौवा कनक भुजंग ॥ ३ ॥

ટીકા—પ્રવીણ ઉત્તરમાં કહે છે કે:–પુરૂષ કોઇ ઉપાય કરી શકે, પણ સ્ત્રીતો અંગે નિર્બળ છે તે શું કરી શકે? પછી કાગડો, ધંતુરો, અને સર્પ સંબંધી જુના વખતની એક દંત કથા કહી. કે પૂર્વે એક વિરહથી પિડાતી બૈરીને સ્વામિનું જ્હારે વિયોગ દુઃખ થતું, ત્યારે તે વિરહીણી કાગડાનું ચિત્ર કરીને, મન સાથે મન વાળતી કે આ કાગડો વધામણી દેવા આવ્યો છે, તેથી હવે મારો સ્વામિ ઘેર આવશે. વળી જ્યારે કોયલના ટહુકાથી તેને દુઃખ થતું એટલે ધંતુરાનું ચિત્ર ચિત્રીને મન સાથે કહેતી કે, આંબા ઉપર વસનારી કોયલ આ ધંતુરાને દેખી નાશી જશે, જેણે કરી મારૂં દુઃખ ટળશે. તેમ જ્હારે ત્રિવિધ પવનનાં તાપથી તેને પિડા થતી, એટલે તે સર્પનું ચિત્ર કાઢીને મન વાળતી, કે આ સર્પ પવનને ખાઈ જશે, જેથી મારી પિડાનું હરણ થશે. બિચારી અબળા આટલો ઉપાય કરી શકે-એથી વધારે શું કરે? અથવા

અથવા જ્હારે વિરહણીને કોયલ આવીને તેના જેવા સ્વરથી બોલીને સતાવે ત્હારે ખિજવાઇને તેને ભાવ બતાવી ઉડાડી મુકવા કાગડાનું ચિત્ર ચિતરે; કેમકે કાગડાઓ કોયલને મારે તેથી તે કાગડાને જોઈને કોયલ ઉડી જશે; અને કામના ભયથી કનક એટલે ધંતૂરાના ફુલનું ચિત્ર ચિતરીને એમ ધારે કે આ શંકરને જઇને ચડાવું એટલે શિવને જોઇ કામદેવ મ્હારા અંગથી દૂર નાશી જશે. વળી પવનના ભયથી સર્પનું ચિત્ર ચિતરી એમ ધારે કે આ સર્પ પવનનું ભક્ષણ કરશે તેથી હવે પવન મ્હારો સ્પર્શ કરી સતાવી શકશે નહી. ઈત્યાદિ ઉપાય સ્ત્રીઓ ઘરમાં બેઠી બેઠી કરે છે પણ પ્રિયતમને મળવાનું તેનાથી બનતું નથી-તે તો પુરૂષોજ કરી શકે છે. [૩]

चापाई.

यह जुवाबको अरथ बिचारयो; मिलन भेद महाराज सुधारयो.
आपहिकी हदपर इक गांऊ; नेंनतरंग तासको नांऊं.
तहं पहार परचंड बिराजें; गहिरी नीठ सरिता धुनि गाजें.
सरवर सुगम बेल बन घेरें; नितपालहूकी हद नेरें.
के पशु पंछी ब्रंद रहावें; प्रभा शिखर हर पुरकी पावें.
रससागर मन मतो द्रढायो; फोज सिकार चढन फुरमायो.
सहस बिश हय गय पैंदल सजि; कियो कूच बहु बिधि बाजिन [illegible]
मंद चलत दिन किते विहाये; आखेटक खेलत उत आये.
सर गिरि सरित सुभग दरसाये; उनहि ठोर मुकांम जमाये.
शिल्पि सुतार उतें बुलवाये; हुकुम एह महाराज कढाये.
इतें एक शिव थान्न बनाओ; गुपत एक इत गुफा चलाओ.
निकट तहां इक बाग बनावें; उतसें गुफा इतें चलि आवें.
तापर महल बाग मांहि कीजें; पुनि इनांम आपको लीजें.
प्रच्छन यह महाराजसु भारखी; कारीगर अपनें मन राखी.
हूकुम एक मंत्री प्रति दिनों; कांम शिवालयको सरू कीनो. ॥ ४ ॥

ટીકા—એ ઉત્તરના અર્થ વિચારીને ગમે તે રીતે પ્રવીણને મળવું એમ મનસૂબો ધાર્યો, અને ત્હારપછી પોતાના રાજ્યના સીમાડાપર એક પોતાનુંજ "નેનતરંગ" નામે ગામ હતું, જહાં મ્હોટો અને વિશાળ એક પહાડ આવી રહેલો છે, વળી તે પહાડની સમીપે સુંદર પાણીથી ખળખળતી એક નદી ગંભીર

ઇથી વહે જાય છે, તથા ત્હાં મનોહર તળાવો આવેલાં છે અને અનેક જાતની વે-લ્યોથી તે વન ઘેરાયેલું છે, જહાંથી નીતિપાળ રાજાની સરહદ પણ નજદીક આવેલી છે. વળી તે પહાડમાં ઘણાંક પશુ પક્ષીઓનાં ટોળાં સુખરૂપે વસે છે, એમ તે ગિરિરાજના શીખરની શોભા હરપુર કહેતાં કૈલાસની ઉપમાને પામે છે. મહારાજા રસસાગરે ત્હાં જવાનો મન સાથે નિશ્ચય કરીને પોતાની ફોજને સિકારે ચડવાને ફરમાવ્યું; ત્હાં વીસ હજાર ઘોડા,-હાથી અને પાયદળ વાળુ લશ્કર સજ્જ થઈને ચાલ્યું તે વખતે ઘણીક જાતનાં અનેક વાજાં વા-ગવા લાગ્યાં; પછી મંદ મંદ ગતિથી ચાલતાં માગમાં કંઇક દિવસો વીતિ ગયા એમ સિકાર ખેલતાં ખેલતાં ત્હાં આવી પહોંચ્યા-બાદ સરોવર, નદી, પહાડ અને જંગલનો મનોહર દેખાવ જોઈ તેજ ઠેકાણે દેરા તંબુ તાણી મુકામ જમાવ્યો; પછી કડીઆ, સુતાર વિગેરે કારીગરને બોલાવી મહારાજાએ હુકમ આપ્યો કે અહિયાં એક શિવજીનું સ્થાનક બનાવો, અને ત્હાંથી એક ગુપ્ત સુરંગ ચ-લાવો તથા તેની કને એક બાગ રચાવો, પછી તે શિવસ્થાનકથી ગુપ્ત ખોદલી સુરંગ આ બાગમાં આવે, તથા તેના દ્વાર ઉપર એક મેહેલ ચણો અર્થાત્ મહેલેથી શિવમંદિરે અને શિવમંદિરથી મહેલે જવાય; એ રીતે સર્વ કામ તૈયાર કરી મતગમતું ઇનામ માગી લ્યો. આ છાની વાત મહારાજાએ કારીગરોને કહી, જે કારીગરોએ પોતાના મનમાંજ રાખી; પછી તપાસને માટે એક મંત્રીને હુકમ આપ્યો કે ત્હારે આહયાં રહી કામની દેખરેખ રખાવી. આ પ્રકારે શિવમંદિરનું કામ ચાલતું થયું. (૪)

છપ્પય.

पुर छंन किय परवेश, उतें महाराज विलंबिय;
बासर किते बहंत, ईश थानक पूरन किय.
निकट बाग बन गिरद, बीच महेलात बनाई;
ईश थांनतें गुफा, आनि उनमें उमडाई.
कीनी दिवाल उपवन गिरद, कोट गिरद माहेशकी;
बिप्रह बुलाय सायत सु लखि, अद्दर किय अभिषेककी. ॥५॥

ટીકા—પછી મહારાજે તે પાસેના પુરમાં પ્રવેશ કર્યો અને ત્હાંજ રો-કાયા, એમ કેટલાક દિવસ વિત્યા કેડે તે શિવમંદિરનું ધામ પુરું થયું તથા પાસે વૃક્ષ-વેલ્યોની ગીરદીયુક્ત બાગ પણ તૈયાર થયો; જેની અંદર એક સુંદર મેહેલાત રચી. તે શિવાલયથી ગુપ્ત ગુફા ખણાવીને તેનું મ્હો મેહે-લમાં આણી મુકયું, ને બગીચાને ફરતી ચારેતરફ દિવાલ બાંધી, તેમ મ-

હાદેવના મંદિરને ફરતો કોટ બાંધ્યો; આ રીતે સર્વ રચના પૂર્ણ થવાથી બ્રાહ્મણોને બોલાવી-ઉત્તમ મુહૂર્ત જોવરાવીને પ્રતિષ્ઠાના અભિષેકનો આદર કર્યો.(૫)

अथ छंद मुक्तदाम.

बडे मुनि पंडित बेद बिचार; कियो अभिशेकहुको निरधार.
अंते-उर आप बुलाहिय तत्र; लिखे प्रति देश न देशन पत्र.
किते दुज तापस के छितिराज; बुला हिय शंकर थान समाज.
बहें कवि भारतिनंद बुलाय; दही उंनकों यह बात सुनाय.
पठावन नीतहिपाल नरेश; सिधारियें आप सु गुज्जर देश.
दई उंन पांन पती परबींन; लखी उपचार हमें यह कीन.
अंते उर पत्र दियो सु लिखाय; मतो मिलिये इत आपहि आय.
उभे गज संग उभे शत बाज; किये महराज बिदा कविराज. ॥ ६ ॥

ટીકા—ત્હાં મ્હોટા મુનિવરો અને પંડિતોએ વેદના વિચારવડે અભિષેકનો નિર્ણય કર્યો, એટલે તરતજ મહારાજાએ પોતે રાજધાનીથી જનાનાને બોલાવી લીધો; અને દેશો દેશ પત્ર લખી કેટલાક બ્રાહ્મણો, તપસ્વિયો અને રાજાઓને વિનયતાથી બોલાવ્યા; એ પ્રકારે અહિં શિવજીના ઉત્સવ નીમિતે સમાજ રચ્યો; બાદ ભારતીનંદ કવિને બોલાવી આ પ્રમાણે વાત કહી કે નીતિપાળ રાજાને તેડવા વાસ્તે આપ ગુજ્જર દેશે જાઓ. એમ કહી પ્રવીણના નામનો લખેલો પત્ર કવિના હાથમાં આપ્યો, અને તેમાં આ સઘળી બીના જણાવી લખ્યું કે અમે આ ઉપાય મળવા સારૂં રચ્યો છે-વાસ્તે અહિં આવીને જરૂર મળજો. બીજો એક નીતિપાળ રાજાના જનાના ઉપર પોતાના જનાના પાસે પત્ર લખાવી દીધો કે આપને મળવાની અમને ઘણી ઉત્કંઠા છે માટે જરૂર પધારશો! એવી રીતે મહારાજાએ બે હાથી અને બસેં ઘોડા સાથે કવિરાજને વિદાય કર્યા. (૬)

दोहा.

भारतिनंद सु गमन किय, आये मनंछित थांन;
मिले जथा मरजाद वृत, नीतपाल राजांन. ॥ ७ ॥

ટીકા—એ રીતે કવિ ભારતીનંદ ત્હાંથી ચાલી નિકળી મંનછા પુરીમાં આવ્યા, અને ઘટારત રીતે આદરથી મહારાજા નીતિપાળને મળ્યા. [૭]

छप्पय.

दियो पत्र महाराज, कह्यो सागर मुख भाषित;

कुरी अरज कविराज, नीतपालह नरेश प्रत.
कुमर शिवालय कियो, तास अभिशेक बिचारें;
मेहेर करें महाराज, आप उतकों जु पधारें.
उनके जनांन आए उतें, उन लिख पाति यह कही;
आपें जनांन कीजें हुकुम, मिलबें चाहतहें वही. ॥ ८ ॥

ટીકા—રસસાગરનો પત્ર ભૂપાલશ્રી નીતિપાળને આપ્યો તેમ મ્હેડાના સમાચાર પણ કહ્યા. પછી કવિરાજ ભારતીનંદે વંદના સાથે નીતિપાળ રાજાને અરજ કરી કે મહારાજ રાજકુમાર રસસાગરે એક શિવાલય બાંધ્યું છે, તે ઈશ્વિરની પ્રતિષ્ઠાનો આભિષેક કરવો ધાર્યો છે-માટે આપ જો ત્હાં પધારશો તો મ્હોટી કૃપા થશે! ત્હાં કુંવરશ્રીના અંતઃપુરની તમામ રાણીઓ પધારેલીઓ છે તેઓએ પણ પત્ર લખી આપીને કહ્યું છે કે અમારે આપ મહારાજા ધિરાજના અંતઃપુરનિવાસી રાણીઓને મળવાની ઘણી ચાહના છે, માટે હે રાજન! આપ જનાનાને હુકમ કરો કે તેઓ પણ તૈયાર થાય.[૮]

दोहा.

सुकवि अरज महाराज सुनि, धारयो मतो पयांन;
आमायत आयस दई, साजन लगे समांन. ॥ ९ ॥

ટીકા—એવી રીતની કવિની અરજ સાંભળીને મહારાજાએ ત્હાં જવાનો વિચાર ધારી કારભારીને આજ્ઞા દીધી-જેથી સર્વે સામાનની તૈયારી કરવા લાગ્યા. (૯)

पाती सुकवि प्रवीनकी, दई कुसुमके पांन;
समाचार इनमें सही, कही बुलावन बांन. ॥ १० ॥

ટીકા—પછી તે ચતુર કવિયે રાજકુંવરી કળાપ્રવીણ ઉપરનો પત્ર કુસુમાવળીના હાથમાં આપી કહ્યું કે સમાચારતો આ પત્ર છે-પણ વિશેષમાં એટલુંજ કે ત્હાં ખસુસ પધારવાને કહેલું છે. [૧૦]

सोरठा.

सजे राज सामांन, असवारी छोटी उतें;
आयस दीन जनांन, कुमरी कलाप्रवीन जुत. ॥ ११ ॥

ટીકા—ત્હાં જવાને વાસ્તે મહારાજાએ નાની સરખી સ્વારીની તૈયારી કરી તથા અંતઃપુરમાં આજ્ઞા કહાવી કે કળાપ્રવીણ સહિત સર્વે જનાનાએ શિવ મંદિરે જવાને તૈયાર થવું. [૧૧]

उतरे मधि आरंभ, सायत दुज शोधी सुभग;
चले मुकांम मुकांम, सरंजाम संख्या सु यह. ॥१२॥

ટીકા—પછી બ્રાહ્મણો પાસે શુભ મુહુર્ત જોવરાવીને બગીચામાં આવી મુકામ કર્યો; ત્હાંથી સરસામાન સહિત નીચે લખેલી સંખ્યાની ફોજ આ પ્રમાણે મુકામે મુકામ ચાલી. (૧૨)

अथ छंद हनुफाल.

हय दल बतीस हजार; पयदल न पावे पार. गज संग साठ पचास; मनु घटा भादो मास. शत एक आतशि संग; सज जोध सन्नाह अंग. अधसांत शत निशांन; महाराज सेहज पयांन. उमराउ आप जनांन; रथ एक शत अनुमांन. सहचरी दोय हजार; षट सहस संग बजार. सुखपाल गुन शत लीन; छीतिपाल चल्लन कींन. करि कोस कोस मुकांम; आये सु शंकर धांम. ॥ १३ ॥

ટીકા—સ્વારીમાં બત્રીશ હજાર ઘોડેસ્વાર, બેસુમાર પાયદળ અને પચાસ સાઠેક હાથીઓ છે-તેમની ચડાઈ જાણે ભાદરવા માસની શ્યામ મેઘઘટા ચડી હોયનેશું! વળી એકસો ગરમ મિજાજના અને અંગે બખતર સજેલા એવા જોદ્ધાઓ સાથે લીધા; સાડાત્રણસેં નિશાંન-એવી રીતે મહારાજાના સહજ ગમનમાં આટલું સૈન્ય-દળ છે. સાથે અમીર, ઉમરાઓ અને મંત્રીઓ તેમજ પોતાના અંતઃપુરના મળીને આશરે સોએક રથ છે, બેહજાર હુકમ ઉઠાવનાર દાસીઓ, ૭ હજાર સરસામાન વેચનાર વેપારીની દુકાનો અને ત્રણસેં સુખપાલ-એટલો સાજ સાથે લઈને મહારાજા નીતિપાળે ગમન કર્યું, પછી ગાઉએ ગાઉએ મુકામ કરતાં કરતાં કેટલીક મુદતે શંકરધામે આવી પહોચ્યા. [૧૩)

छप्पय.

रससागर सुनि खबरि, आप सामें चढिआए;
मिलें उभें महाराज, अवहमोचन करवाए.
स्नान पांन सामांन, जनह जन प्रति पहुचायो;
अंते-उर मनुहार, अंते-उरसें पठवायो.
दश बीश नृपति ऐसें मिले, सब मनुहार सु पावही;
कीनें मुकांम गिरदी किते, शंकर बीच सुहावही. ॥ १४ ॥

ટીકા—નીતિપાલ રાજા આવ્યાના સમાચાર સાંભળી કુમાર રસસા-

ગર તેમને માન આપી લેવા સારૂ સામે પધાર્યા, પછી બન્નો રાજાઓ ઘણા હેતથી અન્યોન્ય મળ્યા, બાદ ઉતારો કરાવી સરવેને ખાવા પીવા વિગેરે જોયતી વસ્તુઓ પોચાડી દીધી, તેમ રાજા નીતિપાળના અંતઃપુરની મનુહારને વાસ્તે પોતાના જનાનેથી સર્વ સામગ્રી મોકલી દીધી. આવા દશ વિશ નૃપ પતિયો કુંવરના આમંત્રણનો આદર કરી અહિં આવી મળ્યા—તેઓ ઉત્તમ સત્કારને પામ્યા; એવી રીતે આસપાસ કેટલેક સુધી તે આવેલા નૃપ પતિયોની ફોજની ગીરદે પડાય કર્યો છે, જે પડાવની મધ્યે શંકરનું ધામ ઘણુંજ શોભે છે.(૧૪)

छंद पद्धरी.

दश दिशा होतहे राग रंग; बाजें रबाब वीनां म्रदंग. नायका नृत्य गति ठोर ठोर; मांनहु इंद्र आरंभ ओर. चहुं ओर व्योम छाई सु दल्ल; मानहुं बिमांन ध्वजकी न कल्ल. तूरी नफेरि नीशांन नद; मानहू मेघमाला शबद. घन घंटा छए गज राज बृंद; बीजरी भालमें लाल बिंद. जरकसी जेब लग्गे निशांन; सुरराज चाप रेखा समांन. हिंसार=बाज ठामहू ठांम; शिव धाम बीच गिरदी मुकाम. ॥ १५ ॥

ટીકા—ત્યાં દશે દિશાઓમાં રાગરંગ થઇ રહ્યો છે, રબાબ, વીણા અને મ્રદંગ ચોતરફ વાગે છે, ઠેકાણે ઠેકાણે નાયકાઓનો નાચ થઈ રહ્યો છે તે જાણે ઇંદ્રે બીજો ઉત્સવ રચ્યો હોયનેશું? એમ ગાનતાન અને ગમ્મત થઈ રહી છે; ચોગરદમ ચમકતી ઢાલોની વ્યોમ છવરાઇ ગઇ છે—તે જાણે અંતરિક્ષે દેવ વૈમાનોની ધ્વજાઓ છવરાઈ હોયને? તુરી, નફેરી તથા ઢોલોના ગણગણાટ થાય છે તે જાણે મેઘની ગર્જના થતી હોયનેશું? હાથીઓના સમુહ વાદળાંઓની ઘટા જેવા શોભે છે અને તેના કપાળમાં ચડાવેલ સિંદુર ચળકે છે તે જાણે વીજળીજ ચમકતી હોયને? તેમ દેખાય છે. જરીનાં જેદબાર નિશાનો લગાડયાં છે—તે એવાં તો દિપે છે કે જાણે ઇંદ્રના ધનુષની રેખા ઓપતી હોયને! ઠામ ઠામ ઘોડાઓના ખાંખારા થાય છે; એવી રીતે શિવધામને વચ્ચે ઘેરીને ફરતો પડાવ નાખ્યો છે. [૧૫]

दोहा.

याही तरें मुकाम छबि, निरखत नंजर जुआय;
सो रससागर मत सुकवी, बरनन कियो बनाय. ॥ १६ ॥

ટીકા—એવી રીતે આસપાસ પડેલા મુકામની શોભા જોતાં જે છબી નજરે આવી તે રસસાગર પાસે ભારતીનંદ કવિયે બનાવીને કહી સંભળાવી.[૧૬]

अथ छंद शेखनारी.

कहूं मल्ल खेलें, कहूं दंड पेलें; कहूं व्रत्त बंधे, व्रतं धार सद्धे. कहूं गोर बाला, रचं इंद्रजाला; कहू पात्र नंचे, सुरा तृत्त खंचे. कहूं नाद बज्जे, कलावंत सज्जे; कहूं नाग हेरें, कहू वाज फेरें. कहूं चोक बांधें, कला शस्त्र सार्धे; कहूं देव-सेवा, भनें बेद भेवा. कहूं राज धानं, सभा शोभमानं; कहूं बान नंखे. कवींदेश भंखे, कहूं कीर लावें; सु सारों पठावें, कहूं दान मानं. धरें जोग ध्यानं; धुनी ताल तीरं, भई भार भीरं. ॥ १७ ॥

ટીકા—કવિ કહે છે કેઃ-કંઇ ઠેકાણે મલ્લ કુસ્તી કરી રહ્યા છે, વળી કોઇ જગોએ પહેલવાનો દંડ પીલે છે, કયાંક દોર બાંધી તે ઉપર પોતાની ચાલાકીથી ખેલ કરી ક્રીયા સાધે છે, કોઇ કોઈ ઠેકાણે નાનાં બાળકો ઈંદ્રજાલ-જાદુઈ ખેલ કરી લોકોને અજાયબી ઉપજાવે છે, કેયાંક પાતેરો નૃત્ય કરે છે, કયાંક વિવિધ રાગના સુરો આલોપાય છે, કેટલેક ઠેકાણે નાના પ્રકારનાં વાજાં વાગી રહ્યાં છે, ક્યાંક કલાવંત ગાયન થાય છે, કંઇક હાથીઓને જોવા સારૂ માણસો ટોળે મળ્યાં છે, ક્યાંક શોખીજનો ઘોડાઓને ફેરવે છે, કોઇ કોઇ જગોએ ચોક બાંધી રણવિશે હથિયારોની કળા સાધે છે, ક્યાંક દેવ પૂજાઓ થઇ રહી છે, કોઈ કોઇ જગોએ પદ-ક્રમથી વેદ ભણાય છે, ક્યાંક રાજવંશીઓ સુંદર સભાઓ ભરીને બેઠેલા શોભે છે, કેટલેક ઠેકાણે હોડથી બાણાવળીઓ બાણો ફેંકી રહ્યા છે, ક્યાંક કવિજનો કાવ્યને બોલી રહ્યા છે, કોઇ કોઇ જણો પોપટને રમાડે છે, કયાંક મેંનાને પઢાવે છે, કયાંક દાન અપાય છે અને માન દેવાય છે, વળી કોઈ કોઇ ઠેકાણે જોગીઓ ધ્યાન ધરી બેઠા છે. એવી રીતે તળાવની તિર ઉપર માણસોની ભારે ભીડ ઠઠ ભરાઈ છે. [૧૭]

दोहा.

ठोर ठोर प्रति देखियत, इहि विधि लगो उछाह;
भार भीर दिश दिश भई, राह राह प्रति राह. ॥ १८ ॥

ટીકા—જગોએ જગોએ જહાં જોઇએ ત્હાં ઉપર પ્રમાણે ઉત્સાહ લાગી રહ્યો છે, અને ચોગરદમ દિશાઓને વિશે અને રસ્તે રસ્તે માણસોની ભારે ભીડ ભરાઇ રહી છે. (૧૮)

गाहा.

सागर किय शिव ग्रामं, नीतपाल आवन उछाह विधि;
पंचत्रिंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ १९ ॥

ટીકા—સાગરે કરેલ શિવમંદિરની પ્રતિષ્ઠા ઉપર નીતિપાળ મહારાજના આગમનના ઉત્સાહ સંબંધી વિધિવાળી આ પ્રવીણસાગર ગ્રંથની પાંતરીશમી લેહેર સંપૂર્ણ થઇ. [૧૯]

इतिश्रीप्रवीनसागरग्रन्थेशिवालयमहोच्छववर्ननेपंचत्रिंशतिमोलहरं. ॥ ३५ ॥

लेहेर ३६ मी.

अथ कवि कुसुमावलि चर्चा प्रसंगः—छप्पय.

राज हुकुम कविराज, मनंछापुरी पठाये;
जुत जनांन छितिपाल, बोलि शिव थांनक लाये.
बहत राह उत रहत, कुसुम ह्य कवी चरचा किय;
सागर कलाप्रबीन, चिंत उनकी आशय लिय.
निश घोस रहनहारे निकट, सोय दशा जांनत सबें;
उंन बानि भेद संछेप बिधि, उदाहरन बरनत अबें. ॥१॥

ટીકા—રાજાએ હુકમ કરી કવિરાજને મનંછાપૂરી મોકલ્યા હતા, તેમણે ત્હાંથી અરજ કરી નૃપશિરોમણી મહારાજા નીતિપાળને અંતઃપુરની રાણીઓ સહિત શિવસ્થાને બોલાવી લાવ્યા; માર્ગે આવતાં અને ત્હાં મનંછાપુરીમાં વખતો વખત સાગર તથા કળાપ્રવીણ એ બંનેને ચિત્તની ચિંતવણીને અનુસરી કુસુમાવળી તથા કવિ વચ્ચે ચર્ચા ચાલી-કેમકે રાત્રી દિવસ પાસે રહેનાર હોય તેજ ઉરની સર્વે દશાને જાણે; તેથી તેની વાણીના ભેદનું સંક્ષેપે ઉદાહરણ આપીને હવે વર્ણન કરીએ. [૧]

अथ तत्र कविउक्त चरचा बर्ननं—दोहा.

बार बार कहि कहि जपत, बिन परबीन बिहाल;
प्रेम जोत हियमें जगी, लगी सुरत सब काल. ॥ २ ॥

ટીકા—વારે વારે અને કહી કહીને જાપ જપે છે-તે એજકે "बीन परबीन-बिहाल" એમ તન અને મનનું બેહાલપણું થઇ હા દૈવ્યા હે પ્રવીણ ! એમ સ્મરણ કર્યા કરે છે; તેનજ હૃદયમાં જે પ્રેમની જોત જાગી ઉઠી છે તેણે કરી નિરંતર એકજ સુરતા લાગી રહે છે. [૨]

बरन चंप चख मीन मृग, रव बीना नव बाल;

विरहा जल वह रटत दधि, बिन परबीन बिहाल. ॥३॥

ટીકા—ચંપાવર્ણો જેનો રંગ છે, માંછલી અને મૃગનાં જેવી જેની ચપળ આંખ્યો છે; વીણા સરીખો જેનો સુર છે, એવી નવલ યૌબનવાળી બાળા જે પ્રવીણ તેના વિરહરૂપી જળથી વહેતા અને રટણ કરતા રસસાગર એજ ઉચ્ચારણ કરી રહ્યા છે કે "પ્રવીણ વગર બેહાલજ" વચન બોલી નીસાસા મુકે છે. (૩)

स्मृतिमान् अलंकार—सवैया.

एन पती सविता अभिधांन सु, छंद=उचारनसों तुछकारें;

देव प्रभा छिनदा न परें कल, आशुग सूनु जटी उर धारें.

नेंनन नेंन मिलेहें तबीसें, कबीन प्रबीन प्रबीन बिसारें;

नेंहिके जाय झरोखनसें इतनी, लिखकें अरजी कोउ डारें. ॥४॥

ટીકા—મૃગના સ્વામિ જે ચંદ્રમા અને તેના પિતા સમુદ્ર અર્થાત્ જેનું નામ સાગર છે, તે છંદના ઉચ્ચારનાર જે બ્રહ્મા તેને ધિક્કારે છે; વળી જેને દિવસ અને રાત્રિને વિશે જરાએ કળ પડતી નથી એવા સાગર હમેશાં વાયુપુત્ર હનુમાનજી અને શંકરનું ધ્યાન ઉરમાં ધારે છે; (તે એવા હેતુથી કે કામદેવ જે પિડા કરે છે તે શંકરને હૃદયમાં જોઇને નાશી જશે અને રામને માટે જેમ સીતાની સુધ હનુમાનજી લાવ્યા હતા તેમ મ્હારે માટે જઇને પ્રવીણની સુધ લાવે) જ્હારથી આંખ્યો સાથે આંખ્યો મળી છે તે વખતથી ક્યારેય "પ્રવીણ પ્રવીણ" એ નામને વિસારતા નથી—ને કહ્યા કરે છે કે સ્નેહી પ્રવીણના ઝરોખામાં જઇ આટલી અરજી લખીને કોઇ નાખે કે સાગર. તમને એક ઘડી પણ વિસરતા નથી અને તમારા વિના આવા દુઃખી છે.(૪)

निदर्शनालंकार—कवित्त.

मंजन करत प्रात, मांगत निरंजनपें; जंपत प्रबीनकों—बिलोकबो चहतहें. खांन पांन मान सबें, पावत प्रतिज्ञा करि; गांन् आंन बांन हूंमें, गुनकों गहतहें. रोंम रोंम भोम व्योम, मेंनके हुताशनहें; नेहकों न देह छेह, देहकों दहतहें. नरके नरिंदहें, समंदके समान मत; दूरतें हजूरके हजूर व्हें रहतहें. ॥ ५ ॥

ટીકા—સવારમાં નહાતાં નિરંજન નિરાકાર જે પરમાત્મો તેમની પાસે પ્રવીણને મળવાનુંજ માગે છે, તેમ જપ કરતાં પણ પ્રવીણને જોવાનુંજ

ઇચ્છે છે; ખાવામાં અને માન આદિ ભોગોને વિશે પણ પ્રવીણ સંબંધી પ્રતિજ્ઞાથીજ તે કાર્ય કરે છે; ગાયન અને બીજી એવી એવી ગમ્મતોમાં પણ પ્રવીણના ગુણનુંજ ગ્રહણ કરે છે, રોમે રોમે તથા ભુમિને વિશે તેમ આકાશમાં બધેય કામાગ્નિની હોળી પ્રગટઈ રહે છે, પણ નેહ–પ્રીતિને છેહ ન દેતાં માત્ર પોતાની દેહનેજ બાળે છે; તે નરના રાજા છે, સમુદ્ર જેવા માતંગ કહેતાં ગંભીર છે અથવા વિશાળ બુદ્ધિવાન છે; દૂરતો છે પણ ભલે-કંઈજ નહિ! અર્થાત્ દૂરપણું નહિ માનતાં હજુરના હજુરી થઇ રહે છે. [૫]

लाटानुप्रास स्मरणानुभाव अलंकार–दोहा.

कसक कसक लागत कठिन, मुसक मुसक मुख बात;

रसिक रसिक कह कह रटत, सासिक सासिक उससात. ॥६॥

ટીકા—કસકઇ કસકઈને મુખથી વાતો કરવામાં અતિ કઠણ પિડાપર પિડા થાય છે, તોપણ "રસિક રસિક" કહી કહીને રોવે છે અને ડસકાં ભરી ભરીને ઉસાસા નિસાસા નાંખે છે. (૬)

रुपक अभेद–सवैया.

चित्त गुडी सो उडयोइ रहे, पकरें कर नेंननकी बर जोरी;

नेहके चंग सदाई बजें, सुबियोगके बात लगे झक झोरी.

दूर रहेपें हजूर न आवत, कूरके काग सो जात न टोरी;

तांतत नाहि त्यों जानन पांवत, मानकी पत्र प्रबीनकि डोरी. ॥७॥

ટીકા—નેત્રરૂપી હાથના જોરથી પકડેલો મનરૂપી પતંગ આકાશમાં ઉડયોજ રહે છે, ને તેમાં પ્રીતિરૂપી ચંગ નિરંતર વાગ્યાજ કરે છે, તેમજ તેને વિયોગનો પવન લાગવાથી ઝક ઝકોળાઇ જાય છે, દૂર રહે છે-અર્થાત્ પાસે આવતો નથી તેમ કુડરૂપી કાગડાથી ત્રોડયો પણ જતો નથી; પ્રવીણરૂપી દોરી છે અને સાગરના પ્રાણરૂપી પત્ર (એટલે પતંગ સુધી પહોચાડવાનો તે) તેને તાણતા નથી-અર્થાત્ શ્વાસ લેતા નથી; તેમજ તે પત્ર જવા પણ પામતો નથી-મતલબ કે પ્રાણ જતો પણ નથી. (૭)

दोहा.

नागरि नागरि जपत नित, सागर सदा उदास;

प्रेम बूंद परबीन बिन, चातक मरत पियास. ॥ ८ ॥

ટીકા—નાગરી, હે નાગરી! મતલબ કે હે, ચતુર પ્રવીણ–હે પ્રવીણ! એમ નિરંતર જંખના કરતા સાગર સદાય ઉદાસ રહે છે, ઉપરાંત પ્રવીણના પ્રેમ બુંદ વગર સાગરરૂપ ચાતક તરસે મરે છે. [૮]

विनोक्ति अलंकार–सवैया.

सूर बिनां चक बाग बिनां पिक, बारि बिनां इकहे झख जैसें;
हंस बिनां सर पंख बिनां पर, पत्र बिनां तरु राजत तैसें.
मोर बिनां घन भोंर बिनां बन, बुंद बिनां तन चातक वैसें;
प्रेम बिनां मित बाम बिनां पति, सागर जीवत हैं मृत जैसें. ॥९॥

ટીકા—સૂર્ય વગર ચકવો, બાગ વગર કોયલ, પાણી વગર માછલું, સરોવર વગર હંસ, પાંખ વગરનું પંખી, પાંદડાં વગર ઝાડ, વર્ષાદ વગર મોર, વનલતા વગર ભમરો, સ્વાતિ નક્ષત્રના બુંદ વગરનો બપૈયો, સ્નેહ વગર મિત્ર અને પતિ વિના જેમ સ્રી–તેવીજ રીતે સાગરનું જીવન જે પ્રવીણ તેના વિના જીવે છે અર્થાત્ મરવા સરખુંજ છે. (૯)

अथ कुसुमोक्त चर्चा बर्ननं, उपमेय लुप्तोपमाऽलंकार–सवैया.

प्रीय पयांनकि बात सुनें बिरहांनकी धूनि जगी तनमें;
लोहित लोइन धार रहीं, धर सोधत सास उसासनमें.
हास बिलास तजे उनहीं छिन, मित्रके मंज भजे मनमें;
सागर ध्यांन धरें चुपव्है रहि, जोगनि ज्यों गुरु लोगनमें. ॥१०॥

ટીકા—પ્રિયના પ્રયાણ–જવાની વાત સાંભળતાં વિરહાગ્નિની ધુણી તનમાં જાગી ઉઠી છે તે તાપના દુઃખે કરી આંખ્યોમાં જે લાલાશ ચડી આવી તેથી લોહીની ધાર પથરાઈ રહી છે; નીસાસા ઉસાસામાં યોગિની સમ ભુમિકાને શોધે છે અને તમે જ્હારથી સિધાવ્યા છો તે ક્ષણથીજ હાસ્ય–વિલાસ તજી બેઠી છે, તથા ચિત્તમાં પ્રિય મધુકરના મંત્રને ભજે છે–એટલુંજ નહિ પણ જેમ જોગિણી ગુરૂનું ધ્યાન ધરી ચુપ થઇને બેશે તેમ પ્રવીણ સાગરનું ધ્યાન ધરી ચુપ થઈને બેશી રહે છે. (૧૦)

निदर्शन भेद दूजो अलंकार–सवैया.

सागर सागरजू रसनां दुसरी, मुख मोंन लही सुलही;
कांनन आंन न बांन सुनि वरुनीसें, धुनी जो बही सो बही.
गोंन कियो तुम ता छिनसें दिनही दिन व्याध नही सु नही;
या कुलकांन रहो न रहो परि, एकहि टेक ग्रही सु ग्रही. ॥ ११॥

ટીકા—જીભેથી "સાગર સાગર" એવુંજ નામ બોલેછે, તે સિવાય બીજું બોલવાની જેણે મૌનતા ગ્રહી છે તે ગ્રહીજ છે; તેમ કાનવડે જે બીજી અન્ય

વાણી સાંભળી નથી, આંખ્યોથી પાંપણોમાં થઈને જે આંસુની નદી વહી છે તે વહેજ છે; તમે ગમન કર્યું તે ક્ષણથી જે દુ:ખ થયું છે તેતો દિવસે દિવસે નવું નવું અને વધતું વધતુંજ જાય છે; આ છૂપી વેદના તે કુળમાં લાજની સાથે રહો અગર ન રહો-પણ જે એક ટેક પકડી છે તેજ પકડી છે. [૧૧]

मालोपमालकांर—कवित्त.

महलाद नाहर ज्यों, बेद भेद पाहर ज्यों; शशि जोत साहर ज्यों, लेहेर हिये भरें. श्रीपति जुगारद ज्यों, मिया कूप पारद ज्यों; कलिकंठ बारद ज्यों, पलहून वीसरें. बलि सुनु शंकर ज्यों, चकोरी हिमंकर ज्यों; कोकन दिनंकर ज्यों, ध्यांन चितमें धरें. अंतर भये प्रवीन, सागर निरंतरही; दरदी धनंतर ज्यों, राह देखवो करें. ॥ १२ ॥

ટીકા—ભકત પ્રહ્લાદ જેમ નૃસિંહા અવતાર, (પાહુર એટલે પારાશર્ય) અથવા વ્યાસ મુનિ જેમ વેદના ભેદને, સમુદ્ર જેમ ચંદ્ર જોતને હૃદયમાં ધારીને તેની લહેરોને ભરે છે; તેમ પ્રવીણ પણ સાગરને મનમાં ધારીને લેહેરોથી ભરપૂર થાય છે. ગજેંદ્ર જેમ શ્રીપતિને, જુગારદ કહેતાં દ્વિરદ એટલે કુઆ માંહેલો પારો જેમ કુમારી સ્રીને અને બપૈયો જેમ મેઘને એક પળ પણ વીસરતો નથી-તેજ પ્રમાણે પ્રવીણ યતકિન્ચિત પણ સાગરને ભુલતાં નથી. બળીસુત બાણાસુર જેમ શંકરનું, ચકોર જેમ ચંદ્રમાનું અને ચકવો જેમ સૂર્યનું ચિત્તમાં ધ્યાન ધરે છે, તેજ રીતે પ્રવીણ રસસાગરનું ધ્યાન ધરે છે; વિયોગને લીધે અંતર થઈ જવાથી હમેશાં જેમ દરદી ધનવંતરી વૈદ્યની રાહ જુવે તેજ પ્રકારે પ્રવીણ રસસાગરની વાટ જોયા કરે છે. (૧૨)

दोहा.

प्रेम जहर लागी लहर, कहे दशा जिय जाय;
व्याध सधे परवीनजू, मिले धनंतर आय. ॥ १३ ॥

ટીકા—પ્રેમરૂપી ઝેરની શરીરે લેહેર લાગવાથી એવી દશા થઇ ગઈ કે જાણે હવડાં જીવ જાય છે; આવી પ્રવીણની પિડા સાધ્ય ત્હારે થાય કે જ્હારે સાગરરૂપ ધનંતર વૈદ્ય આવી મળે! (૧૩)

संदेह श्लेष संकर—सवैया.

लाल सु रेंख गुलाल लगीहें, किधों यह आतसकी चिनगारी;
बूंद बनें बरुनी जलके, पिचकारि अनीक वती ब्रह जारी.
कज्जर छीट परे निकटे वह, चिम्र चुवाके धुआ बिसतारी;

सागर मित विनां परवीनके, नेंनन होरी रचीके दिवारी. ॥ १४ ॥

ટીકા—લાલ ચોળ રંગની રેખાઓ છે, તે ગુલાલ ઉડે છે કે દેવતાની ચીનગારીઓ ઝરે છે! આંખમાંનાં આંસુનાં બુંદ પાંપણોમાં ભરાઈ ઝળકે છે, તે અણિદાર છુટતી પીચકારી કે પછી પ્રગટેલી વિરહની બત્તી છે! આંખમાંની મેસ આંસુથી ભીંજાઈને તેની સાથે વહી જાય છે, તે વિચિત્ર ચુવાના રેલા પડેલા છે કે ધુમાડાના ગોટનો વિસ્તાર છે? મિત્ર સાગર વગર પ્રવીણની આંખોએ આતે હોળી રચી છે કે પછી દિવાળી? (૧૪)

अथ दृष्टांताऽअलंकार–सवैया.

तार कढे मुख बार बिहार, करे पर तार रहे उरझ्यो तन;
जंत्रहि मंत्रहि तंत्रहि जोग, फरे न टरे अटरे ज्यों उडग्गन.
द्योस भगे रु जगे निश चंद, बिलोके नगे न गने म्रतु अंगन;
सागरसें नित लाग रह्यो सो, भयो मकरी मकरी मकरी मन.॥१५॥

ટીકા—કરોળિયો મુખમાંથી તાર બહાર કાઢી તે ઉપર વિહાર કરે છે અને તે તારથી પોતાના અંગને અદ્ધર રાખે છે; તે જંત્ર, મંત્ર અને તંત્રના યોગવડે ફરતો નથી તેમ ટળતો પણ નથી અને તારાની માફક અટળ થઈને રહે છે; વળી કિરણ જેમ દિવસે દેખાતાં બંધ થાય છે તથા રાત્રિયે ચંદ્રની સાથે પાછાં દેખાય છે, તેમ પ્રવીણનું મન આકાશમાં ચંદ્રને જુએ છે–કંઇ અંગના મૃત્યુને ગણતું નથી; મગરી જેમ નિરંતર સાગર સાથેજ લાગી રહે છે, તેજ પ્રકારે પ્રવીણનું મન પણ રસસાગર સાથેજ લાગી રહ્યું છે, અર્થાત્ મકરી એટલે કરોળિયો, ચંદ્ર કિરણ, અને મધરમચ્છ જેવું પ્રવીણનું ચિત્ત થયું છે. [૧૫]

उपमालंकार–दोहा.

मन प्रबीन कुंदन महोर, प्रेम प्रकासे जोत;
बिरह अगनि ज्यों ज्यों तपे, त्यों त्यों किम्मत होत.॥१६॥

ટીકા—પ્રવીણનું મન સોનાની મહોર જેવું છે–જેમાંથી પ્રેમની જોતનો પ્રકાશ થયો છે, તથા વિરહાગ્નિ જેમ જેમ તપે છે તેમ તેમ તેની કીમ્મત વધારે થાય છે; અર્થાત્ સોનાને અગ્નિમાં વધારે વધારે તાવવાથી વધારે વધારે કીમ્મતી થાય તેજ પ્રમાણે પ્રવીણ પણ વિરહરૂપી અગ્નિ તાપમાં વધારે વધારે તપવાથી વધારે વધારે પવિત્ર થાય છે. [૧૬]

रूपकालंकार–दोहा.

साधन सुमिरन मितको, पत्रनि जंत्र बताय;

जिय मनिधर बादी बिरह, घट घट दियो दबाय. ॥१७॥

ટીકા—વિરહરૂપી વાદીએ જીવરૂપી સર્પને મિત્રના સ્મરણના સાધન વડે અને પત્રરૂપી જંત્ર બતાવીને ઘટરૂપી ઘડામાં દાબી રાખ્યો છે. (૧૭)

पर्यस्ताऽलंकार–सवैया.

तीर हने अशरीर अहो निश, धीर सबेहि गमी गरमी;
न्हावन खावन गावनकी सुधि, भूलि गईहे भई भरमी.
व्याध समावन कारन साधक, सिद्ध नजूम नमी नरमी;
सागरज्यु बिन पाय, उपाय किये न चढेंगे अमी उरमी. ॥ १८ ॥

ટીકા—પ્રવીણને રાત દિવસ કામદેવ તીર મોકે છે, તેના તિક્ષણ તાપથી સઘળી ધીરજ ખોહુી-ગુમાવી છે, તેથી નાવાની-ખાવાની અને ગાવાની સુધ ભુલી જઇ ભ્રમીત બની છે; એવો દુઃખદ પિડા મટાડવ માટે સાધક જે સિદ્ધ અને જોશિયોને ગરિબાઇથી નમે છે-પણ રસસાગરને પામ્યા અર્થાત્ ભેટ્યા વગર કોઇ ઉપાય કરેથી અમીનાં મોજાં ઉરને વિશે ચડશે નહીં.(૧૮)

अथ पुनिकविउक्तचर्चा; वक्रोक्ति अलंकार–सवैया.

जाम सु बासर मासहि संवत, जात चले सु कहांलो चलेगे;
आतंस आग लगे चिनगे सु, बुझे न तबे जियही न चलेगे.
या असुवां बहेबोई करे सु, अबे यह बारिनिधी न छलेगे;
टेरत बेरही बेर प्रवीनज्यु, फेर कहूं इक बेर मिलेगे. ॥ १९ ॥

ટીકા—કવિ કહે છે કે-પહોર, દિવસ, મહિના અને સંવત્સર ચાલ્યાં જાય છે, એટલે કુસુમાવળીએ વક્રોક્તિમાં કહ્યું કે-તે કયાં લગી ચાલ્યાં જશે? ત્હારે કવિયે કહ્યું કે-આતસની અગ્નિની ચીનગારીઓ લાગી છે. તે સાંભળી કુસુમાવળી બોલી કે બુઝાશે નહીં તો જીવતુંજ નહીં બળે? ત્હારે કવિયે કહ્યુ કે તે આંસુઓ વહ્યાજ કરે છે! તે સાંભળી કુસુમાવળી બોલી કે તો હવે સાગર છલકાઇ નહીં જાય? ત્હારે કવિયે કહ્યું કે વારેવારે પ્રવીણ પ્રવીણ નામને પોકારે છે, તે સાંભળી કુસુમાવળી બોલી કે ત્હારે તો ફરીને એક વાર મળશે. [૧૯]

स्मृतिमान् अलंकार–सवैय.

बेंन प्रबीन प्रबीन उचारत, नेंन प्रबीन बिनां न लगावें;
रेंन प्रबीन बिनां दुख बीतत, सेंन प्रबीन बिनां न सुहावें.
चाह प्रबीन दशा परसें तन, राह प्रबीन सदा दरसावें;

रोंमहि रोंम प्रबीन रहे रमि, कोउ प्रबीन प्रबीन मिलावें. ॥ २० ॥

ટીકા—વેણુથી હે પ્રવીણ! એમ ઉચારે છે, અને પ્રવીણ વગર આંખ્યો પણ ક્યાંય લગાડતા નથી, આખી રાત્રિ પણ પ્રવીણ વિના દુઃખમાં જાય છે, સુવાનું પણ પ્રવીણ વિના ગમતું નથી; આવી દશામાં શરીરે પ્રવીણ આવીને સદાય સ્પર્શ કરે એવી ચાહના રાખે છે ને પ્રવીણનાજ મારગને દરસાવે છે; એ પ્રકારે રોમે રોમે પ્રવીણ પ્રવીણજ રમી રહ્યાં છે, તો એવું કોઇ ચતુર છે કે જે એમને પ્રવીણ મેળવે! (૨૦)

सोरठा.

ता दिनतें तलफंत, जा दिनतें बिछुहा भयो;
याद न चूकत चित, रा दिनप्रति देखत रहत. ॥ २१ ॥

ટીકા—જે દિનથી વિયોગ થયો છે તે દિનથીજ તલફ્યા કરે છે, તેમ ચિત્તથી જરાય યાદને ચુકતા નથી તથા પ્રતિદિન રાહ દેખ્યા કરે છે. (૨૧)

दृष्टांतालंकार—सवैया.

मोरकि ध्यांन‡ लगी घन घोरसें, डोरसें ध्यांन लगी नटकी;
दीपक ध्यांन पतंग लगी, पनिहारिकि ध्यांन लगी घटकी.
चंदकी ध्यांन चकोर लगी, चकवांनकि ध्यांन दिनेश टकी;
मीन मनो जल ध्यांन सु सागर, पंथ प्रबीन रहें अटकी ॥ २२॥

ટીકા—મોરનું ધ્યાન જેમ ગાજતા મેઘની ગર્જના સાથે, નટનું ધ્યાન દોર સાથે, પતંગીયાનું ધ્યાન દીવા સાથે, પાણીયારીનું ધ્યાન ઘડા સાથે, ચકોરનું ધ્યાન ચંદ્રમા સાથે, ચકવાનું ધ્યાન સૂર્યની સાથે, અને માછલાનું ધ્યાન પાણી સાથે લાગી રહે છે તેમ સાગરનું ધ્યાન પ્રવીણને પંથે અટકી રહે છે.(૨૨)

सोरठा.

इहि बिधि उभय सयांन, चलत राह चरचा भई;
सागर तिय शिव थांन, मिलबेको धारत मतो. ॥ २३ ॥

ટીકા—એવી રીતે બંને ચતુરજન વચ્ચે જે માર્ગે ચાલતાં ચર્ચા થઇ તેમાં સાગર તથા પ્રવીણનો શિવજીના મંદિરમાં મેળાપ કરાવવો એમ બન્ને જણે વિચાર ધાર્યો. [૨૩]

‡ "ध्यान" શબ્દ સંસ્કૃતમાં નપુંસક લિંગે વપરાય છે અને ભાષામાં પુલિંગ વપરાય છે તેને આ ગ્રન્થકારે અત્રે સ્ત્રીલિંગે વાપરેલ છે તેથી તે ઠેકાણે દૃષ્ટિ કિંવા નજર મૂક સમજવી.

गाहा.

कवि कुसुमावाले मिलनें, दंपति दशा भेद चरचायं;

षट् त्रिंशति अभिधानं, पूर्न प्रबीनसागरो लहरं. ॥ २४ ॥

ટીકા—કવિ તથા કુસુમાવળીના મેળાપમાં જે સાગર અને પ્રવીણની દશા વિષે ચરચા ચાલી, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની આ છત્રીશમી લેહેર સંપૂર્ણ થઇ. (૨૪)

इतिश्रीप्रबीनसागरग्रन्थेकाविकुसुमावलिचर्चादंपतिदशाबर्ननोनामषट्त्रिंशतिमोलहरं.॥ ३६ ॥

लेहेर ३७ मी.

अथ शिवाभिषेक प्रसंगो यथा—दोहा.

श्रावन शुक्ल चतुर्दशी, बासर सुभग निशेश;

दिय मुहूरत महाराज द्विज, ईश करन अभिषेक. ॥ १ ॥

ટીકા—શ્રાવણ માસની સુદ ચૌદશ ને સોમવારના શુભ દિવસે મહારાજા રસસાગરને બ્રાહ્મણોએ શંકરની પ્રતિષ્ટા-અભિષેક કરવાનું મુહૂર્ત્ત આપ્યું. (૧)

छप्पय.

रससागर आयसा, बरुनि मह ब्रह्म बराये;

बेद मंत्र जप जाप, होम हवनादि कराये.

पंचामृत शिव शक्ति, कियो षोडश बिधि पूजन;

अंग देव जुत जंत्र, हुओ अभिषेक सु पूरन.

वह समय थांन शंकर वहें, दरसाई कैलास छबि;

पर्बनी प्रात आए दरस, सागर जुत छितिपाल सबि. ॥२॥

ટીકા—રસસાગરની આજ્ઞાથી વરૂણીમાં બ્રાહ્મણોને વરાવ્યા, તથા વેદ મંત્રથી જપ-જાપ, હોમ-હવનાદિ કરાવ્યાં; બાદ દુધ, દહીં, સર્કરા, મધુ અને ધૃત—એ વડે શિવ શક્તિને પંચામૃત સ્નાન કરાવીને ષોડષ્ પ્રકારની વિધિયુક્ત પૂજન કર્યું; અને અંગના દેવતાઓ અને યંત્રના પૂજન સાથે અભિષેક ઉત્તમ રીતે પૂર્ણ થયો, તે સમયે શંકરના સ્થાનકની છબ્બી તો જાણે સાક્ષાત કૈલાસજ હોય નૈ! તેમ જણાવા લાગ્યું. એવી રીતે આ પર્વણીને દહાડે પ્રાતઃકાળમાંજ

શ્રી શંકરના દર્શનને વાસ્તે મહારાજા રસસાગર નીતિપાળ વિગેરે સર્વે રાજવંશીઓનાં જુથ્થ સાથે શિવમંદિરે આવ્યા. (૨)

सोरठा.

नीतहिपाल जनांन, आवन दरस शिवालयें;
सुनी सु सागर कांन, उर उमहित उच्छाह अति. ॥३॥

ટીકા—નીતિપાળ રાજાના અંતઃપુરથી સકળ રાણીમંડળ શિવમંદિરે દર્શન કરવાને આવે છે, એવું કાને સાંભળવાથી કુમાર રસસાગરના અંતઃકરણમાં અતિ ઉત્સાહ પ્રગટ્યો. [૩]

उतें सु नृपति कुमार, कही कुसुम वह आज दिन;
सजें सकल सिंगार, उर अभिलाष दशा गहें. ॥ ४ ॥

ટીકા—ત્હાં રાજકન્યાને કુસુમાવળીએ કહ્યું કે-પેલો સંકેતનો દિવસ તે આજ છે, જેથી રાજકન્યાએ ઉરમાં અભિલાષ દશાને ગ્રહી શરીરપર સોળે શણગારને સજી લીધા. [૪]

अथ कलाप्रवीन शृंगार वर्ननं–छंद झंपताल.

कामिनी आदि सिंगार उत्तारियं; हाटकं अंग नीलांबरं धारियं. चोकियं चेरियं नीर धारा धरें; नारके बारसें बुंद झारा झरें. ऊपमा एहि पावंतहे भामिनी; मांनहों मेघ कादंबिनी दामिनी. अंग अंगोछ बिच्छायतं आहियं, चंदनं चित्र सोधा तनं लाहियं. साम पाटं जरी कंचुकी सोहितं; मानहों ईश सन्नाह आरोहितं. लाल लेंगा जरंतार बुट्टा भजें; केसरी सार किंनार सारी सजें. हेम आभूषनं अंग अंगं धरें; नील नीलंक मानिक पंनां जरें. बेसरी हार माला गरें मुत्तियं, मांनहों दीप माला बनी दुत्तियं. आरसी एक बाला इतेमें लिये, अंजनं रंजनं कंज नेंनं दियें. ॥ ५ ॥

ટીકા—કામનીએ (પ્રવીણે) પહેલાં શરીર ઉપરનો શણગાર ઉતાર્યો અને તે સુવર્ણ જેવા અંગમાં સુંદર લીલા રંગનું વસ્ત્ર પેહેરી લીધું; ત્હાર બાદ બાજોઠ ઉપર આવી બેઠી-એટલે સ્નાન કરાવવાને દાસીઓ ઉષ્ણ અંગોદકની ધારા કરવા લાગીઓ, તેમ ન્હાતી વખતે નારી [પ્રવીણ]ના મુકેલા છુટા કેશમાંથી પાણીનાં ટપકાં ઝરવા લાગ્યાં-તેથી કરી તે સ્ત્રી એવી ઉપમાને પામવા લાગી કે જાણે મેઘની ભારે ઘટામાં વીજળી શોભતી હોય ને? ન્હાઈ રહ્યા પછી અંગુછાથી અંગ લુછી બીછાના ઉપર આવી બેઠી, બાદ ચંદન ચરચી, મોગરેલ-અત્તરાદિ સુગંધયુકત પદાર્થો શરીરે લગાવ્યા; કાળી

જરીની કંચુકી પેહેરી લીધી તે જાણે ઇશ્વરે કવચ પહેર્યું હોય ને? તેમ દીપે છે; વળી જરતારથી ભરેલા બુટ્ટાદાર અને લાલચોળ લેંગો પેહેરી-કેસરી રંગની ઉત્તમ કિનારીવાળી સાડી ધારણ કરી; અંગે અંગમાં નાના પ્રકારનાં મણિ માણેકાદિથી જડાવ સોનાનાં ઘરેણાં ધારણ કર્યાં; બાદ નાકમાં વાળી બાલી-ગળામાં મણિ મોતીની માળા અને હારો પહેરી લીધા-તેથી જાણે પ્રગટેલી દીપમાળા તો ઝળકા કરતી હોય ને? એ પ્રકારે પ્રવીણની કાન્તિ ઝળહળવા લાગી; એટલે એક સ્ત્રીએ તકતો લઈને સામે ધર્યો અને બીજીએ કમળ સરખી આંખોમાં ખુશી ઉપજાવે એવું અંજન સાર્યું. (૫)

चोपाई.

आप ईश थांनक प्रति आये; बह निबान निर्जन करवाये.
पहिरायत चहुओर बिठारे; सुकवि राज उद्यान सिधारे.
महल मध्य अवमोचन कीनों; गुफा धांम शिव पंथ सु लीनो.
प्रच्छन्न दोउ ईश प्रति आये; ओर कोउ जांननें न पाये.
दोउ दिगंबर भेष बनाया; बर्नन तास बनाय बताया. ॥ ६ ॥

ટીકા—હવે કુમાર પોતે શંકર ધામે આવ્યા અને મંદિર માણસો વગરનું કરાવ્યું-તથા ચારે બાજુએ ચોકી પેહેરા મુકી દીધા, પછી કવિરાજ અને મહારાજા રસસાગર બગીચામાં પધાર્યા, ત્હાં મેહેલની વચ્ચે આવી તેને છોડી ગુફા-સુરંગ દ્વારાએ શિવમંદિરનો માર્ગ લીધો, અર્થાત્ છુપી રીતે બન્ને જણ શિવાલયે આવ્યા-જેને કોઇએ જાણવા પામ્યું નહીં. ત્હાં બેય જણે મૂળ વેશ બદલી દિગંબર-જોગીનો વેષ લીધો; તેનું હવે બનાવીને વર્ણન કરૂં છું. (૬)

दोहा.

ईत प्रवीन सागर उतें, भूषन जोग सिंगार;
बर्नन करत बराबरी, सजे सो एकहि बार. ॥ ७ ॥

ટીકા—આંહી પ્રવીણ અને ત્હાં સાગર બંને જણાંએ એકજ વખતે શૃંગાર તથા જોગને ધરાણ કર્યો તેનું બરોબર વર્ણન કરૂં છું. (૭)

अथ छंद मौक्तिकदाम.

इतैं रस भूषन साजत नार; उतैं महाराज सु जोग उचार. इतैं चिकुरांन समीप सुगंध; उतैं जट जूट लगावत बंध. इतैं दिय भाल जराउको चंद; उतैं किय लाल सु बंदन बिंद. इतैं घन चंदन केसर अंग; उतैं भसमी सुचढें तिहि संग. इतैं उर हार हमेल रसाल; उतैं रुदराक्ष किये उर माल.

इतैं भुजबंध सु पौंचिय धार, उतैं कर कंकन बद्रिकेदार. इतैं धुनि जेहर-जेब झनंक; उतैं पग लंगर लोंहखनंक. इतैं जर अंबरको तन साज; उतैं कर चर्म रहे म्रगराज. इतैं चकडोल प्रबीन चढंत; उतैं पदमासन जोगिं द्रढंत. ॥ ८ ॥

ટીકા—અહિયાં પ્રવીણ રસયુક્ત બની આભૂષણો સજે છે–તેમ ત્હાં મહારાજા રસસાગર યોગનો ઉચ્ચાર કરે છે; અહીં સુગંધદાર તેલ–ફુલેલ વાળમાં નાંખી ઓળીને કેશ સમારે છે–તેમ ત્હાં જટ જૂટના બંધ બાંધે છે; અહીં જેમ કપાળમાં જડિત્ર ચાંલ્લો ધરી લીધો છે–તેજ પ્રમાણે ત્હાં પણ સિંદુરની લાલ બિંદગી કરાઇ; અહીં જેમ ઘનસારાદિ ચંદન અને કેસરના સુગંધીદાર લેપો અંગને વિશે થાય છે–તેજ વેળા ત્હાં પણ અંગે ભસ્મ લગાવી અવધૂત બને છે; અહીં ઉરમાં મનોહર હુમેલ (કાંઠલી) અને હાર ધર્યા–તેમ ત્હાં પણ ઉર ઉપર રૂદ્રાક્ષની માળા ધરાઈ; અહીં હાથે બાજુબંધ અને પોંહોચીઓ પેહેરી–તેવીજ રીતે ત્હાં પણ બદ્રીકેદારેશ્વર કંકણ હાથમાં ઘાલ્યું; અહીં પગમાં પહેરેલા ઝાંઝર તથા લંઘરના ઝણકાર થાય છે–તેમ ત્હાં પણ પગમાં લોઢાનું લંગર ખણકવા લાગ્યું; અહીં જેમ જરીનાં વસ્ત્ર અંગે સજ્યાં તેમ ત્હાં કાળીયારનું મૃગચર્મ શરીરે લપેટ્યું; અહીં પ્રવીણ રથે ચડ્યાં–તેમજ ત્હાં પણ યોગીરાજ દ્રઢ પદ્માસનવાળી બેઠા. (૮)

दोहा.

सागर भारति नंद दुहु, सज्यों जोगि सिंगार;
बंदन करि कीनी सु शिव, अस्तुति यहैं उदार. ॥९॥

ટીકા—રસસાગર અને કવિ ભારતીનંદ એ બન્ને જણે યોગીનો પોશાક પેહેર્યો ને પછી શિવજીને વંદન કરી ઉદાર મનથી આ પ્રમાણે શિવની સ્તુતિ કરી. [૯]

अथ शिव स्तुति–छंद सेनिका.

गंग बार जट्ट धार मंडियं; आध अंग संग लीन चंडियं.
बाल चंद बिंद लाल ज्वालियं; कंगनं भुजंग मुंड मालियं.
शूल पान हैं पिनाक सज्जनं; डाक डंमरू अवाज बज्जनं.
जंग जीत नीत भंग खावनं; ख्याल प्रेत जालकों खेलावनं.
व्याल आल खाल लीन बासनं; केहरी बिछात कीन.आसनं.
अंगकों बिभूत रंग चढ्ढियं; जोग भोग ध्यान मान द्रढ्ढियं.

देव दानवं नगेश बंदनं; बंदितं कलेश वृंद कंदनं.
कामना मनींछ पूरनं करं; जे महेश जे महेश जे हरं. ॥ १० ॥

ટીકા—હે પરમાત્મા ! તમો કેવા છો કે:—ગંગાના નીરરૂપી ઘરેણાને જટામાં ધારણ કર્યું છે, અર્ધ અંગમાં મહંમમાયા ઉમયાજીને સાથે લીધેલાં છે, કપાળમાં બીજનો ચંદ્ર, લાલ બીંદગી ને અગ્નિની જ્વાળા ધારણ કરીછે, હાથે સર્પરૂપી કડાં, અને કંઠમાં મુંડમાળા પેહેરી કરને વિશે ત્રિશુળ અને સજેલું પિનાક એટલે ધનુષ લીધેલુંછે, ડાક તથા ડમરૂના અવાજ થાયછે, જંગને જીતીને જે નિરંતર ભાંગ પીએ છે, મોઝમાં ભુત પ્રેતાદિને રમાડે છે, હાથીના આળા ચાંમડાનું વસ્ત્ર ઓઢી લીધું છે, કેસરીનું ચામડું બીછાવી આસન કરેલું છે, અંગે વિભુતીનો રંગ ચઢાવ્યો છે, અને યોગરૂપ ભોગના ધ્યાનમાં પ્રાણને દ્રઢાવ્યો છે; દેવ, દાનવ, પર્વત વિગેરે જેને નમે છે તથા તે વંદીત ભક્તોનાં અનેક દુ:ખનો નાશ કરવાવાળા—મનઇચ્છિત કામનાને પૂર્ણ કરનારા હે શંકર! તમને જય જય છે; અને હે હર! તમારો જય થાઓ. [१०].

सोरठा.

किय बंदन कर जोर, एती शिव आराध करि;
बानि वदी बहोर, उमया स्तुति कीनी यहें. ॥ ११ ॥

ટીકા—એટલી શિવની નમ્રતાયુક્ત આરાધના કરી હાથ જોડીને વંદન કર્યું, અને વળી વાણી વદીને આ રીતે પાર્વતીજીની સ્તુતિ કરી. (११)

अथ श्रीउमास्तुति—छंद शालिनी.

अंगा संगा ईश सिद्धी कहानीं; ईशं शीशं गंग धारा बहानी.
धाता ज्ञाता राजसी रूप रांनी; वेदं भेदं भिन्न वांनी बखांनी.
कंजा रंजा वैष्नवी सृष्टि व्यापी; देवा सेवा दानवं देव थापी.
नीरा तीरा तीरथं रूप रत्ती; सत्ता वृत्ता चित्त वृत्ति प्रकृत्ती.
सूरा नूरा कुंभनीमें प्रकाशी; चंदा छंदा वृच्छ बेली विकासी.
वारा धारा मेंदनीमें वृषंति; पारावारा नीर बीरा नखंती.
मेरा फेरा हेमराया म्रजादा; ब्रह्मा क्रंमी नीत रीता बिबादा.
भोमा व्योमा तेज नीरा समीरा; तत्ता सत्ता ग्यांन ध्यांन्न गहीरा.
तांमा बामा सात्विकी राज रायाः नीचा बीचा ऊरधा मध्य माया.
शुन्या धुन्या धारना नाम धारा; दग्गा नग्गा इंड ब्रह्मांन पारा.

मंत्रा जंत्रा तंत्र बिद्या बिलासा; धंन्या कंन्या पूरनी चित आसा.
प्रेमा नेंमा कारनं रूप माता; जोगा भोगा बंदितं सिद्धि दाता. ॥१२॥

ટીકા—હે મહંમાયા! શિવ અંગમાં રહીને તું ઇશ્વરી સીદ્ધિ કેહેવાણી; ઇશ જે શંકર તેના મસ્તક ઉપર બિરાજી ગંગાદ્વારા જળધારા થઇને વહીછો, ધાતારૂપ ધારણ કરનારી, જ્ઞાતારૂપ જાણનારી, રાજસરૂપ રૂપવાન મહારાણી છો; વેદના ભેદે કરી ભિન્ન ભિન્ન વાણીવડે વખાણેલી કમળારૂપ, રંજન રૂપ અને વૈષ્નવી રૂપ આખી સૃષ્ટીમાં વ્યાપી રહી છો; દેવોએ સેવવાંને તથા દાનવ કહેતાં અસુરોએ થાપેલી તું-જળરૂપ, કિનારારૂપ, તીર્થરૂપ-રતિ જેવાં રૂપાળી છો; સત્તા—આવૃત્તિરૂપ, ચિત્તની વૃત્તિ તથા પ્રકૃતિરૂપ મહામાયા રૂપે છો; સૂર, નૂર કુંભક પ્રાણાયામમાં અગર ઘટ ઘટમાં પ્રકાશ કરનારી-ચંદ્ર રૂપે, છંદરૂપે તેમજ વૃક્ષ અને વેલરૂપે પ્રકાશી રહ્યાં છો; જળધારા રૂપે જમીનપર વર્ષનારી છો, સમુદ્રરૂપે પાણીની તરંગોને નાખનારીછો; મેરૂરૂપ, ફેરરૂપ ને હિમાલયરૂપે મર્યાદા છો; બ્રહ્મરૂપ, કર્મરૂપ, નીતિરૂપ, રીતિરૂપ ને વાદ તથા વિવાદરૂપ છો; પૃથ્વી, આકાશ, તેજ, નીર અને વાયુ એ પાંચ તત્વ રૂપ છો; તત્વરૂપ, શક્તિરૂપ, જ્ઞાનરૂપ, ધ્યાનરૂપ અને ગંભીરરૂપ છો; તમરૂપ, વામારૂપ અને સાત્વિકરૂપે રાજરાજેશ્વરી છો; નીચ, ઉંચ અને મધ્યરૂપ મહામાયા છો; તું શુન્યરૂપ, શબ્દરૂપ, ધારણારૂપ એમ અનેક નામ રૂપને ધારણ કરનારી છો; દિશારૂપ, પર્વતરૂપ, ઇંડરૂપ બ્રહ્માંડના પારથી પારાંગત છો; મંત્ર-યંત્ર અને તંત્રરૂપ, વિદ્યા તથા વિલાસરૂપ છો; વળી દ્રવ્યરૂપ, કન્યારૂપ અને ચિત્તની આશાને પુરી પાડનારાંછો; પ્રેમ-નેમ અને કારણરૂપે માતાછો; યોગરૂપ, ભોગરૂપ તથા વંદવાથી સિદ્ધિનાં દાતા છો; એવાં હે જગદંબા ? તમને વારેવારે નમસ્કાર છે. (૧૨)

सोरठा.

इहि बिधि अस्तुति कीन, शिव समीप आसन कियें;
कर हर दांम सु लीन, ध्यांन द्रढायो सिध उभय. ॥१३॥

ટીકા—એ પ્રમાણે સ્તુતિ કરી શ્રી શંકર સમીપે સિદ્ધાસન વાળ્યા બાદ રૂદ્રાક્ષની માળા હાથમાં લઇને બન્નો સિદ્ધે ધ્યાન દ્રઢાવ્યું. (૧૩)

कलाप्रबीन सु संग, अंते=उर गुज्जर नृपति;
अतिही भरे उमंग, फंदन चढि कीनो गमन. ॥ १४ ॥

ટીકા—કળાપ્રવીણને સાથે લઇ ગુર્જ્જર ભૂપાલના અંતઃપુરવાસી રાણીઓએ અતિ ભારે ઉમંગથી રથમાં બેશી શિવમંદિરે જવા ગમન કર્યું. [૧૪]

छप्पय.

ईस देहरी आय, गीरद कीनें पहिरायत;
उतरे राज जनांन, लगी दोहरि सु किनायत.
वहें देहरी तिष्ट, खबर अंदर मगवाई;
तवें हकीकति तहां, सिद्ध दोऊकी पाई.
ओरनें कह्यो सो उठा इयें, तवें कुसुम बोली तहां;
इत पाव घरी कीजे बिलम, हमें देखआवें उहां. ॥१५॥

ટીકા—શિવમંદિરે આવીને ફરતી પેહેરાયત ખડી કરી દીધી તથા ડબલ કનાત રાખીને મહારાજા નીતિપાળનું જનાનું એટલે રાણીઓ ઉતરીઓ ત્યાં તેઓએ રહી અંદરથી ખબર મંગાવી કે અંદર કોણછે? ખબર કાઢવાથી માલમ પડયું કે શિવાલયમાં બે સિદ્ધો બેઠેલા છે; તે સમયે બીજાંએ કહ્યું કે તેમને ઉઠાડો. ત્યારે કુસુમાવળી બોલી કે તમે બધાં અહીં પા ઘડી થોભો તો હું અંદર જઈ સર્વ જોઈ આવું. (૧૫)

दोहा.

कुसुम आइ शिव थांन प्रति, कीया सिद्ध दीदार;
उर धारी हांसी उकति, बोली यहें तिहि बार. ॥ १६ ॥

ટીકા—એમ બધાંને દીલાસો આપી બ્રહ્નબાળા શિવસ્થાનકે આવી, અને સિદ્ધનાં દેદાર જોઈ તથા હૃદયમાં તેમની મશ્કરી કરવાનું ધારીને તે વખતે ઉક્તિમાં આ પ્રમાણે બોલી. [૧૬]

चोपाई.

कुसुम सिद्ध हर बंदन कीनों; फुनि जुवाब जोगी प्रति दीनों.
नीतपाल अंतेउर आवें; कही जोगि इतसें उठ जावें.
तुमें रहन हम अरज सु कींनीं; काहूओर कांनहुं न दीनी.
कहो अबें क्या मतो करेंगें; आप रहत चकडोल फिरेगें.
एती सुनत जोग सिद्धाई; बदन जोति बेहोस लखाई.
सुर्त दीठ अग्नि ठहरानी; धारी कह्य बदत यह बानीं.
मिलत दीठ बाला मुसकांनीं; कही जोग सिद्धि सु पिछांनीं.॥१७॥

ટીકા—પ્રથમ તો કુસુમાવળીએ શિવ અને સિદ્ધને નમ્રતાસાથે પ્રણામ કરીને પછીથી જોગી પ્રત્યે આ પ્રમાણે બોલી—કે રાજા નીતિપાળના અંતઃપુરથી

રાણીઓ અત્રે દર્શનાર્થે આવેછે, અને તેઓ કહેછે કે જોગીઓ અહીંથી ઉઠી જાય. તમારા રેહેવા વાસ્તે અમે અરજ કરી-પણ તે કોઇએ.કાને ધરી નહીં, વાસ્તે કહો-હવે શું કરીશું? કદી આપ જો આંહી રેહેશો તો તે રાણીઓના રથ પાછા જશે. એટલું સાંભળતાંજ જોગીની સિદ્ધાઇ ફીકી પડી ગઇ તથા બદનની કાન્તિ નિસ્તેજ બની બેહોશી દર્શાઇ આવી; એવી રીતેની જોગીની નાસીપાસીયુક્ત સુરત જોઇને કુસુમાવળી જરા ઠરી-ઉભી રહી અને મન સાથે ધારવા લાગી કે જોઇએ હવે એ શું બોલે છે? એવો વિચાર કરે છે એટલામાં તો એક બીજાની નજર ભેગી થતાંજ કુસુમાવળી હશી પડી. અને સિદ્ધિને કેહેવા લાગી-કે જોઇ જોઇ હવે તમારી સિદ્ધાઇ? [૧૭]

तत्र.सागरोक्त सोरठा.

कैंधों कहत बनाय, कैंधों साची कुसुम यह;
एतो करत उपाय, मिलें न मिंत प्रबीनंजू. ॥ १८ ॥

ટીકા—જોગી કહે છે કે હે બ્રહ્મની! તમે તે અમને બનાવો છો કે પછી ખરી વાત કહો છો? અરે! રે! હે શિવ! આટલું આટલું કરવા છતાંય પ્રિય મિત્ર પ્રવીણ તો નજ મળ્યાં. (૧૮)

अथ अलंकार जातिस्वभाव—सवैया.

गायनकी अरु नायनकी नित, नेंननिकी बरुनी कसबेकी;
पांन सुरा रुचि पांनहि खांनकी, आंनन आंन बधू द्रस बेकी.
भूषन बास सुबास चढावम, सेज बिलास समे हसबेकी;
जोंलों प्रबीन वियोग तबें, लगि सोह हमें सु खसें बसबेकी. ॥ १९ ॥

ટીકા—ગાયનની, ન્હાવાની, તેમ નિરંતર નેત્રની પાપણો બીડીને સુવાની રૂચીથી મદિરા પાન કરવાની, તાંબુલ પાન ખાવાની, અન્ય સ્ત્રીઓનાં મુખ જોવાની, અંગે વસ્ત્રાભુષણ આદિ અલંકારો અને સુવાસાદિકને સજવાની, તેમજ સેજ વિલાસ સમે હસવાની, એટલી જ્હાં લગી પ્રાણાત્મા પ્રવીણનો વિયોગ છે ત્હાં લગી એ સુખથી વસવાની પણ હમારે પ્રતિજ્ઞા છે [૧૯]

अथ अलंकार जाति स्वभाव-सवया.

परबीनसें चित अधीन भयो यह, जाय न काहुसें भेद कहें;
धर धीर कहांलों शरीर रहें, अशरीरके तीर परें न सहें.
नित आस उदास नयेह नये, अरु.बासर जात बहेइ बहें;
बतियांको बिचार कहंत तुमे, पतियां छतियां करें हार रहें. ॥२०॥

ટીકા—પ્રવીણથી આ ચિત્ત તાબે થયું છે–તે ભેદ કોઇને કહ્યો જતો નથી; હવે તે ધીરજ ધરીને પણ શરીર ક્યાં સુધી રહે? સાથી કે અશરીર કહેતાં શરીર વગરના રતિનાથનાં બાણ પડે છે તે સહન થતાં નથી; નિત પ્રત્યે આશા અને ઉદાસી નવી નવી પ્રગટે છે તથા દીન પણ વહ્યા ને વહ્યા ચાલ્યા જાય છે, માટે આ વાતનો વિચાર તમનેજ કહીએ છીએ, બાકી પત્રનેજ છાતીનો ઉર હાર કરીને રહીએ છીએ. [૨૦]

अथ अलंकार द्रष्टांत–सवैया.

द्रोन उठावत बांन लग्यो भ्रत, ध्यांन हरी हनुमांन जती ज्यों;
एंचत बासन दुष्ट दुशासन, श्रीपति साधन पंडवती ज्यों.
थंभको दंभ निहारतही प्रहलादकि, राम रुपी सुरती ज्यों;
मिंत प्रबीन प्रबीन पुकारत, जारत जे रननछोड सती ज्यों. ॥२१॥

ટીકા—દ્રોણાચળને ઉઠાવતાં ભરતજીનું બાણ વાગવાથી હનુમાનજીએ ધ્યાન ધરીને હરીને જેમ સમર્યા; કૌરવોની સભામાં દુષ્ટ દુશાસને ચીર ખેંચ્યાં તે વખતે પાંચાળીએ જેમ શ્રીપતિને વહારે ધાવાને સમર્યા; ધગધગતા થંભનો દંભ જોતાંજ જેમ પ્રેલ્હાદજીએ રામરૂપી એક સુરતીથી શ્રી હરીને સમર્યા; અને ચ્હેમાં બળી મરતાં સતી જેમ " જે રણછોડ જે રણછોડ" પોકારે છે–તેવીજ રીતે અમે પણ "પ્રવીણ પ્રવીણ" પુકાર્યા કરીએ છીએ. (૨૧)

दोहा.

कही कुसुम तब मुह मुसक, धारन राज द्रढाय;
हसबेकी भंखी हमें, अबही हाजिर आय. ॥ २२ ॥

ટીકા—એટલે કુસુમાવળીએ મ્હો મચકોડીને રાજાને ધારણા દઢાવી કહ્યું કે એતો મેં હસવાનું કરયું છે પ્રવીણ તો હમણાંજ આવી હાજર થાશે. [૨૨]

कुमरी कलाप्रबीनकी, एसी दसा ब्रतंत;
निस दिन यह साधन लगो, मिंत मिंत अरु मिंत. ॥२३॥

ટીકા--મહારાજા રસસાગરની માફકજ કળાપ્રવીણની પણ સ્થિતિ બની છે કે જેને નિસદિન મિત્ર મિત્ર અને મિત્રજ સાધન લાગી રહ્યું છે. [૨૩]

अथ कुसुमोक्त कलाप्रबीन दशा बर्ननं, अलंकार रूपक भेद–कवित्त.

मुकता प्रबालनकी, मालके समांन होत; चंदन चढायो सोतो, बंदनसो व्हेइ जात. बरही अमुर बांनीं, लागत डरांनी अति; बरि बरि उठे नेक,

बरी बरी कहें जात. घटा गहे रांनके निसांनकी अवाज सुनि; नेंनन हु-तासनलें, सरकर गहे जात, सावनकी जामनिमें, दामनी पताखा देखि; कामनि सरूप कबें, कालिकाको लहें जात. ॥ २५ ॥

ટીકા--વિયોગના તાપને લીધે સફેત મોતીની માળા પરવાળાની માળાની માફક લાલ થઇ જાય છે, તથા ચંદન ચઢાવેલું છે તે તો સિંદુર જેવું રાતું થઇ જાય છે, મોરની બેસુરી વાણી અતિ ડરામણી લાગેછે, બળી બળીને ઉઠે છે તથા બળી બળી એમ કહે જાય છે, મેઘની ઘટાનો અવાજ સાંભળી નેત્રમાં અગ્નિ લઇને માથું હાથમાં લેતી જાય છે; શ્રાવણ. માસની રાત્રિમાં વીજળીરૂપી પતાકા દેખીને કામની ક્યારેક કાલિકાનું રૂપ ધારણ કરી જાય છે. (૨૫)

जाति स्वभाव अलंकार–सवैया.

आंन तिहारि तिहारिहि ज्यु मोहि, पांनिहि पांन मिलावतहें;
चुंबन ओर अलिंगन खंडन, आपहिके सम भावतहें.
नांउ तिहारे सुरा भरि भाजन, पीवत ओर पिवावतहें;
बातकी चाह लगी तुम्हरी† वह, ओरन बात बनावतहें. ॥ २६ ॥

ટીકા—તમારી (આણ)સોગન ખાઇને કહું છઉં કે જેમ તમારીજ સાથે હાથ મેળવે તેમ મ્હારા હાથમાં હાથ મિલાવે છે, અને ચુંબન-આલિંગન તેમ નખક્ષતાદિ આપની સાથે કરવાં ભાવે છે, વળી તમારા નામથી સુરાનાં પાત્ર ભરી ભરીને પોતે પિએ છે અને અન્યને પાય છે, વળી તમારી વાતની તેને ચાહ લાગી છે જેથીકરી બીજી અન્ય કોઇ વાત કરતીજ નથી. [૨૬]

तत्रकविउक्तकुसुमबिरदावली द्रष्टांतालंकार–सवैया.

सेज सुही बलि नंदकि नंबानि, न्हां सपनें अनिरुद्धहि देखा;
सांमहि सांम पुकार उठी वह, बाम बहे द्रग बारि बिशेषा.
मंत्रि सुता सुर दानव मानव, चित्र बनाये बताय परेखा;
पंखनि होय मिलाय प्रवीनजू, एक सराये सखी चित्रलेखा.॥२७॥

ટીકા—એક સમે બળીનંદન બાણાસુરની પુત્રી [ઓખા] સુખસય્યા પલંગમાં સુતી હતી, ત્હાં સ્વપ્નમાં અનિરૂદ્ધને દીઠા એટલે હે સ્વામિ! હે સ્વા-

† અસલ પ્રતિમાં "तुमको" પાઠ છે.

નિ!! એવો પોકાર કરતી કરતી એકદમ ઉઠી; અરે ઉઠી તો શું! પણ તેની આંખમાંથી અતિશય આંસુ-જળધારા વેહેવા લાગી, તે જોઇ ઓખાની સહિયર કુભાંડ નામના મંત્રિની પુત્રી હતી તેણે સુર, અસુર, અને મનુષ્ય એ ત્રણે લોકને ચિત્રની અંદર ચિત્રી બતાવી અનિરૂદ્ધને પરખી લીધો; બાદ પક્ષણીરૂપે બનીને તે ચતુરા સાથે અનિરૂદ્ધને લાવી મેળાપ કરાવ્યો. એ પ્રકારે જો તમે પ્રિયતમા પ્રવીણને લાવી મેળવી આપો તો તમને ચિત્રલેખા સખી સમાનાં શુભકર્ત્તા ગણીએ. (૨૭)

दोहा.

प्रेम पियाला जिन पिया, ताकों शुद्ध न बुद्ध;
बानासुर तनया छकी, लखी छबी अनिरुद्ध. ॥ २८ ॥

ટીકા—પ્રેમનો પિયાલો જેણે પીધો હોય તેને શુદ્ધ કે બુદ્ધ ન રહેતાં પ્રેમમાંજ લીન રહે છે, જુવો સ્વપ્નમાં અનિરૂદ્ધની છબિ જોઈ બાણાસુરની તનયા બાવરી બની છકી ગઈ હતી. [૨૮]

अथ कुसुमावलि उक्त—सोरठा.

आई हमे प्रयांन, बनिहे सो करिहों सबें;
आवे कबी जु आंन, आप न इतसें ऊठियें. ॥ २९ ॥

ટીકા—પ્રયાણ કરીને અમે આટલે સુધી આવ્યાં છીએ, તો જે બનશે તે સર્વે કરશુંજ; જો કબિ બીજું અન્ય કાંઈ આવે તોય આપ અહીંયાંથી ઉઠશો નહીં. [૨૯]

ऐसो मतो सुनाय, कुसुमावलि पीछी फिरी;
सो जनांन प्रति जाय, कही सु बरनन अब करहुं. ॥३०॥

ટીકા—એવો વિચાર જણાવીને કુસુમાવળી પાછી વળી અને રાણીઓ પાસે જઈને જે કહ્યું તેનું હવે વર્ણન કરૂં છું. [૩૦]

गाहा.

दंपति जोग शृंगारं, सागर कुसुम शिवालयं चर्चा;
सप्त त्रिंश अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ ३१ ॥

ટીકા—સ્ત્રી પુરૂષ બંનેએ જે યોગ્ય આ શણગાર સજ્યો, સાગર અને કુસુમાવળીને શિવાલયમાં થએલી ચર્ચાયુક્ત પ્રવીણસાગર ગ્રંથની સાડત્રીશમી લેહેર પૂરી થઇ. [૩૧]

इतिश्रीप्रवीनसागरग्रन्थेकाविकुसुमावलिचर्चादंपतिदशावर्ननोनामषट्त्रिंशतिमोलहरं ॥ ३७ ॥

लेहेर ३८ मी.

अथकलाप्रवीनशिवपूजनप्रसंगोयथा—दोहा.

जाय कुसुम जनांन प्रति, ऐसें कही बनाय;
शिव समीप जोगी उभय, सो शिवरूप लखाय. ॥१॥

ટીકા—કુસુમાવળી જનાનાવાસી રાણીઓ પ્રત્યે જઈ એવી વાત બનાવીને કહી કે શ્રી શંકરની સમીપમાં બે જોગીઓ બેઠેલા છે. તે બીજા શિવરૂપજ છે. (૧)

वह आसन उठवें नहीं, केसें उठो कहाय;
वह दरशन लायक उभें, परसत्र परम सदाय. ॥२॥

ટીકા—તેઓ પોતાનું આસન ઉઠાવશે નહીં, તેમ ઉઠાવાનું પણ કેવી રીતે કહેવાય? તેઓ મહાત્મા છે એટલુંજ નહિ પણ દર્શન કરવા લાયક છે, તેમ સ્પર્શ કરવાથી સદાય સુખદાતા જણાય છે. [૨]

सुनत एह ब्रह्मनि बचन, उतरे बाला बृंद;
किय प्रवेश हर देहरी, उरमें भरे अनंद. ॥ ३ ॥

ટીકા—એવું બ્રહ્મ કન્યાનું બોલવું સાંભળી હર્ષથી રાજા નીતિપાળના અંતઃપુરની રાજવધુઓ રથમાંથી ઉતરી હૃદયમાં અતિ રળિયાત બનીને શ્રી શંકરના દેવાલય પ્રત્યે પ્રવેશ કર્યો. [૩]

अथ छंद चामर.

देहरी समीप आय, बाल बृंद उत्तरी; जेहरी झनंककी, भनंक कानमें परी: कोटरी दिवालके, दुहारमें प्रवेसितं; तीर मीन नीर ज्यों चहंत जोगिके चितं. तारुनी समूह मंद मंद देहरे चली; मांनहो सुरी पुरी महेश पूजनें मिली. अंग नगके शृगार रंग रंग सारियं, दामनी प्रकाश दीपमालिका उजारियं. कामनी शरीरके सुवास भ्रंग रंजितं; बागके प्रसूनको बिकास छांड गुंजितं. बंक नेंन राहको बिलोकवो सु अंदरे; सिद्ध.जोग ध्यानको द्रढाव फेरकें करे. एक एकसें करंत हांस भेद छंदियं; द्वारके समीप आय ईश शीश बंदियं. सिद्ध शिष्य उच्चरे सु एक एक आवनां; पूजका समांन एक ओर साथ लावनां. फूल केसरं कपूर भस्म बालनें लिया; आदिही प्रवीनका प्रवेश देहरे किया. ॥ ४ ॥

ટીકા—મંદિર નજીક આવી તે બાળાઓનાં વૃન્દ રથેથી ઉતર્યા, જેમના પગ ઉપરના ઝાંઝરનાં ઝણકારની ભનક શિવ સમીપે બેઠેલા યોગીરાજના કાનમાં અથડઈ; કોટની ભીંતના બારમાં પેસ્તાંજ કિનારા ઉપરનું માછલું પાણીને જયમ ચ્હાય-તે પ્રકારે યોગીરૂપે રસસગારનું ચિત્ત પાણીરૂપ પ્રવીણને ચાહવા લાગ્યું. તે જુવાન બાળાઓનાં જુથ્થ મંદ ગતિથી દેવાલય તરફ ચાલ્યાં, તે જાણે સુરપુરની દેવાંગનાઓ ટોળે મળીને મહેશ્વરનું પૂજન કરવા તો મળી હોયને શું? એવી શોભા થઇ રહી. અંગે અનેક રંગનાં જેમાં નંગછે એવો શણગાર સજેલોછે તે એવો તો પ્રકાશ આપેછે કે જાણે વીજળીઓનો ચમકારો તો ન હોય? અથવા દીપમાળા તો ઉજવાળી-પ્રગટી હોયને? એમ દેખાય છે; તેમજ આ કામનીઓના શરીરના સુવાસથી રંજન અને મોહીત થયલા ભ્રમરો આસપાસની બાગની લતાઓમાં પ્રફુલ્લિતપણે વિકસેલાં ફુલોની સુવાસને છોડી તે પદ્મનીઓ પાસે આવીને ગુંજારવ કરવા લાગ્યા; અને જો તે નેત્રના કટાક્ષથી માર્ગ તરફ જોવાનું આદરે તો સિદ્ધ અને યોગીને પણ ધ્યાનથી સ્ખલન કરી-ફરીને ધ્યાનનો દ્રઢાવ કરવાની જરૂર પડે. માંહોમાંહ્ય એક એકથી સ્વેચ્છાએ ઠઠા મશ્કરીના ભેદથી વિવિધ છંદને કરતાં તે કામનીઓ ઈશદ્વાર પાસે આવી-સ્વયંભુને શીશ નમાવી વંદન કર્યું, એટલે સિદ્ધ શિષ્યે કહ્યું કે અંદર એકે એકે આવવું, જોઇએ તો પૂજાપો ઉંચકવા સારૂ બીજા એક જણને સાથે લાવવું. એવું તે સિદ્ધનું વચન સાંભળી કુસુમાવળીએ ઝડપથી પુષ્પ, કંર્પૂર, કેસરાદિ ચંદન તથા પૂજાપાનો થાળ લઈ આદિ કહેતાં સૌથી પ્રથમ દેહેરામાં પ્રવીણનો પ્રવેશ કરાવ્યો. [૪]

सोरठा.

अंदर कियो प्रवेश, कुसुमावली प्रबीन दुहु;
सिद्ध शिष्य आदेश, बाहिर बैठी बाल सब. ॥ ५ ॥

ટીકા--કુસુમાવળી અને પ્રવીણે દેહેરામાં પ્રવેશ કર્યો અને બીજી સર્વે સ્રિયો સિદ્ધના શિષ્યની આજ્ઞાને અનુસરી બહાર બેઠીઓ. [૫]

अंदर चरित्र यथा—गाहा.

जय जय हर उंच्चरियं, उमया ईश बंदियं वाला;
कुसुमावलि कर गहियं, सिध समीप आसन ऊन दिया.॥१६॥

ટીકા--"જય જય હર" એવા ઉચ્ચારવડે કળાપ્રવીણે શિવ પાર્વતીને નમ્રતાથી નમસ્કાર કર્યો; એટલે કુસુમાવળીએ પ્રવીણનો હાથ ઝાલીને સિદ્ધની પાસે આસન આપી બેસાર્યા. (૬)

उर चरचा अभिलाषा, स्मित मुख फेर वंद्रियं सिद्धं;
कुमरि दीठ अद्दरियं, हर गुरु लोग जोग त्रय रुध्धी. ॥ ७ ॥

ટીકા—હૃદયને વિશે જેને ચર્ચા કરવાની અતિશય અભિલાષા છે, તેથી સ્મિત હાસ્યયુક્ત મુખ ફેરવી ઉમળકાવડે તપસ્વિને પ્રણામ કર્યો, પછી રાજકન્યા એવો આદર કરવા લાગી કે શ્રી ઉમાપતિનાં પવિત્રપણે વારેવારે દર્શન કરવાં, તથાં કુટુંબી-વડીલો જાણે નહીં તેમ તેમની નજર ચુકાવી જીવાત્મારૂપ જે સિદ્ધ-તેને જોઈ તે સાથે ચર્ચા કરવી. (૭)

तत्र सागरोक्त–सोरठा.

निरखित नार शृंगार, सिद्ध सु भंखिय शिष्य प्रति;
बरनन शंकर नारि, सब नखतें शिखलों कहों. ॥ ८ ॥

ટીકા—સોળે પ્રકારના સજેલા શણગારવાળી પ્રવીણને નિરખી સિદ્ધે પોતાના ચેલા પ્રત્યે કહ્યું કે આ પદ્મણીના શણગાર અને શ્રી શંકરની અર્ધાંગના ઉમયાજીના શૃંગારનું નખથી શિખા પર્યંત સઘળું વર્ણન કહો. (૮)

उमया उरमहि धारि, रूप सु कलाप्रबीनको;
शिष्य सु उकति उदार, गुरु आयस बर्नन बयो. ॥९॥

ટીકા—અંતરને વિશે શ્રી ઉમયાજીને ધારીને ચેલાએ મહાન ઉક્તિથી ઉદારપણે ગુરૂ આજ્ઞાએ વર્તી કળાપ્રવીણના રૂપનું વર્ણન કહી બતાવ્યું. (૯)

अथ वह शृंगार बर्ननं–छंद हनुंफाळ.

पद पीठ कंजन रंग; नख जटित कुंदन नंग. पिंडुरि सु मेंन निषंग; उलटी सु रंभों जंग. दोऊ नितंब सु पीन; तट रूप सरके कीन. त्रिवली सु गंग तरंग; कटि कस्यो केहरि अंग. नव नाभि नीरज धारि; राजी सु चेंटी हारि. कुच कलश कंचन चक्र; नारिंग बिल्लुव पक्र. भुज कामकी धुज दंड; कर कंज माधुर मंड. ग्रीवा सु कनक कपोत; पक अंब ठोडी जोत. बींबी सु ओठ प्रवाल; रसना कमल दल लाल. दारयो कली छबि दंत; नासिका कीर चुगंत. सौबरन सिकता श्रोंन; अलकावली अहि छोंन, मृग मधुप मींन सु नेंन; भ्रकुटी चढयो धनु मेंन. छबि भाल आधक चंद; फनि छत्र बेंनि फनींद. सिर फुल बेंदी दीन; कजरांन रेखा कीन. बेसर तरोंनों मोर; मुख रंग रेखा तंबोर. कंगनी बलय किनार; चौकी हमेल सु हार. रसना मंजीर बजंत; जेहरी धुनि झनकंत. बिछुवा अनोंट सुधार; रुचि रीझ देखन हार. नवरंग

अंग दुकूल; शृंगार माला फूल. मुख चंद्रिका छबि रेंन; कहि कोकिला सुर बेंन. उपमा अनेक सु लीन; रस रंग रेखा भीन. पढि प्रेम रूप रसाल; जय जय सु शंकर बाल. ॥ १० ॥

ટીકા—પગની પીઠ એટલે તળાંનો રંગ કમળના સરીખો લાલ છે, નખતો જડાવ કુંદનનાં નંગ હોય નૈ? તેવાં ઝળકે છે, પગની પીંડીઓ કામદેવના ભાથા જેવી છે, ઉલટાવેલી રંભા સરખી જાંઘો છે, ને તેનાં બન્ને નીતંબ તળાવની પાળ જેવાં ઉંચાં અને મોટાં કરેલાં છે, પેટ ઉપરની ત્રિવળી તો ગંગાની તરંગો જેવી દીપે છે, કસાયેલા કેસરી સરીખી વાંકી અને પાતળી કેડ છે, નાભિ પણ પાણીમાં મહાલતા નૂતન કમળ જેવી છે, પેટ ઉપરની રોમાવલિ એવી શોભે છે કે જાણે કાળા રંગની કીડીઓની હાર ચાલતી હોય નૈ? અને તેનાં કઠીન તથા સુઘટ્ટ બે સ્તનો એવી ઉપમા ધરાવે છે કે જાણે સાવ કંચનના કળશ, ચકવા અંગર નારંગી કે પાકેલાં ધોલોડાં હોય નૈ? કામદેવની ધજાના દંડ સરીખા બે હાથ શોભે છે, હથેળીઓ ખીલેલા કમળ જેવી દીસે છે તથા આંગળીઓમાં સુંદર વીંટીયો પેહેરીછે, સોનાના કપોત સરીખી જેની છટાદાર ગરદન અને ગળું છે, ડાઢીની શોભા પાકેલી કેરી (સાખ) જેવી દીપે છે, બિમ્બાકૃતિ જેવા ધવળ અને પરવાળાં જેવા લાલ જેના હોઠ છે, કમળદળ જેવી રાતી અને નાજુક જીભ છે, દાઢયો દાડમની પેશીઓની કાન્તિ ધરાવેછે, તેને નાકરૂપી પોપટ જાણે કે ચૂકતો હોયનૈ? તેમ દેખાય છે; સોનાની છીપો જેવા કાન છે, કેશની કેટલીક લટો સર્પનાં બચ્ચાં જેવી વાંકડી શોભે છે, આંખો મૃગના જેવી—ભમરા કે માછલી માફક પળકે છે, ભ્રૂકુટીની છટા તો જાણે કામદેવના ચઢાવેલા ધનુષ જેવી હોય નૈ? તેવી દેડાદ ધરાવે છે; લીલાટની છબી અર્ધ ચંદ્ર જેવી શોભતી છે, વેણી ફણરૂપ ચડાવેલા નાગના જેવી છે, માથા ઉપર શિરફુલ અને કપાળમાં સુંદર બેંદી ધારણ કરેલી છે, આંખ્યોમાં કાજળની રેખાઓ સારેલી છે, નાકમાં મોતીની લચકાદાર વાળી પેહેરેલી છે, કાનમાં તરોના અને આંબાના મોરની મંજરી ધારણ કરેલી છે, મુખમાં ચાવેલા પાનની લાલ રેખાઓ અતિશય સુંદર શોભે છે, હાથમાં કંકણ અને કોરવાળી ચુડીઓ પહેરેલી છે, ગળે ચોકી, કાંઠલી તથા હીસ—હાર દીપે છે, કાટને વિશે બાંધેલી કટિમેખળાની ઘૂઘરીઓ ધમકેછે, પગમાં ઘાલેલા જેહેરનો ઝણુશટ થાય છે, તથા આંગળીઓમાંના વિંછીયા અને અણવટનો ઝમકાર ધમકે છે—જેથી જોનારને આનંદ ઉપજાવેછે, અંગે અંગમાં નવીન રંગનાં વસ્ત્ર પેહેરેલાંછે, તેમ શૃંગારમાં નાનાવિધ સુગંધમય પુષ્પના હાર અને ગજરા ધારણ કરેલા છે, મુખની કાંતિ રાત્રિના અજવાળા [ચંદ્રિકા] જેવી શોભા ધરાવે છે, સ્વર કોકીલાના જેવો

મધુર છે. એમ ઘણીક ઉપમાઓને લેનાર રસના રંગની રેખાઓથી બાંધેલી છે. એવી રીતે પ્રેમની વિદ્યા ભણેલી અને રસાળ છે.રૂપ જેનું એવાં હે શંકરની સ્ત્રી પાર્વતી! તમારો જય થાઓ.(૧૧)

सोरठा.

कुमरि अंग कबिराज, उमा उक्ति बर्नन कियो;
सागर हरष समाज, पूजन लिया प्रबीनजू. ॥ ११ ॥

ટીકા—એવી રીતે કુંવરીના અંગનું શ્રી ઉમિયાજીની ઉક્તિથી કવિરાજે વર્ણન કર્યું, જેનાથી મહારાજા રસસાગર અતિશય હર્ષિત થયા જે પછી પ્રવીણે પૂજાપો લીધો. (૧૧)

अथ छंद भुजंग प्रयात.

शिवं शीश पंचाम्रतं धार मंडे; उतें सिद्धसें बंकद्रष्टी न छंडे. इतें चंदनं ईश शीशं चढावें; उतें मित चिंतं अनंदं बढावें. इतें बिल्लवं पल्लवं शंभु धारे; उतें नेनकी सेंन नाराच डारे. इतें शंकरं धारितं फूल माला; उतें मोहितं जोग चारित्र बाला. इतें कीन माहेश्वरं दीप धूपं; उतें हाव भावं दिखावें सरूपं. इतें बाम कामा गुलालं अरच्चा; उतें तापसंकों लखावें चरच्चा. इतें आरती राजकन्या उतारे; उतें नेंन संन्यास अंग निहारे. इतें दच्छना पांन पूंगी धरावें; उतें मितकों प्रेम पानं करावें. किये पूजनं ईश्वरं फेर बंदा; इतें मध्य बानी बदी ब्रह्म नंदा. शिवं रूप जोगेशकों हार साजो; हमें सेव कीजें तहांलों बिराजो. कुमारी गरे हार सिद्धं धराया; वही ब्रह्मनी अद्दरी ब्रह्ममाया. करामातसें बत्त मत्ता बतावें; पढे वेदसो जानने कोंन पावें. दुहूं चित्तकी जांनकें अभिलाषा; वहें शिष्य ठाढोरहें द्वार शाखा. लगे मंदही मंद बत्ती उचारें; बडे सोरसें बेद ब्रह्मी पुकारें. लगे दोउ उच्चार पीयूष धारा; मनों प्रेम लेरं लगी पारबारा. कहा जानियें कोंनसी बात भंखे; मनों अम्रतंकी झरी मेघ नंखे. वहें बातको भेद कोऊ नजांनें; पढें ब्रह्मनी वेद एही प्रमानें घरी दोयलों एह कीनों सयांनी; इतें मांझ बोली सखी और बांनी. नहीं वेदके ब्रह्मनी पार तेरे; तुमें आउ जावें हमं ईश नेरें. वही बानि सो दंपती कांन लागी; बिजोगा गमी अंगमें झाल जागी. उसासी भरें नेंनसें बार झारा; दुरावें करें ब्रह्मनी धूप धारा. बिछोहें बि-

चारी दुहू मांन तज्जें; इतें बीचमें गैब आवाज बज्जें. भवा ईश आवाज एही उचारे; उभें चितमें बात एसी न धारें. रितू षष्ट येही जगें सिद्ध आवें; तुमें कीजियें सोइ जोई बतावें. एही बार आवाज काहून पाई; वहे चारके चितमें धीर आई. दुहू ईश जोगीशकों बंद फेरें, उठें बाल आई जहां चोक हेरें. ॥ १२ ॥

ટીકા—એક તરફ શ્રી શંકરને માથે દહીં-દૂધાદિ પંચામૃતની ધાર કરે છે, તેમ ત્હાં બીજી તરફ સિદ્ધથી વાંકી દૃષ્ટિ લગાડી તેને જરાએ તૂટવા દેતી નથી. અહિં શિવ મસ્તકે ચંદન ચર્ચે છે, તેમ ત્હાં મિત્રના ચિત્તમાં આનંદ વધારે છે. અહીં શંભુના ઉપર બીલી પત્ર ચઢાવે છે, તેમ ત્હાં મિત્રથી નેત્રના કટાક્ષરૂપી નારાચ છોડેછે. અહીં શિવજીને નાનાવિધ પુષ્પની માળા ધરાવે છે, તેમ ત્હાં ઘણાં ચરિત્રવાળી બાળારૂપ પ્રવીણ ચતુરાઈથી યોગીને મોહ પમાડે છે. અહીં શ્રી મહેશ્વરને ધૂપ-દીપ કરે છે, તેમ ત્હાં બીજી તરફ યોગીરૂપ મહારાજાને હાવ-ભાવ તથા સ્વરૂપ જણાવે છે, અહીં શંકરની અબોલ ગુલાલથી પુજા આચ્યા કરે છે, તેમ ત્હાં તપસ્વીને ચતુરાઈની ચર્ચા દેખડાવે છે. અહીં રાજકન્યા ઉમા માહેશની આર્તી ઉતારે છે, તેમ ત્હાં આંખ્યોવડે સંન્યાસીના અંગને નિહાળે છે. અહિં જળાધારીએ દક્ષિણા અને પાન સોપારી ધરાવે છે, તેમ ત્હાં મિત્રને પ્રેમનું પાન કરાવે છે. એવી રીતે પૂજા કરી ફરીને ઈશ્વરનું વંદન કર્યું-એટલામાં બ્રહ્માનંદની કુસુમાવળી બોલી કે આ શિવરૂપ યોગેશ્વરને હાર પહેરાવો, ને હું શિવજીનું પુજન કરૂં ત્હાંલગી તમો આંહી બીરાજો. તે પછી કુંવરીએ સિદ્ધના ગળાને વિશે પુષ્પના હાર ધરાવ્યા, ત્હાં બ્રહ્મપુત્રીએ બ્રહ્માની માયા આદરી, તેમ યુક્તિપૂર્વક એટલે કરપલ્લવી કરીને વાતો કરવાનો મત બતાવે છે. પોતે અભિશેકાર્થે વેદ ભણે છે તેણે કરી કોઇ વાત જાણવા પામતું નથી. એમ તે સ્ત્રી પુરૂષ બંનેના ચિત્તની અભિલાષા ફળી જઇ પાસે જે શિષ્ય હતા તે ત્હાંથી આસન ઉઠાવી બારસાખ પાસે દૂર ઉભા રહ્યા; આવી રીતનો અવસર મળવાથી તે બંને જણ પ્રવીણ અને રસસાગર મંદ મંદ વાતો કરવા લાગ્યા તેમ કુસુમાવળી ઉંચા સોરથી વેદનું ઉચ્ચારન કરવા લાગી બાદ તે બંનેના ઉચ્ચારની સેણી અમૃતનીધારા જેવી પ્યારી દેખાવા લાગી તે જાણે પ્રેમરૂપ અમૃતની પારાવાર લહેરો લાગી હોય નૈ? શું જાણીએ કે તેઓ શી વાતો કરે છે; પણ જાણે વરસાદ અમૃતની ઝડી નાખતો-વરસાવતો હોય નૈ! એ વાતોના ભેદ કોઇ પામે નહીં; અર્થાત્ સાંભળી શકે નહીં, તેવા હેતુથી કુસુમાવળી ઉંચાસ્વરે એ પ્રકારે બેઘડીવાર; ચતુર

સખીએ સહુને સ્તંભન કરી રાખ્યાં; પણ એટલામાંતો એક બીજી સખી બોલી કે હે કુસુમાવળી! બ્રાહ્મણને વેદનો કાંઈ પાર નથી, માટે હુવે તમો જો બાહેર આવો તો અમે પુજનાર્થે શ્રી શંકર પાસે અંદર જઇએ. આ વાણી તે દંપતીને કાનને અથડાતાંજ વિયોગના આવવાની અંગમાં ઝાળ જાગી ઉઠી, જેથી તે બન્ને સ્ત્રી પુરૂષ ઉસાસા નીસાસા ભરે છે, તેમ આંસુનાં ચોધાર ઝરણાં ઝરવા લાગ્યાં; તેને છૂપાવવાને વાસ્તે બ્રહ્મની ધૂપ, ધારા અને સ્તુતિના પ્રપંચથી વાર લગાડેછે. આ સમયે વિયોગ પિડાને લીધે બંનેય જણે પ્રાણ તજવાનું નિરધાર્યું,-એટલામાં એક ગેબી અવાજ થયો, તે અવાજની સાથે ભવાની અને હરે એવી રીતનાં વચન કહ્યાં કે તમો બંનેય જણાં ચિત્તમાં એવી દુઃખદ વાર્તા લાવશો નહીં-કારણ કે છ ઋતુ ગયા કેડે આ ઠેકાણે એક સિદ્ધ આવશે, પછી તે જે બતાવે તે પ્રમાણે તમો કરજો. આ ગુપ્ત વાણી કોઇએ સાંભળી નહીં પણ તેના પ્રતાપે આ ચારે જણના ચિત્તમાં ધીરતા આવી; પછી બંને જણ પ્રવીણ અને કુસુમાવળીએ શંકર તેમ સિદ્ધને ફરીથી વંદનાયુક્ત નમસ્કાર કર્યો બાદ ત્હાંથી ઉઠી બહાર ઘુમટમાં જહાં અંતઃપુરવાસી-રાણીઓ બિરાજેલી છે તે ચોકમાં આવ્યાં. (૧૨)

दोहा.

एक मुहूरत उपजती, दंपती चरचा कीन;
कछु बरनें संछेप करि, भारति निज मुख भीन. ॥१३॥

ટીકા—એક મુહૂર્ત્ત કહેતાં બે ઘડી લગી હૃદયમાં ઉપજેલા આનંદયુક્ત તે દંપતીએ ચર્ચા કરી, તેનું કવિરાજ ભારતીનંદ મુખથી ગાયેલી વાણીનું સંક્ષેપમાં વર્ણન કરૂંછું. [૧૩]

तत्र प्रथम सागरोक्त, जातिस्वभाव अलंकार—सवैया.

श्रोंन कछू न सुनें बतियां, जबतें बतियां रस प्रेम पिवायो;
या रसना कछु ओर न जंपत, नांम प्रवीन प्रबीन पढायो.
या मन ओर न चाहततें, जबतें मन आपहिकेंसें मिलायो;
नेंन कछू न निहारततें जबतें, मुख चंद जेसो दरसायो. ॥ १४ ॥

ટીકા—જહારથી વાતો કરીને પ્રેમરસ પીવાડયો છે ત્હારથી આ કાન કોઈ વાત સાંભળતા નથી; જહારથી પ્રવીણ પ્રવીણ એ નામ ભણાવ્યું છે ત્હારથી આ મન બીજા કશાની ચાહના કરતું નથી; જહારથી આપનું ચંદ્ર સરીખું મુખ દેખડાવ્યું છે ત્હારથી આ આંખ્યો અન્ય કાંઇ જોતી નથી. (૧૪)

दृष्टांता लंकार.

सीत हरी दिन एक निशाचर, लंक लई दिन ऐसोहि आयो;
एक दिनां दमयंति तजी नल, एक दिनां फिरही सुख पायो.
एक दिनां बन पांडवगे अरु, एक दिनां छिति छत्र धरायो;
शोच प्रबीन कछू न करो, किरतार यहै बिधि खेल बनायो. ॥१५॥

ટીકા—એક દિવસે રાક્ષસે સીતા હરી-જેના યોગે શ્રી રામચંદ્રે તે રાક્ષસોનો પરાજય કરી લંકા લીધી-એવો દિવસ પણ આવ્યો; એક દિવસે નળ રાજાએ દમયંતીનો ત્યાગ કીધો, અને પાછો એવો પણ દિવસ આવ્યો કે નળ અને દમયંતી બંનેય મળીને સુખ પામ્યાં; એક દિવસ એવો હતો કે પાંડવોને વનમાં જવું પડયું, તથા વળી એવો પણ એક દિવસ આવ્યો કે શત્રુઓ સમેત પૃથ્વીને ઝીતી માથે છત્ર ધરાવ્યું; વાસ્તે હે મિત્ર પ્રવીણ! કશો શોક કરશો નહીં–એ તો કિરતારે એવીજ રીતનો ખેલ રચ્યો છે. [૧૫]

विभावनाऽलंकार–दोहा.

मजनूं चतुरानन बनें, भेद लहें रस भीन;
चतुरानन मजनूं बनें, धन दिन वहे प्रबीन. ॥ १६ ॥

ટીકા—જો ચતુરાનન કહેતાં બ્રહ્મા મજનુ બને તો રસના ભેદોને ગ્રહણ કરે અને બ્રહ્માજ મજનું બને તો હે પ્રવીણ! તે દિવસ ધન્ય કેહેવાય. કેમકે મજનુ એ એક લેલી નામની સ્ત્રીનો આશક અને ખરો પ્રેમી છે, અર્થાત્ પ્રેમની રીતને તે જાણે છે. [૧૬]

अथ जातिस्वभाव अलंकार–सवैया.

नेंन उसास हियो भर आवत, बासर ऐसें किते भरियें;
ले फिरियाद कहां फिरियें अरु, लाय लगे सो किते लरियें.
जाय किधों गिरियें गिरि तुंगन, खाय किधों बिषकों मरियें;
मित कछू उपचार बताइयें, अंत प्रबीन कहा करियें. ॥ १७ ॥

ટીકા--ઉસાસાથી હૈયું અને નેત્રો ભરાઇ આવે છે, હવે તો એમને એમ આવું દુ:ખ કેટલા દિવસ નિર્ગમીએ?, આ બાબતની ફરિયાદ તે કહાં ફરીએ? અથવા લાય લાગે ત્હારે ક્યાં લડીયે! શું મ્હોટા ગિરિની તુંગ ઉપર ચઢીને પડતું નાંખીએ કે ઝેર ખાઇને મરીયે? માટે હે, મિત્ર! તેનો કાંઈ ઉપચાર બતલાવીએ કે છેવટે અમારે શું કરવું!! [૧૭]

अथ कलाप्रबीन श्रीमुख चर्चा, द्रष्टांतालंकार-सवैया.

जैसेंहि सागर डीठ परे तुम, तेंसेहि ध्यांन हमेश रहों धर;
गावतहों गुन गीत अहोनिश, आवतहें अखियां हियरा भर.
कैसी करौं किरतारकी हैं गति, नांहि मिलें को उपाय कहूं कर;
आपके पायनकी सो यहें बिधि, गाय बंधि ज्यौं कसायनके घर.॥१८॥

ટીકા—હે સાગર! તમો જેવા નજરે પડયા છો તેનુંજ અહુરનિશ ધ્યાન ધરીને રહું છું, અને આખો દિવસ આપનાજ ગુણનું ગાન ગાઉં છું; તેણેકરી આંખ્યો અને હૈયું ભરાઈ આવે છે પણ કરવું શું?-પરમાત્માનીજ એવી ગતિ છે કે-કોઇ ઉપાય કરેથી પણ મેળાપ થતો નથી! હું આપના પગના સોગન ખાઇને કહું છું કે જેવી રીતે કસાઇને ઘેર ગાય બંધન પડી હોય તેવી રીતથી હું આ પ્રીતિના પાસથી બંધાયેલી છઉં. (૧૮)

जातिस्वभाव अलंकार—सवैया.

पायन बीच जंजिर जरे तब, कोउ उपाय चलें न तियाकी;
वात कही न बनें सो कहूं प्रति, हाँस रहीहे हियामें हियाकी.
जो पल बीततहें हमकों वह, कैसें कहों मुखसें जो कियाकी;
सागर नागर नागर हो यह, जानतहें जगदीश जियाकी. ॥१९॥

ટીકા—બંનેય પગની વચ્ચે લોઢાની બેડી જડે ત્હારે સ્ત્રીનો કોઇ ઉપાય ચાલતો નથી; વળી આ વાત કોઇ પ્રત્યે કહી જાય એવી નથી તેથી મનની હોંશ મનમાંની મનમાંજ રહી છે, અને એવી દુઃખીયારી અમને જે પળ વિતે છે તે કેવી રીતે કહું! મુખથી કહી જાય એવી નથી. હે સાગર! તમો ચતુરના ચતુર છો પણ આ જીવની વાત તો એક ઇશ્વરજ જાણે છે! (૧૯)

द्रष्टांताऽलंकार—सवैया.

कोउ हनों करमे कर आयुध, केहरि व्याल करी मुख डारो;
कोउ गिराओ गिरब्बरसें कसि, बंध महा जल मध्य डुबारो.
कोउ धरो चिर मुंडन ऊपर, लोहको थंभ धगायके जारो;
सागर नां रसनासें तजौं प्रहलादके राम ज्यों नाम तिहारा.॥२०॥

ટીકા—કોઇ હાથમાંનાં આયુદ્ધને ખુલ્લાં કરી મારો; સિંહ, સર્પ કે હાથીના મુખમાં નાખો; કોઇ ગિરિવર કહેતાં મ્હોટા પર્વત ઉપરથી ગબડાવી પાડો, અથવા બંધ કસીને માહાજળના સમુદ્રમાં બુડાડો; કે કોઇ માથાપર મણીનાર ભાર ધરી રાખો, અથવા લોઢાનો સ્તંભ ધગધખાવીને બા-

જો; તોય હે મિત્ર સાગર! આ જીભેથી જેમ પ્રહલાદજીએ રામનું નામ તજ્યું-છોડયું નહીં તેમ તમારા (સાગર) નામને હું તજીશ નહીં. (૨૦)

सोरठा.

चरचा यहें चलंत, बतियां फुनि ओरें बनि;
मिले मिंत अरु मिंत, चित इकंत सुख क्यों चहें. ॥२१॥

ટીકા—એમ ચર્ચા ચાલતાં બીજી ઘણીક વાતોનો પ્રસંગ બન્યો, મિત્રથી મિત્ર મળ્યા તેણેકરી બંનેયનાં ચિત્ત એકાંતને ચાહવા લાગ્યાં. (૨૧)

देवर चोक प्रवीन, राजत जहं मंडल रच्यो;
सबहूं पूजन कीन, द्वे द्वे अंद्र प्रवेश किय. ॥ २२ ॥

ટીકા—દેવળના ચોકમાં જહાં મંડળ રચીને બેઠાં છે ત્હાં બ્રાહ્મબાળા સમેત પ્રવીણ આવ્યાં, જે પછી શ્રી શંકરના સ્થાનકે બબે જણીએ પ્રવેશી બધાંએ શ્રીશિવજીનું પૂજન કર્યું. [૨૨]

सवा जांम निशि जात, पूजन करी पोछे फिरे;
उभ अवमोचन आत, पावत नाहि आरांम छिन. ॥२३॥

ટીકા—સવા પહોર રાત જતાં સર્વે પૂજનથી પરવારી પાછાં ફર્યાં, એમ તે સ્ત્રી-પુરૂષ બંનેય જણ પોતાને ઉતારે આવ્યાં ખરાં-પણ એક ક્ષણ માત્ર આરામ પામતાં નથી. (૨૩)

सर्वरी गई सयांन, ज्वाल उभंय बिरहा जरत;
नीतहि पाल बिहांन, कूच करन आयस लई. ॥ २४ ॥

ટીકા—એ પ્રકારે તે ચતુર સ્ત્રી પુરૂષ બંનેય જણને વિરહાગ્નિઝાળ બળવામાંજ રાત વીતિ ગઇ, અને સૂર્ય ઉદય થયાં નીતિપાળ રાજાએ કુચ કરવાની આજ્ઞા માગી. [૨૪]

सर्वे नृपति निज थांन, प्रति संचर कीनो गमन;
द्विज मंगन बहु दांन, समर्पीत सागर तहां. ॥ २५ ॥

ટીકા—એ રીતે સર્વ નૃપતિયોએ પોત પોતાના સ્થાનક પ્રતિ ગમન કર્યું, અને મહારાજા રસસાગરે ત્હાં બ્રાહ્મણ તથા માગણોને નાનાવિધ દાન આપી સંતોષીને વિદાય કર્યા. (૨૫)

गाहा.

सागर कला प्रवीनें, शिव थांनक श्री मुख चरचा;
अष्ट त्रिंश अभि धानें, पूर्न प्रवीन सागरो लहरं. ॥२६॥

ટીકા—સાગર કળાપ્રવીણને શિવ મંદિરમાં શ્રી મુખથી થયેલી ચર્ચા યુક્ત પ્રવીણસાગર ગ્રંથની આડત્રીશમી લેહેર સંપૂર્ણ થઇ. [૨૬]

इतिश्रीप्रवीनसागरग्रंन्थेशिवालयेश्रीमुखचर्चानामअष्टात्रिंशतिमोलहरं. ॥ ३८ ॥

लेहेर ३९ मी.

अथ दंपतिषट्ऋतुबिरहमसंगोयथा–दोहा.

बीतत सब निज थांन प्रति, भों पूरन अभिशेक;
उतें रहे सिध औध लग, रससागर नरेश. ॥ १ ॥

ટીકા—શંકર પ્રતિષ્ઠાનો અભિશેક પુરો થયો એટલે સર્વ જનો પોત પોતાને સ્થાનકે ગયાં, પણ કુમાર રસસાગર તો સિદ્ધ આવવાની અવધ લગી ત્હાં-શિવ સ્થાનકેજ રહ્યા. (૧)

इत यह तलफत मिंत बिन, त्यों उत कला प्रबीन;
आवत एकहि एक प्रति, पख धर पत्र नवीन. ॥ २ ॥

ટીકા—અહિયાં જેમ પ્રિય મિત્ર વગર મહારાજા રસસાગર તલફે છે, તેમ ત્હાં કળાપ્રવીણની પણ તેવીજ ગતિ થઇ છે; છતાં દરેક પખવાડીએ પખવાડીએ એક બીજાપ્રત્યે નવીન પત્રો આવે છે. [૨]

पट रितु बिरह प्रबीनजू, बरनी कवित बनाय.
सो पाती सागर बंची. उदाहरन कहें ताय. ॥ ३ ॥

ટીકા—કળાપ્રવીણે વિરહની છએ ઋતુ કવિતામાં બતાવીને વરણવી અને તે પત્રદ્વારા સાગરને લખી મોકલી; જે પત્ર સાગરે વાંચ્યો તેનું ઉદાહરણ કહું છઉં. (૩)

अथ शब्दालंकारे पदछेकानुमास, तत्र प्रथम शरद ऋतु भेद–कवित.

सागर सरद सर, सरिता सलील स्रवें; सुभग समीर सीत, सरस सरस स्रसि. हुलसत हंसी हंस, हलकें हवाई होत; होंस हिय हेरे हितु, हरसि हरसि हसि. कमल कुमोद कुल, कलिका कला कलीत; कंत बिन कांमा कांम, करसि-करसि कसि. दादुर दबकि दोर, दामिनि दुरायें द्रुम; दीरघ दिखाये दल, दरसि दरसि दिसि. ॥ ४ ॥

ટીકા—હે સાગર! શરદ ઋતુમાં સરોવર અને નદીઓનાં નિર્મળ પાણીના

ઝરાઓ સ્રવે છે, મધુર અને ઠંડા પવનની સુંદર લહેરો મંદતાથી વાય છે, તેમ અમૃતથી ભરેલ શીતળ કિરણોયુક્ત ચંદ્ર પ્રકાશતો શોભે છે; હંસ તથા હંસણીઓ કલોલ કરી રહ્યાં છે, અને હુલકથી તેઓનું આનંદદાયક અને પ્રિય બોલવું થાય છે; હોંશીલાં હિતું જનો ઉરમાં અતિશય હર્ષિત બની પરસ્પર અન્યોઅન્ય જોઇ જોઇને હસે છે; સર્વે કમળ અને પોયણાંઓ કળિયોની કળાઓવડે એક બીજા જોડે જોડાઇ ગયેલાં છે, આવા વખતે પ્રિતમના વિયોગવાળી સ્ત્રીઓને રતિનાથ શોષણ કરી કરીને કસે છે; દેડકાંઓનો સોર બકોર ડબકી મારી ગયો-અર્થાત્ બંધ પડી ગયો; વીજળી છપાઈ-સંતાઈ ગઇ; મ્હોટાં જંગી ઝાડો અને તેમનાં પાંદડાં દેખાયાં, તેમજ નિર્મળતાને લીધે સર્વ દિશાએ દિશાઓ દિસવા લાગી. (૪)

पदछेकानुप्रास—वर्नालं—कवित्तकार, हेमंत ऋतु भेद.

सूर स्रवे सीत सीतकर सो सुभाव सीत; सीतल समीर सब, सरित सरित सित. गंगाके गहन गूढ, गौरव गुफान गहि; गोचर गगनचरकी, गरित गरित गत. मुरझायें मीन माधवी न मडरायें मधु; मंजुल मनोज मोद, मलित मलित मित. लेखीयत ललिता लुलीन जो लहें न लाल; लहरि लगायें लाय, ललित ललिव लत. ॥ ५ ॥

ટીકા—હેમંત ઋતુમાં સૂર્ય સીત સ્રવે છે અર્થાત્ ટાઢને પાથરે છે, અને ચંદ્રમા તો સ્વભાવેજ શીતળ છે, વાયરો પણ શીતળજ આવે છે, તેમ સકળ નદીએ નદીઓ પણ શીતળ થઇ ગઇઓછે; ગંગા ઉપરના જંગલની ગુઢ જગામાં અને પર્વતોની ગુફાઓ તરફ, પૃથ્વી તથા આકાશમાં ફરનારાં પ્રાણીઓ ઝડપથી ઝટ ઝટ ગતિ કરે છે; પાણીમાં માછલાં અમુઝાયાં છે, માધ્વી લતાપર ભમરાઓ બેસતા નથી, સુંદર કામદેવના આનંદથી મિત્રની સાથે મિલ પરસ્પર મળે છે, એટલે દીવાળીએ વહુનાં આણાં વળાવાથી સ્ત્રીપુરૂષો મળે છે; આવા સમયમાં જે સ્ત્રી પતિને ન પામે તો-જેમ લુમાં લીન થયેલી લતા હોય તેમ તે સ્ત્રી પોતાને માનેછે, અને જેમ લતા લાયની આંચ-લહર લાગવાથી લળીને કરમાઈ જાય છે તેમ અમે કરમાઈ ગયા છીએ. [૫]

पदछेकानुप्रास—वर्नालंकार—कवित्त शिशिर ऋतु भेद

जुग जांम जांमनीके, जानत बिजोगी जन; जरें जोग जम्यो जमी, जलहि जलहि जहि. दुर्गम दिशांन देख, दिन प्रति दीन देव; दंपति दगेंहें देह, दलहि दलहि दहि. अंग अंग उठे आग, अमल अनंग ऐसें; अजहूं

न आयें इत, अलहि अलहि अहि. चकवा न पूरे चाह, चातुकी चकोर चुप; चंचल भयोहे चित, चलहि चलहि चहि. ॥ ६ ॥

ટીકા—શિશિર ઋતુની રાતના દરેક પોહોરને વિયોગી જનો જુગ જેવો જાણે છે, અને પૃથ્વીમાં જહાં પાણીજ પાણી જામ્યું છે-તેના જોગથી બળે છે; તે દિશાઓને દુર્ગ્રમ એટલે ત્હાં જઇ શકાય નહીં એવી. દેખે છે; વળી દિવસ દિવસ પ્રત્યે હીમદેવ દંપતિના શરીરને બાળે છે; અને ઝાડનાં પાંદડે પાંદડાને પણ દહે છે, તેમજ કામદેવનો અમલ એવો છે કે તેથી પ્રત્યેક અંગે આગ્ય ઉઠે છે, તેમ છતાં હે સખી! મહારો ભોગી ભમરો હજી સુધી આંહી આવ્યો નહીં; ચકવાની ચાહના પુરી થઇ નહીં-અર્થાત્ દિવસ ટુંકો તેથી તે જલદી અસ્ત થાયછે; બપૈયા અને ચકોર ચુપ થઇ રહ્યા છે અને મહારૂં ચિત્ત પતિ પાસે જવું જવું એમ ચાહિને ચંચળ થયું-બન્યું છે. [૬]

पदछेकानुप्रास बर्नालंकार यथा, वसंत ऋतु भेद—कवित्त.

बकुल बसंत वेल, बरवा बदाम बट; बोलत विहंग बृंद, बगन बगन बन.
माधवी मधूक मल्ली, मंजर महोर मंडि; मधु मकरंद मोद, मगन मगन मन.
प्रमदा परस पांनी, परस प्रकाश प्रेम; पलटें परम पंथी, पगन पगन पन.
दंपति दिशोहीं दिश, दोरत न दुरें देह; दिन छिनदा न दोऊ, द्रगन द्रग निंदन. ॥ ७ ॥

ટીકા—વસંત ઋતુમાં મોરસરી, વાસંતિકલતા, મરૂવો, બદામ અને બટમોગરા આદિ ઝાડો પ્રફુલ્લિત થયાં છે, અને તેપર પક્ષીઓનાં વૃન્દે વૃન્દ બાગે બાગે અને વન વને સુંદર સ્વરથી બોલે છે; માધવી લતા, મલ્લિકા વિગેરે વૃક્ષોની મંજરીઓ તથા આંબાના મોર ઉપર ભમરાઓ મંડાઇ ગુંજારવ કરે છે, ને તે આ પુષ્પ-રસના પાનથી મનમાં ખુશી ખુશી થઇ હર્ષિત બનેછે; સ્પર્શ કરવાનો પ્રેમ ચઢી આવવાથી પ્રેમદાના કરનો અતિ પ્યારસહિત સ્પર્શ કરવાને દેશાવર ગયેલા પંથીઓ પોતાના વતન (ઘર) તરફ આવવાને એક પછી એક કદમ ઉપર કદમ ભરી રસ્તો વટાવતા આવે છે, દિશાએ દિશાઓમાં દંપતી કહેતાં સ્ત્રી પુરૂષો છચોક દોડ્યા કરે છે, તેમજ રાત અને દિવસે મોજમજાથી આંખ્યો મિંચીને નિદ્રા પણ લેતાં નથી. [૭]

पदछेकानुप्रास बर्नालंकार ग्रीष्म ऋतु भेद कवित.

बन बन झिलखि, विषधर विहंग बड; बासर विषम बाय, बगर बगर बर.
डंमर डिगंबरसे, डारत डमर डार; डोलतहें डेड वारे, डगर डगर डर.

न लीका निदाघ नीर, नालिन न विन बन; निलय निवासी नीडं, नगर नगर नर. समर समर सूर, सायक सरासंन ले; सधत सधत सार्धे, समर समर सर. ॥ ८ ॥

ટીકા—ગ્રીષ્મ ઋતુના દિવસોમાં તાપને લીધે વને વનમાં ઝેરી નાગ તથા પક્ષીઓ વિલખે છે અને દિવસો ઘણા મ્હોટા થયા છે; તથા વિષમ વાયુ ચારે તરફ ફેલાઈ ફેલાઇને જોરથી વાય છે; વળી (વનસ્પતિ સુકાઈ જવાથી) ડુંગરા દિગંબર (નગ્ન) જેવા દેખાય છે; તેમ ઝાડની ડાળ્યો પાંદડાં વિગેરેનો આડંબર તજી દે છે, વળી કંડવાળાં વૃક્ષો રસ્તે રસ્તે ભયંકર જેવાં ડોલ્યાં કરે છે; અને તાપ (ગરમી)થી જળની લીક પણ રહેતી નથી એટલે પાણીનો પ્રવાહ તુટી જાય છે. (વન) જળ વિના કમળ પણ નથી અર્થાત્ સુકાઈ ગયાં છે; અને ગામે ગામનાં માણસો ઘરમાં વસીને માંડ માંડ દિવસો કાઢે છે. તે વખતે કામદેવ તથા સૂર્ય ધનુષ બાણ લઇને યુદ્ધ સાધતા સાધતા સઘળે ઠેકાણે ઝેરી બાણ ફેંકે છે. (૮)

पदछेकानुप्रास बर्नालंकार, वर्षा ऋतु भेद—कवित्त.

फूलन चढेहें फंद, फरकें न फूल फल; फहेलत पोंन फूल, फहर फहर फरि. गावत मयूर गन, गाढी गाढी गहें गति; गगनकी गाज गोष, गहर गहर गरि. सागर सरीत सर, सुभर सलील सब; सुरखी तडित श्यांम, सहर सहर सरि. थरर थरर कुंद, थलन थलींन थित; थकि थकि पंथी पर, थहर थहर थरि. ॥ ९ ॥

ટીકા—ચોમાસાના દિવસોમાં-ફુલ તથા ફળ ઉપર જાળની પેઠે વેલા ચડી જાય છે, તેથી ફુલ કે ફળ ફરકી શકતાં નથી-પણ ફરીને જ્હારે પવન ફેલાય છે ત્હારે ફુલ તથા ફળ ફરર ફરર ફરકે છે, આવા સમયમાં મોરના સમૂહો ટોકા કરી ગંભીરતાઈથી ગાયન કરે છે, અને ગગનમાં ગગડાટ સાથે મેઘ ગર્જના થાય છે-એટલુંજ નહીં પણ તે ઘોર ગગડાટ સાથે બધે ધળ ધળાટ કરતા ગરવા-વરસવા લાગે છે, તેથી હે સાગર! નદી, સરોવર આદિ જળાશયો પાણીથી પાણીમય બની જાય છે, અને સુરેખ તથા ચમકારા કરતી વિજળીઓ યુકત કાળી છટાઓ શેહેરે શેહેર ફેલાતી જાય છે. ડોલર, પોયણી અને સ્થળ કમળો "થરર થરર" એમ કંપે છે, થાકી થાકીને મુસાફરો વર્ષાદને લીધે થરથરીને ઉત્તમ સ્થળોમાં સ્થિર થઇ જાય છે. (૯)

सहोक्त्यलंकार, षद् ऋतु समग्र भेद—कवित्त.

शरदकी चांदनीसी, प्रगटी मुरत जोत, बोलत बचन तुत रात एहीहे हि-

मंत. शिशिरको साज सो तो, रोमको भयो समाज; प्रेमको प्रकाश जेसी, फूलिहे प्रभा बसंत. बिरह प्रलाप हियें, ग्रीषम तपत ताप; नैननके आंसू. नीर, प्रषा के प्रवा बहंत. षट रितु अंग अंग, आजहीं बनीहे मेरे; कोन रितु आवनकी, सागर तुम बदंत. ॥ १० ॥

ટીકા—શરદની ચાંદનીસી સુરતની જોત પ્રગટી છે, અને વચન બોલતાં જે તોતળાય છે તે હેમંત ઋતુછે; શિરીરે રોમે રોમનો સમૂહ ખડો થઇ આવ્યોછે-તે શિશીર ઋતુની સામગ્રી બની રહીછે; પ્રેમનો પ્રકાશ તો જાણે વસંતુ ઋતુની પ્રભા ખીલી હોય ને! હૈયામાં વિરહનો પ્રલાપરૂપી ગ્રીષ્મ ઋતુનો તાપ તપે છે; નેત્રમાંથી આંસુરૂપી નીર ઝરે છે તે જાણે વર્ષા ઋતુનો પ્રવાહ વહેતો હોય ને? એમ હે પ્રિય મિત્ર! છ ઋતુઓ તો આજ મ્હારા અંગે અંગમાં બની રહી છે, તો હવે હે સાગર! તમે કઇ ઋતુ આવવાની વદો છો. [૧૦]

सहोक्तियलंकार—सवैया.

चंद भयो दरदी शरदें मु, हिमंत समीर सिखी सम लेखो;
शीत शिशीर सबें तन तावत, दाहत कुंज बसंत बिसेषो.
ग्रीषम ताप तपे बिरहां पर, बुंद तृषा अखिया अंवरेखो;
सागर एक दिनां इत आयके, नागर हिंमत किंमत देखो. ॥ ११ ॥

ટીકા—આજે શરદ ઋતુનો પ્રકાશીત ચંદ્ર તો વિરહી જનો પ્રત્યે દુઃખરૂપજ થયોછે, અને હેમંતના મધુર પવનની લહેરોને તો અગ્નિઝાળ જેવીજ સમજો; શિશિર ઋતુની ટંડાઇ તો સર્વે તનને જાણે તાવી નાખે છે, અને વિશેષતાથી જાણો કે આ ઋતુરાજ કહેતાં વસંત ઋતુમાં કુંજલત્તાઓ પ્રફુલ્લિત થઇ યૌવનતાને પામે છે. તેતો આ હૃદયરૂપી કુંજની લત્તાને અધિક બાળે છે; અને માનો કે હૃદયની અંદર જે વિયોગરૂપી આગ લાગે છે તેજ ગ્રીષ્મ ઋતુનો તાપ તપે છે, એથી અધિક તાપ તે કયો છે? અને જે આ આંખ્યોમાંથી આંસુની બુંદધારા વહે છે તેને વરસાદને વરસાવનારી વર્ષા ઋતુ લેખોઃ હે. મિત્ર સાગર! અહિં એક દિવસ આવીને તમો ચતુર જન અમારી હીમ્મતની કીમ્મત જુઓ. [૧૧]

स-ोक्तयलंकार-सवैया.

याहि श्रर्षा बरषें असुवा शशि, शारद प्रेम प्रभा भरि आवतु;
सोय शिशीर भ्रमें बरुनी सिय, हेंम सु जांम रही अखियां सितु.
लाल बसंत प्रसूंन प्रफूल्लित, ग्रीषम जो बिरहा भ्रर बाढतु;
सागर मिंत पयांन कियो इन, नेंन में आंन छहि षटहूं रितु. ॥१२॥

ટીકા—આ નેત્રોમાંથી જે આંસુની બુંદધારા વર્ષે છે એજ વર્ષા ઋતુ છે, અને પ્રકાશીત પ્રેમની પ્રભાના જે ઉભરા ઉઠે છે તેજ શરદ ઋતુનો ચંદ્રમા અમૃત સ્રવે છે, પાંપણો થરકી થરકીને ધ્રુજે છે-એજ શિશીર ઋતુની સામગ્રી છે, અને જે આંખ્યો જામી-ઠરી જાય છે તે હેમંત ઋતુ છે; વળી આ જે લાલશ છે-તેતો વસંત ઋતુનાં પ્રફુલ્લીત થએલાં પુષ્પો છે; વિરહાગ્નિની ઝાળોની જે ઝડી વધતી વધતી જાય છે-તેજ ગ્રીષ્મ ઋતુ છે; હે જીવન સાગર? જ્યારથી પધાર્યા અર્થાત્ દૂર થયા છો-તે વખતથીજ આ આંખ્યોમાં છયે ઋતુઓ આવીને છવાઇ રહી છે. (૧૨)

यथा संख्यालंकार सागर प्रत्युत्तर भेद-सवैया.

हेम शिंशीर बसंत सु ग्रीषम, ओर भ्रषा शरदी जु मिलायें;
घोस नलीन त्रपा निशि तापन, बारद ज्यों घट धीर घटायें.
रेंन समीर लता दिन दांमिनि, चंद्र कला ज्यों अनंग बढायें;
मिंत प्रवीन प्रवीन अहो निश, जंपतहि षट हू रितु जायें. ॥ १३ ॥

ટીકા—હેમંત, શિશીર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, અને શરદ એમ બધી ઋતુઓને મીલાવીએ છીએ-એટલે ઋતુની અનુક્રમે હેમંતનો દહાડો, શિશીરનાં કમળ, વસંતની લાજ, ગ્રીષ્મની રાત્રિ, વર્ષાનો તાપ, અને શરદનો વરસાદ ઘટે છે; તેની પેઠે ઘટની ધીરજ ઘટાડીએ છીએ. અને તેજ પ્રમાણે ઋતુઓના અનુક્રમે હેમંતની રાત્રિ, શિશીરનો પવન, વસંતની લતાઓ, ગ્રીષ્મના દિવસો, વર્ષાની વીજળી, અને શરદની ચંદ્રકળા વધે છે, તેમ અનંગને વધારીએ છીએ; અને હે મિત્ર! અમારી તો અહોનિશ "હે પ્રવીણ! હે પ્રવીણ!" એમ જપવામાંજ છએ ઋતુઓ જાય છે. [૧૩]

विकल्पालंकार–सवैया.

चाह प्रबीन घटी न मटी, निकटी पल आवत राह चलेकी;
फेर बनें न कहूं मिलबो तब, बात सबें यह भाग भलेकी.
आंन बनें ती सहीहे नहीं तब, होंस अहो निश पांन मिलेकी;
ऐसें रह्यो तो भयोई असूकप, बार जिया बपुरों निकलेकी.॥१४॥

ટીકા—મિત્ર પ્રવીણને મળવાની ચાહના તો ઘટીયે નહિ અને મટીયે નહિ, અને ચાલવાની વાટની પળુ તો પાસે પાસે આવેછે, ફરીને ક્યાંય મળવાનું બને નહિ–ત્હારે તો આ સર્વે વાત ભલા ભાગ્યનીજ સમજવી જોઇએ; આવવાનું બને તો સહી–ઠીકજ છે, નહિતો વળતી અહોનિશ હાથ કે પલ મળવાનીજ હોંશ રહેવાની, પણ હવે એમને એમંજ બનશે તો પ્રાણ તો કાંપતો છેજ પણ હવે તો બાપડા જીવનેજ શરીરમાંથી નિકળી જવાની વાર છે! (૧૪)

विशेषोक्त्यलंकारो यथा–सवैया.

या पलहीं पलहीं तलफें तन, तोबिन तोबिनके झष जैसें;
पंथ थके म्रु मनोरथके मुख, जोत मनों शशि सूर उदेसें.
ज्वाल कराल जगी उर भीतर, कोंलों निभाव बने अब ऐसें;
नीतकी रीत प्रबीन नहीं तब, क्यों करियें मरियें दिन कैसें.॥१५॥

ટીકા—પાણી વગર પાણીમાંનું માછલું જેમ તલફે તેમ આ કાયા તમારા વગર દરેક પળે પળે તલફે છે, અર્થાત્ માછલું જેમ "પાણી પાણી" જંખે તેમ અમો પણ "હે પ્રવીણ! હે પ્રવાણ!" એમ જંખ્યા કરીએ છીએ; અને મનોરથને પંથે હીંડી હીંડીને મન થાકી ગયું છે; મુખતી જોતિ તો એવી નિસ્તેજ બની ગઇ છે કે જાણે સૂર્યનો ઉદય થવાથી ચંદ્રમાની કાન્તિ પાતાળમાં પેશી ગઇ હોય ને! અને ઉરની ભીતર મહા કરાળ જ્વાળ પ્રગટીલાગી ઉઠી છે; તો હવે એવો નિભાવ કહાં લગી ચાલશે? હે પ્રવીણ! જહાં નીતિની રીતિને જાણો નહીં–ત્હાંતો પછી લાચાર, શું કરીએ? અને કેવી રીતે દિવસ ગુજારીએ! (૧૫)

अथ गुंफालंकार–कवित्त.

जांनहूकी जांन ताकों, जानत प्रबीन नांहि;
जांनिहो प्रबीन तोपें, जांनहि गमाइयें.
चिंतकी न जानों मिंत, मिंतकी न जानों चिंत;
चिंतकीजो जानों मिंत, ओर कहा चाहियें.
बेदको न लहो भेद, भेदको न लहो बेद;
बेद भेद लहो तो, अभेद व्हैं निभाहियें.
देहीके सनेहीकी, न नेही बात जांनतहो;
नेही येही जानों तोपें, देहकों न दाहियें. ॥ १६ ॥

ટીકા—હે પ્રવીણ! જે જાણવાની જરૂર છે તેની જાણ છતાં તમો પ્રવીણ નથી, પણ તે જાણવાથી પ્રવીણ હો અર્થાત્ સમય વિચારો તો તમારા ઉપર જાન ગુમાવી દઈએ; આ ચિત્તની વાતને હે મિત્ર ! તમો જાણતાં નથી તેમ મિત્રની ચિત્તમાં પણ જાણતાં નથી; પણ જો હે મિત્ર ! ચિત્તની બાબતને જાણો તો પછી બીજું શું જોઇએ? વેદના ભેદને (મતલબને) લેખતાં નથી, પણ વેદ ભેદ બંનેને લહો તો અભેદ બનીને નભાવીએ; જીવના સ્નેહીની વાતને હે મિત્ર ! જાણતાં નથી, પણ હે સ્નેહી ! જો નેહની વાતને જાણો તો તમારા ઉપર દેહને કેમ ન બાળીએ? (૧૬)

अथ छेकोक्तयलंकार–सवैया.

ध्यांन प्रबीन प्रबीन लग्यो गुन, गांन प्रबीन तजें न कबेंही;
कोउ दिनां पल एक बन्यो सोउ, जांन नहीं गुजरी सु जबेंही.
होंनको कोंन मिटावनहारहे, ऐसी लहीहे निसांनि सबेंहि;
ता दिनसें नित डोलत बाउरे, सोये सुखोये जमार सबेंही. ॥१७॥

ટીકા—ધ્યાન પણ "પ્રવીણ પ્રવીણ"નુંજ લાગ્યું છે, અને પ્રવીણના ગુણના ગાયનને તો કબિયે તજતા એટલે વિસારતા નથી, કોઈ દિવસ એક

એવી પળ પણ બની કે તે પળ જ્યારે ગુજરી-વીતિ ગઇ ત્હારે તે જાણવા-માંજ આવી નહીં; બનવા કાળ વસ્તુને મટાડી શકનાર કોણ છે! એવીજ બધી નિશાનીઓ લહી છે, પણ તે દિવસથી હમેશાં બહાવરાની માફક ડોલતા ફરીએ છીએ અને "સોયાસો ખોયા" એ કહેવત પ્રમાણે એટલે સુવામાં ગુમાવેલા વ્યર્થ સમયની પેઠે અમારે પણ થયું છે. (૧૭)

अथ द्रष्टांतालकारो यथा-सवैया.

पहिचांन प्रवीन भई जबतें, तबतें चित्त प्रेम प्रभा छबि जागी;
बढती उर आस उदास चली यहँ, जंपत पास बसें बडभागी.
निश बासर बीततहें बिकटे, निकटे न प्रिया हियहें अनुरागी;
घन गाज इतेंपर यातें जिया ग्रह बाज कबूतरकी गति लागी. ॥१८॥

ટીકા—હે પ્રવીણ! આપની જોડે જ્હારથી ઓળખાણ થઇછે તે વખતથી-જ ચિત્તમાં પ્રેમના પ્રભાવની છબિ જાગી છે, તથા ઉરમાં આશા અને-ઉદાસી વધતી ચાલવાથી નિરંતર એમજ જંખના કરીએ છીએ કે પાસે રહેવાવાળાંજ બડાં ભાગ્યશાળી છે! અમારે તો રાત દિવસ મહા વિકટથી વીતેછે, વળી પાસે પ્રિયા નથી પણ હૈયું અનુરાગી બની રહેલું છે; એટલા ઉપર વળી મેઘ ગાજે છે તેથી કરીને આ જીવની પકડેલા કબુતરના જેવી ગતિ થઈ પડી છે.[૧૮]

अथ मुधापन्हुत्यलंकार-दोहा.

पावस बाजीगर प्रबल, डौंरू गाज अवाज;
बिरही मन बदलत घटा, जिय कपोत ग्रह बाज. ॥ १९ ॥

ટીકા—આ કાંઇ મેઘ નથી-એતો બળવાન બાજીગર છે; આ કાંઇ ગર્જનાનો અવાજ નથી-એતો ડમરૂં વાગે છે; આ કાંઈ વાદળની ઘટાને બદલાવતો નથી-આતો વિરહીના મનરૂપી બચ્ચાને-લંગોઠાને બદલાવેછે, એટલે રાતા હોય ત્હાં પીળા અને પીળા હોયતો કાળા એમ બદલાવી બતાવેછે; આ કાંઈ બાજે કપોતને પકડેલો નથી-એતો આ જીવનેજ પકડેલો છે! (૧૯)

अथ जातिस्वभाव अलंकार–सवैया.

प्रेमको प्याला पियो भरकें हम, या सुख जांन पर्यो न तबें;
कैफकी ज्वाल जगी घट भीतर, कोटि प्रकार किये न दबें.
जांनहिंगो न अजांन कहें कछु, जांनत जानन हार सबें;
पथ्थ न पावहिंगें जु प्रबीन तो, कौंन उपाय करेंगे अबें. ॥ २० ॥

ટીકા—અમે જ્યારે પ્રેમનો પ્યાલો ભરીને પીધો, ત્યારે આ સુખની અમને જાણ પડી નહીં, પણ હવે ઘટની ભીતર જે કેફની જ્વાળા પ્રગટી છે, તે કરોડ ઉપાય કરે દબાતી નથી. અજાણ માણસ કેહેવાથી કાંઇ જાણશે નહીં–એતો જે જાણવાવાળાં છે તેજ સર્વે જાણે છે; વાસ્તે પ્રવીણ રૂપી પંથ્યને જો નહીં પામીએ તો હવે કોણ ઉપાય કરીશું? [૨૦]

अथ असंभवालंकार–कवित्त.

जियरा अजांन ताकों, प्रेम पहिचांन परी;
तादिनसें भई सो तो, सबें बात सहियें.
आगमन बूझ बूझ, कियेहे नजूम कूरे;
मनकी तरंगही सों, मुरझाय रहियें.
रेंनहीं न नींद नेंन, दिनहीं न परें चेंन;
अजहूं न मिंत मिलें, कैसें कें निबहियें.
बार बार क्यों कहें, प्रबीनजू बिचार देखो;
कहबेकी नहीं सो तो, कौंनहीपें कहियें. ॥ २१ ॥

ટીકા—જે જીવ અજાણ હતો તેને પ્રેમની ઓળખ પડી, તે દહાડાથી જે બની તે બધી વાતોને સહન કરીએ છીએ; ભવિષ્ય પૂછી પૂછીને નજુમીયોને પણ ખોટા કર્યા છે; હવે તો મનના સંકલ્પ વિકલ્પરૂપી તરંગોથીજ મુંઝાઈ રહીએ છીએ; રાત્રિયે નેત્રોમાં નિદ્રા આવતી નથી તેમ દિવસે ચેન પણ પડતું નથી, આટ આટલું છતાં હજુએ મિત્ર મળ્યા નહીં–તો હવે કેવે પ્રકારે નભીએ? વારે વારે શું કહીએ? હે પ્રવીણ! વિચારી જુવો, કે જે અ-

ન્યને કેહેવા યોગ્ય નથી તે કોને કહીએ? (૨૧)

अथ समरूपकालंकार–दोहा.

तन बनकी लकरी बन्यों, प्रेम सूत्रकी धार;
बिरहाको आरा कीयें, खेंचत कांम सुतार. ॥२२॥

ટીકા—આ તન જંગલના લાકડા પેઠે બન્યું છે, તેને પ્રેમ સૂત્રની દોરી છાંટી, વિરહનું કરવત કરી તેવડે રતિનાથરૂપી સુતાર ખેંચ્યા કરે છે, એટલે વેરે છે. [૨૨]

मन पंखा सुरता लठी, कसें मिंत गुन तार;
प्रेम झुलावनहार इम, बाढे बिरह बयार. ॥ २३ ॥

ટીકા--મનરૂપી પંખાને સુરતારૂપી સોટીમાં મિત્રના ગુણરૂપી તારથી કસી પ્રેમ રૂપી ઝુલાવનહાર જેમ જેમ ઝુલાવે છે, તેમ તેમ વિરહરૂપી પવન વધારે વધારે આવે અર્થાત્ ઝોકાં ખાયે જાય છે. (૨૩)

तन चोकी मध मन मुकुंर, प्रेम क़लहियां दीन;
लखि मुख आंनन सो लहो, परसत दरस प्रबीन. ॥ २४ ॥

ટીકા—તનરૂપી ઘટની વચ્ચે મનરૂપી કાચમાં પ્રેમરૂપી કલઇ દઇને પછી હાથમાં ઝાલી મુખ જોઇએ છીએ, ત્હારે અંદર મિત્ર પ્રવીણનીજ છબિ દરશી આવે છે. [૨૪]

गाहा.

षट ऋतु बर्नन भेदे, पत्र प्रबीन तासु प्रति उत्तर;
उनचालीश अभिधामं, पूर्न प्रबीन सागरो लहरं. ॥२५॥

ટીકા—છએ ઋતુના વર્ણનના ભેદવાળો પ્રવીણે લખેલો પત્ર અને તેનો મહારાજા શ્રીતરફનો પ્રત્યુત્તર જેમાં છે એવી પ્રવીણસાગર ગ્રન્થની ઓગણ-

ચાળીશમી લેહેર સંપુર્ણ થઇ. (૨૫)

इतिश्रीप्रबी[illegible]तुबिरहभेदोनामएकोनचत्वारिंशातिमोलहेरं ॥ ३९ ॥

लेहेर ४० मी.

अथ कलाप्रबीन बसंतबिरहबर्नन प्रसंगो यथा–दोहा.

ऋतु बसंत बरषा बहुर, अति बिरही दुख दाय;
बीती दशा प्रबीन वह, सागर लिखी बनाय. ॥ १ ॥

ટીકા—બહુ કરીને વસંત અને વર્ષા ઋતુ વિરહીજનોને અતિ દુઃખદાયક નિવડે છે, તે બે ઋતુમાં પોતાની વીતેલી દશાનું વર્ણન બનાવીને પ્રવીણે મહારાજા રસસાગર તરફ પત્ર મારફતે લખી મોકલ્યું. (૧)

अथ तत्र प्रथमकलाप्रबीनबसंतबिरहबर्ननं, संभावना–लंकार–सवैया.

धावहिंगे मलयाचल मारुत, रावहिंगे मधु कुंज लटेंगें;
छावहिंगे नव पल्लव कुंजन, स्त्रावहिंगे सुमरंज छटेंगें.
गाहहिंगे जु हिंडोर गुनीजन, भावहिंगे रस रंग बटेंगें;
लावहिंगे सिगरे सुख सागर, आवहिंगे तो उदास मिटेंगें. ॥ २ ॥

ટીકા—આ વસંત ઋતુમાં મળીયાચળ તરફનો પવન ધાઇ આવીને વાવા માંડશે, ભ્રમરો રેંયેંરેંયેં કરી ગુંજારવ કરશે, ખીલેલાં કુંજ કહેતાં કમળો પૃથ્વીપર લટી જશે, અને નવાં પાંદડાઓથી લતામંડપ છવાઇ જાશે, પુષ્પરસ સ્ત્રવશે તથા ફુવારા છુટશે, ગુણીજનો હિંડોર રાગ ગાશે, મનવાંછિત રસરંગ વેંહેંચાશે; એ સઘળી સુખકર વસ્તુઓ લઇ તે જો પ્રાણાત્મા સાગર આવશે તોજ ઉદાસી મટશે. (૨)

अथ माला दिपकालंकार—कवित.

बन घन छई बेल, घन तन रच्यो खेल; तन मन चहे केल, मन जन ये धरहुं. चर थिर मोद अंग, थिर तर फूल भ्रंग; तर दर नए रंग, दर दन छे क रहुं. झल मिल कोक पंत, मिल चल मंत मंत; चल दल भयो चंत, दलहुं न बीसरहुं. द्रग लग रंहे आप, लग मग हरो ताप; मग सगरें प्रलाप, सागर सदा हरहुं ॥ ३ ॥

ટીકા—વનમાં ઘટ્ટ વેલ્યોના મંડપો છવાઈ રહ્યા છે, ગગન અને શરીરમાં ખેલ રમ્યો છે; તેણેકરી તન અને મન રમણને ચાહ્યા છે, તે વાર્તાને હૃદયમાં ધરો.! સ્થાવર અને જંગમના જીવો મોદથી મજાહ માણે છે, સ્થિર એવાં ઝાડોનાં પુષ્પોમાં ભમરાઓ ગુંજારને કરતા આમ તેમ ભમે છે, ન્હાનાં મ્હોટાં વૃક્ષોને જાત જાતનાં નવીન રંગનાં પાંદડાં ખીલી રહ્યાં છે; માટે આવા મહાભારત સંકટના દિવસનો નાશ કરો! ટોળે થએલા ચકવાની હાર તગવા લાગી છે, તેમ ટોળે મળી મળીને દોસ્તો ચાલે છે, તેથી પીપળાના પાંદડાની માફક મન ચળિત બન્યું છે—તો હવે દિલથી વિસારી દૂર કરશો નહિ! આંખ્યોની નજરે તો એક આપજ લાગી રહેલા છો, વાસ્તે રસ્તે વળગીને તાપ હરો,—પણ હે સાગર! સર્વ માર્ગેથી તમામ પ્રલાપને સદાય હરો! (૩)

अथ दीपकावृत्ति. अलंकार, तीसरो भेद—सवैया.

कुंज लतांन प्रसून भरे फुनि, भृंग पराग भरे पँखियांमें;
कोकिल बाग सुहाग भरे अरु, फागन राग भरे सखियांमें.
केसर कुंभ गुलाब भरेहे, अबीर गुलाल भरे आँखियांमें;
आस उसास उदास भरे अति, सागर बैठ रहों दुखियांमें. ॥ ४ ॥

ટીકા—કુંજની લતાઓ પોતાનાં પ્રસુન કહેતાં પુષ્પોને ભરે છે, ભમરાઓ પાંખોમાં સુગંધીની પરાગને ભરે છે, બાગોમાં કોકિલાઓ સુહાગી તથા રળિયામણા અવાજ ભરે છે, સખીઓ પોતાની સાહેલીઓની અંદર વસંત રાગ ભરે છે, લોકો કેસર તથા ગુલાબજળના કુંભો ભરે છે, અને આંખ્યોમાં અબીલ ગુલાલ ભરે છે, (એટલે પરસ્પર રંગે રમવાથી આંખ્યોમાં ભરાય છે) આવા સમયે હે સાગર! આશા અને ઉદાસીના નિસાસા ઉસાસા ભરતાં દુઃખમાંજ અમો બેશી રહીએ છીએ. (૪)

अथ स्मृति अलंकार—सवैया.

अंबन अंबन कोकिल कूजित, कीर अनारनपें अवरेखो;
द्रुमन द्रुमन बेलि चढी अरु, माधवि कूंद मधुपन पेखो.

शीतल पोंन सुबास मिले जितही, तित प्रेम भरें सब लेखों;
पंथिक जाय कहो इत आउरे, सागर बाग बसंतको देखो. ॥५॥

ટીકા—આંબે આંબે કોયલો અને અનાર વૃક્ષો ઉપર પોપટો બોલે છે તે જુઓ; દ્રુમે દ્રુમે વેલ્યો ચઢી તથા માધવી કુંદ ઉપર ભમરો ગુંજાર કરી રહ્યા છે તે જુઓ; શીતળ અને સુવાસ મીશ્રીત વાયરો મંદ મંદ લહેરોથી વાય છે, તથા જ્યહાં મળે ત્હાં સકળ પ્રેમથી ભરેલાં છે એમ ગણો; હે પંથીક, સાગરની કને તમો જઇને કહો કે–હે સાગર! અહિં આવીને જરા તમે આ વસંતનો બગીચો ખીલી રહ્યો છે તેને તો જુઓ! (૫)

अथ एकावल्यलंकार–कवित्त.

उपवन अंबरमें, चंद कुंद सोहियत; कुंद अरु चंदहूमें, मयूखी लता लसंत.
लतामें मयूखीमें, प्रकाश फूल फैल-रहे; फूलमें प्रकाशमेंजु, पोंन माधुरी प्रसंत.
माधुरी पवन मध्य, सीतता मधूप सूर; मधुसुर सीतमें, मनोज बिरहा धसंत.
बिरहा मनोज मन, तनमें बसेंत नित;तन मन सागरमें, सागर विनां बसंत.॥६॥

ટીકા—બાગ અને ગગન મંડળમાં ચંદ્ર તથા ડાલર શોભે છે; ડાલર અને ચંદ્રમાં ચંદ્રજ્યોતિ તથા લતાઓ દીપે છે; લતા અને ચંદ્રજ્યોતિમાં પ્રકાશ તથા ફુલો ફેલઈ રહે છે; ફુલમાં તથા પ્રકાશમાં પવન અને માધુર્યતા પથરાય છે; માધુર્યતા અને પવન મધ્યે શીતલતા તથા ભમરાના સ્વરો શોભે છે; ભમરાના સ્વર તથા શીતલતામાં મનમથ્થ અને વિરહ ધસે છે; તે વિરહ અને મનોજ સહાય મન અને તનમાં વસે છે–તેમ તે તન અને મન સાગરમાં વસે છે, એજ સાગરવિના આ વસંત ઋતુ છે. (૬)

अथ माला दीपकालंकार–सवैया.

कुंज लतांन प्रसून भरेहें, प्रसून पराग भरे तन भ्रंगन;
बागन बागन अंब-महोरित, अंबन अंबन कोकिल कूजन.
धांमनि धांमनि कांमनि, कंत रमें कसमीर गुलाल अबीरन;
मिंत बसंत हसंत सबे गहि, मोंन एकंत रहे बिरही जन. ॥ ७ ॥

ટીકા—કુંજ-લતાઓમાં પચરંગી ફુલો ભર્યાં છે, તે ફુલની પરાગને ભમરાઓ પોતાના શરીરમાં ભરે છે; બાગે બાગે આંબાઓ કલોલ કરી રહ્યા છે–તે આંબે આંબે કોકિલાઓ ટહુકા કરે છે; ધામે ધામે કામનીઓ કંથ સાથે પરસ્પર કેસર, ગુલાલ અને અબીલથી રમે છે, હે મિત્ર! આવી વસંત ઋતુમાં બધાંય હસે છે પરંતુ ફકત એક વિરહી જનજ મોન ગ્રહી એકાંતમાં બેસી રહે છે. (૭)

अथ जातिस्वभाव अलंकार–सवैया.

मंजर कुंज सुरंज छटें मधु, कोकिल कीर रटे रसबो;
खेल गुलाल अबीरनके घन, चंदन केसरको घसबो.
अंबर सेत सुबास सुरंगित, गावत गारि सुनें हँसबो;
सागर संग वहें बड भागनि, फागन बागनमें वसबो. ॥ ८ ॥

ટીકા—કુંજની. મંજરીઓમાંથી સુરંજ (પુષ્પ રજ) ઉડીને આસપાસ સુવાસિત કરે છે; ભમરા, કોયલ અને પોપટ રસબસ વચનો બોલી રટે છે, લોકો અબિલ ગુલાલયુક્ત અને ચંદન ઘસી ઘસી ઘોળેલા કેસરથી મેળવી એક બીજાને અંગે લગાડે છે તથા ખેલે છે; ધોળાં વસ્ત્રને અત્તરાદિ સુવાસિક પદાર્થોથી તથા નાનાવિધ રંગથી રંગી તથા શરીરે પહેરી ફાગ ગાય છે તથા ઠઠા મશ્કરીયુક્ત ગાળો—ફાગ બોલે છે—જે સાંભળીને હસે છે, આવા સ્વેચ્છક ફાગણુ માસમાં જે સ્ત્રી સાગરની સાથે બાગમાં વસે છે તેજ મ્હાન ભાગ્યશાળી છે. (૮)

अथ बिरोधाभासालंकारो यथा—सवैया.

बाग बिहंग बिलास भरे धुनि, कूजतहे फिरही फिरही;
मोद मराल सरोज मधूकर, गुंज ग्रहे सरही सरही.
दंपति गारि गुमान गहें मिल, गावतहें घरही घरही;
सागर मिंत बसंतहि चातुक, मोंन ग्रही बरही बिरही. ॥ ९ ॥

ટીક—બાગ બગીચાઓની અંદર વિલાસ ભરેલાં પક્ષીઓ ચારે તરફ ફરી ફરીને મધુર અવાજની ધુનિ લગાવી રહ્યાં છે, હર્ષ ભર્યા હંસો જેમ તળાવે તળાવે ફરે છે તેમ ભમરાઓ તળાવે તળાવે કમળપર ગુંજારવ કરે છે, સ્ત્રી પુરૂષો ગુમાનથી ગાળો બોલવા સારૂ ભેગાં થઈ થઇને ઘેર ઘેર ગાય છે; હે મિત્ર સાગર! આ વસંતમાં એક ચાતક, મોર તથા વિયોગી જનેજ મૌનપણું ધારણુ કરેલું છે. (૯)

समरूपकालंकार—सवैया.

फूल गुनीं उपवीत लता मकरंदन चंदनसें चरचाये;
कोकिल कीर मधू शिश साधन, फूंक समीरहुकी फहराये.
पांन लियें जल पंकजमें बिरही दुख दांन मयोग पढाये;
दंपतिकों अभिशेकन सागर मिंत बसंत महा मुनि आये. ॥ १० ॥

ટીકા—ફુલની માળા અને વેલ્યોની જનોઈ પેહેરીને પુષ્પરસરૂપ ચંદનથી ચર્ચાએલો, કોયલ, પોપટ અને ભમરા રૂપી શિષ્યોને સાધવા વાસ્તે પવન રૂપ ફુંકને ફેલાવતો—કમળ રૂપી હાથમાં જળ લઇને વિયોગી જનોને માટે દુઃખદ પ્રયોગ ભણતો ભણતો, દંપતી જે—સ્ત્રી પુરૂષ તેને અભિશેક વાસ્તે હે

મિત્ર સાગર! આ વસંત રૂપી મહા મુનિવર આવેલો છે. (૧૦)

अथ चपलातिशयोक्त्यलंकार–सवैया.

कुंजन पात सुरंज छटे जल, फूलन झूलन मत्त मधूको;
बागनकी परछांइ दशो दिशा, रंग हरोइ भयोरहे भूको.
सागरजू इक आंबन ऊपर, कोकिल आँन कियोहे कुहूको;
कामनि चिंत चमंक उठी उन, एक उसास सबै बन सूको. ॥११॥

ટીકા—કુંજનાં પાંદડાંમાંથી સુરંજની મ્હેક તથા પાણીના ફુવારા છૂટે છે, ફુલતા ઝૂલતા ગુચ્છાઓની ઉપર મત્ત મધુકરો ગુંજા ગુંજ કરતા ફરે છે, એવા આ બગીચાની દશે દિશાએ ભૂકો પડવાથી ધરતીનો રંગ લીલો થઈ રહ્યો હોય છે, હે સાગર! આવા સમયે આંબા ઉપર કોયલે આવીને ટહુકો કર્યો, જે સાંભળતાંજ એક કામનીના મનમાં ચમક ઉઠી–જેના એકજ ઉસાસાથી આ સઘળું વન સૂકાઈ ગયું. (૧૧)

अथ पर्यायोक्त्यलंकार–कवित्त.

जल जंत्र झार लागे, पात पात धार लागे; कोकिला उचार लागे, बाग बिसतारतें. बेल बृंद डार लागे, कंज बेसुमार लागे; त्रिविध बयार लागे, भ्रमर गुंजारतें. गुनिजन लार लागे, फाग तांन तार लागे; लव पिचकार लागे, अंग अंग यारतें. दंपति सिंगार लागे; प्रेम पारावार लागे; सागर सम्भार लागे, बिरही बिचारतें. ॥ १२ ॥

ટીકા—જળના જંત્રો એટલે ફુવારા ઝરવા લાગ્યા, તેથી પાંદડે પાંદડેથી ધારા પડવા લાગી, વિશાળ બાગની અંદરથી કોયલો સુંદર ઉચ્ચાર બોલવા લાગી, વેલ્યોના ગુચ્છાઓ વૃક્ષની ડાળે ડાળે ફેલાવા લાગ્યા, અતિશય કમળો પ્રફુલ્લવા લાગ્યાં, મંદ–સુગંધી તથા શીતળ એમ ત્રિવિધથી વાયરો વાવા લાગ્યો, ભમરા ગુંગુંજ કરવા લાગ્યા, ગુણીજનોની લાર ગાવા સારૂ મળવા લાગી, ફાગ તથા તાનટપ્પાનું ઉચ્ચારણ થવા લાગ્યું, મિત્રોએ મિત્રોથી પરસ્પર એક એકના અંગ ઉપર રંગ ભરેલી પીચકારીયો છુટવા લાગીઓ; સ્ત્રી પુરષો અંગે શણગાર સજવા લાગ્યાં અને ઘણો ઘણો પ્રેમ લાગવાથી વિરહી મનુષ્યો વિચારની સાથે સાગરને સંભારવા લાગ્યાં. (૧૨)

अथ स्मृतिमानालंकार–सवैया.

कुंज लता परसून प्रफुल्लित, कांम कमी न रखी न रखे;
दंपति कोकिल भ्रंग बिहंग मही, बिरहा हरषी हरषे.
केसर नीर अबीर गुलालहि, या अषियां बरषी बरषे;

सागर मिंत बसंत दशो दिश, बोलनमें परखी परखें. ॥ १३ ॥

ટીકા—કુંજ-લતાઓમાં પુષ્પો ખીલી રહ્યાં છે, આવા રૂડા સમયે કામદેવે કશી કમીના રાખી નહિ તેમ રાખતો પણ નથી; સ્ત્રી પુરૂષનાં જોડલાં, કોકિલાઓ અને ભમરા આદિ પક્ષીઓ અને ધરતી વિરહીને દેખી હરખ્યાં અને હજુએ હરખે છે; કેસરનું પાણી-અબીલ તથા ગુલાલમાં આ નેત્રો વર્ષ્યાં છે અને વર્ષેછે; હે સાગર મિત્ર! આમ દશે દિશાઓને વિશે વસંત વસંત વસંત થઈ રહ્યોછે માટે પરીક્ષકતો બોલવામાંજ પરખી કાઢે. (૧૩)

अथ विरोधाभास अलंकार—सवैया.

ठोरहिं ठोर हिंडोर सधें घट, पंचमि कुंज लसंत लसंत;
अंगन अंगन रंग रचे बन, कोकिल भ्रंग रसंत रसंत.
धांमनि धांमनि कांमनि कंत, रमे रस खेल हसंत हसंत;
चिंत निचिंत रहें बिरही कह, मिंत दिगंत बसंत बसंत. ॥ १४ ॥

ટીકા—જગાએ જગાએ હિંડોર રાગને ગાય છે, ઘટ તથા વસંત પંચમીનો લતા-મંડપો સુંદર દેખાય છે તે દેખાયછે; આંગણે આંગણે રંગ પુર્યા છે તથા વનમાં કોકિલ અને ભમરો રસમય વાણીનું રટણ કરે છે તે કરેજ છે; ધામે ધામે કંથ કામનીઓ પ્યારથી રમવા રસમય ખેલથી હસે છે તે હસેજ છે; આવા રમણિક વખતે વિરહી જનો ચિત્તને વિશે નિશ્ચિંત કેમ કરી રહી શકે! કારણ મિત્ર તો દિગાંતરે જઇને વસ્યો છે તે વસ્યોજ છે. (૧૪)

अथ संभावना अलंकार—सवैया.

सोर बगांन बगांन खगांन नगांन पगांन पलाश खरेंगें;
कुंज पतांन छतांन बितांन, ब्रतांन प्रतांन प्रसून भरेंगें.
मंद स्वसांन निसांन प्रशांन, सु कांमनी प्रांन दहांन करेंगें;
चिंत चहंत महंत ग्रहंतर मिंत बसंत कहां बिसरेंगें. ॥ १५ ॥

ટીકા—બગીચે બગીચે ખગ પક્ષીઓનો બકબકારો થશે, પર્વતોના પગોમાં અર્થાત્ તળેટીમાં પલાશ કહેતાં ખાખરનાં વૃક્ષો ઉપરથી ચિત્તને ચાંકાવનાર કેસુડાં ખરશે, લતા-મંડપોની છવાયેલી છતમાં ખેંચેલા ચંદરવા રૂપ વેલ્યો પસરીને પોતાની શાખાઓમાં ફુલો ભરશે, નિશાને સમયે ધીમે ધીમેથી વાયરો વાઇને સ્ત્રીઓના પ્રાણને દહન કરવાનું કરશે, વાસ્તે આ મન જેને વિશાળ ઘરની અંદર ચાહના કરે છે—તે મિત્ર વસંત ઋતુમાં કેમ વિસરશે? (૧૫)

अथ यथासंख्या अलंकार—कवित्त.

भ्रंग जौति मकरंद, मंद पौंन अरविंद; कोकिला सुमन छंद, कुंद रूप

छन्नमें. विमलाई लहर प्रमोद बास मिंत अरु; चित फुनि नैंननहें, बसंत रितु पननमें. पंकज मयंकमें, सुमन गजराजनमें; बनमेंरु बारनमें, अंबमें लतनमें. लोक बाग जल सिंधु, दंपति वियोगनमें; कुसुम विदेश अंग कंतमें मगनमें. ॥१६॥

ટીકા—ભમરો, જ્યોતિ, મકરંદ, મંદ, પવન, કમળ, કોયલ, પુષ્પ, છંદ, ડોલર; નિર્મળાઈ, લહર, પ્રમોદ, મિત્રવાસ, ચિત્ત, નેત્ર; કમળમાં, ચંદ્રમાં, ફુલમાં, હાથીમાં, વનમાં, પાણીમાં, આંબામાં, વેલ્યોમાં, લોકોમાં, બાગમાં, પાણીમાં, સમુદ્રમાં, દંપતીમાં, વિયોગમાં, કંથમાં, માર્ગમાં, અર્થાત્ હે કુસુમાવળી! વસંત વખતે ભમરા કમળમાં, જ્યોતિ ચંદ્રમાં, સુગંધ ફુલોમાં, મંદતા હાથીમાં, પવન વનમાં, કમળ પાણીમાં, કોયલો આંબામાં, ફુલ વેલ્યોમાં, સ્વચ્છંદ લોકોમાં, ડોલર બગીચામાં, નિર્મળતા પાણીમાં, લેહેર્યો સમુદ્રમાં, પ્રમોદ દંપતીમાં, મિત્રવાસના વિયોગમાં, ચિત્ત કંથમાં અને આંખે એમ અનુક્રમે પરસ્પર પ્રેમ બંધાઈ જવાથી પળે પળે તેઓમાંજ વસે છે.(૧૬)

दोहा.

इहि बिधि कलाप्रबीनकी, बरनी बिरह बसंत;
कुसुम संग चरचा चली, लिखी सो सागर मिंत. ॥ १७ ॥

ટીકા—એ પ્રમાણે કુસુમાવળી જોડે ચર્ચામાં વસંત ઋતુના વિરહનું વર્ણન કર્યું તે પત્રમાં કળાપ્રવીણે મિત્ર રસસાગર તરફ લખી મોકલ્યું. (૧૭)

गाहा.

कुमरी कलांप्रबीनं, बर्नन ब्रह बसंत रितु भेदं;
चत्वारिंश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ १८ ॥

ટીકા—રાજકુંવરી કળાપ્રવીણના વસંત ઋતુના વિરહ ભેદ યુક્ત વર્ણનવાળી પ્રવીણ સાગર ગ્રંથની ચાળીસમી લેહેર પૂર્ણ થઈ. (૧૮)

इतिश्रीप्रबीनसागरग्रंथेकलाप्रबीनवसंताविरहदशाबर्ननोनाम चत्वारिंशतिमो लहरं. ॥ ४० ॥

लेहेर ४१ मी.

अथ रससागर बसंत बिरह बर्नन प्रसंगोक्त—दोहा.

जैसी दशा प्रबीनकी, तैसी सागर चित;
चरचा मित्र पत्रह प्रिया, बरनों बिरह बसंत. ॥ १ ॥

ટીકા—કળાપ્રવીણની જેવી દશા થઈ છે, તેવીજ મહારાજા રસસાગરના ચિત્તની દશા બનવાથી મિત્ર જોડે ચર્ચા કરીને વસંતના વિરહનો જે પત્ર

પ્રિયા પ્રવીણને લખી મોકલ્યો તેને વર્ણવું છું. (૧)

अथ समरूपक अलंकार—सवैया.

थापन किनों महामुनि मेंन सो, मंत्र कला सितकार पढ्योरी;
बेद हकार अकार उचारत, लोम धनी फगुवा दोउ फोरी.
नेंनन नीर छटें प्रगटें उमडें जु उसास समीरन दोरी;
कोरि प्रवीन बझावें हमें हिय, होरिके आगमकी भई होरी. ॥ २ ॥

ટીકા—રતિનાથરૂપી મહા મુનિયે હુતાસનનું સ્થાપન કર્યું, તે વખતે શિત્કારરૂપી મંત્ર બોલ્યા અને "હાય હાય, ઓય ઓય" એમ વેદ મંત્ર ભણી ઉભાં થયેલાં શરીર ઉપરનાં રૂવાડાંરૂપ ધાણી ચણા ફોડીને તેના ફગવા કર્યા, તથા નેત્રોમાં આંસુનાં પ્રગટ થયેલાં છાંટણાં છાંટયાં, વળી ઉસાસ રૂપ પવન વેગથી દોડીને ઉછળી આવ્યો, તો હે પ્યારી પ્રવીણ! આજે અમારા હૈયાની હોળીના આગમનની હોળી પ્રગટી રહી છે—તેને કોણ ઓલવે ! (૨)

अथ समरूपक अलंकार—सवैया.

केसरके फुतकार उडावत, कोकिल नाद सु घंट बजंती;
बेलिके बंध जरे जकरे अरु, लंगर लोह मधूकर पंती.
माधवि कुंदन बंदन चित्रहे, शाइ तमाल लगाइ सुहंती;
प्यारे प्रवीन अहो हमकों ऋतु, राज भयो रति राजको दंती. ॥३॥

ટીકા—કેસરના ફુતકાર ઉડાવે છે, કોકિલાઓના બોલ રૂપી ઘંટ વાગે છે, વેલ્યોના જકરીને બંધ બાંધી લીધા છે અને કાળા ભમરાઓની પંક્તિરૂપી લોઢાનું લંઘર વાગે છે, માધવી અને ડાલરરૂપી સિંદુરનાં ચિત્રો ચિત્રેલાં છે, શરીરે તમાલરૂપી શાઇ લગાડી છે તે ઘણીજ શોભામણી દેખાય છે,—ઓહો! હે ચતુર પ્યારી! અમને તો આ ઋતુઓનો રાજા વસંત તે રતિરાજ કહેતાં કામદેવના દંતી—હાથી જેવો બન્યો છે. (૩)

अथ समरूपक अलंकार—सवैया.

जामागि कुंद कनेर लगाइहें, केसरके चिनगार गढेहें;
माधविके परसून सो आतस, बीर मधू अस पोंन बढेहें.
चाप लता रु उशीर निषंगहें, पल्लवके किरवांन् कढेहें;
बेधन एंन प्रवीन वियोगिको, या ऋतु राज सिकार चढेहें. ॥ ४ ॥

ટીકા—ડાલર અને કણેરરૂપી જામગી લગાવી છે, તેમાં કેસર રૂપી ચીણગારીઓ કરેલી છે, માધવીનાં પુષ્પોનું દારૂખાનું તથા ભમરા રૂપી વીરોને લઇ વાયુ રૂપી અશ્વને થેંકારતો આવે છે; લતા રૂપી ચાપ અને વાળા રૂપી

ભાથા સજીને પાંદડાં રૂપી ખુલ્લું ખડગ કરમાં લીધું છે, એ પ્રકારે હે પ્રિય પ્રાણ પ્રવીણ! તમારા વિયોગી મૃગને વેધવા (છેદવા) આ રિતુરાજ વસંત સીકારે ચઢયો છે! (૪)

अथ वक्रोक्ती अलंकार—सवैया.

बाग बजे बड भागिनके डफ, राग हिंडोर सजें गहरे;
कोकिल कीर अली सुर साधत, धीर समीर बहें लहरे.
फूलरहें बन बेल सबें फल, झूलरहें पतवा फहरे;
मिंत प्रबीन बसंत बिलोकत, क्यों बिरही न हियो हहरे. ॥ ५ ॥

ટીકા—બાગ બગીચાઓની અંદર મહાન ભાગ્યશાળીઓના ડફ વાગે છે, ઘેરા સ્વરથી હીંડોર રાગ ગાય છે, કોયલ–કીર–પોપટ અને ભમરો સુર આ-લાપે છે, ત્હાં ધીરી–સુવાસિક અને ઠંડી પવનની તરંગો વાય છે, વન વેલ્યો પ્રકાશિત થઇયો છે, ફળ ઝુમી રહ્યાં છે, તથા પાંદડાં પવનની લહેરોથી ફ-રર ફરર ફરૂકે છે; હે પ્યારી પ્રવીણ! એવા ઋતુરાજ વસંતને વિલોકવાથી વીરહીનું હૈયું કેમ ન હરે! (૫)

अथ संभावना अलंकार—सवैया.

अलि गुंजन कुंजन पुंजन व्हैहें, प्रभंजन कंजन व्हैं प्रसरेंगें;
द्रग झंपत केसरकी पिचकारिन, दंपति गोद गुलाल भरेंगें.
चिहुंओर हिंडोरके ताननके जब, कानन आंन भनंक परेंगें;
अहो मिंत प्रबीन बसंतके बासर धीरज चित हहां न धरेंगें. ॥६॥

ટીકા—ભમરાઓનાં ટોળે ટોળાં કુંજની ગુચ્છાદાર લતાઓમાં ગુંજાર કરશે, શીતળ કમળો ઉપર વ્હેને પવન પ્રસરશે, નેત્રો કેસરની પીચકારીઓ વડે જંપલાઇને સ્ત્રી પુરૂષો ખોળામાં ગુલાલ ભરશે, અને ચારે દિશા તરફથી હીંડોર રાગના તાનટપ્પાની ભનક કાનનાં આવીને જ્યારે પડશે, હવે તો અહો, મિત્ર પ્રવિણ! આ વસંતના દિવસોમાં હા! હા! આ ચિત્ત ધીરજ નહીંજ ધરે! (૬)

अथ शुधा पन्हुति अलंकार—सवैया.

केतकि दंड सु दंड लिये कर, फूल दिनेश गुलै फरसी हें;
अंत्र कदंबनमें उरझी यह, व्हैंन लता सफरीन फसी हें.
मींन प्रबीन बियोगिनके जिय, किंशुक ऐंचनकी बिन सीहें;
मिंत बसंतके बाग नहीं यह, धीमरकी मिल सैंन धसीहें. ॥ ७ ॥

ટીકા—આ કાંઈ કેતકીનો દંડ નથી–આતો હાથમાં દંડ લીધેલો છે, આ

કંઇ સૂરજમુખીનું ફુલ નથી—આતો ફરસી છે; આંબા તથા કદંબના ઝાડમાં ધુંચવાએલી આ લીલી લતાઓ નથી—આતો માછલાં પકડવાની જાળ છે; આ કંઇ કેસુડાં નથી—પણ આતો પ્રવીણના વિયોગી રૂપ માછલાંના જીવને બેઅવાની વીનસી છે, હે પ્રિય મિત્ર! આ કંઇ વસંત ઋતુનો બાગ નથી—આતો માછીમારની ફોજ મળીને ધસી આવેલી છે. (૭)

अथ विभावना अलंकार—सवैया.

जा मुख बेंन सबैं मुख अमृत, अमृत गांन हमें असि धारा;
किंशुक ओर प्रमानत माधवी, माधवी सोय चकोरको चारा.
आंन सुहावत शीतल मारुत, शीतल होत हमें तन आरा;
मोह प्रवीन भयोहैं बसंत, बसंत प्रबीन बिनां हम हारा. ॥ ८ ॥

ટીકા—મુખમાંથી ગવાયલાં ગાયનનાં વેણ સર્વના મોઢામાંથી અમૃત જેવાં નીકળે છે, તે અમૃતમય ગાયન અમારે મો તરવારની ધાર બરોબર છે; આ વખતે સકળ જનો કેસુડાં અને માધવીને પ્રમાણે છે પણ—અમારે તો તે કેસુડાં અને માધવી બંનેય ચકોર પક્ષીનો ચારો અંગારા બરોબર છે, બીજાઓને તો થંડો પવન સુખકર લાગે છે, પરંતુ તે શીતળ પવન અમારા બદનને તો વેરવાની આરી જેવો જણાય છે; અન્ય જનોને તો હે પ્રવીણ! આ વસંતના દિવસો મોહરૂપ બન્યા છે—પણ અમારે તો એક પ્રવીણ વગર આ વસંત હારા એટલે ઝેર જેવો બન્યો છે. (૮)

अथ अलंकार एकावली—कवित्त.

पुर पुर हरे बाग, बाग बाग घरी माल; माल माल जंत्र जंत्र, जंत्र सेत लहेरी. बन बन भरी बेल, बेल बेल भरे फूल; फूल फूल भृंग भृंग, भृंग धुनि गहेरी. गली गली छई कुंज, कुंज कुंज कुंज भोंन; भोंन भोंन सेज सेज, सेजन सु रहेरी. पंथी उत जाइयें, बताइयें बसंत भेद; एहो इत आइयें, प्रबीनजूसें कहेरी. ॥ ९ ॥

ટીકા—નગરે નગરે બાગ બગીચાઓ પ્રકાશીત થયાછે, ને બાગે બાગે ઘડાની માળાઓ બાંધીછે—તે માળાએ માળાએ યંત્રો જડયાંછે, અને તે જકડેલાં યંત્રો રૂપી રેંટથી નિર્મળ શ્વેત પાણીની લેહેરો ચાલેછે; વને વન વેલાઓથી ભરેલાંછે અને તે વેલ્યે વેલ્યે ફુલો ભરચક થઈ રહયાંછે, તેમ તે દરેક ફુલે ફુલે આમ તેમ, ભમરાઓ ગણગણતા ભમે છે; ભમરે ભમરે ગહરી ગુંજારવ થાયછે; ગલીએ ગલીએ કુંજો છાઈ રહીયોછે, કુંજે કુંજે કુંજ—ભુવન બની રહયાં છે—તે ભુવને ભુવને સેજ્યા છત્રપલંગો બિછાઈ રહયાંછે; ને સેજે સેજે સ્રી પુરૂષનાં જોડલાં ક્રીડા કરેછે, વાસ્તે હે પંથી! ત્હાં જઈ વસંતના ભેદને બતાવી આહીં આવો—એમ પ્રવીણની પાસે જઈને કેહેને! (૯)

अथ समरूपक अलंकार—सवैया.

ये मधुरें मधुरे दिनमें मधुरे सुर, चाहत मंगल गावन;
मोदकि माल बँधी नव पल्लव, कोकिल कोक लगे जु पढावन.
थार बनें सित पत्रनके मधि, मोतन बूंद बनाय बधावन;
प्यारे प्रबीन चलो जु मिलो अहो, आये बसंत बयार बुलावन.॥१०॥

ટીકા—હે મધુર! આ (મધુર) વસંતના દહાડામાં રસીકજનો અગર ભમરાઓ તમને રસમય સ્વરથી માંગળિક ગાયન વાસ્તે ચાહેછે, અને નવપલ્લવની શુભ માળા બાંધીને કોકિલ અને ચકવાને ભણાવા લાગ્યાંછે, ધોળાં પાંદડાંની થાળ રચીને તેમાં બુંદ રૂપી મોતીઓ વધાવવા સારૂ એકઠાં કરી રાખ્યાંછે, વાસ્તે પ્યારે પ્રવીણ! ચાલો અને મળો-કારણ કે અહો! બડા ઠાઠથી તમને બોલાવવાને વાસ્તે આ વસંતનો પવન આવેલોછે. (૧૦)

अथ सुधापन्हुति अलंकार—सवैया.

हें न गुलाल सु नेंनकी ज्वालहें, अंग अबीर विभूत चढायें;
केसर ओर गुलाबके रंग न, गंग तरंग उमंग बहायें.
गाय धमार न बीर कुलाहल, बीन बजें डफ डौंरु वजायें;
धीरज चित प्रबीन धरो—ऋतुराजके रूप पशूपति आयें. ॥११॥

ટીકા—આ ગુલાલ છે નહિ-આતો ત્રીજી આંખની અગ્નિજવાળા છે; આ કંઈ શરીરે અબીલ ચર્ચ્યું નથી-આતો ભસ્મ લગાવેલીછે; આ કંઈ કેસર કે ગુલાબનો રંગ નથી-આતો ગંગાની તરંગોને મહા ઉમંગે કરી વેહેવરાવે છે; આ કંઈ ધમાર ગાતા નથી-આતો વિરોનો કોળાહળ છે; આ કંઈ બીન અને ડફ વાગતાં નથી-આતો ડમરૂ વાગેછે; માટે હે પ્રવીણ! મનમાં ધીરજ રાખો, કારણ કે ઋતુરાજનું રૂપ લઈને આ પશુપતિ-મહાદેવજી આવ્યાછે. (૧૧)

अथ समरूपक अलंकार—सवैया.

पल्लवके तुररा जु धरे शिर, बेलि अखारेकि डोर बधांनी;
मोर मधूकर कुंजन गुंजन, कोकिल मंत्र उचारत बांनी.
बादी बसंत बियोगीपें डारत, मूठ गुलाल अबीर उडांनी;
जीवन जंत्र प्रबीनको पत्र, बिलोकि बचे हम या जिय जांनी. ॥१२॥

ટીકા—તરૂવરોના નવ-પલ્લવ રૂપી તુરરા માથે ધર્યાછે, વેલ રૂપી અખાડાની દોરી બંધાઈ છે, કુંજોની અંદરના ભ્રમરોના થતા ગુંજાર રૂપી મોરલી વગાડેછે, કોયલ શબ્દોચ્ચારણ રૂપી મંત્રની ધ્વની કરીને વસંત રૂપી બાજીગર વિરહી ઉપર મુઠા ભરી ભરીને અબીલ ગુલાલ ઉડાવે છે; વાસ્તે પ્રવીણના પત્ર રૂપી જીવન દોરીને દેખવાથીજ આ પ્રાણ બચેછે-એમ અમો જાણીએ છીએ. (૧૨)

अथ कैतवापन्हुति अलंकार–सवैया.

रंभन थंभनमें दपटी मिस, पत्रनके किरवांन पटीहें;
जीव बिजोगिनके बोहोरावन, व्याज गुलाब बजी चपटीहें.
फंदनहें बन ब्रंदन ऊपर कैतब कुंज लता लपटीहें;
मिंत प्रबीन बिलोकतहि हम, चिंत बसंत बडो कपटीहें. ॥१३॥

ટીકા—કેળોના થાંભલાઓમાં પાંદડાંના મસથી છૂપાવેલી આ તરવારની પટીછે, વીયોગીઓના જીવને વિકળ કરવાને ગુલાબની કળીઓ ફોડવાના મસથી આ ચપટી બજીછે, વૃક્ષોના ઝુંડ ઉપર કુંજલતાઓ લપટાઈ છે–તે કપટ રૂપી રથ બન્યોછે, હે મિત્ર પ્રવીણ! એમ મનન કરી જોતાં અમને તો આ વસંત બડો કપટી લાગેછે. (૧૩)

अथ समरूपक अलंकार–सवैया.

रंभन मंजर पुंछ फिरावत, मुंछ उसीरनकी फेहेरीहे;
चंदन कुंद गुलाबन आंबन, सीत सुगंधनको लेहेरीहे.
ताल बडे फणिचक्र प्रबीनजू मिंत बिजोगनको केहेरीहे;
आंनन ज्वाल गुलाल उडावत, ब्याल बसंत बडो जेहेरीहे. ॥१४॥

ટીકા—કેળ્યોની મંજરીઓ રૂપી પુંછને ફિરાવેછે, વાળારૂપી મૂછોને ફરકાવેછે, ચંદન–ડોલર–ગુલાબ અને આંબા ઈત્યાદિ શીતળ સુગંધની લેહેરીછે, ઉંચા તાડના પત્રરૂપી ફણિ ચક્ર ધર્યુંછે; એમ હે મિત્ર પ્રવીણ! વિયોગીઓનો તો કેર કરનાર–મુખમાંથી ગુલાલ રૂપી વિખ જવાળને ઉડાવતો આ વસંત રૂપી નાગ મહા ઝેરી દેખાયછે. (૧૪)

कोकिल भृंगन पुंग सुनीं मलयाचल बिल्लहुतें उठि धायो;
पल्लवकी रसना फरकावत, केसरको फुतकार उडायो.
नेंन गुलाब प्रसूंन सु खोलत, डोलत कुंजलता लपटायो;
मिंत प्रबीन बिजोगि बिलोकत, ब्याल बसंत बयारहो आयो. ॥१५॥

ટીકા—કોયલ અને ભમરાઓના શબ્દની મોરલી સાંભળીને સાવ ચંદનના મલિયાચળ પહાડના રાફડામાંથી ઉઠીને ધાઈ આવેલો, નવપલ્લવરૂપી જીભને ફરકાવતો, કેસરના ચંદનરૂપી ફુતકાર ઉડાવતો, ગુલાબના પુષ્પરૂપી આંખને ખોલતો, અને ડોલતો ડોલતો કુંજની લતા રૂપે તેમાં લપટાયેલો–હે મિત્ર પ્રવીણ! વિયોગીને વિલોકવા વસંતના વાયુ રૂપી આ નાગ આવ્યોછે. (૧૫)

चेलन चेलन केलनके डफ, बेलन सेलनसें लपटाये;
पीत रते सित फुलसु चंदन, अंग चिंता मकरंद[१] लगाये.

---

૧ "મકરંદ" ફુલના રસનુ નામ છે, પણ અત્રે "પુષ્પની રજ" એટલે પરાગ જોઈએ.

भृंग सु कोकिल शंखसि तें धुनि ले, शतपत्र अलेख जगाये;
लूटे प्रबीन बिजोगिनके मठ, मिंत बसंत दिगंबर आये. ॥१६॥

ટીકા—વનછાલને ધરવાવાળા ઘણાક શિષ્યોને જોડે લઇને કેળના ડફને વગાડતો વેલ્યો રૂપી શેલીથી લપટાયલો, પીળાં-રાતાં તથા ધોળાં ફુલોનું ચંદન અને પરાગ રૂપી ચીતાની વિભૂતી લગાવીને, ભમરા અને કોયલો રૂપી શંખને ફુંકતો, હાથમાં કમળ રૂપી ખપ્પર લઇને અલેખ જગાવતો, હે પ્રવીણ! એવો વિયોગીના મઠને લુંટવા આ વસંત રૂપી દિગંબર આવ્યો છે. (૧૬)

अथ रूपक संभावनाको संकर अलंकार—सवैया.

मंजरके जु धरे तुररा कलिकानके खंजरसो अलबोहे;
कोकिल कीर बजे हक बीर समीर सु तीरनको चलबोहे.
बाजें गुलावनकी पिसतोल जु, पत्र पताकनको हलबोहे;
एरि बसंत दहंत कहा उर, मिंत प्रबीन अजौं मिलबोहे. ॥१७॥

ટીકા—ઝાડોનાં નવાંકુર રૂપી તુરરા ધર્યા છે, હાથમાં કળીઓનુ ખંજર વેઠાય નહીં એવું દુર્ઘટ બન્યું છે, કોયલ તથા પોપટની વાણીરૂપી રણ સંગ્રામને વિષે થતી શૂરવીરોની ગર્જના રૂપી હાલકો થાય છે, પવન રૂપી બાણો ચાલે છે, ગુલાબની કળીનું ફુટવું પીસ્તોલના અવાજ પેઠે થાય છે, પાંદડાંનું હાલવું ધજા પતાકાનું ફરકવુંછે, અરે વસંત! શું કરવાને હૃદયને દહે છે? અમારે તો પ્રવીણને હજુ મળવું છે. (૧૭)

अथ समरूपक अलंकार—सवैया.

प्रौढ प्रभंजन बाज चढ्यो रति राज सु आज सिकार रमें;
ताल सु पल्लव टीप बजावत, सून निशांन सिरो बनमें.
कोकिल हाक कलोल करे, ब्रछफंद लता प्रसरी मगमें;
कैसें प्रवीन वियोगि बचें सस, भृंग दशो दिश स्वान भमें. ॥१८॥

ટીકા—માહા પ્રૌઢ વાયુ અશ્વ ઉપર સ્વાર થઇને રતિરાજ—મનમથ—કામદેવ આજ સિકાર ખેલે છે, ત્હાં તાડપત્ર રૂપી ટીપ વગાડે છે, નભ રૂપી થંડા નિશાનને ફેરવે છે, કોકિલા રૂપી આખેટીઓ શબ્દો રૂપી ગર્જના કર છે, રસ્તે રસ્તે ચારે તરફ ઝાડોની લતાઓ રૂપી ફંદો પસરી ગયા છે, અને સઘળી—દશે દિશાઓમાં ભ્રમરો રૂપી સ્વાન—કુતરા રખડે છે, તો હે ચતુર! વિયોગી રૂપી સસલુ કેમ બચે? (૧૮)

मारुत मंद गयंद तुरी बन, नाद निशांन द्विरेफ धुनीं;
कोकिल कीर सु बीर कुलाहल, साध उठे चिहुंओर सुनीं.
आतससी मकरंद उडें नव, मंजरी सूरन पग्ग तनीं;

बेधन आये प्रबीन बियोगिकों, कामकि फोज बसंत बनीं. ॥१९॥

ટીકા—મંદ વાયુ રૂપી હાથી, વન રૂપી ઘોડા, ભમરાના ગણગણાટ રૂપી નોબતો, કોયલ અને પોપટના શબ્દો રૂપી વીરોનો કોળાહુળ સાંભળી સઘળી તરફનાં જનાવરો અચાનક ચમકે છે, પુષ્પરજ રૂપી આતસબાજીનું ઉડવું, નવી મંજરીઓ રૂપી શૂર પુરૂષોએ ઉઘાડી તરવારો તાણી છે, એમ હે પ્રિય પ્રવીણ! વિયોગીને બેધવાને આ રતિરાજ-કામદેવનું લશ્કર વસંત રૂપે બનીને ચઢી આવ્યું છે. (૧૯)

अथ विरोधाभास अलंकार—सवैया.

रंग अनंगके खेल गये अरु, बेल गई तर फूल प्रकासी;
कोकिलको कल जोर गयो अरु, भौंरन सोर गयो सुख रासी.
कुंज कुलाहल कीर गयो अरु, धीर समीर गयो सुभ बासी;
येहो प्रबीन बसंत गये हियतें, न गई मधु पुरनमासी. ॥२०॥

ટીકા—તરેહ તરેહના રંગથી રમવાનું ગયું, કામક્રીડાના ખેલ ગયા, વેલ્યો અને વૃક્ષોનાં પુષ્પોનો પ્રકાશ ગયો અર્થાત્ તેઓ મિંચાઈ ગયાં, કોયલના સુંદર સ્વરનું ગાયન મંદ થયું અને સુખના ભાર-ઓઘ રૂપી ભમરાનો શોર ગયો, કુંજોમાં થતો પોપટનો કોળાહુળ ગયો, તથા સુખરાશી અને મંદ મંદ લહેરોથી વાતો વાયુ પણ ગયો, એવી રીતે હે પ્રવીણ! આ વસંત ઋતુ ગુજરી તોય આ અમારા હૈયામાંથી હજી મધુ-વસંતની પૂર્ણમાસી (હોળી) ન ગઇ! (૨૦)

अथ उत्प्रेक्षा अलंकार ग्रीषमदशा बर्नन—सवैया.

आले उशीर दरीच झरोखन, बागनमें चिहुंओर फुवारे;
सेज प्रसून प्रसूनके भूखन, चेल परेच गुलाब भिगारे.
धीर समीर सुरंज श्रवें कन, मांनों महेश जटा जल झारे;
ऐसे निदाघके बासरमें इत, आओ प्रबीन हमे हिय प्यारे. ॥२१॥

ટીકા—સુંદર વાળાની તટીઓ ઉપર પાણી છાંટી ઝરોખામાં ટાંગી છે, બાગની અંદર ચારે દિશાએ ફુવારા ઉડી રહ્યા છે, પુષ્પની સુખરાશી સુખ શૈય્યા-પુષ્પનાં આભૂષણ તથા મેહેકતા ગુલાબજળમાં ઝબોળી કાઢેલાં લુગડાં અને ચક રાખેલા છે, મંદ મંદ વાયુની લહેરોથી પાણીની સુરંગમાંથી જળ સેર્યો ઝરે છે,-તે જાણે મહેશજી જટામાંથી પાણીની રજ ઝરતી હોયને! એવા મનોહર ગ્રીષ્મ ઋતુના દિવસોમાં હે અમારા હૈયાનાં પ્યારાં મિત્ર પ્રવીણ! આંહી આવો. (૨૧)

अथ समरूपक अलंकार—कवित.

दिधि दिधि दाये सो बिभूति लाये अंग अंग, गिरिराज आये आये बैठे

बिप्र बरनीं; समीध बनायें बन, उपबनके मिलाये आज्यको समाज स्रूक पोंन श्रवा श्ररनी; मारतंडकी मयूख, लागी दिव मंड ज्वाल; धूमकी उमंड देख-यत गो धूमरनीं, मुनि मेंन बिहीं जन चर कर होमतहे पावक प्रबीनजू प्रचंड कुंड धरनी ॥ २२ ॥

टीका—दिशाओने विशे प्रगटेला दाहनी विभूतीने अंग अंगमां लगा-डी लावीने महा गिरिराज रूपी विप्रोज ब्राह्मणो आवी आवीने वरूणीमां बेठा; वन-उपवननी समीध बनावी अने तेमां करी स्रु रूपी घीना वायु रूपी शरवा रेडया करे छे, सूर्यनी ज्वाळा दीव मंडळ सुधी जवा लागी छे, धुम-ध-रतीनी धुंवर रूपी यज्ञना धूमाडाना गोटा बधे गोटायला छे, धरणी रूपी म-हत्त कुंडमां प्रवीण रूपी अग्निनुं स्थापन करीने तेमां रतिराज रूप मुनि, विरही रूपी चरू करीने होमे छे. (२२)

दोहा.

चारचा सागर मिंत किय, लिंखित प्रबीन बनाय;
सो बसंत ग्रीषम दशा, बर्नन दियो सुनाय. ॥ २३ ॥

टीका—महाराजा रससागरे मित्रोथी चर्चा करीने पछी ते बनेली बी-नानो जे पत्र प्रवीण उपर लखी दीधो ते वसंत अने ग्रीष्मनी दशानुं वर्णन संभळाव्युं. (२३)

गाहा.

बिरह दशा बसंते, सागर बिदित लिखित परबीनं;
इकतालीश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं ॥ २४ ॥

टीका—वसंतनी विरहनी दशा जे रससागरे प्रवीण प्रत्ये विदित करी ते संबंधी प्रवीण सागर ग्रंथनी एकताळीसमी लेहेर संपूर्ण थई. (२४)

इतिश्री प्रबीनसागरग्रंथेरससागरबसंतग्रीष्मबिरहबर्ननोनाम कचत्वारिंशा-तमोलहरं ॥ ४१ ॥

लेहेर ४२ मी.

अथ कलाप्रबीन बर्षा बिरह बर्नन प्रसंगो यथा—सोरठा.

पावस बिरह प्रबीन, बीती सो बरनों दशा;
कुसुमप्तु चरचा कीन, सोय लिखी सागरस प्रति. ॥ १ ॥

टीका—पावस ऋतुमां जे प्रवीणनी विरह दशा विति अने ते कुसुमा-वळी साथे चरचा करीने सागर उपर लखी मोकली तेने वर्णवुं छुं. (१)

अथ समरूपक अलंकार–कवित,

बद्दर परेच बंधे, दद्दरन घोर डौरू; चद्दर बिछाई हरी, हरताई धरकी. तापर रच्योहे खेल, व्याल करी कुंज बेल; बूढ कर श्रोंन गैल, गैल बुंद छरकी. चातुकीके काग केकी, कुलके उलूक राग; बग गीध जाग जाग, किये पौन भरकी. बीज मुख ज्वाल साजी, चिनगे खद्योत राजी; सागर बनाई घन, बाजी बाजीगरकी ॥ २ ॥

ટીકા—વાદળાંના પડદા બાંધ્યા, દેડકાંઓના ઘોર રૂપી ડમરૂ બજાવ્યું, નીલકાએલી ધરણી રૂપી લીલી ચાદર પાથરીને તેના ઉપર ખેલ રચ્યો છે, તે એવો કે કુંજની વેલ્યો રૂપી સર્પ કર્યા, વરસાદમાં પ્રગટાતા લાલ જીવ-(ઈન્દ્રગોપ) રૂપી હાથમાંથી કાઢેલા લોહીના છાંટા રસ્તે રસ્તે છાંટયા; ચાતુક રૂપી કાગ કર્યા, મોરના કુળના શબ્દ રૂપી ઉલુક–ઘુવડના રાગ કર્યા, અને બગલારૂપી ગીધ કરયા તથા ઠેકાણે ઠેકાણે પવનરૂપી ભડકા કરયા, વીજ–વીજળી રૂપીમુખ–ઝાળ સજી ખદ્યોત–આગિયા જીવડા રૂપી ચીનગારીઓ કરી; એ પ્રકારે હે સાગર! ઘન–વરસાદ રૂપી બાજીગરે બાજીગરની બાજી રચી છે. (૨)

अथ सुधापन्हुति अलंकार–सवैया.

मोरन सोर न मोर बजे फणि, चक्र यहें न चढी सेहेरें,
हे चपला न कला रसना फुत, कार न मारुतकी फेहेरें;
या चिनगे न खद्योतनके गन, बुंद न आननकी जेहेरें,
हे न प्राषा अहि मंडल सागर, लाये बिजोगिनिकों लेहेरें ॥ ३ ॥

ટીકા—આ કંઈ મોરનો શોર–બકવા નથી અર્થાત્ એતો મોરલી વાગે છે; આ કંઈ વર્ષાદના શેરડા ચઢયા નથી–એતો ફણી–ચક્ર છે; આ કાંઈ ચપલા–વિજળી નથી–એતો રસના–જીભના લભકારા થાય છે; આ કંઈ મારૂત વાયુની તરંગો નથી–એતો ફુંફવાડા છે; આ કાંઈ આગિયા ઉડતા નથી–એતો ચીનગારીયો ઝરે છે; આ કંઈ–મેઘના જળનાં બુંદ નથી–એતો મ્હોનાં વિખ–ઝેરનાં બિંદુછે; આ કંઈ પ્રષા–મંડળ નથી, હે સાગર! એતો નાગ–સાર્પોનુ ટોળુ છે; ને તે વિરહીણીઓને ઝેરની તરંગો લેવરાવવા લાવ્યા છે. (૩)

अथ समाधि अलंकार–सवैया.

जोर भयो घन घोर चहू दिश, मोर चकोर भये उन साखी;
दद्दर झीछि ररांन लगे दुति, दांमिनि झार झकोरत झांखी.
सीत समीर भ्रमावतहें मन, काम कठोर कमी नहिं राखी;
सागर आग लगी इतने पर, चातुकलें बहुरो धुनि भाखी. ॥ ४ ॥

ટીકા—ચારે તરફ વરસાદનું જોર વધી જવાથી ઘનઘોર અંધકાર થઇ રહ્યું, અને તેના મોર તથા ચકોર પક્ષી શાક્ષી થયા; દેડકાં તથા તમરાં ડરાવવા-બિવરાવવા લાગ્યાં; દામિનિ-વિજળીના પ્રકાશ રૂપી ઝાળ-ઝબકારા કરવા લાગી; વળી અંકૂરામાં પૂરૂ શીતળ વાયુની લેહેરે મનને ભમાવેછે, હવે તો આ કઠોર હૃદયના રતિનાથ-કામદેવે કાંઈ કમીના રાખી નહીં-તેથી હે સાગર ! બિરહ રૂપી આગ સળગી છે તે ઉપર વળી ચાતુકે પિયુ પિયુ ધ્વની ઉચ્ચારી તેથી ઘણીજ આગ પ્રગટી. (૪)

अथ एकावलि अलंकार—सवैया.

भारि भयो घन घोर चहू दिश, ओर घटा उमडी अति कारी,
कारि निशा अँधियारि तिही महिं, दीपति दामिनिकी उजियारी;
यारि समे सुनि मोरनकी धुनि, कंपत लंपत प्रान अटारी,
टारि टरे न यहें विधना गति, सागर पीर सनेहकि न्यारी ॥ ५ ॥

ટીકા—વર્ષાદ ઘોર અંધ ગંધ થઈ ચડી આવ્યો અને બીજી વાદળાંઓની પણ કાળી ઘટાઓ ઉમટી આવી અને ચોતરફ કાળી-સીહા રાત થઈ ગઈ; જે મધ્યે દામિની-વિજળીનું ઉજીયારૂં પ્રકાશ-દીપવા લાગ્યું, એ વખતે મોરની ધ્વની સાંભળી પ્રાણ અટારીમાં લપટાઈને કંપે છે. હે સાગર! એ વિધિના ટાંકેલા લેખ ટાળ્યા ટળે નહીં-એપ્રીતિની પીડા કંઈ ઓરજ છે! (૫)

अथ चपलातिशयोक्ति अलंकार सवैया.

इंद्र घटाकिं छटाकि चटा, बिटपी व्रतती छिति छावनकी,
पात्रुक चात्रुक झिल्लिन अल्लिन, भेकन केकिन गावनकी;
सागर सारस कोकिल सूर, मराल शशी [illegible]की;
जावनकी महाराज बजी, बिरहानकि नौबत आवनकी. ॥६॥

ટીકા—મેઘની ઘટાની, તડિત જે વિજળી-તેના ઝબકારાની, પૃથ્વીમાં વૃક્ષ વેલાઓ છાવવાની, પોપટ-બપૈયા-તમરાં-ભમરા-દેડકાં-તથા મોરને ગાવાની, સાગર જે સમુદ્ર-તેને, સારસને-કોયલને-સૂર્યને-હંસને અને શશીકહેતાં ચંદ્રને અમુઝાવાની, મહારાજા શ્રીને જાવાની, તથા વિરહને આવવાની-નોબત ગરગડી-વાગી. (૬)

सवैया.

छावन जोग्य उपावन गावन, मोर जिवावन भेकन जानी;
घोर घटा बन बेल बढावन, धावन पौन चढावन पानी.
सागर नेह कमावन पावन; आवन आवनकी नहि ठानी;
तीजमें बीजहुकी चमकावन, बीजमें तीज ज्यु रावरी बानी. ॥ ७ ॥

ટીકા—જોગને છાવનારી; ગાયનને ઊપાવન-પૈદા કરનારી, મોરને (અર્થાત્ મને) તેમ દેડકાંને જીવાડનારી-આયુષકારી જાણીએ. આકાશમાં ચહડેલી મેઘની કાળી ઘટાને તથા વનલતાઓને વધારનારી, પવનને હાલાવવાવાળી, તેમ પાણીને ચઢાવનારી, હે સાગર! પાવન કહેતાં શુધ્ધ સ્નેહને નભાવનારી પ્રવીણમાં આવી નહીં તેમ વિજળીને ચમકાવનારી ત્રીજ (કજળી)માં પણ બીજમાં તીજ એટલે પાંચમ-અર્થાત્ પંચમ સ્વર જેવી આપની વાણી આવી નહીં-એટલે સંદેસા પણ આપે મોકલ્યો નહીં. (૭)

अथ न्यून रूपक भेद अलंकार–सवैया.

गहिरान घटानकि डाक बजे, तडिता तरशूलनसी दरसे;
शुक चातुक दादुर मोर सबे, गन बीर धसे धुरवा धरसें;
हरिनंद निकंद करे जबही, तबही सरसो ध्रुव शंकरसें;
बिरही तन ताप मिटावनको दुख, रे घन क्यों न उतें बरसे. ॥ ८ ॥

ટીકા—મહા ગંભીર શબ્દથી ગરગડાટ કરતા વર્ષાદની ઘટાનાં ડાક વાગે છે, વિજળી ત્રિશૂળસી દિસે છે, પોપટ-બપૈયા-દેડકાં તથા મોર આદિ સર્વે દુતો અને વાદળીઓ રૂપી શુરવીરો ધરા-પૃથ્વી ઉપર ધસી આવે છે ખરાં, પણ હે ભારે ગર્જનાવાળા મેઘ! ત્હારે તું હરિનંદન જે કામદેવ તેને નિકંદન-મૂળથી ઉખેડી નાખે તોજ શ્રીશંકર જેવો મહત્ત ગણાય! વાસ્તે વિરહી માણસોના તન-તાપ તેમ ચિત્તમાં થતી પિડાને મટાડવા હે દુઃખદ મેઘ! તું ત્હાં કેમ વરસતો નથી? (૮)

अथ जातिस्वभाव अलंकार–कवित्त.[1]

धुरवा धरा धसाने, बेली बन लपटाने; सुरराज चापताने, बूढ दरसाईहें. बादुरान छांन लागे, भांनको छपांन लागे; दादुरा डरांन लागे; केकी धुनि गाईहें. चातुकी उचार बांनी, घटाघोर गहरांनी; घनबीज चमकांनी, दंपति सुहाईहें. दर्स बिन रावरे, वियोगी जन बावरे; हे एही इत आआरे, असाढ रितु आईहें. ॥ ९ ॥

ટીકા—પાણી (વર્ષાદ) ના ધોરીયા જમીન ઉપર ધસી આવ્યા, વનવેલ્વો ઝાડોથી લપેટાઇઓ, સૂરરાજ-ઇંદ્રે પોતાનું રંગીન ચાપ ચઢાવ્યું, ઇંદ્રગોપ અને તેવા લાલ જીવો દર્શાવા લાગ્યા, આકાશમાં વાદળાં જવાઇ-પખરાઇ સૂર્યને છુપાવવા-ઢાંકી નાખવા લાગ્યાં, ડેડકાં ડરાઉં ડરાઉં ઉચ્ચારવા લાગ્યાં, મોરો ટેહુકાર કરી ગાવા લાગ્યા, બપૈયા સુંદર સ્વરથી પિયુપિયુ બોલવા લાગ્યા, મેઘની શ્યામ ગહરી ઘોર ઘટાઓ પથરાવા લાગી, મેઘાડમ્બરમાંથી વિજળી ચમકવા લાગી, દંપતી-સ્ત્રી પુરૂષનું જોડું શુહાવા લાગ્યું,—આવા મનોહર અને

[1] આ કવિત્ત લહર ૫૪ મીમાં નાગશિશુ ચિત્રમાં છે તે જુવો.

રઢિયાળા સમયમાં આપના દર્શન વિના વિયોગી જન બહાવરાં બની ગયાં છે, તો હે રાજન! આંહી આવોરે આવો!:-કારણ કે અષાઢ મહિનાની ઋ-તુ આવી છે. (૯)

अथ समरूपक अलंकार—सवैया.

बद्दरहे सु बनें छवि अंबर, दद्दर नूपुर घूघुर बाजन;
घोर घनों सु म्रदंगनकी धुनि, बीज छटा सु गटानकि साधन.
पंत बनीं बक मोतिनके गन, चातुक कीर मयूर अलापन;
पात्र रूप बनाय घटा, बरषो उत जायके सागर आंगन. ॥१०॥

ટીકા—જે વાદળાં છે તે તો વસ્ત્રની છબિરૂપ બનિ ગયાં છે, દેડકાંના શબ્દો રૂપી નેપુરની ઘુઘરીઓ ગાજે છે, ઘોર મેઘના ગરગડાટ રૂપી મૃદંગ-ની પખાજ ધ્વનિ થાય છે, વિજોના છટાદાર ઝબક ઝબક થતા ચમકારા રૂપી પુષ્પના ધક્ષ દડા ઉડાડવવાનું સાધન થયું છે, સફેત બગલાંની હાર રૂપ મોતીના દાણા રાખ્યા છે, ચાતુક, પોપટ તેમજ મોરના શબ્દ રૂપ મધુર રાગ ગુંટી ગુંટી ગવાય છે, તો હે વર્ષાદ! તારી ઘટાને પાતર-નાચનારી બનાવી-ને ત્હાં મહારાજા સાગરના આંગણામાં જઈને વરસો અર્થાત્ નાચો. (૧૦)

अथ द्रष्टांतालंकार—सवैया.

व्यालन ज्यों चुप व्हैके रही सुनि, मोरनकी जु भयानक भाषा;
पोंन झरी फहरीं तिनसें यह, प्रांन भयोहे निबात पताखा.
घोर घटा गरजें बरषे तन, सूकगयो ज्यों जवासन शाखा;
सागर दामिनिके दुतिसें, छतियांनमें होयगईहें शलाखा. ॥ ११ ॥

ટીકા—મોરની બિહામણી ભાષા સાંભળી નાગણીની માફક ચુપ થઇ રહિછું, વાયુની ઝડી ફેલાઈ તેનાથી આ પ્રાણ દેવાલયની પતાકા રૂપી થઇ ગયો છે, કાળી અને ભારે વર્ષાદની ઘોર ઘટાઓ ગર્જનાથી વર્ષે છે-તેથી આ તન જવાસાની શાખા રૂપ સૂકાઈ-કરમાઇ ગયું છે, તો હે સાગર! દામિની-વીજળી-ની કાંતિથી આ છાતીમાં શલાકા થઇ ગઈ છે. (૧૧)

अथ हेत्वपन्हुति अलंकार—सवैया.

चपला नांहिं ज्वालमुखी चमके, अरु धूम धसें धुरवा धरसें;
बधु इंद्र अँगारनकी छबिहें, जुगनूं [illegible] सरसें.
इन दंपति चाहे चकोरन ज्यों, [illegible]बियोगनि दाह तहें तरसें;
जितहीं जित घोर घटा बरसें, तितहीं तित पावकसो दरसें. ॥ १२ ॥

ટીકા—આ ચપલા-વીજળી નથી-એતો બળતા પહાડના ચમકારાનો પ્રકશ છે; આ કંઈ વર્ષાદની ધૂમ ધરા-પૃથ્વી ઉપર ધસી નથી આવતી-એતો

ગોટાઈ ગોટાઇને ધુમાડાના ગોટ ધસી આવે છે; આ કંઈ લાલ ઇંદ્રગોપ નથી—એતો ધગધગતા અંગારાની છબી છે; આ ઉડતા આગિયા તણખા જેવા દિસે છે—એને આ ચકોર પક્ષી નર અને માદા બંને/ચાહે છે, તે તરૂવર—વૃક્ષની માફક વિજોગણીને દહે છે; જહાં જહાં વર્ષાદની ઘોર ઘટા વર્ષે છે ત્હાં ત્હાં અમને તો દેવતા માફક જણાય છે. (૧૨)

अथ छेक लाटानुप्रास अलंकार-कवित्त.

घाट घाट दादुरा सो, बाट बाट बोलतहें; बन बन मोर सोर, घनं घन बिज्जुरी. दिश दिश धुरवा सो, धसि धसि धावतहें; गिरि गिरि बार धार, झरी झरी उत्तरी. जग जग जुगनूं सो, डग डग ऊडतहें; झिन झिन झिल्ली धुनि, बन बन उच्चरी. पींय पीय हरि बानी, जीय जीयबो निराश; सागर बियोगिनि बिलखत ब्रहा भरी. ॥ १३ ॥

ટીકા—ધાટ ધાટનાં દેડકાં જેઓ વાટે વાટે બોલે છે, વને વને મોરોના બોલવાનો ટેહૂંકાર થાય છે, વર્ષાદની ચઢી આવેલી ઘટાએ ઘટાએ વિજો ચમકારા કરે છે, દિશાએ દિશાએ ધુરવા દોડી દોડીને ધસી આવે છે, ડુંગરે ડુંગરે મેઘના બુંદોની ધારાઓ ઝરી ઝરીને ઉતરે છે, જગાએ જગાએ ચળકાટ મારતા આગિયાઓ ડગલે ડગલે ઉડે છે, વને વન પ્રત્યે તમરાંના શોરની ધ્વની થાય છે," પિયુ પિયુ ".એવી બપૈયાની સુંદર વાણીથી જીવવાની બાબતમાં જેનો જીવ નિરાશ થઇ ગયેલો છે—એમ હે સાગર! અંગમાં ભરેલા વિરહના દુ:ખથી ટળવળતી આ જોગણી વિલખે છે. (૧૩)

अथ समाधि अलंकार—सवैया.

प्रातहुतें मुरझात गयो दिन, सांझ भये घन घोर अराधी;
दांमिनि देखि डरी जुगनूं जरि, सोइ गई गहि मिंत समाधी.
राउरे चाह चमंक उठी फुनि, बाउरि होय बिभावरि आधी;
सागर कोंन घरी सुखकी इत, चातुक नें बहुरों धुनि साधी. ॥१४॥

ટીકા—પ્રભાતથીજ અકળાઇ અકળાઇને દિવસ જેમ તેમ ગુજાર્યો તથા સાંઝ પડી કે વર્ષાદની ઘોર ઘટાઓ અંધારઈ, તેમાં થતા વિજળીના ચમકારા દેખી બ્હીની, વળી આગિયા દેખી જરી-બળી, ત્હાંતો મિત્રની સમાધી ગ્રહીને સૂઈ ગઈ—તે પાછી મધરાત્રે આપની ચાહનાથી બહાવરી બની-ચમકી ઉઠી, હે સાગર! એમાં કયી ઘડી સુખની આંવી છે (અર્થાત્ સર્વે કાળ દુ:ખમાં જાયછે) તેમાં વળી આ બપૈયો પિયુ પિયુ એવો અવાજ કરી અતોલ દુ:ખ દિયે છે.(૧૪)

अथ खंडपडलाट अलंकार—कवित्त.

झमकी झिंगोर झिल्ली, तमकी सु बक पंत; चमकी खद्योत जोत, दमकी द-

मन घन. निपटी अंधारी निश, झपटी समीर सीत; कपटी न आयँ मित, लपटी लतन बन. डहकी अनेक भेक, गहकी मयूर गन; चहकी पपीहा धुनि, ब्रहकी दहन तन. सबही समान आज, भए दुख दानमेरे; कीजियें उपाय आय, सागर अदन मन. ॥ १५ ॥

ટીકા—ઝણુઝણાટ કરતાં તમરાં બોલવા લાગ્યાં, બગ-પંક્તિ તબકવા લાગી, આગિયાની જ્યોત પ્રકાશવા-ચમકવા લાગી, અંધારી ઘોર વર્ષાદની ઘટાઓમાં દામિની દમકવા-ઝબકવા લાગી, કાળી-સીલ્હા-ઘોર અંધારી રાત બેટવા માંડી, શીતળ અને સુંદર પવનની લ્હેરો ઝપાટા મારવા માંડીઓ, વનમાં લતાઓ લપટાવા લાગી, આટ આટલું છતાંય હજી કપટી મિત્ર આવ્યા નહીં; ઘણાંક દેડકાં ડરાંઉ ડરાંઉ બોલવા લાગ્યાં, મોરોનાં ટોળાં શોક કરવા લાગ્યાં, બપૈયાઓની ધ્વનીની ચિસો પડવા લાગી, વિરહી જનનાં તનને દહન કરવા લાગ્યા. એ સર્વે વર્ષાદનો સામાન આજ મ્હારે દુઃખદ નિવડયો છે-તો હે સાગર ! અહીં આવીને શુદ્ધ મનથી કાંઈ ઉપાય કરો. (૧૫)

अथ समरूपक अलंकार—सवैया.

कुरती नवरंग बनें बँदरा धुज, इंद्र धनूं फहरें नभ अद्धे;
स्वगाह सु गाज बजे गन केकन, चातुक बांसुरिके सुर सद्धे.
धुरवा सु तुपंकन आग छटा धुनि, दादुर झिल्लि कवाद अरद्धे;
बिरही जनके मनके गढ ऊपर, बारद गारदके व्रज बद्धे. ॥ १६ ॥

ટીકા—નવરંગી વાદળાં રૂપ કુરતી-પોશાક બનાવેલો છે, નભની મધ્યે ઇંદ્ર ચાપ રૂપી ધ્વજા-પતાકા ફરકે છે, વર્ષાદના ગડગડાટ રૂપ પડઘમ વાગે છે, મોરો તથા બપૈયાના ઉચ્ચાર રૂપ બંસરી-બ્યુગલના સુર સધાય છે, વર્ષાદની ફુરવા રૂપ બંદુક અને જંજીરો છૂટે છે, વીજળી રૂપ આગ લાગી છે, દેડકાં અને તમરાંના ઉચ્ચારણ રૂપ કવાયત સધાય છે, એ પ્રકારે વિરહી જનના મન રૂપી ગઢ-કીલ્લા ઉપર મેઘે સિપાઇઓનાં જુથ્થ ટોળે કરી રાખેલાં છે. (૧૬)

अथ लाटानुप्रासकारकदीपकालंकार—सवैया.

झांकि झरोखनमें चढि चांदनि, पाय धमंक धमंक धरें;
बावरि भई बदरान बिलोकत, मेघ झमंक झमंक झरें.
मोरन सोर सुनें अंखिया जल, बुंद ठमंक ठमंक परें;
सागर लाग सहेलिनके गर, चंत चमंक चमंक मरें. ॥ १७ ॥

ટીકા—ધમ ધમ ધમકારો કરતી ઝરોખે ચડીને ચાંદની જોઈ ત્હાં વાદળાંને નિહાળી બ્હાવરી બની ગઈ! અને ઝરમર ઝરમર વર્ષાદ સ્રવે છે તથા મોરોના સોર સાંભળવાથી નેત્રમાંથી આંસુ-પાણીનાં બુંદ ઠમક ઠમક વહે છે, હે સા-

ગર ! સખીને કંઠે લાગી-વળગીને મનમાં ચમકી ચમકી ઉઠે છે. (૧૭)

अथ असंगति अलंकार–सवैया.

बागन कोकिल राग उचारत, लागत बांन बियोगन नारी;
घोर घटा चढिआई अटा, बिरहीन पटामें छटा सु कटारी.
पोंन धसें पुरवा धुरवा धर, दादुरवा सुरवा भय कारी;
श्रावनमें धन जीवनरे पति, संग सुरा भरि पीवनहारी. ॥ १८ ॥

ટીકા—બાગોની અંદર મોરો જે રાગોનું ગાન કરે છે તે વિજોગણી નારીને તીર જેવાં ભોકાય છે, ઘોર અંધારી વર્ષાદની ઘટા મેહેલ ઉપર ચડી આવી છે, તેનાં વાદળાંથી જે વીજળી ચમક ચમક ઝબકે છે–તે તો વિરહીનાં પેટ-ઉરમાં કટારી જેવો લાગે છે, પૃથ્વી ઉપર પૂર્વ દિશાનો પવન તથા ધુરવા ધસે છે, અને દેડકાંનો સુર થાય છે તે ઘણોજ ભયંકાર લાગે છે, આવા શ્રાવણ માસમાં તો તે જીવનને ધન્ય છે કે જેણે પોતાનો સ્વામિ સંગે સુરા-મંદિરાના પ્યાલા ભરી ભરીને પીનારી છે. (૧૮)

अथ जातिस्वभाव सुपदलाट अलंकार–कवित्त.

उठी घटा कारी यारी, लागत डरारी भारी; गिरियें अटारीके, कटारी मार मरीयें. बद्दरकी गाज मोर, दद्दर अवाज सुनि; अंतको समाज साज, अगहीतें परियें. बातही न कहीजात, ऐसें चित आत नित; संकर निवात जाय, निज घात करीयें. बेर बेर टेरतहें, फेरहू नें मिलो मींत; सागरजू याते मन, मार पीन धरियें. ॥ १९ ॥

ટીકા—ઘનઘોર વર્ષાદની ચડેલી શ્યામ ઘટાઓ ઘણીજ બિહામણી લાગે છે, માટે અટારીએથી પડતુ મૂકીએ કે પછી પેટમાં કટારી મારીને મરીએ ! વાદળાંની ગાજવિજ તેમજ મોર તથા દેડકાંનો સોર બકોર સાંભળીને લાગે છે કે જાણે અંત વખતનો સામાન સજીને પર્વત ઉપરથી પડતુ નાંખીએ ! વાત કહી કહેવાઈ જતી નથી અને નિરંતર મનમાં એમ થાય છે કે શંકર સ્થાનકે જઈને મસ્તક ઉતારી કમળપૂજા કરીએ-એટલે નીજઘાત કરીએ. વારે વારે કહીએ છીએ, પણ હે મિત્ર ! ફરીને મળતાજ નથી–તેથી ચિત્તમાં આવે છે કે જાણે ગોળીને વિખ પીઈ લઇએ ? (૧૯)

अथ समरूपक अलंकार–सवैया.

बद्दरके जु फनूंस किये माधि, दांमिनि दीपति दीप जगायें;
दद्दर घोर दशो दिश घूघुर, झिल्लिनके झनकार बजायें.
चातुक बींन नवीन बजें बन, मोरन जंगल के सुर लायें;
इंद्र धनूं चहूं चीर समीरके, सागर पेष सिकारि - आयें. ॥ २० ॥

ટીકા—વાદળાંરૂપી ફાનસ કરીને તે મધ્યે તેજસ્વી વીજળીનો દિવો કર્યો, દશે દિશાએ દેડકાંનો ધુરકાર તથા તમરાંનો ઝણકાર બજાવ્યો, અને ચાતુક રૂપ વનમાં નવીન વિણા વાગે છે, તેમજ મોરો ટહુકાર કરીને જંગલના સુર સાધે છે, ઇંદ્રધનુષ રૂપ ચાપ તથા વાયુ રૂપી બાણ લઇને હે સાગર! આ વર્ષાદ સિકારી બનીને આવ્યો છે. (૨૦)

अथ अलंकार समरूपक–सवैया.

क्वैला घटांनके आंन धरेहैं, छटांनकि ज्वालमुखी सु जगायें;
फुंक नरीन समीर झरी धुरवानके धूम दशो दिश धायें.
इंद्र धनूष समांन समारि, पतंग पतंगनके जु उडायें;
कुंदन बांम बियोगनि तावत, सागर मेघ सुनारव्हे आयें. ॥ २१ ॥

ટીકા—શ્યામ વાદળાંની ઘટાઓ રૂપ કોયલા આણી રાખેલા છે, તેમાં વીજળી રૂપ જવાળામુખી જગાડયો-સળગાવ્યો, વાયુની ઝડી રૂપ ધમણની ફુંકો ચાલે છે, અને ધુરવા રૂપી ધુમાડો દશે દિશાએ દોડતો જાય છે, ઇંદ્રધનુષ રૂપી સમાણીથી સમારી ગોઠવીને આગિયા રૂપ તણખાને ઉડાડે છે, એ પ્રકારે હે સાગર! વિજોગણ સ્ત્રી રૂપ કુંદનને તાવવાને આ મેઘરૂપી સોની આવેલો છે. (૨૧)

अथ एकावलि अलंकार–सवैया.

परसें पुरवा धुरवा धरसें, धरसें बढ़ि बेलि चढी तरसें;
तरसें चित चातुकके हरसें, हरसें दुति दांमिनि अंबरसें.
बरसें घन घोर घटा झरसें, झरसें धुनि बाढत दादरसें;
दरसें बिन मिंत ब्रहा सरसें, सरसें दिन सागरजू परसें. ॥ २२ ॥

ટીકા—પૂર્વનો પવન અને મેઘના વરા પૃથ્વીને. પરસે-અડકે છે, અને જમીનથી વેલ્યો વધીને ઝાડો ઉપર ચડે છે, તરશ્યા ચાતુકોનાં ચિત્ત આનંદ પામે છે, આકાશમાંનાં વાદળાંમાંની ચળકાટ કરતી તેજોમય વીજળિયો હુર્ષે છે, ઘનની અંધારી ઘટાઓ ઝડીથી વર્ષે છે, તેમજ ઝટાઓમાંથી દેડકાઓની ધ્વની વધી જાય છે, મિત્રને જોયા વગર વિરહ વધતો જાય છે–તેથી જે દિને સાગર આવીને મળશે તેજ દિવસ સરસ–ઉત્તમ અથવા ચડતો કેહેવાશે; જે દિવસે સાગરથી પરશીએ તેજ ઉત્તમ દિવસ ગણાશે. (૨૨)

अथ एकावलि अलंकार–सवैया.

तनसें बिरहा न बढेंगे तबेंही चढेंगे जबें बदरा घनसें;
घनसें धुरवा निकलेंगे तबें अकुलेंगे नहीं जिय बूंदनसें.
दनसें निशसो दरसेंगो तबें सरसेंगो नहीं दुख दामिनसें;

मनसें नहि जानहुगे मितवा कह, सागरजू कहिये तनसें. ॥ २३ ॥

ટીકા—જે સમયે મેઘથી વાદળાં ચડશે તે વખતે-તનમાંથી વિરહ વધશે નહીં; જહાં આકાશમાં છવાયલા વર્ષાદમાંથી વેરા નિકળશે ત્હારે ખરતાં બુંદ દેખી જીવ અકળાશે નહીં, વળી જહારે દિવસ, રાત્રિ સરખાં દિસશે ત્હારેજ વીજળી ઘણી પિડા કરશે નહીં; હે મિત્ર સાગર ! જહારે મનથી નહીં જાણ્યા ત્હારે તનથી (મુખથી) શું કહીએ ? (૨૩)

अथ प्रथम भद [illegible]र—कवित्त.

वढी बन मंजरी सो नेहकों बढाय गई, बढेंगई लता ऐसें बिरहा बढेंगयो; बारिद बिदाय भये, रीतहू न छांडी हम; चातुक चतुर सो तो, बांनी भेद देगयो. अंबके तरंग अब, अंबककों केगयोहे; जाहिर जवासा तन, झूरबो सो केगयो. सागर सनेही बिन्न, वरषा बितीत भये; आयत अनील सो उसासको सिखगयो. ॥ २४ ॥

ટીકા—વનની મંજરિયો ચઢી તેતો નેહ-પ્રીતિને વધારી ગઈ, અને ફુલ લતા વધી ગઈ એ પ્રકારથી વિરહ વધી ગયો, વર્ષાદ જતો રહ્યો તોય અમે વર્ષા ઋતુને છોડી નહીં, ઘણો પ્રવીણ-ચતુર ચાતુક હતો તેતો વાણીનો "પીયુ પીયુ" એવો ભેદ દઈ ગયો, જળની તરંગો-છોલ્યો હતી તેતો આંસુ-નીરની ધાર વહેવડાવવાનું નેત્રાને કહી ગઈ, તેમ વળી છચોકુ જવાસો પણ આ તનને ઝુરવાનું કહી ગયો, એ પ્રકારે હે સાગર ! એક સ્નેહી વગર વર્ષા ઋતુ વિતી પણ અનીલ જે વાયુ આવ્યો તે તો ઉસાસા ભરવાનું શીખવી ગયો.(૨૪)

अथ सम रूपक अलंकार—गाहा.

बन घन विष विल=सहियं, नहियं सहर नवंकुरं शाखा;

दामनि पुहप प्रफुल्ले, धारा धरिय झारिय मकरंदा. ॥ २५ ॥

ટીકા—(વિષ) સજલ ઘન રૂપી વન ખીલી-પ્રકાશી આવ્યું, ધુમાધુમ કરતી વરા રૂપી નવીન અંકુરવાળી શાખાઓ લચી પડીઓ; વીજળિયો રૂપ ફુલ પ્રફુલ્લિત થયાં ને વરસાદની ધારા રૂપ પુષ્પ રસ ઝરવા લાગ્યો. (૨૫)

नव नीरद उल्लहियं, छहियं घटाघोर मोरारव किं विर;

हणि दुख सहियं, कहियं पीय पीय कालिकंठा. ॥ २६ ॥

ટીકા—નવ નીરદ-નવીન ,જળ આપનાર વર્ષાદ ઉલ્લાસીને થયો, કાળી ઘોર ઘટાઓ અને મોરોના ટહુકાર છવરાઈ ગયા, તેમજ બપૈયા 'પિયુ પિયુ' ઉચ્ચરવા લાગ્યા, તે (આ) દુઃખને વિરહણી કેમ સહન કરી શકે ? (૨૬)

अथ रूपकोपमा[illegible]—गाहा.

कच कादंबणि लसियं, धसियं नयण बरण बर धारा;

स्वासा पवन प्रकासे, पावस होड विरम्हणी पहियं ॥ २७ ॥

ટીકા—કેશરૂપી મેઘમાળા શોભાપામી, તેઓના આંસુરૂપ વર્ષાદની ધારા જમીન ઉપર ધસી આવી, શ્વાસ રૂપી વાયુ પ્રકાસ પામ્યો, એમ વર્ષાદને અને વિરહણીને હોડ પડી. (૨૭)

अथ जातिस्वभाव अलंकार—गाहा.

घणह उमंडण समये, सौध सरेण विरहणी बणियं;
यंयं तण कण पाहियं, तंतं बढे बारुणी ज्वाला. ॥ २८ ॥

ટીકા—મેઘ ચઢી આવવાના વખતે સૌધ મેહેલ (શિર) ઉપર વિરહણી બનીને ઉભી રહી, અને જેમ જેમ તન ઉપર પાણીના કણ પડે છે તેમ તેમ પાણીમાં રહેતા અગ્નિના જેવી વિરહની જવાલા વધે છે. (૨૮)

अथ जातिस्वभाव अलंकार—दोहा.

गहरी घन गाजन पवन, दादर बादर देख;
मोरन सोरनसें हियें, बिपति विशेष विशेष. ॥ २९ ॥

ટીકા—વર્ષાદની ગહરી ગાજવીજ, વાતો વાયુ અને દેડકાં તેમ વાદળાંને દેખી તથા મોરના સોરથી હૈયામાં વિપત્તિ વધતીને વધતી જાય છે. (૨૯)

बरषा बिरह प्रबीनकी, बरनी सह बिस्तार;
भट्ट संग चरचा भई, सागर लिखें उदार. ॥ ३० ॥

ટીકા—પાવસ ઋતુમાં પ્રવીણને વિરહ દશા સંબંધી જે કુસુમાવળી સાથે ચરચા થઇ અને તે સર્વ સાગરને લખી મોકલી તે સર્વ વિસ્તારીને વર્ણવી. (૩૦)

गाहा.

वरषा बिरह प्रबीनं, बरनन चित दशा बिस्तारं;
उभ चालिश अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ ३१ ॥

ટીકા—વર્ષા ઋતુમાં બાળા પ્રવીણના ચિત્તની વિરહ દશાના વિસ્તારથી વર્ણનવાળી પ્રવીણ સાગર ગ્રંથની બેતાળીશમી લેહેર સંપૂર્ણ થઇ. (૩૧)

इतिश्रीप्रबीनसागरग्रंथेकलाप्रबीनवर्षाबिरहवर्ननोनामद्विचत्वारिंशतिमो लहरं. ॥ ४२ ॥

अथ रससागर वर्षाबिरहबर्नन प्रसंगोकत—दोहा.

पठयो कलाप्रबीनपें, सागर चरचा मित;
वह बर्नन वरषा बिरह, बरनों सबें प्रतंत. ॥ १ ॥

ટીકા—પાછળ કહ્યા પ્રમાણે રસસાગરે મિત્રોથી ચર્ચા ચલાવીને જે

પત્ર કળાપ્રવીણ ઉપર પાઠવ્યો, તે વર્ષાની વિરહપિડાનું સર્વ વર્ણન વર્ણવું છું. (૧)

अथ संभावनां अलंकार—सवैया.

बद्दर घोर चढेंगें दशोदिश, दद्दर मोर सु शोर करेंगें;
चातुक झिल्लवके सधहे रव, पल्लव कुंज लतांन भरेंगें.
अंबर फंद अनेक विलोकि, दिगंबर वृंद हिये हहरेंगें;
धीर प्रवीन धरेंगें कही विध, मिंत बियोगी हहा नमरेंगें. ॥ २ ॥

ટીકા—ચોતરફથી શ્યામ વાદળાંની ઘોર ઘટાઓ ચડી આવશે, દેડકાં તથા મોર સોર કરશે, બપૈયા અને તમરાંના સુર સાધશે, અને કુંજોની લતાઓ પાંદડાંઓથી ભરપૂર બનશે, આકાશના તરેહ તરેહના અનેક ફંદને વિલોકી મહાને મુનિવરો પણ હૈયાથી હારી જશે, તો હે પ્રવીણ! કહો કે હવે કયી વિધિથી ધીરજ ધરશે, આહાહા! હે મિત્ર! એથી વિયોગી મરશે નહીં? (૨)

तुंग उतुंग भये गिरिके हरि; वेलि तरंग तंरब्बर फूलहि;
दद्दर मोरन सोर भयो सरिता, सर संवर ढंपति कूलहि.
घोर घटांन अटांन छयो घन, साजि छटांन पटा झूलहि;
कैसें प्रवीन बचें बिरही जन, अंबर देखि दिगंबर भूलहि. ॥ ३ ॥

ટીકા—મ્હોટા અને ઉંચા ગિરિવરોનાં શિખરો લીલાં થઈ ગયાં, વેલ્યો અને તેના વેલાઓથી આવર્તાયલાં તરૂવરો સુંદર અને નાના પ્રકારના ફુલથી પ્રકાશી આવ્યાં, દેડકાં અને મોરોનો શોર થયો, ન્હાનાં મ્હોટાં સરોવર અને સરીતાઓએ જળથી કિનારાઓને ઢાંકી દીધા—એટલે છલકાવા લાગ્યા, વર્ષાદ અને વાદળાંઓની ઘોર ઘટાથી ઉંચા મેહેલની અગાશિયો છવરાઈ ગઈયો, વિજળીને સજી મેઘની વરાઓ જમીન ઉપર ઝઝુમી આવીયો, કહો—મિત્ર પ્રવીણ! આવા વખતના અંબરને દેખી વિરહી જન કેવી રીતે બચે! કે જેના પ્રભાવથી મહાન મુંનિવારો—દિગંબરો પણ ભૂલ ખાઈ જાય છે તો પછી અમારો તે શો આશરો? (૩)

अथ प्रथम भेदनिदर्शनालंकार—कवित्त.

दुर दुर दादुरा, प्रबीनजू बसे यों कहें; बन तन डोलत कहें कछू न कयिबो. पीय पीय चातुकी सो, बिषयों बदत बानी; धक धक जल धार, जपें प्रान जीयबो. जन जन झिल्लिगन, कहेंना प्रकाश कछु; चप चप चपला उचारतहें रीयबो. ब्रच्छ बेलि चढि चढि, बतावत मिंत राह; घोर घोर घटाके, अकत्र प्रेम पीयबो. ॥ ४ ॥

ટીકા—દૂર દૂર એ પ્રકરે દેડકાંઓ બોલી બોલીને પ્રવીણ દૂર વસે છે એમ કહે છે, વનનાં ઝાડો તનથી ડોલી ડોલીને ડોલવા સિવાય અન્ય કરવું

નહીં એમ કહે છે, 'પિય પિય' એમ શબ્દ કરીને વિખ પીઓ વિખ પીઓ એવી વાણીથી ચાતુકો બોલે છે, ધક ધકતી જળધારા ધકધક પ્રાણથી જપી જપીને જીવો એવું કહે છે, ઝણઝણ કરતાં તમરાંઓ દરેક જન પાસે કંઈ પ્રકાશ કરશો નહીં એમ જણાવે છે, અને ચપ ચપ સળકાટ કરતી ચપલા-વીજળી ચુપ રહો ચુપ રહો એમ ઉચ્ચારે છે, વેલ્યો ઝાડ ઉપર ચડી ચડીને મિત્રના માર્ગને બતાવે છે, ઘોર ઘોર ઘટાઓ તો ઘટાને આકારે પ્રેમને ઘોળી ઘોળીને પીઓ પીઓ એમ જણાવે છે. (૪)

अथ विरोधाभास अलंकार—सवैया.

घोर घटाके पटासें छटा, मनमथ्थ हृदे दमकी दमके;
रेंनहु मेंन पतंगन पंगति, प्रेम चितें चमकी चमके.
झिल्लव झार पहारनकी झर, अंग बिहा झमकी झमकें;
पावस मिंत प्रवीन प्रभंजन, 'पूर=नके' भ्रमकी भ्रमके. ॥ ५ ॥

ટીકા—કાળી અંધકાર ઘટાની દોડાદોડ કરતી પાણીની વાદળીઓમાંથી વિજળી તેમ હૃદયમાંથી મનમથ્થ-કામદેવ દમકયાં છે અને દમકે છે; રાત્રે ચેન-કામદેવ આગિઆઓની પંક્તિ અને પ્રેમ ચિત્તમાં ચમકયાં છે ને ચમકે છે; તમરાંના ઝણઝણાટ, વૃક્ષોની ઝાડી, પહાડોનાં ઝરણાં અને અંગમાં વિરહ ઝમકયાં છે ને ઝમકે છે. હે મિત્ર પ્રવીણ! વર્ષાદ, પવન અને પૂર્વાનુરાગ ભ્રમકયાં છે અને ભ્રમકે છે. (૫)

अथ कैतवापन्हुति अलंकार—सवैया.

भूमहि धूम छये घन झूमत लाइ लगी चपला चिहुं घातें;
जूह पतंग चिनंग उतंगनि, ऊडि चले 'पुरवा=इन' वातें.
पावस व्याज प्रवीनजु पावक, कीनें बिजोगिनके तन तातें;
दाओ लगे परदाउ लगावन आयेहें चातुक कोसी कहांतें. ॥ ६ ॥

ટીકા—ભૂમી ઉપર ઝઝુમેલા વર્ષાદ રૂપી ધુમાડો છાઇ ગયો છે, અને ચારે તરફ ચપલારૂપી લાય લાગી છે, આગિયાઓનાં ટોળાં-સમૂહરૂપી મહાન ઉતંગ તણખા પૂર્વના વાયુના વાવાથી ઉડી ચાલે છે, તો હે પ્રવીણ! એ પ્રકારે મિસ-બહાનાથી અગ્નિએ વિયોગિયોનાં તનને તાવેલાં છે-પરંતુ દાઉ ઉઠયા ઉપર વળી દાવ લગાડવા સારૂ બપ્યાને મિસે આ કોશી (કાળો કોશીર) પક્ષી કયાંહાંથી આવ્યો છે? (૬)

अथ समरूपक अलंकार—सवैया.

डोर लला चपलाकि कला अरु, भ्रूव भला[1] सुरचाप निहारो;

[1] ભ્રુવભલા ને બદલે અસલ પ્રતિમાં "વક્રપલા" પાઠ છે.

गोल गटा घनकीजु घटा बरुनी सु पटा जलको बिसतारो.
सेत जगा सु बगाकी खंगच्छन तारे तगा पतगांको उज्वारो;
प्यारे प्रवीन बिनां दुखियां अखियांनमें इंद्र कियोहे अखारो. ॥७॥

ટીકા—નેત્રના ડોળા અંદરની રાતી રેખારૂપ વિજળીની કળા છે; સુંદર ભ્રકુટી રૂપ પચરંગી ઇંદ્રધનુષ છે, કાળી અને ગોળાકાર કીકી રૂપ મેઘની ઘટા છે, પાંપણો રૂપ મેઘધરા પાણીને વિસ્તારે છે, ધોળા ભાગ રૂપ બગલાની હાર છે, (ખ) આકાશમાં (ગછન) જવાની છે, ચળકતા સતારા[1] રૂપ પોપચાપર લગાવેલ આગિયા જીવડાનું ઉજીઆરૂં છે, એ પ્રકારે પ્યારી પ્રવીણ વગર આ દુઃખી આંખ્યોમાં વર્ષાદે અખાડો જમાવ્યો છે. (૭)

अथ यथासंख्य संदेहको संकर अलंकार—कवित्त.

धुरवाके गन जोध, बादर विभूति गज; गाजन अवाज डाक, दुंदभी समुररे. दांमिनीके ज्वाल खग्ग, बुंद धसें गंगा बांन;. चातुकी मयूर सिंगि, तूरसें कहररे. पटा जटा शेल साज, चाप पोरके पताखा; दादुरके बाजे मुख, अर ब पखररे. बरषा के बामदेव, कामराज बाहनीहें; पंथिक प्रवीनसें, नवीन बात कररे. ॥ ८ ॥

ટીકા—આતે ધુરવા, ગણ કે જોધ્ધા છે?-આતે વાદળાં, વિભુતી કે હાથીઓ છે? આતો વીજળી-અગ્નિજવાળા કે તેજસ્વી ખુલ્લું ખડ્ગ છે? આતે બુંદ ધારા ચાલે છે-પવિત્ર ગંગા નદીનો પ્રવાહ ધસી ધસી આવે છે કે બાણ વર્ષે છે? આતે ચાતુક તેમ મોરના શબ્દો છે કે શીંગી કે રણતુર વાગે છે? આતે પાણી (મેઘના વરા) માથાની જટા છે કે પછી તૈયાર કરેલાં તીર છે? આતે ઇંદ્ર (વર્ષાદ) નું ચાપ, ચંદનનો લેપ કે ધ્વજાઓ છે? આતે દેડકાંનો સોર, ગોમુખ નામનું વાજીત્ર કે અરબ્બી પખ્ખર બોલે છે? આતે વર્ષાદ છે, મહાદેવજી છે, કે રતિરાજની ફોજ છે.? હે પંથીક! ત્હાં જઇને પ્રવીણથી આ નવીન વાત કરને! (૮)

अथ समरूपक अलंकार—सवैया.

घोर घटा घन बुंदनमें निश, दामिनिसें दब क्योंन रयोहें;
चातुक मोर चकोरन स्रोरन, दादुरसें डरहू न लयोहें.
जोत बयार लगें सु जगें तब, जानपरें जु गयो न गयोहें;

[1] આ અર્થ તાણીતુસીને કર્યો છે કેમકે- તારે અથવા તારા આંખની કાળી કીકી નું નામ છે,. તે ઠેકાણે ગ્રંથકારે શ્વેત ચળકતો ભાગ કલપ્યો છે માટે ગ્રંથકારની કલ્પના સાચી રાખવા સતારા વાપરેલ છે, તેમ તે યોગ્ય પણ છે કેમકે સ્ત્રીઓ આંખ્યોના પોપચાપર સતારા હારબંધ ચોડે છે, (એ સિવાય " વરૂપલા " ગોલગટા વિગેરે ભૂલ્યો છે.

प्यारे प्रबीन निदांन करो कछु, पावस प्रांन पतंग भयोहें. ॥ ९ ॥

ટીકા—ઘોર ઘટા, વર્ષાદનાં બુંદ, નિશા-રાત્રિ અને વીજળીથી દબાઈ કેમ રહ્યો નથી! બપૈયાં-મોર-ચકોર તેમ દેડકાંઓના સોરથી ડરી રહ્યો પણ નથી, જોત અને વાયુ લાગે છે ત્હારે જણાય છે કે તે ગયો કે નથી ગયો! હે પ્યારે પ્રવીણ! કાંઈક નિદાન-ઉપાય કરો કારણ કે આ વર્ષા ઋતુને લીધે અમારો પ્રાણ પતંગરૂપ બની ગયો છે. (૯)

अथ संभावनालंकार-सवैया.

चातुक मोरन सोर भयो, चिहुंओरन घोर घटा गरजी;
सीर समीर शरीर दहें, अशरीर न मांनतहें अरजी.
कैसें सहें निवहेंगे कहीं बिध बीज थहें नरहें वरजी;
पावस आए न आए प्रबीन, हहा करतार कहा सरजी. ॥ १० ॥

ટીકા—ચાતુક અને મોરોના બોલવાનો સોર બકોર થયો, ચારે બાજુ ઘોર અંધારી-કાળીમેંશ ઘાટી ઘટાઓ ગર્જના કરવા લાગી, શીતળ પવનની તરંગો શરીરને દહે છે, તો પણ જેને શરીર નથી એવો અનંગ-કામદેવ અરજી સાંભળતો નથી-તો કેમ કરી એ પિડા સહીએ? અને કેવી રીતે નભીએ! આ વીજળી વિત્યા છતાં પણ કોઈ રીતે રહેતી નથી, વળી આ ચાતુર માસ આવ્યા છતાંયે પ્રવીણ તો આવ્યાં નહીં,-અરેરે! કિરતારે તે આ શું સરજ્યું? (૧૦)

अथ समरूप अलंकार-कवित्त.

बक पंत फूलनकें, भूपन फिलाय॰डारे; वंदनको भाजन सो, बूढन फलादहें. सुर चांप सोच भरी, भ्रकुटी चढाय राखी; बारद अपार धार, अंबक प्रबा वहें. चढिआई घटा श्याम, बिथुरें सु केश वांम; चातुकी उचार, पीय पीय रसना कहें. पुरव प्रचंड पोंन, प्रथुल उसास भरें; पावस प्रबीनजू बियोगनी बनी रहें. ॥ ११ ॥

ટીકા—બગલાની પંક્તિરૂપ ફુલોનાં આભૂષ-ઘરેણાં ચારે તરફ પાથરી મુક્યાં છે, ચાતુર માસમાં ઉત્પન્ન થતા લાલ જીવડા અને પાકેલા લાલ ફળો આદિક સિંદુરનાં પાંદડાં છે, (અથવા ચોમાસામાં થતા લાલ જીવડારૂપ સિંદુરનાં પત્રો ફેલાવી દીધાં છે.) આકાશમાં ખેંચેલા ઇંદ્ર-ધનુષરૂપી વિહ્વાલતા યુક્ત ભમરોવાળી ભ્રકુટી તાણી રાખી છે, મેઘની અપાર ધારારૂપ આંસુની-નીકો વહે છે, ચડી આવેલી કાળી ઘટારૂપ સ્ત્રીના વિખરાયેલા કેસછે, કામની કેસરૂપ શ્યામ ઘટાઓ પથરાઇ રહી છે, ચાતુકીના ઉચ્ચારરૂપ રસના-જીભ "પિયુ પિયુ" એવું સ્મરણ કરે છે, પૂર્વનો પ્રચંડ વાયુરૂપે ભારે ઉસાસા ભરે છે, એ પ્રકારે વર્ષાદ પ્રવીણની માફક વિયોગણી રૂપ બની રહેછે. (૧૧)

सवैया.

अंबरतें गिरतें धरतें सरतें सरितें, धुरवा जल धावें;
खनतें तनतें मनतें असुवा, अरु स्वेद सनेह वढावें.
दादुर मोरन सोरनतें, धन घोरनतें दरतेंजु बचावें;
कंठ प्रबीन भुजा धरकें भरिकें, करि आसव पावस पावें. ॥ १२ ॥

ટીકા—આકાશથી-ગિરિથી-ધરતીથી-સરોવરથી-સરીતા-નદિયોથી અને વર્ષાદની ધુરવાથી જળના ધોધ ધાઈ ધાઈ આવે છે;-નેત્રોથી-તનથી, અને ચિત્તથી એમ એક એક પછી આંસુ-સ્વેદ તથા સ્નેહને વધારે છે, દેડકાં અને મોરના બકવાથી તથા મેઘના ભારે ગર્જનાયુક્ત અંધકારની બીકથી પ્રવીણ જો ગળામાં હાથ નાખી-આસવ કહેતાં મદિરાનાં પાત્ર ભરી ભરીને વર્ષાદમાં પાય તો બચાવે. (૧૨)

अथ समरूपक अलंकार-सवैया.

अंवर बीज पितंबर सोहत, चंदन सो सुर चांप चढायो;
फाटिक माल बनी बक पंतन, बीन प्रबीन सिखीन बजायो.
चातुक दादुर गांन उचारत, कामिके चित कलेश लगायो;
छूटे घटासें पटासो जटा छवि, बारद नारदसो बनि आयो. ॥ १३ ॥

ટીકા—ગગનની વીજ રૂપ પીતાંબર શોભે છે, ચંદન ચર્ચેલું છે તે આકાશમાં તાણેલા ઇન્દ્રચાપની પેઠે જણાય છે, બગલાંની પંક્તિરૂપી સ્ફટિકની માળા બની છે, મોરના ઉચ્ચારણ રૂપી બીન બજાવે છે, ચાતુક અને દેડકાંના બોલવા રૂપ સુંદર ગાન ઉચ્ચારીને કામી જનના ચિત્તમાં કલેશ પ્રગટાવે છે, એમ હે પ્રવીણ! વર્ષાદની ચઢેલી ઘટાથી છૂટીને દોડી આવતા પટા રૂપ ખુલ્લી જટાની છબિ બનાવીને આ બારદ-મેઘ નારદમુનિ જેવો બનીને આવ્યો છે. (૧૩)

अथ स्मृतिमान अलंकार-कवित्त.

झुंड आये बकवा, प्रचंड आए सुरचाप; मंड आए मघवा, उमंड आए धुरवा. रंग आए कुंजन, पतंग आए पात पात; श्रंग आए हरिता, उमंग आए मुरवा. घोर आए बदरांन, तोर आए चातुकीकों; मोर आए दादुर, करोर आए सुरवा. दांमिनि नवीन छवि, दिश दिश कींन आए; अजहू न आयेरी, प्रबीन मिंत पुरवा. ॥ १४ ॥

ટીકા—બગલાંનું ઝુંડનું ઝુંડ આવ્યું, મહા પ્રચંડ ઇંદ્રનું ચાપ આવ્યું, ઉલટી ને વર્ષાદ આવ્યો, ધુરવા જે વરા તે ચડી ચડીને-અમલઈ અમલઈને આવ્યા,

વન-ઉપવનોની કુંજોમાં નવો રંગ ચડી આવ્યો-અર્થાત્ કોમળ કુંપરો ફુટી આવીઓ, પાત્રે પાત્રે પતંગિયા આવ્યા, ગિરિવરોનાં શિખરે શિખરે લીલાસ આવી, મુર્વી (મોરવેલ) નામની વેલ પ્રફુલ્લી ઉઠી, ઘમઘોર વાદળાંની ઘટા ચડી આવી, ચાતુક પક્ષીઓનાં ઝુંડનાં ઝુંડ આવ્યાં, મોરો આવ્યા, કરોડો દેડકાંનો સુર આવ્યો, દિશાએ દિશાએ નવીન વીજળિયોની છબી ઝબકી આવી, તો પણ હુજુ પૂર્વામિત્ર પ્રવીણ આવ્યાં નહીં. (૧૪)

अथ समरूपक अलंकार—सवैया.

भील धर्से धुरवा धर ऊपर, नील गीरब्बर अंबररे;
फंद घटा घहरावतहें अरु, चातुक सीत बजे सररे.
श्रावन मीर सीकार चृढ्यो अरु, कच्छ प्रबीन रहे पररे;
बीजके बाज उडावत आवत, तूं न बचे जिय तीतररे. ॥ १५ ॥

ટીકા—મેઘના ધુરવા રૂપ ભિલ્લો ધરતી ઉપર ધસમસે છે, ગિરિવરોની લીલાશ રૂપ વસ્ત્રો પહેરેલાં છે, વર્ષાદની ઘોર ઘટા રૂપ ફંદ ફેલાવે છે, બપૈયાના સ્વરરૂપ ટીપ વાગે છે, અથવા બાપૈયાના સ્વરની ઉચ્ચાર રૂપ સિકારિયો સીટી વગાડી એક બીજાને સમજાવે છે, એવી રીતે શ્રાવણ માસ રૂપ અમીર સિકારે ચડયો છે અને પ્રવીણ રૂપ બેટ દુર રહ્યો છે, તે વીજળી રૂપ બાજને ઉડાવતો આવે છે તો હે, તેતર રૂપ જીવ! તું બચવાનો નથી-અર્થાત બેટ પાસે હોય તો ત્હાં ઉડી જાય તો ફરતા પાણીને લીધે કોઈ આવી શકે નહીં પણ તેમ નથી. (૧૫)

दोहा.

चातुक सीत समीर सर, श्रावन मीर मीकार;
बीज बाज फंदा घटा, जिय तीतर अनुहार. ॥ १६ ॥

ટીકા—ચાતુક પક્ષીના ઉચ્ચારણ રૂપી ટીપ, ઠંડા વાયુરૂપી સાર-બાણ, શ્રાવણ માસ રૂપી ઉમરાવ સિકારે ચડનાર, ઘટા રૂપી ફંદ; વીજ રૂપી બાજ અને તેતર રૂપી જીવ. (૧૬)

अथ स्मृतिमान् अलंकार.-कवित.

वारमें सुढार चिहुओर झुके भार भरे; मुक्त हार जैसें, बक जित तित घेर घेर. कज्जर करनार जैसें, घटासें मकार सेर; नेंनकी कटाच्छसी, छटाकी छबि फेर फेर. कासमीर कुकुमकी, आड जैसो इंद्र धनु; बेंदीके समान बूढ, हार्यो मन हेर हेर. वानीके समान बांनी, चातुक मयूर ठानीं; मितवा प्रबीन जूकी आवे टेर टेर. ॥ १७ ॥

ટીકા—માથાના કેશ બરોબર, ચારે તરફ અતિશય જળથી ભરપુર વ-

પીંદની રીંછડીઓ ઝુકી રહીયો છે; મુક્તાફળ-મોતીઓના હાર બરોબર બગલાનાં ટોળેટોળાં જહાં ત્હાં ધેરેધેર ઊડતાં જણાય છે; કાજળની કનાર-રેખા જેવી ઘટાથી શેર પસરી છે, આંખ્યોની કરડી કટાક્ષ જેવી-ફેરે ફેરે વિજળીની છબી ઝબુકા દેછે; કેસર અને કુમ કુમની આડ જેવું ઇંદ્રધનુષ તણાયું છે; તરેહ તરેહનાં નંગથી જડેલ બીંદગી સમાન ચોમાસામાં થતા લાલ (ઇંદ્રગોપ) ને નિરખી નિરખીને આ મન હારી ગયું છે; અને તમારી સુંદર વાણીની સમાન ચાતુક અને મોરોએ ટેહેંકારેલી વાણી સાંભળીને પોકારી ઉઠવાની જોડે મિત્ર પ્રવીણ વારે વારે યાદ આવે છે. (૧૭)

अथ समरूपक अलंकार—सवैया.

आज घटाकी अटाके झरोखन, राजतहें रति राज सभा भर;
पंच सदी चिहुंओर बदी धुनि, चातुक मोर प्रबीन संधे सुर.
जेर किये बीरहीन वहे जस, आरति बीज उतारति ऊपर;
मोतनकी वरषा बरषावत, पावत दांन गुनाजिन दद्दर. ॥ १८ ॥

ટીકા—આજ મેઘની ઘટા રૂપ અટારીના ઝરોખામાં રતિરાજ કહેતાં કામદેવ સભા ભરીને બેઠેલા શોભે છે, ચાર તરફ થતી ગર્જનારૂપી પંચશબ્દી વાજાં વાગે છે, અને ચાતુક તથા મોરો મધુર ટાહુકા કરી હે પ્રવીણ! સુર શાધે છે; જેર કરેલા વિરહીજનો જેના યશનું રટણ ટરે છે, તે ઉપર રહેલી વીજળી આરતી ઉતારે છે, વળી તે ઉપરાંત બુંદનારૂપ મોંતિયોના વર્ષાદને વરસાવે છે, જે દાનને દેડકાંરૂપી ગુણીજનો મેળવે છે. (૧૮)

अथ समृतीमान् अलंकार—सवैया.

चातुक कीरन सोर बनेंबो रि, मोरन ठोरन ठोर नचेबो;
छाई सटांन पटांनकि आवन, रूप घठांन छटांन रचेबो.
दद्दर झिल्लनके गंनकी धुनि, कीजतहें सुन प्रांन तजेबो;
आय बिनां न बनेंगो प्रबीनजू, पावसमें बिरहीन बचेबो. ॥१९॥

ટીકા—બપૈયા અને પોપટના સોર-બકોરરૂપી બનાવો, વળી જગાએ જગાએ મોરોનું નાચવું, વાદળાંની છુટતી શેર્યોનું ઉપરાઉપર આચ્છાદન થવું, વર્ષાદના મારઝુડ ઘોધનું આવવું, વળી છવાયેલી ઘોરઘટા રૂપ અને વીજળીયોની રચના જોઇને; તેમ દેડકાં અને પતંગીઆઓની ધ્વની સુણીને આ પ્રાણ તજી દેવાનું કરે છે, માટે હે પ્રવીણ! હવે તો આવ્યા વિના છુટકો નથી-કારણ કે આ વરસાદના દિવસોમાં અમો વિયોગી બચિયે એમ નથી. (૧૯)

अथ समरूपक अलंकार—सवैया.

दद्दर घंट झिली सुर घूघुर, मोरन संकर सोर बजाये;

गाज धुनीं बक पंतन दंतन, बंदन बीज कला लपटाये.
ऋच्छ उपारतहैं बिरही मन, बुंदनके फुंतकार उडाये;
इंद्र घटा से प्रवीन यहें रति, राजके छूट पटा झर आये. ॥ २० ॥

ટીકા—દેડકાંના ડેંડાઉ ડેંડાઉ રૂપી ઘંટ, પતંગિયાના સુર રૂપી ઘુઘરમાળ અને મોરોના ટેહુંકાર રૂપી લોઢાની સાંકળનો ખણખણાટ, ગર્જનાની ગંભીર ધ્વની–ગડગડાડ જોડે બગલાની પંક્તિની માફક દાંતની હાર, ઝબુકતી વીજળી રૂપી પુરેલા સિંદુરની કળાથી લપટાયેલો, વિરહીના મન રૂપી વૃક્ષને ઉખાડતો અને પાણીનાં બુંદ રૂપ ફુત્કારને ચોમેર ફેંકતો આવે છે; તો હે જીવન! આ ઇન્દ્ર–વર્ષાદની ઘટા જેવો રતિનાથનો મદઝર હાથી છૂટીને આવેલો છે. (૨૦)

कवित्त.

सज्जैत निरंत्र मन, तज्जत न प्रांन ध्यांन; गज्जत सघन तातें, लज्जतन गहरें. झरि झरि जार जार, बिरहिन डारें मार; फर्रे फर्रे ताहींपें, त्रिविध वात फहरें. जांन तन ब्रह्म कर्म, मर्म सर्म एतेपेंहि; धर्महीन आवत न मीनकेत महरें. परम प्रवीन प्रीत, आगरकों चाहें नित; कागर सरूप प्रेम, सागरकी लहरें. ॥ २१ ॥

ટીકા—મન તમારી સાથે નિરંતર એટલે અંતર વિના રહે છે–અર્થાત્ ઐક્યતા રાખે છે, અને પ્રાણ તો તમારૂં ધ્યાનજ તજતાં નથી ને મેઘ જ્યારે ગર્જના કરે છે ત્હારે પણ તમારા ધ્યાનને (લજ્જત ન) લળકાવતાં નથી એટલે ગ્રહણ કરેલ તમારા ધ્યાનથી ચળાયમાન થતાં નથી. તો પણ વર્ષાદ ઝડીથી (ઝરી) વર્ષીને અમો વિયોગીને બાળી બાળીને મારી નાખે છે, તેપર વળી શીત–મંદ અને સુગંધી એવો ત્રણ પ્રકારનો પવન ફરેર ફરેર વાઇને સંતાપે છે; એપર પણ પોતે બ્રાહ્મણ છતાં બ્રાહ્મણના કર્મ અને તેના મર્મ તથા લાજને ન જાણનાર ધર્મહીણ કામદેવને દયા આવતી નથી. માટે હે, પ્રવીણ! હવે તો હમેશાં પરમ પ્રીતિથી તમોરૂપ અગર એટલે સમુદ્ર કિનારાનો નિવાસ અથવા ઘર અને તમારા કાગળરૂપ પ્રેમ સમુદ્રની લહેર્યોને ચાહિયે છેયે. (૨૧)

सवैया.

घोर घटा मेंहराए उठी घन, आगम बूंद छुहा छरकें;
दांमिनिं जोत जगी झिलवा, उमगे मुरधा धुर दादरकें.
मीत समीर चली पुरवा धुरवा धसि आवत अंबरकें;
पावस साज विलोक प्रवीन, बिहालहें मांन ब्रिही नरकें. ॥ २२ ॥

ટીકા—અંધારી મેઘ ઘોર ઘટાઓ ગર્જના કરી ઉઠી, વર્ષાદના આવવાને

લીધે બુંદ-ફોરાં છંટાયાં, વિજળી રૂપી મહા કાન્તિ પ્રગટી, પતંગિયાં ઉભરી આવ્યાં, મોર અને દેડકાંઓ બોલેવા લાગ્યાં, પૂર્વ તરફથી શીતળ વાયુની લહેરો ચાલવા લાગીઓ, અને અંબર જે આકાશ ત્હાંથી પાણીના ધુરવા ધસી આવવા લાગ્યા, હે પ્યારી પ્રવીણ! એ રીતિનો વર્ષાદનો સાજ નિહાળીને વિરહી નરોના પ્રાણ બેહાલ રહે છે. (૨૨)

अथ स्मृतीमान् अलंकार–सवैया.

ज्यों ज्यों घटा चढि आवत अंबर, त्यों त्यों पटामें छटा छबि छाई.
ज्यों ज्यों दशो दिशकोंधत दामिनि, त्यों त्यों गजे घनकी गहराई.
ज्यों ज्यों यहें धुनि बारद बादर, त्यों त्यों मलार मयूरन गाई;
ज्यों ज्यों नवीन शिखीन सधे सुर, त्यों त्यों प्रवीन छबी चित आई. ॥२३॥

ટીકા—જેમ જેમ ગગન મંડળની ઘટાઓ ચડી આવે છે તેમ તેમ તેના પટામાં વીજળીની છબી છવાઇ, જેમ જેમ દશે દિશામાં વિજળી કોધીત થઇ ઝબુકે છે તેમ તેમ ઉંડાણમાં મેઘની ગર્જના થવા લાગી, જેમ જેમ આકાશમાં છવાયલાં વાદળાંમાંથી મેઘની ગંભીર ગર્જના થઇ તેમ તેમ મોરોએ મલાર રાગ ગાયો, જેમ જેમ મોરોએ નવીન સુર ખીલાવ્યા તેમ તેમ પ્રવીણની છબી ચિત્તમાં આવી. (૨૩)

अथ छेकानुमार अलंकार–कवित.

फरर फरर पोंन, थरर थरर कुंज; घरर घरर घोर, झरर झर घहर. कहक कहक केकी, लहक लहक लता; चहक चहक झिल्लि, डहक डहक दहर. चरत करत बीज, फरत फरत कटि; सरित भरित पूर, हरित गिर चहर. गहें गहें पांन बीन, चहें चहें गांन लींन; अहे अहे रे प्रवीन, लह री लह कहर. ॥ २४ ॥

ટીકા—ફરર ફરર પવન વાય છે–તેથી થરર થરર કુંજો થરકે છે; ઘરર ઘરર ઘોર અવાજ ગર્જે છે; ઝરર ઝરર વાદળાં ઝરે છે; કહુક કહુક કેકી કહેતાં મોરો ટહુકા કરે છે; લહુક લહુક લતાઓ ઝઝુમી રહી છે; ચહુક ચહુક પતંગિયાઓ બોલે છે; ડહુક ડહુક દેડકાંઓ ઉચ્ચાર કરે છે; મહા પ્રચંડતાથી વીજળીઓ ચમક ચમક ચમકારા દેછે; ફરર ફરર પતંગીઆઓ બોલે છે; પુર પાણીથી સરિતાઓ ઘુ ઘુ કરતી અને છલકતી ચાલેછે; લીલાશની લીલી ચાદરને ગિરિવરોએ ધારણ કરી છે; આવા રળિયામણા વખતે કેરમાં બિન ઝાલીને ગાયનમાં ગાવાને વારે વારે ઇચ્છીએ છીએ; ઓ–અરેરે! મિત્ર પ્રવીણ! હવેતો ધ્યાનમાં લ્યો અને કહર સુણો ?. (૨૪)

अथ जातिस्वभाव अलंकार–सवैया.

आज घटा घन घोर उठी चिहुं, ओरन मोरनकी धुनि बागी;

भूपर भेक अनेक भरे रव, इंद्र धनू तडिता दुति जागी.
फूल सुधा मुक्ताफल धारत, द्वार बधाई बजी बडभागी;
बान अनंग चिनंगे हलाहल, बूंद प्रवीन बियोगनि लागी. ॥ २५ ॥

ટીકા—આજે વર્ષાદની અંધારી ઘોર ઘટાઓ ગાજી ઉઠી, ચોદિશે મોરોની ધ્વની સંભળાઇ, ભૂ-જમીન ઉપર અનેક દેડકાંઓએ સ્વર ભર્યા, ઇંદ્રિચાપ સાથે વીજળીની જ્યોતિ પ્રગટઇ, કેટલાક જનો ફુલ, સુધારસ તેમ મુકતાફલને ધારણ કરે છે, અને મહા ભાગ્યશાળીને બારણે વધાઇઓ વાગી—છતાં હે જીવનહાર પ્રવીણ ? વિયોગીને તો આ મેઘનાં ફોરાં અનંગનાં બાણ, અગ્નિની ચીનગારીઓ અને હળાહળ વિખનાં બુંદ સમાન લગ્યાં. (૨૫)

अथ समरूपक अलंकार—सोरठा.

गरल घटा यह मेह, बूंद बान दामिनि अगन;
सीतल सघन सनेह, बरषेंगो देखे बदन. ॥ २६ ॥

ટીકા—આ વખતે તો હળાહળ ઝેર રૂપ ઘટાથી ઉમટી આવેલો, વીજળી બરોબર અગ્નિથી ભરેલ,-આ મેઘ બુંદરૂપી બાણોથી વરસે છે, છતાં જ્હારે આપનું બદન નિરખીશું ત્હારે એજ વર્ષાદ શીતળ-મનોહર અને સ્નેહથી વરસશે. (૨૬)

गाहा.

नयणा कत मकरंदी, हंसा गमंण गमण सरभरियं;
आनन शशि अणुहारे, पावस गहिय सहिय किंबिरही. ॥२७ ॥

ટીકા—હે પ્રવીણ ! તારાં નેત્રની આકૃતિ જેવાં કમળ અને તારી ગતિની બરાબર ગતિ કરનાર હંસ—અને તારા મુખને અણુસારે ચંદ્ર, તે ત્રણેને વર્ષાદે ગ્રહણ કર્યા છે,—માટે તમારા વિયોગવાળો હું શી રીતે તેમને સહન કરી શકું ? (૨૭)

ऐपे बालं बालं, मति बिंबेण बिंब अवलोकैं;
भालं प्रभा रसालं, किं काजेन बंदियं चंदा. ॥ २८ ॥

ટીકા—હે બાળ બુધ્ધિશાળી આલમ ! ચંદ્રના પ્રતિબિંબરૂપ આ બાળાના મુખરૂપ બિંબને જુવો, કારણ કે આવા રસાળ પ્રભાયુક્ત ભાલ-કપાળને છાડીને શું કરવાને ચંદ્રમાને નમોછો ? (૨૮)

सोरठा.

सागर मिंत समाज, प्रथा बिरह चरचा भई;
प्रति प्रवीन महाराज, लिखि सु भंखि मन दशा. ॥ २९ ॥

ટીકા—કુમાર રસસાગરે વર્ષાની વિરહ વેદનાથી થએલી મનની દશા મિત્રોની મંડળીમાં ચર્ચા ચલાવીને જે કાગળ પ્રવીણ ઉપર લખી પ્રાઠવ્યો—તે મનની બેહાલ થએલી દશાનું વર્ણન કર્યું. (૨૯)

अथ गाहा.

सागर बरषा बिरहो, बरनी दशा चित मितह लय;
मयतालीश अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ ३० ॥

ટીકા—મહારાજા રસસાગરે જે વર્ષાના વિરહથી મનની થએલી દશાનું વર્ણન મિત્રોને કહી સંભળાવ્યું તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની તેંતાલીશમી લેહેર સંપૂર્ણ થઈ. (૩૦)

इतिश्रीप्रवीनसागरग्रंथेरससागरवर्षाविरह~~निवेदनंनाम~~चत्वारिंशतिमो लहरं ॥ ४३ ॥

लेहेर ४४ मी.

अथ सिद्ध प्रसंगो यथा—छप्पय.

इहि बिधि चरचा चलत, उतें बीती षटहू रित;
बढ्यो प्रेम बिस्तार, बिरह ज्वाला नित बाढित.
अंबर भयो अवाज, वहै परतीत सुधारे;
निकट ओध निरधार, राह जोगेश निहारे.
उरमें उछाह सागर सु अति, जांनत सिद्ध सु आएगें;
उरमें बिशेष संशय बढे, सो प्रति उतर पाएगें. ॥ १ ॥

ટીકા—એ પ્રકારે ચર્ચા ચાલતાં તે ઠેકાણે છયે ઋતુ વીતિ એટલે એક વર્ષ પુરૂ થયું અને તેથી પ્રેમનો વિસ્તાર વધ્યો તેમ તેમ નિત નિત વિરહ જવાળા વધવા માંડી, પરંતુ ગગન મંડળથી જે ગર્ભિત વાણી થઈ—તેની પરતીત–વિસ્વાસ ધરે છે, તેમ મુદત પાસે છે એમ નિરધારી હમેશાં યોગેશ્વરની વાટ નિહાળ્યા કરે છે, હૃદયમાં મહારાજા રસસાગર ઘણોક ઉચ્છાહ ધરી જાણે છે કે હમણાં સિધ્ધ આવશે–માટે તેમની પાસેથીજ ઉરમાં વધી ગયેલા સંશયોનો પ્રતીઉત્તર મેળવીશું. (૧)

दोहा.

रस सागर उर धार यह, अति बाढे उच्छाह;
आवत ओध समीप ज्यों, त्यों त्यों हेरत राह. ॥ २ ॥

ટીકા—ચિત્તમાં એ પ્રમાણે નિશ્ચય કરવાથી મહારાજા શ્રીને અહિં હુ-ল্লાસ વધે છે; એટલુંજ નહીં પણ તે યોગેશ્વરને આવવાની અવધિ-મુદત જેમ જેમ સમીપે આવે છે તેમ તેમ એક ટસેને ટસે વાટ જુવે છે. (૨)

ऐसेमें उत्तर दिशा, ज्वालामुखी सु थांन;
तासें पर तापस रहें, प्रभानाथ अभिधान. ॥ ३ ॥

ટીકા—એવામાં ઉત્તર દિશા કે જહાં જ્વાળામુખીનું સુંદર સ્થાનક આવી રહેલુ છે, તેની પેલેપાર તાપસ-યોગી રહે છે, જેનું પ્રભાનાથ એવું નામ છે. (૩)

छप्पय.

तापस बहें पुरांन, सबें बिधि जांनत साधन;
उनहु जथा बिधि कीन, अगें ज्वाला आराधन.
भवा प्रसन तव भए, दरस जोंगेश्वर पाए;
देबि पाय बरदांन, पूर्न अभिशेकि कहाये.
धारणा ध्यांन फुनि जब धरहि, तब सरूप निरखे नयन;
कीजंत अरज कोऊ समय, प्रति उत्तर पावे बयन. ॥ ४ ॥

ટીકા—એ તપસ્વી ઘણા પુરાણા તથા સકળ વિધિયુક્ત સાધનને જાણે છે, એમણે યથાક્રમે આગળ ઉપર જ્વાળામુખીની ઉપાસના કરી હતી, તે સમયે ભવાની અંબે પ્રસન્ન થયાં-જેથી તે યોગેશ્વર ચંડીના દર્શનને પામ્યા તથા વરદાનને મેળવી પોતે પૂર્ણાભિશેકી કેહેવાયા, વળી ધારણા નીયુક્ત ધ્યાન ધરે છે તે વખતે તે ભગવતીના સ્વરૂપને નયને કરી દેખે છે, વળી કોઇ કોઈ સમેયે અરજ કરવાથી પ્રતિઉત્તરનાં વચનોને પણ પામે છે. (૪)

अथ वह सिद्ध बर्नन—छंद शंखनारी.

प्रभा नाथ नामीं, महा सिद्ध स्वामी; कछु नांहि खावे, पहाडं रहावे.
चखं नीद तज्जे, भवा ईश भज्जे; त्रिकालं समृति, त्रयं पंथ गत्ति.
दसं विद्य ज्ञानी, वदे सत्य वानीं; नकें लच्छ छोहे, समं हेंम लोहे.
बिनंति न रिज्जें, नकें गारि खिज्जें; बिनंता न लष्षे, समं द्रष्ट रख्खे.
नके मोह मायं, दमें आप काया; भवानी अराधे, महा मंत्र साधे. ॥ ५ ॥

ટીકા—પ્રભાનાથ નામે મહા સિદ્ધોના સ્વામિ છે, તે કંઇએ ખાતા નથી તેમ પહાડોમાંજ રહે છે, ચક્ષુથી નિદ્રા છાડી ઉમા-ઇશને ભજે છે, જેને ત્રણે કાળની સ્મૃતિ-જ્ઞાન છે; સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે પંથે જવાની જેની ગતિ છે, દશ મહાવિદ્યાના જ્ઞાની-જાણનારા છે, સત્ય વાણી બોલે

છે, કોઈ રીત્યે લક્ષ્મીને અડતા નથી, સોના અને લોઢાને સમાન ગણે છે, વિનંતીથી રીઝતા નથી તેમ ગાળો દેવાથી ખીજતા પણ નથી, વનિતાઓને લેખતા-જોતા નથી તેમ સમાન દ્રષ્ટી રાખે છે, જેને મોહ તથા માયા-પ્રપંચ નથી તેમજ પોતાની કાયાને દમે છે, બાદ નિરંતર ભવાનીને આરાધે છે તેમ ચંડીના મહા મંત્રને સાધે છે. (૫)

सोरठा.

उन सिध प्रत्य अवाज, एक समें उमया कही;
जहँ रससागर राज, उतें सु आप सिधाइए. ॥ ६ ॥

ટીકા—એ યોગેશ્વર પ્રત્યે એવો અવાજ એક સમે ઉમયાજીએ કહ્યો કે જહાં રસસાગરનું રજ્ય છે ત્હાં આપ જાઓ. (૬)

कही सु पूरव बात, ईश श्राप आपे बचन;
इतें सु उरबी जात, प्रेम बिरह अंबर उंकत ॥ ७ ॥

ટીકા—બાદ શક્તિરૂપ અંબાજીએ પૂર્વ વાર્તા-કૈલાસ ઉપરના મહા શિવરાત્રિના મેળા સમયે નિપજેલી શ્રાપ આદિ સર્વ પૂર્વની બિના કહી સંભળાવી, પછી આ લોકમાં અવતાર લિધા પછી પરસ્પર જોડાયેલી પ્રીતિ અને વિરહને લીધે બંનેએ શિવસ્થાનકથી વિખૂટાં પડતાં દેહપતન કરવાનો મનસૂબો-આકાશમાંથી થયેલી ઇશ્વરી વાણી, ઇત્યાદિ વૃત્તાંત સ્વામિને કહી બતાવ્યું. (૭)

उन प्रति कह्यो व्रतंत, उर अंदेश मिटाइवें;
दुहु निज घात चहंत; वहें बरज्ज इत आइयें. ॥ ८ ॥

ટીકા—એ પ્રકારે યોગીને વૃત્તાંત કહ્યા બાદ ઇશ્વરીએ કહ્યું કે એના હૃદયના અંદેશાને મટાડજો, તેમ તે બન્ને જણ ઘાત કરવાનું ઇચ્છે છે તેને વરજાવી-બંધ પાડીને આંહી આવજો. (૮)

तबें कही जोगेश, आप हुकुम जावें उतें;
उंन प्रति हम उपदेश, करें सु पूरन कीजियें. ॥ ९ ॥

ટીકા—ત્હારે યોગેશ્વરે ભગવતી પ્રત્યે હાથ જોડી કહ્યું કે આપના હુકમથી ત્હાં હું જાઉં છું, પણ તેમના પ્રત્યે હું જે જે ઉપદેશ કરૂં તે આપ જગદંબા દયા કરીને પરીપૂર્ણ કરજો. (૯)

श्रवा कही भव श्राप, टारयो जिन काहू टरें;
यहें बतावें आप, जासें सिधि आगें मिलें. ॥ १० ॥

ટીકા—ત્હારે ભવાનીએ કહ્યું કે ઇશ્વરનો દીધેલો શ્રાપ ટાળ્યો કોઇનાથી ટળે એમ નથી-પણ આપ એમ બતાવજો કે જેથી અગાડી તેમને સિધ્ધિ મળે. (૧૦)

दोहा.

कही सिद्ध फुनि एहं, करि बंदन कर जोर जुग;
कहनेहार कृहि देह, आपें उहे निभाइयें. ॥ ११ ॥

ટીકા—એ હાથ જોડી વંદન સાથે યોગીએ દેવી પ્રત્યે કહ્યું કે હે જગદંબા! કહેવા વાળો તો કહી દેશે પણ તેમને આપે નભાવવાં જોઇએ. (૧૧)

अथ तत्र सिद्धोक्त भवानी स्तुति–सवैया.

किंदरनी दरनी अरनी चख पें झरनी झरनी झरनी;
गोधरनी धरनी अध ऊरध, भो बरनी बरनी बरनी.
खेचरनी चरनी थिरनी थित हे तरनी तरनी तरनी;
मे हरनी हरनी जन संकट–श्री करनी करनी करनी. ॥ १२ ॥

ટીકા—"હે દેવી તમારૂં મહાત્મ જાણ્યાવિના કોઈ અજાણ્યા પુછે કે"– કિં દરની? (શું દળનારી=નાશ કરનારી?) તો તેનો ઉત્તર હુંજ આપું છઉંકે– તું શત્રુના દળની દળનારીછો; (અને સ્વજનને) આંખ્યોમાંથી અમૃત ઝરી (નિર્ઝર) ઝરણાની પેઠે (ઝરની) નદી રૂપે વહેછો; વળી હે જગદંબા ! પૃથ્વીને ધારણ કરનારી અને નીચેના સાત પાતાળ તથા ઉપરના સાત લોકને પણ ધરનારીછો; તેમજ (ભો=ભવ) શિવે વર્ણવેલી અને (વર્ણી) બ્રહ્મચારીઓયે સ્રીનો ત્યાગ કરેલો તેમ છતાં પણ (જેમ શંકરાચાર્યે સૌદર્યલહરી રૂપે તેમ) તમોને વર્ણવેલાં છે; તેમજ આકાશમાં ફરનારા તથા અસ્થિર અને સ્થિર પ્રાણિયોની તું સ્થિતિ રૂપેછો; તેમજ હે તરૂણ અવસ્થા વાળી! તું સૂર્ય રૂપથી પ્રકાશ કરનારી તથા વહાણ રૂપથી ભવ સાગરને તારનારાંછો; હે ભગવતી! તું ભયને હરનારી તથા શરણે આવેલા લોકોના શંકટને હરનારાં છો; તેમજ શ્રી કરની એટલે લક્ષ્મી કરનારી અથવા શોભા કરનારી અને સારી કરણી વાળી તથા સારી કરણી કરનારને શુભ કરણી કરનારીછો; અર્થાત્ મોક્ષ આપનારીછો. (૧૨)

दोहा.

यह अस्तुति तापस करी, धारयो उतें पयांन;
एते मध्य सरूप भो, उमा सु अंतर ध्यांन. ॥ १३ ॥

ટીકા—એ પ્રકારે તે તપસ્વીએ સ્તુતિ કરીને (જ્યાંહાં રસસાગર છે) ત્યાંહાં જવાનું ધાર્યું, એટલામાં તો દેવીનું સ્વરૂપ અંતરધ્યાન થઈ ગયું. (૧૩)

सिवा हुकुम सिद्धा लह्यो, आपें पंथ अकाश;
ईसा=लय गय अल भए, षट रितु द्वादश मास. ॥ १४ ॥

ટીકા—પાર્વતીજીના હુકમથી સિધ્ધે પોતે આકાશનો મારગ લીધો, અને

જ્હારે પૃથ્વીપર સાગરને આકાશવાણી થયાને ષટ્ઋતુ એટલે બાર માસ થયા તે સમયે શિવાલયમાં દાખલ થયા. (૧૪)

गाहा.

अध निश बहत व्रतंतं, ईश समीप सिद्ध कीय आसन;
मगटत प्रभा सु कंतं, सेवा उत प्रवेश किय सागर. ॥ १५ ॥

ટીકા—અર્ધ નિશા-રાત્રિનો વખત વિતતાં સિધ્ધે ઇશ્વરની સમીપમાં આવીને આસન કર્યું, બાદ પ્રભાતને લીધે સૂર્યની કાંન્તિ પ્રગટ થવાથી શિવજીના પૂજન વાસ્તે કુમાર શ્રી રસસાગરે શિવાલયમાં પ્રવેશ કર્યો. (૧૫)

खोलित किलक कपाटं शिव समीप सिद्ध दरसाए;
उर पूरब अभिलाषं, करि बंदना लगे बतरावन. ॥ १६ ॥

ટીકા—કુંચીથી મંદિરનાં કમાડ ઉઘાડયાં ત્હાં શંકરની સામે બેઠેલા સિધ્ધ દેખાયા—એટલે પ્રથમ થયેલી આકાશવાણીની વાત જાણવાની અભિલાષાથી તેમને વંદન કરીને રસસાગર તેમની સાથે વાતો કરવા લાગ્યા. (૧૬)

अथ वह सिद्ध स्वरूप वर्ननं छंद—सारसी.

बद्धं सु जट्टं पीत पट्टं एक लट्टं खुल्लियं; तेजं दिनंदं शील चंदं मंद मंदं बुल्लियं. नेनं कराला बिंदु लाला रुद्र माला लाहियं; आकाश पथ्थं ईश तथ्थं सिद्धनथ्थं आहियं. एकं सु पग्गं लोह लग्गं अंग नग्गं सोहितं; बीभूत चढ्ढं ग्यान गढ्ढं दीठ द्रढ्ढं जोहितं. बिद्यौ बिधानं सत्म बानं शूल पानं साहियं; आकाश पथ्थं ईस तथ्थं सिद्धनथ्थं आहियं. स्वासा सधंतं काल हंतं हेन ध्रतं पंतियं; मंत्रं उचारं सोष सारं रूप धारं गत्तियं.ज्वाला सु जप्पं तेज तप्पं काम कप्पं दाहियं; आकाश पथ्थं ईश तथ्थं सिद्धनथ्थं आहियं.बाला न ब्रद्धं जून सद्धं कोन लद्धं उम्मरं;आपें उपासी रिद्ध रासी संग बासी अम्मरं. शुध्धं शरीरं गंग नीरं मेम पीरं पाहियं; आकाश पथ्थं ईश तथ्थं सिध्धनथ्थं आहियं.॥१७॥

ટીકા—માથા ઉપર જેમણે જટાને બાંધેલી છે, પીળા પીતાંબરને પહેર્યું છે, માથાના કેસની એક લટ ખુલ્લી ફરકતી મુકી છે, સૂર્યની બરાબરનું જેનું તેજ છે, ચંદ્રમાના જેવો શીળો સ્વભાવ, અને ધીમી વાણીથી બોલે છે; નેત્રો જેનાં મહા કરાળ-ભયંકર છે, સિંદુરની લાલ બિંદગી લીલાટને વિષે કરેલી છે અને ગળામાં રૂદ્રાક્ષની માળા પેહેરેલી છે; એવા આકાશ માર્ગેથી તિર્થરૂપી ઇશ્વરના સ્થાનકે સિધ્ધોના નાથ આવ્યા. તે સિધ્ધનાથ કેવા છે:-જેમનાં એક પગને વિષે લોહાનું લંગર આવી રહેલું છે, શરીરે નગ્ન છતાં પણ શોભે છે, આખા શરીરે ભસ્મ ચર્ચેલી છે, જ્ઞાનમાં ગંભીર-દ્રઢ નજરથી જો-

નારા, સર્વ વિધાના વિધાનરૂપ, સત્ય વચનવાળા અને હાથમાં જેમણે ત્રિશુલ સાહેલું છે; એવા આકાશ પંથે કુંવર રસસાગરના તિર્થરૂપ શિવમંદિરે સર્વ સિધ્ધોના નાથ આવ્યા. સ્વાસને સાધીને પ્રાણાયમને કરનારા, કાળને હણનારા, જેને કોઇ રીતિની ભ્રાંતી નથી, ગુરૂ પરંપરાને જાણનારા, માહા મંત્રનું ઉચ્ચારણ કરવાવાળા, સાર વસ્તુને શોધવાવાળા, મન ઇચ્છીત ગતિ પ્રમાણે રૂપ ધરનારા, જ્વાળામુખીનો જાપ જપવાવાળા, નિજ તેજથી પ્રકાશ કરવાવાળા કામને કાપીને બાળનારા, એવા આકાશને પંથે તિર્થરૂપ શિવસ્થાનકે સર્વ સિધ્ધોના નાથ આવ્યા. બાળક કે વૃધ્ધ છે તે કાંઈ જણાતું નથી–ત્હારે તેની ઉમ્મરને તો કોણ જાણે? આપે નિજ સ્વરૂપની ઉપાસના કરનારા, રિધ્ધિના ઓથરૂપ, દેવતાઓની સંગે રહેનારા, શરીરે શુધ્ધ ગંગાજળ જેવા નિર્મળ, પ્રેમની પિડાથી વાકેફગાર,–એવા આકાશને પંથે તિર્થરૂપ સાગરના સ્થાપન કરેલા શિવમંદિરે સર્વ સિધ્ધોના નાથ–પ્રભાનાથ આવ્યા. (૧૭)

चोपाई.

सागर दरश सिद्धका पाया; बंदन किय हुलास हिय आया.
यह जांनीं अंदेश उर भग्गे; बैठ समीप बूझने लग्गें.
स्वामि तुम केहि ठोर रहाओ; कितलगि कोंन दिशासें आओ.
सिध्ध हसि मंद बोलनें लागे; हमें रहत ज्वालासें आगें.
फुनि कहि ईच्छा आप बुलाये; ओर न काम ईतें लगि आये.
सागर तबे सत्य मन मानी; अर्चन लगे साज बहु आनी.
आंन आंन बिध असन मगाये; सोतो सिद्ध काहु नाहिं खाये.
किय मनुहारन पट्टन आया; आसन सिद्ध उहांहि जमाया.
कुमर हमेश बंदनें आवे; पुजि महेश सिद्ध चरचावे;
तापस बडो प्रताप लषावे; प्रति आसय न बूझनें पावे. ॥ १८ ॥

ટીકા—કુંવર રસસાગરને સિધ્ધનાં દર્શન થયાં–ત્હારે હૃદયમાં હુલ્લાસ આણીને યોગીને નમસ્કાર કર્યા,–એમ જાણીને કે હવે મનના અંદેશા ભાંગીજશે; બાદ સમીપમાં બેસી પૂછવા લાગ્યા કે હે સ્વામિ! આપ કયે ઠેકાણે રહોછો? કયી દિશાથી આવોછો અને ક્યાં લગી જવું ધાર્યું છે? ત્હારે સિધ્ધ મંદ મંદ હાસ્યયુક્ત ધીમી વાણીથી બોલવા લાગ્યા કે, અમે જ્વાલામુખીની પેલી તીરે રહીએ છીએ, એમ કહી વળી કહ્યું કે આપનીજ મરજીએ આંહિં બોલાવ્યાછે, તથા અમારે બીજુ કાંઈ કામ નથી પણ ફકત આંહી સુધીજ આવ્યા છેયે, એ પ્રકારે સિધ્ધનું બોલવું મનમાં સાચુ જાણીને કુમાર શ્રી નાનાવિધ, પૂજાપાથી અર્ચના કરવા લાગ્યા, પછી ભાત ભાતનાં સ્વાદિષ્ટ મિષ્ટાન મંગાવ્યાં, છતાં સ્વામિયે તો કાંઈ ખાધું નહીં ત્હારે શેહેરમાં આવવાને કુંવરે સત્કાર સાથે અર્જ

કરી તોયે ન આવ્યા ત્હારે સર્વ પ્રકારથી બંદોબસ્ત કરી મહારાજા પુરમાં પધાર્યા, અને સિધ્ધે પણ ત્હાંજ-શિવાલયમાં આસન જમાવ્યું, કુંવર શ્રી રસસાગર નિરંતર શિવજીના વંદનાર્થે આવે છે, અને મહેશની પૂજા કર્યા પછી સિધ્ધ પાસે ચર્ચા કરાવે છે. તપસ્વી મ્હોટો પ્રતાપ દર્શાવે છે-તેણેકરી પોતાના મનના અભિપ્રાયના ઉત્તર સંબંધી કાંઈ મહારાજ પુછવા પામતા નથી. (૧૮)

दोहा.

वह बूझन पावत नहीं, बडो सिध्ध परताप;
रस सागर महाराज मन, मुरझत आपहि आप. ॥ १९ ॥

ટીકા—સિધ્ધના મહાન પ્રતાપ આગળ પેલી વાત તો પૂછી શકાતી નથી, તેથી કુંવરશ્રી પોતાના મનમાંને મનમાંજ મુઝાયા કરે છે. (૧૯)

भीर भार बासर बनें, बतियां खुले न चित;
सागर सुकवि सु सिध्धपें, आए निशि एकंत. ॥ २० ॥

ટીકા—દહાડે તો માણસોની ભારે ભીડ ભરાય છે તેથી મનની વાત ખુલ્લી થતી નથી, વાસ્તે એક દિવસે સાગર તથા ભારતીનંદ કવિ બન્નેજણ રાત્રીએ એકાંતને વખતે સિધ્ધ પાસે આવ્યા. (૨૦)

छप्पय.

सिध समीप महाराज, निशा नित बैठन आवहि;
बूझी जाय न बात, वही आपें न कहावहि.
बहत घोस दश पंच, निशा पर्वनी सु आई;
अंब अराधन काज, जोगि आसव मगवाई.
वह ले सु गए सागर सूकवि, उन एकंत अर्चन किये;
कीने बिसर्ज सागर कुमर, नीठ बोल तापस लिये. ॥ २१ ॥

ટીકા—સિધ્ધની પાસે મહારાજા હમેશાં રાત્રિને સમયે બેસવાને આવે છે-પણ વાત પૂછી જતી નથી તેમ યોગી પણ પોતે કેહેતા નથી, એ પ્રકારે દસ પાંચ દિવસ વિત્યા ત્હારે એક સમે પર્વણીની રાત્રિ આવી, ત્હારે અંબાજીના આરાધના વાસ્તે જોગીએ આસવ-દારૂ મંગાવ્યો, તે લઇને સાગર અને કવિ ભારતીનંદ બંનેજણ શિવાલયે ગયા, એટલે સિધ્ધે એકાંતમાં બેશી પૂજન કર્યું, જે પછી વિસર્જનાર્થે પૂજાની સમાપ્તિ કરીને તપસ્વીએ સાગર કુમારને પોતાની પાસે બોલાવી લીધા. (૨૧)

सोरठा.

जोग रीझ मन जांन, मन बूझन धारयो मतें;
उर आसय अनुमान, कछु मुसकाय कही सु सिध. ॥ २२ ॥

ટીકા—જોગી મનથી રાજી થયા છે જાણી સાગર કુમારે મનમાં વાત પૂછવાનું ધાર્યું—ત્યાં તો કુમારશ્રીના મનના આશયનું હૃદયમાં અનુમાન કરી તથા સ્મિત હાસ્યથી સિધ્ધે આ પ્રમાણે કહ્યું. (૨૨)

अथ सिध्धोक्त—छंद भुजंग प्रयात.

तुमें चितमें बुझनी बात ठांनी, महमाय सिध्धी हमें सोय जांमी;
यहें जोगधारी कितो प्रेम देखें, मनंकी परत्तीत ब्रत्ति परेखें.
कही कांमनीसें कहा प्रेम लाया, यही बातसें कोंनसा सिध्धि पाया?
अगें बालके ख्याल लंकेश लग्गा, गवाई मदें मोहसें आप जग्गा.
ऋषी नारिसें प्रेम देवेश लाए, भगाकार अनेक अंग बनाए;
वही नेहसें ध्यान माहेश छंडे, दुहीनं वही रीत कापाल खंडे.
त्रिया हेत चंद्रा कलंकी लहावे, बिनंता बधे' आपदाकों उपावे;
कहे सिध्ध मिथ्या सबें बात छंडो, उमा ईशको ध्यान आखंड मंडो.॥२३॥

ટીકા—હે સાગર ! તમે જે મનમાં વાત પૂછવાની ધારી છે તે જોગમાયાની સિધ્ધાથી અમે જાણી. પછી તે યોગીએ વિચાર્યું કે આને કેટલો પ્રેમ લાગેલો છે તે જોઇયે ? એવું વિચારી સાગરના મનની વૃતિને પ્રતીતિપૂર્વક પરખીને સિધ્ધ કહે છે કે:-અમુક કામનીથી પ્રેમ શું લાવ્યાછો ! અને એ વાતમાં કયો પુરૂષ સિધ્ધિને પામ્યો છે ? પૂર્વે એ સ્રીનો ખ્યાલ લંકેશ—રાવણને લાગેલો હતો, તો તેણે મદ તથા મોહથી પોતાની જગા—રાજધાની—લંકા ગુમાવી. વળી ગૌતમ ઋષિની નારિ જોડે દેવેશ—ઇન્દ્રે પ્રેમ આણ્યો—તેના પ્રતાપે શરીરે અનેક ભગ બન્યાં, વળી એજ નેહથી મહાદેવજીએ ધ્યાન છાડયું, એજ રતિથી બ્રહ્માનું કપાળ ખંડાયું; એજ ત્રિયાના નેહથી ચંદ્રમા કલંકી કેહેવાયા; એમ સર્વે સ્રીઓજ આપદાને ઉપજાવે છે. માટે સિધ્ધ કહે છે કે એ સર્વે મિથ્યા વાતને તજો અને એક ચિતથી શિવ—શક્તિનું અખંડ ધ્યાન ધરો. (૨૩)

दोहा.

ऐसें सिधके बचन सुनि, कुमर चितमें लाय;
कहा प्रसंग कीनो सु यह, मनही मन मुरझाय. ॥ २४ ॥

ટીકા—એવાં સિધ્ધનાં વચન સાંભળીનેતેનો મનમાં વિચાર આણી આહા ! સિધ્ધે તે કયો પ્રસંગ કહ્યો ! એમ બોલી કુંવર મનમાં મુંઝાવા લાગ્યા. (૨૪)

अथ गाहा.

सिध्ध•सकत संवादं, शिवालये सागरं चर्चा;
चंमालीशं अभिधानं, पूनं प्रबीन सागरो लहरं. ॥ २५ ॥

ટીકા—સિધ્ધ અને શક્તિનો સંવાદ તથા શિવાલયમાં સાગર સાથે થ-

એવી ચર્ચા સંબંધી પ્રવીણસાગરની ચુંવાલીસમી લેહેર સંપૂર્ણ થઈ. (૨૫)

इतिश्री प्रवीनसागरग्रंथेसिध्धशिवालयआगमनोनामचतुश्चत्वारिंशतिमो लहरं ॥ ४४ ॥

लेहेर ४५ मी.

अथ प्रेमाधिकार नीरूपन प्रसंगो यथा–सोरठा.

सागर मन मुरझंत, यहें सिध्धका बचन सुनि;
अतिहि उदासी चित, प्रत्युत्तर लागे कहन. ॥ १ ॥

ટીકા—એવાં સિધ્ધનાં વચન સાંભળીનેં સાગર કુમાર મનમાં મુઝાવા સાથે અતિ ઉદાસી ધરીને પ્રત્યુત્તર કેહેવા લાગ્યા. (૧)

अहो सिध्ध महाराज, तुमजो कही सो हम लही;
अंबर हुवा अवाज, सो हमसें सुनियें सबें. ॥ २ ॥

ટીકા—અહો ! સિધ્ધ મહારાજ ! તમે જે વાત કહી તે અમે જાણી, પરંતુ જે આકાશવાણી થઈ હતી તે સર્વે મ્હારી પાસેથી સાંભળો. (૨)

छप्पय.

हमें ईश आगार, मतो मरनेको कीनो;
तबें अद्रष्ट अवाज, एह प्रत्युत्तर दीनो.
बीतत छरितु भ्रतंत, ईतें सिध्धा आवेंगें;
उत्तर उर अंदेश, आप उनसें पावेंगें.
बरजी सु बात धारी वहें, आए आप मिली सु सब;
कर प्रेम हींन उत्तर कह्यो, तुम हमकों न जिवाय तब. ॥ ३ ॥

ટીકા—અમે શિવ મંદિરમાં મરવાનો વિચાર કર્યો, ત્હારે અદૃષ્ય-કોઈ જાણે નહિ એવા ગેબી અવાજમાં પ્રત્યુત્તર દીધો કે છ ઋતુ વિત્યા કેડે આ ઠેકાણે એક સિધ્ધ આવશે, જેની કનેથી તમારા મનના અંદેશાનો ઉત્તર પામશો. એવી વાણી સાંભળીને અમે ધારેલી આત્મહત્યાની વાત છોડી-તજી દીધી, બાદ આપ અત્રે પધાર્યા તેથી સર્વે વાત મળી આવી; પરંતુ આપે તો પ્રેમને હીન ગણીને ઉત્તર કહ્યા તેથી તો તમે અમને જીવાડયા નહીંજતો ! (૩)

दोहा.

अति उदास सागर भये, सुनी सु तापस बात;
मनमें द्रढ कीनीं तबें, मानघात परभात. ॥ ४ ॥

ટીકા—યોગેશ્વરની વાત સાંભળીને કુંવર મહા ખીન થયા અને તેજ વખતે મનમાં દ્રઢ નિશ્ચય કર્યો કે—સવારમાંજ પ્રાણઘાત કરવી. (૪)

यहें धार सिषरें लगे, केहन प्रेम परकार;
प्रति उत्तर यह प्रश्नको; कहो बात बिस्तारं. ॥ ५ ॥

ટીકા—એવો દ્રઢ સંકલ્પ કરી સિધ્ધને પ્રેમના પ્રકારની હકીકત પૂછવા લાગ્યા, તથા કહ્યું કે—આ પ્રશ્નોના પ્રતિઉત્તર સાથે વિસ્તાર સહિત સર્વ વાત કહો. (૫.)

छप्पय.

अहो सिध्ध जोगेश, प्रेमकों हीन बताए;
प्रेम बिना तुम इष्ट, साध सिध्धी कह पाए.
प्रेम बिना कह पढे, कोंन बिन प्रेम पढावे;
प्रेम बिना तजि सृष्टि, कोंनसा भसम चढावे.
बिन प्रेम कोंनसी बस्तु प्रिंय, कोंन प्रानि प्रेम न चहे;
माहेशरुप कीजें कृपा, यह प्रसंन हमसें कहें. ॥ ६ ॥

ટીકા—અહો! હે યોગેશ! આપે તો પ્રેમને અતિ હીણો બતાવ્યો, પણ પ્રેમ વગર તમો ઇષ્ટ સાધીને સિધ્ધિ શી રીતે પામ્યા! તેમ પ્રેમ વગર ભણે શું? અને ભણાવે પણ કોણ? વળી પ્રેમ વગર આ સૃષ્ટી તજીને ભસ્મ કોણ ચોળે? તેમજ પ્રેમ વિના કઈ વસ્તુ પ્રિય લાગે! તથા કયો પ્રાણી એવો છે કે જે પ્રેમને ઇચ્છે નહીં? તો હે, મહેશ્વરરૂપ સિધ્ધેશ્વર! કૃપા કરીને આ પુછેલા પ્રશ્નોના ઉત્તર અમને કહો. (૬)

दोहा.

सागर मुख ऐसी सुनत, पाइ सिध्ध परतीत;
कहबेंकों मन भए मुदित, प्रेम नेमकी रीत. ॥ ७ ॥

ટીકા—મહારાજાના મુખથી એ પ્રકારે સાંભળીને સિધ્ધને પ્રતીતિ ઉપજી, તેથી પ્રેમના નિયમની રીતિ કેહેવાને મનમાં અતિશય ખુશાલ થયા. (૭)

अथ सिध्धोक्त—छंद महालक्ष्मी.

प्रेमको भेद आपें कह्यो, सो हमें चिंतहीमें लह्यो;
पूरबं प्रेमहीकी कही, सो तुमें चित प्रच्छा लही.
पें कही आप सोई सची, काहु प्रेम बिना नां रची;
ईश आगें उमामें भनी, यह सृष्टी सु ऐसें बनी.
अंबजु सेवकोंसें कही, तातसें बात भ्रसी लही;

सोय भ्रत्ती उचारी गिरा, यों भयो भेद पारं परा.
सो कछू बात पावें हमें, तास भेदं सुनावें तुमें;
सागरं ईश बानी यहे, चितमें सत्य जांनी बहें. ॥ ८ ॥

ટીકા—સિદ્ધ કહે છે કે હે સાગર! આપે જે પ્રેમનો ભેદ કહ્યો તે અમે મનમાં લીધો. પૂર્વે-પ્રથમ જે અમે પ્રેમની નિંદાની વાત કહી-તે તમારા ચિત્તની પરિક્ષા કરવાનેજ કહી, પરંતુ આપે જે વાત કહી તેજ સાચી છે. કાંઇએ પ્રેમ વગર રચાયુંજ નથી-અને તેજ સંબંધે પૂર્વે ઇશ્વરે ઉમયાજી પ્રત્યે કહ્યું હતું કે આ સૃષ્ટી પણ એમજ બનેલી છે-અર્થાત પ્રેમથીજ બનેલી છે. તે ઇશ્વરની કહેલી પ્રેમના પ્રભાવવાળી વાણી ભગવતી ઇશ્વરીએ પોતાના સેવકોને કહી-પછી તેમણે બ્રહ્માને કહી; તે બ્રહ્માથી મહાન ઋષિ મુનિયોએ ગ્રહી તથા વાણી રૂપે ઉચ્ચારીને મ્હોટા ગ્રંથો રચ્યા, એ પ્રકારે પરંપરાથી આ ભેદ થયો. તેમાંથી હું જે કંઇક-અવશેષ વાત પામ્યોછું જેનો ભેદ તને સંભળાવુંછું. હે સાગર! આ ઇશ્વરનીજ વાણી છે માટે તમે તેને ચિત્તમાં સાચી જાણો. (૮)

दोहा.

पूरब भेद सुनाय सिध, कहनलगे फुनि बांन;
सागर सत्य सु जांनिए, यहें प्रेम पहिचांन. ॥ ९ ॥

ટીકા—આગળનો ભેદ સંભળાવીને વળિ સિદ્ધ કેહેવા લાગ્યા કે હે સાગર! આ પ્રેમની ઓળખાણને સત્ય કરી માનજો. (૯)

अथ तत्र प्रेमभेदबर्ननंमाला दीपक अलंकार—छंद भुजंग प्रयात.

अनंतं अभेदं अजातं अलख्खं; न आदी न अंतं न रूपं नरख्खं. तहां जोत रूपं वहें प्रेम सत्ता; प्रकृत्ती निराकार साकार मत्ता. महंतत्व प्रेमं मिले प्रकर्त्ती; भई अंक हंकारकी उत्तपत्ती. रवं हं जुरें अंसु प्रेमं प्रकाशं; भयो आदिहीं तत्व सत्ता अकाशं. वही शुन्यमें धुन्यसो प्रेम सीरा; बियं तत्व रूपं कियंतं समीरा. वहं मारुतं प्रेम रत्तं बहंतं; उतप्पत्तियं तीसरं तेज तत्तं. प्रकाशं कियं तेजमें प्रेम तप्पं; प्रगट्टं भये चातुरं तत्व अप्पं. जुरे बारके बंबसें प्रेम सथ्थी; भयो तारही पंचमं तत्व प्रथ्थी. मिले पंचही तत्व प्रेमं प्रचंडं; कियो बहुर बिस्तार बैराट इंडं. उ अंकार उच्चारकी प्रेम रत्ती; उपनी महा जोगमाया सक्त्ती. सकत्ती भई प्रेमके रूप भिन्नं; उपाए गुनं तीनसें देव तिन्नं. त्रयं देवमें प्रेम रूपी समांनी; रमें राजसी सात्विकी तांमसानी. ब्रह्मा मनं कारना प्रेम जग्गे; सबें सृष्टि ऊपावनें आप लग्गे. श्रियं नाथ सो पोषना प्रेम धारे;

बनावे ब्रह्मा वही भत्य पारे. महारुद्रसो भञ्जना प्रेम लावे; महा कालके रुपसें सृष्टि खावे.' अर्ध.धारना प्रेम आधार माया; परी ऊपरी चौंद लोकं जमाया. उरंध्धं परी अंबरं प्रेम.छोपे; बिना थंभसें लोग प्रेमं रहाये. दिगंपालकों थानेकं प्रेम लग्गे; डिगे नांहि सो आपकी छांडि जग्गे. मृजादिक सों सिंधु-कों प्रेम धावे; लगे बीरपें तीर पारं न जावे. शशी सूरकों पंथको प्रेम प्यारो; स्रुवे सीत तापं प्रकाशे उजारो. सुरं राजकों प्रेम भूमी परख्खें, जलं धारितं मेघ माला बरष्षें. परी ब्रह्मके प्रेमकों बेद हर्षे; वही बेदके प्रेमसें बिप्र पड्ढे. ऋषि जोगके प्रेमसें मंत्र धावे; वही मंत्रके प्रेमसें देव आवे. भये क्षत्रियं आपमें रार मंडे; [illegible]लाचारके प्रेमसें देह खंडे. बईशं अरू शूद्र आपाप धध्धे; क्षुधा माहिया कांमना प्रेम बंधे. प्रियं त्रीयकों कामके प्रेम भज्जे; त्रिया प्रीयके प्रेमसें रूप सज्जे. सुरं आसुरं मानुषं नाग नग्गे; जछ्छं किन्नरं भूत प्रेमं सु पग्गे. पशू पंछियं प्रेमको रूप जप्पे; थिरं थावरं जंगमं प्रेम थप्पे. परी ब्रह्ममें प्रेमहीको उदोतं; यहे प्रेम सोई परीब्रह्म जोतं. बिना प्रेम नां को परीब्रह्म पावे; परीब्रह्म इच्छा बिना प्रेम नावे. खरे प्रेमसें सिध्धि पाषान देवे; न पावे कहा मानुषं प्रेम सेवे. न मानें कहेसें वहें मंदमत्ती; नही पूरनं जासमे प्रेमं रत्ती. रसं सागरंजू सुनो सिध्ध भंखे; भलो प्रेमको नेंम माराज रंखे. ॥ १० ॥

ટીકા—અનંત, અભેદ–જે જન્મેલું નથી તેમ જે લક્ષે પણ આવતું નથી, જેને આદિ નથી, અંત નથી, મધ્ય–રૂપ–તથા રેખા પણ નથી–તે જગાએ એક જ્યોતિરૂપ પ્રેમનીજ સત્તા છે; તેમાંથી નિરાકાર અને સાકાર એવા પ્રકારથી પ્રકૃતિરૂપ માયા પેંદા થઈ. તે માયામાંથી મહત્વ અને તે મહતત્વમાંથી પ્રેમયુક્ત પ્રકૃતિ જોડાવાથી ત્રણ રીતિએ અહંકારવાળી શબ્દની અહંકારના શબ્દમાં સ્નેહરૂપી પ્રેમના બિમ્બોની જોતિ તપવાથી શદ્ધ બળથી આદિ આકાશ તત્વ થયું; તે તત્વરૂપ શૂન્યમાં શબ્દયુક્ત શીળરૂપ પ્રેમ મળવાથી બીજું વાયુ તત્વ થયું; તે મારૂત–પવનમાં સ્પર્શયુક્ત પ્રેમ સત્તાનું વહેવું મળવાથી ત્રીજા તેજ તત્વની ઉત્પત્તિ થઈ, તે તેજ તત્વમાં પ્રેમની મહત્તાનું ઉજીયારૂં થવાથી ચોથું જળ તત્વ પેદા થયું; તે રસગુણાત્મક જળતત્વ જોડે પ્રેમની બળ–સત્તા મળી તેના યોગે ગંધ ગુણાત્મક પાંચમું પૃથ્વી તત્વ પ્રગટયું; એ પાંચે તત્વોમાં પ્રેમની સત્તા જોડાવાથી અતિ પ્રચંડ વૈરાટ રૂપ ઇંડાનો ૐકાર સુધ્ધાં વિસ્તાર કર્યો, ૐકારના ઉચ્ચારની "અકાર ઉકાર અને મકાર" એમ ત્રણ માત્રાઓ થઈને તે માત્રારૂપ પ્રેમ સત્તામાંથી મહા જોગમાયા–શક્તિ ઉપજી.

એ શક્તિનાં પ્રેમની પ્રભાવનાથી ભિન્ન ભિન્ન રૂપ ઉપજ્યાં-અર્થાત્ સત્વ, રજ અને તમએ ત્રણ ગુણોમાંથી "વિષ્ણુ, બ્રહ્મા અને રૂદ્ર" દેવોને ઉપજાવ્યા; એ ત્રણે દેવો જોડે પ્રેમથી સમાન રૂપવાળી રજોગુણી સાવિત્રિ, સાત્વિકી લક્ષ્મી, અને તામસી રૂદ્રાણી-એ નામોથી રમવા લાગ્યાં. ચાર મુખવાળા બ્રહ્માના મનમાં કારણાત્મક પ્રેમ ઉદે થયો-તેણેકરી પોતે સકળસૃષ્ટીને ઉપજાવવા માંડી, શ્રી કહેતાં જે લક્ષ્મીના પતિ ભગવાન વિષ્ણુ તો કેવળ પોષણ પ્રેમજ ધરાવે છે, અર્થાત્ બ્રહ્મા ઉપજાવે છે અને વિષ્ણુ પાલન કરે છે; મહારૂદ્ર તો એક ભક્ષણ-સંહારમાંજ પ્રેમ લાવીને મહાકાળ રૂપથી સકળ સૃષ્ટીને ખાય-ભક્ષે છે; નાંધારાંને આધાર આપનારી પ્રેમ માયાજ ધારણ કરીને રહી છે, અને તેણેજ ઉપરા ઉપરી એમ ચૌદ લોકને સરજેલાં છે. એ ઉંચે આકાશની પેલી પાર દૂરમાં દૂર કેવળ પ્રેમજ છાયલો છે, તેમ જે ચૌદ લોક વિનાથાંભલે આધાર વગર અધ્ધર ટકી રહ્યાં છે-તે પ્રેમના પ્રતાપે કરીનેજ રહ્યાં છે; દશે દિગપાળો રૂપ હસ્તીઓને પોતાના રેઠાણનો પ્રેમ લાગેલો છે-તેથીજ તેઓ પોતાની મૂળ જગ્યોને ન છોડતાં અડગ રહે છે; મર્યાદાનો સમુદ્રને પ્રેમ લાગેલો છે-તેથી તેને વાયુની લહેરો લાગવા છતાં કિનારા-મર્યાદાને ઉલંઘી આગળ વધતો નથી; ચંદ્ર અને સૂર્યને પણ પંથનો-પ્રવાસનોજ પ્રેમ વ્હાલો છે-તેથી તેઓ ટાઢ તડકાને સ્હેવી પ્રકાશિત થઇને અજવાળાને આપે છે; સુરરાજ કહેતાં જે ઇંદ્ર તે પૃથ્વી ઉપર પ્રેમ રાખે છે, તેણે કરી આ ભૂમી ઉપર પાણીની ધારારૂપી વર્ષાદને વરસાવે છે; પરિબ્રહ્મના પ્રેમને વેદ દ્રઢાવે છે, તે વેદના પ્રેમથી વિપ્રબ્રાહ્મણો ભણે છે, ઋષિયો યોગના પ્રેમથી સમાધીસ્થ બની મંત્ર જપે છે, અને તેજ મંત્રના પ્રેમથી દેવો સામે આવે છે; ક્ષત્રીઓ આપસ આપસમાં રાર-લડાઇ કરવા માંડે છે તથા કુળાચારના પ્રેમથીજ હરેકના દેહનું ખંડન તાડન કરે છે; વૈશ્ય તેમ શુદ્રો પણ પોત પોતાના ધંધા રોજગારમાં મશહુર રહી દ્રવ્ય સંચન કરવા પ્રેમને લેઇનેજ ભુખ-તરસ વેઠીને વ્યાપારાદિ કરે છે; સ્વામિ કામના પ્રેમથી સ્રીને ભજે છે, તેમ સ્રી પણ સ્વામિના સ્નેહરૂપ સજે છે; એ પ્રકારે દેવ-દાનવો-માણસ-નાગ-પર્વત-યક્ષ-કિન્નર અને ભુતાદિ સકળ પ્રાણીયો પ્રેમમાં ભીંજાઇ રહ્યાં છે! વળી પશુ પક્ષી ઇત્યાદિ જનાવરો પણ પ્રેમનાજ રૂપને જપે છે, સ્થાવર-જંગમ સર્વે વસ્તુઓ પ્રેમથીજ સ્થાપન થએલી છે તેમ તેનુંજ સ્થાપન કરે છે; પરબ્રહ્મમાં પણ પ્રેમનોજ પ્રકાશ છે અને એજ પરબ્રહ્મનું જ્યોતિ, સ્વરૂપ છે; વગર પ્રેમે કોઇ પરિબ્રહ્મને પામે નહીં, તથા પરબ્રહ્મની ઇચ્છા વગર પ્રેમ પણ આવે નહીં; ખરા પ્રેમના એકિનથી પત્થરના દેવો પણ સિધ્ધિદાતા બને છે તો પછી પ્રેમનું આરાધન કરવાથી માણસ શું ન પામે? મતલબ કે સર્વે પામે. જેઓનામાં એક રતિ માત્ર પણ પ્રેમ નથી તે મંદમતિ મનુષ્યો કહેવાથી પણ માનશે નહીં. એ રીતિએ ભાષણ કરીને તે મહાત્મા રસસાગરને કહે છે કે મહારાજ! આપ ઘણોજ ઉત્તમ પ્રેમનો નિયમ રાખો છો (૧૦)

सोरठा.

यहैं प्रेम परकार, महा पुरुष बर्नन कियो;
उरमें हरष अपार, सागर सोय सराहियत. ॥ ११ ॥

ટીકા—આ પ્રેમના પ્રકારનું મહા પુરૂષે વર્ણન કર્યું, જેના યોગે મનમાં અપાર હર્ષ થયો તેથીકરી સાગર કુંવર તેમનાં વખાણ કરવા લાગ્યા. (૧૧)

अथ तत्र सागरोक्त प्रश्न-दोहा.

कह्यो प्रेम परिब्रह्मवत, सब घट रहे समांय;
एक एक जानें जुगति, क्यों सब समुझत नांय. ॥ १२ ॥

ટીકા—પ્રેમ પરબ્રહ્મની માફક સર્વના ઘટમાં (હૃદયમાં) સમાઇ રહે છે એમ હે સિધ્ધ! આપે જે કહ્યું તે ખરૂં-પણ પ્રેમની યુક્તિને તો કોઈ કોઈજ જાણે છે-સર્વે કોઈ કંઈ સમજતા નથી. (૧૨)

अथ सिध्धोक्त प्रत्युत्तर द्रष्टांताऽलंकार-छप्पय.

कला अगन सब काठ, काठ परसें नहिं जारे;
पावक पथ्थर बीच, पथर पकरें नहिं बारे.
बसे काचमें बन्हि, काच करमें पकरिज्जे;
मथन लोह झारंत, सूर प्रतिबिंबित छिज्जे.
अनुमांन एह घट घट बसें, प्रेम प्रभा परिब्रह्मवत;
सिध्धा बदंत सागर सुनों, जथा जोग जागे जगत. ॥ १३ ॥

ટીકા—દેવતાની સર્વ કળા કાષ્ટમાં રહેલી છે-પણ તે લાકડાને અડવાથી કંઈ બાળતી નથી, વળી પત્થરની મધ્યે અગ્નિ રહ્યો છે-પણ કંઇ પત્થરને ઝાલવાથી તે તેને બાળતો નથી, તેમ કાચમાં પણ અગ્નિ રેહેઠાણ કરી રહ્યો છે, પરંતુ તે કાચ કર-હાથે પકડયો જાય છે. કાષ્ટને એક એક સાથે મથવા-ઘસવાથી, પત્થરાને લોઢા વડે ટીચવાથી તથા કાચમાં સૂર્યનું પ્રતિબિંબ લેવાથી એકદમ અગ્નિ સળગી ઉઠે છે; એ અનુમાન કરી પરબ્રહ્મની પેઠે પ્રેમની પ્રભા ઘટ ઘટમાં વાસો કરી રહી છે; સિધ્ધ કહેછે કે હે સાગર! સાંભળો, કે જગત્માં જહાં યોગ્યતા પ્રમાણે યુક્તિ હોય ત્હાંજ પ્રેમ જાગે છે. (૧૩)

अथ पुनि सागरोक्त प्रश्न-दोहा.

जथा जोग दो च्यार जन, भयो प्रेम बिस्तार;
न्युनाधिक क्यों रहतहें, कहो सिध्ध निरधार. ॥ १४ ॥

ટીકા—ઘટારત પ્રમાણે બે ચાર જણમાં પ્રેમનો પ્રકાશ થયા તો પછી ઓછાવતી શામાટે રહે છે? હે સિધ્ધ! તેને નક્કીપણે કહો. (૧૪)

अथ सिष्यप्रत्युत्तर दृष्टांताऽलंकार–छप्पय.

नीक पना मानिं नील, मुकत मानिक विद्रुम मानि;
पोखराज लसनीक, फटिक गोमेद विदुर्ज्जानि.
परे सबें इक ठोर, काहु पंथीने पाए;
वह किम्मति के लिये, हाट जोहोरीके आए.
सब मध्य तेज घट प्रेमवत, जोहोरी करि पारिष लहैं;
सिध्धा वदंत सागर सुनों, न्यूनाधिक इहि बिधि रहैं. ॥१५॥

ટીકા—હીરા, પનાં, નીલ મણિ, મોતી, માંણેક, વિદ્રુમ-પરવાળાં, પોખરાજ, લશણીઓ, સ્ફટીક, ગોમેદ મણિ, વૈડૂર્યમ, એ સર્વે એક જગાએ પડયાં હતાં; તે કોઈ પંથી-રસ્તે જનારને મળ્યાં, તેની કીમતને માટે તે વટેમાર્ગુ ઝવેરીની દુકાને આવ્યો, તો જેમ ઘટ ઘટમાં વસેલા ઓછા વધતા પ્રેમની માફક તે ઝવેરાતમાં રહેલા ન્યૂનાધિક તેજ-પ્રકાશ ઉપરથી ઝવેરી પરિક્ષા કરી લે છે; સિધ્ધ કહેછે કે હે સાગર! સુણો કે એ વિગતે પ્રેમ ઓછો વધતો રહે છે. (૧૫)

अथ फुनि सागरोक्त प्रश्नभेद–दोहा.

कह्योजेहिर वत प्रेमको, किंमति जैसी जोत;
किधों वढ चतुराइसें, किधों आप उद्योत. ॥ १६ ॥

ટીકા—ઝવેરોની માફક પ્રેમની પણ જોત-તેજ પ્રમાણે કીમ્મત કહી પણ તે ચતુરાઇથી વધેછે કે પોતાની મેળેજ ઉદય પામે છે? (૧૬)

अथ सिध्धोक्तप्रत्युत्तर दृष्टांतालंकार–छप्पय.

नट नाटिक अरु भगल, शस्त्र अस्त्रनको साधन;
पशु पंछी बस करन, ओर अंनेक अराधन.
षठहु शास्त्र षट बांनि, ओर इतिहास वेद विधि;
विद्या कला विधांन सबें, अभ्यास होत सिधि.
परि प्रेम बढायो नां बढत, आपहि आप सु बिस्तरत;
सिध्धा वदंत सागर सुनो, ज्यों करता सृष्टी करत. ॥ १७ ॥

ટીકા—નટ, નાટકાદિ ખેલ, ભગળ (ઇંદ્રજાલ) શસ્ત્ર અને મંત્રોથી ચાલતાં આયુધોનાં સાધન, પશુ-પંખી ઇત્યાદિ જાનવરોને વશ કરવાના ઉપાયો, તેમ કેટલાંક અન્ય આરાધનો, ૭ શાસ્ત્ર, ૭ ભાષાઓ, ઇતિહાસ અને વેદની વિધિ, વિદ્યા કળાનાં સર્વે વિધાંનો ભણવાથી સિધ્ધ થાય છે; પણ પ્રેમ વધાર્યો વધતો નથી-એતો પોતાની મેળેજ વિસ્તાર પામે છે. સિધ્ધ કહેછે કે હે સાગર! સાંભળો જેમ જગતકર્તામાંથી સૃષ્ટી થાય છે એ પ્રકારે આ પણ જાણવું. (૧૭)

अथ फुनि सागरोक्त प्रश्न—दोहा.

करता इछ्छावत कह्यो, प्रेमसो स्वयं प्रकास;
यह उरमें अंदेसहे, साधन सबें निरास. ॥ १८ ॥

ટીકા—સાગર કહુછે કે=હે સિધ્ધ! કર્ત્તા ઇચ્છાવળો કહ્યો અને પ્રેમને સ્વયં પ્રકાશ કહ્યો તો મ્હુરા મનમાં એ અદેસો થયોકે-મહારાં સર્વે સાધનો નકામાં નિવડે, અર્થાત્ આશા રહિત થાય. (૧૮)

अथ सिद्धोक्त प्रत्युत्तर दृष्टांतालंकार—छप्पय.

प्रेमसो स्वयं प्रकास, आप उद्योतसु बाढत;
प्रेमहिके परताप, सबें साधन चित चाढत.
इष्ट न विस्मृति होय, ओर उरमें नहि चाहे;
कानन पर्‍यो निरंग, आपसे ज्यों बन दाहे.
करता इष्ट सिध्धी मिलत, पें साधन न विसारियें;
सिध्धा वदंत सागर सुनो, प्रेम नेंम यह धारियें. ॥ १९ ॥

ટીકા—પ્રેમતો સ્વયં પ્રકાશ છે, તે પોના ઉદયથીજ વધે છે; તે પ્રેમના પ્રતાપ-બળથી તમામ સાધનો હૃદયમાં સ્ફુરી આવે છે, જેહેકરી પોતાના ઇષ્ટને ભૂલે નહીં અને મનમાં બીજાને ચ્હાય નહીં; મતલબકે વન વગડામાં પડેલી દેવતાની ચીનગારીઓ એની મેળેજ વૃધ્ધી પામીને વગડા-જંગલને દહેછે, તેમ પ્રેમ પણ પોતાની મેળેજ વૃધ્ધી પામીને પ્રકાશે છે, અને કર્ત્તારૂપ ઇષ્ટ સિધ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ સાધનને વિસારાય નહીં એમ હે સાગર! એ પ્રેમના નિયમને ધારી રાખીએ. (૧૯)

अथ सागरोक्त प्रश्न—दोहा.

तन मन प्राणसु प्रेम चत्र, इक इक विनां न होय;
सबही सत्ता ब्रह्महे, कहो विशेष तुम सोय. ॥ २० ॥

ટીકા—તન, મન, પ્રાણ અને પ્રેમ, એ ચારેય એક એક વગર હોયજ નહીં, એ સઘળી સત્તા બ્રહ્મની છે તો તેમાંથી જે અધિક જણાય તેને હે મહારાજ! તમો કહો. (૨૦)

अथ सिध्धोक्त प्रत्युत्तर दृष्टांतालंकार—छप्पय.

तन मन प्राण सु प्रेम, बराबर सर्वे कहावें;
इक इक विनां न होय, यहें सिगरो जुग पावें.
ज्यों भाजन अरु नेह, बती अरु मिलवें पावक,
चारहुंके संजोग, भयो अभिधांन सु दीपक.

जडताइ भाव वह तीनमें, चैतन बन्हि बखानियें,
सिद्धा बदंत सागर सुनो, प्रेम सोय पहिचांनियें. ॥ २१ ॥

ટીકા—તન, મન, પ્રાણ અને પ્રેમ એ સર્વ બરોબર કહેવાય છે, પણ તેઓ એક બીજા વગર થતાં નથી—એ પ્રકારે આખું જગત જાણે છે; જેમ કોડીયું, તેલ, વાટ અને અગ્નિ ભેગાં જમાવીએ તો તે ચારેયના એકઠાપણાને લીધે દીવો એવું નામ પડ્યું, પરંતુ કોડિયું, તેલ અને વાટ એમાં જડપણું રહ્યું છે, અને ફક્ત ચેતન તો અગ્નિમાંજ રહ્યું છે; તો સિધ્ધ કહે છે કે હે સાગર! સાંભળો પ્રેમ તેનેજ જાણવો. (૨૧)

अथ सागरोक्त प्रश्न—दोहा.

अलौकीक लौकीक यह, प्रेम कहावे दोय;
शुद्ध शुद्धा सिगरे कहे, भिन्नभाव क्यौं होय. ॥ २२ ॥

ટીકા—સિધ્ધ પ્રત્યે સાગર પૂછેછે કે હે મહારાજ! અલૌકીક અને લૌકીક એવા પ્રેમના બે ભેદ કેહેવાય છે, તેમજ સર્વે જણ તેને શુધ્ધ અને અશુધ્ધ પણ કહે છે—માટે એવો ભિન્નભાવ કેમ હોય છે? (૨૨)

अथ सिद्धोक्त प्रत्युत्तर—छप्पय.

अलौकीक लौकीक, प्रेमहूके दोउ छंदा;
शुद्ध अशुद्धा कहे, सोउ जानो मति मंदा.
ज्यों घट पूरन अंबु, कौंन खाली जग्गे तित्त;
सकल सृष्टी परिनांम, ब्रह्म सत्त यों व्यापित.
जिहि ठोर प्रेम थर चर लगें, तहां ब्रह्म ठहराइयें;
सिद्धा बदंत सागर सुनो, सर्वे सिद्धि तहां पाइयें. ॥ २३ ॥

ટીકા—અલૌકીક અને લૌકીક એવા બે પ્રેમના છંદ એટલે સ્વભાવ છે અને તેને જે શુધ્ધ અને અશુધ્ધ કહે છે તેને ટુંકી—ઓછી બુધ્ધિ—મતિવાળા જાણો, જેમ ઘડો જળથી સંપૂર્ણ ભર્યો છે તેમાં કઇ જગો ખાલી હોય છે? તેમ આખી સૃષ્ટીમાં છેવટે પરીપૂર્ણ બ્રહ્મની સત્તા વ્યાપેલી છે. અને જે ઠેકાણે સ્થાવર તથા જંગમમાં પ્રેમ લાગે તે ઠેકાણે બ્રહ્મ ઠેરાવીએ; સિધ્ધ કહે છે કે હે સાગર! સાંભળો, તે ઠેકાણેજ બધા પ્રકારની સિધ્ધિને પામીએ. (૨૩)

दोहा.

सागर बूझे सिंध कहे, प्रश्न उतर परकास;
ज्यों ज्यों चरचा चलतहे, त्यों त्यों प्रेम विकास. ॥ २४ ॥

ટીકા—સાગર પૂછે છે અને સિધ્ધ કહે છે—કે એમ પ્રશ્ન ઉત્તર પ્રગટ કરતાં જેમ જેમ ચર્ચા ચાલે છે તેમ તેમ પ્રેમ પ્રકાશતો વધતો જાય છે. (૨૪).

गाहा.

सागर सिद्धसु चरचा, प्रेम प्रमान प्रश्न प्रतिउत्तरं;
पंचचालीस अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ २५ ॥

ટીકા—સાગર અને સિધ્ધની ચર્ચામાં પ્રેમનાં પ્રમાણ આદિ પ્રશ્નો અને તેના ઉત્તર વાળી પ્રવીણસાગર ગ્રંથની પીસતાલીશમી લેહેર સંપૂર્ણ થઈ. (૨૫)

इतीश्रीप्रवीनसागर [illegible] नेममेदोनाम पंचचत्वारिंतिमो लहरं ॥ ४५ ॥

लेहेर ४६ मी.

अथ फुनि रससागर सिद्ध चरचा प्रसंग सागरोक्त—सोरठा.

तुमें प्रश्न जोगेश, हम बूझे सो सो कहे;
आप करो उपदेश, प्रेम महीमाको कथन. ॥ १ ॥

ટીકા—હે યોગેશ્વર! અમે જે જે પ્રશ્નો પૂછયા તેના યથાયોગ્ય ઉત્તરો આપે કહ્યા માટે હવે પ્રેમના મહિમાનું કથન કરી આપ ઉપદેશ કરો. (૧)

अथ सिद्धोक्त प्रत्युत्तर—दोहा.

दधि मंठा नवनीत घृत, पयसें उतपन होत;
परंपरा सागर यहें, सबें प्रेम उद्योत. ॥ २ ॥

ટીકા—દહીં, છાશ, માખણ અને ઘી એ તમામ વસ્તુ દુધમાંથી પેદા થાય છે; એજ પરંપરાથી સિધ્ધ કહે છે કે હે સાગર! આ સકળ સૃષ્ટિ પ્રેમમાંથીજ ઉદય પામેલી છે. (૨)

पय दधि माखन तक्र ज्यों, सेत रंग सब मांहि;
त्यौं पुरान श्रुति शास्त्र मधि, प्रेम ब्रह्म दरसाहि. ॥ ३ ॥

ટીકા—દૂધ, દહીં, માખણ અને છાશ એ બધામાં ધોળો રંગ રહ્યો છે તેમ પુરાણ, વેદ અને શાસ્ત્રોમાં પણ પ્રેમરૂપી પરબ્રહ્મ દેખાય છે. (૩)

सागर सागर प्रेमको, सुरत नाव अनुहार;
तरेसु डूबेहें खरे, परेसु उतरे पार. ॥ ४ ॥

ટીકા—હે સાગર! પ્રેમનો સમુદ્ર છે જેમાં સુરત રૂપી વાહાણ છે, તેમાં જેઓ નાવ ઉપર ઉપર તર્યું તે તે નાવસહિત બૂડયા જાણવા, અને જે નાવસહિત તે સમુદ્રમાં પડયા અર્થાત્ નિમગ્ન થયા તે પાર ઉતર્યા—મતલબ કે તેઓ પ્રેમમાં ડુલ્યા નહીં પણ જેઓને છેલ્લો પ્રેમ લાગ્યો તેઓ શરણ થયા. (૪)

तोल बधे दोउ पंथके, ताकी खबर नपाय;

आदि अंतकों खोलदे, तो उन भेद लिखाय. ॥ ५ ॥

ટીકા—અધાંય બે પત્થરાનો તોલ બાંધે છે તેમજે પ્રેમની ખબર પડતી નથી, પણ જો આદિ તથા અંતને ખોલી નાખે તો તેનો ભેદ તરત જોવામાં આવી જાય. (૫)

अथ संभावना अलंकार—सवैया.

अंधन उज्जल अंगन भंगन, अमृत मारन बारन आगें;
सुख्खन दुख्खन धीर अधीरन, मृत्युन जीवन नींदन जागें:
शुद्ध विशुद्धन अद्धन ऊरध, मच्छ मतच्छ अताग न तागे;
सागर प्रेम प्रतीत परें उन, याविरती सुरती जिन लागें. ॥ ६ ॥

ટીકા—અંધારૂં તેમ અજવાળું પણ નહીં, અંગે ખંડિત તેમ અખંડિત પણ નહીં, અમૃત તેમ વિખ પણ નહીં, પાણી નહીં તેમ અગ્નિ પણ નહીં, સુખ અને દુઃખ પણ નહીં, ધીર તેમ અધીર પણ નહીં, મરેલ તેમ જીવિત પણ નહીં, નીદ્રા-ઉંઘ નહીં ને જાગૃત પણ નહીં, શુધ્ધે નહીં તેમ બેશુધ્ધ પણ નહીં, હેઠે તેમ ઉપર પણ નહીં, પરોક્ષે નહીં તેમ પ્રત્યક્ષ પણ નહીં, અતાગ ઉંડું નહીં તેમ છીછરૂં પણ નહીં, હે મનમોહન સાગર! એવા એવા પ્રકારની વૃત્તિયોની જેને પ્રિતી લાગે તેનેજ પ્રેમની પ્રતીતિ સાંપડે. (૬)

अथ चित्रालंकार सवैया.

जीवकी जात समाधिकी शोधन, बातको बास सुबासकी छाया;
धूमको धाम सुधामकी धारन, धारनकी कहँ कारन माया.
पानीको रंग पियुषको पावस, शुन्यकी धुन्य कहा सुर गाया;
पाये वहे बड भागि प्रवीनजु, प्रेमको रूप प्रकाशकी काया. ॥ ७ ॥

ટીકા—જીવની જાત, સમાધીનું શોધવું, પવનનું રહેઠાણ, સુવાસની છાયા, ધુમાડાનું ધામ, ધામનું ધારણ, ધારણ વસ્તુનું કારણ અને માયા એ શું? પાણીનો રંગ, અમૃતનો મેઘ, શૂન્ય-કંઇ નહિ તેની ધુન્ય એટલે તે સુરનું ગવાવું તે શું? એ વસ્તુની જોડે પ્રેમના રૂપને અને પ્રકાશની કાયાને જે પામે તેજ મનુષ્ય આ જગતમાં હે પ્રવીણ! મહા ભાગ્યશાળી કહેવાય. (૭)

अथ चित्रालंकार—सवैया.

सोध समाध लगी सु लगी रहे, गेबकी अंग प्रकाश उजारी;
आस विलास उदास अहो निश, नीकी बुरीकी कहेतो कहारी.
आपकी आप सबें सपुर्से, सिगरे जगकी गतिसें गति न्यारी;
सागर प्रेम विदेहिके पंथकी, रंम्मत हेन करामति भारी. ॥ ८ ॥

ટીકા—શોધની સમાધી લાગી છે—તે લાગીજ રહે છે, શરીરમાં શુદ્ધ

ઉજીયારૂ પ્રગટાઈ રહે છે; હમેશાં રાત્રિ દિવસ વિલાસ-ક્રીડાની આશામાંને આશામાંજ ઉદાસીન રહે છે, તથા સહોદર કે પર કોઈ નેકી યા બુરીની વાત કહે તોપણ તે ભલે કહે-તેને બેદરકારી અગર તો પોતાના મનની થએલી ભિન્ન ભિન્ન હાલતથી તેને લેખવૃતા-લક્ષમાં લેતા નથી અને મનમાં સમજી રહે છે; વળી આ સૃષ્ટીની ગતિથી જેની ગતિ ઓર-ન્યારી છે; હે સાગર ! એવા સુલક્ષણયુક્ત પ્રેમી-વિદેહીઓના પંથની કાંઈ રમ્મત નથી-એતો ભારે કરામત છે.(૮)

अथ जातिस्वभाव अलंकार—सवैया.

कंचन लोह एकें करि जानत, अमृत झेर एकें करि पावें;
कीरति गारि एकें अनुमानत, उंचही नीच एकें दरसावें.
रंकसु राव एकें कही बोलत, एक सरूप अहोनिश ध्यावें;
सागर प्रेम अखंड प्रकाशित, सोजन जीवन मुक्त कहावें. ॥ ९ ॥

ટીકા—સોના તેમ લોઢાને એક કરી જાણે છે; અમૃત અને વિખને સમાન ગણી પીએ છે; કીર્તિ અને નિંદાને પણ સમાત લેખી માંને છે, તેમ ઊંચ અને નીચનેય સરખાં દેખે છે; રંક અને રાય બંનેને એક સરખા સત્કારથી બોલાવે છે, તેમ અહોનિશ એક સ્વરૂપનેંજ સમરે છે; હે સાગર ! એ પ્રકારે જે મનુષ્યમાં અખંડ પ્રેમ પ્રકાશિત થયો હોય-તેજ માણસ જીવનમુક્ત કેહેવાય. (૯)

अथ अधिकरूपक अलंकार—सवैया.

पेंढ लगो कोउ डारनमें, कोउ पातनमें भटक्योह फिरयो;
मंजरमें उरझाय रह्यो कोउ, फूल कली रस रीझ भरयो.
माधुरता कहुं काहु कटू फल, जोइ मिल्यो सोइ सिस धरयो;
सागर जूसु प्रवीन कोउ चढि, प्रेम तरू न कबी उतरयो. ॥ १० ॥

ટીકા—કોઇ થડ અને ડાળ્યોમાં બાઝી રહ્યો, કોઇ પાંદડાંઓમાં ભટકતો ફર્યો, કોઈ મંજરીઓની કુંપળોમાં ગુંચવાઈ રહ્યો, કોઇ ફુલ કળીઓના સુગંધી રસમાં રીઝી-ખુશીને ભરાઇ પેઠો, કોઇને માધુર્ય અને કોઈને કટૂ-કડવાં એમ જેવાં મળ્યાં તેણે તેવાં ફળ મુસ્તકે ધર્યાં; એ પ્રકારે હે સાગર ! કોઇ ચતુર પુરૂષ પ્રેમના તરૂવર-ઝાડે ચડીને ક્યારેય પાછો ઉતર્યો નથી. (૧૦)

सवैयां.

इंद्र अनंत कहागति मारुत, को ग्रह को जमराज कहा जम;
अस्त उदे शशि सूर नहीं कल, बेद बदंत इकीस कहा भ्रम.
पावक नीरद नीर कहा, समया जुत ईश सर्वत कहा द्रुम;
मेघको नत्र निहारत सागर, कोंन गली किरतार नहीं गम. ॥ ११ ॥

ટીકા—ઇંદ્ર, શેષ કે મારૂત કહેતાં પવનની ગતિ કોણ? મહ, યમરાજ કે યમ શું? કે જ્યાંહાં અસ્ત ઉદય કરનાર ચંદ્ર કે સૂર્યની, પણ કળ પડતી નથી? વળી જેને વેદ એક ઇશ્વર કહે છે તે શું!'અથવા તેતે તે બ્રહ્મ શું'? અગ્નિ, વર્ષાદ અને પાણી કોણ? ઉમયાજીયુક્ત મહેશ જેને સાધે છે તે દમ-અજપા કયું? હે સાગર! પ્રેમનું શહેર તપાસી જોતાં કોઇએ ગલીમાં કર્ત્તાની ગમ નથી, મતલબ કે બધેય તે વ્યાપી રહયો છે. (૧૧)

अथ अधिकरूपक अलंकार–सवैया.

मोद महीप अखंड सभा, अगनी सुख होम अखंड ब्रहा सम;
साधनसा सूरता कि बजार, बिचार बनंज लगे रहें उद्यम.
नौबत नाद सदा गुति आयत, शील सुधे कुटवाल कला क्रम;
प्रेमको नग्र निहारत सागर, कौंन गली किरतार नहीं गम. ॥ १२ ॥

ટીકા—મોદ-ખુશાલી રૂપી મહિપતિ, તેની અખંડ સભારૂપી અગ્નિ, સુખ રૂપી હોમ, અખંડ વિરહરૂપી બ્રાહ્મણ, 'સાધનરૂપી શાહુકાર, સુરતા રૂપી બજાર-ચોટામાં વિચાર રૂપ વણજ-વેપાર લાગ્યો રહે છે; આવતી જતી શ્વાસની ગતિના યોગથી થતા અનાહુત શબ્દરૂપી નોબત ગડગડે છે; શીલતા રૂપી કોટવાળ-દરોગો કળા ક્રમને સાધે છે; હે સાગર! એ રીતિયે પ્રેમના નગરને નિહાળી જોતાં કોઇએ ગલિમાં કિરતારની ગમ નથી! (૧૨)

सवैया.

आंसूनको उमडेबो कहांसें; कहां चिनगे द्रगमें द्रसावे;
औचक अंग चमंक कहांसें, कहा रेस रंग रुमंच चडावे.
अंक हकार अकार कहाहे, उसासको धाम कहां कहां धावे;
प्रेम हुलास उदास तफावत, सागर नागर होय सों पावें. ॥ १३ ॥

ટીકા—આંસુનું ઉલટી આવવું કહાંથી થાય છે, નેત્રમાં ચિનગારીઓ કોણ દરસાવે છે, અને એકદમ ઓચીતુંને અંગ-શરીર કેમ ચમકી ઉઠે છે? વળી રસ રંગથી રોમાંચ- રૂવાંને કોણ ચડાવે છે? હકાર અને અકાર એ અંકના સંગમથી જો "હાય હાય, ઓય ઓય" ઉચ્ચાર થાય છે તે શુંછે? વળી નીસાસાનો પ્રકાશ કહાં કહાં લગી દોડે છે. હે સાગર! પ્રેમના આનંદ મગ્નને લીધે ઉપજેલી ઉદાસીના તફાવતને તો ચતૂર-મહા કુશળ હોય તેજ પામે. (૧૩)

सवैया.

भेद कुरांन पुरांन न भाषित, वेद कितेब वदंत वृथा;
मौड लरे सुग्रहे मनके मन, मूढ अकथत गूढ गथा.
जानन हार प्रमान न जानत, जानो जाय विवीत जथा;

मंत्र न जंत्र न तंत्र न मंडित, सागर प्रेमकी न्यारी कथा. ॥ १४ ॥

ટીકા—પુરાણ અને કુરાને પણ જેનો ભેદ કહ્યો નથી, વેદ અને કિતાબો વદે છે તે પણ વૃથા છે. મ્હોટા મુનિવરો અને યોગીઓ જેના પારને લહેછે પરંતુ તેઓ તો મનમાંને મનમાંજ ગ્રહણ કરી રહ્યાં છે, અને મૂઢ માણસો તેની ગૂઢગાથા-વાણીમાં સમજ નહિ પડવાથી અમુઝણ સાથે મુંચવાઈ રહ્યા છે; જે જાણવાવાળા છે તે પ્રમાણને જાણતા નથી, માટે જેને વિતી હોય છે તેનાથીજ આ ભેદ યથાયોગ્ય જાણ્યો જાય છે; મંત્ર-જંત્ર કે તંત્ર એઓ પણ મંડન કરી શકતા નથી; હે સાગર! પ્રેમની કથા તો ન્યારીજ! (૧૪)

अथ अधिक रूपक अलंकार—कवित.

गुन हुको नीर सोतो भर्यो चिहुं तीरनमें, धीरज गहीर मध्य ध्यानकी उछार बार. संकलप विकल्पके उठत तरंग जहाँ, मन अभिमानिके डुबेहे गिरि अपार. मकर मकर ध्वज सुरत जिहाज रोके, बाडवा विरह भेद चिंता भ्रामरी बिचार. सुर नर नाग जहाँ, तरि तरि हारे मुनि, प्रेम पारा वार हुको किनहुं न पायो पार. ॥ १५ ॥

ટીકા—ગુણ રૂપી નીર-જળ તો ચો તરફની તીરોમાં ભર્યું છે, અંદર ધીરજ રૂપી ઉંડાઈ છે, તે મધ્યે ધ્યાનરૂપી છોળ્યો ઉછાળા માર્યા કરે છે, સંકલ્પ વિકલ્પ રૂપી તરંગ ઉઠે છે, જેમાં અભિમાનીના મન-ચિત્ત રૂપી ઘણાક ગિરિવરો ડુબ્યા રહે છે; જે જગાએ રતિરાજ રૂપી મકરધ્વજ નામે મઘરમચ્છ સુરતા રૂપી જહાજને રોકે છે, તેમજ જહાં વિરહ ભેદરૂપી વડવાનળ નામે અગ્નિ રહ્યો છે, અને ચિંતારૂપી પડતી ભમરીઓનાં ગોળ ચક્ર ઉપજે છે, જેમાં દેવ, મનુષ્ય, નાગ અને મુનિવરો આદિ તરી તરીને હારી-થાકી ગયા, પણ પ્રેમ રૂપી પારાવાર સમુદ્રનો કોઈ પાર પામ્યા નથી. (૧૫)

अथ समरूपक अलंकार—सवैया.

तोयद वाहको तंत्र किये, सुरतानकि डोर ग्रहें करमें कल;
मक्र वचें बिरहा नलके मुख, सोधत जाय तबेंहि सबे जल.
शंख समान तजें सगरो जुग, पावतहें तब लावतहें पल;
प्रेमके सागर मध्य धसें वह, मिंत सरूप लहें मुकताफल. ॥ १६ ॥

ટીકા—તોયદ-મેઘ જેને વહન-તેડનાર જે વાયુ, તેને અટકાવવાનો તંત્ર કરીને સુરતા દોરીને યુક્તિથી હાથમાં ઝાલી રાખે, વિરહાગ્નિ રૂપી મઘરમચ્છના મુખથી બચીને સઘળા જળને શોધતો-ખોળતો જાય, શંખની માફક સકળ સૃષ્ટીને છોડીને યોગ્ય પળ મેળવે તો તો પામે; માટે હે સાગર! એ પ્રકારે જે જન પ્રેમ દરિયાની મધ્યે ધસે, તે મિત્રસ્વરૂપ રૂપી મુક્તાફળને પામે. (૧૬)

अथ अन्योन्यालंकार—सवैया.

रेनमें जोत उदोतहुमें तम, ज्वालमें सीत तुहींनमें तापन;
ऐ[1] मुख अमृत देव तरु विष, कंचन्न लोहसु लोहमें कुंदन.
हंसमें काग कुहामें मरालसु, नीकमें* ऊपल पथ्थरमें मनि;
देवमें दानव आसुरमें सुर, सागर प्रेम लहंत लहे इन. ॥ १७ ॥

ટીકા—રાત્રિમાં જયોતિ, ઉદ્યોતમાંથી અંધારૂં, ઝાળોમાં શિતલતા, બરફમાં ઉષ્ણતા, નાગના મુખમાંથી અમૃત, દેવતરૂ-કલ્પવૃક્ષમાંથી વિખ, સુવર્ણ-કંચનમાંથી લોઢું, લોઢામાંથી કુંદન, હંસોમાંથી કાગ, કાગમાંથી હંસ, મણીઓમાંથી પત્થર, પાષાણમાંથી મણિ, દેવોમાંથી દાનવ, અને અસુરોમાંથી સુરને, એમ હે સાગર! જે પ્રેમને લહે તેજ એઓને લહે. (૧૭)

अथ विभावनालंकार—सवैया.

मूल बिना फल फूल झुके वन, बृच्छ बिनां छिति छाह लषावत;
पंख बिनां उड जात जनावर, पाँव बिनीं पशु पंथहि धावत.
टूटगये गन तीरन चूकत, नीर बिनां दधि नाउ चलावंत;
तार बिनां कर वींन बजावत, सागर प्रेमीं सबें बिधि पावत. ॥१८॥

ટીકા—વનમાં મૂળ વગર ફળ ફુલ ઝુકી રહ્યાં છે, ઝાડો વગર પૃથ્વી ઉપર છાંયા જણાવે છે, પાંખો વગર પક્ષીઓ ઉડી જાય છે, પગ વિના પશુ રસ્તે ધાય-દોડે છે, પણછ તુટી ગયાથી પણ તીર-ભાલોડું ચૂકતો નથી, નીર-પાણી વિના સમુદ્રમાં નાવને ચલાવે છે, વગર તારે હાથથી વીણા વગાડે છે, એમ હે સાગર! પ્રેમીજન સર્વે વિધિને પામે છે. (૧૮)

अथ बिशेषालंकार—सवैया.

सूर शशिन मरीचि प्रकाशत, आठहु जांम रहें उजियारो;
जोगन भोग अलोंक कला, सुख शोक नहीं तिहुं लोकसें न्यारो.
बेद पुरान प्रमान न बंधित, जांनहिंगो कोउ जांनन हारो;
सागर अंबर हैंन धरा पर, प्रेमहुंको अधबीच अखारो. ॥ १९ ॥

ટીકા—સૂર્ય અને ચંદ્રમાનાં કિરણો જહાં પ્રકાશતાં નથી—છતાં આઠે પહોર અજવાળું રહે છે, જહાં જોગ અને ભોગ નથી પણ. જેની અલૌકીક કળા છે, જહાં સુખ અને શોક નથી—તેમ ત્રણે લોકથી તે ન્યારો છે, જેના પ્રમાણને વેદ તથા પુરાણો પણ બાધ કરતાં નથી, તેને જાણવાવાળા જે કોઈ હશે તેજ જાણશે, માટે હે સાગર! એ રીતિયે આકાશમાં અને ધરતીમાં પણ નથી એનો—પ્રેમનોતો અધવચ અખાડો છે. (૧૯)

---

૧ એ=એટલે અહિ. * નીક=એટલે હીરે.

दोहा.

शूर शशी न समीर गति, अध धर उरध न धार;
वेद पुरान न जानिहे, प्रेमी तहां विहार. ॥ २० ॥

ટીકા—જે ઠેકાણે સૂર્ય, ચંદ્ર તેમ પવનની પણ ગતિ નથી; પૃથ્વીની નિચે કે ઉંચે છે તે પણ ધારવામાં આવતું નથી; વેદ તથા પુરાણોને પણ ખબર નથી–તે જગોએ પ્રેમીજનનો વિહાર થાય છે. (૨૦)

प्रेमहुको मद जिन पिया, ताहूको यह भेख;
अकर करे नाहिं न डरे, परे कूप द्रग देख. ॥ २१ ॥

ટીકા—જેમણે પ્રેમનો મદ પિધો છે તેમનો એવો વેશ છે, કે તે નકરવાનું કરે અને કોઇથી ડરે નહીં, વળી ચક્ષુથી જોતા છતાં કુવામાં પડે. (૨૧)

अथ विभावनाको द्वितीय भेद—सवैया.

प्रेमहुको मद पान कियो वह, जो करबेकि नही सो करेंगो;
शोच विचार कियेकि कहा, जरबे मरबेसें कछू न डरेंगो.
चातुर व्हें गति बाउरेकी गहि, दीपक लें कर कूप परेंगो;
तेज सबें सटके घटके वह, सागरजू भटक्योइ फिरेंगो. ॥ २२ ॥

ટીકા—જેણે પ્રેમ મદિરાનું પાન કરેલું છે—તે નહીં કરવાનું હશે તે કરશે, શોચ અને વિચાર કરવાથીતો શું? પણ બળવા કે મરવાથી પણ ડરશે નહીં–અને ચતુર જન થઇને બહાવરાની ગતિ ધારણ કરશે, તેમ વળી હાથમાં દિપક ઝાલીને કુવામાં પડશે, શરીરનું તમામ તેજ ઘટીને જતુ રેહેશે, છતાં હે સાગર! તેતો ભટકતોજ ફરશે. (૨૨)

अथ समरूपक अलंकार—दोहा.

प्रेमी मन केसर कुसुंभ, सुरत नीरको संग;
ज्यौं ज्यौं अवटे ब्रह अगिनि, त्यौं त्यौं निकसे रंग. ॥२३॥

ટીકા—પ્રેમી જનના મનરૂપી કેસર અને કસુંબો છે, તે સુરતરૂપ નીર–જળ મળીને વિરહ અગ્નિમાં જેમ જેમ અવટાય તેમ તેમ તેનો ઉત્તમ રંગ નિકળે. (૨૩)

नेह नगरके द्वारसें, सूधी बिरह बजार;
पार परे सो जायगे, सांईके दरबार. ॥ २४ ॥

ટીકા—નેહનગરના દ્વારથી સિધી જે વિરહની બજાર છે, તેની પાર જે પડશે તે સાંઇરૂપ પરમાત્માના ધામને પામશે. (૨૪)

आसिक नट साधन सती, सूरा सहेवो सेल;
अरा रिकी बात नहीं, खराखरीको खेल. ॥ २५ ॥

ટીકા—આશકપણુ, નટવિદ્યા, મંત્રસાધના, પતિવ્રતપણુ અને શુરવીરોના ભાલાના ઘા સહન કરવા એ કાંઈ અરાંપરા (જેવી તેવી) વાત નથી–પણ ખરા ખરીનો ખેલ છે. (૨૫)

मन प्रेमी कुंदन महोर, सुरत प्रकासें जोत;
बिरह अनल ज्यौं ज्यौं तपें, त्यौं त्यौं किंमति होत. ॥२६॥

ટીકા—પ્રેમીના મનરૂપી કુંદન મહોર છે, તેમાં સુરતરૂપી જોત–કાન્તિ પ્રકાશે છે, પરંતુ તે જેમ જેમ વિરહ અગ્નિમાં તપે છે તેમ તેમ તેની કિમ્મત વધતી જાય છે. (૨૬)

जैसें निर्मल होतहें, कनक अनलके संग;
तैसें प्रेमी बिरह बल, चढें सुरतकी रंग. ॥ २७ ॥

ટીકા—દેવતાના સંગથી સુવર્ણ જેમ નિર્મળ–ચોખ્ખું થાયછે, તેજ પ્રકારે વિરહના બળથી પ્રેમીજનને સુરતનો રંગ ચડેછે. (૨૭)

ओर रंग उतरें सबें, ज्यौं दिन बीतत जाय;
बिरह प्रेम बूंटा रचें, दिन दिन बढत सबाय. ॥ २८ ॥

ટીકા—જેમ જેમ એક પછી એક દિવસ ખલાસ થતા જાય–તેમ તેમ બીજા સર્વે રંગ ઉતરે, પરંતુ વિરહથી રચાયલા પ્રેમના બુટ્ટાનો રંગતો દિન દિન પ્રત્યે સવાયો વધતો જાય છે. (૨૮)

सोरठा.

दुग्ध एकही होत, जैसें सुरभि बरन बहु;
प्रेम जोत उद्योत, तैसें सबहि शास्त्र महि. ॥ २९ ॥

ટીકા—શરીરે ભિન્ન ભિન્ન જાતના રંગની ગાયો છતાં દૂધતો એક–સફેત રંગનુંજ હોય છે, તેવીજ રીતે પ્રેમ જ્યોતિનો પ્રકાશ સર્વે શાસ્ત્રમાં એક સરખોજ કહેલો છે. (૨૯)

बरन बरन बहु रंग, सुरभी शास्त्र पुरान महि;
सबें एकही अंग, प्रेम सु पय पलटे नहीं. ॥ ३० ॥

ટીકા—નાનાવિધ વર્ણવાળી અનેક રંગી ગાયો શાસ્ત્ર–પુરાણમાં વર્ણવેલી છે, પરંતુ તે સર્વેનું એક અંગ જોતાં પ્રેમરૂપી પય–દૂધ પલટવું નથી. (૩૦)

प्रेम पथ्थरीमांहि, चित चकमक चेतन झडे;
बिरह अनल दरसांय, सील शोषता मुख लगें. ॥३१॥

ટીકા—પ્રેમની પત્થરીમાં ચિત્તરૂપી ચેતન–ચકમક ઠોકવાથી વિરહરૂપ અગ્નિ દર્શાઈ આવે તથા તેના મ્હોં ઉપર શિલ અને શોષણતા લાગે. (૩૧)

कवित्त.

प्रेमहीमें परतीत, रस रीत प्रेमहीमें; प्रेमहीमें राजनीत, हार जीत जंगहे. प्रेमहीमें हाव भाव, सहित समूह प्रेम; प्रेमहीमें राग रंग, उमंग अनंगहे. प्रेमहीमें ध्याता ध्येय, ग्याता ग्येय प्रेमहीमें; प्रेमहीमें जोग भोग, पंचभूत अंगहे. प्रेमको प्रकाश सोतो, करताकी करामात; जहां देखो तहां–एक प्रेमको प्रसंगहे. ॥ ३२ ॥

ટીકા—એક પ્રેમમાં સર્વ પ્રકારની પ્રતીતિ સમાયલી છે, તેમજ સર્વ રસની રીતિ પણ પ્રેમમાંજ આવી રહી છે, રાજનીતિનું હારવું–જિતવું તેમ રાડ–જંગ પણ પ્રેમમાંજ છે; હાવ–ભાવ આદિ સર્વ સમૂહ પ્રેમમાંજ છે, રાગ, રંગ, ઉમંગ તેમ અનંગ કહેતાં કામદેવ પણ પ્રેમમાંજ છે; ધ્યાન કરનારો ધ્યાતા, ધ્યાન કરવાનું ધ્યેય. ગ્યાતા–જાણનારો, તથા જેને જાણવો છે તે ગ્યેય, તે સકળ પ્રેમમાંજ આવી રહેલાં છે; જોગ, ભોગ તેમ પંચમહાભુતનાં અંગો પણ પ્રેમમાંજ છે; માટે જે પ્રેમનો પ્રકાશ છે તે તો જગતકર્તાનીજ એક કરામત છે–અર્થાત્ જહાં જુવો ત્હાં કેવળ પ્રેમનોજ પ્રસંગ છે. (૩૨)

दोहा.

प्रेम उपल ईशर करे, ईशर उपल समान;
कोऊ प्रेम प्रतीत बिन, लहें न पद निरबांन. ॥ ३३ ॥

ટીકા—પ્રેમ પત્થરાનો ઇશ્વર કરે, અને ઇશ્વરને પત્થર બરાબર કરે, વાસ્તે આ જગત્માં કોઇએ પ્રેમની પ્રતીતિ વિના પરમપદને પામી શકે નહીં એ નિશ્ચય છે. (૩૩)

गाहा.

निर्गुनं निराकारं, निरामयं व्यापकं नित्यं;
निःप्रपंचं शाश्वतं, तं नमस्ते कारणं प्रेमं. ॥ ३४ ॥

ટીકા—ગુણ અને આકાર રહિત; રોગ, વ્યાપક અને નાસ રહિત પ્રપંચ વગરના અખંડ અને શાશ્વત એવા કારણરૂપ બ્રહ્મ તેમને હું નમસ્કાર કરૂંછું. (૩૪)

सागर सिध्ध प्रसंगं, प्रथक भेद प्रेम बरनावं;
पटचालिश अभिधानं, पूर्नं प्रवीन सागरो लहरं. ॥ ३५ ॥

ટીકા—સાગર અને સિધ્ધના પ્રસંગમાં પૃથક્ પૃથક્ ભેદાથી પ્રેમનું વર્ણન છે એવી પ્રવીણસાગર ગ્રંથની છેંતાલીશમી લેહેર સંપૂર્ણ થઇ. (૩૫)

इतिश्री प्रवीनसागरे सागरसिध्धप्रश्नप्रसंगे प्रेमप्रथकभेदोनामषट्चत्वारिंशतिमोलहरं. ॥ ४६ ॥

લેહેર ૪૭ મી.

अथ फुनि रससागरसिध्धचारचामसंगोयथा, रससागरोक्तं प्रश्न–दोहा.

स्वभावीक भावीक यह, प्रेम भेद परवांन;
बढि घटि पावतहें किधों, दोउ सिद्धि समांन. ॥ १ ॥

ટીકા—સાગરે કહ્યું કે=સ્વાભાવિક પ્રેમ અને ભાવિક પ્રેમ એવા પ્રેમના બે ભેદ માનેલા છે, એ બન્ને પ્રેમવાળા સરખી સીદ્ધિ પામે છે કે વધતી ઓછી પામે છે? (૧)

अथ सिद्धोक्त प्रत्युत्तर–छप्पय.

स्वभावीक सांधंत, चित्तका मरम न पावें;
मिलेंन सहसा मित, अंत सिद्धी नहीं जावें.
जो सधंत भावीक, सोय जाने सिगरी बिध;
एह भेदके लिये, तुरत पावंत वहे सिध.
परि कष्ट भाव जामें अधीक, सो विशेष अनुमानियें;
सिद्धा बदंत सागर सुनो, यह ब्रतंत उर आनियें. ॥ २ ॥

ટીકા—સ્વાભાવિક પ્રેમ સાધવાથી ચિત્તના મરમને પામે નહીં, તેમ એકદમ મિત્ર પણ મળે નહીં, તથા આખરે સિધ્ધિને પણ પહોચે નહીં; તેથી ફરી જે ભાવિક પ્રેમને સાધે તેજ સકળ વિધિને જાણે. એજ ભેદને લીધે તે તરત સિધ્ધિને પામે, ને જેમાં અધિક પરીકષ્ટભાવ હોય છે તેજ વિશેષ છે એવું અનુમાન કરવું; સિધ્ધ કહે છે કે હે સાગર! સાંભળો આ કહેલા વૃત્તાંતને હૃદયમાં ધારજો. (૨)

अथ फुनि सागरोक्त प्रश्न–दोहा.

कितें प्रानि यह सृष्टिमें, स्वभावीक साधंत;
कोंन प्रेम भावीकहें, कहो सिद्ध बरतंत. ॥ ३ ॥

ટીકા—આ સકળ સૃષ્ટિમાં એવાં કેટલાં પ્રાણિયો છે કે જેઓ સ્વાભાવિક પ્રેમને સાધે છે, તેમ ભાવિક પ્રેમને કેટલાં સાધનારાં છે? એનું હે સ્વામિન્! વૃત્તાંત કહો. (૩)

अथ सिद्धोक्त प्रत्युत्तरं स्वाभाविक प्रेम वर्नन–छंद नाराच.

प्रकार प्रेम सागरं नरिंद जांनहो तुमें; प्रसंगके प्रमानकी बिधान ऊक्तकी हमें.
अनूप रूप प्रेमके सुभावके अलंकृतं; सुजंतु रीत धारियें चरीत आपके चितं.
कुरंग रंग गांनसों बिधांन एह आरधी; परीन कांन तांन चूक पारवांन पारधी.

अषा न आस आठ मास व्हैं निसास दादुरा; जियंत मित रीझ भीज गाज वाज बादुरा. मृतंग अंग वीभ्रमे नमून चिंत लायकें; धरंत खंत बारिनी पखंत गाढ जायकें. ग्रहंत कुंभ थुंभ होय कीश मूठ नां खुलें; सहंत मुंड दंड मार द्वार द्वारपें झुलें. निरंतरं धरंत टेक गोह खोंचकों गहे; परंत तूटि तूटिपें निशंक छूटि नांरहें. अवान गाजसों मयूर पूर प्रेमसों भरे; संताप सीत तापमें अलापहू न ऊचरे. चहंत स्वांत चातुकी सु ओर बारि नां पियें; सहे बिसास प्यास व्हें उदास नांमकों लियें. गये बसंत कोकिला कला प्रकाश हीनहे; सुनंत सोर ओरके रहंत बेठ दीनहे. मरीचि बीचि नेनयों चकोर लग्न चंदसें; प्रकाशहे अमंद मंद जानहीं दिनंदसें. कपोतको उडायकें कपोतनी करें धरे; निहार नार सारकों अचेत आभसों गिरे. अली हुलास प्रेमके बिकास कंजमें बसे; कबूल प्रान जानपें न पंखरी वहें डसे. खद्योत जोत दीपकी प्रकाश होतहीं परे; सुरंग रंग रीझि एक रंग अंगसें जरे. विशेष प्रेम माधुरी सु माधुरी न छूटहें; तनं तनंत नां तजंत मध्य लंक तूटहें. पनंग पुंग नाद भेद खेद छांडिकें दह्यो; बिसार बास एह आस पास गारुडी रह्यो. बहोर यों बिचारियें फनींद प्रेम हे मनीं; विहार दूर दूरपें जरूर एह जीविनीं. चक्रीश ये अतंत प्रेम नेंम लुब्ध चंदनं; तजंत खान पानपें भजंत हे निशं दिनं. जुराफ जुग्ल ढोर बीछुरंत फेर नां जुरें; करें निहारवो सु प्रीत रीतसें दुहू मरें. मयंक अंक सिप्र ग्रत्त चीत्त जानकों बनें; करें प्रतच्छ दौर मच्छ तुच्छ देहकों गनें. मरंत मीन दीनव्हैं जबें अलीन तीरसें; अनेक जत्नहूं कियें धरेंन धीर छीरसें. प्रसिध्ध प्रेम पानकें चलंत नीरके चरं; भजंत तूलके डरं चहंत मीनहा गरं. कुरंगसारके सनेह देह अंमरं दमे; नमेंन ओर ठोर जाय शीश मिंतके जमें. रखंत नेंम हारनं सु प्रेम काठसें रजें; घरीक ताय पायसें तजें तो प्रांनकों तजें. सनेह वीर्य शंकरं महा प्रचंड मंडही; परंत दीठ पीठ श्री चलें निवास छंडही. चमंक संग लोह मोह हें प्रमान त्रे पुरं; नचेत आप चेतव्हें उडे तजंत अंतरं. कपूर दूर तिक्तसें जरूर ठोर नां रहें; सरात प्रीत मंत्र युक्त प्रेम धर्म पारहें. सनेह छीर नीरकों कियो समान आपके; बनं गुनं सु दुग्ध कष्ट जाय आप तापके. मराल मौंन तालकी रसाल पाल लीनता; कदाच बीछुरंत तों मरंत होय छीनता. प्रसून बास पोंनसें जरूर प्रेम जानियें; चलंत बात संग यें अनंग शक्ति मानियें. कुमोद मोद आग्रही जिये न मूल भा श-

शी; मतीत एह प्रेमकी खुलैं निशंक ह्वै निशी. दिनंदसों सनेह एह भांतिसें नलीनहें; उदं अनेक मोदसें विना उदं मलीनहें. निहारिये नवीन रीति प्रीति छीपकी यहें; समंद नीर तीर आय स्वाति बुंदकों ग्रहें. गुलीक जुक्त जानियें जु रक्त मांद बानसें; बिकंत ओर ठोरपें मिलंत आन ध्यानसें. अलोक प्रीति कोक याहि भांतिसें निभाउरे; करंत केलि घोस वे निशा परंत बाउरे. प्रजाद आद सागरं सनेह एह सोंमसें; मिहीर जोति धीर चांदनी स्रु लेर· व्योमसें. मर्वीन मोह क्षौद्रसें मिलाय कुंद कुंदसें; परंत नां मरंत तो फरंत मोद मंदसें. अनेक टेक इष्टकी विशेष कष्ट यों सहें; बिधान प्रेम नेंमके प्रमान बुद्धि के कहें. ॥ ४ ॥

ટીકા—હે નરના ઇંદ્ર રસસાગર! પ્રેમના પ્રકારને તો તમો જાણો છો, પરંતુ આ પ્રસંગે પ્રેમના પ્રમાણની રીત હું કહું છઉં તે પ્રેમનું રૂપ ઉપમામાં આવે તેવું નથી; તોપણ સ્વભાવિક પ્રેમના શોભિતા સારા સારા જીવ જંતુની રીત ધારણ કરીને તેનાં ચરિત્ર દાખલા તરીકે કહું છઉં જેને આપ મનમાં સમજી લેજો. હરણને ગાયન સાથે રંગ લાગેલો છે–તેથી ગાયનના વિધાનનું આરાધન સિકારીઓ કરે છે; ને ગાયનના લોભથી જહારે હરણ સાંભળવા આવે છે, ત્હારે પારધીઓ બાણ મારી સોંસરૂં કાઢે છે–તોપણ કાને પડેલું ગાયન સાંભળવામાં તેઓ ચૂકતાં નથી. અને આઠ મહિના સુધી વર્ષાદની આશાથી દેડકાંઓ પ્રાણ રહિત થઇને પૃથ્વીની સાથે નિર્જીવપણે મળી જાય છે; પરંતુ વાદળાંના ગાજવીજના અવાજની સાથેજ પોતાના મિત્રની રીઝથી ભીંજાઇને તેઓ સજીવન થાય છે. હાથણીના અંગનો નમૂનો જોઇને તે ખરી હાથણી છે એમ મનમાં લાવી તેની ભ્રાંતિથી હાથી બનાવટની હાથણીપર હોંસધરી જઈને ખાડામાં પડી બંધાય છે, પણ હાથણીપરનો પ્રેમ છોડી ગયા વિના રહેતો નથી; તેમજ ઘડામાં હાથ ઘાલી ચણાની વાળેલ મુઠી ભરે ત્હાં સુધી વાંદરાઓ ઉઘાડતા નથી, અને છેવટે પકડાઇને માથામાં લાકડીઓના માર ખાય છે તથા મદારીની સાથે ઘરે ઘરને બારે બાર ડાલતા ફરે છે. હમેશાં ઘોહ (ચંદન ઘોહ) એવી ટેક ધરે છે કે તે ખેંચવાને ગ્રહણ કરે છે–એટલે જહાં ઘોહને નાખિયે ત્યાંથી ખેંચતાં દોરી તુટી તુટી જાય પણ ઘોહ નિ:શંકપણે ચોટી રહે –છુટી પડે નહી. તેમ વર્ષાદની ગર્જના સાથે મોર પૂર્ણ પ્રેમથી ભરેલા છે–તેથી ચોમાસામાં મધુર અવાજથી ટોકા કરે છે, પણ શિયાળો અને ઉન્હાળામાં મધુર સ્વરના આલાપનો ઉચ્ચાર કરતા નથી. સ્વાતિના જળને ચાહનાર બાપૈયો અને માઠા વિશ્વાસથી પ્યાસને સહન કરે, ચિંતાતુર થઇને મિત્રના નામને લિયે, પરંતુ બીજા પાણીને પીએજ નહીં. તેમ વસંતઋતુ વીતિ ગયા પછી કોયલ કળા તથા પ્રકાશથી હીન રહે છે, અને બીજા પક્ષીઓનાં શોરબકોરને પોતે સાંભળે છે છતાં તેઓ તો બોલવા વગર દીમ થઇનેજ બેશી રહે છે. ચંદ્રમાની

સાથે ચકોર પક્ષીની એવી લગની લાગી છે કે=તે પોતાના નેત્રોને કિરણો સામેજ રાખી રહે છે; બાકી ઉજવળ પ્રકાશ કરનારા સૂર્યને પણ મંદ જાણીને પોતે મંદ થઇ રહે છે અર્થાત્ તેના સામે આંખોથી જોતુંજ નથી. તેમજ કપોત પક્ષીને ઉડાડી દઈને કપોતનીને (હોલીને) હાથમાં પકડી રાખે તો તે કપોત (હોલો) પોતાની માદાને સપડાઇ ગયેલી જાણીને તેના પ્રેમને લીધે પોતે સાર (મદદ) કરવા સારૂ અચેત થઈને આકાશમાંથી નીચે આવી પડે છે. ભમરો પ્રેમના હુલ્લાસથી ખીલેલા કમળમાં જઇને વસે છે, અને કમળ બીડાઈ જાય છે ત્યારે પોતાના પ્રાણ જવાનું કબૂલ કરે છે-પરંતુ તે કમળની પાંખડીને કસતો નથી. તેમજ પતંગિયો દીવાની જ્યોતિનો પ્રકાશ થતાંજ તેમાં પડે છે, ને તે દીવાના સુંદર રંગમાં રીઝિને એક રંગ થવા સારૂ અંગથી બળે છે. ઘણું કરીને (માધુરી) મીઠાશ (ગોળ, સાકર વિગેરે) પર (માધુરી) ભમરી (મંકોડાદિ કીટ)ને પ્રેમ હોય છે; તેથી ગોળ સાકરના કટકાને જો ભમરી વળગી હોયતો તે કેમે છૂટી પાડિયે પણ પડે નહી તથા તેને જુદી પાડવા તાણિયે તો પણ તેને તજે નહીં-અને છેવટ કેડથી તૂટી જાય પણ ગ્રહણ કરેલ ગોળ, સાકર વિગેરેના કટકાને તજે નહીં. તેમજ સર્પ મોરલીના મધુર અવાજના ભેદથી સ્વેદ તજી દિયે છે તથા પોતાના વાસરૂપી રાફડાને વિસારીને મોરલીના અવાજની આશાથી વાદીની પાસે આવી રહે છે. વળી એમ વિચારીએ તો નાગને પણ પોતાના મણિ સાથે પ્રેમ લાગેલો છે, તેથી તે મણિને બાહેર મૂકીને ચારા વાંસ્તે તેની આસપાસ છેટે છેટે વિચરે છે-છતાં મણિને પોતાના જીવનરૂપ જાણીને તે ઉપરજ ધ્યાન રાખે છે. તેમ ચક્રીશ એટલે મ્હોટા સર્પોનું પણ એવું વૃતાંત છે કે=ખાનપાન તજી દઇને રાત દિવસ પ્રેમના નિયમ પ્રમાણે ચંદનમાં લુબ્ધ થઈ તેનું સેવન કરે છે. તે વિશે એવી દંતકથા છે કે=સર્પોનું એક હજાર વર્ષનું આયુષ છે, તેમાં પાંચસો વર્ષ ગયા પછી તેને પાંખો આવે છે-તેથી ઉડીને તે મલયાગિરિ પર્વત ઉપર જઈ ચંદનના વૃક્ષોની ડાળ્યોને વીંટાઈ બાકીનાં પાંચસો વર્ષ કાઢે છે. જુરાફ પક્ષીની નર માદાની જોડીના અંગમાં રહેલા આંકડાની ગ્રંથીનો દોર તૂટીને જૂદા પડયા પછી ફરીને પાછો જોડાતો નથી-તેથી તેઓ એક બીજા સામું જોયા કરે અને પ્રીતિની રીતથી બન્ને મરે છે છતાં જૂદા રહેતાં નથી. તેમજ ચંદ્રમા ઉપર એક શૃંગિ જાતના મચ્છના મનની વૃત્તિ કોણ જાણે કેમ બનેલી છે કે=જ્હારે તેને કર્ત્રિમ ચંદ્ર ચિન્હ કરી દેખાડીએ તો તેને સાચો ચંદ્ર માની પ્રતક્ષ દોડી આવે છે, અને પોતાની દેહને તે મચ્છ તુચ્છ ગણે છે,-એટલે મારી નાખવાની બીક પણ રાખતો નથી. વળી માછલાંને જળની સાથે પ્રેમ હોય છે, તેથી પાણીના કિનારાથી જ્હારે જૂદું થાય છે ત્હારે દીન થઇને મરે છે પરંતુ અનેક યત્ન કરેવાથી કે દૂધમાં રાખવાથી ધીરજ ધરતું નથી. વળી પ્રસિધ્ધ છેકે=ખાવાના પ્રેમથી જળચર પ્રાણીઓ ચાલી નિકળે છે. તેઓ સૂકાયેલ પાંદડાનાં ડરથી ભાગે છે પણ મચ્છીમારનાં લોઢાના કાંટામાં ભારાવેલ લોટ ખાવાના પ્રેમથી

આવીને તેને ખાય છે ત્હાં કાંટો ગળામાં ભરાઇ જાય છે. કસ્તુરીના સ્નેહુથી અમર પોતાના દેહુને દમે છે ને તે બીજે ઠેકાણે ન નમતાં પોતાના મિત્રના ઉપરજ જઇને જામે છે. તેમજ ફ્રારન પક્ષી/રંજન થઇને લાકડા સાથે પ્રેમનો નિયમ રાખે છે, અને જો તે લાકડું ત્યાંહાં ઘડીમાત્ર પણ પગથી વેગળું થાયતો તે પોતાના પ્રાણને તજે છે. શંકરના વીર્ય રૂપ પારાને સ્ત્રીની સાથે પ્રેમ લાગેલો છે, તેથી તેને જોતાંજ પોતાનો નિવાસ છોડી મ્હોટો પ્રચંડ શબ્દ કરીને ઉમંગથી સ્ત્રીની પછવાડે ઉછળતો દોડયો આવે છે. તેમજ ચમક પત્થરની સાથે લોહાને પ્રેમ છે એ વાત ત્રણે લોકમાં પ્રમાણ છે; કેમકે એ બન્નેને પાસે પાસે મૂકી વચમાં જરા છેટું રાખીએ તો તે પોતે બન્ને અચેત છતાં ચેતનરૂપ થઈ ઉડીને મળે છે અને વચમાં રાખેલા અંતરને તજે છે. કપૂર તીખાથી અળગો બીજે ઠેકાણે કયાંહાંય જરૂર રહેતો નથી અને પ્રીતિ રૂપ મંત્રને વખાણીને ધર્મયુક્ત પ્રેમને પાળે છે–એટલે તીખાં રૂપી મિત્રના પ્રેમને લીધેજ રહે છે નહિતો ઉડી જાય છે. વળી જેવો પાણીએ દુધની સાથે સ્નેહ કર્યો છે, તેની બરાબર દુધને પાણી સાથે સ્નેહ છે–જેથીકરી તે પોતાના મિત્ર પાણીને બળતું જોઇ તેના દુઃખને લીધે પોતે ઉભરાઇ જઇને તાપમાં પડે છે. હુંસને માનસરોવરની આંબાયુક્તપાળ સાથે પ્રીતિ છે, પણ કદાચિત ત્હાંથી જો કાંઇ કારણસર જુદું પડવું પડે છે તો તે ક્ષીણતા પામીને મરે છે. તેમજ જરૂર જાણોકે=ફુલના સુગંધને પવન સાથે પ્રેમ છે, તેથી તે પોતાના ઠેકાણાને તજી પોતાના મિત્ર વાયુની સાથે ચાલી નિકળે છે. આ કામની ઉક્તિ છે તેને સાચી માનવી. કુમોદિનીએ હુર્ષથી એવી ટેક પકડી છેકે ચંદ્રની શોભા–કિરણો જોયા વિના જીવવું નહીં–જુવો એજ પ્રેમની પ્રતીત છે–કે રાત પડે ત્હારે નિઃશંકપણે પ્રફુલીત થાય છે તથા દિવસે કરમાઈ જાય છે. તેમજ નલિનીને સૂર્ય સાથે એજ પ્રમાણે સ્નેહ છે તેણેકરી સૂર્ય ઉગે છે ત્હારે પોતે પણ ઘણા હુર્ષથી ખીલી આવે છે ને જ્હારે નથી ઉગતો ત્હારે કરમાઇને બિડાયેલ રહે છે. હવે આ છીપની નવીન રીતને નિહાળી જોઇયેતો છીપ સમુદ્રના પાણીથી બાહેર કિનારે આવી સ્વાતિના બુંદને ગ્રહુણ કરે છે. તેમજ નર માદા મોતીની એવી યુક્તિ છે કે તે માદા (બાન) વરની સાથે (રક્ત) આશક્ત છે; માટે તે બીજે ઠેકાણે વેચાય છે ઘણ ધ્યાન ધરવાથી આવી મળે છે. ચકવા ચકવી પોતાના મિત્ર સૂર્ય સાથે અલૌકિક પ્રીતિને એવી રીતથી નભાવે છે કે દિવસે તો ક્રિડા કરે છે પણ રાત પડતાંજ પોતાના મિત્રના અસ્તને લીધે દીવાનાં બની જાય છે. તેમજ મર્યાદાપૂર્વક આદિથી સમુદ્રને આ ચંદ્રમા સાથે સ્નેહ છે, માટે તે સૂર્યના અજવાળામાં તો ધીરો રહે છે પણ ચાંદનીમાં તો લેહેર્યોને આકાશ પર્યંત ઉછાળે છે. માંખિયોને મધની સાથે સ્નેહ લાગેલો છે તેથી તે ફુલે ફુલનો રસ લઇને મધપુડું જમાવે છે, અને જો તે મધપુડું પડી જાય છે અથવા વિખેરાઈ જાય છે તો તે માંખિયો મરે છે કિંવા એહથી દીન થઇને ફરે છે. હે સાગર! એવી રીતે અનેક પ્રાણિયો

પોતાના ઇષ્ટ મિત્રના પ્રેમના નિયમના પ્રકાર-પ્રમાણુ સહિત મ્હારી બુદ્ધિ પ્રમાણે મેં કહ્યાં છે. (૧૯)

दोहा.

एते आदि अनेकहे, थर चर प्रेम प्रसंग;
स्वभावीक तासे कहे, मिलियत मिंत उमंग. ॥ ५ ॥

ટીકા—એ આદિ અનેક સ્થાવર જંગમનાં પ્રાણિયો પ્રેમના પ્રસંગવાળાં છે-જેઓ ઉમંગથી મિત્ર મિત્રને મળે છે, તેને સ્વાભાવિક પ્રેમ કહે છે.(૫)

सोरठा.

सो भावीक कहाय, बरनें सो सागर सुनों;
उपजत आपहि आप, कुल म्रजाद जाकों नही. ॥ ६ ॥

ટીકા—હે સાગર! હવે જે ભાવિક પ્રેમ કહેવાય છે તેનું વર્ણન કરૂં છું માટે તે સાંભળો. જે પોતાની મેળે આપ આપથીજ ઉપજે છે, તેમ જેને કુલધર્મની મર્યાદા નથી. (૬)

छप्पय.

संत प्रेम परि ब्रह्म, ताप सीतहु तन तावे;
स्वामि धर्मके सूर, प्रेम परि अंग कटावे.
सती श्यामके प्रेम, अंग अगनीमे जारे;
यहे रीतसें प्रीत, सोय भावीक विचारे.
साधन विशेष सो सो सरे, चित अनुमान दृढाइयें;
मिध्धा वदंत सागर सुनों, प्रेम नेंम यों पाइयें. ॥ ७ ॥

ટીકા—સાધુ પુરૂષો પરબ્રહ્મના પ્રેમથી તાપ તથા ટાઢમાં પોતાના તનને તાવે છે, શૂરવીર પુરૂષો સ્વામિ શેવકના ધર્મ વાસ્તે પ્રેમ ઉપર પોતાની વ્હાલામાં વહાલી કાયાને કપાવે છે, સતી સ્ત્રીઓ સ્વામિના પ્રેમથી પોતાના અંગને પતિના મુડદા સાથે બાળે છે, એ રીતિએ જહાં પ્રીતિ હોય તેજ ભાવિક પ્રેમ છે. વિશેષતામાં ઘણાં ઘણાં સાધનો કરવાથી આ ભાવિક પ્રેમ સરે છે-એ અનુમાનથી ચિત્ત સાથે આ વાર્તાને દ્રઢાવજો. સિદ્ધ કહે છે કે હે સાગર! સાંભળો, એ રીતિથી વર્તીએ તો પ્રેમના નિયમને પામીએ. (૭)

अथ फुनि सागरोक्त प्रश्न-दोहा.

निराकार साकार यह, दोऊ प्रेम अनूप;
यहें सिद्ध समता मिलें, कीधों भिन्न सरूप. ॥ ८ ॥

ટીકા—કુમારી પુછેછે કે નિરાકાર અને સાકાર એમ બે જાતનો આ અનુપમ પ્રેમ કહ્યો, પણ હે યોગીરાજ! એઓ સમાનતાથી મળતાં છે કે તે

બન્નેનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ છે? (૮)

अथ सिद्धोक्त प्रत्युत्तर–छप्पय.

निराकार आराध, बेद बांनी निरधारे;
मिलें सिद्ध परिब्रह्म, दीप ज्वाला वत डारे.
सधें रूप साकार, ब्रह्म सोई ठहरावे;
वहे प्रेम परमांन, सिद्ध इच्छावत पावे.
बिस्तार बडो यह बातको, अब तुमकों न बतायगें;
सिद्धा बदंत सागर सुनो, कहेंगे जब फिरि आयगें. ॥ ९ ॥

ટીકા—નિરાકાર પ્રેમના આરાધનને વેદની વાણી નક્કી કરે છે, વાસ્તે તેની ઉપાસનાથી સિદ્ધિયુક્ત પરબ્રહ્મ મળેછે એટલુંજ નહીં–પણ દિવાગ્નિથી ઝાળ અને ઝાળમાંથી દીપક એવા અભેદપણાને પામે છે. જેઓ સાકાર રૂપને સાધે છે, તેઓ પાષાણાદિ મૂર્તિયોમાં બ્રહ્મને માનીને પૂજે છે, તેઓ પણ પ્રેમના પ્રમાણથી ઇચ્છાવત સિદ્ધિને મેળવે છે. આ પ્રેમ મહિમાનો મ્હોટો વિસ્તાર હોવાથી હાલ તુરત તમને બતાવશું નહીં પરંતુ સિદ્ધ કહે છેકે હે સાગર! સાંભલો–કે જ્હારે ફરીને આવશું તે સમયે અથ ઇતિ સર્વ કહી બતાવશું. (૯)

सोरठा.

सागर सिद्ध सु बांनि, सुनत चित संशय मिटें;
बूझ्यो यहें विधांन; नभ अवाज उत्तर कहा. ॥ १० ॥

ટીકા—એવી રીતની સિદ્ધની વાણી સાંભળીને સાગરના મનના સઘળા સંશયો મટી ગયા; પછી એ વિધાન પૂછ્યું કે હે સ્વામિન્! આગળ જે આકાશવાણી થઈ હતી તેનો શો ઉત્તર છે? (૧૦)

अथ सिद्धोक्त प्रत्युत्तर–सोरठा.

उच्छव शिव उचार, कही सिद्ध पूरब कथा;
नाम धाम निर्धार, सागर कलाप्रबीनको. ॥ ११ ॥

ટીકા—ત્હારે સિદ્ધે કૈલાસ ઉપર થયેલા શિવરાત્રીના ઉત્સવની વાત ઉચ્ચારીને સાગર અને કળાપ્રવીણનાં નામ–ધામ નિશ્ચય સમેત, પૂર્વ જન્મની સઘળી કથા કહી સંભળાવી. (૧૧)

अथ फुनि सिद्धोक्त–छंद मनमोदक.

कियो आपने एह ऊपाय; बुलाये प्रबीनकला आय. उभैंही मिलें ईश आगोर; चलं मूरतं एक उचार. बिछोहांन बांनी बदी बाल; घटी दंपतीकों ब्रहा ज्वाल. तुमें दोउ धारी तजें प्रांन; उमा याद लायें हरंबोंन. उभै सिद्धि दाई

कृपा कींन; अवाजं प्रति उत्तरं दीन. हमेंकों तिही उत्तरं काज; उमाजू पठाये महाराज, कही जो मरेंगें दुहू आप; मिटेगो नही ईशको श्राप. दुखं पाउगे ओर ओतार; यहें नितमें राखियें धार. हमें जो बतावें उपदेश; सधो चंडिका त्यौंहि माहेश. वहीसें अगें पाओगे सिद्धि; दिनांही दिनां प्रेमकी बृद्धि. ॥१२॥

ટીકા—હે સાગર! તમોએ આ શંકરનું સ્થાપન કરી-વાસ્તુરૂપી ઉપાય કર્યો, તથા તેડું મોકલી કળાપ્રવીણને બોલાવવાથી તેઓ આંહીં આવ્યાં. બન્ને જણ શિવમંદિરમાં મળ્યાં-જહાં એક મહુર્ત-બે ઘડી પરસ્પર પ્રેમથી વાતોના ઉચ્ચાર થયા; પણ જહારે એક બાળાએ વિયોગ થવાની વાણી કહી, જે સાંભળેથી તે સ્ત્રી પુરૂષને વિરહાગ્નિની ઝાળો વધી પડી; છેવટે બન્ને જણાંએ પ્રાણ તજવાને ધાર્યું..તે સમયે જોગમાયા ઉમયાજી શ્રી શંકરનાં વચનોને સ્મરણમાં લાવ્યાં, અને સિદ્ધિનાં આપનાર એવાં ઉમયાજીને તમો બન્નોના ઉપર કૃપા કરીને આકાશીવાણીથી પ્રત્યુત્તર આપ્યો. તથા અમને પણ તે ઉત્તર સારૂજ હે મહારાજ! આપની પાસે મોકલ્યો છે, અને કહ્યું છે કે જો આપ બન્ને જણ મરશો-તોય ઈશનો શ્રાપ મટશે નહીં ને ઉલટો બીજા અવતારમાં દુઃખ પામશો, આ વાત મનમાં ધારી રાખજો. હવે હું જે ઉપદેશ બતાવું તે પ્રમાણે ચંડીકા અને મહેશ્વરને સાધો જેનાથી આગળ ઉપર સિદ્ધિ પામશો અને દિવસે દિવસે તમારા પ્રેમની વૃદ્ધિ થશે. (૧૨)

सोरठा.

सिद्धा दई सुनाय, प्रति सागर पूरव कथा;
संशय सकल मिटाय, दंपति बरजी घात निज. ॥ १३ ॥

ટીકા—સિદ્ધે રસસાગરને પૂર્વ જન્મની વાર્તા સંભળાવી દીધી, તથા મનના સકળ સંશયોનું નિવારણ કર્યું-જેના યોગે તે દંપતિ-સ્ત્રી પુરૂષે પોતે આત્મઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો, તે બંધ પડાવ્યો. (૧૩)

अथ सागरोक्त—सोरठा.

कह्यो श्राप माहेश, प्रान घात बरजी तुमें;
कहो सिद्ध उपदेश, सोय मिटे प्रेम न घटे. ॥ १४ ॥

ટીકા—હે સિદ્ધ મહારાજ! આપે મહેશ્વરનો શ્રાપ કહ્યો તથા પ્રાણઘાત કરવાનું અજસાવી દીધું, માટે હવે ઉપદેશ કરો-કે જેથી આપ મટે અને પ્રેમ ઘટે નહીં. (૧૪)

अथ सिद्धोक्त उपदेश भेद—छप्पय.

तुंम प्रवीन प्रति अंग, रूप चंडीको ध्याओ,
सागरकूं स्थापिता, नाम सागरा धराओ,

सागर तुंम प्रति अंग, रूप ईश्वर वह धारें,
सो प्रबीन स्थापीत। प्रबीने श्वर उच्चारें.
यह रूप ध्यान धरि प्रेमसें, स्वप्नेश्वरी सु ध्याओगें;
तंत्रादि मंत्र यंत्रह क्रिया, स्वप्न सिध्धिमें पाओगें. ॥ १५ ॥

ટીકા—સિદ્ધ કહે છે કે તમે પ્રવીણના અંગને ઉદ્દેશીને ચંડીના સ્વરૂપનું ધ્યાન ધરો, અને સાગરે સ્થાપિત કરી હોવાથી દેવીનું "સાગરા" એવું નામ ધરાવો. વળી હે સાગર! તમારા પ્રતિ અંગને ઉદ્દેશીને તે બાળારૂપ પ્રવીણ ઈશ્વરના રૂપને ધારે, તેમ પ્રવીણ સ્થાપિત હોવાથી "પ્રવીણેશ્વર" એ નામથી જાપ ઉચ્ચારે, અને તે રૂપનું દૃઢ પ્રેમથી ધ્યાન ધરી સ્વપ્નેશ્વરીના ધ્યાનમે ધારશો; તો તંત્રાદિનાઅનુક્રમે મંત્રોવડેયંત્રક્રિયાકરવાથી સ્વપ્નનાની સિદ્ધિને પામશો.(૧૫)

अथ सागरोक्त-छप्पय.

स्वप्नेश्वरी विधांन, कोंन रुषिराज कहावें;
कोंन छंद उच्चार, कोंन देवता बतावें.
कोंन सिध्धि दातार, कहा नीयोग सु किजें;
कोंन न्यास प्रति अंग, ध्यान केसो सु धरिजें.
कहा मंत्र बीज अच्छर कहा, भिन्न भिन्न निज उच्चरें;
उपदेश आप कीजें कृपा, सो अराध हम अद्दरें. ॥ १६ ॥

ટીકા—સાગર પૂછે છે કે હે સિદ્ધ! આ ચંડી સ્વપ્નેશ્વરીના વિધાનના કયા રૂષિરાજ કેહેવાય છે? તથા કયા છંદનો ઉચ્ચાર થાય છે અને તેના દેવતા કોણ છે? વળી તેમાં સિદ્ધિને આપનારૂં કોણ છે તથા તેનો વિનિયોગ કેમ કરવો? તેમાંઅંગનાન્યાસ કયા? તેમ કેવી રીતે ધ્યાન ધરવું? મંત્ર કયો? બીજના અક્ષર કયા? તે સર્વે ભિન્ન ભિન્ન રીતે કહી સંભળાવો. તેની સાથે આપ કૃપા કરીને ઉપદેશ કરો તો તે આરાધનનો અમે આરંભ કરીએ. (૧૬)

अथ सिध्ध प्रत्युत्तर-दोहा.

स्वप्नेश्वरी बिधांनको; कहों जथा बिधि ज्ञान;
सूक्षम साधन हे यहें; तुरत सिध्धिको दान. ॥ १७ ॥

ટીકા—સિદ્ધ પ્રત્યુત્તરમાં કહે છે કે હે સાગર! આ સ્વપ્નેશ્વરી દેવીના વિધાનને હું તમને મારી યથાબુદ્ધિ પ્રમાણે વિધિયુક્ત કહું છું તે સાંભળો; વળી આ સાધન ઘણુંજ સુક્ષ્મ છે, પરંતુ તે તરત સિદ્ધિને આપવાવાળું છે. (૧૭)

अथ सिध्धोक्त स्वप्नेश्वरी विधान-छंद पध्धरी.

अस्य श्री स्वप्नेश्वरी मंत्र; रुषिराज पिप्पलादं सु तंत्र; बृहती सु नाम छंदं

उचार; स्वप्नेश्वरी सु देवता धार. स्वप्नेश धारना दैन सिध्य; एतादि बानि विनियोग मैध्य. रुप्यादि मंत्र न्यासांन ठांन; एही सरूप लाओ सु ध्यान. धारना एक ध्यांनं द्रढाव; आदीके ईष्ट मिश्रिता भाव. आसनं कंज हाटकं पाट; सेतंग बास रूपं निराट. जोती सु चंद मोती शिंगार; माधुरी बान पानं सु चार. शुभ्रं सरोज दोऊ सु पांन; एकें अभे एकं ब्रदांन. वामा सु वाम भामें लसंत; दच्छा सु स्वप्न ईश्वरा कंत. माहेश ज्ञान मुद्रा प्रकाश; सामांन रूप शिंगार बास. रुद्राक्ष दांम पानमें लेह; कीजें सु मंत्र उच्चार एह. प्रनवं बीज. कंजा बदंत; जोरंत स्वप्न ईश्वरी अंत. कारजं मे वदं फेर कीन; ता अंत बन्हि जाया सु दीन. एही सु मंत्र मात्रिका थप्य; कीजे अयूत रेनादि जप्य. जो जो चहंत कामना चिंत; सो मास प्रत्य सिध्धी मिलंत. धारंत ओर सिध्धी जु आस; पावंत फेर दूसरे मास. कीजिये दंपति ए सधंन्न; होयगी जोगमाया प्रसंन्न. ॥ १८ ॥

ટીકા—આ સ્વપ્નેશ્વરી માતાનાં મંત્રના તંત્ર શાસ્ત્રમાં પિપ્પલાદ નામે ઋષિરાજ કહેલાછે, બૃહતી નામના છંદનો ઉચ્ચાર થાય છે, દેવતા સ્વપ્નેશ્વરી દેવીજ ધારવું; હે સ્વપ્નેશ્વરી ! ૧ ધારણા સિદ્ધિ ને દેવાવાળી ! મારી મન કામના પૂર્ણકરો. વિગેરે વાણીમાં બોલીને વિનિયોગ–સંકલ્પ કરવો, પછી તે મધ્યે ઋષ્યાદિ મંત્ર અને અંગુષ્ઠાદિ ન્યાસ કરીને એજ સ્વરૂપનું ધ્યાંન કરવું. એક ચિત્તવડે ધ્યાનને દ્રઢાવી ઇષ્ટદેવની સાથે મિશ્રિત ભાવ કરવો અર્થાત્ દેવો ભુત્વા, દેવં યજેત્ સુવર્ણ જડીત્ર સિંહાસન ઉપર પદ્માસન કરીને બિરાજેલાં છે, શરીરને વિશે ધોળાં વસ્ત્ર ધરેલાં છે, અતિશય રઢીયાળુ જેનું રૂપ છે, શરીની કાન્તિ જેની શરદ પુનમના ચંદ્રમાના જેવી ઉજવળ દિસે છે, તથા દરેક અંગ અંગને વિશે ઉત્તમ મુક્તાફળના અલંકારો પહેરેલા છે, માધુર્યતાયુક્ત સુંદર વાણી છે, ચાર હાથ છે–તેમાં બે હાથને વિશે ઉત્તમ અને શ્વેત રંગનાં કમળ આવી રહેલાં છે, બાકીના બે હાથ પૈકી એકમાં અભય અને એકમાં વરદ,એ રીતે બે મુદ્રાઓ પહેરેલીઓ છે, પોતે વામ–ડાબા ભાગ તરફ શોભે છે, અને દક્ષિણ–જમણી બાજુએ દેવી સ્વપ્નેશ્વરીના સ્વામિ મહાદેવ જ્ઞાન મુદ્રાથી પ્રકાશ કરી રહ્યા છે, તે ઉમા માહેશ બન્ને શણગાર અને વસ્ત્રથી સરખાંજ સ્વરૂપ છે; એ પ્રકારે ધ્યાન ધર્યા પછી હાથમાં રૂદ્રાક્ષની માળા લઇને આ મંત્રનો ઉચ્ચાર કરવો, પ્રથમ પ્રણવ અર્થાત્–ૐકાર લેવો, ત્યાર કેડે કંજ નામે બીજ કહેવું, અને છેવટે તેને સ્વપ્નેશ્વરી એવું વાક્ય જોડવું, ફરીને "કાર્યં મે વદ" મેળવી પછીથી વન્હી કહેતાં અગ્નિની સ્ત્રી સ્વાહા-

१ स्वप्नेशधारणाज्ञानसिध्यर्थेजपेविनियोग.

ને દેવી અર્થાત્ "ૐ, શ્રી, સ્વપ્નેશ્વરી કાર્ય મે વદ સ્વાહા" એ થએલા મંત્ર વડે માત્રિકા વિગેરેનું સ્થાપન કરીને આગલી રાત્રિને સમયે દશ હજાર મંત્રનો જાપ કરવો, એ વિધિયુક્ત જપ કરનાર ઉપાસક જેજે કામનાને ચિત્તમાં ચ્હાય તે તે ઇચ્છા સંબંધી એક માસમાં સિદ્ધિ મેળવે. વળી બીજીવાર સિદ્ધિની આશા ધારે તો તે બીજે મહિને સિદ્ધિને પામે, વાસ્તે તમો સ્ત્રી પુરૂષ બન્ને જણ આ સાધન આદરો કે જેથીકરી જોગમાયા પ્રસન્ન થશે." (૧૮)

दोहा.

यथारीत साधन कह्यो, स्वप्नेश्वरी हमेश;

सिध्ध दिये सागर लिये, एह मंत्र उपदेश. ॥१९॥

ટીકા—દેવી સ્વપ્નેશ્વરી અને મહેશ્વરનું યથારીતિયે સાધન કહ્યું, પછી એજ મંત્રનો ઉપદેશ સિદ્ધે આપ્યો અને સાગરે ગ્રહણ કર્યો. (૧૯)

अथ फुनि सिध्धोक्त प्रत्युत्तर—चोपाई.

सागरसें जु कहन सिध लागे; यह उपदेश सिध्धहें आगें. आपें यहें साधना कीजें; कला प्रबीन पत्र लिखदिजें. वहें इष्ट साधना वनांवे; सोऊ सिध्धि आप वत पावे. सागर कही सिध्ध प्रति बांनी; हमें फेर मिलबेकी ठांनी. कहो दोउ किहि रीत मिलेंगें; बिरह ज्वाल दिन किते जलेंगें. यहे बात सुनि सिध्ध सु बोले; सबें भेद तुमसे हम खोले. यह उपाय तुंमने जु बनाया; दरस मिंत दो बेरहि पाया. अब उपाय उनसें जु चलेंगें; आप जाय उहि ठोर मिलेंगें. ॥ २० ॥

ટીકા—સાગરથી સિદ્ધ કહેવા લાગ્યા કે આ ઉપદેશ આગળ ઉપર તમને ઘણોજ સિદ્ધિદાતા થશે, વાસ્તે આપ તેની સાધના કરો; તેમ કળાપ્રવીણ ઉપર પણ પત્રમાં સવિસ્તર લખી મોકલાવો કે તેઓ પણ ઇષ્ટ સાધન કરે અને જેના યોગે આપની પેઠેજ સિદ્ધિને પામે. ત્હારે સિદ્ધ પ્રત્યે સાગરે કહ્યું કે હે યોગીરાજ! આપે ફરીને મળવાનું ઠરાવેલું છે વાસ્તે કૃપાકરી મળવાના ઉપાયને બતાવો, અને આવી રીતે વિરહજવાળામાં કેટલા દિવસ બળશું? એ વાત સાંભળીને સિદ્ધ બોલ્યા કે તે સઘળા ભેદને તમારી આગળ ખુલ્લી રીતે પ્રગટ કરૂં છું. પ્રથમ કરેલા ઉપાયથી મિત્રનાં દર્શનને બેવાર પામ્યા, હવે એનાથી ઉપાય ચાલશે એટલે આપ જઇને તે ઠેકાણે મળશો. (૨૦)

दोहा.

आपें उन उपाय परि, जाय मिलोगे मिंत;

बतियां बनिहे जो रचहुं, कछु चतुराई चिंत. ॥ २१ ॥

ટીકા—એના (કળાપ્રવીણ) ના આદરેલા ઉપાયે ઉપરથી તમો જઇને

મિત્ર (પ્રવીણ)ને મળશો પરંતુ જો કાંઇક ચિત્તની ચતુરાઈ રચશો તો વાતચિત્ત કરવાનું બનશે. (૨૧)

दोहा.

दरसांगे पूरन दशा, फुनि सागर परवीन;
बतियां बने कैं नावने, ज्यों जल झांखत मींन. ॥ २२ ॥

ટીકા—પછી સાગર અને પ્રવીણ બન્નેય જણાં વિરહ પિડાની દશાથી ભરપુર જણાશો. વખતે વાત ચિત્ત કરવાનું તો બને યા ન બને–પણ પાણીને જેમ માંછલાં ઝંખે તેમ એક બીજાને ઝંખશો. (૨૨)

सोरठा.

पें एते पर आप, साधन करिहो दोउ जन;
ताहि सिद्धि परताप, सुपन मिलोंगे मास प्रति. ॥ २३ ॥

ટીકા—પણ એટલા ઉપર આપ બન્ને જણ સાધન કરશો તો સિદ્ધિના બળે કરી પ્રતિમાસે સ્વપ્નમાં તો મળશો ખરાં. (૨૩)

सोरठा.

दोऊ सम्रति सोय, जो सुपने चरचा चले;
उर अभिलाष सु होय, इति विधि पूरन उभय जन ॥ २४ ॥

ટીકા—સ્વપ્નામાં જે ચર્ચા ચાલશે તેની બંનેને સ્મૃતિ રેહેશે અને મનમાં જે અભિલાષા હશે તે પણ એવી રીતે સ્વપ્નદ્વારાયે પરિપૂર્ણ થશે. (૨૪)

यातें-यहे व्रतंत, उन मती लिखं पठवो सबें;
धरे धीर वह चित, हमकों विदा सु दीजियें. ॥ २५ ॥

ટીકા—વાસ્તે આ સર્વે વૃત્તાંત કાગળમાં લખીને એ–પ્રવીણ તરફ પાઠવો કે તે પોતાના મનમાં ધીરજ ધરે, અને હે સાગર! હવે અમને વિદાયગિરી આપો. (૨૫)

तब सागर तिहि बेर, अरज कींन सिधसें यहें;
फुनि कब मिलिहो फेर, कहो जोग निश्चे सु करि. ॥ २६ ॥

ટીકા—ત્હારે તેજ વખતે સાગરે સિદ્ધથી અરજ કરી કે, હે યોગેશ્વર! આપ ફરીને પાછા ક્યારે મળશો? તે નિશ્ચય કરીને કહો. (૨૬)

दोहा.

सिद्ध कहें मिलिहें सही, कह तहकीक करंत;
फल पक्के तरुसें तबें, आपहि आप गिरंत. ॥ २७ ॥

ટીકા—સિદ્ધ કહે છે કે હે સાગર! કોઇક તદબીરના ઉપાયે કરી હું ફરીને મળીશ ખરો એ નક્કી જાણવું. કેમકે જ્હારે ઝાડપર ફળ પાકે છે ત્હારે

તે પોતાની મેળેજ ખરી પડે છે. (૨૭)

एती चरचा चलतहीं, सागर सहर सिधाय;
प्रभानाथ निज पथ भये, यह उपदेश बताय. ॥ २८ ॥

ટીકા—એટલી ચર્ચા ચાલતાં રજા માગી સાગર શેહેરમાં સિધાવ્યા અને એ ઉપદેશ બતાવીને સિદ્ધેશ્વર શ્રી પ્રભાનાથ પોતાને પંથે પળ્યા. (૨૮)

सोरठा.

सागर भये प्रभात, सब विधि लिखी प्रवीन प्रति;
रहे तहाँ वह रात, फुनि ग्रह आये कूच करि. ॥ २९ ॥

ટીકા—વ્હાણું વાયું એટલે સાગર કુમારે સઘળી વિધિ પ્રવીણ તરફ લખી મોકલી, અને તે રાત ત્યાંજ ગુજારી બીજે દિવસે કુચ કરીને ઘરે પધાર્યા. (૨૯)

गाहा.

सागर सिद्ध संवादं, स्वानेश्वरी विधान उपदेशं;
सैतालीस अभिधानं, पूर्न प्रवीन सागरो लहरं. ॥ ३० ॥

ટીકા—સાગર અને સિદ્ધના સંવાદના પ્રસંગમાં સ્વપ્નેશ્વરીનાં વિધાનના ઉપદેશવાળી પ્રવીણસાગર ગ્રંથની સુડતાલીશમી લેહેર સંપૂર્ણ થઈ. (૩૦)

इतिश्रीप्रबीनसागरग्रंथेरससागरसिद्धसंवादेस्वानेश्वरीविधानोपदेशोनाम सप्तचत्वारिंशतिमो लहेरं ॥ ४७ ॥

लेहेर ४८ मी.

अथ रससागरकलाप्रवीन बिरहपत्रप्रसंगो यथा—सोरठा.

सागर सिध उपदेश, पठयो पत्र प्रवीन प्रति;
साधन शक्ति महेश, करन लगे दंपति प्रनय. ॥ १ ॥

ટીકા—સાગરે સિદ્ધે કરેલા ઉપદેશનું વિધાન લખીને કુંવરી કળાપ્રવીણ તરફ તે પત્ર મોકલાવ્યો, તેથી તે સ્ત્રી પુરૂષ બન્ને જણ અતિ પ્રીતિવડે શિવ શક્તિનું આરાધન કરવા લાગ્યાં. (૧)

पाती बिरह बनाय, उभय लिखत एकेक प्रति;
उर आसय दरसाय, सो बरनन कीजे सबें. ॥ २ ॥

ટીકા—વિરહના કાગળો લખી તેમાં ચિત્તના અભિપ્રાયો જણાવી અન્યોન્ય એક બીજા ઉપર મોકલાવે છે, તેનું સ્પષ્ટ ઈતિ વર્ણન કરૂં છું. (૨)

अथ तत्रकलाप्रवीनबिरहपातीबर्ननं बिभावश्लोको

दूसरो भेद अलंकार–सवैया.

जो दिनतेंहीसें कटाच्छ मिलि दुहु, तादिनसें वरनी हमभादु;
चित भयोहे समीरके पत्र ज्यौं, अंग चढ्योहे खराद खरादु.
आप इलाज करो नकरो तउ, कौनपें जाय वदुं फरियादु;
सागर मिंत बुरो जिन मांनिये, जानतहों अखियानमें जादु. ॥ ३ ॥

ટીકા—જે દિવસથી બન્ને આંખ્યોનાં કટાક્ષ મળ્યાં છે, તે દિવસથી અમારી પાંપણોમાં ભાદરવો માસ વસેછે, અને મન વાયુતરંગે કંપાવેલા પાંદડા માફક થયું છે, શરીર તો ખરાદીને સંઘાડે ચડ્યું હોય તેમ ધ્રુજતું રહે છે તથા પાતળું થતું જાય છે, આપ ઇલાજના કરવાવાળા થઇને તે ન કરો ત્હાર પછે કોની પાસે જઇને ફરિ યાદ કરૂં? હે મિત્ર સાગર! મનમાં ખોટું આણશો નહીં, પણ હું તો એમ જાણુંછું કે તમારી આંખ્યોમાંજ જાદુ છે. (૩)

अथ समरूपक अलंकार–सवैया.

बीर चढे चिहुं ओर उडग्गन, कोक द्विरेफनके बिखरे सुख;
खेंचनराच मरीच चलावत, खंडित पंकजके ब्रजके मुख;
काम हरोल चलेहे निशान सु, वाम विजोगिनकों दुखरे दुख;
सागरजु महाराज बिनां यह, आज कहा द्विजराज कियो रुष. ॥ ४ ॥

ટીકા—ઉડગણ-પતંગિયા રૂપી ચારે તરફ શૂરવીરો ચઢયા, તેમણે ચકવા ચકવી અને ભમરાઓનાં સુખ વિખેરી નાખ્યાં; કિરણો રૂપી બાણો તાણી-ખેંચીને ચલાવે છે, તે વતી કમળના સમુદાયરૂપી મુખને ખંડિત-ભાગી તોડી નાખ્યાં; વળી કામદેવરૂપી હરોલ-નિશાંનદાર નિશાંન લઇને આગળ ચાલે છે, એવી વિજોગણી બૈરીને તો દુઃખનું દુઃખજ રહે છે. આમ મહારાજા સાગર વગર આજ આ દ્વિજરાજ કહેતાં ચંદ્રમાએ શું રોપ કર્યો છે? (૪)

अथ विभावनाकोदूसरोभेद अलंकार–सवैया.

तादिनसें विसरे न हमें फिर, जो दिनसें तुम चित चढेहो;
मूरति मिंत बिलोक कही, हियमें कलमीं चितराम कढेहो.
नीर भरेमें झरेसें रहे द्रग, मौंन करेसें जियामें गढेहो;
सागर एह सुनो अरजी तुम, मोहनी मंत्र कहांते पढेहो. ॥ ५ ॥

ટીકા—જે દિવસથી તમે ચિત્તમાં ચડયાછો–અર્થાત્ મનમાં વસ્યાછો તે દિવસથીજ અમને તો ફરીને વિસરતા નથી, અને મિત્રની છબિને વિલોકવાનું કહિયે તો તો આ હૈયામાં ચિતારાની કલમના ચિતરામણની પેઠે ઠસાઈ રહ્યાછો, આંખ્યો ઉપરની પાંપણોમાં નીર ભરાવાથી કે પછી ઝરવાથી આંખ્યોમાંજ વસોછો, અને દઢ મૌનપણું ધરવાથી તો જીવમાં ગઢાઈ રહ્યાછો, હે મારી આં-

આંખ્યોની કીકીરૂપ સાગર! મારી આ અરજી-વિનતિ સાંભળો, કે તમો આવા મોહની મંત્ર કહાં ભણી આવ્યાછો! (૫)

अथ एकावली अलंकार–सवैया.

मेरें लगि रसनां जक सागर, चातुक ज्यों घन बुंदन टेरें;
टेरें निसा मनु कोक इकें इक, माधुरताइ मधु गति हेरें.
हेरें चकोर शशि ज्यों द्रगें मग, मिंत अहो मिलिहो कब फेरें;
फेरें अनंगन चक्र चढ्यो मन, धीरज प्रांन धरें कह मेरें. ॥ ६ ॥

ટીકા—હે પ્રાણ જીવન સાગર! જેમ ચાતુક પક્ષી વર્ષાદના બુંદ-ફોરા વાસ્તે પોકાર પોકાર કરે છે, તેજ રીતિયે મારી રસના-જીભે તમારા નામની જક લાગી છે; વળી જાણે રાત્રિને સમયે ચકવો ચકવી એક બીજાને પોકારતાં હોયની! તેમ તમારા નામને પોકારૂં છું; ભમરો જેમ માધુરતાઈ-મધુરતાને હેરે તે પ્રકારે હેરૂં છું; ચકોર પક્ષી જેમ ચંદ્રમાને જુવે તેમ આ આંખ્યોથી તમારા માર્ગને નિહાળ્યા કરૂં છું; તો અહો! હે મિત્ર! હવે ફરીને ક્યારે મળશો? આ કામદેવના ચક્રની પેઠે મારૂં ચિત્ત ચકડોળે ચડ્યુ છે, તો હવે મારો પ્રાણ કેવી રીતે ધીરજ ધરે? (૬)

अथ न्यूनरूपक अलंकार–सवैया.

सागर सिंधु भरयोइ रहे व्रह, मंद्र नगेंद्र ठईहें रही;
दानव देव सनेह त्रपा अहि; नेत उसासन ऐंच ग्रही.
जीवन जंतु त्रसें सिगरे सुख. रेंन दिनां झक झोरनही;
तेरहु मिंत मिलेंगें कबें, अजहुं तो हलाहल एक मही. ॥ ७ ॥

ટીકા—હે મિત્ર સાગર! હૃદયરૂપી સિંધુ-દરિયો ભર્યો છે તે વિષે વિયોગરૂપી મંદરાચલ નામે પર્વતોનો રાજા આવીને ઠરી રહ્યો છે, અને સ્નેહ તથા લાજરૂપી દેવ દાનવો નિસાસા રૂપ વાસુકી નાગની આંખ્યો ઝાલીને ખેંચે છે-તેથી જીવનરૂપી સર્વે જંતુઓ ત્રાસ પામ્યા છે; સુખરૂપી પાણીને રાત દિવસ વલોવવાથી હે મિત્ર! તેર રત્નો તો ક્યારેય મળશે પણ હમણાં તો એક હળાહળ વિખજ સાંપડ્યું છે. (૭)

अथ समरूपक अलंकार–सवैया.

हे हिय पंजर बीच परेसी, कोउ प्रकार न पावत उड्डन;
धीरज तंदुलको चुगबो अरु, अंग बनें नवरंग दिनां दिन.
श्रोनतंको जल पीवो करें वह, कीबो कलोल समारिकें पंखन;
सागर ज्यों ज्यों चढें चित ध्यानसु, त्यों त्यों फिरेबो करे शुक यामन. ॥८॥

ટીકા—હૃદયરૂપી પાંજરાની વચ્ચે પડયો રહે છે-કોઈ પ્રકારથી તે ઉડવા

પામતો નથી, ધીરજરૂપ ચોખા ખાવાથી જેનું શરીર દિવસે દિવસે નવા નવા રંગવાળું બને છે, તે શ્રોણીત-લોહીરૂપ પાણીને પીધાજ કરે છે તથા સંકલ્પ વિકલ્પરૂપ પાંખો પસારીને કલોલ કર્યા કરે છે; હે સાગર! જેમ જેમ ચિત્તમાં ધ્યાન ચડે છે-તેમ તેમ આ મનરૂપી શુક-પોપટ ફર્યા કરે છે. (૮)

अथ समरूपक अलंकार—सवैया.

रससागर सागर रूप भरे, द्रग नावहि खेवट चाह हकारी;
छदमी मधि रावरे नेंन मिले सु, मिलावत फंद कटाच्छकी डारी.
हलकें भट प्रेम परें उनमें, छलकें जल आय समीप किनारी;
रकताके पताके चडाय दिये, अंखियानमें आंन फिरिहें तिहारी.॥९॥

ટીકા—સાગર-સમુદ્રરૂપ રસસાગર રસથી દરિયાવ-ભરપુર ભરેલા છે, તેમાં દ્રગ-આંખ્યોરૂપી નાવને ઇચ્છવારૂપનાવના ચલાવનાર નાવિકે હંકાર્યું, ત્યાં મધ્ય દરિયા વચ્ચે આવતાં આપના નેત્રરૂપી કપટી ચાંચિયા મળ્યા,-તેણે મળતાંજ કટાક્ષરૂપી ફંદ-જાળ નાંખી, પછી હુલકેલો પ્રેમરૂપી ભટ-શૂરવીર એમાં આવીને કુદી પડયો તેથી છલકાઇને તે પાણીના કિનારા સમીપે આવી પોહોચ્યું; રક્તતાની પતાકા ચડાવી, જેથી આ આંખ્યોમાં તમારી આંણ ફેરવી દીધી. (૯)

अथ द्रष्टांतालंकार—सवैया.

सोरंभताइ * प्रभंजनसें मधु, कंजन जैसें लगें पखियां;
ताल मराल चकोर ज्यों चंद, अनंद ज्यों इंद्र घटा शिखियां.
धारन रातज गांन उचार, विहारज्यों वारिनसें झखियां;
भाननकी दुति कोक ज्यों सागर, योंलगि आननसें अंखियां.॥१०॥

ટીકા—વાયુયુક્ત જેમ સોરભ લાગે, કમળની લીસી અને કોમળ પાંખડિયોથી જેમ ભમરો લાગે, માનસરોવરથી જેમ હંસનું મન લાગે, ચંદ્રમાથી જેમ ચકોર પક્ષીની નજર લાગે, ઇંદ્ર-ઘટા જોઇ જેમ મોરને આનંદ લાગે, ગાયનના સુરોથી જેમ હરણનું ધ્યાન-ચિત્ત લાગે, જળથી જેમ પાણીમાં રહેવાવાળી માછલિયોને આનંદ લાગે, સૂર્ય કાન્તિથી જેમ ચકવાની દ્રષ્ટિ લાગે, તેમજ પ્રાણ-જીવન હે સાગર! આપના મુખથી આ આંખ્યો લાગી છે. (૧૦)

अथ समस्तलाटानुप्रास अलंकार—सवैया.

द्वे द्रग मेरेसु चेरे बने रहे, तेरेही पंथके हेरे करें नित;
घेरे रहे विरहानलके गन, झेरे रहें असूवांन घरी प्रत.
रेरे सनेही जेरेरे खरे दुख, प्रेम छरे उभरेरे भरे रत;
नेरे बसोन अनेर भये दिन, येरे करेरे भयेहो कहा चित. ॥ ११ ॥

* અસલ પ્રતિમાં="માધુરતાઇ" પાઠ છે,

ટીકા—મ્હારી બંને આંખ્યો ચેલારૂપ બનીને નિરંતર તમારા પંથને જોયા કરે છે, વિજોગરૂપી અગ્નિના જથ્થાથી ઘેરાયાં રહે છે, ઘડિયે ઘડિયે આંસુ ઝર્યા કરે છે, રે રે! સ્નેહી! ખરા દુ:ખથી બળેછે-છતાંય પ્રેમની છોળ્યોથી ઉભરાઈ ઉભરાઈજ રહે છે, ઘણા દિવસો થયા પણ કને આવીને વસતા નથી-તો અરે રે! હે મિત્ર! દિલના આવા કઠણ શું થયાછો? (૧૧)

अथ समरूपक अलंकार–सवैया.

सास उसास डगे मगरी कासि, तंतसु नाभि परांनस डोरें;
मिंत जरि पखरी गुनकी चित, की चकरी सुफिरी चिहु ओरें.
द्वैद्रगरी सफरीसें फिर रसना, फरकी श्रुति आंकन जोरे;
सागर सापनसी सुरता जुरि, नेंन घरी प्रति देत टकोरे. ॥ १२ ॥

ટીકા—તંતથી નાભિ-દુંટીથી જકડી લીધેલા પ્રાણરૂપી દોરાને લીધે ઉપજેલા પ્રાણ અને અપાન વાયુમાંથી પ્રગટેલા સાસ ઉસાસાને માર્ગે દ્રગે છે, તેમ મિત્રના ગુણોથી જકડેલી પાંખડિયોવાળી ચિત્તની ચકરી ચારે તરફ ફરવા લાગીછે; તેને લીધે બંનેય આંખ્યો માછલિયોની પેઠે ફરે છે; જીભ ફરકીને કાનમાં આંકડા જોડે છે, એમ હે જીવન સાગર! સર્પણીસી સુરતા નેત્રરૂપી ઘડિયાળ પ્રત્યે જોડાઇને ઘડિયે ઘડિયે ટકોરા વગાડ્યા કરે છે. (૧૨)

अथ भाविका लंकार–कवित.

चाह भरे चेरे आवें, मेंल मेरें मेरे करि; डेरे नेर के दिन ब, धाइके पठाओगे.
केसर गुलाब बीर, गंध सार घन सार; बारुनी अगार मेरे, भाजन भराओगे.
गावन बजावनके, भूषन सुबासनके; रीझ रीझावनके, साज बनवाओगे.
मद मतवारे मग, हेर हेर हार द्रग; सागर दुलारे प्रान, प्यारे कब आओगे.
॥ १३ ॥

ટીકા—ઇચ્છાથી ભરેલા ચાકરને કૃપા કરીને મહારે મેહેલે આવી કહે કે હવે નજદીક આવી ઉતર્યા છે એવી વધામણી કયે દિવસે મોકલાવશો? કેસર-ગુલાબજલ-મલિયાગિરી ચંદન-કપૂર અને દારૂના પ્યાલા માહારે મહેલે ક્યારે ભરાવશો? ગાવા, બજાવવાનાં અને ઉંચા ઉંચા પ્રકારનાં વસ્ત્રાભૂષણો તેમ રીઝવા રીઝાવવાની ન્હાના પ્રકારની વસ્તુઓ ક્યારે બનાવશો? હે મદમતવાળા માતંગ! રસ્તાને જોઇને મારી આંખ્યો હવે તો હારી=થાકી ગઈઓ; તો હે સાગર દુલારે! હે પ્રાણ પ્યારે! ક્યારે આવશો. (૧૩)

अथ परि संख्यालंकार–सवैया.

आनन नां दरस्यो तोकहांहें, निरंतर संचर देखत नेंनां;
बाहिर जो परसो न कबी तो, छबी उर भीतरे मींत रहेनां.

आमिलिहो, नमिलोतो भले, रसना तव नाम लग्यो विसरे नां;
सागर ज्यु समझो न इतें पर, तो वहुरों तुमसें कह केनां. ॥ १४ ॥

ટીકા—મુખ ન દરશું તેથી શું થયું? પરંતુ હમેશાં આ આંખ્યો તમારો માર્ગ દેખ્યા કરે છે,. જો કદીએ બાહેર સ્પર્શ કરશો નહિ તો તેથી શું? પણ અંતરની મધ્યે મિત્રની મૂર્તિ ચિરકાળ રહેજો. આવીને મળો-યા ન મળો તો ભલે, પણ જીભે તો એક તમારૂં નામજ લાગ્યું છે જે વીસરતું નથી. હે ચતુર શિરોમણી સાગર! આટલાથી સમજો નહીં તો પછી તમને અધિક શું કહેવું? (૧૪)

अथ जातिस्वभाव अलंकार–सवैया.

जाम घरी पल धाम नहीं सुख, दाम लहे तुम नाम लिये;
बेदरदी करि खेद हने सर, भेद कलेवर छेद किये.
सागर प्रीतकि रीत तजो तब, मिंत कहो केहि रीत जिये;
धारहियें इत छारहियें, कह हार हियेंपर आ रहियें. ॥ १५ ॥

ટીકા—જામ-પહોર, ઘડી કે પછી પળ મહેલમાં સુખ પડતું નથી, જેથી હાથમાં માળા લઇને તમારા નામનો જાપ જપ્યા કરીએ છીએ. બેદરદી કે જેને દરદ નથી એવા કામદેવે મને ખેદ પમાડી કામબાણ મારી મારી આ કલેવરને ભેદી ભેદીને સોંસરા છેદ પાડ્યા છે; હે સાગર! જ્હારે પ્રીતિની રીતિને તજો, ત્હારે તો હે મિત્ર! કહોકે હમ કઇ રીતે જીવીએ? આ વાત હૃદયમાં ધારીને અહીં છવરાઇને-યા તો હૈયા ઉપર માણેક હારની માફક આવીને રહો. (૧૫)

अथ जातिस्वभाव अलंकार–सवैया.

आगें मोहोबत की हमसें तुम, पीछें निगाह करी न दगादे;
कैसें करार रहे दिल भीतर, दारु किया न जहेर पिवादे.
जानसें जान रहेगे तबी जब, भेज हुगे फुरमान लिखादे;
आइ निशा उतरेगि नहीं अब, सागर प्रेम सराबसें जादे. ॥ १६ ॥

ટીકા—અગાડી-પ્રથમ તો આપે હમારાથી પ્રીતિ જોડીને પછી દગો દીધો-કેમકે ત્હાર કેડે ફરીને નજર કરી નહીં, તો પછી દીલની અંદર શી રીતે કરાર રહે? જો જો દારૂ કહીને ઝેર ન પીવરાવી દ્યો? જાણ્યા મેળે ત્હારે જીવતો રહેશે કે આજ્ઞા-ફરમાન લખાવીને મોકલાવી દ્યો. હે પ્યારે સાગર! મદિરાથી જાદે વધારે આવેલો પ્રેમનો નિશો હવેતો ઉતરશે નહીં. (૧૬)

अथ काव्यलिंग अलंकार–सवैया.

गोमन वोंमन धोम उठे धग, रोमन रोमनसें जग जारे;
गात सिरात नहीं दिन रात सु, बात न जात कछू बिसंतारे.

भीतर चीतर मींत रह्यो मो, प्रतीत न थीत रहे जिय धारे;
नांगरताइ कहा करिये, चितकी तुम सागर जानन हारे. ॥ १७ ॥

ટીકા—નીચે ધરતી અને ઊંચે-આકાશમાં અગ્નિ ધખી ઉઠયો છે, તે રોમે રોમે જાગૃત થઇને બાળે છે; રાત્રિ કે દિવસે કોઇ કાળે ગાત્ર શીતળ થતુંજ નથી, આ અનહદ પિડાની કહેણી કાંઈ વિસ્તારી વિસ્તારી જતી નથી; પરંતુ હૃદયની ભીતર મિત્ર ચિત્રાઈ રહ્યા છે-તેનીજ પ્રતિતીથી કેવળ જીવને એક ધારે ધારી રહીએ છીએ; તો હે સાગર! ચતુરાઈ શી કરીએ.? ચિત્તની વાતને તો હે સાગરજી! એક તમેજ જાણનારા છો. (૧૭)

पुनः—सवैया.

नैन झरे जल मैंन भरे उर, रेन दिनां सुख चेन नहीं तन;
आश्य बिलोकनके बिसबासनि, दीरघ सासहि लेत छिनां छिन.
मंस दह्यो शशि अंश रह्यो रत, हंस बसे सो सनेहाकि साधन;
जाय कहो इत लाय लगी, तुम आयंसको तो बचे बिरहीजन. ॥ १८ ॥

ટીકા—આંખોમાંથી આંસુરૂપી જળધારા ઝરે છે, અંતરમાં કામદેવ ભરાઈ પેઠો છે-તેથી અહુરનિશ આ તનને સુખ ચેન સાંપડતું નથી, માત્ર એક રઢિયાળુ મુખ નિરખવાના વિશ્વાસથી લાંબા અને ઊંડા સ્વાસ પળે પળે લઇએ છીએ; શરીર ઉપરનું માંસ તો ચંદ્રમાયે પ્રકાશીને બાળ્યું છે અને લોહી તો અવશેશજ રહ્યું છે, બાકી જે હંસ-જીવ વસે છે-તેતો માત્ર સ્નેહ-પ્રીતિના સાધનથીજ વાસો હરી રહ્યો છે, વાસ્તે કોઈ જઇને સાગરથી કહો કે આંહી લાય લાગી છે; જો તમો આવી શકો તો વિરહીજન બચે. (૧૮)

अथ अपन्हव अलंकार—सवैया.

बाजको राज बिराजे बजीर, कुहानकि आन फिरी हे धरामें;
न्याय करा सकरा झगरा दो, जुरा लगरा हे अमीर सरामें.
बेरी कुही कुटवाल बने अरु, बास त्रुमंचि कुजाक—गिरामें;
सागर मिंत यहे सिगरे मिल, सारसि मारि धरी पिंजरामें. ॥ १९ ॥

ટીકા—બાજ પક્ષીનું રાજ બિરાજે છે, પૃથ્વી ઉપર કાગડારૂપી વજીરની આણ ફરી છે, શકરો અને ઝગરો એ બે ન્યાયાધીસો છે, જુરા તથા લગરા એ બે પક્ષિયો અમિરો સરાહમાં બેસે છે, બેરી અને કુહી એ બન્ને કોટવાળ બન્યા છે, અને બાશા તથા તુરમચી પક્ષી એઓ સિપાઈ ગિરીમાં છે, હે મિત્ર સાગર! તે બધાંય ભેગાં મળીને આ સારસીને મારીને પાંજરામાં કેદ પુરી રાખી છે. (૧૯)

समरूपक अलंकार—दोहा.

उर अनार चरखी गु चित, फूलझरीसे नेंन;
गल हलकी आतस समर, सूरत हवाइ सेंन. ॥ २० ॥

ટીકા—ઉરરૂપી અનાર, મનરૂપી ચરખી, આંખરૂપી ફુલઝરી, હલક–ઉત્કંઠારૂપી જામગરી, કામરૂપી અગ્નિ, અને સુરતની સેન–ઈશારત રૂપી હવાઈ બની છે. (૨૦)

अथ उत्प्रेक्षा अलंकार–दोहा.

निश दिन द्रग वरसत रहे, सरसत रहे सनेह;
तन परसत तरसत रहे, मानहु चातुक मेह. ॥ २१ ॥

ટીકા—અહુરનિશ નેત્ર તો વરસતાંજ રહે છે; તેમ સ્નેહ પણ વધતો ને વધતો રહે છે, તન સ્પર્શ કરવા માટે તૃષ્ણાથી આતુર રહે છે, જાણે કે ચાતુક પક્ષી વર્ષાદને ઈચ્છતો હોય નહિ શું. ? (૨૧)

अथ बिनोक्ति अलंकार–दोहा.

केसर जावक मलय घन्न, मंजन मिटेज्युं नाग;
मिलन विना नांहिन मिटे, मिल बिछुरनको दाग. ॥२२॥

ટીકા—કેસર, અળતો, મળયાગિરિ ચંદન અને કપૂર વડે મંજન કરવાથી નાગ જે અંજનનો ડાગ તે મટે–પણ મળ્યા પછી જે વિયોગનો ડાગ પડયો હોય તેતો મળ્યાવિના મટેજ નહીં. (૨૨)

दोहा.

समर पारधी भमर सर, विरह झपट किय बाज;
सागर नागर हो निपट, याको करहु इलाज. ॥ २३ ॥

ટીકા—રતિરાજરૂપી પારધી ભમરારૂપી સર–બાણને છોડે છે, વિરહરૂપી બાજ ઝપાટા દે છે, માટે હે સાગર ! તમે ઘણા ચતુર છો, તેથી એનો કંઈએક ઇલાજ કરો; અર્થાત્ નિપટ નાગર જે જસોદાનંદન કૃષ્ન તેણે જેમ હોલાનો બચાવ કર્યો હતો, તે પ્રકારે તમો પણ કરો. (૨૩)

गाहा.

विरहा पत्र प्रवीनं, लिखि पठइत सागरं प्रत्ते;
अठतालिश अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ २४ ॥

ટીકા—એવી રીતે વિયોગનો પત્ર લખીને પ્રવીણે સાગર તરફ મોકલાવ્યો તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની અડતાળીશમી લહેર સંપૂર્ણ થઈ. (૨૪)

इतिश्रीप्रवीनसागरग्रंथेकलाप्रवीनाविरहदशापत्रभेदोनाम अष्टचत्वारिंशतिमो लहरं. ॥ ४८ ॥

लेहेर ४९ मी.

अथ रससागरबिरहदशापत्रभेदो यथा–सोरठा.

सागर पत्र अपार, इहि बिधि लिखित प्रबीनके;
बांचत बिरहा ज्ञार, बढी दशा बरनों वहे. ॥ १ ॥

ટીકા—એ વિધિએ કળાપ્રવીણના ઘણાક પત્રો વાંચવાથી સાગરને વિરહરૂપી ઝાળા વધવાથી જે દશા થઈ તેનું વર્ણન કરૂં છું (૧)

सागर उक्ति बनाय, लिखे पत्र परबीन प्रति;
भेद भिन्न करि ताय, कछु बरनों संछेपसें. ॥ २ ॥

ટીકા—હવે સાગરે જે ઉક્તિ બનાવીને પ્રવીણ ઉપર પત્ર લખ્યા, તેના ભેદ નોખા પાડીને કાંઈક સંક્ષેપથી વર્ણવું છું. (૨)

अथ सागरबिरहदशापत्रउदाहरनं विभावना अलंकार–सोरठा.

ताको दारु कोंन, दारूसें दूनो दरद;
हे अब केसी होन, पाय न मिंत प्रबीनज्यु. ॥ ३ ॥

ટીકા—તેનું ઓષડ શું? કે જે દવા દારૂ કરવાથી બમણું દરદ થાય, વળી થવાનું બાકી શું રહ્યું છે કે મિત્ર પ્રવીણને તો પામ્યાજ નહીં! (૩)

अथ विभावना अलंकार–सोरठा.

मन नावकको तीर, चल्यो सु पीछो ना फिरे;
बेधन हार शरीर, कहोसु बेध्यो कोन बिधि. ॥ ४ ॥

ટીકા—મન બાણાવળીના બાણ જેવું છે, જે ચાપથી છૂટું પડયા પછી પાછું ફરતું નથી, તો શરીરને વિંધનારાએ તે મનને કયી યુક્તિએ વિંધ્યું હશે? તે કહો. (૪)

अथ सागरोक्त मालादीपक अलंकार–सवैया.

बातको दीप दियाको पतंग, पतंगको तेज कहांलों रहेहे;
ग्रावको फंद जु कुंदको फंदन, फंदको मोति कहांलो जगेहे.
पातको बुंदन बुंद प्रसून, प्रसूनमें बास कहां लगि रैहे;
साधन गुंज प्रबीन तजे तब, प्रान कपूर जेसें उडि जैहे. ॥ ५ ॥

ટીકા—વાયુરૂપી દીવો, દીવા પાસેનો પતંગિયો અને તે પતંગિયાનું તેજ તે ક્યાં લગી રહેશે? પત્થરરૂપી ત્રાપો, ડોલરના ફુલરૂપી રથ, અને જાળામાંનું ઝાકળનું મોતી ક્યાં લગી તગશે? પાંદડા ઉપરનું બુંદ એગર ફુલ ઉપરનું બુંદ, તેમ ફુલમાં વાસ ક્યાં લગી રહેશે? એમજ હે પ્રવીણ! તમો ગુંજ=કહેતાં ગુંજા એટલે સ્મૃતિ અથવા ધ્યાંનરૂપી સાધન જો તજી દેશો તો મારો પ્રાણ

કપૂરની માફક ઉડી જશે. (૫)

अथ समरूपक अलंकार—सवैया.

कंचन जी प्रिय भाजनमें, तिनमें कन नेह सुहाग मिलाये;
कौला किये सुख काम हुताशन, दीरघ सास धमा प्रजराये.
केते अलीक दगे मल यारस, नेननके मगसें मगलाये;
मिंत प्रबीन कहो किहि कारन, एह सुनार कला कित पाये. ॥ ६ ॥

ટીકા—જીવરૂપી સુવર્ણને હૈયારૂપી કુલડીમાં ભરીને તેમાં સ્નેહરૂપી ટંકણ ખારનો કટકો મિલાવ્યો, સુખરૂપી કોયલા કર્યા તેમાં કામરૂપી હુતાશન લગાડી દીર્ઘ સ્વાસરૂપી ધમણ ચલાવી તેને સળગાવ્યું, ત્હારે ખોટારા રૂપી કેટલાક મહેલને પ્રજાળીને એ રસને નેત્રોને રસ્તે ઓગાળ્યો; હે પ્રિય પ્રવીણ! કહો, એ કયા કારણ વાસ્તે? અને આવી સોનીની યુક્તિ તમે કયાંથી પામ્યાં? (૬)

भाविकालंकार—सवैया.

ओधको अंत बनेंगो कबे, कब द्योस गिनंत रहेंगे;
कोकिलसें सुर साधकबे, इत बायस आय बधाई देहेंगे.
आनंदके उमडेगे कबे घन, अम्रतके नद नीर बहेंगे;
मिंत प्रवीन चहंत यहे कब, चितकि बात इकंत कहेंगे. ॥ ७ ॥

ટીકા—અવધીનો અંત કયારે આવશે! તથા કયારે દિવસ ગણતાં રહીશું? કોયલની પેઠે સ્વર સાધીને કયારે કાગડો અહીં આવીને વધાઈ આપશે? આનંદનો વરસાદ કયારે ઉમટી આવશે? અમૃતની નદીઓનું નીર કયારે છોળે ભારતું વહેશે? હે મિત્ર પ્રવીણ! એજ ચાહિયે છીએ કે કયારે એકાંત બેશીને ચિત્તની વાતો કહીશું? (૭)

अथ भाविकालंकार—कवित्त.

एइ नेन चाहतहे, आपके बिलोक=बेकों; कीजिये बिचार कोउ, छिप्र छिप्र पाइयें. बीतत करेरे पल, छिनहू न परे कल; रह्यो फैल ब्रहा, बन निकट रहाइयें. एकही सनेह बीच, जे कही अनेक भांत; टेकही बिशेक धार, मन मुरझाइयें. यादकी तरंग सोतो, आइ जिय संग जैहे; परे ये प्रबीन फेर, एक बेर आइयें. ॥ ८ ॥

ટીકા—આ આંખ્યો આપને વિલોકવા-જોવાને ચાહે છે, વાસ્તે કોઈ વિચાર કરો કે જેથી ઉતાવળે ઉતાવળે જોવાને પામીએ. પળ તો ઘણી-અતિશય કઠણ વીતે છે ને ક્ષણ માત્ર કળ-સુખ પડતું નથી; વળી વિરહ પથરાઈ રહ્યો છે માટે જાણીએ છીએ કે વનની નજદીક જઇને રહિયે! એક સ્નેહની

વચ્ચે જે અનેક ભાતની ટેક કહેલી છે, તેને ઝીણી નજરથી ધારી ધારીને મનમાં ઘણુંજ મુઝાઇએ છીએ, અને યાદીની જે તરંગો આવી છે. તેતો જીવની [illegible], માટે હે પ્યારા પ્રવીણ! ફરીને એકવાર તો આવો! (૮)

अथ अधिक रूपक अलंकार—सवैया.

मन मथ्थ हकीम मिल्यो हमकों, उन औषधि सोधि मनोरथ पीसी.
सुख धीरज कांठ समीप धरे, अति दीरघ सास समीर मुंखीसी.
बिरहा अगनी उमटे न फटें छातियां, सुभई यह आतस सीसी;
रस नेनके जंत्र झर्योइ करे, तऊ सार प्रबीन सनेह भरीसी. ॥ ९ ॥

ટીકા—મનમથ્થ–રતિનાથ રૂપી અમને હકીમ મળ્યો, તેણું સંશોધન કરીને મનોરથરૂપી ઓષધી વાટી; બાદ તેને સુખ તથા ધીરજરૂપી કાષ્ટની પાસે ધરી રાખી, તથા ઊંડા અને લાંબા નિસાસારૂપી પવનથી ફુંકી ત્હારે વિરહની અગ્નિ સળગી ઉઠી–પણ છાતી ફુટી નહિં અને ઉલટી આતસની શીશી જેવી થઈ ગઈ. નેત્રોરૂપી સંચાવડે. રસ ઝર્યાજ કરે છે, તોપણ હે મારી જીવનવેલરૂપી પ્રવીણ! તે શીશી સ્નેહરૂપી સાર–તત્વથી ભરીજ રેહે છે. (૯)

अथ द्रष्टांताऽलंकार—सवैया.

ओ गुनवंत हमें हियरा, अति हो गुनवंत तुमें सु सुधारो;
जो पतियां बतियां में क़छु दिन, चूक परीतो सबे हि बिसारो.
भीरसें धीर मिटीहे शरीरकि, जो तकसीर भई सु निवारो;
सिंधु शिखी शिव झैर निभावत, मिंत प्रबीन मया न उतारो. ॥१०॥

ટીકા—અમારૂં હૈયું તો અવગુણથી ભરેલું છે, અને તમોતો અતિસ્ય ગુણવાન છો–તેથી તે અવગુણવાળા હૃદયને સુધારો; જો પત્ર કે વાતોમાં કોઇ દિવસ ચુક પડી હોય તો તે સર્વેને દયા લાવીને ભુલી જાઓ. સંકટથી શરીરની ધીરજતા તો મટી ગઈ છે, માટે જે તકશીર થઈ હોય તેને નિવારો. કેમકે સિન્ધુ વડવાનળ અગ્નિને, શિવજી હળાહળ ઝેરને નભાવે છે; તેમ તમે અમોને નભાવો, અને મિત્ર પ્રવીણ! મહેરબાની ન ઉતારો. (૧૦)

दोहा.

बडवा सागर गरल शिव, जो अतिही दुख देत;
बडे न संग लियो तजे, तो उन छांडे हेत. ॥ ११ ॥

ટીકા—વડવાનળ અગ્નિ સાગરને, હળાહળ વિખ શિવજીને અતિશય દુઃખ દેછે, તોય તેઓ તેને છોડી દેતા નથી–કારણકે મહાન પુરૂષો સંગે લીધેલાને તજતા નથી, તેવીજ રીતે તમારે પણ અમોને તજવાં જોઇએ નહીં. (૧૧)

अथ उल्लेखालंकार प्रथम भेद—कवित.

पल पुट फेर फेर, तिरी छे सु हेर हेर; बरुनी बिखेर टेर, तलफे तदिनके. मिल लाल शाम सेत, आन आन प्रभा देत; पाये गत प्रेतखेत, कदन मदनके. भरि भरि आबे वारि, ढरि ढरि बारि धार; करि करि चाह नित, शोनित रदनके. बैद बोल ल्याओ, आओ दरद मिटाओ दाओ; आओरे प्रबीन नेन, बाओरे बदनके. ॥ १२ ॥

ટીકા—મ્હારી આંખ્યો ઉપરનાં પોપચાં ફેરવી ફેરવીને, વાંકી અને તેડી નજરે જોઇ જોઇને, પાંપણો વિખેરીને-પોકારીને, તે દિવસથી તલફે છે; તેમાં લાલ-કાળો અને શ્વેત રંગ મળીને અનેક તરેહની શોભા આપે છે; કામદેવના મોતના સ્મશાનની ગતિ પામ્યાં છે-તેમાં જળ ભરાઈ ભરાઇને આવે છે તથા તે જળ-ધારા ઢળી ઢળીને અને હુમેશાં ચાહના કરી કરીને રોવાથી લોહીનું પાણી થાય છે; તો હે પ્રવીણ! તમે આવો અને વૈદને બોલાવી લાવો. કેમકે આ વિરહરૂપી બળતી દાહ-અર્થાત્ શરીરે થતું અગ્નિનું દરદ મટાડો. હે ચતુર! આવોરે આવો! કારણ-તમારૂં મુખ જોવાને આ મારાં નેત્ર બહાવરાં બની રહ્યાં છે. (૧૨)

अथ लोकोक्ति अलंकार—सवैया.

आज हुलों तो बडो अभिलाष हो, ज्यौंलो प्रबाह बध्यो पतियांको;
जो न मिलो तो प्रबीन संदेशन, कोन निआइ निआओ कहांको.
कोंनपें जाय कहे सुनि हे कोउ, आप भयो किरतार जो बांको;
आयु प्रमानिसें जीजतहे अब, कीजत हे गुजरान दिनाको. ॥ १३ ॥

ટીકા—આજ લગી તો મ્હોટી અભિલાષા હતી કે જહાં સુધી પત્ર પ્રવાહ બાંધ્યો હતો. હે પ્રવીણ! જો ન મળો તો પછી સંધેશો પણ નહીં? એવો તે કયો ન્યાયી અને કહાંનો ન્યાય કહેવાય? પણ અરે, ભુલીરે ભુલી! કારણ જહાં પરમેશ્વરજ વાંકો તો પછી કોણથી આ વાત જઈ કહીએ? વળી સાંભળશે પણ કોણ? હા! દૈવ્ય! શી ગતિ તેં કરી!! હવે તો માત્ર આયુષ દોરીના પ્રમાણવડેજ જીવિયે છીએ, ને દિવસોનું ગુજરાન ચલાવીએ છીએ. (૧૩)

अथ बिभावनाऽलंकार—सवैया.

प्यारे प्रबीन तिहारी प्रभा शुभ, प्रानके संग बसी हिय मांई;
याद लगी बनसारकि आतस, नीर समीर बुझे न बुझाई.
बेद न भेद प्रकार कितेइ सु, जानत हे जिनहू गति पाई;
बासर क्यों हरियें करियें कह, हेतकी होत अबे तो हसाई. ॥ १४ ॥

ટીકા—હે પ્યારે પ્રવીણ! તમારા શરીરની સુંદર છબી આ મારા

પ્રાણની સંગે હૈયામાં જકડીને વસી છે, યાદરૂપી કપૂરની આતસ સળગી છે, તે પાણી તેમ પવનથી પણ ઓલવી ઓલવાતી નથી, વેદના ભેદના તે અનેક પ્રકારે છે, પણ જેઓ એ ગતિને પામ્યા છે તેજ તેને જાણે છે; હવે દિવસ શી રીતે કાઢીએ અને શું કરીએ? હવે તો બહુ થયું-કારણ એથી તો હેતની હાંસી થાય છે. (૧૪)

दोहा.

नेन नीर सासा पवन, विविध होत विस्तार;
उर अंतर उमडी रहे, यादि अगन घनसार. ॥ १५ ॥

ટીકા—નેત્રોનાં નીર અને નિસાસા ઉસાસાના પવનનો વિવિધ પ્રકારે વિસ્તાર થાયછે, તોપણ હૃદયમાં યાદીરૂપી કપૂરની આગ તો ઉમડીજ રહે છે. (૧૫)

असंभवाऽलंकार-सवैया..

जेसेंइ चित प्रबीन बसे तुम; एसेंइ नेनन बीच बसोगे;
ज्यों पतियांन बनाय पठावत, यों बतियांन बनाय हसोगे.
जेसे एकंत उदास अराधत, तेसे एकंतहि अंत लसोगे;
ता दिनकों धनरे धनरे तुम, जा दिन आय प्रिया परसोगे. ॥१६॥

ટીકા—હે પ્રવીણ! જેવી રીતે તમો ચિતમાં વસો છો, તેજ રીતે આંખોમાં આવીને વસશો, ને જેમ કાગળ બનાવી બનાવીને લખી મોકલાવો છો, તેમજ પાસે આવી વાતો બનાવીને હસશો; વળી જે પ્રકારે હું એકાંતમાં બેશીને ઉદાસ વૃત્તિવડે આરાધન કરૂં છું, તે પ્રકારથી એકાંતમાં મારી કને શોભશો, અને જે દિવસે હે પ્રિયા! પાસે આવીને પરસશો, તે દિવસને તો ધન્ય ધન્ય છે. (૧૬)

अथ बिकल्पालंकार-सवैया.

मेर नहीं त्यों कुमेर करो नहि, एसे प्रकार कहाहे अनोखे;
एकहि बेर दिशा इतकी फिर, रीझ नहींतो निहारिये रोषे.
पाति नही तब पत्र हलाहल, क्यों पठयोन कहो केहि दोषे;
नेनन पूरी रहेगे प्रबीनज्यु, धूर परेगि कपूरके धोखे. ॥ १७ ॥

ટીકા—મહેરબાની ન કરો તેમ કમેરબાની ન કરો એવો જૂદો તે શો પ્રકાર ધારેલો છે? એકજ વાર આ તરફની દિશાએ ફરીને રીઝથી નહીં તો રહ્યું-પણ રોષથી તો નિહાળો? પત્ર ના મોકલો તો ઝેર-પણ ઝેરનું પાત્ર ભરીને કેમ મોકલાવતાં નથી? એવો તે અમારો શો દોષ છે? તે કહો. હે પ્રવીણ! જો કપૂરને ઠેકાણે ધૂળ પડશે-તોય નેત્રોમાં ભરી રાખશું. (૧૭)

अथ मिश्रितलाटानुप्रास अलंकार-कवित.

बासर निवास हूको, बासन सुहात बास; बासतें उदास होत, जेसें सास त-जनी. होत न सहाये कोउ, भेद न कहाये कहुं; हाय हाय कहत, बिहाग जाय रजनी. भुज भरी जबलो न, भजोगे भुजंग बेनी; तबलों भजेगी नांहि, भुज हुते भजनी. आसकीं जो आश की सों, कीजे न निराश कबें; आस-की प्रबीन होतो, इतनी समजनी. ॥ १८ ॥

ટીકા—દિવસે તો ઘરમાં પણ રહેવાનું ગમતું નથી, સુંદર અને ખુશ-બોદાર વસ્ત્રોથી પણ સાસ-પ્રાણ રહિત મુડદાની માફક ઉદાસ હોઇએ છીએ; કોઈ મદદે આવતું નથી, તેમ ક્યાંયે ભેદ કહેવાતો નથી, જેથી "હાય હાય" કહેતાં કહેતાં રજની વિતિ જાય છે; વાસ્તે હે ભુજંગવેણી! જહાં લગી ભુજા ભરીને સેવરો નહીં, ત્હાં લગણ હાથમાંની ભજની કહેતાં માળા ભાગરો નહીં; આશકે જે આશ કીધી હોય તેને કોઇએ સમયે નિરાશ કરીએ નહીં, માટે હે પ્રવીણ! જો તમે ખરાં ઈશકી હો તો એટલી વાત સમજજો. (૧૮)

सवैया.

मिंत कहूं किरतार निबाजहे, आसक को इक सेर करेंगे;
नेहके हाट बजारकी बाटमें, लाज कपाट उघारि धरेंगे.
नेननके सोहोदा करिके उत, रीझ मिलाय भंडार भरेंगे;
एहो प्रबीन वियोग बिदा करि, होंस हवेलिनमे बिहरेंगे. ॥ १९ ॥

ટીકા—હે મિત્ર! કોઈ સમયે પણ આપણા ઉપર જગત્કર્તા પરમેશ્વર કુરબાન થશે-ત્હારે તમામ આશકોનુંજ એક પુર વસાવશું, જેના બજાર-ને રસ્તે રસ્તે સ્નેહની દુકાનનાં લાજરૂપી દ્વારને ખુલ્લાં મૂકશું, આંખ્યોનો સોદો કરી ત્હાંથી રીઝ મેળવીને ભંડાર ભરશું; અહો મિત્ર પ્રવીણ! વળી વિયોગને વિદાય કરી હોંશની હવેલીમાં વિહાર કરશું. (૧૯)

अथ समरूपक अलंकार-दोहा.

उर निवान सुमती सलिल, सुरत माल गुनग्राह;
चढत जात कागद धरी, बढत प्रेम परवाह. ॥ २० ॥

ટીકા—ઉર-હૃદયરૂપી નવાણ, સુમતિરૂપી પાણી, સુરતરૂપી માળ, ગુણરૂપી ચક્ર તાણવાનાં નાડાં, એવા રેંટના સમાગમથી જેમ જેમ કાગળ રૂપી ઘડ ચડતી જાય છે, તેમ તેમ પ્રેમ પ્રવાહ વધે છે. (૨૦)

अथ यमक अलंकार-दोहा.

सुरत सुरत लागी रहत, लागी रहत सनेह;
बिरह ज्वाल जागी रहत, दागी रहत सुदेह. ॥ २१ ॥

ટીકા—તમારી સુરતમાં મારી સુરતી લાગી રહે છે, અને સ્નેહ પણ

જડયોજ રહે છે. વિરહ જવાળા પણ જાગતીજ રહે છે, તથા શરીર પણ બળતુંજ રહે છે. (૨૧)

सोरठा.

इहिविधि लिखे अनेक, पत्रसु एकहि एक प्रति;
बानी बिरह विवेक, सागर कला प्रबीनज्युं. ॥ २२ ॥

ટીકા—એ પ્રકારે સાગર અને કળાપ્રવીણે એક એક પ્રત્યે વિરહવાણીના વિવેકથી અનેક કાગળો લખી મોકલાવ્યા. (૨૨)

प्रेम भेद दुहु पाय, मनके मनहींमें मगन;
लागी सुरत सदाय, छिन दंपति बिसरे नहीं. ॥ २३ ॥

ટીકા—પ્રેમ ભેદને બન્નેય પામીને મનમાંને મનમાંજ મગન-ખુશાલ રહે છે, અને હમેશાં સુરતા લાગી રહેવાથી સ્ત્રી પુરૂષ એક બીજાને એક ક્ષણ માત્ર પણ વિસારતાં નથી. (૨૩)

दंपति जंपत एह, कब किरतार मिलबो करे;
लागी सुरत सनेह, ब्रह दिन प्रत दूनो बढे. ॥ २४ ॥

ટીકા—તે દંપતી-સ્ત્રી પુરૂષ એ જપ્યા કરે છે, કે સરજનહાર પ્રભુ ક્યારે મિલાપ કરશે! સુરત રૂપી સ્નેહ લાગવાથી પ્રતિ દિવસે વિરહ બમણો વધતો જાય છે. (૨૪)

गाहा.

सागर प्रत्य प्रबीनं, पठंवन पत्र बिहर बिसतारं;
उन पंचाश अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ २५ ॥

ટીકા—રસસાગરે વિયોગના વિસ્તારવાળો પત્ર લખીને કળાપ્રવીણ તરફ મોકલાવ્યો, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની ઓગણપચાશી લેહેર સંપૂર્ણ થઈ. (૨૫)

इतिश्रीप्रवीनसागरे रसससागराबिरहदशापत्रभेदोनाम एकोनपंचाशत्तमो लहरं. ॥ ४९ ॥

लेहेर ५० मी.

अथ कलाप्रबीनकुसुमावलीबिरहचर्चाप्रसंगोयथा-सोरठा.

कुसुम प्रबिन एकंत, बिरह दशा चरचा चली;
बरने वहे व्रतंत, भेदसु भिन्नहि भिन करि. ॥ १ ॥

ટીકા—કુસુમાવળી અને કળાપ્રવીણને એકાંતને સમયે વિરહ સંબંધી

જે ચર્ચા ચાલી તે વૃત્તાંતને ભિન્ન ભિન્ન ભેદથી વર્ણવું છું. (૧)

उर अंतरकी बात, कहे बिना कोउ न लहे;
काहू कही न जात, सोवरनों संछेप करि. ॥ २ ॥

ટીકા—અંતઃકરણની વાતને કહ્યા વગર કોઈ જાણે નહીં, તેમ તે કોઇની પ્રત્યે કહી પણ જાય નહીં, તેથી સંક્ષેપે કરી વર્ણવું છું. (૨)

जीउ न लीनो इश पद, देह न दीनो छेह;
मेन हि पायो मेन रस, कुटिल करम गति एह. ॥ ३ ॥

ટીકા—આ જીવે પરમપદ લીધું નહીં એટલે સ્વરૂપમાં એકત્વ થઇ ગયો નહીં, અથવા ઈશપદ અર્થાત્ મહાપદ-પટરાણીની પદવીને પામ્યો નહીં, વળી દેહને પણ છેદ દીધો નહીં-મતલબ કે મરણ નિપજ્યું નહીં, મેં કામદેવનો રસ ચાખ્યો નહીં-અર્થાત્ દંપતિના વિહારનુ સુખ ભોગવ્યું નહીં, માટે આ કરમનીજ કુટિલ ગતિ છે! (૩)

अथ रूपक अलंकार-दोहा.

चंदन बन तन मिंतको, प्रेमल प्रेम प्रकाश;
मन पन्नग लपट्यो रहे, एहि आस बिसवास. ॥ ४ ॥

ટીકા—મિત્રના તનરૂપી ચંદન વન છે, અને તેમાં પ્રેમ પ્રકાશરૂપી સુવાસ બહેકે છે, તે પરિમલની આશાના વિશ્વાસથી આ મનરૂપી પન્નગ-સર્પ તેમાં લપટાઇને પડી રહે છે. (૪)

सवैया:

प्रेमको मंत्र प्रबेस कियो, यह सिद्ध मनोज दइ गुरु दीच्छ;
धुनि सदा ब्रहकी तपबो, अरु मांगबि मींत सनेहाकि भिच्छा.
सागर ध्यान हिये धरबो, कछु ओर न राखतहे हम इच्छा;
बावरि एरि कहा बरजे अब, श्रोन न लागहिगी तुव सिच्छा. ॥ ५ ॥

ટીકા—પ્રેમ મંત્રનો પ્રવેશ કરાવીને આ મનોજ-રતિરાજ રૂપી યોગીએ ગુરૂદીક્ષા દીધી છે, તેથી સદાય વિરહની ધૂણીનું તાપવું, મિત્રના સ્નેહ-પ્રીતિરૂપ ભિક્ષા માગવી, હૃદયમાં એક સાગરનું ધ્યાન ધરવું, સિવાય અન્ય કાંઈ હું ઇચ્છા-ચાહના રાખતી નથી, માટે હે, બહાવરી સખી! શું કરવાને વારે છે?-હવે તારી શિખામણ કાને લાગશે નહીં. (૫)

अथ एकावली अलंकार-सवैया.

बनमें रितुराज प्रभा विकसी, विकसी रतिराज प्रभा तनमें;
तनमें बिरहा प्रगटी दरसे, दरसे रस आवलि आंखनमें.
खनमें मन मींत विना तरसे, तरसे सुख बास अवासनमें;

सन्मुर्में सखि सागर मित मिलेके, मिलो वनवर्तनि व्है बनमें. ॥ ६ ॥

ટીકા—રિતુરાજ-વસંતની પ્રભા-છબિ પ્રફુલિત થઈ, આ તનમાં રતિ-રાજ-કામદેવની કાન્તિ પ્રકાશી આવી, શરીરમાં વિજોગ પ્રગટેલો દિસે છે, અને આંખોમાં રસની આવલિ-હાર દેખાય છે-એટલે આંસુની અખંડ ધારા ચાલી જાય છે; ક્ષણમાં મિત્રવિના મન તરસે છે અને લહે છે, એટલુંજ નહીં પણ અવાસ કહેતાં ઘરમાંય રહેતાં ભયભીત-ત્રાસ પામે છે; હે મ્હારી વ્હાલી સખી! સમીપમાં સાગર મળતા નથી, અને તે નહિ મળે તો વનવર્ત્તિની એટલે વનવાસિની બની વનમાં વહીશ. (૬)

अथ समस्त छेकानुप्रास अलंकार–सवैया.

नीद मटी बिरहान कटी, सुहटीरत सुर्त्त जटी सुरटी;
आग दटी उपटी उरतो=य, नटी न अनंग चटी झपटी.
ओघ घटी छतियान फटी, जर्नु अंतर प्रेम पटी लपटी;
ए चितकी न मटी न छटी, पिये सागर पें निपटी कपटी. ॥७॥

ટીકા—નિદ્રા મટી છતાં વિરહની પિડા તો કપાઈ નહીં, અને રત-વખત હટી ગઈ-અર્થાત્ સમય વિતિ ગયો, અને મિત્રની સુરત મારા જીવ સાથે સજડ જોડાઈ ગઈ, તથા તેનુંજ રટન-યથાર્થ ધ્યાન કર્યું; અગ્નિના ધગધખતા અંગારામાં દટાઈ-દબાઈ ગઈ તોય છાતીપર (આંસુ) ઉમટી આવ્યાં તે હજી નાશ પામ્યાં નથી, પણ ઉલટી રતિપતિની ચટકી ઝપાટો કરવા લાગી-પણ છાતી ફાટી નહીં; જાણેકે અંતર-ઉર ઉપર પ્રેમની પટી લપટી હોય નહીં શું? એ રીતે આ ચિત્તની ગતિ મટી નહીં તેમ છૂટી પણ નહીં, પણ હે પ્રિય સખી! સાગર અતિશય કપટી છે. (૭)

अथ उत्प्रेक्षा अलंकार–सोरठा.

भई पत्र पहिचान, मन चाहत मिलन न बने;
मनो एह अनुमान, वासुदेवकी शंखधुनि. ॥ ८ ॥

ટીકા—પત્રથી પિછાન થયું, મન ઇચ્છે છે પણ મળવાનું બનતું નથી, જેમકે જ્હાં શંખધ્વની થતી હોય-તે ઠેકાણે શ્રી વાસુદેવ હોયજ, તેમ છતાં તે પ્રતિશબ્દ-પડઘા સંભળાયા છતાં ઇશ્વરનો મળાપ બની શકે નહીં, એજ રીતિયે અમારે બન્યુ છે. અથવા વાસુદેવ નામના વિપ્રના શંખની પેઠે લાખ માગે તો કહેશે સવા લાખ લે પણ પાઇએ આપે નહીં, તેમ તમો પ્રેમ બતાવો છો પણ મળતા નથી. (૮)

निगम कहतहे नेह, लोकालोक बिलोकियत;
अगम अलख गति एह, निकट रहे मिलबो नहीं. ॥ ९ ॥

ટીકા—નિગમ-વેદ કહે છે કે પ્રેમની મહત્તા એવી છે કે આ સૃષ્ટિની

અંદરની તેમ તેની બહારની વસ્તુને પણ વિલોકી શકે છે, પરંતુ પરમાત્માની અગમ્ય તથા અલક્ષ્ય અર્થાત્ જાણી કે લક્ષમાં આવી શકે નહીં એવી ગતિ છે, માટેજ તે સર્વ વ્યાપક સચરાચર અર્થાત્ બધેય જહાં જોઇએ ત્હાં અને આપણી પાસે પણ છે, છતાં આપણો અને તે મહા પ્રભુનો મિલાપ બની શકતો નથી; તે પ્રમાણેજ અમારે પણ થયું છે. કેમકે તમો ગુપ્ત રીતે મ્હારા હૃદયમાં વસો છો પણ પ્રત્યક્ષ આવી મળતા નથી. (૯)

दोहा.

गहरी घन गाजत पवन, दादुर बादर देख;
गावन नावनसें हियें, बिपति बिशेष बिशेप. ॥ १० ॥

ટીકા—વર્ષાદની મહાન પ્રચંડ ગર્જના, ચો-તરફ પવનનું ફેલાવું, દેડકાંઓના ડરાઉં ડરાઉં થતા શબ્દો અને વાદળાંની ઘોર ઘટા દેખીને તથા ગાયન તેમ ન્હાવાથી હૃદયમાં અધિક અધિક આપદાઓ વધતી જાય છે. (૧૦)

सरसे लगे संगीत सुर, रहे नेन उन=मेख;
सागर बिनां सु बीन सुनि, बिपति बिशेष बिशेष. ॥ ११ ॥

ટીકા—સંગતિ-ગાયનના સુરો બાણની પેઠે લોકાય છે, આંખ્યો તો મટમટયા વગર એમની એમ ઉઘાડીજ રહે છે, અને સાગરવિના મધુર વિણા વાગતી સાંભળવાથી અંતરમાં અધિક અધિક વિપત્તિ વધતી જાય છે. (૧૧)

मनमें सागर मितज्युं, रोपी बिरहा रेख;
अटके त्यों खटके हिये, बिपति बिशेष बिषेश. ॥ १२ ॥

ટીકા—મનમાં જે સાગર મિત્રે વિરહરૂપી ફાંસ રોપી છે, તે જેમ જેમ અટકે છે-તેમ તેમ હૈયાની અંદર ખટકે છે, તેથી કરી અધિક અધિક આપદા વધતી જાય છે. (૧૨)

बात आत फहरात पट, निपट गात न छु आत;
मनहु ज्वाल बिरहा जरत, डरत न छिन ठहराता. ॥ १३ ॥

ટીકા—પવન આવી પેહેરેલાં વસ્ત્રોને હલાવે છે તથા ઘણુંકરીને અંગને અડતો નથી, તેથી જાણે વિરાહાગ્નિની ઝાળોથી બળવાના ભયને લીધે ઘણુ વાર સ્થિર થયાવિના ચપળ રહી ડોલતો ફરે છે. (૧૩)

अथ कुसुमोक्त समरूपक अलंकार—कवित.

भाल चंद भ्रोहे चाप, मीन नेन नासा माने; बसत भुजंग सोतो, अलक पेचांनीहे. कज्जर हला हल, सूधासी हांसी सोहियत; मोती रद रदच्छद, बिद्रुमसो जानी हे. ग्रीवा शंख दीठ मद गति गज कंज पान; औरही प्रवीन तेरो रूप रंग पानी हे. शुभगुन लैर लागी, जागी रहे शशि निश;

आलीरी जुवानी तेरी, दधिसी दिवानीहे. ॥ १४ ॥

ટીકા—કુસુમાવળી કહે છે કે—હે પ્રવીણ ! તારી જુવાની સમુદ્રના જેવી મધુમાતી-છલકતી અને દિવાની છે, કારણકે દરિયામાં જેટલી ચીજો દીઠામાં આવે છે, તે તમામ તારા તનની અંદર જણાય છે. અર્થાત્ સિન્ધુની અંદર જેમ ચંદ્ર છે—તેવું ચન્દ્રબિમ્બિત ત્હારૂં ભાળ કહેતાં કપાળ દીસે છે; સમુદ્રમાં જેમ સારંગ ધનુષ છે—તે પ્રકારે તારી ભૃકુટીની વાંકડી છટા છે; સમુદ્રમાં જેમ માછલાં છે—તેવાં તારાં ચપળતા ભરેલાં નેત્રો છે; સમુદ્રમાં જેમ કૌસ્તુભ મણિ છે—તેવું ચળકતું અને શોભીતું તારૂં નમણું નાક છે; સમુદ્રમાં જેમ ભુજંગો વસે છે—તે રીતે શેશ નાગની કન્તિ સરીખી તારા ચોટલાની છબિ ઝળકે છે; સમુદ્રમાં જેમ કાળું ઝેર છે—તેમ તારી બંને આંખ્યોમાં સારેલું કાળું કાજળ છે; સમુદ્રમાં જેમ અમૃત છે—તેવું તારૂં અમૃત ઝરતું હસવું શોભે છે; સમુદ્રમાં મોતી છે—તે પ્રકારે ત્હારા ચન્દ્રબિમ્બ સરીખા મુખઅંદર દાંતની પંક્તિ આવેલી છે; સમુદ્રમાં જેમ પરવાળાં છે—તેજ રીતિયે તારા લાલચોળ પરવાળા સરીખા હોઠને જાણિયે છીએ; સમુદ્રમાં જેમ શંખ છે—તેવું ઉભું અને ફુલાતું તારૂં ગળું છે; સમુદ્રમાં જેમ મદ્ય છે—તેજ માફક તારી કટાક્ષયુક્ત દ્રષ્ટી છે; સમુદ્રમાં જેમ ઐરાવત હાથી વસે છે—તેવી તારી ગજગામિની અર્થાત્ હાથીની છટા જેવી તારી ચાલવાની ગતિ છે; સમુદ્રમાં જેમ કમળ છે—તેવા તારા સુકોમળ અને નાજુક હાથ છે; સમુદ્રમાં જેમ પાણી છે—તેમ તારામાં રૂપ રંગ છે; સમુદ્રમાં જેમ લેહેરો લાગે છે—તેમ તારામાં સદ્દગુણરૂપી તરંગો શોભે છે; સમુદ્ર ચંદ્રને જોઇને રાત્રિયે જાગૃત થાય છે—તેજ પ્રકારે તું પણ રાત્રિને વિશે જાગૃત અવસ્થામાં રહે છે; એ વિધિયે અથ ઈતિ દરિયા—સમુદ્રના જેવા ગંભીર ગુણો તારામાં દીસે છે; તેથી હે સખી! તહારી જુવાની સમુદ્રના જેવી દીવાની—બ્હાવરી છે. (૧૪)

अथ उत्प्रेक्षालंकार—सवैया.

मद्द दुरद्द चढ्यो ढिग चंचल, ता अस मोद निसान बजाया;
प्रेम पयद्दल पूर परखे, जब पंच विषे उमराउ कहाया.
जानत आन बखत्त समानहि, चित गुमान तखत्त सु पाया;
ताहि फिरीहे दुहाइ चहू दिश, वाकि कटाच्छ हमाउकि छाया. ॥१५॥

ટીકા—હે પ્રવીણ! તમારી નજીક ચપળતારૂપી હાથી ઉપર મદ નામનો સરદાર-યોદ્ધો પડયો છે, તેની આનંદ-મગ્નતાઈરૂપી ઘોડા ઉપર નિશાન વગાડયું; ઉભરાતા પે-દળ પૂરની પેઠે પ્રેમ ઉમટયો, ત્હારે શબ્દ-સ્પર્શ-ગંધ આદિ પાંચ વિશેક તેના લશ્કરના ઉમરાવ કહેવાયા, અને તે બધા પ્રકારથી સમયને જાણી-વર્તીને તે ગુમાનરૂપી સરદાર ચિત્તરૂપી તખતને પામ્યો છે, તથા તેની ચોદશ દુવાઈ ફરી છે; તેમ તેની વાંકી નજર "હુમાઉ" પક્ષીની છાયા

બરોબર છે—અર્થાત્ હુમાઉ પંખીની છાયા જેના ઉપર પડે, તેના મનઇચ્છિત સર્વે પદાર્થો પ્રાપ્ત થાય છે. તેજ પ્રકારે ત્હારા ચિત્તમાં જે પ્રેમનો મદ ચડયો છે તેની કટાક્ષરૂપી નજરથી તમો પણ તમારા મનોરથરૂપ ઇચ્છિત ફળને સિદ્ધ કરશો. (૧૫)

अथ अन्योक्ति * अलंकार—सवैया.

ओसर नाही मिले परबीन, तबे लगि चाह भरी सु भरी;
जानि नहीं बरखी सु तबे, अब स्वांत घटा बिखरी सु खरी.
बारहु मास पुकार करे वह, चातुक चूक परी सु परी;
बारहि बार बिचार करे, किरतार बिचार करी सु करी. ॥ १६ ॥

ટીકા—હે વરસાદના બુંદના પ્યાસા પ્રવિણરૂપી ચાતુક! જહાં લગી મેઘ વર્ષવાનો સમય મળે નહીં ત્હાં લગી જે ચિત્તમાં ચાહના ભરી તે ભરીજ રહેશે! સ્વાતિ નક્ષત્રના મેઘની ઘોર ઘટાઓ જહારે વરષી હતી, તે વખતે તો તેં લક્ષમાં લીધી—જાણી નહીં, અને હવે તો સ્વાતિની ઘટા વિખરી ગઈ—તે વિખરીજ ગઈ! માટે હવે બારે માસ તું પોકાર કર્યા કરે છે પરંતુ હે બપૈયા! પ્રથમ તારામાં જે ચૂક—ભૂલ પડી તે પડી; હવે વારે વારે શું વિચાર કરે છે? એતો એ જે—કિરતારે કરી તે કરીઅર્થાત્ કે જે વખતે સાગર સાથે મેળાપ થયો તે વખતે તો સારી પેઠે જાણ્યું નહીં—અને હવે શું પોકાર કર્યા કરે છે? (૧૬)

अथ द्रष्टांतालंकार—सवैया.

बात बिचार सबे करि हे, न रहे छुपि ताये कहा परि हे चक;
प्रेम प्रकाश बिकास भयो, मनु हो ज्यु उजास फनूसको दीपक.
गैरव पासत घासत भूषन, हेरत होय रह्यो सब हाटक;
चिंत प्रवीन तबी करबी कह, एकहि टेक गहो उर आसक. ॥ १७ ॥

ટીકા—કળાપ્રવીણને કુસુમાવળી કહે છે કે તમારા સ્નેહની વાતનો અંદરે વિચાર કરૂં છું તો જણાય છે કે હવે તે ગુપ્ત રહેનાર નથી, તો પછી ચક—પડદા પડીને શું કરી શકશે? એટલે તમારી પ્રીતિનું ઉજીઆરૂ પ્રેમ ફાનસ માંહેલા દીવાની માફક જાહેર થયું છે,—અર્થાત્ ફાનસને કાચના તકતાનો પડદો છતાં અંદરના દીવાનું તેજ છુપતું નથી. વળી અલંકાર—ઘરેણાંને ગેરૂ લગાડવાને અર્થાત્ પાસ બેસાડવાને ગેરૂ ઘસ્યા છતાં તે ઘરાણું જોતાં હોય તેવું તે સોનાનું તેજ ખુલ્લુ થઈ રહે છે. તો પછી હે પ્રવીણ! ચિંતા શાને કરવી? હવે તો હૃદયમાં એક આશકની ટેકનેજ ગ્રહી રાખો. (૧૭)

* એકને કહીને બીજાને સંભળાવવું તે અન્યોક્તિ અલંકાર કહેવાય. તેમ આ સવૈયામાં કુસુમાવલિયે બપૈયાને કહીને પ્રવીણને સંભલાવ્યું છે.

सोरठा.

इहि बिध कला प्रवीन, कुसुमावलि चरचा चली;
सागर मिंतसु कीन, वह बरनन कीजत अबे. ॥ १८ ॥

ટીકા—એ પ્રકારે કળાપ્રવીણ તથા કુસુમાવળી વચ્ચે ચર્ચા ચાલી; હવે સાગરે મિત્રોથી જે ચર્ચા કરી તેનું વર્ણન કરૂં છું. (૧૮)

अथ जातिस्वभाव अलंकार—कुंडळिया तोटक.

निश दिन जिय जंपत रहे, मिंत मिंत अरू मिंत;
हमकों एती बहुतहे, चाह न चूकत चिंत.
चिंत चाह न चूकत यागतिहे, हमकों इतनीसू भई अतिहे;
नित मिंतहि मिंत पुकार करे, निश द्योस पवीन नहीं बिसरे. ॥१९॥

ટીકા—રાત દિવસ આ જીવ મિત્ર મિત્ર અને મિત્ર એમ જપતો રહે છે, અમને તો એટલું બહુજ છે—પણ આ ચિત્ત ચાહના ચૂકતું નથી; ચિત્ત ચાહના ચૂકતું નથી એવી અમારી ગતિ છે; અમારે તો એટલી થઈ તેજ અતિ-વધારે છે, નિરંતર મિત્ર! હે મિત્ર! એમ પોકાર કરીએ છીએ, અને નિશા કે દિવસે પ્રવીણ વિસરતાંજ નથી. (૧૯)

अथ एकावलि अलंकार—सवैया.

केहेरे दिन बीताहिंगे सू कहांलों, कहांलों बियोग बिथा गेहेरे;
गेहेरे परबीन सबे सुधले, तबसे हम याद सबी लेहेरे.
लेहेरे हमसी उनकों कि नहीं, बिरहान दहे हमसें देहेरे;
देहेरो उनके करकी पतियां, बतियां उन आननकी केहेरे. ॥ २० ॥

ટીકા—હે પ્રિયે! આવા અતિ વિકટ દિવસો ક્યાં સુધી વિતશે? અને ક્યાં લગી વિયોગના દુ:ખને સહીશું? મહા વિચિક્ષણ અને અતિ ચતુરાઈ યુક્ત પ્રવિણે સઘળી શુદ્ધ બુદ્ધ હરી લીધી છે—ત્હારથી અમે તેની મૂર્તિને ધ્યાન—યાદમાં લઇએ છિયે. વળી અમારા જેવી પ્રીતિની તરંગો એમને હશે કે નહીં? અને હશે તો વિરહાનળ જેમ અમને દહે છે તે રીતિયે તેમને બાળતો હશે કે નહી? અરે! એમના હાથનો લખેલો પત્રજ આપ્યને કે તેમના મુખાર્વિંદથી નિકળેલી વાતજ કહેને! (૨૦)

रहिये सब सोधि हियेकि हिये, कहिबेकी नहीं सो कहा कहिये;
कहिये कह कानि भईहे बियोगकि, भागके भोग सबे सहिये.
सहिये शिर नीकि बुरी सबही ज्यू, प्रबीनके पाते कहूं पहिये;
पहिये नहि प्रेम भरी पतियां, छतियां धरि धीर कहा रहिये. ॥२१॥

ટીકા—હૃદયની વાતને હૃદયમાંજ તપાસી રહીએ છીએ; પણ જે કહેવાની નથી તે કયાં જઇને કહિયે? આ વિયોગની જે કહાણી થઈ છે તે શું કહિયે? એતો એજ કે=જે ભાગ્યમાં વિધાત્રીએ છઠીના ટાંકેલા આંકને સહીએ છીએ-છતાં જો મૃગનયણી પ્યારી પ્રવીણને હાથ કોઈ પ્રકારે પામિયે તો તો નેકી કે બુરી અર્થાત્ સારી કે માઠી જે માથે આવી પડે તે બધી પિડાને સંહીએ; પણ જહારે પ્રેમથી ભરેલો પત્રયે ન પામિયે તો પછી છાતીમાં ધીરજ ધરીને કેમ રહિયે? અર્થાત નજ રહી શકીએ. (૨૧)

अथ स्मृतिमान अलंकार—कवित.

इंद्रकों आराधिये तो, आसन गजेंद्र तहां; चंद्रकों आराधे तांहि, बासहे कुरंगको. गनपत ध्यान धरे, भालहीमे आध चंद; शंकरके ध्यानहींमें, भूषन भुजंगको. रामकों उपासिये तो, पानमें सरासनहै; कालिकाकों सिंह संग, सारदा विहंगको. शक्र—शशि—हेरंबेश, हर—राम—हरा; बानी सबही सधे जो, बास व्है प्रबीन संगको. ॥ २२ ॥

ટીકા—જો ઇંદ્રને આરાધીએ તો ત્હાં ગજેંદ્રનું આસન છે; જો ચંદ્રને આરાધીએ તો ત્હાં મૃગનો વાસ છે; ગણપતિનું ધ્યાન ધરીએ તો તેના કપાળમાં અર્ધ ચંદ્ર બિરાજે છે; જો શંકરનું ધ્યાન ધરીએ છીએ તો ત્હાં સર્પનાં ભૂષણો છે; રામની આરાધના કરીએ છીએ તો તેમના હાથમાં ધનુષ છે; દેવી કાળિકાને પૂજીએ છીએ તો તેની સંગે સિંહ છે; જો ભગવતી સરસ્વતીને સમરીએ તો તેમની પાસે હંસ પક્ષી છે; પરંતુ જો પ્રવીણની સંગનો નિવાસ થાય તો ઈંદ્રિ-ચંદ્ર-~~ગણેશ~~-શિવજી-રામચંદ્ર-કાળિકા અને બાનીનાં ઉચ્ચારવાવાળાં સરસ્વતી એ સઘળાં સાધ્ય થાય. અર્થાત્ તે બધાંય એક પ્રવીણના અંગમાં આવી રહેલાં છે એટલે કે તે સર્વે દેવોનાં વાહનો પ્રવીણના શરીરના અંગોમાં સમાયાં છે. (૨૨)

अथ रूपकालंकार—सवैया.

आय अनंग चढ्यो इंद्र जीतसो, शूर समीर रथी रन जूटी;
बान प्रसून ब्रषा क्षर लाइसु, केति अनीक कलेवर फूटी.
लच्छनही मुरझाय रहे, अरु राम अराम वरूथिनि लूटी;
मिंत कोउ हनुमंत ज्यों लाउरे, पाय प्रबीन सजीवन बूटी. ॥ २३ ॥

ટીકા—આજ ઇંદ્રિજીત સમાનો અનંગ-કામદેવ ચઢી આવ્યો છે, તેની સંગાથે સમીર કહેતાં વાયુરૂપી શૂરવીરો-મહારથી રણમાં જોડાઈ રહ્યા છે; તે રતિરાજે પુષ્પના બાણના વર્ષાદની ઝડી આણી અને તેથીકરી કેટલીક ફોજનાં કલેવર-શરીર ફુટયાં; જે જોઇને આ હૃદયરૂપી લક્ષ્મણ તો મુર્છા પામી અર્ણ પથારીએ પડી રહ્યો છે, તથા મારા ઉરરામરૂપી રામની ફોજને તે અનંગરૂપી

લુટારાએ લૂટી લીધી છે; માટે કોઈ મિત્ર ધાઈને હનુમાનજીની માફક પ્રવીણ-રૂપી સજીવન બુટ્ટી લાવીને પાય-અર્થાત્ મેળવી આપે તોજ જલદી આરામ થાય. (૨૩)

अथ संदेह अलंकार–सवैया.

प्रेम सराबके पान तजे, कि भजे बिरहानलके उठि थाने;
कीधों गुमान भरे गुनके, उन आसकके चल पंथ अघाने.
कीधों भये निरदे मितवा, जितवा बहरावे दिवानहि जाने;
पंथिक बात बनाय कहो, यह क्यों न प्रबीन लिखे परवाने. ॥२४॥

टीका—પ્રવીણે શું પ્રેમરૂપી સરાબનું પીવું તજી દીધું ? કે એના વિરહાનળનું થાણું ઉઠીને નાસી ગયું ?–કે પછી ગુણના ગુમાનથી છલકાઈ ગયાં ? કે આશકને રસ્તે ચાલીને હોઇયાં થઈ ગયાં,–મતલબ કે ધરાઈ ગયાં ? કે પછી તે મિત્ર નિર્દય થયો ? કે શું અમને બહાવરા અગર દિવાના જાણીને અમારા જીવને ગભરાવે છે ? હે પંથીક ! વાત બનાવીને કહો, કે એ પ્રવીણ પરવાનો–પત્ર કેમ લખતાં નથી ? (૨૪)

पुनः–सवैया.

या मितवा मितवा हम टेरत, हेरत रा तन तेज तवाने;
पीर सबे मनकी मन बूझत, रूझत ना उर बीच घवाने.
चित्तको भेद कहूं नहि खोलत, डोलतहे दिन रेन दिवाने;
पंथिक बात बनाय कहो, अहो क्यों न प्रबीन लिखे परवाने. ॥२५॥

टीका—અમે તો એ સ્નેહીને હે મિત્ર ! હે મિત્ર ! એ રીતે પોકારિયે છીએ અને તેના માર્ગને જોઇએ છીએ, આ તનનું તેજ (રૂપ) તપાઈ ગયું છે, અમારા મનના દુઃખને તો એક અમારૂં મનજ બુજે છે અને હૃદયની વચ્ચે–ભીતર જે વિરહરૂપી ઘાથી ઘવાયા છીએ તે રૂઝાતા નથી; એ આ ચિતના ભેદને ક્યાંઈ આગળ ખોલતા નથી તેમ રાત દિવસ ગાંડાની માફક ફરીએ છીએ, વાસ્તે હે પંથી ! વાત બનાવીને કહો, કે પ્રવીણ પત્ર શાથી લખતાં નથી ? (૨૫)

सोरठा.

परे प्रान बे हाल, बिछुरे मिंत प्रबीन ज्यू;
बिरहानलकी ज्वाल, जरबेसें मरबो भलो. ॥ २६ ॥

टीका—મિત્ર પ્રવીણના વિયોગથી પ્રાણ બેહાલ થઈ રહયો છે, તથા આ વિરહાનળની જવાળમાં બળવા કરતાં મરવું એ બહુજ ઉતમ છે. (૨૬)

उनमुखकी अनुहार, देखे बिन नेनां दुखी;

निश दिन शोच बिचार, करबेसें मरबी भलो. ॥ २७ ॥

ટીકા—એમના મોઢાના મલકતા અણસારા દેખ્યા વગર આ મારી આંખ્યો દુખીયારીઓ છે, વળી નિશદિન આ પ્રકારે શોક અને વિચાર કરવા કરતાં મરવું સારૂં છે. (૨૭)

उनमुख देखन आस, प्यास अजों बूझी नहीं;
पल पल प्रान उसास, भरबेसें मरबो भलो. ॥ २८ ॥

ટીકા—એમનું મુખ જોવાની આશાની તરસ હજી મટી નહિ, એમ પળે પળે પ્રાણથી ઉસાસ ભરવા કરતાં મરવું ભલું છે. (૨૮)

परेन विहार पार, मिले न मिंत प्रबीन ज्यूं;
नेननसें जलधार, झरबेसें मरबो भलो ॥ २९ ॥

ટીકા—વિરહનો પાર પડતો-આવતો નથી, તેમ મિત્ર પ્રવીણ પણ મળતાં નથી; અને આ નેત્રોમાંથી આંસુરૂપી જળ ધાર ઝરાવ્યા કરતાં મરવું ભલું છે. (૨૯)

कछु न सुहावे भोय, भावेसो पावे नहीं;
प्रान दिवाने होय, फरबेसें मरबो भलो. ॥ ३० ॥

ટીકા—અમને કાંઇએ ગમતું નથી-અને જે ભાવે-ગમે છે તે પામતા નથી, માટે પ્રાણથી ગાંડા થઇને ફરવા કરતાં મરવું ભલું છે. (૩૦)

कहियो प्रेम प्रकाश, पंथी जाय प्रबीनसें;
मुख मुख चंदा आश, नेन चकोर व्है रहे. ॥ ३१ ॥

ટીકા—હે પ્રવાસી! આ પ્રેમનો પ્રકાશ પ્રવીણની કને જઇને કહેજો; કે આપના મુખરૂપી ચંદની આશાથી આ નેત્ર ચકોર પક્ષીની પેઠે થઈ રહ્યાં છે.(૩૧)

दोहा.

मन कप द्रग ज्वाला सलग, बुझ्यो त्रपा गुल देह;
पद ककरी त्वर लोह करि, भगे तो जगे सनेह. ॥ ३२ ॥

ટીકા—મનરૂપી સૂત્રનો કપ પ્રિય મિત્રની આંખ્યોની જ્વાળા વડે સળગી ઉઠયો, તે કળીને રહેવાના દેહ પેઠે લજ્જા-મર્યાદારૂપી ભુંગળીમાં ઓલવાઇને રહ્યો, હવે કુળની મ્હોટાઇરૂપી ચકમકની કાંકરી ઉતાવળરૂપી લોઢાના કડાવતી ભાગે તો સ્નેહ-પ્રીતિ પ્રગટ થાય, અર્થાત્ સ્રી પુરૂષની એક બીજાની પ્રથમ જ્યહારે નજરે નજર મળે છે ત્યહારે તે રસજ્ઞ સ્રી પુરૂષના હૃદયમાં પ્રેમની જોતિ જાગે છે; પરંતુ પોતાના કુળની મર્યાદાથી તેઓ બોલી શકતાં નથી, પણ તે લાજ-મર્યાદારૂપી ચકમકની કાંકરીને ત્વરાની પત્થરીથી ટીચે તો સ્નેહરૂપી અગ્નિ પાછો પ્રગટ થાય. (૩૨)

सवैया.

करियो करजोर के बीनतिज्यू, जिनसें मिलबो निश बासरको;
इतनी कह चूक परी हमसें, नहि आवत आंगन या डर की.
पलके पल कान मिली जबसें, तबसें न बिसारीबो कागरको;
यह मिंत प्रबीनसें केबो इतो, नित खोजबो प्रेमके सागरको. ॥ ३३ ॥

ટીકા—અમો જેને રાત્ર દિવસ મળવાની ચાહના કરીએ છીએ, તેને હાથ જોડી વિનંતી કરજો કે-અમારી એટલી શી ચુક પડી છે કે આપ અમારે આંગણે આવતાં નથી? અગર તો તમને શી બીક છે? અને જ્હારથી નેત્રથી નેત્ર જોડાયાં છે-ત્હારથી પત્ર લખવાનું તો ભુલાયુંજ નથી; તેમ વધારામાં વળી તે મિત્ર પ્રવીણથી એટલું કહેજો કે સદાય પ્રેમના સાગરને ખોળ્યા કરજો. (૩૩)

सोरठा.

पाई नहीं ज्यु पाति, वाती बिरहाकी बुरी;
लोक कानिकी लाति, जाती घटी घरी घरी. ॥ ३४ ॥

ટીકા—કાગળ તો આવ્યો નહીં ને વિજોગની વાત તો અતિ માઠી છે, બાકી લોક કેહેણીની લાય-તો ચિત્તમાંથી ઘડીએ ઘડીએ ઘટતી જાય છે. (૩૪)

इहि विधि बिरह सनेह, बढत जात चरचा चले;
उरमहि साधन एह, सागर लिख्यो प्रवीन ज्यु. ॥ ३५ ॥

ટીકા—એ પ્રમાણે પ્રીતિ સંબંધી ચર્ચા ચાલવાથી વિરહ અને સ્નેહ વધી જાય છે, તથા એજ સાધનને ચિત્તને વિષે દૃઢાવવાને મહારાજા રસ સાગરે પ્રવીણને લખ્યું. (૩૫)

कुसुमसु कलाप्रवीनं, सागर मिंत बिरह चरचा विधि;
पंचाशत अभिधानं, पूर्न प्रबिन सागरो लहरं. ॥ ३६ ॥

ટીકા—કળાપ્રવીણને કુસુમાવળીથી અને સાગરને મિત્રોથી જે વિરહની ચર્ચા ચાલી; તે વર્ણનવાળી આ પ્રવીસાગર ગ્રંથની પચાસમી લહેર સંપૂર્ણ થઈ. (૩૬)

इतिश्री प्रबीनसागरग्रंथेकलाप्रबिनरससागरविरहचर्चाभेदोनामपंचाशत्तमो लहरं. ॥ ५० ॥

लेहेर ५१ मी.

अथ कलाप्रबीनकुसुमसंवादे बिरहांतरनायकभेद प्रसंगोयथा—दोहा.

ज्यों ज्यों नित चरचा चलत, त्यों त्यों प्रेम बढाय;

प्रेम बढत पाती लिखत, प्रति उत्तर सुख पाय. ॥ १ ॥

ટીકા—જેમ જેમ નિરંતર ચર્ચા ચાલે છે તેમ તેમ પ્રેમ વધારતાં જાય છે, અને તે પ્રેમ જેમ જેમ વધતો જાય છે—તેજ પ્રકારે અન્યોન્ય એક બીજાને પત્રો લખતાં રહે છે, વળી તે લખેલા પત્રને તથા આવેલા ઉત્તરને વાંચી આનંદ પામે છે. (૧)

बिरह बढे फुनि कुसुम प्रति, देत प्रबीन सुनाय;
बिरहांतर बिधिनायका, सुच्छम भेद बनाय. ॥ २ ॥

ટીકા—વિરહ વધવાથી કળાપ્રવીણ ત્હાં કુસુમાળી પ્રત્યે વિરહ દશાની અંદર નાયકા ભેદની રીત સંક્ષેપમાં બનાવી સંભળાવી આપે છે, (૨)

अथ तत्र प्रथम स्वाधीनपातकभेद द्रष्टांतालंकार—सवैया.

बादिके नाग सिकारिके बाज ज्यों, प्यारिके पाननमें बिहरेहे;
सिद्ध सुवा ज्यों पढे ज्यों पढावत, चंदमुखी मुख फंद परेहे.
ओर कहा उपमा कहिये, अध आयससें इक पाय खरेहे;
पाय हमे अबकी पतियां महि, सागर काहु अधीन करेहे. ॥ ३ ॥

ટીકા—વાદીના હાથમાં જેમ નાગ રહે છે, અને શિકારીના હાથમાં બાજ રહે છે તેમ પ્યારીના હાથમાં સાગર રહી વિહાર કરે છે—એટલે તેને વસ્ય થઈ રહ્યા છે. વળી સિદ્ધના પોપટને જેમ સિદ્ધ પઢાવે તેમ પઢે છે, તે પ્રકારે સાગર ચંદ્રમુખીના મુખની વાણીના ફંદમાં પડયા છે—એટલે જેમ સ્ત્રી કહે છે તેમ કરે છે બીજી તે શી ઉપમા કહિયે? પણ અડધો હુકમ કરે છે ત્હાં એક પગે ઉભા રહે છે, હમણાંના પત્રથી અમે તો જાણ્યું છે કે સાગરને કોઇએ આધીન (વસ્ય) કરેલો છે, (૩)

अथ अभिसंधिता[१] भेद संदेहालंकार—सवैया.

बीन नबीन म्रदंग बजे तित, मिंत समाजहूमें सुख पाये;
कीधों करी बिजया बिसरी हम, आसव कीधों असाध पिवाये.
कीधों मिली कोउ मोहनी कामिनि, अंक लता गलता उरझाये;
कोंन बिचार करेबो अबे, अहो सागर मिंत अज्यों नहि आये. ॥ ४ ॥

ટીકા—હે પ્રિય સખી! જહાં નવિન સુરવડે વીણા અને મૃદંગાદિ વાજીત્રો વાગે છે, એવી તે મિત્રોની સમાજમાં સુખ પામ્યા? અથવા તો વિજયાનું પાન કર્યું? કે જેથા મને ભૂલી ગયા!! કે પછી સાધ્ય મટી. અસાધ્ય થવાય

૧ અભિસંધિતા એટલે કલહાંતરિતા એમ રસિકપ્રિયામાં છે, તથા આજ ગ્રંથની લહર ૨૫ મીમાં નાયકા ભેદના ક્રીડાચંદ્ર છંદમાં અભિસંધિતાનું લક્ષણ કલહાંતરિતાનું આપ્યું છે તેમ છતાં આ ઠેકાણે ઉદાહરણ ઉત્કંઠિતાનું છે, માટે ઉત્કંઠિતા જોઇએ.

એમ કોઇએ આસવ કહેતાં દારૂ પાયો? અથવાતો કોઈ મનમોહિની કામિની મળી? કે જેણે આલિંગન દઈ ગળાથી કુંજ-લત્તાની માફક લપટાવી રાખ્યા? હવે તે કયો વિચાર કરવો? અહો! મિત્ર સાગર! હજુ એ સેંન આવ્યા? (૪)

अथ कुसुमोक्तमुदिताभेद उत्प्रेच्छालंकार-सवैया.

चंचलता चपलासि भई गति, रंग भयो मनु केसर रूली;
आनन ओप अनोप चढी मनु, पूरन चंद करे कह तूली.
रोमहि रोम प्रभा प्रगटी अति, मोद भयो मनु मानहु दूली;
अंग न मावतहे अंगिया, अब सागर कागर नागर फुली. ॥ ५ ॥

ટીકા—કુસુમાવળી પોતાના મનને કહે છે કે-આહા! તેના શરીરની ચપળતા તો વીજળીની ગતિ જેવી થઈ છે, વળી અંગનો રંગ તો જાણે કેસર અથવા (રોલી) કંકુના જેવો થયો છે! અને એના મનોહર મુખપર એવી કાંતિ ચઢી આવી છે કે જાણે પૂર્ણ ચંદ્ર પણ શું? તેની બરાબરી કરી શકે? તેમ રૂંવાડે રૂંવાડે અતિશે શોભા પ્રગટી છે-તે જાણે પરણવાને દુલ્હનિ (કન્યા) હર્ષિત ના થઈ હોય? એમ દેખાય છે. તથા સાગરના કાગળથી નાગરી જે પ્રવીણ તે એવી તો ફુલી ગઈ છે કે તેના કાપડામાં અંટ(સ્તન) પણ સમાતાં નથી!!! (૫)

अथ विदग्धाभेद, लुप्तोपमालंकार-सवैया.

बालसें केफ पुरी कहि बोलत, प्रौढसें जंत्र कहे दरदीको;
इष्ट दुहाइ कहे तरुनी प्रति, उत्तर देत सबे सबहींको.
हार समारि लगावत हे हिय, नेनन धार समारत टीको;
पन्नगकी फनिकी मनि ज्यों करि, राखत सागर कीगर नीको. ॥६॥

ટીકા—સાગરનો પત્ર હાથમાં લઇને ન્હાની-બાળ કન્યાઓથી તો "આ કેફ છે" કહી બોલે છે, તથા વડિલ સ્ત્રિયોને તો "આતો દરદ મટાડવાનો જંત્ર છે" એમ કહીં સમજાવે છે; બાદ સરખી-સમાણી મદમાતી તરૂણ-જોબન અવસ્થાવાળી સ્ત્રિયોથી તો આમાં "ઇષ્ટ દુહાઈ" છે-વાસ્તે તે દેખાડાય નહીં એમ ડગાઇથી તે દરેક સ્ત્રીઓને ઉત્તર આપે છે. એટલુંજ નહીં-પણ ઉર ઉપરથી વિખરાઈગયેલા હારને સમારવાના બ્હાનાથી હૃદય સાથે ચાંપે છે! કપાળ વચ્ચેનો જડિત ચાંદલો પાંસરો કરવાના મિસથી નેત્રો ઉપર ધારી રાખે છે, અને ફણિધરની ફણીની મણિની માફક કરીને-સાગરના કાગળને સાવચેતીથી જાળવી રાખે છે. (૬)

अथ वासकसज्याभेद, जातिस्वभाव अलंकार-सवैया.

पोप बिछाय बिछायत चांदनि, सेज बनाय तनाय कसेहें;
दीपक द्वारहि द्वार धरे, पुनि वारहि बार सिंगार ठसेहें.

आसव पास सुबास सुबासित, चंदन कासमिहीर घसेहें;
पानन आनि समारि धरे, द्रग सागर आननके तरसेहें. ॥ ७ ॥

ટીકા—ચાંદનીની અંદર બિછાયત કરી તેના ઉપર ફૂલના બિછાનાવાળા સેજ પલંગને ઓછાડના છેડા સેજેબંધથી તાણીને કસે છે, અને દ્વારે દ્વારે હાંડીઓ, જુમ્મરો આદિમાં ગ્લાસો પ્રગટી પ્રગટીને ધરે છે, વળી વારે વારે શણગારને સજે છે, તથા નજીકમાં સુંદર વાસથી બંધ કરેલા મદિરાના શીશા, ચંદન અને કેસર ઘસે છે; મુખવાસને માટે નાગરવેલનાં પાન આણી-સમારી પાસે ધરે છે, બાકી નેત્ર તો સાગરનું મુખ જોવાનાંજ તરસ્યાં રહે છે. (૭)

अथ प्रवीणोक्तकल्पितअनुशयनाभेद, असंभवालंकार–सवैया.

साज सहेट कियोज्यु उपब्बन, आय तहां गुरु लोग कहांतें;
एक दिना हम आये किता करि, आप न आय सके हरमांतें.
एवो बने न अबे तो कहुं अब, लोगन घेर रहे चिहुधातें;
सागर अंक हमे उलटे, अबतो मिलबोई रह्यो पतियांतें. ॥ ८ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે-ઉપવનમાં નીમેલી જગાએ આવવા હું તૈયાર થઈ, એટલામાં તો કહાંથીએ વડીલો આવી લાગ્યાં! એક દિવસ તો મહા પરાકાષ્ઠાએ જેમ તેમ કરી અમે ત્હાં આવ્યાં-ત્હારે આપ મહેલેથી આવી શક્યા નહીં. માટે હવે તો કયારેય આવવાનું બને નહીં, કારણકે ચો-તરફથી લોકો ઘેરી રહ્યાં છે. હે સાગર! આતો અમારા કરમના આંકજ ઉલટા થયા છે, તેથી હવે કેવળ પ્રેલથીજ મળવાનું રહ્યું. (૮)

अथ कल्पितअभिसारिकाभेद, लाटानुप्रास अलंकार–सवैया.

नवसात किये नवसात लिये, नवसात पिये नवसात पिवाई;
नवसात रची नवसात बिधे, नवसात मगे प्रति सागर आई.
नवसात कला नवसातनकी, नवसातनमें अंचला मुख छाई;
नवसात रह्यो नवसातनमें, नवसात छुटी नवसात बताई. ॥ ९ ॥

ટીકા—(કુસુમોક્ત શિવ પૂજન વ્યાજ યથા) આ સવૈયામાં પ્રવીણ શ્રીશંકરની પૂજા કરવાને બ્હાને સાગરને મળવા જતી હોય એવો કલ્પિત ભાવ છે. કુસુમાવળી કહે છે કે-પ્રવીણે નવ સાત કહેતાં સોળ શણગારને અંગ ઉપર ધર્યા, સોળ પ્રિયજનો-સહીયરોને સાથે લીધી, તેણે સુરા-મદિરા પીધી અને પ્રિયજનોને પાઈ. બાદ સોળ સંસ્કારયુક્ત શોડશોપચારે કરી ઉમામાહેશની પૂજા રચી, સોર-સૉડને રસ્તેથઇને સાગર ભણીઆવી,-તે સોળ વરસની બાળાની સંપૂર્ણ સોળે કળા પ્રકાશેલી છે, તેમ તે સોળ સખિયોના જુથ્થમાં અંચોળાનું અંતરપટ રાખી લાજ-અર્થાત્ ઘુંમટો કાઢી મલપતી ચાલે છે, ત્હાં પાસે-આજુ બાજુના માર્ગે પણ લોકોનો સોર-બકવા થઈ રહ્યો હતો, તેથી

સોરા-સૌ,અર્થાત્ તેરા એટલે રસ્તો બતાવીને સોળે સખીઓ તેનાથી છૂટી પડી. (૯)

ટીકા—(બીજો અર્થ) કળાપ્રવીણે સોળ શણગાર કર્યા અને સોળ સખિયો સાથે લીધી, પછી તેણે સોરા એટલે સુરા પીધી તેમ સખિયોને પણ પાઈ; બાદ સોળે સખિયોને સોળ પ્રકારના સોળ પોષાંગ જૂદી જૂદી જાતના રચાવીને સોળ રસ્તે થઇને સાગર પાસે આવિયો (નવશા-તનકી.) સાગરના શરીરની સોળ કળા સોળ સખિયોની વચ્ચમાં રહી મુખપર અંચુળો નાખી એટલે ઘુંઘટ કાઢી જુવે છે; ત્હાં તે ઠેકાણે સોર બકોર થઈ રહ્યો (માટે ત્હાં સાગરને) હાવભાવ બતાવી-સોળ રસ્તાઓમાં સોળે સખિયો છૂટી પડી ચાલી ગઇયો. (૯)

अथ प्रबीनोक्तखंडिताभेद, जातिस्वभाव अलंकार—सवैयाः

जाहिको जावक भाल लग्यो, अरु जा मदकी द्रग आरूनता;
जा कर कंकन रेख भइ भुज, जा गज ओठ अरेखनता.
जा तन सोंध सुबास मिल्यौ, पुनि जा हरवा उर गाडनता;
जा पद जेहर श्रोन सुने तुम, सागर ज्यु धन ता वीवता. ॥ १० ॥

ટીકા—(આ છંદમાં સાગર કોઈ નાયકાને ઘેર રાત રહ્યા હોય તેથી પ્રવીણ જાણે ઠબકો દેતી હોયએવો ભાવ છે.) જેના પગે લગાવેલ અળતાનો લાલ રંગ તમારા કપાળમાં લાગેલો છે, વળી જેના મદની લાલી તમારા નેત્રામાં ચડી ગઈ છે, જેના હાથના કંકણની રેખા આ તમારી ભુજામાં ઉઠી આવી છે, તેમ જેની આંખ્યોમાં સારેલી કાજળની શ્યામ રેખાઓ તમારા હોઠ ઉપર દીસી આવે છે, જેના શરીર ઉપરનો સોંધા-ચુવા અગરજાદિ સુવાસ તમારા શરીરથી પસરી-બ્હેકી રહ્યો છે, તથા જેના ગળામાં પહેરેલા હીરા હારના ચાંપવા-આલિંગન દેવાથી તમારી ઉર-છાતીમાં ખોભણો પડી ગઇયો છે, હે રસસાગર! જેના પગનાં ઝેરનો સ્વર તમે કાને સાંભળ્યો તે વનિતા-સ્રીને ધન્ય છે. (૧૦)

अथ प्रवत्सपतिकाभेद, द्रष्टांतविरोधाभाससंकर अलंकार—सवैया.

हीतें भइसु नइ हिलकी, तुम गोनकी बात सुनी तबहीतें;
रीतें कछू न सकी रहिबो कहे, भीत भइ असुबा न झरीतें.
बीते घरीसो महा बिकटी, मन न्यारो भयो सुखसाज सबीतें;
जीतें बेहाल भई सफरी थल, सागरसें कहेवी अरजीतें. ॥ ११ ॥

ટીકા—તમારા ગયાની વાત સાંભળી ત્હારથીજ મારા હૃદયમાંથી નવી હિલક (દર્દની પિડાથી મરડાવું) ઉપડી આવી છે, કોઈ રીતિયે રહેવાનું કહી શકી નહીં, અને આંખ્યોમાંથી ઝરતી ચોધાર આંસુની ઝડીથી તો ભયભીત-બ્હાવરી બનીગઈ છું વળી આજે એક ઘડી જાય છે તે મહા વિકટી-દુ:ખીયારી

પીતે છે, તથા સુખના સર્વે સાજથી ન્યારૂં જુદુજ થઈ ગયું છે; પાણીમાં રહેનારી માંછલિને સ્થળ સાંપડવાથી અર્થાત્ પાણી નહિ પણ કોરા કિનારા પર આવી પડ્યાથી તલફે—એ પ્રકારે હું પણ જીવથી બેહાલ- મરવા તુલ્ય થઈ ગઈ છું. હે સખિ! એટલી અરજી તારે સાગરથી કહેવી. (૧૧)

अथ प्रोषितपतिकाभेद, द्रष्टांतएकावलि अलंकार—सवैया.

चारनकों ज्युं उखारत झारन, तारन क्यों अटके वईबारन;
धारनके ज्यु प्रवाह बहे नद, सो क्युं बंधे सिकतानकी पारन.
पारन शृंग गिरीन समीरसुं, क्यों रुकिहे मकरीनाकि जारन;
जारन काम सबे जग सागर, क्यों सु समे सियरे उपचारन. ॥ १२ ॥

ટીકા—ચારાને માટે જે ઝાડોને ઉખેડી નાખે,-તેવો મદોન્મત્ત હાથી એક તાગડાથી કેમ અટકે? પાણીથી ભરપુર નદીઓનો છોળયો મારતો અને ધુધવાટાથી પ્રવાહ વહ્યો જાતો હોય, તે વેળુની પાળથી કેમ અટકી શકે? પર્વતોનાં ઉંચાં શિખરોને જે પવન ગુબડાવી પાડે તે કરોળિયાની જાળથી કેમ રોકાઈ જાય? તેમજ હે સાગર! આખા જગતને પ્રલે કરનાર જે કામદેવ છે, તે શીતળતા સીંચવાથી કેમ સમે? (૧૨)

दोहा.

बिना नियम संछेप करि, कही नायका रीत;
चिंत मिंत बाढत विरह, नित नित नईसु प्रीत. ॥ १३ ॥

ટીકા—એ પ્રકારે વિના નિયમે ટૂંકાણમાં નાયકાઓની રીત કહી, અને મિત્રના વિયોગને લીધે ચિત્તમાં જેમ જેમ વિરહ વધે છે-તેમ તેમ નિત્ય પ્રત્યે નવીન પ્રીતિ જામતી જાય છે. (૧૩)

सोरठा.

कुसुमावलि प्रतिमीत, चरचा कला प्रबीन किय;
रस सागर वहरीत, कीन मिंत प्रति सों कहे. ॥ १४ ॥

ટીકા—કુસુમાવળી સાથે પ્રિય સખી કળાપ્રવીણે ચર્ચા કરી, તેજ રીતે રસસાગરે પોતાના મિત્રો સાથે જે ચર્ચા કરી, તેને હવે કહીએ છીએ. (૧૪)

अथ कलाप्रवीनबर्ननरससागरमितचर्चाप्रसंगोयथा, पदछेकानुप्रास प्रतिपालंकार—सवैया.

कसमीरहिं कीरहि हीर जंबीर, बबीरन रंग बढावहिगे;
द्रगलालहि काल मराल प्रवाल सु, व्याल कहा गति लावहिगे.
अरबिंदहि चंद म्रगेंद्र कुमुदहिं, कुंद कहा छबि पावहिगे;
मीन हरीन करीन कहा सो, प्रबीन जबे दरसावहिगे. ॥ १५ ॥

ટીકા—પ્રવીણનું વર્ણન કરતાં મિત્ર પ્રત્યે કહે છે કે હે પ્રિયવર! પોતાના ગુણેકરી આ જગતમાં વખણાતાં કેટલાંએક છે, તેઓ શું પ્રવીણથી અધિક રંગે કરી શોભશે? એટલે કેસર, પોપટ, હીરો, નારંગી અને ધોલું, શું પોતાનો રંગ તેના (પ્રવીણ)થી અધિક વધારી શકશે? તેમજ કોયલ, કાળ, હંસ, પરવાળાં અને સર્પ—એ શું પ્રવીણના ગુણની બરોબરી લાવશે? કમળ, ચંદ્ર, સિંહ, પોયણી, તથા ડોલર—એ શું પ્રવીણની આગળ પોતાની છબિની શોભા પામશે? જ્યારે પ્રવીણ દર્સાશે ત્યારે માછલું, હરણ અને હાથી—એ શા હિસાબમાં ગણાશે? (૧૫)

अथ संदेहालंकार—सवैया.

माधविकेज्यु प्रसून परे रस, भृंग समारतहे पखियां;
कीधों त्रिबेनि तरंगनमें, कर अंजुलि मेन लई झखियां.
खेलत कंजमें खंज प्रबीन ज्यु, पाटकि पास दुहू नखियां;
कोन घरी इन अंखिनतेंज्यु, निहारहु नेहभरी अखियां. ॥ १६ ॥

ટીકા—માધવીનાં પ્રસૂન-ફુલના રસમાં પડી ભીંજાઇને ભમરો પાંખોને સમારે છે, અગર ત્રિવેણી (ગંગા જુમનાં અને સરસ્વતી) ના તરંગમાં કામદેવે હાથની અંજળીમાં માંછલિયોને લીધેલી છે, કે કમળમાં ખંજન પક્ષી ખેલે છે? અથવા તો પ્રવીણે ચોપાટ બાજી રમતાં બે પાસા નાખ્યા છે? હવે કઈ ઘડીએ આ નેત્રોથી એ નેહભરી આંખ્યોને નિહાળીશું? (૧૬)

अथ प्रतिपालंकार—कवित.

अंक न कलंक जाके, राहकी न शंक कछु; जामे बसुधाकी सोध, सुधा भरियतुहे. एनतें सरस नेन, पच्छहू घटे न जोति; सोई छबि दिनरेन, दूनी धरियतुहे. चकवा सु भोंर, ओर कंजकों न भयकारी; बिरही बिलोकेतें, बियोग हरीयतुहे. आनन प्रबीन आगे, मान न रहेगो शशि; क्योंरे दुखदान तें-गुमान करियतुहे. ॥ १७ ॥

ટીકા—(આ છંદમાં મુખનું વર્ણન છે) જેને કલંકનું છિદ્ર નથી, રાહુની પણ શંકા—બીક નથી, જેમાં વસુધા કહેતાં પૃથ્વીનું અમૃત ખોળીને ભરી રાખેલું છે, મૃગથી સરસ અને ચપળ આંખ્યો છે, જેના પ્રકાશની જોતિ કોઈ પક્ષમાં ઘટતી-કમી થતી નથી,—પણ ઉલટી રાત દિવસ બમણી શોભા ધરે છે; તેમ ચકવા, ભમરા અને કમળને ભયકારી અર્થાત્ દુઃખ દેનારી નથી, જે નિહાળવાથી વિરહી જનોની વિયોગ પિડાને હરેછે, માટે હે ચંદ્રમા! પ્રવીણના મુખ પાસે તારો માન મરતબો રેશે નહીં, તો કેમરે! દુઃખને દેનારા તું-ગુમાન કરે છે? (૧૭)

अथ समरूपक अलंकार—कवित.

गज गति चढ्योहे सु, पढ्यो बीर बानविद्या; दुंदभी अवाज नाद, नुपुरके गाजको. भ्रोंहनको चाप करी, नयन कटाछ सर; अलक पलीतां, नेह आतस समाजेको. शीशफूल छत्र शिर, बेसरको इतमाम; केसरकी आड, किरमान [illegible]. लाजगड तोरवेको, मोरबेको मान मद; कामनी सरूप आयो, सेन रतिराजको. ॥ १८ ॥

ટીકા—રતિરાજ-કામદેવ પ્રવીણની ચાલવાની ગતિરૂપ હાથિયે ચડયો છે, અને તે વીર-શુભટ પ્રવીણની વાણીરૂપ બાણ વિદ્યા ભણ્યો છે, નેપુરરૂપી દુંદભીના નાદરૂપી ગડગડાટ થાય છે, ભૃકુટીનું ચાપ કરીને નેત્રના કટાક્ષરૂપી સર-બાણ ર્ક્યાં છે, કેશરૂપી પલીતામાં તેલરૂપી આતસ-દેવતાનો સમૂહ રાખેલો છે, શિરફુલરૂપી માથે છત્ર છાયેલું છે, નાકના બેસરરૂપી ચમર ઢોળે છે, કેસરની આડરૂપી મુગટ ધારી કામદેવની તરવાર છે, આશકની લાજરૂપી કિલ્લાને તોડવા-હઠાવવા સારૂં તથા મદને મારવા-ઉતારવા સારૂં, આ કામિની સ્વરૂપે રતિરાજ કહેતાં કામદેવનું લશ્કર ચડી આવ્યું છે. (૧૮)

अथ छेकानुमास स्मरनालंकार—कवित.

नेनन तरंग तोय, तरंगसें रंग धरे; अंगन सुरंग रंग, ओर छबिकों धरे. कज्जर कटाछनतें, सजर भयेहे द्रग; नजर बिकल चहे, फजर न होहरे. नवलअनंगा, रतिरंगा कवलंगा होय; प्रच्छन प्रगट आये, बोल बोलवो परे. ताछिन निहार, वार वार धीर धीर; बंदीजन बीछुवा, बिरद बोलवो करे. ॥१९॥

ટીકા—પાણીની લહેરો પેઠે તેની આંખ્યોમી તરંગો રંગને ધારણ કરે છે, તેના શરીરનો નવરંગ રંગ તેતો ઓર રંગની કાન્તિને આપેછે, તથા કાજળ અને કટાક્ષથી ભરેલી તેની આંખ્યો વિકલ-બહાવરી નજરથી વહાણું કેમ વાતું નથી? એમ ચ્હાય છે, એવી નવલઅનંગા રતિરંગા અર્થાત્ ક્રીડા વિહારના રંગથી ભીંજાયલીનો ક્યારે સંગ થશે ? અને તે છાની કે પ્રગટપણે આવ્યાથી તેની જોડે વાણી બોલવી પડે, તે ક્ષણે તેને જોઇને અને વારે વારે ચિત્તને વિશે ધારી ધારીને તેના વિછવારૂપી બંદીખાને પડેલા માણસ બિરદાવલિ બોલ્યા કરે છે-મતલબ કે તેના ગુણાર્વિંદને ગાયા કરે છે. (૧૯)

अथ समरूपक अलंकार—कवित.

सितकार जासु, अलकावालि निशान छुटे; बेसर बीर ह, इतमाम डोलबो करें. अंचक सुभट, नाग सेल तन साजलिये; कुंभी कुच—आंगी अंधियारी झोलबो करें. भामिनके भूषन मों चमकहे शस्त्रनकी; सूत नीवी सामज, जंजीर रोलबो करें. रतिरंग चढेहें, तिमंगलेश महाराज; बंदी जनत्रि छुवा बिरद बोलवो करें. ॥ २० ॥

ટીકા—વળી સાગર રતિવિહારરૂપે રતિપતિની ચડાઇનું ધ્યાન કરે છે:—વિહારમાં નાયકાના મુખથી સીતકાર રૂપી જાસુસ બોલે છે, અને માથાના કેશની છુટી લટોરૂપી નિશાન છૂટયાં છે, નાકના બેસરના મોતીરૂપી રણધીરનું ચમ્મર ડોલ્યા કરે છે, નેત્રરૂપી મહારથીઓએ અણિયાળી આંખ્યોની અંદર સારેલી કાજળની રેખારૂપી ભાલાં શરીરપર સજી લીધેલાં છે, તેનાં સુઘટ કુચ—સ્તનરૂપી હાથી ઉપર કંચુકીરૂપી અંધિયારી અર્થાત્ મોજાળો ઝૂલ્યા કરે છે, નાના વિધ પાનાંદાર મણિયોના અલંકારરૂપી શસ્ત્રોની છબિ ચળકે છે, સુતરની નાડીરૂપી હાથીનું જંજીર રોળાયા કરે છે, રતિરાજરૂપ લિમંગલેશ રતિરંગમાં ચડયા છે, અને વિછિયારૂપી બંદીજન બિરદાવળી બોલે છે. (૨૦)

अथ लुप्तोपमालंकार—कवित.

जावक; ज्यामूत, जपा, किंशुक; कनेर, कंज, बंधुक, बिबूरनको अरून चरनमें. मधुपी, मजीठ, मेंदी, किर्मज, कुसुंभ, कंकू, संग्रफ सुरोचनकी सुरखी करनमें. मानिक, मंजीरी, मूंगे, कीरचंप, कलहंस, अरुनी अनार इंद्रवधू अधरनमें. याहिते प्रबीन ज्यु नबीन नेन डोरे लाल; लाल लाले सेत श्याम, त्रिबिध बरनमें. ॥ २१ ॥

ટીકા—અળતો, મંગળનો તારો, જાસુસનું ફુલ, કેસુડાં, કરેણ, કમળ, બપોરીઆ અને બિંબુરણ—એનો લાલરંગ તો જેના પગમાં છે; લાલ મોઢાનો ભમરો, મજીઠ, મેંદી, કિરમજ, કસુંબો, કંકુ, હીંગળોક, ગોરોચંદન—એઓની લાલી જેના હાથમાં છે; માણિક્ય, મંજરી, નવપલ્લવ, પરવાળાં, પોપટની ચાંચ, કલહંસ અર્થાત્ હંસનાં બચ્ચાંના પગ અને ચાંચ, દાડમ, અને ઇંદ્રગોપ (ચાતુર માસમાં થતા લાળ જંતુ)—એઓની રાતાશ જેના હોઠમાં વસેલી છે; તેમનાથી પણ પ્રવીણની આંખ્યોના ડોળા નવાઈ જેવા લાલ છે, અને તે વળી રાતા રાતા તથા કાળા અને શ્વેત, એવા ત્રણ પ્રકારના રંગમાં છે. (૨૧)

अथ उल्लेखालंकार—सवैया.

पांइन मध्य महावर भो, अंगुरी बिछुवा मुरवा भयो नूपुर;
किंकनि भो कटिमें पहुची कर, कान तरब्बन हार उरूपर.
नासन बेसर कज्जर भो ब्रख, केसर आड लिलारं हु भ्रूपर;
मांग प्रबीन भयो मन बंदन, मंड अखंड रह्यो तन ऊपर. ॥ २२ ॥

ટીકા—પગમાં (મહાવર) અળતાના રંગરૂપે થયું, આંગળિયોમાં વિછિઆરૂપે થયું, પગના કાંડાઓમાં નેપુરરૂપે થયું, કેડે કટિમેખકળારૂપે થયું, કાને એકોટીરૂપે થયું, હૃદય ઉપર હારરૂપે થયું, નાકે બેસરરૂપે થયું, આંખમાં કાજળરૂપે થયું, ભમરથી ઉપર કપાળમાં કેસરની આડરૂપે થયું, સેંથે સિંદુરરૂપે થયું, સાગર કહે છે કે એમ હે પ્રવીણ! મહારૂં મન મારાં

આખા તન ઉપર ઘરેણારૂપે થઇને રહ્યું છે. (૨૨)

अथ समरूपक अलंकार–सवैया.

आनें बंधू मुखचंद उडग्गन, छांह परे छबिं हीन लसेंगे;
संकट जंबुकं त्रास उलूक, दुरीजन चित्त दरीन धसेंगे.
पंख समारहिंगे भ्रकुटी मधु, कोक हिये द्रग शोक नसेंगे;
कंज हियो विकसेगो तबेहि, जबेहि प्रवीन रवी दरसेंगे. ॥ २३ ॥

ટીકા—પ્રવીણના મુખરૂપી સૂર્યને બીજી અન્ય સ્રીઓના મુખરૂપી ચંદ્ર અને તારામંડળ ઉપર છાયા પડીને છબિહીન (ઝાંખા) થઇને દેખાશે, સંકટમય શિયાળ, ત્રાસરૂપી ઘૂવડ અને દુરીજનના ચિત્તરૂપી ગુફાઓમાં ધશી જશે; ભ્રૂકુટિરૂપી ભમરા પાંખોને સંમારશે, નેત્રરૂપી ચકવાના મનનો શોક નાશી જશે; એ પ્રકારે પ્રવીણરૂપી સૂર્ય જ્યારે દેખાશે–ત્યારે અમારા હૃદયરૂપી કમળ વિકાસ પામશે. (૨૩)

दोहा.

इहि बिधि चरचा चलतहे, बिरहा उभे बढंत;
निशदिन चिंत चहंतहे, मिंत मिंत प्रति मिंत. ॥ २४ ॥

ટીકા—એ વિધિયે ઉભય જણને વિરહ વધવાથી ચર્ચા ચાલે છે, અને રાત દિવસ ચિત્તમાં પરસ્પર મિત્ર મિત્ર અને મિત્રનેજ ચ્હાય છે. (૨૪)

गाहा..

विनता भेद प्रवीनं, सागर किय प्रवीन बर्नन बिधि;
एकावन अभिधानं, पूर्न प्रबिन सागरो लहरं. ॥ २५ ॥

ટીકા—પ્રવીણનો કહેલો વનિતાભેદ, તથા સાગરે કહેલા પ્રવીણના વર્ણનવાળી પ્રવીણસાગર ગ્રંથની એકાવનમી લહેર સંપૂર્ણ થઈ. (૨૫)

इतिश्रीप्रवीनसागरग्रंथेविरहदशांतरनायकाभेदकलाप्रबीनंबर्ननोनाम एकपंचाशत्तमो लहरं. ॥ ५१ ॥

लेहेर ५२ मी.

अथ श्री द्वारिकानाथप्रयान प्रसंगो यथा–सारठा.

चरचा विरह चलंत, एसें दिन बीतत उभे;
दंपति चिंत चहंत, कब मिलवो करता करे. ॥ १ ॥

ટીકા—એવી વિરહની ચર્ચા ચાલતાં બન્નેના દિવસ વીતે છે, તથા તે સ્રી પુરૂષ બેય મનમાં એમ ઇચ્છે છે કે કિરતાર હવે કયારે મળવાનું કરશે? (૧)

मनकी दशा प्रमान, प्रति इकेक पाती लिखत;
धरे अहोनिश ध्यान, कब मिलबो करता कर. ॥ २ ॥

ટીકા—પોતપોતાના ચિત્તની દશા-હાલત પ્રમાંણે, એક એક ઉપર કાગળો લખે છે, તથા હવે જગકર્ત્તા ઇશ્વર ક્યારે મિલાપ કરાવશે, એમ રાતદિવસ ચિંતવન કર્યા કરે છે. (૨)

जातिस्वभाव अलंकार–छपय.

एसे अहर कितेक, बहुत मनमें मुरझाने;
उभै बिरह बाढंत, मिलनकों मन अकुलाने.
तबही कला प्रबीन, एह उरसें उपाय किय;
मिलन धार उत मिंत, नेम द्वारामतिको लिय.
उनबात भाखि आमात प्रति, महाराज सासन मगिय;
उन बाकासिद्ध सिद्ध बचन, परि पूरन होवन लगिय. ॥ ३ ॥

ટીકા—એવા કેટલાક દહાડાઓ જવાથી મનમાં મુઝાયાં, અને બન્નેને વિરહ વેદના વધવાથી મળવાને મનમાં અકળાયાં; ત્હારે કળાપ્રવીણે પોતાના હૃદય સાથે એવો ઉપાય ધાર્યો કે (ત્હાં) મિલને મળવાનું ધારીને દ્વારામતીએ જવાનું પણ લીધું; અને તે વાત કારભારીથી કહી મહારાજાની આજ્ઞા માગી, તેથી પૂર્વે સાગરને કહેલ વચન સિદ્ધિવાળા સિદ્ધનાં વચન પરિપૂર્ણ થવા લાગ્યાં. (૩)

सौरठा.

कीनी अरज अमात, कुमरि उक्त छितिपाल प्रति;
महाराज सुनि बात, यह प्रति उत्तर दीन तब. ॥ ४ ॥

ટીકા—કુંવરીના કહ્યા પ્રમાણે કારભારીએ મહારાજા નીતિપાળની હુજૂરમાં અરજ ગુજારી, અને તે હકીકત સાંભળીને મહારાજાએ આ પ્રમાણે ઉત્તર દીધો. (૪)

कुमरी बरजो जाय, क्यों बिदेश कीजे गमन;
देव दरस इत आय, सो घट घट व्यापी सदा. ॥ ५ ॥

ટીકા—નૃપેન્દ્ર શ્રી નીતિપાળ આમાત-કારભારીથી કહે છે કે તમે જઈને કુંવરીને વારો, અને કહો કે શાને પરદેશ ગમન કરો છો ! દેવ તો અહિં આવીને દેખાય છે, અર્થાત્ દેવ તો સદાય બધાંયના ઘટ ઘટમાં વ્યાપી રહેલા છે. (૫)

चोपाई.

नृप आयसा अमायत मग्गे, कला प्रबीन बर्जने लग्गे;
कुमरी तब अमात प्रति बोले, अब चिंत बात आपसें खोले.
जब कुमारिका व्रत हमलीनो, द्वारामती नेम तब कीनो;

द्वारकेश सपने अब आये, बिस्मृत बात याद वह लाये.;
श्रीमुख कही जोन उत आवे, तो कुमारिव्रत सिद्धि न पावे;
सो अमात सुनि नृपपें आवे, सुपनभेद कहिकें समुझाये.
नृपनें सत्यबात तब चीनी, कुमरि गमनकी आयसदीनी;
दुजन बुझी शुभ मुहूरत लीनो, निज अराम अवमोचन कीनो. ॥६॥

ટીકા—એમ કારભારીની મારફતે નૃપેન્દ્ર શ્રીની આજ્ઞા માગી, ત્હારે રાજાતો કળાપ્રવીણને વારવા લાગ્યા; તેથી કુંવરી કારભારીથી બોલ્યાં કે હવે હું મારા મનની વાત આપ પાસે ખુલ્લી રીતે પ્રગટ કરૂં છું–કે જહારે મેં કુમારિકા વ્રત્ત લીધું, તેજ ઘડીએ દ્વારામતી જવાનું પ્રણ પણ લીધું હતું, પરંતુ અદ્યાપી સુધી ત્હાં નહિ જવાયાથી હમણાં દ્વારકેશે સ્વપ્નામાં આવી તે વિસ્મૃત થયેલી વાતની યાદી લવરાવી, અને વળી શ્રી મુખેથી કહ્યું કે જો તમે અહિં (દ્વારકાં) નહિ આવો તો-તમારી કુમારિકા વ્રત્તની સિદ્ધિ પામશો નહીં. એવી રીતે સાંભળી કારભારી રાજા પાસે આવ્યા તથા સ્વપ્નનો સર્વે ભેદ કહીને રાજાને સમજાવ્યા; એટલે રાજાએ તે વાત સાચી માનીને કુંવરીને દ્વારકાં જવાની આજ્ઞા દીધી, પછી જોતિષિ બ્રાહ્મણોને બોલાવી અને તેમને પૂછી શુભ મુહૂર્ત્ત નક્કી કરી પોતાના નગર બહારના બાગમાં પ્રસ્થાનું કરાવ્યું. (૬)

दोहा.

मुहूरत लेखि निज बाग प्रति, उतरे कला प्रवीन;
नीत पाल पथ कुमरिके, यहे जावदा कीन. ॥ ७ ॥

ટીકા—શુભ મુહૂર્ત્ત જોવરાવીને તે પ્રમાણે કળાપ્રવીણ પોતાના બાગમાં જઈ ઉતર્યાં, પછી મહારાજા નીતિપાળે રસ્તે કુંવરીની જોડે જવાને આ રીતે બંદોબસ્ત કર્યો. (૭)

अथ छंद निशानी.

कुमरी की न्हेनातमें, दीवान कराया; पेदल पंचहजारका, हुकुम फुरमाया. सातवडे सिरदारसें, परियान कहाया; सिलेपोस दोसहस सो, रथ संग चढाया. ब्रह्म मुहूरत्त सुद्ध करि, प्रस्थान ठहराया; बृद्ध जनाना राजसें, रथ साथ चलाया. औही दिन बागातमें, मुकाम ठहाया; कला प्रवीन अनंत उर, आनंद वढाया. ॥ ८ ॥

ટીકા—કુંવરીના તાબામાં એક દિવાનને નક્કી કર્યો, પછી પાંચ હજાર પાયદળને રાજકન્યા સાથે જવાનો હુકમ ફરમાવ્યો, સાત મ્હોટા સરદારોને પણ જોડે જવાને કહાવ્યું, બે હજાર ભાલાવાળા ઘોડસ્વારો તથા એકસો રથને કુંવરીની સ્વારીમાં ચડાવ્યા, ત્યાર કેડે બ્રાહ્મણોએ નક્કી કરેલા શુભ

મુહૂર્તને વખતે પ્રસ્થાન કરવાનું ઠરાવ્યું; તેમ પોતાના અંતઃપુરવાસી વૃદ્ધ રાણિયોને કુંવરીના રથ સાથે મોકલીઓ, એવી રીતે કુંવરીએ સાથનાં માણસો સહિત પોતાના બાગમાં મુકામ જમાવ્યો, જેથીકરી કુંવરીના હૃદયમાં અતિશે આનંદ વધી ગયો. (૮)

सोरठा.

कीन बिलंब कुमारि, प्रति उदान दश पंच दिन;
आए लोग अपार, अंते उर उमराव जुत. ॥ ९ ॥

ટીકા—તે બાગની અંદર કુંવરીએ દશ પાંચ દિવસ મુકામ રાખ્યો, તેથી જનાનાવાસી રાણીયો અને ઉમરાઓ સમેત અપાર લોકો ત્હાં આવ્યાં. (૯)

सुन्यो सु तीरथ नांउ, करत गवन परबीनज्यूं;
गांउ गांउ प्रति गांउ, आये उते अनेक जन. ॥ १० ॥

ટીકા—રાજકુંવરી પ્રવીણ તીર્થ કરવાને દુરામતી જાય છે, એવું સાંભળી ગામો ગામથી અનેક જનોનો ત્હાં જમાવ થયો. (૧૦)

छपय.

उहि मुकामसें पत्र, कला परबीन एक किय;
दिय हलकारन हाथ, नंदभारती नाम लिय.
दीजे पाती ताय, यही रसना सु कहावे;
हमें कामरू गमन, भयो उत आप सिधावे.
तामहिं सुबीर सागर पत्ति, सब प्रकार तामहि लिखित;
ओरे बिचार उन मुन लहे, अंत सोरठा निज भखित. ॥ ११ ॥

ટીકા—એ મુકામેથી કળાપ્રવીણે એક પત્ર લખીને તૈયાર કર્યો, અને તે ભારતીનંદ કવિનું નામ લઇને હલકારાના હાથમાં દીધો, તથા રસનાથી કહ્યું કે આ પત્ર કવિરાજને આપજો, તેમ તેમને કહેજો કે—અમારૂં કામરૂપીઠ તરફ જવું થાય છે, વાસ્તે કરી આપ પણ ત્હાં પધારજો. એ ભારતીનંદ કવિના પત્રમાં સાગર ઉપરનો પત્ર બીડયો, તેમાં સર્વ પ્રકારે કરી વિધાન લખેલું હતું. બીજા અન્ય વિચારનું તો મૌનપણું લીધું,—પણ એક સોરઠો પોતાનો રચેલો હતો તે કહી સંભળાવ્યો. (૧૧)

अथ वह—सोरठा.

देबो पाती मिंत, जेबो उत केबो इतो;
सेबो सुख दुख चिंत, एबो बिसरेबो नहीं. ॥ १२ ॥

ટીકા—ત્હાં જઇને મિત્રના હાથમાં આ કાગળ આપવો, અને એટલું કહેવું કે જે જે સુખ દુઃખ આવી પડે, તે ચિત્તમાં સહન કરવું—પણ ખચીત

આવવાનું ભૂલવું નહીં. (૧૨)

पाती पंथिक देह, नेह नगर कीनो बिदा;
निज मन बढित सनेह, मिंत मिलन आगम उमगि. ॥ १३ ॥

ટીકા—પત્ર હલકારાને દઇને નેહનગર ભણી વિદાય કર્યો, અને તેથી પોતાના મનમાં સ્નેહ વધી ગયો, તેમ મિત્રને મળવાનું આવવાથી રળિયાત અર્થાત્ ઉમંગી બન્યાં. (૧૩)

छपय.

कुमरी कलाप्रबीन, साथ अनेक संग लिय;
सहज गमन उत्साह, मंद मंदही गमन किय.
वहे पत्र हलकार, नेह नगरहि पहुंचाया;
बंचत सुकबि सुभेद, चिंत आनंद बढाया.
उन प्रति इनाम आपहि बकासि, प्रातसु सागर पत्र लिय;
उत्साह भरे महराज प्रति, राजद्वार परबेस किय. ॥ १४ ॥

ટીકા—કુંવરી કળાપ્રવીણ પોતાની સાથે અનેક માણસોના સંગને લઇને સહજ ગમન કરે છે, ત્હાં ઉત્સાહને લીધે મંદ મંદ ગતિયે ચાલવા લાગ્યાં. બીજી તરફ પ્રવીણે આપેલ પત્રને હલકારે નેહનગર જઇને કવિને પહોંચાડયો, જે પત્રનો ભેદ વાંચતાંજ કવિરાજના ચિત્તમાં આનંદ વધી ગયો, તેથી વધામણીરૂપી પત્ર લાવનાર હલકારાને પોતેજ ઇનામ બક્ષી વિદાય કર્યો; પછી પ્રભાતનાંજ સાગર ઉપરનો પત્ર લઈને પુર ઉત્સાહથી કવિરાજે મહારાજા પાસે જવાને રાજદ્વારમાં પ્રવેશ કર્યો. (૧૪)

दोहा.

सागरपें सुकवी गये, आशिष कीन उचार;
सनमुख बेंठ मुदित मन, मुसकत बारहि बार. ॥ १५ ॥

ટીકા—એમ કવિરાજ સાગર પાસે જઇને આશિષ ઉચ્ચારી હર્ષિત વદનથી મહારાજના સનમુખ બેઠા, જે પછી વારંવાર મુખને મલકાવા લાગ્યા. (૧૫)

अथ छंद मुक्तदाम.

निहारत भेद वहे जो नरिंद; बिचारसु बुझिय तासु कविंद. कबी प्रति उत्तर भंखित बेन; निशा महि आज कियो हम सेन. लिख्यो सुपने महि अंब सरूप; उने इक भंखिय गाह अनूप. हमे वह गाहसु मातु शिखाय; कहीसु सुनावहु सागर जाय. तऊपर एक बचंन सुपाउं; तबे वह गाहंन भेद सुनाउं. बढी वह बूझन सागर चाह; तबे बकसो बर सो कबिराह. ॥ १६ ॥

ટીકા—ખુશાલીનો ભેદ નિહાળીને નરેન્દ્ર-શિરોમણી રસસાગરે કવિકુળ ઈન્દ્ર ભારતીનંદને પૂછ્યું કે આનું કારણ શું છે? પછી કવિંદ્ર ભારતીનંદ ઉત્તરમાં બોલ્યા કે-આજ રાત્રિયે જાણે કે મેં સુતા પછી સ્વપ્નમાં ચંડિકા અંબાજીનું સ્વરૂપ જોયું અને તેમણે એક અનુપમ ગાહા કહી; વળી તે ગાહા માતાજીએ મને શીખવી, અને ફરમાવ્યું કે આ ગાહા રસસાગરની પાસે જઇને કહી સંભળાવજે. વાસ્તે તે ઉપર જો એક વચન આપો તો એ ગાહાનો ભેદ સંભળાવું. આટલું સાંભળતાંજ કુંવર રસસાગરને તે ભેદ સાંભળવાની ચાહના વધી ગઈ, તેથી કવિરાજને એક વચન નિવાજ્યું. (૧૬)

सोरठा.

सुकबि पाय बरदान, कहन लगे सागर सु प्रति;
आपहि उक्ती बान, वह गाहनको भेद लिय. ॥ १७ ॥

ટીકા—એમ વરદાન પામીને કવિ શ્રી સાગર પ્રત્યે કહેવા લાગ્યા, તથા પોતાની ઉક્તિની વાણીમાંજ તે ગાહાનો ભેદ લાવી મૂક્યો. (૧૭)

अथ भारतीनंदोक्त वह—गाहा.

जिहि घट प्रेम मकाशं, आशं पूरंत इशरं तासं;
दीपमालिका दिवसे, जे जावंत कामरूपीठे. ॥ १८ ॥

ટીકા—કવિ કહે છે કે-જેના ઘટમાં પ્રેમનો પ્રકાશ છે, તે જો દીવાળીને દિવસે કામરૂપીઠ જશે, તો તેની સર્વે આશા ઇશ્વર પુરશે. (૧૮)

अथ सागरोक्त प्रत्युत्तर—गाहा.

तुम आराध अदरियं, करियं ध्यान खंडितं सेवा;
मन इच्छा नह लहियं, कहियं अंब पंथ प्रतिकूलं. ॥ १९ ॥

ટીકા—ઉત્તરમાં સાગર કહે છે-કે તમે આરાધન આદર્યું હતું, પણ ધ્યાન અને સેવા ખંડીતપણાથી કર્યા, વાસ્તે મનની ઇચ્છા ન લેહેતાં અંબાજીયે તમને પ્રતિકૂળ-આડો રસ્તો કહ્યો. (૧૯)

दोहा.

करी अरज कर जोरु कबि, यह सत धारो चिंत;
हमहीसें सूपने शिवा, कबी न जूठ कहंत. ॥ २० ॥

ટીકા—ત્હારે કવિયે બે હાથ જોડીને અર્જ કરી કે, આ બનાવને ચિત્તમાં જૂઠો ન માનતાં ખરોજ ધારજો; કારણ કે અમને સ્વપ્નામાં શિવા કહેતાં ઉમિયાજી ક્યારેય જૂઠું કહે નહીં. (૨૦)

अथ छंद पद्धरी.

पती उचार कबि पत्र दीन; महराज भये मन मोद भीन.

खोलंत बीर बंच्यो बनाय; कीनो पयान परबीन पाय.

बोले सुबानि फुनि सुकबि मत्य; सुपने शिवज्यु भंखी सु सत्य.

प्रेमसु प्रकाश मन भो अनंद; एकंत कीन चरचा कबिंद.

सातहु मिंत उत मिले आय; सागर सु भेद दीनो सुनाय.

मनमें द्रढाय जातरह जान; चत प्रथम कीन तजबीज थान. ॥ २१ ॥

ટીકા—એટલું કહીને પછીથી કવિયે સાગરને પ્રવીણનો પત્ર આપ્યો, તેથી મહારાજા મનમાં હર્ષથી ભીંજાઈ ગયા. કવર ખોલીને પત્રની હકીકત વાંચી એટલે તેમાંથી પ્રવીણે પ્રયાણ કર્યું એવા સમાચાર મળ્યા; પછી કવિ પ્રત્યે નર્મ વાણીથી બોલ્યા કે, સ્વપ્નામાં જે શક્તિયે કહ્યું તે સાચું–પણ પોતાના પ્રેમના ધાઠ પ્રકાશને લીધે, મનમાં આનંદ વધી આવ્યો તેણેકરી કવિરાજથી એકાંતમાં ચર્ચા કરવા લાગ્યા; ત્હાં સાતે મિત્રો આવી મળ્યા એટલે સાગરે સઘળો ભેદ સંભળાવી દીધો, બાદ જાત્રાએ જવાનું મનમાં દ્રઢાવીને પ્રથમની પેઠે પોતાના રાજ્યનો બંદોબસ્ત કર્યો. (૨૧)

सोरठा.

बरज बडो इतमाम, मिंत न मिलिहे वह लिये;

निश अध तजि निज धाम, सात मिंत पथ सर भये. ॥ २२ ॥

ટીકા—સ્વારીનો મ્હોટો ડાળ પડ્યો મૂકયો, શાથી કે તેમ કરવાથી મિત્ર મળશે નહીં; પછી અરધી રાતે પોતાની રાજધાની તજીને કોઈ ન જાણે એમ ચૂપકીદીથી સાતે મિત્રો રસ્તાસર થયા. (૨૨)

छपय.

रस सागर किय गमन, रहत प्रच्छन निजके पूर;

निज जनपद सु उलंघ, अतिहि आनंद बढत उर.

ओर नृपति इक सहर, नीठ उपबन मन भाया;

लगी सांझ दरसान, उतें अवमोच द्रढाया.

कीजत अखेट लागे करन, मिल मनुहार सु पावही;

घन घोर घटा अंबर चढी, दामनि दुति दरसावही. ॥ २३ ॥

ટીકા—પોતાના પુરની અંદર મહારાજ કાંઈ કાર્યસર ગુપ્ત રહે છે, એમ કહીને કોઈ જુવે નહિ તેમ રસસાગરે પલાયણ કર્યું, બાદ પોતાનો દેશ ઉલંઘીને પાર જવાથી ઉરમાંહી અતિશય આનંદ વધવા લાગ્યો. એમ ચાલતાં બીજા નૃપપતિના શહેરની નજીકનો એક બાગ પોતાને ગમ્યો તેમ સાંઝ પણ જણાવવા લાગી–એટલે ત્હાંજ પડાવ કર્યો, તથા સિકાર કરી અન્યોન્ય મળીને મનુહાર કરવા લાગ્યા અને જમ્યા. એટલામાં આકાશે વર્ષાદની ઘોર ઘટા

ચડી આવી, અને વીજળીઓનો ચમકાટ દર્શાવા લાગ્યો. (૨૩)

दोहा.

एतेमें नृप नगर सुत, बिधकर जूथ बुलाय;
आय निहारन बाग निज; सागर परसे आय. ॥ २४ ॥

ટીકા—એટલામાં તે નગરના રાજાનો સુત-કુમાર સિપાઇયોનું જુથ્થ સાથે લઇને પોતાનો બાગ જોવા આવ્યા, અને ત્હાં આવી સાગરને મળ્યા. (૨૪)

किय पंथिक मनुहार अति, अमल सुरा अचवाय;
तित बूझत वह नृप कुमर, को निज थान कहाय. ॥ २५ ॥

ટીકા—તેણે પ્રવાસીઓને અફીણ, સુરા આદિ પીવરાવીને અતિ મનુહાર-આવકાર દીધો, તથા ત્હાં તે રાજકુમાર પૂછવા લાગ્યા, કે આપનાં સ્થાનકનું નામ શું છે? તે કહો. (૨૫)

अथ सागरोक्त—सोरठा.

हमें निकट नहि बास, इतसें बेहु अंतर रहे;
द्वारामतिकी आस, दीपोत्सव दरसन चहे. ॥ २६ ॥

ટીકા—ત્હારે પ્રત્યુત્તરમાં સાગરે કહ્યું કે-અમારૂં રહેઠાણ પાસે નથી, અમે અહીંથી બહુ અંતરે-છેટે રહીએ છીએ; પણ દીપોત્સવીના દર્શનની ચાહનાએ દ્વારામતી જવાની આશા ધરાવીએ છીએ. (૨૬)

अथ वह कुंवरोक्त—छंद महालक्ष्मी.

परीकर नेनमें आने; बडे जनं वाहीने जाने. कहा उन सुभट हे केते; इनोने कहा हम एते. प्रत्युत्तर एह जब पाये; कुमर अद्भूत उर लाये. वहे बिधि पंथि यों जानी; परस्पर भंखितं वानी. गया नृपसूनु निज जग्गे; विचारन पंथि मन लग्गे. यहे सामानसें जावे; बिलोकनहार भरमावे. सबे मिलि एह ठहराया; महेश्वर साधिये माया. निशामहि स्वप्न उच्चारे; सबे वह भेखकों धारे. ॥ २७ ॥

ટીકા—પેલા રાજકુંવરે તે દ્વારામતીએ જનારાઓને નજરમાં લેઈ તેમને મ્હોટા માણસ જાણ્યા, બાદ પૂછ્યું કે તમારી જોડે સુભટ કહેતાં યુદ્ધાઓ કેટલા છે? ત્હારે જાત્રાવાસિયોએ ઉત્તર આપ્યો કે અમે આટલાજ છીએ. આવી રીતનો જવાબ મળ્યો ત્હાં કુંવરને પોતાના હૃદયમાં અદ્ભુતતા લાગી, એ પ્રકારે મુસાફરો જાણીને પરસ્પર ખબરઅંતર પૂછી પછીથી તે રાજકુંવર પોતાની રાજધાનીએ ગયા. એટલે પ્રવાસીઓ પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યા કે-આ સામાન સહિત જો જઈશું તો જોવાવાળા માણસો ભરમાઈ જશે. વાસ્તે સાતે મિત્રો ભેગાં મળીને એવું ઠરાવ્યું કે-મહેશ્વર અને જોગમાયાને સાધીએ

પછી રાત્રિયે તેજે સ્વપ્નામાં કરવાનું કહે તે પ્રમાણે બધાયે ભેખ ધારણ કરવો. (૨૭)

दोहा.

पती कहि सागर सुहे, सुपनेश्वरी उपाय;
नेन जुरंत आये नजर, माहेश्वर महामाय. ॥ २८ ॥

ટીકા—એટલું કહી સ્વપ્નેશ્વરીની ઉપાસના કરીને સાગર સુતા, બાદ નેત્રો મીચતાંજ તાત્કાળ મહેશ્વર અને ઉમિયાજી દૃષ્ટિયે આવ્યાં. (૨૮)

भूतनाथ अभिधान शिव, निश सुपने निरखंत;
जेसी बिधि आये नजर, बरनन तास करंत. ॥ २९ ॥

ટીકા—સ્વપ્નાને વિષે રાત્રિયે શ્રી ભુતનાથ નામના શિવજીનાં દર્શન થયાં; તથા તે જેવી વિધિયે નજરે આવ્યા તેનું હવે વર્ણન કરે છે. (૨૯)

अथ शिवबर्नन, छेकानुमास अलंकार—छपय.

भाल शशी शिर माल, खाल मुंडाल सु अंबर;
ज्वाल नेन बिकराल, व्याल रस काल कंठ धर.
ख्याल बीर बैताल, जाल प्रेताल खिलावे;
बाल भवा गंग लाले, काल मृगछाल बिछावे.
पशुपाल पाल निजजन निकर, हाल हाल विजया मगन;
विनकाल काल सब जगकरन, जय जय शिव शंकर सगन. ॥३०॥

ટીકા—જેના કપાળની મધ્યે ચંદ્ર છે, કંઠને વિશે શિરમાળ અર્થાત્ માથાની માળા પહેરેલી છે, હાથીની ખાલનાં વસ્ત્ર (આળાં ચામડાં) શોભે છે, ત્રીજા નેત્રની જ્વાળા નિકળે છે, હૃદયની ઉપર ઉરમાળ માફક મહા વિકરાળ સર્પો વિંટાયલા છે, તથા ધરતાંવેંત કાળને આણે એવું હળાહળ ઝેર જેણે કંઠમાં ધારણ કરેલું છે; વીર, વેતાળ, તથા પ્રેત-પીશાચના ટોળાને ખ્યાલથી ખેલાવે છે, બાળારૂપ ભવાનીને તેમ ગંગાને પ્રીતિવડે લાડ લડાવનારા, કળિયાર મૃગનું ચામડું પાથરનારા, પશુઓના પાળક, નિજજન કહેતાં ભક્તોનું રક્ષણ કરનારા, હાલ હાલ અર્થાત્ વારે વારે વિજયા-ભાંગની નીશામાં મગ્ન રહેનારા, કાળ રહિત, તથા આખા જગતના કાળરૂપ સંહારના કરનારા, એવા હે શિવ! હે શંકર! તમારો ગણસહિત જય જય થાઓ. (૩૦)

सोरठा.

सागर ईश अनूप, ध्यान नजर आया सुपन;
करि वंदन उनरूप, बुझिय मन संशय सकल. ॥ ३१ ॥

ટીકા—એમ સ્વપ્નામાં સાગરને અનુપમ ઈશ્વર ધ્યાનમાં દૃષ્ટિયે આવ્યા, પછી તે સ્વરૂપને વંદનયુક્ત વારે વારે નમસ્કાર કરીને મનના બધા

સંશયો કુંવરે પુછી જોયા. (૩૧)

अथ तत्र शिवोक्तप्रत्युत्तर–दोहा.

प्रात प्रथम पाओ दरस, धरो रूप तुम सोय;
जुदे चलो संघन मलो, दरस सिद्ध उब होय. ॥ ३२ ॥

ટીકા—શિવજીયે ઉત્તરમાં કહ્યું કે–પ્રાતઃકાળમાં પ્રથમ તમો જેનું દર્શન પામો–તે રૂપને તમે ધારણ કરજો તથા સંઘને ન મળતાં તેનાંથી જુદા ચાલજો, એટલે ત્હાં દર્શનની સિદ્ધિ થશે. (૩૨)

सुनि उत्तर सागर जगे, कही मित प्रति बात;
ईश उक्त चित धारि सत, कियो कूच परभात. ॥ ३३ ॥

ટીકા—એવો શિવનો ઉત્તર સાંભળતાંજ સાગર જાગી ઉઠયા, અને પછી તે બનાંવ પોતાના મિત્રોને કહી સંભળાવ્યો. એ રીતે ઈશ્વરની કહેલી વાણી મનમાં સાચી ધારીને પ્રભાતમાં સાતે મિત્રો ચાલી નિકલ્યા. (૩૩)

अथ छंद चंपकमाला.

सागर कीनो कूच चलेहे; बाग तजे गोस्वामि मिलेहे. फंदन आसन कीनो आपें; किंकर घेरे आवत तापें. ईश उचारी सो सत चीनो; बाज तजी जा बंदन कीनो. ताही कही घ्रना तुम कीजे; मंत्रोपदेश मोहिसु दीजे. दीन दयाकारी गोस्वामं; मंत्रोपदेश कीनो तामं. ॥ ३४ ॥

ટીકા—સાગર મુકામ ઉઠાવીને ચાલ્યા, ત્હાં તેમને બાગ તજતાં–છોડતાંજ ગોસ્વામિ અર્થાત્ ગુસાંઇજી મહારાજા મળ્યા, તેઓ પોતે રથમાં બિરાજેલા હતા અને તે રથને કિંકરો–સેવકજનો વિંટાઇને ચાલ્યા આવતા હતા, તેમને જોઈ ઇશ્વરનું ઉચ્ચારેલું વચન સત્ય જાણી, ઘોડા ઉપરથી નીચે ઉતરી –સન્મુખ જઇને વંદન કરી કહ્યું કે, હે પ્રભો ! આપ દયા કરીને મને મંત્રનો ઉપદેશ આપો. એ પ્રકારનાં દીન વચન સાંભળી તે દીનદયાળ ગોસ્વામીએ તેજ વખત સાગરને મંત્રોપદેશ કર્યો. (૩૪)

अथ तस्यमंत्रोद्धार–दोहा.

तार इंदिराबीज पुनि, कृष्ण अंक शर फेर;
बिंदु णकार मकार बिब, दियो मंत्र तिहिबेर. ॥ ३५ ॥

ટીકા—મૂળ તાર અર્થાત્ ૐકાર, કેડે ઈંદિરાબીજ અને ત્યારબાદ કૃષ્ણ એ અક્ષરો; તથા ફરીને શર એવા અક્ષર લીધા, જે પછી બીંદુ સહિત ણકાર અને બે મકાર એ પ્રકારે તે વખતે મંત્ર આપ્યો. મતલબ કે "ૐ શ્રી કૃષ્ણ શરણં મમ" (૩૫)

अथ छंद सारस्वती.

सागर ज्युं तितसें चलियं; मिंत मिले परिहास कियं. आपन रूप गुसांई धरो; क्यों इन रूप धरे विचरो. सागर मिंत कही तबही; मो परतीत शिवोक्ति सही. याहि हमे निज रूप धरे; पैं तुम शिष्य मलीन करे. पावहिगे मन इच्छ हमे; पैं नहि सिद्ध मिलंत तुमे. एह उचारत हांस कथं; कन्यक[1] कानन लीन पथं. सांझ भइ इक सहेर लखे; दूर अराम मुकाम रखे. ॥ ३६ ॥

ટીકા—તે ઉપદેશને ગ્રહણ કરી ત્હાંથી ચાલ્યા, પછી સાતે મિત્રો મળીને નાનાવિધ હાસ્ય વિનોદયુક્ત ઠઠામશ્કરી કરતાં મિત્રોએ સાગરને કહ્યું કે આપ ગોસાંઇજીનો વેશ લ્યોને! આવા વેશથી કેમ ફરો છો? ત્હારે સાગરે મિત્રોથી કહ્યું કે મારે તો તેનો-શિવજીની વાણીનો વિશ્વાસ છે, કદિ અમે ગોસાંઇજીનો વેશ ધારણ કરીએ પણ તમો શિષ્યો મલિન કરો એવા છો; અમેતો મનઇચ્છિત ફળને પામશું, પણ તમને સિદ્ધિ મળવાની નથી. એવી રીતે હાસ્યયુક્ત અન્યોન્ય મશ્કરીમાં બોલતાં પાસેના એક અરણ્ય તરફનો રસ્તો લીધો, એમ માર્ગે ચલતાં ચાલતાં જ્હારે સાંઝ પડી ત્હારે એક શહેર નજરે આવ્યું, ત્યાંહાં જઈ દૂર એક વાડી હતી-તે ઠેકાણે જઈ મુકામ જમાવ્યો. (૩૬)

सोरठा.

अरु मुकाम इहि थान, दूजो दिन सागर रहे;
गोस्वामी सामान, वृष फंदन आदिक लहे. ॥ ३७ ॥

ટીકા—તે સ્થાનકે એટલે વાડીમાં મુકામ રાખીને બીજો દિવસ પણ સાગર ત્હાંજ રહ્યા, પછી ગોસ્વામિજીને યોગ્યનો બળદ, રથ વિગેરે જોઇતો સામાન ત્હાંથી ખરીદ્યો (૩૭)

किय व्रजराज सु नाम, सागर गोस्वामी बने;
ओरे जन इतमाम, सेवकको दीनो सबे. ॥ ३८ ॥

ટીકા—"વ્રજરાજજી" એવું નામ પાડીને સાગર પોતે ગોસ્વામી બન્યા, અને બીજા તમામ જનોને મહારાજના સેવકોનો ઠાઠમાઠ આપ્યો. (૩૮)

मंदहि मंद पयान, संघागम पहूचे सु तित;
निरखि नरोहर थान, अवमोचन उपवन रचिय. ॥ ३९ ॥

ટીકા—ધીરે ધીરે ચાલતાં સંઘ આવવાની મુદતસર ત્હાં જઈ પહોંચ્યા, પછી નરહરિના સ્થાન-દ્વારામતીને જોઇને એક બગીચાની અંદર મુકામ કર્યો.(૩૯)

गाहा.

कला प्रवीन पयानं, सागर मिंत द्वारिका संचरं;
द्विपंचाश अभिधानं, पूर्न प्रविनसागरो लहरं. ॥ ४० ॥

૧ કન્યક=કને ઈક. એટલે પાસે એક.

ટીકા—સંઘ સાથે દ્વારિકા તરફ કળાપ્રવીણનું પ્રયાણ, તેમજ મિત્રો સાથે (ગોસ્વામી મહારાજ બનીને) સાગરનું તે તરફ જવું, ઈત્યાદિ વૃત્તાંતવાળી પ્રવીણસાગર ગ્રંથની બાવનમી લહેર સંપૂર્ણ થઈ. (૪૦)

इतिश्रीप्रवीनसागरग्रंथेकलाप्रवीनरससागरद्वारामतीपंथगमनोनाम द्विपंचाशत्तमो लहरं. ॥ ५२ ॥

लेहेर ५३ मी.

अथ द्वारामतीप्रवेशप्रसंगोयथा—दोहा.

सागर बाग बिलंब किय, निज जन रच्यो समाज;
काहू पंथिक मुख सुन्यो, आवन संघ अवाज. ॥ १ ॥

ટીકા—સાગરે બાગમાં વાર લગાડી; તથા પોતાનાં માણસોએ સભા રચી, ત્હાં કોઈક પંથીકના મુખથી સાંભળ્યું કે સંઘ આવે છે. (૧)

आय विष्नुजन सहरसें, बंदनकों व्रजराज;
मंजिय तन साजन लगे, भूषन बसन समाज. ॥ २ ॥

ટીકા—શહેરમાંથી ભાવિક વૈષ્ણવ જનો વ્રજરાજજી મહારાજનું દર્શન કરવા આવેછે, ત્હાં મહારાજ પણ ન્હાઈ ધોઇને શરીરે વસ્ત્રાભૂષણો સજવા લાગ્યા. (૨)

अथ गोस्वामीशृंगारवर्नन—छंद चंद्रिका.

श्रीमहाराज कुमार गुसांइ बने; ओर-भये परगाह * सबे अपने. मंजन कै सु पितांबर पेर लियें; केसर चंदनकी चरच्चा सु किये. भालहुमें म्रगसारकि रेख करी; कंठहुमें तुलसीमयि माल धरी. छाप कसुंब सुनेरि धरे झगियां; नीलहि तार किनार शिरे पगियां. सोसनि पाट चिकंन भरे पटके; दोउ बधे कटिसें छहरे लटके. लंगर हाटकके दुहु पाय लगे; कंचनकी मुदरी मध नंग जगे. नौग्रह पोंचिन संग कनंक करे; दोउ भुजा भुजबंध जराव जरे. मोतिनकी उर माल प्रबाल बनी; चोकि लगी लटकंत सु लालमनी. कुंडलमें मुकताफल कान लसे; नीकनको शिरपेच सु पाग कसे. हाथ रंग्यो कसमीर अंगोछ धरे; सेवक मिंत सरूप समीप खरे. राजतहे ब्रजराज उछीर गदी; बंदन कीजत विष्नुजनं सु बदी. आवतहे इत संघसु भीर भरे; पट्टनमें महाराज प्रबेस करे. ॥ ३ ॥

* પરગાહ=પરિગ્રહ=એટલે પાસે રહેનાર પાડોશી.

ટીકા—શ્રીમહારાજ કુમાર રસસાગર ગુસાંઇજી બન્યા, અને બીજા અન્ય જનો કને રહેવાળા સેવકો થયા, સ્નાન કરી રૂમાલથી શરીર લુછી પીતામ્બર પહેરી લીધું, તથા કેસર સુખેડના ચંદનથી અર્ચા કરી કપાળની મધ્યે કસ્તુરી-વડે ઉર્ધ્વપુંડ્ર-ટિલું કર્યું; કંઠમાં તુળસીની માળા ધરી, કસુંબી રંગની છાપનો સોનેરી જામો પહેરી લીધો, લીલા રંગની સોનેરી તારની કિનારીદાર પાઘડી માથે ધરી લીધી, આશમાની રંગનો મનોહર વેલ બુટ્ટા ચિત્રેલો દુપટો કેડયે બાંધીને તેના બન્ને છેડા લટકતા રાખ્યા, બન્ને પગોએ તોડા શોભી રહ્યા છે, આંગળિયોમાં પહેરેલી કંચનની વિંટિયોમાં જડેલાં નંગ ઝળકે છે, નવે-ગ્રહના નંગોથી જડાવ પોંચી સમેત સોનાનાં કડાં હાથે પહેર્યાં, બેય ભુજાને વિશે જડાવ બાજુબંધ બાંધ્યા, છાતી ઉપર મોતી અને પરવાળાની માળા ઘાલી, જેમાં લાલ મણિ અને ચોકીયો લટકવા લાગી છે, કાને પહેરેલ કુંડળમાં મોતી ઝળકે છે, હીરા-રત્ન જડિત શિરપેચ પાઘડીને વિશે છટાદાર રીતે ટેડા બાંધી લીધો છે, હાથમાં કેસરથી રંગેલો રૂમાલ આવી રહેલો છે. પછી મિત્રો શેવક થઇને મહારાજના સ્વરૂપની પાસે ઉભા રહ્યા, અને મહારાજ બ્રજરાજજી ગાદીતકિયે બિરાજ્યા. ત્હાં પ્રેમી વૈષ્ણવજનો જય જય બોલીને વંદન કરવા લાગ્યા. પછી અહિં ભીડ કરનાર ભારે સંઘ આવે છે, એવું સાંભળતાં મહારાજ પટ્ટન-શહેરમાં પ્રવેશ કરે છે. (૩)

सोरठा.

रथ अरूढ महराज, लगे गान बिप्नौ करन;
सेवक चढे सु बाज, बाग निकसि पट्टन चलिय. ॥ ४ ॥

ટીકા—મહારાજ રથમાં બિરાજ્યા એટલે વૈશ્નવો કીર્તન ગાવા લાગ્યા, અને સેવકો ઘોડે અસ્વાર થયા; એ પ્રકારે ઠાઠમાઠ સહિત બાગમાંથી નિકળીને બ્રજરાજજી મહારાજ નગર ભણી ચાલ્યા. (૪)

पुरह गिरद चहु पास, यहे रीत आये नजर;
बन घन बाग विकास, सर सरिता दुज देव सिध. ॥ ५ ॥

ટીકા—શહેર-પુરની ચારે બાજુએ આવી રીતની ગીરદ નજરે આવી; ઝાડોથી ભરેલાં વનો, ખીલેલા બગીચાઓ, પાણીથી ભરપુર સરોવર અને ગંભીર સરિતાઓ, બ્રાહ્મણો, દેવ અને સિદ્ધનાં ટોળાં દૃષ્ટિયે પડયાં. (૫)

छपय.

बाट बाट प्रति बाग, बाग बागन खग कूजित;
घाट घाट सुरथान, थान थानक दुज पूजित.
ताल ताल प्रति कंज, कंज कंजन मधु बद्धे;
ठोर ठोर मुनि ब्रंद, ब्रंद ब्रंदन तप सद्धे.

जित तित चरीत्र श्रीपति कथा, सवन चित्त सतकी व्रती;
सुख लोग जोग मुनि आश्रमन, धन्य धाम द्वारामती. ॥ ६ ॥

ટીકા—રસ્તાયે રસ્તાયે બાગ-બગીચાઓ પ્રફુલ્લીત થઈ રહ્યા છે, અને બાગે બાગે પક્ષીઓ સુંદર વાણીવડે બોલે છે; ઘાટે ઘાટે દેવ સ્થાનકો શોભી રહ્યાં છે, અને તે દરેક દેવાલયે દેવાલયે બ્રાહ્મણો વિધિવડે પૂજન કરે છે; તળાવે તળાવે કમળો ખીલી રહ્યાં છે, ને કમળે કમળે મધુર રસના આશક-ભમરાઓ ગુંજારવ કરતા પ્રીતિથી બંધાઈ રહ્યા છે; જગોએ જગોએ મુનિયોનાં ટોળે ટોળાં જણાય છે, અને તે દરેક ટોળે ટોળે તપનું સાધન થાય છે; જહાં ત્હાં શ્રીપતિના ચરિત્રોની કથા થાય છે, જેમાં બધાંયના ચિત્તની સત્ય વૃત્તિયો લાગેલી છે. એમ સુખિયા લોક, જોગના સાધક મહાન ઋષિ મુનિયોનાં જહાં આશ્રમ છે—એવા પરાક્રમવાળી દ્વારામતિના ધામને ધન્ય છે! (૬)

दोहा.

एहि तरे तजबीज लखि, शहर प्रवेशन कीय;
उन अवमोचनकी अटा, तित अवमोचन लीय. ॥ ७ ॥

ટીકા—એવી તરેહની તજવીજ દેખીને શહેરમાં પ્રવેશ કર્યો, અને એ મહારાજાોનેજ ઉતરવાને વાસ્તે જે મેડી હતી, તેમાં જઇને ઉતારો લીધો. (૭)

संघ आय संध्या समय, उप[1] उतरे निधिवार;
सोचत कलाप्रबीन चित, सागर सुरति सम्हार. ॥ ८ ॥

ટીકા—ત્હારબાદ સંધ્યાકાળે જાત્રાળુ સંઘ આવ્યો, અને તે વારિનિધિ સમુદ્રને તીરે ઉતર્યો, પરંતુ સાગરની છબિને યાદ લાવીને કળાપ્રવીણ ચિત્તમાં શોચના કર્યા કરે છે. (૮)

अथ छंद लक्ष्मीधर.

खान पानं किये, सेन कीनी निशा; मिंत यादं भई, या प्रबीनं दशा. चिंत बाढी ब्रहा, मिंत मिंतं भजे; बोल ब्रह्मी लई, आप तल्पं तजे. ओहि उच्चारसें, दोउ लागे वहां; पत्रि भेजी, महाराज नाये इहां. बाम बाते भई, काम ज्वाला लगी; सेनके ध्यानमें, रैंन सारी जगी. व्युढ स्वासा भरे, नेन बारी वहे; चिंत धीरं तजी, मिंत आये चहे. प्रात नीठं भयो, एह चरचा चली; मंजवेके लिये, आय हेतू मिली. ॥ ९ ॥

ટીકા—ખાનપાન કરીને તે સુતાં પણ મિત્ર સાંભરી આવવાથી પ્રવીણની આ પ્રમાણે દશા થઈ. અંતરમાં વિરહ વધ્યો, તેથી મિત્ર મિત્રને મિત્રજ ભજે છે, બ્રાહ્મણી કુસુમાવળીને બોલાવી લઇને પોતે પલંગ તજી બંનેય જણિયો

1 ઉપ=ઉપકંઠ=એટલે કિનારો.

ત્હાં મિલની વાતનો ઉચ્ચાર કરવા લાગ્યાં, કે આપણે કાગળ તો મોકલ્યો હતો પણ હુજી મહારાજા અહિં આવ્યા નહીં-એ ઘણીજ અવળી વાત થઈ! કેમકે મળવાની ચાહનાથી મ્હેરા મનમાં કામદેવની ઝોળો લાગી, તથા મિત્રના ધ્યાનમાંજ સારી રાત જાગી, એમ બોલી ઉંડા સ્વાસ ભરે છે, નેત્રોમાંથી જળધારા વહે છે એટલે ચિત્તની ધૈર્યતાને છોડીને દોસ્તના આવાગમનને ઇચ્છે છે; એમ ચર્ચા કરતાં કરતાં પ્રભાત થયું ન થયું-ત્હાંતો સ્નાન કરવાને શુભેચ્છક સહિયરો આવી ટોળે મળીયો. (૯)

दोहा.

मात प्रभा दरसाइ दुति, मित प्रवीन चित चाय;
एतेमें मंजन लिये, मिली अली सब आय. ॥ १० ॥

ટીકા—પ્રાતઃકાળની પ્રભા-અજવાળાનો પ્રકાશ જણાયો, બીજી તરફ ચિત્તને વિષે પ્રવીણ મિલનેજ ચહાય છે-એટલામાં તો ન્હાવાને કાજે સર્વે સખિયો આવી મળીયો. (૧૦)

अथ प्रभातवर्नन, जातिस्वभाव अलंकार—कवित.

सुरत संजोगी जागे, जोगी जोग ध्यान लागे; निशिचर जोर भागे, भ्रंग पागे बागमें. चीरियांन सोर ग्रह्यो, चकवा आनंद भयो; चकोरा उदास लह्यो, चूप रहे जागमें. शंख आदि नाद्य धुनि, विप्र बेद पढे मुनि; गावत संगीत गुनि, रामकली रागमें. विरह बियोग लीन, दरदी अधीन दीन; चाहत प्रवीनकला, सागर समागमें. ॥ ११ ॥

ટીકા—સ્નેહી વાળાં સંજોગી જનો જાગ્યાં, જોગિયો જોગનું ધ્યાન સાધવા લાગ્યા, રાત્રે ફરનારાં જનાવરોનું જોર ભાગ્યું, ભમરાઓ બાગમાં રસબસ થયા, પક્ષીઓ બોલવા લાગ્યાં, ચકવા ચકવી રળિયાત થયાં, ચકોર પક્ષી ઉદાસીનપણું ગ્રહીને પોતાના રેહેઠાણે છૂપાઈ રહ્યાં, શંખ વિગેરે વાજીત્રની ધ્વની થવા લાગી, બ્રાહ્મણ અને મુનિયો વેદ ભણવા લાગ્યા, ગુણીજનો રામકળી રાગથી સંગીતના ભેદયુક્ત ગાયન કરવા લાગ્યા, તે સમયે વિરહને લીધે પિડામાં તલ્લીન થયેલી એટલે દુઃખિયારી-અર્થાત્ દીનતા-ગરીબાઇને તાબે થયેલી એવી કળાપ્રવીણ સાગરના મેળાપને ઇચ્છિવા લાગી. (૧૧)

दोहा.

छिन छिन चित मिंता चढे, धरत प्रबीन न धीर;
लोग लाजसें मिल अली, मंजन चली सु तीर. ॥ १२ ॥

ટીકા—ક્ષણે ક્ષણે હૃદયામાં મિત્રની યાદરૂપી ઉભરો ચડી આવે છે, તેથી પ્રવીણ ધીરજ ધરી શકતી નથી; તોપણ લોકલાજને લીધે સખિયોથી મળીને સ્નાન કરવાને ગોમતી તીરે ચાલી. (૧૨)

छपय.

दोहरि लगी कनात, भट्ट मिलि मंजन आई;
तीरथ तीर सु आय, गिरद पहेरात कराई.
बिधिवत बाला मंज, यथा विधि दान दिये तित;
बपुसुं राजे अघ व्रंद, याद सागर न तजे चित.
कुमरी विशेष बाढे बिरह, मित वियोग जागी दहन;
बोलै सु नीठ कुसुमावली, तास प्रत्य लागी कहन. ॥ १३ ॥

ટીકા—બેવડી કનાત લગાવીને, અને દાસીઓથી ભેગી મળીને સ્નાન કરવા આવ્યાં, ત્હાં જઇને તીર્થને તિરે-કિનારે પણ ચારે તરફ પહેરેગીરો બેસાડી દીધા; પછી બાળયૌવના પ્રવીણે વિધિવત્ સ્નાન કરીને ઘટારત પ્રમાણે ત્હાં દાન આપ્યાં, અર્થાત્ તનથી પાપના સમુદાયને તજી દીધો; પરંતુ સાગરના સ્મરણને ચિત્ત તજતું નથી. એ રીતે કુંવરીને ઘણો વિરહ વધી પડયો, તેથી મિત્રના વિયોગરૂપી અગ્નિ બાળવા લાગ્યો-તે વખતે પાસે કુસુમાવળીને બોલાવી તેના પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગી. (૧૩)

अथ तत्र कलाप्रबीनोक्त–गाहा.

मन क्रत अति उत्साहं, नित विहरंत गोमती तीरं;
अचरिज सिंधु अपुब्बं, किं बिरहेन पच्छतिय लहरं. ॥ १४ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે-મનમાં અતિ ઉત્સાહ કરે એવી ગોમતી નદી નિત્યે ક્રીડા કરે છે, તેમ છતાં કોના વિરહથી સમુદ્ર પોતાની લહેરો પછાડતો હશે? જે જોઇને મને ભારે આશ્ચર્ય ઉપજે છે. (૧૪)

अथ तत्र कुसमोक्त प्रत्युत्तर–गाहा.

तीर तरुणि समूहं, मंजिय कोउ विरहणी मज्झे;
सागर बिरहा लहियं, उण दुःखेण पच्छतिय अंगं. ॥ १५ ॥

ટીકા—કુસુમાવળી ઉત્તરમાં કહે છે કે-પોતાની તિરે સદાય સ્ત્રિયોનાં વૃંદ ન્હાય છે, તે ટોળામાંથી કોઈ વિરહણી સ્ત્રી ન્હાઈ હશે. તેથી તે વિયોગી સ્ત્રીનો વિરહ સમુદ્રે ધારણ કર્યો હશે, વાસ્તેજ તેના દુઃખેકરી સાગર પોતાના અંગને પછાડે છે. (૧૫)

सोरठा.

एते मध्य विशेष, भई याद परबीनकों;
बासीं मित बिदेश, अजहु न आये काह भयो. ॥ १६ ॥

ટીકા—એવામાં પ્રવીણને અતિશય યાદ થઈ આવી, તેથી નિસાસો મુકી કહેવા લાગી કે-અરેરે! વિદેશ અર્થાત્ પરદેશના વાસી મિત્ર હજીએ

આવ્યા નહીં! તે શું થયું? (૧૬)

अथ गाहा.

सांई काल समीहे, अरुणाक्रांत नेण उल्लहियं;

शद्द परख्खण शंका, गहियं क्षिप्र.माणणी मौणं. ॥ १७ ॥

ટીકા—એટલું કહેતાં કહેતાંમાં તો સંધ્યા સમયના જેવી રાતીચોળ લાલી નેત્રોમાં ઉભરી આવી, અને બોલવાના શબ્દોમાં શંકા ઉપજે એમ બોલતાં બોલતાં ખંચકાવા લાગી, પણ મનને વિશે સુદ્ધિ લાવી વિચાર્યું કે-આવી રીતે ગલ્લાંતલ્લાં બોલવાથી કોઈ જાણી જશે-એમ કલ્પીને (પોતે) કળાપ્રવીણે ઝટપટ મૌનપણું ધારણ કરી લીધું. (૧૭)

सोरठा.

उर महि वढित उसास, लाल नेन ज्वाला विरह;

निरखति ब्रह्मनि तास, गोपन दशा उपाय किय. ॥ १८ ॥

ટીકા—પ્રવીણના અંતરમાં ઉશ્વાસ વધી પડયો, અને વિરહરૂપી અગ્નિની ઝાળો સળગી ઉઠીયો-તેણે કરી આંખ્યો લાલચોળ થઈ ગઇયો; જે જોઇને બ્રહ્મકંન્યા કુસુમાવળી તેની એવી દશા છૂપાવવાને ઉપાયો કરવા લાગી.(૧૮)

गाहा.

कुंसुम तत्र उच्चरियं, कुमरि दशा गोपनं कज्जे;

मंजहि संगम तीरं, तिहि पूरत सागरं इच्छा. ॥ १९ ॥

ટીકા—કુંવરીની વિવ્હળ દશા સંતાડવા માટે કુસમાવળી તેજ વખતે બોલી ઉઠી કે-આ સંગમને તિરે જે સ્નાન કરે, તેની ઇચ્છા સાગર પુરી કરેછે. (૧૯)

अथ छंद उपजाति.

ब्रह्मी गही बांह कला प्रवीनं; सिंध्रु समीपे रति घात लीनं. नीरं प्रवेशं प्रथमं कराया; नैनं परिहास रसं छटाया. कीनो यहै धीर चित्तं द्रढावे; बाला विशेषं ब्रहसें दहावे. केती ब्रह्मी वात कही तहांही; शिच्छा लगे श्रोन कछूहि नांही. भंखी प्रबीनं तब एह बानी; एती दशा होत हमे अजानी. होवे अजानी सु कहा छिपावे; आपे छिपेगी वह मिंत आवे. ॥ २० ॥

ટીકા—પછી પ્રીતિની ઘાતમાં ગરક થયેલી કળાપ્રવીણનો હાથ ઝાલીને કુસુમાવળી સમુદ્ર સમીપે લાવી, પછી પ્રથમ તો તેને પાણીમાં પ્રવેશ કરાવ્યો, અને ત્યાર કેડે પરિહાસ-મશ્કરીથી તેનાં નેત્રો ઉપર પાણી છાંટયું; એમ કરીને પ્રવીણના ચિત્તમાં કુસુમાવળી ધીરજતા દ્રઢાવે છે-પણ તે બાળા તો વેરણ વિજોગ વેદનાથી વિશેષ વિશેષ બળે છે; ત્યાં તે બ્રહ્મકન્યાએ કેટલીક વાતો કહી પરંતુ તેની શિખામણ કાંને લાગી નહીં અર્થાત્ નકામી ગઈ; પછી પ્ર-

વીણ એવાં વચન બોલી કે મારી આવી સ્થિતિ થશે તેથી હું અજાણી હતી, માટે અજાણ્યેથી જે થાય તેને શું દબાવીએ? પણ એ મિત્ર આવ્યેથી એતો એની મેળેજ છુપી-ડબાઈ જશે. (૨૦)

पुनि कलाप्रवीनोक्त-छपय.

वही याद आवंत, बान लावंत समर मन;
बिरह ज्वाल जागंत, अंग दागंत छिना छिन.
उर उसास बाढंत, रोम चाढंत घरी प्रत;
बदन रंग बदलंत, बात बिचलंत उच्चरत.
तन चेन हेन जान्यो न में, नेन नीर धारा झरे;
बिन मित चित्त तलफन लगी, कहो धीर केसें धरे. ॥ २१ ॥

ટીકા—વળી પ્રવીણ કહે છે કે-જ્યારે મિત્ર યાદ આવે છે ત્યારે મનમાં કામદેવ બાણ મારેછે, અને વિરહાગ્નિની-ઝાળો એનીમેળે સળગી ઉઠે છે, વળી ક્ષણે ક્ષણે શરીરને બાળેછે, અંતરમાં ઉસાસા નિસાસા વધે છે, તેમ ઘડી ઘડી પ્રત્યે રોમાંચ ખડાં થઈ આવે છે, જરા જરામાં બદનનો રંગ બદલાઈ જાય છે, અને બોલતાં બોલતાં ચાલતી વાતને ભૂલી જવાય છે, તનને ચેન પડતું નથી; વળી સુદ્ધિમાં કહે છે કે અરેરે! મેંતો આવું જાણ્યું નહોતું!! એવી રીતનો નિસાસો મુકતાં આંખ્યોમાંથી જળધારા ખરખર કરતી ઝરે જાય છે, તથા મિત્ર! હે મિત્ર! કહી તેના વિજોગે જુરવા લાગી છે; તેથી કહો જોઇએ-કઈ રીતે ધીરજ ધરૂં? (૨૧)

दोहा.

मंजत यह चरचा चली, धारे बसन अभीन;
सिंधु तीर शुभ थान लखि, कीन समाज प्रवीन. ॥ २२ ॥

ટીકા—ન્હાતાં એવી રીતે ચર્ચા ચાલી, પછી પાણીથી બહાર આવી અંગે કોરાં વસ્ત્ર પહેર્યાં, ત્યારબાદ સિન્ધુ તિરે શુભ અને રળિયામણું સ્થાનક જોઇને પ્રવીણે ત્હાં સભા રચી. (૨૨)

पहेरायत गिरदी प्रथक, नजर बेग बैठाह;
समुद लेर सब अलि लखे, वह प्रवीन मित राह. ॥ २३ ॥

ટીકા—ચોકીવાળાઓને ચારે તરફ દૃષ્ટિથી દૂર પ્રથક્ પ્રથક્ એટલે જૂદા જૂદા બેસારી સઘળી સખિયો સમુદ્રની લહેરને આનંદથી જુએ છે, પણ બીજીગમ પ્રવીણ તો તેના મિત્રનીજ વાટ જુવે છે. (૨૩)

छपय.

रस सागर निज थान, दशा उनही [illegible]ति आनी;
चरचा चलत प्रवीन, निशा तलफत[illegible] बिहानी.

वही चाह उर धार, प्रात फंदन आरोहित;
तीरथ तीर सुजाय, आप मंजन कीनो तित.
एकंत ठोर निरखित उतें, कर बिछात बैठे तहां;
चित ध्यान धरत परबीनको, बेग-नजर बनिता जहां. ॥ २४ ॥

ટીકા—રસસાગરે પણ પોતાને ઉતારે પ્રવીણની માફકજ સ્થીતિ કરી, અને પ્રવીણ સંબંધી ચર્ચા ચલાવી ચલાવી રાત તલફવામાંજ વટાવી તથા પ્રવીણને મેળવવાની ઉરને વિશે ચાહના ધરીને પ્રભાતમાં રથે આરૂઢ થયા, પછી તીર્થની તિરે જઇને ત્હાં પોતે સ્નાન કર્યું, વળી તે ઠેકાણાને એકાંત સ્થળ જોઈ જહાં સ્ત્રીઓનું ટોળું નજરવેગે બેઠું હતું-તે તરફ પ્રવીણનું મનમાં ધ્યાંન ધરતા બિછાયત કરાવીને બેઠા, (૨૪)

सोरठा.

बर्नन तहां बनाय, कियो सु तीरथ तीरको;
दीनो सुकबि सुनाय, गोस्वामी ब्रजराज प्रति. ॥ २५ ॥

ટીકા—ત્હાં શુભ અને પાપમુક્ત તીર્થના કિનારાનું મધુર વાણીવડે કવિ ભારતીનંદે કવિતામાં વર્ણન રચીને ગોસ્વામી વ્રજરાજજી પ્રત્યે સર્વ કથન કહીસંભળાવ્યું. (૨૫)

अथ वह वर्नन उदाहरन—छंद सेनिका.

प्रात भानको प्रताप फुट्टियं; संगमं समुद्र लैर जुट्टियं.
गोमती कलूप बृंद गंजितं; ठोर ठोर मीनुपं सु मंजितं.
तीर तीर देहरे सु मंदिरं; भिन्न भिन्न रूप देव अंदरं.
देव सेव भेव ब्रह्म अद्दरे; बेद भेद आन आन उच्चरे.
तापसं सु साधितं उपासनं; एक एकको अनेक आसनं.
शंख झल्लरी सु घंट बज्जियं; कामनी सिंगार साज सिज्जयं.
थान थान ध्यान आन नंमियं; आप आपके उलाह रंमियं.
आसनं कियो बिछान नक्खियं; एह रीत ब्रज्जराज लक्खियं. ॥ २६ ॥

ટીકા—વહાણું વાયાથી સૂર્યનો પ્રકાશ-અજવાળું પ્રગટ્યું; સંગમની જગોએ દરિયાની તરંગો-છોળ્યો જોડાવા લાગી,-જેના નિર્મળ પાણીમાં સ્નાન કરવાથી મ્હોટા પાપના સમૂહનો નાશ થાય એવી પાપનિવારણી ગોમતીની તિરે જહાં ત્હાં માંણસોનાં વૃન્દ ન્હાય છે; દેવ મંદિરો અથવા દેવાલયો શોભી રહ્યાં છે, તેમાં નાનાવિધ રૂપવાળા દેવો મૂર્તિમાન જણાય છે; બ્રાહ્મણો ભાવનાયુક્ત શાસ્ત્ર ભેદોએ કરી દેવાર્ચન કરે છે, અને ષટ્કર્મના ભેદથી વેદના ઉચ્ચાર ભણે છે; તપસ્વીઓ ઉપાસનાને સાધી રહ્યા છે, તથા એક બીજાઓએ

અનેક જાતનાં યોગ શાસ્ત્રામાં કહ્યા પ્રમાણે આસન વાળેલાં છે; શંખ, ઝાલર અને ઘંટો વાગે છે; સ્ત્રિયો ભાત ભાતના શણગાર સજીને ઠેરે ઠેરે ધ્યાન દઇને ઇશ્વરને નમે છે; સો પોત પોતાના ઉત્સાહ પ્રમાણે રમત ગમ્મત-મોજ માણે છે; એવી રીતની શોભા જોઈ ગોસ્વામી બ્રજરાજજીએ ગલીચાઓ પથરાવીને તે જગોએ આસન જમાવ્યું. (૨૬)

सोरठा.

उत महराज लखात, कुसुम द्रष्टि कीनी तहां;
जाने वहे न जात, पैं कहि कलाप्रवीन प्रति. ॥ २७ ॥

ટીકા— જહાં બ્રજરાજજી મહારાજ બેઠેલા જણાય છે, તે તરફ કુસુમાવળીએ દૃષ્ટિ કરી; તેઓ જાણી-પિછાણી શકતાં નથી, પરંતુ કળાપ્રવીણને આ પ્રમાણે કહ્યું. (૨૭)

दूरध्यान मंगवाय, निहचे ठोर निहारिये;
आप कबे इत आय, देखहुगे सागर दशा. ॥ २८ ॥

ટીકા—હે પ્રિય સખી ! દૂરબીન મગાવીને આપણે નિશ્ચય કરવાને તે ઠેકાણાને જોઇયે, કારણ કે-હવે ફરીને આપ ક્યહારે સાગરની દશા દેખશો? (૨૮)

सुनियत नृपति कुमारि, जो सहचरि सनमुख खरी;
तासें कही उचारि, दूरबीन इत लाइये. ॥ २९ ॥

ટીકા—આવું બ્રહ્મબાળાનું બોલવું સાંભળીને રાજકુમારીએ જે દાસી સન્મુખ ઉભી હતી તેનેજ કહ્યું કે-આંહી દૂરબીન લાવો. (૨૯)

किंकरि हुकुम प्रमान, दूरबीन लै उत गई;
प्रथम कुसुम लै पान, लखि समुद सागर लखत. ॥ ३० ॥

ટીકા—કિંકરી હુકમ પ્રમાણે દૂરબીન લેઇને ત્હાં ગઈ, પછી પહેલાં કુસુમાવળી તે દૂરબીનને પોતાના હાથમાં લઇને સમુદ્ર જોઈ સાગરને જોવા લાગી. (૩૦)

अथ छंद हाकली.

दुज नंदा दधि लहर लखे; पुनि स्रोता पुलिनं निरखे. ब्रजराजं निज धरम द्रढे; चित देखे वह चाह चढे. तित ब्रह्मी द्रग सुरत परे; पुनि वेही तह कीक करे. कछु पहिचान भई न भई; परवीनं दुरबीन लई. तब ब्रह्मी यह बानि कही; सरिता तीर फिरंग वही. जिहि कीनो सु निदान तुमें; वह हे धारत यह उरमें. निज वोही दिशकों लखिये; हम कीनी परिखा प्रखिये. ॥ ३१ ॥

ટીકા—બ્રહ્મકન્યા દધિતરંગ અર્થાત્ સમુદ્રની લેહેરોને જુએ છે, વળતી ગોમતીના કિનારાને જુએ છે ત્હાં-બ્રજરાજજી પોતાના ધર્મને દ્રઢાવે છે એટલે

ઉપદેશ આપે છે, તેમની તરફ દૃષ્ટિ પડતાં એટલે તે બાજુએ કુસુમાવળીની આંખ્યોની નજર પડી પણ એજ હશે કે નહીં? તે નક્કી કરે છે તથા જરા તરા પિછાન થઈ ન થઈ–ત્હાંતો પ્રવીણે દુરબીન લઈ લીધી, એટલે કુસુમાવળી બોલી કે સરિતા તિરે બોલ્યા ફિરંગી વૈદ્ય કે જેમણે પ્રથમ તમારૂં ઓષડ કર્યું–હતું તેજ છે–એવું હું મારા મનમાં ધારૂં છું. વાસ્તે આપ પણ તે બાજુએ જુઓ, મેં તો પરીક્ષા કરી–પણ હવે તમો કરો. (૩૧)

अथ तत्रकलाप्रबीनोक्त–गाहा.

मम चित्ते नह सत्यं, इह समये आगमं मिंता;
दावानल प्रज्वलितं, क्यों अवसरे मेह उल्लहियं. ॥ ३२ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે–મારા મનમાં ખરૂં લાગતું નથી કે આવા વખતે મિત્રનું આવવું થાય! જ્હાંદાવાનળ સળગી ઉઠે–તે અવસરે વર્ષાદ ક્યાંથી હોય? (૩૨)

अथ कुसुमोक्त–छंद आभीर.

बानी कुसुम कहंत; तुमहि सत्य उचरंत. एसा समय व्रतंत; मिलहि न चाहत मित. पें देखहु दुरबीन; कहा सागर छबि कीन. एती सुनत कुमारि; लखन लगी निधिबारि. निरखत सागर नीर; सुरत सरितके तीर. वहे भेख बदलंत; दूरन भासत चिंत. छिन छिन देखत सोय; पें पहिचान न होय. ब्रह्मनि नजर पुनि दीन; तबहि सत्य उन कीन. कुसुम प्रवीन सुनाय; सहचरि उभय पठाय. खबर मगावे सोय; कोन पुलिन पर होय. कुमरि सु आयस दीन; किंकरि गमनहि कीन. आइ गुसांइन पास; तब कहि कबी प्रकास. निरखो न्यारी होय; कह कारन तुम सोय. मंत्र जपत महराज; निकट न जानें काज. कितें रहो कित जात; कोन तुमे कहो बात. कित लग काम ज्यु आय; दीजे हमहि सुनाय. ॥ ३३ ॥

ટીકા—વળી કુસુમાવળી કહે છે કે–તમે સત્ય કહોછો, સમય તો એવો જાય છે કે મળવાની ઇચ્છા વખતે મિત્ર મળે નહીં! પણ દુરબીનને લઇને જોતો ખરી કે સાગરે કેવો વેશ ધારણ કરેલો છે! એટલું સાંભળી કુંવરી વારિનિધિ સાગરને જોવા લાગી; સિન્ધુ–સમુદ્રના જળને નિરખે છે, પણ દૃષ્ટિ તો એક ધ્યાનથી સરિતાની તિરેજ લાગેલી છે, તેઓએ–મહારાજાએ અર્થાત્ રસસાગરે વેશ બદલેલો છે–તેમ ઘણે દૂર હોવાથી ઓળખ પડતી નથી; ત્હારે વળી બ્રહ્મની કુસુમાવળીને પાછી દુરબીન આપી, જેના યોગે તેણે જોઇને સત્ય ઠેરવ્યું તથા પ્રવીણને સંભળાવ્યું કે બે દાસિયોને મોકલાવીને તેમની ખબર મંગાવીએ કે કિનારા ઉપર કોણ છે? જે સાંભળીને રાજકુંવરીએ પાસે રહેવાવાળી દાસિયોને જવાની આજ્ઞા આપી–કે તુરત તે બે દાસિયો ગમન કરીને ગુસાંઇજીની

પાસે ગયો; તે વખતે કવિયે પ્રકાશપણે કહ્યું કે આધેથી જુઓ, તેમ તમારે જે કામ હોય તે મને કહો; મહારાજ મંત્ર જપે છે-વાસ્તેકરી નિકટ-પાસે જવાનું કામ નથી. તમો ક્યાં રહો છો તથા ક્યાં જાઓ છો? તેમ તમે કોણ છો? તે વાત કહો. તથા કોની પાસે કામે આવ્યાં છો, એ સઘળું અમને કહી સંભળાવો. (૩૩)

तत्र किंकरी प्रत्युत्तर—सोरठा.

हम मंछापुर थान, किंकरि कलाप्रवीनकी;
महाराज पहिचान, उन आयस आई इतें. ॥ ३४ ॥

ટીકા—ત્હારે દાસીઓએ નમ્રતા સાથે ઉત્તર આપ્યો કે-મનછાપુરી અમારૂં રહેવાનું સ્થાન છે, તથા ત્હાંના રાજેન્દ્ર શ્રીની કુંવરી કળાપ્રવીણની અમો દાસીઓ છીએ, અને મહારાજને ઓળખવા સારૂ તેમની આજ્ઞાથી અત્રે આવ્યાં છીએ. (૩૪)

कोन थान कह जात, कहा नाम इत काम कह;
एती कहोज्यु बात, कछु न काज पीछी फिरे. ॥ ३५ ॥

ટીકા—મહારાજનું કોણ સ્થાન છે, ક્યાં જાય છે તથા તેમનું શું નામ છે? તેમ આંહિયાં શું કામે આવ્યા છે? એટલી વાત કહો તો બીજાની અમારે કંઈ જરૂર નથી; અને પછી અમે અમારે પાછાં ફરી જઇએ. (૩૫)

अथ तत्र भारतीनंदोक्त प्रत्युत्तर—छप्पय.

सकल सृष्टि परसिद्ध, धाम व्रजकुंज रहावे;
गोस्वामी पद बिरद, नाम व्रजराज कहावे.
दीपमालके समय, इते महाराज पधारे;
सधत मंत्र गायत्रि, तीर तीरथ सु निहारे.
पाखंड मत्त खंडन प्रथी, दुरित व्रंद जन छय करन;
महाराज महत महिमा कथन, कृष्ण राधिकाके चरन. ॥ ३६ ॥

ટીકા—ભારતીનંદ પ્રત્યુત્તરમાં કહે છે કે-આખી સૃષ્ટિની અંદર પ્રસિદ્ધ એવા વ્રજકુંજ ધામે મહારાજા રહે છે, તેમનું ગોસ્વામીની પદ્વી તથા બીરદ છે, અને એમનું વ્રજરાજજી નામ કહેવાય છે; દીપોત્સવીના સમયને લીધે આંહી મહારાજ પધારેલા છે, તે ગાયત્રિ નામના મહા મંત્રને સાધે છે, તથા તીર્થના કિનારાને જુએ છે, પૃથ્વીમાં હાલમાં પેદા થયેલા પાખંડ મતનું ખંડન-નાશ કરવાને, લોકોના પાપના સમુદાયને દૂર કરનારા-મહત મહિમાવાળા આ મહારાજા રાધાકૃષ્નના ચરણારવિંદનું કથન કરનારા છે. (૩૬)

अथ छंद मोहनी.

सहचरि पीछी फिरीसो उत्तर पाय; भारति नंद कवींदहि लीन बुलाय. तुमें कलाप्रवीनहि नीठ रहंत; दुंजनंदा कुसुमावलि ताहि लहंत. उन कहेवी तुम जोय दये उपदेश; सोय मिले सन्यासहि कही अदेश. सुनत सहचरी फिरिय कुंवरी प्रति जाय; गोस्वामीकी कथा सु दई सुनाय. यह सुनियत सब बात कुंवरि मुरझंत; तेते महि किंकरी कुसुम कहंत. तुमहि दीन उपदेशहि जोगिसु आय; उन निज मुख आशिषा ज्यु दिन्ह सुनाय. उरमें भये ज्यु मुदित सुनत यह फेर; इक इक प्रति परिहास लगी तिहि बेर. ॥ ३७ ॥

ટીકા—ઉત્તર મેળવીને દાસિયો પાછી ફરિયો, ત્હારે ભારતીનંદ કવિયે તેમને પોતા પાસે બોલાવી લીધી અને કહ્યું કે-જહારે તમો કળાપ્રવીણ પાસે રહોછો તો ત્હાં એક બ્રાહ્મણની કન્યા કુસુમાવળી કરીને રહે છે, તેને ઓળખોછો? જો ઓળખતાં હો તો તેમને કહેજો કે-તમને જેમણે ઉપદેશ દીધો હતો, તે સન્યાસી મળ્યા હતા અને તેમણે તમને આદેશ કહ્યો છે. કવિ મુખથી એ રીતિનાં વચન સાંભળીને પાછી ફરેલી તે દાસિયોએ કુંવરી પ્રતિ જઇ, ગોસ્વામી સંબંધી સર્વે વૃત્તાંત સંભળાવી દીધું; આ બધી વાત સાંભળીને કુંવરી મુઝાવા લાગી, તેટલામાં તો તે દાસિયો કુસુમાવળીને કહેવા લાગીયો કે-તમને જેમણે ઉપદેશ કર્યો હતો તે જોગી આંહી આવેલા છે, તેમણે નિજ મુખથી તમને આશિષ દીધેલી છે. એમ ફરીને સાંભળતાંજ કળાપ્રવીણ તથા કુસુમાવળી બન્નેય જણાં પોતાના મનમાં રળિયાત થયાં, અને લાગલાંજ ખુશાલીમાં મગ્ન થઈ પરસ્પર એક બીજાની ઠઠા-મશ્કરી કરવા લાગ્યાં. (૩૭)

अथ गाहा.

दिनकर प्रेम प्रकाशं, भइ सुरभोग सागरं लहरं;
किंचित क्रत परिहासं, निज थानक उठियं नारी. ॥ ३८ ॥

ટીકા—પ્રેમરૂપી દિનકર-સૂર્ય પ્રકાશીત થયો, અને સમુદ્રની લહેરો અમૃત જેવી મીઠી થઈ ગઇયો, બાદ અરસપરસ કિંચિત પરિહાસ-વિનોદ કરીને પોતાને સ્થાનકે જવા સારૂં નારી-પ્રવીણ ઉઠયાં. (૩૮)

दोहा.

कलाप्रवीन सवीर प्रति, पुग्गिय मुख मुसकंत;
गोस्वामी थानक गये, चाहत मिलबो चंत. ॥ ३९ ॥

ટીકા—પછી મલપતે મોઢે કળાપ્રવીણ પોતાના તંબુએ ગયાં. તેમ ગોસ્વામી પણ પોતાને સ્થાનકે-મુકામે ગયા, છતાં મનમાં તો પ્રિયજનને મળવાને ચાહે છે. (૩૯)

गाहा.

मंजन कलाप्रवीनं, तीरथ तीरे परंन पहिचानं;

त्रिपंचाश अभिधानं, पूर्न प्रविनसागुरो लहरं. ॥ ४० ॥

ટીકા—કળાપ્રવીણનું સ્નાન કરવું, ત્હાં તીર્થની તિરે મહારાજનું પિછાન પડવું, એ હકીકતવાળી પ્રવીણસાગર ગ્રંથની ત્રેપનમી લહેર સંપૂર્ણ થઈ. (૪૦)

इतिश्रीप्रबीनसागरग्रंथेदंपतिसमुद्रतीरदर्शनोनामं त्रिपंचाशत्तमो लहरं. ॥ ५३ ॥

लेहेर ५४ मी.

अथ कलाप्रबीनरससागरप्रतिमनुहारपत्रप्रसंगोयथा—दोहा.

निज थानक ब्रज राज ज्यू, नित बंचव इतिहास;
मनमें बढी प्रबीनके, आस्य बिलोकन आस. ॥ १ ॥

ટીકા—પોતાને સ્થાનકે વ્રજરાજજી મહારાજ હમેશાં ઇતિહાસ વાંચે છે, પણ મનમાં તો પ્રવીણના મુખને જોવાની આશા વધી છે. (૧)

देव दरस सब संघ किय, संजुत कलाप्रबीन;
सो सागर अवमोच सुनि, उर उदास अति लीन. ॥ २ ॥

ટીકા—કળાપ્રવીણની સાથે સંગનાં સર્વે જણાંએ દેવનાં દર્શન કર્યાં, તે હકીકત સાગરે પોતાને મુકામે સાંભળીઉરની અંદર ઘણીક ઉદાસી ધારણ કરી. (૨)

छपय.

दूजे दिन महाराज, कथा मंदिर महि ठानी;
फिर आवेंगे दरस, एह मनमें अनुमानी.
उत प्रबीन वह चहत, अदब गुर लोग रहावें;
उरमें अति अभिलाष, फेर आवन नहि पावें.
मुरझाय चित कीनो मतो, कुसुम प्रत्य ऐसें कही;
मनुहार पत्र पहुच्यो नहीं, आय बुलाये हे वही. ॥ ३ ॥

ટીકા—પછી બીજે દિવસે મહારાજે ફરીને દર્શન વાસ્તે આવશે, એવું મનમાં અનુમાન કરીને દેવ મંદિરમાં કથાનું અધ્યયન કરવાનું ઠરાવ્યું, ત્હાં પ્રવીણ પણ તેમજ મળવા ચાહે છે, પરંતુ વડીલજનોની મરજાદને લીધે રહી જાય છે; ચિત્તમાં તો મળવાની ઘણીક અભિલાષા છે તથાપિ ફરી આવવાને પામતાં નથી; એમ મનમાંને મનમાં મુઝાઇને વિચાર ધાર્યો, અને કુસુમાવળી પ્રત્યે એવું બોલી કે-હે કુસુમાવળી! તેઓ તો આપણા બોલાવવાથી આંહી આવ્યા-પણ આપણી તરફથી તો મનુહારનો પત્ર મોકલાયો નહીં. (૩)

सोरठा.

पाती लिखी प्रवीन, मित सागर मनुहारकी;
कुसमावलि कर दीन, कहि प्रच्छन्न पहुचाउ उत. ॥ ४ ॥

ટીકા—એવું કહી તરતજ પ્રવીણે પ્રિય મિત્ર રસસાગર ઉપર આવકાર પત્ર લખ્યો; અને તે કુસુમાવળીના કરમાં દેઇને કહ્યું કે આ પત્ર તેમને કોઈ જાણે નહિ તેવી રીતે પહોચાડ. (૪)

अथ छंद माणवकाक्रीड.

पत्र प्रवीनें सु किये; ब्रह्मसुता पान दिये. मित प्रती जाय दहे; एह पुनी बानि कहे. बिप्रसुता उठी तबे; बानि सुनाई ज्यु सबे. आप इतें आय बसे; एक समे देव प्रसे. ऊदभवं ब्रह्म हमे; देव नितं जायनमे. आप मगाय्यो सु रथं; लीन कुजाकं सु सथं. गोजुपुरे गोन किये; सिंधु मिले चाहहिये. देव प्रती थान गई; छांड रथं गोन लई. ॥ ५ ॥

ટીકા—પ્રવીણે પત્ર તૈયાર કરી કુસુમાવળીના હાથમાં આપી ફરીને કહ્યું કે—આ પત્ર મિત્રની પાસે જઇને દેજો. આજ્ઞા સાંભળી કે તરત બ્રહ્મસુતા કુસુમાવળી ઉઠી, સર્વેને આ પ્રમાણે વચન કહી સંભળાવ્યું કે આપ આટલે સુધી દૂર આવીને વસ્યા છતાં એકજવાર દેવના દર્શને પરશ્યાં, પણ અમારે તો બ્રાહ્મણનો અવતાર છે, વાસ્તે અમારે તો નિરંતર જઇને દેવને નમવું જોઇયે. એટલું કહી પોતે રથ મગાવ્યો, અને સાથે રક્ષકો લઈ ગામના દરવાજા ભણી પલાયણ કર્યું, તથા મનમાં સાગરને મળવાનું ચાહીને દેવાલયે ગઈ, ત્હાં રથને તજી અર્થાત્ રથેથી ઉતરીને પગે ચાલવા લાગી. (૫)

सोरठा.

देवालय प्रति जाय, अंदर कुसुम प्रवेश किय;
सागर दरस सु पाय, चितमें अति हरखित भई. ॥ ६ ॥

ટીકા—મંદિરે જઇને અંદરના ભાગમાં કુસુમાવળિયે પ્રવેશ કર્યો; ત્હાં સાગરના મનોહર-દર્શનને પામી, તેથીકરી હૃદયમાં ઘણીક રળિયાત બની. (૬)

श्री पति बंदन कीन, पुनि गोस्वामी प्रति गई;
पाती पान प्रवीन, बीरि व्याज आंगे धरी. ॥ ७ ॥

ટીકા—શ્રી. કહેતાં લક્ષ્મીના પતિનું વંદન કરીને, પછી ગોસ્વામી પાસે ગઈ, ત્હાં પ્રવીણના હાથનો પત્ર બીડીના મિસથી મહારાજની આગળ ધર્યો. (૭)

चोपाई.

तब महाराज कहन इहि लग्गे; तुम को रहत्त कोनसी जग्गे.
उन कहि हमही बिप्र कहावे; मनछापुरी सु मध्य रहावे.

कलाप्रबीन संग इत आइ; बडे भाग दरशन निज पाई.
मंद मंद दोऊ मुस काये; महाराज इतिहास चलाये.
पूरन यह प्रसंग ज्यु कीनो; प्रच्छन पत्र बीरिसें लीनो. ॥ ८ ॥

ટીકા—એટલે મહારાજ તેને કહેવા લાગ્યા કે તમે કોણ છો? અને કયી જગાએ રહો છો? ત્યારે કુસુમાવળીએ કહ્યું કે અમે બ્રાહ્મણ છીએ તથા મનછાપુરી મધ્યે રહીએ છીએ, અને રાજકુંવરી કળાપ્રવીણની સંગાથે અહિં આવ્યાં છીએ; વળી અમારૂં મહા ધન્ય ભાગ્ય કે આપનાં દર્શનને પામ્યાં, પછી બન્ને જણ મુખમાં ને મુખમાં ધીમેથી હાસ્ય કરી મલકયાં, બાદ મહારાજે પાછી ઇતિહાસની કથા વાંચવાનું શરૂ કર્યું તથા તે પ્રસંગ પૂરો કરીને બીડીમાંથી છાનો પત્ર લીધો. (૮)

सोरठा.

यह पाती कर धार, बचन लगे ब्रजराज ज्यू;
उर आसय मनुहार, लिखियंत कलाप्रबीन ज्यू. ॥ ९ ॥

ટીકા—તે પત્ર હાથમાં લઇને વ્રજરાજજી વાંચવા લાગ્યા, તેમાં કળાપ્રવીણે અંતરથી આવકાર-માન આપવાનો આસય ધારીને તે પત્રમાં આ પ્રમાણે લખેલું હતું. (૯)

अथ वहपाती किंचित उदाहरनं—दोहा.

सुरत सुरत लागी रहत, पागी रहत सनेह;
बिरह ज्वाल जागी रहत, दागी रहत सुदेह. ॥ १० ॥

ટીકા—તમારી દૃષ્ટિમાં અમારી દૃષ્ટિ લાગી રહે છે, તેમ સ્નેહથી ભરપૂર ભીંજાઈ રહે છે, તથા વિરહની ઝાળો જાગી રહે છે, તેણેકરી દેહ પણ બળતીજ રહે છે. (૧૦)

अथ यथा संख्यालंकार—सवैया.

नेनन नीर सने ग्रह संकट, साधन ओध उदास उसासी;
धीरजता ज्यूं प्रभा सुख सेज, बिचच्छनता अरुप्रच्छन हासी.
गान विधान क्रिया मदपान, प्रषा घन चंदन चंद प्रकासी;
सागर मित बढेहे घटे हे, भए न सुहावत प्रान बिनासी. ॥ ११ ॥

ટીકા—હે મિત્ર સાગર! તમારા વિયોગથી મારામાં આઠ વાનાં વધે છે, અને આઠવાનાં ઘટે છે, તેમ ચાર વાનાં તો મરણતુલ્ય ભયકારી થઈ પડયાં છે; જેનાયોગે જરાએ સુહાતું નથી; તે એ છે કે-નેત્રનું નીર, સ્નેહ, વિરહ, સંકટ, સાધન, અવધ, ઉદાસી અને ઉસાસા એ રીતે આઠવાનાં વધે છે; તેનાથી ઉલટી રીતે ધીરજતા, પ્રભા-કાન્તિ, સય્યાનું સુખ, ચકોરપણું; ગુપ્ત હસવું, ગાયનનાં વિધાન, કાર્ય અને મદ્યપાન, એ રીતે આઠ વસ્તુઓ ઘટે છે; વળી વર્ષાદ, કપુર, ચંદન

અને ચંદ્રપ્રકાશ, એ ચારવાનાં તો પ્રાણનાશક થઈ પડયાં છે, તેથી મને જરાએ સુહાતું નથી-અર્થાત્ ચેન પડતું નથી. (૧૧)

लोकोक्ति अलंकार–सवैयो.

याद छबीन कबी बिसरे अरु, जो करतार करी सु सहेहे;
भागमें या गति जो लों लखीहे; तबे लगि अंग अनंग दहेहे.
मान पयान कियो नित चाहत, आस्य विलोकन आस रहेहे;
बीतत सो न लखी बनिहे, अहो सागर मिंत मिलंत कहेहे. ॥ १२ ॥

ટીકા—આપની છબિની યાદિ કયારેય ભૂલાતી નથી, અને કિરતારે જે કરી તેને સુખે કે દુઃખે કરી સહીએ છીએ; જ્હાંલગી અમારા ભાગ્યમાં એવી ગતિ લખી છે ત્હાં લગી આ અંગને અનંગ-કામદેવ બાળશે; નિરંતુર પ્રાણ વો ચાલી જવાને ચાહે છે-પણ એક આપનું મુખ વિલોકવાની આશાએજ અટકી રહ્યો છે; જે જે દુઃખ વિતે છે, તે લખે લખી જાય એમ નથી, પણ અહો! હે મિત્ર સાગર! આપ હવે કહાં મળશો? (૧૨)

दोहा.

नेनां चाहत निरखवो, श्रवन सु चाहत बात;
कर चाहत पद परसबो, यह बिधि निशादिन जात. ॥ १३ ॥

ટીકા—આ આંખ્યો જોવાને ચ્હાય છે, કાન વાતો સાંભળવાને ઇચ્છે છે, આ હાથ આપના પગને પરસવાને ચ્હાય છે, એવી રીતે રાત દિવસ ગુજરે છે.(૧૩)

पाती लिखित प्रवीन बाचि, मानी सब मनुहार;
कहियत नाम सिलोकको, आपे लिखी उदार. ॥ १४ ॥

ટીકા—પ્રવીણનો લખેલો પત્ર વાંચીને સર્વે માન-આવકાર ભાવનાયુક્ત માનીને પછી શ્લોક લખવાનું બ્હા'નું કાઢી ઉદારપણેથી પોતે ચીઠી લખી. (૧૪)

छपय.

आप प्रसादी बसन, पत्र छेहरे सु कीनो;
कुसुम विदा जब कीन, तबे उनकों वह दीनो.
वंदन किय ब्रजराज, बाल अवमोचन आई;
प्रच्छन भेद प्रवीन, पान पाती बकसाई.
ब्रजराज रूप वर्नन कियो, जब इकंत चरचा जगी;
अभिलाप चित आनंद भरि, बाला उन बंचन लगी. ॥१५॥

ટીકા—પોતાની પ્રસાદીનાં કસબી દુપટાને છેડે તે પત્ર બાંધ્યો અને જ્હારે કુસુમાવળીને જવાની આજ્ઞા કરી, તે વખતે દુપટાસહિત તે પત્ર તેના

હાથમાં મુકયો; એટલે કુસુમાવળી વ્રજરાજજી મહારાજને પ્રણામ કરી પોતાને મુકામે આવી. જહાં તે ગુપ્ત ભેદવાળો પત્ર છાની રીતે પ્રવીણના હાથમાં મેલ્યો; પછી જહારે એકાંતમાં ચર્ચા ચાલી તેવારે વ્રજરાજજીના રૂપનું કુસુમાવળીએ વર્ણન કર્યું. જે સાંભળીને અભિલાષા તથા આનંદ ભરી બનીને બાળારૂપ પ્રવીણ તે પત્ર વાંચવા લાગી. (૧૫)

सोरठा.

बांच्यो सह बिसतार, पाती भेद प्रवीन ज्यू;
उनको कछू उदार, कहु प्रकार संछेप करि. ॥ १६ ॥

ટીકા—પ્રવીણે કાગળનો જે ભેદ વિસ્તારસહ વાંચ્યો, તેના ઉદાહરણનો પ્રકાર કાંઈક ટુંકામાં કહું છું. (૧૬)

अथ वह पाती भेद, समरूपक अलंकार—सवैया.

टंक कुठार मलेछ करे बिधि, सोधंत मूल सबे सुख छीने;
अंकक्रि धातु ढराय तहीं, परि ग्राव बिचार चुनाय गचीने.
प्राततें रात भये लों करे यह, राततें प्रात प्रभा पुनि कीने;
पल्लव चाह बढे प्रति बासर, प्रेम प्रयाग प्रवीन नबीने. ॥ १७ ॥

ટીકા—દંતકથા એવી ચાલે છે-કે હિંદુ દેવાલયનો નાશ કરનાર અલ્લા-ઉદ્દીન ખુનિયે સાંભળ્યું કે-અલ્હાબાદના પ્રાગવડમાં એવું દૈવત છે કે-તે વડનો કોઈ કાળે નાશજ નથી. એટલે તે મલેચ્છે ત્હાં જઈ તે વડને જડમૂળથી ખોદી કઢાવ્યો અને તે ઉપર ઉકાળેલું સીસું ઢોળાવ્યું; વળી તે ઉપરાંત સંગીન પત્થરાથી સજ્જડ ચણતર ચણાવી લીધું. તોપણ બીજે દહાડે વહાણું વાતાં તે વડ પાછો હતો તેવોને તેવોજ પ્રકાશી નિકળ્યો. વળી પાછો પ્રથમ માફક રાત સુધીમાં ફરી ફરીને ખોદાવી નાખે, એમ ઘણા દિવસ ચાલ્યું છતાં વડ નાશ પામ્યો નહીં, ત્હારે મ્લેછ થાકીને પાછો ગયો. અહિં એ ઉદાહરણ સાગરે આપ્યું છે-કે હે પ્રવીણ! મારા સ્નેહરૂપી પ્રાગવડને બ્રહ્મારૂપી મ્લેચ્છે ટાંકણા અને કુહાડાથી કાપી કાઢીને તેનાં સુખરૂપી બધાં મૂળ શોધી છુંદી છુંદીને છેદન કરે છે, તે ઉપર કર્મના આંકરૂપી ઉકાળેલું સીસું ઢોળાવીને વળી વિચારરૂપી ચુનાની ગાર અને પત્થરથી મજબૂત ચણતર ચણે છે. એ પ્રકારે પ્રભાત-સૂર્યના ઉદયથી તે અસ્ત-સાંઝસુધી મથે છે, છતાં પાછી રાતથી તે વહાણા સુધીમાં તે વડની કાન્તિ હતી તેવીને તેવીજ પ્રગટી આવે છે, તેમ હમેશાં ચાહનારૂપી પલ્લવો વધ્યા કરેછે, એવો આ પ્રેમરૂપી પ્રાગવડ હે પ્રવીણ ! નવોને નવોજ રહે છે. (૧૭)

अथ एकावलि अलंकार—सवैया.

पतियां न बिधान किते पठऊं, पथ बान ज्यों प्रान बढे रतियां;

रतियां दिन ध्यान धरे रहिये, सहिये विधि अंकनकी गतियां,
गतियां वह जान हिगो न इहा, जिनके नहि छेद भये छतियां;
छतियांकि सबे बतियां तुम जानत, कैसें प्रबीन लिखों पतियां. ॥१८॥

ટીકા—કેવી કેવી વિધિના પત્રો લખી મોકલાવું? પાર્થ—અર્જુનના બાણની પેઠે (એટલે એક બાણ નાખે તેનાં રસ્તામાં અનેક થાય તેમ) પ્રાણમાં રતિ વધતી જાય છે, અથવા પ્રાણ જે સ્વાસોસ્વાસ અને રાત્રિ તમારા વિયોગથી વધતી જાયછે; રાત દિવસ તમારૂં રટણ ધરી ધરીને રહિયે છીએ; તથા વિધિના ટાંકેલા આંકના દુ:ખની ગતિને જેમ તેમ કરી સહિયે છીએ. જેની છાતીમાં છેદ—વેહ પડયા નથી, હાયહાય! તે જન આ ગતિને જાણશે નહીં? પણ છાતીની સર્વે વાતથી તમો જાણીતા છો; માટે હે પ્રવીણ! પત્રમાં કેવી રીતે લખીએ? (૧૮)

अथ छेकानुप्रास अलंकार—कवित.

जबतें मिल्यो हे मन, तबतें निवास बन; सबतें उदास मुरझाय रही मतियां. थर्क थर्क अंग रोम, भर्क भर्क ज्वाला जंग; सर्क सर्क प्रान होत, धर्क धर्क छतियां. पीरको निदान काहू, आनपें न कह्यो जात; रह्यो हे ज्यू मान कल्म, रुसनाइ पतियां. कहो होहो चिंतकी, प्रबीन ज्यु कहोगे कब, अहो होहो मिंतरे एकंत बेठि बतियां. ॥ १९ ॥

ટીકા—જ્હારથી મન મળ્યું છે, ત્હારથી રહેવાનું ઘર વન—વગડા જેવું વેરાન થઈ પડયું છે, અને સર્વે મતિ—બુદ્ધિથી ઉદાસી ધારણ કરીને મુંઝાઈ રહી છે; શરીર ઉપરનાં રોમે રોમ થરર થરર કાંપે છે, અને ભડક ભડક વિરહની ઝાળો જાગી ઉઠે છે; પ્રાણ સરકી સરકી જાય છે, અને છાતી ધબક ધબક ધડકે છે; આ દુ:ખનું નિદાન—કારણ કોઇનાથી કહ્યું જતું નથી, અને પ્રાણતો કલમ—શાહી અને કાગળમાંજ રહ્યો છે. તો હે પ્રવીણ! મનની વાત કહો, અગર અહો! હે મિત્રરે! હવે એકાંતમાં બેસીને ક્યારે વાતો કહેશો? (૧૯)

अथ स्वभावोक्ति अलंकार—सवैया.

आजहुलों बहरावतहो कहा, आगेकि याद करो सिगरी;
चातुकहो सु बिचार धरो तुम, ओसर आवहिगो न फिरी.
केवनहार पुकार कहे, अब बीतत सोम्र घरी गुजरी.
मिंत प्रबीन कहो किहि कारन, प्रेमकि बात बिसार धरी. ॥ २० ॥

ટીકા—આજ લગી કેમ ભરમાવ્યા કરોછો? પહેલાંની સર્વે વાતોને યાદ કરોને! તમે ચતુરછો તો વિચાર કરો—કેમકે આવો ફરી ફરીને સમય આવવાનો નથી; કહેવાવાળો તો “ઘડિ ભરાઈ ઘડિ ભરાઈ” એમ પોકારી પોકારીને કહે છે, છતાં જે ઘડી જાય છે—તે જાય છેજ. માટે હે પ્રવીણ! કહો, કે કયા કારણે પ્રેમની વાત વિસારી મૂકી છે? (૨૦)

अथ शिक्षाक्षेप अलंकार—सवैया.

तापरं या उपचार कियो, तुम आवनकी पठई ज्यु लिखावे;
आये न आये रहे अजहु लगि, नेह कहो किहि भाति त्रिभावे.
गोख झरोखन टेरत हेरत, आनन बानि कहू नहि पावे;
अमृत बीचे जहेर करो कह, मिंत प्रवीन मेहेर न आवे. ॥ २१ ॥

ટીકા—તમે અહિં આવવા બાબતનો જે પત્ર લખીને મોકલાવ્યો, તે ઉપર અમે આ ઉપાય કર્યો; પણ આવ્યાંછો તે હજુ સુધી તો ન આવ્યા બરોબરજ સમજીએ છીએ; વાસ્તે કહો—કે સ્નેહને હવે કેવી ભાતે નભાવિયે? ગોખે અને ઝરૂખે ચઢીને પુકારીએ અને જોયા કરીએ છીએ—છતાં કયાંય તમારા મુખની વાણીને પામતા નથી; આમ અમૃતની વચ્ચમાં વિખ શાને કરોછો? હે મિત્ર! હજીએ તમને મહેર નથી આવતી? (૨૧.)

अथ अनन्ययथालंकार—सवैया.

अंतर बूझ विवेक रहे, चित टेक अरूझ रहे अपनीमें;
साधनमें भरपूर रहे, चकचूर रहे मनकी मगनीमें.
प्रेम प्रभा बिसतार रहे, निरधार रहे श्रुति शून्य धुनीमें;
शोधत ओर मिल्यो न हमें कोउ, मिंत प्रबीन प्रबीन दुनीमें. ॥२२॥

ટીકા—અંતરમાં વિવેક યુક્ત સમજીને રહીએ છીએ, અને મનમાં ધારેલી પોતાની ટેકમાં ગુંચવાઈ અમુઝાઇને મરીએ છીએ; સાધનમાં ભરપૂર રહીએ છીએ તેમજ મનના આનંદમાં ચકચૂર થઈ મગ્નતાઈમાં ડોલીએ છીએ; પ્રેમની પ્રભાને વિસ્તારી રહીએ છીએ અને આકાશની ધ્વનીમાં કાનને ધારી રહીએ છીએ, એમ શોધતાં અમને કોઈ બીજો પ્રવીણ સરખો ચતુર મિત્ર દુનિયામાં મળ્યો નહીં. (૨૨)

द्रष्टांतालंकार—दोहा.

लिखबेमें जानी परत, प्रेम पुरानी बात;
एसेमें जल कमल गति, अवधि बढी कह जात. ॥ २३ ॥

ટીકા—લખવાલાં તો તમારી પ્રેમની પુરાણી વાત જણાઈ આવે છે, એમ છે તોય પાણીના કમળની પેઠે અવધી કેમ વધતી જાય છે? મતલબ કે મળવાની મુદ્દત લાંબી કેમ થતી જાય છે? (૨૩)

अथ विनोक्ति अलंकार—दोहा.

चातुक तलफत बुंद बिन, जल बिन तलफे मीन;
चकित चकोरा चंद बिन, यों बिन तरस प्रबीन. ॥ २४ ॥

ટીકા—વર્ષાદના બુંદ વગર ચાતુક તલફે, પાણી વગર માછલું તલફે, ચંદ્ર વગર ચકિત બનીને ચકોરપક્ષી તલફે તેમ પ્રવિણના દર્શન વગર અમે તલફિયે છીએ. (૨૪)

ज्यों ज्यों अति बीतत बिपति, त्यों त्यों दहियत देह;

चहियत कब मुख देखहूं, नेनन भरे सनेह. ॥ २५ ॥

ટીકા—જેમ જેમ વધારે વધારે આપદા પડતી જાય છે–તેમ તેમ શરીર બળે છે, અને અંતરથી તેમ સ્નેહથી ભરેલાં, નેત્રોવાળું તમારૂં મુખ ક્યારે દેખશું એવું ચહાઇએ છીએ. (૨૫)

सोरठा.

बात बिचारहु चिंत, प्रेम पंथ लाओ सुरत;

बोत भई अब मिंत, मन ज्यों तन मिलवन नहीं. ॥ २६ ॥

ટીકા— મન સાથે વાત વિચારીને પ્રેમને ખરે રસ્તે સુરત લાવો, હે મિત્ર ! હવે તો બહુ થયું ! કારણ કે મનની માફક તનથી મળવાનું બનતું નથી. (૨૬)

सुरत माल गुन ग्राह, उरनिवान सुमती सलिल;

बढत प्रेम परवाह, चढत जात कागद घरी. ॥ २७ ॥

ટીકા—સુરતરૂપી ઘટમાળની દોરીથી ગ્રહેલી પત્રની ઘડયો ચડતી જાય છે, તે રીતે ઉરરૂપી નવાણમાંથી સુમતિરૂપી સલિલ–પાણીનો, પ્રેમરૂપી પ્રવાહ વધતો જાય છે. (૨૭)

सागर पत्र प्रवीन, वांचत भये सु बाउरे;

दशा सु बन बिन मीन, कब मिलवन करता करे. ॥ २८ ॥

ટીકા—એવો સાગરનો પત્ર વાંચતાંનીવાર પ્રવીણ બહાવરી બની ગઇ, તથા તેના મન અને તનની દશા તો જળ વિનાની માછલીના જેવી થઈ ગઈ, અને તેથી કહેવા લાગી કે હવે દુનિયાંનો કર્ત્તારૂપ ઇશ્વર ક્યારે મિલાપ કરાવશે? (૨૮)

उर उसास बढि आय, छिन छिन जल दरसित द्रगन;

धीरज कुसुम द्रढाय, बतियांको लगवत बहुर. ॥ २९ ॥

ટીકા—એકદમ હૃદયમાં શ્વાસ ચઢી આવવાથી બેબાકળી થઈ ગઈ, અને ક્ષણે ક્ષણે નેત્રોમાંથી જળધારા દરસાવા લાગી, આવી સ્થીતિ જોઇને કુસુમાવળી બહુ બહુ વાતોમાં રાજકુંવરીનું મન લગાડાવીને ધીરજ દેવા લાગી.(૨૯)

गाहा.

पठवन पत्र प्रबीनं, सागर कुसुम संग प्रति उत्तर;

चहुपचाश अभिधानं, पूर्न प्रबिनसागरो लहरं. ॥ ३० ॥

ટીકા—પ્રવીણે લખીને કુસુમાવળી જોડે મોકલેલો પત્ર, સાગર તરફનો પ્રત્યુત્તર સંબંધી પ્રવીણસાગર ગ્રંથની ચોપનમી લહેર સંપૂર્ણ થઈ. (૩૦)

इतिश्री प्रबीनसागरग्रंथेकलाप्रबीनरससागरमनुहारपत्रभेदोनामचतुःपंचाशत्तमो लहरं ॥ ५४ ॥

लेहेर ५५ मी.

अथ देवालयेकलाप्रवीनरससागरमिलनप्रसंगो यथा—सोरठा.

इहि विधि दुहु तलफंत, बढत बिरह दूनी दशा;
उच्छव अहर ब्रतंत, मिलबो द्रढ मंदिर सु किय. ॥ १ ॥

ટીકા—એ પ્રકારે બેય જણાં વિયોગથી ઝુરે છે તથા વિરહની બમણી દશા વધતી જાય છે, પછી એમ કરતાં ઉત્સવનો દહાડો પાસે આવ્યો જાણીને મંદિરમાં મળવાનું નક્કી ઠરાવ્યું. (૧)

छपय.

यहै चित्त धारंत, घोस आगम सु बिहाये;
जन जन मन हरखंत, दीपउत्सव दिन आये.
घाट घाट प्रति प्रात, लोग गुरुजन दुज जज्जे;
दर, झल्लर, अरु घंट, नाद नोबतिके बज्जे.
उत्साह चाह अभिलाखियन, चढत घोस त्यों त्यों चढे;
सागर सु ओर प्रवीन उर, उप परसन आशा द्रढे. ॥ २ ॥

ટીકા—ચિત્તમાં એવું ધારે છે ત્હાંતો ઉત્સવના આગલ્યા દિવસો ગયા, અને દીવાળીનો દિવસ આવવાથી દરેક જનો મનથી રળિયાત ઘાટે ઘાટે પ્રભાતમાં લોકો-ગુરૂજનો અને બ્રાહ્મણો પૂજવા લાગ્યા; ઝલર ને ઘંટ તેમજ નગારાંનો નાદ થવા લાગ્યો; દિવસ જેમ જેમ ચડે તેમ અભિલાષી જનોના મનમાં ઉત્સાહ અને ચાહના બન્ને વધે છે; ત્હાં સાગર અને પ્રવીણ પોતાના ઉરની ભીંતરુ પાસે જઈ સ્પર્શ કરવાની આશાને દ્રઢાવે છે. (૨)

सोरठा.

निज निज सजत निवास, पुरजन मन आनंद अति;
होत कुलाहल हास, दिनमनि नय संध्या दिसत. ॥ ३ ॥

ટીકા—પુરવાસીઓ મનમાં ઘણોક આનંદ ધરીને પોત પોતાનાં ઘરોને શોભાવે છે; દિનમણિ-સૂર્યના અસ્તને લીધે સંધ્યા સમય દિસતાં લોકોનો કોલાહળ તથા હસવું થાય છે. (૩)

अथ सहोक्ति अलंकार—छंद पद्धरी.

ज्यों ज्यों दुरंत दिनकर प्रताप; त्यों त्यों घटंत विरहा प्रलाप. ज्यों ज्यों सुरंग अंबर प्रकाश; त्यों त्यों शरीर शोभा विकाश. ज्यों ज्यों विकाश बन बेलि बाग; त्यों त्यों उजास प्रेमानुराग. ज्यों ज्यों सरोज कुमलात जात;

त्यों त्यों बिजोग मनसें बिलात. ज्यों ज्यों लगंत चिरियां उचार; त्यों त्यों सजंत कुमरी सिंगार. ज्यों ज्यों बजंत शंखान राव; त्यों त्यों सधंत रस हावभाव. ज्यों ज्यों झनंक झल्लरिय होत; त्यों त्यों चढंत तन रूप जोत. ज्यों ज्यों.प्रकाश तारिका कीन; त्यों त्यों अनंग रस रंग भीन. ज्यों ज्यों चिराक जग्गे उजास; त्यों त्यों समीप धारंत आस. ॥ ४ ॥

ટીકા—જેમ જેમ સૂર્યનું તેજ દૂર અર્થાત્ ઓછું થતું જાય છે, તેમ તેમ વિરહનો પ્રલાપ ઘટતો જાય છે; જેમ જેમ ગગનમંડળમાં સુંદર રંગનો ઝળકાટ થાય છે, તેમ તેમ શરીરની શોભા પ્રફુલ્લીત બને છે; જેમ જેમ વન વેલ્યો અને બાગ-બગીચાઓ ખીલે છે, તેમ તેમ પ્રેમાનુરાગનો ઉજાસ મારતો-તગતો જાય છે; જેમ જેમ કમળો કરમાતાં જાય છે, તેમ તેમ વિયોગ મનમાંથી ઓછો થતો જાય છે; જેમ જેમ પક્ષીઓ ઉચ્ચાર કરવા લાગે છે, તેમ તેમ કુંવરી શરીરે શણગાર સજે છે; જેમ જેમ શંખનો નાદ વાગે છે, તેમ તેમ રસથી હાવભાવ સાધે છે; જેમ જેમ ઝાલરોના ઝણકાર થાય છે, તેમ તેમ શરીરમાં રૂપની તેજસ્વી કાન્તિ અધિક અધિક ચડતી જાય છે; જેમ આકાશના તારાઓ પ્રકાશ આપે છે, તેમ તેમ સ્ત્રી પુરૂષો રતિરાજના ‌થી ભીંજાઈ જઈ લચપચ થાય છે; જેમ જેમ દીવાનું તેજ અજવાળું છે, તેમ તેમ મિલ સમીપે જવાની આશા ધારે છે. (૪)

दोहा.

सांझ भई श्रीपति सदन, दीपमाल जगि जोत;
भीर भार दरसन भई, कोलाहल जन होत. ॥ ५ ॥

ટીકા—સાંઝ થઈ એટલે શ્રી લક્ષ્મીનાથના દેવાલયે દીપમાળાની જોત જાગી, ત્યાં દર્શન વાસ્તે આવેલા લોકોની ભારે ભીડ મચી, તથા ઘણોક ઘોંઘાટ થવા લાગ્યો. (૫)

कछुक भीर दरसी सु कम, आय तहां ब्रजराज;
सोर बरज कीनो तहां, नाटिक गान समाज. ॥ ६ ॥

ટીકા—કંઈક ઓછી ભીડ જણાઈ, એટલે ત્યાં વ્રજરાજજી મહારાજ પધાર્યા અને ત્યારબાદ પોતે લોકોનો બકવા-ઘોંઘાટ બંધ કરાવ્યો તથા નાટક અને ગાયનના સમાજની ધામધુમ કરાવી. (૬)

श्रीपतिकें प्रविशत सदन, अस्तुति करी बनाय;
दश अवतार चरित्र शुभ, छंद त्रिभंगी लाय. ॥ ७ ॥

ટીકા—શ્રી લક્ષ્મીપતિના દેવાલયમાં પેસતી વખતે મહારાજે દશ અવતારોનાં શુભ ચરિત્રને ત્રિભંગી છંદમાં આણી-બનાવીને સ્તુતિ કરી. (૭)

अथ रससागरोक्तश्रीपतिस्तुति–छंद त्रिभंगी.

मीनाकृति धारा, शोधिय बारा; शंख प्रकारा, रिपु मारा. बेधा किय सारा, खेध अपारा; लच्छ निहारा, श्रुति बारा. इच्छा निज चिंतं, कोला=कृतं; अंबु अनंतं, शोधंतं. दानवपति हंतं, जुद्ध जियंतं; धर धारंतं; निज दंतं. कोरंभ कहाया, आसूर माया; देव बुलाया, सब आया. सिंधू मथवाया, श्रम्म कराया; रतन उपाया, बंटाया. सिंहा तनु धारं, थंभा फारं; कश्यपु मारं, नखरारं. प्रल्हाद उगारं, मुक्ति दतारं; जय मुनि सारं, उच्चारं. राजा बलि जग्गं, धारिय तग्गं; भुवपति अग्गं, भुव मग्गं. किय रूप अथग्गं, ब्रह्मंड लग्गं; त्रिभुवन पग्गं, त्रय डग्गं. रूपं मुनि सद्धं, फरसा युद्धं; शस्त्रा बद्धं, किय युद्धं. मंडल महि मद्धं, क्षत्रि विरुद्धं; बसुधा लद्धं, दुज दद्धं. राघो कुल भानं, नीति द्रढानं; सीत हरानं, धर बानं. सागर हतमानं, कपि रिच्छानं; रावन थानं, उथियानं. जासों उजयासं, प्रेमं प्रकाशं; बिबिध विलासं, बज बासं. कंसादिक नाशं, पंडव दासं; बिषय निकासं, द्रढ तासं. बुद्धा मतमानं, धत निज ध्यानं; गैब गिनानं, उदयानं. सेवा चरचानं, अस्तुति बानं; सुनत न कानं, अशुभानं. निकलंक चरित्तं, श्रुति समरित्तं; मुनि गन गित्तं, भाषित्तं. अदली कृत नित्तं, दमन दइत्तं; निज जन हित्तं, राखित्तं. सृष्टि महि सख्खं, अगम अलख्खं; प्रकृति पुरुख्खं, श्रव लख्खं. पंखा नन पख्खं, दलियत दख्खं; निगम निरंख्खं, परतख्खं. सुंदरवर शामं, गरुडागामं, कौस्तुभ दामं; अभिरामं. श्री मन विश्रामं, धुनि रस धामं; कृत मम कामं, शिर नामं. ॥ ८ ॥

ટીકા—માછલાંની આકૃતિથી મચ્છાવતાર ધરી, જળમાં શોધીને શંખ જેવા-શંખાસુર નામના રિપુને માર્યો; અને અપાર ખેદથી બ્રહ્માની મદદ માટે અતાગ સમુદ્રમાં જઈ-લક્ષણ નિહાળીને વેદોને વાળ્યા; પોતાના મનની ઇચ્છા વડે વારાહ અવતાર ધરીને અગાધ સમુદ્રના અપાર પાણીને શોધીને દાનવના પતિ હિરણાક્ષને માર્યો, એમ યુદ્ધમાં જીતીને પોતાની દાઢમાં પ્રથ્વીને ધારણ કરી. જે પછી કૂરમાવતાર ધરીને કાચબા કહેવરાવી માયીક અસુરો અને દેવોને બોલાવ્યાથી તેઓ સર્વે આવ્યા; પછી તેમની પાસે શ્રમ કરાવીને સમુદ્રનું મંથન કરાવ્યું, તથા તેમાંથી ચૌદ રત્નો મેળવી તેમને વહેંચાવી આપ્યાં; વળી સિંહાકૃતિથી નૃસિંહ અવતારરૂપે સ્થંભ ફોડીને સાક્ષાત થયા, ને અક્ષયી એવા હિરણ્યકશ્યપ નામના અસુરપતિની છાતી ચીરી નાખીને માર્યો,—અને વાત્સલ્ય ભાવે પોતાના ભક્ત પ્રહલાદને અનેક સંકટોથી ઉગારી ઉત્સંગે લીધો; ત્હાં આવી મુક્તિના આપનાર પ્રભુની સ્તુતિ કરવા માટે મુનિવરોએ આવીને

પ્રીતિયુક્ત જ ય જ ય એવા ઉચ્ચાર કર્યો. વળી બળિરાજાના યજ્ઞમાં વામનરૂપ ધારીને ગયા–અને તે રાજા પાસે સાડા ત્રણ ડગલાં પ્રથ્વી માગી, અને જ્હારે તે તેણે આપવા માંડી ત્હારે પોતે અતિ અદ્‌ભુત વૈરાટરૂપ ધારણ કરીને આખા બ્રહ્માંડમાં વ્યાપી ગયા, ને ત્રણ ડગલામાં ત્રણે ભુવન લઈ લીધાં. પછી મુનિનું રૂપ સાધીને એટલે ફરશુરામનો અવતાર લઈ–ફરસીનું આયુદ્ધ અને શસ્ત્ર બાંધીને સહસ્રાર્જુનથી યુદ્ધ કર્યું, તેમ આ મહિમંડળમાં ક્ષત્રિના વિરૂદ્ધ થઈ પૃથ્વી લઈ લઇને બ્રાહ્મણોને આપી દીધી; ત્યારકેડે રઘુ રાજાના કુળના સૂર્ય એટલે રામાવતાર ધરીને નીતિને દૃઢાવી, સીતાનું હરણ થયું ત્હારે ધનુષબાણ ધારણ કર્યું, ને પ્રથમ સાગરનું માન હઠાવીને વાનર અને રીંછોથી રાવણનું સ્થાન–લંકાને ઉથાપી નંખાવ્યું; તેમજ કૃષ્ણાવતાર ધરીને જેમના મનમાં પ્રેમનો પ્રકાશ છે–એવાં વ્રજવાસિયોથી નાનાવિધ ક્રીડા વિલાસ કર્યો, કંસાદિક પાપીઓનો પ્રલય કર્યો, તથા દાસ પાંડવોની વિપયવાસના ફેંકી દેવડાવીને દૃઢતા કરાવી; ત્હાર પછી મુનિવૃતરૂપે બુદ્ધાવતાર ધરીને પોતાનાજ એક ધ્યાનમાં ધ્યાનાગ્રસ્ત થયા, અને ગેબી જ્ઞાનનો ઉદય કર્યો; પછી સેવા, અર્ચા અને સ્તુતિને કે અશુભ વાણીને કાને સાંભળતા નથી; હવે પછી થનાર નિકલંકી અવતાર કે જેનાં ચરિત્રોને હમેશાં ઋષિ મુનિયો સમરે છે, મુનિજનો તેના ગુણાર્વિદનું ગાન ગાય છે; કે તે ખરી નેકીની નીતિ દૃઢાવીને દૈત્યોને દમશે; અને પોતાના જનોનું-અર્થાત્–ભક્તોનું હિત કરીને તેનું પાલણ કરશે. એવા અગમ્ય કાને અલખ તેમ સૃષ્ટિના સખારૂપે અવતારને ધારણ કરે છે, તેજ નિર્ગુણરૂપે, પ્રકૃતિ–પુરૂષરૂપે, સકલ યજ્ઞરૂપે, પક્ષ વિનાનાં ભીરૂરૂપે, દુઃખને કાપનારા, વેદો જેને પ્રત્યક્ષ જુવે છે–એવા સુંદરવર, ઘનશ્યામ, ગરૂડાગામ, સુંદર કૌસ્તુભમણિની દામણી ધરનારા, શ્રી કહેતાં લક્ષ્મીના મનના વિશ્રામ, રસની નદીના ધામરૂપ, મનની ઇચ્છાઓને પુરી કરનારા, હે દ્વારકાધિશ! હું તમને મસ્તક નમાવીને વંદન–પ્રણામ કરૂં છું. (૮)

सोरठा.

पूजन किय गोस्वाम, हरि बंदित अस्तुति करी;
द्वार निकट उन धाम, आसन किय व्रजराज ज्यू. ॥ ९ ॥

ટીકા—એમ પ્રાર્થના કરી ગોસ્વામીજીએ પૂજન કર્યું, બાદ હરિને વંદીને બે હાથ જોડી પ્રીતિપૂર્વક સ્તુતિ કરી, પછી દેવાલયના દરવાજા પાસે આશન કરાવી વ્રજરાજજી મહારાજ બિરાજમાન થયા. (૯)

नट नाटिक सु समग्र, दीपमाल दिश दिश जगी;
आपहि के सिध नग्र, उपमा कह ताकी कहे. ॥ १० ॥

ટીકા—નટ, નાટક આદિ ઘણીક રમત ગમ્મતના ખેલો થવા લાગ્યા, અને દિશાયે દિશાયે દીપમાળા પ્રગટ થઈ, તેની તેજસ્વી કાન્તિ ઝગ ઝગવા લાગી; એમ પોતે ઠાકોરની સિદ્ધિનુંજ નગર છે, ત્હાં આગળ તેની ઉપમાને

શું કહ્યાએ ? (૧૦)

वही बखत परबीन, आवन दरसमु अद्दरिय;
सासन मंत्रिय लीन, सजन लगे सिंगार तन. ॥ ११ ॥

ટીકા—તે વખત પ્રવીણે દર્શને આવવાનું આદરી–પોતાના મંત્રીની રજા લઇને શરીરે શણગાર સજવા લાગી. (૧૧)

॥ अथ कलाप्रबीनसिंगारबर्नन–छंद भुजंग.

किये मंजनं नारि सिंगार सज्जे; सुरी आसुरी रूप आलोकि लज्जे. लहेंगा लसें सोसनी तार गत्ती; कसें अंगिया नील सुन्नेरी भत्ती. कसुंबी धरे तारिका चंद्रसारी; भरे छेहरे बार सारं किनारी. नखंते शिखा हेम सिंगार बन्ने; जरें मानिकं मोतीयं हीर पन्ने. लगे वीछुवा जेब मंजीर बज्जे; धुनी किंकनी घुम्घरु घोर गज्जे. उरं बीच उत्साह आनंद बढ्ढे; चली देवके देहरे चक्रि चढ्ढे. सहेली सबे आपके संग लीने; किये जावदा साथ पेयान कीने. महाराजके थान सामीप आये; इते चेरियां जाय आगे सुनाये. अवाजं यहे ब्रह्मचारं सुनावे; जनाना इते वंदनं काज आवे. सबे लोगसें ब्रह्मचारी उचारे; करो चोक खाली जनाना पधारे. लगे चोपदारं सबे लोग कढ्ढे; गुसांई बिराजे ब्रह्मचारी ठढ्ढे. ॥ १२ ॥

ટીકા—ન્હાઈ ધોઇને પ્રવીણ પોતાના શરીરે શણગાર સજે છે, તે વખતે તેનારૂપને જોઇને સુર અને અસુરની સ્ત્રિયો પણ લાજ પામે છે. આશમાની રંગના તારવાળો સોનેરી લેંઘો શોભે છે, સોનાના સુંદર તારથી ભરેલી કાળા રંગની કંચુકી જકડીને પહેરી લીધી, કસુંબીયલ રંગની તારા ટપકીવાળી ચંદ્રકળા ધારણ કરી, જેના છેડા અને કોરપાલવમાં ચળકતા સોનાના તાર ભરેલા છે; એવી રીતે નખથી તે માથા સુધી સાવ સોનાના શણગાર ધારણ કર્યા છે, તેમાં માણિક્ય–મોતી–હીરા અને પાનાં જડેલાં છે; પગમાં પહેરેલ નાજુક વીછિયા–જેહેર અને લંઘર વાગે છે, કટિમેખળાની ઘૂઘરીઓ રૂમઝુમ કરતી ગાજે છે, હૃદય મધ્યે ઉત્સાહ અને આનંદ વધતો જાય છે; એવી તે નવયોવના બાળારૂપ પ્રવીણ રથે બેસીને દર્શન અર્થે દેવમંદિરે ચાલ્યાં; જોડે સર્વે સાહેલીયોને લીધી છે, તેઓએ ઘણા બંદોબસ્તની સાથે ચાલવા માંડ્યુ. પછી મહારાજના મંદિર પાસે આવ્યાં–એટલે દાસિયોએ પ્રથમ જઇને આ પ્રમાણે મંદિરના બ્રહ્મચારીને સંભળાવ્યું કે અહિં રાજાના અંતઃપુરવાસી રાણીમંડળ દર્શન કરવાને આવે છે; એવું સાંભળીને બ્રહ્મચારી સર્વે લોકોથી કહેવા લાગ્યા કે ચોક ખાલી કરો–અહિં રાજાની પડદાનશિન રાણીઓ પધારે છે. ચોપદારો પણ સર્વ જનોને બહાર કાઢવા લાગ્યા, પરંતુ ગુસાંઇજી મહા-

રાજ તો બિરાજી રહ્યા, તેમજ બ્રહ્મચારી પણ ઉભા રહ્યા અર્થાત્ બહાર ગયા નહીં. (૧૨)

दोहा.

ब्रह्मचारि बोले बहुरि, निर्जन किय हरि थान;
किंकरि जाय बुलाइये, आवे अबे जनान. ॥ १३ ॥

ટીકા—બાદ બ્રહ્મચારી દાસીઓથી કહેવા લાગ્યા કે હવે હરિનું મંદિર માણસોવિનાનું ખાલી કરાવ્યું છે, તો હે દાસિયો! જઇને બોલાવો કે હવે જનાનું આવે. (૧૩)

छपय.

ब्रह्मचारि सुनि बानि, सहचरी कुमरि सुनाई;
चली उतरि चकडोल, गिरद ज़वनिका तनाई.
बनिता मिलेसु ब्रंद, करत परिहास इके इक;
सजित सकल सिंगार, नेन सायक रतिनायक.
कुल रूप भेख संमान सह, द्वार चोक मिल नेहरे;
गुरुजन जनान भंखी तितें, बहुरि निहारो देहरे. ॥ १४ ॥

ટીકા—એવી બ્રહ્મચારીની વાણી સુણીને સહચરિયોયે તે વાત જઇને કુંવરી પ્રત્યે કહી સંભળાવી, એટલે પ્રવીણે રથેથી ઉતરીને ચાલવા માંડયું, અને ફરતી ચારે બાજુએ કનાત તણાવી. ત્યાં વનિતાઓનાં વૃંદ ટોળે મળીને એક એકથી પરિહાસ-ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યાં; તે બધીયોએ સુંદર સણગાર સજેલો છે, અને રતિનાયક જે કામદેવ તેના બાણ જેવી અર્થાત્ તિક્ષણ જેમની આંખો છે, કુળે, રૂપે, તેમ પેરવેશેકરી બધીયોય સમાન છે; એવી સખીઓથી સાથે મળીને ચોકના બારણા નજીક-પાસે પ્રવીણ ઉભી રહી, ત્યાં વૃદ્ધ જનોએ કહ્યું કે ફરીથી એકવાર દેરામાં જોવરાવો કે અંદર કોઈ છે? (૧૪)

अथ छंद इंद्रवज्रा.

बानी सुनी ब्रह्ममुना उचारें; ठाढे रहो जाय हमें निहारे.
बाला सबे ताम विलंब कीनी; ब्रह्मीनसें जाय बिदाय दीनी.
कीनो प्रवेशं कुसुमं सु डेरे; देवं दुहार ब्रजराज हेरे.
अंद्र ब्रह्मचार निजं सु ठढ्ढे; ब्रह्मी मतो कीन उने सु कढ्ढे.
भंखी उभे मध्य इकं रहावे; देवालये ताम जनान आवे.
बानी तबे ब्रह्मधरं सुनाई; एसें इमानं इत क्यों सु आई.
श्रीनाथके नीठ हमें रहावे; गोस्वामी आपें उन बिर्द कावे.

तासें कहो एक बहीर जाओ; जावे किनें आप न आओ आओ.
गोस्वामिसें ब्रह्मनि सेन कीनी; आपें नें जावे सु ब्रजेश च्चीनी.
पीछी फिरी बाल जनान आई; एमी कथा व्रद्ध जनी सुनाई. ॥१५॥

ટીકા—એવું બોલવું સુણીને બ્રહ્મસુતા કુસુમાવળી બોલી કે તમે અહિંયાં ઉભાં રહો તેટલામાં હું અંદર જઇને જોઈ આવું. તેથી તે સર્વે બાળાઓ ત્હાં રોકાણી, અને બ્રહ્મકન્યાને જવાની રજા આપી,—એટલે કુસુમાવળીએ તે સુંદર દેરામાં પ્રવેશ કર્યો, તો દેવના દરવાજા પાસે બ્રજરાજજી મહારાજને જોયા અને અંદર પણ એકલા બ્રહ્મચારીને ઉભેલા દીઠા; તેથી કુસુમાવળીએ વિચાર્યું કે બ્રહ્મચારીને તો અહિંથી કાઢવો જોઇએ, એવું ધારીને તે બોલી કે તમો બેમાંથી એક જણ રહો, તો દેવાલય અંદર જનાનું આવે. એટલે બ્રહ્મચારીએ વાણી ઉચ્ચારી કે આવો મલાજો છે—તો પછી અહિં સુધી કેમ આવ્યાં? અમે તો શ્રીપતિ શ્રી દ્વારકાધિશની કનેજ રહેવાવાળા છીએ, તેમ આ ગોસ્વામી છે તેતો આપે મહા પ્રભુનુંજ બિરદ કહેવાય છે; અને તેમને કહો છો કે એક જણ બહાર જાઓ. ભલે, તમો તમારે આવવું હોય તો આવો અગર ન આવો,—પણ અમો કયાં જઇએ? પછી કુસુમાવળીએ ગોસ્વામીને સાનમાં કહ્યું કે ગમેતેમ થાય પણ આપે અહિંથી જવું નહીં. તે સાનને પ્રજેશજી મહારાજ સમજી ગયા. વળતી ત્હાંથી કુસુમાવળી પાછી ફરીને જનાના પ્રત્યે આવી સર્વે હકીકત વૃદ્ધ રાણિયોને સંભળાવવા લાગી. (૧૫)

सोरठा.

गोस्वामी ब्रजराज, एक ब्रह्मचारी उते;
श्रीपति बिरद समाज, वह समीप नित प्रति रहे. ॥ १६ ॥

ટીકા—ત્હાં ગોસ્વામી બ્રજરાજજી અને એક બ્રહ્મચારી છે, તેમાં મહારાજતો શ્રી લક્ષ્મીપતિના સમાજનું બિરદ ધરે છે, અને જે બ્રહ્મચારી છે તે તો હમેશાં તેમની—મહાપ્રભુની પાસેજ રહે છે. (૧૬)

दरशन लायक दोय, बंदि बिष्नु उन बंदिये;
चलहु आशु अब होय, मबिशत पुरत्र अघ कटे. ॥ १७ ॥

ટીકા—બંનેય પગે લાગવા યોગ્ય છે, વાસ્તે પ્રથમ વૈકુંઠપતિ શ્રી વિષ્ણુ ભગવાનને વંદન કરી પછી તેમને પ્રણામ કરીએ, માટે ચાલો—અસરૂ થઇ જાય છે, એટલે જલદીથી ચાલો કે—તે દેવ મંદિરમાં પ્રવેશ કરવાથી પૂર્વ જન્મનાં સર્વે પાપ પ્રલે થાય. (૧૭)

अथ उत्प्रेक्षालंकार—गाहा.

उर हुल्लास उल्लहियं, चहियं देवं चित मित मती;
बहु दिन हंस बिछोहे, मानहु गमण मानसर तीरे. ॥ १८ ॥

ટીકા—જે મિત્રને મનમાં ઇચ્છે છે તે મિત્ર દેવ સમીપે બિરાજે છે, એમ જાણી હૈયામાં હુલ્લાસ ઉલટી-ઉભરઈ આવ્યો, જાણે કે બહુ દિવસનો વછા-વિયોગ હોય તેવા હંસનું એકદમ માનસરોવરની તિરે જવું થતું હોય ને ?(૧૮)

अथ लुप्तोपमालंकार—छंद प्रमानिका.

सखी समूह मल्लियं; मराल गत्ति चल्लियं. खनंक राव नेहरी॰ झनंक जेव जेहरी. ठमंक बीछुवानकी; घमंक घूघरानकी. बजे अनेक गत्तियं; मनों संगीत नृत्तियं. इकेक पान ग्रहियं; चलंत चोक आहियं. उजास अंग कामनी; प्रकाश कोटि दामनी. मुखारविंद मुद्दितं; अनेक चंद उद्दितं. भुजा सु अंक मेलियं; लसंत हेम वेलियं. जराव नंग मुत्तियं; झगार दीप दुत्तियं. बिचित्र बास झुलियं; बसंत बाग फुल्लियं. सुबास डोर फुट्टियं; मधूप वृंद जुट्टियं. मधूर बान साजितं; परिभ्रतं सु लाजितं. कतं सुहास छंदियं; दुहारकेश वंदियं. ॥ १९ ॥

ટીકા—સખીયોનો સમૂહ ટોળે મળી તેઓ સર્વે હંસની ગતિથી ચાલીઓ, તેઓના ચાલવાથી પગનાં નેપુરનો અવાજ ખળકે છે, ચળકતાં લંઘર ઝમકે છે, વિંછિયાના ઠમકારા થાય છે, ઘમકથી ઘુઘરાનો ઘમઘમાટ અનેક ગતિથી વાગે છે, તે જાણે સંગિતયુક્ત નૃત્ય થતું હોય ને ! એવી રીતે તેઓ રમક ઝમક કરતી એક એકનો હાથ ઝાલી ચાલીને ચોકમાં આવીઓ, તે કામનીઓ-સ્ત્રીઓનું એવું તેજ છે કે જાણે કોટી વીજળીઓનો પ્રકાશ હોય ને ? તેઓનાં હસતાં મુખ એવાં પ્રફુલ્લી-ખીલી રહ્યાં છે કે-જાણે અનેક ચંદ્રો સાથે ઉદય થયા હોય ને ? હાથ ખોળામાં મુકીને નમે છે-તે જાણે સોનાની વેલ્યો લચીજતી હોય ને ? તેમ શોભે છે. હીરાજડાવ નંગો અને મોતીઓનો ચળકાટ એવો થાય છે કે-જાણે દીવાનું તેજ ઝગારા મારતું હોય ને ? વળી નાનાવિધ જાત જાતનાં રંગદાર ભાતીગર વસ્ત્રો પહેરેલાં એવાં ઝુકે છે કે-જાણે વસંત ઋતુનો બાગ ખીલી રહયો હોય ને ? જેના તનમાંથી સુવાસની તરંગો ફુટવા-બ્હેકવાથી અનેક ભમરાઓનાં વૃન્દ તેથી બાઝી રહ્યાં છે; તેઓનું એવું તો સુંદર અને મધુર બોલવું છે કે-કોયલો પણ જેના આગળ લાજે છે. એવી રીતે હસતાં હસતાં ઘણાક ફંદન કરતી તે સ્ત્રીયોએ આવીને દ્વારકેશને વંદન કર્યું. (૧૯)

सोरठा-

श्री पति वंदन साज, गइ समीप गोस्वामिके;
किय अस्तुति महराज, कुंवरी कलाप्रवीन ज्यू. ॥ २० ॥

ટીકા—લક્ષ્મીપતિને નમવા માટે સજ થઈ ગોસ્વામીની સમીપે ગયાં ત્યાં ઉભાં રહીને કુંવરી કળાપ્રવીણે શ્રી મહા પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરી. (૨૦)

गाहा.

कल्मष दहन समूहं, पादांबुज श्री क्रतं सेवं;
सुर वंदितं सुरेशं, कुल कामनम पूरनं इच्छाः ॥ २१ ॥

ટીકા—પાપના સમૂહને બાળનારા, જેમનાં પાદાંબુજની લક્ષ્મીજીએ સેવના કરેલી છે, દેવોએ જેમને હમેશાં વંદેલા છે, એવા દેવના ઇશ્વર મનની કામનાને ઇચ્છામાફક પૂર્ણ કરનારા—તેમને હું વંદન કરૂંછું. (૨૧)

एते कुसुम कहाई, वाला इतगों स्वामि वंदहु;
श्री महाराज समीपे, यह महाराज विरद-ब्रजराजं. ॥ २२ ॥

ટીકા—એવામાં કુસુમાવળીએ કહ્યું કે—બાઈ! અહિં બિરાજેલા આ ગોસ્વામીજીને નમસ્કાર કરો, કારણ શ્રીપતિની કને બેઠેલા શ્રી વ્રજરાજજી મહારાજ પણ શ્રી દ્વારકાંધિશનું બિરૂદ ધારે છે. (૨૨)

उत्प्रेच्छालंकार-गाहा.

कोमल नमित शरीरं, पुनि ब्रजराज वंदियं वाला;
मानहु झपट मरूतें, झुकियं भूमि कुंदनं वेली. ॥ २३ ॥

ટીકા—એટલે પોતાના કોમળ શરીરને નમાવીને બાળારૂપ પ્રવીણે ફરીને વ્રજરાજજી મહારાજને વંદન કર્યું, તે વખતની શોભા એવી દેખાણી કે—જાણે વાયુના ઝપાટાથી ભૂમિનેવિશે સુવર્ણની વેલ ઝુકી રહી હોય નૈ? (૨૩)

अथ छंद तोटक.

नमि नेमहि नारि गुसांइ लखे; ब्रजराज सुराज बधू निरखे. गुरु लोगनको मन शोच लहे; रस रीझ दुहूजन भींज रहे. मरजाद लिये मुख नौं उचरे; मन नेन दुहूनके वात करे. महाराज समीप सवे दरसे; इत दंपति नेन दुहू तरसे. कुसुमावलि भेद विचार कहे; हरि पूजनको उपचार लहे. कुंवरी अव मंदिर पाओ धरो; महपूजन श्री महाराज करो. ॥ २४ ॥

ટીકા—પણ—નેમથી નમીને નારી—કળાપ્રવીણ ગોસાંઇજીને જુએ છે, તેમ વ્રજરાજજી પણ રાજવધૂઓને ધારી ધારીને નિરખે છે; મનમાં વડીલ જનોની શોચના ધરે છે. આમ રસરીઝથી બેઉ જણ ભીંજાઈ રહ્યાં છે—પરંતુ મર્યાદાને લીધે મુખથી ઉચ્ચરાતું—બોલાતું નથી, પણ બેઉનાં મન અને નેત્રો તો એક એકથી વાતો કરે છે; મહારાજની પાસે આવી સર્વે સ્ત્રીવૃન્દે દેખા દીધી, પણ અહિયાં બેય સ્ત્રી પુરૂષનાં નેત્ર તો તરસ્યાં બની મેળાપને ઝંખે છે; કુસુમાવળી તેનો ભેદ સમજી—વિચારીને પછી હરિ પૂજવાના સાહિત્યની હાથમાં થાળ લઇને કુંવરી પ્રત્યે બોલી, કે હે પ્રવીણ! હવે મંદિરમાં પધારીને શ્રી હરિનું મહાપૂજન કરો. (૨૪)

सोरठा.

सुनिधत ब्रह्मनि बान, कुमरी चित चंचल भई;
धरियत मितसु ध्यान, शोक हरख दुहु सम भये. ॥ २५ ॥

ટીકા—બ્રહ્મબાળાની એ પ્રમાણેની વાણી સાંભળીને કુંવરી પોતાના મનમાં અધિરી બની મિત્રનું ધ્યાન ધરવા લાગી, તેથી તેને શોક અને હર્ષ બન્ને સમાન જણાયાં. (૨૫)

गाहा.

दीपोत्सव देवालं, दरशन देव दंपति द्रग जुरनं;
पंच पचास अभिधानं, पूर्न प्रबिन सागरो लहरं. ॥ २६ ॥

ટીકા—દીપોત્સ્વીને દિવસે દેવાળયમાં દેવનાં દર્શન વખતે તે દંપતી-સ્ત્રી પુરૂષની આંખ્યો એક એકથી મળી, એ હકીકતવાળી પ્રવીણસાગર ગ્રંથની પંચાવનમી લહેર સંપૂર્ણ થઈ. (૨૬)

— इतिश्रीप्रबीनसागरग्रंथेदेवालयेकलाप्रबीनरससागरदरसभेदोनाम पंचपंचाशत्तमो लहरं. ॥ ५५ ॥

लेहेर ५६ मी.

अथ देवालयेकलाप्रबीनरससागरचरचाभेदप्रसंगोयथा—दोहा.

व्है उदास ठाढी भई, कुंवरीसु आयस पाय;
बुधि बिचार ब्रजराज किय, सिद्ध बचन चित लाय. ॥ १ ॥

ટીકા—પૂજા કરવાની આજ્ઞા પામીને કળાપ્રવીણ ઉદાસ બની ઉભાં રહ્યાં; એટલે પ્રથમ કહેલ સિદ્ધનાં વચનને ચિત્તમાં આણીને ગોસ્વામી વ્રજરાજજીએ બુદ્ધિથી વિચાર કર્યો. (૧)

छपय.

कियो सोच ब्रजराज, महा पूजनकों जावे;
तबतो सब फिरि जाय, समयं एकंत न पावे.
अगम पंथ अद्दरे, जास कारन इत आये;
तासें भई न बात, कहा तीरथ फल पाये.
मन शोध शोध कीनो मतो, महापूजन कीजे मने;
चतुराइ ज्ञान चरचा चले, तो घरीक बतियां बने. ॥ २ ॥

ટીકા—વ્રજરાજજી મહારાજ સોચ કરવા લાગ્યા કે જ્યારે મહાપૂજને

જાય—ત્હારે તો બધાં પાછાં વળે અને આવો એકાંતનો સમય આવે નહીં, વાસ્તે અગમ પંથને આદરી જેના કારણે અહિયાં સુધી આવ્યા, અને જો તેનાથી વાત ન થઇ તો પછી તીર્થનું ફળ શું પામ્યા! એમ મનમાં વિચારી વિચારીને એવો મનસુબો ધાર્યો કે હાલ મહા પૂજનનીજ મનાઈ કરી ચતુરાઇથી જ્ઞાનચર્ચા ચલાવીએ તો ઘડિક વાતો કરવાનું બને. (૨)

सोरठा.

यह बिचार चित लाय, बोले तब ब्रजराज ज्यू;
केसें करिहो जाय, महपूजन महाराजको. ॥ ३ ॥

ટીકા—એવો ચિત્તમાં વિચાર લાવીને પછી વ્રજરાજજી બોલ્યા કે તમે અંદર જઇને શ્રી હરિનું મહાપૂજન કેવી વિધિયે કરશો? (૩)

छपय.

क्यों मह पूजन करो, भेद हमकों सु बताओ;
कोन बेदके मंत्र, कहां उपचार चढाओ.
कोन सम्रती पढो, ध्यान केसो उर धारो;
क्यों शरीर शुध करो, कहा अस्तुती उचारो.
पूरव सिंगार क्यों उत्तरे, क्यों नवीन फिर लाइये;
एते बिधान जानंत जो, तो हरि निकट सिधाइये. ॥४॥

ટીકા—મહાપૂજન કેવી રીતે કરશો તેનો ભેદ અમને બતલાવો. કયા વેદના મંત્ર ભણી કેવા ઉપચાર ચડાવશો? વળી કયી સ્મૃતિ ભણશો? અને હૃદયમાં કેવું ધ્યાન ધરશો? કેમકરી શરીરને શુદ્ધ કરશો? તેમ કેવી સ્તુતિ ઉચ્ચારશો? પ્રથમ શણગાર કેવી રીતે ઉતરે? તેમ ફરીને નવા શી રીતે ચડાવાય? એટલું વિધાન જાણતાં હો તો હે સ્રીજનો! સુખેથી હરિની પાસે પધારો. (૪)

सोरठा.

एतो सुनत उचार, कुसुम कही ब्रजराज प्रति;
पूजन चहत कुमार, आप बताओ त्यों करे. ॥ ५ ॥

ટીકા—એવો બોલ સાંભળીને કુસુમાવળી વ્રજરાજજી પ્રત્યે કહેવા લાગી કે રાજકુંવરી પૂજાને ઇચ્છે છે, વાસ્તે આપ જેમ બતાવો તેમ કરે. (૫)

आपें कहे अनेक; भेद कहा बिनता लहे;
सेवा सकल बिबेक, महाराज कहो त्यों करे. ॥ ६ ॥

ટીકા—આપે તો ઘણાક ભેદો કહ્યા-પણ તેને સ્રીઓ શું જાણે? તેથી હે મહારાજ! આપ જેમ પ્રમાણે સેવા કરવાનો વિવેક બતાવો તે પ્રમાણે કરીએ. (૬)

छप्पय.

सुनियत ब्रह्मनि बानि, एह ब्रजराज कही तित;
जो चहंत तुम किया, बाल बेठो सबही इत.
करन सेव अधिकार, हमें संछेप सुनावे;
सब शरीर शुध होय, बहुरि पूजनकों जावे.
एती उचार सब तिय सुनत, उप ब्रजराज समाज किय;
महाराज भये मनमें मुदित पूजनको अधिकार लिय. ॥ ७ ॥

ટીકા—એવી બ્રાહ્મણની કન્યાની નમ્ર વાણી સાંભળીને તે પૂજાની સર્વે વિધિ વ્રજરાજજી મહારાજે કહી કે—જો તમો ક્રિયાયુક્ત હરિનું અર્ચન કરવા ચ્હાતાં હો. તો સર્વે બાળાઓ અહિયાં બેસો. એટલે અમે સંક્ષેપથી સર્વે સેવા કરવાનો અધિકાર સંભળાવીએ: કે જેથી કરી બધાંય શરીરે શુદ્ધ થાય, બાદ પૂજા કરવાને જાઓ. એવાં ગોસ્વામીનાં સર્વે સ્ત્રીઓએ આસ્તિક વચન સાંભળીને વ્રજરાજજી મહારાજની પાસે સભા કરી. તેથી મહારાજ પોતાના મનમાં રળિયાત બની પૂજનનો અધિકાર કહેવા લાગ્યા. (૭).

अथ ब्रजराजोक्त पूजाधिकार—छंद मारसी.

जो राज मंडे, नीति खंडे, लाय दंडे दीनसें; जो ग्रंथ रच्चे, मत्त कच्चे, जाय जच्चे, हीनसें. जो पाप धंमं, छांड कंमं, और भ्रंमं, धावतं; त्रैलोक देवा, तास सेवा, नां करे अंगीकृतं. जो धाम तज्जे, ध्यान सज्जे, दीठ भज्जे, भामसें; टीका समारे, छाप धारे, दाम प्यारे, रामसें. जो ध्रोस जोगं, सिद्ध लोगं, रेन भोगं, साजितं; त्रैलोक देवा, तास सेवा, नां करे अंगीकृतं. माया न रक्खे, सर्व भक्खे, नां परक्खे, ब्रह्मकों; देहं मलीनं, और छीनं, केख कीनं, धंमकों. भाषंत वेदं, मंत्र भेदं, पें निखेदं, है व्रत्तं; त्रैलोक देवा, तास सेवा, नां करे अंगीकृतं. जो बास धग्गे, त्यागि लग्गे, लोग ठग्गे, आसमें; जो ब्रह्मचारी, दंड धारी, क्रोधकारी, हामसें. जो आंप मत्तं, सत्य धत्तं, नां वदत्तं, मंम्रतं; त्रैलोक देवा, तास सेवा, नां करे अंगीकृतं. जो जंत्र थप्पे, मंत्र जप्पे, तेज तप्पे, तंतरं; जो जात्र जावे, भिन्न भावे, चिंत लावे, अंतरं. एमी एनेकं, लाय टेकं, प्रेम एकं, नां थितं; त्रैलोक देवा, तास सेवा, नां करे अंगीकृतं. ॥ ८ ॥

ટીકા—જે રાજા તખ્તનશીન થઈને રાજનીતિનું ખંડન-છેદન કરે, અને વિના વાંકે ગરિબોને લાગીને દંડ દે; જે ગ્રન્થને રચવાવાળો કવિ કાચી—ઓછી બુદ્ધિથી કાવ્ય રચે; તેમ હીણા જનો પાસે જઈને જે બ્રાહ્મણ પોતાના બ્રહ્મ ધર્મ અને નિત્ય કર્મને છોડી—પ્રવીન બનીને બીજા ધર્મને ધાય તો સ્વર્ગ, મૃત્યુ

અને પાતાળ એ ત્રિલોકના ઈશ્વર તેઓની સેવાને અંગીકાર-માન્ય રાખે નહીં. જે સાધુ ઘર, સંસાર છોડીને ધ્યાનમાં આરૂઢ થાય છતાં સ્ત્રીઓને જોઇને તેમની તરફ દ્રષ્ટિ દોડાવે, વળી ટાપટીપથી તિલક સુધારી સુધારીને કરે, તથા હાથે, છાતીએ એમ છાપો ધારણ કરે, પણ રામના નામથી દામ-પૈસાને ચ્હાય; જે જોગી દિવસે જોગ સાધી લોકોમાં સિદ્ધઈ દેખાડે અને રાત્રે નાના પ્રકારના ભોગ ભોગવે, તો ત્રિલોકના દેવ જે ઇશ્વર તે તેમની સેવા અંગીકાર કરે નહીં. જે ત્યાગી માયા રાખે નહીં, સર્વ ખાય-છતાં બ્રહ્મને ઓળખે નહીં, મલીન રહે, ખોરાક થોડો જમે, અને દેખાડવાને (ઢોંગી) ધર્મથી વર્તે; વળી જે બ્રાહ્મણ વેદને બોલે, મંત્રના ભેદ જાણે-પણ જેની નઠારી ચાલ હોય-તો ત્રિલોકના દેવ જે ઇશ્વર તે તેમની સેવાને અંગીકાર કરે નહીં. જે તપસ્વી વસ્ત્ર બાળી ખાખી જેવા જણાયા છતાં આશાએ કરી લોકોને ઠગે; જે સન્યાસી દંડ-ધારે ખરા પણ મહા ક્રોધી હોય, તથા હાંસી કરાવે; જે આચારી પોતાનું મત સત્ય પ્રમાણે ગ્રહણ કરી સ્મૃતિયો પ્રમાણે બોલે અર્થાત્ ચાલે નહીં-તો ત્રિલોકના દેવ જે ઇશ્વર તે તેમની સેવા અંગીકાર કરે નહીં. જે ઉપાસના કરવાવાળો યંત્રની સ્થાપના કરી મંત્ર જપે, તેજસ્વી જણાય છતાં તંત્રવિદ્યા અર્થાત્ ચોરી કરે; જે માણસ જાત્રાયે જાય પણ મનમાં ભીન્નભાવ રાખી જુદાઈ લાવે,-એવી અનેક ટેક આણે; પણ જેનો પ્રેમ એક ઠેકાણે સ્થિર ન હોય-તો ત્રિલોકના દેવ જે ઇશ્વર તે તેમની સેવા અંગીકાર કરે નહીં. (૮)

सोरठा.

ऐसें मत सु अनेक, करि खंडन वरनन कियो;
प्रेम द्रढाये एक; वाल सुनायो ब्रजपती. ॥ ९ ॥

ટીકા—એમ ઘણાક પંથ-મતોનું ખંડન કરીને વર્ણન કર્યું, અને કેવળ એક પ્રેમ દ્રઢ કરવાનુંજ તે સર્વ સ્ત્રીઓને એ વ્રજપતિયે કહી સંભળાવ્યું. (૯)

अथ छंद संजुक्ता.

ब्रजराज फेर.कहंतहे; तुम देव सेव चहंतहे. परिहीन क्रीय सु ध्याइये; मन इच्छ सिद्धि न पाइये. तव फेर ब्रह्मनि यों कही; उपदेश आप करे वही. महाराज एह कृपा करे; तिहि रीत पूजन अद्दरे. गुरु लोग ब्रह्मनि भाखियं; सब सत्य एह सु आखियं. उपदेश स्वामि सु दीजिये; उन रीत पूजन कीजिये. ॥ १० ॥

ટીકા—વ્રજરાજજી ફરી કહે છે કે-તમો દેવની સેવાને ઈચ્છોછો પરંતુ હીન ક્રિયાથી ધ્યાન ધરીએ તો મનકામના સિદ્ધ થાય નહીં. ત્યારે ફરીને વળી પાછું કુસુમાવળીએ આ પ્રમાણે કહ્યું કે, હે મહારાજ.! આપ દયાળુ એટલી કૃપા કરીને અને ઉપદેશ કરો-કે તે પ્રમાણે પૂજન કરવાનું આદરે. એવું કુસુમાવળીનું કહેવું સાંભળી સર્વે વૃધ જનોએ પણ 'સત્ય છે' બોલી કહ્યું કે

હે સ્વામિન્! જેવી રીતે આપ ઉપદેશ આપો, તે પ્રકારે શ્રી હરિનું અમો સર્વે-જણાં પૂજન કરીએ. (૧૦)

दोहा.

पुनि ब्रह्मनि लागी कहन, गुरुजन बूझ ब्रतंत;
हे महाराज मया करो, सबही एह चहंत. ॥ ११ ॥

ટીકા—વૃદ્ધ જનોને પુછીને વળી કુસુમાવળી કહેવા લાગી કે હે મહારાજ! ઉપદેશની મહેરબાની કરો, એમ આ સર્વે મંડળી ચ્હાય છે. (૧૧)

अथ छंद कंद.

महाराजसें ब्रह्मनी फेरि भाखंत; अभिलाष बाला सबे एह राखंत. क्रियाको बतावे महाराज ज्युं भेव; करे राजकूमारि वाही तरे सेव. गुसांइ हसी मंद बानी उचारंत; महा सिद्ध दाई हमें मंत्र जानंत. वहे मंत्रको प्रेम प्रकासितं नाम; सधे मंत्र तो कामना पूरितं साम. जिही मंत्रसें राधिका श्री हरी संग; जिही मंत्र गौरी हरं धारितं गंग. जिहि मंत्रसें पाये अनेक उद्धार; वहे मंत्र केसें सिखावे हमें नार. महीमा सुनी मंत्रको बाल भाखंत; महाराज एतो कहा अंत्र राखंत. ब्रजंराज बोले लियो जो तुमे बाद; सिखावे रहेगी निशानी लियें यद. बतावे वही मंत्र तो एकही कान; सुने नांहि जो दूसरी साधना बान. परेखी ब्रह्मी म्हेर माराजकी दीठ; कुमारी करं साय लीनी तबे नीठ. सबे आन बाला सु बेठी तबे दूर; महाराजसें राज कन्या सु हज्जूर. लगे प्रेम प्रकासके मंत्र उच्चार; न जाने सबे भेद बेठी वहे नार. वही प्रेमकी उपमा क्यों कही जात; उभे ओहि जानेकि जाने हरी बात. ॥ १२ ॥

ટીકા—વળી મહારાજાથી ફરીને કુસુમાવળી વહેવા લાગી કે હે મહારાજ! આ સર્વે સ્ત્રીઓ એવી ઇન્તેજારી ધરાવે છે, કે મહારાજ જે રીતે હરિ પૂજનની વિધિનો ભેદ બતાવે-તે રીતે રાજદુલારી પ્રભુની સેવા કરે; એટલે હસીને મંદ વાણીથી મહારાજ બોલવા લાગ્યા કે—અમે મહાસિદ્ધિદાયક મંત્ર જાણીએ છીએ અને તે મંત્રનું 'પ્રેમપ્રકાશ' એવું નામ છે. એ મહા મંત્રની એક ચિત્તથી જે સાધના કરે તો તેની સર્વ મનકામના શ્રી હરિ પુરી કરે. જે મંત્રની ઉપાસનાથી રાધાજી શ્રી કૃષ્નના સંગને પામ્યાં છે, વળી તેજ જે મંત્રના પ્રતાપેકરી શિવજીએ અર્ધાંગમાં પાર્વતીજીને અને જટામાં ગંગાને રાખેલાં છે, અને જે મંત્રથી અનેક મનુષ્યો મુક્તિપદને પામ્યા છે. એ મહા મંત્ર તમો નારી જાતિને કેમ શીખવિયે? પછી પરાક્રમવાળા મંત્રનો મહિમા સાંભળીને તે બાળા કહે છે કે હે 'સ્વામિન્!' એટલોબધો અંતર શાને રાખો છો? ત્હારે વ્રજરાજજી બોલ્યા કે હે રાજકુંવરી! જ્હારે તમો ઘણીક આજીજી કરો છો તો તે

મંત્રને તમને શીખવું છું, શાથી કે તે એંધાણને લઇને અમારી તમને યાદ રહેશે. પરંતુ તે મંત્ર તો એકજ કાને અર્થાત્ એકજ જણને બતાવાશે, તેમ આ સાધનાની વાણીને અન્ય બીજી કોઈ નારિ સાંભળે નહીં. આવી મહારાજની મહેરબાની બ્રહ્મકન્યાયે જોઈ ત્હારે રાજકુંવરીને હાથે ઝાંલીને મહારાજની કને લીધી, એટલે બીજી સર્વે નારિયો દૂર જઈને બેઠીઓ. માત્ર મહારાજ પાસે રાજકન્યા આવીને હજૂરમાં રહ્યાં, એટલે બેય જણ પ્રેમપ્રકાશક મંત્રનો ઉચ્ચાર કરવા લાગ્યાં; આ ભેદને તે દૂર બેઠેલી સ્ત્રીઓ જાણતી નથી. એ પ્રેમની ઉપમા તો કેવી રીતે કહી જાય? એ વાતને તો એ બે-સાગર અને પ્રવીણ જાણે કે એક પરમેશ્વર જાણે. (૧૨)

अथ गुढोक्ति अलंकार—गाहा.

बढ्ढिय प्रेम प्रकासं, दंपति मंत्र साधना मञ्झे;
किंचित क्रत मुख हासं,-भ्रुव भेदान ब्रह्मनी लहियं. ॥ १३ ॥

ટીકા—આમ તે બંને સ્ત્રી પુરૂષ મંત્ર સાધના કરવા લાગ્યાં તેથી પ્રેમનો પ્રકાશ વધી પડયો, અને કિંચિત મુખથી હાસ્ય કર્યું, એટલે ભ્રકુટીની સાનમાં કુસુમાવળી તે ભેદ સમજી ગઈ. (૧૩)

मोद ब्रषा झर मंडे, प्रेम प्रबाह पूर नद बहियं;
अमृत दधि उल्लहियं, दंपति करत श्री मुखं चर्चा. ॥ १४ ॥

ટીકા—એવી રીતે તે દંપતી શ્રી મુખથી ચર્ચા કરવા લાગ્યાં, ત્હારે આનંદના વર્ષાદની ઝડી મંડાઈ, પ્રેમના પ્રવાહથી ભરપુર નદીઓ વહેવા લાગી, અને અમૃતનો સિન્ધુ ઉલટી-ઉભરાઈ આવ્યો. (૧૪)

दोहा.

दुहु श्री मुख चरचा भई, न सूनि कोन लहंत;
सो बरनन आशय लिये, करि संछेप कहंत. ॥ १५ ॥

ટીકા—સાગર અને પ્રવીણને જે શ્રી મુખથી ચર્ચા થઈ, તેને વિના સાંભળે કોણ જાણી શકે ? પણ તેમની અનુજ્ઞા લઇને તેનું કંઈક વર્ણન સંક્ષેપે કરી કહું છું. (૧૫)

अथ तत्र प्रथम रससागर श्री मुख चर्चा भेद, रूपकालंकार—सोरठा.

सूरज किरण सनेह, मन प्रबीन चसमो मंडयो;
डगे न सलगे देह, लगे जगे बिरहा अगन. ॥ १६ ॥

ટીકા—સાગર કહે છે કે-હે પ્રવીણ ! સ્નેહરૂપી સૂરજના કિરણો સાથે મનરૂપી ચસમું-દૃષ્ટિ માંડી, તેથી વિરહાગ્નિ જાગીને બળવા લાગ્યો, તેણેકરી શરીર બળે છે ખરૂં પણ એક ડગલું પાછું હઠતું નથી. (૧૬)

अथ ऐतिह्यालंकार—सवैया.

आगे मिलि पतियां बतियां पुनि, नेन विलोकन चाह चुरानी;
प्रेम पतंग प्रभा प्रगटी यह लाजकि बाज दबे न दुरानी.
या गत्ति होय नहीं इनही जुग, बुझिये वेद कितेब कुरानी;
मिंत प्रवीन तबे अनुमानिये, आय मिली पेहिचान पुरानी. ॥१७॥

ટીકા—પહેલાં પત્રથી અને પછી વાતોથી મેળાપ થયો; આંખે નિહાળવાની ચાહના તો ચિત્તમાં ચોરાઈ રહી, અને પ્રેમરૂપી સૂર્યની પ્રભા પ્રગટી તે આ લાજની છાબડીથી કાંઈ ઢાંકી જાય કે ડબાઈ નહીં; વેદ કે કુરાનની કિતાબોમાં જોઇયે તો એમ જણાય છે કે આ જુગમાં તો કોયની આવી ગતિ હોય નહીં, તો હે પ્રિય મિત્ર પ્રવીણ ! ત્હારે તો એવુંજ અનુમાનીએ કે આતો કોઈ પુરાની ઓળખાણ આવી મળી. (૧૭)

विधि अलंकार—सवैया.

पत्रमें चित्र लिखे चतुराइसें, चितकी सोंहे किये अवरेखियें;
पुरन प्रेम किधों बहरावत, पेंच बनाय पटंतर पेखियें.
कैतब साच दुधं जल हंस ज्यों, प्यारे प्रवीन सनेह परेखियें;
अमृत व्हेहे किधों विपको विप, वेनि भुजंग गरे धरि देखियें. ॥ १८ ॥

ટીકા—સાગર કહે છે કે-મ્હેં પત્રમાં ચતુરાઈ કરીને પ્રીતિનાં કવિતરૂપ ચિત્ર લખ્યાં હતાં, તેને માટે હું તમને સોગન દઇને કહુંછું કે મારા ચિત્તની વૃત્તિ જોઇલ્યો, કે મારો એમાં પૂર્ણ પ્રેમ છે કે પછી હું તમને ભરમાવુંછું ? તે કોઈ તરેહના પેચથી પટંતર કરીને જોઈલ્યો, જેમ દૂધ અને પાણીને હંસ સાચું જૂદું કરે છે, તે પ્રકારે હે પ્રિય પ્રવીણ ! મારા સ્નેહની પરીક્ષા કરીલ્યો. તમારા કેસની લટોરૂપી સર્પ મારા ગળામાં નાખીને જુવો કે અમૃત થાય છે કે વિખનું વિખજ રહે છે? અર્થાત્ કે કાંઈ કટુ વચન કહી તેની પરીક્ષા કરી જુઓ કે તેથી કડવાવાસની કડવાસ રહેછે કે પછી મીઠાશ આવેછે ! (૧૮)

अथ संभावनालंकार—सवैया.

कोन दिनां कहेगो कोउ पंथिक, मितके आवन मंगलकी;
देखहु कोन दिनां अखियां फिर, प्रेमके भार झुके पलकी.
कोन दिनां मुसकायनकी, बतियां रद रेख लखों झलकी;
एहो प्रवीन वज्रेगि कही दिन, काननमें धुनि पायलकी. ॥ १९ ॥

ટીકા—વળી કહે છે કે-એવો કયો દિવસ હશે કે તે દિવસે કોઇક પ્રવાસી આવીને મિત્રના આવાગમનનાં મંગળ અર્થાત્ શુભ સમાચાર કહેશે ! વળી કયે દિવસે ફરીને પ્રેમના ભારથી ઝુકેલી અને અર્ધ મીંચાયલી પાંપણવાળી આંખ્યોને નિહાળશું? તેમજ કયે દિવસે મલપતે મોઢે વાતો કરતાં મુખમાંના દાંતની સુવર્ણ રેખાઓની ચળકાઇને જોઇશું ? અહો હે પ્રવીણ ? કયે દિવસે આ

કાનમાં તમારા પગે પહેરેલા નેપુરના ઝમકારાની ધ્વની અથડાશે? તાત્પર્ય કે તેને હું ક્યારે સાંભળીશ?) ૧૯)

एकावलि अलंकार–सवैया.

रखबी इक याद इती अरजी तुम, जानतहो बिरहा सखवी;
सख बीत गयो तो भयोहे कहा, शिर लाय रखेगे हमें दखवीं.
दख बीसरहे न कबेहि हमें, तिहि कारन फेर पती लखबी;
लखबी न बने पतियांज्यु किही बिध, मिंत प्रबीन मया रखबी. ॥२०॥

ટીકા—વિરહરૂપી અગ્નિની ખુબીથી હે પ્રવીણ! તમો જાણીતાંછો માટે એક આટલી અરજીને તમે યાદ રાખજો, કે સુખ વિતિ ગયું તો તેથી શું થઈ ગયું? અમે તો દુઃખની લાયનેય પણ માથે ચડાવી રાખશું. એ દુઃખ અમને તો કોઈ દિવસેય વિસરશે–ભૂલાશે નહીં, તે વાસ્તે ફરી ફરીને કાગળો લખતા રહેજો; અને તેમ કરતાં જો કોઈ રીતે પત્ર લખવાનું ન બને તો છેવટે હે મિત્ર પ્રવીણ! માયા તો રાખવીજ. (૨૦)

दोहा.

रखबी अरजी याद यह, लखबीपाती मिंत;
जो लखबी न बने कहु, म्हेर न टारहु चिंत. ॥ २१ ॥

ટીકા—આટલી આ અરજીને યાદ રાખજો તેમ હે મિત્ર પ્રવીણ! પત્રિકા પણ લખતાં રહેજો, તેમ છતાં કોઈ પ્રકારે પત્રિકા લખવાનું ના બને તો છેવટે મનમાંથી મહેરબાનીને ટાળશો નહીં. (૨૧)

अथ पुनि तत्रकलाप्रबीनश्रीमुखचर्चाभेद, जातिस्वभाव अलंकार–सवैयां.

भागमें आग लगीहे तिही दिन, नेवन नीर चढ्यो मगरी;
ता दिनसें इन नेननसें सब, शुन्य निहारतहों नगरी.
कोटि कला करिये मरिये जरि, बात कहा सुधरे बगरी;
सागर मिंत कहा कहिये, तुम जानतहो चितकी सगरी. ॥ २२ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે–જ્યારથી ભાગ્યમાં લાય લાગી–ઉઠી છે તે દહાડાથીજ નેવનાં પાણી મોભે ચડયાં, અને તે દિવસથીજ આ આંખ્યોએ કરી સર્વે શહેરને શૂન્ય અર્થાત્ ઉજ્જડ જોઈયે છીએ; કરોડો કળા–ઉપાયો કરીએ, કે બળી મરીએ–તોય જે બગડી તે વાત કહિયે સુધરે? માટે હે મિત્ર સાગર! શું કહીએ? તમે સઘળી મનની વાતને જાણનારાછો. (૨૨)

द्रष्टांतालंकार–सवैयां.

सुर उदे तो कहाहे चकोरकों, चंद प्रकाश कहा चकवाकों;

फूले बसंत तो चातुककों कह, बारकि धार कहा भमराकों.,
सिंधु भर्यो तो पतंगनकों कह, दीपक जोत कहाहे झखाकों;
सागर यौंहि जरे सिगरे सुख, चाहत रावरि प्रेम प्रभाकों. ॥ २३ ॥

ટીકા—સૂર્યનો ઉદય થયે ચકોરને શું ? ચંદ્રના પ્રકાશથી ચકવાને શું ? અને વસંત ઋતુ પ્રફુલ્લીત–ખીલે તેમાં બપૈયાને શું ? વર્ષાદની ધારાથી ભમરાને શું ? તેમ સમુદ્ર ભર્યો છે તેથી પતંગને શું ? વળી દીપકની જોત પ્રગટે તેમાં માછલાને શું ? એ પ્રકારે હે મિત્ર સાગર ! અમરાં તો સર્વે સુખ બળયાં છે,–તેથી હવે તો કેવળ આપના પ્રેમની પ્રભાનેજ ઇચ્છુછું. (૨૩)

अथ एकावलि अलंकार–सवैया.

पियरे परि जातहे गाति सबे, उरझी[1] निंत आवतहे हियरे;
हियरे भरि सास निसास भई, तलफे थलकी सफरी जियरे.
जियर धरि धीर कहा रहिये, अशरीर सु तीर हने तियरे;
तियरे असुवान झरी उलहे, फिर कोन घरी मिलिहो पियरे. ॥२४॥

ટીકા—તમારા વિયોગને લીધે અમારાં બધાંય ગાત્ર પીળાં પડી જાય છે, અને નિરંતર હૃદય મુઝવણુથી ધુંચાઇને ભરાઈ આવે છે; ઉસાસા નીસાસાથી હૈયું ઉભરાઈ–છલકાઈ આવ્યું અને પાણી વિનાના સ્થળમાં જેમ પડેલા માછલાનો જીવ તલફે છે તેમ હું તલફુછું. જીવમાં ધીરજ ધરીને શું રહીયે ? કારણ શરીર વગરના રતિનાથ અમો સ્રી જાતિને તિર–બાણ મારે છે,–ત્હારે આંસુડાંઓની ઝડી ઉલટી–ઉભરી આવે છે, માટે હે પિયુરે ! હવે ફરીને કઈ ઘડિયે મળશો ? (૨૪)

विरोधभास आक्षेपालंकार–सवैया.

सेबो महा दुख सागर ज्यु, उत शुन्य अटा अटबी सु बसेबो;
केबो कहा तुम जानतहो, निस बासर अंग अनंग सुकेबो.
रेबो सदा धरि ध्यान हिये, अखियां असु=आन उसास भरेबो;
खेबो नहीं बिन कंत बिरी, अहो अंत बनेगो हलाहल खेबो. ॥२५॥

ટીકા—હે સાગર ! મહાન પિડાને સહન કરિયે છિયે, તથા ત્હાં શુન્ય ઉજ્જડ જંગલજેવી અટારિકામાં વસીએ છીએ, એમાં કહેવું શું ? તમે જાણોછો કે રાતદિવસ અનંગદેવની પિડાને લીધે અંગ સોસાવું, હૈયાને વિશે તમારૂં ધ્યાન ધરીને રહેવું, નેત્રોમાં આંસુઓ લાવીને ઉસાસા ભરવા, કંથ–સ્વામિ વગર પાનની બીડી પણ ખાવી નહીં, અરેરે ! ત્હારે અંતે હળાહળ ઝેરજ ખાવું પડશે ? (૨૫)

[1] અસલ પ્રતિમાં "ઉઝકી છે" તેનો અર્થ જેવું થાય છે, તેથી પાઠ ફેરવવો પડયો છે.

दोहा.

नेनां चाह लगी सू नित, उर परसनकी आस;
मिंत भले आये इतें, यह छिन मिटी उदास. ॥ २६ ॥

ટીકા—નિત્યે આંખોને જોવાની ચાહના હતી, અને ઉરમાં પરસવાની અભિલાષા હતી, વાસ્તે હે મિત્ર! અહિં ભલે આવ્યા–કારણ તેથી કરી આ ક્ષણે તો ઉદાસી મટી! (૨૬)

अथ मिश्रित पद लाटानुमास अलंकार–कवित.

करी करी कोउ आस, धरी करी सो न पास; भरी भरी आंसु सास, व्है उदास रोयगो. उर बढी आवे मेन, पलहू न पुरे चेन; नेनही न नींद, सुख सेनही न सोयगो. धारी धारी घट ध्यान, घट. घटजात जोति; रट रटू मिंत चित, सदा पंथ जोयगो. बिबिध बिचार ताको, सागर न पावे पार; जाहिकों प्रकाश प्रेम, ताहि एसो होयगो: ॥ २७ ॥

ટીકા—કોઈ મિત્ર મિત્રને મળવાની આશા કરી કરીને,–પણ પાસે નથી એમ ધારી કરીને, આંસુ અને સ્વાસ ભરી ભરીને ઉદાસ થઇને રોશે; હૃદયમાં કામ ચઢી આવશે, તેથી એક પળ પણ ચેન પડશે નહીં; તેમ નેત્રમાં ઉંઘ આવશે નહીં, વળી સુખ–સય્યામાં સુખે કરી સુશે પણ નહીં; મનમાં તેના ઘટ–શરીરનું ધ્યાન ધરી ધરીને પોતાના તનની કાન્તિ ઘટતી જશે; તેમ ચિત્તને વિશે મિત્રના નામને રટી રટીને સદાય તે પ્રવાસીના આવવાની રાહ જોશે; હે સાગર! તેના વિવિધ વિચારનો કોઈ પાર પામશે નહીં, જેને પ્રેમનો પ્રકાશ હશે તેનેજ એવું બનશે. (૨૭)

गुढोक्ती अलंकार–दोहा.

हिय भूषन हियतें रहे, शिर भूषन सु निहारि;
कटि भूषन केसें कहों, बारहि बार पुकारि. ॥ २८ ॥

ટીકા—શિરભૂષણ જે માર્ગ એટલે રસ્તો તે જોઈ જોઇને હૃદયભૂષણ જે હાર તે હૃદયમાં રહેલ છે, અર્થાત્ વાટ જોઈ જોઇને હારી ગયાં છિયે. અને કટિ–ભૂષણ જે કટિમેખલા તેનું બીજું નામ રસના એટલે જીભે વારે વારે પોકારીને શું કહિયે? મતલબ કે વાટ જોઈ જોઇને હારી ગયાં છિયે,–તે જીભેથી પોકારીને વારે વારે શું કહિયે? (૨૮)

दोहा.

सागर ओर प्रबीन ज्यूं, श्री मुख चरचा कीन;
सोय बात संच्छेप किय, उन मन दशा सु लीन. ॥ २९ ॥

ટીકા—સાગરે અને પ્રવીણે શ્રી મુખેથી જે ચર્ચા કરી, તેમના મનની

દશાથી સમજી લઈને તે વાત સંક્ષેપથી વર્ણવી. (૨૯)

गाहा.

दीपोत्सव उत्साहं, देवालय दंपती चरचा;
षटपंचासं अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ ३० ॥

ટીકા—દિપોત્સવીને દિને દેવાલયને વિશે તે સ્ત્રી પુરૂષે જે પરસ્પર ચર્ચા કરી-તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની છપ્પનમી લહેર સંપૂર્ણ થઈ. (૩૦)

इतिश्रीप्रवीनसागरग्रंथेदीपोत्सवेदंपतिश्रीमुखचर्चाभेदोनाम षटपंचाशत्तमोलहरं. ॥ ५६ ॥

लेहेर ५७ मीं.

अथ कल्पप्रवीनमंत्रोपदेशश्रीपतिपूजनभेद, प्रसंगो यथा—सोरठा.

प्रेम प्रवीन प्रकार, शीखत बेर भई सु कह;
सुनत तियन उच्चार, कुसमावलि कुमरी कहे. ॥ १ ॥

ટીકા—કળાપ્રવીણને પ્રેમપ્રકાર શીખતાં વાર કેમ થઈ એવો બીજી સ્ત્રિયોનો ઉચ્ચાર સાંભળીને કુસુમાવળી રાજકુંવરીને કહે છે. (૧)

छंद मुक्तदाम.

कहे कुसुमावलि राजकुमार; लगे इतनी कह-सीखत वार. दियो प्रतिउत्र कलांपरवीन; यहे सब अच्छर मिश्रित भीन. ग्रह्यो महाराज सबे श्रुति सोध; सुने वह ज्ञानहिगो यह बोध. कहे उर नांहि रहे यह बान; लखे इत लाउ सु कल्लमदान. सुने कुसुमावलि एह उचार; लियो कर पत्र सु कल्लम धार. उठे उत जाय समीप सु कीन; लही कलमं कर प्रेम प्रवीन. लिखे महराज वदे मनुहार; करी तसबीर वही अनुसार. लहे महाराज तबे कर पत्र; कहे यह शुद्ध लिखे हम अत्र. शिखा नख लों त्रिय हेर अनूप; कियो चितरामन वाल सरूप. इके इक देखत ले कर भाउ; बने तहकीक उभेहि लखाउ. दुहूजन रीझत आप सयान; वधू इक ओर कही तब बान. उठो महपूजन होत अवार; इते महि नेन दुहु जल धार. भई तनकी गति ना कहि जात; दुहू मनके मनमें मुरझात. भ्रहा तन चिन्ह छुपावन काज; उठी कहि मेर रखे महाराज. कहे महाराज बिलोकित बंक; लिखे बिधिना उलटे दुहु अंक. ॥२॥

ટીકા—કુસુમાવળી રાજકુંવરીને કહેવા લાગી કે હે પ્રિય સખી! મંત્ર

શીખતાં આટલીબધી વાર શાની લાગે છે? ત્હારે કળાપ્રવીણે ઉત્તર દીધો કે-આ મંત્રના સર્વે અક્ષરો એક એકથી મિશ્રિત-જોડાયેલા અને જૂદા જૂદા છે, વળી તે મહારાજે સર્વ શ્રુતિયોને શોધીને ગ્રહણ કરી રાખેલા છે-વાસ્તે જે સાંભળશે, તેજ પ્રાણી આ બોધને જાણશે. વળી તેઓ, જે અટપટી વાણીમાં ઉપદેશ કહે છે, તે મારા ઉરમાં રહેતો-ઠસતો નથી એટલે યાદ રહેતો નથી; વાસ્તે અહિં કલમદાન અને કાગળ લાવો તો લખી લઇએ. એવું બોલવું સાંભળીને કુસુમાવળીએ પોતાના હાથમાં કાગળ અને કલમ લઈ ઉઠીને ત્હાં જઇને પ્રવીણની પાસે મુકયાં; એટલે ઘણીક પ્રીતિવડે તે કળાપ્રવીણે પોતાના કોમળ હાથે કલમ ગ્રહણ કરી પ્રથમ ગોસ્વામીનું વંદન કરીને વિનયતાથી લખવા લાગ્યાં, મતલબ કે મહારાજના અણસારા પ્રમાણે તસબીર ચિતરી; બાદ મહારાજે પણ હાથમાં કાગળ પકડીને, કહ્યું કે-આમાં અમો શુદ્ધ રીતે મંત્ર લખીએ છીએ, એવું કહી માથાના વાળથી તે નખ પર્યંત તે પ્રિયાનું અનુપમ રૂપ જોઇને પ્રવીણની ચિત્તની અંદર છબિ ઉતારી; ત્હાર પછી પરસ્પર એક બીજાના હાથમાંથી પત્ર લઇને મિલના ભાવને જોવા લાગ્યાં. બન્નેયે ચીતરેલી તસબીર બરોબર બની છે-તેથી તે બંનેય ચતુરજણ અતિ રાજી થયાં. ત્હાં અગાડી એક બીજી રાજવધૂએ આ પ્રમાણે વાણી કહી કે-હવે ઉઠો, મહાપૂજન કરવાને વાર થાય છે. આવી વિયોગ સૂચક વાણી સાંભળતાંજ તે બંને સ્ત્રી પુરૂષનાં નેત્રોમાંથી ચોધાર નીરધારા વહેવા લાગી તથા શરીરની એવી વિવ્હળ ગતિ થઈ ગઈ કે તે મુખેથી વર્ણી શકાય નહીં! એમ બેય જણાં એક એક સામુ ટગર ટગર જોઈ જોઇને મનમાંને મનમાં મુંઝાયા કરે છે, પણ પછી ઘણીકે કઠણાશે તનમાં વ્યાપેલા વિરહનાં ચિન્હ છૂપાવવા માટે એકદમ ઉઠીને પ્રવીણ કહેવા લાગ્યાં કે હે કૃપાસિન્ધુ! હવે મહેરબાની રાખજો. ત્હારે વાંકી દૃષ્ટિથી જોઇને-મહારાજ કહે છે કે આપણા બેયના ભવિષ્યમાંજ વિધાતાયે વાંકા આંકડા માંડે છે. અથવા અમે જે લખ્યું છે, તે રીતથી બે અક્ષર ઉલટા થઈ જાય નહીં હો! (૨)

गाहा.

श्रीमहाराज समीपे, किय प्रवीन मंद्र परवेसं;
बिय सहियं दिय पिट्ठं, बिरहा कीन गोपनं बाला. ॥ ३ ॥

ટીકા—પછી મહારાજ પાસેથી ઉઠીને પ્રવીણે મંદિરમાં પ્રવેશ કર્યો, અને બીજી સખિયોને પીઠ દઇને પ્રવીણે વિરહ છૂપાવવાને આદર્યું. (૩)

कुसुमावलि उपहारं, सहि लहि गइ देव समीपं;
जग्गिय बिरहा ज्वालं; लग्गिय नाथ पूज परवीनं. ॥ ४ ॥

ટીકા—ત્હાં કુસુમાવળીએ પણ પોતાના હાથમાં સુવર્ણ થાળ ધરી નાનાવિધ પૂજાપાનો સરસામન લઇને તેની સાથેજ દેવની પાસે ચાલી ગઈ. હવે જેને વિરહની ઝાળો લાગી છે એવી તે બાળરૂપ પ્રવીણ દ્વારકાનાથનું પૂજન કરવા લાગ્યાં (૪)

अथ ललामबांनश्रीपतिपूजनभेद, छंद हनुफाल.

महाराज पूज्ज लगंत; ब्रजराज संग मगंत. जमुनां जलं शिर धारं; वह मित मग्गे नार. श्रियनाथ धारित बास; रससागरं धरि आस. श्रीखंड केसर साज; मिलवो मगे महाराज. सिंगार भूषन लाय; वह मीय देखन चाय. सोंधो लगावत गात; मंगे सुने उन बात. पुनि अग्र धारत धूप; मागंत मित सरूप. व्रंदा कुसुम धरि माल; वह ईठ मग्गे बाल. पुनि आरती उतरंत; उनकी छबि सुमरंत. श्री श्याम बंदन कीन; मंग्यो यही परबीन. महराज दीजे एह; उन हम अखंडित न्रेह. ॥ ५ ॥

ટીકા—દ્વારકાધિશની પૂજા કરવા લાગતાંજ વ્રજરાજજીના સંગને માગે છે; દ્વારાપતિને માથે જમુનાના નિર્મળ જળની ધારા ચડાવીને સ્રી તે મિત્રને માગે છે; લક્ષ્મીપતિને ઉત્તમ વસ્ત્રો ધરાવીને રસસાગરની આશા ધારે છે; મહાપ્રભુને ચંદન તથા કેસર અર્ચિને મનનાં મહારાજને મળવાનું ઇચ્છે છે; શ્રી હરિને શણગાર અને અલંકારો પ્રીતિવડે ધરાવીને તે પોતાના પ્રિય પતિને જોવાને ચહાય છે; વિષ્ણુ ભગવાનના ગાત્રે ચુવા, અર્ગજા આદિ સુગંધિ દ્રવ્યો મર્દન કરતાં મનના માનીતાની વાતો સાંભળવાનું માગે છે; પછી સમીપમાં અગરબત્તીનો ધૂપ સળગાવી મિત્રના સ્વરૂપને માગે છે; વૈકુંઠપતિને માથે તુલસી તથા કંદ ફુલની માળા પહેરાવી વળી વળીને તે બાળા પોતાના પ્રિય મિત્રને માગે છે; દ્વારકેશ આરતી ઉતારતાં એની છબિને સમરે છે; વળી લક્ષ્મી સહિત શ્રી પતિને ગદ્ગદિત હૃદયથી વંદન કરીને પ્રવીણે આ પ્રમાણે માગ્યું; કે હે મહારાજ! એજ આપો કે—એમને ને મારે અખંડિત સ્નેહ રહે. (૫)

सोरठा.

पूजन कियो प्रबीन, करि वंदन अस्तुति करी;
एह उराहन दीन, महाराज सन्मुख खरी. ॥ ६ ॥

ટીકા—પૂજન કરી રહ્યા પછી પ્રવીણે શ્રી દ્વારકેશની નમસ્કાર સાથે સ્તુતિ કરી, અને તે લક્ષ્મીનારાયણની સન્મુખ ઉભાં રહીને આ પ્રમાણે ઠબકો દીધો. (૬)

प्रतीक्षालंकार स्तुति भेद—दोहा.

गज गनिका अहल्या गिरध, चंद्रहांस ध्रुव बार;
पंडुत्रिया प्रहलाद ज्यौं, सुनिये परम पुकार. ॥ ७ ॥

ટીકા—હાથી, ગુણકા, અહલ્યા, જટાયુ ગીધ, ચંદ્રહાસ, રાજાનો બાળ ધ્રુવ, પાંડવોની સ્રી દ્રૌપદી અને પ્રહલાદજી એઓના પોકારની પેઠે હે પ્રભો? અમારો પોકાર સાંભળો. (૭)

उराहनो प्रतिक्षालंकार—सवैया.

आगे भयो चंद्रहास महीपति, क्यों विषकी विषया वह पाये;
क्षीर·सरोवरमें गजराज, अरी हकरी हरि धाय बचायो.,
आसूर एकहि राम उचारत, राम विचार विमान चढायो;
सागर मिंत बिजोग हमें यह, क्यों न वकार सिकार बनायो! ॥८॥

ટીકા—આગળ ચંદ્રહાસ નામે એક મહીપતિ-રાજા થઈ ગયા, સે વિષને ઠેકાણે "વિષયા" નાંમની કન્યાને કેમ પામ્યા? હે હરી! તમે ધાઇને ક્ષીર સરોવરમાં તેના શત્રુ ઝુડને મારીને હાથીને કેમ બચાવ્યો? એક અસુર-રાક્ષસે મરતાં મરતાં રામ નામને ઉચ્ચાર કર્યો, તેને તમે રામરૂપે વિચારિને વમાનમાં કેમ ચડાવ્યો? તો હે નાથ! મિત્ર સાગરને અને આ વિયોગણુને વકારને, સકાર એટલે વિયોગ મટાડીને સંજોગ કેમ ન કર્યો! (૮)

मीन द्रुहीनकि बेर भये तुम, कोल धरा किय आसुर बीरुध;
राव धरं द्विजकों महलादनं, जच्छं भये हिरण्याख्य कियो जुध.
रामं कपी जन सीत बिभिषन, देवन कच्छ दुजेश भये शुध;
पांडव गोप रु रुक्मनि कृष्नहि, बेर हमारि भयेहो कहा बुध. ॥९॥

ટીકા—બ્રહ્માના દુઃખની વખતે તો તમે માછલારૂપ થયા, અને ધરા કહેતાં પૃથ્વીને માટે વારાહરૂપ ધરીને હિરણાક્ષ અસુર સાથે વિરોધ કર્યો; તથા બ્રાહ્મણોના ભલાને કાજે તમે ફરશી ધરનાર ફરશરામ બન્યા, તેમ વળી ભક્ત પ્રહલાદને વાસ્તે સિંહરૂપે થઇને હિરણ્યકશ્યપુની સાથે યુદ્ધ કર્યું; વાનર, સીતા, અને વિભીષણને વાસ્તે તમે રામરૂપે થયા; દેવતાઓને માટે કાચબાનું રૂપ ધારણ કરીને સમુદ્ર મંથન કરી તેમાંથી ચંદ્રાદિક ચૌદ રત્ન ઉપજાવ્યાં; પાંડવો, ગોપ અને રૂકિમણીને કાજે કૃષ્ણરૂપે થયા, તો હે જગન્નાથ! આવી અમારી વિષમ વેળાએ બુદ્ધરૂપ ધરીને કેમ બેઠાછો? (૯)

सोरठा.

यहे उराहन दीन, श्रीपति प्रति सन्मुख खरे;
वंदित फिरी प्रवीन, प्रनति कीन ब्रजराज ज्यु. ॥ १० ॥

ટીકા—એમ સન્મુખ ઉભાં રહી તથા લક્ષ્મીપતિને એવો ઠબકો દઈ-વંદન કરીને પ્રવીણ પાછાં ફર્યાં; પાછાં ફરતાં વળી વ્રજરાજજી મહારાજને પણ પ્રણામ કર્યો. (૧૦)

छंद निशिपालिका.

बार निकसीव परबीन हरि द्वारतें; राजब्रज वंद नय प्रेम भरिकें चितें. आप मुख उच्चरिय मंत्र तुमनें दयो; तास परभाव मन काज सबही भयो. आप दिन काहु अनुकंप उर धारियें; धाम हम आवनहु चिंत स्रु बिचारियें. एह

अरजी हमहु नाथ सुनि लीजियें; काहु दिन खामखहु आय दरशीजियें. प्रे-
म कर पत्र महाराज लिखवे सदा; बंचतहु चिंत हम होय नितही मुदा. जात
अवमोच यह मंग उन आयसा; बाल पलटी तबहि दोय बदली दशा. जुथ
बिनता निजहि आय अवमोचनं; थान निज राजव्रज आय क्रत शोचनं.
दोउ विरहा बढहि नेन भरि नीरहे; व्यूढ भरि स्वास मन धारत न धीरहे.
नेन तजि नींद निश दोउ तलफे घने; फेर मिलिहे कबहु सो समय क्यों ब-
ने. चिंत उनकी सु गति ओहि मनमें लहे; जाहि नाहि बीति बहनां लहतहे कहे.
बीछुरत मिंत्र जुगही लखित वाउरे; स्रोत जन संगमित शोक वन पाउरे. ॥११॥

ટીકા—હરિના દ્વારમાંથી પ્રવીણ બાહેર નિકળીને નમ્રતા પૂર્વક પ્રેમથી ભરેલા ચિત્તવડે વ્રજરાજજીને વંદન કર્યું; ત્યારબાદ પોતાના મુખથી કહેવા લાગી કે હે મહારાજ! તમે મંત્રનો ઉપદેશ દીધો—તેની પ્રભાએ મારા મનનાં સર્વે કાર્ય સિદ્ધ થયાં, પણ આપ મનમાં દયા લાવીને કોક દિવસે અમારી રાજધાની તરફ આવવાનું મનમાં વિચારજો. એટલી મારી આ અરજી સાંભળીને હે કૃપાનાથ! કોઈ દિવસે ખામુખાં—મારે વાસ્તેજ આવીને દર્શન દેજો. વળી હે મહારાજ! હમેશાં તમારા નાજુક હાથથી પ્રેમભર્યા પત્રો લખતા રહેજો, જે વાંચવાથી નિરંતર અમારા ઉરમાં હર્ષ ઉપજે. પછી હવે તો અમે ઉતારે જઈએ છીએ. એવી મહારાજની આજ્ઞા માગીને કળાપ્રવીણ પાછાં ચાલી નિકળ્યાં; ત્યાં તે વિરહી બેય જણની દશા બદલાઈ ગઈ. સ્ત્રિયોના સમુદાયમાં મળીને પ્રવીણ પોતાને ઉતારે આવ્યાં, તેમ વ્રજરાજજી મહારાજ પણ પોતાને સ્થાનકે આવી શોક કરવા લાગ્યા; આમ બંનેના મનમાં વિરહ વધી પડવાથી આંખ્યોમાં આંસુનું નીર ભરાવા લાગ્યું, એટલુંજ નહીં પણ ગાઢ શ્વાસ ભરાઈ આવવાથી મનમાં ધીરજ ધરી શકતાં નથી; નેત્રોથી નીદ્રા તજી—છોડીને નિશા—રાત ને દિવસે બેય જણાં વિયોગથી ઘણાં ઝુરે છે. હવે ફરીને પાછાં ક્યારે મળશું? અને તે તેવો સમય કેમ બને? એવા તરંગો કરે છે. એમના ચિત્તની ગતિને તો એજ મનમાં જાણે, જેને વીતિ નથી—તે કાંઈ જાણે નહીં. એમ બેય મિત્ર જુદાં પડતાંજ બ્હાવરાં જેવાં જણાવા લાગ્યાં, ગોમતીને તિરે ઘણાં માણસો ભેગાં થએલાં છે, છતાં જાણે છે કે અમો તો શોકના વનનેજ પામ્યાં છિયે. (૧૧)

दोहा.

दिन दश पांच रहे बहुरि, आप आपके थान;
दंपति मिलन न फिर भयो, चरचा चली पयान. ॥ १२ ॥

ટીકા—પછી દ્વારામતીએ પાંચ દશ દિવસ પોતપોતાના સ્થાનકે રહ્યાં, પણ ફરીને તે દંપતીના જોડલાને મળવાનું થયું નહીં, અને પાંછા ફરવાની ચર્ચા ચાલવા લાગી. (૧૨)

छंद समानिका.

गौनकी उर्पाहितं; शोच दंपती चितं. कोनपें कहे वहे; आपही सबे सहे. मित्र चित्र जो करे; आप पानिमें धरे. प्रेम फेर व्हे नयो; कूच संघको भयो. बिछुरंत बालिका; व्रेह बाढि ज्वालिका. स्वामिगो वही दशा; अंसुवा बढे स्वसा. दोउ तलफना करी; सो सही हरी करी. सागरं समानहो; तीरथं दूजंद हो. बाज वाहनं किये, आप गो पथं लिये. गोन की दिनं दिनं; अंतरं दुहू जनं. आप नग्र पुग्गियं; भीतरं प्रबेशियं. ॥ १३ ॥

ટીકા—ગમનની તૈયારી થવાથી બન્ને સ્ત્રી પુરૂષના ચિત્તમાં શોક પ્રગટ્યો પણ તે કોનાથી કહે? પોતાની મેળેજ સઘળું સહન કરે છે. મિત્રનાં જે પરસ્પર ચિત્રો કરેલાં છે, તેને બેય જણ હાથમાંને હાથમાંજ રાખે છે. ફરીને નવો પ્રેમ થયો, પણ એટલામાં તો સંઘને ચાલવાનું થયું, એટલે ત્હાંથી જુદાં પડતાંજ પ્રવીણને વિરહ વેદનાની પિડા વધી પડી, ગોસ્વામીની પણ એવીજ દશા બનવાથી નેત્રે આંસુ અને છાતીએ શ્વાસ વધી ગયાં; આમ તલફના કરી બેય જણ કહેવા લાગ્યાં કે હે હરિ! તેં જે કર્યું તે ખરૂં! વળી હે પરમાત્મા! તમો સમુદ્ર સરખા ગંભીર છો, તીર્થના ચંદ્રરૂપી છો, આદિ કરગરી સાગરે ઘોડા ઉપર સ્વારી કરી પોતે પોતાની સરહદ્દ તરફનો પંથ લીધો, દિવસે દિવસે ચાલવાથી બેય જણાં વચ્ચે ઘણુંક અંતર પડી ગયું અને એમ ચાલતાં કેટલેક દિવસે પોત પોતાની નગરીએ પહોચી પુરમાં પ્રવેશ કર્યો. (૧૩)

छपय.

सागर कलाप्रबीन, दोउ निज पट्टन पुग्गिय;
गुपत प्रगट कर भेद, निशा दिन पोर प्रवेशिय.
व्याधि मिटन उत्साह, उते तीरथ उत्सव जन;
सविता उभय नरेश, मोद प्रगटित लोगन मन.
दंपति सु चित विरहा दुखित, क्रश अति भये शरीर तब;
छिन छिन सु याद इक इक करत, धरत नहीं मन धीर कब. ॥१४॥

ટીકા—સાગર અને કળાપ્રવીણ એ બન્ને પોતપોતાને શહેરે પહોચ્યાં, પછી સાગરે ગુપચુપ અને પ્રવીણે ઉઘાડી રીતે, સાગરે રાતે અને પ્રવીણે દિવસે પોળમાં પ્રવેશ કર્યો, કુંવર રસસાગરને માટે લોકોમાં કહેવાતું કે રાજકુંવરને કાંઈક વ્યાધિ થઈ છે, તે વ્યાધિ મટવાથી અહિં અને પણ મનછાપુરીમાં પ્રવીણ જાત્રા કરી આવ્યાં, તેને લીધે લોકોમાં મહોત્સવ ઉછ થયો, બેયના પિતારાજાઓને તથા નગરવાસી સકળ જનોના મનમાં અતિ આનંદ પ્રગટ્યો;—ત્હારે ચિત્તમાં વિરહના દુઃખે કરી જેમનાં શરીર ઘણાં કૃસ—દુર્બળ થઈ ગયાં છે—

એવાં તે બંને સ્ત્રી પુરૂષ ક્ષણે ક્ષણે એક એકને યાદ-સમર્યા કરે છે, તેમ મનથી ક્યારેય પણ ધીરજને ધરતાં નથી. (૧૪)

दोहा.

इक इक मन शोचत रहत, नित नित बिरह बढंत;
दुजि प्रवीन सागर सु मित, चर्चित प्रति एकंत. ॥ १५ ॥

ટીકા—એક એકના મનથી શોચના કરતાં રહે છે, અને બન્નેને નિત-નિત નવ નવો વિરહ વધે છે, તેથી કુસુમાવળીથી પ્રવીણ અને સાગર મિત્રોથી એકાંતમાં ચર્ચા ચલાવે છે. (૧૫)

अन्योक्ती आपें दशा, बरनी श्रीमुख दोय;
पुनि पठई निज मिंत प्रति, कहु उदार अब सोय. ॥ १६ ॥

ટીકા—સાગર અને પ્રવીણ એ બન્ને જણાંયે પોતાના મુખે કરી બીજાં પક્ષી આદિની ઉક્તિમાં પોતાની દશાને વર્ણવી, તથા પોતાના મિત્ર ભણી પરસ્પર પત્રો લખી મોકલ્યા, તે ઉદાહરણને હવે કહુ છું. (૧૬)

तत्र कलाप्रवीनअन्योक्तिभेद, प्रथम कोकिलाअन्योक्तिअलंकार—सवैया.

केते कहे पकरो पकरो इन, अंजन यातें घनो उतरेगो;
केते कहे इनके द्रग छेदहु, भंजत गुंजको पुंज झरेगो.
चातक कीर मयूर मरालन, सागर तेसे कहा गुजरेगो;
कुरकट ओर उलूकको राजहे, कोनपें जाय पुकार करेगो. ॥१७॥

ટીકા—કોયલને જોઇને કેટલાક કહે છે કે એને પકડો પકડો,—કારણ કે તેના શરીર ઉપરથી અંજન (મેશ) ઘણી ઉતરશે; કેટલાક કહે છે કે એની આંખ્યોને છેદો,—કેમકે તે આંખ્યોને છેદવાથી ચણોઠિયોના ઓઘલા ઝરશે; જહાં ચાતુક, પોપટ, મોર અને હંસો નથી—તેવે સ્થળે હે સાગર! તેના ઉપર શું યે વિતશે! વળી કૂકડા અને ઘુવડનું રાજ્ય છે, તેથી તે કોયલ કોની પાસે જઇને ફરિયાદ કરશે! અર્થાત્ કે મારી આસપાસ સર્વે વિરૂદ્ધ માણસો વસે છે, તેથી મને હજી શું શું ભોગવવું પડશે તેનો નિર્ણય થઈ શકતો નથી. (૧૭)

कीरअन्योक्ति—सवैया.

कीर समीरकि लेर लगी सो, करीरके कंटकमें अटकानो;
पंख समार निवारत डार, उड्यो न बने अतिही अकुलानो.
नारिंग—बिंब—अनार मिले कहां, यों कहिकें मनमें मुरझानो;
उंच उसास लिये अखियां भरि, सागर यातें भलो जिय जानो. ॥१८॥

ટીકા—પોપટને પવનની લહેર લાગવાથી તે કેરડાના કાંટામાં અટકી ગયો, તેથી પાંખો સમારી કાંટાવાળી ડાળીયોનું નિવારણ કરી—એટલે ચાખી-

પાછી કરી ઉડવાનું કરે છે પણ બનતું નથી-તેથીકરી અતિશે અકળાઈ ગયો, વળી અહિં નારંગી, બિંબ અને અનાર ક્યાંથી મળે? એમ કહીને તે પોતાના મનમાં ગુંચવાઈ ગયો, તથા ઉંચા એટલે ભારે ઉસાસા-નિસાસા લેવા લાગ્યો, અને આંખ્યોમાં આંસુ ભરાઈ આવ્યાં. હે સાગર! એમ ઝુરવા કરતાં તેનો જીવ જાય તે સારૂં. (૧૮)

पतंग अन्योक्ति*–कवित.

तो पदको दीपदान, नेहकी अखंड ब्रत्ति; पूरन प्रकाश ज्वाल, दीपक बर्योरहे. पोंचत न पास नेक, आसहु न छोरी जाय; बिबिध बिलासहूको, ध्यानही धर्योरहे. चाहतहे अंग प्रति–अंगसें मिलायो रंग; बनेहे न संग यातें, निकट फिर्योरहे. जानहूको ज्ञान ताको, जानत न सागर ज्यू; मानहे पतंग सोतों जीवत जर्योरहे. ॥ १९ ॥

ટીકા—તમારા પગરૂપી દીપદાન એટલે દીવીઆં, નેહરૂપી તેલ અને મનની અખંડ વૃત્તિરૂપી વાટયથી પ્રેમના પ્રકાશરૂપી દીવાની જોત બળતી રહે છે; મારો જીવરૂપી પતંગ તેની પાસે પહોચી શકતો નથી, તેમ આશા પણ છોડી શકતો નથી, તથા અનેક પ્રકારના વિલાસ-રતિક્રીડા કરવાનું ધ્યાન ધરતોજ રહે છે; તેમજ તમારા શરીર પ્રત્યે પોતાના શરીરના રંગને મેળવવાને ઇચ્છે છે, પણ સંગ બનતો નથી-તેથી પાસેને પાસે ફરતો રહે છે. હે સાગર! તે જીવના જોખમને તો જાણતો નથી અને એતો જીવતાં સુધી બળતોજ રહે છે. (૧૯)

अथ सागरोक्त हंसअन्योक्ति–सवैया.

पंक जिहां मनि मोतिनके, तिंनकी गति सो तितही बढ़;
भालमें छिल्लर ताल प्रबीन, गुजरान तसी लहेवी.
मोनहि मोन मराल रहो, कगसें बगसें न कछू कहेवी;
मानसरोवरसें बिछुरे, किरतार करेसो सबे सहेवी. ॥ २० ॥

ટીકા—હંસની અન્યોક્તિમાં પ્રવીણને કહે છે કે-હે પ્રવીણરૂપી હંસ! જહાં મણિ અને મોતીનો ગારો છે-એવા માનસરોવરમાં હેયે, ત્હારે ત્યાંની રીત અર્થાત્ મ્હોટાઈ ત્હાં રાખવી, પરંતુ જ્હારે કપાળમાં છીછરા-આછા પાણીવાળા તળાવમાં રહેવાનું લખ્યું હોય તો પછી ત્હાં તેવીજ રીતે યથાઘટિત ગુજરાન કરી લેવું, માટે હવે તો માનપણું ધરીને રહો; પણ કાગડા જેવા કે બગલા જેવાને કાંઈ વાત કહેવી નહીં. જહાં માનસરોવરથી જૂદા પડયા ત્હારે પછી પરમેશ્વર જેવી ગતિ કરે- તે સર્વેને ધીરજથી સહન કરવી. (૨૦)

अथ नटअन्योक्ति–सवैया.

डोर प्रबीन चढयो नटवा, उन घातकि भात निघात करी;

* આ કવિત્તના પેલા ચરણમાં રૂપક છે.

बंश गयो पें कुलांट बनीन, तबे न बदों न बदां उचरी.
देखनहार पुकार कहे, अहो खेल न हार घरी गुजरी;
फेर सबे विधि साध रहो, अबतो यह बाजि संकेल धरी. ॥ २१ ॥

ટીકા—વળી નટની અન્યોક્તિમાં પોતાની પ્રિયા પ્રવીણને કહે છે કે–હે પ્રવીણ! નટ દોર ઉપર ચડીને, પોતાના જીવની જેનાથી 'ઘાત થાય એવી અઘાત–મોટી વાત કરી; વાંસડાસુધી ગયો પણ ગુલાંટ ખાવાનું બન્યું નહીં, ત્હારે તેની નીચે ઉભેલા ખેલાડીઓ "નબદું નબદુ" એવી વાણી કહેવા લાગ્યા અર્થાત્ કે તારી ચતુરાઈ હું કબૂલ રાખતો નથી; એવું કહ્યું પણ જોનારાઓ તો પોકારીને મ્હોટેથી કહેવા લાગ્યા કે–તે ખેલનારને તો મોતની ઘડી ગુજરી. તે બાજી તો બધી હવે સંકેલી મુકી, વાસ્તે ફરીથી તે સર્વ વિધિના સાધનમાં રહો. મતલબ કે તમે નટની માફક મારા આ શરીરરૂપી વાંસસુધી મોતની ઘડી આગમીને આવ્યાં–પણ બરોબર સ્પર્શી શકયાં નહીં. તેથી બીજા આશકીરૂપી ખેલાડી એમ કહેશે કે ખેલ કરનાર બરાબર નથી પરંતુ એક દૃષ્ટિથી જોનાર તો કહેશે કે મોતની ઘાંટી ગુજરી છે. હવે તે વાંસનો વિયોગ થયો અને તે થઈ ગયેલ મેળાપની બાજી તો પૂરી થઈ, માટેકરી ફરીને મેળાપ કરવાના સાધનમાં તત્પર રહો. (૨૧)

भ्रमर अन्योक्ति–कवित.

प्रगट्यो बसंत तव मोहोरे अनंत बन; लावत न कहूं तन मन छटक्यो रहे
कुसुम पोप-अरुन अरुन रंग; बरन बरन बास, चित्त चटक्यो रहे. ज-
ल[illegible], छोंडी हुन जात नेंक; पल पल पातनपें, सीस पटक्यो रहे.
कुंज कुंज पुंज पुंज, गुंज गुंज आवतहें; फूलेत न कंज याते, भौंर भटक्यो रहे. ॥ २२ ॥

ટીકા—હવે ભમરાની અન્યોક્તિમાં કહે છે–કે હે ચતુરે! હે ભમરા! જ્હારે વસંતરૂતુ ખીલી આવી અને ભાત ભાતનાં વન ફુલ્યાં–તોય તેની સાથે કંઈ શરીર લગાડતો નથી, અને મનથી છટકયોજ રહે છે. ઝાડે ઝાડે રાતાં અને ભાત ભાતનાં રંગીન ફુલના સુગંધથી તેનું મન ચટકતું રહે છે, અને જળ કે જળજાત કહેતાં કમળને જરાયે છાંડીને જતો નથી, તેમજ પળે પળે તેનાં પાંદડાથી માથું પટકતો રહે છે, પણ જ્હારે પાણી સૂકાઈ જાય છે ત્હારે કુંજે કુંજે અને પુષ્પની પુંજે પુંજે એટલે સમૂહે સમૂહે ગુંજાર કરતો કરતો આવે છે. કમળ ફુલતાં નથી, તેથી તે ભમરો ભટકતો રહે છે. તાત્પર્ય કે જ્હારે આપણો મેળાપ થાય છે, ત્હારે તો તમે અમારાથી શરીર પરસતાં નથી અને લોકલાજરૂપી કમળમાં ભરાઈ રહો છો, અને હવે તે વખત ગયો–એટલે તમારા મનરૂપી ભમરો અમારી તરફ ભટકતો–વલખાં મારતો રહે છે. (૨૨)

दोहा.

दंपति भेद अन्योकती, इहि बिधे कहे बनाय;
वह जाने उनकी दशा, अविदित कही न जाय. ॥ २३ ॥

ટીકા—એ પ્રકારે તે દંપતી-સ્ત્રી પુરૂષે અન્યોક્તિમાં ભેદો બનાવીને કહ્યા, પણ તેમની દશાને તો તેઓજ જાણે, કેમકે તે અજાણી દશા કહી જાય એવી નથી. (૨૩)

गाहा.

द्वारामति ग्रह गमनं, दंपति उत भेद अन्योक्ती;
सप्तपंचाश अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ २४ ॥

ટીકા—દ્વારકાની યાત્રા કરી પોતાના ઘર તરફ ગમન કર્યું, પછી બીજાં પક્ષીયો વિગેરેની અન્યોક્તિએ ભેદો બનાવી તે સંબંધી, પ્રવીણસાગર ગ્રંથની સત્તાવનમી લહેર સંપૂર્ણ થઈ. (૨૪)

इतिश्री प्रवीनसागरग्रंथेकलाप्रवीन[illegible]यांत्राकृतअग्रेअन्योक्तिभेदोनाम सप्तपंचाशत्तमो लहरं. ॥ ५७ ॥

लेहेर ५८ मी.

अथ दंपतिविरहदशामनसिच्छाभेद प्रसंग—सोरठा.

दोउनकों दिन रेन, सुख न चेन दुख मैंन बढ;
निज मन सिच्छा देन, लगे सु बरनि बताइयत. ॥ १ ॥

ટીકા—અને બન્નેયજણને રાત દિવસ દુઃખ તથા કામ વધવાથી જરાય સુખચેન પડતું નથી, તેની ગમગીનીમાં તેઓ પોતાના મનને જે શિખામણ દેવા લાગ્યાં, તેનું હવે વર્ણન કરી બતાવુંછું. (૧)

तत्र कलाप्रबीन मनसिच्छाभेद—दोहा.

लाज सराहतहे सबे, एकहि बार निवार;
सोनेको परिहरि रच्यो, सो नेको उर हार. ॥ २ ॥

ટીકા—હે મન! સર્વે લાજને વખાણે છે, પણ તેને એકવાર તજી દે. કોની પેઠે કે જેમ સોનાને તજીને એટલે તોડીને આ ઉરનો મનોહર હાર રચ્યો છે. તાત્પર્ય કે સોના જેવી કિમતી લાજ છે, છતાં તેને તજીને મિત્રના મેળાપરૂપી હાર [illegible]વો જોઇએ. (૨)

आग सके तो आयले, आसकके मेदान;
धूप प्यास सहिबो बिषम, मिलो मिंत निदान. ॥ ३ ॥

ટીકા—હે મન! જો ત્હારાથી આવી શકાય તો આશકના મેદાનમાં આવી જા. પણ ત્હાં તાપને અને તરસને વેઠવાનું અતિ વિષમ કામ છે, છતાં અમને ખાત્રી છે તેવું મહાન સંકટ સહન કરીને પણ અંતે જરૂર મિત્ર આવી મળશે અંહેરે. (૩)

ऐतिह्यालंकार–सवैया.

मालति हीर हूंसेन सु सोइ सुजान, शिरीन सभा जो बनाई;
हाजरहे रंगरेजि जिहांहि, जिहां पदमावातिकी कविताई.
नृत्य संगीत करे नवनंदिनि, कुंदलकाम मृदंग बजाई;
सामर मिंत मिलेगे तहां चलरे, चित लेलि जहां पतसाई. ॥ ४ ॥

ટીકા—પહેલાંની થઈ ગયેલી ઈશકી સ્ત્રીઓને યાદમાં આણીને પ્રવીણ પોતાના મનને કહે છે કે–હે મન! એ ઈશકિયોની સભામાં તું ચાલ એટલે તેઓએ જેમ કર્યું તેમ તું પણ કર, જેથી મિત્ર સાગર તને ત્હાં મળશે, માલતી, હીર, હુસેન સુજાત અને શીરીન એમણે જહાં સભા બનાવી છે, તેમ રંગરેજી પણ જહાં હાજર રહેલી છે; પછી પદ્માવતીની જે ઠેકાણે કવિતા બોલાય છે–ત્હાં નવનંદિની નૃત્ય કરે છે, કામકુંદલા મૃદંગ બજાવે છે; વળી જહાં લેલીની પાદશાહી છે, એવે ઠેકાણે હે મન! તું ચાલને એટલે ત્હાં તને સાગર મિત્ર મળશે. મતલબ કે જેમ મધુમાલતીની વારતા છે, હીર અને રાંઝાની વાર્તા, હુસેનનો કિસ્સો, સુજાત અને ધનાનંદની વાર્ત્તા વ્રજ ભાષામાં છે, શીરીન અને ફરહાદનો તથા રંગરેજીનો કિસ્સો એમ ત્રણે કિસ્સા ઉરદુમાં છે; પદ્માવતી અને પુરપસેનની વાર્તા ઘણી ચતુરાઈથી કવિતામાં શામળભટે કરેલી છે–નવનંદિનીની વારતા સંસ્કૃતમાં છે, કામકુંદલા અને માધવાનળની વારતા પણ શામળભટની કરેલી છે, લેલી અને મજનુનો કિસ્સો ફારસીમાં છે. (૪)

जातिस्वभावमिश्रितलाटानुमास अलंकार–कवित.

कीयबो कछुन अब, हीय वो विचार चढे; जीयबो भलो न,. विष पीयबो सहलहे. सहेनो सवेहि दुख, कहेनो न काहू हीसें; वहेनो म्रजादहिसें, रहेनो सुफलहे. करिये न सोच कछु, डरिये न लोगहींतें; धरिये सु प्रीत रीत, मरिये सु पलहे. पार न परेगो प्रान, एह देह डारदेरे; एसें चित्त धार तब सागरज्यू मलहे. ॥ ५ ॥

ટીકા—હવે કાંઈ કરવું નથી, કારણ કે હૃદયમાં ઘણાક વિચારો ઉભરઈ–ચડી આવે છે, જીવવું સારૂં નથી, પરંતુ વિશ પીવું તો સહેલ છે; સર્વે આપદાને સહન કરવી પણ કોઈની પાસે કંઈ કહેવું નહીં, અને વડિલ જનેસત લાજ પૂર્વક ચાલવું તેમાં ઘણું ઉત્તમ ફળ રહેલું છે; જરાયે શોચ કરિયે નહીં, તેમ લોકોથી ડરવું પણ નહીં–માત્ર એક પ્રીતિની રીતિને ધારણ કરીને મરીએ–

તેજ સારી પળ છે; પ્રાણ પાર પડશે નહીં, માટે આ દેહને નાખી દે રે! હે મન! જ્યારે એવું ધારીશ–ત્હારેજ તને મિત્ર સાગરજી મળી રેહેશે. (૫)

मिश्रितलाटानुप्रास जातिस्वभाव अलंकार–कवित.

जाहिको निरंतर तुं, धरी धरी ध्यान रहे; ताहिसें दिगंतरसें, अंतर निपटरे. जरी जरी ज्वाल मेन, भरी भरी आवे नेन; फरी फरी एते पर, सागरज्यू रटरे. पल पल तलफ तलफ, मिल मिल चहे हंस; मिलबो न बने पंथ, चलबो बिकटरे. रतियां भरीहे जोति, छतियां उसास संग; फटी फटी जात नहि, फिट हो निफटरे. ॥ ६ ॥

टीका—હે મન! જેનું હમેશાં તું એક ચિત્તથી ધ્યાન ધરીને રહે છે, તેની સાથે દિશાના અંત જેટલુ છેટું છે; મેન–રતિનાથની ઝાળોમાં બળી બળીને નેત્રો આંસુથી ભરાઈ ભરાઈ આવે છે, એટલા ઉપરાંત વળી ફરી ફરીને સાગરને રટને? પળે પળે તરફડી તરફડીને જીવતો મળિયે મળિયે એવી રીતે ચ્હાય છે–પણ મળવાનું બનતું નથી, વળી પંથે ચાલવાનું તો અતિ વિકટ છે; જેમ પ્રીતિની જોતિ ભરી છે, તેમ છાતી ઉસાસો ભરવાની સાથે ફાટી ફાટી જતી નથી, માટે હે નફટ હૃદય રે! તને ફિટકાર છે. (૬)

मिश्रित लाटानुप्रास लोकोक्ति अलंकार–सवैया.

मित विलोकनकों तरसो, वरसो अमुवांन भरी सु भरी;
सागर ज्यु बिछुरे तवसें, अखियां व्रह ज्वाल झरी सु झरी.
एरे झुको उझको बरुनी, करंनी महि चूक परी सु परी;
क्यों वरषो–मुरझो उरझो अब, जो किरतार करी सु करी. ॥ ७ ॥

टीका—હે આંખ્યો! તમે પ્રિતમને જોવાને તલસો અને આંસુ ભરી–ભરીને વરસો; વળી સાગર મિત્ર જ્હારથી જૂદા પડયા, ત્હારથી વિરહની જવાળા જાગી તે જાગીજ; આ પાંપણોને નીચી ઉંચી કરી જુવો–પરંતુ કરણીમાં ચૂક પડી તે પડી, હવે શાને વર્ષોછો? શાને મુંઝાઓછો? અને શું કરવા ધુંચાઓછો? એતો જે પરમેશ્વરે કરી તે કરી–તેમાં અંશે ફેરફાર થવાનો નથી. (૭)

दोहा.

जिय तुं अब कैसें जिव, हिय तुं दरकत नांहि;
वे अब इत आंवत नहीं, तें उत गयो न जांहि. ॥ ८ ॥

टीका—હે જીવ! તું હવે કેમ જીવે છે? હે હૃદય! તું કેમ ફાટી જતું નથી? કેમકે એ મિત્ર હવે અહિં આવતા નથી, તેમ તારાથી ત્હાં જઈ શકાતું નથી. (૮)

द्रष्टांतालंकार–दोहा.

सदा सु मनमें राखियें, मिंत मिलनको ध्यान;
पय घृत शुचि जल मंत्र सुर, मरुत गंध अनुमान.॥ ९ ॥

ટીકા—હે હૈયા! જેમ દૂધમાં ઘી, જળમાં પવિત્રાઈ, મંત્રમાં દૈવત અને વાયુમાં સુગંધ રહે છે, તે પ્રમાણે તું સદા મનમાં મિત્રને મળવાનું ધ્યાન રાખ. (૯)

गुढोक्ति अलंकार–दोहा.

बोलत होय न बाउरो, चलबिचल न न्हे चिंत;
जो चाहत अबही जियो, बस बरुनायुध मिंत. ॥ १० ॥

ટીકા—હે મન! બોલતાં બોલતાં બાવરૂં થા નહીં, તેમ હે ચિત્ત! ચળવિચળ પણ થા નહીં, અને હવે જો તું જીવવાને ચ્હાતું હોય–તો જઈને મિત્રની પાસે વસ. (૧૦)

अथ सागरमनासिच्छाभेद, समरूपक अलंकार–दोहा.

नेन नीर बिरहा बटन, उरं तर पथ्थर पीन;
मन मेंदी अवटे बिना, परस न पाय प्रवीन. ११ ॥

ટીકા—નેત્રોના આંસુરૂપી નીર રેડીને વિરહરૂપી ઉપરવટણાથી ઉરરૂપી કઠણ પત્થર ઉપર મનરૂપી મેંદી વાટયા વગર પ્રવીણના સ્પર્શને પામશે નહીં.(૧૧)

अथ विनोक्ति अलंकार–दोहा.

चिंत् मिंत जोही बसे, तजो न ताको संग;
देखो गुन बिन धनुष गतिं, उलट बिकट सम अंग. ॥ १२ ॥

ટીકા—ચિત્તમાં જે મિત્ર વસે છે–તેનો હે મન! તું સંગ તજીશ નહીં, તું ધનુષની ગતિ જો કે પણછવિના તેનું વાંકુ અંગ જોઇયે તે ઉલટીને પાંશરૂં થઈ જાય છે અર્થાત્ નકામું થાય છે. (૧૨)

अथ एकावलि अलंकार–सवैया.

करेर उनके गुनकी गुननी, शुभ ध्यान हमेश हिये धररे;
धररे इन मूरति आंखनमें, अबहि सु गयो सुख बीसररे.
सररे उन आयस राखि चढाये ज्यू, एसी करिहे विशंभररे;
भररे अति सास उदास भये, जिय याद प्रवीन प्रभा कररे. ॥ १३ ॥

ટીકા—હે જીવ! એ મિત્રના ગુણની માળા હાથમાં લઇને ઉરને વિશે નિરંતર એનાજ શુભ ધ્યાનને ધર, નેત્રોમાં પણ એનીજ મૂર્તિને ધાર; હવે સુખ તો વિસરી ગયું છે–માટે એવી જે પરમેશ્વરે કરી છે તે એની આજ્ઞા માથે ચડાવી રાખ; અને અતિ ઉસાસા ભરી ભરીને ઉદાસ થયું છે, તો હે જીવ! પ્રવીણની કાંતિનું સમરણ કરને! (૧૩)

अथ समरूपकालंकार–सवैया.

कानन डाक सुनी चरचा, तबतें उर आइ इमानकी धीर;
दैवत मिंत प्रबीन निहारत, चाहको चित चढ्यो रहे बीर.
पूजनहार मनोज महंत, सनेहको नेत बध्यो सब तीर;
प्रान गयो बिरहा गिररे, पररे कररे चकचूर शरीर. ॥ १४ ॥

ટીકા—કાને જ્હારથી ચર્ચારૂપી ડાકલાં સાંભળ્યાં, ત્હારથી ઉરમાં ઈમાનરૂપી ધૈર્યતા આવી; મિત્ર પ્રવીણરૂપી દૈવત જોયું, ત્હારથી ચાહનારૂપી વીરનો ચિત્ત ચડયોજ રહે છે; અને મનોજ–રતિરાજરૂપી મહંત તે પૂજારો છે, તેણે સ્નેહનો દોરો માથે ચારે તરફ બાંધ્યો છે; તો હે જીવન પ્રાણ! વિરહરૂપી ગિરિયે જઇને પડતું મૂકીને શરીરને ચકચૂર કરને! (૧૪)

ऐतिह्यालंकार–कवित.

बहेरामसे वजीर, बकसी फरास जेसे; फूल फरमानी, घनआनंद कुजाईकी. पुनासे प्रचंड मीर, रांझनसे वीर जंहां; आलमके हाथ दीनीं, कलम लिखाईकी. अनहद नाद बाजे, साजे रस रीत सबे; बाहनी बिराजे शीश, बिगर सिपाईकी. अभिलाषवंत, तहां पायेगो प्रबीन मिंत; चल चल चित जिहां मजनु दुहाईकी. ॥ १५ ॥

ટીકા—બેહેરામ જેવા જ્હાં વજીર છે, ફરાસ જેવા બક્ષી છે, ફુલ સરિખા જહાં હુકમ ફરમાવવાવાળા છે, ઘનાનંદ સરખા તો જહાં રખવાળના ઉપરી જમાદાર છે, પુના જેવા મહાન અમિરો છે, રાંઝા જેવા જહાં શુરવીર પુરૂષો છે, આલમ કવિના હાથમાં જહાં લખવાની કલમ આપેલી છે, જહાં અનહદ વાજીત્રોના નાદ થાય છે, અને જહાં સર્વે રસની રીતને સાજે છે, જહાં શીશવિનાના સિપાઇયોની સૈન્યા બિરાજે છે; હે અભિલાષી ચિત્ત! જહાં મંજનુએ દુહાઈ કરી છે–ત્હાં ચાલ્ય, એટલે તું પ્રવીણ મિત્રને પામીશ. અર્થાત્ આ ઈશિકી થઈ ગયેલાઓની માફક તું પણ વર્ત્ય. (૧૫)

द्रष्टांतालंकार–सवैया.

नेहके चोक कियो नृत चाहे तो, लाज परेच परे धररे;
मागनको अभिलाष मठा रस, दोहनि देखि कहा डररे.
आगेहि पाछे जबे मरबो तब, मूह मलीन कहा कररे;
प्यारे प्रबीनके प्रेमाकि जोतमें, प्रान पतंग जेसे पररे. ॥ १६ ॥

ટીકા—સ્નેહરૂપી ચોકમાં નૃત્ય કરવાને તારી ચાહના હોય તો લાજરૂપી પડદાને પરો–દૂર કરી દે. માગણને છાશ આપવાની ઈંતેજારી હોય તો દોહણી દેખીને શાને બીહે છે, એટલે શું કરવાને લાજે છે? પહેલાં કે પછી જ્હારે

મરવું છે, તો મુખ શાને મલિન-કટાણું કરે છે! તો હે મન! પ્રાણપ્યારી પ્રવીણની પ્રેમની જોતમાં પતંગિયાની પેઠે જઇને પડને! (૧૬):

जातिस्वभाव अलंकार-सवैया.

कह सोवतमें दिन खोवतहे, हितकी नित जो चित चाह तबे;
रुख छोरत नांही बलीभुककी, सुख मानतसो दुखदाई सबे.
फररे कैहा कुरके फंदनमें, कररे उपचार कछुक अबे;
परबीन मिलेगे अखंड प्रभा, जक लागहिगी तुंहि तूंहि जबे. ॥१७॥

ટીકા—હે મન! જો નિરંતર ચિત્તમાં તારા હિતની વાતને ચ્હાતું હોય, તો સુવામાં શાને દિવસ ખુવે છે? કાગડો આવીને વધામણી આપે, એવી જે તારી રૂખ તેને તું છોડતું નથી અને જેમાં સુખ માને છે, તે બધાં તો તારે દુઃખદાઈ છે, માટે તું શું કરવાને કૂડના ફંદમાં ફરે છે? હવે કાંઈક ઉપાય કરને! અમસ્થુ શું કરવાને વલખાં મારે છે? બાકી તને જ્હારે "તુંહી તુંહી" એવી અખંડ જક લાગશે-ત્હારેજ મિત્ર પ્રવીણની છબી પ્રાપ્ત થશે. (૧૭)

यमकानुप्रास-दोहा.

परम न पावे धरम तजि, चरम न रहे निहार;
भरम न भटके शरम भजि, कर मन करम विचार. ॥ १८ ॥

ટીકા—ધર્મ તજવાથી પરમપદ મળે નહીં, વાસ્તે હે મન! શરીરના સુંદર ચામડા તરફ જોઇને રહીશ નહીં, આમ ભરમમાં ભટકાવામાં ને શરમ રાખીને હે મન કરમનો વિચાર કર. તાત્પર્ય કે હે મન! મિત્રનું ધ્યાન કરવાની લગ્નીરૂપી જે તારો ધર્મ છે, તે તજવાથી તું પરમપદ અર્થાત્ મિત્રને પામીશ નહીં; વળી તારા શરીરના ચામડાંને શું જોઈ મોહી રહ્યો છે? કારણ કે આ ગંદી કાયાને તુચ્છ ગણી ભરમમાં ભટકીશ-ગોથાં ખાઈશ નહીં, શરમ રાખીને તું તારા નશીબનો વિચાર કર-કે તારે હવે શું કરવું જોઇયે? (૧૮)

दोहा.

प्रिया पीय विरहा प्रकृति, मन सिच्छा किय एह;
समरन प्रति लागत सुरत, दिन दिन बढत सनेह. ॥ १९ ॥

ટીકા—વિરહની પ્રકૃતિથી તે પિયુ પ્રિયા-પોતાના મનને એવી શિખામણ આપી પરંતુ સ્મરણ પ્રત્યે સુરત લાગવાથી દિવસે દિવસે સ્નેહ વધે છે. (૧૯)

उत्प्रेक्षालंकार-सोरठा.

लागी सुरत सनेह, मानहु ज्यों दुरबीन द्रग;
दरसत निकट न देह, दूर बसत मिता लखे. ॥ २० ॥

ટીકા—તે જોડલાની ટેક સ્નેહમાં લાગી રહે છે, તે જાણો કે દૂરબીનથી

આંખ્યો જોડી હોયને શું ! દેહ પાસે છે પણ તે દેખાતી નથી પરંતુ મિત્ર દૂર વસે છે-છતાં તેને જોઈ શકે છે, અર્થાત્ પોતાના શરીરનું ભાન ભૂલી કેવળ મિલથીજ એક સુરતા-લગી છે. (૨૦)

दूरबीन द्रष्टांतालंकार-सवैया.

या तो दुंहून जराउ ले आतस, या तो गडो गहि गाड़ जमीमें;
या तो हनो उर बीचहि तोमर, या तो कटो सिर खेंच असीसें.
आवत कोउ न दीठ इतें उत, मिंत विदेश वसे वह दीसे;
प्रेमहुके चसमे अटके यह, नेन सु ता दूरबीन नरीसें. ॥ २१ ॥

ટીકા—ફાવે તો અમને બેયને આતસ-દેવતામાં બાળીને ભસ્મ કરી નાખો, અગર ઝાલીને ખાડવાળી ઉંડી જમીનમાં ડાટો, કે પછી ઉર-છાતીની વચ્ચે ભાલાના ઘા મારો, યાતો તરવાર ખેંચીને અમારાં મસ્તક કાપો, પણ મિત્ર પરદેશ વસે છે-તે દિશાયે જોતાં અહિં કે ત્હાં બીજું કોઇએ અમને દેખાતું નથી. અને અમારા પ્રેમરૂપી જોવાની ચસ્માંવાળી તે દૂરબીનની નળીમાં આ અમારી આંખ્યો અટકી રહી છે-તે છૂટવાની નથી. (૨૧)

अथ अतिशयोक्ति अलंकार-कवित.

पुंडरीक जुथ पंथ पलके अहार देदे; प्रेतहुके खेतकों उलंव आगे जावेगा.
पावकके प्रबल पहार पार परबोहे; प्यास लिये पीवनकों बिख ना बतावेगा.
शीशहूको फूंदा लहे, दरबीकी दोर गहे; सार धार सीढीपें निशंक होय धावेगा. सुरत दिवानखाने, राजत सनेह साह; पावेगा प्रवीन मन या मग जो आवेगा. ॥ २२ ॥

ટીકા—હે મન ! પ્રવીણને મળવા જવાનો માર્ગ એવો દુર્ઘટ છે કે-તે માર્ગમાં વાઘનો સમુહ આડે આવશે; તેઓને અર્થાત્ તારી કાયા ઉપરના માંસનો આહાર આપીને, અને વાટમાં જે આડાં પ્રેત-શબનાં ખેતર-સ્મશાન આવશે-તેને ઉલંઘીને, આગળ વળી ત્હાં મહા પ્રબળ અગ્નિના પહાડને પાર ઉતરવાનું છે, અને પ્યાસ-તરશને લીધે પીવાને ઠેકાણે તને કોઈ પાણીને બદલે વિખ પણ બતલાવશે નહીં, પછી તારા શિશરૂપી ફુમકું હાથમાં લઇને તથા કાળા સર્પરૂપી દોર ગ્રહીને, જ્હારે તું એક નિષ્ટારૂપી સીઢી ઉપર નિઃશંકપણે ધાઇશ, તો પછી સુરતારૂપી દીવાનખાનાંમાં જહાં સ્નેહરૂપી શાહ બિરાજે છે તે માર્ગે જ્હારે તું આવીશ, ત્હારે પ્રવીણ મિલને પામીશ, (૨૨)

अद्भुतोपमालंकार-कवित.

बार मास अंबरमें बरखा बनाय रही, कुंज कुंज पुंजनमें रतुराज रास किय.
बातज, पतंग, भ्रंग, चातुक, चकोर मोर, हारन जराफा, कोक, सारस,

मिवास किय. सूर शशि विना जोत, बिना वारके फुहारे; फल फूल, झुल रहे अधवा अकास किय. पौंनकी गति न जहां, वक्रता रती न चले; सागर प्रबीन पाओ—एसे बाग आसकिय. ॥ २३ ॥

ટીકા—જહાં બારે માસ આકાશમાં કિંવા ધન્નમાં વર્ષાદ બની રહ્યાછે, અને કુંજે કુંજે અર્થાત્ કુંજોના સમુદાયમાં વસંત રિતુ અથવા ગલીએ ગલીએ રતિરાજ કહેતાં કામદેવ રાસક્રીડા રમે છે; તથા જહાં મૃગ, પતંગ, ભમરા, ચાતુક, ચકોર, મોર, હારન પક્ષી, જુરાફ, ચકવા અને સારસ પોતાને મનપસંદ જગ્યા જોઈ નિવાસ કરી રહ્યાં છે; સૂર્ય તથા ચંદ્રમા વિના જહાં જોત-ઉજીયારૂં પ્રકાશ આપે છે, જળવિના ફુવારા છૂટી રહેલા છે, આકાશની અધવચ ફળ-ફુલ ઝઝુમી રહ્યાં છે, વળી જહાં પવનની ગતિ નથી, એટલુંજ નહીં-પણ જહાં રતીપુર-જરાએ કુટિલતા ચાલતી નથી. સાગર કહે છે હે મન! તું એવા આશકના બાગમાં જઇને પ્રવીણને પામ. (આ અલંકારમાં પ્રવીણના શરીરને આશકનો બાગ કલ્પેલો છે. (૨૩)

दोहा.

दंपति मन सिच्छा कही, सुरत प्रेम अनुमान;
प्रेम पंथकी विषमता, उपमा प्रेम उदान. ॥ २४ ॥

ટીકા—એ રીતે પ્રેમના મારગની કઠિણતા તથા પ્રેમના બગીચાની ઉપમા સાથે લાગેલી લગ્ની-સુરતા અને પ્રેમના અનુમાનથી સ્ત્રી પુરૂષે પોતપોતાના મનને શીખામણ કહી. (૨૪)

मन सु पवनकी लहरहे, क्यों कर पकरे ताय;
जहाँ जानेकी सुरत तहाँ, जाय जाय पुनि जाय. ॥ २५ ॥

ટીકા—મન છે તે પવનની લહેર બરોબર છે, એવી ચંચળ ગતિવાળા મનને કેમ કરીને હાથથી પકડિયે! તેને જહાં જવાની ચાહના હોય, ત્હાંજ વળી વળીને જાય જાય અને જાય. (૨૫)

मन पथ्थर हरि हर करे, मन सु ब्रह्मको अंग;
मन विजयी तिहु लोकको, चलत प्रेमके संग. ॥ २६ ॥

ટીકા—મન છે તે પત્થરાને વિષ્ણુ અને મહાદેવ કરે, કારણ કે તે મન પરબ્રહ્મ પોતાનુંજ અંગ છે, વળી તે મન ત્રણે લોકને વિજય કરી જીતનારૂં તથા તે પ્રેમની સાથે ચાલે છે. (૨૬)

गाहा.

दंपति निज मन सिच्छा, सुरता प्रेम पंथ उपवन विधी;

अठपचाश अभिधानं, पूर्न प्रबिनसागरकी लहरं. ॥ २७ ॥

ટીકા—સાગર અને પ્રવીણ એમણે પોતપોતાના મનને શીખામણ આપી, પ્રેમના પંથનું તથા બગીચાનું વર્ણન કર્યું, એ સંબંધી પ્રવીણસાગર ગ્રંથની અઠાવનમી લહેર સંપૂર્ણ થઈ. (૨૭).

इतिश्रीप्रबीनसागरग्रंथेदंपतिमनसिच्छाप्रेमपंथभेदोनाम अष्टपंचाशत्तमो लहरं. ॥ ५८ ॥

लेहेर ५९ मी.

अथ दंपतिपत्रभेदसमश्यामसंगोयैथा—सोरठा.

विरहा नित संतात, मनही मन जानंत दुहु;
कछु संछेप सु बात, लहत मिंत कुसुमावली. ॥ १ ॥

ટીકા—હમેશાં વિરહ દુઃખ સંતાપે છે. તેને બન્નેજણાં મનમાંને મનમાંજ જાણે છે. કાંઈક સંક્ષેપથી સાગરના મિત્રો અને કુસુમાવળી જાણે છે. (૧)

बहु दिन भये बहोर, दोऊ जन बिछुवा बने;
प्रान रहत तिहि ठोर, मास मास पाती मिले. ॥ २ ॥

ટીકા—બન્ને જણાંને વિયોગ-છૂટાં થયાને બહુ દિવસો વિત્યા, પરંતુ મહિને મહિને ઠેકાણાસર એક બીજાંને પત્રો મળે છે, તેથી તેમનામાં પ્રાણ રેહે છે મતલબ કે જીવે છે. (૨)

पाती भेद प्रकार, करि केते आगे कहे;
बिछुरे भई अवार, कहत बहुरि सुनिये कथा. ॥ ३ ॥

ટીકા—પત્ર ભેદના કેટલાક પ્રકાર કરીને આગળ કહ્યા, પણ જૂદાં પડવાને ઘણીવાર થઈ, માટે વળી જે કહિયે તે કથા સાંભળો. (૩)

तत्र प्रथम कलाप्रबीन पत्र भेद—सोरठा.

कर कंपन द्रग नीर, प्रथुल स्वास ज्वाला जगे;
चहले परे सु चीर, कहु कागद कैसें लिखें. ॥ ४ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે હાથ કંપે છે, નેત્રોમાંથી નીર-આંસુ ઝરે છે, લાંબા નિઃશ્વાસ અને હૃદયમાંથી વિરહની ઝાળો ભડકે જાગી ઉઠે છે, તેમજ ચીર ઉપર જહાં આંસુના છાંટાના ડાગ પડે છે ત્હાં કહો કે કાગળ કેવી રીતે લખીએ! (૪)

जातिस्वभाव अलंकार—सवैया.

अंगहि अंग सबे थरके, धरके कलमे कर कैसें रखे;

चीरपरे चहले सिगरे, जल धार धरे बरषे सु चखे.
दीरघ सास उठे इतने पर, मानहु ज्वाल भुजंग नखे;
नागरताइ कहा करियें, कहो सागर कागर क्यौं सु लखे. ॥ ५ ॥

ટીકા—મારાં સર્વ અંગે અંગ થડકે છે—એટલે ધ્રુજે છે તેથી હાથમાં કલમ કેમ ધરીને રાખી શકીએ? સઘળાય ચીરમાં આંખના કાજળના નિંગાળા પડી ગયા છે, અને નેત્રોએથી આંસુરૂપી જળધારા પૃથ્વી ઉપર વરસે છે; વળી એટલા ઉપરાંત જે લાંબા લાંબા નિસાસા નાખે છે તે જાણે મ્હોટો મણિધર મુખમાંથી જવાળા ફુંકારતો ના હોય? ત્હાં ચતુરાઈ શી કરિયે? વાસ્તે હે સાગર! કહો, કે કાગળ કેમ કરી લખિયે? (૫)

संदेहालंकार—सवैया.

काल करोडको राजतहे रद, सूरज वाहन शृंगनकी शख;
मीन ब्रही जनकी बनसी, किधों काम धजा ॐकार कियो लख.
कातरनी अभिलाष किधों, किरवान विदारनकी सगर सख;
सागर दूज हुको दुजराज, किधों यह नाहरको निकस्यो नख. ॥६॥

ટીકા—બીજના ચંદ્રમાને દેખીને પ્રવીણ કહે છે કે—આતે કાળરૂપી વરાહનો દાંત શોભે છે? કે પછી ઉદયાચળ પર્વતના શિખરની અણી છે! અગર વિરહી જનરૂપી માછલાંને પકડવાની બિમસી છે? કે વળતી કામદેવની ધજા છે? એને લખીને ૐકાર કર્યો છે? કે પછી અભિલાષને કાપવાની કાતર છે? કે સર્વ સૂખને વિદારવાની તરવાર છે? હે સાગર! આ બીજનો ચંદ્રમા છે, કે આ નહોરધારી વાઘનો નખ નિકળ્યો છે? (૬)

जातिस्वभाव अलंकार कुसुमोक्त—सवैया.

एक समे सगरी सखियां मिल, नीठ सुवाइ बिचार बिचारत;
सागर मिंत मिले सुपने महि, पान खवाइ गरे भुज डारत.
बात कछू कहिबेकु भई तब, नाहि लखे अखियांन उघारत;
सोवतसें उठ रोवत जोवत, पोसपलंगपें पान पछारत. ॥ ७ ॥

ટીકા—કુસુમાવળી કહે છે કે એક સમયે સર્વે સખિયોએ મળીને (પ્રવીણને) જરા તરા સુવારી, એટલે વિચારના ચકડોળે ચડી વિચારવા લાગી, એટલામાં નિદ્રા આવવાથી સ્વપનામાં સાગર મિત્રનો ભેટો થયો. તે વખતે જાણે કે પાન ખવરાવીને ગળામાં હાથ નાંખતા હતા, એવામાં કાંઇક વાત કહેવાને પ્રવીણ તૈયાર થઇ, અને આંખ્યો ઉઘાડતાં સાગરને દીઠા નહીં; એટલે સુતી હતી તે ઉઠીને રોવા અને જોવા લાગી, તથા પલંગપોસ ઉપર હાથ પછાડવા લાગી. (૭)

प्रवीणोक्त दृष्टांतालंकार-दोहा.

एरे तेरे चरनको, लग्यो रहतहे ध्यान;
शशि चकोर जेसें सदा, पाती पर गुजरान. ॥ ८ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે-અરે હે સાગર! તમારાં ચરણનુંજ એક અમને ધ્યાન લાગી રહ્યું છે, જેમ ચંદ્રમાની સાથે ચકોર પક્ષીનું ધ્યાન લાગી રહે છે, તેમજ અમે હમેશાં તમારા પત્ર ઉપરજ કેવળ ગુજરાન કરીએ છીએ એટલે દિવસ નિર્ગમીએ છીએ. (૮)

अथ स्मृतिमान अलंकार-सवैया.

जा दिनतें मन दोउ मिले, अरु जा दिन रूप लख्यो चित चोरे;
जादिन नेनन सेन मिले हितु, जादिन नेनन नेन सु जोरे.
जादिन जादुनसी बतियां सुनि, होय गयोहे बिछोह बहोरे;
ता दिनतें लखि सागर संचर, आंगन कागनसें कर जोरे. ॥ ९ ॥

ટીકા—હે સાગર! જે દિવસથી આપણાં બન્નેનાં મન મળ્યાં, અને જે દિવસથી ચિત્તને ચોરનાર તમારા રૂપને મેં દીઠું વળી હે હિતસ્વી! જે દિવસથી આપણા નેત્રની સાન મળી, અને જે દિવસથી નેત્ર સાથે નેત્ર જોડાયાં, અને જે દિવસથી કામણગારી તમારી વાત સાંભળી અને પછી વિયોગ પડી ગયો છે-તે દિવસથી તમારી વાટ જોઇને આંગણે આવેલા કાગડાથી હાથ જોડું છું કે તે તમારા આવવાની વધામણી આપે. (૯)

अथ सागर पत्र रूपकालंकार-सोरठा.

प्रेम फिरावन हार, मन बीना गुन आंबरे;
त्यों त्यों बिरहा तार; पल पल चढे प्रवीन ज्यु. ॥ १० ॥

ટીકા—સાગર કહે છે કે-હે પ્રવીણ! મનરૂપી વીણાના તમારા ગુણરૂપી આમળિયાને પ્રેમરૂપી ફેરવનાર જેમ જેમ ફેરવે છે, તેમ તેમ પળે પળે વિરહરૂપી તાર ચઢે છે. (૧૦)

मन कुरंग अनुहार, फिर फिर आवतहे उतें;
सूको सब संसार, नीलो नेह प्रवीन ज्यू. ॥ ११ ॥

ટીકા—હે પ્રવીણ! મારા મનરૂપી કુરંગ-મૃગ ફરી ફરીને ત્હાં-તમારી પાસે આવે છે, કેમકે તે આ સર્વે સંસારને સૂકો દેખે છે. માત્ર તમારા સ્નેહનેજ લીલો જૂએ છે. (૧૧)

अथ वर्णविश्लेष गुढोक्ति अलंकार-सवैया.

ध्वांत बिना अति कुंभकुं संकट, धीरज कैसे शिखंडिज कीजे;
जादिन छंद समीर सुने निज, तादिनसें सुभ जोतिष छीजे.

एहो प्रबीन मयूर पुकारत, हेमगिरि धरि आरसी दीजे;
सोगन सूरन भोम न चूकत, मंगनको उतही सुध लीजे. ॥१२॥

ટીકા—હે પ્રવીણ! તમારા સંગવિના મારી આ દેહને અતિ સંકટ પડે છે. માટે જીવમાં કેમ કરી ધીરજ ધરિયે? જે દિવસથી કાને તમારી વાત સાંભળી, તે દિવસથી મહારાં પાંચે અંગ (મન, નાક, આંખ, જીભ, ત્વચા) ક્ષીણ થવા લાગ્યાં છે. હું વિરહી પોકાર કરૂં છું માટે દયા લાવીને આવી દર્શન આપો. મારી રાતીચોળ આંખ્યો તમો પ્રિયતમાના માર્ગને ભૂલતાં નથી—તો કોઈ દિવસે આંહી આવીને સુધ લ્યો. (૧૨)

एकावली अलंकार—सवैया.

परसे बिनहि छिनही छिनही, मनमें दुख होत बडे गरसें;
गरसें वह जानत जाय परे, सु जरे बिरहा=नलकी झरसें.
झरसें नितही तन छीजतहे, जिय जीवत देखनकी हरसें;
हरसें यह मागत बानि सदाहि, प्रबीनके पायनसें परसे. ॥ १३ ॥

ટીકા—હે પ્રવીણ! તમારો સ્પર્શ કર્યાવિના ક્ષણે ક્ષણે મનમાં મહત્ત ગિરિવરો જેવાં અતિ વિષમ દુઃખ અમને થાય છે, અને તેથી એવું જાણીએ છીએ કે પર્વત ઉપર જઇને પડતું નાખીએ? કેમકે વિરહાગ્નિની ઝાળથી બળી ખાખ થઈએ છિયે. અને એમ નિત્યે ઝરી ઝુરીને અર્થાત્ તવઈ તવઇને તન ખવાતું જાય છે, કેવળ તમને જોવાના હર્ષથીજ આ મારો જીવ જીવે છે. અને હર–શંકરથી દિનતાવડે સદા એવું વચન માગીએ છીએ કે પ્રવીણના ચરણને પરસિયે. (૧૩)

संभावनालंकार—सवैया.

पत्र हमें पटयो तुमकों, वह धोस दसो दसद्वैमें दहेगो;
ताको विचार करो बिसतार ज्यू, पानिको पानि कहांलों रहेगो.
मासहु जो न मिल्यो प्रति उत्तर, हंस बयार के संग ब्रहेगो;
सास उसास लगे पलही पल, कोन प्रबीन प्रबीन कहेगो. ॥ १४ ॥

ટીકા—હે મિત્ર! અમે તમને પત્ર મોકલ્યો છે, તે હલકારો દસ અગર બાર દિવસમાં તમને પહોચાડશે, તેને વિસ્તારવડે મનન કરજો; કે અંજળીમાંનું પાણી ક્યાં સુધી રહેશે? જો એક મહિનામાં તેનો પ્રતિઉત્તર નહીં મળે, તો પવનના સપાટાની સંગે મારો જીવ વહ્યો જશે. પળે પળે શ્વાસોશ્વાસ તો ચાલી રહ્યો છે. તો હે પ્રવીણ! તમને પછી પ્રવીણ અને ચતુર કોણ કહેશે? (૧૪)

स्मरनालंकार—सवैया.

वाहि उछीर वही गति बेठबो, वाहि सुरा, गति वाहि पिवावे;

वा मुसकान वहे सिसकी, अरु वाहि तरे अरजीसें रिझावे.
प्रछंन्न भेद सुने बतियांनके, यों परतच्छ बनाय सुनावे;
हे न हितु जग मध्य प्रवीन ज्यु, रेन भई सोई नेन दिखावे. ॥ १५ ॥

ટીકા—હે પ્રિયે! સ્વપ્નામાં જે જે જોઇએ છીએ—તેજ તકિયો અને તેજ રીતનું બેસવું; તેજ મદિરા અને તેજ રીતનું મને પાવું; એજ મુખનું મલકવું અને એજ હોઠમાંનો શીશકારો; વળી એજ રીતની અરજી કરીને મને રીઝાવે,—ખુશી કરે એવી વાતોનો છાનો ભેદ સાંભળિયે છીએ; તે એમજ છચોક—પ્રત્યક્ષ બનાવીને સંભળાવે. એ પ્રમાણે રાત્રિમાં જે વાત બનેલી, તે દૃષ્ટિએ દેખાડે એવો કોઈ સ્નેહી દુનિયામાં નથી. (૧૫)

दोहा.

पाती छाती लाय नित, दंपति जपत सयान;
जानत सागर प्रान सम, उन प्रवीन वह प्रान. ॥ १६ ॥

ટીકા—તે સ્ત્રી પુરૂષ એક બીજાના પત્ર હમેશાં છાતી સાથે ચાંપીને એક બીજાને જપે છે. તે સાગર પ્રવીણને પ્રાણની સમાન જાણે છે, અને તેવીજ રીતે પ્રવીણ પણ સાગરને પોતાના પ્રાણ સમાન માને છે. (૧૬)

पाती महि लखियत उभय, भेद समश्या लाय;
दरसत दुन महि निज दशा, सो कछु कहों सुनाय. ॥ १७ ॥

ટીકા—તે બન્ને જણાં સમશ્યાના ભેદ આણીને પત્રમાં લખે છે અને તેમાં પોતપોતાની દશા લખી દર્શાવે છે, તે હવે કાંઇક કહી સંભળાવું છું. (૧૭)

तत्र कलाप्रवीनोक्त समश्या—सोरठा.

सोधहु सागर मिंत, बावन अच्छर भेद यह;
प्रेम सु काहि कहंत, बरन जात अभिधान कह. ॥ १८ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે—હે સાગર મિત્ર! આ બાવન અક્ષરના ભેદ શોધી જુવો, તેમાં પ્રેમ કેને કહે છે! તેના વર્ણ, જાતિ અને અભિધાન કહેતાં નામ શું છે? (૧૮)

कवित.

ले कर तराजु गुन, अच्छर प्रमान करो; ह्रस्व दीर्घ प्लुत, भेद व्यंजन विचारिये. ओंमनमो एक बिंश, कादि पंचतीश अंक; छस्यंनकों बार भेद, पंगति बिठारिये. कोन तामें ब्राह्मन हे, छत्री बैश्य शुद्र; कोन कीजिये निवेरो, रंग रूपहि निहारिये. सबमें बसंत एक, एकमें अनेक रूप; अहो मिंत सागरज्यू, प्रेम नंम पारिये. ॥ १९ ॥

ટીકા—હે સાગર! હાથમાં ત્રાજવું લઇને અક્ષરની ગણતી કરી તેનું પ્રમાણ અર્થાત્ તોલ કરો; અને તેમાંના હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, એવા, વ્યંજનના ભેદને વિચારીએ: ॐ નમ: આદિ એકવીશ અને કથી ક્ષ સુધીના ૩૫ મળીને છપ્પન અક્ષર થયા. તેમાંના વ્યંજન અક્ષરોના લોકવ્યવહારમાં બાર ભેદ બારાખડીમાં થાય છે, એમ નોખી નોખી પંક્તિમાં બેસારીએ. તેમાં કોણ બ્રાહ્મણ છે? ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર કોણ છે? તેના રંગ રૂપ જોઇને નીવેડો કરો. તાત્પર્ય કે સર્વમાં એકજ વસે છે, અને તે એકમાં અનેક રૂપ દેખાય છે; એવો એક આદ્ય અક્ષર ॐકાર છે. તેજ પ્રકારે સર્વ સચરાચરમાં પ્રેમ પથરાઈ રહ્યો છે, અને તેનાજ વિવિધ તરેહના રંગ તથા રૂપ દેખાય છે–તેના નિયમને પાળજો. અર્થાત્ પ્રેમરૂપી ઇશ્વર સર્વત્ર વ્યાપક છે; માટે જે ઠેકાણે પ્રેમ લાગે–ત્હાં ઇશ્વર છે એમ ધારજો. આ છંદમાં ગણાવેલા અક્ષરની વિગત:– ॐ नमः सिद्धं, "अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः" ए रीते २१ अक्षर थया. "क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ द ध न, प फ ब भ म, य र ल व श ष स ह ळ क्षः" ए रीते व्यंजनना અક્ષરો ૩૫ थया. (१९)

कवित.

कीजिये विचार भारी, मोटे अरु छोटे कोन; कोन उर कंठ, तालु रसना दसन हे. नासिका सुमार केते, मस्तक उचार ओठ; भीषम जुगल बानी, निगम वचन हे. अर्धमात्र, अ, उ, म्, मिल एक भयो सबे आदि; उनके उचार तार, जोगिया जपन हें. शोधो शास्त्र वेद मत, बोध कांड तीनहूको; सागरज्जू प्रेम यामें, किधों रूप अन्य हें. ॥ २० ॥

ટીકા—ભારે વિચાર કરીએ કે એમાં મ્હોટા–ગુરૂ અને ન્હાના–લઘુ કોણ છે? વળી ઉરસ્થાની, કંઠસ્થાની, તાલુસ્થાની, જીવ્હામૂળસ્થાની, દંતસ્થાની અને નાસિકાસ્થાનીનો સુમાર કેટલો છે? મુર્ધાસ્થાની તથા હોઠથી કેટલાનો ઉચ્ચાર થાય છે, અને તેમાં ઘોષાક્ષર તથા અઘોષ અક્ષર નિગમ–વેદ વચન પ્રમાણે કયા છે? તેમાં સર્વેથી આદ્ય અર્ધ માત્રાવાળા મકાર સાથે અ, ઊ મળીને "ॐ"અક્ષર થયો. તેનો 'તાર' એવે નામે ઉચ્ચાર છે–જે જોગિ પુરૂષોને જપવાનો મહામંત્ર છે. એ વિષે બધાંય શાસ્ત્રનું મત અને ત્રણ કાંડવાળા વેદનો ઉપદેશ શોધી જુઓ, હે સાગર! એ સર્વેમાં એક પ્રેમનુંજ રૂપ છે કે પછી બીજું અન્ય કાંઇ છે? (આ છંદમાં કહેલા અક્ષરોના સ્થાન:–ય ર લ વ હ ઝ ણ ન ઙ મ ઉરસ્થાની; અ, ક વર્ગ, હ તથા વિસર્ગ કંઠસ્થાની; ઈ, ચ વર્ગ, ય શ તાલુસ્થાની; ઋ, ટ વર્ગ, ર ષ મુર્ધાસ્થાની; લૃ, ત વર્ગ, લ સ દંત-

સ્થાની; ઉ, પ વર્ગ, અને ઉપધ્માનીય ઓષ્ઠસ્થાની, ઝ ણ ન ઙ મ નાસિકાસ્થાની; અર્ધ વિસર્ગ જીવ્હામૂળસ્થાની; પ્રત્યેક વર્ગના પહેલા બબે અક્ષરો તથા શ-ષ-સ એટલા અઘોષ અક્ષર છે તથા બાકીના સ્વર સુદ્ધાં ઘોષાક્ષર છે. (૨૦)

दोहा.

घोष रेफ व्यंजन अधर, कंठ तालु सुर जान;
नासा विन उच्चार यह, कहा प्रेम पहिचान. ॥ २१ ॥

ટીકા—ઘોષ, રેફ, અને વ્યંજનનાં હોઠ, કંઠ, તાળવ, ઉર તથા નાસિકા વિગેરે સ્થાનક છે, તે વિના જેનો ઉચ્ચાર થાય છે તેને ઓળખવો એજ પ્રેમનુ પિછાન કહેલું છે, અર્થાત્ આદ્યાક્ષર ૐકારને ઓળખવો. (૨૧)

चित्रालंकार–कवित.

सवालच्छ भारत हे, कंध बारा भागवत;. रामायन सप्त कांड, रुषिने बखानि हे. बावन उपनिषद, श्रुति समृती विचार; गीताको अरथ कियो सवही प्रमानी हे. दर्श पटकेउ मुनि, निज निज लगे बोध; जूदे जूदे भेद कर, उने उर आनि हे. सागरज्यु प्रेम सिंधु, लहर मिलंत मुक्ति; सोय भेद पावत क्यौं, आवत न बानी हे. ॥ २२ ॥

ટીકા—ભારતનું પુર સવાલક્ષ શ્લોકનું છે, બાર સ્કંધમાં શ્રીમદ્ ભાગવત્ છે, સાત કાંડની રામાયણ ઋષિયે વખાણી છે, બાવન ઉપનિષદ, શ્રુતિ અને સ્મૃતિયોનું મનન-વિચારીને તે સર્વનો (સાર) અર્થ લાવીને ગીતા કરી-જેને સર્વેએ પ્રમાણ માની છે; અને તે ગીતાથી છ દર્શનવાળા મુનિયો નિજ-નિજ-પોતપોતાના મત્ત-પંથનો બોધ કરવા લાગ્યા; વળી નિરનિરાળા ભેદકરીને એમણે અંતરમાં આણી-ધારી છે. હે સાગર! પ્રેમના સિન્ધુની લહેરથી જે મુક્તિપદ મળે છે, તે ઉપર જણાવેલા ભેદવાળાઓ મેળવે છે? કે તેમની વાણીમાં તે વાત આવતી નથી? જવાબ કે-પ્રેમની લહેર તો અનુભવીજ પામે છે-કંઈ વાણી કથનારા પામતા નથી. (૨૨)

अथ अतिशयोक्ति विभावनालंकार–सवैया.

बद्दरहे न लवे कहुं दद्दर, अद्दर मोरनके दरसी;
घोर घटा नहि सोर भयो, चपाला चिहु ओरन शो परसी.
धूर धसे मघवा न लसे, धनु सूर कला सरसे सरसी;
गिरिराजके तुंगन नीर बह्यो सु, न जानत कोन घटा बरसी! ॥ २३ ॥

ટીકા—હાલ આકાશમાં વાદળાં છે નહિ અર્થાત્ ચેહયાં નથી, અને કોઈ જગાએ દેડકાં લવારો કરે છે, એટલુંજ નહિ પણ અંદર મોરના ટેહેંકારની વાણી પણ સંભળાય છે; કાળી ઘટા ચડી નથી અને સોર-ગડગડાટ થાય છે,

વળી ચારે તરફથી ચપલા-વીજળી દિશાઓને સ્પર્શ કરે છે, મેઘ દીપતો એટલે ચડયો નથી, અને વર્ષાદનદ વરા-ધૂરવા ધસે છે; દેવના ધનુર્ષની કળાની શોભા વધતીં જાય છે, અને ગિરિરાજ કહેતાં મ્હોટા પર્વતના શિખરની ટોચ ઉપરથી નીર વર્ષ્યું-પણ હું જાણતી નથી કે તે કઈ વાદળી વરશી? એ સમશ્યાનો અર્થ એવો છે કે=દેડકાની અને મોરની પેઠે હું પોકાર કરૂં છું. વિજળીની માફક મારી ચંચળ દૃષ્ટિ દશે દિશાઓ ભણીથી એકઠી મળીને આપની દિશા તરફ દોડે છે, વર્ષાદના ધૂરવાની માફક મારાં નેત્રોમાંથી આંસુરૂપી બુંદો ધશી આવે છે, મારી ભૃકુટિ ઇંદ્રધનુષની પેઠે ચડી રહે છે, તથા, મારાં સ્તનરૂપી પર્વતના શિખર ઉપર તે ખરતાં આંસુનો પ્રવાહ વહે જાય છે. (૨૩)

सोरठा.

यह समश्या आन, पाती लखी प्रबीन ज्यू;
सागर अतिहि सयान, वांचतहीं बूझी सबे. ॥ २४ ॥

ટીકા—આવી સમશ્યા આણીને પ્રવીણે પત્રિકા લખી. રસસાગર ઘણા શાણા છે, તેથી તે વાંચતાંજ સર્વે વાત સમજી ગયા. (૨૪)

पुनःसागरोक्त समश्या भेद-सोरठा.

भेद समश्या लाय, सागर लिखे प्रबीन प्रति;
सो अब-कहत बनाय, जानहि जाननहार जन. ॥ २५ ॥

ટીકા—સમશ્યાના ભેદકરીને સાગરે જે પ્રવીણ ઉપર કાગળ લખ્યો; તે હવે બનાવીને કહું છું-તેને જાણનારા જન જાણી લેશે. (૨૫)

सवैया.

मांग बजार किधों चढिकें, यह केश मयूर ठग्योहे ठगारो;
हार हिंडोर किधों तपिकें, कुचकी रुच मागे लई निरधारो.
वेसर खेलि किधों नटवा, द्रग कज्जर रीझ लई स निहारो;
एहो प्रबीन परेख कहो यह, एसे भयो मुकता अधिकारो. ॥ २६ ॥

ટીકા—સેંથારૂપી બજારમાં જઇને કેશરૂપી ઠગ મોરે તેને ઠગી લીધું છે! કે હારરૂપી હીંડોળાના દોર ઉપર ઉંધે મુસ્તકે લટકી, તપ કરીને કુચ-સ્તન ઉપર રહેવાની રૂચી નક્કીપણે તેણે માગી લીધી છે? અગર નાકની વાળીમાં નટરૂપે ખેલીને દ્રગ કહેતાં આંખ્યોની કાજળની રીઝ લીધી છે તે જુઓ. અહો હે પ્રવીણ! તમે આવી પરીક્ષા કરીને કહો કે-જેનો આવો અધિકાર થયો છે તે મુકતાફળ-મોતી કયું હશે? મતલબ કે મારૂં મન મોતીની પેઠે તમારા અંગ સાથે મળીને રેહે છે. (૨૬)

चित्रालंकार–सवैया.

एक नवीन समीर चल्यो, तिनसें जल धार घटा बरसे;
वे जल धार परी तिनसें, इक पावक ज्वाल घूनी दरसे.
पावक ज्वाल भई तिनसें, इक बेल हरीहिं हरी सरसे;
कोनहि बेल भइहे कहां, कहि ठोर "प्रबीन रहे परसें." ॥ २७ ॥

ટીકા—એક નવીન જાતનો વાયરો ચાલ્યો, તેણેકરી દેહમાંથી જળધારા વરસવા લાગી; તે જળધારા પડી, તેનાથી એક અગ્નિની ઘણીક જવાળા દર્શાઈ; તે અગ્નિઝાળ થઈ-તેમાંથી એક સુંદર લીલા રંગની વેલી પ્રગટી, તેકયી વેલવારૂં અને કહાં પેદા થઈ? અને હે પ્રવીણ! કયે ઠેકાણે સ્પર્શીને રહી છે? તાત્પર્ય કે-ઈશકરૂપી વાયરો ચાલ્યો, તેથી નેત્રોમાંથી આંસુરૂપી જળધારા વહી, જેના પ્રતાપે વિરહની ઝાળ જાગી ઉઠી તથા તે વિરહજવાળામાંથી પ્રેમરૂપી વેલી પ્રગટી,-તે મારા હૃદયમાંથી ઉત્પન્ન થઇને, તમારા ઉપર વિંટાઈ રહી છે. (આ આખો છંદ પ્રશ્નરૂપે છે, ઉત્તર પણ તેમાંથીજ નિકળે છે કે "પ્રવીન રહે પરસે" એટલે પ્રવીણને સ્પર્શ કરીને રહી છે. માટે મિશ્રાલંકાર. (૨૭)

पुनःचित्रालंकार–दोहा.

घट राखत पानी ढरे, रहे सु एक रती न;
घट फूटे पानी रहे, कारन कोन प्रबीन. ॥ २८ ॥

ટીકા—ઘડો રાખવાથી પાણી ઢોળાય અને તેમાં એક રતિમાત્ર પણ રહે નહીં; પરંતુ ઘડો ફુટે તો પાણી રહે. હે પ્રવીણ! એનું કારણ શું? આ પ્રશ્નનોઉત્તર પણ એમાંજ છે કે ઘટ અર્થાત્ દેહ રાખવાથી પાણી-ટેક જતી રહે છે, અને એક પ્રીતિ પણ રહે નહીં. પણ જો ઘટ-દેહ ફુટે અર્થાત્ નાશ પામે તો ટેક રહે એજ એનું કારણ છે. તે કયો પ્રવીણ અર્થાત્ ચતુર જાણતો નથી? (૨૮)

बाजीगर बाजी बिहद, खलत करत कमीन;
देखनहारे उठ चले, कारन कोन प्रबीन? ॥ २९ ॥

ટીકા—પ્રશ્ન કે:-એક બાજીગર બેહદ બાજી રચી ખેલ કરે છે, તેમાં કાંઈ કમીના નથી. પણ દેખનારા ઉઠીને નિકળી ચાલ્યા-તેનું હે પ્રવીણ! શું કારણ? ઉત્તર એમાંજ છે,-કે ઇશ્વરરૂપી બાજીગરે સૃષ્ટીરૂપી બેહદ રચના (બાજી) રચી છે, અને તેના ખેલમાં કાંઈ કમીના એટલે બાકી નથી; પરંતુ દેખનહાર અમારી આંખ્યો તે જોવાને ઇચ્છિતી નથી, તેનું કારણ કોણ જાણવામાં પ્રવીણ-માહિતગાર કોણ નથી? મતલબ કે સોએ છે. (૨૯)

बांस कटे बंधे बरत, अंबरहे न जमी न;
नटवा चढि उतरत नहीं, कारन कोन प्रबीन? ॥ ३० ॥

ટીકા—પ્રશ્નઃ-દોરથી બાંધેલો વાંસ કપાઈ ગયો-તે આકાશમાં તેમ

પૃથ્વીમાં પણ છે નહિ, છતાં તે ઉપર ચડેલો નટ ઉતરતો નથી; હે પ્રવીણ! તેનું કારણ શું? ઉત્તર કે–મારી વૃત્તિરૂપી દોરથી જકડેલો આશારૂપી વાંસ કપાઈ ગયો. પણ તે આશા ઉપર ચડેલ મારા મનરૂપી નટ ઉતરતો નથી, તેનું કારણ જાણવામાં કોણ પ્રવીણ નથી? (૩૦)

हंसा मंसाकों चुगे, सूके सरवर मीनें;
जल बरषे अगनी झरे, कारन कोन प्रबीन. ॥ ३१ ॥

ટીકા—પ્રશ્નઃ–એક હંસ માંસને ખાય છે, અને સૂકા સરોવરમાં માછલાં છે, વળી જળ વર્ષે છે, તથા અગ્નિ ઝરે છે, હે પ્રવીણ! તેનું કારણ શું? ઉત્તર કે–હંસા કહેતાં જીવ આ મારા શરીરના માંસને ખાય છે; મારાં નેત્રોરૂપી સરોવરમાંથી પાંણી સૂકાઇ ગયું છે–પણ ડોળારૂપી માછલાં વલખાં મારે છે, તથા નેત્રોમાંથી આંસંવાંનું નીર વરસે છે અને વિરહનો દેવતા ઝરે છે. તેનું કારણ જાણવાને કોણ પ્રવીણ નથી? (૩૧)

अथ अनन्वयालंकार–सोरठा.

इहि विधि भेद अनेक, दुहु लखंत जानंत दुहु;
वानी विविध विवेक, उनहीके उनही बने. ॥ ३२ ॥

ટીકા—એ રીતે અનેક ભેદેકરી સમશ્યાઓ બન્ને જણાં લખે છે તેમ તેને જાણે છે–પણ તે બેજ જણ. વળી એઓની વાણીના અનેક ભાતના વિવેક પણ એમનાથી અને એમનાથીજ બની શકે છે. (૩૨)

आवत पत्र अपार, सबे भेद कहत न बने;
शंक ग्रंथ बिस्तार, बदन लिये संछेप किय. ॥ ३३ ॥

ટીકા—અપાર પત્ર આવે છે, તેના સર્વે ભેદ કહેવાનું બને નહીં. તેમ વળી ગ્રંથનો વિસ્તાર વધી જવાની શંકાથી તે સંક્ષેપે એટલે ટુંકાણમાં કહ્યા. (૩૩)

गाहा.

दंपति पत्रसु भेदं, करि संच्छेप समश्या भंखिय;
उनषष्ठि अभिधानं, पूर्न प्रबिन सागरो लहरं. ॥ ३४ ॥

ટીકા—સ્ત્રી પુરૂષના પત્રના ભેદની સંક્ષેપેકરી સમશ્યાઓ કહી, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની ઓગણસાઠમી લહેર સંપુર્ણ થઈ. (૩૪)

इतिश्रीप्रवीनसागरग्रंथेदंपतिपत्रसमश्याभेदवर्ननोनाम एकोनषष्ठितमो लहरं. ॥ ५९ ॥

लेहेर ६० मी.

अथ श्री दंपति प्रेमद्वावपत्रभेदप्रसंगो यथा–सोरठा.

दंपति विरह बढंत, पत्र लिखिय पूरन दशा;
प्रेम द्रढावन चंत, उर आशय अनुमान किय. ॥ १ ॥

ટીકા—તે જોડલાને વિરહ વધવાથી પરસ્પર એક બીજાની મનમાં પ્રેમ દ્રઢાવાના ચિંતવનથી ઉર અર્થાત્ હૃદયના આશય પ્રમાણે અનુમાન કરીને પૂર્ણ દશાના પત્રો લખી મોકલાવે છે. (૧)

तत्र कलाप्रबीनोक्त प्रेमद्रढावनपत्रभेद, द्रष्टांतालंकार—दोहा.

दीपक जोत उद्योत लखि, प्रेम न कीनो भंग;
देखो अंग पतंगको, रह्यो रंग मिल रंग. ॥ २ ॥

ટીકા—દીવાની જોતિના ઉદયને દેખીને જેણે પ્રેમનો ભંગ કીધો નથી, અને દીવાના રંગની સાથે જેનો રંગ મળી રહ્યો છે—એવા પતંગિયાનાં અંગને જુઓ. (૨)

अथ रूपकालंकार—दोहा.

सागर सागर प्रेमको, सुरत लहर चढि चाहि;
लाज ज्वाल हटकत अटकि, यों निशबासर जाहि. ॥ ३ ॥

ટીકા—હે સાગર! પ્રેમના સાગરમાં સુરતરૂપી લહેર ઉપર મારી ચાહના ચઢી છે, પણ તે લાજરૂપી વેળુથી હઠીને અટકી રહે છે. એવી રીતીએ મારા રાત્ર દિવસો ગુજરે છે. (૩)

द्रष्टांतालंकार—सवैया.

बारह मास उदास रहे सु, बिलास न चाहत नीर तटे;
सिंधु भरे सरिता सर कूप सु, चंचहु बारि कबू न चटे.
स्वांतहुको बिशवास गहे, निसबासरही पिय पीय रटे.
सागर प्रेमहुको परखा, वरषा बरषे तरषा न मटे. ॥ ४ ॥

ટીકા—બારે મહિના ચાતુકપક્ષી ઉદાસીને ઉદાસીજ રહે છે, પરંતુ નદી, તળાવ કે બીજા જળાશયને કિનારે જઇને ક્રીડા કરવાને ચાહતો નથી. સમુદ્ર, નદિયો, તળાવ, અને કુવા ભરેલા હોય છે તોપણ તેમાનું પાણી ચાંચે કરીને કદીએ ચુમતો નથી—પણ સ્વાતિબુંદનો મનમાં વિશ્વાસ આણીને રાતદિવસ "પિયુ, પિયુ" એમ રટણ કર્યા કરે છે, હે સાગર! પ્રેમની પરીક્ષા જુઓ, કે વર્ષાદ વરસે છે—છતાં તેની તરસ છીપતી નથી. (૪)

अनन्वयालंकार—सवैया.

आसत नासत हु नहि पावत, पीर फकीर कितेब कुरानी;
साधक सिद्ध सबे मिलि शोधत, बोधत बेद पुरानहि बानी.
मंत्रक जंत्रक तंत्रक भेद, निरंत्रक काहू नहीं पहिचानी;

ब्रेह बिथा किरतार करामत, सागर जानन हारन जानी. ॥ ५ ॥

ટીકા—હે પ્રિયતમ ! વિજોગના દુઃખની કહાણી એવી છે કે તેને આસ્તિક, નાસ્તિક, પીર, ફકીર, કિતાબી તથા કુરાની કોઇએ જાણવાને પામતા નથી. એટલુંજ નહિ પણ સાધક અને સિદ્ધ સર્વે મળીને શોધે છે, વેદ ને પુરાણની વાણીનું જે જ્ઞાન મેળવે છે, જેઓ મંત્ર, જંત્ર, ને તંત્રના ભેદ નિરંતર કરે છે,-પણ તેમાંના કોઇને ઓળખાણ પડી શકતું નથી. એતો ઇશ્વરનીજ કરામત છે તેને તો જાણનારાએજ જાણી છે. (૫)

रूपकालंकार—सवैया.

प्रान समाध लई करता, सुरता नल नाभि सरोज बढायो;
ब्रह्म भयो उतपंन सनेह, वहे बिरहा जलमें मुरझायो.
शोधत बाहिरकों निकस्यो, परि पार न काहु बिचारसें पायो;
ध्यान धर्यो बहुरचो उनकों, सिगरे महि सागर रूप जनायो. ॥६॥

ટીકા—હે પ્રિય સાગર ! આ (મારા) પ્રાણરૂપી કિરતારે સમાધી લીધી, અને મારી નાભિમાંથી સુરતારૂપી કમળની દાંડી વધારી અને તેમાંથી સ્નેહરૂપી બ્રહ્મા ઉત્પન થયા; તે વિરહારૂપી પાણીમાં અકળાયો, બાદ શોધતાં શોધતાં બહારતો નિકળ્યો પરંતુ કોઇક વિચાર-કારણથી પરિપાર પામ્યો નહીં. પણ જહુરે તેણે એનું ધ્યાન ધર્યું-એટલે સર્વત્ર સાગરનું રૂપજ જણાયું. મતલબ કે બ્રહ્માને જેમ બધેય જળ જળ બમ્બાકાર જણાયું, તેજ રીતિયે મારા સ્નેહે બધેય ઠેકાણે તમારૂં રૂપ દીઠું છે. (૬)

पंथिक अन्योक्ति अलंकार—सवैया.

पंथिक सागर एक चल्यो, रितु ग्रीपमकी कछु राह न जानी;
कच्छ करीर किते गिर लंघत, देह दिनेश मरीच तचानी.
पावकसी ज्यु बयार इतेपर, केति व्यथाकि भईहे कहानी;
डोर नही ज्यु नही अवरोहनि, प्यास लगी अरु कूपमें पानी. ॥७॥

ટીકા—હે સાગર ! એક પંથીક-વટેમાર્ગુ ચાલ્યો, તેણે ગ્રીષ્મઋતુના ખરા તાપની કાંઈ વાત જાણી નહીં. બેટ, કેરડાનાં રાનો, કંઈક ડુંગર અને પર્વતો ઉલંઘતાં તેની દેહ દિનેશ કહેતાં સૂરજનાં કિરણોથી દાઝી; એટલા ઉપર વળી દેવતા જેવા વાયરાની વ્યથાની કેટલી વિતક વીતી; પાસે દોર નથી તેમ કુવામાં ઉતરવાને પગથિયાં નહોતાં, અને પ્યાસ તો લાગી હતી, પણ પાણી કુવામાં હતું. એટલે કે મારા અભિલાષરૂપી પંથિક તમારા મેળાપના પાણીને ચાહે છે, પણ તેમ કરવાને જોઇએ તેવાં સાધન નથી. (૭)

द्रष्टांतालंकार—सवैया.

जाय समीर मिल्यो हे समीरसें, ते सु तेजहूमें मिल ढुको;

अंबुमें अं्-अकाश अकाशमें, भाग पर्योइ रह्यो भुव भूको.   . નથી.
पंचहू छांड चले मग आपके, काहु न संग लियोहे ज्ञिऊ રક્ષણ કરનાર
सागर एह दशा अनुमानहु, प्रेम सही इक प्रा બચી શકે? (૧૪)

ટીકા—હે સાગર! આ (મારા) તનમાંથી પવન
વન ભેગો મળ્યો; અને પાસે જઇને મારા શરીરની કાન્તિ— . ..
મળી ગયું છે; પાણીમાં પાણી, આકાશ આકાશમાં મળી ભૂમિનો ભાગ ભૂમિ ઉપરજ પડયો રહ્યો છે. એ પ્રકારે પંચ મહાભૂતનાં પાંચે તત્વ મન છાડીને પોત પોતાને ઠેકાણે થયાં-પણ કોઇએ જીવનો સંગ લીધો અર્થાત્ કર્યો નહીં. હે મિત્ર સાગર! મારી એવી સ્થીતિનું અનુમાન કરો. કે-મહારા અંતરમાં પ્રાણ રહે ત્હાં સૂધી.તેનો સંગી એક પ્રેમ રહ્યો છે. (૮)

अथ द्रष्टांतालंकार–सवैया.

बेधनकों न बिचारतहे अरु, बीनकों नाद सुनी मृग मोहे;
पंकज बंध सहे ज्यु मधूकर, चातुक स्वांत बिना तरस्यो हे.
चंद बिना ज्यु चकोर चुगे शिखि, दीपक देखि पतंग जर्यो हे;
प्रान गुमावनकी न परे कल, सागर प्रेमको नेम असो हे. ॥ ९ ॥

ટીકા—હે સાગર! પ્રેમનો નિયમ એવો છે કે-મૃગ વેધાઈ જવાનો વિચાર કરતો નથી અને વીણાનો નાદ સાંભળીને તેમાં મોહી રહે છે. ભમરો કમળના બંધનને (ગુંગળાવાછતાં) સહન કરે છે, ચાતુકપક્ષી બારેમાસ સ્વાતિના બુંદ વગર તરસ્યોજ રહે છે, તેમ ચંદ્રના પ્રકાશ વગર ચકોર પક્ષી દેવતાને ખાય છે, વળી દીવાને જોઇને પતંગિયો તેમાં ઝંપલાઈ બળી મરે છે. હે સાગર! એમાં બીજું કંઈ નહિ, એતો પ્રેમનો મહિમાજ એવો છે કે પ્રાણ ગુમાવવાની પણ ખબર પડતી નથી. (૯)

सवैया.

बिप्र जो बेद पढेतो कहा, जब जानि परी नहि बेदकि बानी;
गानक गान कियो तो कहा, उन राग कला सुर तान न आनी.
जोगि बिभूति चढाई कहा, जब जोग कला न हिये अनुमानी;
सागर प्रीत करी तो कहा; जबलों जिय प्रीतकि रीत न जानी. ॥१०॥

ટીકા—જો બ્રાહ્મણો વેદ ભણે અને તેમાં તેને વેદની વાણી સમજવામાં આવી નહીં, તો તેથી શું થયું? જો ગવૈયાયે રાગ ગાયો પણ તેમાં સ્વર તાળ આણી શકાયાં નહીં, તો પછી રાગ ગાયાથી શું થયું? જોગિયે જો જોગકળાનો અંતરમાં અનુભવ કર્યો નહીં, તો આખા શરીરે વિભૂતિ-ભસ્મ ચોળી તેથી શું થઈ ગયું? તેમજ હે સાગર! જ્હાંસુધી જીવમાં પ્રીતિની રીતિ જાણી નહીં, તો તેથી પ્રીત કરી તોય શું? (૧૦)

उपमालंकार—कवित.

प्रान पशु=पतिकी, जटासें मन मेर गीर; सकुच सुरंग साखी, फोर तोर फहरे. बिरहा मिहीर बेज, तपत तुहीन जिय; प्रगल प्रवाह प्रेम, पूर लगी लहरे. मकर मनोज भेद, करत कलोल मोद; अभिलाष रंग रंग, कंज पुंज ठहरे. सागर समीप स्रोत, होयके हजार धार; गंगके तरंग ज्यों—उमंग मिली ग्रहरे. ॥ ११ ॥

ટીકા—હે પ્રિયતમ! મારા પ્રેમરૂપી ગંગા, પ્રાણરૂપી પશુપતિ કહેતાં શંકરની જટામાંથી મનરૂપી મેરૂ પર્વત ઉપર લાજરૂપી સરંગને તથા તરૂવરોની સાખાઓને ફોડી તોડીને ફેલાઈ. વિરહરૂપી સૂર્યના તેજના તાપના તપવાથી મારા જીવરૂપી બરફ પીગળીને પ્રેમ પ્રવાહના પૂરની લહેરો લાગી. તેમાં મનોજરૂપી મકરધ્વજ–મગરમચ્છ ભેદરૂપી કલ્લોલ ને મઝા માણે છે, વળી અભિલાષ–આતુરતારૂપી રંગ રંગના કમળના સમૂહો ઠર્યા છે, અને મારી સુરત હજારો ધારારૂપે બનીને તમને પાસે આવી ગંગાના તરંગની માફક મહાન્ ઉમળકાથી મળે છે. (૧૧)

रूपकालंकार—दोहा.

खेल सेलके वांस पर, बरत धार तरवार;
मन नटवा साची सुरत, चढे तो उतरे पार. ॥ १२ ॥

ટીકા—ભાલારૂપી વાંસ, તરવારની ધારરૂપી વરત–દોર ઉપર ખેલ કરવાને મનરૂપી નટ, સાચી અર્થાત્ એક સુરતથી ઉપર ચડે, તો સુખરૂપે પરિપાર ઉતરે. (૧૨)

अथ रससागरोक्तप्रेमद्रढादभेद, विरोधाभास अलंकार—दोहा.

प्रेम कुंड पावक भर्यो, मनों सु यह अनुमान;
पर पर कह्यो प्रवीन ज्यु, पर पर समज्यो प्रान. ॥ १३ ॥

ટીકા—રસસાગર કહે છે કે–અગ્નિના અંગારાથી ભરેલો કુંડ હોય, અને એજ અનુમાનેકરી પ્રેમ પણ છે; વાસ્તે શાહાણાજને કહ્યું કે તેથી પર–દૂર રહે; પરંતુ આ પ્રાણ તો તેમાં "પડ પડ" એમ કહે છે એવું સમજ્યો. (૧૩)

जातिस्वभाव अलंकार—दोहा.

वे दरदी जरदी * समर, ताकों लगे न तीर;
दरदी घट पट हे नहीं, केसें बचे शरीर. ॥ १४ ॥

* જરદી શબ્દનો અર્થ બખતર ગ્રન્થકારે રાખ્યો છે પણ તે ભૂલ છે, જગર અથવા જાગર હોય તો બખતર થાય.

ટીકા—જે ઇશકની પિડાથી દુખીઆરા નથી, તેમના શરીરે અજાણપણારૂપી બખ્તર છે. તેથીકરી તેઓને કામનાં તિક્ષણ તીર ભોકાતાં નથી. પણ જે દરેદી અર્થાત્ ઇશકી છે તેના ઘટ એટલે અંગ ઉપર રક્ષણ કરનાર પટ–અંતરપટ નથી તો પછી તેનું શરીર કેવી રીતે બચી શકે? (૧૪)

अथ शिक्षाक्षेप अलंकार–सवैया.

तूंहिय तुंहि जपे रितु सीतमें, तूंहिन तुंगन त्यूंहि गलेगा;
तापनमें करि तापन तापनि, आपन या पन धारि जलेगा.
पावस एकहि पावस व्है, प्रबीन धुनि रससें न डुलेगा;
प्रेमको थान निदान मिले तह, जोजन को इहि राह चलेगा. ॥१५॥

ટીકા—જે ટાઢની મોસમમાં એટલે શિયાળામાં "તુંહી તુંહી" એવા જાપથી રટણ કરશે, તેમજ હિમાલયની તુંગ કહેતાં બરફવાળા શિખરમાં જઇને ગળશે; વળી તાપની ઋતમાં એટલે ઉન્હાળાની ખરી મધ્યાન્હે ચોતરફ તાપણીનો તાપ કરીને પોતે એજ પણ (સંકલ્પ) ધરીને બળશે. તથા વર્ષા અર્થાત્ ચાતુર માસમાં એક પગે બની, સોબતી વગર રહીને નદીના નીરથી દૂલસે કહેતાં ચળશે નહીં, એવી રીતે જો કોઈ જન એ માર્ગે ચાલશે, તો ત્હાં તેને પ્રેમનું ઠેકાણું નિદાન–જરૂર મળશે. (૧૫)

दोहा.

सीत घाम जलमें सदा, तपे जपे मुख नाम;
चले ज्यु याही रीतसें, मिले प्रेमको धाम. ॥ १६ ॥

ટીકા—સીત–ટાઢમાં, ઘામ–તાપમાં, અને જળમાં સદા તપશ્ચર્યાને તપે, અને મુખવતી નામ જપે. એ પ્રમાણે જો ચાલે–તો તેને પ્રેમનું ધામ કહેતાં ઠેઠાણ મળે. (૧૬)

द्रष्टांतालंकार–सवैया.

दीपसें प्रेम पतंगनको, अरु पंकज भ्रंगनको सुख पूरता;
चंदसें प्रेम चकोरनको, घनघोरनसें नित मोरनको रत.
चातुक प्रेमहि बुंदनसें, जलजातको प्रेमहे सूरकि सूरत;
जानतहे इहि रीत सदा हम, प्रेमको रूप प्रबीनकि मूरत. ॥ १७ ॥

ટીકા—જેવી રીતે દીવાથી પતંગિયાનો પ્રેમ લાગેલો છે, કમળ ભમરાનું સુખ પૂરે છે, ચંદ્ર જોડે ચકોરનો પ્રેમ લાગેલો છે; વર્ષાદની ઘોર–ગર્જનાથી નિરંતર મોરનો પ્રેમ લાગેલો છે, ચાતુકનો સ્વાતિ નક્ષત્રના બુંદથી પ્રેમ જોડાયો છે; કમળનો પ્રેમ સૂરજની સુરત સાથે તલ્લીન થએલો છે; એજ રીતે. અમે સદાય પ્રવીણની મૂર્તિનેજ પ્રેમનું રૂપ જાણીએ છીએ. (૧૭)

(पंजाबी भाषामां) समरूपकालंकार–सवैया

शोच पहाण संकोचदे आरण, मोहदी सीह दा दाहको झेडा;
दीदादे प्यास सहंदे बहंदे, दुखाणदि खोह पयार्णाने तेडा.
मितदा ध्यान विहंगदि भंखण, झोला झुटा बीरहाणदा बेडा;
लाजदि गंग आतंकदे खांडणु, प्रेमदा पंथ केदारदा पेडा. ॥ १८ ॥

ટીકા—ચિંતારૂપી પત્થર, સંકોચરૂપી અરણ્ય, મોહરૂપી સિંહણ, પ્રેમરૂપી દાવાનળનું બળવું, દર્શનની અર્થાત્ પ્યાસ–તરસ સાંખીને ચાલવું, દુઃખરૂપી ખોહ, અને ચાલવાનો માર્ગ તેડો અર્થાત્ વાંકોચૂકો છે, મિત્રના ધ્યાનરૂપી પક્ષિયોનું બોલવું, અને વિરહરૂપી મછવાના ઝોલા ઝુલી રહ્યાં છે, તથા લજ્યારૂપી ગંગા પાર ઉતરવી અને ભયનું ખંડન એટલે નિર્ભય થઇને ચાલવું. એટલી પિડા શ્રી કેદારનાથના રસ્તામાં છે–તેજ માફક પ્રેમનો પંથ પણ કેદારેશ્વરના રસ્તા જેવો અતિ વિકટ છે. (૧૮)

सहोक्ति* अलंकार–सवैया.

जाल धारके संग कला चपला, अरु नीरके संग कुमोद नरी;
अहि भच्छन संग हलाहलको बल, प्रेमल पोन लगी बिहरी.
विसतार हुताशन संग धुंवा, यह रीत प्रबीन बनाय धरी;
विरहा दुख दान सनेहके संग, बढे मनु वामनकी लकरी. ॥ १९ ॥

ટીકા—મેઘની ધારા જોડે ચપલા–વિજળીની કળા વધે, અને નીર–જળ વધવાની જોડે કુમોદ–પોયણીની ડાંડી વધે, સર્પ જેમ જેમ ખોરાક ખાય, તેમ તેમ તેની જોડે–તેના મુખમાં વિખનું બળ વધે, અને પવનની ગતિ જેમ લાંબી–દૂર ચાલે, તેની જોડે વહીને પ્રેમલ–સુગંધ પણ અધિક ફેલાય, હુતાસન જે અગ્નિ તેના વધારા સાથે ધુંવાડાનો પણ વિસ્તાર વધે. હે પ્રવીણ! એવીજ રીત ઇશ્વરે બનાવી રાખી છે. વળી જેમ ઇશ્વરઅવતાર વામનજીનું શરીર વધ્યું તેની સાથે તેમની લાકડી વધતી જતી હોય, તે પ્રકારે મારો સ્નેહ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ તેની સાથે દુઃખદાયક વિરહ પણ અધિક અધિક વધતો જાય છે. (૧૯)

द्रष्टांतालंकार–कवित.

वेध्यो जो शरीर तीर, पलहु न धरे धीर, सुध तमासगीर, उष्न हे के सीराहे; गिरिके अताग पानी, तरीकें तिसानी वाट, गईहे न जानी बिन, चले एसी ईराहे; जो न नेन देखीहे सो, लेखीहे सबे समान, पथ्थरके पुंजमें परेखी हे न हीराहे. तन मन नेन जोई, बीतत है पावे सोइ; पाय ने प्रबीन

* આ સહોક્તિ અલંકાર લખ્યો છે પણ તે ઠેકાણે દ્રષ્ટાંત જોઇએ.

प्रेमी, बिना कोय पीराहे. ॥ २० ॥

ટીકા—જેનું અંગ બાણથી ભેદાયું હોય—ને પળે ધૈર્યતા ધરી શકે નહીં, અને તે તીરનો ઘા ઉષ્ણ છે કે સીતળ છે? તેની સુધ—ભાન તમાસગીર અર્થાત્ જોવા મળેલાઓને હોતું નથી. જે ભુમિમાં ચાલીને ગયા નથી, તેઓને ખબર નથી કે ત્હાં પર્વત છે? અથાગ પાણી છે? ઝાડ છે? કે તરશે મરિયે એવો ખારો પાટ છે? જેઓ નજરે જોઈ શકતા નથી, તેઓ એ વર્ણેન સમાન લેખશે અર્થાત્ જોશે, અને પત્થરના પુંજાના—ઓઘમાં પડેલા હીરાને પરખી શકે નહીં, તેમજ પ્રેમની પિડા જેમને પડી—વિતિ હોય; તેજ તન, મન અને આંખ્યોને જોઇને જાણી લે—પણ પ્રેમીવિના કોઈ પામી—જાણી શકે નહીં. (૨૦)

अथ अनन्वयालंकार—कवित.

चातुकीकों बुझो बुंद पाये बिना कहा होत; कहा होत मींन बुझो, बिछुर जो नीराहे. बुझिये चकोरकों जो, चंद बिना उदे कहा; बुझिये मधुप कहा होत कंज बीराहे. हारनकों बुझिये जो काठ छांडिये तो कहा, बूझीये पतंग कहा दीपकमें सीराहे. जाय बीती सोय जाने, प्रेम नां पिछाने ओर; हीराकी सराकी सलाख—ज्यों प्रबीन एक हीराहे. ॥ २१ ॥

ટીકા—બપૈયાને પૂછો કે સ્વાતિના બુંદ પામ્યા વિના શું થાય? માછલાંને પૂછો કે નીરથી વિછુરે—જુદાં પડયે શું થાય? પૂછો ચકોરને કે ચંદ્રના ઉદય વિના શું થાય? અને ભમરાને પૂછો કે કમળ બીડાઈ ગયું તેમાં શું થયું? વળી હારણ પક્ષીને પૂછી જુવો કે કાષ્ટને છોડી દઇયે તો શું થાય? પતંગિયાને પૂછો કે દીવામાં એવડી શી સીરા કહેતાં શીતળતા છે? હે પ્રવીણ! જેમ હીરાની પરીક્ષા કરવાની શાયડી એક હીરાનીજ બનેલી હોય છે; તેમજ જેને વિતિ હોય તેજ જાણે—પ્રેમની પિડા અન્ય કોઈ જાણે નહીં. (૨૧)

अथ स्मृतिमान अन्योक्ति अलंकार—कवित.

आगेहे चकर, पाछे मकर निकर लागे; दोउ ओर ग्रावनके, अगहन गरहे. खुटे खान पान, टुटे नांगर निशान डोर; एतेपें स्वसानहुकी, उलटी अखरहे. मालुम भयोहे अंध, रोधकी न शोध कहुं; फूट गयो नाव सो, कहांलों दधि तरहे. कीजिये उपाय आय, लीजिये प्रबीन सुधि; हाय हाय जायकें, पुकार कोउ करहे. ॥ २२ ॥

ટીકા—આગળ ચક્કર એટલે ભમરીયોનાં ખાડા પડે છે, અને પાછળ મઘરનો સૂમહ કેડે પડયો છે, વળી બાડીની બંને બાજુએ પત્થરના દુર્ગમ પર્વતો છે. ખાનપાન ખૂટયું છે, અને નાંગર તથા નિશાનના દોર તૂટી ગયા છે, એટલા ઉપર વળી પવનની આખર ઉલટી આવી છે; માલમ પણ અંધ થયો છે,

કિનારાની કયાંય શોધ એટલે પત્તો લાગતો નથી. તો એવું ચકડોળે ચડેલું નાવ ફુટી ગયું-તે હવે કહાં લગી સમુદ્રમાં તરી શકશે? માટે હે પ્રવીણ! આવીને કાંઈ ઉપાય કરો અને અમારી સુદ્ધિ લ્યો. અરે, હાય હાય! એવો જઇને કોઈ પ્રવીણથી પુકાર કરશે? (૨૨)

रूपकालंकार–दोहा.

बर्न बिचार मन मानसर, भर्यो प्रेम बहु बार;
सुख मुगता हंसा बिरह, निशदिन चुगत किनार. ॥ २३ ॥

ટીકા—વિચારરૂપી વનમાં મનરૂપી માનસરોવર છે, તેમાં પ્રેમરૂપી અતોલ પાણી ભર્યું છે, તેને કિનારે રહેલો વિરહરૂપી હંસ રાત દિવસ સુખરૂપી મોતીને ચુગે કહેતાં ખાય છે. (૨૩)

सोरठा.

मन पाटी गुन मेख, प्रेम कडी उतरे चढे;
सिधगज बिरह बिशेष, घट गोरखधंधा* भयो. ॥ २४ ॥

ટીકા—મનરૂપી લોઢાની પાટી અને તેમાં ગુણરૂપી મેખો ખોસેલીયો હોય છે, તેમાં વળી પ્રેમરૂપી કડી ઉતરે ચડે છે, અને વિશેષમાં વિરહરૂપી સિદ્ધગજ છે, એ રીતે આ મારી કાયા ગોરખધંધારૂપે બની છે. (૨૪)

द्रष्टांतालंकार–सवैया.

बेधक एक प्रवीन चल्यो, उनही मनमें उपचार कर्यो;
गानके रंग कुरंग चढे जहाँ, नेहको दीप जगाय धर्यो.
एनकों सूझतहे न कछु, कर पारधि ले सर पार कर्यो;
बीनको नाद सुनेगो कहां? इतनी कहिके मुरझाय पर्यो. ॥ २५ ॥

ટીકા—હે પ્રવીણ! એક વેધક-પારધી ચાલ્યો, તેણે મનની સાથે ઉપાય ગોઠવ્યો કે જહાં હરણ ગાયનના તાનમાં ચડે, તે જગોએ તેલનો દીવો જગાવીને મુકયો; તે જોઇને હરણને કાંઈ સુઝ પડી નહિ અને ગુંચવાઈ રહ્યો, પણ સિકારી પારધીએ તો હાથમાં સર-તીર લઇને સોંસરો આરપાર કર્યો, એટલે તે મૃગ! અરે હવે વીણાનો સુર કહાં સાંભળીશ? એવું કહીને મૂર્છા ખાઈ પડયો. તાત્પર્ય કે-મારા ચિત્તરૂપી મૃગને તમો પારધીરૂપે સિકારીએ સુંદર અને મોહક ધ્વની સંભળાવીને નેહરૂપી દીપક દેખાડી નેત્રના કટાક્ષરૂપી તીરેથી વિંધી

* કંઇક જોગીયો પાસે લોઢાનો ગોરખધંધો હોય છે. તેમાં લોઢાની સીધી પાટી તથા પચીશેક કડીયો હોય છે, અને તેમાં એક ગુંથાયેલો ગજ હોય છે-જેનું નામ સિદ્ધગજ કરી કહેવાય છે. પછી તે કડિયોની ચાળવણી કરતાં આવડતી હોય, તેજ ગજ છૂટો પાડી શકે છે. તેનો આમાં દાખલો છે.

નાખ્યું છે-છતાં તે સુંદર વાણી હું ક્યાં સાંભળીશ? એવું કહીને મનવણમાં પડી ઝોળા ખાય છે. (૨૫)

सोरठा.

इहि बिधि प्रेम द्रढाय, पाती लिखि एकेक प्रति;
त्यों त्यों बिरह बढाय, ज्यों ज्यों बंचत भेद वह.

ટીકા—એવે પ્રકારે પ્રેમ દ્રઢાવીને એક એક પ્રત્યે પત્રો પત્રોના જેમ જેમ ભેદ વાંચે છે, તેમ તેમ તે બંનેય જણને વિ વધારે વધતો જાય છે. (૨૬)

गाहा.

दंपति प्रेम बिधानं प्रति एकेकं पठावनं पत्रं;
षष्ठिअंक अभिधानं, पूर्न प्रविनसागरो लहरं. ॥ २७ ॥

ટીકા—બન્ને સ્ત્રી પુરૂષે પરસ્પર એક બીજા ઉપર પ્રેમના પત્રોલખીમોકલ્યા, તે સંબંધી પ્રવીણસાગરગ્રંથની સાઠમીલહેર સંપૂર્ણ

इतिश्रीप्रवीनसागरग्रंथेकलाप्रवीनरससागरप्रेमद्रढाव, पत्रभेदोन षष्ठितमो लहरं. ॥ ६० ॥

लेहेर ६१ मी.

अथ दंपति श्रीमुखोक्त बाहिर्लापिका, अंतर्लापिका भेद, प्रसंगो यथा—दोहा.

प्रेम बिरह चित चातुरी, दंपति भये बिकास;
श्रीमुख उक्ती मित लिखित, सो अब कहे प्रकाश. ॥ १ ॥

ટીકા—તે દંપતીના ચિત્તમાં પ્રેમ વિરહ અને ચાતુરીનો ઉદય થયો. અને તેઓ પોતાના સુંદર મુખની જે વાણી એકબીજા ઉપર લખી મોકલી, તેને હવે પ્રકાશપણે કહીએ છીએ. (૧)

सहोक्ति अलंकार—छपय.

ज्यों बिछुरन दिन बढत, बढत बिरहानलको बल;
बढत प्रेम परवाह, बढत स्मर त्यों मन निर्मल.
बढत चाह मित मिलन, बढत चितमें चतुराई;
बढत साध सोधना, बढत युक्ती उर आइ.
दंपति बढंत एसी दशा, सागर कलाप्रबीन जिय;
लापिका बहिर अंतर सु तब, श्रीमुख चित्र सुकाव्य किय. ॥ २

ટીકા—જેમ જેમ વિયોગના દિન વધતા જાય છે, તેમ તેમ વિરહાગ્નિનું
થતું જાય છે; અને જેમ જેમ પ્રેમનો પ્રવાહ વધતો જાય છે, તેમ તેમ
૧ મનમાં કામદેવ વધતો જાય છે; જેમ જેમ મિત્રને મળવાની
વતી જાય છે, તેમ તેમ ચિત્તમાં ચતુરાઈ વધતી જાય છે; અને જેમ
સાધનનું શોધન વધતું જાય છે; તેમ તેમ ઉરમાં આવીને
જાય છે. એ રીતે સાગર અને કળાપ્રવીણના જીવની દશા જ્યારે
ારે અંતર્લાપિકા અને બહિર્લાપિકા તથા ચિત્ર કવિતા સુંદર

प्रबीनश्रीमुखोक्तबर्नभेद, *बहिर्लापिका—सवैया.

र सागर हो, (મહિરામન.) गिनति करि भेद सबे गहिये;
रू अंत करी यह, (કુહિન.) जो कहिबी सो उने कहिये.
त अखंड लगे मग, (નેન.) अंत दुहूके दुहु मिलिये;
अंत ले मांगत हे हम, (મળે.) द्वे बिन द्वकि दुहाइ किये. (રામ.) ॥३॥

કા—હે સાગર! તમારા નામના પાંચ અક્ષર છે, તે એ કે "મહિરા-
અક્ષરો ઉપરથી ગણતરી કરીને જે હું ભેદ કહું તે ગ્રહણ કરો. "કુ"
તમારા મહિરામન નામનો) બીજો ને છેલ્લો અક્ષર કરીને જે કહેવું
, તે તેને કહેવું. તાત્પર્ય કે "કુહિન" એટલે બ્રહ્માયે આપણા નશીબમાં
એવા જે (કૂડા)-આંક ટાંક્યા માટે તેને ઠપકો દેવો ઘટે છે. વળી "ને" અને
તમારા નામનો અંત અક્ષર 'ન' અર્થાત્ મારાં "નેન" ની અખંડ જોતિ એ-
કી ટસેને ટસે તમારા રસ્તામાં લાગી રહી છે; તથા તમારા નામના છેવટના
બે અક્ષર એટલે "મન" તે આપણાં બંનેનાં એકત્ર મેળવિયે. વળી તમારા
નામના પ્રથમ અક્ષરને અંતે "ળે" કરો—અર્થાત્ "મળે" થાય, એટલે મળ-
વાનું અમે માગીએ છીએ; તે તમારા નામના આદિ બે અક્ષર વિના એટલે
તે પછીના "રામ" કે જેની દુહાઈ-આણ દઇને કહું છું. (આ છંદમાં બાહ-
રથી "મહિરામન" નામ લેવું પડે છે, તેથી તે બહિર્લાપિકા કેહેવાય.) (૩)

अथ आद्यक्षरी अंतर्लापिका—दूहा.

(સ) र वेधते हे चतुर बिन, (મ) ध्य त्रतिय बिन आय;
(ર) ज मुख मांगत दुतिय बिन, (ન) कुट आदि बिन चाय.॥ ४ ॥

ટીકા—હે પ્રાણાત્મા સાગર! આ દુહાના દરેક ચરણનો પ્રથમ અક્ષર
લેતાં જે "સમરન" એટલે હું તમારા નામનું હમેશાં રટણ કરૂં છું; પછી ચો-
થો અક્ષર 'ન' વિના "સમર" એટલે મનમાં મૂર્તિમાન થઇને ભેદે છે; વળી

* જે છંદના અક્ષરોનાં જુક્તિ હોય તે અંતર્લાપિકા, અને જે છંદમાં બહારથી
અક્ષર લેવા પડતા હોય તે બહિર્લાપિકા.

બીજો અક્ષર જે "મ" અર્થાત્ તમારા "શરણ" વિના મુખમાં રજ ખાવાને માગુ છું. તેમજ પ્રથમ અક્ષર "સ" વગર એટલે "મરન" તેના નિકટપણાને ચ્હાઉ છું. (૪)

पुनः–दोहा.

हनत बिजोगी अंत विन, त्रतिय बिनामें आय;
द्वितिय त्रिना मांगत तुमे, प्रथम विना लगि पाय. ॥ ५ ॥

ટીકા—હે સાગર! "સમરન" નો અંત અક્ષર જે "ન" તે વગર "સમર" એટલે કામદેવ તે હું વિયોગણને ત્રીજા અક્ષર "ર" વિના અર્થાત્ "સમન" વગર મનમાં આવીને હણે છે. તેમજ દ્વિતિય અક્ષર "મ" વગર જે "શરણ" થાય–તે તમારા શરણ વિના આદ્ય અક્ષર "સ" વગરનું જે "મરન" તે પગે લાગીને માગું છું. (૫)

अथ बाहिर्लापिका प्रश्नोत्तर भेद–छपय.

प्रश्न.		उत्तर.
पाओ बिना कर नांहि,	પગ અને કર વિનાનો કોણ છે?	(अ-रुण) અરૂણ.
उदर गुरु नांहि छुधातुर;	પેટ મ્હોટા છતાં કોણ ભૂખાળવું નથી?	(पु-ष्कर) પુષ્કર.
रसनावती सुने न,	રસના–જીભવાળી છે, એટલે કે જેનામાં બોલવાની શક્તિ છે, પણ સાંભળવાની નથી–તે કોણ?	(ने-ूपुर) નૂપુર.
श्रवन दो तास नयन सुर;	જે તેની બે આંખ્યો સ્વર સાંભળે છે–એવો તે કોણ છે?	(द-रवी) દરવી–સર્પ ચક્ષુશ્રવા.
नाथ बाघ आकार,	જેનો નાથ * વાઘને આકારે થયો તે કોણ?	(र-मा) રમા–લક્ષ્મી.
नाइ कर नीच मिलावे;	પોતાના કર (કિરણ) નમાવીને નીચથી કોણ મિલાવે છે?	(स-विता) સૂર્યા. નારાયણ.
वेधासुत कुन वक्र,	બ્રહ્માના પૂત્ર=નારદનું મુખ કોના જેવું થયું?	(की-श) કીશ જેવું.
रसिक अति भूप रिझावे;	પોતાની રસિક વાણીથી જે ઘણા રાજાઓને કોણ ખુશ કરે છે?	(चा-रन) ચારણ-ભાટ.
ले हार काळ भूषन करहि,	એવો કોણ છે કે જે સર્પને લઇને હાર અને એવાં બીજાં ભૂષણ કરે છે?	(ह-र) હર–શિવજી.
सभा मध्य को उच्चरे;	સભામાં ઉચરે કોણ?	(त-र्कवादी) તર્કવાદી.
खट तीस होतहे नारि नर,	નર અને માદા મળીને છ-ત્રીશ થાય, એવું શું છે?	(रा-गरागणी) રાગ–રાગણી.
अरथ एह सागर करे. ॥ ६ ॥	હે સાગર! એનો અર્થ કરો.	

* શ્રી કૃષ્ણે નરસિંહરૂપ ધર્યું હતું.

આ છંદની અંદર અગીઆર પ્રશ્ન છે, તેના દરેક ચરણમાં એક લેવું ને એક મુકવું, એમ અનુક્રમે-પેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, અને અગ્યારમા ચરણના ઉત્તરનો પ્રથમ અક્ષર લેતાં "અપુને દરસકી ચાહત રા" એ વાક્ય નિકળે છે; એટલે કે-આપના દર્શનની રાહ દેખતી બેઠી છું. પ્રથમ અક્ષરો લેતાં "પાર નાવે લેખ" એમ વાક્ય નિકળે છે-મતલબ કે જેનો લખતાં પાર આવે નહીં. (૬)

अथ वर्गवर्णोपरि बाहिर्लापिका अंकभेद-छप्पय.

	वर्ग	वर्ण	स्वर	
अष्ट चत्र अरु एक,	८	४	१	= ह
षष्ठ अरु पंच एक कहि;	६	५	१	= म
पंच एक अरु एक,	५	१	१	= त
षटःपंचह एकह ग्रहि.	६	५	१	= म
उभय एक अरु पंच,	२	१	५	= कु
एक एकह एकह पुनि;	१	१	१	= अ
पंच एक अरु तीन,	५	१	३	= ति
त[illegible] एकही युगल सुनि.	३	१	२	= चा
पुनि [illegible]ष्ट चत्र अरु एक गनि,	८	०		
पंच एक [illegible]	५	१	१	= त
अठ चत्र सप्त अंकह परखि,	८	४	७	= हे

यों प्रबीन सागर कहे. ॥ ७ ॥ "હમ તમકુ અતિ ચાહત હે"

ટીકા—આઠમા વર્ગના ચોથા ચરણમાં પહેલો સ્વર મળે-એટલે "હ", છઠ્ઠા વર્ગના પાંચમા વર્ણમાં પહેલો સ્વર મળે-એટલે "મ", પાંચમા વર્ગના પહેલા વર્ણમાં પહેલો સ્વર મળે-એટલે "ત", વળી છઠ્ઠા વર્ગના પાંચમા વર્ણમાં પહેલો સ્વર મળે-એટલે "મ", બીજા વર્ગના પહેલા વર્ણમાં પાંચમો સ્વર મળે-એટલે "કુ", પહેલા વર્ગનો પહેલો વર્ણ, અને પહેલો સ્વર એટલે "અ", પાંચમા વર્ગના પહેલા વર્ણમાં ત્રીજો સ્વર મળે-એટલે "તિ", ત્રીજા વર્ગના પહેલા વર્ણમાં બીજો સ્વર મળે-એટલે "ચા", વળી આઠમા વર્ગના ચોથા વર્ણમાં પહેલો સ્વર મેળવો એટલે "હ", પાંચમા વર્ગના પહેલા વર્ણમાં પહેલો સ્વર ગ્રહણ કરો-એટલે "ત", આઠમા વર્ગના ચોથા વર્ણમાં સાતમો સ્વર મળે-એટલે "હે", એ રીતે અંકની પરીક્ષા કરો. પ્રવીણ કહે છે કે હે સાગર! "હમ તમકુ અતિ ચાહત હે." મતલબ કે અમે તમને ઘણુંજ ચાહીએ છીએ. (૭)

पुनःअंक भेद बहिर्लापिका—सवैया.

	वर्ग	वर्ण	स्वर.	
एकहि एककुं सात मिलायके,	१	१	७	= ए
दोयकुं एकहि एक ज्यु दीजे;	२	१	१	= क
षष्ठ अरू इक पंच करो पुनि,	६	१	५	= पु
सात दुहू अरू एक गनीजे;	७	२	१	= र
छे पर तीन दुहू धरिकें फिर,	६	३	२	= बा
आठ तिहु इकही गनि लीजे;	८	३	१	= स

अंकके सागर भेद लहो यह,
जो गिनतिमें कह्यो सोइ कीजे. ॥ ८ ॥ "એક પુરબાસ"

ટીકા—પહેલા વર્ગના પહેલા વર્ણમાં સાતમો સ્વર મેળવો-એટલે "એ", બીજા વર્ગના પહેલા વર્ણમાં પડેલો સ્વર દૈયે-એટલે "ક", વળી છઠ્ઠા વર્ગના પહેલા વર્ણમાં પાંચમો સ્વર કરો-એટલે "પુ", સાતમા વર્ગના બીજા વર્ણમાં પહેલો સ્વર ગણિયે-એટલે "ર", છઠ્ઠા વર્ગના ત્રીજા વર્ણમાં બીજો સ્વર મેળવિયે-એટલે "બા", આઠમા વર્ગના ત્રીજા વર્ણમાં પહેલો સ્વર ગણીને લ્યો-એટલે "સ"; હે સાગર ! એ આંકના ભેદ લ્યો અને તેની ગણતરીમાં જે કહ્યું તે કરો; મતલબ કે "એકપુરવાસ" અર્થાત્ એક શેહેરમાં આપણે રહેવાનું કરો. (૮)

अथ उलट भेद अंतर्लापिका—कवित.

सप्त सुरमें निखादु, नव ग्रह बीत शनि; सप्त तुंग केलास, समरहीं दुखदरे. अष्टगिर मेरु साठ आठमें गया बिजोग; उनहिको अंग अंग अतिहि दरबरे. द्वादश कलामें रवि, विद्याहु न जान परी; अष्टदश बन यामें, नीब सोविहदरे. नवकुल नाग काली, सागर न जात लंघी; षट ऋतु चाह नेन, उलटी शरदरे ॥ ९ ॥

ટીકા—સાત સ્વરમાંથી "નિખાદુ" ઉલટાવતાં "દુખાનિ" એટલે દુઃખાળવી; નવ ગ્રહમાંથી "શનિ" એ નામ ઉલટાવતાં "નિશ" એટલે નિશા-રાત્રિએ-વિયોગ પિડા વધવાથી બેચેનીમાં ગુજરે છે. સાત પર્વતમાંના "કેલાસ" ને ઉલટાવિયે એટલે "સલાકે" અર્થાત્ શાયડીવડે કામદેવ અમારી છાતી વિંધી નાંખે છે. અષ્ટકુળ પર્વતમાંના "મેરૂ" નામને ઉલટાવતાં "રૂમે" અર્થાત્ રોમે રોમે વિરહ વ્યાપી અાડસઠ તીર્થમાંના "ગયાગ" નામને ઉલટાવતાં 'આગ' કહેતાં અગ્નિજવાળા અંગે અંગને દહન કરે છે; દ્વાદશ કળાવાળા "રવી" નું નામ ઉલટાવતાં "વીર" કહેતાં તમારી વીરવિદ્યા મારાથી જાણી ગઈ નહિ. અઢાર ભાર વનસ્પતિમાંના "નીબ" (લીંમડો) ને ઉલટાવી વાંચતાં

"બની" તે અરેરે! બેહદજ બની! અને નવકુળ નાગમાંના "કાલી" નામને ઉલટાવતાં "લીકા" કહેતાં જે "લીટી" અર્થાત્ લોક લાજરૂપી નીક હે સાગર! ઉલંઘી જાતી નથી. અને છેવટે છ ઋતુમાંની "શરદ" ઋતુને ઉલટાવતાં "દરશ" અર્થાત્ આ મારાં નેત્રો આપના દર્શનની અભિલાષા ધરાવે છે. (૯)

पुनःउलटभेद, अंतर्लापिका–दोहा.

सरत उलट जागी हमें, तन उलटे दुखदान;
मींतु उलट नां मिल रहो, गल उलटे अभिधान. ॥ १० ॥

ટીકા—હે સાગર! તમને હેત ભરી દૃષ્ટિથી નિહાળવાની–દર્શનની અમને હમેશાં દુઃખકારી તરસ જાગી રહી છે; માટે તમે પાસે કેમ મળીને રહેતા નથી? (સરત, તન, મીંતુ, અને ગલ)–એ ચાર નામ ઉટલાવતાં 'તરસ નત, તુમીં અને લગ' એવા શબ્દ નિકળે છે.) (૧૦)

अथ अंतर्लापिका प्रश्नोत्तर भेद–कवित.

प्रश्न		उत्तर
सुरपति वाहन को?	સુરપતિ જે ઇન્દ્ર તેનું વાહન શું?	(गज) ઐરાવત હાથી.
अहा अधिपति नाम?	અધિપતિનું નામ શું?	(राज) રાજ.
कहा मेन आयुद्ध हे?	કામદેવનું આયુદ્ધ કયું?	(सर) બાણ.
कोन मझ नांहि मल?	કોણમાં મળ નથી?	(जल) પાણીમાં.
वनिता सिंगार कहा?	સ્ત્રી (વનિતા) નો શણગાર કયો?	(लज) લાજ=લજ્યા.
कहा कवि बर्नत हे?	કવિયો શેને વર્ણવે છે?	(रस) નવરસ.
काल प्रतिबिंब कहा?	કાળનું પ્રતિબિમ્બ શું?	(जरा) ઘેડપણ.
कहा दोउ सार चल?	બે સોગઠીઓ ભેગી ચાલે તે શું?	(जग) જુગ.
कहा विधिसुता नाम?	બિધિસુતા કહેતાં બ્રહ્માની પુત્રીનું નામ શું?	(गरा) સરસ્વતી.
करत कहा क्रपान?	તરવારને શું કરે છે?	(सज) તૈયાર ચળકતી.
दानमों वढावे कहा?	દાનથી શું વધારાય?	(जस) આબરૂ=કિર્તિ.
गंध्रव उचारे कल?	ગાંધર્વો કયી કળા ઉચ્ચારે?	(राग) સંગીત.
कंठ नाम?	કંઠનું નામ શું?	(गल) ગળું.
जपनाम?	જપનું નામ શું?	(जज) યજવું.
कहा देव दानवकों?	દેવ દાનવને શું?	(रार) વિખવાદ–લડાઈ.
कोनकाज सार्यो हरी! गजराज सरजल? ॥ ११ ॥	હરિયે કોનું કારજ સાર્યું?	गजराजसरजल એટલે પાણીથી ભરેલા સરોવરમાં.

ટીકા—આ છંદના છેલ્લા ચરણમાં જે "ગજરાજ સરજલ" એવા આઠ અક્ષર આણેલા છે. તેમાંથીજ પુછેલા પ્રશ્નના ઉત્તર મળશે. ગજરાજનું કારજ સાર્યું. તેમ પ્રવીણ કહે છે કે હે સાગર! જેમ હરિયે ગજરાજ કહેતાં *હાથીનું કામ કર્યું તેજ પ્રકારે આપણું પણ કરશે–માટે ધીરજ ધરો. (૧૧)

अथ सागरोक्तआद्यक्षरी अंतर्लापिकाभेद–दोहा.

(सु)वत सेन मन सिज सरन, (जा) गति आगति आग;
(न)त जग्गे मुचकंद गति, (आ)दि लई जिय लाग. ॥ १२ ॥

ટીકા—સાગર કહે છે કે–કામ બાણરૂપી ફુલની સય્યામાં સૂતાં આ પ્રમાણે મારા અંગથી અગ્નિ જાગે છે. અને હમેશાં મુચકંદ રાજાની ગતિથી ઝબકીને જાગું છું. આ દુહાના દરેક ચરણનો પ્રથમ અક્ષર લઇને જીવમાં લગાડી રાખું છું. મતલબ કે "સુજાન આવ" અર્થાત્ આવ્ય–એમ રટું છું. (ચારૂ ચરણના ચાર આદિ અક્ષર લીધા પછી પાંચમો 'વ' પેલા ચરણનો બીજો લેવો.) (૧૨)

अथ आद्यक्षरी अंतर्लापिका भेद–सवेया.

(सू) (लि) से जान तजे सब भूषन, फूलन हार बिखेर दहे;
(जा) (र) तहु न उचारतहे, उर धार कछूसु कहा करहे.
(न) (च) हि केसर कुसर कुंकुम चंदन, बास सुबास न जात सहे;
(के) (न) रसे यह केसें तजे नहि, प्रान प्रवीन गहे सुं गहे. ॥ १३ ॥

ટીકા—સાગર કહે છે કે–મેં સૂળી માફક બધાંય ઘરેણાંને જાણી તેનો ત્યાગ કિધો છે, અને ફુલના હાર વીખેરી નાખ્યા છે; વળી કામ મને બાળીને ખાખ કરે છે–ગણ કાંઈ બોલતો નથી; કોણજાણે કે તે હૃદયમાં હજુએ કાંઈ કાંઈ ધારીને શુંયે કરશે! કેસર, કુંકુમ અને ચંદનને હું ન્હાતો નથી, તેમજ ઉત્તમ વસ્ત્ર કે સુવાસ સહન કરી જતાં નથી. એમ હે પ્યારે પ્રવીણ? મેં મારો પ્રાણ ગ્રહી રાખ્યો છે–તે ગ્રહીજ રાખ્યો છે, તે કયા રસથી અને કેમ હું તજતો નથી? ઉત્તર કે "સુજાન કેલી રચન" તાત્પર્ય કે–સુજાણથી નાનાવિધ ખેલ રમવા સારૂં. (આ ઉત્તર છંદના પ્રત્યેક ચરણમાંથી પ્રથમ પહેલો અને પછી બીજો અક્ષર લેવાથી નિકળે છે.) (૧૩)

पुनः आद्यक्षर अंतर्लापिका–दोहा.

(सु) मन बिकस वसंतक, (जा) त बेल बिस्तार;
(न) ज हांसी मनु करतहे, (०) नलख बाह पसार. ॥ १४ ॥

* જુઓ હાથીને પકડીને તેને પાણીમાં ડુબાવી મારી નાંખવાનું કરતું હતું, તે વખતે ભગવાને તેની વારે ધાઈ ઝુડને મારી હાથીને બચાવ્યો હતો–તે પ્રસંગ અહિં કહ્યો છે. એ હાથીને ઉગાર્યાના વર્ણનને "गजेन्द्रमोक्ष" કહે છે.

ટીકા—વસંત ઋતુનો ફુલનો બહાર ખિલી રહ્યો છે, જુઈની વેલ અતિ વિસ્તાર પામી; છે તે વન તરફ જુવો તો જાણે લાંબા હાથ કરીને વેલ આપણી હાંસી-મશ્કરી કરતી હોય ને શું ? એમ જણાય છે. (આ દોહામાં બતાવ્યા પ્રમાણે આદિ અક્ષર લેતાં "સુજાન" એવું નામ થાય છે.) (૧૪)

पुनः अंतर्लापिका भेद–दोहा.

प्रथम (सु)पारी (जा)यफल, पीछे पा(न) बदा(म).
मध्य इ(ला)मी जा(य)त्री, ले ले टेरत नाम. ॥१५॥

ટીકા—સુપારી ને જાયફળના પ્રથમ અક્ષરો, બાદ પાન અને બદામના પાછલા અક્ષરો, ઇલાચી અને જાવંત્રીના મધ્યેના અક્ષરો, લઈ લઇને તે નામની માળા જપુ છું; મતલબ કે "સુજાન મલય"—એટલે "સુજાન મેળવો, સુજાન મેળવો" એમ પોકાર કર્યા કરૂં છું. (૧૫)

अथ अंतर्लापिका प्रश्नोत्तर भेद–दोहा.

प्रश्न.		उत्तर.
संन्यासी शोधत कहा ?	સન્યાસી શું શોધે છે ?	(पर) પરબ્રહ્મ.
को प्रकाश छिति कीन ?	ધરતી ઉપર પ્રકાશ કોણ કરે છે?	(रवी) સૂર્યભગવાન.
नारद भारति वाद्य कह ?	નારદ અને સરસ્વતીનું વાદ્ય શું?	(वीन) વીણા.
परखे वह परवीन. ॥१६॥	અને પરખે એવું ચતુર કોણ?	"પરબીન."

ટીકા—આ છંદના ચાર પ્રશ્નના ઉત્તર "પરબીન" એ નામમાંથી ઉપર પ્રમાણે અક્ષરમાંથી નિકળે છે. (૧૬)

अथ आद्यक्षरीअंतर्लापिका ईश्वरस्तुति–सवैया.

(मे) र करो वह आदिहु अच्छर, (हे) म गिरब्बर आदि मिले तुक;
(रु) द्र कह्यो पुनि जोइ भयो सब, (वा) र न लायक ओ कछु बायक.
(नी) रज नंदन याहिको भेद सु, (रा) तपती जरबो उर धारक;
(खी) रसरोवर बीच प्रबीन, लि (ये) पति लायक हो सुखदायक.॥१७॥

ટીકા—સાગર કહે છે કે-જે ઇશ્વર સૃષ્ટિના આદિ અને અવિનાશી છે, અથવા તો મૂળ અક્ષર કહેતાં ॐકારરૂપે છે, અને જે પહેલી તકમાં એમને મેરૂપર્વતના શિખર ઉપર મળ્યા હતા—તે ઇશ્વર અમારા ઉપર મહેર કરો. વળી રૂદ્રે જે જે કહ્યું હતું તે સર્વે થયું; એમનાં વાક્ય કંઈ વાર થવાલાયક નહોતાં. હવે નીરનંદન (જળથી કમળ અને કમળથી બ્રહ્મા) તેમના આંકેલા ભેદથી રાતપતિ જે ચંદ્રમા—તે મારી છાતીમાં બાળનારો થઈ પડયો છે. "ક્ષીર" સરોવર મધ્યે ગજરાજે જેવા પતિ લીધા—તે ગજ લાયક તથા સુખદાયક તમે અમારા પતિ છો. (આ સવૈયાના ચોથા ચરણમાં રસસાગરે પ્ર-

વીણનું નામ કહીને ગુપ્તપણે એટલે દરેક ચરણના પ્રથમ અને તેરમા અક્ષરો લેતાં આ અક્ષરોથી જણાવ્યું કે "અહેરબાની રાખીયે.") (૧૭)

अंतर्लापिकाभेद कवित यथा.

(क)नकके अदि मध्य, कं(च)नकी नीकी छवी; उरग धिसात पास नांहि तिल मातहे. कं(द्र)पके मध्य पुनि, अंतहि अनं(ग) लखि; ललक्त जात-जलजात मिल जातहे. (सुं)डाल प्रथम अरु द्वितीय द्वि(र)द सुनि; सेवत अरन्य पिक सीसुन चहातहे; (स्त)रुनीके अग्र अरु पाछेही लल(न) पेखि; सागर जु नागर सो प्रभाहुन पातहे. ॥ १८ ॥

ટીકા—કનકનો આદિ અક્ષર 'ક' અને કંચનનો વચલો 'ચ' મળી "કચ" એટલે કલાપ્રવીણનો ચોટલો તેની સુંદર શોભા જોઇને તેની બરાબરી કરવા માટે સર્પ જમીન ઉપર ઘસડાય છે–છતાં તલમાત્ર તેના સાદ્રશ્યપણાને પામતો નથી. વળી કંદ્રપનો વચલો અક્ષર 'દ્ર' ને અનંગનો છેલ્લો 'ગ' મળી "દ્રગ" અર્થાત્ તેનાં દ્રગ જે નેત્ર તેની શોભા જોઇને લળક ખાઈ જઇને કમળની જાત્યો બિડાઈ જાય છે. અને સુંડાલનો પ્રથમ અક્ષર 'સુ' તથા દ્વિરદનો બીજો અક્ષર 'ર' મળી "સુર" એટલે તેનો "સ્વર" સાંભળીને (અદેખાઈથી) કોયલ વનમાં જઈ વસે છે, તથા પોતાનાં બચ્ચાને પણ ચાહતી નથી–(અર્થાત બચ્ચાને સેવતી નથી) વળી સ્તરૂની શબ્દનો આગળનો 'સ્ત' ને લલનની વાંસેનો 'ન' મળી "સ્તન" એટલે કળાપ્રવીનનાં સ્તન સાગર કહે છે કે–એવાં તો સુંદર છે કે–તેની શોભા નાગર એટલે નારંગી ફળ પણ પામતાં નથી. (૧૮)

अभिधानभेदअंतर्लापिका दोहा–यथा.

सं[1] म[2] जो[3] हि नें[4] रा कुं म[5] यं न र्, यह न लहत अ जान;
संकर शंकर अंकपर, कर मयंक करबान. ॥ १९ ॥

ટીકા—આ દોહાનો અર્થ=લહેર ૩૪ મીમાં છંદ ૨૭ માં ચંદ્રોપાલંભયામાં લખ્યો છે ત્હાં જુવો. આ દોહાના પેલા ચરણના અક્ષરોમાંથી એક લેવો ને એક પડયો મુકવો એમ બે વાર લેતાં="સજાનકુંવર" અને "મહિરામન" એવાં બે અગ્યાર અક્ષરનાં નામ નિકળે છે. (૧૯)

अथ रागोपरि अंतर्लापिकाभेद–सवैया.

एक करो (सु)घराइ पं(जा)ब दो, तीजो कल्या(न)को चिंत धरेरे;
(सा)रंग आदि बिहा(ग)कि अंत ले, भें(र)व मध्य बिहाल परेरे.
ना(इ)की ओर म(ला)रहि गु(ज)रि, ता बिचले हितु न्हैसो करेरे;
जाय प्रवीन झरोखनमें इतनी, कोउ गानकेला उचरेरे. ॥ २० ॥

ટીકા—સાગર કહે છે કે-કોઈ એટલી સુઘડતાઈ કરે-કે તે સુઘડતાઈ અગર સુઘરાઈ રાગનો પ્રથમ અક્ષર "સુ" પંજાબનો બીજો અક્ષર 'જા' અને કલ્યાણનો ત્રીજો અક્ષર 'ન', સુજાનને ચિત્તમાં ધરીને, સારંગનો આદિ અક્ષર 'સા', બિહાગનો છેલ્લો અક્ષર 'ગ' લઇને, ભૈરવનો વચ્ચલો અક્ષર 'ર'—એટલે સાગર બેહાલ થઇને પડયો છે. માટે 'નાઇકી' 'મલાર,' અને 'ગુજરી,' એ ત્રણ મધ્યના એટલે इ, ला અને ज અર્થાત્ "ઇલાજ" જે હિતસ્વી હોય તે કરે. કોઈ જઇને પ્રવીણના ઝરોખામાં એટલી ગાનકળાં ઉચ્ચારે? ભાવાર્થ કે સુજાણને મનમાં ધરીને સાગરની બેહાલ દશા થઈ પડી છે, માટે કોઈ હિતસ્વી હોય તે ઇલાજ કરે, એટલી વાર્તા કોઈ પ્રવીણ પાસે જઇને ગાય. (२०)

अथ चतुराक्षरे दोहाभेद, अंतर्लापिकाशीवस्तुती—कवित.

नांद्य ब—(जे) नये. नं—(ए) अंग दी—(ए) भूति ब—(ने);
कुंज व—(से) बीच. ब—(न) संग. ल—(से) भूत प्रे—(त).
मुंड दा—(म) सेत छ—(वी) देह द—(मिं) दान द—(हे);
भाल बि—(धू) दाह मे—(न) जंग जी—(त) तीन ने—(त).
पालप (सु) पान चा—(प) दीन क्षि—(प्र) ही निवा—(जु);
दृढम (वा) रीझ वा—(र) छत्र छ—(बी) गंग दे—(त).
ग्यान रा—(स) सिंधु द—(आ) शुल पा—(न) नंदि ध्व—(जा);
जोग. थ—(पें) प्रीत री—(त) पंक. कं—(पें) नाम ले—(त). ॥२१॥

ટીકા—જેમની પાસે નવાં નવાં વાજીંત્રો વાગે છે, શરીરે વિભૂતિ ચોળીને ભૂતનાથ બનેલા છે, વનની મધ્યે આવેલી કુંજ-લતા-મંડપમાં વસે છે; વળી જેની સાથે ભૂત-પ્રેતાદિ ગણો શોભે છે; જેના ગળાને વિશે મસ્તકની (મુંડ) માળા આવેલી છે, અને જેના શરીરની છબિ-કાન્તિ શ્વેત છે; તથા જે દેહને દમી દાન દે છે; કપાળમાં ચંદ્રવાળા કામદેવને બાળી ભસ્મ કરનારા; જંગમાં જીતનારા અને ત્રણ નેત્રોવાળાછો; પશુપાળક, હાથમાં સહેલા ચાપવાળા અને દિન-ગરીબને તરત નિવાજે છે; મરેલું મુડદુ-શબ તો જેનું વાહન છે, એવી ચંડિ-કાળીકાને રીઝાવનારા; જેના મસ્તકની મધ્યે ગંગાજી છત્રના જેવી શોભા આપે છે; જ્ઞાનરાશિ, દયાસિન્ધુ, હાથમાં ત્રિશૂળને ધારણ કરનારા, તથા જેની ધ્વજામાં નંદીનું ચિન્હ છે; જોગને સ્થાપનારા, પ્રીતની રીતિ દૃઢ કરનારા તથા જેનું નામ લેતાં પાપ થરથર કંપે છે-એવા શ્રી મહારૂદ્ર શિવજીનું સ્મરણ કરૂં છું. (આ છંદમાંના પ્રત્યેક ચરણમાંનો ચોથો અક્ષર લેતાં જે દુહો બને છે તે નીચે પ્રમાણે):- (२१)

वह कवितांतर्गत—दोहा.

जेसे मधु सुबासपें, एन बीन पर आत;

ऐसें मिंत प्रबीनपें, नेंत हेत जुत जात. ॥ २२ ॥

ટીકા—સાગર કહે છે કે-જેમ ભમરો સુગંધ ઉપર, અને મૃગ વીણાના સ્વર ઉપર લલચાઇને રસ લેવા આવે છે. એજ પ્રમાણે મિત્ર પ્રવીણ ઉપર મારી આંખ્યોની કીકીઓ સ્નેહસહિત મોહીત થઇને જાય છે, (૨૨)

अथ बर्नभेद, बहिर्लापिका—सवैयां.

बसुधा र(घु)बीर न(का)रसु नाम, उने नहि यादि घरी बिसरेरे;
उशना(ध्व)ज अच्छर आदि बिना, (श)शि आदिके संजुत चाह भरेरे.
तिनसें भव भा(ज)न नां पठयो, रि(पु) नीरज धीरज केसें धरेरे;
परबीनके जाय झरोखनमें हतनी कोउ मिंत पुकार करेरे. ॥ २३ ॥

ટીકા—વસુધા કહેતાં "મહિ" અને રઘુવીર કહેતાં "રામ" અને નકાર કહેતાં "ન" થકી જે નામ થાય તે "મહિરામન" તે સાગર કહે છે કે-એને (પ્રવીણને) યાદ નહિ હોય અને ઘડીમાં વીસરી જવાતું હશે. ઉશના કહેતાં શુક્ર તેની ધજામાં દેડકા કહેતાં "દાદર" છે; તેનો પેલો અક્ષર 'દા' વિના "દર" અને શશિનો પેલો અક્ષર "શ" સહિત એટલે "દરશ" ની ચાહના ભરપૂર છે; તેમજ ભવ કહેતાં શિવ તેને જમવાનું ઠામ જે "પત્ર" કહેતાં કાગળ તે મોકલ્યો નહિ-તેથી નીરજ કહેતાં કમળ તેનો શત્રુ જે "હંસ" કહેતાં "જીવ" તે ધીરજ કેમ ધરે? માટે પ્રવીણને ઝરોખે જઇને કોઇ મિત્ર એટલો પોકાર કરે. અર્થાત્ પ્રવીણના કાગળ વિના સાગરનો જીવ ધીરજ ધરતો નથી. (૨૩)

अथ बर्नभेदोभिधान बहिर्लापिका—सवैया.

आदिके आदि 'अ'कार न सूकत, (असु) अंतके अंत मिलाय 'त'ही; (नत)
अंतके आदि 'द'कार वृथा सब, (दन) आदिके अंत 'ध'कार नही. (सूध)
मध्य मकार हमें जुगसें तुम, (जाम) अंतके आदि 'ब'कार दही. (बिन)
तीन प्रबीनके अच्छरहे, (सूजान) उनकी गिनती मनमें ज्यु गही. ॥ २४ ॥

ટીકા—પ્રવીણના નામના "સુજાન" એવા ત્રણ અક્ષર છે; તેમાંના પેહેલા અક્ષર 'સુ' ની આગળ (અ) મુકિયે-ત્યારે "અસુ" એટલે "આંસુ" થાય; તે અમારી આંખમાંથી સુકાતાં નથી. અને અંતનો અક્ષર 'ન' તેની પછવાડે 'ત' મેળવિયે ત્યારે-'નત' એટલે 'નિત્ય' થાય; અને છેલ્લા અક્ષર (ન) ની આગળ (દ) મુકિયે-ત્યારે (દન) થાય; એટલે સર્વે દિવસો વૃથા જાય છે. અને આદિ અક્ષર (સુ) ની વાંસે (ધ) મુકીએ એટલે "સુધ" નથી. અને વચલા (જા) ની પછી (મ) મૂકીએ ત્યારે(જામ)એટલે પોહોર,અને અંતના અક્ષર (ન)ની આગળ (બિ) મૂકીએ ત્યારે (બિન) એટલે (બિના) અર્થાત્ તમારા વિના એક પોહોર પણ અમને જુગ જેવડો લાગે છે. એમ પ્રવીણના નામના ત્રણ અક્ષર છે-તેની ગણતરી અમે મનમાં ગ્રહણ કરી રાખી છે.(૨૪)

સાગર કહે છે કે-હે પ્રવીણ! અમારાં આંસુ નિત્ય સુકોતાં નથી અને સર્વે દિવસો વ્યર્થ જાય છે-તેની શુદ્ધ રહેતી નથી. તમારા વિના એક પોહોર અમારે જુગ જેવી જાય છે, અને પ્રવીણના નામના ત્રણ અક્ષર છે-તેની ગણતરી અમે મનમાં ગ્રહણ કરી રાખી છે. (૨૪)

अथ अंतर्बहिर्लापिका दोहांतर्गत–कवित.

प्रश्न. उत्तर.

जो-गीकी (सु) रत कहां? જોગીની સુરત કહાં? ना-रायनमें=નારાયણમાં.
तुं-गन (जा) सुंहनन? પર્વતોની તુંગ કોનાથી હણાઈ? आ-खंडल=ઇન્દ્ર.
चं-चला (न) मोदकोन? વિજળીઓના ચમકારાથી આનંદી કોણ? के-की=મોર.
त-र र (तु) कहा होत? રત આવે ઝાડમાં શું થાય? फ-ल=ફળ.
प्र-स्वत (म) यंक कहा? ચંદ્રથી શું સ્રવે છે? र-स=રસ (અમૃત.)
बि-प्रसू (द) हा पढंत? બ્રાહ્મણો શું ભણે છે? बे-द.=વેદ.
न-द बै (हु) जात कहां? નદીયો વહીને કહાં જાય છે? द-धिमें;=દરિયામાં.
हे-दुधि (म) हींसू बोत? સમુદ્રમાં વધારે શું? ले-हेर.=તરંગ.
तो-मर (स) रस कोन? બાણ ફેંકવામાં સરસ કોણ? की-शध्वज;=અર્જુન.
अ-हि न (ए) हरे कहा? સર્પ નમીને શું હરે છે? जे-हरे.=ઝેહેર.
न-गन (क) हां सूबास? પર્વતોમાં શેની સુવાસ છે? म-लय.=મલિયાગર ચંદનની.
ल-गे स (वे) कहा जोत? સર્વ જગાએ કોની જોત જાગે છે? न-यन.=આંખોની.
हे-अधु (र) प्रभा केसी? અધર-હોઠની પ્રભા કેવી છે? न-लिनी;=રાતા કમળ જેવી.
बि-कसें (आ) रामकब? બાગ ક્યારે ખીલે? र-तुराजमें.=વસંત ઋતુમાં.
चा-तुकी (इ) च्छव कहा? ચાતુકી-બપૈયાની માદા શું ઇચ્છે છે? धा-राधर;=વર્ષાદને.
र-हे सो (ये) कोनगोत કયો પર્વત સૂઈરહ્યો છે? र-जतगिरि.।।२६।।=વિધ્યાચળ.

એ કવિતામાં સોળ પ્રશ્ન તેમ ઉત્તરમાંના પ્રથમ અક્ષર લેતાં જે દોહરો નિકળે છે તે નીચે પ્રમાણે. (૨૬)

पुनः वह कवितांतर्गत वाक्यार्थ–दोहा.

।।सुजान तुम कहु मंस एक बेर आइये.।।

जो	तूं	चं	त	प्र	बी	न	हे	०
तो	अ	न	ल	हे	वि	चा	र	०
ना	आ	के	फ	र	बे	द	ले	०
की	जे	मं	न	न	र	धा	र	२७

ટીકા—હે પ્રવીણ! જો તું ચિત્તમાં શાણી હોય તો આ કવિતાનો વિચાર

કર-નહીં તો ફરીથી આવીને આ બેદિલી વિશે મનમાં કાંઈક નક્કી કરો. તે માટે "સુજાન તુમ કઉમસ એક બેર આઇયે." હે સુજાણ! તમે કોઈ મિશે એકવાર આવો. આ વાકયના પ્રશ્નોના ચોથા ચોથા અક્ષર લેવાથી નિકળે છે. (૨૭)

त्रिपादे चतुर्थ प्राद गुप्त—दोहा.

(व)(र)(न) चं (प) चख मींन मृग, (र)व (वी)ना (न)व बाल;
(बि)र(हा) जं (ल) बह रटत दधि, [बन परबीन बिहाल] ॥ २८ ॥

ટીકા—સાગર કહે છે કે જેના અંગનો વર્ણ ચંપાના પુષ્પ જેવો છે, આંખ્યો માંછલાં તથા હરણના જેવી ચપળ છે, સ્વર જેનો વીણાના જેવો મધુર છે. એવી નવીન બાળાના વિરહથી આંસુ વહાવીને દધિ કહેતાં સાગર રટે છે, (બન પરબીન બિહાલ) એ ત્રણ ચરણમાંથી ચોથુ ચરણ નિકળે છે. (૨૮)

दोहा.

इहि बिधि अंतर्लापिका, बहिर्लापिका कीन;
दंपति चित्रसू काव्य पुनि, सागर करहि प्रबीन. ॥ २९ ॥

ટીકા—એ વિધિયે અંતર્લાપિકા અને વહિર્લાપિકાના ભેદ કર્યા પછી એ દંપતિ એટલે સાગર અને પ્રવીણે ચિત્ર કવિતા કરી—તે હવે કહેશું. (૨૯)

गाहा.

अंतर्लापिक उक्ती, बहुरि बहिर्लापिका भेदं;
एकषष्ठि अभिधानं, पूर्न प्रबिनसागरो लहरं. ॥ ३० ॥

ટીકા—એમ અંતર્લાપિકાની ઉક્તિ અને બહિર્લાપિકાના ભેદ સંબંધી પ્રવીણસાગર ગ્રંથની એકસઠમી લહેર સંપૂર્ણ થઈ. (૩૦)

इतिश्री प्रबीनसागरग्रंथेदंपतिअंतर्लापिकाबहिर्लापिकाबर्णनंनामएकषष्ठितमो लहरं ॥ ६१ ॥

लेहेर ६२ मी.

अथ कलाप्रबीनोक्तगोमूत्रिकादिचित्र भेद—दोहा.

सागर कला प्रबीनकों, जग्यो सू प्रेम पवित्र;
मित्र मित्र जंपत जुगल, बरनत चित्र बिचित्र. ॥ १ ॥


ટીકા—સાગર અને કળાપ્રવીણને પવિત્ર પ્રેમ જાગૃત થયો તેથી તે બન્ને હે મિત્ર! હે મિત્ર! એમ જપે છે; અને નાના પ્રકારના ચિત્રમાં તેઓ પ્રેમનું વર્ણન કરે છે. (૧)

द्विपदी गोमूत्रिका–सोरठा.


जुक्ति रीत रस रास, मंत्र बेद माने सहे;
उक्ति प्रीत बस जास, चित्र भेद जाने वहे. ॥ २ ॥

ટીકા—રસનો સમુહની જુક્તિની રીત, અને તેના છાના (ગુપ્ત) વિચારની વિધાને જે ખરી માને, જેની ઉક્તિ–વાણી પ્રેમને વશ હોય, તે આ ચિત્ર ભેદને જાણે. આ સોરઠો સીધી લીટીઓમાં ગોમૂત્રિકામાં પણ વંચાય છે. બીજી રીતની ગોમુત્રિકા આકારની ત્રણ લીટિયોમાંથી પણ એજ આખો સોરઠો વંચાય છે. અશ્વગતિબંધ ચાર લીટિયોમાં લખેલો છે–તેમાં શેતરંજીનો ઘોડો જે રીતે અઢી ઘર ચાલે છે, તે પ્રકારે આ આખો સોરઠો વંચાય છે. આંજ સોરઠો ત્રિપદીમાંથી પણ વંચાય છે, તેમજ કમાડ ચિત્રમાંથી પણ એજ આખો સોરઠો વંચાય છે. (૨)

चित्र नंबर १.



अथ गोमूत्रिकानो बीजो भेद–चित्र नंबर २.



अथ अश्वगति–चित्र नंबर ३.

જુ ૧	ક્તિ ૧૮	રી ૩	ત ૨૦	ર ૫	સ ૨૨	રા ૭	સ ૨૪
મં ૯	ત્ર ૨૬	બે ૧૧	દ ૨૮	મા ૧૩	ને ૩૦	સ ૧૫	હે ૩૨
ઉ ૧૭	ક્તિ ૨	પ્રી ૧૯	ત ૪	બ ૨૧	સ ૬	જા ૨૩	સ ૮
ચિ ૨૫	ત્ર ૧૦	ભે ૨૭	દ ૧૨	જા ૨૯	ને ૧૪	વ ૩૧	હે ૧૬

अथ त्रिपदी भेद- चित्र नंबर ४.

જુ	રી	ર	રા	મં	એ	માં	સ
ક્તિ	ત	સ.	સ,	ત્ર	દ	ને	હે;
ઉ	પ્રી	બ	જા	ચિ	ભે	જા	વ

अथ कपाट बंध, सोरठा—चित्र नंबर ५.

જુ	ક્તિ		ક્તિ	ઉ
રી	ત		ત	પ્રી
ર	સ		સ	બ
રા	સ		સ	જા
મં	લ		ત્ર	ચિ
એ	દ		દ	ભે
માં	ને		ને	જાં
સ	હે		હે	વ

अथ त्रिपादे चतुःपाद मध्य तुक गतागतभेद—दोहा. चित्र नंबर ६.

|| विधु चकोर मधु मन मधु || | त | मी | ब | स | हु | न | त | ची | त |

अबे बिरह दुख देत अति, .तची तनहू सब मीत. || ३ ||


ટીકા—પ્રવીણ કહે છે-કે ચકોર પક્ષીનું ચિત્ત જેમ ચંદ્રને, અને ભમરાનું મન રસને વશ છે-તે રીતે અમારૂં મન તમારે આધીન છે; તેની પ્રભાયે વિરહ હવે અપાર દમે છે, અને હે મિત્ર! આખા અંગે તપી ઉઠીછું. (આ દોહરામાં ચમત્કાર એટલો છે કે-બીજા ચરણને ઉલટું વાંચીએ એટલે ચોથું ચરણ થાય છે.) (૩)

अथ पर्वतबंधभेद, चरनगुप्त–सवैया.

मैंन दही हिय केकिनकी धुनि, वद्दर बीज छटा घनमें;
धी बिन्न वान उचारत चातक, सागर आनि बसे मनमें.
नद्दन नीर वहें उमहे झर, छद्दमि दद्दर झिल्लनमें;
मैंन दही न रधी तन मींत, तमी नत धीर नहीं दनमें. ॥ ४ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે—વર્ષાઋતુની મોસમ બેસતાં કેકી=મોરના ટહુંકારરૂપે થઇને કામદેવે મને હૃદયમાં બાળી; તથા મેઘનાં આકાશમાં ચડેલાં વાદળામાં વીજળીની છટારૂપે થઇને મને શેકી; વળી બુદ્ધિ વિનાના ચાતુક વાણી ઉચ્ચારે છે-તેણે સાગરને લાવીને મારા મનમાં વસાવ્યા છે; નદિયોનાં નીર વહે છે, ઝડી ઉલટે છે, અને તે કપટી રતિરાજ કહેતાં કામદેવ દેડકાં અને તમરાંમાં રહીને બોલે છે. હે મિત્ર! એમ મને કામદેવે બાળી તેથી મારા અંગમાં દૈવત રહ્યું નથી; તથા તમી-કહેતાં રાત્રિમાં ધીરજ નથી, તેમ દિવસમાં પણ રહેતી નથી. (૪)

अथ पर्वतबंधभेद–चरनगुप्त–सवैया चित्र. नंबर ७




अथ त्रिबर्नचक्राकार चित्रभेद–सोरठा.

सरसें नतपे सेन, परसन दरसन. चाह मन;
तो झरन रहे नेन, बरसन सरसन प्रत्य दिन. ॥ ५ ॥

ટીકા—હે સાગર! હમેશાં સય્યા તે બાણ જેવી સાલે છે, અને મનમાં તમારા સ્પર્શની તથા દર્શનની અભિલાષા છે, તેમજ વળી આંખ્યોમાંથી–(તોય-જળ) ઝરતાં રહે છે, તે વર્ષાદની પેઠે પ્રતિદિને વધ્યા કરે છે. (૫)

अथ त्रिबर्नचक्रभेद, सोरठा–चित्र नंबर ८.



अथ आरोहावरोह चक्राकृतिगतिचित्राशिवविश्नु स्मर्ण–सोरठा. *

मसान बनहे वास, रे भसमन=तन अति रची;
मुदा अहिन गुन दास, तिलक धूम सिर सुरसरी. ॥ ६ ॥

ટીકા—મસાણ અને વનવગડામાં જેનો વાસ છે, તથા અરે તન ઉપર ઘણીએક ભસ્મ ચર્ચિ (ચોળી) છે, અથવા નતન જે કામદેવ તેની બાળીને જેણે અતિશે ભસ્મ કરી નાખ્યો છે એવા, અને જેણે સર્પનો ગણને દાસ કર્યા છે, ત્રીજા અગ્નિ નેત્રનો ધુમ્ર તિલકને ઠેકાણે છે; અને શિરે ગંગાજી બિરાજેલાં છે; એ રીતે શંકરનું ધ્યાન કરીને વળી તેજ સોરઠાને ઉલટોવી દોહાના આકારમાંથી કૃષ્ણનું સ્મરણ કરે છે. (૬)


* આ=સોરઠો લહર ૧ લી ને છંદ ૧૦ મે છે–તે જુવો.

अवरोहे-दोहा.

री सुरसुरसी मधु फलति, सदा नगुन हिय दाम;
चीत्र तिय नतन मस भरे, स वॉ हे न वन साम. ॥ ७ ॥

ટીકા—રતિવિલાસમાં શ્રી કૃષ્ણ ભગવાન અદર્શ થઈ (સંતાઈ) ગયા, એવા તે કપટી કાનુડાને ગોપિયોનાં ટોળાં જુદી જુદી રીતે શોધતાં હતાં; તે વખતે એક ગોપીએ બીજીને કહ્યું કે "રિ" એટલે હે સખી! સુરસી એટલે સુર સરી ગંગા જેવી ઉજવળ અને પુષ્પ રસને ધારણ કરતી એવી નિર્ગુણ માળા હમેશાં જેની છાતી ઉપર ધરેલી છે, તેમ સદાયે નતન-કામદેવને મિશે નારીઓમાં ભરપૂર રહે છે-એવા તે કૃષ્ણ વનમાં વાં અર્થાત્ મૂળ જગોએ નથી, મતલબકે જેમ ગોપિયોને શ્રીકૃષ્ણનો વિયોગ પડ્યો હતો, તેજ રીતિયે અમારે પણ તમારો વિયોગ છે. (૭)

चित्र नंबर ९.



अथ कपाटबंध–सवैया.

ध्यान धरे चित नेन झरे जल, नाग रही गुन पाग रही;
बान करे नित मेन फरे दल, दाग रही बिन काग रही.
भान जरे गत रे नपरे कल, ताग रही दिन आग रही;
कान हरे हितसें न टरे पल, सागरही धुनि लाग रही. ॥ ८ ॥

ટીકા—હે સાગર! મારૂં મન સદાય તમારૂં ધ્યાન ધરે છે અને શોકને લીધે નેત્રોથી આંસુઓ ઝર્યા કરે છે; વળી હે ચતુર! અથવા નાગ જે કાજળ અર્થાત્ આંસુ સાથે આંજેલ કાજળ નિકળે છે–તેમાં અને તમારા ગુણમાં ભિંજાઈ રહીછું. કામદેવ સદાય હાથમાં બાણ લઇને ચારેગમ ફેરા ફરે છે, તથા તમારા સ્નેહ ભર્યા કાગળ વિના હું અંતરમાં દાઝી રહીછું. સૂરજની ગતિ તપે છે; અરે! તેથી કળ પડતી નથી–એટલે આ મારો જીવ વ્યિકળ થઈ રહ્યો છે; તે દિવસને હું તાગી અર્થાત્ જેમ તેમ કરી ગુજારી રહી–તોયે વિરહની આગ તો બળતી ને બળતીજ રહી; તથા સાગરની ધ્વની એવી લાગી રહી છે કે–મારા આ કાનની વૃત્તિને હરી લે છે; અને એક પળે પણ મારા હિતથી ટળતી નથી. અથવા હે સાગર! એવી ધ્વની મારે મુખે લાગી રહી છે, તે મારા હેતમાંથી પળમાત્ર ટળતી નથી. (આ સવૈયો અશ્વગતિ, ગોમૂત્રિકા, અને ત્રિપદીમાં પણ લખાય છે.) (૮)

अथ कपाट बंध सवैया–चित्र नंबर १०.


ધ્યા	ન	બા		ભા	ન	ફા
ધ	રે	ક		જ	રે	હ
ચિ	ત	નિ		ગ	ત	હિ
ને	ન	મે		રે	ન	સેં
ઝ	રે	ફે		પ	રે	ટ
જ	લ	દ		ક	લ	પ
ના	ગ	દા		તા	ગ	સા
ર	હી	ર		ર	હી	ર
ગુ	ન	બિ		દિ	મ	ધુ
પા	ગ	કા		આ	ગ	લા
ર	હી	ર		ર	હી	ર

अथ शिखरबंध चित्र आत्मसिच्छा—दोहा.

मनका मदकुं छांडदो, लियो रसाकर नाम;
सत्य भजे जीके सबे, कीजे साछा काम. ॥ ९ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે-હે જીવ! તું મનના મદ-અહંકારને છોડી-તજી દે, અને રસાકર એટલે કૃષ્ણ કિંવા રસસાગરનું નામ લે; અને તેને સત્યતાથી ભજવાથી જીવનાં સર્વે સાક્ષત કામ કરી લઇએ. (૯)

चित्र नंबर ११.




अथ होजबंधचित्रभेद, श्रीकृष्ण जलकेलीबर्नन—कवित.

नज मन मोद घन, नजर धरी रमन; नग अंग आभरन, नगर वधू सथन.
मल जल केल वन, रत चतुराइ मन; अतही लगे रचन, रसु लपटाये तन.
जत रमे गोपीजन, चंद मुख आभा इन; हित सनेही किसन, लहर लगे ह-
सन. करत जल मजन, कमुद. चंत रजन; कसत हित अंगन, करहल सुर
गन. ॥ १० ॥

ટીકા—હવે પ્રવીણ પોતાની પિડાને ટાળવાને શ્રી જસોદાનંદન કૃષ્ણ ભગવાનની જળકેલીરૂપ લીલાનું સ્મરણ કરે છે. તે કૃષ્ણ કેવા છે—કે જેમને પો-

તાના મનમાં મોદ અર્થાત્ પરમાનંદ છે, અને નજર ધરીને રમણ (વિહાર) કરે છે; નાનાપ્રકારના હીરા-માણેક-મોતી આદિ નંગો જડીલ ઘરેણાં જેમણે શરીરે પહેર્યાં છે; અને નગરવધૂઓ-સ્ત્રીઓથી મળીને (વન) જળમાં જળક્રીડા કરે છે; તથા ચતુરાઇયુક્ત રંગાયેલા મનથી ઘણીક રચના રચવા લાગ્યા. રસથી લપટાયેલી તનુવાળી ગોપીકાઓ જહાં રમે છે; એઓના મુખની કાંતિ ચંદ્રના જેવી તેજસ્વી શોભે છે, અને તેઓ પોતાના હિતસ્વી શ્રીકૃષ્ણ સાથે પ્યારથી તે જળની તરંગોમાં હસવા લાગી, તેઓ જમનાજીના શ્યામ જળમાં મંજન અર્થાત્ સ્નાન કરે છે, તેમનું રઢિયાળું મુખ કુમુદનીના ચિત્તને રંજન કરે છે; વળી જેઓ હેતથી એક બીજાના અંગ સાથે વળગી રહ્યાં છે-તે જોઇને સુરગણો કોલાહલ કરે છે. (આ કવિત્ત જેમ નવકાંકરીબંધ ચિત્રમાં ચાલે છે તેમ અષ્ટદલકમલમાં પણ ચાલે છે.) (૧૦)

नवकांकरीबंध चित्र नंबर १२.



अथ सर्वताभद्रगतिभेदचित्र यथा—अनुष्टुप वृत्त.

माधू मीत तमी धूमा, धूम नौत तनौ मधू!
मीनौ प्रसेसे प्रनौमी, ततःसेत तसे ततः॥ ११ ॥

ટીકા—હે માધવ મિત્ર! અજ્ઞાનિયોના ધુમ્રરૂપ અર્થાત્ અજ્ઞાનિયોની દ્રષ્ટી જેને જોવાને ઉઘડતી નથી—એવા નવીન વાદળાં જેવું જેનું શરીર છે; અને તે વળી ઘણુંજ મિઠું છે—એવા અને જે મચ્છાદિકરૂપે પ્રસવ્યા તેને હું નમન કરૂં છું. તે ઇશ્વરથી શ્વેતતા એટલે ઉજવળતા અર્થાત્ પ્રેમનો પ્રકાશ ઉત્પન્ન થયો, અને તે પ્રકાશથી તેવીજ સૃષ્ટિ ઉત્પન્ન થઈ. (આ શ્લોકનાં ચારે ચરણ ઉલટ સુલટ પણ વંચાય છે.) (૧૧)

चित्र नंबर १३.

મા	ધુ	મી	ત	ત	મી	ધુ	મા
ધુ	મ	નૌ	ત	ત	નૌ	મ	ધુ
મી	નૌ	પ્ર	સે	સે	પ્ર	નૌ	મી
ત	ત	સે	ત	ત	સે	ત	ત

पुनःपादानुपाद सर्वतोभद्र गतागत—चित्र. नंबर १४


મા	ધુ	મી	ત
ધુ	મ	નૌ	ત
મા	નૌ	પ્ર	સે
ત	ત	સ	ત

अथ गतागत स्वस्तिक गतिचित्रयथा—सवैया.


मेरन प्रागट गोम घटास, सटा घमगोटग प्रान रमे;
मे भद्र लागु ध्रु तीय गहीस, सही मय तीध्रु गुलाट भमे.
मे न कर्म झल मोय मलीस, स ली मय मोल झमंकन्नमे;
मे दह व्रेह प्रवीन सदा स, सदा सन बीप्रह व्रेह दमे. ॥ १२ ॥

ટીકા—કુસુમાવળી સાગર પ્રત્યે જણાવે છે કે-ચોખ્ખી રીતે મેરૂ જણાતો નથી તેમ; આકાશમાં પણ ઘટા જણાતી નથી-છતાં અંધારેલા વરસાદના ગોટામાં ગંપેલી સટારૂપે વીજળીની મિશે પ્રવિણના પ્રાણ રમે છે. અને હું તો તમો-રાજાની સ્ત્રી-પ્રવીણની ભટ્ટ અર્થાત્ સખી થાઉંછું, પણ તે મારી સહી ગુલાંટ ખાતી હોયને ? તેમ ભ્રમણામાં પડી છે. તે મારાથી તેના-મ્હારી પ્રિય સાહેલડીના મનની ઝાળ ઓછી કરાતી નથી. તે પ્રવીણ મને મળી છે, અને તેના ઝાંઝરના ઝમકારાના મૂળમાંજ તેણે મને લીધી. તે પ્રવીણનું મેદ-માંસ વિરહથી નિરંતર શેકાયા કરે છે તથા હું ભ્રામણી સદાય તેની પાસે રહુંછું માટે ખાત્રીપૂર્વક કહુંછું કે તેને વિરહ બહુજ દુઃખ દે છે. (આજ સવૈયો સરોતા ચિત્રમાં પણ વંચાય છે.) (૧૨)

अथ चतुःपूर्वार्धे चतुर उत्तरार्धे गतागत सागर प्रति कुसुमोक्त-चित्र नंबर. १५



अथ सरोताबंधवह–सवैया–चित्र नंबर. १६.



अथ मबीनोक्त स्वस्तिकाकृति शिवस्तुतीचित्रभेद यथा—कवित.

मदनद्दा हासहरा, राजराज जयं अजा; जातुधान नमे मेत, तप साजी जीव भाय.
महामुन नमे जाहि, हित कामु मुदा दान; नव दामुं मुंड धार, रत रीझा झार लाय.
महामंत्र त्रसे सबी, वीपपाना नादविदा; दास मेहं हंसब्रत, तम दाही हीय ध्याय. मंड
व्याल लसे भूत, तनार्जुन नग्नदसा साथ गंग गजांबर रहो हिआ आपु आय. ॥१३॥

ટીકા—"પ્રવીણ શિવની સ્તુતિ કરે છે." કામદેવને બાળનારા, હાસ્ય રસવાળા, રાજાના રાજા, અને માયાને જીતનારા છો. જેને રાક્ષસો અને પ્રેત આવીને નમે છે, જેમને તપશ્ચર્યા સાધવાનું જીવમાં ભાવે છે; વળી જેમને મહા મુનિવરો આવીને પગે પડે છે–નમે છે; ભક્તોના હિતની કામનાનું ખુશીથી દાન કરે છે–એટલે તેમની મનવાંચ્છના પૂર્ણ કરે છે; મસ્તકની માળા કંઠમાં ધરી રાખી છે, તથા જેઓ સદાય પ્રસંન રહે છે. અને જેણે વીજા નેલમાં જ્વાલા લીધી છે, તેમ જેના મહામંત્રથી સર્વે ભીતીને પામે છે અર્થાત્ કંપે છે; જેમણે હળાહળ વિષનું પાન કર્યું છે, નાદ વિદ્યાના જે જાણનારા છે, તથા ભક્તોના પ્રિય છે; પરમ હંસનું વ્રત લીધેલું છે, તથા જેઓ અજ્ઞાનને બા-


ળનારા છે–એવા શંભુનું હું હૃદયની અંદર ધ્યાન કરૂંછું. જેમના અંગે સર્પનાં તથા વિભૂતિનાં ઘરેણાં દીપે છે, અને જેમનું ગૌરવર્ણું શરીર છે, વળી દશા જેમની નગ્ન છે, સાથે ગંગાજી જટાને વિશે બિરાજમાન રહેલાં છે, હાથીનું આળુ ચામડું ઓઢયું છે, એવા હે શિવજી! તમે આપોઆપ આવીને મારા ઉરમાં રહો. (૧૩)

तन्मध्य गत–दोहा.

महारसज जानंत जिय, मनही मुन मुरझाय;
मत्र बिना दाहंत हिय, मलत न सागर आय. ॥ १४ ॥

ટીકા—હે પ્રભો! તમો મારા જીગરની સર્વે વાર્તાના જાણીતા છો–કે હું મનમાં ને મનમાં મુરઝાઉંછું, વળી મારા વ્હાલા પ્રિય રસસાગર મિત્ર વિના મારૂં હૈયું દાઝે છે, તોય મિત્ર સાગર આવીને મળતા નથી. (૧૪)

चित्र नंबर. १८.



गाहा.

गोमूत्रिकादि भेदं, चित्र कवित शुभ कला=प्रवीनोक्तं;
द्वयषष्ठी अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ १५ ॥

ટીકા—ગોમૂત્રિકાદિક ચિત્રના ભેદવાળી ઉત્તમ ચિત્ર=કવિતા કળાપ્રવીણે કહી, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની આ બાઠસમી લહેર સંપૂર્ણ થઈ.(૧૫)

इतीश्रीप्रवीनसागरग्रंथेकलाप्रवीनोक्तगोमूत्रिकादिचित्रकवित वर्णनो नाम द्विषष्ठमो लहरं. ६२

लेहेर ६३ मी.

अथ रससागरोक्तगोमुत्रिकादि चित्रभेद–दोहा.

चित्र लिखित परबीनके, गोमूत्रिकादि रीत;
बांचत रससागर रिझे, किये सुचित्र कवीत. ॥ १ ॥

ટીકા—પ્રવીણના લખેલા ગોમૂત્રિકાદિ ચિત્રભેદયુક્ત છંદ વાંચીને રસસાગર ખુશી થયા, તેથી તેમણે પણ ચિત્ર ભેદવાળી કવિતા રચીને પ્રવીણ ઉપર મોકલી.(૧)

अथ गोमूत्रिकाबर्धभेद, रामस्मरन–सवैया.

यहे कुल भान हरी सुलभान, दहे दुलभान प्रभा नभ भान;
सं हे अलभान करी वलभान, रहे नल भान सभा शुभ भान.
व्रहे शलभान अरी जल भान, चहे चल भान अभान भ भान;
कहेज लभान परीत लभान, पहे थल भान लभा अभ भान. ॥ २ ॥

ટીકા—રસસાગર "શ્રી રામચંદ્રજીનું સ્મરણ કરે છે" તે રામચંદ્રજી કેવા છે, કે=સૂર્યવંશી છે, અને તે હરી–જે દુર્લભ વસ્તુ હોય તેને પણ સુલભ કરી દે છે. આકાશના સૂરજના જેવી જેની કાંતિ છે, અને તે પ્રભુનાં દર્શન અલભ્ય છે, ગજેંદ્રના વલ્લભ છે, નળરાજાના જ્ઞાનમાં પણ રહ્યા છે. સભાના શુભ સૂર્યરૂપ છે, વિરહરૂપી પતંગિયાના તથા શત્રુરૂપી જળના સૂર્યરૂપ છે, અર્થાત્ પતંગિયા જેમ સૂર્યના પ્રતાપથી છુપી જાય છે, તેમ વિરહીજનનો વિરહ તે ઇશ્વરના પ્રતાપથી છુપી જાય; વળી જેમ સૂરજ જળને શોશી લેછે, તેમ શત્રુનું શોષણ કરનારા રામજી છે. જેને શરીરનું ભાન ચળિત થયું છે, એવા વિદેહી જેને ચાહે છે, અભાન એટલે અજ્ઞાન રૂપી નક્ષત્રને ઢાંકી દેનારા સૂર્યરૂપ છે, એમ જેઓને તે લભ્ય થયા છે, અર્થાત્ મળ્યા છે–તેઓ કહે છે, તે ઇશ્વર પ્રિતિથી મળે છે, અને તે જ્ઞાનના સ્થળમાં પમાય છે; એવા ચિ-

દાકાશરૂપી ઇશ્વરનું ભાન અર્થાત્ જ્ઞાન અમને મળ્યું. (આ સવૈયા ગોમુત્રિકા, અશ્વગતિ, ત્રિપદી, કપાટબંધ તથા શોડશદલ કમળબંધમાં પણ વંચાયછે.) (૨)

अथ दूजो भेद गोमूत्रिकाबंध—सवैया—चित्र नंबर १९.

ય	કુ	ભા	હૃ	સુ	ભા	દ	દુ	ભા	પ્ર	ન	ભા
હે	લ	ન	રી	લ	ન	હે	લ	ન	ભા	ભં	ન
સ	અ	ભા	ક	વ	ભા	ર	ન	ભા	સ	શુ	ભા
હે	લ	ન	રી	લ	ન	હે	લ	ન	ભા	ભ	ન
પ્ર	શ	ભા	અ	જ	ભા	ચ્યુ	ચ્ચ	ભા	અ	ન	ભા
હે	લ	ન	રી	લ	ન	હે	લ	ન	ભા	ભં	ન
ક	જ	ભા	પ	ત	ભા	પ	થ	ભા	લ	અ	ભા
હે	લ	ન	રી	લ	ન	હે	લ	ન	ભાં	ભ	ન


अथ अश्वगति भेद, सवैया–चित्र नंबर २०.

ય	હે	કુ	લ	ભા	ન	હુ	રાં	સુ	લ	ભા	નં	દ	હે	દુ	લં	ભા	ન	પ્ર	ભા	ન	ભ	ભા	ન
સ	હે	અ	લ	ભા	ન	ક	રી	ય	લ	ભા	ન	ર	હે	ન	લ	ભા	ન	સ	ભા	શુ	ભ	ભા	ન
ગ્ર	હે	શ	લ	ભા	ન	અ	રી	જ	લ	ભા	ન	ચ	હે	ચ	લ	ભા	ન	અ	ભા	ન	ભ	ભા	ન
ક	હે	જ	લ	ભા	ન	પ	રી	ત	લ	ભા	ન	પ	હે	થ	લ	ભા	ન	લ	ભા	અ	ભ	ભા	ન

अथ त्रिपदी भेद, सवैया–चित्र नंबर २१. वह सवैया कपाटबंधमां पण वंचायछे.

ય	કુ	ભા	હુ	સુ	ભા	દ	દુ	ભા	પ્ર	ન	ભા	સ	અ	ભા	ક	વ	ભા	ર	ન	ભા	સ	શુ	ભા
હે	લ	ન	રી	લ	ન	હે	લ	ન	ભા	ભ	ન	હે	લ	ન	રી	લ	ન	હે	લ	ન	ભા	ભ	ન
ગ્ર	શ	ભા	અ	જ	ભા	ચ	ચ્ચ	ભા	અ	ન	ભા	ક	જ	ભા	પ	ત	ભા	પ	થ	ભા	લ	અ	ભા

अथ शोडशदलकमलबंध, कवित-चित्र नंबर २२.



अथ जुगल दोहांतर्गत चरनगुप्त जालीप्रबंध.

पंथी जाय कहो सु निज, नहीं मिलन बिन चेनँ;
भरे उसासा द्रग झरे, बीतत दिन दुख देन. ॥ ८ ॥

ટીકા—હે પંથી! પ્રવીણને જઇને કહો કે તમને મળ્યા વિના સાગરને ચેન પડતું નથી, ભારે ઉસાસા ભરે છે અને આંખ્યોથી આંસુ ઝરે છે, તેમજ દિવસ દુખદેન ગુજરે છે અર્થાત્ વીતે છે. (૮)

घरी घरी तलफे जिया, मानहुं बिन जल मीन;
प्रभा कबे नखें प्रनय, पंकज नयन प्रबीन. ॥ ९ ॥

ટીકા—જાણે કે જળ વિનાનું માછલું હોય ને? તે રીતે ઘડિયે ઘડિયે

જીવ તલફે છે, અને એવું ચાહે છે કે નમ્રતા ભરેલાં પ્રવીણનાં કમળ જેવાં નેત્રની છબિ ક્યારે જોઇએ? (૯)

अथ जुगल दोहांतर्गते चर्नगुप्त जाली प्रबंध भेद-चित्र नंबर. २३.

१ २ ३

પં	થી	જા	ય	ક	હો	સુ	નિ	જ
ન	હી	મિ	લ	ન	બિ	ન	ચે	ન
ભ	રે	ઉ	સા	સા	દ્ર	ગ	ઝ	રેં
બી	ત	ત	દિ	ન	દુ	ખ	દે	ન
ધ	રી	ધ	રી	ત	લ	કે	જિ	યા
મા	ન	હુ	બિ	ન	જ	લ	મી	ન
પ્ર	ભા	ક	બે	ન	ખં	પ્ર	ન	ય

૮ ૪ ૫


૭ ૬

अथ अष्टकोण वर्त्तुलाकारप्रबंध, आरोहावरोह—कवित.


नवन बि मत रसु, दामनि दुती दरसु; धुरवा धरा परसु, इच्छाही दहत छन. नछतह दही छाइ, दादुर धुनी बढाइ; घटा घोर चढी आइ, नरहे सहे न मन. नमनहे सहे रन, ग्रहे रव झिल्लि गन; चातुकी करे भ्रमन, मेन रपु रेनी दन. नद नीरे पूर नमे, मरुत्त बघूरनमें; बोलत मयूरनमें, सुरत प्रबी-बन. ॥ १० ॥

ટીકા—સાગર કહે છે કે-વર્ષાદની ઋતુ બેસવાથી ગગન ભણી નૂતન રસ-પાણી ચઢ્યું છે, તેમાં વિજળીની પ્રભા ઝબુકા કરતી દિસે છે, અને આકાશમાં છંવાયેલા વરસાદના ધુરવા જમીન સુધી અડયા છે, તે મારી આશાઓને ક્ષણમાં દહન-ભંગ કરે છે, નક્ષત્રોને છાઈ નાખ્યાં છે, દાદુર કહેતાં દેડકાંએ બોલવાની ધ્વની વધારી મુકી છે, અને મેઘની શ્યામ તથા બીહામણી ઘોર ઘટા ઉમટી આવી છે-તેથી મારૂં ચિત્ત સહન કરી રહેતું અર્થાત ધીરજ ધરી શકતું નથી, એ વર્ષાદની શેરો નમેલી છે, અને પતંગિયાંના સમુદાએ શબ્દ ગ્રહણ કર્યા છે, ચાતુકી એટલે બપૈયાની માદા ભ્રમણ કરે છે, તેમજ કામદેવ રૂપી વેરી પણ રાત દિવસ ભમ્યા કરે છે, નદિયો પાણીવડે છલકાતી અને છલંગો મારતી ખળખળ કરતી વહે જાય છે, પવન ચકરીઓ ખાઈ રહ્યો છે, અને મોરો ટેહેંકાર કરી રહ્યા છે; આવા વખતમાં મારી સુરતા-દૃષ્ટિ તો એક પ્રવીણમાંજ બની-લાગી રહી છે. (૧૦)

चित्र नंबर २४.



अथ चोपरप्रबंध चित्र नंबर २५.




अथ चोकीप्रबंध भेद, सवैया.

रे जन वीसरहो हमकों तुम, प्रेम भरे हितु के समरे;
रे मस केउ मिलो न तबे लगि, दाउ विजोग दहे तनरे.
रे नत हे ज्यु तिहारोइ साधन, नेन. हरे सुरबीर परे;
रे परवीन·हमें तुम चाहत, तो पठवो.सुसबी नजरे. ॥ ११ ॥

ટીકા—સાગર કહે છે કે—અરે પ્રવીણ! તમે પ્રેમનાં અને અમારા સર્વે હિતનાં ભરેલાં છો, તે તમે અમને વિસરશો નહીં! અરે-કોઇએ બ્હાને મળો નહીં-ત્યાં લગી વિજોગનો દવ મારા તનને તાવશે અરે-નિત્ય તમારૂંજ સાધન છે, અને નેત્ર સુરવીરની પેઠે તમારી તરફ દોડે છે, અરે-હે પ્રવીણ! અમે તમને ચાહિયે છીએ-માટે તમારી રઢિયાળી છબિ અમારી દૃષ્ટિ આગળ મોકલો. (૧૧)

चित्र नंबर २६.



अथ चतुर्पादगर्भातर्गत अंत्यतुक गुप्तांतर्लापिका सीढीबंध भेद–कवित.

एह नेन चाहतहे, तेरेई बिलोकवेको; नेरे एक आय केसें, क्षिप्र क्षिप्र पाइयेन. बी-तत करेरे पल, छिनहू न परे कल; रही फेल ब्रहा, यातें निकट रहाइयेन. एकही सनेह बीच, जे कही अनेक टेक; ताइ दहनो बिसेक, निज मन चाइये न. आदकी तरंग सो तो, आइ जिय संग ओहे; एरे ये प्रबीन, फेर एक दन आइयेन. ॥१२॥

ટીકા—હે પ્રવીણ! આ અમારી આંખ્યો એક તમારાજ અંગોને–દિદારને જોવાને ઇચ્છે છે, માટે એકવાર ઉતાવળે ઉતાવળે નજીક આવવાને કેમ પામતાં નથી? અમને વિષમ ગુજરે છે–અને ક્ષણિકે કળ (ચેન) પડતી નથી. અને આખા શરીરે વિરહ પથરાઈ–છવાઈ રહ્યો છે, એથીકરી પાસે આવીને કેમ રહેતાં નથી? અમે એક સ્નેહ વચ્ચે જે અનેક ટેક ધરી છે–તેને હવે અધિક બાળવાને પોતાના મનમાં ચાહીએ નહીં. આદિનો પ્રેમનો જે તરંગ આવ્યો-

છેન્તે તો જીવની જાઉજ જશે. માટે અરે ઓ પ્રવીણ ! ફરીથી એક દિન કેમ આવતાં નથી? (એમાં છેલ્લી તુકના સોળ અક્ષર એટલે "અરેએપ્રબીનૂ ફેર એક દન આઇયે ન" પગથિયાને આકારે એજ કવિતમાંથી વંચાય છે.) (૧૨)

चित्र नंबर २७.


એ	ઇનેન ચાહ		તહે
તે	રે	ઇબિલો	કબેકોં
નેરે	એ	કઆ	યકેસેં
ક્ષિપ્રક્ષિ		પ્ર	આઇયેન
બી	તત કરેરે		પલ
છિ	ન	હુ ન પ	રે કલ
રહી	ફે	લ	બ્રહા યાતેં
નિકટ		ર	હાઇયેન
એ	કહી સનેહ		બીચ
જે	ક	હીઅને	ક ટેક
તાઈ	દ	હ	નોબિસેક
નિજ મ		ન	ચાઇયેન
આ	દકીતરંગ		સોતો
આ	ઈ	જિયસં	ગ જૈહે
એરે	યે	પ્ર	બીન ફેર
એક દ		ન	આઇયેન

अथ शिवोपरी चित्तदृढावबोध—सवैया चोकी प्रबंध.

हे जप पार उतारन हारक, हे हर क्यंकर मान रहे;
हे रनमांझ हकंत इकं यह, रे परवीन सु व्याल मुहे.
हे मल व्यापिक सील स्वभाविक, कापिक काल हवे वशिहे;
हे शिव देव अदेव दया कर, संत सुधाकर पाप जहे. ॥ १३ ॥

ટીકા—સાગર શિવજીને સમરતાં કહે છે કે—જેનો જપ કરવાથી ભયંકર દુ:ખને દળનાર અર્થાત્ પાર ઉતારનારા છે, અને તે શંકરના દાસ એવા છે કે જેઓ નિંત્યે સન્માન (આબરૂ) પામેલા રહેછે. વળી તે ભોળાશંકર વનમાં એકાંતે એકલા છે, તેમજ હે પ્રવીણ! તેમની જટાધારીની પાસે મોટા ફણિધરો વસે છે. તે શિવ માયામાં મળીને સર્વત્ર વ્યાપક છે. સ્વભાવે શીળા છે, કાળને કાપનારા છે, તે આપણા અંતરમાં વસશે. તે શિવ દેવ અને દૈત ઉપર દયા કરનારા છે, સંત જનને અમૃતની ખાણ જેવા છે, અને પાપને હણનારા છે; માટે તેમનું ધ્યાન ધરો. (૧૩)

चित्र नंबर २८.




अथ आरोहावरोह एक कवितार्थ—दोहा.

मीतु नाबिन मन बिन तुमी, तुदे सु बिय बिसु देतु;
नत प्रबीम मन बीप्रतन, तुहे मगत गम हेतु. ॥ १४ ॥

उलट भेद—सोरठा चित्र नंबर २९.

तुहेम गत गम हेतु, नत प्रबीन मन बिप्र तन;
तुदेसु बिय बिसु देतु, मीतु न बिन मन बिन तुमी. ॥ १५ ॥

ટીકા—હે નવિન મિત્ર! તમારા વગર આ મારૂં મન વિયોગી છે, વળી (તુદે) પેટમાં નવું વિષ આપો છો. હે પ્રવીણ! સદાય તે મન વિપ્રસુતની પેઠે હે હિતસ્વી! તમારૂં આગમન (ભીખ) માગે છે. (૧૪-૧૫).



अथ कपाटप्रबंध-दोहा.

बान ठान बेधे हिये, पांचो बर्न परबीन;
ध्यांन आन सोधे जिये, राचो मन जर मीन. ॥ १६ ॥

ટીકા—સાગર કહે છે કે પ્રવીણ વિના પાંચે બાણ ઠરાવીને રતિપતિયે હૈયું વીંધી નાખ્યું છે, પણ તે પ્રવીણનું ધ્યાન દઇને-આણીને શોધ કર્યો. તો જેમ પાણીમાં માછલું રીઝે, તેમ મારૂં મન તેમાં (પ્રવીણમાં) રીજ્યું. (આ દોહરો ગોમૂત્રિકા, અર્ધગતિ અને ત્રિપદિમાં લખાય છે.) (૧૬)

अथ कपाटप्रबंधभेद दोहा-चित्र नंबर ३०.

બા	ન	ન	ધ્યા
ઠા	ન	ન	આ
બે	ધે	ધે	સો
હિ	યે.	યે	જિ
પાં	ચો	ચો	રા
બ	ન	ન	મ
પ	ર	ર	જ
બી	ન	ન	મી

प्रवीनोक्त दोहा.

मैन वान हन रेन दिन, भान छीन तनलीनं;
चेन छिन उन नेंन मन, क्यों न भान उनेलीनं. ॥ १ ॥

ટીકા—કળાપ્રવીણ કુસુમાવળીને કહે છે કે-રાતે દિવસ કામદેવે બાણ મારીને મ્હારા શરીરનું સર્વે ભાન છીનવી લીધું છે; તેથી મ્હારા મનમાં એક ક્ષણવારે ચેન પડતું નથી-તોપણ તેણે (સાગરે) કેમ હજી મ્હારી ખબર લીધી નહીં? (૧)

अथ प्रवीनोक्तत्रिपदीबंध–चित्र नंबर ३१.

મૈ	બા	હુ	રે	દિ	ભા	છી	ત	લી
ન	ન	ન	ન	ન	ન	ન	ન	ન
ચે	છિ	ઉ	નેં	મ	કયેં	ભા	ઉ	લી!

अथ प्रवीनोक्त कपाट बंध चित्र नंबर ३२.

મૈ	ન		ન	ચે
બા	ન		ન	છિ
હુ	ન		ન	ઉ
રે	ન		ન	નેં
દિ	ન		ન	મ
ભા	ન		ન	કયેં
છી	ન		ન	ભા
ત	ન		ન	ઉ
લી	ન		ન	લા

गाहा.

गोमूत्रिकादि चित्रं, रचि पठाये प्रवीनपें सागरें;
त्रयषष्ठी अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ १७ ॥


ટીકા—રસસાગરે ગોમૂત્રિકાદિક ચિત્ર રચીને પ્રવીણપર મોકલાવ્યાં તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથના ત્રેસઠમી લેહેર સંપૂર્ણ થઈ. (૧૭).

इतिश्रीप्रवीनसागरग्रंथेरससागरकृतगोमूत्रिकादिचित्रभेदबर्ननंनाम त्रिषष्ठितमो लहरं ६३.

॥ अथ कवित नागपास बंध ॥ सागरोक्त कृष्णउपालंभ भेद ॥

काली नाग के नथन, बारन धन मथन;
सुघर बधू सथन, रस रीतके कथन.
गर राजके धरन, साम बन चप तन;
बंसुरी सुतहीं घन, धर चर रीझवन.
प्रनय पधर मन, रटन प्रिया करन;
नटवर बरानन, बसुधा गहीद सुमन.
चक्री के सयन मन, कौस्तुभ दाम सुगन;
मनसा सब पूरन, प्रबीन क्यौं मिलाउन. ॥५॥

चित्र नंबर-३४.



॥अथ प्रवीनोक्त कमलादिक विविध चित्रभेद वर्णनं यथा॥

॥दोहा॥

कमलादिक आकारसें, कवित्त करी प्रवीन॥
सो अब वर्नन करत है, प्रेमसुधारस भीन॥१॥

॥अथ कर्निकाद्यं मध्यांत कमल प्रबंध भेद॥ सवैया॥

परसे पुरवा धुरवा धरसें, धरसें बदि बेल चढी तरसें॥
तरसे चित चातुकके दरसे, हरसे दुति दामिनि अंबरसें॥
बरसे घनघोर घटा झरसें, झरसें धुनि बादल दादरसें॥
दरसे बिन मित्त ग्रहा सरसे, सरसे दिन सागर जू परसे॥२॥


चित्र नंबर ३५



॥अथ पंच चक्र प्रबंध वह॥सवैया॥

परसे पुरवा धुरवा धरसें, धरसें बंदि बेल चुंदीन्तरसें ॥
तरसें चित चातुक के हरसे, हरसे दुतिदामिनि अंबरसें॥
बरसे घनघोर घटा झरसें, झरसें धुनि दादुर दादरसें ॥
दरसें बिन मित महा मरसे, मरसे दिनसागर ज्यूं परसे ॥२॥

चित्र नंबर. ३६



॥अथ नालिकेरी प्रबंध ॥वहसवैया॥

परसे पुरवा धुरवा धरसें, धरसें बढिवेलु चढीनरसें॥
तरसे चित चातुक के हरसे, हरसे दुति दामिनि अंबरसें॥
बरसे घनघोर घटा झरसें, झरसे धुनि बाद्दल दादरसें॥
दरसे बिन मिंत अहा सरसे, सरसे रिनसागर जू परसें॥२


चित्र नंबर· ३७



॥ अथ रथ चक्र प्रबंध यह ॥ सवैया ॥

परसे:सु रथा धुरवा धरसे, धरसें बढि बेल चढी तरसें ॥
तरसें चित चातुकके हरसे, हरसे दुति दामिनि अंबरसें ॥
बरसे घनघोर घटा झरसें, झरसें धुनि बांकत दादरसे ॥
दरसे बिन मिंत ग्रहा सरसे, सरसे दिन सागरजू परसें ॥२५


चित्र नंबर. ३८



॥अथ कमळ प्रबंध चित्रभेद यथा॥ सवैया॥

बदले बदले धुरवा धुरवा, बिरही बिरही सरिहे सरिहे॥
नभमें नभमें चपला चपला, गतकी गतकी हरिहे हरिहे॥
बिनता बिनता न सुहे न सुहे, पलमें पलमें जरिहे जरिहे॥
रसना रसना सुमिरे सुमिरे, सुरता सुरता परिहे परिहे॥ ३॥

चित्र नंबर. ३९



॥अथ चतुर्गुच्छ प्रबंध॥सवैया॥

बदले बदले धुरवा धुरवा,बिरही बिरही सरिहे सरिहे॥
नभमें नभमें चपला चपला,गतकी गतकी हरिहे हरिहे॥
बिनता बिनता नं सुहे नसुहे,पलमें पलमें जरिहे जरिहे॥
रसना रसना सुमिरे सुमिरे,सुरता सुरता परिहे परिहे॥


चित्र नंबर, ४०



॥अथ अष्टदळकमळ प्रबंध॥सवैया॥

बदले बदले धुरवा धुरवा, बिरही बिरही सरिहे सरिहे॥
नभमें नभमें चपला चपला, गतकी गतकी हरिहे हरिहे॥
बिनता बिनता न सुहे नसुहे, पलमें पलमें जरिहे जरिहे॥
रसना रसना सुमिरे सुमिरे, सुरता सुरता परिहे परिहे॥

चित्र नंबर. ४१



अथ लहरी प्रबंध॥ सवैया॥

बदले बदले धुरवा धुरवा, बिरही बिरहीं सरिहे सरिहे॥
नभमें नभमें चपला चपला, गतकी गतकी हरिहे हरिहे॥
बिनता बिनता न सुहे न सुहे, पलमें पलमें जरिहे जरिहे॥
रसना रसना सुमिरे सुमिरे, सुरता सुरता परिहे परिहे॥

चित्र नंबर-४२



॥ अथ केसराद्य मध्यांत गति चतुर्दळ कर्णिका कमळ प्रबंध॥ कुसुमोक्त॥ सवैया॥

बनकी जुलता फहेरान लगी, गहेरान लगी सुघटा घनकी ॥
घनकी दरा डुहरान लगी, छहेरान लगी छबि दामनकी॥
मनकी गति सो हहेरान लगी, जहेरान लगी कन बुंदनकी॥
दनकी जुग सी पहेरान लगी, कहेरान लगी उन आबनकी॥

चित्र नंबर. ४३



॥ अथ अष्टदल पुष्प बंध भेद ॥ प्रवीनोक्त ॥ सवैया ॥

संनेह हमेंस समार रहंत, तपंत तनंसु सुभाउ उदासं ॥
सकार रहंत तरूनि निहार, रतिस सदाहि हियानिनिवास
सनीअ अहानननराच चलाय, यनेक करंत तचान नरासं ॥
सकोउ उपाय यलाजजमेन, नमेंन नमें न नदान नसासं ॥

चित्रनंबर ४४



॥अथसुमन प्रबंध॥सवैया॥ प्रबीनोक्त॥

लथे ददरान, गलेडगरान,घटा गहेरान, सरवी सिखरान ॥

स्वे बदरान, फ़ले बग रान, पटा थहेरान,सखी बिरवरान ॥

ख्वे अदरान, चले जगरान, छटाफ हेरान,सरखी लिरवरान॥

प्रवे नदरान, मले सगरान, चटा छहेरान,सेरपी चैरवरोन॥५


चित्रनंबर. ४५



॥अथ कुसुमप्रबंध॥ चह सवैया॥

लवे ददरान, गले डगरान, घटा गहेरान, सखी सिखरान॥
स्त्रवे बदरान, कले बगरान, पटा थहेरान, सखी बिखरान॥
झवे अदरान, चले जगरान, छटा फहेरान, सखी लिखरान॥
प्रवे नदरान, मंले सगरान, चटा छहेरान, सखी चखरान॥


चित्र नंबर. ४६



॥ अथ रथ चक्र प्रबंध ॥ सवैया ॥

लवे ददरान, गले गरान, घटा गहेरान, सखी चिखरान॥
स्रवे बदरान, कले बगरान, पटा थहेरान, सखी बिखरान॥
स्रवे अदरान, चले जगरा , छटा रान, सखी लिखरान॥
प्रधे नदरान, मले सगरान, चटा छहेरान, सखी चखरान॥


चित्र नंबर. ४७



॥ अथ नाग शिशुप्रबंध भेद ॥ कवित्त ॥

धुरवा धरा धसाने, बेलि बने लपटाने, सुरराज चापताने, बूंद दरसाई है ॥ बादरान छान लागे, भानकों छपान लागे, दादुरा डरान लागे, केकी धुनि गाई है ॥ चातुकी उचार बानी, घटा घोर गहरानी, घन बीज चमकानी, दंपति [illegible] हाई है ॥ दसै [illegible] न रावरे, बियोगी जन बावरे, हे अहो इत आवरे, असाढी रितु आई है ॥

चित्र नंबर ४८



॥ अथ नव फणा नाग प्रबंध ॥ कवित मध्ये सोरठा ॥

दामनी दिसा नचान, तरु लता लपटान, नर्झर लगे बहान, हरता भये गिरान ॥ सेहरे लगी अरवान, मोदमन दादरान, सोम छाये भासमान, नभस्वर चापतान ॥ न तह मो नरदेर, सल पपीहे दाहेन, भन गहेरी गति गजत उमंडी ही आन ॥ नयन अरवंत बार केकी रव ग्रहि सु धुन, बग न से त लखि ए सब सोसे नदान ॥७॥

तन मध्ये मध्य पंक्ति उदरांतर्गत ॥ सोरठा ॥


नत दाहन मो सेन, सोर वदे सर ए सखि ॥ तलप तपी सेहे न, दागहे बन नभ धुन सु गहि ॥८॥ चित्रनंबर.४९



॥ अथ अष्टनाग शिशुप्रबंधभेद ॥ सवैया ॥ बसंतबिरहबर्नन ॥

बनमें रितुराज प्रभा बिकसी, बिकसी रतिराज प्रभा तनमें ॥
तनमें बिरहा प्रगटी दरसे, दरसे रस आवलि आंखनमें ॥
खनमें मन मित्र बिना तरसे, तरसे सुख बास निवासनमें ॥
सनमें सखी सागर ज्यूं नमले, नमले बन भ्रत्तनि व्हे बनमें ॥ ९

चित्र नंबर. ५०.




॥ अ॰ केतकी प्रबंध॥कवित॥चित्र न.५१

बन घन छई वेल, घन तन रच्यो खेल, तन मन चहे केल, मन जन ए धरहु॥

चर धर मोद अंग, धर तर फूल भंग, तर दर नये रंग, दर द न छे करहु॥

झल मिल कोक पंत, मिल चल मिंत मिंत, चल दल भयो चिंत, दल हुन विसरहु


द्रग लग रहे आप, लग मग हरो ताप, मग सगरे प्रताप, सागर सदा हुरहु॥१८



अथ चतुःत्रिशूलप्रबंध,भवानीस्तुति.सवैया.

किं दरनी दरनी अरनी चख, पें झरनी झरनी झरनी ॥
गो धरनी धरनी अध ऊरध; भो बरनी बरनी बरनी ॥
खे चरनी चरनी स्थिरनी थित,है तरनी तरनी तरनी ॥
भे हरनी हरनी जन संकट, श्री करनी करनी करनी ॥


चित्र नंबर. ५२



॥अथश्रीग्रहलता बंध भेद॥तत्रसिद्धोक्त भवानीस्तुति॥सवैया

किंदरनीं दरनीं अरनीं चख, पैझरनीं झरनीं झरनीं ॥
गोधरनीं धरनीं अपउरध, भोबरनीं तरनीं बरनीं ॥
खेचरनीं चरनीं थिरनीं थित, हेलरनीं तरनीं तरनीं ॥
भेहरनीं हरनीं नर संकर, श्री करनीं करनीं करनीं ॥


चित्र नंबर. ५३



॥ अथ चतुर वर्ण चक्र प्रबंध ॥ सोरठा ॥

प्रेम नेम प्रम धाम, क्यौंन ध्यान उन आन मन ॥
ताम नाम रम राम, फेर धार उर हार कर ॥१३॥

चित्र नंबर. ५४




अथ प्रवीनोक्त मुकुट बंध चित्र यथा ॥

दोहा.

नरन शरन हारन धरन, सागर सनम मैंलाव;
सारँग धर हँस मनहि महि, मैं तो लागूं पाव. १

अर्थ — नरो (पुरुषो) ने आश्रय आपनारा अने हारोने धारण कर-नारा सागर स्वामीने मेळव्युं तो हे सारंगधर (विष्णु) मनमां हसीने हमेशने तुरीयपदने हुं तने पगे लागुं. १

चित्र नंबर. ५५



अथ नराकार धनुष प्रबंध भेद, सोरठा.

नांत मात ब्रत पात, इत उत जित तित्र जात चित॥
रात प्रात गत. गात, नित नित चिंत मिंत आत ह्रत॥१४

चित्र नंबर. ५६



॥ अथ चोकी प्रबंध भेद ॥ गती चित्र ॥ सोरठा ॥ चित्र नं. ५७

तात मात भ्रत पात, इत उत जित तित जात चित।
रात प्रात गत गात, नित नित चित मित आत हित॥ १४॥



यह सोरठा ॥ गोमुत्रिका, अश्वगति, तथा कपाट बंधमें भी लीखा जाता है. ॥

॥ नं. चक्राकृति भेदप्रबंध ॥ चित्रयथा ॥ सोरठा ॥ चित्र नं. ५८



अथप्रबीनोक्त गजबंध चित्र कवित.

सुभग महल्ल गच्छी, मह्हीमें बरीष्टभाव, सुगंध नवल साज, ब्लेळ चच्छे रहे;
सुशील सरव गन, आठ याम गेह जेते. सुरवद यावकशंम्य, यी अनेक जे रहे;
सुमनमें नाहि सबे, नेक भायबपुमोर, सुरवके संपाद नेकों, शुभ आश पेरहें;
सुमन शयामें संग, सागर सनेही बैठ, अंक भरी अंगे कब, आय हेते हे रहे. १

चित्र नंबर.५९.




॥आद्यंत मुख सर्प प्रबंध गतागते हरिहर स्तुति॥
द्वि सवैया चित्र नं.६०

आद्यंत मुख सर्प प्रबंध गतागते हरिहर स्तुति॥ सवैया॥ रे मन तुं हरिदास कहावत, सो न भजे पद किंकरता॥ रे मत नेह तजो जग तारक, तारहि ताहि रटे सुरता॥ रे मग हिन दवे तव वाहि, जापत श्याम सधे भरता॥ रे मद जो भजु को वसि दास, सदा हित शंक समे हरता॥ १६॥



॥पद उलटभेद सवैया॥ शिव स्तुति॥
तार हमेसक संत हिदास, सदा शिव याजु भजो रमरे॥ तार वधे समन्नया तप जादिर बांचत बेद नहीं गमरे॥ तार सकेर हि ताहिरता, करता गज जोत हने तमरे॥ तारक किंरप जे भनसो लव इक सु बारिद तुं नमरे॥१७॥

॥अथ देवालय बंध॥कवित डंडिक बत्रीशो॥चित्र नं. ६१



॥कवित॥ गनपति गिरागौरी, जमन्नगराज सर्व, गजपति पन्नूपति, पंनगेश राम सीत॥
राजराज भैरौ भव, रिषीराज बार वेश, तिमीनाथ तरूनाथ, तन्त्रीपत हनूंमीत॥

हलधर वरधर, वयाधर सन्याधंर, पभोभव तंमदेव, तमीपंत रटे नीत्य;॥
रवदेव रसांजव, वदे धार तत्व सार, तन तप यहीजप, रसरीत परतीत॥ १॥

॥ अथ हार प्रबंध ॥ कवित ॥ चित्र नं.६२



कवित – गान तान पुग नाम राग भेद छेद हद, सर तीर पर राज दुजराज कोन दन ॥ ध्यान कोक पाक पीक रे तर तपत धार, पीर पार प्रेम नेम हेम नन स्न तन ॥ उन बन छीन मीन चातकी तपत बुंद, मंद हे दनेस द्रस प्रस बीन सुन बन ॥ बार घोर मोर चहे रहे के प्रीत रीत, मीत मधु माधुरि धुनी नवीन एनं मन ॥ १८ ॥

गाहा – चित्र भेद कमल ॥ [illegible] प्रवीन सागर लहर चतुरंग कि अभिधानं, पुर्न प्रवीन सागर लहर ॥१९॥

इतिश्री प्रवीन सागर ग्रंथे [illegible] चित्र [illegible] कोनाम चतुराधिक मो लहर ॥६४॥

॥ अथ चित्रकाव्य प्रारंभ यथा ॥

प्रवीनोक्त दोहा.

मैन बान हुन रेन दिन, भाले छीन तन लीन;
ये न छिन उन नैन मन, क्यौं न भान हुन खीन. १


अथ प्रवीनोक्त - ताउस बीन बंध ॥ चित्र नंबर ९३



अथ प्रवीनोक्त वीणा बंध चित्र नंबर ९४




अथ प्रवीनोक्त सितारबंध ॥ चित्र नंबर ९५



॥अथ प्रवीनोक्त दोहा॥

मैनबान हून रेनदिन, भान छीन तन लीन;
चैन छिन उन तेन मन, क्यौंन भान उन लीन. १

अथ प्रवीनोक्त दर्पण बंध चित्र ६६




अथ प्रवीनोक्त चक्रबंध चित्र नं. ६७



अथ प्रवीनोक्त अष्टादश कमल बंध॥
चित्र नंबर. ६८




अथ द्वितिय अष्टादश कमल बंध चित्र
नंबर. ६९




॥ अथ प्रबीनोक्त दोहा ॥

मैन बान हन रेन दिन, भान छीन तन लीन;
चेन छिन उन तेंन मन, क्यौंन भान उन लीन. १

अथ नवदल कमलबंध चित्रनं. ६९




अथ हलकी कुंडीबंध चित्रनं. ७०



अथ मुष्टिकाबंध चित्रनं. ७१




अथ हारबंध चित्र नंबर. ७२




॥अथ प्रवीनोक्त दोहा॥


मैन बान हन रैन दिन, भान छीन तन लीन;
चैन छिंन उन तैंन मन, क्यौं न भान उन लीन. १

अथ माला बंधचित्र नं. ७३



अथ धनुष्य बंधचित्र नं. ७४






अथ चामर बंध. चित्र नं. ७५

अथ प्रबीनोक्त दोहा ॥ चोकी बंध ॥ चित्र नं.७६


मैंन बांन हन रेन दिन, भान छीन तन लीन.
चेन छिन उन तेन मन, क्यौंन भान उन लीन. १



अथ द्वितिय चामर बंध ॥ चित्र नंबर.७७



अथ खड्ग बंध ॥ चित्र नंबर.७८



॥ अथ सागरोक्त कमलादिक चित्र भेद बर्नन यथा ॥ दोहा ॥

कमलादिक परबीन कृत, बांचे सागर चित्र ॥
पुनि यह आप बनाय के, पठये कवित पवित्र ॥ १ ॥


॥ अथ शोडशी दल कमल प्रबंध हरिहर स्तुति ॥ कवित ॥

श्रियाके रमन हार, भवा अरधांग धार, रस आदिके उदार, रास शांत रससा
र ॥ श्याम मथ पार धार, सेत प्रेतके खीलार, सोहे सिर चूडचार, बिपू जटजूट
भार ॥ त्रिया ब्रज प्रेमतार, दिवा बंद धरे छार, जस बासके अगार, दासनके सुख
कार ॥ नाम अघके प्रजार, लेत राम कष्ट टार, दाहे दनुदेवबार, रिपु मनसे संघार ॥ २

॥ अथ तदंतर गत ॥ सोरठा यथा ॥

श्रिया भवा रस रास, श्याम सेत सोहे बिपू ॥
त्रिया दिवा जस दास, नाम लेत दाहे रिपू ॥ ३

चित्र नंबर. ७९




॥अथ अष्टदल कमलप्रबंध एकस्वर ॥

॥ईश्वर स्वरूप वर्णन ॥कवित॥

नजतन नवघन नघषन नचरन, नगहन नकलन नउरन, नवधन॥
नरमन नबसनं नत्रयनं नंललन,नसरन नहरन नभषन नरहन॥
नहरन नररन नस्यमन नचवन, नतरन नसमन नवदन नभ्रन॥
नसहन नमतन नलहन नषजन, नगरन नगरन नमवन नमउन॥४॥

चित्र नंबर . ८०




॥अथवर्तुलाकार द्वादशारषंड स्वस्तिक प्रबंध॥

॥ बहु कथित ॥

नजतन नंवघन नधघन नचरन नगहन नकलन नडरन नवधन॥
नरमन नबसन नत्रयन न ललन नसदम नहरन नभवन नरहन॥
नहरन नरगन नत्यमन नचबन नतरन नसमन नबदन नभश्रन॥
न सहन नभतन नलहन नयजन नगरन न गरन नमवन नमउन॥


चित्र नंबर. ८१




॥ अथ शोडश दल कमल प्रबंध ॥ वंह कवित ॥

नजतनं नवघन नवषन, मचरन नगहन नकलन नडरन नवधन ॥ नरमन नसबन नत्रयन नलल्लन नसदन नहरन नभवन नरह्न ॥ नहटन नटरन नंत्यमन नचवन नतरन नसमन नबदन नभव्रन ॥ नसहनं नमतनं नलहन नयजन नगरन नगरन नभषन नमउनं ॥

चित्र नंबर. ८२




॥अथजळागार प्रबंध वह कवित ॥ चित्रनंबर.८२



॥ अथ वृक्ष प्रबंध भेद ॥ कवित ॥

नजतन नमघन नवघन नचरन, नगहन नफलन नडरन नबधंन ॥
नरमन नबसन नत्रयन नललन, नसरन नहरन नभवन नरहन ॥
नहटन नएरन नत्यमन नचवन, नतरुन नसभन नमदन नभंग्रन ॥
नसेहन नमतम नलहम मयजन, नगरन नगरने नमघन नमडुन ॥


चित्र नंबर. ८४



॥ अथ चोकी प्रबंध ॥ वंहकवित ॥

नजतन नषघन नवषन नचरन नगहन नकलन नऊ-
रन नबधन ॥ निरभन नबसन नत्रयन नललन नसदन नट
रन नभवन नरहन ॥ नहटन नटरन नत्यमंन नचयन
नसरन नसमन नबदन नभत्रन ॥ नसहन नमतन नलह-
न नयजन नगरन नगरन नमचन नमउन ॥


चित्र नंबर. ८५



॥ अथ सर्वतोभद्र प्रबंध विष्णु स्तुति ॥ सवैया ॥

बारन ग्रायक, कट्टन श्रीपत, बेदन वारक, कंसहि ग्राहन ॥
कारन नायक, नट्टन दीपत, भेदन धारक, हंसहि चाहन ॥
धारन दायक; भट्टनके पत, छेदन नारक, कंसहि दाहन ॥
तारन पायक, रट्टन दीपत, मेदन तारक, पुंसहि पाहन ॥ ५


चित्र नंबर.८६.



॥अथ चक्राकृती वर्तुलाकार बंधचित्र॥सर्वतोभद्र॥

॥सवैया॥ चित्र नं. ८७


बारन ग्रायकं कद्दून श्रीपत, बेदन बारक बंसहि ग्राहन॥
कारनं नायक नद्दून दीपत, भेदन धारकहंसहि चाहन॥
धारन रायक भद्दून केपत, छेदन नारक कंसहि दाहन॥
तारन पायक रद्दून दीपत, भेदन तारक पुंसहि पाहन॥



॥ अथ चोकी प्रबंध भेद चित्र यथा ॥ कवित ॥

नवल नरेश नाथ, जादव जगत जामी, स्वामी सिंधु सुता श्याम, करन पवित्र कान ॥ नर रवी स्वाधीन बधू, निगम न जाने गम, रमन रमा रमेश, ब्रह्मा नज धरे ध्यान ॥ नर सुर नाग तार, कान्ह शठ केस काल, गोविंद दयाल प्यारो, ताल नह चूके तान ॥ नमत गोपेश ब्रंद, सियरे सु अंग सदा, नग नाथ श्याने स्त्रव, देहु न प्रबीन दान ॥ ६ ॥

चित्र नंबर. ८८



अथ कमलाकार पुष्पांतरे चक्राकृति भेद ॥ छपय॥

नवरसमय दनुदलन, नलीनज्ज जिनपे बंदित ॥ नरविहार बर करन, नमत ईश्वर नेहा चित ॥ नगसुधार धारान नडुर झर बरषतही घन ॥ नरतत मधि मधुबिपन, नकरसब रहे गोपीजन॥ नव रमानाथ रमनी रमन, नरदे ही निहचे सुमन ॥ नत्यहीप्रत्य न बीसरही, नगम बरन नज बीनधुन ॥ ७॥


॥अथ यह छप्पयांतर्गत चक्राकृति भेद॥सोरठा॥

नसदन जपे नहार, नई नेन धारा नझर ॥
नतं मन सहे नमार, न ही चेन प्रब्बीन बन ॥८॥

चित्र नंबर. ८९




अथ मनिमाल चोसरप्रबंध ॥ भक्ति बर्नन ॥ कबित.
नत तुंहि छिमा धारि, लायो तुमहिसें चित, तरुनि हो प्रान रहो
मेरे नत तुमं ध्यान॥ नव हित शांकरहो, करहो सदा रमन, हरहिये
आपे रागु, ग्रहन अनंत ग्यान ॥ न धनेह तुमे पाय, ग्यानि गुन मुनि
गाय, ललित ह सोम छाओ, आनन उदे शुमान॥ नवबल भारवोस
ह जन ओर बरदान, हितकारि हम मितु क्यों हु न मिलाहि आन
चित्र नंबर. ९० ॥४॥



॥ अथ अष्टदलउछीर प्रबंध चित्रभेद यथा ॥ कवित ॥

॥ हनुमान स्तुति ॥


नये रघुवीर बन, नई दई धीरमन, नडर सुग्रीव कीनं, नज भये अगेवान ॥ नभ सम कीन तन, न धरस उलंघन, नगर गये सुभन, नधन कियो उ-दान ॥ नर बर रानी मन, नवं कीन मोद घन, नटन कियो रमन, नसचर के दहान ॥ नत सुख बरषान नरबर हरषान, नस नीठ घंस भान, नमो नमो हनुमान ॥ १०॥ चित्र नंबर. ९१



॥ अथ मयूर प्रबंध ॥ मयूर प्रति उक्ति ॥ कवित्त ॥


रव रटवार घर, रसिक अपार रूप, पशुपति सुनुपत्र, पन्नग करै
असन ॥ पतग सिरोमनि है, परम पवित्र पर, घन प्रति पार प्रेम
नटवर से नृतन ॥ नगन निवासी बन, नलनाल सोहनहै, ललि
त ल. [illegible], नीकी कलहे सरन ॥ लसे नवरंग अंग, सोधै घन
घोर सिखि, हमतुम जैसें नित, तलफै प्रविनबीन ॥ ११ ॥

चित्र नंबर. ९२



अथ गोरवप्रबंध भेद चित्रयथा ॥ स्मृतिमान अलंकार ॥

॥ कवित ॥ चित्रनंबर.९३



कवित ॥ सुबरन जैसो तन, सुकके समान घ्रान, सुकुमारता प्रसून, सुरपीकधुनी बीन ॥ नगनग हे नखन, गजगत हे रखन, जहरी भजेतबेन, तरुनी चखे न लीन ॥

रदन सुदार्यो कन, नवसत साजुषन, नसम न नवानन, मधुर सुहास मीन ॥ सबतिय सिरोमन, मधी सोध झरो खन, बासित सुवास घन, नई छबि से प्रवीन ॥ ९२


॥ [illegible] [illegible]लकमल प्रबंध ॥ वह कथित ॥

सुबरन [illegible] तन, [illegible]क के समान घ्रान, सुकुम[illegible]ताप्रसून, सुर
पीक पुनी बीन ॥ [illegible] नखन, [illegible]गंत हेरखनं, गहरी बंजत
बेन, तरुनी चरखे नलीन ॥ [illegible] कन, नव संत साजुबन, [illegible]
[illegible], मधुर सुहास भीन ॥ सबतिय [illegible], मथी
[illegible], बासित सुपासघन, नई छबि सें प्रबीन ॥ १२ ॥

चित्र नंबर ९४



॥अथपुष्पवृक्ष ग्रह लतावंधप्रभेद. चेत्रं॥सागरोक्त वसंततउपालंभ॥ कवित॥ चित्रनंबर ९५



कवित॥ मदन तवारे तन मधुमोद कारी तुम मदनसखारे नित लता तरू तुमधाम॥
मरुत सचारी ध्यान धोरीमण प्रेम नेम मगन सुबासबर रससिंधु रंग स्याम॥
मधुर उचारजन करहूतपंत हम मत नहिं मंजु आप कंज बंधू हरं हाम॥
मधुप मलीनमन लहर लगावें भ्रम मिलन बिन प्रवीन जुग घद जात जाम॥१॥

॥ अथ चक्राकार चित्र यह सोरठा ॥


मिंत्र चिंत नित चात, मितप्रत प्रत उत हेत रत ॥
जित लित श्रुति कित, जान, प्रीतरीत प्रत, गात सत ॥ चित्र ९६



॥ अथ ... ॥ ... ॥ ... बर. ९७

प्र ... प्रानहे; नित ... मा

बीते नां ... समजाम ॥ १ ॥



॥ अथ खड्ग बंध सवैयो ॥ प्रबीनोक्तविभ्रम उपालंभ भेद ॥

चित्रनंबर. ९८

सवैयो ॥ कीजे बिचार हरी हियमे हमसीस हनोतरु वारिन वांकी ॥
कीसरु भालु बनाई किरु थनि, औंनिति यागह मां सुधि याकी ॥



कीन बकार सकार हुते, कीन काजजकार सुनेंन श्रवाकी ॥
कीर बिलोकी कीतनमे तकी, रेन सुखं हमकी गति याकी ॥ १ ॥

॥ अथश्री कटार बंधभ[illegible] ह बनेन ॥ कथित. चित्र नंबर. ११

इद्र महाराज आज, चढेउर कोप धार, घनघो[illegible] बाजी, [illegible] चोपदार ॥ रजनीको [illegible]ज, बोले मोर बंदीजन, रवर चो भेककीर, [illegible] धार वार ॥



नभमें नक्षत्र जुत, चंद्र चंद्रिका निवार, रविकी प्रभा बिदार, कीनो अति अंधकार ॥ नर धर जीत सबी, रही मानो बीजफबी, बिरही बिदारबेको, करमें लियो क[illegible] ॥


॥ अथ सागरजीको अश्वबंधचित्र यथा ॥ छपय ॥

मील लाडी मोहि, केउ धारे इमि हसिके,
वे गये गाते अजान, बलि बैताल बसिके,
गाथहि जाने पैन, भयेहि वियोगे जरकें,
मोहि जाये सब निरस, नाना विधिआ धरकें;
ज्ञान यह कियो मनमें मतो, प्रबिन यहां तुम आनकें,
नव बाज जानकी छबि रची, भेजे शुधि तुम लानके ॥ १ ॥

॥ तदंतरगत ॥ दोहा यथा ॥

मीलो मो कों धर्इ कें, वेगें आय सुजान ॥
ना तो चित्ते जानियो, जायेगा मो जान ॥ २ ॥

चित्र नंबर १००




॥ अथ नागपास बंध॥ शेषनारायण प्रतिउपालंभ भेद॥ कथित॥ चित्रनंबर १०२

कवित्त॥ आनके धनहार मतअहार कर शंकर भुजनमध्य शिशुकी मथनहै॥ लहैनव धामरूप सेततन नविकार आनतनहै हजूत महामोद घनहै॥



सुघर सुकाव्य कर मेहैं हरि वसंत नाहरी किछ्वारै तन्न मरसकसी फूनहै॥ मोहतसव श्रनसी नगनजमल जाल गोधार कर शेष कुमद मारीन मनिहै॥

॥अथ प्रतिपद आद्यक्षरी॥ अंतनु कुसुम कमल प्रबंध॥ छप्पय
चंद्र बदन जग रंजहि, रसा जब लग अनंत ग्रही ॥ हिंउमया अधवस-
हि, जीव जब लौं सुधा स्त्रवहि ॥ बसन भारती करही, पवन जबल-
गि गधनं रखहि ॥ रमन रमा हरि रमहि, बीन जब लौं नारद लहि ॥ नग
नाक अचल नीरद छलहि, तरन तेज जब लग तपहि ॥ हिल्लोर गंग
जंबलग तबहि, चरह जीघ परबीन तुहि ॥ चित्र नंबर. १०२



॥गाहा॥ कमलादिक शत चित्रं रचि सागरे प्रवीन पें पढ़ये ॥
पंच राष्टि अभिधानं पूर्न प्रवीन सागरो लहरं ॥ २२ ॥
इति श्री प्रवीन सागर ग्रंथे कमलादिक सागर कृत चित्र भेदो नाम पंचदश चौसठमो
॥ ६ ॥ ८५ ॥

लेहेर ६६ मी.

अथ दंपतिउक्त श्लेषभेद प्रसंगो यथा–दोहा.

दंपति प्रेम विशेष बढि, सागर कला प्रबीन;
श्लेष भेद बिस्तार करि, कीनी काव्य नबीन. ॥ १ ॥

ટીકા—તે દંપતી–સાગર અને કળાપ્રવીણ એમ સ્ત્રી પુરૂષને વિશેષ પ્રેમ વધવાથી અનેક અર્થવાળી નવીન કાવ્ય રચીને ફેલાવી તેને હવે કહુછું. (૧)

अथ तत्र कलाप्रवीनोक्त अभिन्नपद श्लेषालंकार–सवैया.

मेदनि तीरनसें अवगाहत, मक्रानिकेत ज्युं हेत रता;
आयत व्यूढ तरंग सदागति, नेति निरझ्झर नंगरता;
मोद बढावतहे मन साधन, होत नही छिनही थरता;
आन जुरी सु परी न जुदी फिर, सागर सागरमें सरता. ॥२॥

ટીકા—અભિન્નપદ કહેતાં છંદના શબ્દના અક્ષર નોખા પાડયા વિના જેમ હોય તેમને તેમ રહે અને તેમાંથી અર્થ બે નિકળે–તે અભિન્નપદ શ્લેષ કહેવાય; એવો આ સવૈયો છે. એટલે એક અર્થ સમુદ્ર તથા નદીને અને બીજો અર્થ રસસાગર તથા કળાપ્રવીણને લાગુ પડે છે. (પ્રથમ અર્થ સમુદ્ર પક્ષે) પ્રવીણ કહે છે કે–નદી પૃથ્વીને કિનારે થઇને સિન્ધુમાં પ્રવેશ કરે છે, વળી મધરને રહેવાના રહેઠાણરૂપ સાગર જોડે પ્યારથી કુરબાન બને છે; અને તે સદાય ગતિવાળી ભારે તરંગયુક્ત દોડતી આવે છે, તથા જેનાં ઝરણ અટકાવ ન થાય એવાં ન ઈતિ–જેનો પાર ન પમાય એવાં અપાર છે. અને નગ જે વૃક્ષ–તેને પોષણ કરવામાં રતા એટલે પ્રીતિવાળી છે, અથવા નંગરતા કહેતાં નાંગર ત્હાં એટલે તે નદીમાં વાહાણ આવે છે, જેણેકરી ત્હાં નાંગર નાખેલાં છે. તે નદી સાધુ પુરૂષના મનને આનંદ કરે છે, તથા પોતે ક્ષણમાત્ર પણ સ્થિર ન રહેતાં હે સાગર! એવે પ્રકારે સમુદ્રમાં આવીને જોડાઈ તે ફ્રીને જૂદી પડતી નથી.

(બીજો અર્થ) પ્રવીણ અને સાગર પક્ષે=પ્રવીણ કહે છે કે મકુનિકેત કહેતાં સાગર છે નામ જેનું, તેનીપર મ્હારી રતા કહેતાં આશક્તિ અર્થાત્ પ્રીતી છે. તે હેતુ એટલે કારણને લીધે મ્હારા શરીરના મેદ (ચરબી) નો તીરની પેઠે અવગાહત એટલે પાર આણે છે. (અર્થાત્ જેમ તીર જેને વાગે તેનો અંત આણે છે–તેમ આ મ્હારી ચરબીનો અંત આણે છે; એટલે મને શરીરે દુબળી કરે છે.) વળી સદાગતિ એટલે ત્રણે પ્રકારના વાયુના વિસ્તારવાળી ભારે લહેરે સુસવાટથી આવે છે, તેણેકરી મારાં નેત્રોમાંથી જે આંસુરૂપી ઝરણ જાય છે તેને નાંગળપણું એટલે અટકાવ નથી. અને છ સિદ્ધે બતાવેલ જે સાધન કરૂં છું તે મનમાં આનંદ વધારે છે–છતાં મનને જરાએ સ્થિરતા નથી. અને હે

સાગર! સમુદ્રમાં આવીને જેમ સરિતા-નદી ભળ્યા પછી પાછી-જૂદી પડતી નથી તેમ અમારી સુરતા તમારામાં આવીને જોડાયા પછી પાછી-જૂદી પડતી નથી, અર્થાત્ અમારી સ્મૃતિ કાયમ તમારામાંજ રહે છે. (૨)

अथ अभिन्नपद श्लेषालंकार–सवैया.

चातुक दद्दर सोर सखीनहु, कोकहि हंसनकों उरझावन;
धीर समीर हरे गिर झंगर, कुंज लता सु कुमोद बढावन.
ताल सरीत लहेर लगावत, खेंच धनंष छटा चमकावन;
सागर ज्यु बहरे सिगरे सुख, आज घटा नवरंगहि श्रावन. ॥ ३ ॥

ટીકા—પ્રથમ અર્થ પ્રાવૃસઋતુ પક્ષે=પ્રવીણ કહે છે કે-(ચાતુક) બપૈયાનો, દેડકાનો, અને મોરનો સોર થાય છે, તે ચકવા ચકવીને તથા હંસને મુઝાવે છે. વળી મંદ મંદ લહેરેયુક્ત વાયરો વાય છે, પર્વત અને વનલીલા કલ્હાર થયાં છે, તેમજ કુંજની લતાઓ અને કુમોદનીને અધિક અધિક વધારે છે. પાણીથી છલકાતાં તળાવ અને નદિયોમાં ઉપરાઉપરી લહેરો આવે છે; ગગનમંડળમાં ઇંદ્રિ-ધનુષ ખેંચીને વિજળીને ચમકાવે છે. હે સાગર ! એ તમામ સુખને દે એવી આજ નવરંગી શ્રાવણ માસની વર્ષાદની ઘટા ચડી છે.

(બીજો અર્થ) પ્રવીણ અને સાગર પક્ષે=આ મારી સહિયરો બપૈયા અને દેડકાંની માફક સોર બકોર કરે છે, તેમ મારાં હંસને અર્થાત્ જીવને કોકશાસ્ત્રની કળા મુઝાવે છે. પવન, પર્વત, ને વન મારી ધૈર્યતાને હરી લે છે; વળી આ પ્રફુલ્લીત થયેલી કુંજની લતાઓ મારા મનનો કલેશ વધારે છે. તેમજ રીત સહિત ગાયનના તાળ તો (મને સર્પના જેવી) લહેરો લગાવે છે, અને આ આકાશમાં ખેંચાયલું ઇંદ્ર-ધનુષ તથા વિજળી મને ચમકાવે છે, અરે ઓ! બીવડાવે છે. હે સાગરજી! આ નવરંગી વર્ષાદની ઘટા સ્રવવા લાગી છે-અર્થાત્ આંખ્યોમાંથી આંસુધારા વહેવા લાગી છે, તેની સાથે મારાં સર્વે સુખ વહી-તણાયાં ગયાં છે. (૩)

अथ श्लेष अभिन्नपद–कवित.

जागत पतंग जोत, सरस सुढार छुटे; चंदन न सोहियत, घननके आडंबर.
अंबरन ठोर ठोर, कज्जरन छये रंग; दीश दीश देखीयत, अंब कन लागी
झर. वपु लाय हरी भंभा, सोधत सयाने पंथ; चातुक रटे ज्यु सुर, मोर
गाये गीरपर. मारुत अकाल क्रिया, बाढत न सामे मेन; बीरही न हंस दे-
खो, सागर भरेहे सर. ॥ ४ ॥

ટીકા—પ્રથમ અર્થ પાવસ ઋતુપક્ષે=પ્રવીણ કહે છે કે ચોમાસુ બેસવાથી પતંગીયાના ઝગારા જાગી રહ્યા છે, અને સરસ સુઢાર એટલે પાણીના વરાઓ સુંઢને આકારે છૂટી રહ્યા છે, તેથી-ઝઝુમી રહેલા વર્ષાદના આડંબરથી

ચંદ્રની શોભા સુંદર લાગતી નથી. આકાશમાં જહાં ત્હાં-અધેય કાજળ સરીખો શ્યામ રંગ છવાયો છે, અને દિશાયે દિશાઓમાં જોતાં વર્ષાદના પાણીના કણની ઝડી લાગી રહી છે. વિપુલા કહેતાં પૃથ્વિયે પણ લીલા રંગની પ્રભા ધરી લીધી છે; તે જાણે અંગે લીલા રંગની સાડી પહેરી હોય નૈ શું? તેણે કરી શાણા માણસો પણ ઘાસ ઉગી આવવાથી માર્ગને શોધે છે, અને બપૈયો સ્વર ઉચ્ચારે છે, અને પર્વતો ઉપર મોરો ખુશાલીથી ટેહેંકાર કરી રહ્યા છે, આ સમયે પવને પણ એવું કર્યું છે કે તે મેનાક પર્વતના સાંમો વધતો નથી-એટલે મેનાક પર્વત જે દક્ષિણ સમુદ્રમાં બુડેલો છે-તેનાભણી ન જતાં ઈશાન કોણ તરફ જાય છે. વળી હે સાગર! તળાવ પાણીથી ભરેલાં છે-છતાં વિજોગી હંસ દેખાતા નથી. અર્થાત્ તેઓ માનસરોવર ભણી જતા રહ્યા છે.

(બીજો અર્થ)—પ્રવીણ અને સાગર પક્ષે=પ્રવીણ કહે છે કે સૂર્ય ભગવાનના તેજનું ઉજીયારૂ જાગે છે, તે જાણે કે મારા માથા ઉપર માતેલો સુંઢાળો હાથી છૂટયો હોય નૈ? એમ લાગે છે. મને ચન્દનનો કે કપુરનો લેપ ખમાતો નથી. મારાં વસ્ત્રોમાં જગોએ જગોએ નેત્રોમાં સારેલ મેશનો રંગ છવાઈ રહ્યો છે, દિશાયે દિશાઓમાં નિહાળુ છું-તો આંખમાંથી આંસુની ઝડી વર્ષી રહી છે; મારે અંગે હરતાળના જેવી પીળી છબિ ધારણ કરી છે, તેમજ મારી ચારે બાજુએ શાણાજનો મને સુખ ઉપજવાનો માર્ગ ખોળે છે; ચાતુક પક્ષી જેમ પિયુ પિયુનું ઉચ્ચારણ રટયા કરે છે તે પ્રમાણે હું પણ "પિયુ પિયુ" રટણ કરી રહી છું. વળી મારી વાણી ગાતાં અર્થાત્ બોલતાં બોલતાં અટકી-ટુટી જવાય છે. તેવામાં ત્રિવિધિ પવને મને અમુઝાવી મૂંકી છે! અને રાત્રિમાં કામ અધિક અધિક જાગે છે; હે સાગર! તમે આવીને જુઓ કે-આ મારો જીવ વિરહના બાણથી ભરાઈ રહ્યો છે. (૪)

पुनः श्लेष भेद अभिन्नपद—सवैया.

शोधत बोध सरूप अहो निश, वेदन भेद बितीथ विनाशन;
नीत अनीत बीचारत धारत, शासन संकट शिष्ट प्रकाशन.
ओंन विवेक सबे बिसतारत, साज बिकास अनेक उपासन.
सागर ज्यु मन ब्रंह्म भयो रहे, रावरे पाय सरोज निवासन. ॥ ५ ॥

ટીકા—પ્રથમ અર્થ રોગી પક્ષે=પ્રવીણ કહે છે કે મહાન મુનિવરો અહોનિશ જ્ઞાનવડે આત્માના સ્વરૂપને શોધે છે, અને તે અતિથિ કાંઈ ખાધા વગર વેદના ભેદ તપાસે છે. શી વસ્તુ નિત્ય અને શી વસ્તુ અનિત્ય એટલે નાશવંત છે? તે વિચારે છે તથા ધારે છે; અને શિષ્ટ એટલે મહાત્માઓએ જે આજ્ઞા પ્રકાશ કરેલી તે સંકટ વેઠીને પણ પાળે છે. તેમજ ૐકાર આદિ અક્ષરના વિવેકને વિસ્તારે છે, તથા અનેક પ્રકારથી ઉપાસનાના પ્રકાશને સજે છે, અને હે સાગરજી! તેનું મન બ્રહ્મરૂપે થઇને રાવ એટલે ઇશ્વરના ચરણ કમળમાં નિવાસ કરીને રહે છે.

(બીજો અર્થ) પ્રવીણ અને સાગર પક્ષે=પ્રવીણ કહે છે કે મારૂં મન થતી ક્રિયાના ભેદ જે અનિયમિત છે તેનો વિનાશ કરવાને અહોનિશ સિદ્ધના આપેલા ઉપદેશ પ્રમાણે તમારા સ્વરૂપને શોધે છે, શું કરવામાં નીતિ અને શું કરવામાં અનીતિ છે તે વિચારે છે અને ધારે છે, વળી ગુરૂજનો અર્થાત્ વૃદ્ધ-વડીલો જે આજ્ઞા કરે છે-તેથી મનને દુ:ખ થાય છે. તમારા અંગની કાન્તિનો સર્વે વિવેક વધારે છે, તથા સિધ્ધે સૂચવેલી ઉપાસનાની તમામ સામગ્રી મેળવે છે. એ પ્રકારે હે સાગરજી! મારૂં ચિત્ત તમારા ચરણકમળમાં બ્રહ્મારૂપે થઇને વસવાને સારૂં રહે છે; અર્થાત્ બ્રહ્માનું રહેઠાણ કમળમાં હતું, તેમ મારૂં મન તમારા ચરણ રૂપી કમળમાં રહે છે. (૫)

अथ सप्तार्थ श्लेष भेद—कवित.

सकल भरेहे रस, पुरन सदाहि रहे; जुतही तरंगन समीप शब्द गहरे. अगन डुबावन हे, पावन प्रसिद्ध जग; मनही मिलावन, म्रजादहीपें ठहरे. प्रथुल प्रमान, कोउ पारहुं न पावतहे; रमनीय रूप जाको, हेर हीय हहरे. सुरराज सभा शंभु, सरसति श्रीपती हे; सागर सघन, किधौं सिंधुहुकी लहरे. ॥ ६ ॥

ટીકા—પ્રથમ અર્થ ઇંદ્રની સભા પક્ષે=પ્રવીણ કહે છે કે ઇંદ્રિની કચેરીમાં ઉત્તમ અને કુળવાન સભાસદો નિરંતર અમૃતરસથી પૂર્ણ ભરેલા રહે છે, અને તેમની પાસે જળતરંગયુક્ત ઘણાંક વાદ્યોના ગંભીર શબ્દો થાય છે. વળી તે સભામાં દુર્ગુણનો નાશ કરનાર તેમ જગતને પવિત્ર કરનાર સુરજનો પ્રસિદ્ધ છે. અન્યોન્ય એક ચિત્તથી મર્યાદાપૂર્વક રહે છે. તે સભાનું પ્રમાણ અતિ વિશાળ છે જેથીકરી કોઈ તેનો પાર પામતું નથી. વળી સભાની મધ્યે સુંદર અપ્સરાઓ છે-કે જેમનું રૂપ જોઇને મન મુદિત થાય એવી આનંદદાય ઇંદ્રની સભા છે.

(બીજો અર્થ) શંકર પક્ષે=પ્રવીણ કહે છે કે-શ્રી શંકર સર્વે મંડળમાં વ્યાપી છે અને હમેશાં મગ્નપણાથી પૂર્ણ રહે છે. અને તેમની પાસે તરંગિણી અર્થાત્ ગંગાજી ગંભીર શબ્દયુક્ત વાસ કરી રહે છે. તેમજ તે શિવજી કેવા છે કે જેમણે ત્રીજા નેત્રમાં અગ્નિને ડુબાવી રાખેલો છે, સકલ સૃષ્ટિને પાવન કરવારૂપે પોતે પ્રસિદ્ધ છે; તેમની સાથે મનને મેળવનારા ભક્તો અદબથી રહ્યા છે. જેનું માન અતિ મોટું છે, તથા તેની પ્રભાના પારને કોઈ પામતું નથી. તેમની સાથે ક્રીડા કરનારાં જોગમાયા પાર્વતીજી છે-જેમનું સ્વરૂપ જોઇને હૈયું રળિયાત થાય એવા મહારૂદ્ર શંકર છે.

(ત્રીજો અર્થ) સરસ્વતિ પક્ષે=પ્રવીણ કહે છે કે-સરસ્વતિમાં સર્વે રસ અર્થાત્ માધુર્યતા ભરેલી છે, તેથી હમેશાં પૂર્ણ રહે છે. અને મનના તર્કયુક્ત જેની પાસે ગંભીર શબ્દો છે, અવગુણને ડુબાવનારાં છે; અને આખા જગ-

ત્માં પ્રસિદ્ધ કહેતાં વ્યાપક એટલે વાણી-ઉચ્ચાર સર્વને મળે છે; પણ તેમાં ચિત્ત મિલાવનારા કવિજનો વ્યાકરણ અને છંદશાસ્ત્રની મર્યાદાથી રહે છે. તે સરસ્વતિનું મહાત્મ મોટું છે, તેના પારને કોઈ પામતું નથી. તે સરસ્વતિનું રમણિય રૂપ છે-જે જોઇને હૈયું હરખે છે; એવાં દેવી સરસ્વતિ છે.

(ચોથા અર્થ) વિષ્ણુ પક્ષે=પ્રવીણ કહે છે કે વિષ્ણુમાં રસશાસ્ત્રમાં ગણાવેલા નવે રસ ભરેલા છે; તેણેકરી તે સર્વદા પૂર્ણ રહે છે. શૃંગાર, વીર, રૌદ્ર આદિ. જેઓની સમીપમાં હિતકારી અને ખુશકારક ગંભીર શબ્દો છે; જેણે અગ કહેતાં વિકરાળ ગિરિવરો ડુબવા ન દીધા, એટલે તેમને તારીને પુલ બાંધી એવો જેના ચર્ણનો જશ જગત્માં જાહેર છે-એવા વિષ્ણુ ભગવાને ત્રણ પગલે ત્રિલોકય ભરી લીધું; જેઓ યોગીઓને મેળવીને તેની પાસે નમ્રતાથી-માન્યપૂર્વક ઉભા રહે છે; જેનું પ્રમાણ મોટું અર્થાત્ વૈરાટરૂપે છે-એવાં અવિનાશી પ્રભુનો કોઈ પાર પામતું નથી. જેનું રૂપ સર્વત્ર રમણ કરનાર અને તિર્યંતાપણું ધરાવે છે; એવા અગાધ શક્તિરૂપ પરમાત્મા વિશે વિચાર કરતાં હૈયું થરેરી જાય છે; એવી અકળિત અને મહાન ગતિરૂપ લક્ષ્મીના પતિ વિષ્ણુ ભગવાન છે.

(પાંચમો અર્થ) રસસાગર પક્ષે=પ્રવીણ કહે છે કે રસસાગર કેવા છે તો ચોસઠ કળાયુક્ત અને રસ-પ્રીતિથી ભરપુર છે. નેહનગર નામના નગરમાં નિરંતર વાસો કરી રહે છે. જેમની પાસે કવિવૃન્દ તરંગ અર્થાત્ કાવ્યના તર્કયુક્ત ગંભીર શબ્દો બોલાય છે. અવગુણને ઢાંકનારા એટલે અમારા અવગુણ ન જોતાં તેને છાવરનારા છે, જેની પદ્ધિ જગત્માં જાહેરરૂપે પસરેલી છે; પ્રેમીથી મન મેળવનારા એટલે હેતથી વર્તનારા છે. પૃથુલા કહેતાં તેમના રાજ્યનો એવડો વિસ્તાર છે કે જેનો કોઈ પાર પામતું નથી. વળી જેમનું રઢિયાળું સ્વરૂપ જોઇને હૃદય હરખે છે; એવા રસસાગર છે.

(છઠ્ઠો અર્થ) વર્ષાદ પક્ષે=પ્રવીણ કહે છે કે વર્ષાદમાં સઘળું પાણી ભરેલું છે તેના પ્રતાપે સદાય તે પૂર્ણ રહે છે. જે જળની તરંગો સહિત છે; જેના સમીપમાં ગરગડાટરૂપે ભયાનક શબ્દ ગાજે છે. અગ્નિને ડુબાવનાર એટલે શાંત પાડનાર છે; જગત્માં પવિત્ર કરવારૂપે કીર્તિ જેમની પ્રસિદ્ધ છે; મનઇચ્છિત્ સર્વ પદાર્થને મેળવી આપનાર છે, અને નિયમથી ગગનમંડળમાં ઠરી રહે છે; જેનું અતિશય પરાક્રમ છે, એવા મેઘની ગતિનો કોઈ પાર પામતું નથી; અતિ સુંદર અને પ્યારૂં જેમનું સ્વરૂપ છે-જે જોઇને હૈયું હર્ષથી ઠરે છે; એવો વર્ષાદ છે.

(સાતમો અર્થ) સમુદ્રની લહેરો પક્ષે=પ્રવીણ કહે છે કે સમુદ્રની તરંગોમાં સર્વે જળ ભરેલું છે; તેથીકરી નિત્યે પૂર્ણ રહે છે. વળી તરંગિનિ અર્થાત્ નદિયોએ સહિત છે, તેથી જેની પાસે નિરંતર ઘોર શબ્દો ગરગડયા કરે છે. પર્વતોને ડુબાવી દે છે, તથા જગત્માં પવિત્રતા માટે પ્રખ્યાત છે. કૌસ્તુભ મણિ આદિ ચૌદ રત્નોને મેળવી આપનાર, પોતાની હદ ન ઓળંગતાં

અહોનિશ જે મર્યાદામાં રહે છે; જેના વિસ્તારનું પ્રમાણ અતિ મોટું છે–એટલે તેના પારને કોઈ પામતું નથી. જેનું રઢીયાળું રૂપ છે–તે જોઈને હૈયું ધ્રુજી ઉઠે છે. માટે એ તે ઇંદ્રની સભા છે? અથવા શંકર છે? કે સરસ્વતિ છે? અથવા લક્ષ્મી છે? રસસાગર છે? અથવા વર્ષાદ છે? કે પછી સમુદ્રની લહેરો છે? (૬).

अथ द्विअर्थ रससागरोक्त श्लेष भेद–सवैया.

राजतहे सब भूषन संजुत, भाल शशी गउरी छबि पावे;
किंन्नरनी बरुनी सुप्रभा, अरु जच्छनि लच्छ गुनी बनि आवे.
प्रेम लता तरुनी रस रंजित, गुंजित भ्रंग बिलोकत भावे;
नीको सबे कइलास कहेपें, हमें सु बिलास प्रबीन सुहावे. ॥ ७ ॥

(પ્રથમ અર્થ) કૈલાસ પર્વત પક્ષે=સાગર કહે છે કે જે કૈલાસમાં અંગ અંગને વિશે આભુષણ પહેરી કપાળમાં ચંદ્ર ધરનાર શંકર બિરાજે છે. અને ગૌરી કહેતાં પાર્વતીજીવડે જે કૈલાસ સારી કાન્તિને ધરે છે; જહાં કિંન્નરની સ્રીયો, વરૂણની સ્રી, સુપ્રભા નામની કુબેરની સ્રી અને યક્ષની સ્રીયો. ઉપરાંત લાખો ગુણી બની આવે છે. વળી ત્હાં પ્રેમ ઉત્પન્ન કરે એવી જુવાન લતાઓ સુગંધ રસથી લચબચ રંગાએલી છે; તેની પાછળ ગુંજારવ કરતા ભમરાઓ જોતાં મનને મોહ ઉપજાવે છે, એવો સુંદર કૈલાસ પર્વત સર્વે કહે છે, તથાંપિ મને તો તે ચતુર જનોને વિલાસ કરવાલાયક દેખાય છે.

(બીજો અર્થ) પ્રવીણની ક્રીડાવિલાસ પક્ષે=સાગર કહે છે કે પ્રવીણ કેવી છે, તો જે શરીરે સર્વ પ્રકારના આભુષણ સહિત શોભીતી છે; લીલાટને વિશે જડાવ ચાંદલો બિરાજે છે. અથવા જેનું કપાળ ચંદ્રકાન્તિ જેવું તેજવાળું છે, તથા ગૌરી કહેતાં પાર્વતીજીના જેવી શોભા ધરાવે છે; કિન્નરની સ્રી, વરૂણની સ્રીના કરતાં પણ જેના સ્વરૂપની છબિ અતિ સુંદર છે; એટલુંજ નહિ પણ યક્ષની સ્રીથી લાખગણી શોભિત બનીને આવે છે. તે જુવાન બાળા પ્રેમની વેલડી જેવી છે, તથા પ્રેમના રસમાં ભીંજાયલી છે; જેની આસપાસ ભમરા ગુંજારવ કરે છે; તે જોતાં મનને ઘણીજ વ્હાલી લાગે છે અને (કઇ) કેટલાક સર્વ લોકો (લાસ) નૃત્યને સારૂં કહે છે, પણ મને તો પ્રવીણનો સુંદર વિલાસ ગમે છે. (૭)

अथ श्लेष भेद अलंकार–कवित.

सुबरन देह छबी, ठोर ठोरपें जराव; मोहन अशेष कांति, केसव रचतहे. सबही समीप जन, रहत सदाही रीझे; नयन बिकास श्री, क्रमोद मोद रतहे. चरचा बिचित्र चत्र, मुखसें लगी रहेत; धरत अखंड ध्यान, आनंद

अनंतहे. सब जग जैसें, बइकुंठकुं सराहतहे; हम त्यों हमेसें, बइ कंठकों चहतहे. ॥ ८ ॥

(પ્રથમ અર્થ) વૈકુંઠ ધામ પક્ષે=સાર કહે છે કે વૈકુંઠ ધામ કેવું છે કે જહાં હમેશાં સુવર્ણ અથવા તો સુંદર રંગ શોભે છે, વળી જહાં ત્હાં-ઠારઠાર જવાહિર ઝળકી રહેલું છે, અને કેશવ અર્થાત્ ભગવાન વિષ્ણુ મોહનીરૂપ અશેષ-અગાધ કાંતિની રચના રચે છે, તથા સર્વે લોકો સદાયે જેની સમીપમાં રીઝીને રહે છે; વળી જહાં લક્ષ્મીજી દૃષ્ટિ પેસારીને ઉદાસીન ભાવવાળાંને આનંદ દેવામાં આશક્ત રહે છે; બ્રહ્માના ચારે મુખથી નાનાવિધ ચર્ચા જહાં લાગી રહે છે અને જેનું અખંડ કહેતાં નાશ રહિત શ્રી શંકર ધ્યાન ધરે છે, તથા જહાં અપાર આનંદ આનંદ છવાઈ રહ્યો છે. એવા વૈકુંઠ ધામને જેમ સર્વે જગત વખાણે છે, તેમ અમે પણ હમેશાં વૈકુંઠને ચાહિયે છીયે.

(બીજો અર્થ) કળાપ્રવીણ પક્ષે=સાગર કહે છે કે જેના શરીરની કાન્તિ સોના જેવી છે, અંગે અંગે જહાં ત્હાં મણિ મોતી જડાવ આભૂષણ શોભે છે. બાદ પોતાના કેશની એટલે ચોટલાની મોહિનીરૂપ પ્રભા ધરે છે. તેની સમીપે રહેવાવાળાં સખિજન આદિક જોઇને નિત્યે રાજીરાજી રહે છે, અને તેની નાના પ્રકારના કટાક્ષયુક્ત આંખ્યોની પ્રભુતાની શોભાથી કુમોદની પણ મોદ માણે છે; તે ચતુર બાળાના મુખથી વિવિધ પ્રકારની ચર્ચા ચાલીજ રહે છે-જેનું હું અખંડ ધ્યાન ધરૂંછું. તેથી મને જેનો પાર નહિ-એવો અનહદ આનંદ થાય છે. સર્વે લોકો જેમ વૈકુંઠને વખાણે છે, તેમ અમો તો હમેશાં તે પ્રવીણના કંઠને ઈચ્છીએ છીએ. (૮)

अथ त्रयार्थ श्लेष भेद—कवित.

प्रबल प्रकास आस, पूरन उदासी हरे; लोयन लगायसें, अमीर होत दीन ज्यु. तोलहु न कियो जाय, अतिहि अमोल यह; अरथ उपाबैन अनेक, भेद भीन ज्यु. दुषन रहित सब, भूषन सजात गात; छाजत समीप सब, सुभ छबि लीन ज्यु. अमल अशेष रेख, रूपकीसी राजतहें; सारदाकी कला, कीधौं—पारस प्रबीन ज्यु. ॥ ९ ॥

(પ્રથમ અર્થ) સરસ્વતીની કળા પક્ષે=સાગર કહે છે કે સરસ્વતીની કળા કેવી છે કે-જેનો અતિ પ્રબળ પ્રકાશ છે; ઉદાસીનતાને. હરી આશાને પૂર્ણ કરનારી છે, નજર કરવાથીજ ગરિબો ઉમરાવ બની જાય છે; એવી તે અતિશે અમુલ્ય છે કે તેની સરખામણીમાં કોઈની તુલના કરી જાય નહિ; અને અનેક ભેદથી જૂદા જૂદા અર્થને ઉપજાવનારી છે, દોષ રહિત છે; વળી સર્વે અલંકાર તેના શરીરે સજાય છે; તેમજ તે જેની પાસે હોય તે સર્વે સુંદર શોભામય શોભે છે, તથા નિર્મળ-કાંઈ બાકી નહિ, એવા રૂપની રેખા જેવી રાચે છે. એતે ચતુર પારસમણિ છે કે પછી સારદાની કળા છે?

(બીજો અર્થ) પારસમણિ પક્ષે=પારસમણિ કેવો છે કે જેનો પ્રબળ–જોરાવર પ્રકાશ છે. ઉદાસીને હરી આશાને પૂર્ણ કરનાર છે; જેની સાથે લોઢાને સ્પર્શવાથીજ દીન જન હોય તે ધનાઢ્ય અર્થાત્ ઉમરાવ બની જાય છે,–એવો તે ઘણોજ અમુલ્ય વસ્તુ છે, તથા તેનું તોલ–માપ કરી શકાતું નથી. અનેક ભેદ કરી અર્થાત્ અનેક રીતનાં વિવિધ દ્રવ્ય ઉપજાવે છે. જેના મેળાપથી સર્વે દુઃખ નાસી જાય અને કાયાની સર્વ પ્રકારની ભૂખ રહિત થવાય છે. અને તે વળી જેની પાસે હોય, તે એવો શોભે છે કે જાણે સર્વ શોભા તેણેજ ધરી હોય નૈ? કાંઈજ ન્યૂન નથી;–એવા અમલનો આપનારો છે. અને સુંદરતાની રેખા જેવી શોભે તેવો તે શોભે છે. માટે એતે સારદાની કળા છે કે ચતુર મણિ છે?

(ત્રીજો અર્થ) પ્રવીણ પક્ષે=સાગર કહે છે કે પ્રવીણ કેવાં છે કે જેના મુખના તેજની જોતી અતિ જોરાવર છે, પૂર્ણ કહેતાં વર્તુળાકાર છે; અને ઉદાસીને હરે છે. તેની સાથે નેત્રની દૃષ્ટિ જોડવાથી અમિલ–મારા જેવો વિયોગી અર્થાત્ ગરિબ બની જાય છે. તે ઘણીજ બેમૂલ્ય છે, તેની તુલના કોઈ સાથે કહી જાય નહિ. અનેક રીતેના ઘણાક અર્થોને ઉપજાવે છે; દૂષણ રહિત છે, ને આખા શરીરે અલંકારો સજે છે, વળી જેમણે સુંદર શોભા ધરી છે; પાસે સખીયો પણ તેવીજ શોભે છે; જે નિર્મળ છે અને કાંઈ કમીના નથી એવા રૂપની રેખા જેવી શોભા છે. એ તે સારદાની કળા અર્થાત્ કાવ્ય છે? કે પારસમણિ છે? અથવા તો કળાપ્રવીણ છે? (૯)

अथ पंचार्थ श्लेप–कवित.

अगम अपार पंथ, निगम न पावतहे; सोंधत सरुप मंत्र, मुनि ध्यान धरि धरि. तपनीय तेज छवि, बिपन बिराजतहे; सरता मिलाप होत, अंबकन झरि झरि. गुनी गीत गावतहे, अच्छर अनेक भेद; सरन सुभाव देखीयत, हंस थरि थरि. समर प्रहार कारी, शाम तन सोहतहे; भान चढ्यो गेम, के प्रवीन–हेमागिरि परि. ॥ १० ॥

(પ્રથમ અર્થ) શંકર પક્ષે=સાગર કહે છે કે શંકર કેવા છે કે જેનો માર્ગ અગમ્ય એટલે ગમ ન પડે એવો અપાર છે. અને વેદ પણ તેના પારને પામી શકતા નથી. જેમના સ્વરૂપનું મહાન ઋષિ–મુનિયો મંત્ર જપી જપીને–ધ્યાન ધરી ધરીને સંશોધન કરે છે; જેની કાન્તિ તપસ્વીના જેવી અને તેજસ્વી છે, અને જે વનવગડામાં બિરાજે છે. જેના ઉપર. સ્વર્ગમાંથી પાણીના ઝીણા રજકણો ઝરી ઝરીને નદીયોમાં પવિત્ર એવાં ગંગાજીનો મેળાપ થાય છે. સિવાય મુક્ત પુરૂષો અપાર ભેદથી જેમના ગુણાર્વિંદનાં ગાન ગાય છે. શરણાગત એટલે ભક્તજનો ઉપર મિઠી દૃષ્ટિયે જોનારા છે; પરમહંસો જેમને સ્થિર થઈ અર્થાત્ સમાધિ કરીને નિરેખે છે–એવા ભોળાશંકર કામદેવને બાળનારા છે.

(બીજો અર્થ) શ્રીકૃષ્ણ પક્ષે=સાગર કહે છે કે કૃષ્ણ કેવા છે કે જેનું સ્વરૂપ

અગમ્ય-જાણી શકાય નહિ એવું છે, શટ્ દશર્નાદિક ધર્મના અનેક પંથ છે. તે પંથવાળા જેઓને ગમ નથી, તેઓ તેને પામી શકતાનથી. ઋષિવરો મંત્રની આરાધનાથી ધ્યાન ધરી ધરીને તેના સ્વરૂપને શોધે છે. જેની પ્રભુતાનું તેજ-તપવડે પામી શકાય-એવા છે. વૃંદાવનમાં બિરાજે છે. અને સુ-(રતા) એટલે તેમના વિષે સારી પેઠે તલ્લીન બનેલી ગોપિકાઓને નેત્રોએ આંસુ ઝરી ઝરીને તેનો સંગમ થયો-અર્થાત્ રાસલીલામાં ગોપિકાઓને ઘણી રોવરાવીને પછી મેળાપ કર્યો. અક્ષર એટલે સ્વર તથા વ્યંજનાદિકના અનેક ભેદથી ગુણીજનો તેનું ગાન કરે છે. તેમજ શરણાગત ગોપિયોની પ્રીતિ તેઓના આત્માને થરથરાવીને જુએ છે, તથા લડાઈમાં પ્રહાર કરનારા એવા શામ શરીરવાળા શ્રી કૃષ્ણ શોભે છે.

(ત્રીજો અર્થ) પ્રાણ ઉપર ચડેલા પ્રેમ પક્ષે=સાગર કહે છે કે પ્રેમનો પંથ જાણી શકાય નહિ એવો અગમ્ય છે, તેને પામરજનો પામતા નથી. પ્રેમી મનુષ્યો તેના સ્વરૂપનું અંતરમાં ધ્યાન ધરી ધરીને ગુહ્ય મંત્રથી ખોળ કરે છે, તે પ્રેમની છબિ એટલે પ્રભાનું તેજ જીવને તપનીય છે-તેને લીધે શરીર શોભે નહિ એવું તવઇને કૃશ થઈ જાય છે; નેત્રોએથી આંસુઓનો પ્રવાહ ઝરી ઝરીને કહેતાં વહી વહીને સુરતા-મનોવૃત્તિ સાથે સંગમનીય બને છે; અક્ષરના વિવિધ ભેદવડે તે મિલના ગુણનાં ગીતો ગાય છે; વળી તે પ્રેમનો ભાવ સર કહેતાં બાણના જેવો તિક્ષ્ણ જોઇને (હંસ) જીવ થરથરે-ધ્રુજે છે; એવો પ્રાણ ઉપર ચડેલો પ્રેમ છે.

(ચોથો અર્થ) પ્રવીણ પક્ષે=સાગર કહે છે કે તેને (પ્રવીણને) મળવાનો માર્ગ જાણી શકાય નહિ એવો અગમ્ય અને અપાર છે-તે માર્ગને પ્રેમ વિહિનજનો પામતા નથી, વળી અંતરમાં તે મિલનું ધ્યાન ધરી ધરીને પ્રિયકરના સ્વરૂપને શોધિયે છીએ. તેના વપુ અર્થાત્ અંગની કાન્તિનું ઉજીયારૂં તેજ સોના જેવું ચળકે છે; મારાં આ ચક્ષુઓથી આંસુ ઝરી ઝરીને મારી સુરતાથી તેમનો મેળાપ થાય છે. નિષ્કપટપણે અને ખુલ્લા હૃદયવડે ઘણા ઘણા પ્રકારની યુક્તિયોએ કરી તેમના ગુણાવિંદનાં ગીત ગાઇએ છીએ; અને તે પ્રવીણની ચાલવાની-હીંડછાની ઉત્તમ છટાને હંસો ચકિત બની બની એટલે ઠરી ઠરીને જુએ છે-એવાં પ્રવીણ છે.

(પાંચમો અર્થ) મેરૂ પર્વત પક્ષે=સાગર કહે છે કે મેરૂ પર્વત કે જેના ઉપર ચઢવાનો રસ્તો અગમ્ય અને અતિ વિસ્તારવાળો છે, તેને અજાણ્યા લોકો પામતા નથી. જેના ઉપર યોગીઓ તપવડે વેદના ગુહ્ય મંત્રનો જાપ જપી જપીને-ધ્યાનથી મનન કરી કરીને નિજ સ્વરૂપને શોધે છે. તે મેરૂ પર્વત સાવ સોનાનો છે તથા તેની છબિ મહા તેજસ્વી છે; વળી જેના ઉપર ઘણાંક વન અને ઉપવનો આવેલાં છે. તે મેરૂ ઉપરથી પાણીના રજકણ સ્રવી સ્રવીને ભેગુ મળી નદિયોરૂપે વહે છે; ત્હાં શંકરના ગણો અને અપ્સરાઓ નાના પ્રકારનાં ભેદવડે ગીત ગાય છે. અને તે પર્વતના રહેવાશીઓ સ્થિર થઈ થઇને સૂર્યની

ગતિનો ભાવ જુએ છે. એતે શંકર છે? શ્રીકૃષ્ણ છે? પ્રેમ છે? કળાપ્રવીણ છે? કે મેરૂની તુંગ અર્થાત્ શિખર છે? (૧૦)

श्लेषालंकार—दोहा.

समज सर-हिया[1] जब दियो, अंतरको पट खोल;
अहो प्रबिन तब तोल कर, कह सींसनकी मोल. ॥ ११ ॥

(પ્રથમ અર્થ) અત્તરિયા પક્ષે=સાગર કહે છે કે અહો શાણા સરૈયા! તું સમજ કે જ્હારે તેં અત્તરની શીશીનો બુચ (દાટો) ખુલ્લો કરી-ઉઘાડી નાખ્યો તો હવે તેનો તોલ કર કે આખી શીશીનું શું મૂલ થાય છે?

(બીજો અર્થ) પ્રવીણ પક્ષે=સાગર કહે છે કે અહો મિત્ર પ્રવીણ! તમે સમજો કે-જ્હારે તમે હૃદયતાની ભીતર પ્રેમનું બાણ મારી અંતરનો પડદા-વિચાર ઉઘાડો કર્યો. તોતો હવે તોલ કરો કે મિત્રને મળવા જતાં શીશની કિંમત તે શા હિસાબમાં છે? (૧૧)

सोरठा.

एसे भेद अनंत, श्लेष उंकति दंपति कहे;
पूरन प्रेम बढंत, भइ सु दशा अब बरनिये. ॥ १२ ॥

ટીકા—એવા અનેક ભેદો શ્લેષ વાણીથી તે દંપતીએ કહ્યા. તેથી સંપૂર્ણ પ્રેમ વધી જતાં જે દશા થઈ પડી-તેને હવે વર્ણવીએ છીએ. (૧૨)

सागर द्योस कितेक, बिछुहा भये बिरहा बढे;
लाय एक उर टेक, प्रेम ग्यान पहिचान किय. ॥ १३ ॥

ટીકા—સાગરને કેટલાક દિવસોનો વિયોગ થવાથી વિરહ વધી ગયો અને તેથી ઉરમાં એક ટેક ધારીને પ્રેમ જ્ઞાનની ઓળખ કરી. (૧૩)

अथ सागर पूर्ण प्रेमदशा बनर्न—छंद मुक्तदाम.

भयो परिपूरन प्रेम प्रकास; लयो उर अंतर भाव उदास. जग्यो मन मध्य अखंडित बोध; लग्यो परिब्रह्म कला मन सोध. सबे जगकी थितकों अनुमान; प्रमानत ज्यों प्रतिबिंब विधान. नही थिर जानलियो परिनाम; चहे मन सोध अखंडित धाम. कहे यह मानहुसें उपदेश; करे दुख द्वंद्व कहा परवेश. दिनांभर काटत आयुष काल; न छूटत काहे महातम जाल. रह्यो बहुकाल रम्यो रजधान; अबे कर हीमतको अवसान. तजो सब मोह म्रषा मद तोर; महा सुखको मिलहे तब ठोर. किते दिनलों वह बात बिचार; कियो मन मध्य मतो निरधार. ॥ १४ ॥

---

[1] સરહિયા=સરૈયા એ ગુજરાતી શબ્દ છે, ભાષામાં અત્તર વેચનારને ગંધી અથવા અત્તાર કહે છે.

ટીકા—પ્રેમનો પૂર્ણ પ્રકાશ થયો, જેણેકરી અંતરમાં ઉદાસીનો ભાવ લીધો, અને મન પરિબ્રહ્મની કળા શોધવા લાગ્યું, તથા મનમાં અખંડિત જ્ઞાનં ઉદે થયું. સર્વે જગની સ્થિતિનું અનુમાન કરીને તેને પ્રતિબિંબ એટલે પ્રતિમા અથવા પડછાયાની પેઠે મિથ્યા માનવા લાગ્યા; પરિણામે આ જગત્ અને તેની અંદરની સર્વે વસ્તુઓ કાયમ નથી એમ જાણી લીધું. બાદ મનમાં અખંડિત ધામ શોધવાને ઇચ્છે છે, અને આ પ્રમાણે પોતાના પ્રાણને ઉપદેશ કહે છે. અરે ઓ પ્રાણ! તું શા માટે આ સુખ દુઃખના દ્વંદ્વ-યુદ્ધમાં પ્રવેશ કરે છે? અહોનિશ કાળ તો આયુષ્યને કાપ્યા કરે છે, તોયે આ મહાતમ (અજ્ઞાન) ની જાળમાંથી કેમ છૂટતો નથી? બહુ કાળ પર્યંત રહ્યો, ને રાજધાનીમાં ખુશીથી રમ્યો, માટે આ હિંમત કરવાનો અવસાન-છેલ્લો વખત છે તો હવે મનમાં હિંમત ધર. અને મોહ, જુઠાણું તથા મદનો સર્વે તોર તજી દે, ત્હારે તને મહા સુખનું ઠેકાણું મળશે. એ પ્રકારે કેટલાક દિવસ લગી આ વાત વિચારીને સાગરે પોતાના મનમાં સંસાર ત્યાગ કરવાનો ઠરાવ ધાર્યો. (૧૪)

सोरठा.

तज्यो चहे सुख साज, सागर मन सोधत रहे;
बूझे प्रति महाराज, मित परखित बदलित दशा. ॥ १५ ॥

ટીકા—સુખનો સાજ હવે તજી દેવાની ઇચ્છાથી સાગર પોતાના મન સાથે સમય શોધ્યા કરે છે, એટલામાં બદલાઈ ગયેલી દશા જોઇને મિત્રો મહારાજા પ્રત્યે પૂછવા લાગ્યા. (૧૫)

एसी कबे न होय, कोन दशा लीनी तुमें;
आप बतावे सोय, महाराज कीजे कृपा. ॥ १६ ॥

ટીકા—આવી ક્યારેય બનતી નથી-એવી કઈ દશાને તમે લીધી છે? તે કૃપા કરીને હે મહારાજ! આપ કહો. (૧૬)

चोपाइ.

महाराज प्रेम मन जग्गे; बानी बदन मिंत प्रति लग्गे. गोप कीन निज दशा कहावे; अहो मिंत एसी चित आवे. निज प्रतिष्ठ शिव थानक जैहे; परसत परम उदास मिटैहे. बहु दिन भये दरस नहि पाया; यह तुम भाव उदास लखाया. सबहि कहा महाराज सिधावे; हुकम वेग वांहनी कहावे. सागर तब आज्ञाधर आखी; आयसधर प्रतना प्रति भाखी. महाराज आखेटक धारी; कियो हुकुम छोटी असवारी. ॥ १७ ॥

ટીકા—મિત્રોનું આવું કહેવું સાંભળીને મહારાજાના મનમાં પ્રેમ ઉત્પન્ન થયો, એટલે ત્હાં મિત્રોથી વાત કહેવા લાગ્યા; તોયે પોતાની બદલાયલી

દશાને ગુપ્ત રાખી કહે છે કે–હે મિત્રવરો! મારા મનમાં એમ આવે છે કે, આપણે પ્રતિષ્ઠા કરી સ્થાપિત કરેલા શિવમંદિરે જઇએ, અને જાણે ત્હાં શ્રી માહેશ્વરનો સ્પર્શ કરવાથી ઉપજેલી ઉદાસી મટશે, બહુ દિવસ થયાં દર્શન પામ્યા નથી અને તેના પ્રતાપેજ તમને આ ઉદાસીભાવ દેખાયો તો નહિ હોય? પછી સર્વે મિત્રોએ કહ્યું કે, મહારાજ! જો એવીજ આપની મરજી હોય તો ભલે, શિવસ્થાનકે જઇએ અને સેનાને સજજ થવાને જલદીથી વરધિયે. એવી મિત્રમુખથી વાણી સાંભળીને મહારાજાએ (આજ્ઞાધરને) ચોબદારને કહ્યું, ને તેણે સેના પ્રત્યે વરધી કહી–કે મહારાજે સિકારે જવાને ધાર્યું છે, વાસ્તે નાની સ્વારી ચડવાનો હુકમ કર્યો છે. (૧૭)

दोहा.

आयसधर आखिय चमुं, सासन वत माहाराज;
पय सबीर फंदन सिबिक, लगे वाज गज साज. ॥ १८ ॥

ટીકા—મહારાજાની આજ્ઞા પ્રમાણે ચોબદારે સર્વે ફોજને કહ્યું, તેથી પાયદલ, ડેરા, તંબુ, રથ, પાલખી, ઘોડા અને હાથી ઈત્યાદિને સજવા લાગ્યા. (૧૮)

छपय.

आखेटक माहाराज, चमू चल्लन फुरमाये;
आयस मानि उमराओ, राजद्वारहि चढि आये;
रससागर गज चढिय, सबे जन सलाम निज लिय;
बजि निशान गुनि बिरद, पढत पुर बाहिर निकासिय;
केते अमात उमराओ सुत, हय गय फंदन पय चलिय;
सामान संग आखेट सह, पशु पंछी बेधक सु लिय. ॥ १९ ॥

ટીકા—સિકારે જવાને મહારાજાએ ફોજને ચડવાને ફરમાવ્યું, તે આજ્ઞા માનીને ઉમરાવો રાજદ્વારે ચઢી આવ્યા, ત્હાં રસસાગર હાથીએ ચડીને સર્વે લોકોની પોતે સલામ ઝીલી; પછી નગારાંના ગરગડાટ અને બંદીજનોના વખાણની સાથે પુર બહાર નિકળ્યા. ત્હાં કંઈક કારભારી અને અમીર ઉમરાવોના પુત્રો સહિત ઘોડા, હાથી, રથ, અને પાયદળ ચાલવા લાગ્યું એટલુંજ નહીં–પણ સિકારના બરનો સર સામાન સમેત સિકારી પશુ, પંખી તથા પારધિયોને પણ સાથે લીધા. (૧૯)

दोहा.

सागर जुत सामान यह, निकसे नगर बहीर;
जोजन चलि निज निज मिसल, किय सबीर सर तीर. ॥ २० ॥

ટીકા—એટલી સામગ્રી સાથે મહારાજા રસસાગર સૈન્યાના જુથ્થ સહિત નગર બહાર નિકળ્યા, પછી એક યોજન ચાલીને પોતે પોતાની મિસલ પ્રમાણે તળાવને કિનારે ડેરા તંબુ નખાવી મુકામ જમાવ્યો. (૨૦)

छंद कुरंग.

आपके समान ऊमरावके कुमार; सो सबेय सार्थ लीन सागरं सिकार. ताल तीरसें सबीर प्रात कूच्च कीन; नेनरंग मैनदाह थान पंथ लीनं. पींचसें सिलैत हे ढलैत सो पचास; साधितं सिकारकों उजार आसपास. रेनमें अरन्यमें करंतहे मुकाम; होतहे अनेक राग रंग धूमधाम. सेन पंच सातही सहस्त्रदे समग्र; नेनरंग नीठ लेत पीठ नेहनग्र. द्योस द्वादशं दशं सपंत ईस थान; धाहिरं मुकाम आप ऊतरे उदान. ॥ २१ ॥

ટીકા—પોતાના બરોબરીયા અને સરખા જે અમીર ઉમરાવના કુમારો હતા તે સર્વને સિકારે જતાં સાથે લઇને તળાવને કાંઠે નાંખેલા તંબુમાંથી પ્રાતઃકાળે ચાલી નિકળ્યા; અને નેનતરંગ ગામ તરફ શંકરના સ્થાનકનો રસ્તો લીધો. સૈન્યમાં પાંચસેં ભાલાવાળા અને સો પચાશેક ઢાલવાળા છે, તે સાથે આસપાસના અરણ્યમાં સિકાર રમતા આવે છે, વળી જહાં રાતી પડે છે એટલે જંગલમાં ને જંગલમાંજ પડાવ કરે છે. તે સમયે નાનાપ્રકારના અનેક રાગ રંગથી ધામધૂમ થાય છે. એકંદરે જોડે પાંચ સાત હજાર સેન છે, તે સર્વે નેનતરંગને નજીક લેતું આવે છે તથા નેહનગરને પુઠે મેલતું આવે છે; એ પ્રમાણે ગાનતાન અને રમતગમ્મત સાથે શિવ-મંદિરે આવી પહોંચ્યા, બાદ ત્યાં ફોજનો મુકામ કરાવી પોતે મહારાજા બગીચામાં જઈ ઉતર્યા. (૨૧)

सोरठा.

उपबन गिरद मुकाम, हय गय पय प्रतना परिय;
सागर कृत शिव धाम, ईश बंदि अवमोचकिय. ॥ २२ ॥

ટીકા—બગીચાને આંતરીને ચોમેર ઘોડા, હાથી, પાયદળ, આદિ ફોજ મુકામ કરીને પડી, તે પછી મહારાજા સાગરે પણ પોતાના બનાવેલા ધામમાં જઈ ઇશ્વરને વંદન કરીને ઉતારો કર્યો. (૨૨)

गाहा.

श्लेषालंकृत भेदं, सागर शिवह थान आवनं विधिं;
षट षष्ठी अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ २३ ॥

ટીકા—શ્લેષાલંકારના ભેદો અને સાગરની શિવ સ્થાનકે આવ્યાની વિધિવાળી પ્રવીણસાગર ગ્રંથની આ છાસઠમી લહેર સંપૂર્ણ થઈ. (૨૩)

इतिश्रीप्रबीनसागरग्रंथेश्लेषभेदसागरशिवथानपयानोनामषटषष्ठितमो लहरं.॥६६॥

लेहेर ६७ मी.

अथ रससागरमिंतचरचाप्रसंगोयथा–दोहा.

बाग महल महराज ज्यु, राजत रेन समाज;
रांग रंग खूबी खुशि, होत सबे सुख साज. ॥ १ ॥

ટીકા–રાત્રીએ બાગ માંહેલા મેહેલમાં સમાજ સાથે મહારાજ બિરાજે છે, એટલે રાગરંગની ખુબીથી મોજ મઝા સાથે સઘળા પ્રકારની સુખરૂપ સામગ્રીઓ થાય છે. (૧)

निशि बीती बीत्यो अहर, दूजी निश दरसात;
सोधी इकंत सात मित, करन लगे निज बात. ॥ २ ॥

ટીકા—એમ કરતાં એક રાત અને એક દિવસ ગુજર્યો, તથા બીજી રાત્રિ દર્સાતાં એકાંત જગો શોધિને સાતે મિત્રો પોતાની વાતો કરવા લાગ્યા. (૨)

चोपाई.

चरचा मिंत चलत निज बानी; गानकला गावत गुन ज्ञानी. एते मध्य मेघ चढि आयो; गहरे घोष गगन गरजायो. दामनि दमकि बुंद झर मंडिय; गिरवर शिखर नहर झर छंडिय. दादुर मोर सोर उच्चारिय; जामनि बहत जाम जुग कारिय. सुरापान पीवन सब लागे; महाराज प्रेम मन जागे. मिंत प्रकाश करन मन ठानी; बोलन लगे मानप्रति बानी. ॥ ३ ॥

ટીકા—પોતાની બાની એટલે પ્રકૃતિ પ્રમાણે સાતે મિત્રોમાં ચરચા ચાલે છે, અને ગાયનની કળાને જાણનારા ગુણીજનો ગાય છે, એટલામાં મેઘ ચઢી આવ્યો, ને તેણે ભારે ગર્જનાના ઘોષથી ગગનને ગજાવી મુકયું. વળી વીજળી ચમકવા લાગી, તેમજ પાણીના બુંદોની ઝડી મંડાણી. પહાડોના શિખરો ઉપરથી નેહેરોમાંથી નીરઝરણાં છૂટયાં, દેડકાં અને મોર સોર બકોર કરવા લાગ્યા. એ વખતે બે પહોર રાત્રિ જવાથી સાતે મિત્રો એકઠા મળીને મદિરાપાન કરવા લાગ્યા, ત્હાં મહારાજાના મનમાં પ્રેમ ઉદય થયો, એટલે મનમાં મિત્રોથી ખુલ્લું કરવાનું ધારીને પોતાના પ્રાણ પ્રત્યે આ પ્રમાણે વાણી બોલવા લાગ્યા. (૩)

अथ सागरोक्त मनद्रढावअन्योक्ति अलंकाल–सवैया.

मानि नही बरजी सु तबे, यह लच्छ सबे अब जान परेगो;
एकहि टेक गही सु गहीं, अबके ज्यु रही तो अचूक गिरेगो.
भैरव ध्यान बिधान यहे, दोउ ओर सियार दरार करेगो;
अग्र चढ्यो सब नग्र निहारत, क्यौं बदनाम भयो उतरेगो. ॥ ४ ॥

ટીકા—ભેરવજપ ખાવાને શિખ્ખર ઉપર ચડેલા કોઈ એક પુરૂષને કહે છે કે—જે સમયે તને લોકોએ શિખ્ખરે ચઢતાં વાર્યો ત્યારે તો તેમની વાત તેં કબૂલ કરી નહીં; પણ હવે લક્ષ દેવાથી બધું જાણવામાં આવશે, તથા તેં જે એક ટેક પકડી તે પકડી પણ—હજી જો તે ટેક રહી હોય તો જરૂર પડીશ; ભેરવજપના ધ્યાનની એજ રીત છે. અથવા ધારેલા ધ્યાનની ભયંકર રીત છે, કેમકે પડયા પછી બન્ને બાજુએથી શિયાળ આવીને શરીરને ફાડશે પરંતુ તું છેક ઉંચે અર્થાત્ ટોચે ચડયો છે તેથી આખું નગ્ર તને દેખે છે—ત્હાં હવે બદનામ થઇને શી રીતે ઉતરીશ? મતલબ કે સાગર પોતાના પ્રાણને બોધ દે છે કે સંસાર ત્યાગ કરવારૂપી ભેરવજપ ખાવાને તૈયાર થયો, અને તે વાત જગજાહેર થઈ ચૂકી છે, તો હવે શી રીતે ફરી શકીશ? (૪)

अथ अनुमानालंकार—सवैया.

बेधकसे निरदे हिरदें, कह फेर समारत नां सर दे;
आजहुतें अनुमानतहे, उन प्याला पिया सो हमें भरदे.
प्रेमके सिंधु बुडावे प्रवीन, छुडावे कहा करमें कर दे;
खेलको जात अबेको समो, अजहु कह मिंत रमो परदे ? ॥ ५ ॥

ટીકા—સાગર પ્રવીણનું મનમાં ધ્યાન લાવીને કહે છે કે—પારધી જેવા નિર્દય હૃદયવાળા પણ બાણ મારીને શું ફરીથી તેની સંભાળ લેતા નથી? તાત્પર્ય કે લેછે. છતાં આજસુધી તમો અમારા માટે હજીએ શું અનુમાન કર્યા કરો છો? તમે જે પ્યાલો પીધો છે, તે અમને પણ ભરી દો, અર્થાત્ કે તમારા મનનો વિચાર અમને પણ જણાવી દો. અને હે મિત્ર! આ પ્રેમના સાગરમાં અમને ડુબાવશો, અથવા તો હાથમાં હાથ દઇને છોડાવશો. હાલનો સમો ખેલવાનો જાય છે—તોય હજી સુધી પડદે શું રમો છો? (૫)

दोहा.

मोर सोर घन घोर सुनि, दद्दर झिंल्लि झिंगोर;
मित सुनाय चितकी उकति, बोलन लगे बहोर. ॥ ६ ॥

ટીકા—મોરોની વાણી, વર્ષાદની ગર્જના, દેડકાં તથા તમરાંના બોલવાનો સોર સાંભળીને ચિત્તની વાર્તા મિત્રોને સાંભળવાને મહારાજા રસસાગર બોલવા લાગ્યા. (૬)

चढी आइ कारी घटा, घोर मोर सुर कीन;
चहु दिश बोले चातुकी, चाहत चिंत प्रवीन. ॥ ७ ॥

ટીકા—સાગર કહે છે કે—આ મેઘની શ્યામ ઘટાઓ ચઢી અવી છે, મોરો ભયંકર સ્વરથી ટહુંકાર કરે છે, અને ચોદિશે ચાતુક—બપૈયાની માદા બોલી રહી છે તેથી આ મારૂં ચિત્ત પ્રવીણને ઝંખી રહ્યું છે. (૭)

अथ यथा संख्या तथा विकल्पालंकार–सवैया.

नीरज धीरज तुं धररे, इत आवरे कोक पयान करेंगे;
चातुक मोर चकोर सबैं मिलि, जाय मुरारिके पाय परेंगें.
प्यारे प्रवींन दिनेश घटा, शशि रीझहितो द्रग तें न टरेंगे;
अंक इतेपर जो उलटे तो, सबैं मिलि एकहि बेर मरेंगे. ॥ ८ ॥

ટીકા—સાગર કહે છે કે-દિનકરના વિયોગી પાણીમાં વસ્તા હે કમળ? તું ધીરજ ધર, તથા હે ચકવા! તું આંહીં આવ્ય; એટલે આપણે પરિયાણ કરશું. વર્ષાદનો વિયોગી ચાતુક અને મોર, તેમજ ચંદ્રનો વિયોગી ચકોર, એકઠાં મળીને આપણે જઇને મુરારી જે ભગવાન તેમને પાયે પડશું. તેથી જો તે નરહરી રીઝશે તો મારી દૃષ્ટિયેથી પ્યારી પ્રવીણ, કમળ તેમ ચકવાની દૃષ્ટિએથી સૂર્ય, ચાતુક તથા મોરની નજરેથી વર્ષાદની ઘટા, અને ચકોરની નજરેથી ચંદ્ર ટળશેજ નહીં. તેમ છતાં જો નશીબના આંક ઉલટા પડશે-તો આપણે સર્વ મળીને એક વખતેજ મરશું. (૮)

सोरठा.

मन सिंच्छा महाराज, कही सुनाई मिंत प्रति;
मतो प्रकासन काज, प्रगट प्रेम पूरन दशा. ॥ ९ ॥

ટીકા—પ્રગટ અર્થાત્ ઉઘાડી થએલી પ્રેમની પૂર્ણ દશાનો અભિપ્રાય પ્રકાશ કરવાને કાજે મહારાજાએ પોતાના મનને કહેલી શિખામણ મિત્રોને કહી સંભળાવી. (૯)

सुनी मींत यह बान, कहन लगे महाराज प्रति;
आज दरसियत आन, द्रशा न निज जानी परे. ॥ १० ॥

ટીકા—તે મિત્રોએ એવું બોલવું સાંભળીને મહારાજને કહેવા લાગ્યા કે હે પ્રભો! આજ કંઈ ઓરજ દશા જણાય છે કે જે અમારા કળવામાં આવતી નથી. (૧૦)

दोहा.

पुनि बूझत माहाराज प्रति, मींत उभे कर जोर;
सागर चित चाहत तुमे, कहो कहन निहोर. ॥ ११ ॥

ટીકા—ફરીને પાછા બન્ને હાથ જોડીને મિત્રો મહારાજા પ્રત્યે પૂછે છે કે હે સાગર! તમો જે ચિત્તમાં ચહાતા હો તે, પ્રીતિયુક્ત અર્જ ગુજારીએ છીએ માટે મહેરબાની કરીને કહો. (૧૧)

छंद दोधक.

बूझत फेरहि मिंत निहोरे; सागर चाहि जवंनिक छोरे. आप बहोरि कहन

सु लग्गे; प्रेम प्रकास हमे उर जग्गे. अंतर मिंत तुमे कह रक्खे; एह उरं धरकें यह भक्खे. राजहि साज चहे हम तज्जे; को तुम सोउ मतो न बरज्जे? जो-ब्रजनों तुम चित धरेगे; मानन्हार मने न मरेगे. मिंत लट्टी बरजीहु न माने; ओर सयान चले मृत ठाने. क्यों बरजे मरनों न उपावें; हीमत श्री माहाराज द्रढावे. सातहु संग चले यह ठानी; सागर भत्य बदे पुनि बानी.॥१२॥

ટીકા—વળી ફરી ફરીને પાછું મિત્રો પુછવા લાગ્યા ત્યારે સાગરે મનથી ચ્હાયું કે હવે પડદો ખોલી દઇએ. ત્યાર બાદ મિત્રોથી કહેવા લાગ્યા કે મારા અંતરમાં પ્રેમનો ઉદય ઉલટી આવ્યો છે. અને તમ જેવા સુજ્ઞ મિત્રોથી અંતર શું રાખવું? એવું ઉરમાં ધારીને આ વાત હું કહુંછું, કે હવે રાજ અને તેનો સાજ તજવાને હું ઇચ્છુ છું માટે તમો કોઇએ એ મત પ્રમાણે ચાલવાની મના કરશો નહીં. તેમ છતાં તમો કદિ વારવાને ચિત્તમાં ધારશો-તોય માનનાર માનશે નહીં, પણ મરશે. એવું મિત્રોએ જહારે જાણ્યું ત્હારે ધાર્યું કે હવે વાર્યું થશે નહીં, ને જહાં મરવાનું આદર્યું છે ત્હાં આપણું શું શૌણપણ ચાલશે? હવે શું કરવું કે તે મરણ ઉપજાવે નહીં! હવે તો માત્ર મહારાજાને હિંમત દ્રઢાવી સાતે જણાએ સાથે ચાલવું, એમ ધારીને પછી સાગર પ્રત્યે કહેવા લાગ્યા. (૧૨)

छप्पय.

भली कही माहाराज, आप एही बिध ठाने;
यहे प्रेम उपदेश, मूक जन केसें जाने.
सकल म्रषा संसार, तृषा मृगजलकों धावे;
ठोर ठोर भटकंत, कहुं विश्राम न पावे.
सागर संन्यस लीजें दशा, हमें संग शिष धारियें;
परिब्रह्म बोध साधन प्रकृति, प्रेम नेम प्रति पारियें. ॥ १३ ॥

ટીકા—હે મહારાજ! આપે ભલી વાત કહી, અને આપણે એમજ કરિયે. આ પ્રેમના ઉપદેશને મુઢ જનો શું જાણે કે આ સકળ સંસાર મિથ્યા છે? કોની પેઠે કે-જાણે પાણીનો તૃશાતુર માણસ ઝાંઝવાના મિથ્યા પાણી વાસ્તે દોડે છે? તથા જગે જગે ભટકે અર્થાત્ ગોથાં મારે પણ ક્યાંય વિશ્રાંતિ મેળવે નહીં, માટે હે સાગર! સંન્યાસ દશાને ગ્રહણ કરો, તથા અમને શિષ્ય બનાવીને સાથે લ્યો-એટલે પરબ્રહ્મના જ્ઞાનને શોધવાની પ્રકૃતિવાન બનીને પ્રેમના નિયમનું પ્રતિપાલન કરીએ. (૧૩)

सोरठा.

सागर कही सु तास, शीष्य भयो चाहत तुमे;
जो जिहि प्रेम प्रकास, लह्यो सु कहो सुनाय हम. ॥ १४ ॥

ટીકા—ત્યારે સાગરે તેમને કહ્યું કે-શિષ્ય થવાને તમો ચ્હાવછો, તો જે-જે જેવો પ્રેમનો પ્રકાશ લીધેલો હોય તે મને સંભળાવીને કહો. (૧૪)

सदा सु सागर पास, रहत प्रेम जाने प्रकृति;
आप उकति बर आस, जन जन प्रति गाहा कहे. ॥ १५ ॥

ટીકા—તેઓ સદાય સાગર પાસે રહેવાવાળા હોવાથી પ્રેમની પ્રકૃતિને જાણે છે, જેથી પોતાના સુંદર મુખની ઉક્તિથી તે દરેક જણે એકેકી ગાહા કહી. (૧૫)

अथ मित्रोक्त प्रेमस्वरूपवर्नन, समरूपक अलंकार गाहा.

तन ओपधी समीहं, मन अभिलाष अंकुरित शाखा;
सुख फल फूल झुकंते, स्रावित सुधा प्रेम शशि धारा. ॥ १६ ॥

ટીકા—શરીરરૂપી એક ઝાડ છે, તથા મન અને અભિલાષારૂપ અંકુર અને સાખાઓ છે; તેમાં સુખરૂપી ફળફુલ ઝુકી રહ્યાં છે, તે ઉપર પ્રેમરૂપી ચંદ્રમા અમૃતની ધારા રેડે છે. (૧૬)

समरूपक अलंकार—गाहा.

सुख दुःख समृति समूहं, प्राणा शिष्ट क्लिष्ट परिणामीं;
उर वीकल्प अनंतं, ज्वालवत प्रज्वलित प्रेमं ॥ १७ ॥

ટીકા—સુખ દુઃખ અને સ્મૃતિના જુથ્થથી પ્રાણ કંઈ અવશેષ અર્થાત્ બાકી નહીં એવા કલેશના પરિણામી છે, અને ઉર–હૈયું અનંત સંકલ્પવિકલ્પો કરે છે; તેમાં અગ્નિની જ્વાળાની પેઠે પ્રેમ ભડકે બળે છે. (૧૭)

उद्भिज्जह उत्पण्णे, जर सेदाण इंड चत्र खाणं;
प्राणा चख आकारं, तद सर्वेण तारिका प्रेमं. ॥ १८ ॥

ટીકા—વનસ્પતિમાં ઉપજેલા જીવો, ઓરમાંથી પેદા થયેલા જીવો, સ્વેદ-પરસેવામાંથી ઉત્પન્ન થયેલા જીવો, તેમ ઇંડામાંથી ઉપજેલા જીવો, એમ ચાર પ્રકારની ખાણોના પ્રાણીઓ છે, તેઓને પ્રાણરૂપી ચક્ષુ છે, તથા પ્રેમરૂપી સર્વને કીકી છે. (૧૮)

जंजं गमण करंतं, नौका वा बिमाण आरोहे;
तंतं ऊरध अद्धे, वत नभ भूमि प्रेम परब्रह्मं. ॥ १९ ॥

ટીકા—વહાણમાં કે વિમાનમાં બેસનારા જેમ જેમ ગમન કરે છે તેમ તેમ ઉંચે ને નીચે જેમ આકાશ અને ભૂમિ દિસે છે, તેજ પ્રકારે પ્રેમ ઉપર ચડનારને પ્રેમરૂપી પરબ્રહ્મ સર્વત્ર દેખાય છે. (૧૯)

पुनः अन्योक्ति दृष्टांतालंकार—गाहा.

थर चर अध ऊरद्धे, दिस विदिसेण अतरं मध्यं;
वरणए वरण प्रसंगे, उँकार अंकवत प्रेमं. ॥ २० ॥

ટીકા—સ્થાવર-જંગમ તથા નીચે અને ઉંચે, દિશા-વિદિશાના અંતરૂ અને મધ્યમાં સ્વર તથા વ્યંજન અક્ષરોના પ્રસંગમાં જેમ એક ૐકારના અંકનોજ પ્રસાર છે, તેમ તમામ પ્રાણી પદાર્થોમાં એક પ્રેમનોજ પ્રસાર છે. (૨૦)

अन्योक्ति द्रष्टांतालंकार–गाहा.

भख्खण त्रसण विपयर्ग, निद्रा यस्य प्राणि यत्र एहीः
तस्यात्मेण प्रवर्त्ते, वत चैतन्य प्रेम परिब्रह्मं. ॥ २१ ॥

ટીકા—ખોરાક, ત્રાસ, મૈથુન અને નિંદ્રા એ ચાર વિષયવાળાં પ્રાણીઓં આત્માના ચૈતન્યથી જેમ પ્રવર્ત્તે છે, તેજ પ્રમાણે આખું જગત્ પ્રેમરૂપી પરિબ્રહ્મના ચૈતન્યથી ચાલે છે. (૨૧)

सोरठा.

सागर कह्यो सु मिंत, जो जिहि जानत प्रेम विधि;
अर्पे कह्यो वृतंत, सोय सत्य धारो सकल. ॥ २२ ॥

ટીકા—એટલે સાગરે મિત્રોથી કહ્યું કે-જે પ્રમાણે જેમણે પ્રેમની વિધિ જાણી છે, તે પ્રમાણે તમોએ જે વૃત્તાંત કહ્યું તે બધાને હું સાચું માનું છું. (૨૨)

अथ सागरोक्त समरुपक अलंकार–गाहा.

निराकार निर्लेप, जस्य स्तुति उचारितं वेदं;
जोत प्रकाश जपंतं, सत्ता प्रेम भासित ब्रह्मं. ॥ २३ ॥

ટીકા—જે નિરાકાર અને નિર્લેપ એટલે જે કોઈમાં નહિ લેપાતાં જેની સ્તુતિ વેદો ઉચ્ચારી રહ્યા છે; વળી જેની જ્યોતિના પ્રકાશને સર્વે જપે છે, એવા પ્રેમરૂપ બ્રહ્મ પોતાની સત્તાથી ભાસે છે. (૨૩)

अथ छंद प्रिया.

एक एकं कही, चित्त वृत्ती लही; प्रेम पाये द्रढे, जोति दूनी चढे. मध्य रेनी गली, एह चरचा चली; जोग ठानी सची, राज सज्या रची. रेन सारी गही, आध जामं रही; साज साजे गुनी, धार भैरो धुनी. नाद लागे श्रुतं, सागरं जाग्रतं; मोद लावे हिया, नित्य कीनी क्रिया; आप बेठे जहां, मिंत आये तहां. ॥ २४ ॥

ટીકા—એમ એક એક જણે અકેકી ગાહા કહી, જેના ઉપરથી તેમના ચિત્તની વૃત્તિ જાણી લીધી અને દ્રઢ પ્રેમને પાંમ્યા. તેથી જ્યોતિ–તેજ બમણું વધી ગયું. એવામાં મધ્ય રાત્રિ ગઈ, ત્હાં પર્યંત એજ ચર્ચા ચાલી. પછી જાગ-સન્યાસ લેવાનો સાચો ઠરાવ કરી રાજસંજ્જા રચાવી શયન કર્યું, સારી રાત ચેનમાં ગુજારી અર્ધ પહોર બાકી રહી, ત્હાં ગુણીજનો ગાયનનો સાજ સજી

ભૈરવ રાગ ગાવા લાગ્યા. જેનો નાદ કાને પડતાંજ સાગર જાગૃત થયા અને હૈયામાં આનંદ લાવીને નિત્યકર્મ આદર્યું; કેડે પોતે જહાં બેઠા હુતા ત્હાં સર્વે મિત્રો આવીને મળ્યા. (૨૪)

सोरठा.

चार धरी रहि रैन, सागर नित कीनी क्रिया;
आय इते महि सेन, प्रेम प्रभा प्रगटित सकल. ॥ २५ ॥

ટીકા—પાછલી ચાર ઘડી રાત્રિ શેષ રહી એટલે મહારાજા રસસાગરે નિત્યનું કર્મકાન્ડ પરવારી બેઠા છે—એટલામાં તો જેઓને પ્રેમની પ્રભા પ્રગટેલી છે એવા સર્વ સજ્જનો આવી લાગ્યા. (૨૫)

छंद झंपताल.

सागरं अंग आभूषनं साजियं; भान कोटी कला कंद्रपं लाजियं. आपही आसनं हेम चोकी रजे; मीतकी आवली आवरत्तं सजे. आदरस्सं निजं पानिहीमें लिये; देखितं हे प्रतीबिंब नेनां दिये. अंगको रूप सो अद्भूतं लसे; मितकों चिंतितं मंदमंदं हसे. प्रान रूपं यहे राखवो धारितं; सागरं एह सिच्छा सु उच्चारितं. ॥ २६ ॥

ટીકા—રસસાગરે પોતાના શરીરે ઘરેણાં પહેર્યાં તેથી કરોડો કળાવાળા સૂર્ય અને કામદેવ લાજવા લાગ્યા; ત્હાં પોતે કંચનના જડિલ બાજોઠ ઉપર આસન કરી બિરાજેલા શોભે છે, અને મિત્રોની હાર ચારે તરફ આસપાસ વિંટાઈ રહી છે, ત્હાં આરિસાને પોતાના હાથમાં લેઈ તેમાં આંખ્યો અર્થાત્ દૃષ્ટિ લગાડીને પોતાનું પ્રતિબિંબ જુએ છે, પોતાના અંગનું અદ્ભૂત રૂપ શોભે છે-તે જોઈ, મિત્રો પ્રત્યે મંદ મંદ હસે છે, અને પોતાનો પ્રાણ એવુંજ રૂપ રાખવાને ધારે છે, માટે સાગરે તેને આ પ્રમાણે શિક્ષા કહી. (૨૬)

अथ सागरोक्त मनसिच्छा अनुमानालंकार—सवैया.

कागर नाव चल्यो सु गल्यो, अब सागर क्यौं तरिहे कर जोरा;
होनि सु होय न होनि न होयगि, क्यौंरे तपे तलफे मन मोरा.
आयो अगे अध कीन अराधन, पायो सबे करनी फल तोरा;
मित प्रवीन अजों न मिले तब, भागमें आग बिभूतिको गोरा. ॥ २७ ॥

ટીકા—કાગળનું નાવ ચાલ્યું તે તો ગળી ગયું; હવે હાથના જોરેથી હે સાગર! અર્થાત્ સાગરના જીવ! સમુદ્રને શી રીતે તરશો? બનવાનું બનશે અને નહીં બનવાનું નહિ બને, માટે હે મારા મન! કેમરે તપીને તલફે છે? અર્ધ આરાધન કરીને આગળ આવ્યું, તેથી તું તારી કરણી પ્રમાણે સઘળાં

ફળ પામ્યું, તોય હજી પ્રિયમિલ પ્રવીણ મળ્યાં નહીં–તો હવે ભાગ્યમાં અગ્નિની ધુણી અને વિભૂતીના ગોળાજ રહ્યા!. (૨૭)

दोहा.

सागर मन सिच्छा दई, डिगत कियो थिर जूप;
उनपें अंबारत करन, धार्यो जोग सरूप. ॥ २८ ॥

ટીકા—એવી સાગરે પોતાના ડગતા મનને શિખામણ દેઇને તેને યજ્ઞના સ્તંભની પેઠે થીર કર્યું, પછી એના ઉપર યોગીના સ્વરૂપરૂપી ઈમારત બાંધવાનું ધાર્યું. (૨૮)

गाहा.

सागर उकति सु.मिंता, प्रच्छा प्रेम.रूप मन द्रढावनं;
सप्त षष्ठि अभिधानं, पूर्न प्रबिनसागरो लहरं. ॥ २९ ॥

ટીકા—મિત્રોને પ્રેમનું રૂપ પૂછતાં સાગરે પોતાની ઉક્તિથી પ્રેમનું તત્વ દ્રઢ કરી રાખવાની મનને જે શિખામણ દીધી, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની આ સડસઠમી લેહેર સંપૂર્ણ થઈ. (૨૯)

इतिश्रीप्रबीनसागरग्रंथेरससागरमिंतचर्चामनद्रढावनप्रेमप्रथकभेदो नाम सप्तषष्ठितमो लहरं. ॥ ६७ ॥

लेहेर ६८ मी.

अथ रससागर योगीस्वरूपप्रसंगो यथा–सोरठा.

सागर मन सु द्रढाय, षट संगे चेले भये;
चले सुं मिंत बुलाय, भुज अकेक अवतंस धरि. ॥ १ ॥

ટીકા—એવી રીતે સાગરના મનને દ્રઢાવીને છયે મિત્રો સાથે ચેલા થયા; પછી મિત્રોને બોલાવીને હાથમાં એકેકો ફુલનો ગજરો લઇને ચાલી નિકળ્યા. (અવતંસ એટલે કર્ણભૂષણ કિંવા શિરભૂષણ અથવા રત્ન કે પુષ્પનો કરેલો તોરો કિંવા ગજરો એટલા અર્થ થાય છે; તેમાં આ ઠેકાણે ફુલનો ગજરો યોગ્ય જણાયો છે.) (૧)

अथ छेकानुप्रास अलंकार–सोरठा.

मनमहिं मोद प्रकाश, आस्य हास दरसित तनक;
आवत ईस निवास, पास राम्र वैरागी व्है. ॥ २ ॥

ટીકા—મનમાં આનંદનો બોધ ઉછળી રહ્યો છે, અને મુખ જરા મલકતું દેખાય છે; એવી રીતે મિત્રમંડળ વેરાગી (ત્યાગી) થઇને શિવના દેવળ પાસે આવે છે. (૨)

छंद मुक्तदाम.

गये रससागर थानक ईश; आभूषन ब्रह्म किये बकसीस. तजे जर कंबर अंबर साज; दिगंबर भेख लियो महाराज. सु वासन रंजित हे जिहि संग, बिभूतिय धार लई तिंहि अंग. नव ग्रहे पाग ज्यु पेच लसंत, वडे जट जुट सु बंध कसंत. "हरं हर उच्चरितं मुख बान, धरे महमाय महेश्वर ध्यान. करे वह रूप तहां षट मित; भवा भव अस्तुति आप बदंत. ॥ ३ ॥

ટીકા—પછી રસસાગર ઇશિસ્થાનકે જઈ, અંગે પહેરેલાં સર્વ આભૂષણો ઉતારી બ્રાહ્મણોને બક્ષિસ કર્યાં, જરીના શાલ દુશાળા અને અન્ય સર્વે શણગાર તજી મહારાજાએ દિગંબર (યોગી) નો વેશ ધારણ કરી લીધો. જે શરીરે સુવાસિક તેલ-ફુલેલ-અત્તરાદિ લગાવેલાં છે, તે અંગે વિભૂતિ ધારણ કરી લીધી; અને જે માથાની પાઘડીપર નવેગ્રહના નવ રત્નોથી જડેલ શિરપેચ શોભતો હતો-તે ઠેકાણે કેશનો સમૂહ (જટાજૂટ) કશીને બાંધ્યો. અને મોઢેથી "હરહર" એવી વાણી ઉચ્ચારીને મહેશ્વર અને મહામાયાનું ધ્યાન ધર્યું. ત્યાં છયે મિત્રોએ તેવાંજ રૂપ કર્યાં, અને પોતે સાગર શિવ તથા શક્તિની સ્તુતિ કરવા લાગ્યા. (૩)

दोहा.

सागर भेष मुनेश धरि, गिरजा हर पद वंद;
दश सरूप माया दरसि, किये स्तवन रचि छंद. ॥ ४ ॥

ટીકા—સાગરે મુનીશ્વરનો ભેખ ધરી ઉમયા અને શિવજીના પગને વંદન કરી દશ રૂપે જે માયા દર્શાઈ, તે દશ મહાવિદ્યાની ભુજંગી છંદ રચીને નીચે પ્રમાણે સ્તુતિ કરી. (૪)

अथ रससागरोक्तदशमहाविद्याध्यानभेद, शिवास्तुति, जातिस्वभाव अलंकार

छंद भुजंग.

माहा कालिका मालिका मुंड धारा; शवं श्रोन शीशं करं मुक्त बारा. वरं निर्भयं ग्राहिनी नग्ग खग्गा; ज्वलंती चितामें शवारूढ नग्गा. महाकाल बिप्रीत रत्ती रमस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. भवा नील आभा जटा जूट तारा; करत्री कपालं असी कंज धारा. दढा क्रूर वाघंवरं जोग तप्पे; तनं आभ्रनं दंतकी दाम जप्पे. हलं मोहितं सोहितं कंज मस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. महाविध्यया राजितं रक्त बिंबा; सधे जोग जोती अलोकीक अंबा. त्रिनेनं सरोजं करं नील सज्जे; कुचं गौर मुख्खं कलां चंद्र लज्जे. महारुद्र चित्तं कटाक्षं भ्रमस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. श्रियं शोभ भानं

प्रभातं प्रकासा; शशी भाल त्रीनेत्र आरून वासा. धनू बीन पाशं श्रनी. पानि लीने; सबे अंग सोहंत संगार कीने. शिकं शंकरं वाम भागं सु वस्ते; नमस्ते नमस्ते नेमस्ते नमस्ते. भुवंनेश्वरी चंद्ररूपा रसाल्य; धरे कुंडलं हेम'मुत्ती सु माला. बधे षार जूरा.सु सिंगार सज्जे; कटी किंकनी जेहरी पाय 'वज्जे. रसं रंजितं नेन शंभू समस्त; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. बगल्ला कनंकासनं हेम अंगा; किरीटं शशी अंबरं पीत रंगा. कुलीशं गदा पास जीहा धरंती; धरे चंपकं जूहिकी बैजयंती. महादेव संगा उंछंगा बिलस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. छिनंमस्तिका हस्तिका रक्तपत्रा; धरं शीश शीशं बितं छाय छत्रा. करे श्रोनितं पान छूटे.सु बारा; दमे डाकिनी शाकिनी संग धारा. शिवं संगियं रंगियं मोद मस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. महंमाय धूमावती धूम देहा; कराला कला चंचला ज्वाल मेहा. भयंकार दड्ढा जयंकार प्रेता; उरं पीन छीनं कटी दीन हेता. भवा भीम जोगा न भोगा त्रपस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. मतंगी घनं डंबरं अंग दीठं; रकत्तं धरे अंबरं रत्न पीठं. सुरं दानवं मानवं कंज थत्ता; करं कुंभ पत्रं सुरापान मत्ता. महेशं पिवावंत आपं पिवस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. बराही रुची राजितं बीज बाला; सकत्ती गदा अंकुशं नेत्र ज्वाला. सरोजं लिये पानमें रंग रत्तं; जपंतं जयं शत्रवं हीन कत्तं. जटा धारियं डारियं ग्रीव हस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. जयो योगिनी भोगिनी जासु संगे; जयो जोगियं भोगियं जास रंगे.. जयो दंपती जोग हांसं बिलासं; जयोकारना रूप प्रेमं प्रकासं. रखे लाज माराज जोगं सधस्ते; नमस्ते नमस्ते नमस्ते नमस्ते. ॥ ९ ॥

ટીકા—જે મહાકાલિકા કહેવાઈ કંઠમાં મુસ્તકની મુંડમાળા ધારણ કરેલી છે, બંને કાનમાં શબ ટાંગી માથા ઉપરના કેશને છૂટા મુકેલા છે; તરતનું છેદેલું મસ્તક, વરદ, નિર્ભય તથા નગ્ન ખડ્ગ જેમણે હાથમાં ગ્રહેલાં છે. બળતી ચિતામાં મડદા ઉપર નગ્ન થઇને બેઠેલાં મહાકાળની સાથે વિપરીત રતિથી રમણ કરનારાં હે કાલિકા! તમને વારંવાર નમસ્કાર છે. બીજાં. તારા નામે—ભવાનીરૂપ, કાળી છે કાંતિ જેની, જટાજુટને મસ્તકે ધારણ કરેલું છે જેમણે, કરવતી, કપાળ, તરવાર, અને કમળને હાથમાં ધરનારાં, ક્રુર અને ભયંકર છે દાઢો જેની, વાઘંબર ઉપર બિરાજી યોગ તેમ તપનો કરવાવાળાં, શરીરે ધારણ કરેલાં કુંડલ—કટિમેખલા ઈત્યાદિ આભૂષણોથી સુંદર લાગતાં, દાંતની માળાવડે જપ કરનારાં, મહાદેવને મોહ ઉપજાવનારાં, કમળ ઉપર શોભતાં એવાં હે દેવી તારા! તમને વારંવાર નમસ્કાર છે. વળી તમો મહાવિદ્યા નામેછો, તે બિમ્બાકૃતિ જેવા

રક્ત રંગવાળા અંગથી શોભિતાં, જોગ સાધનારાં તથા જેના તેજની જ્યોત અને અલૌકિકપણે ધારણ કરનારાં અંબા, ત્રણ નેત્રોવાળાં, લીલા રંગનાં કમળ હાથમાં પકડેલાં છે, જેનાં કઠીણ કુચ, મનોહર કેશ અને ગૌરવર્ણો મુખની પ્રભા જોઇને ચંદ્રની કળા પણ લાજ પામે છે; ચાપ જે નેત્રના કટાક્ષથી મહારૂદ્રના ચિત્તને પણ ભમાવે છે—એવાં હે મહાદેવી! તમને વારંવાર નમસ્કાર છે. ચોથાં શ્રીવિદ્યા પ્રભાતના સૂર્ય જેવા પ્રકાશથી શોભિતાં, કપાળને વિશે ચંદ્રમા છે જેને, ત્રણ નેત્ર અને રાતાં વસ્ત્રવાળાં, ધનુષ–બાણ–પાશ, અને અંકુશ, એ ચાર આયુદ્ધો ચાર હાથમાં લીધેલાં છે, અને આખા અંગને વિશે શોહામણા શણગાર કરેલા છે—એવાં શિવશંકરના વામ–ડાબા ભાગમાં વસનારાં હે શ્રીવિદ્યા! તમને વારંવાર નમસ્કાર છે. પાંચમાં ભુવનેશ્વરિ કે જેનું ચંદ્રમાના જેવું રૂપ તથા રંગ છે, રસ રંગથી રસિલાં, કાને કુંડળ, કંઠે સુવર્ણ હાર અને મોતીની માળા પહેરેલ છે, માથે વાળનો ઝુંડો અર્થાત્ અંબોડો બાંધીને જેણે સુંદર શણગાર સજેલા છે, કેડે પહેરેલી કટિમેખલાની ઘુઘરીઓનો, પગમાં પહેરેલ ઝાંઝરનો ઝમકાર લાગે છે, નેત્રોના રસથી જેણે શંભુ જેવા યોગીને સમસ્ત રીતે રંજન કરેલા છે—એવાં હે ભુવનેશ્વરી! તમને વારંવાર નમસ્કાર છે. છઠ્ઠાં બગલામુખી કે જેમને નાનું આસન છે, સુવર્ણના જેવા અંગવાળાં, મુકુટને વિશે ચંદ્રમા છે, તેમ શરીરે પીળારંગનાં વસ્ત્રો પહેરેલાં છે, વજ્ર–ગદા–પાશ અને શત્રુની જિભને હાથમાં ધરનારાં, ગળામાં ચંપાની અને જુઇની ગળાથી પગ સુધીની માળા પહેરનારાં, મહાદેવના ઉચ્છંગે બિરાજી વિલાસ કરનારાં, હે દેવી બગલામુખી! તમને વારંવાર નમસ્કાર છે. સાતમાં છિન્નમસ્તિકા કે જેમણે રૂધિરનું પાત્ર તથા પોતાનું છેદેલું શિશ હાથમાં ધારણ કર્યું છે, માથે મ્હોટા છત્રની છાયા ધરી છે, વિખરાયેલા કેશ રાખીને ડોકમાંથી ઝરતા રૂધિરનું પાન કરનારાં, દમનાર ડાકિની–શાકિણીને સંગે રાખનારાં, શિવની સમીપે રહીને આનંદના રંગથી મસ્ત કરનારાં, હે છિન્નમસ્તિકા દેવી! તમને વારંવાર નમસ્કાર છે. આઠમાં મહામાયા ધુમાવતિ, ધુમાડા જેવી દેહવાળાં, કરાળ "પટમાં સૂર્ય છે જેને–" તેની કળાને ધરનારાં, ચંચળ, જેના અંગમાંથી ઝાળોનો મેઘ વર્ષતો હોય ને? તેવી વૃષ્ટિવાળાં, મેલાં લુગડાં યુક્ત, જેનાં અતિ પ્રચંડ, સર્વેને ઉદ્વેગ પમાડનારાં, બિહામણી દાઢો છે જેની, પ્રેતાદિ જય બોલે છે જેનો, કઠિન છાતી અર્થાત્ સ્તન છે જેનાં, પાતળી કેડવાળાં, દીનજનોનું હિત કરવાવાળાં—એવાં ભવાની ભીમ મહાદેવની સંગે જોગ કરનારાં, ભોગથી ત્રપ્ત થતાં નથી—એવાં હે ધુમાવતી! તમને વારંવાર નમસ્કાર છે. નવમાં માતંગી કે મેઘના આડંબર જેવું–કાળા અંગવાળાં, રક્ત વસ્ત્ર પહેરીને રત્નના બાજોઠ ઉપર બેઠેલાં છે, કમળ ઉપર બે પગ રાખીને બેઠેલાં, દેવ–દૈત્ય–દાનવ–મનુષ્ય, એમને વરદાન દેનારાં, એક હાથમાં મદિરાનો કુંભ અને બીજા હાથમાં પાત્ર લેઇને મહાદેવને પાન કરાવી પોતે પાન કરી મસ્ત થએલાં, વીણા વગાડનારાં, હે દેવી માતંગી! તમને

વારંવાર નમસ્કાર છે. દસમાં વારાહી–બીજાના બાળ ચંદ્રજેવી છબિથી શોભિતાં, બાળારૂપ, જેની આંખ્યોમાંથી અગ્નિની જવાળા નિકળે છે, અને જેણે શક્તિ–ગદા–અંકુશ તથા રાતા રંગનું કમળ એમ હાથમાં લીધેલાં છે, જપનારનો જય કરનારાં, શત્રુનો નાશ કરનારાં, જટાધારી શિવજીના ગળામાં હાથ નાખીને બિરાજેલાં–હે વારાહી દેવી! તમને વારંવાર નમસ્કાર છે. જય જય બોલનારી યોગણી અને ભોગણી જેમની સંગે છે, તેમજ જયજય બોલનાર યોગી તથા ભોગી જેના રંગમાં રંગાએલી છે, પ્રકૃતિ તથા પુરૂષરૂપ દંપતિનાં જોડલાંથી યોગ અને હાસ્ય વિલાસ કરીને જય પામનારા, તેમજ કરૂણરૂપ પ્રેમને પ્રકાશનારા, શક્તિ સાથે રહેલા હે શંકર! તમને વારંવાર નમસ્કાર કરીને હું જોગ સાધુંછું. માટે કૃપા કરીને હે મહારાજ! મારી લાજ રાખજો. (૫)

सोरठा.

उमया ईश उचार, स्तुति पुनि बंदन सु किय;
मन महि बोध विचार, कहन लगे सागर कुमर. ॥ ६ ॥

ટીકા—એ પ્રકારે ઉમયા અને ઈશ્વરની સ્તુતિ ઉચ્ચારીને વળી તેમને વંદન કર્યું, અને પોતાના મનને સાગર કુંવર બોધનો વિચાર કેહેવા લાગ્યા. (૬)

जमकाऽलंकार–सोरठा.

जर जर जात जहान, फर फर झुठे जगत महि,
धर धर रे हिय ध्यान, कर कर याद प्रवीनकों. ॥ ७ ॥

ટીકા—આ મિથ્યા દુનિયાની અંદર ફરી ફરીને, જીવ વારંવાર બળી જાય છે, માટે હે હૃદય! પ્રવીણનું ધ્યાન ધરી ધરીને તેનું સ્મરણ કર. (૭)

छपय.

जोगि रूप महाराज, सहर प्रतना सब पाये;
गुरुजन मनमहि धारि, आय सागर बरजाये.
कहे तास प्रति उत्र, इष्ट साधन हम लीने;
करहु क्रिया इक वर्ष्र, बहुरि यह रूप सु छीने.
माने न कह्यो बरजत बहुरि, मन उदास सब लोग लिय;
महाराज महत आमात प्रति, दरकबाह आयस सु दिय. ॥ ८ ॥

ટીકા—જોગીનું રૂપ મહારાજે લીધું, તેની નેનતરંગ શેહેરમાં અને સર્વ સૈન–દળમાં ખબર પડી એટલે મોટા શેઠ–શાહુકારો, અમીર–ઉમરાવો તે વાત મનમાં લાવીને શિવસ્થાનકે આવી રાજકુમારને વારવા લાગ્યા; ત્હારે તેમને જવાબ આપ્યો કે મેં ઈષ્ટ સાધન કરવા સારૂં આ રૂપ લીધું છે, તે બહુ

કરીને એક વર્ષપર્યંત ક્રિયા સાધ્યા બાદ આ ભેખને તજી દઈશ. વળી વળીને સર્વેજનો ઘણીક તરેહથી સમજાવે છે, પરંતુ રાજકુમાર માનતા નથી; તેથી સર્વે લોકોએ ઉદાસી લીધી અને મહારાજાને તથા મુખ્ય પ્રધાનને ખબર આપવા સારૂં એક ઉંટણીસ્વારને આજ્ઞા દીધી. (૮)

अथ छंद मृगेंद्र.

कमाल चलाय; सु सागर पाय; भई जब रेन, कहे मित बेन. गई ग्रह बात, इतें नृप आत; सबे जन जाय, लगे बरजाय. दशा हम कीय, लगी संग जीय; सु खंडित बात, तजी नहि जात. लगेहि बिवाद, सु नाहि सवाद; सु कारन-एह, नही थिर देह. यहे हम जान, तजों शिव थान; कहे तब मींत, निशा ज्यु बहंत. चमू मग होय, निवारहु सोय; पती लिख लीन, पुजारिय दीन. लिखी हम राह, न सोधहु क्राह; कदा उत आउ, हमे न जिवाउ. सबे जन सोय, चले मग होय; जपे हरवान, कियो सु पयान. ॥ ९ ॥

ટીકા.—ઉંટસ્વાર મોકલ્યો તે બાતમી સાગરને મળી. બાદ જ્હારે રાત પડી તે વખતે મિત્રોથી સાગરે વચન કહ્યું કે–હવે આ વાત ઘેર ગઈ કે તેજ સમયે મહારાજા અહીં આવશે, આવશે એમજ નહિ પણ–કુટંબી સર્વે જનો આવીને મના કરવા લાગશે. પણ હમેં જે દશા ગ્રહણ કરી છે–તેતો જીવની સંગેજ લાગેલી છે; વાસ્તેકરી તેનું ખંડન કરશે, પણ તે તજી જશે નહીં, અને વિવાદ થશે–એમાં સ્વાદ અર્થાત્ ફાયદો નથી. કારણ એ કે આ માંસમાટીથી બંધાયલી દેહ કાંઈ સ્થિર નથી. એમ જાણીને હું આ શિવમંદિરને તજી દેવાને ધારૂંછું, ત્હારે મિત્રો કહેવા લાગ્યા કે–રાત વીતશે એટલે માર્ગે ચમુ સેના (આડી) આવશે તેનો કંઈ ઉપાય કરો. પછી રાજકુંવરે એક પત્રિકા લખીને પૂજારીને આપી, તેમાં લખ્યું કે અમારો માર્ગ કોઈ શોધશો નહીં, કદિ ત્હાં આવશો–તો અમને જીવાડશો નહીં. એવી રીતની વ્યવસ્થા કરી તે સઘળા મિત્રો માર્ગેસર થઈ ચાલ્યા, ચાલતાં ચાલતાં “હર હર” એવી વાણી જપીને પ્રયાણ કર્યું. (૯)

सोरठा.

दरसित देव विहान, जन जन प्रति पाई खबर;
सागर कीन पयान, चमू चढन चंचल भई. ॥ १० ॥

ટીકા—પછી પ્રભાત થતાં સૂર્ય દર્શાયો અને રાજકુમાર ચાલી નિકળ્યાની જન જન પ્રત્યે ખબર થઈ, કે તુરત પાછળ શોધે જવાને સેના ચંચળ–તૈયાર થઈ. (૧૦)

पाती लेहि पुजार, तेतमहिं आये तिहां;
बूझ्यो अंत विचार, गुरुजन सब बरजी चढन. ॥ ११ ॥

ટીકા—એટલામાં પત્રિકા લેઇને પૂજારી ત્હાં આવ્યો, તેથી સાગરનો છેવટનો વિચાર જાણીને ડાહ્યા અને વૃદ્ધ જનોએ સૌને ચઢવાનું બંધ રખાવ્યું. (૧૧)

कोलाहल सब कीन, नेह नगर सेना फिरे;
जोगि अरन पथ लीन, हर हर कर कीनो गम्नन. ॥ १२ ॥

ટીકા—ત્હારે સર્વે લોકો કોલાહલ કરવા લાગ્યા અને નેહનગર તરફ સેના પાછી ફરી. તેમ જોગિયોએ "હર હર" ઉચ્ચારીને અરણ્ય માર્ગે ગમન કર્યું (૧૨)

दोहा.

प्रभा प्रभाकर भइ प्रगट, बन बन लवत विहंग;
कवि मींतसु प्रति सुकनको, पूछन लगे प्रसंग. ॥ १३ ॥

ટીકા—પ્રભાકર-સૂર્યની પ્રભા પ્રગટ થઈ, અને વને વને પક્ષિયો લવવા-બોલવા લાગ્યાં, ત્હાં સુકવિ ભારતીનંદ પોતાના મિત્ર રસસાગર પ્રત્યે શુકન સંબંધી ભેદ પૂછવા લાગ્યા. (૧૩)

छपय.

सुनि सागर वह बचन, भेद निज उकति सु धार्यो;
सुकन भेद यह सुनो, मिंत हम सोधि निहार्यो.
करनहार किरतार, सुकवि बल बुधि विस्तारत;
इष्टदेव परसंन, सोय सब सत करि डारत.
गुरु प्रेम इष्ट हम सत्यहे, तो कवहु न बानी फिरहि;
शुभ अशुभ भेद हमसें सुनो, सुकन प्रेम रस अनुसरहि. ॥ १४ ॥

ટીકા—એવું વચન સાંભળીને સાગરે પોતાની ઉક્તિવડે તે ભેદ કહેવાને ધાર્યું, અને મિત્રોથી કહેવા લાગ્યા કે અમારો શોધી કાઢેલો આ શુકનભેદ તમો સુણો, કરતા હરતા તો પરમેશ્વર છે-બાકી સુકવિયો પોતાની બુદ્ધિના બળથી તે વિસ્તારે છે, અને જેમને ઈષ્ટદેવ પ્રસન્ન છે-તેઓ સર્વે સાચું કરી આપે છે; અમારે પણ પ્રેમરૂપી ગુરૂ અને ઈષ્ટદેવ સત્ય છે તો કદીએ અમારી વાણી પાછી ફરનારી નથી, માટે તમો શુભ અશુભ એમ શુકનના સર્વે ભેદો અમારાથી સાંભળો-એવા તે શુકન પણ પ્રેમરસને અનુસરનારા છે. (૧૪)

अथ रससागरोक्त नवीनशुकनभेद—छपय

सुकन भेद बहु बिद्ध, वेद तिहि कहत प्रसिद्धहि;
जल थल खेचर जीव, प्रगट ईश्वर सब मध्यहि.
ताबानी बुधवंत, श्रवन सुनि चित्त सु धारहि;

मत मतंत बहु भंत, कृपा गुरु अर्थ विचारहि;
जग आदि अंत इहि विधि सकल, ग्यानी बुध बल फललहत;
शुभ अशुभ कर्म सब प्रानिके, सुगन व्याज किरता कहत. ॥ १५ ॥

ટીકા—શુકનભેદ વિવિધ પ્રકારના છે જેને વેદ ખુલ્લી રીતે કહે છે, તેમાં જળ, સ્થળ અને આકાશ માર્ગે સંચર કરનારા સર્વે જીવોને વિષે ઇશ્વર પ્રગટ રીતે રહેલા છે; તે વાણી શ્રવણ અર્થાત્ સુણીને બુદ્ધિવંત લોકો તેના સઘળા ભેદો ચિત્તમાં ધારી લે છે. હા, તેમાં બહુ બહુ ભાતના મત મતાંતો છે, તોય ગુરૂ કૃપાએ કરી અર્થો વિચારી લે છે; વળી આ સકલ જગત્માં પ્રથમથી તે છેવટ સુધી એજ પ્રમાણે ચાલતું આવેલું છે, માટે કેટલાક જ્ઞાનીઓ બુદ્ધિનાં બળેકરી તેના ફળને લહે છે. હવે પ્રાણીઓના શુભ અશુભ કર્મને અનુસારે શુકનના મિષથી કિરતારરૂપી ઇશ્વર કહી આપે છે. (૧૫)

छपय.

पंच तत्वमय पिंड, सोय ब्रह्मांड प्रसिद्धहि;
छिति नभ सिखि जल अनिल, रूप रस प्रस रव गंधहि.
निराकारहे शब्द, अवर आकार सु धारिय;
सबको कारन शब्द, शब्द माया विस्तारिय.
सो शब्द विविधहे जगतमें, जिहि सु भेद विरला लहे;
शुन शब्द ग्यान अनुमान सब, सो प्रवीन सागर कहे. ॥ १६ ॥

ટીકા—આ પંચતત્વમય પિંડ અને તેમજ બ્રહ્માંડ પણ પંચતત્વથી સરજેલું છે–એ વાત સર્વે વિશ્વમાં પ્રસિદ્ધ છે. (તત્વરૂપે)–પૃથ્વી, આકાશ, અગ્નિ, જળ અને વાયુ, હવે તેના ગુણરૂપે રૂપ, રસ, સ્પર્શ, શબ્દ અને ગંધનો સર્વેમાં પ્રસાર છે; તેમાં "શબ્દ" નિરાકાર છે, તે સિવાયનાં અવર તત્વો આકારવાળાં ધારો. તે સર્વનું કારણ શબ્દ છે, તેમજ માયાને પણ શબ્દેજ વિસ્તારેલી છે, તે શબ્દ જગત્માં જૂદી જૂદી પ્રકારના છે, જેના ભેદને કોઈ વિરલાઓજ પામે છે. માટે જે તે શબ્દના જ્ઞાનના અનુમાનને જાણે–તેજ ચતુર જન કહેવાય. (૧૬)

अथ शब्दब्रह्मनिरूपन–श्लोक.

रसनायां नु वासीना, वृत्त मानेन ग्रंथिता;
यया प्रकाशिताः शब्दाः, सारदायै नमोस्तु ते. ॥ १७ ॥

ટીકા—રસના–જીભને વિશે જે વાસ કરીને રહેલાં છે, જે છંદના વૃત્તના માપથી ગ્રંથિત ગુથાયેલાં છે, અને જેણે શબ્દો પ્રકાશ્યા છે–એવાં હે સારદા દેવી! તમને નમસ્કાર છે. (૧૭)

दोहा.

ब्राज जोरि चक्री सु चढि, लिय कुजाक निज संग;

कुसुम सु पुग्गिय कुसुमवन, परसत धरनि पतंग. ॥ १५ ॥

ટીકા—એમ ઘોડા જોતરેલા રથે આરૂઢ થઈ, પોતાની સાથે રખવાળને લીધા. એ વિધિએ કુસુમાવળી સૂર્ય ધરણિ-પૃથ્વીની તળેટીને અડતાં જહાં અતિશય ફુલોનો સમૂહ ખીલી રહેલો છે એવા કુસુમ વન-બાગે મહોંચી. (૧૫)

चोपाइ.

बाग दुहार कुजाक बेठाई, आप कुसुम उपवन प्रति आई. दरश पाय जोगेश्वर चीने, आय नीठ अभिबंदन कीने. ब्रह्मनि म्रदु मुसकाय कहायो, बहुरि कहा परपंच बनायो. जोगी कही प्रपंच न कीनो, अब के सत्य जोग हम लीनो. सुनियत कुसुम नेन भरि आये, बहुरि बानि बोलीहु न जाये. जोगि ब्रह्मनी धीर द्रढाई, नीठ नीठ चरचा सु चलाई. दुज दुहिता बतियन पुनि लग्गी, कलाप्रवीन खबर उनमग्गी. ब्रह्मनि आप बतावे सोई, कलाप्रवीन गूजर क्यों होई? ॥ १६ ॥

ટીકા—બગીચાને દ્વારે રખવાળ (સિપાઇઓ) ને બેસારી પોતે કુસુમાવળી વાડી અંદર આવી દર્શન પામીને જોગેશ્વરોને ઓળખ્યા, પછી સમીપમાં જઈ તેમને વંદન કર્યું. તે બ્રાહ્મણિ મૃદુ-મંદહાસ્યથી બોલી કે આ પ્રપંચ વળી શો આદર્યો છે? ત્હાં જોગીઓએ ઉત્તર દીધો કે આ કંઈ પ્રપંચ કર્યો નથી; હમણાંનો અમોએ સત્યજ જોગ લીધેલો છે. એવું સાંભળતાંજ કુસુમાવળીનાં નેત્રો પાણીથી ભરાઈ આવ્યાં ને ફરીથી જરાયે વાણી બોલી ગઈ નહીં. તેમજ ગદ ગદ કંઠે બની રહી! એટલે યોગીએ બ્રહ્મકન્યાને ધીરજ આંપી જેમ તેમ કરી તેનાથી ચર્ચા ચલાવી. ત્હારે બ્રાહ્મણની દીકરી ફરીને વાતો કરવા લાગી, જે જોઈ તે જોગિયોએ કળાપ્રવીણના સમાચાર માગ્યા, અને હે બ્રહ્મસુતા! તમો અમને બતાવો કે કળાપ્રવીણનો ગુજારો શી રીતે થાય છે? (૧૬)

दोहा.

संन्यासी मुख बानि सुनि, कुसुम सु कही उचार;

आठ जाम अठ अंठ घरी, यों परवीन गुजार. ॥ १७ ॥

ટીકા—સંન્યાસીના મુખની એવી વાણી સાંભળીને કુસુમાવળીએ ઉચ્ચારીને કહ્યું કે-આઠે પહોર અને આઠે ઘડિ કળાપ્રવીણની એવી રીતે ગુજરે છે કે:- (૧૭)

अथ कुसुमावलिउक्तकलाप्रबीनदशाबर्नन—छंद तोटक.

अध जाम निशा उठ मंज तनं, इक आसनसें द्रढ लाय मनं; प्रतिमा उमया

शिवकी ज्यु थपे, अरचा चरचा कर मंत्र जपे. इक जाम सु सागर ध्यान धरे, गुजरान युंही परबीन करे. उथपे अरचा चरचा सु चले, इतने महि ब्रंद सखी सु मिले. बतियां सब बोलत इच्छ जथा, वह प्रेम उचारत गूढ गथा. इक जाम सु गोप उसास भरे, गुजरान युंही परबीन करे. असनं बिबिधं बिध होत तबे, मन इच्छ अरोगत ओर सबे. इतने महि याद लगे मनमें, उठ बैठत दूर जमे न जमे. मिश नीद सुवे इक जाम जरे, गुजरान युंही परबीन करे. पुनि बैठत सोच करे चितमें, सहियां फिर आय जुरे तितमें. बिबिधं बिनता जन खेल लगे, उनकी सुरता सु लगी न डगे. इक जाम लगे न घरी बिसरे, गुजरान युंही परबीन करे. उत आप समान सबे अबला, तहां गायन साधत गानकला. सब रीझत गान संगीत लखे, उनकों बिरहा सु कमी न रखे. इक बीतत जाम बडे कहरे, गुजरान युंही परबीन करे. तितहि फिर भोजन आवतहे, अन्य खावत आप न पावतहे. बिनता अपने ग्रह जाय रहे, उतसें उठ आप इकंत ग्रहे. समरंत सु मिंत पहेर परे, गुजरान युंही परबीन करे. उर मानसि मिंत समीप भजे, अभिसार दशा ग्रहि अग सजे. चितराम लिखंत अनंग बढे, लहि जोगिनि रूप विभूति चढे. सुपनेश्वरि जाम जपं उचरे, गुजरान युंही परबीन करे. बिरहा रस रीत कबीत कहे, हम गावत तान सु बीन गहे. चरचा निज मिंत करे मुखसें, असुआन झरी उलटे चखसें. मुरझायत सोय पहेर गरे, गुजरान युंही परबीन करे. अठ पोर सु प्रेम प्रसंग सधे, दिनहु दिन व्याध असाध बधे. छिनही छिन देह दशा पलटे, बिरहा सु बढे तन जोत घटे. कुसुमं सु कहे हम देख जरे; गुजरान युंही परबीन करे. ॥ १८ ॥

ટીકા—પાછલી અર્ધ પહોર રાત શેશ રહે ત્હારથી ઉઠીને અંગ ન્હાઈ ધોઈ એક આસન વાળી મનને દ્રઢાવે છે; તથા શિવ પાર્વતીની પ્રતિમાનું સ્થાપન કરી–નાનાવિધ ગંધવડે પૂજા અર્ચા કરીને મંત્ર જપે છે. પછી એક પહોર લગી રસસાગરનું ધ્યાન ધરે છે. એ પ્રકારે કળાપ્રવીણ ગુજરાન કરે છે. બાદ પૂજાનું ઉથ્થાપન કરી ચર્ચા ચલવે છે; એટલામાં સખીવૃન્દ આવીને મળે છે અને સ્વ-ઈચ્છા પ્રમાણે તેઓ વાતો ચલાવે છે; પણ પ્રવીણ તો પ્રેમની ગૂઢ ગાથાઓ બોલે છે, તથા એક પહોર લગી છાની રીતે નિ:સ્વાસ મુકી ભારે ઉસાસા ભરે છે. એ પ્રમાણે કળાપ્રવીણ ગુજરાન કરે છે. ત્હાં તરેહ તરેહનાં ભોજન તૈયાર થાય છે–તેને અન્ય સર્વ જણ મરજી મુજબ જમે છે; એટલામાં તો પ્રવીણના મનમાં તેનું જીવન જે રસસાગર–તે આવે છે,

અર્થાત્ દુમો ભરાતાં કંઈક જમી—ન જમી-ઉઠીને દૂર જઈ બેસે છે. ત્યાર કેડે નિદ્રાને બ્હાને સૂવે છે, પરંતુ એક પહોર લગી સૂતી સૂતી મિલના વિયોગથી ભડકે લાગ્યાજં કરે છે. એવા પ્રકારે પ્રવીણ હમેશાં ગુજરાન કરે છે. બાદ વળી પાછી બેઠી થઇને ચિત્તમાં શોચના કરે છે—તેવામાં સહિયરો આવીને પાછી ટોળે મળે છે; તે સંમોડની સુંદર સ્ત્રી સમાજ નાનાપ્રકારની રમત ગ-મ્મત ખેલવા લાગે છે, પણ પ્રવીણનું ધ્યાન તો મિત્રમાં લાગેલું હોય—તે જરાએ ડગતું નથી, એક પહોર લગી એવી રીતે મિલની સુરતામાં તલ્લીન રહે છે; એટલુંજ નહિ પણ તે સુરતાને એકે ઘડિયે વિસરતી નથી. એ પ્રકારે પ્રવીણ નિરંતર ગુજરાન કરે છે. ત્હાં પોતાની સરખે સમાણી સર્વે સાહેલિયો ટોળે મળીને સંગીત પ્રમાણે ગાન સાધે છે; તે સંગિત કોમળાંગિઅને મધુર કંઠિત બાળાઓનું સાંભળી સર્વે કોઈ રીઝે અને ખુશી થાય છે—પણ પ્રવીણને તો વિરહ કાંઈ કમિના રાખતો નથી! અર્થાત્ તેતો વિરહની ઝાળોમાં જ-ળ્યાજ કરે છે, એમ એક પહોર ભારે સંકટથી ગુજરે છે. એવા પ્રકારે પ્રવીણ નિત્યે ગુજરાન કરે છે. તેવામાં ફરીને ભોજન આવે છે, તે અન્ય સર્વજન જમે છે—પણ પોતે જમતી નથી. જે કેડે સર્વે સહિયરો પોત પોતાને ઘેર જતી રહે છે, એટલે ત્હાંથી ઉઠીને પ્રવીણ એકાંત ગ્રહી એક પહોર સુધી મિત્રનું ધ્યાન કરે છે. એવે પ્રકારે સદાય પ્રવીણ ગુજરાન કરે છે. ઉરમાં મિત્રના માનસિક સમાગમને ભજે છે, વળી અભિસારિકા નાયકાની દશા ગ્રહીને અંગે શણગાર સજે છે, તેમ મિલની છબી દેખીને અનંગ જે કામ તે તેને બમણો વધે છે; જે પછી જોગિણીનું રૂપ લઇને અંગે ભસ્મ ચોળે છે; તથા એક પ-હોર સુધી સ્વપ્નેશ્વરી દેવીનો જપ ઉચ્ચરે છે. એ પ્રકારે પ્રવીણ ગુજરાન કરે છે. બાદ વિરહ રસની રીતનાં કવિત કહે છે, તથા હું પોતે બિન ગ્રહીને તેને તાનમાં લાવી ગાઉંછું, ત્હાં પ્રિયતમની વિજોગણી પ્રવીણ નિજ મુખથી મિ-લની ચર્ચા કરે છે. તે સમયે તેનાં બંને નેત્રોમાંથી આંસુની ઝડી શ્રાવણ ભાદરવાની માફક ઉલટે છે; જેની પિડાથી મુંઝાઇને એક પહોર સુધી મુરછાયે પડે છે. એ પ્રકારે તે પ્રવીણ પોતાનું ગુજરાન કરે છે. આઠે પહોર પ્રેમના પ્રસંગને સાધે છે, અને દિવસે દિવસે અસાધ્ય દુઃખ વધે છે; વળી ક્ષણે ક્ષણે તેના તનની સ્થીતિ પલટાય—બદલાતી જાય છે. વિરહ વધે છે, તનનું તેજ ઘટતું જાય છે. કુસુમાવળી કહે છે કે જે જોઇને હું બળ્યા કરૂંછું. એવી રીતે પ્રવીણ ગુજરાન કરે છે. (૧૮)

दोहा.

कला प्रबीन दशा कही, कुसुमावली बनाय;
यहें गुजर उनको सदा, जपत मिंत दिन जाय. ॥ १९ ॥

ટીકા—એ રીતે કુસુમાવળીએ બનાવીને કળાપ્રવીણની દશા કહી, તથા

વિશેષમાં કહ્યું કે-આ પ્રમાણે તેનું સદા ગુજરાન છે. વળી મિત્રના નામનો જાપ જપવામાંજ એના દિવસો વિતે છે. (૧૯)

गाहा.

जोगिं गमन उद्यानं, ब्रह्माभि उकति प्रबीन गुजर विधि;
नव षष्ठी अभिधानं-पूर्न प्रविनसागरो लहरं. ॥ २० ॥

ટીકા—જોગિયોનું બાગમાં ગમન, પ્રવીણના ગુજરાનની વિધિની કુસુમાવળિયે કહેલી ઉક્તિવાળી પ્રવીણસાગર ગ્રંથની આ અગનોતેરમી લહેર સંપૂર્ણ થઈ. (૨૦)

इतिश्रीप्रबीनसागरग्रंथेजोगीउपबनागतकुसुमावलिचर्चाभेदोन्नाम नवषाष्ठितमो लहरं. ॥ ६९ ॥

लेहेर ७० मी.

अथ वागवननरसागरकलाप्रबीनप्रसंगो—दोहा.

कहत तबे कुसुमावली, आय भले संन्यास;
उर महि उन अनुराग भरि, कीजहु बाग निवास. ॥ १ ॥

ટીકા—ત્હારે કુસુમાવળી કહેવા લાગી કે હે સંન્યાસી ! ભલે આવ્યા. ને હૃદયમાં પ્રવીણ ઉપર વ્હાલ આણીને આ બાગને વિશે નિવાસ કરો. (૧)

पुनःकुसुमावलि उक्तशिक्षाक्षेप अलंकार—कवित.

कुंद जपा केसरहे, झिल्लि दादुरा उचारे; खेलत मराल रंभा, पीपर सुहावने. कुसुम अनेक, नागवेल चंपा; नारंगन अंब बिंबहे अनार, कोकिल लवे घने. कीर अलि उच्छव, अंगूर पुंग लोंग एला; खंज कंज मधुक, मयूर सारसा गने. कीश इश वंदिये, ज्यु निंदिये मरालनाथ; उन अभिलाष आप, बागमें रहे बने. ॥ २ ॥

ટીકા—ફરીને કુસુમાવળી કહે છે કે-આ વાડીમાં ડોલર, જાસુસ અને કેસર છે; તમરાં અને દેડકાં ઉચ્ચારણ કરે છે; હંસો આમ તેમ ખેલે છે; કેળો અને પીંપળાનાં વૃક્ષો સુંદર શોભે છે; ઘણીક જાતનાં પુષ્પો. નાગરવેલ, ચંપા, નારંગી, આંબા, બિંબ અને અનાર છે; ઘણીક કોયલો બોલે છે, પોપટ અને ભમરાઓ આનંદ ઉત્સવ માણે છે; લીલી દ્રાક્ષ, પુંગી ફળ (સોપારી) લવીંગ, તેમજ ઈલાયચી છે. ખંજન પક્ષી, કમળ, મહુડા, મોર અને ઘણાંક સારસ પણ છે. વાસ્તે વાંદરના ઈશ-રામચંદ્રજીને વંદન કરી, મરાલનાથ જે

બ્રહ્મા-તેને નિંદીને આપ બાગમાં રહેશો તો એનો (પ્રવીણનો) અભિલાષ પૂર્ણ થશે. (૨)

अथ पूर्नोपमालंकार-सवैया.

कोकिल रंभन थंभन कूजित, अंब कदंब गुलाबहि फूले;
छूटतहे जलजंत्र चहू दिश, ताल तमाल लता तरु झूले.
केसर मालति कुंद जुही पर, डोले मधूकर भूलेइ भूले;
या छबि बाग प्रबीन बसो इत, चित्त रहे हम खुलेइ-खुले. ॥ ३ ॥

ટીકા—કોકિલાઓ કેળોના થંભો ઉપર મધુર સ્વરવડે ટહુકા કરે છે; આંબા, કદંબ અને ગુલાબ ફુલી રહ્યા છે, ચોદિશે જળ જંત્ર-ફુવારા છૂટે છે; તાડ, તમાલ અને ઝાડે ઝાડે લતાઓ ઝુલી રેહી છે; કેસર, માલતી, ડોલર તથા જુઈ, ઉપર ભમરા ભૂલી ભૂલીને ડોલે છે. એવી છબિ-પ્રભાવવાળા આ પ્રવીણના બાગમાં આપ રહો તો હમારૂં મન પ્રસન્ન પ્રસન્ન રહે, તો હે જોગિયો ! આપ સદાય આંહી રહો. (૩)

सोरठा.

बाग सु बर्नन कीन, बसबेकी ब्रह्मनि कही;
तब प्रतिउत्तर दीन, सागर श्रीमुख कुसुमसें. ॥ ४ ॥

ટીકા—બાગનું વર્ણન કરીને ત્હાં રહેવાને બ્રહ્મકન્યાએ સંન્યાસીઓને કહ્યું. ત્હારે સાગરે શ્રીમુખથી તે કુસુમાવળી પ્રતિ ઉત્તર દીધો. (૪)

अथ सागरोक्तस्मरनालंकार-सवैया.

बिंब अनार दराख मिलावत, कीरहि टेरत क्यों न चरे;
नारंग ताल जंभीरनके फल, पंकज पत्र लपेट करे.
फुले प्रसून गुलाबन लाल, हजारिकि ले पखरी बिखरे;
बासर बाग बितावत यों, हम प्यारि प्रवीनकि चाह भरे. ॥ ५ ॥

ટીકા—સાગર કહે છેકે-બિંબ, અનાર અને દ્રાક્ષને મેળવીએ છીએ પણ કાંઈ ખાતા નથી; પોપટને બોલાવીએ છીએ; નારંગી, તાડનાં ફળ તથા લીંબુનાં ફળ લઇને કમળના પાનમાં લપેટીએ છિયે. ફુલેલાં ફુલ, ગુલાબ તેમ લાલ રંગવાળી હજારી લઇને તેની પાંખડિયો વિખેરિયે છિયે. એવે પ્રકારે અમે પ્યારી પ્રવીણની ચાહના ભર્યા આ બાગમાં દિવસ ગુજારીએ છીએ. (૫)

अथ जमकोत्प्रेच्छालंकार-सोरठा.

यहहे बाग अलोक, अवलोकत शिवलोक सुख;
बिन परबीन सशोक, मनहु कोक दिनमनि बिहिन. ॥ ६ ॥

ટીકા—આ બાગ અલૌકિક છે, જેને અવલોકતાં શિવ-લોક જેવું સુખ

ઉપજે; પરંતુ તેતો એક પ્રવીણ વિના અમને શોકવાળો થઈ પડયો છે; જાણે કે સૂર્ય વગર ચકવો હોય ને? (૬)

छेकोक्ति अलंकार—सोरठा.

सबे कहत सन्यास, गहन रहन नांहिन निकट;
प्रान प्रेम बस पास, कहा अंग अंतर भयो ? ॥ ७ ॥

ટીકા—સર્વે કહે છે કે સન્યાસિયે ગુહામાં રહેવું, વસ્તીવાળા પ્રદેશની પાસે રહેવું નહીં; પણ આ પ્રાણ તો પ્રેમવશ હોઇને પ્રવીણની પાસે વસે છે—ત્હાં કરીએ શું? અરે! શા વાસ્તે શરીર વચ્ચે અંતર થયો? (૭)

छप्पय.

एती कहि सन्यास, एक पाती लिख लीनी;
पठवन कलाप्रवीन, करे कुसमावलि दीनी.
इन प्रति उत्र लिखाय, काल उपबन फिर आओ;
उत्तर आनन उक्ति, आप उनके सब लाओ.
धारवी धीर उनके सु मन, याद अंतर भव कीजिये;
उन प्रति अरजी कीजे इती, हम बिदाय सू दीजिये. ॥ ८ ॥

ટીકા—એટલું કહીને સંન્યાસિયે એક પત્રિકા લખી લીધી, અને તે કળાપ્રવીણને મોકલવા વાસ્તે કુસુમાવળીના હાથમાં દીધી. વળી કહ્યું કે આનો પ્રતિઉત્તર લખાવીને કાલે પાછાં આ બગીચામાં આવજો. તેમ વળી મોઢાની ઉક્તિથી પણ કહેલો ઉત્તર સર્વ રીતે લાવજો. તથા એમના કોમળ મનમાં ધીરજ ધરાવજો, અને કહેજો કે ઉરમાં ઉમામાહેશને યાદ કરો. પછી એટલી એમનાથી અરજી કરજો કે અમને વિદાયગીરી આપો. (૮)

दोहा.

प्रेम उसासा उर भरे, नेन नीर भर आय;
रससागर पाती दई, ब्रह्मनि भेद सुनाय. ॥ ९ ॥

ટીકા—એવામાં તો સાગરના હૃદયમાં પ્રેમના ઉસાસા ભરાઈ આવ્યા, તથા નેત્રો પાણીથી છલકાઈ ચાલ્યાં, એવા ગળગળીત બદને કુસુમાવળીને ભેદ સંભળાવી કળાપ્રવીણ ઉપરની પત્રીકા હાથમાં દીધી. (૯)

अथ वह पाती उदाहरन—छंद भुजंगी.

परब्बीन प्रेमं कला आप जानों; उरं बीच काहू उदासी न आनो. तुमें जा दिनांसे वही व्रत्त लीया; दीनां वाहीसें जोग आराध कीया. हमें आजसें साधनकों बनावे; वही वातका आप धोखा न लावे. लिखा भागमें सो न

कोऊ उथप्पे; अगे पंडवं राम आरन्य तप्पे. वसे चित दूरंतरे सो न जानो; शशी सूर कूंमोद कंज प्रमानो. जहां जायकें जोग धूनी तपेगे; तहां आपके नाम दामं जपेगे. प्रधंते वही साधना आप लावे; हमें आप आराधसें सिद्धि पावे. वही चित्तमें ईश उच्चार धारे; हमें सोंह जो आप ऊनी विचारे. सुपंने मिलेंगे प्रती मास दोऊ; सुरत्ता लगाओ सु आधार सोऊ. मिलेंगे नहीं ए अंदेसा न रख्खे; इतें आयगे प्रत्य एके वरख्खें. हमें जोग साधे मृहा सिद्धि लीजे; धरे धारनाकों बिदागीरि दीजे. झरे नीर नेनां भरी आइ छत्ती; दई सागरे ब्रम्हनी पान पत्ती. ॥ १० ॥

ટીકા—તે પત્રમાં લખ્યું કે–હે પ્રવીણ! આપ પ્રેમની કળાને જાણવાવાળાં છો, તેથી ઉરમાં કદિયે ઉદાસીભાવ લાવશો નહીં. તમે જે દિવસથી કુમારિકા વ્રત લીધું છે–તે દિવસથી જોગનું આરધન કરો છો. તેવી રીતે અમે આજથી સાધના બનાવશું; માટે તે વાતનો આપ કાંઈ અંદેશો–શંકા લાવશો નહીં. જે ભાગ્યમાં લખ્યું હશે તે કોઈનાથી મિથ્યા થઈ શકે એમ નથી. પ્રાચીનકાળમાં પાંડવ અને રામે પણ અરણ્યવાસ સેવીને તપ આદર્યું હતું. ચિત્તમાં જે વસે છે–તે દૂર છે અથવા તો તે વચ્ચે અંતર છે એમ જાણવું નહીં; ચંદ્ર તથા સૂરજથી કુમુદની અને કમળ કાંઈ દૂર નથી–એમ માનો. વળી જહાં જઇને જોગધુણી તાપીશું–ત્હાં આપના નામની માળા જપીશું. જે સાધન સાધો છો–તેની સિદ્ધિને આપ પામશો, તેમજ અમે આપની આરાધનાથી સિદ્ધિ પામશું; એવુંજ અમોએ ઇશ્વરનું નામ ઉચ્ચારીને ચિત્તમાં ધાર્યું છે. વાસ્તે તમે કાંઈ મનમાં ઓછું લાવશો નહિ, અને જો લાવો તો તમને અમારા સમ છે. પ્રતિમાસે આપણે બન્ને સ્વપ્નામાં મળશું. બાકી સુરતા લગાવીને રહેવું–એજ મ્હોટો આધાર છે. મળીશું નહીં–એવો અંદેશો રાખશો ના; કારણ એક વર્ષ બાદ અમે અહિં આવીશું. અમે જોગ સાધીને મહાસિદ્ધિ પામવાની ધારણા રાખી છે, માટે અમને વિદાયગીરી આપો. એટલું લખતાં છાતી ભરાઈ આવી અને નેત્રોએથી આંસુ ખરતાં ને ખરતાંજ તે પત્રીકા સાગરે કુસુમાવળીના હાથમાં આપી. (૧૦)

सोरठा.

कुसुमासु पाती दीनं, प्रेम भरे पीछी लही;
काव्य नबीन सु कीन, तासु अंत पुनि लिखंतहे. ॥ ११ ॥

ટીકા—કુસુમાવળીને પત્રિકા આપી ખરી, પણ વળી હૃદયમાં પ્રેમ ભરાઈ આવવાથી તે પાછી લીધી; જે પછી નવીન કાવ્ય બનાવીને તેને પત્રના અંતમાં લખે છે. (૧૧)

अथ समरूपक अलंकार–सोरठा.

जोगी काम कराल. तन तीरथमें मन मढी;
प्रेम पावरी ज्वाल, व्रह धूनी दूनी जगे. ॥ १२ ॥

ટીકા—કામરૂપી મહાવિકરાળ જોગી તનરૂપી તીરથમાં મનરૂપી મઢીમાં વસે છે, તેની પાસે પ્રેમરૂપી પાવડી તથા વિરહરૂપી ઝાળોવાળી ધૂણી બમણી જાગે છે એટલે સળગે છે. (૧૨)

अथ समरूपक अलंकार–सवैया.

नाभिके कुंड अहोनिश मंजत, लोटत घाट त्रिकाल ठह्यो;
आवलि संचरसें चढिकें, उत चोकि बघंबर ध्यान ग्रह्यो.
झूलत हार हिंडोरनसें, कुचके गिरि आसन बार रह्यो;
कानन मित प्रवीन तुमें तन, या मननें मुनि भेख लह्यो. ॥ १३ ॥

ટીકા—મારૂં ચિત્ત ભસ્મ ચર્ચીત જોગીરૂપે બનીને તમારી નાભી કુંડમાં અહોનિશ ન્હાય છે, તેમજ તેની તીરે અર્થાત્ ડુંટી ઉપરની ત્રિવલીમાં ઠરીને ત્રિકાળ લોટે છે; ત્હાંથી આવલિએ આવલિયે ચડીને ઉર–છાતી ઉપર ધરેલી ચોકીરૂપી વાઘાંબર ઉપર પદ્માસન વાળીને ધ્યાન ધરે છે; ને કંઠમાંના હારરૂપી હીંડોળામાં બેશીને તે ઉપર ઝૂલે છે; સ્તનરૂપી પર્વત ઉપર આસન વાળીને રહે છે; એમ હે મિત્ર પ્રવીણ! તમારા તનરૂપી વગડામાં વસવાને આ (મારા) મને મુનિનો વેશ લીધો છે. (૧૩)

अथ द्रष्टांतालंकार–सोरठा.

मित मिलनको अंग, सहज सुभागहि पाइये;
रहत एक यों रंग, पय घ्रत दधि नवनित मठा. ॥ १४ ॥

ટીકા—મિત્રના અવયવથી અંગ મેળવવાનું તો સુ–ભાગ્યથી સહેજે પામીએ; પણ જેમ દૂધ–ઘી–દહીં–માંખણ અને છાશનો એકજ રંગ છે, તેવીજ રીતે પ્રેમનો રંગ બંન્નેમાં એકજ રીતેનો રહે છે. (૧૪)

रूपकालंकार–सोरठा.

प्रेम पिरोहे तार, मन मोती गुन ग्रंथ करि;
हुओ मिंत उर हार, सो निशदिन लटकत रहे. ॥ १५ ॥

ટીકા—પ્રેમરૂપી સુતરના તાંતણામાં પરોવાઇને મનરૂપી મોતી ગુણરૂપી ગાંઠ વાળીને મિત્રના હૈયા ઉપરનો હાર હોઈ તે નિરંતર–રાત દિવસ લટકતો રહે છે. (૧૫)

अथ द्रष्टांतालंकार–सवैया.

प्रेमसें दारा भयो दरवेसहि, पैक सिकंदर प्रेम लपट्टा;

प्रेमसें फूल फकीर भये, पुनि प्रेमसें साह पने परिहट्टा.
किंकर प्रेम भयो गजनब्बिय, प्रेम चिते बहराम उलट्टा;
प्रेम प्रवीन नवीन कला, यह प्रेम करी मजनू शिर जट्टा. ॥ १६ ॥

ટીકા—પ્રેમથી દારાશાહ દરવેશ (ફકીર) થયો, શાહ સિકંદર ચાંકરથી પ્રેમમાં લપટાયો હતો. પ્રેમથી ફુલ ફકીર થયો, વળી પ્રેમથી શાહ પન્ના બાદશાહીથી દૂર થયો; તથા શાહ ગીજનવીને કિંકર–નોકરથી પ્રેમ જોડ્યો હતો. તેવીજ રીતે બેહેરામશાહના મનમાં પણ પ્રેમ ઉલટ્યો હતો. હે પ્રવીણ! એ પ્રેમની કળાજ નવિન છે–કેમકે મજનુયે પણ પ્રેમથી માથે જટા કરી હતી.(૧૬)

दोहा.

दारा ओर सिकंदरहि, फूल पना मह मद;
बहराम रु मजनूं कियो, प्रेम सु हद बेहद. ॥ १७ ॥

ટીકા—એ પ્રકારે દારા, સિકંદર, ફુલ, પન્ના, મહમદ, બેહેરામ, અને મજનું એઓએ બેહદ પ્રેમ કર્યો હતો. (૧૭.)

अथ दृष्टांतालंकार–छप्पय.

प्रेमसु हद्द बेहद्द, किया लेलां अरु बानां;
सुचिह प्रेम सरसाय, सोय परिहट्टनि जानां.
भोरी जोरी प्रीत, मीत सावेनां बहरां;
जुगल रीतकी नीत, चित्त पाई गुलजहरां.
यह देह नेह एसे सुने, छेह भये जुग जाय छन;
परवीन दीन सब प्रेम वस. महत पुरुष उद्दार मन. ॥ १८ ॥

ટીકા—લેલીએ અને બાનાએ બેહદ પ્રેમ કર્યો હતો; તેમ પવિત્ર પ્રેમ વધારીને રંગરેજિયે જાણ્યો હતો. ભોળી સાવેના અને બહરાંયે મિત્ર સાથે પ્રીત જોડી હતી. એ બેની રીતની પ્રીતિ ગુલહેરાં પામી હતી. આ દેહે એવા ઘણાક સ્નેહ સાંભળ્યા છે–કે જેઓને વિયોગ થવાથી જુગ જેવી ક્ષણ જતી હતી. વાસ્તે હે પ્રવીણ! ઉદાર મનવાળા મહત્ પુરૂષો પણ પ્રેમને વશ્ય દીન થઈ ગયા છે.(૧૮)

सवैया.

आपहिके अभिधानके अंकसु, सात गुने करि दोय समे;
बीस गुने करि चत्रदशं हर, शेष रहे सो ग्रहे मनमें.
नोगुन नेक बिचार उने, परबीन कियो परमान हमें;
जेतें भयेहे तिते जुगलों, अहो मित रहो चिरजीव तुमें. ॥ १९ ॥

ટીકા—આપના નામના અક્ષરથી એટલે પ્રવીણ, એ ત્રણને સાતે ગુણી તેમાં બે નાખવાં; પછી તેને વીશે ગુણવા એટલે (૪૬૦) થાય, તેમ ચૌદે ભાગવા.

તેમ કરતાં જે શેષ રહે-તેને મનમાં ગ્રહીએ છીએ; એટલે બારે માસ તમને મનમાંને, મનમાં રાખીએ છીએ. પછી તેને નવગણા કરીએ. હે પ્રવીણ! અમે એટલું પ્રમાણ કર્યું છે-કે તે જે થયા-તેટલા જુગ અહો મિત્ર! તમે ચિરંજિવ રહો.(૧૯)

सारठा.

जिनहूंको अभिधान, तिन अच्छर गिनती करो;
निकसत एह निदान, आयुष जुग सत अष्टकी. ॥ २० ॥

ટીકા—ગમે તેના નામના ગમે તેટલા અક્ષ હોય તેની ઉપલી રીતે ગણતરી કરો, તો છેવટે એજ નિકળવાનું કે તેનું આયુષ્ય એકસો ને આઠ જુગનું થાય. (૨૦)

फिर पाति लिख एह, भई प्रेम पूरन दशा;
ब्रह्मनि पानि सु देहं, कीन बिदा परबीन प्रति. ॥ २१ ॥

ટીકા—ફરીને એ પ્રમાણે પત્રમાં લખતાં પ્રેમની સંપૂર્ણ દશા થઈ, અને તે પત્ર બ્રાહ્મણીના હાથમાં દઇ તેને પ્રવીણ પ્રત્યે વિદાય કરી. (૨૧)

अथ छंद धारा.

सागरं पती सु दीन; ब्रह्मनी सु पान लीन. लेत सास नेन नीर; चित्तकी छुटी सु धीर. फेर जोगि शीश नाय, मालनी मिलि बुलाय. फंदनं चढी सु आन; कीन पट्टनं पयान. आप व्है गई उदास; आइहे प्रवीन पास; देखिनं दशा कुमार; बूझनं सु बार बार. वाल भ्रंद भीर जान; ब्रह्मनी बदेन बान. सो लही कलाप्रवीन; वालिका विदाय दीन. रेनकी इकंत धार; बूझने लगी विचार. आप आपही विलाय; ब्रह्मनी बदी न जाय. अंसुवा भरे उसास; पत्रिका दई निकास. ॥ २२ ॥

ટીકા—સાગરે જે પત્રિકા દીધી, તે બ્રાહ્મણીએ હાથમાં લીધી,-પણ તે લેતાં હૃદયમાં શ્વાસ અને નેત્રોમાં નીર ભરવા લાગી, એટલુંજ નહિ પણ તેના મનની ધીરજ છૂટી ગઈ! વળી ફરીને જોગીને શીશ નમાવી, માલણને બોલાવી મળી, ત્યાર કેડે આવીને રથે ચઢી શહેર તરફ ગમન કર્યું. પોતે ઉદાસી બની ગઈ છે; એવા ફીકે ચહેરે પ્રવીણ પાસે આવી. ત્હાં તે બ્રાહ્મકન્યાની સ્થીતિ જોઇને કુંવરી વારે વારે પૂછવા લાગી, પણ બાળાઓના વૃન્દની ભીડ જાણીને કુસુમાવળી કાંઈ વાણી બોલતી નથી. તે ભેદથી કળાપ્રવીણ ચેતી ગઈ એટલે સર્વે સખિયોને વિદાય કરી; પછી રાતની એકાંત ધારીને વિચાર પુછવા લાગી. તે બન્ને પોત પોતાના મનમાં વિલખવા લાગ્યાં પણ કુસુમાવળીથી બોલી જતું નથી, છેવટે તેણે ઉસાસા ભરી નેત્રમાં આંસુ આણી પત્રિકા કાઢીને તેના હાથમાં આપી. (૨૨)

सोरठा.

भाति कुसुम सु दीन, वोली जात न वात कछु;
बंचे विना प्रवीन, उर उदास आई अगम. ॥ २३ ॥

ટીકા—એ રીતે કુસુમાવળીએ પત્રિકા પ્રવીણને આપી, પણ બંનેમાં એકે વાત અર્થાત્ શબ્દ સરખોય બોલી શકાતો નથી; આવી પ્રિય સખીની સ્થીતિ જોઇને તે પત્રિકા વાંચતા અગાઉજ હૃદય ઉદાસીથી ઉભરાઈ ચાલ્યું. (૨૩)

अथ छंद मुक्तदाम.

लेई पतियां कर बंचत नार; इतेमहि नेन भई जल धार. गरो भरि आयगयो तिहि काल; नही कछु बोलनकी सुध बाल. भरे दुख गूढ सु मींढ उसास; जेरे उन ज्वाल सु भोम अकास. अटा अनुमानतहे सु उजार; तपे तलफे तन बारहि बार. गई जुग ग्रंथ जुराफन छुटि; किधों लकरी गइ हारन तुटि. लई गति सोय समे प्रवीन; किधों विछुरे सु महाजलं मीन. लगे घन घोर चहू दिश गाज; किधों अकुलाय उठे म्रगराज. छमां कहि भ्रह्मनि धारति धीरं; इते महि होत असाघ शरीर. भई सुध मूरत एक वहंत; तबे कुसुमावलि एह कहंत. कहा मुरझाय रहो निज चित; सुनो उनके सु कहें बरतंत. किती समुझावत ब्रह्मकुमार; लगाइ सु नीठहि नीठ उचारं. ॥ २४ ॥

ટીકા—એવા ધડકતા હૃદયેજ તે કાગળ હાથમાં લઇને વાંચે છે—ત્હાંતો તેની આંખ્યોમાંથી ચોધાર આંસુ ખરવા લાગ્યાં. તે સમયે તેનું ગળું ભરાઈ આવ્યું અર્થાત્ કંઠ બેસી ગયો; તેમજ તે રાજ—બાળાને કાંઈ બોલવાની પણ સુધ સાન ન રહેતાં બેહોશ બની ગઈ; તથા તેને થતી છાની પિડાથી અતિ ભારે ઉસાસા ભરવા લાગી. તેને ઉપજેલી વિરહ જ્વાળાથી ધરતી તેમજ આકાશ બળવા લાગ્યાં. રાજમહેલ અને પોતાની નવરંગી અટારીને તે ઉજ્જડ વેરાન જાણવા લાગી; અને વારંવાર તન તપી આવવા તથા તલફવા લાગ્યું. જાણે કે જુરાફ પક્ષીના જોડાની ગાંઠ છૂટી ગઈ હોય ને? અગર તો હારન પક્ષીના પગમાંની લાકડી તૂટી ગઈ હોય ને? તે સમયે એવી ગતિ ધારણ કરી કે જાણે મહા જળમાંથી માછલી વિખૂટી તો પડી હોય ને? અથવા તો ગગનમંડળમાં થતા આકાશના વર્ષાદની ઘોર ગર્જનાથી મ્રગરાજ શિર પટકતો અકળાઈ ઉઠયો હોય ને? એવી દશા જોઇને કુસુમાવળી 'ખમા ખમા' બોલી ધીરજ આપવા લાગી. એટલામાં તો તેનું શરીર અસાધ્ય બની મુર્છાગત થઈ ગયું! એવી હાલતમાં બે ઘડી ગયા પછી તેને શુદ્ધિ આવી એટલે કુસુમાવળી કોમળ અને મૃદુ વાણીથી કહેવા લાગી—કે હે પ્રિય સખી! તું મનમાં ને મનમાં મુંઝાઈ શાને રહું છું? હું એ જોગીનું વૃત્તાંત કહું તે

તો સાંભળ! એવી વિવિધ રીતે પ્રવીણને સમજાવી કુસુમાવળી માંડ માંડ ધીરેથી બોલાવા લાગી. (૨૪)

दोहा.

नीठ नीठ चरचा चली, धीर द्रढाई चंत;
कुसुम कहि सन्यास विध, आदि अंत परजंत. ॥ २५ ॥

ટીકા—એમ કેટલીક માંડ માંડ ચર્ચા ચલાવી-પ્રવીણના ચિત્તમાં ધીરજને દ્રઢાવી કુસુમાવળીએ તે જોગીનું આદિથી તે અંત સુધીનું વૃત્તાંત કહ્યું. (૨૫)

आध निशा अनुमान भो, नित उत समो निहारि;
जोगिनि रूप प्रवीन लिये, बीन सु ब्रह्मकुमारि. ॥ २६ ॥

ટીકા—પછી આશરે અરધી રાત્રિનો વખત જોઇને નિતની માફક ત્યાં પ્રવીણે જોગિણીનું રૂપ લીધું, અને હાથમાં કુસુમાવળીએ વીણા ગ્રહી. (૨૬)

सोरठा.

पूजन कीन प्रकार, छिन छिन तलफत मित बिन;
पावक विरह अपार, रोम रोम लागी रमन. ॥ २७ ॥

ટીકા—બાદ વિધિયુક્ત પૂજાનો આરંભ કર્યો ખરો, પરંતુ મિત્ર વગર દરેક ક્ષણે ક્ષણે તલફે છે, અને અપાર વિરહાગ્નિ રોમે રોમને વિશે રમણ કરવા લાગ્યો. (૨૭)

समरूपक अलंकार—सोरठा.

सुरत व्रत्त वृति धार, मन मित प्रत करियत गमन;
न वदों शब्द उचार, बंश कुलट बिधना बदत. ॥ २८ ॥

ટીકા—સુરતરૂપી નટના દોર ઉપર એક ચિત્તવડે, વૃત્તિ દ્રઢાવીને મન મિત્ર પ્રત્યે જવા લાગ્યું, તથા પ્રેમરૂપી વાંસ ઉપર ગુલાંટ ખાવા લાગ્યું-તથાપિ વિધિયે "નબદું નબદું" શબ્દધ્વની કરવા માંડી. (૨૮)

गाहा.

कुसुम जोगि पहिचानं, पाती पठन प्रवीन बंचन बिधि;
सप्ततीय अभिधानं, पूर्न प्रबिनसागरो लहरं. ॥ २९ ॥

ટીકા—કુસુમાવળી અને યોગીનું પિછાન, તથા જોગીરૂપ સાગરે પત્ર મોકલ્યો ને પ્રવીણે વાંચ્યો તે વિધિવાળી પ્રવીણસાગર ગ્રંથની શીતેરમી લહેર સંપૂર્ણ થઇ. (૨૯.)

इतिश्रीप्रवीनसागरग्रंथेसन्यासकुसमावलिचरचाकल प्रबीनपत्रपठनभेदे नामसित्तरमोलहरं. ॥ ७० ॥

लेहेर ७१ मी.

अथ जोगेश्वरचरचाफेरीगमनप्रसंगीयथा–दोहा.

बाग बसत सन्यास वह, लगे सु निज बतरान;
जाय न जच्चे ओर पुर, जगे अलख इहि थान. ॥ १ ॥

टीका—તે બાગને વિશે નિવાસ કરી રહેલા સન્યાસિયો પોતપોતામાં મનસૂબો કરી કહેવા લાગ્યા કે બીજા અન્ય પુરમાં જઇને જાચવું નહિ–અલેખ તો આજ જગોએ જગાવવો. (૧)

अथ छंद तिलक.

यहसु जोगि वहे, निज बात कहे; नहि ओर रचें, नन आन जचें. जेहि प्रेम हिया, निज जोग लिया; तिहि प्राप्ति मगे, अलखं ज्यु जगे. सब सत्य कह्या, उठ पंथ लह्या; किय मोद उरं, परवेस पुरं. निश आध वही, मुख बान लही; गलि आन फिरे, सु उचार करे. ॥ २ ॥

टीका—ફરીને તે જોગી અર્થાત્ સાગર પોતાની વાત કહે છે કે–બીજી કોઇએ જગોએ કાંઈ કરીએ નહીં, તેમ અન્યને જાચીશું નહિ–પરંતુ હૃદયમાં જેના પ્રેમને લીધે મેં આ ભેખ લીધો છે–તેનાજ પ્રત્યે જઇને માગીએ, તથા અલેખ જગાવિયે. ત્હાં દોસ્તોએ 'સત્ય છે' કહ્યું એટલે ઉઠીને માર્ગ લીધો, અને મનમાં ઉલ્લાસ લાવીને શહેરમાં પ્રવેશ કર્યો; બાદ અર્ધ રાત્રિ વિતિ–ત્હાં મોઢેથી વાણી કહેવા માંડી. અને એવી રીતે ગલીએ ગલીએ ફરીને અલેખનું ઉચ્ચારણ કરવા માંડયું. (૨)

दोहा.

पुर पंथन परबेस किय, प्रेम बिबस सन्यास;
गहरी धुनि भंखित सबद, मिंत बिलोकन आस. ॥ ३ ॥

टीका—પ્રેમને આધીન થએલા તે યોગીઓએ તે પુરની ગલી કુંચીઓમાં પ્રવેશ કર્યો, અને મિત્રને જોવાની અભિલાષાથી ગહરી ધ્વનીથી શબ્દની ટેલ નાખવા લાગ્યા. (૩)

अथ वह शब्दोदाहरनं*गूढोक्ति असंगति संकर अलंकार–छंद चिंतामनि.

* ગુઢ આશયથી ઉક્તિમાં અર્થાત્ એકને કહીને બીજાને સંભળાવવું તેનું નામ ગુઢોક્તિ અલંકાર. કારણથી વિરૂદ્ધ કારણ ઉપજે તેનું નામ અસંગતિ અલંકાર. એ રીતે એ બન્ને અલંકારો આ છંદમાં છે, તેથી સંકર અલંકાર કહેવીય; કેમકે જહાં એકથી વધારે અલંકાર એકઠા થાય તે નિરાળા ન દેખાતાં દૂધ પાણીની પેઠે મળી જાય–તે સંકર અલંકાર કહેવાય.

जैंगीहे जोगकी धूर्नी; बरष्पत बुंदसें दूनी. बिना लक्करे सु नां बूझे; नयनसें जोत नां सूझे. निकटसें ताप नां लागे; सन्यासी दूरसें दागे. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. सरोवर अंतरिछ नीरा; चले चहु ओर जल सीरा. बसतहैं तीरपर हंसा; न लोहु हाड अरु मंसा. भरे परिपूर बिन मेहा, तहांहे जोगिको नेहा. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. गिरव्वर श्रृंग नवरंगी; शिखर शिर कंजमें भ्रंगी. न पोंचे पाव परवारा, अपंगीका सू अख्खारा. बिना सिर बासके भोगी; लगेहे साधना जोगी. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. सुचीका सैलकी अग्रा; चहु दिशं चार हे नग्रा. उनो मध देवका डेरा; त्रिबेनी तासके फेरा. करे तन खंड शो जावे; सुरत जोगी तहां लावे. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. महल अजगेबकी माया; झरोखा व्योमसें लाया. न पहुचे चंद अरु सूरा; उनोसें सहस गुन नूरा. मनी मांनंक भई थापे; तहां सन्यास तन तापे. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. जमीमें बीज लगवाया; बिरख ब्रहमंडमें छाया. परंदा पांख विन आये; मधू बिसराम ठहराये. वहां फल फूलकी आशा; कियाहे जोगिने बासा. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. हलाहल सिंधुके पारा; अगिनका द्वीपहे सारा. ब्रखा खग धारसें पाते; कटे उसराहकों जाते. मुनी तहां डार म्रगछाला; जपे निज नेनकी माला. पियाला प्रेमका पीया; उनोने मायना लीया. ॥ ४ ॥

ટીકા—જોગી વિશે:-જોગીની ધૂણી સળગે છે, તે વર્ષતા વર્ષાદનાં બુંદથી બમણી પ્રગટે છે. તે ધૂણીમાં નથી લાકડાં કે નથી અગ્નિ-તે છતાં તે ઓલવાતી નથી; આંખ્યોથી તેની જોતિ સૂઝતી નથી, પાસે તાપ લાગતો નથી, છતાં સન્યાસી દૂરથી બળે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે તેણેજ તેનો મર્મ-ગુહાર્થ સમજી લીધો છે. અર્થાત્ ચિદાનંદરૂપી ધૂણી નિરંતર જાગતી છે અને તે યોગેજ સૃષ્ટિની વૃદ્ધિ થાય છે. તેમાં વગર લાકડાં નાંખે તે જોત ઓલવાતી નથી; તેમ તે પરમ તેજ આ ચર્મચક્ષુથી જોવામાં આવતું નથી. તે સર્વ વ્યાપી છતાં તેનો તાપ લાગતો નથી; તેને સાધનારા સન્યાસિઓ તેના વિયોગથી મનમાં બળ્યાકરે છે.

પ્રવીણ વિષે:-સાગર કહે છે કે પ્રવીણરૂપી જોગિની ધૂણી વિરહથી જાગતી-સળગતી છે, તેમાં આંસુનાં બિંદુ વરસવાથી બમણી સળગે છે, એ અંતરમાં વિરહની સળગતી ધૂણીમાં બળતણ નહિ નાખવા છતાં બુજાઈ-ઓલવાતી નથી. તેનો ભભૂકો કંઈ દૃષ્ટિએ દેખાતો નથી તેમ તેની પાસે રહેવા

છતાં તેથી દાઝતા નથી, પરંતુ તેના વિયોગથી આ સન્યાસી દાઝે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

જોગી વિષે—અંત્રિક્ષને વિશે એક પાણીથી છલકાતું સરોવર છે, જેમાંથી ચોદિશે જળધારા ચાલે છે. તેની તીરે હંસ વસે છે, જેના તનમાં લોહી, હાડકાં કે માંસ નથી. વર્ષાદ વગર તે સરોવર પાણીથી ભરપૂર રહે છે; તે ઠેકાણે જોગીનો સ્નેહ છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે. અર્થાત્ જે પાણીવડે આ જગત્ ઉત્પન્ન થયું છે, તે જળથી પૂર્ણ સરોવરરૂપ બ્રહ્મ આકાશમાં સર્વ વ્યાપી છે. જેમાંથી ચોગરૂદમ પાણીના સેર્યો ચાલે-પસરે છે. હંસ-આત્મા તેની સમીપમાં રહે છે. તેમાં લોહી-હાડકાં કે માંસ નથી.વર્ષાદ એટલે કાંઇએ પૂરવણી મળ્યા સિવાય તે બ્રહ્મ સરોવર તરૂં રહે છે; જોગી લોકો ત્હાં પ્રેમ લગાડે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

પ્રવીણ વિષે-પ્રવીણનાં ચક્ષુરૂપી સરોવર અંતરિક્ષ છે, અને પાણીથી ભરપૂર છે; તે આંખ્યોરૂપી સરોવરમાંથી ચોતરફ જળધારા ચાલે છે, તેની તીરે મારો (હંસ) પ્રાણ વસે છે, તેમાં લોહી-હાડકાં કે માંસ નથી. વળી તે સરોવર વર્ષાદના જળ વગર પાણીથી પૂર્ણ છે; તેમાં આ જોગીનો સ્નેહ લાગ્યો છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

જોગી વિષે-નૂતન રંગ-બેરંગી પર્વતનું શિખ્ખર છે, તે શિખ્ખરના માથા ઉપર કમળમાં ભમરો વસે છે; ત્હાં પગવાળાં મનુષ્યો કે પંખોવાળાં પક્ષીઓ જઈ શકતાં નથી-તેવી વિકટ જગોએ પગ વગરના પાંગળાનો અખાડા છે. વળી શીશ-મુસ્તક વિનાનો છતાં કમળની પરિમલ લેવાનો ભોગી છે. જોગીની ત્હાં સાધના લાગી છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે. અર્થાત્ આ સ્થૂલ કલેવરરૂપી ગિરિરાજની તુંગ-ટોચરૂપી બ્રહ્મરંધ્ર ઉપર સહસ્ત્ર પાંખડીનું કમળ છે, તેમાં આત્મારૂપી ભમરો વસે છે. તે ઠેકાણે પગેથી ચાલનારાં મનુષ્યાદિ પ્રાણી તથા પાંખોવાળાં પક્ષી જઈ શકે નહીં, પરંતુ પગ વિનાના પાંગળા અનુભવીનો ત્હાં અખાડા છે. વળી શીશ વિનાના વિદેહી જીવો જેની પરિમલ અર્થાત્ વાસના લેવાના ઉત્સુક છે, જોગિયો તેની સાધના કરવા લાગ્યા છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

પ્રવીણ વિષે-પ્રવીણના સ્તનરૂપી નૂતન રંગનું કઠીન અને ઉભું શિખ્ખર છે, તે શિખ્ખરના તાત્પર્ય કે ટોચના ઉપર ડીંટડીરૂપી કમળમાં કાળાશરૂપી ભમરો રહેલો છે, ત્હાં પગની કે પાંખોની ગતિવાળા જીવો પહોંચી શકે નહીં; પરંતુ આ મારા અપંગ મનનો ત્હાં અખાડા-સદૈવ્યનું રહેઠાણ છે. હું માથા વિનાનો છકેલો થઇને તેની પરિમલ-વાસના લેવાનો ભોગી થયો છું, તથા જોગની સાધના કરવા લાગ્યો છું. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

જોગી વિષે-સોયની અણીની ટોચ ઉપર ફરતાં ચોગરદમ ચાર નગર વસેલાં છે, જે મધ્યે-ઇશ્વરનું ધામ અર્થાત્ દેવાલય છે, તેને વિંટાળીને ફરતી ગંગા-જમનાં તથા સરસ્વતિ એમ ત્રણ નદિયો વહે છે. જે સ્થૂલ દેહનો નાશ કરે તેઓ ત્યાં જઈ શકે. તપસ્વીયો ત્હાં ધ્યાન લગાવે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે. અર્થાત્ કે સોયની અણીથી પણ અતિ સૂક્ષ્મ ચિદ્બ્રહ્મ છે. હવે તે બ્રહ્મમાં ચારે બાજુએ ઉદ્ભિજ-અંડજ-જરા, યુજ, એવી ચાર ખાઈરૂપી ચાર પુર વસેલાં છે; જેની અંદર બ્રહ્મનું રહેઠાણ છે અને તેના ફરતી જીવ, ઇશ્વર ને માયારૂપી ત્રિપુટી વિંટાયલી છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

પ્રવીણ વિષે-સોયની અણીથી પણ ઝીણી પ્રવીણની દૃષ્ટિ છે; તે ઉપર મારૂં મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર, એમ ચારે અંતઃકરણરૂપી ચાર નગર છે. તે વચ્ચે પ્રેમરૂપી ઇશ્વરનું દેવળ છે. તેની દૃષ્ટિની ચારે બાજુએ શ્વેતતારૂપી ગંગા, રતાશરૂપી સરસ્વતિ અને શામતારૂપી યમુનાં નદીઓ વહે છે. જે પોતાની દેહના કકડે કકડા કરે-તે ત્યાં સુધી જઈ શકે, આ જોગી ત્યાં સુરત લગાવી રહે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

જોગી વિષે-ચકિત-તરેહવાર જેવા ગુપ્ત મહેલની માયા છે કે જે મહેલના ઝરૂખા ગગનમંડળ સાથે વાતો કરે છે. વળી તે અગમ્ય જગો ઉપર સૂર્ય કે ચંદ્ર સરીખા પણ જઈ શકતા નથી, કારણ કે તેમનાથી પણ જેનું સહસ્ત્રગણું તેજ ઝળકે છે-એવાં મણી માણેકાદિ મહા તેજસ્વી રત્નો જહાં સ્થાપેલાં છે. જોગીઓ ત્હાં રહી દેહને દમીને તપ આદરે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે. અર્થાત્ કે ગેબી તનરૂપી મહેલ છે, જેની માયા ઘણી અજાયેબ જેવી છે. દશ દરવાજારૂપી ઝરોખા ગગનમંડળ ભણી લાગી રહ્યા છે. તેમજ તે બ્રહ્મરંધ્રમાં સૂર્યનો કે ચંદ્રનો પ્રકાશ પહોચી શકતો નથી,-કારણ કે તેનાથી પણ મહાન તેજવાળા જીવ ઇશ્વરરૂપી રત્નો ઝળક્યા કરે છે. તે બ્રહ્મરંધ્રમાં મનની સ્થિરતા દૃઢાવીને સન્યાસીઓ તનથી તપ આદરે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

પ્રવીણ વિષે-પ્રવીણના ગુપ્ત મહેલની અજાયેબ જેવી રચના છે, જેના ઝરોખાની પ્રભા આકાશે જઈ અડી છે; ત્હાં પોતાથી હજારેગણા તેજવાળાં પ્રવીણનાં નેત્રરૂપી મણી માણેક્ય ઝળહળે છે કે તેના આગળ ચંદ્ર કે સૂરજ સરખા પણ પહોંચી શકતા નથી. આવા દીવ્ય સ્થળે આ સન્યાસીઓ મનને સ્થિરતાએ દૃઢ રાખીને દેહને દમી તનથી તપ કરે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

જોગી વિષે-ભૂમિ-ધરતીમાં બીજ વાવ્યું, બાદ તેમાંથી નિપજેલું ઝાડ સકલ વિશ્વમાં છવરાયું, ત્યાં જેને પાંખ નથી એવા-પક્ષી ભમરાયે આવીને વિસામો કર્યો. તે તરૂવરના ફળ ફુલની લાલચે આ જોગિયે ત્હાં મુકામ જ-

માવ્યો છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે. તાત્પર્ય કે માયારૂપી ભૂમિતરને વિશે ચૈતન્યરૂપી બીજ રોપ્યું; જેમાંથી ઉગીને વૈરાટરૂપી ઝાડ આખા વિશ્વમાં છવરાયું. ત્હાં પરમ જોતીરૂપ પાંખ વિનાના ભમરાએ નિવાસ કર્યો. તે કલ્પતરૂરૂપી વૃક્ષના મોક્ષરૂપ ફળ ફુલની આશાથી જોગિયો ત્હાં વાસો કરી રહે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

પ્રવીણ વિષે-પ્રવીણના ઉરરૂપી પૃથ્વીમાં પ્રેમરૂપી બીજ રોપ્યું, જેના યોગે એક વૃક્ષ સકલ બ્રહ્માંડરૂપી આ આખા તને લેહલુર પથરાઈ ગયું. તેવી જગોએ આ મારા પાંખ વિનાના મનરૂપી ભમરાએ આવીને વાસ કર્યો, એ વૃક્ષના ફળ ફુલની આશાથી આ જોગિયે ત્હાં રેહેઠાણ કર્યું છે. જેણે પ્રેમનો પ્યાલો પાયોછે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

જોગી વિષે-વિખના સમુદ્રને પાર (સામે કાંઠે) બધેય અગ્નિનો બેટ છે, તરવારની ધાર જેવાં મૃગચર્મ બિછાવીને પોતાના નેત્રની માળા જપે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે. અર્થાત્ સંસારરૂપી વિખમય સાગરને પાર પામ્યા તો ત્હાં વળી તે સંસારનાં નાનાપ્રકારનાં સુખરૂપ તજવાના પરિતાપરૂપી અગ્નિનો બેટ આવે છે, એટલું છતાંયે તે ઉપર ઘણાં ઘણાં સંકટોરૂપી તરવારની ધાર જેવાં પાંદડાનાં ઝાડ છે. તેને છેદી અર્થાત્ વટાવી શકે, તેજ મોક્ષને માર્ગે જાય-એટલે મોક્ષપદને પામે. તે રસ્તામાં મૃગચર્મ પાથરીને મુનિયો પોતાની અંતર દૃષ્ટિરૂપી માળા જંપે છે. જેણે પ્રેમનો પ્યાલો પીધો છે-તેણેજ તેનો મર્મ સમજી લીધો છે.

પ્રવીણ વિષે-લોકોની અમર્યાદા-અદેખાઈરૂપી ઝેરના સમુદ્રને પાર પહોંચીએ ત્હાં વળી ગુરૂ-વૃદ્ધજનોના ક્રોધરૂપી અગ્નિનો બેટ આવે છે; ઉપરાંત તરવારની તિક્ષણ ધાર માફક ઘણીક નાનાવિધ અડચણોરૂપી મ્હોટાં ઝાડનાં ઝાડ નડે છે. તે વિટંબણાને દૂર કરે-તે મિલના મેળાપને માર્ગે જઈ શકે; ત્હાં હું મુનેશ મૃગચર્મ બિછાવીને મારા નેત્રરૂપી માળા જપુછું. ભાવાર્થ કે આ મારી આંખ્યોની દૃષ્ટિ એકી ટશે ને ટશે તમારી ભણી રાખુછું. જેણે પ્રેમનો પ્યાલો પીધો હોય-તેણેજ આનો મર્મ સમજી લીધો છે. (૪)

सोरठा.

इहि विधि सबद उच्चार, करत आय जोगी तहां;

जहां प्रवीन अटार, झुकित झरोखा प्रति गली. ॥ ५ ॥

ટીકા—એ પ્રકારની ટેલ નાખતા નાખતા તે જોગીઓ કે જહાં પ્રવીણના મહેલનાં બારી બારણાં ઝુકી રહેલાં છે-તે ગલી પ્રત્યે આવ્યા. (૫)

गाहा.

स्वामी सबद उचारं, कलाप्रबीनं कान सुर पाहियं;

बिरहा लहर उमाहियं, लहियं तन विदेह गति बाला. ॥ ६ ॥

ટીકા.—તે સન્યાસીની ટેલનો સુર કળાપ્રવીણના કાને અથડાયો, તેણે કરી એકદમ વિરહની લહેર ઉમટી આવી, કે તુરતજ તે કોમળાંગીએ શરીરે વિદેહગતિ-બેભાન જેવી થઈ ગઈ. (૬)

तबहि कुसुम उच्चरियं, हांहां मनमें द्रढाव अब रख्खे;
आय समय मनुहारं, वह सन्यासं करीहु सनमानं. ॥ ७ ॥

ટીકા—ત્હીં તો ખમા ખમાનો શબ્દ કરતી કુસુમાવળી બોલી કે-હાં હાં! હે આલી! હે પ્રિય સખી! આ સમય તો મનને દૃઢ કરો. આ તો મનુહાર-પરોણાગત કરવાનો વખત આવ્યો છે, વાસ્તેકરી તે સન્યાસીનું સનમાન કરો.(૭)

मिंत भेख सन्यासं, आय प्रथम अलख्ख इत जग्गे;
कछु मनुहार उपायें, आशाभर निराश जनि जाये. ॥ ८ ॥

ટીકા—તમારા હૈયાના હાર અને ઉરના ઉરમાળરૂપ મિત્રે સન્યાસીનો વેશ લેઇને તથા પ્રથમ આંહી આવીને અલેક જગાવેલ છે, માટે કાંઈક મનુહાર કરવો ઘટે છે; કેમકે તે આશા ભરેલા આવ્યા છે, માટે તે નિરાશ ન જાય. (૮)

सोरठा.

कुमरि धीर मनु धार, करन लिये मनुहारके;
कुसुम कही तिहि वार, इत इनकों ठहराइये. ॥ ९ ॥

ટીકા—એટલે રાજકુંવરીએ મનમાં ધીરજ ધારીને, મિત્રના સન્માન વાસ્તે તે વખતે કુસુમાવળીથી કહ્યું કે આંહી એમને ઉભા રાખો. (૯)

चोपाई.

कहि प्रवीन झांखी उठ जाओ; तर झरोख सन्यास बुलाओ. तो मनुहार कछू पहुचावे; प्रथम शब्द खाली जनि जावे. सुनियत कुसुम झरोखन आई; करि पुकार पहिरात सुनाई. कहो निकट सन्यासी आवे; भिच्छा कुमरि ताहे बकसावे. सुनन एह पहरात कहाये; अटा नीठ सन्यास ज्यु आये. उलटित प्रेम मोद मन बाढे; जोगि झरोख जाय तर ठाढे. ॥ १० ॥

ટીકા—પ્રવીણે કહ્યું, તમે ઉઠી-જઇને જુઓ અને ઝરોખાની તળે સન્યાસીને બોલાવો, તો ઘટિત આદરસત્કારાર્થે આપણે કાંઈક તેમને મોકલાવીએ; કારણ કે તેમનો પ્રથમ શબ્દ ખાલી જવો જોઇએ નહીં. એવું રાજબાળાનું બોલવું સાંભળીને કુસુમાવળી ઝરોખામાં આવી, બૂમ મારી પહેરેગીર સિપાઇને સંભળાવ્યું કે સન્યાસીને કહો કે તેઓ મહેલની પાસે આવે, એટલે કુંવરી તેને ભિક્ષા આપે. એવું સાંભળીને પહેરેગીરે સન્યાસીને કહ્યું, તેથી તેઓ હવેલી પાસે આવ્યા; આથી તેમના મનમાં પ્રેમ ઉલટી આવ્યો તથા

આનંદનો ઓઘ ઉછળી રેલાવા લાગ્યો; એવા નવરસથી ભીંજાયલા જોગી જઇને ઝરોખાતળે ઠરીને ઉભા રહ્યા.,(૧૦)

दोहा.

जोगि द्रढाय झरोखतर, कुसुम सु कही प्रबीन;
बाज उठी बाला सु तित, अति अभिलाष सु लीन.॥ ११ ॥

ટીકા—જોગીને ઝરોખા તળે ઉભા રાખીને કુસુમાવળિયે પ્રવીણને કહ્યું. એટલે તુરતજ ત્યાંથી બાજની માફક તે બાળા વેગથી ઉઠી, અને પ્રિય પ્રાણોત્માને નિરખવાની અભિલાષામાં ગરકાવ થઈ ગઈ! (૧૧)

अथ छंद नाराच.

प्रबीन देव सेवको समान लीन हाथसें; झरोख आय झंखियं लगी अराध नाथसें. गुलाव नीर चंदनं चुआ गुलाल अत्तरं; अबीर फूल केसरं झरोखसें लगी झरं. कैरंत सेव सिद्धकी पेर कुमारिका चंहे; महेश वानि याद लाय ब्रह्मनी करं ग्रहे. गई सू ध्यान चूचिकें उसास वालिका भरे; झरंत नेन नीर सो सन्यास अंगपें परे. सबे सु सीत स्राव मध्य एक धार तप्पियं; परेख कीन प्रेम लीन जोगि तार जप्पियं. ॥ १२ ॥

ટીકા—પ્રવીણે દેવપૂજાનો સામાન હાથમાં લીધો, બાદ ઝરોખે આવી-જોઇને-નાથની પ્રાર્થના કરવા લાગી, ગુલાબજળ, ચંદન, ચુવા, ગુલાલ, અત્તર, અબીર, ફુલ અને કેસરની ઝરોખેથી ઝડી વરસાવા લાગી. એ વિધિયે સિદ્ધની સેવા કરતાં મનમાં ત્યાંથી પડતું મૂકવાનું કુમારિકાયે ધાર્યું; એટલામાં શંકરની કહેલી વાણી યાદ લાવીને બ્રહ્મકંન્કાએ તેનો હાથ ઝાલ્યો; એટલે તે બાલિકા પડવાનું ધ્યાન ચૂકી ગઈ અને મ્હોટા ઉસાસા ભરવા લાગી, નેત્રોએથી ચોધાર આંસુધારા ચાલી નિકળી-તે સન્યાસીના શરીર ઉપર આવી પડી. આ વખતે જે ગુલાબજળ આદિક સીતળ ધારાઓ સ્રવતી હતી, તેમાં આ એક આંસુની તપેલી ધારા પડી, જેથી તેના પ્રેમની પરિક્ષા કરીને જોગીએ ૐકારનો આદેશ કર્યો..(૧૨)

प्रथम भेद विषमालंकार सागरोक्त गाहा.

शीतल सुखद सुबासा, अमृत धार मेघ झर मंडिय;
इहि नयर अचरिज्जं, तद अंतरेणं तपीत विषधारा. ॥ १३ ॥

ટીકા—સાગરે કહ્યું કે આ શહેરમાં એક નવું આશ્ચર્ય જેવું છે કે, સીતળ-સુખકર અને સુવાસિક અમૃતની ધારાથી મેઘ ઝડી મંડાઈ, તે મધ્યે તપેલી એક વિખની ધારા વરસે છે. (૧૩)

अथ छंद मल्लिका.

जोगि गाहनी बदंत; गौंनकी चहंत चंत. भेद सो प्रवीन पाय; ठौरसें उठ्यो न जाय. ब्रह्मनी भरी सयान; संकसें तजे न पान. आयेहे भरे ज्यु आश; जाय क्यों वहे निरास. एह धारितं सु बाल; कंठकी गुलीक माल. प्यालिका जराव एक; छेहरे अंगोछ टेक. नीक बिंदवा प्रवीन; जोग नीठ हार दीन. तापसं हुलास लाय; जांयके लये उठाय. कीन गौंन बाल बंद; लीन फेर बानि छंद. ॥ १४ ॥

ટીકા—પછી તે જોગી ગાહા બોલતાં જવાની ચિત્તમાં ચાહના કરે છે, તે ભેદ પ્રવીણે જાણ્યો; માટે તે ઠેકાણેથી તેનાથી ઉઠી જવાતું નથી. ત્યાં શહાણપણથી ભરેલી બ્રહ્મકન્યા પ્રવીણના પડતું મુકવાની શંકાથી તેનો હાથ છોડતી નથી—ત્યારે પ્રવીણે ધાર્યું કે જે આશા ભરેલા આવ્યા છે—તે નિરાશ કેમ જાય? જાણી પોતાના કંઠ ઉપરની મોતીની માળા, અને એક જડાઉ પ્યાલી, (નીક) હીરાથી જડેલી બિંદલી, અંગુછાને છેડે બાંધી જોગીની પાસે નાખીદેઈ—અન્યોક્તિમાં જણાવ્યું કે તમે મારા હૈયાના હારછો, જીવનનું પાત્રછો, અને મારા ભાગ્યોદયના દિનમણીરૂપ છો. ત્યારે તે તપસિયે ઉલ્લાસ આણી, પાસે જઈ—અંગુછો ઉપાડી લીધો, અને તે ચતુરાને વંદન કરીને ચાલવા લાગ્યા, તથા ઓઠેથી ફરીને છંદની વાણી બોલવા લાગ્યા. (૧૪)

सोरठा.

ग्रौन सन्यासी कीन, सहर गली उचरित सबद;
विकल भये प्रवीन, धीर द्रढावत ब्रह्मनी. ॥ १५ ॥

ટીકા—શહેરની પોળો અને શેરીઓમાં શબ્દ ઉચારતાં સન્યાસીઓએ ગમન કર્યું, જેની વેદનાથી પ્રવીણ વિકલ થઈ ગઈ! એટલે કુસુમાવળી તેને ધીરજ દ્રઢાવા લાગી. (૧૫)

अथ छंद मुक्तदाम.

चले कर जोगिय बानि उचार; कलापरवीन बढी ब्रह झार. भयो दुहु पूरन प्रेम प्रकास; उभे उर छंडत दीह उसास. अस्रू द्रग दोय न सूकत धार; बिलोकन संचर बारहि बार. अगे पग जोग सु नीठ धरंत; इते महि बाल बिहाल परंत. गली वह जोग उलंघित जाहि; इतेमहिं राजसुता सुधि नांहि. धरे कुसुमावलि धीर प्रवीन; शबद उचार सन्यासिय लीन. ॥ १६ ॥

ટીકા—ત્યાંથી જોગીઓ અલેખની ધ્વનીનું ઉચ્ચારણ કરતાં કરતા ચાલી નિકળ્યા. જે જોડમે કળાપ્રવીણમે વિયોગજ્વાળા વધી પડી. તે જોડલાને પ્રેમનો

પૂર્ણ પ્રકાશ થયો, અને બન્ને જણ હૃદયથી દીર્ઘ ઉસાસા નાખે છે, બન્નેનાં દૃગ-નેત્રોમાંથી આંસુની ધારા સૂકાતી નથી–એવે દુઃખકર ચેરે કળાપ્રવીણ વારે વારે પ્રેમનિધિ જોગીઓના માર્ગ સામું જુએ છે. પ્રેમાનુરાગી સન્યાસી પણ ઘણીજ મુશ્કેલીથી આગળ પગલું ધરે છે, તેવામાં તેઓ બાળારૂપ પ્રવીણ બેહાલ બની મુર્છા ખાઈ ધરણી પર પડે છે. જોગીઓ તો તે ગલી વટાવીને ગયા, ત્હાંતો રાજસુતાને કંઈ સુધ કે સાન રહી નહીં. આવા વખતે બ્રહ્મબાળા કુસુમાવળી પ્રવીણને ધીરજ આપવા લાગી, અને સન્યાસિયે શબ્દનો પોકાર માર્યો. (૧૬)

अथ वह शब्दउदाहरनं छंद, रूपकाति शयोक्ति अलंकार.

कोइ अजब तमासा देखा; जहां रूप रंगकी रेखा. अजब गैबि इर्क मेहेल बन्याहे, सब दुनियासें न्यारा; चंद सूरकी किरन न पहुचें, अखंड जोत उजियारा. कोइ अजब तमासा देखा; जहाँ रूप रंगकी रेखा. बिना मूलका बाग बन्याहे, चहुं दिश लगे फुवारे; बिना पोखके भवरा बेठा, मगन प्रेम मतवारे. कोइ अजब तमासा देखा; जहाँ रूप रंगकी रेखा. अधर सरोवर अमृत भरिया, वापर बेठे हंसा; मुगताफलकों चुग चुग खावे, वाकों लोहु न मंसा. कोइ अजब तमासा देखा; जहाँ रूप रंगकी रेखा. [illegible] बान चलावे, अधर निशान उडावे; पाडे सो तो जुग जुग जीवे, चूकेसो मरजावे. कोइ अजब तमासा देखा; जहाँ रूप रंगकी रेखा. बिना बादरे मेह मंडाना, धरती परे न पानी; जाननहारे भेद विचारे; एह प्रबीनें निशानी. कोइ अजब तमासा देखा; जहाँ रूप रंगकी रेखा. ॥ १७ ॥

ટીકા—મેં કોઈ અજાએબ જેવો ખેલ જોયો, કે જહાં રૂપ રંગની રેખા રાજે છે. તે ઠેકાણે નવાઈથી ભરેલો એક ગેબી મહેલ બનેલો છે, જે સકલ દુનિયાંથી કંઈ ઓરજ તરેહનો છે, વળી જેની અખંડ જોતિનું એવું તો, ઉજ્યારૂં છે કે ત્હાં ચંદ્ર-સૂર્યનાં કિરણો પણ પહોચી શકતાં નથી. મેં કોઈ અજાયેબ તમાસો જોયો,–તાત્પર્ય કે રૂપ રંગની રેખારૂપ પંચભૂતાત્મક માયા છે, તે માયામાં કંઈ અજાયબ તમાસારૂપ માયાથી ન્યારો અને ઓર તરેહનો એક ચિદ્બ્રહ્મરૂપી ગેબી મહેલ બનેલો છે. ત્હાં ચંદ્ર કે સૂર્યનાં કિરણો જઈ શકતાં નથી–એવું અખંડ જોતનું અજવાળું છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

પ્રવીણ વિષે–મેં કોઈ અજાયેબ તરેહનો ખેલ જોયો. જહાં રૂપ રંગની રેખાની અંબાર પ્રવીણ શોભે છે. એવો આશ્ચર્યકારક ગેબી મહેલ બનેલો છે–જે બધી દુનિયાંથી ઓરજ પ્રકારનો છે. ત્હાં ચંદ્ર-સૂર્યનાં કિરણો સરખાં,

પહોચી શકતાં નથી તો પછી અન્ય તો જઈજ શકે કોણ? એવું પ્રવીણના મુખની જોતિનું અખંડ અજવાળું છે, મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

બ્રહ્માંડ વિષે-મૂળ વિનાનો એક બાગ બનેલો છે, તેને ચારે બાજુએ ફરતા ફુવારા આવેલા છે; ત્હાં પાંખો વગરનો ભમરો પ્રેમ મગ્ન થઈ મતવાલો બની બેઠો છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો. તાત્પર્ય કે આ સૃષ્ટિરૂપી બાગ એવો તો અગમ્ય બનેલો છે કે તેનું મૂળ ક્યહાં અને કયી દિશાએ છે તે જણાતું નથી; તે જગતરૂપી બાગની ચોતરફ પંચવિશયાત્મક જળજંત્રો લાગી રહ્યા છે. ત્હાં પાંખ વગરનો જીવાત્મારૂપી ભમરો પ્રેમમાં માતેલો થઇને વસે છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

પ્રવીણ વિષે-પ્રવીણની દેહરૂપ એક વગર મૂળનો બગીચો બનેલો છે. તેમાં ચોદિશે તેની આંખ્યોમાંના આંસુના ફુવારા ઉછળી રહ્યા છે, જે બગીચાની અંદર મારા મનરૂપી વગર પાંખનો ભમરો પ્રેમ મગ્ન થઈ મત્ત બની બેઠો છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

બ્રહ્માંડ વિષે-અંતરિક્ષે એક અમૃતનું સરોવર ભરેલું છે; જેની ઉપર હંસ બેઠેલો છે. તેના તનમાં નથી લોહી કે નથી માંસ! છતાં મોતી વીણીને ખાય છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો. અર્થાત્ ચૈતન્યરૂપી અમૃતનું સરોવર અધ્ધર ભરેલું છે, જેની ઉપર જીવરૂપી હંસ બિરાજે છે. તેના શરીરમાં લોહી કે માંસ કંઈએ નથી, અને તે મુક્તિરૂપી ફળને વીણીને ખાય છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

પ્રવીણ વિષે-પ્રવીણના અધરરૂપી અમૃત રસથી સરોવર ભરેલું છે, તે ઉપર મારો જીવ મમતાથી વળગી રહ્યો છે. તે પ્રવીણની વાળીના મોતીને વીણી વીણીને પોતાની વૃત્તિમાં ઉતારે છે. તેનામાં નથી લોહી કે નથી માંસ! મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

ગુરૂના બોધ વિષે-બાણાવળી બાણ ચલાવે છે, તે અંતરિક્ષ ધારેલું નિશાન તોડી દે છે. તે જેને વિંધી નાખે છે-તે જુગોજુગ જીવતું રહે છે; અને જેને ચુકી જાય છે-તે મરી જાય છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો. મતલબ કે ઉપદેશ કરવાની વાણીવાળા ગુરૂઓ પોતાની વાણી ચલાવે છે, અને ભ્રમીત મનવાળા સેવકોરૂપી નિશાનને આ સંસારમાંથી ઉડાડી મૂકે છે અર્થાત્ તારે છે, અને તેઓ વાણીરૂપી બાણથી જેનું હૃદય ભેદી નાખે છે તે જુગો જુગ અજરામર રહે છે, અને તેની વાણીના સપાટામાં જે આવતા નથી તે વારે વારે આ દુસ્તર સૃષ્ટિમાં, જન્મ મરણને પામે છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

પ્રવીણ વિષે-તિક્ષણ નજરરૂપી બાણવાળી પ્રવીણની આંખ્યો કટાક્ષરૂપી બાણ ચલાવે છે, તે આધાર વગરના અંતરિક્ષે રહેલા મિત્રના મનરૂપી નિશાનને ઉડાવે છે. વળી તે પદ્મિણિની દૃષ્ટિ જેનાં દૃષ્ટિથી મળે છે-તે તો અમર

થાય; તેવીજ રીતે તેના વિયોગી જનનું મન મરણતુલ્ય થાય છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

બ્રહ્મ વિષે–વાદળાં વગર વરસાદ ઝરમર ઝરમર કરતો વર્ષે છે, પણ તેનાં જળ-બિંદુઓ પૃથ્વી ઉપર પડતાં નથી. જે જાણ પુરૂષો હોય–તેજ તેના મર્મને લહે અને તેજ ચતુરની નિશાની છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો. અર્થાત્ ચૈતન્યરૂપી પાણીના રજકણની વૃષ્ટિ થાય છે, પણ તે કયા વાદળામાંથી વર્ષે છે–તે જણાતું નથી; તેમ પૃથ્વી ઉપર પણ પડેલું જણાતું નથી. તેને અનુભવી પુરૂષો જાણે અને એજ જ્ઞાનીની નિશાની છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો જોયો.

પ્રવીણ વિષે–વિના વાદળાં ચઢે પ્રવીણનાં નેત્રામાં આંસુનો વરસાદ મંડાણો; તેનું પાણી પૃથ્વી ઉપર પડતું નથી પણ તેથી તેણે શરીરે સજેલાં વસ્ત્ર ભિંજાઈ જાય છે. આ વાતને જે જાણનારા હોય–તે તેનો મર્મ વિચારે બાકી પ્રવીણને ઓળખવાની એજ નિશાની છે. મેં કોઈ અજાયેબ જેવો તમાસો દીઠો કે–જહાં રૂપ ને રંગની રેખાં છે. (૧૭)

छपय.

यह सन्यास उचार, करत आसन प्रति आये;
प्रेम जोत प्रगटंत, नेन जुरने नहि पाये.
कुसुम कलापरबीन, सेज बेहोस सुवाई;
मानहु विनु जल मीन, रेन तलफंत विहाई.
निशचर निवार दिनचर सु धुन, पशु पंच्छी लागे चरन;
भापंत विरद ब्रह्मनि कुमरि, क्रिया लगाई नित करन. ॥ १८ ॥

ટીકા—એ પ્રકારે ટેરતા ટેરતા તે યોગીઓ પોતાના આસન ભણી આવ્યા. પરંતુ પ્રેમની જોત પ્રગટવાથી રાત્રે નેત્રો મેળવવા પામ્યા નહીં. કુસુમાવળીએ પણ મુર્છાગત થયેલી કળાપ્રવીણને સેજ ઉપર સુવારી. તેની હાલત એવી થઈ ગઈ છે કે જાણે પાણી અર્થાત્ જળથી વિછુરેલું માછલું ના હોય? એ પ્રકારે તરફડતાં આખી રાત ગુજારી. એટલે નિશાચર પ્રાણીઓનું નિવારણ થઇ દિવસનાં ફરનારાં પશુ–પક્ષિયો ઉચ્ચાર કરીને વિચરવા લાગ્યાં. ત્હાં કુસુમાવલિયે તે કુંવરીને બિરદાવળી કહી નિત્યકર્મ કરવાને લગાડી. (૧૮)

दोहा.

कुमरी नित कीनी क्रिया, सेव बिसर्जन कीन्न;
प्रतिउत्तर पाती लिखन, कुसुम सुं कही प्रवीन. ॥ १९ ॥

ટીકા—કળાપ્રવીણે નિત્યકર્મ કરીને સેવાનું વિસર્જન કર્યું; ત્હારે કુસુમાવળીએ પ્રત્યુત્તર લખવાને કહ્યું. (૧૯)

सोरठा.

प्रेम वढहि परवीन, उर उसास निर झर नयन;
कलम पत्र कर लीन, लागे प्रतिउत्तर लिखन. ॥ २० ॥

ટીકા—ત્યારે પ્રવીણને પ્રેમ વધ્યો, તેથી ઉરે ઉસાસા અને નયનોથી આંસુ ઝરવા લાગ્યાં. બળાત્કારે હાથમાં કલમ તથા કાગળ લઇને પ્રતિઉત્તર લખવા લાગી. (૨૦)

अथ कलाप्रवीनोक्त पत्रप्रत्युत्तर छंद–भुजंग प्रयात.

रसंसागरं ए दशा आप लीनी; हमें होत नाही कछू प्रेम हीनी. रच्योहे विधाता इते एह फंदा; परे लोहके पिंजरेमें परंदा. भये अंतरं आप नेनों न फूटे; परे प्रान बेहाल पापी न छूटे. जथा जोग काहु समे ओर धारे; वही बातकी आप सोंहे उचारे. चहे चिंत आपें इतेही रहावे; गुरुताइ भासे सु केसें कहावे. कहे अंतरं क्यों रसंना न कट्टे; बताओ कहे सोइ प्रेमं न घट्टे. इतेमें चहो जो बिदागीर दीजे; विचारी कहो उत्तरं सोय कीजे. न माने अबे बात आपें वरज्जी; हमें दीनकी याद रख्खो अरज्जी. माहाराजहो प्रेमकी मेघ माला; हमें तो भरे तुच्छही तुच्छ ताला. घटंते जलं ओसरं मेघ चूके; तबे तो इकं तालमें ताल सूके. तजे नीर तीरं सुके जाय हंसा; जिया जानिये आप एही प्रशंसा. उसासा भरें भाषितं म्हेर रख्खे; दई ब्रह्मत्ती पानि पाती सु लख्खे. ॥ २१ ॥

ટીકા—હે રસસાગરજી ! આપે એ દશા લીધી, તેમ અમે પણ કાંઈ હીણ પ્રેમવાળાં થતાં નથી. પણ શો ઉપાય કરીએ ! જહાં વિધાતાએજ આવીને આવો ફંદ-જાળ પાથરી છે. લોઢાના પાંજરામાં પક્ષી પુરાયું છે. આપનાથી જુદાઈ થવા છતાં આ અમારી આંખ્યો કેમ ફુટતી નથી ? આ જે પાપી પ્રાણ અચેત થઈ પડયો છે–તે છૂટતો કેમ નથી ? વળી વખત આવે જે કરવું યોગ્ય જણાશે તેમ અમે બીજુંજ ધારશું, અને તે બાબત હું આપના સોગન ખાઇને કહું છું. તેમજ મનને વિષે એવું મ્હાવછું કે આપ આંહીજ રહો. પણ એમ કહેવાથી ગુરૂપણું ભાસે નહિ–તેથી શી રીતે કહી શકું ? અને અંતરે–દૂર જવાનું કહેતાં મારી જીભ કેમ ન કપાય ? માટે એવો રસ્તો બતલાવો કે જેથી પ્રેમ ઘટે નહીં. એટલામાં મારી પાસેથી જવાની વિદાયગિરિ ચાહોછો–માટે આપ વિચારીને કહો કે તે પ્રમાણે હું ઉત્તર આપું. મારા વારવાથી આપ કાંઈ વાત માનનાર નથી–પરંતુ હમારી દિનની આટલી અરજી યાદ રાખજો. હે મહારાજ ! આપ તો પ્રેમની મેઘમાળા છો અને હું તો છેક

તુચ્છમાં તુચ્છ ભરેલા તળાવ અર્થાત્ ખાબોચીયા જેવી છે; તેમાંથી પાણી ઘટી જાય, અને વરસાદ અવસર ચૂકે-તોતો એક તાળીમાં તે તળાવ સૂકાઈ જાય. તેમજ તે જળવાળી તીરને છોડીને હંસ ઉડી જાય. એજ પ્રમાણે આ જીવની પણ હકીકત જાણજો. એટલું લખી ઉસાસા ભરતે અને નિઃસ્વાસ મુકતે તે પત્ર કુસુમાવળીના હાથમાં આપ્યો, અને કહ્યું કે હે દયાસિન્ધે! કૃપા દૃષ્ટિ રાખજો. (૨૧)

दोहा.

पाति ब्रह्मनि पानि दिय, बहुरयो लई प्रवीन;
चित दशावत मित प्रति, लखी ज्यु काव्य नवीन. ॥ २२ ॥

ટીકા—પત્રિકા કુસુમાવળીના હાથમાં દીધી, અને વળી પાછી ફરીને તે પોતે લઈ લઈ,-તેમાં પોતાના મનની દશા પ્રમાણે મિત્ર ઉપર નવીન કવિતા લખી.(૨૨)

अथ कलाप्रवीनोक्त पत्र भेद अन्योक्ति आक्षेपालंकार-सवैया.

प्रेमको रसकूप भर्यो इक, केउ दिनां हम सागर पायो;
ताम्र न सिक्क बनाय तहां नित, नीरके तीरन पुंज जमायो.
सायत शोधत चूक परी चित, शुद्ध मुहूरत सोय विहायो;
कंचनकी पल सो गुजरी, अब तो पल लोह कथीरको आयो. ॥२३॥

ટીકા—કંઈક દિવસે હું પ્રેમનો-પ્રેમરસથી ભરેલો એક કુવો પામી. ત્હાં નિત્યે તાંબાના સિક્કા બનાવીને-પાણીવાળી કિનારે ઢગલો કર્યો. પણ ઉત્તમ સમય શોધતાં મનમાં ચૂક પડી, અને તેથી તે શુભ મુહુર્ત હતું તે ગુમાવ્યું. હવે સોનુ થવાની જે પળ હતી તેતો વિતિ ગઈ, માટે હવે તો લોહું તથા કથીર થવાનીજ પળ આવી લાગી! (૨૩)

अथ समरूपक अलंकार-सवैया.

आसन बार रहे इकही टक, आचमनं अनुराग भरे;
आयत सास गहे सुर शोधन, अंजुलि नेत्र नियोग करे.
सोधतहे गुन न्यास सबे तन, सागर ध्यान हमेश धरे;
मान भयो मुनिराज इही गति, सिद्ध मिलाप सदा समरे. ॥२४॥

ટીકા—મારો આત્મા મુની બન્યો છે,-તે આસનવાળીને એક ટશેથી જોઈ રહે છે, અનુરાગનું આચમન કરે છે, અને આવતાજતા શ્વાસથી સ્વરનું શોધન કરે છે; તેમજ નેત્રરૂપી અંજળીથી વિનિયોગ-સંકલ્પ કરે છે; આપના ગુણ શોધીને સર્વે તનથી ન્યાસ કરે છે, અને હમેશાં સાગરનું ધ્યાન ધરે છે. એ ગતિયે મારો પ્રાણ મુનેશ બનીને તેમરૂપી સિદ્ધના મિલાપનું સદાય સ્મરણ કરે છે. (૨૪)

समरूपक अलंकार–कवित.

अंसुवाके नीरहु त्ते, मंजत शरीर नित्य; बिरहकी धुनी उर, तापत्वो बीसेख ले. नेनके कटोरे, करी मांगत दरशभिच्छा; दरदकी सेली-कंठ बिच अवरेखले. खान पान गान तान, सिगरे तजेहे सुख; प्रान जान होयगो, निदान आ परे खले. सागरसें कहो जाय, एक दिनां इते आय; प्रेमकी फकीरीकी, तमासगिरी देखले. ॥ २५ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે-હું રોજ આંસુના પાણીથી શરીરે ન્હાઉછું, અને છાતીમાં વિરહની ધૂણી તપે છે-તે યોગે અધિક તાપને લઊ છું. આંખ્યોના કટોરા કરીને સાગરના દર્શનની ભિક્ષા માગું છું, તેની પિડાની સેલી કંઠે પહેરેલી છે-તેને જોઈ લ્યો. ખાન-પાન-ગાન-તાન આદિ સર્વે સુખ તજ્યાં છે. માલ હવે પ્રાણ જવાનું થશે, માટે આવીને તેનું કારણ પરખી લ્યો. કોઈ સાગરથી જઇને કહો કે-એક દિવસ અહીં આવીને આ પ્રેમની ફકીરીની તમાસગિરી જોઈ લ્યો. (૨૫)

संदेहालंकार–सवैया.

डोलवो बावरो व्हेंके भलो के, भलोहे बिभूतनको धरवो;
ईशको शीश अरोप भलो के, भलो झप भेरवको भरवो.
काशिमें जाइ कऱ्यो सो भलो, के भलोहे हिमाचलमें गरवो;
सागर मिंत भलो सु बताइये, ज्योंहि कहो त्यों हमें करवो. ॥२६॥

ટીકા—હે સાગર! બ્હાવરાં બનીને ડોલવું એ સારૂં છે? કે વિભૂતિનું ધારવુ ભલું છે? ઇશ્વરના ઉપર શીશ ચડાવી કમળપૂજા કરવું તે સારૂં હશે? કે પછી ભૈરવ જપ ખાવો સારો છે? કે કાશીમાં જઈને કરવતથી કપાવું એ ભલું? અથવા તો હિમાલયના અચળ બરફમાં ગળવું તે ભલું છે? હે મિત્ર સાગર! જે સારૂં હોય તે બતાવો અને તમે જે કહો-તે અમારે કરવું.(૨૬)

अथ एकावलि अलंकार–सवैया.

केवो कहा तुम जानतहो, निस बासर सागर राह चितेवो;
तेवो महा बिरहानलसें, सु समे ज्युं तुमें बनिहे फिर एवो.
एवो बने न तुमें तो हमे, दीन क्यों गुजरे यह आयरु देवो;
देवो पती उनके करमें, करमें गति टेढिय तो फिर केवो. ॥ २७ ॥

ટીકા—હે સાગરજી! વારે વારે શું કહેવું? સર્વેના તમે જાણીતા છો. રાત્રિ દિવસ અમો તમારી રાહ જોઇએ છીએ, મહાન વિરહરૂપી અગ્નિથી તપવું થાય છે, અને ફરીને વળી આપનું આંહીં આવવાનું થશે તેજ સારી

પળને હું સમજુ છું. કદિ આવવાનું બનશે નહિ-તો અમારે દિવસ કેમ ગુજારવા? તે બાબત આજ્ઞા દેવી. હે પ્રિય બ્હેની! આ પત્ર એમના હથિમાં આપવો. તેમ છતાં કરમની ગતિ વાંકી હશે-તો પછી શું કરવુ? (૨૭)

सोरठा.

लिखकें ब्रह्म कुमारि, पाती दीन प्रवीन ज्यूं;
आशिष वचन उचारि, कुसुम गवन उपवन कियो. ॥ २८ ॥

ટીકા—એટલું લખીને તે પત્ર બ્રહ્મકન્યાને આપ્યો. ત્યારે કુસુમાવળીએ તેને આશિરવચન કહી બાગ તરફ ગમન કર્યું. (૨૮)

सोई वंदि सन्यास, विवस प्रेम बोल न सके;
अतिही भरी उसास, प्रतिउत्तर पाती धरी. ॥ २९ ॥

ટીકા—તે કુસુમાવળીએ સન્યાસીને વંદન કર્યું, પણ પ્રેમને આધીન થવાથી બોલી શકી નહીં. અને અતિશે ઉસાસા ભરીને પ્રતિઉત્તરની પત્રિકા આગળ ધરી. (૨૯)

तापस लही उठाय, पाती भरी सु प्रेम रस;
वांची भेद बनाय, शिर चढाय उर लाय उन. ॥ ३० ॥

ટીકા—પ્રેમરસથી ભરેલો તે પત્ર તપસ્વિયે ઉઠાવી લીધો તથા તેને માથે ચડાવીને અને છાતીએ લગાવી તેમાંનો ભેદ વર્ણવીને વાંચ્યો. (૩૦)

गाहा.

दंपति पत्र बिधानं, अलख जगान जोगि पुर गमनं;
ईकोत्तर अभिधानं, पूर्न प्रबिनसागरो लहरं. ॥ ३१ ॥

ટીકા—સ્ત્રી પુરૂષે એક બીજાને પત્ર લખ્યા, તેની રીત તથા જોગી અલેખ જગાવાને વાસ્તે શહેરમાં ગયા. તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની ઇકોતેરમી લહેર સંપૂર્ણ થઈ. (૩૧)

इतिश्री प्रबीनसागरग्रंथेदंपतिपत्रप्रत्युत्तरसन्यासउेलखगमनोनाम एकसप्ततितमो लहरं. ॥ ७१ ॥

लेहेर ७२ मी.

अथ पुनि पाती प्रत्युत्तर सन्यासअरन्यगमनप्रसंगो यथा रूपकालंकार–दोहा.

सागर सागर शशि पती, लखंत लहर चढि चाह;
मन तरंग लग तट त्रपा, उछरत हटक अथाह. ॥ १ ॥

ટીકા—સાગરરૂપી સમુદ્રને પત્રિકારૂપી ચંદ્ર જોતાં ચાહનારૂપી ભરતી ચઢી, તેના મનમાં વિચારરૂપી મોજાં લાજરૂપી કિનારાને લાગીને અથાગ ઉછળીને પાછાં હઠે છે. (૧).

पुनः रूपकालंकार—दोहा.

पत्रे कूप हेरत उठ्यो, पादरु प्रेम फुहार;
हय तन हटक्यो ले गयो, मनहु कुमारी नार. ॥ २ ॥

ટીકા—પારો ધાતુ છે, અને તે ખનિજ પદાર્થ છે. પણ તેને વિષે એવી દંતકથા ચાલે છે કે શિવનું વિર્ય ખલિત થયેલું તે પારારૂપે કૂવામાં ભરાઈ રહેલું છે. ત્હાં એક કુમારિકાને ઘોડા ઉપર બેસારીને લઈ જઇ તેની દ્રષ્ટી પારા તરફ કરાવે છે. એટલે તે પારો કુમારીને જોઇને ઉછળે છે—એટલે કુમારિકા ઘોડા ફેરવીને પાછી નાસે છે; તેથી પારો આવીને બહાર પડે છે. તેનું રૂપક આમાં છે. પત્રરૂપી કૂવાને જોતાંજ તેમાંથી પ્રેમરૂપી પારાનો ફુવારો ઉછળ્યો, ત્યારે સાગરના શરીરરૂપી ઘોડો અટકી રહ્યો—પણ તેના મનરૂપી કુમારિકાને તે તાણી ગયો. (૨)

सोरठा.

तापस अति सोचंत, पुनि प्रतिउत्तर जो लिख्यो;
जुनकी गति एकंत, लहे उभे वंचन लिखन. ॥ ३ ॥

ટીકા—તે તાપસીએ અતિશે ચિંતાયુક્ત બનીને જે પ્રતિઉત્તર લખ્યો, તેની ગુહ્ય ગતિનો ભાવાર્થ તે એકાંતમાં વાંચનાર ને લખનાર એ બેજ જાણે.(૩)

श्रीमुख काव्य सु कीन, बहुरयो भेद लिखे सु वह;
धीरज धरन प्रवीन, कुसुमावलि दीनी सु कर. ॥ ४ ॥

ટીકા—નીજ મુખેવતી કાવ્ય બનાવીને વળી તે ભેદ પ્રવીણને ધીરજ ધરાવા સારૂં લખી—તે પત્ર કુમુદાવળીના હાથમાં આપ્યો. (૪)

अथ वह पाती उदाहरन भेद स्मरनालंकार—सवैया.

आज प्रवीन मिले सुपने महि, भूषन वास जराव जरी धर;
आसन एक लिये अति आदर, केसर चंदनकी चरचा कर.
पानन बीरि बनाय खवावत, भाजन पान लियो मंदिरा भर.
सेज विनोदकि बात उचारत, या दुखियां अखियां गइ उघर. ॥५॥

ટીકા—તેમાં જણાવ્યું કે આજે પ્રવીણ મને સ્વપ્નાને વિશે આવી મળ્યાં—તે વખતે જેમણે ધણાંજ ઉત્તમ નકશીદાર રત્નોથી જડાવ વસ્ત્રાલંકાર પહેરેલાં હતાં. તેમણે મને ઘણા સન્માનથી એક આસન ઉપર લીધિ તથા કેસર ચંદનથી પૂજા—અર્ચા કરી; તેમજ પાનની બીડી બનાવીને મને ખવરાવી.

પછી મદિરાનું પાત્ર ભરીને મને પાવાસાઉ હાથમાં લીધું. અને સેજ વિલાસની વાત બોલવા લાગ્યાં. ત્હાં તો આ દુખિયારી આંખ્યો ઉઘડી ગઈ! (૫)

समरूपकालंकार–सवैया.

आसन साधि रह्यो इक धारन, वारिके भार बरुनि नमी हे;
धुनि अखंड जगे विरहा, सुरताके झुलांममें देह दमीं हे.
खेंचत सास बिसास बडो उन, एक निरंतर टेक जमी हे;
एह प्रमान प्रवीन निहारत, जोगहु तें क्यों विजोग कमी हे? ॥ ६ ॥

ટીકા—જોગીની માફક એક ધારણાથી આસન વાળીને રહુંછું, તથા આ મારી જળના ભારથી પાંપણો નમી ગઈ છે. શરીરમાં વિરહરૂપી અગ્નિની ધુણી અખંડ જાગતી રહે છે, અને સુરતારૂપી ઝુલાથી એટલે તેનાથી ટંગાઈને દેહને દમું છું. મ્હોટા નિઃસ્વાસ નાખીને શ્વાસને ખેચુંછું, તેમજ એકજ ટેક ધરી છે. હે પ્રવીણ! એ પ્રમાણે હું તમને ધ્યાનમાં જોઉ છું–તો શું જોગી કરતાં આ વિયોગીની ક્રિયા કાંઈ કમી છે? (૬)

यमकालंकार–दोहा.

घटन प्रान लाग सु घट, लटे न हर हर बार;
जो चाहत संकट कटे, रटे हरा हर नार. ॥ ७ ॥

ટીકા—ઘટરૂપી તનથી પ્રાણ ઘટવા–કમી થવા લાગ્યો, પણ હર! હર! તે પ્રાણ બહાર નીકળી જતો નથી. જો સંકટ કાપવાને ઇચ્છીએ–તો હરા કહેતાં પાર્વતીજી–તેમના નામને રટીએ. (७)

रूपकालंकार–दोहा.

तांल्लाहींमें ताला लग्या, कारीगर बिध कीन;
चित कीली संचा सबद, खोलनहार प्रबीन. ॥ ८ ॥

ટીકા—ચાર મુખના બ્રહ્મારૂપી કારીગરનું બનાવેલું તાળું નશીબમાં લાગ્યું છે. પણ હે પ્રવીણ! તમારા મનરૂપી કુંચીવડે બ્રહ્માના માંડેલા શબ્દોરૂપી યંત્ર–તાળાની કળ ઉઘાડનારાં તમે છો. (८)

सोरठा.

उर टारन अंदेश, प्रति प्रबीन पाती लिखी;
सुताब्रह्म संदेश, सागर कह्यो कवित्त करि. ॥ ९ ॥

ટીકા—મનનો અંદેશો ટાળવાને પ્રવીણભણી પત્રિકા લખીને ઉપરાંત સાગરે એક કવિત કરીને કુસુમાવળી સાથે સંદેશો કહાવ્યો. (૯)

प्रतिपालंकार–कवित.

हरहे बसे त्युं जच्छ किंनर चले तो कहा; भई जातरूप, मन इनके सरसरे.

वैकुंठनाथ, पुर कंचन रचित कहा; संतनके चित नीत, चाहत दरसरे. मनिबंध मानसर, सूरं बिहरे तो कहा; तोय तोयनिधिके, न बूझत तरसरे. चंदन चढाय जाय; बंदन हमारें करि; पंथिक प्रवीन पेरकारीसें परसरे.॥१०॥

ટીકા—કૈલાસમાં હર-શંકર વસે છે, યક્ષ અને કિન્નરો ચાલે છે-તેણથી શું થયું? વળી તે સાવસોનાનો બનેલો છે-તોય તે તેને મન તો સરસ છે. વૈકુંઠનાથે વૈકુંઠપૂર સોનાનું રચ્યું છે અને સંત જનનાં ચિત્ત તેનાં દર્શન કરવા નિત્ય ચાહે છે-તેથી શું થયું? મણીબંધ માનસરોવર બાંધેલું છે, અને ત્હાં સુરગણો વિહાર કરે છે-તોપણ શું થયું? સમુદ્રમાં ઘણું પાણી ભર્યું છે પણ તેથી તરસ બુઝતી નથી-તો તે શા કામનો છે? તેમજ હે પંથિક! કોઈ ઉપાયો કરે એવાં-પ્રવીણ પાસે જઇને, તેને ચંદન ચરચી આમારી પ્રાર્થના કરીને તેનો સ્પર્શ કરજો. (૧૦)

सोरठा.

पाती दई सु पान, सागर कुसुम प्रवीनकी;
धार्यो पंथ पयान, पुर ब्रह्मनि तापस गहन. ॥ ११ ॥

ટીકા—પ્રવીણ ઉપર મોકલવાનો પત્ર કુસુમાવળીના હાથમાં સાગરે આપ્યો, પછી કુસુમાવળીએ પુરને અને તાપસીએ ગહન-જંગલને પંથે ચાલવાનું ધાર્યું. (૧૧)

उरमें उभे उदास, कहे तापस लाव न कछू.
बीतत हयन निवास, फेर करेंगे आइ इत. ॥ १२ ॥

ટીકા—વળી તે યોગીએ કુસુમાવળીને કહ્યું કે-તમે બન્ને જણ મનમાં કાંઈ ઉદાસી લાવશો નહીં, કેમકે વર્ષ વિતતાં અમો પાછા ફરીથી આંહી આવીને નિવાસ કરશું. (૧૨)

अथ अमृतधुनि यमक—छंद मुक्तदाम.

चले उठि जोगिय हाथ झटक्क; पुरातनको सुख साज पटक्क. खरे बिछुरे बिरहा सु खटक्क; चढी मनु प्रेम सुरंग चटक्क. भरभ्भर कंठ उसास भरंत; धरद्धर प्रान वेहोस धरंत. फरफ्फर नग्र वहे नरखंत; खरख्खर बुंद चखें बरखंत. तरत्तर टेकतहे निज अंग; थरथ्थर मानहु भंग भुजंग. झरझ्झर स्वेद मनो गज मद्द; हरंहरं भंखत मंत्र शबद्द. यही बिधि तापस ब्रच्छ चलंत; तिही गति ब्रह्मि पुरी प्रविसंत. ॥ १३ ॥

ટીકા—હાથ ઝટકીને જોગીઓ ઉઠી ચાલ્યા અને પહેલાંની જે સુખકર વસ્તુઓ પાસે હતી તે ફેંકી દીધી;-હવે તો ખરેજ વિયોગ થયો, તેથી મનમાં વિરહ ખટકવા લાગ્યો. તે જાણે કે પ્રેમના રંગની ચટકી ચડી હોય નહિશું?

ભરી ભરીને કંઠેથી ઉસાસા ભરે છે; ધડકી ધડકીને પ્રાણ અહોસપણું ધરે છે, ફરી ફરીને તે નગરને નીરખે છે, ને આંખેથી ખરખર આંસુનાં બુંદ ખરે છે; ઝાડે ઝાડે પોતાના તનને ટેકવે છે અને થરથર શરીરેથી ભાગી ગયેલા સર્પની પેઠે ધ્રુજે છે. ઝરઝર પરસેવો ઝરે છે—તે જાણે મદઝર હાથીનો મદ ઝરતો હોય નહિશું? અને મોઢેથી "હરહર" એવા મંત્રનો શબ્દ બોલે છે. એ વિધિએ તાપસી જંગલમાં ચાલ્યા, અને તેવીજ રીતિથી કુસુમાવળી પુરમાં પેઠી. (૧૩)

सोरठा.

दुजि प्रवेश पुर कीन, पहुंची कलाप्रवीनपें;
तापस पाती दीन, मोन लीन मुख दुख भरे. ॥ १४ ॥

ટીકા—બ્રાહ્મણીએ પુરમાં પ્રવેશ કરીને કળાપ્રવીણની પાસે જઈ પ્હોચી, અને તાપસીએ આપેલો કાગળ આપીને મૌનપણું ગ્રહી—મનથી દુઃખ ભરાઈ આવ્યું. (૧૪)

कुमरी सही समाज, व्याज सेंन दीनी विदा;
पाती सागरराज, गइ इकंत वंचन लगी. ॥ १५ ॥

ટીકા—એટલે કુમારીએ સૂઇ રહેવાને બ્હાને ટોળે મળેલી સહિયરોને વિદાયગીરી—રજા આપી. જેકેડે એકાંતે જઇને મિત્ર સાગર—રાજાનો પત્ર વાંચવા લાગી. (૧૫)

बंचत जोगि विदाय, पाय लाय लागी प्रवल;
वनी न बरनी जाय, हाय हाय मुख वानि हुइ. ॥ १६ ॥

ટીકા—વાંચતાં વાંચતાં "જોગી વિદાય થયા" જાણવાથી મનમાં એકદમ મ્હોટી આગ પ્રગટી ઉઠી! જેનું વર્ણન વર્ણી જતું નથી. પછી એકદમે "હાય! હાય!!" એવી મુખેથી વાણી થઈ ગઈ. (૧૬)

संबंधातिशयोक्ति अलंकार—छंद मालिका.

बंचितं पती प्रबीन; प्रान अंबु छीन मीन. जात सो पलं सु जान; आजही प्रले प्रमान. मानहु सहस्र सूर; भूमिपें भयो सु नूर. लंघितं म्रजाद आंप; बाडवा बढे प्रताप. शेषने भर्यो उसास; कच्छहु कियो निकास. कोलको भग्यो सु दंत; दंतिही डिगे डिगंत. धातुके धसे सु श्रंग; ज्वालनेन जीत जंग. शेषसें सबे ब्रह्मंड; भंग भो बिराट अंड. सो दशा प्रबीन पाय; धीर ब्रह्मनी धराय. ॥ १७ ॥

ટીકા—તે પત્ર વાંચતાં પ્રવીણના પ્રાણ પાણી વિનાની માછલી જેવો થઈ રહ્યો! અને જે પળ જાય છે—તે જાણે આજેજ પ્રલય થયો હોય ને? અગર સહસ્ર સૂર્યનો તાપ ભૂમિ ઉપર તપી ઉઠ્યો? કે સમુદ્રે મર્યાદા લોપી?

અથવા વડવાગ્નિનો તાપ વધ્યો? અગર તો શેષ નાગે ઉસાસ ભર્યો? કિં કાચબાના આધારે જે પૃથ્વી રહી છે–તેને હાંકી કાઢ્યો? અથવા તો જે વરાહરૂપની દાઢને આધારે તે કાચ્બો રહે છે–તે દાઢ ભાગી ગઈ? અથવા દિશાઓને છેડે ટેકારૂપ જે દિગ્પાળરૂપ હાથીઓ છે–તે ડગ્યા? કિંવા ધાતુ પર્વત–મેરૂનાં શ્રંગો ધ્રુસ્યાં? કે જેના નેત્રમાં પ્રલય અગ્નિ રહેલો છે–તે રૂદ્ર ભગવાને પ્રલય-જંગમાં જીત્યો? કે શેષથી માંડીને સર્વે બ્રહ્માંડ અંડાકારે છે તે વૈરાટનો ભંગ થયો? એવી દશા પ્રવીણની થઈ. તેને કુસુમાવળી ધીરજ આપવા લાગી. (૧૭)

सोरठा.

खान पान रुचि छंडि, बाला लही बिदेह गति;
अमुआं नेन उमंडि, बढत स्वास बढ़ि विरह. ॥ १८ ॥

ટીકા—ખાન પાનની રૂચી છોડી દઇને રાજબાળાએ વિદેહીની દશા ધારણ કરી; આંખે આંસુ ઉભરી આવ્યાં અને સ્વાસ તથા વિરહ વેદના વધવા લાગી. (૧૮)

जो तन तापस ताप, सो सत गुन परबीन मन;
उरझत आपहि आप, पल पल प्रान पयान रुच. ॥ १९ ॥

ટીકા—જેવો તાપ તે તપસ્વીના મનમાં થયો, તેથી સોગણો તાપ પ્રવીણના મનમાં થયો. અને પોતેજ પોતાના મનમાં મુંઝાઇને રહે છે. તથા પળે પળે પ્રાણ જવાની મરજી કરે છે. (૧૯)

एक बरष अनुमान, आवन ओंधि सु बिप्र बदि;
औंधि आस उर आन, नीठ नीठ वपु वास किय. ॥ २० ॥

ટીકા—ત્હાં બ્રહ્મકન્યા કુસુમાવળીએ આશરે એક વર્ષે પાછા આવવાની અવધિ કહી. તે મુદતની આશાને હૃદયમાં આણીને માંડ માંડ તેની દેહમાં પ્રાણે નિવાસ કર્યો. (૨૦)

दोहा.

पल पल कला प्रवीनपें, ब्रह्मनि धीर धराय;
उन मुख आवन ओंधि बदि, नीठसु प्रान द्रढाय. ॥ २१ ॥

ટીકા—પળે પળે કળાપ્રવીણને કુસુમાવળીએ ધીરજ દઈ તાપસીએ મુખેથી કહેલી આવનાની અવધિ કહી–મહા મેહેનતે તેના પ્રાણને દ્રઢાવ્યે અર્થાત્ રાખ્યો. (૨૧)

खान पान सुख सेज तजि, सौध सु कलाप्रवीन;
उसर आसा आस सिध, यतीव्रतम तब लीन. ॥ २२ ॥

ટીકા—કળાપ્રવીણ ખાવા પીવાનું સુખ તથા પલંગ તજીને હવેલી

માં રહી. પણ યતિરૂપ યોગીએ સિદ્ધને મળવાની આશાથી ઉત્તર દિશાનો પંથ લીધો. (૨૨)

चोपाई.

इहि विधि जोगि बिपन पथ लीने; बसन बद्रिकाश्रम चित कीने. चाह सिद्ध परसन सु उलट्टे; मंद मंद संचर गिर कट्टे. सातहु मित सांत रस भीने; सातहु पक्ष पंथ जब कीने. नीठ बद्रिकाश्रम तब आये; दरस बद्रिकेदारहु पाये. आसन उतें अनेक मुनीशा; ठोर ठोर उपगंग गिरीशा. सधक सिद्ध जोगक्रम साधे; आप इष्ट परिब्रह्म अराधे. नित फल फूल झुकित वनरागा; षटरितु उत रितुराज लखाया. गिरिवर श्रंग झरन जल धारा; वरषा उतें मास मनु बारा. तापस तित प्रताप विस्तारे; बैरभाव पशु पंखि बिसारे. केहरि बास करत करि छाया; करी कलभ केहरि धत माया. कला कलापि धरित नृत मंडे; सनमुख अहि आवत बिल छंडे. चटकहि बाल बाज प्रतिपारे; वायस करत उलूक बिहारे. बक झष करत समीप विहारा; दाहत बनन वन्हि बिस्तारा. सरिता सर सरोज सुभ नीरा; सुरभि सीत गति मंद समीरा. गिरि गिरि बन बन बन प्रतिबेली; नीड नीड खग करत सु केली. शाख शाख हींचत म्रगशाखा; परि परि रटत पंखि पशु भाषा. सूमन सरोज रंग प्रति रंगा; ग्रहि मन मोद गुंजरत भ्रंगा. सागर लखत मोद मन लाये; आश्रम हेर चिताश्रम पाये. ॥ २३ ॥

ટીકા—એ પ્રમાણે જોગીએ વનનો રસ્તો લીધો અને મનમાં બદ્રિકાશ્રમમાં જઇને વસવાનું કર્યું; સિદ્ધનો સ્પર્શ કરવાની ચાહના ઉલટી, તેથી આસ્તે આસ્તે પર્વતનો રસ્તો કાપ્યો. સાતે મિત્રો શાંત રસમાં ભીંજાએલા છે, તેમણે સાત પખવાડીયાં સુધી જ્હારે ચાલ્યા કર્યું ત્હારે બદ્રિકાશ્રમ પાસે આવ્યા અને બદ્રિકેદારેશ્વરના દર્શનને પામ્યા. ત્હાં અનેક મુનીશ્વરોનાં આશન છે, ઠેકાણે ઠેકાણે ગંગાની તીરે ડુંગરો આવેલા છે,—જ્હાં સાધક સિદ્ધો યોગક્રિયાને સાધે છે, અને પોતે પરિબ્રહ્મરૂપ ઇષ્ટનું આરાધન કરે છે. તે વનને વિશે સર્દૈવ ઝાડો ઉપર ફળ-ફુલ ઝૂકી રહેલાં છે. છયે ઋતુઓએ વસંત ઋતુ દેખાય છે, મોટા ગિરિવરોનાં શિખરો ઉપરથી જળ ઝરણની ધારાઓ ખડખડ વહે છે, તે જાણે કે બારે મહિના વર્ષાદ થતો હોય નહિ? તપસ્વિયો ત્હાં પોતાનો પ્રતાપ વિસ્તારે છે, પશુ પક્ષીઓ અન્યોઅન્ય વૈરભાવને ભૂલી જાયે છે, હાથીની છાયામાં કેસરી વાસો કરે છે, તેમજ તે કેસરી જોડે હાથીનાં બચ્ચાં હળીમળી પ્રીતિ જોડે છે. મોર કળા ધરીને નૃત્ય રચે છે,—જે જોવાને રાફડાને તજી સર્પો તેની સન્મુખ આવે છે. ચકલીનાં બચ્ચાંને બાજપક્ષી પાળે છે, તથા

ઢગડા ધૂડ સાથે મજાહ માણે છે, બગલાં અને માછલાં એકમેક સાથે રમે છે; ત્હાં અગ્નિનો વિસ્તાર છતાં તે વનને બાળતો નથી. નદી, તળાવ, કમલ અને સુંદર જળ છે. સુગંધિમાન સીતળ અને મંદ મંદ વાયરો વાય છે. પર્વતે પર્વતે વન છે, ને તે વન વન પ્રત્યે લતાઓ લેહેકે છે. એવી રળિયામણી જગો એ આગાએ આગાએ પક્ષીયો ક્રીડા રમણ કરે છે, તથા ડાળેડાળે વાંદરાં હીંચે છે, વળી પાંખડીએ પાંખડીએ પશુ-પક્ષી નાનાવિધ ભાષા બોલે છે. ત્હાં ફુલ અને કમળો રંગ બેરંગી ખીલેલાં છે. તેની સુવાસનાથી મનમાં આનંદ પામીને ભમરાઓ ગુંઉઉં ગુંજારવ કરે છે. તે વન જોઇને સાગર મનમાં આનંદ લાવ્યા, તથા બદ્રિકાશ્રમ નિરખીને તેનું ચિત્ત નિરાંત પામ્યું. (૨૩)

दोहा.

सुरतानंद पहाड तहां, अंब व्रच्छ उन श्रंग;

कुसुमाकर बिकसित बिपिन, निकट गहर गति गंग. ॥ २४ ॥

ટીકા—ત્હાં સુરતાનંદ નામનો પર્વત છે, જેનાં શિખ્ખર ઉપર આંબાનાં વૃક્ષો શોભે છે. તે પર્વત ઉપર વસંતરૂતુ ખીલી રહ્યો છે, વળી તેની પાસે ગંભીર ગતિવાળી ગંગા નદી વહે છે. (૨૪)

तिहां पंच दिन रहन किय, अविलोकत एकंत;

इष्ट मंत्र साधन लगे, सप्तासन किय मिंत. ॥ २५ ॥

ટીકા—એવી એકાંત જગો જોઇને ત્હાં પાંચ દિવસ રહેવાનું કર્યું, બાદ ત્હાં સાતે મિત્રો આસનવાળીને ઇષ્ટના મંત્રનું સાધન કરવા લાગ્યા. (૨૫)

सोरठा.

मंजन कीजत गंग, करि ईडन प्रति भव भवा;

सुरतानंद सु श्रंग, प्रेम मंत्र सप्तहु सधे. ॥ २६ ॥

ટીકા—ગંગામાં સ્નાન કરે છે, તથા શિવ પાર્વતી પ્રત્યે સ્તુતિ કરીને તે સુરતાનંદ પર્વતના શિખ્ખર ઉપર સાતે મિત્રો પ્રેમનો મંત્ર સાધે છે. (૨૬)

पूर्वायस अनुमान, प्रभानाथ परसन चहे;

सिद्ध सबे विधि जान, गिरि आश्रय तजि गमन किय. ॥ २७ ॥

ટીકા—સિદ્ધે પૂર્વે આજ્ઞા આપી હતી-તે પ્રમાણે તેઓ પ્રભાનાથ નામના સિદ્ધનો સ્પર્શ કરવાને ચ્હાય છે. સિદ્ધ પણ સર્વે વિધિના જાણનાર છે, તેથી તેમણે જ્વાળામુખીના પર્વતઉપર પોતાનું આશ્રમ છે તે તજીને સુરતાનંદ પર્વત તરફ ગમન કર્યું. (૨૭)

पंच द्योस विलमंत, प्रभानाथ आये तहां;

तापस लिखत महंत, बंदि चरन अरचे बिबिध. ॥ २८ ॥

ટીકા—તપસ્વિયો પાંચ દિવસ ત્હાં રહ્યા, એટલામાં તો પ્રભાનાથ આ-

વી પહોંચ્યા એટલે તેઓએ તે મહત્ પુરૂષને જોઇને તેમને પગે લાગી વિવિધ પ્રકારે પૂજન અર્ચન કર્યું. (૨૮)

गाहा.

बिछुरन्न दशा प्रबीनं, सागर सिद्ध मिलन ब्रद्रिकाश्रम;
द्वैसप्तति अभिधानं, पूर्न प्रविनसागरो लहरं. ॥ २९ ॥

ટીકા—જૂદાં પડવાથી પ્રવીણની થયેલી દશા, તથા સાગરને બદ્રિકાશ્રમમાં સિદ્ધનો મેળાપ થયો, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની બોતેરમી લહેર સંપૂર્ણ થઈ. (૨૯)

इतिश्रीप्रबीनसागरग्रंथेयोगीबद्रिकाश्रमगमनसिद्धमिलननाम द्विसप्ततिमो लहरं. ॥ ७२ ॥

लेहेर ७३ मी.

अथश्री कलाप्रबीनविरहदशाबर्नन–दोहा.

सागर सिद्ध मिलापकी, उते रखी सब बात;
कथा कला परबीनकी, कहूं कछुक अवदात. ॥ १ ॥

ટીકા—"કવિ કહે છે કે"–બદ્રિકાશ્રમપર રસસાગર અને પ્રભાનાથ સિદ્ધના મેળાપની સર્વે વાત ત્હાંજ પડી મૂકીને, કળાપ્રવીણની કાંઈક પવિત્ર કથા હવે કહું છું. (૧)

सागरके बिछुरे बिपुल, बाळ्यो विरह प्रबीन;
यातें अति आक्रंद करि, रोवत रातो दिन. ॥ २ ॥

ટીકા—સાગરની જૂદાઈથી પ્રવીણને અતિઘણો વિરહ વધ્યો; તેથી ઘણોક કલ્પાંત કરીને રાત દિવસ રોવા માંડ્યું. (૨)

अति उदास उरमें बनी, छिन छिन छीजत काय;
आह भरत उचरत अधिक, हाय हायरे हाय. ॥ ३ ॥

ટીકા—વળી હૃદયમાં અતિશય ઉદાસ થઇને ક્ષણે ક્ષણે શરીરથી સૂકાવા લાગી; અને ઉસાસા નિસાસાની સાથે દુઃખબોધક શબ્દો–'ઓય ઓય! ને હાય હાયરે હાય!' એમ મુખમાંથી બોલવા લાગી. (૩)

कुसुम प्रती कुंवरी कहे, उरमें अति अकुलाय;
सुख दायक सागर बिना, मोय लगे दुख दाय. ॥ ४ ॥

ટીકા—મનમાં અતિશય અકળાઇને કુસુમાવળિ પ્રત્યે કળાપ્રવીણ કહે છે કે હે બ્હેની! સર્વે સુખકર ચીજો એક રસસાગર વિના મને દુઃખદાયક લાગે છે. (૪)

कुसुममंतिकलाप्रबीनोक्तव्याधातालंकार–कवित्त.

शूल समफूल, सेज चित्ता के समान आलि; क्वाथसें कीलाल अरु, औष-धसें अन्नहे. अनलसें अंग राग, भूषन भूजंग जैसें; बीरी बच्छ नाग जैसी, लागतमो मनहे. भाकसीसें भौन अरु, पौन लगे पावकसें; ज्वालासें जोन्ह अरु, कामभो कदनहे. ऐसेही अनेक विधि, सागर सनेही बिन; सुखद दु-खदहे, तयात मेरे तनहे. ॥ ५ ॥

ટીકા—"કુસુમાવળી પ્રત્યે કળાપ્રવીણ કહે છે કે"–હે સખી! ફુલ તો મને શૂળી જેવાં, અને શય્યા તો મશાણ જેવી લાગે છે; પાણી ઉકાળા જેવું લાગે છે, તથા ભોજન તો વિખમય ઓષડ જેવું લાગે છે; અને શરીરના અંગ રાગ તો અગ્નિ જેવા બાળે છે. તેમ ઘરેણું તો સર્પ જેવાં થઈ પડયાં છે; પાનની બીડી તેતો વચ્છનાગ (ઝેર) જેવી મ્હારા મનમાં લાગે છે, તેમજ ઘર તો ભયંકર કેદખાના જેવું લાગે છે. વળી પવન તો અગ્નિ જેવા લાગે છે, ચંદ્રની શીતળ ચંદ્રિકા તે જવાળા જેવી તપે છે. ઉપરાંત કામદેવ તો મ્હારો નાશ કરનારો થઈ પડયો છે! એવી રીતે અનેક પ્રકારે પરમસ્નેહી સાગરવિના સુખદાયક વસ્તુઓ સર્વે મને દુઃખદાયક થઇને મ્હારા શરીરને બાળે છે. (૫)

पुनःव्याधातालंकारयथा–सवैया.

व्याथसेँ वेधत चातक चित्तहि, गारिसेँ गीत लगे विकरारे;
व्यालसेँ माल लगें विकरालहि, कालसें काम व्यथा बिसतारे.
नीकि सुवास कुवास लगे पुनि, पावकसेँ अति पौन प्रजारे;
यौंहि अनेक भये उलटे बिन, सागर चित्त दुने दुखदारे. ॥ ६ ॥

ટીકા—"ફરીને કુસુમાવળી પ્રત્યે પ્રવીણ કહે છે કે" હે સખી! બપૈયા પક્ષી 'પિયુ પિયુ' બોલીને મ્હારા મનને કસાઈની પેઠે કાપે છે! અને કોઈ ગીત ગાય છે તેતો મને ગાળો જેવાં વિકરાળ ભાસે છે; માળા તો સર્પના જેવી બીહામણી થઈ પડી છે–એટલું છતાંયે કામદેવ તો કાળના જેવી પીડા પ્રસારે છે. અને સુંદર સુગંધ તે તો દુર્ગંધ જેવી લાગે છે, તેમ વળિ પવન તેતો અગ્નિ પેઠે બાળનારો થઈ પડયો છે. એ રીતે અનેક સુખદાયક વસ્તુઓ એક સાગર વિના ઉલટી થઇને મને મનમાં બમણી દુઃખદાયક થઈ પડી છે. (૬)

दोहा.

वालम राये विदेशमें, छोडीकें हम संग;
तातें वेधत वानतें, अतनु हमारे अंग. ॥ ७ ॥

ટીકા—મ્હારો સંગ છોડીને મ્હારા પ્રીતમ પરદેશમાં ગયા છે–તેથી મને એકલી જાણી કામદેવ મ્હારૂં અંગ બાણુથી વિંધે છે. (૭)

अपन्हुति अलंकार–कवित्त.

शक्र कोन चाप यह, कामकी कबान राजे; दामिनी दमक नाहि, शेल चमकायेहे. चातक के शब्द नाहि, शब्द शूरवीरनके; वारिकेन बुंदयह, बान बरसायेहे. गर्जना न गाजयह, बाजत नगारे बर; जुगनूंकी ज्योति नाहि, जामगी जलायेहे. पावस न पेख आलि, सागर सिधाय यातें; मैन मोहि मारिबेकों, सैन सज आयेहे. ॥ ८ ॥

ટીકા—"ચોમાસાની ઋતુમાં પ્રવીણને સાગરના વિરહથી પ્રલાપ દશા ઉત્પન્ન થવાથી કુસુમાવળી પ્રત્યે કહે છે કે"–આકાશને વિશે આ ઇંદ્રધનુષ (કાંચળી) નથી પણ–એતો કામદેવનુ ધનુષ છે! આ કંઈ વીજળીનો ચમકાટ નથી પણ–એતો ભાલાનો ચમકાટ છે! આ કંઈ બપૈયા પક્ષી બોલતાં નથી પણ–એતો શૂરવીરોના હોંકારાના પડઘાના શબ્દો છે! આ કંઈ વર્ષાદના છાંટા (બુંદ) નથી પણ–એતો બાણ વરસાવે છે! આ કંઈ વીજળીની ગર્જના નથી પણ–એતો ફોજનાં નગારાં વાગે છે! અને આ આગિયા જીવડાનો ચમકાટ નથી પણ–એતો બંદૂકની જામગરીઓ સળગાવેલીઓ છે! માટે હે વ્હાલી સખી! આ પાવસ ઋતુ નથી–પણ એ સાગર પરદેશ ગયા એથી કામદેવ મને મારવા માટે સૈન સજીને આવ્યો છે! (૮)

संदेहालंकार–कवित्त.

उठत उसास सास, अतिमेरे अंगहिमें; छीजीकें शरीर सबे, पाये क्रशताइकों. शिथिल भेगात अरु, बात न कहात कछु; चित्त न सूहात चारु, साज सुखदाइकों. मन मुझात महा, पांसूरी पिरात पुनि; आय ज्यों समय नेरे, जीवकी जुदाइकों. तातें हम जाने बिन, सागरमो मारिबेकों; आगम भो अंत किधों-बिरह बलाइकों. ॥ ९ ॥

ટીકા—મ્હારા અંગમાં અતિશય સ્વાસોસ્વાસ ઉઠે છે, અને શરીર શિખળવિખળ થયું છે; તથા મુખેથી કાંઈ વાત કહેવાતી નથી. તેમજ સુંદર અને મનોહર વસ્તુઓ ચિત્તને ગમતી નથી; વળી મન અતિશય મુંઝાય છે તથા પાંસળીઓ પિડાય છે,–તે જાણે જીવની જૂદાઇનો સમય નજદીક આવ્યો હોય નહિ? એમ દેખાય છે. તેથી મેં જાણ્યું કે આતો પ્રિયતમ સાગર વિના મને મારવાને માટે કાળનું આવવું થયું છે, અથવા તે નહિતો–વિરહરૂપી બલાનું આવવું થયું છે. (૯)

अथ शिक्षाक्षेप अलंकार–कवित्त.

तजि देश वेश भयें, सागरसो योगी याकों; एतो उपदेश कहि, आव आलि कानमें. आपहो अंजान योग, साजके मिलाइ बेमें; कहो कहां जाओं-

गेरि, ढुंढन जहांनमें. योगीकों अहरनिशी, वपुमें विलेपनकों; पाइये परमवर, विभूति बिहानमें. यातें हम जरि तन, भभूति बनावों भूरि; लेपनकों सोई रहो, मेरेइ मसांनमें. ॥ १० ॥

ટીકા—દેશ અને વેશ તજીને સાગર યોગી થયા; એમને હે પ્રિય બ્હેની! એટલો ઉપદેશ કાનમાં કહી આવ કે-તમો યોગવિદ્યાની સામગ્રી મેળવવાના અજાણ્યા છો-તેથી કહો! કયા જગત્‌માં ગોતવા જશો? કેમકે યોગીનેતો હમેશાં શરીરે ચોળવા માટે પવિત્ર અને શ્રેષ્ટ એવી ભસ્મ સવારમાં જોઇએ, એથી હું મ્હારે શરીરે બળીને ઘણીક ભસ્મ કરૂં-તે ચોળવા માટે મ્હારા તનરૂપી મશાણમાંજ રહો. (૧૦)

अथ आक्षेपालंकार–कवित्त.

तजि राज काज बनि, योगी अवधूत महा; सागर सिधाय ताकों, कोउ समजावोरी. योगीके अनेक साज, पायगे ये कांसें आज; तानें हम शोनितमें, भगुवे बनावोरी. बारकी बनाइ शेली, कुचके विभूति गोली; कर्परके खप्परले, हाथमें धरावोरी. खेंची हम खाल वाकी, मंजु मृगशाला रची; औरे अंग जारि तन, भसम लगावोरी. ॥ ११ ॥

ટીકા—રાજ અને તેનું કાજ છોડીને મહા અવધૂત યોગી થઇને સાગર ચાલ્યા-તેને જઇને કોઇ એમ સમજાવો કે-યોગીની અનેક સામગ્રી એ આજ કયાંથી પામશો? તેથી મ્હારા લોહીમાં ભગુવાં બનાવો, અને મ્હારા વાળની શેલી બનાવીને સ્તનના ભસ્મના ગોળા કરો, વળી મ્હારા કપાળની ખોપરી લઇ, તેનું ખપ્પર કરી-હાથમાં ધારણ કરો, તથા મ્હારા શરીરની ખાલ (ચામડી) ઉતારીને તેની મનોહર મૃગશાલા બનાવો. અને બાકીનુ બીજું શરીર રહે-તેને બાળીને ભસ્મ કરી અંગે લગાવો!!! (૧૧)

अथ दृष्टांतालंकार–सवैया.

मैं लपटाइ नही तनु प्रीतम, ज्यों लपटे बनमें तरु बेली;
ज्यों रति काम रचे रति रंगहि, ज्यों पति संग नमें रचि केली.
कंठ कभी न लगी पति के पुनि, ज्यों लगि कंठ सुभागिनि शेली;
सागर छोड गये हम ज्यों दमयंति तजी नलराय अकेली. ॥ १२ ॥

ટીકા—જેમ વનમાં વૃક્ષ સાથે વેલી લપટાઇ રહે છે-તેમ હું મ્હારા પ્રીતમના અંગ સાથે લપટાણી નહીં; જેમ રતિ અને કામદેવ કામ ક્રીડા કરે છે-તેમ મેં મ્હારા પતિ સાથે કામ ક્રીડા કરી નહીં; જેમ સારા ભાગ્યવાળી શેલી કંઠે લાગી-તેમ હું કોઇવાર મ્હારા પતિને કંઠે બાઝી નહીં. પરંતુ જેમ દમયંતીને એકલી તજીને નળરાય વનમાં ચાલી ગયા-તે પ્રકારે મને સાગર એકલી મૂકીને ચાલ્યા ગયા. (૧૨)

सवैया.

अंक भरी लपटाई कदानिशि, प्रीतम संग करी नहि केली;
त्यों कर कंठ धरी भरि आसव, जाम न स्यामकों पाय सहेली.
आसन एकहि बैठ बिनांतर, खुशि बनी दिल खेमिल नखेली;
आखर ये अपशोष रहे हम, सागर छोड गयेरि अकेली. ॥ १३ ॥

ટીકા—કોઈ વાર રાતને વિશે બાથ ભરી લપટાઇને પ્રીતમ સાથે કામ ક્રીડા કરી પ્રેમરસ પીધો નહીં; તેમ ગળામાં હાથ નાખી દારૂનો પ્યાલો ભરી હે સખી! કોઈ વાર પતિને પાયો નહીં: કોઈ વાર એક આસને અંતરવિન એટલે થડોથડ બેશીને-રાજી થઈ પ્રફુલિત મને ખેલી. નહીં. તેથી છેવટે મુને એજ અપશોષ રહ્યો કે સાગર એકલી મૂકીને ગયા તે ગયાજ! (૧૩)

अथ सहोक्तिअलंकार–सवैया.

सागर क्यों तुम छोरि चले हम, आप्नन आपकि साथ चहाउं;
जो तुम योगि बनो धरि छारतो, मैं बनि योगिनी राख लगाउं.
जो भगुवे तुम भश धरो तब, मैं भगुवे सब वास बनाउं;
जो तुम जाइ अलेक जगावतो, मैं तुम साथ अलेक जगाउं. ॥ १४ ॥

ટીકા—હે સાગર! તમે મને એકલી છોડીને કેમ ચાલી ગયા? હું તો તમારી સાથે આવવાને ચાહું છું. બાકી જો તમે યોગી થઇને રાખ લગાવશો તો હું પણ-યોગિની થઇને રાખ લગાવીશ. વળી જો તમે ભગુવો વેશ ધારણ કરશો તો-હું પણ સર્વે વસ્ત્ર ભગુવાં ધારણ કરીશ; અને જો તમે જઈ અલેખ જગાવશો તો-હું પણ તમારી સાથે અલેખ જગાવીશ. (૧૪)

अथ वृत्यानुप्रासअलंकार–कवित्त.

सागर क्यों छोरी हम, नवल किशोरी चले; कैसेही कटोंरी काल, भर्त्ता बिन भोरीमें. जुग कर जोरी कहुं, नेहतें निहोरी सुनो; बालम बिछोरी कैसे, सहुंगात गोरीमें. आयुषकी डोरीनाहि, तूटतेहे तोरी तातें; निकट रहोरी कहुं, आज लाज छोरीमें. एती अर्ज मोरी नाहि, मनमें धरोरी तब; भभूतकी गोरी कर, लहो साथ भोरीमें. ॥ १५ ॥

ટીકા—હે સાગર! હું નવલકિશોર વયવાળીને છોડીને કેમ ચાલ્યા? હું ભર્ત્તાર વિના ભોળી કેમ કરીને કાળ કાઢું? (વખત ગુમાવું)? તેથી બે હાથ જોડીને કહું છું-તે મારી અરજ પ્રીતિથી સાંભળો. પતિનો વિયોગ હું ગોરા ગાત્રવાળી કેમ કરીને સહન કરૂં? અને આયુષની દોરી નથી કે-તે તમારા વિયોગે તાણીને તોડી. વિરહદુઃખથી મુક્ત થાઉ? વળી લાજ છોડીને

આરજે હું કહું છું કે પાસે રહો. છતાં જો એટલી અર્જ મ્હારી મનમાં ધારણ ન કરો તો ભસ્મની ગોળી કરીને મને સાથે ઝોળીમાં લિયો. (૧૫)

अथ एकावलिअलंकार–सवैया.

एक कला हम लागतहे छन, सो छन नाडिकाँसे बढि पांउं;
नाडिकाँसो बनिहे दिनरातहि, सो दिन रातको पक्ष कहाउं.
पक्ष लगे पुनि मास समानहि, मास महाइक वर्ष बहाउं;
यों अधिकातहि काल महानित, क्यों बिन सागर मोहि बिताउं. ॥१६॥

ટીકા—એક કલા તે તો મને ક્ષણ જેટલી લાગે છે, ક્ષણ તે તો મને નાડિકાથી પણ વધારે લાગે છે; નાડિકા તે તો રાત્ર દિવસ જેટલી લાગે છે, અને રાત દિવસ તે તો પક્ષ સમાન થઈ પડી છે! પક્ષ તે તો મહિના બરાબર લાગે છે, અને માસ તે તો એક વર્ષ તરિકે કાઢું છઉં! એમ હમેશાં વખત અતિશય વધતો જાય છે–તેને હે ઇશ્વર! પ્રિય સાગર વિના હું કેમ કરીને વિતાવું? (૧૬)

दोहा.

योंहि उदास निराश व्हे, कही कुसुम के कान;
बिन सागर कैसें रहे, आलि हमारे प्रान. ॥ १७ ॥

ટીકા—એમ ઉદાસ અને નિરાશ થઇને કુસુમાવળીના કાનમાં કહ્યું કે–હે સખી! સાગર વિના મ્હારો પ્રાણ કેમ રહે? અર્થાત્ નહિ રહે–એટલે હું મરીશજ. (૧૭)

कवित्त.

कैसें धरों धीर काम, करतहे पीर तार्को; कौन सुने कासों कहूं, को करे सहायरे. आवे नहि कंत अब, कहावेन कछु कब; यातें अंत आन कौन, अंतक मिलायरे. अबतो असार भये, सारहू सबहि मोकों; भागभो अभाग यातें, लागे तन लायरे. घरना सुहावे भले, भोजन न भावे मुझे; मौत क्यौं न आवे, कहावे हाय हायरे. ॥ १८ ॥

ટીકા—હું કેમ કરી ધીરજ ધરૂં? મને કામદેવ પિડા કરે છે–તેની વાત કોણ સાંભળે, અને કોની આગળ કહુ? તથા મને કોણ સહાય્ય કરે? હવે મ્હારો સ્વામિ (સાગર) આવશે નહિ અને કોઈ વખતે કાંઈ કહેવરાવશે નહીં એથી મોત આણનાર યમરાજને કોણ મેળવશે? (કેમકે જલદી મોત આવે તો વિરહપિડા ભોગવવી મટે.) અને હવે તો આ સંસારમાં જે મને સારૂં લાગતું હતું–તે સર્વે નઠારૂં લાગે છે. વળી મ્હારૂં જે સુભાગ્ય હતું તે અભાગ્ય થઇ ગયું! તેથી મ્હારા શરીરમાં લાય લાગે છે. તથા મને ઘરમાં રહેવું ગમતું નથી તેમ સારૂં ભોજન ભાવતું નથી, માટે મને મોત કેમ આવતું નથી? અને હાય! હાય! કેમ કહેવરાવે છે? (૧૮)

भुजंगी छंद.

सखी सागरं मोहि छोडी सिधाये, अबे तो यहां फेर आये न आये; ग्रही बांह मेरी न साथें लियेरी, गति कर्मकी हायरें हाय मेरी. दिनांही दिनां व्याधि अंगे बढेंगे, अरे कौन वेही व्यथाकों कढेंगें; कहो कौंन उपाय पीछे फिरेरी, गति कर्मकी हायरे हाय मेरी. बिना नाथ कैसें करी अन्न भावे, गये जानपें जान पापी न जावे; बिना कंत क्यों काल मोही बितेरी, गति कर्मकी हायरे हाय मेरी. दुखं दे सुखं सर्व मेरेहि लूंटे, छुटे स्नेहना देहतें प्रान छूटे; पुकारों पतीपें सुने ना अबेरी, गति कर्मकी हायरे हाय मेरी. प्रलै ज्यों भयो आज त्यों घोसमेरे, नही जानिये आयगो कष्टनेरे; जरीं देह न होत क्यों राखं ढेरी, गति कर्मकी हायरे हाय मेरी. मही सर्वमें एक जें जीव मूरी, जुदाइ जाइ येहितें आज भूरी; कहो कौंन आधारतें जी रहेरी; गति कर्मकी हायरे हाय मेरी. लिख्यों भागमें सो अबे कौन टारें, भये अंकके बंकतें कंतन्यारे; अबे चित्तमो धीर कैसें धरेरी, गति कर्मकी हायरे हाय मेरी. अरेरे गये सागरं छेह त्यागी, इते क्यों रही पापनी में अभागी; किये याहिनें सो करे नांहि बैरी, गति कर्मकी हायरे हाय मेरी. धरी कूपमें कोउ ले डोरि काटे, किधो वारधीमें जइ नाव फाटे; भइ आज अैसी दशाही हमेरी, गति कर्मकी हायरे हाय मेरी. अरे मानवी देह देकें विधाता, करी क्यों विछोहं दिलेमो दुखाता; उरें योंहिथी तो जनु क्यों दियेरी, गति कर्मकी हायरे हाय मेरी. चले सागरं पेखि ना प्रान छूटे, अरे संगसें दील क्यों तून तूटे; अबें जीवकें जग्तमें क्यां करेरी, गति कर्मकी हायरे हाय मेरी. किहीं जन्मके पाप पेदा भयेरी, यही जन्ममें आइ पीडा करेरी; अरे मेदनी मोहिकों मार्ग देरी, गति कर्मकी हायरे हाय मेरी. ॥ १९ ॥

ટીકા—હે સખી! સાગર મને છોડીને સિધાવ્યા—હવે તો અત્રે ફરીને આવશે કે નહિયે આવે! એવું છતાંય મ્હારો હાથ ઝાલીને મને સાથે પણ લઈ ગયા નહીં. અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. દિવસે દિવસ અંગમાં રોગ વધશે, અરે! તે પિડાને કોણ કાઢશે? અને તે (સાગર) કહો—કયા ઉપાયથી પાછા ફરે? અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. પતિ વિના અન્ન કેમ કરીને ભાવે! વળિ પતિરૂપી પ્રાણ ગયા—પણ આ પાપી જીવ જતો નથી! વળી સ્વામિ વિના મ્હારો વખત કેમ જાય? અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે.

મને દુઃખ દઈ ગયા અને મ્હારૂં સુખ લૂંટીને લઈ ગયા; મ્હારો સ્નેહ છૂટતો નથી,-તેમ શરીરમાંથી પ્રાણ પણ જતો નથી! અને હું "સ્વામિ! સ્વામિ!" એમ પતિને પોકારૂં છું-પણ તે હવે સાંભળતા તથી. અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. જેવો પ્રલય થયો હોય તેવો મ્હારે આજનો દિવસ છે; અને આવું દુઃખ નજદિક આવશે એમ મનમાં મેં જાણ્યું નહોતું; હવે આ દેહ બળીને રાખનો ઢગલો કેમ થતી નથી? અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. આખી પૃથ્વીમાં મ્હારી એક જે જીવન મૂળી હતી, તેનાથી આજે મ્હારે ઘણીજ જૂદાઈ થઇ? હવે કહો-કોના આધારથી જીવ રહે? અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે..જે ભાગ્યમાં લખ્યું હોય તે હવે કોણ ટાળી શકે? મ્હારા નશીબના વાંકા આંકથી સ્વામિ મ્હારાથી જૂદા થયા; હવે મ્હારૂં ચિત્ત ધીરજ કેમ ધરે? અરે, હાય-હાય! મહારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. અરેરે! સાગર સ્નેહ તજીને ગયા અને હું પાપણી-અભાગિણી અત્રે કેમ રહી? જે એણે (સાગરે) કર્યું-તેવું શત્રુ પણ કરે નહીં. અરે, હાય-હાય! મ્હરા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. કુવામાં ઉતારીને કોઈ વ્રત વાઢે અથવા સમુદ્રમાં જઇને વાહાણ ભાગે-એવી દશા આજે મ્હારી થઈ છે. અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. અરે, મનુષ દેહ આપીને હે બ્રહ્મા! કેમ વિયોગ કરીને દિલમાં દુઃખ દે છે? જો ત્હારા મનમાં એમજ હતું તો જન્મ શા માટે આપ્યો? અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. સાગર ચાલ્યા તે જોઇને મ્હારો પ્રાણ કેમ ન છૂટયો? તેમજ અરે, પથ્થર જેવા દિલ! તું કેમ ન ફાટયું? હવે જગતમાં જીવીને શું કરીશ? અરે, હાય હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. કયા જન્મનાં પાપ પ્રગટ થયાં કે તે આ જન્મમાં આવીને પિડા કરે છે? અરે! પૃથ્વી મને માર્ગ આપ એટલે હું જમીનમાં સમાઈ જાઉં!! અરે, હાય-હાય! મ્હારા કર્મની ગતિ કેહેવી ખરાબ છે. (૧૯)

दोहा.

सागर संन्यासी बनी, विचरे विपुल विदेश;
फिर पीछे भेजे नही, सुख दायक संदेश. ॥ २० ॥

ટીકા—સાગર સંન્યાસી થઇને બહોળા-પ્રદેશમાં ગયા; તે પછી તેમણે ફરીને પાછો સુખદાયક સંદેશો મોકલ્યો નહીં. (૨૦)

सोरठा.

क्यों जाये दिनरात, पल पखसें दीरघ लगे;
कशक काय सरसात, सागरके कागर बिना. ॥ २१ ॥

ટીકા—રાત દિવસ કેમ કરીને જાય! કેમકે એક પલ તે તો પખવાડિયા

જેવી લાંબી લાગે છે. અને સાગરના કાગળ વિના મ્હારી કાયામાં પિડા વધતી જાય છે. (૨૧)

सागरके संदेश, आइ क्यों अब कौन इत;
चैंन परे नहि लेश, सागरके कागर बिना. ॥ २२ ॥

ટીકા—સાગરનો સંદેશો આંહી આવીને કોણ કહે? સાગરના કાગળ વિના મને એક લેશવાર પણ ચેન પડતું નથી. (૨૨)

खांन पान अरु गांन, मन मेरे रुचे नही;
तलफल तनुमें प्रान, सागरके कागर बिना. ॥ २३ ॥

ટીકા—ખાવું, પીવું અને ગાયન મ્હારા મનને ગોઠતું નથી, અને સાગરના કાગળ વિના શરીરમાં પ્રાણ તલફે છે. (૨૩)

छीजे सब्रे शरीर; बडी बिरहकी आगि तें;
क्यों धरियें अब धीर, सागरके कागर बिना. ॥ २४ ॥

ટીકા—મ્હોટી વિરહની અગ્નિથી સર્વે શરીર સૂકાઇ ગયું; સાગરના કાગળ વિના હવે કેમ કરી ધીરજ ધારણ કરૂં? (૨૪)

द्रष्टांतालंकार–सवैया.

ज्यों मधुलेह चहे सरसी रुह, ज्यों मन सूम चहे धनकोंरी;
ज्यों शशि चाह चकोंर करे पुनि, ज्यों भुखवान चहे अनकोंरी.
ज्यों वपु व्याधित वैद चहे पुनि, ज्यों शिखि चाहतहे घनकोंरी;
त्यों हम सागर के सखि कागर, चाहत चित्त विलोकन कोंरी. ॥२५॥

ટીકા—જેમ ભમરો કમળને ચ્હાય, જેમ લોભી મનમાં ધનને ચ્હાય, ચકોર પક્ષી જેમ ચંદ્રમાની ચાહના કરે, ભુખ્યો માણસ ભોજનને જેમ તલખે, શરીરે રોગિયો વૈદ્યની જેમ વાંચ્છના કરે, તથા જેમ મોર વર્ષાદને વલખે છે-તેજ પ્રમાણે હું અભાગણી સાગરનો કાગળ જોવાને હે સખી! ચિત્તમાં ચ્હાઉં છું. (૨૫)

सवैया.

सागरके बिछुरे बपुकों दुःख, राशिने आइ धिरे चहु पासी;
मारत मैंन छिनोछिन साधिकें, गर्व धरी हम गातमें गांसी.
निंद न नेन परे नहि चैंनहि, और बढे उरमेंहि उदासी;
याहितें आज चहो चितमें सखि, प्रान तजूं धरिकें गल फांसी. ॥२६॥

ટીકા—સાગર જૂદા પડવાથી શરીરને ચારે તરફથી આવીને દુઃખના સમૂહે ઘેરી લીધું છે; અને કામદેવ ગર્વ ધરીને મ્હારા શરીરમાં ક્ષણે ક્ષણે તાકીને તીરનાં ફળ મારે છે! બીજી તરફ આંખે નિદ્રા બિલકુલ આવતી નથી, તેમજ

ચેન પણ પડતું નથી; અને વળિ મનમાં ઉદાસી વધે છે–એથી હે પ્રિય સખી! આજ મનમાં ચ્હાઉં છું કે ગળામાં ફાંસી નાખી પ્રાણ તજું! (૨૬)

साधुकों बेश धरी बपुमें सखि, सागर ढुंढन होहि प्रवासी;
गोकुल गंग गया फिरकें मिल, साथ रहूं बनिके उनदासी.
ढुंढत देश विदेश विशालहि, जोन मिले मुख हीय हुलासी;
तो ततकालहि प्रान तजूं हम, काय करांत धरा जहि काशी. ॥२७॥

ટીકા—શરીરમાં સાધુનો વેશ ધારણ કરીને હે સખી! સાગરને ગોતવા–પ્રવાસી થઇને ગોકુલ, ગંગા, વિગેરે સ્થળે ફરીને તેમને મળી એમની દાસી થઈ તેમની સાથે રહીશ. તેમછતાં વિશાળ પ્રદેશમાં ગોતતાં જો મ્હારા હૃદયનું હુલાસી નહિ મળે તો કાશીએ જઇને મ્હારી કાયામાં કરવત મૂકાવીને તેજ વખતે હું મ્હારા પ્રાણ તજીશ. (૨૭)

स्मरनालंकार–सवैया.

ओपत आधहि चंदसें भालरू, नेन नलीन समान सुहावे;
मंद हसी मुख वात करेवह, मिष्ट मधुहितें स्वाद बढावे.
छाति विशाल बडे कर कोमल, सिंधुरसें चलि चित्त चुरावे;
सागरसो फिर आइ मिले कब, बाह धरी गल पास बिठावे. ॥ २८ ॥

ટીકા—જેનું અર્ધ ચંદ્રમા જેવું કપાળ શોભે છે, કમળ જેવી આંખ્યો શોભે છે, અને મુખથી મંદ હશીને વાત કરે તે–મધથી પણ વધારે મધુર સ્વાદ વધારે છે. અને જેની છાતી વિશાળ છે, તેમ લાંબા અને કોમળ હાથ છે, જે હાથીની પેઠે ચાલીને ચિત્તને ચોરે છે–તે સાગર ફરીને ક્યારે અહિંયાં આવીને–ગળામાં હાથ નાખી પાસે બેસારશે? (૨૮)

द्रष्टांतालंकार–सवैया.

ज्यों विन पात न पडे सुहातरू, ज्यों बिन कंज तडाग न राजे;
ज्यों विन मान मराल न भातरू, ज्यों बिन बाज नवीक विराजे.
ज्यों विन नीर नदी नहि शोहत, ज्यों बिन रातहि भेश न भ्राजे;
ज्यों विन सागर आज अलीहम, कोमल काय कमाल न राजे. ॥२९॥

ટીકા—જેમ પાતરાં વિના વૃક્ષ શોભે નહીં, જેમ કમળ વિના તળાવ શોભે નહીં, જેમ માનસરોવર વિના હંસ શોભે નહીં, જેમ પાંખ વિના પક્ષી શોભે નહીં, જેમ પાણી વિના નદી શોભે નહીં, જેમ રાત વિના ચંદ્ર શોભે નહીં–તેમ હે સખી! સાગર વિના આજ મારી કોમળ કાયા પૂરી શોભતી નથી. (૨૯)

द्रष्टांतालंकार–कवित्त.

कूप बिन कच्छ जैसें, वारिबिन मच्छ जैसें; गाय बिन वच्छ जैसें, बिलखे स्वतनहे. लोभि जिमि धन बिन, भूखे जिमि अन्न बिन; चातक ज्यों धन बिन, बिलपे बदनहे. कामिनी ज्यों कंत बिन, कोकिला बसंत बिन; साधुजन संत बिन, मुरझात मनहे. धोस बिन कोक जैसें, कायं कलपंत मंहा; तैसें तलफत मेरे, सागर बिन तनहे. ॥ ३० ॥

ટીકા—કૂવા વિના જેમ કાચબો, પાણી વિના જેમ માછલું, ગાય વિના જેમ વાછડું પોતાને શરીરે વિલખે છે. લોભી જેમ ધન વિના, ભૂખ્યો જેમ અન્ન વિના, બપૈયો જેમ વર્ષાદ વિના શરીરમાં વિલાપ કરે છે. સ્ત્રી જેમ ધણી વિના, કોયલ જેમ વસંત વિના, સાધુ જેમ સંત પુરૂષ વિના મનમાં મુંઝાય છે. દિવસ વિના જેમ ચકવો પક્ષી કાયામાં ઘણું કલ્પાંત કરે છે-તેમ સાગર વિના મ્હારૂં શરીર તલફે છે. (૩૦)

विषादालंकार-सवैया.

आयं संदश न सागर के अब, काम इतो अलि मोकरियो;
जो हम प्रान गये पिछें कागर, आयतों मो मुखपें धरियो.
जानत आदि इतो दुखतो जग, डौंडि बजावतमें फिरियों;
कोउ न काहुसें प्रीति करो कभि, होय तो नांहि जुदे परियो. ॥ ३१ ॥

ટીકા—સાગરનો સંદેશો હજી આવ્યો નહીં (અને હું મરવાની તૈયારીમાં છું) તેથી હે સખી! મ્હારૂં આટલું કામ કરજે કે-જો મ્હારા પ્રાણ ગયા પછી મ્હારા પ્રિયતમનો કાગળ આવે તો તે મ્હારા મુખમાં મેલજે. જો આટલું દુઃખ છે એમ મેં પ્રથમ જાણ્યું હોત તો જગત્માં ફરીને એમ પડો વગડાવત કે-કોઈ ક્યારેય કોઇથી પ્રીત કરશો નહિ; અને કદાચિત થાય તો કોઇવાર જૂદા પડશો નહીં. (૩૧)

मिथ्याध्यवसितिअलंकार-सवैया.

रनमें लरनो गिरितें गिरनो, असिधारपें शैन सदा करनो;
नभमें फिरनो अनलें जरनो, पुनि पाय पंनंग शिरें धरनो.
दधिकों तिरनो विषतें मरनो, पुनि काय करौंत धरी मरनो;
सहलो सब यें पर एक बुरो, पतिसें इक छीन जुदो परनो. ॥ ३२ ॥

ટીકા—લડાઈમાં લડવું, પર્વતથી પડવું; તરવારની ધારપર સદાય સૂવું, આકાશમાં ફરવું, અગ્નિમાં બળવું, સર્પના માથાપર પગ મૂકવો, સમુદ્રને તરવો, વિષથી મરવું, તેમજ કાયામાં કરવત મૂકાવી મરવું એ સર્વે સહેલાં છે-પણ પતિથી એક ક્ષણ વારે જૂદું પડવું તે એક ભયંકર ખરાબ છે. (૩૨)

दोहा.

ऐसें अति कलपांत करि, बिसुर बिसुर बिलपंत;
सागर बिन सुकुमारिका, उरमें चाहत अंत. ॥ ३३ ॥

ટીકા—એવી રીતે અતિશય કલ્પાંત કરીને બહુકાં (ધ્રુસકાં) ભરી ભરીને રૂવે છે અને સાગર વિના તે સુકોમળ કુમારિકા મનમાં મરવાને ચ્હાય છે. (૩૩)

गाहा.

सागर मित्र विछोहं, किय विलाप प्रवीन दुखदायं;
त्रय सप्तति अभिधानं, पूर्न प्रबिन सागरो लहरं. ॥ ३४ ॥

ટીકા—રસસાગર મિત્રના વિયોગથી કળાપ્રવીણે દુ:ખદાયક વિલાપ કર્યો-તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની આ તોતેરમી લહર સંપૂર્ણ થઇ. (૩૪)

इतिश्रीप्रबीनसागरग्रंथेप्रबीनविरहविलापबर्ननोनाम त्रीसप्ततितमीलहरि-समाप्त. ॥ ७३ ॥

लेहेर ७४ मी.

अथ प्रबीनप्रतिकुसुमावलिशिक्षाकथन प्रसंगोयथा—दोहा.

पेखि प्रलाप प्रबीनको, अति उरमें अकुलाय;
कुसुमावलि कहने लगी, शिक्षा सुभग तहांय. ॥ १ ॥

ટીકા—કળાપ્રવીણનો પ્રલાપ (વિરહાતુરથી બકવાદ) જોઇને મનમાં અતિશય અકળાઇને કુસુમાવળી ત્હાં પ્રવીણને સારી શીખામણ દેવા લાગી. (૧)

अथ कुसुमोक्तशिक्षाकथनयथा—छंद भुंजंगी.

सुनो आज आली कछू बात मेरी, दशा देहकी क्यों भइ योंहि तेरी; भले भाग्यतें तूं भइ भूप बेटी, करे सेव केती रही पास चेटी. लही आरसी एक आगें अडीहे, इकं ढारती चौंर सामे खडीहे; लही बाहु बेना इकं पौन डारें, क्षमाही क्षमा एक आगें उचारे. भले भावते भोजनं पात नीते, पिता मात चाहे धरी प्रेम चित्ते; नये नीत नीके मिले मिष्ट मेवा, सदा चारु सोहावने सौंध रहेवा. अभिराम आराम आराम काजें, बडे बाहनं बैठनेकों बिराजे; अलंकार आच्छाद इच्छानुसारें, तनू धारि बेकों रहे पास भारे. कमी नाहि को बातकी आज तेरे, सबे संपती यों रही तोहि नेरे; नही फीर तो पिंड मांही दिखावे, तथापी दुखी देहमें क्यों रहावे. ॥ २ ॥

ટીકા—હે સખી! આજે કાંઈક મ્હારી વાત સાંભળ. આ ત્હારા શરીરની હાલત આવી કેમ થઈ છે? સારા નશીબથી તું મ્હોટા રાજાની કુંવરી થઈ છે અને ત્હારી પાસે રહીને કેટલીક દાસીઓ ત્હારી સેવા કરે છે. એક તો દર્પણ લઈને આગળ ઉભી છે અને એક સામે ઉભી ઉભી ચમર ઢાળે છે; વળી એક હાથમાં વીંજણો લઇને પવન નાંખે છે, અને એક આગળ ઉભી રહીને ક્ષમા ક્ષમા બોલે છે; વળિ મનોહર મનગમતાં ભોજનં હમેશાં જમવાને મળે છે; તથા મા બાપ પણ પ્રેમ ધરીને ચિત્તથી ચ્હાય છે; તેમજ હમેશાં સુંદર નવનવાં મીઠા મેવા મળે છે અને કાયમ સુંદર અને સુશોભિત રહેવા માટે મેહેલ છે. તથા વિશ્રામ લેવા માટે મનોહર ફુલવાડી છે વળી બેસવાને માટે મ્હોટા મ્હોટાં વાહનો શોભે છે. તેમજ ઈચ્છા પ્રમાણે શરીરમાં પેહેરવાને માટે ભારે ભારે વસ્ત્રો તથા ભૂષણો ત્હારી પાસે રહે છે. એ પ્રકારે આજ ત્હારે કોઈ વાતની કમી નથી—અર્થાત્ સર્વે સંપતિ ત્હારી પાસે રહેલી છે. તેમ ત્હારા શરીરમાં કોઈ જાતની પિડા ગણ દેખાતી નથી—તોપણ તું દેહમાં દુઃખી કેમ છે. (૨)

दोहा.

दुखियारी बनि देहमें, व्याकुल व्हे पुनि आजं;
रोवत रातो दिवस हो, कहो सखी किन् काज. ॥ ३ ॥

ટીકા—દેહમાં દુખી બની વળી આજે વ્યાકુળ થઈને રાત દિવસ રોવે છે—તે હે સખી! શા માટે? તે કહે. (૩)

पायाकुलक छंद. *

क्यों कलपांत करे दिन रेना, क्यों झारत अँसुवां निजनेनां; क्यों नहि खात रु पीवत पानी, क्यों उचरत मुख आंरत बानी. क्यों निंद रात न छिन पल आधा, क्यों बिन काज बढावत बाधा; क्यों दुबरात दिनोदिन अंगे, क्यों नहि बात करत हम संगे. क्यों मुरझाइ रहे मन मांही, क्यों उर आप उठे अकुलाही; क्यों आनन अति भरत उसासा, क्यों बैठी ताजि त्रिविध विलासा. क्यों उरमें अति बनी उदासी, क्यों नहि सेज चहे सुख राशी; क्यों सखि चेरि समीप न हेरै, क्यों दुख आइ परे तुम नेरे. जो दुख देह विरह को मानें, तो हम सत्य कभी नहि जाने; मन कल्पित वह कष्ट कहावे, सत्य न सज्जन वाकोँ गिनावे; जो मनकों मतिसें समुझावे, तो वह दूर देह

* પાદાંકુલક છંદ. એ ચારનાકુળ છંદનો બીજો પર્યાય છે, જે માટે તેને ચારનાકુળ છંદ જાણવો. અને વળિ ચારનાકુળ, ચોપાઈ જેકરી, અને અલક, એ ચારે એકજ છંદ છે—તેમાં જરાતરા ફેરફાર છે, તે સર્વેને ચોપાઈ છંદ પણ કેટલાક કહે છે.

तें जावे. ऐसें दुख दुनियामें जे ते, मिथ्या मनमें मानो ते ते. ॥ ४ ॥

ટીકા—રાત દિવસ કેમ કલપાંત કરછ? અને હ્હારી આંખ્યોમાંથી આંસુ કેમ ઝરાવે છે? ખાતી કેમ નથી તેમ પાણી પણ પીતી કેમ નથી? અને મ્હોડેથી દુખિત વાણી કેમ બોલછ? એક ક્ષણ કે અડધો પળ પણ કેમ ઉંઘતી નથી, અને વગર કારણે કેમ પિડા વધારછ? અને પ્રતિ દિવસે શરીરે દુબળી કેમ થતી જાય છે? તથા અમારી સાથે વાત કેમ કરતી નથી? મનમાં મુઝાઇને કેમ રહે છે? વળિ ઉરમાં અકળાઈ અકળાઇને તું કેમ ઉઠછ? મુખેથી અતિશય ઉસાસા નિસાસા કેમ ભરે છે? અને અનેક પ્રકારના ભોગ વિલાસ તજીને કેમ બેઠી છે? તથા ઘણીક ઉદાસી બની રહી છે? અને સુખના સમૂહ જેવી સજ્યાને કેમ મ્હાતી નથી? તેમ હે સખી! દાસીઓ સામુ પણ કેમ જોતી નથી? શું એવડું બધું દુખ હ્હારી પાસે આવી પડયું છે! જો તું દેહમાં વિરહનું દુઃખ માનતી હોય તો હું તેને સાચું દુઃખ કોઈ દિવસે માનતી નથી,-કેમકે તે તો મનની કલ્પનાનું દુઃખ છે. તેને સુજ્ઞ પુરૂષો સાચું ગણતા નથી, કારણ કે જો મનને બુદ્ધિથી સમઝાવે તો તે દુઃખ દેહથી દૂર જાય છે. માટે એવાં દુઃખ દુનિયામાં જેટલાં છે, તે તમામને મનમાં ખોટા જાણો. (૪)

दोहा.

सुख दुख झूठे जगतमें, आत जात अधिकाहि;
तामें तनक न मानियें, शोक हर्ष मनमांहि. ॥ ५ ॥

ટીકા—સુખ અને દુઃખ જગત્માં જુઠાં છે, તે વધીને આવે છે અને જાય છે, તેનો મનમાં જરાએ પણ હર્ષ-શોક માનીએ નહીં. (૫)

अथ दुखकेदोभेदकथन—दोहा.

दुनियामें दरसातहे, तनमनके दुख दोय;
वाही वरनी कहतहों, सुनो चित्त दे सोय. ॥ ६ ॥

ટીકા—શરીરનું દુઃખ અને મનનું દુઃખ એમ બે પ્રકારનાં દુઃખ દુનિયામાં દેખાય છે, તે વરણવીને હવે કહું છું-માટે ચિત્ત દઈને સાંભળ. (૬)

हैदुखलक्षनयथा—दोहा.

कष्ट होत जे कायमें, विबुध वदतसो व्याधि;
मन भ्रमसें दुखी दिलधरे, उचरत थाकों आधि. ॥ ७ ॥

ટીકા—જે કાયામાં કષ્ટ થાય તેને વિદ્વાનો વ્યાધિ કહે છે, અને જે મનના ભ્રમથી દિલમાં દુઃખ ધારણ કરે છે-એને આધિ કહે છે. (૭)

अथ तनदुखव्याधिबनर्नयथा—तोटक छंद.

गलगंड अखंड भये जिनकों, दुख दारुन देह रहे तिनकों; जिनके तनमें अति ताप चढे, तिनके वपुमें बढ व्याधि बढे. क्षयरोग बने वपुमें जिनकों,

तनुता तनुआइ रहे तिनकों; जिनके तनुमें अति शोफ चढे, तिनके वपुमें बड ब्याधि बढे. अति सार अपार भये जिनकों, अति आमिल अंग रहे तिनकों; जिनके मुखतें नहि जाय पढे, तिनके वपुमें बड ब्याधि बढे. जिनके पदही पीलपाव भये, तिनके तनमें अति कष्ट ठये; जिनके तनुमें व्रन व्यापि कढे, तिनके वपुमें बड ब्याधि बढे. दुरनाम देह भये जिनकों, कहियें नहि कष्ट कमी तिनकों; जिनकों धरि धूपन देह द्रढे, तिनके वपुमें बड ब्याधि बढे. जिनके तन तोमरसेंहि हने, तिनकों दुख देहमें होत घने; जिनकों विशेफोट वपु उमढे, तिनके वपुमें बड ब्याधि बढे. जिनकों द्रुण डंक करें जबही; तिनकों दुख देह वहे तवही; जिनके तनकों गजखाल मढे, तिनके वपुमें बड ब्याधि बढे. इन आधिक कष्ट कहाय धने, तिनमेंसें कुछाय ननोहितने; तद्पी तुम क्यों दुख देह धरे, लखिकें वहही मन मोहि जरे. ॥ ८॥

ટીકા—જેને કાયામાં કંઠમાલ (ગળામાં ગુંમડાંનો) રોગ થયો હોય-તેની દેહમાં ભયંકર દુઃખ રહે. જેના શરીરમાં અતિશય તાવ ચઢતો હોય-તેના શરીરમાં મ્હોટી વ્યાધિ થાય. જેના શરીરમાં ક્ષય રોગ પ્રગટયો હોય-તેના શરીરમાં કૃશતા આવીને રહે; જેના શરીરમાં અતિશય સોજા ચડે-તેને શરીરમાં મ્હોટી વ્યાધિ થાય; જેને અતિઘણો અતિસાર નામનો રોગ થયો હોય-તેના શરીરમાં અતિશય પિડા રહે. જેને મુખથી બોલાય નહિ-તેને શરીરમાં મ્હોટી વ્યાધિ થાય. જેને પગે રાફી થઈ હોય-તેના શરીરમાં અતિ કષ્ટ થાય. જેના શરીરમાં ચાંદાં પડયાં હોય-તેના શરીરમાં મ્હોટી વ્યાધિ હોય. જેના શરીરમાં હરસ રોગ થયો હોય-તેનું દુઃખ ઓછું ગણાય નહીં. જેને તડકે ઉભો રાખી દેહને તપાવે-તેના શરીરમાં મ્હોટી વ્યાધિ થાય. જેને શરીરમાં ગુરજ જેવાં હથિયાર મારે-તેના શરીરમાં દુઃખ ઘણું થાય. જેના શરીરમાં વિસ્ફોટક રોગ થયો હોય-તેના શરીરમાં મ્હોટી વ્યાધિ થાય. જેને વિંછી જ્યારે કરડે-ત્હારે તેને દેહમાં તેજ વખતે દુઃખ થાય. જેના શરીરને હાથીના ચામડાથી મઢિ લિયે-તો તેને શરીરમાં મ્હોટી વ્યાધિ થાય. એ આદિક અનેક કષ્ટ કહેવાય છે તેમાંથી એકે ત્હારા શરીરમાં જણાતું નથી-તોપણ તું કેમ દેહમાં દુઃખ ધરછ? જે જોઇને મ્હારૂં મન બળે છે. (૮)

दोहा.

जाने जियमें शोचिकें, व्याधी वपुतो नांहि;
मृषा भये मनतें महा, आधी अति उरमांहि. ॥ ९ ॥

ટીકા—જીવમાં વિચાર કરીને જાણ્યું કે-તહારા શરીરમાં વ્યાધિ નથી પણ મનથકી મનમાં મિથ્યા આધિ ઉત્પન્ન થઈ છે. (૯)

वांछित वस्तुहि मिलनकों, करे कल्पना कोय;
जो नं मिले तव दुख धरे, मिथ्या मनमें सोय. ॥ १० ॥

ટીકા—મનમાં ધારેલી વસ્તુ મળવાને માટે કોઈ કલ્પના કરે અને તે જો ન મળે તો-મનમાં મિથ્યા દુઃખ કહેવાય. (૧૦)

मिथ्या दुख मन मांनिकें, पाय पीरजन जेह;
वां वरनी कछु कहतहों, सुनो चित्त दे यह. ॥ ११ ॥

ટીકા—મિથ્યા દુઃખ મનમાં માનીને જે મનુષ્ય પિડા પામે તે વર્ણવીને કહું છું-જેને ચિત્ત દઇને સાંભળો. (૧૧)

अथ मनदुखआधिबर्ननयथा—तोटक छंद.

मनकोउ चहे धन धान्य अती, वह पाय नही जब एक रती; तब आप उदास बनी तनमें, दुख दारुन पामतहे मनमें. पुनि कोउ चहे नृप राजनकों, पुनि कोउ चहे शुभ भाजनकों; पुनि कोउ विभूषन वस्त्र चहे, जब नांहि मिले तब कष्ट लहे. पुनि कोउ चहे तिय सुंदरकों, पुनि कोउ चहे मनि मंदिरकों; पुनि कोउ सुता सुत चित्त चहे, जब नांहि मिले तब कष्ट लहे. पुनि कोउ चहे हय हाथिनकों, पुनि कोउ चहे निज साथिनकों; पुनि कोउ सदा तिय संग चहे, जब नांहि मिले तब कष्ट लहे. पुनि कोउ चहे नृत्यगीतनकों, पुनि कोउ चहे जग जीतनकों; पुनि कोउ सदा सनमांन चहे, जब नांहि मिले तब कष्ट लहे. इन आदि अनेकहि कष्ट जिते, मन कल्पित कूर कहाय तिते; उनपें रति कोउ धरावतहे, दुख दारुन सो दिल पावतहे. इन काज कहों कछु तेरे लिये, शिख मान सखी तुम मेरि हिये; मन तेंहि मृषा दुख दूर करी, सुख मांहि रहे नित धीर धरी. ॥ १२ ॥

ટીકા—કોઈ મનમાં ધન અને ધાન્યની અતિશય ચાહના કરે, છતાં તે જ્હારે એક રતિભારે પામે નહિ-ત્હારે પોતાના શરીરમાં ઉદાસ થઇને મનમાં દારૂણ દુઃખ પામે છે. વળિ કોઈ રાજાના રાજ્યની ચાહના કરે છે, વળિ કોઈ સારાં વાસણની ચાહના કરે છે, વળિ કોઈ ઘરેણાં અને વસ્ત્રની ચાહના કરે છે-પણ તે જ્હારે મળતાં નથી ત્હારે કષ્ટ પામે છે. વળિ કોઈ દીકરી અને કોઈ દીકરાની ચિત્તમાં ચાહના કરે છે, પણ તે જ્હારે મળતાં નથી ત્હારે કષ્ટ પામે છે. તેમજ કોઈ ઘોડા અને હાથીની ચાહના કરે છે, વળિ કોઈ પોતાના સોબતીની ચાહના કરે છે, તેમ કોઈ હમેશાં પોતાની સ્ત્રીની સાથે રહેવાની ચાહના કરે,-પણ તે જ્હારે મળે નહિ-ત્હારે કષ્ટ પામે છે. વળિ કોઈ નાચ અને ગીતની ચાહના કરે છે; વળિ કોઈ આખા જગતને જીતવાની ચા-

હુના કરે, વળિ કોઈ હમેશાં સનમાન પામવાની ચાહના કરે-પણ તે જહારે મળે નહિ ત્હારે કષ્ટ પામે છે. એ આદી લઇને અનેક જેટલાં કષ્ટ કહેવાય છે તેટલાં સર્વે મનુકલ્પિત અને ખોટાં કહેવાય છે, તેનીપર જે કોઈ પ્રેમ ધારણ કરે છે તે ભયંકર દુઃખને દિલમાં પામે છે; એ માટે ત્હારે લીધે કાંઈ કહું છું તે હે સખી! તું મ્હારી શિખામણ હૃદયમાં માન, મનથકી ખોટું દુઃખ દૂર કર, અને ધીરજ ધરીને હમેશાં સુખમાં રહે. (૧૨)

द्रष्टांतालंकार–दोहा.

धीर धरी मनमें सदा, सहन करो सब गात;
सुख दुख आवत जातहे, ज्यों आवत दिन रात. ॥ १३ ॥

ટીકા—જેમ રાત અને દિવસ આવે જાય છે, તેમ સુખ દુઃખ પણ આવે જાય છે; માટે તેને મનમાં હમેશાં ધીરજ ધરીને સર્વે શરીરમાં સહન કરો.(૧૩)

दोहा.

ज्यों राखे रघुनाथजी, त्यों रहियें दिन रात;
दुख आवे जब देह तब, सहियें सबही गात. ॥ १४ ॥

ટીકા—જેમ પરમેશ્વર રાખે તેમ રાત દિવસ રહિયે અને જહારે દુઃખ દેહમાં આવી પડે-ત્હારે તેને સર્વે શરીરમાં સહન કરિયે. (૧૪)

पादाकुलक छंद.

को दिन पायस पूरन पायें, को दिन कायें तृषित रहायें; को दिन अन जलतें दुख सहियें, जो बिधराम रखे त्यों रहियें. कोदिन दान दीनकों दीजें, कोदिन भिक्षा मागी जीजें; कोदिन शोक हर्षमें बहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन पैसा पूरन पायें, कोदिन गांठिके सर्व गुमायें; कोदिन कर्ज करी द्रव्य लहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन वाहन स्यंदन छाजे, कोदिन शिविका चारु बिराजे; कोदिन पंथे प्यादा जहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन कोमल सेज सुहावे, कोदिन भूमि पथारि रहावे; कोदिन नेक न निंद्रा लहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन स्यामा संगे रहियें, कोदिन विरहें वपुकों दहियें; कोदिन मिलने चित्त उमहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन मान महीपति देवे; कोदिन लूंटी सो गृह लेवे; कोदिन तौ न उदासी लहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन काय अनामय राजे, कोदिन आमय युक्त बिराजे; कोदिन वाके क्लेश न कहियें, जो विधराम रखे त्यों रहियें. कोदिन ब्याहें बढे उमंगा, कोदिन दुखमें डूबत अंगा; जोइ बने सो चित्तमें सहियें, जो बिधराम रखे

त्यौं रहियें. कोदिन सेवक रखिये घरमें, कोदिन रहियें अपने परमे; कोदिन आप उदासिन लहियें, जो विधराम रखे त्यौं रहियें. ॥ १५ ॥

ટીકા—કોઈ દિવસ પૂર્ણ દૂધપાક જમીએ અને કોઈ દિવસ અંગે તૃષાતુર રહિયે, કોઈ દિવસ અન્નથી અને જળથી દુઃખ પામિયે, માટે જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ ગરીબોને દાન આપિયે, અને કોઈ દિવસ આપણે ભિક્ષા માગીને જીવિયે; કોઈ દિવસ શોકમાં અને કોઈ દિવસ હર્ષમાં ચાલિયે, માટે જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ વ્યાપારમાં પૂર્ણ પૈસા મેળવિયે અને કોઈ દિવસ ગાંઠના પૈસા પણ ગુમાવિયે; કોઈ દિવસ માથે દેવું કરીને પૈસા લઇયે, માટે જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ રથનું વાહન હોય અને કોઈ દિવસે મનોહર પાલખીએ મળે, તેમજ કોઈ દિવસ રસ્તામાં પાળા તરિકે પણ ચાલ્યા જૈયે, માટે જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ સૂવાને કોમળ સય્યા હોય, અને કોઈ દિવસ ભૂમિ ઉપરે સૂવું પડે, તેમજ કોઈ દિવસ જરા નિદ્રા પણ પામિયે નહિ, માટે જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ નવયૌવના સ્ત્રી સાથે રહિયે, અને કોઈ દિવસ વિરહે શરીરને બાળિયે, તેમ કોઈ દિવસ પાછા વળી મળવાને ચિતમાં ઉમંગ ધરિયે, માટે જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ રાજા માન આપે અને કોઈ દિવસ તેજ રાજા ઘર લુંટી લિયે—તોપણ કોઈ દિવસ ઉદાસી લઇયે નહિ અને જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ શરીર નિરોગી શોભતું હોય અને કોઈ દિવસ રોગયુક્ત પણ હોય—છતાં તેનો કોઈ દિવસ કલેશ કોઇને કહિયે નહિ, અને જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ વિવાહમાં ઉમંગ વધે અને કોઈ દિવસ દુઃખમાં દેહ ડૂબી જાય; માટે જે બને તે મનમાં સહન કરિયે, અને જે રીતે રામ રાખે તે રીતે રહિયે. કોઈ દિવસ આપણે ઘરમાં ચાકર રાખિયે અને કોઈ દિવસ આપણે બીજાના નોકર રહિયે, પણ કોઈ દિવસ આપણે ઉદાસી લઇયે નહિ, અને જે રીતે રામ રાખે તે રીતે રહિયે. (૧૫)

दोहा.

ऐसें करि उपदेश अति, उत्सुक वे उर आज;
कुसुमावलि कहने लगी, प्रेम परिक्षा काज. ॥ १६ ॥

ટીકા—એમ અતિશય ઉપદેશ કરીને તથા ઉરમાં આજ આતુર બનીને કળાપ્રવીણના પ્રેમની પરિક્ષા કરવા માટે કુસુમાવળી કેહેવા લાગી. (૧૬)

सागरके सुखं क्षणि कहे, सुपनावत सोभाय;
तातें भज भगवानकों, साथें रहे सदाय. ॥ १७ ॥

ટીકા—સાગરનું સુખ ક્ષણિક છે અને તે સ્વપ્ના જેવું દેખાય છે, તેથી ભગવાનને ભજ કે જે હમેશાં સાથે રહે છે. (૧૭)

दृष्टांतालंकार—सवैया.

ज्यों किसिकों निशि स्वप्न भयो अति, संपति पाइ भयो बडभागी;
भौर भये उदि जोवत त्यों नहि, काहु लखे निज पास अभागी.
त्यों क्षण भंगुर देह धरी अब, रोवत सागर छोहमें पांगी;
पैं चिर कालहिके सुख दायक, ब्रह्महिमें न बने अनुरागी. ॥ १८ ॥

ટીકા—જેમ કોઈ એક અભાગિયાને રાતમાં સ્વપ્ન થયું અને તેમાં તે અતિશય સંપતિ પામીને મ્હોટો ભાગ્યશાળી થયો—પણ જહારે સવાર થયું ને જાગીને જુવે છે-તો ત્હાં પાસે (સ્વપ્નમાંહેનું) કાંઈ દીઠું નહી અને જેવો હતો તેવોને તેવો અભાગિયો રહ્યો! તેમ આ ક્ષણભંગુર દેહ ધારણ કરીને હાલ તું સાગરના પ્રેમમાં નિમગ્ન થઇ રહે છે, પણ હમેશાંના સુખદાયક પરબ્રહ્મમાં કેમ પ્રીતિવાળી થતી નથી? કારણ કે સાગરનો પ્રેમ અભાગીના સ્વપ્ના જેવો છે અને ઇશ્વરનો પ્રેમ તે જાગૃત અવસ્થા જેવો કાયમનો છે. (૧૮)

दोहा.

असत्य अनित्य जग जालमें, मनमें पाई मोह;
रोवत रातो दिवस क्यों, सागरपें धरि छोह. ॥ १९ ॥

ટીકા—ખોટા અને નાશવાન જગત્‌ની જાળમાં મનને વિશે મોહ પામીને સાગરપર પ્રેમ ધરી રાત્ દિવસ રડે છે શા માટે? (૧૯)

कवित्त.

झूठे मात तात अरु, भगिनी जमात पुनि; झूठे बाल बामा अरु, नेह नरनारीके. झूठेदास दासी अरु, हियके हुलासी मित्त; झूठे सुखराशी बास, उज्वल अटारीके. झूठे धनमाल अरु, वशन विशाल पुनि; झूठे गजराज बाज, सुभगही स्वारी के. ऐसें जग झूठें मोह, पाइकें प्रबीन कैसें; ब्रह्म कौंन भंजे तुम, सत्य चित धारीके. ॥ २० ॥

ટીકા—મા, બાપ, બેન અને જમાઈ એ સર્વે જૂઠા એટલે અનિત્ય-અથવા નાશવાન છે, વળિ છોકરાં, બાઇડી અને સ્ત્રી પુરૂષનો પ્રેમ—એ પણ જૂઠા એટલે અનિત્ય છે; તેમજ દાસ, દાસી તથા હૃદયને હુલાસ કરનાર મિત્ર પણ જૂઠા એટલે અનિત્ય છે; મેં સુખના સમૂહ જેવી ઉજવલ મેડીનો નિવાસ પણ જૂઠો એટલે અનિત્ય છે, તથા ધન, માલ અને વિશાળ વસ્ત્રો પણ જૂઠાં એટલે અનિત્ય અથવા નાશવાન છે; ને વળિ સ્વારીના મ્હોટા હાથી અને ઘોડા પણ જૂઠા એટલે અનિત્ય છે; માટે એવા જૂઠા જગત્‌માં મોહ પામીને હે પ્રવીણ! તું કેમ સત્ય એવા પરબ્રહ્મને ચિત્તમાં ધારણ કરીને ભજતી નથી. (૨૦)

झूठे राज काज अरु, सुखके समाज पुनि; झूठे छत्र चामर रु, आसन अंबा-

रिंके. झूठे कामदार जुके, आछे अधिकार पुनि; झूठे सेनापति आदि, हूकम हजारीके. झूठे पतिहार अरु, कंचन अगार पुनि; झूठे परिवार अरु, हेत हितकारीके. अैसे जग झूठे मोह, पाइकें प्रवीन कैसें; ब्रंह्मकों न भजे तुम, सत्य चित्त धारीकें. ॥ २१ ॥

ટીકા—રાજ્ય, કાર્ય અને સુખના સમૂહ પણ ઝૂઠા એટલે અનિત્ય છે; વળિ રાજાનાં છત્ર, ચામર, અને હાથીપરની અંબાડીની બેઠક પણ ઝૂઠી એટલે અનિત્ય છે; અને કામદારના મનોહર અધિકાર પણ વળિ ઝૂઠા એટલે અનિત્ય છે; અને સેનાપતિ આદિક હજારી (એક હજાર માણસનો ઉપરી)ના હુકમ પણ ઝૂઠા એટલે અનિત્ય છે; દરવાજે રહેલા દરવાન અને સોનામય બનાવેલ ઘર પણ ઝૂઠાં એટલે અનિત્ય છે; અને પરિવાર તથા હિત કરનારનું હેત પણ ઝૂઠું એટલે અનિત્ય છે; માટે એવા ઝૂઠા જગત્માં મોહ પામીને હે પ્રવીણ! તું કેમ સત્ય એવા પરબ્રહ્મને ચિત્તમાં ધારણ કરીને ભજતી નથી. (૨૧)

झूठे मनि माला अरु, दुगने दुशाला पुनि; झूठे वृद्ध बालावय, देखो देह धारीके. झूठेही रसन चहे, अशनके स्वाद पुनि; झूठेही शयन वपु, कशब किनारीके. झुठेही रसन दिन, मयनकी मौज पुनि; झुठेही शयन सुख सेज सुकुमारीके. अैसें जग झूठे मोह, पाइके प्रवीन कैसे; ब्रंह्मकों न भजे तुम, सत्य चित्त धारीकें. ॥ २२ ॥

ટીકા—મણિની માળા અને બેવડા દુશાલા પણ ઝૂઠા એટલે અનિત્ય છે; અને વૃદ્ધ તથા બાળ અવસ્થા જુવો દેહધારીની તે પણ ઝૂઠી એટલે અનિત્ય છે; અને ભોજનના સ્વાદને જીભ ચહાય છે તે પણ ઝૂઠો એટલે અનિત્ય છે; વળી શરીરપરનાં કશબી ને કિનારીદાર વસ્ત્રો પણ ઝૂઠાં એટલે અનિત્ય છે; તેમજ રાત દિવસ કામદેવની મોજ-મજાહ પણ ઝૂઠી એટલે અનિત્ય છે; અને કોમળ સેજમાં સુવાનું સુખ પણ ઝૂઠું એટલે અનિત્ય છે; માટે એવા ઝૂઠા જગત્માં મોહ પામીને હે પ્રવીણ! તું કેમ સત્ય એવા પરબ્રહ્મને ચિત્તમાં ધારણ કરીને ભજતી નથી. (૨૨)

झूठे खान पान अरु, मान अपमान पुनि; झूठे गान तांन अरु, नाच नृत्य कारीकें. झूठे अलंकार अरु, बागके बहार पुनि; झूठे दिलदार अरु, प्रेम प्रिय प्यारीके. झूठे धन माल अरु, मंदिर विशाल पुनि; झूठे सुख पाल आदि, यान अधिकारीके. अैसें जग झूठे, मोह पाइकें प्रवीन कैसें; ब्रह्म कोंन भजे तुम, सत्य चित्त धारीकें. ॥ २३ ॥

ટીકા—ખાવું, પીવું અને માન અપમાન એ સર્વે ઝૂઠાં એટલે અનિત્ય છે; વળિ ગાન-તાન તથા નાયકાના નાચ પણ ઝૂઠા એટલે અનિત્ય છે, તેમ

ઘરેણાં તથા બગીચાનો વિરહ પણ ઝુઠો એટલે અનિત્ય છે; અને મિત્ર તથા પ્રીતમ પ્યારીનો પ્રેમ પણ ઝુઠો એટલે અનિત્ય છે; વળી ધન, માલ તથા વિશાળ મંદિરો પણ ઝુઠાં એટલે અનિત્ય છે; અને સુખપાલ આદિક અધિકારીઓનાં વાહન પણ ઝુઠાં એટલે અનિત્ય છે; માટે એવા ઝુઠા જગત્માં મોહ પામીને હે પ્રવીણ! તું કેમ સત્ય એવા પરબ્રહ્મને ચિત્તમાં ધારણ કરીને ભજતી નથી. (૨૩)

दोहा.

क्षणिक छोहके काज क्यों, उरमें बनी उदास;
रोवत रातो दिवस हो, परी प्रेमके पाश. ॥ २४ ॥

ટીકા—ક્ષણિક વારના પ્રેમને કારણે મનમાં ઉદાસી થઇને પ્રેમના પાશમાં પડી–કેમ તું રાત દિવસ રૂવે છે? (૨૪)

सागरके सुख क्षणिकहे, सुपनासें दरसाय;
चिदा नंदके सुख सदा, साथें रहत सदाय. ॥ २५ ॥

ટીકા—સાગરનું સુખ ક્ષણિક છે અને તે સ્વપ્ના જેવું ઘડીકમાં નાશવાન દેખાય છે; પણ પરબ્રહ્મનું અખંડ સુખ તો કાયમ સાથેજ રહે છે. (૨૫)

यातें उरमें भाव धरि, भजो ब्रह्म मन माँहि;
जिने भजे भगवानकों, सो सुख थाय सदाहि. ॥ २६ ॥

ટીકા—તેથી અંતરમાં ભાવ ધરીને મનમાં બ્રહ્મને ભજ, અને જેણે તે ભગવાનને ભજ્યા છે–તે સર્વે સદાય સુખ પામ્યા છે; અર્થાત તેમ તું પણ તેને ભજવાથી સુખ પામીશ. (૨૬)

चरनाकुल छंद.

जो भगवान भजे ध्रुव राया, तो मन वंछित सो फल पाया; जो भगवान भजे गजरायें, तो ततकालहि धाइ छुटाये. जो व्रजवासि भजे भुज चारी, तो रखवारि करी गिरि धारी; जो भगवान भजे प्रहलादा, तो तिनके सब टारे विशादा. जो अजमेलने नाम उचारा, तो तिनकों ततकाल उद्धारा; जो सुमरे चित्तमेंहि सुदामा, तो तिहि पाय सदा सुख धामा. जो हरि ध्यान सु पंडव धारे, तो ग्रह लाखनि तेंहि उबारे; जो सुमरे हित बाल बिलारी, तो इन आगितें की रखवारी. जो सुमरे चित्त पंडव नारी, तो इनको दिय चीर अपारी; जो खग ध्याय धरी उत्कंठा, तो इन अंड रखे गज घंटा. जो हरिचंद्र भजे भगवाना, तो तिन सत्य रखे मन माना; जो भगवान भजे गनिकाये, तो अघ त्यागि परमपद पाये. यों भगवान भजे जन जेही, कष्ट तजी सुख पाये वेही; यातें भज भगवान पियारी, तो दुख दूर करे गिरिधारी. ॥२७॥

ટીકા—હે બ્હેની! જો ધ્રુવ રાજાએ ભગવાનને ભજ્યા–તો તે મનવાંછિત ફળને પામ્યાં; જો ગજરાજે (હાથીએ) ભગવાનને ભજ્યા–તો તેજ વખતે ભગવાને દોડીને તેને ઝુડ પાસેથી છોડાવ્યો; જો વ્રજના લોકોએ ચતુર્ભુજને ભજ્યા–તો તેની ગોવરદ્ધન પર્વત ધારીને વર્ષાદથી રક્ષા કરી; જો પ્રહલાદે ભગવાનને ભજ્યા–તો હરણાક્ષને મારીને તેનાં સર્વે દુઃખ ટાળ્યાં. જો અજામેળે નારાયણ એવું નામ લીધું–તો તેનો તેજ વખતે ઉદ્ધાર કર્યો. જો સુદામાજીએ મનમાં ઇશ્વરનું સમરણ કર્યું–તો તે હમેશને માટે સુખ અને મનોહર ધામ પામ્યો. જો પાંડવોએ હરિનું ધ્યાન ધાર્યું–તો તેને લાખા ગૃહમાંથી ઉગાર્યા. જો બીલાડિયે તેનાં બચ્ચાં માટે શ્રીરામને સમર્યા–તો તેનાં બચ્ચાંની નીભાડાની અગ્નિથી રક્ષા કરી. જો કૌરવની સભામાં ચીર તાણતી વખતે દ્રૌપદીએ પ્રભુને સમર્યા–તો તેની અનેક ચીર આપીને લાજ રાખી. જો પોતાના ઇંડા માટે ટીટોડા પક્ષીએ ઉત્કંઠાથી તેને ભજ્યા–તો તેનાં ઇંડાં હાથીના ઘંટ નીચે રાખ્યાં. જો હરિચંદ્ર રાજાએ ભગવાન ભજ્યા–તો તેનું સત્ય મનગમતું રાખ્યું. જો પિંગલા નાયકાએ ભગવાન ભજ્યા–તો તે સર્વે પાપને ત્યાગીને પરમપદને પામી. એમ જે માણસ ભગવાનને ભજે છે તે દુઃખ તજીને સુખ પામે છે; એથી હે પ્યારી સખી! ભગવાનને ભજ એટલે તે ત્હારૂં દુઃખ દૂર કરશે. (૨૭)

गाहा.

कहि कुसुमें शुभ शिक्षा, सुख दुख सहि तन धीर धारन यथा;
चतुर्सप्तति अभिधानं, पूर्न प्रविन सागरो लहरं. ॥ २८ ॥

ટીકા—સુખ અને દુઃખ શરીરમાં સહન કરીને યથાવિધિ ધીરજ ધરવાની શુભ શિખામણ કુસુમાવળિયે કહી, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની આ ચુંમોતેરમી લહર સંપૂર્ણ થઈ. (૨૮)

इतिश्री प्रवीनसागरग्रंथेकलाप्रवीनप्रतिकुसुमावलिशिक्षाकथननामचतुर्सप्तातितमो लहरं ॥ ७४ ॥

लेहेर ७५ मी.

अथ विरहांतरे प्रवीनकुसुमावलिचर्चाप्रसंगोकथन यथातत्रप्रवीनोक्त–दोहा.

भजन करन भगवानके, कहत कुसुम तुम आय;
पर प्यारे सागरविना, अवर न मोहि सुहाय. ॥ १ ॥

ટીકા—હે કુસુમાવળી! તું આવીને ભગવાનનું ભજન કરવાનું કહે છે, પણ એક પ્યારા સાગર વિના મને બિજુ કાંઈ ગમતું નથી. (૧)

दोहा.

सो शिक्षा तिन दीजिये, जाके मनमें भाय;

यातें उलटा कीजिये, तो नांहि नांहि सुहाय. ॥ २ ॥

ટીકા—માટે શિખામણ તેને દઇએ-કે જેના મનમાં તે સારી લાગે, પણ એથી ઉલટું જો કહિયે તો તે તેને ગમે-નહીં. (૨)

अथ द्रष्टांतालंकार—कवित्त.

जैसें आम अंगुर के, स्वादके चखैयाताकों; निंबकी निबोरी कैसें, मनहीमें भावे हे. जैसें दधि दूधहीके, पानके करैयाताकों; क्वाथ के किलाल कैसे, आनंद उपावेहे. जैसें अन्न अमृतसें, अहोनिश पायताकों; तक्रतीन दिन जुकी मनमें क्यों भावेहे. तैसें हम सागरके, चाहक सदाय ताकों; ब्रंह्मके भजन कैसें, चित्तमें सुहावेहे. ॥ ३ ॥

ટીકા—જેમ કેરી અને દ્રાખના સ્વાદના કોઈ ચાખનાર હોય તેને લીમડાની લીંબોળી મનમાં કેમ ભાવે? જેમ દહીં અને દૂધના પીનારા હોય તેને ઉકાળાનું પાણી કેમ આણંદ ઉપજાવશે? જેમ અમૃત જેવા અન્નને હમેશાં કોઈ ખાતા હોય તેને ત્રણ દિનની ખાટી છાશ કેમ મનમાં ભાવે? તેમ હું સાગરને હમેશાંની ચાહનારી છું-તેને મનમાં બ્રહ્મનું ભજન કેમ ગમે? (૩)

दोहा.

सागर बिन छिन एकसो, कोटि कल्पसम जाय;
सुख दायक सब संपती, बनी बहुरि दुखदाय. ॥ ४ ॥

ટીકા—સાગરવિના એક ક્ષણ તે પણ ક્રોડ કલ્પ જેવડી વિતે છે, તેમજ સુખ દેનારી સર્વે સંપત્તિ વળિ દુઃખ દેનારી થઈ પડી છે. (૪)

यातें अधरातें अली, सागर शोधन काज;
में चाहत हूं चालबो, तजी तातको राज. ॥ ५ ॥

ટીકા—એથી હે સખી! સાગર સોધવાને કાજે મ્હેરા બાપનું રાજ છોડીને અર્દ્ધ રાત્રિયે હું ચાલવાને ચાહું છું. (૫)

कुसुमावलि सुनि कानमें, उरमें बनी उदारा;
कुवरीकों कहने लगी, शिक्षा सुभग प्रकाश. ॥ ६ ॥

ટીકા—કુસુમાવળી તે કાનમાં સાંભળીને મનથી ઉદાસ બનીને કળાપ્રવીણને જાહેર રીતે સારી શિક્ષા કહેવા લાગી. (૬)

अथ कलाप्रवीनप्रतिकुसुमोक्तशिक्षाकथनयथा—तोटक छंद.

सुनियें शिख आज अली हमरी, तुमतो नर नाहनकी कुंवरी; सब जानतहो नृप रीतनकों, तदपी कहुमें तुम हीतनकों. उठि आध निशें तुम जाव जबे, यह प्रात भयें जन जानें सबे; उरमें तब लोक विचार करें, किहि कारन

बाल निशां निकुरे. जिनके मनमें जिहि बात ठसे, तिनके मुख तेंहि कथा निकसें; जनकोउ कहे कुलटा कुंवरी, किहि संग गइ निशिमें निकरी. पुनि कोउ कहे कुलकानि तजी, बनि गर्भवती तब वेहि जाजी; पुनि कोउ कहे लखि रूपवती, हरि चोर गये करिकें युक्ती. पुनि कोउ कहे मदपान करी, बनि बावरि मंदिरतें निकरी; पुनि कोउ कहे न शयानि सखी, बदफैलहितें बरजी न रखी. यह रीत अनेकहि बात करे, वह मात पिता तुम जान परे; मनमें तब क्यों वह धीर धरें, अन पान विना मुरझाइ मरें. अरु अंक लगे कुलमें तबही, नहि टारें टरे वहतो कबही; इन बातन कोहि विचार करो, फिर योग्य लगे वह काज करो. ॥ ७ ॥

ટીકા—હે સખી! આજ મ્હારી શિખામણ સાંભળ, તું તો મ્હોટા રાજાની કુંવરી છ તેથીકરી સર્વે રાજ રીતની જાણનારી છે, તોપણ ત્હારા હિતને માટે કંઈક કહુંછું તે ધ્યાનથી સાંભળ. જ્હારે તું અર્દ્ધ રાત્રિયે ઉઠીને જશે અને સવાર થતાં સર્વે માણસો જાણશે—ત્હારે સર્વે લોકો મનમાં વિચાર કરશે કે રાજકંન્યા શા માટે અર્દ્ધ રાત્રિયે નિકળી ગઈ હશે? પછી જેના મનમાં જે વાત આવે—તેના મુખમાંથી તેવી વાત બાહેર નિકળે; તેમાં કોઈ જણ કહેશે કે—કુળની લાજ અને મર્યાદા તજીને ગર્ભવતી થઈ એટલે તે ચાલી ગઈ; વળિ કોઈ કહેશે કે સ્વસરૂપવાન જોઇને કોઈ ચોર ફોસલાવીને લઈ ગયો; વળિ કોઈ કહેશે કે દારૂ પીઇને નિશામાં ગાંડી બની દરબારમાંથી ચાલી નિકળી; વળિ કોઈ કહેશે કે તેની પાસે કોઈ ડાઈ સખી નહોતી, માટેજ ખરાબ આચરણ કરતાં કોઇએ તેને વારી રાખી નહીં. એ રીતે અનેક જણ અનેક પ્રકારે વાતો કરશે તે ત્હારા માબાપના જાણવામાં આવશે ત્હારે તે મનમાં કેમ "ધીરજ" ધરશે? અને અન્નપાણીવિના મુંઝાઇને ટળવળી મળશે; તેમજ ત્હારા કુળમાં જે કલંક લાગશે—તે તો કોઈવારે ટાળ્યું ટળશે નહીં, એ વાતનો વિચાર કરી પછી જે યોગ્ય લાગે તે કામ કરો. (૭)

अथ कलाप्रवीनोक्त—दोहा.

योग्या योग्य बिचारको, नही प्रेममें काज;
चलु सागरकी साथके, तजों देहकों आज. ॥ ८ ॥

ટીકા—પછી પ્રવીણ કહે છે કે યોગ્યઅયોગ્ય વિચારનું કામ પ્રેમમાં નથી માટે કાંતો સાગરની સાથે જાઉં કે પછી આજે દેહનો ત્યાગ કરૂં! (૮)

अथ कुसुमोक्त पादाकुल छंद.

सागर संग चलन तुम धारो, वह पहिले मनमांहि बिचारो; लाभ न लेश बिदेश बस्यामें, दुखदारुन दरवेश दशामें, सोव्रन सेज न भूमि शयारी,

चालनकों नित राह करारी; सांझ सुबो भिख मांगन जाना, जोइ मिलेसो शीतल खाना. बस्त्रा भूषन तनुतें त्यागी, राख लगाना बनि बैरागी; मंजुल मंदिर बास तजीकें, बसना बन त्रण गेह सजीकें. कष्ट कालके कोटि कहीजें, ताप तोय अरु सीत सहीजें; साज नहीको सेवन चेरा, काम करनकों आवत नेरा. विधन बाल परदेशें पावे, तातें तिय पति संग न जावे; जो सति सीय गइ पति संगे, तो वह कष्ट पाइ बहु अंगे. जो नल संग गइ नल नारी, तो दुख दारुन पाइ अपारी; तातें सुनियें शिख हम नीकी, लाज न लेश रहे कुलहीकी. आफत आइ रहे अति अंगे, क्रूर कलंक चढे उतमंगे; यातें शिख तुम मान हमारी, संग चलनकी तजो कुमारी. ॥ ९ ॥

ટીકા—હે પ્રેમઘેલડી બ્હેની! તું જે સાગરની સાથે ચાલવાનું ધારે છે તે પેહેલાં મનમાં વિચાર કર કે-વિદેશ વસવામાં લેશમાત્ર પણ લાભ નથી; પરંતુ ઉલટું મુસાફરની દશામાં ભયંકર દુઃખ છે. કારણ કે ત્હાં સુવાને સેજ નથી અર્થાત્ ભૂમિપર પથારી કરવી પડે છે, અને વળિ કઠોર રસ્તે હમેશાં ચાલવું પડે છે, તેમજ સાંઝ સવારે ભિક્ષા માગવા જવું પડે છે, અને જે ભિક્ષામાં મળે તે ટાઢું શીળું ખાવું પડે છે, ઉપરાંત વસ્ત્ર તથા આભૂષણો શરીરમાંથી ઉતારીને વૈરાગી થઈ રાખ લગાવવી પડે છે, વળી મનોહર મંદિરોનો નિવાસ તજીને વનમાં વાંસની ઝુંપડી બનાવી રહેવું પડે છે, તથા કાળનાં જે કરોડો દુઃખ કહેવાય છે તેમાં ઉન્હાળાની ગરમી-ચોમાસાના વર્ષાદનું પાણી અને શિયાળાની ટાઢ સહન કરવી પડે છે; વળિ ત્હાં સેવા કરવાને સાથે કોઈ ચાકર નથી કે તે કામ કરવાને પાસે આવે. તેટલું છતાંય સ્ત્રીઓને તો અવશ્ય પરદેશમાં વિઘ્ન નડે છે, માટેજ કોઈ સ્ત્રીઓ પતિ સાથે પરદેશ જતી નથી; જો સતી સીતા પતિ સાથે પરદેશ ગઈ તો તે અંગમાં મહામહા કષ્ટને પામી; જો નળરાય સાથે તેની સ્ત્રી દમયંતી ગઈ તો તે અતિશય ભયંકર પિડામાં આવી પડી; તેથી મ્હારી સારી શિખામણ સાંભળ. તારી ઘેલડીના મનો-તરંગ પ્રમાણે કરવાથી એક લેશમાત્ર પણ કુળની લાજ નહિ રહેતાં અંગમાં અતિશય આપતિ આવીને વસશે તથા ખોટાં કલંકો માથાપર આવી ચડશે; માટે હે કુંવરી! તું મ્હારી શિખામણ માનીને પતિ સાથે ચાલવાની વાત તું છોડીદે. (૯)

अथ कलाप्रबीनोक्त-सवैया.

औरमकों अलि शीख शिखावहि, मोहि नहीं शिख लागतनीकी;
बात बनावतहो बहु भांतिहि, पै हमकों सब लागत फीकी.
काढि करो कुलकानिको चूरन, लाज धरो बिचमें बनहीकी;
लागनदे पुनि लंछनकोपर, गच्छन दे अब पास पतीकी. ॥ १० ॥

ટીકા—હે પ્યારી સખી! એ શિખામણ બીજાઓને તું શિખવ, મને તો ત્હારી શિખામણ સારી લાગતી નથી. તું તો બહુ બહુ પ્રકારે વાત બનાવ છે તથાપિ મૂને તો તે સર્વે ફીકી લાગે છે. અને કુળની મર્યાદા કાપીને તેનું ચૂરણ કર, તથા કુળની લાજને અગ્નિની વચમાં નાખ—કે તે બળીને રાખ થઈ જાય, તેમજ જે કલંક લાગતું હોય તે લાગવા દે, પણ હમણાં મને તો પતિની પાસે જાવા દે. (૧૦)

अथ कुसुमोक्त संदेहालंकार–सवैया.

आज कहा मदपान किये किधौं, कैफाहिकी गुटिका कछु खाइ;
मंजुल माझम खाय खरें किधौं, बाद बदी विजिया बहु पाइ.
बावरिसी मुख बैन कढे पुनि, हेन सुधी चित्तमें सुख दाइ;
दीठ लगी किहि डाकिनिकी किधौं, भूत लगी तनुमें भरमाइ.॥११॥

ટીકા—કુસુમાવળી કહે છે કે હે પ્રવીણ! આજ શું દારૂ પીધો છે કે કાંઈ કૈફની ગોળી ખાધી છે? કે મનોહર માઝમ ખાધી છે? કે કોઈની સાથે વાદ વદીને લીલાગર જે ભાંગ તેનું અતિશય પાન કર્યું છે? કે ગાંડાંના જેવાં મુખમાંથી વેણ કાઢે છે? તેમજ ચિત્તમાં સુખદાયક શુદ્ધિ નથી–તેથી જણાય છે કે કોઈ ડાકયેણની નજર લાગી છે કે પછી શરીરમાં ભૂત વળગીને તેણે તને ભરમાવી છે? (૧૧)

कलाप्रवीनोक्त–सवैया.

भूत लगे न बनी नहि बावरि, दीठ न डाकिनिकी हम लागी;
भंग पिये न किये मदपान, न कैफहिमें न कभी अनुरागी.
सागर छोड गये बनमें हम, देह निमें दुगनो दुख दागी;
वा विरहें बनि व्याकुल तोहिय, आज अली हम बावरि लागी.॥१२॥

ટીકા—હે કુસુમાવળી! મને ભૂત વળગ્યું નથી તેમ હું ગાંડી પણ થઈ નથી, તેમ ડાકયણની નજર પણ મને બેઠી નથી, વળી મેં ભાંગ્ય પીધી નથી અને મદિરાપાન પણ કર્યું નથી;–તેમ હું કોઈ દિવસ કેફમાં પ્રેમવાળી થઈ નથી છતાં આ દેહમાં બમણું દુઃખ સળગાવીને જે સાગર મને એકલી મુકી વનમાં ચાલી ગયા તેના વિરહથી વ્યાકુળ થઈછું, અને તેથીજ હે સખી! આજ હું ત્હારા મનમાં ગાંડી લાગીછું. (૧૨.)

कुसुमोक्त–सवैया.

सागर गे तुम छोडि सखी इन, कष्ट महामन मोहि सतावे;
पें पग बाहिर क्यों काढियें तुम, भूप बडेनकि बेटि कहावे.
जो दुख आयपरें शिरपें वह, धीर धरी सहियें सब भावे;

नांतर निंदक लोग सबे जग, चोगुनी चाहि चवाव चलावे. ॥१३॥

ટીકા—હે પ્રવીણ! સાગર તને છોડીને ગયા તે દુઃખ મ્હારા મનમાં મને બહુ પિડા કરે છે, પણ ઘર બાહેર પગ કેમ મૂકિયે? કારણ કે તું મ્હોટા રાજાની કુંવરી છે, વાસ્તે જે દુઃખ આવીને માથાપર પડે તેને ધીરજ ધરી સર્વે ભાવે કરીને સહન કરીએ-નહિતો નિંદકજનો આ જગતમાં ચાહીને ચારગણી નિંધા ફેલાવે. (૧૩)

कलाप्रबीनोक्त–सवैया.

चाहि चवाव चवाईनके गन, चौगुनी चारि दिशाँमें चलावे;
के कुल कानि डुवावनकों हम, कोटिक कूर कलंक लगावे.
के बदमासि बदी बबबोई हमारि, भले बदनाम बनावे;
पें प्रिय सागर संग चले बिन, मोमन वाजन आज रहावे. ॥ १४ ॥

ટીકા—નિંધા કરનાર લોકોનાં ટોળાં ભલે ચાહીને ચારગણી નિંધા કરીને ચારે દિશામાં ફેલાવે, અથવા મ્હારા કુળની મર્યાદા ડુબાવવાને ભલે કરોડો ખોટાં કલંક લગાડે, અથવા ખરાબ લોકો મ્હારી અપકીર્તિ કરીને ભલે મને બદનામ કરે, પણ પ્યારા સાગર સાથે ચાલ્યા વિના મ્હારા મનરૂપી ઘોડો આજ બાજ્યો રહેવાનો નથી. (૧૪).

कुसुमोक्त–सवैया.

क्या कुलमें तुम जन्म धरे पुनि, क्या नृपकी तुम बेटि कहावे;
क्या बकवाद करे बनि बावरि, ज्यों सनिपातमें बान बढावे.
क्या रजपूतकि रीत लसें पुनि, क्या तुम्हरी कुल कानि बतावे;
सोई बिचार करी उर अंतर, पीछें करो मनमें जिहि भावे. ॥ १५ ॥

ટીકા—કયા કુળમાં તેં જન્મ ધર્યો છે? વળિ કયા રાજાની તું કુંવરી કહેવાય છે? કેમ ગાંડી થઇને બકવાદ કરછ? જેમ સનીપાતમાં કોઈ માણસ વાત વધારીને બોલ્યા કરે-તેમ કેમ બકયા કરેછે? રજપૂતોની રીત કેહેવી છે? તથા ત્હારા કુળની મર્યાદા તને શું બતાવે છે? તે વિચાર મનની અંદર કરીને પછી જે તને ગમે તે કર. (૧૫)

कलाप्रबीनोक्त–सवैया.

बात बिचार करों मनमें तब, रोकन चाहतहे कुलकानी;
आगिल आई अडे अटकावन, लाज ललाम बनी ठकुरानी.
औरं उरे समुझावत हो तुम, आज अली कहि शीख शयानी;
पै मममोहि न मानतहे अब, बीस बिशा जाइ काय बिकानी. ॥१६॥

ટીકા—જ્હારે મનમાં વાતનો વિચાર કરૂં છું-ત્હારે કુળની મર્યાદા રો-

કરવાને ચાહે છે, અને મનોહર લાજ પટરાણી થઇને મને અટકાવવાને કાજે આગળ આવીને આડી ઉભી રહે છે, તથા બીજી તું હે સખી! આજ આવીને શાણપણવાળી શિખામણ આપીને મ્હારા મનને સમજાવછ, પણ મ્હારૂં મન હમણાં માનતું નથી તેથી હું જાણુંછું કે-મ્હારી કાયા વિશેવસા પારકી થઈ છે-એટલે સાગરની થઈ છે. (૧૬)

कुसुमोक्त-सवैया.

को कुलवानकों गेह बुलाईके, दान दिये नहितो. पितुमाते;
त्यों मुखसें कभि कोई दिना कढि, कोउसें बैन दिये नहि बातें.
तोभि तुम्हे मन मानतहो अब, काय विकाइ कहो किन घातें;
शोचतहीं कछु चित्तनमें किधों, बोलत मस्त बनी मदिराते. ॥ १७ ॥

ટીકા—કોઈ કુળવાનને ઘેર બોલાવીને ત્હારા માબાપે ત્હારૂં દાન આપ્યું નથી, તેમ મુખથકી પણ કયારેય કોઈ દિવસ કોઈની સાથે વાત કરતાં વચન કાઢીનેય કહ્યું નથી, તોપણ તું હાલ મનમાં ત્હારી કાયા પારકી-કહે? કઇ રીતે માનછ. માટે તે વિશે કાંઈ મનમાં વિચાર કરછ કે મદિરાથી મદોન્મત્ત થઇને જેમ મનમાં આવે તેમ બોલેછે! (૧૭)

कलाप्रवीनोक्त-सवैया.

मस्त नही मदिरांते बनीपर, व्याकुल हो रहि हो विरहाते;
शोचत हों निज चित्तनमें पर, भूल गई सब भान हियाते.
ज्यों लगि ना प्रिय सागरकों जहि, भेटु सखी करि कोलहिगातें;
त्यों लगि ना तन ताप हठे पुनि, चित्त न चैन रहे भलि भातें.॥ १८॥

ટીકા—દારૂથી હું મસ્ત થઈ નથી-પણ હે સખી! હું વિરહથી વ્યાકુળ થઈ રહી છું, અને મ્હારા મનમાં વિચાર કરૂંછું-છતાં હૃદયમાંથી સર્વ ભાન ભૂલી ગઈછું. જહાં લગણ જઇને હે સખી! પ્યારા સાગરના શરીરને આલિંગન કરી હું ભેટું નહિ-ત્હાં લગણ મ્હારા શરીરનો તાવ હઠશે નહીં અને વળિ મનને સારી રીતે ચેન પણ રહેશે નહીં. (૧૮)

कुसुमोक्त-सवैया.

शोचि सबे उर जान लिये सखि, बोलत बाल प्रलापमें तानी;
तोभि तहां कछु चारु शिखामन, देन लगी करुना उर आनी.
क्या बकि बोलत तोलतना तुम, बंश बडेनकि रीत पुरानी;
बेरहि बेर शिखावतहों पर, शीखत क्यो नहि शीख शयानी. ॥१९॥

ટીકા—કુસુમાવળીએ મનમાં વિચાર કરીને સર્વે વાત જાણી લીધી કે, આ જે પ્રવીણ બોલે છે તે વિરહની પ્રલાપદશામાં બોલે છે, તોપણ તે સમયે

કાંઈક મનમાં દયા લાવીને સારી શિખામણ દેવા લાગી કે-શું? બકનિ બોલછ, મ્હોટા વંશની અસલી રીતની તું તુલના કરતી નથી? હું તુને વારે વારે શિખાવુંછું પણ હે શાણી સખી! તું શિખામણ કેમ શીખતી નથી. (૧૯)

कलाप्रबीनोक्त–सवैया.

औरनकों जहि शीख शिखावहि, मोहिकों ना तुमं शीख शिखावो;
बात बनाई बहुं विधिसें पुनि, आज अली हमनां भरमावो.
काटि करो कुल कानिको चूरन, वामिल वंशको बारि लहावो;
शोच विचार तजी मन तें अब, सागर संगहि मोहि चलावो.॥२०॥

टीका—હે કુસુમાવળી! જા-બીજાઓને જઈ શિખામણ શિખવ પણ મને શિખામણ શિખવ નહી, અને બહુ પ્રકારે વાત બનાવીને વળિ હે સખી! આજ મને તું ભરમાવ નહીં કુળની મર્યાદાને કાપીને તેનું ચૂરણ કર, અને મનોહર વંશને પાણીમાં વહેતો મુક, તથા મનથકી શોચના અને વિચાર તજીને હમણાં મને સાગરની સાથે ચલાવ્ય. (૨૦)

कुसुमोक्त–सवैया.

बावरि व्हे बकवाद करे पुनि, मानत क्यों नहि शीख शयानी;
तो हितकी हम बात कहे वह, शोचिकेँ चित्त धरो महरानी.
तोहि बडो कुलहे जगमें इन कीरत चारोँ दिसें छहरानी;
वाहिकों आज तजी पलमें अब, क्यों बिनकाज फिरावत पानी.॥२१॥

टीका—કુસુમાવળી કહે છે કે હે પ્રવીણ! ગાંડી થઇને બકવાદ કરછ, પણ-ડાહી શિખામણ કેમ માનતી નથી? ત્હારા હીતની હું વાત કહુંછું તે વિચાર કરીને હે મહારાણી! મનમાં ધાર. ત્હારૂં કુળ જગત્માં મ્હોટું છે અને તેની કીર્તિ ચારે દિશાએ ફેલાણી છે, તેને આજ તું એક પળમાં તજીને તેપર હમણાં કેમ વગર કારણે પાણી ફેરવેછે? (૨૧)

कलाप्रबीनोक्त–सवैया.

कंताकि और विचार करों तब, चालन संग उमंग धरोंरी;
लाजाकि और लखूं जबही तब, लोहकेँ लंगर पाय जरोंरी.
ज्यों दुहु दार धनी मुरझे मन, त्यों मनमोहिमें भाव भरोंरी;
कौनहिको करुं त्याग.अली अरु, कौनहिपें चित्त चाह धरोंरी.॥२२॥

टीका—જ્યારે સ્વામિ તરફ વિચાર કરૂંછું,-ત્હૂરે સાથે ચાલવાને મનમાં ઉમંગ થાય છે, અને જ્હારે કુળની લાજ તરફ જોઉં છું-ત્હારે લોઢાનાં લંગર પગે જડું એટલે ક્યાંઈ બહાર ન જાઉં તેમ થાય છે; જેમ બે બાઈડીનો ધણી મુંઝાય તેમ મ્હારા મનમાં થાય છે-કે હું સખી! કોનો ત્યાગ કરૂં અને કોની પર મનથી ચાહના રાખું. (૨૨)

कुसुमोक्त—सवैया.

सागर संग न ब्याह भये तुम, त्यौं लगि ना तिनकंत कहावो;
ब्याह बिना उर मानतहो पति, सो व्यभिचारकों दोष धरावो.
तेहि विचार करी मनमें अब, चालनकी सब बात दुबावो;
वंश परंपरकी कुल कानिकौं राखनकों घरमांहि रहावो. ॥ २३ ॥

ટીકા—સાગરની સાથે ત્હારો વિવાહ થયો નથી–ત્હાં લગણ તું તેને સ્વામિ કહે નહિ અને વિવાહ થયા વિના પતિ માંનછ–તે વ્યભિચારનો દોષ માથે ધારણ કરછ. તે વિચાર હમણાં મનમાં કરીને સાગરની સાથે ચાલવાની સર્વે વાત દબાવીને વંશપરંપરાની કુળની લાજ અને મર્યાદાને રાખવાને માટે ઘરમાંજ રહો. (૨૩)

अथ प्रवीनोक्त—कवित्त.

वेदमें बदत ब्याह, आठहि प्रकार जूके; उनमेंसें करे कोउ, जाकों जेसा भावेहे. वाहिकों बिबुध जन, विधियुक्त मानी मन; विमल विशद वह, गिरातें गिनावेहे. याहिमेंसें उर हमें, ग्रह न गांधर्व करि; आयुसमें किये सोय, आनंद उपावेहे. ताहिकों बिचारे बिन, बदिकें वदन कैसें; दोष व्यभिचार जूकों, वपुमें धरावेहे. ॥ २४ ॥

ટીકા—વેદમાં આઠ પ્રકારના વિવાહ કહ્યાછે, એમાંથી જેને જેવા ગમે તેવા તે કરે છે; તેને વિદ્વાન પુરૂષો વિધિ પ્રમાણે વિવાહ થયેલા મનમાં માનીને પવિત્ર અને મનોહર વાણીથી ગણાવે છે. એમાંથી મેં મનમાં ગાંધર્વ વિવાહ પસંદ કરીને પરસ્પર કર્યા છે–જે મને આનંદ ઉપજાવે છે. તેનો વિચાર કર્યા વિના હે અલી! મુખથી બોલીને અંગમાં વ્યભિચારનો દોષ કેમ ધરાવછ?(૨૪)

कुसुमोक्त—दोहा.

अष्ट भेद उपयामके, को विध कैसें होहि;
नाम सहित बरनन करी, वही सुनावो मोहि. ॥ २५ ॥

ટીકા—આઠ ભેદ વિવાહના કઈ રીતે અને કેમ થાય તેના નામ સહિત વર્ણન કરીને મને તે સંભળાવો. (૨૫)

कलाप्रवीनोक्त—दोहा.

मनु कृत-मानव धर्ममें, कहे अष्ट उपयाम;
उनके अब बरनन करों, सुनो सोइ अभिराम. ॥ २६ ॥

ટીકા—મનુના બનાવેલ માનવધર્મશાસ્ત્ર એટલે મનુસ્મૃતિમાં આઠ પ્રકારના વિવાહ કહ્યા છે તેનું હાલ વર્ણન કરૂં છું, જેને પ્રીતિવડે સાંભળો.(૨૬)

अथ अष्ट विवाहभेदकथन यथा—चोपाई छंद:

शीलवान विद्वान विलोकी, पास बुलाई प्रीते; चारु करी सनमान बनाको, चाह धरी अति चित्ते. वस्त्रभूषन वेष्टित कंन्या, दिये दानमें ताकों; ब्राह्म ब्याह विधियुक्त वखानी, वदत विबुधजन वाकों. उत्तम याजक यज्ञ मध्ये लखि, चाह धरी चितमांही; सहूजन देखत चोंप करी कें, प्रीते पास बुलाही. वस्त्राभूषन वेष्टित कंन्या, दिये दानमें ताकों; दैव ब्याह विधियुक्त वखानी, वदत विबुधजन वाकों. यथायोग्य उपयोग करनकों, इक दो वृष अरू गाई; बनी पासतें लेइ बालको, देत दान उमहाई. अैसे अति अभिराम करतेको, मोद धरी मनमांही; वदत विबुधजन वाकों बरनी, आर्ष ब्याह चित चाही. विचरो द्वै वरकंन्यां वपुतें, निज निज धर्म प्रमानें; अैसें उचरी अरची द्वय-कों, देतहि दान शयाने. यातें उभय उंमंगी अतिशय, मुदुनिज मनेमें ठाने; परिणय प्राजापत्य पढीकें, वाकों विश्व बखाने. कंन्याके पितुमातहिकों कछु, देकें दाम दुलारा; ब्याह बनावतहे वरकंन्या, मानी मोद अपारा. याकों उचरत आसुर उद्वाह, चाही सर्व संसारा; या जुगमांही उनके अधिके, भये पसारा. आपुसमें उतसाह धरीके, कामातुर वनि काया; मोह धरीके मिलन मोदतें, वरकंन्या मन भाया. वाकों गुनि गांधर्व गिनतहे, क्षोनीपें सुखदाया; सोई सखी हम चाह धरीकें, विधिसें ब्याह बनाया. मात तात अरू भ्राता भगिनी, गोती जेह गिनावे; वेध भेध अरु छेदी वाकों, कंन्या-कों हरि लावे. रोत पुकारत तोभी तापर, दया न दिलहि धरावे; बरजोरी सें ब्याह बनावत, राक्षस सोई कहावे. निंद्रावश बनि बाला कोऊ, पौढी पेखि पलंगे; के उनमत्त अति मदिराते, आप वनीकें अंगे. भूमि पडी बिन भान लखीके, सूरत करेकों संगे. वाकों अलि पैशाचे पढीकें, अधम गिनत अँतरंगे. अैसें बरनी ब्याह अनूपम, अष्ट भातिके जेही; कहे मनूने धर्म शास्त्रमें, कथे तोहिसें वेही. जैसा जाके दिलमें भावे, वैसा कृताजन कोई; वामें दोष न रंच कहावे, शास्त्र वदतहे सोई. ॥ २७ ॥

ટીકા—સદાચરણી અને વિદ્વાન જોઇને, પ્રીતેથી પાસે બોલાવીને, મનમાં ચાહના ધરીને–સારી રીતે તે વરનું સનમાન કરીને. વસ્ત્ર તથા ઘરેણાં સહિત પોતાની કન્યાનું જેને દાન કરે–તેને વિદ્વાનો વિધિ પ્રમાણે થયેલા બ્રાહ્મ વિવાહ વખાણીને કહે છે. યજ્ઞમાં, મળેલા ઋત્વિકોમાંથી શ્રેષ્ટ યાજક જોઇને

ચિત્તમાં ચાહના ધરીને સર્વે જન જોતાં પ્રેમથી પાસે બોલાવીને, વસ્ત્ર તથા ઘરેણાંયુક્ત કન્યાનું તેને દાન આપે-તેને વિદ્વાનો વિધિ પ્રમાણે થયેલો દૈવ વિવાહ વખાણીને કહે છે. યથાયોગ્ય કરવા સારૂ એક બે બળદ અથવા ગાય વર પાસેથી લઇને "પછી પોતાની કન્યાનું ઉમંગ ધરીને તેને દાન કરે-એમ મનમાં હર્ષ ધરીને કોઈ મનોહર વિવાહ કરે-તેને વિદ્વાન પુરૂષો ચિત્તમાં ચાહના ધરીને વખાણાયલો આર્ષ વિવાહ કહે છે. પ્રથમ વર પસંદ કરીને પછી કન્યાદાન દેતી વેળા "તમે બન્ને વર કન્યા મન, વાચા અને કાયાથી સહુ સહુના ધર્મ પ્રમાણે વરતો" એમ કન્યાનાં માબાપ બોલીને બન્નેની પૂજા કરી જે શાણા જનો કન્યાનું દાન દિયે છે, અને એથી બન્ને જણ ઉમંગ ધરી મનમાં હર્ષ લાવે છે-તેને પ્રાજાપત્ય વિવાહ કહી સર્વે જગત્ વખાણે છે. કન્યાનાં માબાપને કાંઈ વર દ્રવ્ય આપીને પણ બન્ને અતિશય હર્ષ ધરીને જે વર કન્યા પરણે-તેને સર્વે દુનિયાં ચાહીને આસુર વિવાહ કહે છે. તેનો આ કળિયુગમાં અતિશય પ્રેમથી ફેલાવો થયો છે. પરસ્પર ઉત્સાહ ધરીને કાયામાં કામાતુર થઇ જે વરકન્યા એક બીજાને મનગમતાપર મોહ ધરી હર્ષથી મળે-તેને ગુણવાન પુરૂષો પૃથ્વીશ્વર સુખદાયક ગાંધર્વ વિવાહ કહે છે. ને હે સખી! તેજ વિવાહ મેં ચાહનાથી વિધિ પ્રમાણે કર્યો છે. કન્યાનાં મા, બાપ, ભાઈ, બેન અને જે સગાંવહાલાં કહેવાય છે-તેને મારી, ભેદી અને [illegible] કન્યાનું હરણ કરી લાવે, અને કન્યા રોતી રોતી પોકારતી હોય તો પણ તેપર દિલમાં દયા લાવે નહીં અને બળાત્કારે તેની સાથે વિવાહ કરે-તે રાક્ષસ વિવાહ કહેવાય છે. નિંદ્રાવશ થઇને એટલે ભર ઉંઘમાં કોઈ સ્ત્રી પલંગપર સુતી હોય, તેને જોઇને અથવા દારૂ વિગેરે ઘણા કેફથી મદોન્મત્ત પોતાને અંગે બનીને પૃથ્વીપર બેભાન થઇને પડેલી કોઈ સ્ત્રી હોય-તેને જોઇને તેની સાથે કોઈ મૈથુન કરે-તેને પૈશાચ વિવાહ કહીને સહુથી હે સખી! તેને મનમાં અધર્મ ગણે છે. એવી રીતે આઠ પ્રકારના જે મનોહર વિવાહ વર્ણવીને મનુએ માનવધર્મ શાસ્ત્રમાં કહ્યા છે તે તહારી પાસે કહ્યા; તેમાં જેવા જેના દિલમાં ગમે તેવાને હરકોઈ કરે-તેમાં જરાય પણ દોષ નથી એમ શાસ્ત્ર કહે છે. (૨૭)

गाहा.

कुसुमसु कलाप्रवीने, किय चर्चा चलन रु ब्याहविधानं;
पंच सप्तति अभिधानं, पूर्ण प्रविन सागरो लहरं. ॥ २८ ॥

ટીકા—કુસુમાવળી પ્રત્યે કળાપ્રવીણે સાગર સાથે ચાલવાની ચર્ચા કરી, તથા આઠ પ્રકારના વિવાહનાં લક્ષણ કહ્યાં તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની પંચ્યોતેરમી લહર સંપૂર્ણ થઇ. (૨૮)

इतिश्रीप्रवीनसागरग्रंथेकलाप्रवीनकुसुमावलिचलनचर्चाऔरब्याहभेद बर्ननोनाम पंचसप्ततितमी लहरं ॥ ७५ ॥

लेहेर ७६ मी.

अथ प्रेम[illegible]वर्ननयथा, अथ प्रबीनमतिकुसुमोक्त–दोहा.

ब्याह बखानी अष्ट विधि, पढे प्रबिन तुम आज;
किंतु नही कलिकालमें, आवत येही काज. ॥ १ ॥

ટીકા—હે પ્રવીણ! તમે આજ જે આઠ પ્રકારના વિવાહ વખાણીને કહ્યા, પણ તે કળિયુગમાં કંઈ કામ આવતા નથી. (૧)

कुंडलिया छंद.

ताकों तौभी मानियें. मानसीक वर ब्याह; कायिक बनेन कोउ दिन, उरमें धरि उत्साह. उरमें धरि उत्साह, कभि नहि काय मिलेहे; यांतें यह उपयाम, उपजे दोय दिलेंहे. हियमें हक्क विचार, कायमिले क्यों ताकों; मानसीक बर ब्याह, मानियें तौभी ताकों. ॥ २ ॥

ટીકા—તોપણ તેને કદિ માનિએ તોય તે શ્રેષ્ઠ એવા માનસિક અર્થાત્ મનથકી વિવાહ કરેલો કહેવાય, બાકી મનમાં ઉત્સાહ ધરીને કોઈ દિવસ કાયિક એટલે કાયાથકી નથી–એટલે ઉરમાં ઉત્સાહ ધરીને કોઈ વારે શરીરથી ભેટયાં નથી માટે એ વિવાહ બેયના મનમાં થયોછે ખરો, પણ હૃદયમાં [illegible] હક્કનો વિચાર કરિયે અને મનથકી તેને થયેલો શ્રેષ્ઠ વિવાહ માનિયે તોપણ તેને કાયા કેમ મળી શકે? કારણ કે માનસિક વિવાહ થયોછે તેથી મનને મળવાનો હક્ક છે–કંઈ કાયાને મળવાનો હક્ક નથી. (૨)

दोहा.

तातें तजिकें चालबो, शंकर चित्तमें चाहि;
बरस बितावो बाल अब, धीर धरी मनमांहि. ॥ ३ ॥

ટીકા—તેથી ચાલવાનું છોડીને શ્રી શંકરનું ચિત્તમાં પ્રીતિથી ચિંતવન કરી તથા મનમાં ધીરજ ધરીને હમણાં તો હે બાળા! એક વર્ષ વિતાવ. (૩)

कलाप्रबीनोक्त–दोहा.

सागर बिन छिन एकही, क्यों करि धारों धीर;
दारुन दुख दिलमें बढे, सो किमि सहे शरीर. ॥ ४ ॥

ટીકા—હારે પ્રવીણ કહે છે કે–સાગરવિના એક ક્ષણ પણ કેમ કરીને ધીરજ ધરૂં? કારણકે દિલમાં મહા ભયંકર દુઃખ વધે છે તેને શરીર કેમકરી સહન કરી શકે? (૪)

विरहव्यथा वृत्यानुप्रासालंकार–कवित्त.

भोजन न भावे अलि, नीर न सुहावे पुनि; नींद नहि आवे दिन, रात क्यों

वितावोंरी. तापसें तचावे मेन, बानसें बिधावे पुनि; आप उपजावे सोई, क्यों करि सेहावोंरी. मन मुरझावे द्रग, नीरकों झरावे पुनि; प्रलाप वढावे सोई, कौनसें कहावोंरी. धीरज नसावे अरू, शरीर सुखावे अंगी; विरह व्यथाकों कहो ! क्यों करि निभावोंरी. ॥ ५ ॥

टीका—हे प्रिय साहेलडी! भोजन भावे नहीं, पाणी गमे नहीं, तथा निंद्रा आवे नहीं,-एम दिवस रात केम करीने वितावुं? वळि कामदेव तापथी बाळे छे अने बाणुथी वींधे छे, तथा हायओयं एवा शब्द मुखेथी उपजावे छे,-ते केमकरीने सहन करूं? मनने मुंझवे छे, आंख्योमांथी आंसुने झरावे छे. अने विरहनी प्रलाप दशाने वधारे छे-ते कोनी पासे जइने कहुं? वळि धीरजने नशावे छे, शरीरने सूकावे छे, एवी विरहनी पिडाने कहो, केमकरीने नभावी शकुं? (५)

कुसुमोक्त-दोहा.

विरह व्यथा वपुमें धरी, कष्ट सहत क्यों अंग;
जो चाहो सुख साजतो, तजो औरको संग. ॥ ६ ॥

टीका—कुसुमावळी कहे छे के-वियोगनी पिडा शरीरमां धारण करीने शामाटे कायामां कष्ट सहुन करे छे? जो तुं सुखनी सामग्रीनेज चाहती होय तो बीजानो एटले परनो संग तज. (६)

दोहा.

प्रेम करी परसो किते, दुख पाये बहु देह;
वा वरनी कछु कहतहो, सुनो चित्त दे येह. ॥ ७ ॥

टीका.—केटलाको परनी साथे प्रीति करीने देहमां बहु दुःख पाम्यां छे, ते वर्णवीने कांईक कहुं छुं-ते तुं हे राजकुंवरी! चित्त दइने सांभळ. (७)

पादा कुलक छंद.

पर आसंग करे कदि कोऊ, सतत सुख नाहि पावत सोऊ; पीडाकारी परकी प्रीती, यह आलममें ऐसी रीती. प्रीनी पास परे जन जेही, दुख दारुन पाये सव वेही; याते हम शिक्षा मनमांनी, दिलतें वाकों तजो शयानी. जो मृग प्रेम रागपर लाये, तौ तनु व्याधके पास हनाये; जो अलि प्रेम कमलपर धारे, तौ मुरझाई प्रान निकारे. जो दीपकपर प्रेम पतंगा, तौ मृत्युपात जरी निज अंगा; जो गज करिनीपर ललचाये, तो तिन तनुमें तुर्त बंधाये. जो पपिहा रति घनपर लावे, तौ प्यासर अठमास रहावे; जो शशिपर धरि चाह चकोरा, तौ तलफत विन देखे भोरा. जो मुरलीपर मोह भुजंगा, तौ आहत

इन गारुडि अंगा; जो चकवा चित याह संजोगा, तौ तमिमें दुख होत वियोगा. ऐसें परिकित प्रेमकें पाशा, दुखपाइ दिल होत निराशा; प्रेम पीरकें पाश प्रमानो, होत दुखी जिहि वांहि फंसानो. यों ग्यानी मनमें मति राशी, आलमतें उर बनी उदासी; त्यागी जगकों होइं संन्यासी, चाहत चित्त सदा अविनाशी. सो तनमें नहि रोग लखावै, तौभी कष्ट किते उपजावै; तातें तिनकों तजो शयानी, दुख दायक बड प्रेम प्रमानी. ॥ ८ ॥

ટીકા—ક્યારેય કોઈ પરનો આસંગો (અસક્તિ) કરે-તે કાયમ સુખ પામે નહીં અને જે પરની પ્રીતિ છે તેજ પિડા કરનારી છે, એવી આ જગતની રીત છે. જે મનુષ્ય પ્રીતિના ફાંસામાં પડે છે તે સર્વે મહા. ભયંકર દુઃખ પામે છે. તેથી મહારી શિખામણ મનમાં આણીને હે શાણી! તેને-પર પ્રીતિને દિલથી તજ. જો હરણાંઓ રાગપર પ્રીતિ લાવે છે-તો શરીર પારાધીની પાસે હણાવે છે. જો ભ્રમરો કમળપર પ્રેમ ધરે છે-તો તેથી (કમળમાં બંધ પડીને) મુરઝાઈને મરે છે. જો દીવાપર પતંગિયાને પ્રેમ છે-તો તેમાં પોતાને અંગે બળીને મૃત્યુ પામે છે. જો હાથી હાથણીપર લોભાય છે-તો તે તુર્ત તેના શરીરમાં બંધાય છે. જો બપૈયો પક્ષી વર્ષાદપર પ્રેમ ધરે છે-તો તે આંઠ મહિના તરસ્યોજ રહે છે. જો ચંદ્રમાપર ચકોર પક્ષી ચાહના ધરે છે-તો તેને (ચંદ્રને) જોયાવિના દિવસે તરફડે છે. જો મોરલીપર સર્પ મોહ રાખે છે-તો તેના અંગને વાદી પકડે છે. જો ચકવા ચકવીને મનમાં સાથે રહેવાની ચાહના છે-તો તેને રાતમાં વિયોગનું દુઃખ સાલે છે. એમ કેટલાક પ્રેમના ફંદમાં પડીને દુઃખ પામી મનમાં નિરાશ થાય છે; માટે પ્રેમને પિડાનોજ પાશલો જાણો. અને જે તેમાં ફસાણો-તે દુઃખી થાય છે એમ મનમાં કેટલાક બુદ્ધિવાળા જાણીને આ જગત્‌થી મનમાં ઉદાસી થઈ જગત્‌ના વ્યવહારને તજીને સંન્યાસી થઈ ચિત્તમાં સદાય અવિનાશી જે બ્રહ્મ તેને ચહાય છે. જો તહારા શરીરમાં કાંઇ રોગ જણાતો નથી-તોપણ તને કેટલું કષ્ટ ઉપજાવે છે? તેથી તેને-પ્રેમને હે શાણી સખી! તજી પ્રેમને મહા દુઃખદાયક જાણ. (૮)

अथ कलाप्रबीनोक्त-दोहा.

प्रेम नेम जाने बिना, क्यों निंदत इन आप;
जानत जाननहार सब, प्रेम प्रौढ परताप. ॥ ९ ॥

ટીકા—પ્રવીણ કહે છે કે-પ્રેમના નિયમ જાણ્યાવિના એની તું કેમ નિંદા કરેછે? જે જાણવા વાળા છે-તે સર્વે પ્રેમના પૂર્ણ પ્રતાપને જાણે છે. (૯)

दोहा.

प्रेम परम सुख दायहे, प्रेम हितें सब होय;
नर नारी पशु पक्षिमें, प्रेम बिना नहि कोय. ॥ १० ॥

ટીકા—પ્રેમ છે તેજ કાયમ સુખનો આપનાર છે, અને પ્રેમથીજ સર્વ વાત બને છે. અને એજ રીતે નરનારીમાં તથા પશુ-પક્ષીમાં પ્રેમવિના બીજુ કોઈ નથી. (૧૦)

प्रेम रहे सब प्रानिमें, जामें जेतो ठौर;
पै न पीछाने वाहिकों, प्रेम यंश बिन और. ॥ ११ ॥

ટીકા—પ્રેમ સર્વે પ્રાણી માત્રમાં રહેલો છે; પછી તે જેમાં જેટલો માય તેટલો, પરંતુ તેને પ્રેમઅંશ વિના બીજા કોઈ ઓળખતા નથી. (૧૧)

मंजुल महिमा प्रेमको, और न जाने कोय;
जानतहे जगमें सदा, प्रेमयंश जे होय. ॥ १२ ॥

ટીકા—પ્રેમનો મનોહર મહિમા બીજા કોઈ જાણતા નથી-પણ ફકત જગત્માં જે પ્રેમના અંશી છે-તેજ સદાય જાણે છે. (૧૨)

मंजुल महिमा प्रेमको, वदत बेदमें जेहि;
सोय सार कछु कहतहों, सुनो चित्त दे येहि. ॥ १३ ॥

ટીકા—પ્રેમનો મનોહર મહિમા જે વેદમાં કહેલો છે-તેનો કાંઇક સાર કહું છું તે ચિત્ત દઇને હે વ્હાલી! સાંભળ. (૧૩)

प्रेममहिमाकथनयथा—भुजंगी छंद.

सखी सर्वतें स्नेहकी बात न्यारी, कथेसें कथी जाय नाहे अपारी; लखे कोउ ज्ञाता हृदेमें बिचारी, नही और जाने सबे देह धारी. प्रमूकी कहा पीरकों बांझ जाने, कहा स्वाद चीनी गधाही पिछाने; कहा ग्रीष्मके तापकों मीन माने, कहा सूरके तेजकों धूक जाने. कहा कातरं जानिहे युद्ध रीती, कहा दुष्ट जाने दिलें नेक नीती; कहा लासिका रीत जाने सतीकी, कहा शंढ जाने कलाही रतीकी. कहा कूपभेका बडो सिंधु माने, कहा क्ष्वेड जंतू सुधां स्वाद जाने; लखे धावसो धावकी पीर जाने, कहा कायरं काय मांही पिछाने. सिता स्वादकों मूक ज्यों चित्तजाने, तथापी नही जाय वक्र बखाने; हिये प्रेमकी रीत त्यों प्रेमि जाने, कहा और जाने वहीतें अजाने. चढे चैलपें ज्यों कुशुंभी सुरंगा, नही जात धोये कभी नीर गंगा; लसे प्रेमिके अंगमें प्रेम तैसें, कदापी नही न्यून सो होय कैसें. रखे नीर ग्राही घडा पक्व जैसें, ग्रहे नाहि कच्चा कभी नीर तैसें; सहे सोम के पान जे शुध विप्रा, करे और तौ होय उछार क्षिप्रा. सहे सिंहनी दूधकों बाल वाके, धरे धातुमें तो वहे पार ताके; सहे चित्तमें प्रेम त्यों होय पूरा, ग्रही ना सके अं-

ा जेही अधूरा. भये पूर्णही पिंडमें प्रेम जाके, नही और सुहातहे चित्त तीके; मधू दाख दारी सुधा स्वादनीके, लगे प्रेमके पासहीं सोइ फीके. नही पंडितो प्रेमको रूप पावे, शिखाये नही चित्तमें सोइ आवे; मिले शोधतें शास्त्रमें प्रेम नाही, रहे प्रेमयंशी तनूंमें सदाही. जबे पिंडमें प्रेम पौढा प्रकाशे, तबे लोककी लाज औ नेम नांशे; महा मोदही प्रेमको प्रेमि थाने, करे केउ निंद्या वहीतें अजाने. ॥ १४ ॥

ટીકા—હે સખી! સર્વથકી પ્રેમની વાત એક જૂદીજ છે. અને તે કહેવાથી કહી શકાય તેવી નથી–એવી તે અપાર છે. તેને તો કોઈ ડાહ્યા પુરૂષો મનમાં વિચાર કરીને જુવે છે તો જાણે છે; પણ બીજા સર્વે દેહ ધારણ કરનારા માણસો જાણતાં નથી. જેમ કે જણનારીની પિડાને વાંઝણી શું જાણે? તથા ખાંડના સ્વાદને ગધેડો શું જાણે? તેમ ઉન્હાળાના તાપને ચીંછલું શું જાણે? વળી સૂર્યના તેજને ઘુડ શું જાણે? તેમ કાયર પુરૂષ શૂરના યુદ્ધની રીતને શું જાણે? વળી નપુંશક કામદેવની કળાની રીતને કેમ જાણે? વળી કુવાનો દેડકો મ્હોટા સમુદ્રને કેમ માને? તેમ ઝેરના જીવડા અમૃતનાં સ્વાદને કેમ વખાણે? એતો જેને ઘા વાગ્યો હોય–તે ઘાની પિડાને જાણે; પણ કાયર બિચારા ડાયામાં શું જાણે? સાકરના સ્વાદને જેમ મુંગો મનમાં જાણે તોપણ મુખથકી કહી શકે નહીં તેમ પ્રેમની રીતને પ્રેમી હૃદયમાં જાણે; તેથી અજાણ્યા હોય તે બિચારા શું જાણે? જેમ વસ્ત્રપર કુસુંબીનો રંગ ચડે તે ગંગાના શ્વેત જળમાં ધોયાથી પણ કયારેય જતો નથી; તેમ પ્રેમીના અંગમાં પ્રેમ શોભે છે તે કોઈ રીતે કયારેય પણ ઓછો થતો નથી. જેમ માટીનો પાકેલ ઘડો નીરને ગ્રહણ કરી રાખે છે–તેમ કાચો ઘડો પાણીને ગ્રહણ કરી શકતો નથી; વળી સોમરસનું પાન જે શુદ્ધ વિપ્ર હોય તેજ સહન કરે છે–તદપિ જો અન્ય કોઈ કરે છે–તો તુરત ઉલટી થાય છે. તેમ સિંહણના દૂધને તેનાં બચ્ચાં જેરવી શકે છે, પણ જો કોઈ ધાતુમાં મૂકે–તો સોચરૂં નિકળે છે. તેમ જે પૂર્ણ પ્રેમી હોય તેજ મનમાં પ્રેમને ધારણ કરે છે, અર્થાત્ અધૂરા હોય તે અંગમાં ગ્રહણ કરી શકતા નથી. જેના અંગમાં પૂર્ણ પ્રેમ પ્રગટયો હોય તેના ચિત્તમાં પછી બીજું કાંઇ ગમતું નથી–તેને તો દ્રાક્ષનો અને દાડમના અમૃત જેવો મનોહર મીઠો સ્વાદ છતાં તે પણ પ્રેમની પાસે તેને ફીકો લાગે છે. વળી પંડિતો પણ પ્રેમના રૂપને પામતા નથી, તેમ તે પ્રેમ કોઇનો શિખવ્યો પણ ચિત્તમાં આવતો નથી, વળી શાસ્ત્રોમાં શોધતાં પણ પ્રેમ મળતો નથી; માત્ર તે તો પ્રેમ–અંશીઓના શરીરમાંજ હમેશાં રહે છે. જ્યારે શરીરમાં પૂર્ણ પ્રેમ પ્રગટે છે, ત્હારે લોકની લાજ અને સર્વે નિયમ જતાં રહે છે. પ્રેમનો મહા આણંદ પ્રેમી જનોજ જાણે છે. તેનાથી જે કોઈ અજાણ્યા છે–તે તેની નિંદા કરે છે. (૧૪).

दोहा.

प्रेम पुनीत पारस मनि, चाहतहे सब कोय;
पावत पूरव पून्यतें, प्रेम यंश जे होय. ॥ १५ ॥

ટીકા—પ્રેમ રૂપી પવિત્ર પારસ મણિને સર્વે જણ ચહાય છે ખરા, પણ તેને પૂર્વ જન્મના પુણ્યથી પ્રેમઅંશી જે હોય તેજ પામે છે. (૧૫)

पुहमी पर प्रेमी प्रगट्ट, अब लौं भये अनेक;
तामेंसें बरनी त्रिमल, आज कहों कछु अेक. ॥ १६ ॥

ટીકા—અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર અનેક પ્રેમી પ્રગટ થયા છે; તેમાંથી કેટલીએક પવિત્ર પ્રેમીઓને વર્ણવીને આજ કહું છું. (૧૬)

अथ प्रेमीनामकथन (भाविक प्रेम बर्नन)—पादाकुळक छंद.

आदि अनेक भये अनुरागी, सिद्ध समाज महामुनि त्यागी; कष्ट सही तप आदिक कायें, प्रेम धरी प्रभुके पद ध्याये. प्रेमि महा प्रहलाद कहाये, पूरन प्रेम प्रभुपर लाये; कष्ट किते निज तनुमें पाये, तौभि तजे नहि हरि मन भाये. प्रेम प्रकाश भयो ध्रुव अंगा, त्यागि सबे ग्रह मात रु संगा; जाइ बने ताकिये अभंगा, तौ मन भाय मिले हरि चंगा. प्रेम पुनीत धरी व्रज बाला, त्यागि तनू गुरु लाज विशाला; आनंद आप धरी अति अंगे, जायकें रास रमे हरि संगे. उषा रति अनिरुद्धपर लाइ, यत्न करी निज पास बुलाइ; मंजुल मोद धरी मनमांये, वाके संगहि ब्याह बनाये. शकुंतलापें छोह धरीकें, दिलहि दुष्यंतें लियो हरीकें; मोह धरी मन माल विकापें, अग्निमित्र भो आतुर आपें. उरवशी अत्र लोकी कायें, प्रेम पुरुरवा मनमें लाये; वत्सराज वड प्रेमि कहाये, वासवतापें रति लाये. ॥ १७ ॥

ટીકા—આગળ અનેક સિદ્ધની મંડળીઓ, મ્હોટા મુનીઓ અને વ્યવહારત્યાગી સંન્યાસિયો આદિક પ્રેમી થયા છે; તેઓ કાયામાં તપ આદિક કષ્ટ સહન કરીને પ્રભુપદપર પ્રેમ લાવી તેના ધ્યાનને રસ્તે ચાલ્યા છે. તેમાં વિષ્ણુ ભગવાન પ્રત્યે મહાન પ્રેમી પ્રહલાદજી કહેવાણા છે, જેણે નારાયણપર પૂર્ણ પ્રેમ લાવી-પિતા તરફનાં અથાગ સંકષ્ટને પોતાની સુંદર કાયામાં સહન કરવા છતાં મનમાં માનેલા પરમેશ્વરને છોડયા નહીં; વળિ ધ્રુવના અંગમાં પ્રેમ પ્રકાશ થયો ત્હારે-ઘર, માતા અને મિત્ર આદિ સર્વે પરિવારને તજી વનમાં જઈ અખંડ તપ આદર્યું, જેના યોગે તેને મનોહર મનગમતા પરમેશ્વર મળ્યા. વળિ પવિત્ર પ્રેમ વ્રજની સ્ત્રીઓ ધરીને અંગથી વડીલોની વિશાળ લાજ તજીને, તે પોતપોતાના મનમાં હર્ષ ધરી વનમાં જઈ-શ્રી કૃષ્ણ સાથે રાસ ર-

મીઓ; એજ પ્રમાણે ઓખાએ સ્વપ્નામાં જોયેલા અનિરૂદ્ધપર પ્રેમ લાવી, તથા પોતાની સખી ચિત્રલેખા મારફતે તેને પોતાની પાસે બોલાવીને મનમાં અતિશય હર્ષ ધરી-તેની સાથે વિવાહ આદર્યો. વળિ શકુંતલાપર પ્રેમ ધરીને દુષ્યંત રાજાએ તેનું મન હરી લીધું; એજ રીતિએ માલવિકારપર મનમાં મોહ ધરીને અગ્નિમિત્ર રાજા પડે આતુર થયો; વળી ઉર્વશી નામની અપ્સરાને જોઈને પુરૂરવા રાજા મનમાં પ્રેમ લાવ્યો; તથા વત્સરાજ મ્હોટો પ્રેમી કેહેવાણો અને તે વાસવદત્તાપર પ્રેમનિમગ્ન થયો. (૧૭).

दोहा.

ऐसें अति गिरवानमें, प्रेमी प्रतन कहाय;
आधुनीक अव कहतहों, प्राकृतमें जिहि गाय. ॥ १८ ॥

ટીકા—એવા ઘણાય સંસ્કૃત ભાષાના ગ્રંથોમાં પુરાતની પ્રેમી કહ્યાં છે; પરંતુ હમણાંના જે પ્રાકૃત ભાષાના ગ્રંથોમાં જે જે પ્રેમી ગવાય છે તે કહું છું. (૧૮)

पादाकुलक छंद.

मोह मधुपर मालती लाई, प्रेम प्रकाश किये सुखदाई; रांझा हीर हियामें जनो, प्रगटे पूरन प्रेम प्रमानो. रंगरेजिनी राग धरीकें, आलमकों मन लियो हरीके; काम कंदला माधव मांई, प्रेम परम निज उरमें लाई. छेल बटाउ मोहिना रानी, प्रीति परस्पर वाने ठांनी; म्होज दीन महताब कहीजे, प्रेम परम वा अंग लहीजे. पुष्पसेनपें प्रेम सजीके, पद्मावती कुलकांनि तजीकें; गूप्र ब्याह गांधर्व बनाई, मोद महा मनहीमें पाई. मोह मारुपें ढोला लाया, चंढी उंट मिलनेकों धाया; अमर नागरीपें रति लाई, चंपा चित्त रहे हरखाई. छेल झरा रहिकों चित्त चाई, मोह मोमनां वापर लाई; सदेवंत शुभ राय कहाये, छोह सावलींगापर लाये. लेलींपें रति मजनुं लाई, रहे सदा निज मन हरखाई. प्रेम युसफपर लाई जुलेखां, ऐसें अचल नमे कभि देखा. छोह शिरिन फरहाद धरावे, सो सब जगमें छाई सुहावे; ताजलमुल्क महामन मांये, गूलबकावलिपें रति लाये. ॥ १९ ॥

ટીકા—માલતીએ મધુ ઊપર મોહ ધરીને સુખદાયક પ્રેમ પ્રકાશ કર્યો, તેમજ રાંઝા અને હીરના હૃદયમાં પૂર્ણ પ્રેમ પ્રગટ્યો-જેને સહુ કોઈ જાણે છે; રંગરેજણે (રંગારિયે) પ્રેમ ધરીને આલમ કવિનું મન હરી લીધું; વળિ કાંમકંદલા નાયકાએ પોતાના મનમાં માધવાનળપર અખંડ પ્રેમ લાવી; તથા છેલબટાઊ અને મોહિના રાણી જે જંગલમાં પ્રખ્યાત છે-તેણે એક બીજાપર પરસ્પર પ્રીતિ કરી; વળિ મ્હોજદીન અને મહતાબ જે પ્રખ્યાત કહેવાય છે, તેના અંગમાં પરસ્પર અખંડ પ્રેમ જાગ્યો છે; વળિ પુષ્પસેનપર

પ્રેમ ધરીને પદ્માવતી કુળની લાજ અને મર્યાદા મૂકીને તેની સાથે માબાપથી છાનો ગાંધર્વ વિવાહ કરીને હર્ષિત બની રહી; તથા મારૂ ઊપર પ્રીતિ લાવીને તેને મળવા ઢોલારાણો ઉંટપર ચડીને દોડયો; તેમજ અમર નાગરાણીપર પ્રેમ લાવીને ચંપો મનમાં હરખાઈ રહ્યો; છેલ ઝરાને ચિત્તમાં ચાહીને પેમના રાણી તેઓપર પ્રેમ લાવી; તેમજ સદેવંત ચતુર રાજા કહેવાયો–તેણે સાવલીંગા નામની વાણિયણપર પ્રેમ લગાડ્યો. વળિ લેલી ઉપર મજનૂ પ્રેમ લાવીને સદાય પોતાના મનમાં હરખાઈ રહ્યો; તેમ યુસફપર જુલેખાં પ્રેમ લાવી, એવો અચલ પ્રેમ ક્યારેય મેં જોયો નથી; વળિ શીરિન અને ફરહાદ પરસ્પર પ્રેમ ધરાવે છે–તે સર્વે જગત્માં છવાઇને શોભે છે; તેમજ તાજલમૂલ્ક અતિશય મનમાં ગુલબંકાવલિપર પ્રેમ લાવ્યો છે. (૧૯)

दोहा.

प्रथम प्रेम भाविक कहे, मतिसें मानव देह;
चारु स्वभाविक अब कहो, पशु पक्षिमें जेह. ॥ २० ॥

ટીકા—એ પ્રકારે પ્રથમ બુદ્ધિથી મનુષ્ય શરીરના ભાવિક પ્રેમ કહ્યા, સિવાય મનોહર અને સ્વભાવિક પ્રેમ જે પશુ પક્ષીઓમાં છે–તેને હવે કહું છું. (૨૦)

स्वभाविक प्रेमबर्नन यथा–तोटक छंद.

पशुपंखि सबे पुनि प्रेम धरे, मन भाय मिले प्रकाश करे; मृग राग धरे अति रागनपें, गज छोह करे करिनीतनपें. मुरवा मन मोद धरे धनपें, अनुराग धरे अलि कंजनपें; चित्त चातुक स्वातिकें बुंद चहे, पुनि हारिल काठपें प्रेम गहे. शशिपें अति छोह चकोर धरे, रति लाइ पतंग प्रदीप जरे; जिय जोरिपें चाह जुराफ सजे, बिछुरे वपुनें तव प्रांन तजे. चकवा रविपें अति राग धरे, नहि देखि निशामें पुकार करे; पिक प्रेम धरे रितु राजनपें, अहि बास चहे तरु चंदनपें. शिति पक्ष सदा सरमान चहे, मनिमांहि मरोह भुजंग गहे; रति स्वातिकें बुंदपें छीप लहे, तव उपर आइकें आप गहे. जलपें झख प्यार पुनीत धरे, बिछुरे वपु तौ मुरझाइ मरे; मधुपें मधु माक्षिकौं मोह धरे, हरि कोऊ लिये तव खेद करे. मन मेंडक मोह धरी धनमें, अति आप उमंगि उठे तनमें; मलिनी शिशुपें अति छोह धरे, तनुखाय तले नहि त्याग करे. मुरलीपर मोह भुजंग धरे, सुनि नाद श्रवे पुनि केदपरे; तदपी नहि खेद हियामें धरे, अनुरागिके लच्छभ येहि खरे. ॥ २१ ॥

ટીકા—પશુ પક્ષીઓ પણ મનમાં પ્રેમને ધારણ કરે છે, અને જ્યારે

તેમને મનગમતું મળે છે—ત્હારે તે પ્રકાશ કરે છે. જુવો—હરણું રાગપર અતિશય પ્રેમ ધારે છે; તેમજ હાથી હાથણીના અંગપર પ્રેમ લાવે છે; મોર મનમાં વર્ષાદપર હર્ષ ધરે છે; અને ભ્રમરો કમળપર પ્રેમ લાવે છે; બપૈયા સ્વાતિના બુંદને જીવજાન ચહાય છે; તેમજ હારિલ પક્ષી પગમાં ગ્રહણ કરેલા લાકડાના કટકાપર પ્રેમ ધારે છે; ચંદ્રમાપર અતિશય પ્રેમ ચકોર ધરે છે; તેમજ દીવાપર પ્રેમ લાવીને પતંગિયો પોતે બળી મરે છે; વળી જિવમાં નર માદાની જોડીપર જુરાફ ચાહના રાખે છે—છતાં જો શરીરથી વિયોગ થાય છે તો પ્રાણ તજી મરે છે; વળી ચકવા પક્ષી સૂર્યપર અતિશય પ્રેમ ધરે છે અને રાતમાં તેને (સૂર્યને) નહિ જોવાથી રાડયો પાડે છે; કોયલ વસંત ઋતુપર પ્રેમ ધરે છે; તેમજ સર્પ ચંદન વૃક્ષપર જઈને રહેવાનું ચહાય છે; હંસ પક્ષી હમેશાં માનસરોવરને ઇચ્છે છે; તેમજ મણિપર મણિધર પ્રેમ રાખે છે; સ્વાતિના બુંદપર સમુદ્ર માંહેની છીપો પ્રીતિ ધરાવે છે તેથી જહારે સ્વાતિનો વર્ષાદ થાય છે એટલે સમુદ્રની તળેથી ઉપર આવીને બુંદને ગ્રહણ કરે છે; પાણીપર પવિત્ર પ્રેમ માછલાં રાખે છે, અને જહારે પાણીથી વિખુટાં પડે છે—ત્હારે મુંઝાઇને મરે છે; મધપર મધની માંખ્યો મોહ ધારે છે, ને તે મધને જહારે કોઈ લઈ જાય છે—ત્હારે તે બહુ ખેદ કરે છે; દેડકાં મનમાં વર્ષાદપર મોહ ધરે છે, તેથી જહારે વર્ષાદની ઋતુ આવે છે—ત્હારે અંતિશય અંગમાં ઉમંગ ધરીને બોલી ઉઠે છે; તેમ વિંછણ તેનાં બચ્ચાંપર ઘણી આશક્ત હોય છે—તેથી તેનું આખું શરીર ફોલીને ખાઈ જાય છે છતાં બચ્ચાંનો ત્યાગ ન કરતાં પોતાનો જીવ ખુવે છે; મોરલીપર સર્પ પ્રેમ ધરે છે—તેથી તેનો શબ્દ કાને સાંભળીને રાફડામાંથી બાહેર આવી બાજીગર-વાદીને હાથ પકડાઈ કેદ પડે છે, તોપણ તેનો ખેદ હૃદયમાં ધરતો નથી; માટે પ્રેમીનાં એજ લક્ષણ છે—કે ગમે તેવી આપદા પડવા છતાં તેને સહન કરીને એક પ્રેમનેજ કાયમ દૃઢ રાખે. (૨૧)

दोहा.

चारु स्वभाविक प्रेममें, जड चैतन द्वै भेद;
चैतन कहि अब कहतहों, जड प्रेमी बिन खेद. ॥ २२ ॥

ટીકા—એવા મનોહર સ્વભાવિક પ્રેમમાં જડ અને ચૈતન્ય એવા બે ભેદ છે; તેમાં પેહેલો ચૈતન્ય કહીને હવે જડ પ્રેમ ખેદવિના કહું છું. (૨૨)

जडप्रेमी—तोटक छंद.

जडमें पुनि प्रेम प्रभाय रहे, मनभाय मिले तब मोद लहे; मिथ चुंबक लोह मरोह धरे, दुर देखत दौरिकें भेटि परें. पवमानिमें प्रेमा सुगंध गही, इन साथ सबे दिशि जात वही; सविता पर छोह सरोज धरे, लखि भोर प्रफुल्लित होय खरें. शशिपे रति सागर धारतहे, लखि कौमुदि नीर उछारतहे;

प्रमदापर पारद प्रेम लसे, इन पेखत पाछें उमंडि धसें. घन सार मरीचपें मोह धरी, निशि द्योस रखे निज साथि करी; पुनि कोउ दिना नहि पास लखे, उडि जाय तबे बिन देखें सखे. मृगजापर अम्मर आश धरे, धसि धूम लुके पर जाइ छरें; शशिकों कुइ चाहत छोह धरी, लखि जोन्हविकाशत पुष्प खरी. पय पानिपें पूरन प्रेम रखे, दहतें दवमें इनकों जुलखे; उफनाइ तबे तनं आगि धरे, निज मित्रकि आगिल आप जरे. मुकता नरमादि कहावतहे, यह आपुसमें रति लावतहे; अलगा इनकों कभि कोउ करें, पलमें मिल जाय सुदोय खरें. ध्रुव मच्छहि यंत्र रहे घरमें, अनुराग रखे यहे उत्तरमें; मनमानि दशें उलटाय लखे, तदपी दिशि उत्तर आस्य रखे. शशिपें शशिकांत मरोह धरें, पिंघले लखि कीरन आप खरें; पुनि त्यों सुरकांतहि सूर्य चहे, लखि कीरनकों निज अंग दहे. ईमि सूर्यमुखी सुर चाहतहे, नित सूरजपें मुख राखतहे; शिखिपें रति मोर शिला सुलहे, प्रतिबिंब शिखी इक आप गहे. ॥ २३ ॥

ટીકા—જડ વસ્તુમાં પણ પ્રેમ ઝળકી રહ્યો છે અને તેને મનગમતુ જ્યહારે મળે છે-ત્હારે હર્ષ પામે છે. જુવો-લોઢું અને ચુંબક પરસ્પર પ્રેમ ધરે છે તેથી એક બીજાને દૂરથી જોતાંજ દોડીને ભેટી પડે છે. પવન ઉપર પ્રેમ સુગંધી રાખે છે-તેથી પોતાનું સ્થાન તજીને તેની સાથે સર્વે દિશાઓમાં ચાલી જાય છે. સૂર્ય ઉપર કમળ પ્રેમ ધરે છે-તેથી પ્રભાતમાં સૂર્યને જોઈને પ્રફુલિત થાય છે. ચંદ્રમાપર સાગર પ્રેમ ધારે છે-તેથી તે ચંદ્રની ચંદ્રિકા જોઈ પોતાનું જળ ઉછાળે છે. સ્ત્રીપર પારાનો પ્રેમ શોભે છે-તેથી તેને જોતાંજ તેની વાંસે (કુપ્પામાંથી ઉભરાઈને) દોડે છે. કપુર પણ તીખાઃપર પ્રેમ ધરે છે-તેથી રાત દિવસ તેને પોતાનો સોબતી કરીને સાથે રાખે છે; વળી કોઈ દિવસ તેને પોતાની પાસે નહિ જુવે-તો તે મિત્રને જોયા વિના તુરત ઉડી જાય છે. કસ્તુરીપર અમર પ્રેમ ધરે છે-તેથી જહાં કસ્તુરી સંતાડી હોય-ત્હાં અમરનો ધુમાડો જઈને ઉભો રહે છે. તથા ચંદ્રમાને પોયણી પ્રેમ ધરી ચહાય છે-તેથી ચંદ્રની ચંદ્રિકા જોઈને પોતાના કમળોને પ્રફુલિત કરે છે. દૂધ પાણી પર પૂર્ણ પ્રેમ ધરે છે-તેથી તેને પાણીવાળું જાણી બાળી નાખવા કડાયામાં નાખી ચુલાપર મુકીએ-તો દૂધ પેલાં પાણી બળવા માંડે છે, જે જોઈને દૂધ કડાયામાંથી ઉભરાઈને અગ્નિમાં પડી મિત્રની પેહેલાં પોતે બળે છે. મોતીમાં નરમાદાનો જોટો થાય છે, તે એક બીજાપર પરસ્પર પ્રેમ રાખે છે-તેને કોઈ વારે કોઈ જુદાં કરે છે-તો તે જુદાં ન રહેતાં એક પલવારમાં બંન્ને પોતાની મેળે ઉડીને મળી જાય છે; તેમજ ધ્રુવ મચ્છનો કાંટો ઘરમાં રહે છે, પણ તે ઉત્તર દિશાપર પ્રેમ ધરાવે છે-તેથી તેને ગમે તે દિશા તરફ ફેરવીને

મુકે તોપણ તે પોતાનું મુખ ઉત્તર દિશા તરફજ રાખે છે. ચંદ્રકાન્ત મણિ ચંદ્રમાપર પ્રેમ ધરે છે-તેથી ચંદ્રની કિરણોને જોઇને પોતે ખરેખર ગળે છે. તેમજ વળિ સૂર્યકાન્ત મણિ સૂર્યને ચ્હાય છે અને સૂર્યના કિરણોને જોઇને પોતે ભડભડ અંગે બળે છે. એજ પ્રકારે સૂર્યમુખી ફુલ સૂર્યને ઈચ્છી હમેશાં સૂરજ તરફ પોતાનું મુખં રાખે છે. મયુર (શિલામણી નામનો સ્ફટિક જેવો પત્થર થાય છે તે) મોરપર પ્રીત રાખે છે-તેથી તે એક મોરનુંજ પ્રતિબિંબ પોતામાં ગ્રહણ કરે છે, મતલબ કે-સ્ફટિક જેવા પદાર્થમાં જે સામું રાખિયે તેનું પ્રતિબિંબ પડે; પણ આમાંતો મોર સિવાય બીજી કોઈ વસ્તુનું પ્રતિબિંબ પડતું નથી. (૨૩)

दोहा.

प्रेम धरत पुनि पेडकित, तरुनीके तनुमांय;
दोहद वाकों कहतहे, सो तुम देह सुनाय. ॥ २४ ॥

ટીકા—એજ રીતે કેટલાંક વૃક્ષો સ્રીના અંગમાં પ્રેમ ધરે છે-જેને દોહદ કરી કહે છે, તે હવે તને સંભળાવી આપું છું. (૨૪)

अथ वृक्षदोहदबर्नन यथा—तोटक छंद.

तियपें कितने तरु प्रेम गहे, उनकों पुनि दोहद सर्व कहे; यह आज अैली तुम पास कहों, सुनि सोय सबे मनमांहि गहो. परसेतिय जाय प्रियंगु तनें, तव होय प्रफुल्लित सोय घने; पुनि बालमुखी सव शेक करें, तब मौलसरी विकसात खरे. प्रमदा पद घात अशोक लहे, तब सोय प्रफुल्लित तुर्त वहे; तिलकं परतीय लखे जबही, ततकाल त्रिकाश बने तबही. तिय कोल कुरू बक कोंहि करे, तब सोय प्रफुल्लित होय खरें; सुनि नर्म बचो तियके तनमें, प्रफुल्लित मँदार बने छिनमें. पदु कोमल हास लखी तियके, विलसे बहु चंपक फुल्लियकें; तरुनी मुख स्वासतेँ अंबफलें, विकसें सुनि गीत नमेरु भले. पुनि नाच लखे तियके जबही, प्रफुल्लित कनेर बने तवही; इमि पेड प्रियापेर प्रेम गहे, तब क्यों हम मानव नांहि लहे. ॥ २५ ॥

ટીકા—કંઈક વૃક્ષો સ્રીપર પ્રેમ ધરાવે છે જેને દોહદ કરી કહે છે, તે હે સખી! આજ ત્હારી પાસે કહુ છું, તે સર્વે સાંભળીને મનમાં ગ્રહણ કર. જ્હારે અલંકારયુક્ત નવયૌવના સ્રી જઇને પ્રિયંગુ વૃક્ષને સ્પર્શ કરેં છે-ત્હારે તે (તેને ફળવાની ઋતુ ન હોય તોપણ) ઘણુંજ પ્રફુલિત થાય છે. વળી જ્હારે કોઈ નવયૌવના સ્રી મુખમાં દારૂ લઇને તે બકુળ વૃક્ષ ઉપર કોગળો કરે છે-ત્હારે તે ખરેખર પ્રફુલિત બની રહે છે. અને જ્હારે અલંકારયુક્ત

નવયૌવના સ્ત્રી અશોક વૃક્ષને પગની લાત મારે છે-એટલે તે તુર્ત વિકાશીત બને છે. તેમજ જ્હારે શૃંગાર સજીને નવયૌવના સ્ત્રી તિલક વૃક્ષ સામુ બરાબર દ્રષ્ટિ કરીને જુવે છે-ત્હારે તે તેજ વખતે ફુલી ઉઠે છે. અને શૃંગાર સજીને નવયૌવના સ્ત્રી જ્હારે કુરૂબક વૃક્ષને આલિંગન કરે છે-ત્હારે તે તેજ વખતે ખરેખર પ્રફુલિત થાય છે. વળી નવયૌવના સ્ત્રીનાં નર્મ વચન સાંભળીને મંદાર વૃક્ષ તેજ ક્ષણમાં પ્રફુલિત થાય છે. તેમજ વળી નવયૌવના સ્ત્રીના ચાતુર્યયુક્ત કોમળ હાસ્ય જોઇને ચંપક વૃક્ષ પ્રફુલિત થઈને બહુ શોભે છે. તેમજ નવયૌવના સ્ત્રીઓનાં મુખના સ્વાસથી આંબાનું વૃક્ષ ફળે છે. વળી તે નવયૌવના સ્ત્રીઓનું ગાયન સાંભળીને નમેરૂ વૃક્ષ સારી રીતે વિકાશ પામે છે. વળી જ્હારે પોતાની સમીપમાં નવયૌવના સ્ત્રીઓનો નાચ થતો જુવે છે-ત્હારે કણેર વૃક્ષ પ્રફુલિત થાય છે. એવી રીતે જ્હારે વૃક્ષો સ્ત્રીઓપર પ્રેમ ધરાવે છે, તો હમે માણસ થઇને કેમ ન રાખીએ? (૨૫)

दोहा.

ऐसें जड चैतन सबे, प्रेम रखे मनमांय;
तो हम पुनीत प्रेमिजन, क्यों न रखे निज काय. ॥ २६ ॥

ટીકા—એવી રીતે જડ અને ચૈતન્ય સર્વે જગત્ મનમાં પ્રેમ રાખે છે. તો અમે પવિત્ર પ્રેમી મનુષ્ય કેમ પોતાની કાયામાં પ્રેમને ન રાખિયે? (૨૬)

दोहा.

प्रेम प्रगट व्यापे सकल, प्रेम बिना नहि कोय;
प्रेम धरी निज पिंडमें, चाहतहो तुम मोय. ॥ २७ ॥

ટીકા—પ્રેમ પ્રગટ થઈને સર્વે ઠેકાણે વાપ્યો છે, તેમજ પ્રેમ વિના કોઈ સ્થળ ખાલી નથી. તેજ રીતે તું પણ પોતાના શરીરમાં પ્રેમ ધરીને મને ચ્હાય છે. (૨૭)

गाहा.

पुनीत प्रेम पशंसा, कुसुमावलि प्रति कलाप्रबीन कही;
षट सप्तति अभिधानं, पुर्न प्रबीनसागरो लहरं. ॥ २८ ॥

ટીકા—કુસુમાવળી પ્રત્યે કળાપ્રવીણે પવિત્ર પ્રેમનાં વખાણ કર્યાં, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની છોત્તેરમી લહર સંપૂર્ણ થઈ. (૨૮)

इतिश्री प्रबीनसागरग्रंथेकुसुमप्रबीनसंवादेप्रेमप्रशंसाकथनंनाम षटसप्तति तमोलहरं. ॥ ७६ ॥

लेहेर ७७ मी.

अथ दैवप्रतिकूलतेंप्रवीनयोगिनीस्वरूपधारनप्रसंगोयथा कुसुमप्रतिप्रवीनोक्त यथा–दोहा.

जिहिजन जनमें जगतमें, सो दंपति रहि संग;
विलसत रातो दिवसहे, उमंग धरी निज अंग. ॥ १ ॥

ટીકા—જે મનુષ્યો જગત્‌માં જન્મ્યાં છે–તે સ્ત્રી પુરૂષ સાથે રહીને પોતામાં ઉમંગ ધરીને રાત દિવસ વિલાસ કરે છે. (૧)

यह अवलो अंगमें, बहु विधि होत विचार;
विषम बिरह वपुमें सदा, क्यों दीने करतार. ॥ २ ॥

ટીકા—તે જોઇને મ્હારા મનમાં અનેક પ્રકારના વિચારો થાય છે કે–આવો અઘટિત વિયોગ હમેશાં મ્હારા અંગમાં પરમેશ્વરે કેમ આપ્યો? (૨)

कहा कर्मके पापतें, आधि सहत हम आप;
सो मिटाव सखि वेगतें, जटिल जपाइ जाप. ॥ ३ ॥

ટીકા—કયા કર્મના પાપથકી આવી આધિ (મનની પિડા) હું પોતે ભોગવુંછું તે હે સખી! જટાધારી શંકરના (મૃત્યુંજય આદિક) જાપ જપાવીને જળદી મટાડય. (૩)

प्रवीनप्रतिकुसुमोक्त–दोहा.

जाप जपेसें ना मिटे, होन हारसो होय;
धैर्य धरी निज अंगमें, सहन करो सखि सोय. ॥ ४ ॥

ટીકા—આ પ્રકારની પ્રવીણને વિલ્હાલ જોઈ કુસુમાવળી તેને શાંતતા આપતાં કહે છે કે હે પ્રિય રાજદુલારી! જે થવાનું છે તે થયાજ કરે છે–તે જાપ જપવાથી મટતું નથી, માટે તે સર્વે દુઃખને ધીરજ ધરી તારા શરીરમાં સહન કર. (૪)

दोहा.

ज्यों लों प्रतिकूल दैवहे, त्यों लों कछु नहि होहिं;
अनुकूल व्हहे येह तब, वांछित होगे तोहि. ॥ ५ ॥

ટીકા—જહાં લગણ દૈવ પ્રતિકૂળ (અવળો) છે ત્હાં લગણ કાંઈજ બનાવાનું નથી, તથાપિ જ્હારે તે અનુકૂળ અર્થાત્ સવળો થશે ત્હારે ત્હારા મનનું ધાર્યું એની મેળેજ થશે. (૫)

यातें अनुकूल दैवके, समय सु राह निहार;
भजन करो भगवानके, धीरज दिलमें धार. ॥ ६ ॥

ટીકા—તેથી અનુકૂળ (સવળા) દૈવના સારા સમયની વાટ જોઇને હાલ મનમાં ધીરજ ધારીને ભગવાનનું ભજન કર. (६)

पेखी प्रतिकुल दैवकों, कभिकों करत सहाय;
तौभी सुख पावे नहीं, सो अब देहु बताय. ॥ ७ ॥

ટીકા—પ્રતિકૂળ (અવળા) દૈવને જોઇને કોઈ (મનમાં દયા લાવી) ક્યારેય સહાય કરે-તોપણ તે સુખ પામે નહિ, તે હમણાં તને બતાવુંછું (७)

तत्र एकराजा और दीनको द्रष्टांत–तोटक छंद विषमालंकार.

लखि दीन दया धरि भूपहिये, धन लाखनके शुभ हार दिये; वह व्याल भ्रमें हरि चील्ह गये, दुगनें दुखिये तब दीन भये. परि बात यहे नृप कान जबे, करुना कर पास बुलाह तबे; दुख टारनकों धरि हर्ष हिये, मुदरी मह मौलनकी जुंदिये. यह फाटित बस्त्रमें बांधि तहां, उतरे अपगा ग्रह आन जहां; निगली बिचमें वह मीन गये, तिगुने दुखिये तब दीन भये. नृपकों यह बातकि जान परी, उनकों तब पास बुलाय फिरी; पुनि कंचन इंट अनूप दिये, वह चुल्लि समीप दुराय लिये. लखि सोय पडोसिन चोर गइ, पुनि दीन दशा अलि ऐसि भइ; इन रीति तुठे नृप साह्य करे, पर दैव रुठे नहि काज सरे. ॥ ८ ॥

ટીકા—કોઈ એક ગરીબ જોઇને રાજાએ તેનીપર મનમાં દયા લાવીને લાખ રૂપૈયાનો મનોહર હાર આપ્યો, તે સર્પની ભ્રાંતિથી સમળી ગરિબના હાથમાંથી જડપીને લઈ ગઈ, ત્હારે ગરિબ બિચારો બમણો દુખિયો થયો; પછી જ્હારે તે વાત રાજાને કાને પડી-ત્હારે દયા લાવીને તે ગરિબને પાસે બોલાવી તેનું દુઃખ ટાળવા માટે હૃદયમાં હર્ષ ધરીને ઘણી મ્હોટી કિમ્મતની વીંટી આપી. તે ફાટેલ વસ્ત્રને છેડે બાંધીને ઘેર આવતાં રસ્તામાં આડી આવેહી નદી ઉતર્યો, વીંટી નદીમાં સરી પડી અને તેને તુરત પાણી માહેનું માછલું ગળી ગયું. ત્હારે તે ગરિબ બિચારો ત્રમણો દુખિયો થયો. તે વાતની રાજાને ખબર થઈ ત્હારે એને ફરીને પાસે બોલાવી વળી એક સોનાની મનોહર ઇંટ આપી, તે ઘેર લાવીને ક્યાંઈ ઘરમાં મૂકવાનુ ઠેકાણું ન હોવાથી ચૂલાની આગમણમાં દાટી કામે ગયો, ત્હાં પાડોસણ દેવતા લેવા ગઈ, તેણે ચૂલો તથા આગમણ દેવતા માટે ખોળીને જોયાં ત્હાં ઇંટ ભાળી તે લઇને જતી રહી. એમ એ ગરિબની દશા તો હે સખી! જેવી હતી તેવીને તેવીજ થઈ રહી, માટે એવી રીતે રાજા જેવા રીઝીને સહાય કરે, પણ દૈવ ખીજયો હોય-ત્હાં લગણ કાંઈ કામ થાય નહીં. (८)

दोहा.

अनुकूल व्हेहे दैव तब, साह्य बिना सुख पाय;
गत वस्तू वेगें मिले, होय सबे मन भाय. ॥ ९ ॥

ટીકા—જ્યારે દૈવ અનુકૂળ (સવળો) થાય-ત્યારે સહાય વિનાયે સુખ પામે અને ગયેલી વસ્તુ પણ જલદી પાછી મળે; એમ સર્વ વાતે મન ગમતું થાય. (૯)

तत्र दीनकोद्रष्टांतमहर्षनालंकार—तोटक छंद.

जब दैव दया करि तुष्ट भये, तब दीन उरें यह तर्क भये; यह आंगन दीरघ द्रूम खडे, इनमें अति इंधन भात बडे. वह बेचनतें कछु द्राम मिले, यह बात बिचारिकेँ आप दिलें; छिदि ग्राहि चढे तरुपें जबही, खग नीडमें हार लखे तबही. लहि हार हियामहिं हर्ष धरी, द्रूमतें द्रुत सोय अधो उतरी; अति भक्षनकों धरि भाव हिये, दंमरी दशकी पुनि मीन लिये. वह चीरत पाय महा मुंदरी, दियथी नृपनें जिहि दान करी; तब दंपति बैठि विचार करे, पुनि आपुसमें मन हर्ष धरे. यह पेखि पडोसिन भींति गही, हम चोरि किये वह जान लही; इमि मानि उरें कर इंट लिये, जहि दीनकेँ हाथमें सोय दिये. यह रीत मिले धन माल सबे, जब तुष्ट भये. वपु दैव तबे; कह बात बिचारि सखी मनमें, शुभ दिष्टकी राह लखो तनमें. ॥ १० ॥

ટીકા—"પ્રથમ કહેલા ગરિબને" જ્હારે દૈવ દયા લાવીને પ્રસન્ન થયો ત્હાં તે ગરિબના મનમાં એવો વિચાર થયો કે-આ આંગણામાં જે મ્હોટું ઝાડ ઉભું છે, તેમાં સૂકાઈ ગયેલાં લાકડાં ઘણાં દેખાય છે; માટે તેને પાડીને વેચવાથી કાંઈ પૈસા મળશે. એમ પોતાના મન સાથે વિચારી કુવાડો લઈ ઝાડ ઉપર જહાં ચડયો-એટલે સમળીના માળામાં (પોતાનો ગયેલો) હાર જોયો, કે તરતજ તે હાર ઉઠાવી લઈ મનમાં ઘણો હર્ષ ધરી ઝાડથી તે વેગે હેઠો ઉતરી, મનમાં અતિ રળિયાત ભાવથી ખાવા માટે દશ દમડીનાં મચ્છાં લઈ આવ્યો; પછી તે માછલાંને કાપતાં તેમાંના એકમાંથી જે રાજાએ દાનમાં આપી હતી-તે મોંઘા મૂલની વિંટી નિકળી. આથી તે સ્ત્રી પુરૂષ એકમેક બેઠાં બેઠાં વિચાર કરે છે અને પરસ્પર મનમાં હર્ષ ધરે છે, તે જોઈને પેલી પાડોસણ બીવા લાગી અને મનમાં વિચાર કરવા લાગી કે-મેં આ સોનાની ઇંટની ચોરી કરી છે તે તેઓએ જાણી લીધું જણાય છે-એમ મનમાં માનીને હાથમાં ઇંટ લઈ, આવીને તે ગરિબના હાથમાં આપી; એ પ્રકારે જ્હારે દૈવ પ્રસન્ન થયો-ત્હારે સર્વે ધન માલ મળ્યો, તે વાત હે સખી! મનમાં વિચારીને સારા સમયની-એટલે અનુકૂળ દૈવની વાટ જો. (૧૦)

दोहा.

दैव अनुकूल बिन कदा, चाही चितमें संग;
जो जानेंगी साथतो, पीडा पैंहो अंग. ॥ ११ ॥

ટીકા—કદાચિત દૈવ અનુકૂળ વિના ચિત્તમાં સાગરનો સંગ ચાહીને જો સાથે જઈશ-તો શરીરે ઘણીક પિડા પામીશ. (૧૧.)

सवैया—द्रष्टांतालंकार.

दैव प्रतीकूलमें सति सीतहि, आप गइ बन राम सँगातें;
वा दुख दारुन देह सहे पुनि, रावन लेइ गयो रचि घातें.
त्यों दमयंति गइ पति साथसों, त्यागि भ्रमे नलनें मध रातें;
यों अनुकूलहि दैव बिना तुम, जावगि तो दुख पावगि गातें. ॥१२॥

ટીકા—પ્રતિકૂળ દૈવના વખતમાં સતી સીતા પોતે જો રામચંદ્રજી સાથે વનમાં ગઈ; તો ત્યાં મહા ભયંકર દુઃખ શરીરમાં સહન કરવું પડયું, અને છેવટે રાવણ પ્રપંચ કરીને હરી ગયો. તેમજ દમયંતી પોતાના પતિ નળની સાથે વનમાં ગઈ-તો તેને કાંઈ ભ્રાંતિથી નળ રાજાએ અર્દ્ધ રાત્રિયે ત્યાગી; એમ અનુકૂળ દૈવ વિના જો તું જઈશ તો શરીરમાં મહા દુઃખ પામીશ. (૧૨)

दोहा.

मात पिता परिवार पुनि, स्वामी सुहृद सोय;
दैव रुठे तव देहमें, काम न आवे कोय. ॥ १३ ॥

ટીકા—માતા, પિતા, પરિવાર, ધણી અને મિત્ર તે સર્વે દૈવ રૂઠતાં વે કોઇએ આપણા કામમાં આવે નહીં. (૧૩)

तत्र समुद्रकोद्रष्टांत—कवित्त.

सुधातें सुराकों अरु, रमातें रमेश जूकों; वेर्दंडतें वासवकों, आनंद उपायेहे. चंद्रतें श्रीकंठ अरु, महीकों मर्याद हितें; उदरें मैनाक आदि, नगकों निभायेहें. इरातें असुर अरु, वाजीतें विभा करकों; मुकतासें मानवकों, मुदित बनायेहे. अमे अपधिकों पान, कुंभजने किये बबे; रुठे लखि दैव कोउ, कुमकें न आयेहे. ॥ १४ ॥

ટીકા—અમૃતથકી દેવતાઓને અને લક્ષ્મીથકી વિષ્ણુને, તેમ ઐરાત હાથીથકી ઇંદ્રને પ્રસન્ન કર્યા છે; ચંદ્રમાથી શંકરને અને પૃથ્વીને મર્યાદાથકી તેમજ મૈનાક આદિ પર્વતોને પેટમાં રાખીને નભાવ્યા છે; દારૂથકી દૈત્યોને અને ઉચ્ચૈઃશ્રવા નામના ઘોડાથકી સૂર્યને તથા મોતીથકી સર્વે મનુષ્યોને રાજી કર્યા છે; અર્થાત્ એવા એવા મોટાપર જેણે ઉપકાર કર્યા છે, તે સમુદ્રનું

જહારે અગસ્ત ઋષિયે પાન કર્યું-ત્હારે દૈવકોપ જાણીને કોઈ તેની મદદ કરવા આવ્યા નહીં. (૧૪)

कविवाच–दोहा.

यह मुनिकें सुकुमारिका, उरमें बनी उदास;
शोचीकें छिन यकही, बोली बोल प्रकाश. ॥ १५ ॥

ટીકા—એ આદિ સાંભળીને કુંવરી કળાપ્રવીણ મનમાં ઉદાસ થઇને એક ક્ષણવાર વિચાર કરી પછી જાહેર રીતે વચન બોલી કે—(૧૫)

कुसूमप्रति प्रवीनोक्त चरनाकुल छंद.

दैव प्रतिकूल भये हमारे, यहे वचन सखि सत्य तिहारे; जो प्रतिकूल न होय हमारे, तो भगुवे क्यों सागर धारे. जबतें रति सागरतें ठानी, तबतें ईरषा इननें आनी; कोउ दिना कभि होयं सुश्लेषा, तो डारे बिच विघन विशेषा. तौभी तोष धरी हम अंगे, काल गुमावत पत्र प्रसंगे; सो चित्तमें नहि दैव सुहाये, सागरकों संन्यासि बनाये: यातें उर संतोष न धारे, पुनि परसों परदेश निकारे; वाते वह उरमें हम ठाई, दैव प्रतिकूलहे दुखदाई. ॥१६॥

ટીકા—હે સખી! મ્હારે દૈવ પ્રતિકૂળ થયો છે, એ વચન ત્હારાં સત્ય છે; કેમકે જો મ્હારે દૈવ પ્રતિકૂળ ન હોય તો સાગર સંન્યાસી થઇને ભગુવાં વસ્ત્ર શા માટે ધારણ કરે? જહારથી સાગરની સાથે પ્રીતિ કરી છે-ત્હારથી એણે (દૈવે) અદેખાઈ આણી છે, અને જો કોઈ દિવસ ક્યારેય મેળાપ થાય તો તેમાં અતિશય વિઘન નાખે છે; તોપણ અમે અંગમ સંતોષ ધારણ કરીને પલ પ્રસંગથી એટલે પરસ્પર એક બીજાપર પત્રો લખીને વખત વિતાવિયે છીયે-તે પણ દૈવના મનમાં ગમ્યું નહિ અને સાગરને સંન્યાસી કર્યા; તેથી પણ મનમાં સંતોષ ન માનતાં વળિ પરમ દિવસે પરદેશ કાઢયા! એથી મનમાં મેં જાણ્યું કે હાલ દૈવ દુઃખદાય પ્રતિકૂળ છે. (૧૬)

दोहा.

दैव प्रतिकूल देखकें, सागर जो संन्यासि;
में मंदिर में मोदतें, क्यों चाहों सुख राशि. ॥ १७ ॥

ટીકા—દૈવને પ્રતિકૂળ જોઇને સાગર સંન્યાસી થયા; તો હું મંદિરમાં રહી હર્ષથી સુખના સમાજને કેમ ચાહું? (૧૭)

कवित.

तजि राज काज पुनि, महाराज मेरे लियें सागर संन्यासी बनी, भस्म अंग धारीकें. करमें कमंडलु ले, भगुवे बनाई भेष; फिरे विदेश आस्य, आलेक उचारीकें. तैसें तजि लाज आज, योगिनी बनिकें अंग; बिभूति लगाउं चा:

रु, नैलकों उतारीकें. छितिपें शयन करी, रटोंगी रयन दिन; सागर सुमंत्र महा, प्रेमकों पसारीकें. ॥ १८ ॥

ટીકા—રાજ્ય અને તેનું સર્વે કાજ મ્હારે વાસ્તે છોડીને મહારાજ રસસાગર શરીરે રાખ લગાવી સંન્યાસી થયા, અને હાથમાં કમંડળ લઈ ભગુવો વેશ કરી મુખથી "આલ્લેક" એવો શબ્દ ઉચ્ચારીને વિદેશમાં ગયા; માટે હવે તે તેવીજ રીતે આજ સર્વેની લાજ છોડીને, સુંદર વસ્ત્ર ઉતારી, યોગિણી થઇને શરીરે રાખ ચોળી પૃથ્વીપર પથારી કરીને, પ્રેમને ફેલાવીને—સાગરરૂપી મહામંત્ર રાત દિવસ જપ્યા કરીશ. (૧૮)

दोहा.

यों कहि कलाप्रबीननें, पानी लेकें पानि;
करी प्रतिज्ञा प्रेमसें, बोली मुखतें बानि. ॥ १९ ॥

ટીકા—એમ કહીને કળાપ્રવીણે હાથમાં પાણી લઇને મુખથકી વચન બોલી, પ્રેમથી આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. (૧૯)

कलाप्रबीनप्रतिज्ञाबर्नन लाटानुप्रासालंकार यथा—कवित.

आँख न अंजाऊं अरु, चीर न सजाऊं पुनि; रागमें लुभाऊं नहि, दिलें दोषकों गिनी. सौंधा न लगाऊं अरु, तांबुल न चाहुं पुनि; बार न बनाऊं कभि चिंदें साप सोंगिनी. वाद्य न बजाऊं अरु, लीला न रचाऊं कभि; भोजन न पाऊं अति, भावें बनि भोगिनी. मेरे लिये आज अलि, छोडी सब राजनकों; योगी भये सागरतों, में बनूंगी योगिनी. ॥ २० ॥

ટીકા—હે બ્હેન ! આજથી આંખ અંજાવીશ નહીં, અને ચીર પહેરીશ નહીં, તથા મનમાં પાપ જાણીને રાગમાં લોભાઈશ નહીં, તેમ શરીરે અત્તર વિગેરે સુગંધી પદાર્થ ચડાવીશ નહીં, અને પાનની બીડીને ચહાઈશ નહીં, વળી માથાના કેશને મનમાં સર્પ જેવા જાણી ક્યારેય સમા કરીશ નહીં, તેમજ વાદ્યને વગાડીશ નહીં, અને ક્યારેય રમત રમીશ નહીં, તથા ભોગિણી થઇને ભાવે કરી અતિશય ભોજન ખાઈશ નહીં, જો મ્હારે વાસ્તે આજ સર્વે રાજ્ય છોડીને હે સખી! સાગર યોગી થયા—તો હું યોગિણી થઈશ. (૨૦)

दोहा.

प्रेम धरीकें पिंडमें, और न लाऊं काम;
या तनमें संसार सुख, सो सब मोहि हराम. ॥ २१ ॥

ટીકા—પ્રેમ લાવીને શરીરમાં બીજું કાંઈ કામ લાવીશ નહીં, અને આ શરીરમાં જે સંસારસુખ કહેવાય છે, તે સર્વે મહારે આજથી હરામ છે. (૨૧)

यह मन तजिकें और तन, मेंपाऊं जिहि ठांम;

शंकर चाही दीजियो, सोई सागर स्वाम. ॥ २२ ॥

ટીકા—આ શરીર છોડીને બીજું શરીર જે ઠેકાણે હું પામું-ત્હાં હે શંકર! મને ચાહીને તેજ સાગર સ્વામિ આપજો. (૨૨)

कविवाच—दोहा.

ऐसें पग प्रवीननें, लीने जब निज तन्न;
वानि जाइ तब व्योममें, छोह सती तुम धन्य. ॥ २३ ॥

ટીકા—એવી પ્રતિજ્ઞા જ્હારે કળાપ્રવીણે પોતાને અંગે લીધી, ત્હારે આકાશવાણી થઈ કે-હે સતી! ત્હારા પ્રેમને ધન્ય છે. (૨૩)

दोहा.

यह लखि अंग उदास बनि, नीर नेनमें लाय;
बरजत बहु कुसुमावली, बहु विधि बात बनाय. ॥ २४ ॥

ટીકા—એ જોઇને અંગમાં ઉદાસ થઈ, આંખ્યમાં આંસુ લાવીને કુસુમાવળી અનેક પ્રકારની વાતો બનાવીને પ્રવીણને ઘણીજ વારવા લાગી. (૨૪)

प्रवीनप्रतिकुसुमोक्तयथा—पादाकुल छंद.

क्यों साहस तुम चितमें ठानें, बोलत बोल विचार न आंने; योगिनि-में क्या लाभ पिछाने, पूर्व दशामें दुख क्या जाने. यातें कहूं सून बात बिचारी, जातें व्हे तुम लाभ अपारी; में तुम माता पासें जाऊं, मर्म खोलकें बात जनाऊं. युक्ति अनेक करी इन आगें, चाह धरी समजाऊं रागें; दुहिता दिल तुम रतिमें रंगें, जान लिये हम कोउ प्रसंगे. छोह धरे यह सागर अंगे, ब्याह करी जो इनकें संगे; तो तनमें सूख कुंवरी पावे, दारुन दुख दिलतेंहि नसावे. योग तजी पुनि भोगिनि व्हेहे, त्याग वृत्तिको कारन येहे; सो सूनि हर्ष धरी तुम माता, जाइ जतावेंगी तुम ताता. याके उरमें जो यह ऐहे, तो तुम पूरन सूखकों पैहे; प्रेम धरी तुम तातहि अंगे, ब्यांह करेंगे सागर संगे.॥२५॥

ટીકા—કુસુમાવળી પ્રવીણને કહે છે કે-તું મનમાં સાહસ કેમ કરે છે? તથા વચન બોલતાં વિચાર કેમ લાવતી નથી? વળી તું યોગિણી થવામાં શો લાભ સમજે છે? અને શું રાજ-કુમારિકાની સ્થિતિમાં દુઃખ જાણે છે? વળી સાંભળ, એક વિચારીને વાત કહું-જેથી તુને ઘણો લાભ થશે. હું ત્હારી માતા પાસે જાઉં અને મર્મ ખોલીને સર્વે વાત જણાવું; વળી એની પાસે અનેક યુક્તિયો કરીને ઉલ્લાસથી પ્રેમ આણી સમજાવું કે-ત્હારી કુંવરીનું મન પ્રીતિમાં રંગાયું છે જે મેં કોઈ પ્રસંગથી જાણી લીધું છે; તથા તે સાગરના શરીરપર પ્રેમ રાખે છે, માટે જો તેનો વિવાહ તેની સાથે કરશો-તો તમારી કુ-

વરી શરીરેકરી સુખ પામી-ભયંકર દુઃખ મનથાંથી નાશ પમાડે અને યોગ છોડીને વળિ જોગિણી થાય. તેની ત્યાગવૃત્તિનું કારણ પણ એજ છે. તે સાંભળીને ત્હારી માતા હર્ષ ધરીને, જઇને ત્હારા બાપને કહેશે. પછી જો તેમના મનમાં તે વાત આવશે-તો તું પૂર્ણ સુખને પામીશ; કેમકે ત્હારા પિતા અંગમાં પ્રેમ ધરીને ત્હારો વિવાહ સાગર સાથે કરશે. (૨૫)

कुसुमाप्रति प्रवीनोक्त पादाकुलक छंद.

सो सुनि बाल वदी मुख बानी, ज्ञानतहो तुम बात पुरानी; तदपी क्यो बनि काय अर्जामी, बोलत मुख तें अैसी वानी. मो मगनी रंगरावसें कीनी, वाग दानमें हमकों दीनी; या उलटाई औरकों देवे, नाक कटा ज्यों गुडकों लेवे. येह नही हम कुलकी रीती, राय बनीकें खोवे नीती; या उरमें हम वात बिचारी, लीने आगें व्रत्त कुमारी. शाप संभुका पुनि मन लाये, वियोग वपु यह जन्म बनाये; यह बिचार करी अंत रंगे, योगिनि आज बनी हम अंगे. वामें व्यर्थ कहा तुम करिहों, विधि अंकपें क्यों लीक धरिहों; यह बिचार उर अंतर आनी, और बातकों तजो शयानी. ॥ २६ ॥

ટીકા—તે સાંભળીને પ્રવીણ મુખથકી વાણી બોલી કે-તું સર્વે આગલી વાત જાણુરા છતાં કાયામાં અજાણી થઇને મુખથી આવા આવા તોછડા બોલ કેમ ઉચ્ચારે છે? શું તું જાણતી નથી કે મ્હારૂં વેશવાળ રંગરાવ સાથે કર્યું છે? અને વાગ્દાનમાં મને આપી છે? તે ફેરવીને બીજાને દેતાં નાક કપાવી ગોળ લીધા જેવું થાય, તે અમારા કુળની રીત નથી-કે રાજા થઇને નીતિનો ત્યાગ કરે? વળી મનમાં મેં એજ વાત વિચારીને પ્રથમ કુમારિકાવ્રત લીધું હતું; વળી શંકરનો શ્રાપ મનમાં યાદ આણ્યો કે-આજનો શરીરમાં વિયોગ બનાવ્યો છે, તેથી આજ હું શરીરે યોગિણી થઈછું તેમાં તું શું રોકી શકીશ? અને વિધાતાના આંકપર કેમ લીંટો તાણીશ? માટે હે ચતુર! તે વિચાર મનની અંદર આણીને બીજી વાતને છોડી દે. (૨૬)

कविवाच–दोहा.

यों कहि कलाप्रवीनही, तजी सर्व श्रृंगार;
आपें बन गई योगिनी, धरी अंगमें छार. ॥ २७ ॥

ટીકા—એમ કહી કળાપ્રવીણ સર્વે શ્રૃંગાર તજીને શરીરે રાખ લગાવી પોતે યોગિણી થઈ ગઈ. (૨૭)

दोहा.

सो लखिकें सखि ए कही, नीर नेनमें लाय;
प्रविन पितरौ पासही, कही बात सब जाय. ॥ २८ ॥

ટીકા—તે જોઈ એક સખી આંખ્યમાં આંસુ લાવીને પ્રવીણનાં માબાપ પાસે જઈ સર્વે વાત કહી. (૨૮)

प्रबीनकेमातापितामति सखीकी उक्ति लाटानुप्राशालंकार—कवित.

चीरहिकों चीर डारी, अंगियां उतारी पुनि; फरियाकों फारी महा, दिलं दुख दागिनी. तरौनाकों तोर डारी, हारकों उतारी पुनि; वेसरी विसारी उर, जानीकें अभागिनी. मंजु मौलवारी महा, दामिनी निकारी निज; मनमें बिचारी वाकों, निर्गुनसी नागिनी. बिभव बिसारी ऐसे, सारी श्वेत अंग धारी; पेखियें प्रबीन आज, बनीहे बिरागिनी. ॥ २९ ॥

ટીકા—ચીરને ફાડી, કાપડાને કાઢી, મનમાં દુઃખદાયક ગણી ઘાઘરાને ફાડી નાખ્યો; કાને પેહેરવાના તોડ્ડાને તોડી, ઉર—હારને ઉતારી, મનમાં અભાગણી ગણીને નાકની નથને વિસારી દીધી; મનોહર ઘણા મૂલવાળી દામણીને ઉતારી—તેને પોતે મનમાં ગુણવિનાની વિચારીને નાગણી જેવી જાણી. એવી રીતે વૈભવને વિસારીને શ્વેત વસ્ત્ર અંગમાં ધારીને, જુઓ—આજ પ્રવીણ વેરાગણ થઈ છે! (૨૯)

पुनःयथा कवित्त.

श्रृंगार उतारी सबे वारमें बिभूती डारी; शैली कंठ धारी सोई राजत ज्यों नागिनी. पलंग निकारी नीके, छितिपें शयन धारी; खंडी कर धारी गिनि, और तें सूभागिनी. मृगा जिन डारी तापें, आसनकों मारी पुनि; जपतंहे जाप कछु, माला मनिका गिनी. योगिनी बनीकें ऐसें, सारी श्वेत अंग धारी; पेखियें प्रबीन आज, बनीहे बिरागिनी. ॥ ३० ॥

ટીકા—સર્વે શૃંગાર ઉતારીને, કેશમાં રાખ નાખીને—કંઠમાં શેલી ધારી; તે જાણે નાગણી શોભતી ના હોય? તેમ શોભે છે. અને પ્રિય પલંગ કાઢી નાખીને પૃથ્વીપર સય્યા કરી બીજા કરતાં મહાન ભાગ્યવાળું ગણીને કમંડળ હાથમાં ધાર્યું; તથા મૃગચર્મ બિછાવી તેપર આસન વાળીને વળિ માળાના મણિકા ગણી કાંઈ જાપ જપે છે; એવી રીતે યોગિણી થઈને અંગમાં શ્વેત સાડી પેહેરીને જુવો—આજ પ્રવીણ વેરાગણ થઈ છે! (૩૦)

कविवाच—दोहा.

सो सुनिकें चिंता धरी, मात पिता उठि धाय;
कुंवरी पासें आयकें, कहन लगे समझाय. ॥ ३१ ॥

ટીકા—તે સાંભળી મનમાં અતિશય ચિંતા ધરીને પ્રવીણનાં માબાપ એકદમ ઉઠીને ધાઈ આવી—કુંવરીને સમઝાવીને કહેવા લાગ્યાં કે, (૩૧)

अथ प्रवीनप्रति पितामातोक्त शिक्षाकथन पादाकुलक छंद.

क्यों शिशुता तुम तनमें धारे, बोलत बोलहि बिना बिचारे; प्रथम कुमारी वृत्त तुम लीने, तबे कछु नहि हमभे कीने. आज यह पुनि करत प्रकासा, छोडीके सब साज बिलासा; वामिल वस्त्र तनू तें टारी, बनी बिरागन बिभूती धारी. यह नहि अपने कुलकी रीती, जानतहो तुम नृपकी नीती; चाहे इतने दुःख कभि आवे, तौभी माधे मरियाद रहावे. जो कदि कोउ तजे कुल कानी, तो कुल नाशक वाको मानी; मारत माहुर पाई वाकों, दोष गिने नहि रंचक ताकों. पें तुमपें हम छोह अपारा, यातें होय न और बिचारा; कतें तुम क्यों बिना बिचारे, योगिनिको पन आजहि धारे. नारी नहि पन लेने पावे, धर्मशास्त्रमें योंहि कहावे; प्रमदा पिंड पराधिन जानो, स्वाधिन सुपनेमें नहि आनो. यों उचरे मुनि वेद पुरानो, सो समझाऊं तोहि प्रमानो; ज्यों लगि कोउ कुमारी होये, त्यों लगि पितु आपसमें सोये. ब्यांह बने जब उनके आछे, पति आयस तब उरमें वांछे; जो कभि वैधव्य वपुमें पावे, तो सुत शासनमांहि रहावे. पै पुनि स्वाधिन व्हे निज अंगे, काम करे नहि कोउ प्रसंगे; यातें छोडी यह सब आजे, चित्त धरो कछु कमनीय काजे. ॥३२॥

ટીકા—"કળાપ્રવીણને તેનાં માબાપ કહે છે કે"—કેમ બ્હેન! તું શરીરમાં આજ બાળકપણું ધારણ કરે છે, અને વગર વિચારે વચન બોલે છે? કેમકે પ્રથમ તેં કુમારિકાવ્રત લીધું—ત્હારે અમોએ કાંઈ કહ્યું નહીં; વળી આજ સર્વે વિલાસની સામગ્રી છોડીને આ પ્રગટ કરે છે, તથા મનોહર વસ્ત્ર શરીરથી તજીને રાખ લગાવી વૈરાગણ થઈ, એ આપણા કુળની રીત નહીં. વળી તું રાજાઓની નીતિ જાણે છે કે-ગમે તેટલાં દુઃખ ક્યારેય આવી પડે તોપણ મર્યાદા છોડે-તો તેને કુળનો નાશકરનાર માનીને અને ઝેર પાઇને તેને મારે છે-તેમાં જરાય પાપ ગણતા નથી. તથાપિ ત્હારીપર અમારો પ્રેમ છે તેણે કરી બીજો વિચાર થતો નથી; તો તેં વગર વિચારે આજ કેમ યોગિણીનું રૂપ ધાર્યું? સ્ત્રી પ્રતિજ્ઞા લેવા પામતી નથી-એવું ધર્મશાસ્ત્રમાં કહે છે, કેમકે સ્ત્રીનું શરીર પરાધિન છે-તે સ્વપ્નામાં પણ સ્વતંત્ર નથી; એમ વેદ અને વળી પુરાણો પોકારીને કહે છે. તેનાં પ્રમાણ તને સમજાવું, કે જ્હાં લગણ કોઈ સ્ત્રી કુમારિકા હોય-ત્હાં લગી તેણે માત પિતાની આજ્ઞામાં રહેવું પડે છે; પછી જ્હારે તેનો વિવાહ થાય છે—ત્હારે સ્વામિની આજ્ઞા મનમાં માને છે; તેમ છતાં શરીરે વળિ ક્યારેય રંડાપો પામે, તો દીકરાના હુકમમાં રહે છે—પણ પોતાને શરીરે સ્વતંત્ર થઇને કોઈ પ્રસંગે કાંઈ કામ કરતી નથી; તેટલા માટે એ સર્વે આજ છોડીને મનમાં તું કાંઈ ઉત્તમ વિચાર ધારણ કર. (૩૨)

मातपिताप्रति कलाप्रबीनोक्त–पादाकुलक छंद.

शीश नम्माई नीचें बाला, बोलि बचन धरि लाज विशोला; हमने नहि कुल कानि तजिहे, भाव धरी भव भक्ति सजीहे. भक्ति करेकों भवकी भावे, यामें कुलकी कानि न जावे; भक्तिसें भव जो मुदलावे, तो त्रय पीढी तांकि तिरावे. यातें जो हम करतहि काजा, वामेंहे कछु तुम्हरे साझा; या भवसागर दुस्तर कहियें, भव भक्ती बिन पार न लहिये. यों हमनें उर अंतर आनी, भावे भक्ती भवकी ठांनी; बामें क्यों बरजत तुम आई, वृथा विश्वमें लोभ लगाई. व्यर्थ विश्व यह वेद बतावे, यामें सत चिद घन्न कहावे; याकों भजन करे को भावें, वाकों जन्म मरन मिट जावे. अंतरमें यह बातें धरीकें, छणिक सौख्यको त्याग करीकें; संतत सुख निज चितमें चाही, बनी योगिनि भभूत लगाही. सो तनतें कभि नांहि तजोंगी, भाव धरीकें ब्रंह्म भजोंगी; यह अटलहे विचार हमारो, आप भलें निज स्थान पधारो. ॥ ३३ ॥

ટીકા—માત પિતાનું આ પ્રકારનું બોલવું સાંભળીને કળાપ્રવીણ નીચું માથું કરી-અતિશય લાજ ધરીને વચન બોલી કે, વ્હાલાં માત પિતાજી! મેં કુળની લાજ અને મર્યાદા છોડી નથી–પણ ફક્ત ભાવ આણીને શંકરની ભક્તિ આદરી છે. કોઈ શંકરની ભાવે ભક્તિ કરે-તેમાં કુળની લાજ અને મર્યાદા જતી નથી, પણ જો ભક્તિથી શ્રી મહાદેવ પ્રસન્ન થાય–તો ભક્તિ કરનારની ત્રણ પેઢીને તારે છે. વાસ્તે જે કંઈ હું કરૂં છું તેમાં તમારો પણ કાંઇક અંશ રહેલો છે; વળી આ સંસારમય સમુદ્ર તરવો ઘણો મુશ્કેલ છે, તેથી તે શિવની ભક્તિ વિના પાર પામશું નહીં, એમ મેં મનની અંદર જાણીને ભાવેથી શિવની ભક્તિ આદરી છે. તેમાં તમે આવીને જૂઠા જગતમાં મોહ પામીને કેમ વારો છો? આ જગત્ જૂઠું છે–એમ વેદ બતાવે છે; જે એક પ્રભુ સત્ય છે–એનું કોઈ ભાવેથી ભજન કરે તો તેનું જન્મ મરણ મટી જાય, એ વાત મનમાં ધરીને સંસારના ક્ષણિક સુખનો ત્યાગ કરી, કાયમનું સુખ મનમાં ચાહીને રાખ લગાવી યોગિણી થઈ છું; તે શરીરથી ક્યારેય છોડીશ નહિ અને ભાવ ધરીને પરબ્રહ્મને ભજીશ. તે મ્હારો ન ફરે તેવો અચળ વિચાર છે–તે ફરશે નહીં; માટે આપ ભલેથી આપને સ્થાનકે પધારો. (૩૩)

कविवाच–दोहा.

यह सुनिकें अफसोस करि, उरमें बनी उदास;
मात पिता निज स्थल गये, डारी दीर्घ निसास. ॥ ३४ ॥

ટીકા—એ સાંભળીને અફસોસ કરીને મનમાં ઉદાસ થઇને પ્રવીણનાં માબાપ મ્હોટો નિસાસો નાંખી પોત પોતાને સ્થાનકે ગયાં. (૩૪)

दोहा.

बाला बनि बैरागिनी, साधत संतत योग;
बात कहीं बरनी सबे, सागर सिद्ध सँयोग. ॥ ३५ ॥

ટીકા—કળાપ્રવીણ વૈરાગણ થઇને હમેશાં યોગ સાધવા લાગી. (તે વાત ત્હાંજ રાખીને) હવે બદ્રિકાશ્રમપર સાગર અને સિદ્ધ મળ્યા તે વાત વર્ણવીને કહું છું. (૩૫)

गाहा.

दैव प्रातिकूल देखी, बाला बनी बिरागन निज अंगे;
सप्त सप्तति अभिधानं, पूर्न प्रबीन सागरो लहरं. ॥ ३६ ॥

ટીકા—દૈવ પ્રતિકૂળ જોઇને કળાપ્રવીણ પોતાને અંગે વૈરાગણ થઈ. તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની સત્યોતેરમી લહર સંપૂર્ણ થઈ. (૩૬)

इतिश्रीप्रबीनसागरग्रंथेदैवप्रातिकूलविलोकीप्रबीनयोगिनीस्वरुपधारनकथननाम सप्तसप्ततितमो लहरं ॥ ७७ ॥

लेहेर ७८ मी.

अथ सागरसिद्धसंवादें नारीनिंद्याप्रसंगोयथा—दोहा.

चारु सुघट लखि अंबतल, मंजु मृगाजिन डारि;
बैठनकी बीनती करी, सिद्ध चरन शिर धारि. ॥ १ ॥

ટીકા—આંબા નીચે સારી ઘાટી છાયા જોઇને મનોહર મૃગચર્મ બિછાવી તેનીપર બેસવાની પગમાં માથું નમાવીને સિદ્ધને વિનંતી કરી. (૧)

आशिष देकें योगि तब, बैठे आसन जाहि;
प्रेम परिक्षा के लिये, कहन लगे पुनि वांहि. ॥ २ ॥

ટીકા—ત્હારે સિદ્ધ આશિષ્ય દઇને બિછાવેલા આસનપર જઈ બેઠા, અને સાગરના પ્રેમની પરિક્ષા કરવા માટે વળી ત્હાં સાગરને કહેવા લાગ્યા કે,(૨)

अथ सागरप्रतिसिद्धोक्तशिक्षाकथन—पादाकुलक छंद.

क्यों अति कष्ट सहोनिज काय, क्यों भगुवे सब बस्त्र बनायें; क्यों सुख साज तजे मन भाये, क्यों तन सुंदर राख लगाये. क्यों सुख सेज तजी सुकुमारी, क्यों सोवतहो भूमि करारी; क्यों त्यागे निज दासरु दासी, क्यों फिरताबन बनी उदासी. क्यों तजि दीने मंदिर खासा, क्यो गिरिपें किय निठुर निवासा; क्यों अति उत्तम अन्न न खावो, क्यों तनमें भुख प्यास स-

हावो. क्यों तजिकें गय हयकी स्वारी, पाय चलतहो राह करारी; क्यों तजि दीनी गुरुजन सेवा, क्यों त्यागे पुनि मंजुल मेवा. क्यों गहना तनुतेंहि उतारी, मांल गरे रुद्राक्षकि धारी; क्यों निजराज काजकीं त्यागी, आप भये वपुमें वैरागी. आगें जो हमने कछु कीना, सोइ बिसारी तुमने दिनां; स्वप्न मंत्र सोयाद करोंगे; तो दिलतें दुख दूर धरोंगे. यातें अति जो लोभ लहोंगे, तो दुखतें निज देह दहोंगे; या जगमें जे जीव कहावे, लक्ष चौराशी वांहि गिनावे. यामें उत्तम मनुष कहावे, जामे सबही ज्ञान रहावे; सों सब जगके सुखकों जानी, चार अर्थकों उरमें आनी. भोग भोगवीकें अति भावें, परम प्रभूके पदकों पावे; पूर्व पुन्यतें सो तुम पाये, वांकों व्यर्थ क्यों योंहि गुमाये. ॥ ३ ॥

ટીકા—શા માટે તમારા શરીરમાં કષ્ટને સહુન કરોછો? અને સર્વે વસ્ત્ર ભગુવાં કેમ બનાવ્યાં છે? આ મનપસંદ સુખના સાજને કેમ છોડયો? વળી આ તમારા સુકોમળ શરીરમાં રાખ કેમ લગાવી? તથા આ નર્મ સુખરૂપ શયાને તજી કઠણ ભૂમીપર કેમ સૂવોછો? વળી આ તમારાં દાસ દાસિયોને કેમ તજી દીધાં; અને ઉદાસ થઇને વનમાં કેમ ફરો છો? સોભીતાં મંદિરમાળાને શા માટે તરછોડયાં છે; અને કઠોર પર્વત ઉપર કેમ નિવાસ કર્યો? શા માટે સુખરૂપ ઉત્તમ ભોજનને જમતા નથી? તથા શરીરે ભૂખ અને તૃષા શાને માટે સહુન કરો છો? વળી હાથી, ઘોડાની સ્વારી તજીને કેમ ભયંકર રસ્તે પાળા તરિકે ચાલોછો? તેમજ માબાપ આદિક ગુરૂજનોની સેવા કેમ છોડી દીધી? આ મનોહર મેવાને કેમ તરછોડયા, અને શરીરેથી અલંકારો ઉતારીને ગળામાં રૂદ્રાક્ષની માળા કેમ ધારણ કરી? વળી પોતાનું રાજ્ય કાર્ય છોડી પોતે શાનેકાજે વૈરાગી થયા? આગળ મેં જે કાંઈ કહ્યું હતું—તે તમે વિસારી દીધું, માટે તે સ્વપ્ન મંત્ર યાદ કરશો—તો હૃદય દુઃખને દૂર કરશો, એથી વધારે જો લોભ કરશો તો દુઃખથી પોતાની કાયાને બાળશો. આ જગત્‌માં જે જીવ કહેવાય છે તે ચોરાશી લક્ષ ગણાય છે; તેમાં સર્વથી શ્રેષ્ટ મનુષ્યા દેહ કહેવાય છે, કેમકે જેમાં સર્વે જ્ઞાન રહેલું છે. તે સર્વે જગતના સુખને જાણીને ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થને મનમાં લાવીને અતિ ભાવેકરી ભોગ ભોગવીને પછી અખંડ પરમેશ્વરના પદને પામે છે, તે (મનુષ્ય દેહ) તમે પૂર્વના પુણ્યેકરી પામ્યા છો, તેને આમ ફોગટ કેમ ગુમાવો છો. (૩)

सिद्धमतिसागरोक्त—दोहा.

सो सुनिकें सागर कहे, परी सिद्धके पांय;
पाय बिना परबीनकों, और न मोहि सुहाय. ॥ ४ ॥

ટીકા—તે સાંભળીને સિદ્ધને પગે પડી સાગર કહે છે કે-હે મહારાજ! એક પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઈ ગમતું નથી. (૪)

भुजंगी छंद.

उमें और सोहायनो मोहि आगें, सुखंदाय सर्वे दुखं दाय लागे; नही नेनमें नेकंही नींद आवे, विना पाय प्रबीनना और भावे. सुधासें मलीलं लगे रुफार फीकें, नही नेक सुहातहे न्यादनीके; नही राजके काज मोही सुहावे, विना पाय प्रबीनना और भावे. शया शूलसी चित्तमें मोहि लागे, अलंकार व्हे आगिसें देह दागे; सिरा चंदनं आगि अंगे लगावे, बिना पाग प्रबीनना और भावे. महा मंदिरं भाकसी सोंहि भासे, लगे शत्रुसें चेट मेरे हियासें; महा मिष्ठ मेवा कटुता उपावे, बिना पाय प्रबीनना और भावे. सुखंपाल आदीकि जे यान राजे, बडे बाघसें सोइमो चित्त छाजे; शिरंताज म्हाराज बोझा बढावे, बिना पाय प्रबीनना और भावे. सुगंधी सदा सर्वके चित्त चोरे, कुगंधी बनी सोइमो नाक तोरे; मनी मालसो व्याल व्हेकें डरावे, बिना पाय प्रबीनना और भावे. नही बागमें हर्षमो हीय पावे, नही रागपें रागमो चित्त लावे; बहू बातमो गात ब्याधी बढावे, बिना पाय प्रबीनना और भावे. महा दीर्घ देहा मतंगा कहावे, भयंकरसो शैल जैसा सुहावे; सबे साज यों आज द्रष्टें दिखावे, बिना पाय प्रबीनना और भावे.॥५॥

ટીકા—મનથકી મ્હારી આગળ મને બીજું કાંઈજ ગમતું નથી અને સુખરૂપ સર્વે વસ્તુઓ દુ:ખદાયક લાગે છે; નેત્રમાં જરાએ નિંદ્રા આવતી નથી, તેમ પ્રવીણને પામ્યા વિના બીજું કાંઈ ગમતું નથી. અમૃત જેવું જે પાણી છે તે મને ફીકું થઈ પડયું છે, મનોહર જે ભોજન તે આજ મને જરાય ભાવતું નથી, તેમજ રાજ્ય-કાજ પણ મને સુહાતાં નથી—એમ પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઈ ગમતું નથી. સુવાની સેજ તે તો મ્હારા મનમાં શૂળી જેવી લાગે છે, ઘરેણાં અગ્નિ જેવાં થઈ શરીરને બાળે છે, શીતળ ચંદન તેતો જાણે અંગે આગ્ય ઉઠે છે, એમ પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઈ ગમતું નથી. મ્હોટાં મંદીર તે તો મને કેદખાના જેવું બંધન દેખાય છે, અને ચાકર તો મ્હારા મનમાં શત્રુ જેવા લાગે છે, વળી મધુર મેવા કડવાશ ઉપજાવે છે—એમ પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઈ ગમતું નથી. સુખપાલ આદિક જે વાહન શોભે છે-તે તો વિકરાળ વાઘ જેવાં મ્હારા મનને લાગે છે, માથાપરનો રમ્ય મુકુટ તે તો હે મહારાજ! મને ભારરૂપ થઈ પડયો છે, માટે પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઈ ગમતું નથી. જે સુગંધી હમેશાં સર્વેના ચિત્તને હરણ કરે છે-તે દુર્ગંધી થઈને મ્હારૂં નાક તોડે છે, મણિની માળા

સર્પ થઇને મને બીવરાવે છે-એમ પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઇ ગમતું નથી. બગીચામાં મ્હારૂં હૃદય આનંદ પામતું નથી, તેમજ ગાયનપર મ્હારૂં મન પ્રેમ લાવતું નથી; અને બહુ વાતોથકી મ્હારા શરીરમાં રોગ વધે છે, માટે પ્રવીણને પામ્યાવિના મને બીજું કાંઈ ગમતું નથી. મદોન્મત અને ઉંચી દેહવાળા હાથીઓ કહેવાય છે, તે તો મને પર્વત જેવા ભયંકર જણાય છે; એમ સર્વે સામગ્રી આજ મને (ઉલટી) દેખાય છે, માટે પ્રવીણને પામ્યા વિના મને બીજું કાંઈ ગમતું નથી. (૫)

कवित्त.

प्रेमकी प्रकाशी महा, हियकी हुलासी पुनि; रूपहिकि शशि लखि, रंभा रूप भायना. मनकी रमासी महा, गंगसी गिरासी पुनि; मदन प्रियासी क-भि, नेंक निभ पायना. बानिमें सूधासी अरु, जेवकी जमासी पुनि; चारु चपलासी वाकी, दीपती करायना. ऐसी अभिराम वाम, प्रवीनकों पाये बि-न; सुंदर सुख साज आज, चित्तमों सुहायना. ॥ ६ ॥

ટીકા—પ્રેમનો ઘણો પ્રકાશ કરનારી, હૃદયને હુલાશ આપનારી, અને રૂપનો સમુહ જોઇને રંભાનું રૂપ ગમે નહિ-એવી, વળી મેનકા અપ્સરા જે-વી, લક્ષ્મી જેવી, ગંગા જેવી, સરસ્વતી જેવી, અને કામદેવની સ્ત્રી રતી જેવી પણ જરાય તેની બરાબરીને પામે નહિ-એવી, અને વાણીમાં અમ્રત જેવી, તેજના સમુહ જેવી, મનોહર વિજળી જેવી, જેની કાંતિ છૂપાવી છૂપે નહિ એવી ચિત્તને ચોરનારી સ્ત્રીને પામ્યાવિના સુંદર સુખની સામગ્રી આજ મ્હા-રા મનને ગમતી નથી. (૬)

जाके मुख मंजुलकी, समताकों पाय बेकों; पद्म तप तालमें करे, तोभी कछु पायना. जाके द्रग देख मृग, बनमें बसेहे जाय; तदपि तनक द्रग, तासमं दिखायना. जाके कंठ कान सुनि, कारी बनी कोकिलासो; उजवलता अज हूलों, पाये काभि कायना. ऐसी अभिराम वाम, प्रवीनकों पाये बिन; सुंदर सुख साज आज, चित्तमों सुहायना. ॥ ७ ॥

ટીકા—જેના મનોહર મુખની બરાબરીને પામવાને કમળ તળાવમાં અર્થાત્ પાણીમાં એક પગે ઉભું રહીને તપ કરે છે, તોપણ કાંઇ તેની યોગ્ય-તાને પામતું નથી; જેની આંખ્યો જોઇને હરિણાં જઇને વનમાં વસ્યાં છે, તોપણ તેના જેવી આંખ્યો જરાય દેખાતી નથી; વળી જેનો સ્વર કાને સાં-ભળીને કોયલ કાળી થઈ ગઈ છે, તે હજુ સુધી શરીરમાં કયારેય ઉજવળતા પામી નથી; એવી સ્ત્રી પ્રવીણને પામ્યાવિના મનોહર સુખની સામગ્રી આ-જ મ્હારા મનને ગમતી નથી. (૭)

पुनः—कवित्त.

जाके वार वामिलकी; साद्रस्यता पायबेकों; पन्नग धिंसत पेठ, तोभी कछु पायना. जाके कुच लखि कुंभ, कामाके कीलाल भरे; तोभी तिहितूल्य तनू सुघटता लायना. जाकी गति देखि हंस, विरंचिके वाहनभो; तदपी तनक ताकी, गिनतीमें आयना. ऐसी अभिराम वाम, प्रवीनकों पाये बिन; सुंदर सुख साज आज, चित्तमों सुहायना. ॥ ८ ॥

ટીકા—જેના મનોહર વાળની બરાબરી પામવાને સર્પ પેટ ઘસે છે, તોપણ કાંઈ પામ્યો નથી; વળી જેનાં સ્તન જોઇને ઘડા સ્ત્રીઓનું પાણી ભરે છે, તોપણ તેના જેવો સુંદર આકાર શરીરમાં લાવ્યો નથી; અને જેની ગતિ જોઈને હંસ બ્રહ્માનું વાહન થયો-તોપણ જરાય તેની ગણતરીમાં એટલે-અતિની બરાબરીમાં આવ્યો નહીં; એવી મનોહર સ્ત્રી પ્રવીણને પામ્યા વિના સુંદર સુખની સામગ્રી આજ મ્હારા મનને ગમતી નથી. (૮)

अथ सागरप्रतिसिध्योक्तशिक्षाकथन—दोहा.

सो सुनिकें निज श्रवनमें, सिद्ध कहत धरि प्रीत;
महा मांसके मोटमें, मोह पाय क्यों मित्त. ॥ ९ ॥

ટીકા—તે પોતાના કાનમાં સાંભળીને સિદ્ધ પ્રેમ ધરી સાગરને કહે છે કે, હે મિત્ર! ઘણા માંસના ઢગલામાં આટલોબધો કેમ મોહ પામ્યો છે? (૯)

सवैया.

मांस मुंजा मल मेद भरें पुनि, शोनिततें चहु ओर छवाये;
कीकस के सब अंग बने पुनि, आंतरसें अतिही लिपटाये.
चामहितें मढिकें पुनि वाहिकों, वाम विलोकन मांहि बनाये;
ऐसें तिया तनमें रति लाइकें, सागर क्यों मनमांहि भ्रमाये?॥१०॥

ટીકા—માંસ, મજા, મળ અને મેદથી ભરેલ તથા લોહીથી ચારે તરફ છવાયેલ એવું હાડકાનું સર્વે શરીર બનેલું છે, આંતરડાંથી અતિશય લપટાયેલું છે ઉપરાંત ચામડાથી તેને મઢીને જોવામાં બાહેરથી મનોહર બનાવ્યું છે,–એવા સ્ત્રીના શરીરમાં પ્રેમ લાવીને હે સાગર! મનમાં કેમ ભ્રમાણા છો. (૧૦)

कवित्त.

द्रग भरी दूषिकातें, नाशिका सिंहानें भरी; पिंजूषतें श्रव भरे, लपनमे लारीहे. दशनमें दंत्य भरे, कुलुकतें जीह भरी; प्रजन पेशाब भरे, अधम अपारीहे. रुधिरतें रग भरी, उदरें नरक भरे; मांस मेद मजा भरी, दिखाय देह सारीहे. ऐसेंही अशुद्ध महा, कामिनीकी काय ताकों; सागर चहत कैसें,

छोह चित्त धारीहे. ॥ ११ ॥

ટીકા—આંખ્યો ચીપડાથી ભરેલી છે, નાક ચેડાથી ભરેલું છે, કાન મેલથી ભરેલ છે, અને મ્હોડામાં લાળ છે, તેમ દાંતમાં મેરી ભરેલી છે, અને ઉલથી જીભ ભરેલી છે, તથા યોની પેશાબથી ભરેલ અપાર ખરાબ છે, ને લોહી થકી સર્વે રગો ભરેલી છે, તેમજ પેટમાં નર્ક ભર્યું છે; તથા માંસ, મેદ, મજાથી ભરેલી સર્વે દેહ દેખાય છે. એવી અતિ અપવિત્ર સ્ત્રીની કાયા તેને મનમાં પ્રેમ લાવીને હે સાગર! કેમ ચાહો છો. (૧૧)

सवैया.

संशयके सर स्वान लसे पुनि, साहसके पुट भेद प्रभायें;
एन अनीतिकेँ ओपतहे पुनि, दोषनके निधि नेक दिखायें.
क्षेत्र लसे अविसासनको पुनि, कैतवं के शुभ कुंड सुहायें;
एसि यहे अबलापर सागर, क्यों मनमें धरिं मोह लुभाये. ॥ १२ ॥

ટીકા—સંશયના સમુદ્ર અને સાહસના શેહેર જેથી શોભે છે, અનીતિનું તો જાણે ઘરજ હોયની શું? દોષોનો તો જાણે ભંડારજ હોય ને? અવિસ્વાસનું તો જાણે ખેત્રજ ના હોય? વળી કપટનો તો જાણે ખાસો કુંડજ હોય નૈ શું? એમ શોભે છે, એવી રીતેની સ્ત્રીપર મનમાં મોહ ધરીને હે સાગર! કેમ લોભાણો છો. (૧૨)

कैतवसें रचि राखत कोउहि, महुरकी मनभाइ मिठाई;
बाहिरतें वह राजतहे पुनि, अंदरमें विषतेंहि छवाई.
त्यों उर अंतर क्रूर महापुनि, बाहिरतें शुभ देत दिखाई;
एसि यहे अबलापर सागर, क्यों उरझे मनमें रति लाई. ॥ १३ ॥

ટીકા—જેમ કોઈ કપટથી મનને ગમે તેવી દેખાડી ઝેરની મીઠાઈ બનાવીને રાખે અને તે બાહેરથી ઘણીજ સારી શોભે છે; પરંતુ અંદર ઝેરથી છવાયેલી હોય છે. તેમ મનની અંદર અતિશય ક્રૂર (ઘાતકી અથવા નિર્દય) અને બાહેરથી સારી દેખાય છે,—એવી એ સ્ત્રીપર મનમાં પ્રેમ લાવીને હે સાગર! કેમ ઘુંચવાઈ રહ્યા છો. (૧૩)

साहस कारक मूढ महापुनि, म्लान महा नित काय रहावे;
देह दयाबिन लोभि लसे पुनि, झूठहिमें सब जंन्म गुमावे.
पूर्न प्रपंच भरी भ्रमजालहि, दोषमयी सब देह दिखावे;
एसि यहे अबलापर सागर, क्यों मन मोह धरी रति लावे. ॥ १४ ॥

ટીકા—સાહસ કામ કરનારી, અતિ મૂર્ખ, તેમજ વળી હમેશાં કાયામાં ઘણીક મલીન રહેનારી, દેહમાં દયા વિનાની, લોભવાળી તથા સર્વે જન્મારો

ખોટામાંજ ગુમાવનારી, પ્રપંચથી પૂર્ણ ભરેલી, ભ્રાંતીની જાળ અને જેનું સર્વે શરીર દોષમય દેખાય છે,–એવી એ સ્ત્રીપર મનમાં મોહ ધરીને હે સાગર! કેમ પ્રીતિ લાવો છો. (૧૪)

वारधि वाचिं सगानहि चंचल, जाहि स्वभाव बिराजि रहेहे;
सांझ पयोधर के रंगसें मन, रागधरी तजि और गहे हे.
चाक समान सदा फिरते रहिँ, मानस जाँहिकों मोद लहे हे;
एसि तिया तरलापर सागर, छोह धरी किमि चित्त चहे हे. ॥ १५ ॥

ટીકા—સમુદ્રના તરંગ જેવો ચંચળ જેનો સ્વભાવ છે, સાંઝ સમયના વાદળના રંગ જેવું જેનું મન છે, અર્થાત ઘડી ઘડીમાં નવનવા રંગ ધરે છે. તેમ સ્ત્રી મનમાં એકપર પ્રેમ ધરે છે અને તજે છે; વળી બીજા પર ધરે છે. એમ કુંભારના ચાકડાની પેઠે જેનું મન હમેશાં ફરતું રહીને આણંદ પામે છે. એવી ચંપળ સ્ત્રીપર પ્રેમ ધરીને હે સાગર! કેમ ચિત્તમાં ચાહો છો. (૧૫)

कोउनकों लखि लोचनतें पुनि, कोउनकों वदि बैन सुधासें;
कोउनकों रति लालचतें पुनि, कोउनकों वपुकेहि विलासें.
बांधतहे बहु भांतिन-सोंपर, आप बँधाय न औरकेँ पासें;
औसि यहे छलिनी अबलापर, सागर क्यों तुम प्रेम प्रकासें. ॥ १६ ॥

ટીકા—કોઇને આંખ્યોથી જોઈને, વળી કોઈને અમૃત જેવાં વચનો કહીને, કોઈને કામ ક્રીડાનો લોભ બતાવીને, કોઈને શરીરના વિલાસથી એમ અનેક પ્રકારથી પુરૂષોને બાંધે છે; પણ પોતે બીજાના પાસમાં બંધાતી નથી. એવી એ છેતરનારી સ્ત્રીપર હે સાગર! તમે કેમ પ્રેમ પ્રકાશ કરોછો. (૧૬)

कबहू उरमें अति मोह करे, कबहू पुनि मत्त करे मनमें;
कबहू दिलमें दुख देत घने, कबहू सुख साज सजे तनमें.
कबहू उपजावत खेद उरें, कबहू कृत खूश निधू वनमें;
यह रीत रमावत जे नरकों, तिनपें किमि राग धरो मनमें. ॥ १७ ॥

ટીકા—ક્યારેક મનમાં અતિશય મોહ કરે છે, ક્યારેક મનમાં ઉન્મત બનાવે છે, ક્યારેક અતિશય દુઃખ આપે છે, અને ક્યારેક સુખની સામગ્રી શરીરમાં સજે છે ;વળી ક્યારેક મનમાં ખેદ ઉપજાવે છે, ક્યારેક કામ ક્રીડાથી ખુશી કરે છે. એવી રીતે જે પુરૂષોને રમાડે છે–તેનીપર મનમાં હે સાગર! કેમ પ્રેમ ધારો છો. (૧૭)

सवैया–रूपकालंकार.

व्याध रचे मिनके तननें अति, जानिबेकों निजकी चतुराई;
मूंढ महा नर नीडज बंधन, वामिल वालहि जाल बनाई.

जामध जीव अनेक फसी पुनि, पावत पीर महा दुख दाई;
वा मधि छोह धरी अति सागर, चाहतहो गिरवी किमि धाई. ॥ १८ ॥

ટીકા—કામદેવરૂપી મોટા પારાધીએ પોતાની અતિ ચતુરાઈ જણાવાને, અતિ મૂર્ખ પુરૂષરૂપી પક્ષીને બાંધવા માટે, મનોહર સ્ત્રીરૂપી જાળ બનાવી છે. જેની અંદર અનેક જીવ ફસી પડીને ઘણીજ દુ:ખદાયક પિડા પામે છે; તે અંદર અતિશય પ્રેમ ધરીને હે સાગર! તમે કેમ પડવા ધારો છો. (૧૮)

सवैया.

दर्शहितें हरि चित्तलियें पुनि, पर्शहितें अति दामहरे हें;
ध्यानहितें हरि धीरलिये पुनि, भूरि भ्रमावन भाव भरे हें.
मैथुनतें हरि शक्ति लिये पुनि, संगहितें चित लाज हरेहें;
एसि पिशाचिनि योषितपें, किमि सागर छोहतें मोह धरेंहे. ॥१९॥

ટીકા—દર્શનથકી (જોવાથી) મનને, અને સ્પર્શ કરાથી ઘણા પૈસાને હરી લે છે, વળી ધ્યાન કરવાથી ધીરજને ખેંચી લઈ અતિશય ભ્રમાવવાને માટે અનેક પ્રકારના ભાવ જણાવે છે, તેમજ તેની સાથે સંગ કરવાથી શરીરની સર્વે શક્તિ હરણ કરે છે, વળી તે ઉપરાંત સાથે રહેવાથી મનની લાજને હરે છે, એવી પિશાચણી સ્ત્રીપર હે સાગર! પ્રેમથી કેમ મોહ ધરો છો. (૧૯)

उपरतें अभिराम लसे पुनि, अंदरमें विष माय मभायें;
बोलनमें बहु सीधि लसे पुनि, कैतवसें भरि कौंधत कायें.
एसि यहे अबला घुघुची सम, देखतही दिलमांहि सुहायें;
वा पर मोह धरी बनि आतुर, सागर क्यों चित्त मांहि लुभाये.॥२०॥

ટીકા—ઉપરથી તો મનોહર શોભે છે—પણ અંદરમાં તો ઝેરમય છે; વળી બોલવામાં તો ઘણીજ સરળ, પરંતુ શરીરમાં તો કપટથી ભરેલી—એવી એ ચણોઠી જેવી સ્ત્રી જોયામાં મનને ગમે તેવી એટલે બાહેરથી રળિયામણી પરંતુ ભીતર ઝેરથી ભરેલી, તેપર આતુર થઇ—મોહ ધરીને હે સાગર! તમે મનમાં કેમ લોભાણા છો. (૨૦)

कवित्त.

एक अंग बात करे, उरमे उमंग धरी; दूसरेकों देखे द्रग, छोह शुभ लाइकें.
तीसरेकों चिंतवन, चित्तमें करत पुनि; चातुरको चित्त हरे, शानें समुझाइकें.
पांचमेंपें प्रेम धरी, सुरत सकेत करे; सोवतहे शय्यापर, पष्ठ संग जाइकें.
ऐसी चर स्नेह धारी, योषापर सागर क्यों; मानसमें मोह पाइ, रहेहो लुभाइकें. ॥ २१ ॥

ટીકા—એકની સાથે મનમાં ઉમંગ ધરીને વાત કરે, અને બીજાને આં-

ન્યો થકી પ્રેમ લાવીને જુવે; હળી ત્રીજાનું મનમાં સ્મરણ કરે, તથા ચોથાને ઇસારાથી સમજાવી તેમના મનને હરે છે. સિવાય પાંચમા ઉપર પ્રેમ ધરી તેને મળવાનો સંકેત કરી છઠ્ઠાની સાથે જઇને સેજપર સુવે છે; એવી ચંચળ સ્નેહ ધારણ કરનારી સ્રીપર મનમાં મોહ પામીને હે.સાગર! તમે કેમ મોહી રહયા છો. (૨૧)

कवित्त लाटानुप्राशालंकार:

धनकों हरन हारी, कष्टकी करन वारी; छोहकों छरन वारी, भावकी भरनहे. धोखाकी धरन वारी, लागीमें लरन वारी; सुरत स्मरन वारी, हियकी हरनहे. उरमें अरन वारी, कामकुं करन वारी; दिलमें डरन वारी, बैने बिफरैनहे. अैसें आचरन वारी; स्यामा सुवरन लखि; चाहत नरन कैसें, पाशमें परनहे. ॥ २२ ॥

ટીકા—ધનની હરવાવાળી, કષ્ટની કરવાવાળી, સ્નેહીને છળવાવાળી, અનેક પ્રકારના મનમાં ભાવને ભરવાવાળી, ફરેબને રચવાવાળી, મિત્રમાં લડવાવાળી, મૈથુનનું સ્મરણ કરવાવાળી, હૃદયને હરણ કરવાવાળી, મનમાં અટકવાવાળી, ખરાબ કામ કરનારી, મનમાં બીવાવાળી, અને બોલેલા વચને ફરવાવાળી,—એવા આચરણવાળી સ્રીને સારા રંગવાળી જોઇને પુરૂષો પાસમાં પડવા માટે હે સાગર! કેમ ચાહતા હશે? (૨૨)

कवित्त.

असित अपार महा, सर्पाकार वेनी ताकों; त्रिवेनी कहीकें कैसें, हियो हुलसातहो. भिक्षुक के भिखनकी, खोपरी कपाल ताकों; भाग्यके भंडार कही, भाव भूरिं लातहो. दूषिकाकी खानि द्रग, द्रष्टितें दिखात ताकों; कोमल कमल कही, आनंद उपातहो. अैतेंही अशुभ महा, योषितके अंग ताकों; शुभ मानी सागर क्यों, मोह मन लातहो. ॥ २३ ॥

ટીકા—સર્પને આકારે અતિશય કાળી જે વેણી—તેને ત્રિવેણી નદી કહીને હૃદયને કેમ હરખાવો છો? ભિખારીને ભિખ માગવાની જે ખોપરી—તે કપાળને ભાગ્યનો ભંડાર કહીને ઘણોક ભાવ કેમ લાવો છો? અને ચીપડાની ખાણ જે આંખ્યો દ્રષ્ટિથી દેખાય છે—તેને કોમળ કમળ કહીને આણંદ કેમ ઉપજાવો છો? એવું ઘણુંજ ખરાબ જે સ્રીનું અંગ—તેને સારૂં માનીને હે સાગર! કેમ મનમાં મોહ લાવો છો? (૨૩)

सेढाको सदन नाक, निरखिक नेंह धरि; सुंदर सघट शुक, चंचु समजानो हो. कीकसके कन महा, रदनकों लखि ताकों, कंद कली सम सदा, उरहीमें आनोहो. अधम अपार महा, लपनकी लीरताका; सुधासें सुभग महा,

मनहीमें मानोंहो. ऐसेंही अशुभ महा, योपितके अंग तापें; छांह धरी सागर क्यों, विमल वखानो हो. ॥ २४ ॥

ટીકા—ચેડાનું ઘર જે નાક-તેને જોઇને હર્ષ ધરી સુંદર ઘાટવાળી પોપટની ચાંચ જેવું જાણો છો; અને હાડકાના કડકા જે દાંત-તેને જોઇને દાડમની કળી જેવા હમેશાં મનમાં આણો છો; તથા વળી અતિશય ખરાબ જે મુખની લાળ-તેને અમૃતથી પણ સુંદર મનમાં માનો છો; એવું સ્ત્રીનું ઘણુંજ ખરાબ જે અંગ-તેનીપર પ્રેમ ધરીને હે સાગર! કેમ નિર્મળ કહીને વખાણો છો? (૨૪)

मृणिका श्रवन वारे, त्वचाटुक जीभ ताकों; अमृतकी खानि कही, उपमाँ बढातहो. मल मूत धारी महा, पल भरे पेट ताकों; सागर समान कहि, हिये हरखात हो. आमिष अमित भरे, उरु अवलोकि ताकों; मृदु मोचा सम कही, शोभा सरसात हो. ऐसेंही अशुभ महा, कामिनीकी काया ताकों; शुभ मानी सागर क्यों, मोह मन पातहो. ॥ २५ ॥

ટીકા—લાળને ઝરાવનાર ચામડાનો કટકો જે જીભ-તેને અમૃતની ખાણ કહીને ઉપમા વધારો છો; અને ઘણા મળ મૂત્રને ધારણ કરનાર માંસ ભરેલ પેટ-તેને સમુદ્ર જેવું કહીને હૈયામાં હરખાવો છો; તથા ભારે માંસથી ભરેલા જે સાથળ તેને જોઇને કોમળ કેળ જેવા કહી શોભા વધારો છો; એવી જે સ્ત્રીની ઘણીજ ખરાબ કાયા-તેને સારી માનીને હે સાગર! મનમાં કેમ મોહ પામો છો. (૨૫)

मलमयी गर्त्त महा, नाभिकों निरखिख ताकी; जलभ्रम जैसी महा, आभा अधिकातहो. मूनके मवास खास, सघन जघन ताकों; रतीश रमनभूमि, विमल बनातहो. मांस मेद मज्जा अरु, रक्तें भरि काय ताकों; कनक लतासी कही, प्रभा पसरातहो. ऐसेंही अशुभ महा, योषितके अंग ताकों; शुभ मानी सागर क्यों, छोह चित्त लातहो. ॥ २६ ॥

ટીકા—મેલનો ભરેલ ખાડો જે નાભિ-તેને જોઇને જળભ્રમ (જળ ગોળાકારે ફરે ને વચમાં જે ખાડો પડે તે) જેવી ઘણીજ શોભા વધારો છો; અને ખાસ મૂત્રનું ઠેકાણું જાડું પેડુ-તેને કામદેવને રમવાની રંગભૂમિ તરિકે નિર્મળ બનાવોછો; વળી માંસ, મેદ, મજા અને લોહીથી ભરેલ કાયા-તેને સોનાની વેલી કહીને શોભા ફેલાવોછો; એવું જે સ્ત્રીનું ઘણુંજ ખરાબ અંગ-તેને સારૂં માનીને હે સાગર! મનમાં કેમ પ્રેમ લાવોછો. (૨૬)

भुजंगी छंद.

महा मोहकी जाल जोषा कहावे, उसीपें उरें मोह क्यों आप लावे; कही आदि केते गये सिद्ध भावें, परें प्रेमदा पाश सो पीर पावे. अहस्या परे प्रेम

जो इंद्रे लायो, तबे तन्नमें छिद्र अनेक पायों; धरयो प्रेम सीतापरे लंकनाथें, तबें नाश पायो सबे गोत्र साथें. कियो छोह भस्मासूरे गोरि गात्रें, तबे भस्म अंगे भयो छिन्न गात्रें; शचीपें धरयौ छोह नघोष राये, तबे सर्प व्हेकें सहे कष्ट कायें. कियो किंचकें प्रेम पांचालि अंगे, तबे नाश पायो सबे भ्रात संगे; यही रीत जो कोउने नारी संगे, किये प्रेमनो पीर पाये सू अंगे. महा पीरकें पाश नारी प्रमानो, लहे कष्ट कायें जही जे फसानो; मृषा मूह बोले सदा नूर हारी. दिले दोष वारी महा दर्पधारी. बडी बिश्वमें बंचिता वे कहावे., हियासें हजारो प्रपंचो उपावे; अशुद्धा अनंता उरें लोभधारी, सदा छोहिके चित्त संतापकारी. हनी नेनके शैन बाधा बढावे, महा सिद्धके चित्त चांपें चलावे; उरें जान ऐसी तिया कष्टकारी, तजी तुर्त ताकों किते भस्मधारी. ॥ २७ ॥

ટીકા—ઘણીજ મોહની જાળ સ્ત્રીઓ કહેવાય છે. તેની પર મનમાં આપ કેમ મોહ લાવોછો? કેટલાક સિદ્ધ આગળ ભાવથી કહી ગયાછે કે, જે સ્ત્રીઓના પાસમાં પડેછે, તે અતિ પિડા પામેછે. જો અહલ્યા નામની ગૌતમ ઋષીની સ્ત્રીપર ઇંદ્ર પ્રેમ લાવ્યો-તો શરીરમાં ગૌતમના શ્રાપથી અનેક છિદ્ર પામ્યો. વળી સીતાપર જો રાવણે પ્રેમ ધાર્યો-તો સર્વે કુટુંબ સહિત નાશ પામ્યો. અને ભસ્માસુર નામના દૈત્યે જો પાર્વતી પર પ્રેમ કર્યો-તો ક્ષણમાત્રમાં શરિર બળીને ભસ્મ થઈ ગયો. વળી ઇંદ્રાણીપર જો નરઘોષ રાજાએ પ્રેમ ધર્યો-તો તેણે ઘણા કાળ પર્યંત શરીરે સર્પ થઇને કષ્ટ સહન કર્યું. કૈચાકીચકે જો દ્રૌપદીના અંગપર પ્રેમ કર્યો-તો સર્વે ભાઇઓ સહિત નાશ પામ્યો. એવી રીતે જો કોઇએ સ્ત્રી સાથે પ્રેમ કર્યો-તો તે પોતાના અંગમાં પિડા પામ્યાછે. માટે સ્ત્રી છે તેજ અતિશય પિડાનો પાસલોછે; તેમાં જઇને જે ફસાયે છે તે શરીરે મહા કષ્ટ પામેછે. વળી સ્ત્રી કેવી છે-મુખે ખોટું બોલનારી, પતિના તેજને હરનારી, મનમાં દોષવાળી અને અહંકારને ધારણ કરનારીછે. વળી જગતમાં મોટી ધુતારી તે કહેવાય છે; કેમકે હૈયામાં તે હજારો પ્રપંચો ઉપજાવે છે; ઘણીજ અપવિત્ર અને મનમાં લોભવાળી તથા પોતાના સ્નેહીના મનમાં સંતાપ કરનારી, આંખ્યના શનકારા (કટાક્ષ) મારીને પિડા વધારનારી, મ્હોટા સિદ્ધના મનને પણ જલદી ચલાવે-એવી દુખદાયક સ્ત્રી મનમાં જાણીને તેને તરત તજી કેટલાક પુરૂષોએ ભસ્મ ધારી છે-એટલે સંન્યાસી થયાછે. (૨૭)

दोहा.

साहस कृत अति छोहिमें, धवकी धूर्ता भाय;
ऐसी अबला नीचपें, स्नेह चित्त क्यों लाय. ॥ २८ ॥

ટીકા—સ્નેહીમાં અતિ સાહસ (અવિચાર) કરનારી, પતિને ઠગવાવાળી-એવી નીચ સ્ત્રીપર હે સાગર! મનમાં કેમ પ્રેમ લાવ્યા છો. (૨૮)

यातें यह उपदेशकों, मनन करी मनमांय;
छोडीकें सब वातकों, गेह पधारो राय. ॥ २९ ॥

ટીકા—તેથી આ ઉપદેશને મનમાં વિચાર કરી સર્વે વાતને છોડીને હે રાજા! સુખેથી ઘેરે પધારો. (૨૯)

गाहा.

सागर प्रति सुखकारी, निंद्या नार अपार सिद्धें कही;
अठसप्तति अभिधानं, पूर्न प्रविन सागरों लहरं. ॥ ३० ॥

ટીકા—પ્રભાનાથ સિદ્ધે સાગર પ્રત્યે સ્ત્રીની અતિશય સુખકારક નિંદ્યા કહી; તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની અઠ્યોતેરમી લહર સંપૂર્ણ થઈ. (૩૦)

इतिश्री प्रवीणसागरग्रंथेसागरप्रतिसिद्धोक्त नारीनिंद्याकथननाम अष्टसप्ततिमो लहरं. ॥ ७८ ॥

लेहेर ७९ मी.

अथ सागरासिद्धसंवादेसागरोक्तनारीप्रशंसाप्रसंगोकथन—दोहा.

सो सुनिकें सागर कहे, सुनो सिद्ध महाराज;
जानतहो तदपी तुमें, क्यों उचरत इमि आज. ॥ १ ॥

ટીકા—તે સાંભળીને સાગર કહે છે કે-હે સિદ્ધ મહારાજ! સાંભળો, તમે સર્વે વાત જાણો છો છતાં એમ કેમ બોલો છો. (૧)

नारी नौत्तम रत्नहे, नारी तें सब होय;
नार बिना यह विश्वमें, सुखदायक नहि कोय. ॥ २ ॥

ટીકા—સ્ત્રી છે-તેતો સર્વેથી શ્રેષ્ટ એક નવિન જાતનું રત્ન છે; વળી સ્ત્રી થકીજ સર્વે પ્રાણી ઉત્પન્ન થાય છે; અને સ્ત્રીવિના આ જગત્માં બીજું કોઈએ સુખદાયક નથી. (૨)

सवैया.

कामुकके मन कल्प लता अरु, व्याकुलकों अति धीर धरावन;
क्लांतहिकों विसराम विराजत, प्रेमिनके मन प्रेम बढावन.
यः जगमें विधिने बनिता इसि, जो रचि होत न नेह निभावन;
तौं भव सागर पैरनकों अति, दीरघ होतहि क्लेश करावन. ॥ ३ ॥

ટીકા—કામી પુરૂષોના મનમાં તે કલ્પલતા જેવી અને વ્યાકુળ પુરૂષોને

અતિ ધીરજ ધરાવનારી; તથા થાકેલા પુરૂષોને વિશ્રામ સ્થાન જેવી શોભે છે; અને પ્રેમી પુરૂષોના મનમાં તો પ્રેમ વધારનારી છે, એવી આ જગત્માં નેહને નભાવનારી બ્રહ્માએ જો સ્ત્રી ન રચી હોત-તો ભવરૂપી સમુદ્ર તરવાને ઘણોજ લાંબો કલેશ કરાવનાર થાત. (૩)

चंद्रसमा न हिं मोद करे पुनि, रेवतिसें रतिकी रखवारी;
मद्यसमा नहि माद करे पुनि, मित्र समान सदा सहकारी.
मोहनसें मनकी हरता पुनि, चेट समान सदा अनुसारी;
ओसि तिया नहि होत कदापितौं, क्यों करि काटत काल करारी.॥४॥

ટીકા—ચંદ્રમાની પેઠે આણંદ કરનારી, રેવતીના જેવી પ્રીતિની રાખવાવાળી, મદિરાની પેઠે મદ કરનારી, મિત્રની પેઠે હમેશાં સાહ્ય કરનારી, મોહિનિની પેઠે મનને હરવાવાળી, અને ચાકરની પેઠે નિત્ય મરજી મુજબ વર્તનારી, એવી સ્ત્રી કદાપિ જો આ જગત્માં નહિ હોત-તો આ કઠણ વખત કેમ કરીને ગુમાવત? (૪)

मंजुल मूरति जाकि लसे पुनि, प्रेममयी सब देह दिखावे;
सीधि स्वभावहि मांहिलसे पुनि, वाम विलास अपार उपावे.
ऐसि मृगाक्षि असार संसारमें, सुंदर सार स्वरुप कहावे;
वांहिकौं मेक विचार किये बिन, निंदतहौं किमि आप अभावें.॥५॥

ટીકા—જેની આકૃતિ મનોહર શોભે છે, પ્રેમમય સર્વે શરીર દેખાય છે, સ્વભાવ મધ્યે ઘણીજ સરળ શોભે છે-અને મનોહર અપાર વિલાસોને ઉપજાવે છે, એવી મૃગલોચની આ અસાર સંસારમાં સુંદર સાર સ્વરૂપ કહેવાય છે, તેને જરાએ વિચાર કર્યા વિના આપ કેમ અભાવ આણીને નિંદો છો? (૫)

येहिं असार संसारनमें पुनि, सार नितंबिनी नेक निहारी;
शंकरने धरि गोद शिवा पुनि, केशवने कमला ग्रह धारी.
दानव मानव देव सबे पुनि, चाहत यों धरि छोह अपारी;
एसि अनूपम योषितकों किमि, निंदत आप बनी अविचारी. ॥६॥

ટીકા—આ અસાર સંસારમાં એક સુંદર સારરૂપી સ્ત્રીને જોઇને શિવજીએ પાર્વતીને ખોળામાં ધારણ કરી, વળી વિષ્ણુએ લક્ષ્મીને ઘરમાં રાખી; તેમજ દૈત્ય, મનુષ્ય અને દેવતાઓ સર્વે સ્ત્રીઓને એમ પ્રેમ ધરીને અતિશય ચહાય છે, એવી મનોહર સ્ત્રીને આપ અવિચારી (વિચાર વગરના) થઇને કેમ નિંદો છો? (૬)

कवित्त.

सेजमें सुखद चारु, राजत रतिसी पुनि; काम शास्त्रें शोहे रुप, साक्षात स-

मरकों. गुरु न समीप लसे, मूर्तिमान लाज पुनि; काज करिबेमें अर्थ, सोर अनुचरको. इंदिरासी आलयमें, ओपत अमित पुनि; सलाह सचिव सम, देत निज वरकों. ऐसी अभिराम वाम, कर्त्ते जोन कीनी होत; कैसें तो तिरत, भवसागर दुस्तरकों. ॥ ७ ॥

ટીકા—સય્યાને વિશે મનોહર રતિના જેવી સુખ આપનારી, કામ શાસ્ત્રને વિશે સાક્ષાત્ કામદેવના જેવી શોભાયમાન, અને સાસુસસરા પાસે જાણે લાજની મૂર્તિજ હોયની શું? તેવી, અને કામ કરવામાં ચાકરનો અર્થ સારે તેવી, ઘરમાં લક્ષ્મી જેવી ઘણીજ શોભાયમાન, તથા પોતાના ધણીને પ્રધાનની પેઠે સલાહ આપનારી—એવી મનોહર સ્ત્રી જો કર્ત્તાએ ન કરી હોત-તો આ દુસ્તર (નતરાય તેવો) સંસારરૂપી સમુદ્ર કેમ તરાત? (૭)

सास औ ससूर जुकों, नम्रतासें नेह भरी; सेवंत सदाय चाह, चित्तमें बढाईकें. स्वामीके सखानि साथ, विनीत रहत पुनि; सौतके हरत चित्त, मंद मुसकाइकें. आश्रितपें अनुकंपा, स्वजनमें छोह पुनि; वंछित करत काज हिये हरखाईकें. ऐसी बर वनिताके गुननकों ग्राहे विन; निंदतहो आप कैसें, भूलमें भ्रमाइकें. ॥ ८ ॥

ટીકા—સાસુ અને સસરાની નમ્રતાથી પ્રેમે કરીને હમેશાં મનમાં ચાહના વધારીને સેવા કરનારી, પતિના મિત્રોની સાથે વિનયથી વરતનારી, તથા શોકયના મનને સ્મિત હાસ્યથી હરવાવાળી, વળી પોતાના આશ્રિત જનોપર દયા રાખનારી, તથા કુટુંબના માણસોપર પ્રેમવાળી, પતિની મરજી મુજબ હર્ષથી કામ કરનારી, એવી ઉત્તમ સ્ત્રીના ગુણને ગ્રહણ કર્યાવિના ભૂલથી ભ્રમાઇને આપ તેને કેમ નિંદાછો? (૮)

अथ सागरप्रति सिद्धोक्त–दोहा.

भूलत नाहि भ्रमाइकें, स्यामा संगे काय;
निर्बल बनिकें नरसबे, व्याधि वपुमें पाय. ॥ ९ ॥

ટીકા—ત્યારે સિદ્ધ કહેછે-કે હે સાગર! હું ભ્રમાઇને ભૂલતો નથી, પણ સ્ત્રીના સંગથકી સર્વે પુરૂષો શરીરે બળહીણ થઈ રોગને પામે છે. (૯)

अथ सिद्धप्रति सागरोक्त–सवैया.

जा कुच मिंजनतें तनके सब, वात रुजा मिटजात अपारे;
पान किये अधरामृतके पुनि, पित्त प्रकोयके पुंज प्रजारे.
काम क्रिडा श्रममें सबही कफ, नाशतहे नरके निरधारे,
ऐसि तिया गदहारिनकों किमि, निंदतहो निज़ वीन बिचारे. ॥१०॥

ટીકા—સાગર કહે છે કે-હે મહારાજ! જેના સ્તનનું મર્દન કરવાથી શરીરના સર્વે વાત રોગ મટી જાય છે; વળી જેના અધર.(હોઠ) ના અમૃતનું પાન કરવાથી પિત્ત રોગના પ્રકોપના સમૂહને બાળી નાખે છે, અંતે કામ ક્રીડાની મેહેનતથી પુરૂષોના સર્વે કફ રોગ નક્કી નાશ પામેછે. એવી સર્વે રોગને હરવાવાળી સ્ત્રી છતાં એ જાતને આપ વગર વિચારે કેમ નિંદો છો? (૧૦)

सागरप्रति सिद्धोक्त–दोहा.

नारी निंदन योग्यहे, आलममें यों जान;
कोविदने कीने नही, वाके विमल वखान. ॥ ११ ॥

ટીકા—સિદ્ધ કહે છે કે-હે સાગર! સ્ત્રી નિંદવાને લાયકજ છે; એમ જાણીનેજ સંસારમાં તેનાં નિર્મળ વખાણ કોઈ પંડિતોએ કર્યાં નથી. (૧૧)

सिद्धप्रति सागरोक्त–कवित्त.

स्यामाके चहित केते, कोविदने कीने पुनि; केते छबि साजतहे, उपमा अपारदी. केते गुन गावतहे, उरमें उमंग धरी; केते करि कीरतकों, विश्वमें विस्तारदी. केते कल्प लता जान, कविता करत पुनि; केते कहि गये आगें, विविध विहारदी. ऐसी जग जोषा जोन, कीनी होत कर्त्तानेतौ; कविता न होत एतौ; कवि होत दारदी. ॥ १२ ॥

ટીકા—ત્યારે સાગર કહે છે કે-હે સ્વામિ! કેટલાક પંડિતોએ સ્ત્રીઓનાં ચરિત્ર કહ્યાં છે, એટલુંજ નહિ પણ કેટલાક પંડિતો સ્ત્રીઓના અંગોના સરૂપનું અનેક ઉપમા આપી વર્ણન કરે છે; વળી કેટલાક મનમાં ઉમંગ ધરીને તેના ગુણ ગાય છે, તેમ કેટલાકોએ તેની કીર્ત્તિ કરીને જગત્માં ફેલાવી દીધી છે; તેમજ કેટલાક પંડિતો કલ્પલતા જાણીને તેની કાવ્ય કરે છે; વળી કેટલાક તો અનેક પ્રકારના વિહાર (ક્રીડા) આપનારી આગળ કહી ગયા છે. એવી જગત્માં જો સ્ત્રી કર્ત્તાએ કરી નહોત-તો આટલીબધી કવિતા જગત્માં થાત નહીં, અને કવિયો દળિદ્રી (આળસુ) થાત; અર્થાત સ્ત્રીવિના તેઓ કોની કવિતા કરત? (૧૨)

पुनः कवित्त.

भगवती भागवत, भामिनी तें बने पुनि; जानकीतें रामायन, वाल्मिकें विस्तारदी. नाटक नविन केते, रामातें रचाये पुनि; कथा केती कामिनीकी, पंडितें पसारदी. अरवीमें अलेफ लेली, बात बनितासें बनि; विश्वमें विराजतहे, आनंद अपारदी. ऐसी जग जोषा जोन, कीनी होत कर्त्तानेतौ; कविता न होत एती, कवि होत दारदी. ॥ १३ ॥

ટીકા—ભગવતી ભાગવત એટલે દેવી ભાગવત એ સાક્ષાત નારાયણી આ-

દિ શક્તિ ઈશ્વરીરૂપ સ્ત્રીથકી બન્યું છે; સીતારૂપ સ્ત્રીથકી વાલ્મિક ઋષિયે રામકથા બનાવીને વિસ્તારી છે. સિવાય કેટલાક નવિનનાટકો સ્ત્રીઓથકીજ રચાણાંછે; તેમજ કેટલીક સ્ત્રીઓની વાર્તાઓ પણ પંડિતોએ બનાવીને ફેલાવી દીધી છે. અરબી ભાષામાં "અલેફ લેલી" નામની વાર્તા પણ સ્ત્રીથીજ બનીને અતિશયે આણંદ આપીને જગત્માં શોભેછે. માટે એવી સુખરૂપ જંગત્માં જો સ્ત્રી કર્ત્તાએ કરી નહિ હોતતો આટલીબધી કવિતા જગત્માં થાત નહિ અને કવિયો દળિદ્રી થાત-એટલે સ્ત્રીવિના તેઓ કોની કવિતા કરત ? (૧૩)

सवैया.

या दुखदाय संसारहिमें इक, सार तिया सुखदाय निहारी;
केशव सेवतहे कमला पुनि, शंकरने गिरिजा ग्रह धारी.
अेसि अपूरव योषितकों पुनि, निंदत नाहक शोच बिनारी;
जो वह निंदन योग्यहि होततो, चाहत क्यों हरि संभु सदारी. ॥१४॥

ટીકા—આ દુઃખદાયક સંસારમાં એક સ્ત્રીજ સુખદાયક અને સારરૂપ જોઇને વિષ્ણુ ભગવાન લક્ષ્મીજીને સેવે છે; શંકરે પાવર્તીજીને ઘરમાં રાખ્યાં છે, એવી મનોહર સ્ત્રીને નાહક વિચારવિના કેમ નિંદો છો ? જો તે નિંદવાને લાયક હોત-તો તેને હમેશાં વિષ્ણુ અને શંકર કેમ ચ્હાત ? (૧૪)

चोपाई.

सोहतहे यह आलममांय, साररूप इक नार सदाय; नार बिना नव होये योग, नार बिना नव पाये राग. नार बिना नव सोहे ओक, नार बिना नहि राजे लोक; नार बिना नव करे बिलास, नार विना नव रखे पास. नार विना नहि पित्र प्रसन्न, नार विना को रांधे अन्न; नार विना नहि संतति होत, संतति बिन नहि बाढे गोत. गोत विना नहि स्वरगे जाय, विबुध वदत यों शास्त्र बताय; एसि अपूरव नार कहाय, कल्पलता सम भवमें भाय. ॥१५॥

ટીકા—આ સંસારમાં નિરંતર એક સ્ત્રી તેજ સારરૂપ શોભે છે; કેમકે સ્ત્રીવિના એકલ પુરૂષે યજ્ઞ થાય નહીં, સ્ત્રીવિના રાગ એટલે પ્રેમ અથવા ગાયન પામીએ નહીં; વળી સ્ત્રીવિના ઘર શોભે નહીં, તેમ સ્ત્રીવિના જગત્ શોભા પામતું નથી; સ્ત્રીવિના કોઈ વિશ્વાસ કરે નહીં, તથા સ્ત્રીવિના કોઈ વાંઢાને પાડોસમાં રાખે નહીં; સ્ત્રીવિના પિત્ર પ્રસન્ન રહે નહીં, વળી સ્ત્રીવિનાં ભોજન પણ કોણ રાંધી આપે? સ્ત્રીવિના સંતતી અને સંતતી વિના વંશ વધે નહીં, તેમ વંશવિના સ્વર્ગે જવાય નહીં; એવી રીતે શાસ્ત્ર બતાવીને પંડિતો કહે છે. માટેજ એવી સ્ત્રી સારરૂપ કહેવાય છે, અને તે જગત્માં કલ્પલતા જેવી શોભે છે. (૧૫)

सवैया—सारालंकार.

छाजतहे छिति मंडलमें इक, सार मनोहर पूर प्रमानो;
पूरहिमें इक सार सुहावत, सुंदर सौंध महा महकानो.
सौंधहिमें इक सार लसे पुनि, सुंदर सेज सदा उर आनो;
सेजहिमें पुनि रत्न प्रभासम, सार सबे सुखको तिय जानो. ॥१६॥

ટીકા—પ્રથ્વી મંડળને વિશે એક નગર તેજ મનોહર સાર છે, અને તે નગરને વિશે એક ઘણીજ સુંદર મ્હોટી તથા સુગંધયુક્ત મેડી સાર શોભે છે; અને તે મેડીને વિશે હમેશાં એક સુંદર શય્યા સારરૂપ શોભે છે, તથા તે શય્યાને વિશે વળી રત્નની કાંતિ જેવી સર્વે સુખનો સાર એક સ્ત્રીને જાણો. (૧૬)

सागर प्रति सिधोक्त—दोहा.

मंजुल मान महेलिका, बहुविध करत बखान;
पें न पिछानत पिंडमें, नारी नर्क निदान. ॥ १७ ॥

ટીકા—સ્ત્રીને મનોહર માનીને અનેક પ્રકારે વખાણ કરે છે, પણ શરીરમાં ઓળખતો નથી કે-સ્ત્રી નર્કનું મૂળ કારણ છે. (૧૭)

दोहा.

तृण तुल्य जानत तापसी, अघ सम जानत योगि;
असी अबला अधमकों, क्यों चाहत बनि भोगि. ॥ १८ ॥

ટીકા—તપસીઓ તરણા-ઘાસ જેવી જાણે છે, અને યોગીઓ પાપ બરાબર જાણે છે, એવી નીચ સ્ત્રીને ભોગી થઇને કેમ ચાહો છો? (૧૮).

सिद्धप्रति सागरोक्त—सवैया.

त्यों लगि तापसके तपही पुनि, त्यों लगि मौन मुनी मुखमांई;
त्यों लगि योगिन योग लसे पुनि, त्यों लगि सिद्धनकी सिधताई.
त्यों लगि ज्ञानिके ज्ञान लसे पुनि, त्यों लगि साधुनकी शुभताइ;
ज्यों लगि कंज द्रगी शरकाक्षहि, आइ लगे नहि वा हियमांइ. ॥१९॥

ટીકા—તપસીઓનો તપ ત્હાં લગણ—અને મુનીઓના મુખમાં મુંગાપણું પણ ત્હાં લગણ, અને યોગીઓનો યોગ પણ ત્હાં લગણ, વળી સિધ્ધોની સિદ્ધાઈ પણ ત્યાં લગણ, તેમ જ્ઞાનીઓનું જ્ઞાન પણ ત્યાં લગણ, અને સાધુ જનોની સાદાઈ પણ ત્યાં લગણ કે જ્યાં લગણ કમળ નયનીના કટાક્ષરૂપી બાણ આવીને તેનાં હૃદયમાં લાગ્યાં નથી-ત્હાં સૂધી. (૧૯)

सवैया.

त्यों लगि धीरकीं धैर्य रहे पुनि, त्योंलगि बुद्धि बसे मनमांई;

त्यों लगि वेद पुरान पढे पुनि, त्योंलगि धर्म रहे उर छाई.
त्यों लगि दक्ष कहावतहे पुनि, त्योंलगि चित्तमें सत्य सुहाई;
ज्यों लगि चंद्रमुखी गजगामिनि, नार इकंत न द्रष्टि दिखाई. ॥ २० ॥

ટીકા—ધીર પુરૂષોની ધીરજ ત્હાં લગણ રહે, અને બુદ્ધિવાનની બુદ્ધિ પણ મનમાં ત્હાં લગણું વસે, અને વેદ તથા પુરાણનું ભણવું પણ ત્હાં લગણ રહે, વળી મનમાં ધર્મ પણ ત્હાં લગણ છવાઈ રહે, તેમ ડાહ્યો પણ ત્હાં લગણ કહેવાય, અને મનમાં સત્ય પણ ત્હાં લગણ શોભે કે જ્હાં લગણ ચંદ્ર જેવા મુખવાળી અને હાથીના જેવી મંદ ચાલવાળી સ્ત્રી એકાંતમાં નજરે નથી પડી-ત્હાં સુધી. (૨૦)

दोहा.

ऐसि अपुरव योषिता, पुर्व पुन्यतें पाय;
विलसत वाके संगमें, सो नर धन्य कहाय. ॥ २१ ॥

ટીકા—એવી અતિ ઉત્તમ સ્ત્રી પૂર્વના પુણ્યથી પામીને તેની સાથે જે વિલાસ કરે છે, તે પુરૂષને ધન્ય છે. (૨૧)

सवैया.

स्नान करी शुचि रोज रहे पुनि, चारु सुगंध शरीर लगावे;
वत्सल बैन बदे मुखतें पुनि, न्याद निते निज सूक्ष्म पावे.
सो नहि मानव देव समानहि, या छितिमें सुखदाय सुहावे;
एसि अपूरव येषितकों नर, पावत सो बड भागि कहावे. ॥ २२ ॥

ટીકા—જે હમેશાં નહાઈને પવિત્ર રહે છે, અને શરીરે મનોહર સુગંધ લગાડે છે, તથા સુખથકી પ્રેમળ વચન બોલે છે; વળી જે હમેશાં ઘણુજ થોડું અન્ન ખાય છે—તે સ્ત્રી મનુષ્ય નહિ પણ આ પૃથ્વીપર સુખદાયક દેવ જેવી શોભે છે. એવી અતિ ઉત્તમ સ્ત્રીને જે પુરૂષ પામે—તે પુરૂષ મ્હોટો ભાગ્યશાળી કહેવાય. (૨૨)

कवित्त.

आवत विलोकी नाथ, उठि चलि आगें पुनि; नम्रतासें नेहभरे, बोलत बचनहे. आसन बिछाय अरु, अर्चा करि उमंगतें; सेवत स्वअंगे धरी, द्रष्टि वा चरनहे. सोवत सुलायपीछे, उठतहे आगें अरु; आछे रचि अन्न करै, पतिकों प्रसंनहे. एसी अभिराम वाम, पाई पूर्व पुन्ये कोउ; भोगवत भर्तासोई, धरनीमें धन्यहे. ॥ २३ ॥

ટીકા—પોતાના સ્વામિને આવતો જોઇને ઉભી થઈ આગળ (સામે) ચાલીને નમ્રતાથી પ્રેમ ભરેલ વચન (પતિ સાથે) બોલે, પછી પતિ માટે

આસન બિછાવીને ઉમંગથી પતિની પૂજા કરી-પતિના પગ ઉપર નજર રાખીને દાસ-દાસી છતાં પોતાને અંગે સ્વામિની સેવા કરે; અને પતિને સુવરાવીને પછી પોતે સુવે, તથા સવારે પતિ ઉઠયા અગાઉ ઉઠી મનોહર ભોજન રાંધીને પતિને જમાડી પ્રસન્ન કરે-એવી મનોહર સ્ત્રી પૂર્વ પુણ્યે પામીને જે કોઈ પુરૂષ ભોગવે છે, તે ભર્ત્તાર પૃથ્વીપર ખરેખર ભાગ્યશાળી છે. (૨૩)

सुंदर स्वरूपवान, नागरी निकाइ भरी; कोमल कुलीनं लसे, शोभा सरसाइकें. प्रेम भरी प्रियवदे, वचन विमल पुनि; सदा अनुकूल रहे, छोह चित्त लाइकें. आवत आलोकी कंत, आगें चलि आनंदसें; आदर करत अति, मंद मुसक्यांइकें. एसी तिय संग सदा, विलसी वितात आयु; यातें अन्य धन्य कोन, ओपे अधिकाइकें. ॥ २४ ॥

ટીકા—મનોહર રૂપવાળી ચતુર અને સારા ગુણથી ભરેલી, વળી શરીરે કોમળ તથા કુળવાન શોભા વધારીને જે શોભે છે, સિવાય પ્રેમથી ભરેલી નિર્મળ વહાલાં વચનો બોલનારી, અને મનમાં પ્રેમ લાવીને પતિ સાથે હમેશાં અનુકૂળ રહેનારી, તથા પતિને આવતા જોઇને હર્ષથી સામે ચાલીને જરા હસીને જે પતિનું સન્માન કરે છે, એવી સ્ત્રી સાથે હમેશાં વિલાસ કરીને જે પુરૂષ આયુષ વિતાવે છે, એથી બીજો કોણ ભાગ્યશાળી વધીને શોભે છે? (૨૪)

जैसे जलधिके तीर, वीचिना दिखातन; अंदरमें अनोपम, ओपे उफनाइकें. तैसें जिस द्रष्टि नाहि, बाहरतें चपलपर; ओपत उपांगमांहि, सुंदर सुहाइकें. जैसें कलिगंध रही, भीतर प्रभाय तैसे; जाकी मन वृत्ति लसे, मनमें समाइकें. अैसी अभिराम सति, जाके ग्रह राजतहे; वाके बडभाग्य भूरि, सोहे सरसाइकें. ॥ २५ ॥

ટીકા—જેમ સમુદ્રને કાંઠે તરંગ દેખાતા નથી-પણ વચમાં એટલે મધ્ય દરિયે સુંદર તરંગ ઉછળીને શોભે છે; તેમ જેની દૃષ્ટિ બાહેરથી ચપળ નથી, પરંતુ આંખ્યોના ખુણામાંજ મનોહર રહીને શોભે છે; જેમ ફુલની કળીની સુગંધ કળીની અંદર રહીને શોભે છે, તેમ જેના મનની વૃત્તિ મનની અંદરજ સમાઇને શોભે છે, એવી મનોહર સતિ સ્ત્રી જેના ઘરમાં શોભે છે-તે મહાન ભાગ્યશાળી હોઇને સરસ શોભે છે. (૨૫)

जाकी तिय जगतमें, पुनीत प्रभाय पुनि; सर्वमें शयानी सदा, प्रेमतें प्रमानियें. कंतकी इच्छानु सार, करतहे काज पुनि; बोलत मधुर वैनं, सुधा सम जानियें. सोइ या संसार मांहि, राजतहे रमा पुनि; औरं रमा रमा नहि, प्रज्ञातें पिछानियें. अैसी अभिराम वाम, पाय पूर्व पुन्यहितें; यातें अन्य सुखी कौन, विश्वमें वखानियें. ॥ २६ ॥

ટીકા—જેની સ્ત્રી સંસારમાં પવિત્ર-કલંક વિનાની છે, અને હમેશાં સર્વે વાતે ડાહી છે-તે પ્રેમથકી જાણિયે; અને પતિની મરજી મુજબ કામની કરનારી, તથા અમૃત જેવાં મીઠાં વચન બોલનારી છે-તે આ સંસારમાં સાક્ષાત્કાર લક્ષ્મી છે, બીજી જે લક્ષ્મી છે તે લક્ષ્મી નહીં-એમ બુદ્ધિથી જાણવું, એવી મનોહર સ્ત્રી જે પુરૂષ પૂર્વ પુણ્યથકી પામે છે; એથી કયો બીજો સુખી આ જગત્માં વખાણિયે? (૨૬)

सागरप्रति सिद्धोक्त-दोहा.

नारीमें नौतम कहा, निरखी नीके अंग;
बरनत बारं बारहो, उरमें धारि उमंग. ॥ २७ ॥

ટીકા—સાગરને સિદ્ધ કહે છે કે-હે સાગર! સ્ત્રીમાં એવું નવિન અને ઉત્તમ કયું અંગ જોઇને તમે વારેવારે મનમાં ઉમંગ ધરીને તેનું વર્ણન કરો છો? (૨૭)

सिद्धप्रति सागरोक्त-कवित्त.

लोकमें विलोकनके, योग्य अभिराम महा; प्रेमतें प्रसन्न मुख, प्यारीको प्रमानियें. सोरंभमें चारु वाके, वदनकी वास पुनि; स्वाद्में सुधासें ताके, ओष्ठरस आनियें. चिंतनमें अदायुत, यौवन अनूपपुनि; छुयेमें सुखद वाके, शरीरकों जानियें. ऐसी अभिराम वाम, त्यागीकें विरागी बने; यातें और यज्ञ कौन, विश्वमें बखानियें. ॥ २८ ॥

ટીકા—ત્હારે સાગર કહે છે કે-આ સંસારમાં જોવાલાયક અતિ સુંદર પ્રેમથી પ્રસન્ન થયેલું સ્ત્રીનું મુખ છે; સુગંધીમાં તો મનોહર તેના મુખનો શ્વાસ છે, અને સ્વાદમાં તો અમૃત જેવો તેના હોઠનો રસ છે; વળી સમરણ કરવામાં તો તેની હાવ ભાવ સહિત મનોહર જુવાની છે, અને સ્પર્શ કરવામાં તો તેનું સુખદાયક શરીર છે. એવી અપૂર્વ સ્ત્રી છોડીને જે વૈરાગી થાય-એથી બીજો મૂર્ખ જગત્માં કોને કહિયે? (૨૮)

सागरप्रति सिद्धोक्त-दोहा.

यज्ञ नही यह सुज्ञहे, छोरत जे तिय संग;
वा छोरे बिन कोउदिन, पाय न प्रभुता अंग. ॥ २९ ॥

ટીકા—સાગર પ્રત્યે સિદ્ધ કહે છે કે-જે સ્ત્રીનો સંગ છોડે તે મૂર્ખ નહિ-પણ સુજાણ એટલે ડાહયો છે; કેમકે તે છોડયાવિના કોઈ દિવસ શરીરમાં મોટાઈ પમાતી નથી. (૨૯)

सिद्धप्रति सागरोक्त-दोहा.

प्रौढ प्रभुता पाइकें, सेवत नार सदाय;
ऐसे या आलम विशे, तुमकों देहु दिखाय. ॥ ३० ॥

ટીકા—વળી સિદ્ધ પ્રત્યે સાગર કહે છે કે-પૂર્ણ મોટાઈ પામીને સદાય સ્ત્રીને સેવે છે-એવા આ સંસારમાં જે છે તેમને હવે બતાવી આપુછું; (૩૦)

कवित्त.

गिरजाकों गोद धरी, राखतहे रुद्र पुनि; रमाकों रमेश नित्य; सेवे छोह धारकें; सावित्रीकों चाह धरी, सेवत स्वयंभु पुनि; शचीकों चहत शक्र, नेहतें निहारकें. यातें उर जाने हम, मनमें विचार करि; सेवनके योग्य यह, सबही संसारके. नारी होत निंद्यतो या, व्रजमें विहारी बनि; कान्ह क्यों करत संग, सोरह हजारके. ॥ ३१ ॥

ટીકા—પાર્વતીને શંકર ખોળામાં ધરી રાખે છે, લક્ષ્મીને વિષ્ણુ હુમેશાં પ્રેમ ધારીને સેવે છે, અને સાવિત્રીને ચાહના ધરીને બ્રહ્મા ઈચ્છે છે, ઈંદ્રાણીને ઇંદ્ર પ્રેમથી જોઈ મોહાય છે; એથી મેં મનમાં વિચાર કરીને જાણ્યું કે-સર્વે સંસારને એ (સ્ત્રી) સેવવા યોગ્ય છે. જો સ્ત્રી નિંદવા યોગ્ય હોત તો-આ વ્રજમાં વિહારી થઇને શ્રી કૃષ્ણ સોળ હજાર સ્ત્રીઓનો સંગ કેમ કરત? (૩૧)

दोहा.

यातें यह जाने हमें, योषा एक अनूप;
नहिं निंदनके योग्यहे, शामा शक्ति सरूप. ॥ ३२ ॥

ટીકા—એથી મેં એજ જાણ્યું કે, સ્ત્રી છે તેજ એક સર્વોત્તમ છે, અને તે નિંદવાને યોગ્ય નથી પણ સ્ત્રી શક્તિરૂપ એટલે સાક્ષાત્ દેવીરૂપ છે. (૩૨)

पादाकुलक छंद.

आदि शक्ति इक नार कहावे, शक्ति बिना नहिकोउ रहावे; शक्ति घटतहे जिनके गातें, कर्म कछु नहि होवत वातें. बोलत चालत जे तुम नीके, सोइ प्रताप मनो उनहीके; याके रूप अनेक कहावे, यथायोग्य सब ठौर रहावे. ब्रह्म संगातें माया राजे, शंकरसें पुनि शक्ति बिराजे; पूर्ण प्रकृती पुरुष संगे, सोहत चंडी दानव दंगें. अन्नपूरणा व्हे निज अंगे, पोषत सबही जीव उमंगे; धारारुप वनी सब धारे, जननी व्हेकें जने अपारे. बनिता बनिकें करत विहारा, प्रेम पसारीं सर्व संसारा; सोइ सनातन शक्ति कहावे, सचराचरमें सोइ सुहावे. सेवत हरिहर ब्रह्मा जाकों, तदपी पारन पावत वाकों; एसि अपूरव नारि कहावें, जातें सर्व संसार सुहावे. निंदतही किमि वा तरुनीकों, जातें जन्म भयो तुमनीको; देखो दिलके मांहि बिचारी, यातें आप वनत अपकारी. ॥ ३३ ॥

ટીકા—પ્રથમ સર્વથી આદિ શક્તિ એક સ્ત્રી કહેવાય છે; અને શક્તિ વિના કોઈ રહી શકે નહિ; કેમકે જેના શરીરમાંથી શક્તિ ઘટે છે—તેનાથકી કાંઈ કામ થતું નથી. વળી આપ જે સારી રીતે બોલો છો, ચાલો છો તે એ-નો પ્રતાપ છે એમ જાણો; વળી તે શક્તિનાં અનેક રૂપ કહેવાય છે, જહાં જેવું ઘટે ત્હાં તેવા રૂપે એમ સર્વ તે વ્યાપક છે; જુવો—બ્રહ્મની સાથે માયારૂપે તે શોભે છે, શંકરની સાથે ઉમિયારૂપે શોભે છે, આદિ પુરૂષની સાથે પૂર્ણ પ્રકૃતીરૂપે રહે છે, દૈત્યો સાથે યુદ્ધ કરવામાં ચંડીરૂપે શોભે છે, અને પોતાને અંગે અન્નપૂર્ણા થઇને સર્વે જીવને ઉમંગ ધરી પોષે છે; પ્રથ્વીરૂપે થઇને સર્વેને ધારણ કર્યા છે, અને માતારૂપ થઇને અનેકને ઉત્પન્ન કર્યા છે; વળી સ્ત્રીરૂપે થઇને સર્વ સંસારમાં પ્રેમ ફેલાવીને વિહાર કરે છે, તેજ સનાતન શક્તિ કહેવાય છે; ને તે સ્થાવર-જંગમ શોભે છે; જેને વિષ્ણુ, મહાદેવ અને બ્રહ્મા સેવે છે, તોપણ તેનો પાર પામતા નથી—એવી અપૂર્વ સ્ત્રી કહેવાય છે. જેનાથકી સર્વે સંસાર શોભે છે. તે સ્ત્રીને કેમ નિંદો છો? જેનાથકી આ ત-મારો જન્મ થયો છે, તેથી મનમાં વિચારીને જુવો, વાસ્તે આપ ગુણ ઉપર અવગુણ કરનારા થાઓ છો; કેમકે જેણે તમને જન્મ આપ્યો અને નર્ક મુ-ત્રાદિક ધોઇને મોટા કર્યા—તેનો ઉપકાર માનવાને બદલે ઉલટા અપકાર માનો છો એટલે અવગુણ માનીને નિંદો છો—તે તમને યોગ્ય નથી. (૩૩)

कविवाच–दोहा.

सिद्ध सूनीसो कानमें, मंद मुखे मुसकाहि;
सागर छोह सराहिकें, कहन लगे पुनिवांहि. ॥ ३४ ॥

ટીકા—તે સર્વે સિધ્ધ કાનમાં સાંભળીને મંદ હાસ્યયુક્ત સાગરના પ્રેમને વખાણી કહેવા લાગ્યો કે, (૩૪)

सागर प्रति सिद्धोक्त–दोहा.

धन्य धरापें छोह तुम, धन्य तुम्हारी मात;
जिसने जाये जगतमें, तोसें तनु अवदात. ॥ ३५ ॥

ટીકા—પૃથ્વીપર તમારા પ્રેમને ધન્ય છે; અને તમારી માતાને પણ ધ-ન્ય છે કે જેણે તમારા જેવા ઉત્તમ પુત્રને આ જગત્‌માં જન્મ આપ્યો. (૩૫)

सागर तुम सागर खरे, सत्य स्नेहके भाय.
अन्य सागर सागर नही, द्रगतें जे दरसाय. ॥ ३६ ॥

ટીકા—હે સાગર! તમે ખરેખર પ્રેમના સાચા સાગર છો. અને બીજા જે સાગર આંખથી દેખાય છે—તે સાગર નથી. (૩૬)

सोहत केती चित्तमें, अबलापर आशक्ति;
काय लसत पुनि केतनी, परम प्रेमकी भक्ति. ॥ ३७ ॥

यह जनन उर आदिमें, उलटी किय कछु बात;
पै प्रगटे पूरन तुमे, अनुरागी अवदात. ॥ ३८ ॥

ટીકા—તમારા મનમાં સ્ત્રીપર કેટલી આશક્તિ છે, તથા શરીરેકરી અખંડ પ્રેમની ભક્તિ કેટલી શોભે છે, એ મનમાં જાણવાને પ્રથમ મેં કાંઈક અવળી વાત કરી, પણ તમે પૂર્ણ-ઉજવળ પ્રેમી પ્રગટ્યા. (૩૭-૩૮)

जानतहो पुनि जगतकों, यथायोग्य निज गात;
यातें हम हरखित भये, सोत्र सुनि तुम बात. ॥ ३९ ॥

ટીકા—તથા શરીરથકી આ યથાયોગ્ય જાણો છો-જે કાન વડે સાંભળીને હું અધિક ખુશી થયો છું. (૩૯)

कविवाच–दोहा.

यों उचरी आनंद तें, उरमें धरि अनुराग;
सागरकों कहने लगे, दिल चाहे सो माग. ॥ ४० ॥

ટીકા—એમ ઉચરી હર્ષથી મનમાં પ્રેમ ધરીને સિદ્ધ કહેવા લાગ્યા કે, હે સાગર! હું તમારો અવિચળ પ્રેમ જોઇને પ્રસન્ન થયો છું-માટે તારે મનગમતું વચન માગ. (૪૦)

माहा.

प्रमदाकी परशंसा, सिद्ध समीप कीनी शुभ सागरें;
उनांसीय अभिधानं, पुर्ने प्रबिन सागरो लहरं. ॥ ४१ ॥

ટીકા—સિદ્ધની પાસે સાગરે સ્ત્રીની ઉત્તમતાથી વખાણ કર્યા, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની અગુણ્યાસીમી લહર સંપૂર્ણ થઈ. (૪૧)

इतिश्री प्रवीनसागरग्रंथे सिद्धप्रतिसागरोक्तप्रमदाप्रशंसाकथननाम इकउनाशीतिमो लहरं. ॥ ७९ ॥

लेहेर ८० मी.

अथ सिद्धोक्त सातोमित्रकेपूर्वभवकथन तथा भक्ति
योगकथन प्रसंगो यथा–दोहा.

शीश नमांई सिद्धकों, पुनि परसीकें पाय;
कहन लगे सागर तबे, हर्ष धरी हियमांय.
प्रसन्न भयेहो प्रेमतें, मुंझपर जो म्हाराज;
इक शंशय हम उर बसे, सोई मिटावहु आज. ॥ १ ॥

ટીકા—ત્યારે સિદ્ધને માથું નમાવી-પગે લાગી, મનમાં અતિ હર્ષ ધ-

રીને સાગર કહેવા લાગ્યા કે-હે સિદ્ધ મહારાજ! મ્હારીપર જો આપ એમથી પ્રસન્ન થયા હોતો-એક શંશય મ્હારા મનમાં છે તે આજ ટાળો. (૧)

पादकुलक छंद.

या जगमें सब स्वार्थि कहावे, स्वार्थ विना नहि कोउ सुहावे; जितनो जमें स्वार्थ रहावे, तितनो तापर प्रेम जनावे. विना स्वार्थ नहि चाहत कोउ, साथी चेट कहावत जोउ; संपतिमें सब मित्र सुहावे, आपातिमें नहि आश्रय बतावे. आपातिमें दुखिं देखि दुखाई, आइ करत जे साह्य सदाई; सो सत मित्र सदाय कहावे, पूर्व पुन्यतें को जन पावे. मेरे यह षट संगी राजे, सो सवही सत मित्र विराजे; हम सुखितें सब सुखिया होवे, हम दुखितें सब दुखि व्हे रोवे. हम सोवत तो सोवत येही, हम वैठत तो वैठत वेही; हम पावत तो वे सब पावे, नांतर सब उपवासि रहावे. हम दुखि व्हे भगुवे तनु धारे, तो दुखि व्हे भगुवे सब धारे, यों हम संगे राजे रहावे; प्रान एक तन भिन्न दिखावे. ॥ २ ॥

ટીકા—આ સંસારમાં સર્વે સ્વાર્થી કહેવાય છે, તેમજ જેમાં જેટલો સ્વાર્થ રહેલો હોય-તેટલો તેનાપર પ્રેમ જણાવે છે; જે સાથે રહેનાર મિત્ર અને ચાકર કહેવાય છે-તે કોઈ સ્વાર્થવિના ચાહતા નથી; કેમકે સારી સ્થિતિમાં તાત્પર્ય કે સુખમાં સર્વે મિત્ર થાય છે; પરંતુ પ્રતિકૂળ સ્થિતિ એટલે દુ:ખમાં કોઈ મુખ પણ બતાવતા નથી. પણ જે આપત્તિકાળમાં આપણને દુ:ખી જોઈ-મનમાં દુ:ખ લાવી જે નિરંતર આપણી સહાયતા કરે તેજ હમેશાં સદ્‌મિત્ર કહેવાય છે, અને તેવા મિત્ર પૂર્વ જન્મના પુણ્યથી કોઈકજ પામે છે. એ પ્રમાણે આ જે છ મિત્રો શોભે છે-તે સર્વે સદ્‌મિત્ર છે, કેમકે મારા સુખેથી સુખી, અને દુ:ખેથી દુ:ખી થઇને રોવે છે. જો હું સૂવું તો એ સૂવે છે, હું બેસું તો તે બેસે છે, અને હું ખાઉં તો તે ખાય છે,-નહિ તો સર્વે ભુખ્યા રહે છે. જો મેં દુ:ખી થઇને શરીરમાં ભગુવાં વસ્ત્ર ધાર્યાં, તો એઓએ પણ દુ:ખી થઈ તનપર ભગુવાં ધાર્યાં-એમ સદાય મ્હારી સાથે રહે છે; એમ સાતેના પ્રાણ એક છે-માત્ર શરીરજ જૂદાં જણાય છે. (૨)

दोहा.

त्यागी सब मेरे लिये, श्यामा सुत सुखदाय;
योगी व्हेकें अहरनिशि, कष्ट सहतहे काय. ॥ ३ ॥
ऐसें यह कलि कालमें, मित्र मिले नहि कोय;
तदपी तैसें पाय हम, यह शंशय उर मोय. ॥ ४ ॥

ટીકા—મ્હારે માટે સ્ત્રી પુત્રાદિક સુખદાયક સર્વે છોડીને સંન્યાસી થઈ

રાત દિવસ કાયામાં કષ્ટ સહન કરે છે, એવા આ કળિકાળના વખતમાં કોઈ મિત્ર મળે નહીં, છતાં તેવા 'સન્મિત્ર' હું પામ્યો એજ મ્હોટું આશ્ચર્ય છે! કેમકે, (૩-૪)

हम संगे किमि कायमें, कष्ट सहतहे सोय;
कारत्त वांके कीजियें, जैसा जेही होय. ॥ ५ ॥

ટીકા—મ્હારી સાથે શરીરમાં તે કેમ કષ્ટ સહન કરે છે? તેનું કારણ જેવું હોય તેવું હે પ્રભુ! કહો. (૫)

पूरव भवके प्रेमके, नाताहे कछु और;
यथायोग्य सब कीजिये, दयाकरी शिरमोर. ॥ ६ ॥

ટીકા—એતે પૂર્વજન્મનો પ્રેમ છે કે બીજો કાંઈ સંબંધ છે? તે સર્વે યથાયોગ્ય હે સ્વામિન્! દયા કરીને કહો. (૬)

सागर प्रति सिद्धोक्त—दोहा.

सिद्ध कहे सागर सूनो, हर्ष धरी हियमांय;
पूर्व जन्मके प्रेमि तुम, सोहत सर्व सदाय. ॥ ७ ॥

ટીકા—ત્હારે સિદ્ધ કહે છે કે, હે સાગર! ઉરમાં હર્ષ ધરીને સાંભળો, તમો બધાય પૂર્વજન્મના હમેશના સ્નેહી છો. (૭)

दोहा.

पूर्वभवें भव स्थानमें, तुमकों भो जब शाप;
तबे तुम्हारे मित्र षठ, चित्त पाये संताप. ॥ ८ ॥

ટીકા—પૂર્વજન્મે કૈલાસમાં તમને જ્હારે શંકરનો શ્રાપ થયો, ત્હારે આ તમારા છએ મિત્રો મનમાં ઘણોક સંતાપ પામ્યા. (૮)

सातो गन शिवके तुमें, जन्म लिये यह ठाम;
वाके बरनी कहतहों, ईत उतके सब नाम. ॥ ९ ॥

ટીકા—તમે સાતે શંકરના ગણ છો, અને આ ઠેકાણે "સર્વે જણાએ સાથે" જન્મ લીધો છે, તે વર્ણવીને અહિં અને ત્હાં (કૈલાસ)નાં સર્વેનાં નામ કહું છું (૯)

अथ सातो मित्रके पूर्व तथा इस जन्मके नाम कथन—पादाकुलक छंद.

इत अभिधा तुम सागर छाजे, उतहि विचित्रानंद बिराजे; इते भारतीनंदहि जेहि, भृंगीगन उत भ्राजत वेहीं. इतें नाम रविजोति धरावे, नंदीगन उत ग्रेहि कहावे, वीरभद्र इत ओपत मामा, वीरभद्र उतसोई ललामा. सत्रसाल इत नाम कहावे, शिवानंद उत सोई सुहावे; रत्नप्रताप लसे इत जेही, मनी-

भद्र उत राजत वेही. ओपत उत उमराव कुमारा, द्रष्टकेतु अभिधा उत. धारा; सातो गन तुम शिवके येही, पूरव भवके पूर्ण सनेही. ॥ १०.॥

ટીકા—આંહી તમારૂં નામ સાગર છે અને ત્હાં નિચિતાનંદ છે; વળી અહિં જેનું નામ ભારતીનંદ છે-તેનું નામ ત્હાં ભૃંગીગુણ છે; તથા અહિં જે રવિજોતિ નામ ધારણ કરે છે-તે ત્હાં નંદીગણ કહેવાય છે; અને જેનું નામ અત્રે વીરભદ્ર છે-તેનું નામ તો ત્હાં પણ વીરભદ્રજ છે; અહિં જેનું નામ સલસાલ કહેવાય છે-તે ત્હાં શિવાનંદ નામથી ઓળખાય છે; વળી જે અત્રે રત્નપ્રતાપ નામથી શોભે છે-તે ત્હાં મણિભદ્ર નામે કહેવાય છે; અને અત્રે જે ઉમરાવ કુમાર બિરાજે છે-તે ત્હાં દ્રષ્ટકેતુ નામ ધારણ કરે છે. એવી રીતે તમે સાતે જણા શિવના ગણ છો, અને આગલા જન્મના પૂર્ણ સ્નેહી છો. (૧૦)

दोहा.

यातें उर अंतर नही, एक प्रान तन भिन्न;
रातो दिन सब रहतहो, आपसमे आधिन्न. ॥ ११ ॥

ટીકા—તેથી મનમાં એક બીજામે જૂદાઈ નથી-માત્ર શરીરજ જોવામાં જૂદાં છે; પણ સાતેના પ્રાણ એકજ છે-તેણે કરીજ રાત દિવસ સર્વે પરસ્પર એક બીજાને આધિન રહો છો. (૧૧)

सिद्धप्रति सागरोक्त—चोपाई.

पूरव भवके सूनि निज नाम, हियमें हर्षित व्हे अभिराम; शीश नमाई सिद्धके पाय, कहन लगे पुनि सागर वांय. आप बडे योगीके ईश, सोहत छितिपें संभु सरीस; जानत सबही आगम बात, यातें अर्ज सूनो हम तात. कष्ट सहे बहु सरवे काय, तदपी पारन हमरे आय; यातें उरमें करुणा धार, उतारो भव सिंधु पार. जातें पावे हम निज स्थान, ऐसें आप बतावो ज्ञान; उरमें अति हमे बाढी आश, कब पावेगें गिरि कैलास. को विध विनसे शिवके शाप, युक्ति येहि बतावो आप; छोह सराहत हमरे साथ, आगें तुम उचरेथे गाथ. सगुन निगुनको सेवे कोय, इच्छावत फल पावे सोय; अगें उनके करि विस्तार, सर्व कहेंगें दूजी वार. ऐसें आप वदेथे जेह, सोई बतावो करिकें नेह; जातें मित्र मनोहर पाय, कष्ट सबें कायातें जाय. ॥१२॥

ટીકા.—એ રીતે પ્રથમ ભવનાં પોતાનાં નામ સાંભળી-હૈયામાં રાજી થઇને, સિદ્ધને પગે માથું નમાવી સાગર કહેવા લાગ્યા કે હે યોગેન્દ્ર! આપ મ્હોટા અને યોગિયોના ઈશ્વર છો, તથા આ પૃથ્વીપર શંકર જેવા શોભો છો; વળી સર્વે અગમની વાતના જાણવાવાળા છો-તેથી હે પિતાજી! મ્હારી અરજ સાંભળો. અમો સર્વેએ કાયામાં બહુજ રીતે કષ્ટ સહન કર્યું-તોપણ અમારો પાર

આવ્યો નથી. એથી મનમાં દયા લાવીને અમને આ ભવરૂપી સમુદ્ર પાર ઉતારો: વળી કૃપાકરીને એવું જ્ઞાન બતાવો કે જેવડે અમો અમારૂં પૂર્વ સ્થાનક (કૈલાસ) પામીએ. વળી અમારા મનમાં એવી ઘણીક ઉત્કંઠા વધી છે કે-કૈલાસ પર્વત ક્યારે પામશું ? અને શંકરનો શ્રાપ કઈ રીતે મટે? તે યુક્તિ આપ બતાવો; કેમકે અમારી સાથે પ્રેમનાં વખાણ કરતાં આગળ આપે વાત કહી હતી કે સગુણ અને નિર્ગુણ પ્રેમને કોઈ સેવે તો તે મનમાં ઇચ્છેલા ફળને પામે-જેનો આગળ વિસ્તાર કરીને બીજી વારે કેહેશું. એવું આપ જે બોલ્યો હતા તે અમને સ્નેહેકરીને બતાવો. જેથી અમે અમારા પ્રિય મિત્ર પ્રવીણને પામીએ અને કાયાના સર્વે કષ્ટને મૂકીએ. (૧૨)

सागर प्रति सिद्धोक्त–दोहा.

सो सुनि सिद्ध समोद व्हे, कहन लगे पुनि वांय;
काज सरे सबकेँ सपदि, ऐसें कहूं उपाय. ॥ १३ ॥

ટીકા—જે સાંભળી સિદ્ધ હર્ષયુક્ત થઈને વળી કહેવા લાગ્યા કે-હે રાજન! સાંભળો, તમારી મનકામના જલદીથી પૂર્ણ થાય-એવા ઉપાયને કહું છું. (૧૩)

प्रेम भेद भाखे प्रथम, सगुन निगुन के जेह;
सोई सविस्तर कहतहो, सुनो श्रवनमें येह. ॥ १४ ॥

ટીકા—પ્રથમ જે પ્રેમના સગુણ નિર્ગુણ બે ભેદ કહ્યા–તે વિસ્તાર સહિત હવે કહુ છું–તે તમે કાનેથી સાંભળો. (૧૪)

सगुन रूप साकारको, निर्गुन बिन आकार;
ऐसें ईश्वर के उभय, रूप लसन निर्धार. ॥ १५ ॥

ટીકા—સગુણ તે સાકાર પરમેશ્વરનું રૂપ છે અને નિર્ગુણ તે આકાર વિનાંના નિરાકાર પરમેશ્વરનું રૂપ છે–એવાં પરમેશ્વરનાં બે રૂપ શોભેછે. (૧૫)

हरि हर हिरण्यगर्भ औ, राम कृष्ण जे भाय;
सोई सगुन परमेशके, रूप लसत सुखदाय. ॥ १६ ॥

ટીકા—તેમાં વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, રામચંદ્રજી અને શ્રી કૃષ્ણ આદિક જે છે–તે સગુણ પરમેશ્વરનાં સુખદાયક સ્વરૂપ શોભે છે. (૧૬)

अद्वय अरू अव्यक्त पुनि, निरमल निरआकार;
सोइ निगुन परमेशको, रूप लसत निरधार. ॥ १७ ॥

ટીકા—જેમાં હેતુપણું નથી અને જે અકળિત છે, તથા મળરહિત પવિત્ર અને આકારવિના અવિનાશી છે, એવું નિર્ગુણ પરમેશ્વરનું રૂપ શોભે છે. (૧૭)

सगुन निगुनके नेहकों, भक्ति कहत सब लोक;

सो समजावुं छोहतें, समे सर्व तुम शोक. ॥ १८ ॥

ટીકા—હવે તે સગુણ અને નિર્ગુણ પરમેશ્વરપરની જે પ્રીતિ તેને સર્વે લોકો ભક્તિ કહે છે; તે પ્રેમથી તમોને સમજાવું-જેથી તમારો સર્વ શોક સમી જાય. (૧૮)

नीकी निर्गुन भक्तितें, मोक्ष मिले सूखदायें;

चारु सगुनकी भक्तितें, उरके इच्छितं पायें. ॥ १९ ॥

ટીકા—નિર્ગુણ ભક્તિથી સુખદાયક મોક્ષ મળે છે, અને સુંદર સગુણ ભક્તિથી મન-ઈચ્છિત ફળ પામે છે. (૧૯).

यहे उभय अब भक्तिमें, चाहत तुम क्याचित्त;

सोई सूनावुं श्रवनमें, कहो मोदतें मित्त. ॥ २० ॥

ટીકા—એ બે ભક્તિમાંથી હાલ તમે મનમાં કઈ ભક્તિ ચાહોછો તે હે મિત્ર! હર્ષથી કહો, તે તમારે કાને સંભળાવું. (૨૦)

सिद्ध प्रति सागरोक्त-दोहा.

चाह नही मन मोक्षकी, उर इच्छितकी चाह;

यातें येह बताइयें, सगुन भक्तिकी राह. ॥ २१ ॥

ટીકા—એવું સાંભળીને સિદ્ધ પ્રત્યે સાગર બોલ્યા કે-અમારા મનમાં મોક્ષની ચાહના નથી, પણ હૃદયમાં ઈચ્છેલને મળવાની ચાહના છે, માટે એજ સગુણ ભક્તિનો રસ્તો બતાવો. (૨૧)

दोहा.

जातें जग जंजालको, वपुतें करिय विनाश;

पाई परम परबीनकों, बासियें गिरि कैलास. ॥ २२ ॥

ટીકા—જેવડે જગતની જંજાળનો શરીરથી નાશ કરી નિરંતર કળા-પ્રવીણને પામી કૈલાસ પર્વત ઉપર જઈ રહિયે. (૨૨)

अथ सागरप्रतिसिध्धोक्त भक्तिभेदाभिधान कथन—पादाकुलक छंद.

भक्ति भली भवमांहि सुहावे, साधत सो सिध्धीकों पावे; निगुन भक्ति निज मनतें मानो, सगुन भक्ति तनमन तें जानो. प्रथम भक्ति नव जेहि सुहावे, सोई कनिष्ठा सर्व कहावे; दशमी प्रेम लच्छना जानो, मध्यम सो मनमांहि प्रमानो. पराभक्ति पुनि और सुहावे, उत्तम याकों सर्व कहावे; सेवक सेव्य न भेद हियामें, राजत यों त्रयभेद ललामें. याके भेद सबे सुखकारी, कहे पुरानोमें विस्तारी; वाके सार कहों तुम आगें, सोई सुनो संबही अनुरागे. ॥२३॥

ટીકા—સંસારમાં ભક્તિ છે એજ ઉત્તમ સાધન છે, અને તેની જે સાધના કરે છે-તે સિદ્ધીને પામે છે, તેમાં નિર્ગુણ પરમેશ્વરની ભક્તિ મનથી

થાય છે, અને સગુણ પરમેશ્વરની ભક્તિ શરીર અને મન બન્નેથી થાય છે. પ્રથમ જે નવ પ્રકારની નવધા ભક્તિ શોભે છે-તે સર્વે કનિષ્ટ ભક્તિ કહેવાય છે, અને જે દશમી પ્રેમલક્ષણા ભક્તિ છે-તેને મનમાં મધ્યમ ભક્તિ જાણવી, સિવાય બીજી પરાભક્તિ છે-તેને માત્ર સર્વે ઉત્તમ ભક્તિ કહે છે; કારણ કે તેમાં સેવક સેવ્ય ભેદ નથી. એમ ભક્તિના સુંદર ત્રણ ભેદ શોભે છે, જેના સર્વે સુખદાયક ભેદ પુરાણોમાં વિસ્તારીને કહ્યા છે, તેનો સાર તમારી પાસે કહું-તે સર્વે પ્રેમથી સાંભળો. (૨૩)

अथ नवधाभक्तिकेनामकथन यथा–चोपाई.

श्रवन किरतन सुमरन नाम, पदसेवन अरचन अभिराम;
वंदन दास्य रु सख्य सुहाय आत्मनिवेदन नवमी भाय. ॥ २४ ॥

ટીકા—પ્રથમ શ્રવણભક્તિ, બીજી કિર્તનભક્તિ, ત્રીજી સ્મરણભક્તિ, ચોથી પાદસેવનભક્તિ, પાંચમી અર્ચનભક્તિ, છઠ્ઠી વંદનાભક્તિ, સાતમી દાસ્યભક્તિ, આઠમી સખ્યભક્તિ, અને નવમી આત્મનિવેદનભક્તિ છે. (૨૪)

अथ नवधाभक्तिकेसंक्षेपतेंएकतलछनकथन–कवित्त.

हरिगुन सुने सोइ, श्रवन सुहात पुनि; इष्ट गुन गावे सोइ, किर्त्तन प्रमानियें. मन वाचें स्मरत सो, सुमरन भक्ति पुनि; इष्ट पद सेवा पाद, सेवनसो जानियें. सोरह प्रकार पूजा, करे सोइ अर्चनहे; वंदे तनमनें सोइ, वंदना बखानियें. दासत्वसो दास्य अरु, सुहतता सख्य पुनि; आप व्हे अर्पन सोइ, आत्मार्पन्न मानियें. ॥ २५ ॥

ટીકા—પરમેશ્વરના ગુણ સાંભળે-તે શ્રવણભક્તિ કહેવાય; પોતાના ઈષ્ટદેવના ગુણ ગાય-તે કિર્ત્તનભક્તિ માનીએ; ઈષ્ટદેવને મનથી ને વાણીથી જે સમર્યા કરે-તે સ્મરણભક્તિ કહેવાય; ઈષ્ટદેવના પગની જે સેવા કરે-તે પાદસેવનભક્તિ; વળી ષોડશોપચારથી જે ઈષ્ટદેવની પૂજા કરે-તે અર્ચનભક્તિ કહેવાય; અને શરીરથી તથા મનથી વંદના કરે-તે વંદના ભક્તિ વખાણિયે; વળી પરમેશ્વરનું જે દાસપણું કરે-તે દાસ્યભક્તિ કહેવાય; તથા પરમેશ્વરની સાથે મિત્રતા રાખે-તે સખ્યભક્તિ કહેવાય; સિવાય પોતે પરમેશ્વરને અર્પણ થાય-તે આત્માર્પણ એટલે આત્મનિવેદનભક્તિ માનીએ. (૨૫)

अथ नवधाभक्तिलछनकथनयथा तत्रप्रथमश्रवनभक्तियथा–पादाकुलक छंद.

चाह धरी अति अंपने चित्तें, संत वचन अरु हरि गुन नित्तें;
सुनत श्रद्धासें श्रुतिमें जेही, श्रवन भक्ति कहावत वेही. ॥ २६ ॥

ટીકા—પોતાનાં મનમાં ઘણીજ ચાહના ધરીને સાધુ પુરૂષનાં વચન અને પરમેશ્વરના ગુણ જે હમેશાં કાનમાં આસ્તાથી સાંભળે-તે શ્રવણભક્તિ કહેવાય. (૨૬)

कीर्त्तन भक्ति.

चाह धरी निज चित्त अपारी, हरि गुन गाय सदा सुखकारी;
ताकों पंडित सर्व पुकारी, कीर्त्तन भक्ति कहे अति भारी. ॥ २७ ॥

ટીકા—પોતાના મનમાં અતિશય ચાહના ધરીને પરમેશ્વરના સુખકારક ગુણ હમેશાં ગાય-તેને સર્વે પંડિતો પોકારીને, અતિ મનોહર કિર્તિનભક્તિ કહે છે. (૨૭)

स्मरन भक्तिः

स्मरन लसतहे दोय प्रकारें, इक रसना हरि नाम उच्चारें;
द्वितीय हरि समरन हिय धारे, सुमरन भगतीसो सुखकारे. ॥ २८ ॥

ટીકા—સ્મરણભક્તિ બે પ્રકારની શોભેછે; તેમાં એક જીભેથી પરમેશ્વરનું નામ રટયા કરવું તે, અને બીજી હૃદયમાં પરમેશ્વરનું સ્મરણ કરવું તે. એવી રીતે સુખકારક સ્મરણભક્તિ કહેવાય છે. (૨૮)

पादसेवन भक्ति.

नित्यबसी निज इष्टकी आगें, पाय पलौटत अति अनुरागें;
पद सेवन सोभक्ति कहावे, भक्त जनोंके मन बहु भावे. ॥ २९ ॥

ટીકા—હમેશાં પોતાના ઈષ્ટદેવની પાસે રહીને અતિ પ્રેમેકરી તેમના પગની સેવા કરે તે-પાદસેવનભક્તિ કહેવાય; અને તે, ભક્તજનોના મનને બહુજ ગમે છે. (૨૯)

अर्चन भक्ति.

प्रेम प्रभूपर धारि अपारा, पूजत सोरह करि उपचारा;
याकों अरचन्न भक्ति कहीजे, भक्त किते वा रसमें भींजें. ॥ ३० ॥

ટીકા—પરમેશ્વરપર અતિશય પ્રેમ ધારીને ષોડશોપચારે કરીને પૂજા કરે-એને અર્ચનભક્તિ કહે છે; જેમાં ઘણાક ભક્તો તે રસમાં ભીંજાયેલા છે. (૩૦)

वंदना भक्ति.

वंदनका बिय भेद प्रमानो, पहिला वंदन तनुका जानो;
दूजा बंदन मनका मानो, भक्ति वंदना सोय बखानो. ॥ ३१ ॥

ટીકા—વંદના ભક્તિના બે પ્રકારછે. તેમાં એક શરીરનું વંદન, અને બીજું મનનું વંદન, એમ તે વંદનાભક્તિ વખાણો. (૩૧)

दास्य भक्ति.

हाथ जोर रहि हरिकी आगें, हुकम उठावत अति अनुरागें;
सेव करतयों अपने अंगा, दास्य भक्तिसो राजत चंगा. ॥ ३२ ॥

ટીકા—પ્રભુ પ્રત્યે હાથ જોડી ઉભા રહીને તેમનો હુકમ અતિ પ્રેમથી ઉઠાવે; એમ પોતાને અંગે ઈશ્વર-સેવા કરે-તે અતિ શ્રેષ્ઠ દાસ્યભક્તિ શોભે છે. (૩૨)

सख्य भक्ति.

मित्र मनोहर हरिकों जानी, साथ रहे नित अनुरति ठानी;
भिन्न भाव नहि उरमें आने, सख्य भक्ति सो सर्व बखानें. ॥ ३३ ॥

ટીકા—પરમાત્માને ઈષ્ટ મિત્ર જાણીને તેમની સાથે સદાય પ્રીતિયુક્ત રહે, તથા મનથી જૂદાઈ આણે નહીં-તેને સર્વે સખ્યભક્તિ કહીને વખાણે છે. (૩૩)

आत्मनिवेदन भक्ति.

तनमनधन अरु बालक वामा, सदनादिक संपति अभिरामा;
सोइ समर्पन हरिकों कीजें, आत्म निवेदन याकों लीजे. ॥ ३४ ॥

ટીકા—તન, મન, ધન, બાઈડી, છોકરાં અને ઘર આદિક જે નાનાવિધ પોતાની માલમિલ્કત કહેવાય છે, તે સર્વે ઈશ્વર અર્પણ કરે-તેને આત્મનિવેદન ભક્તિ કહિયે. (૩૪)

अथ प्रेमलच्छनाभक्तिलछनबर्नन—रुपकघनाक्षरी.

नेहमें निमग्न व्हेकें, भूली निज भांन सबे, आनंदतें अहोनिश, हरिगुन गावतहि. उठत उसास सास, रोमही ललित पुनि; नेन वहे नीर वपु, धीरना धरावतहि. मत्तसें बनिके महा, डोलतहे जहां तहां; नेकन संभार निज, शरीरकी लावतहि. लोककी न लाज कछु, काज करतासें रखे; अैसी यह भक्ति प्रेम—लच्छना कहावतहि. ॥ ३५ ॥

ટીકા—પ્રેમમાં ગરકાવ થઇને (ડૂબીને) પોતાપણાનું સર્વે ભાન ભૂલીને, આણંદથી રાત-દિવસ પરમેશ્વરના ગુણનું ગાયન ગાયા કરે છે; અને તે ગાતાં સ્વાસોસ્વાસ તથા રૂવાટાં ઉભાં થાય છે, આંખ્યોમાંથી (પ્રેમ) આંસુ વહે છે, તથા શરીર ધીરજ ધરતું નથી; વળી મદોન્મત્ત થઇને જહાં ત્હાં ફર્યા કરે છે અને પોતાના શરીરની જરાએ સંભાળ રાખતા નથી, તેમજ લોકોની પણ કાંઈ લાજ ધરતા નથી,-માત્ર એક પરમેશ્વરનીજ સાથે સુરતા દઢાવે છે. એવી જે ભક્તિ-તે પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. (૩૫)

पुनःकवित्त.

पूरन प्रवाह प्रेम, उठे निज उर तबे; हरि बिन और कछु, चित्त ना सुहात हे, भूली घरबार सबे, विश्वको व्योहार पुनि; आनंद अपार धरि, हरिगुन गातहे. एक तन एक मन, एक रंग राग धरी, बनी तदाकार तामें सोहे दिन

रातहे. अैसे उर अंतरमें, भूरि विधि भाव धरे; भक्ति प्रेम लच्छना सो. विमल विख्यातहे. ॥ ३६ ॥

ટીકા—જહારે પોતાના મનમાં પૂર્ણ પ્રેમનો પ્રવાહ ઉછળીને ચાલે છે, ત્હારે પરમેશ્વર વિના બીજું કાંઈ મનને ગોઠતું નથી; અને ઘરબાર તથા જગત્નો સર્વે વ્યવહાર ભૂલીને વળી અતિશય આણંદ ધરી ઇશ્વરનાજ ગુણ ગાય છે, તેમ પરમેશ્વરની સાથે એક શરીર-એક મન-એક રંગ (વર્ણ) અને એકજ પ્રેમ ધરીને તેમય થઈ તેમાં રાત દિવસ શોભે છે; એવી રીતે મનની અંદર બહુ પ્રકારે પરમેશ્વરપર ભાવ ધરે-તે નિર્મળ અને પ્રખ્યાત એવી પ્રેમ લક્ષણા ભક્તિ છે. (૩૬)

कभि उठि नाचतहे, कभि काय राचतहे; कभि कंठे गद्गद व्हे. हियो भुर लातहे. कभि हसि बोलतहे; कभि रोई डोलतहे; कभि मुख मौन धरी, रहे दिन रातहे. कभि होय मत्त पुनि, कभि सावधान होय; कभि उर उमंगी के-इष्ट-गुन गात्तहे. अैसें हरि प्रेम पगी, रहतहे रातो दिन; भक्ति प्रेम लच्छनासो, विमल विख्यातहे. ॥ ३७ ॥

ટીકા—ક્યારેક ઉભા થઇને નાચે છે, ક્યારેક કાયામાં મગ્ન થાય છે, ક્યારેક કંઠે ગળગળા થઈ હૈયું ભરી લાવે છે, ક્યારેક હસીને બોલે છે, ક્યારેક રોતા ફરે છે, અને ક્યારેક મુખે મુંગાપણું ધરીને રાત દિવસ રહે છે; વળી ક્યારેક ઉન્મત્ત થઈ બેભાન થાય છે, અને ક્યારેક સાવધાન થાય છે; તેમજ ક્યારેક મનમાં ઉમંગ ધરીને પોતાના ઈષ્ટદેવના ગુણ ગાય છે; એમ પરમેશ્વરના પ્રેમમાં તલ્લીન બની (ડૂબીને) જે રાત દિવસ રહે છે, તે નિર્મળ અને પ્રખ્યાત એવી પ્રેમલક્ષણા ભક્તિ છે. (૩૭)

पुनःकवित्त.

चंदकों चकोर जैसे, पंकजकों भौर जैसे; मुदिरकों मोर जैसे, चित्तमें चहतहे. दीपकों पतंग जैसे, पूंगीकों भुजंग जैसे; रागकों कुरंग जैसे, गातमें गहतहे. चंदनकों व्याल जैसे, मानहिकों बाल जैसे; मानकों मराल जैसें, मनमें लहतहे. अैसें उर चाह धरी, हरिकों भजत नित्य; भक्ति प्रेम लच्छनासी, कोविद कहतहे. ॥ ३८ ॥

ટીકા—ચંદ્રમાને જેમ ચકોર પક્ષી, કમળને જેમ ભમરો, વર્ષાદને જેમ મોર મનમાં ચહાય છે; દીવાને જેમ પતંગિયો, મોરલીને જેમ સર્પ, તેમજ રાગને હરિણ શરીરમાં ગ્રહણ કરે છે; ચંદન વૃક્ષને જેમ ભોરિંગ, માતાને જેમ બાળક, અને માનસરોવરને હંસ પક્ષી મનમાં ઈચ્છે છે, એમ મનમાં ચાહના ધરીને જે પરમેશ્વરને હમેશાં ભજે છે-તેને વિદ્વાનો પ્રેમલક્ષણા ભક્તિ કહે છે, (૩૮)

अथ पराभक्ति लछन बर्नन—कवित्त.

बारिके बतासा जैसे, भासतहे भिन्नपर; जल नेंन जूदे सोई, शरीरमें छाजेहे. तैसें तन भासतहे, भृत्यभावे भिन्नपर; तन मन तदाकार, सोई रूप राजेहे. जैसे क्षीर नीर मिलि, औपतहे एक रूप; तैसें हरि साथ मिलि, भूरि विध भ्राजेहे. पैन तजे सेवकना, सेव्यरूप बनि आप; सोई पराभक्ति भलि, विमल विराजेहे. ॥ ३९ ॥

ટીકા—પાણીના પરપોટા જેમ પાણીથી જૂદા જણાય છે–પણ તે પોતાના અંગમાં પાણીથી જૂદા નથી, તેમ શરીરમાં પરમેશ્વરથી દાસભાવે જૂદા જણાય–પણ તન મનથી તે રૂપ એટલે પરમેશ્વરમય તે શોભે છે; અને જેમ દૂધને પાણી મળી એકરૂપે શોભે છે, તે પ્રકારે પરમેશ્વરની સાથે મળીને બહુ રીતે શોભે છે. વળી પોતે પરબ્રહ્મરૂપ થઇને પણ સેવકપણાનો ભાવ તજતો નથી; એવી તે નિર્મળ અને મનોહર પરાભક્તિ કહેવાય છે. (૩૯)

पुनःकवित्त.

एक छिन अलग, न होय हरि हितें पुनि; निवृत्तिसें नेह धरी, निकट रहतहे. एकतंन एकमन, एक रंग रूप व्हेकें; सेवकता भाव सदा, चित्तमें चहतहे. जैसें द्रग तारे भिन्न, भासें पै हे द्रग रूप; तैसें तदाकार बानि, भिन्नता लहतहे. ऐसें आप सेव्य बानि, भृत्य भाव तजे नहि; वाकों पराभक्ति अब कोविद कहतहे. ॥ ४० ॥

ટીકા—એક ક્ષણવાર પણ પરમેશ્વરથી જૂદા ન થતાં ઉપાધિવિના નિવૃત્તિથી પ્રેમ ધરીને પરમેશ્વરની પાસેજ રહેછે; તથા તે પરબ્રહ્મ સાથે એક તન–એક મન–એક રંગ અને એક રૂપ થઈ મનવડે જે હમેશાં સેવકતાના ભાવને ચહાયછે; જેમ આંખના તારા આંખથી જૂદા જણાયછે–છતાં આંખ્યોમય એટલે તે રૂપે છે, કંઇ જૂદા નથી; તેમ પરમેશ્વરમાં તે રૂપ થઇને જૂદાઈ રાખેછે. એમ પોતે સેવ્ય થઇને સેવક ભાવ તજે નહીં–તેને સર્વે વિદ્વાનો પરાભક્તિ કહેછે. (૪૦)

दोहा.

उत्तम मध्यम अधम यह, भक्ति करी तिहु भात;
जैसी जाकी चाहना, तैसा तिहि फल पात. ॥ ४१ ॥

ટીકા—ઉત્તમ, મધ્યમ અને અધમ એ ત્રણ પ્રકારની ભકિતવડે જેવી જેની ચાહના હોય–તેવું તે ફળ પાંમેછે. (૪૧)

सागरोक्त प्रश्न—दोहा.

भक्ति करी भल भावतें, मोद धरी मनमांय;

कहो कौन या जगतमें, उर इच्छित फल पाय. ॥ ४२ ॥

ટીકા—સાગર કહેછે કે-હે સિદ્ધમહારાજ! મનમાં હર્ષ ધરી સારા ભાવથી ભક્તિ કરીને આ જગત્‌માં કહો, કોણ મનમાં ઈચ્છેલા ફળને પામ્યા? (૪૨)

सिद्धोक्त उतर–दोहा.

भक्ति करी भगवानकी, बहु जन बंच्छित पाय;
वामेसें इक इक अबे, तुमकों देहु बताय. ॥ ४३ ॥

ટીકા—ત્હારે સિદ્ધ કહેછે કે-ભગવાનની ભક્તિ કરીને ઘણા જણ મન ઇચ્છિત ફળને પામ્યા છે; દાખલા તરિકે હમણાં તમને તે દરેક ભક્તિનો એક એક જણ બતાવી આપુછું. (૪૩)

अथ भक्तअभिधानकथनरुपकघनाक्षरी–कवित्त.

श्रवन सुभक्ति करी, प्रेमतें परिक्षतने; कीरतन शुकें अरु, प्रहलादें समरन. श्रीने पद सेवन रु, पूजन प्रथुने किये; वंदना विशेष करी, अक्रूरने आप तन. दास्य हनुमाने अरु, सख्य अरजुनें करी; बहुरि बलिने किय, भक्ति आत्मअरपन. गोपिकाने प्रेम अरु, पराभक्ति संत जूने; ऐसे अति भक्ति करी, पाय फलकिते जन. ॥ ४४ ॥

ટીકા—સચ્ચિદ્દ્ઘન પરમાત્માની શ્રવણભક્તિ પ્રેમથી પરિક્ષિતે કરી, કિર્તનભક્તિ શુકદેવજીએ કરી, સ્મરણભક્તિ પ્રહલાદજીએ કરી, પાદસેવ ભક્તિ લક્ષ્મીજીએ કરી, પૃથુરાજાએ અર્ચનભક્તિ કરી, અને વંદનાભક્તિ અક્રુરજીએ પોતાને અંગે વિશેષકરી આદરી છે; વળી દાસ્યભક્તિ હનુમાનજીએ કરી છે, સખ્યભક્તિ અર્જુને કરી છે, બળિ રાજાએ આત્મનિવેદન ભક્તિ કરી છે, તેમજ વ્રજની ગોપીઓએ પ્રેમલક્ષણાભક્તિ કરી છે, તથા સંત પુરૂષોએ પરાભક્તિ કરી છે. એવી રીતે ભક્તિ કરીને કેટલાક જણો મહા ફળને પામ્યા છે. (૪૪)

गाहा.

मित्र पूर्वभव कहिकें, भक्तिभेद अभिरामं सिद्धें कहे;
अशीतितम अभिधानं, पूर्ण प्रबिनसागरो लहरं. ॥ ४५ ॥

ટીકા—પ્રથમ સાતે મિત્રોના આગલ્યા જન્મ કહીને પછી મનોહર ભક્તિના ભેદ સાગર પાસે સિધ્ધે કહ્યા, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની એંશીમી લહર સંપૂર્ણ થઈ. (૪૫)

इतिश्रीप्रबीनसागरग्रंथेमित्रपूर्वभवकथनंतथाभक्तिभेदबर्ननंनाम अशीतीतमी लहरं ॥ ८० ॥

लेहेर ८१ मी.

अथ अष्टांगयोगेयमनियमासनकथनप्रसंगोयथा—दोहा.

भक्ति भेद सब ही सुनी, हर्ष धरी हियमांय;
सिद्ध प्रती सागर कहे, शीश नमाइ पाय. ॥ १ ॥

ટીકા—ભક્તિના સર્વે ભેદ સાંભળી, મનમાં હર્ષ ધરીને સિદ્ધને પગે માથું નમાવી (સિદ્ધ પ્રત્યે સાગર કહે છે કે,–(૧)

सिद्धप्रतिसागरोक्तयथा—पादाकुलक छंद.

आज करूणा हम पर धारी, भक्ति भेद किय तुमने भारी; सोइ करत बहु होवत देरी, थीं तक रहे न काय हमेरी. बीतत पल इक पक्ष प्रमाने, पक्ष बने पुनि वर्ष समाने; ऐसें मधि क्यों करिकें जीजें, छिन छिनमें तनु जातहि छीजे. यातें करुना हमपर लाइ, सत्वर स्वामी करो उपाइ; प्रसन्न पिनाकी होवे जैसें, आप उपाय बतावो तैसें. जातें झट हम सिद्धी पाइ, शीघ्र संभुके शाप नशाइ; सर्व मिली पुनि हृदय हुलासें, फिर बसियें जा गिरि कैलासें. ॥ २ ॥

ટીકા—હે સ્વામિન્! આજ અમારીપર દયા કરીને તમે ભક્તિના શ્રેષ્ઠ ભેદ કહ્યા, પણ તે ભક્તિ કરતાં તો બહુજ વાર થાય અને ત્યાં સુધી અમારી કાયા રહે નહી; કેમકે એક પળ જાય છે–તે પખવાડિયા બરાબર થાય છે, પખવાડિયું જાય છે–તે એક વર્ષ જેવડું થાય છે; તો હે મહારાજ! કહો, કેમ કરીને જીવિયે? કારણ કે–ક્ષણ ક્ષણ વારમાં શરીર સુકાતું જાય છે, માટે અમારીપર કૃપા કરીને હે નાથ! જલદી ઉપાય કરો, કે જેથી શંકર પ્રસન્ન થાય, અને એવો ઉપાય બનાવો કે જેથી અમે જલદીથી સિદ્ધીને પામી શ્રી શંકરના શ્રાપથી મુક્ત બની હર્ષિત વદને ફરીને સર્વે મળી–કૈલાસ પર્વત પર જઈ વસિયે. (૨)

सागरप्रतिसिद्धोक्त—दोहा.

सिद्ध बनी संसारमें, सत्वर सिद्धी पाय;
ऐसी विद्या योगकी, और न एक उपाय. ॥ ३ ॥

ટીકા—જે સાંભળી મછંદરનાથ કહે છે કે–સંસારમાં સિદ્ધ થઈને જલદી સિદ્ધી પામે એવી વિદ્યા તો યોગની છે, તે સિવાય બીજો એકે ઉપાય નથી. (૩)

अथ योग भेदाभिधान—दोहा.

योग लसत पुनि उभय विधि, हठ अरु राज ललाम;
सोई सुनाऊं सर्व तुम, जातें व्हे तुम काम. ॥ ४ ॥

ટીકા—યોગ પણ બે પ્રકારના શોભે છે, એક હઠયોગ, અને બીજો રાજ યોગ,–તે સર્વે તમોને સંભળાવું–જેના યોગે તમારૂં કામ સિદ્ધ થાય. (૪)

जोगीजन हठ योगतै, सिद्धी सत्वर पात;
राज्योगते ज्ञानिजन, ज्ञान ग्रहत अवदात. ॥ ५ ॥

ટીકા—યોગી પુરૂષો હઠયોગથી જલદી સિદ્ધી પામે છે; અને જ્ઞાની પુરૂષો રાજયોગથી ઉત્તમ જ્ઞાન ગ્રહણ કરે છે. (૫)

अष्ट अंग हठ योगके, योगीजन उचरंत;
सोई सबे संक्षेप तें, हम तुम पास कहंत. ॥ ६ ॥

ટીકા—હઠયોગનાં આઠ અંગ યોગી જનો કહે છે, તે સર્વે ટુંકામાં હું તમારી પાસે કહું છું. (૬)

अथ हठयोगके अष्टअंगनामकथन—छप्पय छंद.

प्रथम अंग यम लहो, नियम दूजा उर आनो;
तृतियय आसन अंग, सोई चौराशी जानो;
चहुथा प्रानायाम, प्रत्याहार पुनि पंचम;
धरो धारना षष्ट, ध्यान पुनि धारो सत्पम;
पुनि अष्टम अंग समाधि शुभ, योगीजन सब उच्चरे;
सोई सुनो सब सचेत वनी, जातें तुम कारज सरे. ॥ ७ ॥

ટીકા—પ્રથમ અંગ યમ; બીજું નિયમ; ત્રીજું આસન–તેના ચોરાશી ભેદ છે; ચોથું પ્રાણાયામ; પાંચમું પ્રત્યાહાર; છઠ્ઠું ધારણા; સાતમું ધ્યાનને ધારણ કરો; સિવાય આઠમું અંગ સુંદર સમાધિ છે. એમ સર્વે યોગી પુરૂષો કહે છે; તે સર્વે સાવધાન થઇને સાંભળો–જેથી તમારૂં કામ સરે. (૭)

दोहा.

दशविधि यम अरु नियम दश, आसन चौराशीय;
सोई प्रथम तुमकों कहो, ज्यों उतरे तुम हीय. ॥ ८ ॥

ટીકા—યમના દશ ભેદ છે, તેમ નિયમના પણ દશ ભેદ છે; અને આસનના ચોરાશી ભેદ છે, તે જેવી રીતે તમારા હૃદયમાં ઉતરે તેવી રીતે પ્રથમ હું તમને કહું છું. (૮)

अथ प्रथम दशविधि यमकथन यैथा—चोपाई.

आदि अहिंसा सत्य सुहाय, अस्तेय अरु ब्रह्मचर्य कहाय;
क्षमा धृति अरु दया दिल रोच, आर्जव मिताहार रु शौच. ॥ ९ ॥

ટીકા—આદિ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ક્ષમા, ધૃતિ, દયા, આર્જવ, મિતાહાર અને શોચ એ દશ યમના ભેદ છે. (૯)

अथ अहिंसा लच्छन–दोहा.

मन बानी अरु कायतें, करे न किसिकी घात.
सोई अहिंसा शास्त्रमें, वदत विबुध अवदात. ॥ १० ॥

ટીકા—મનથી, વાણીથી, અને કાયાથી કોઈ પ્રાણીની ઘાત કરે નહીં–તેને શાસ્ત્રમાં પવિત્ર વિદ્વાનો અહિંસા કહે છે. (૧૦)

अथ सत्य लच्छन–दोहा.

झूठ न बोले जीभतें, करे न झूठां काम;
दीपत दोय प्रकारके, सोई सत्य ललाम. ॥ ११ ॥

ટીકા—જીભથી જૂઠું બોલે નહિ તેમ જૂઠાં કામ પણ કરે નહીં; એ રીતે બે પ્રકારે તે સુંદર સત્ય શોભે છે. (૧૧)

अथ अस्तेय लच्छन–दोहा.

तनं अरु मनतें कीउ दिन, करे न चोरी जेह;
उभय भेद अस्तेयके, उचरत योगी येह. ॥ १२ ॥

ટીકા—શરીરથી અને મનથી કોઈ દિવસ જે કોઈની ચોરી કરે નહીં; એવી રીતે એ અસ્તેયના બે પ્રકાર યોગી પુરૂષો કહે છે. (૧૨)

अथ ब्रह्मचर्य लच्छन–दोहा.

मन बानी अरुकायतें, तंजि तिय संग सदाय;
जीतें-इंद्रिय आपकी, सो ब्रह्मचर्य कहाय. ॥ १३ ॥

ટીકા—મનથી, વાણીથી અને કાયાથી સ્ત્રીનો સંગ સદાય તજીને પોતાની ઇંદ્રિયને જે જીતે–તે બ્રહ્મચર્ય કહેવાય. (૧૩)

पुनःअन्यमत्ते ब्रह्मचर्य लच्छन–दोहा.

लखन हसन सुमरन छुवन, श्रवन कहन इकंत;
रति यह तियकी अठ तजे, सो ब्रह्मचर्य कहंत. ॥ १४ ॥

ટીકા—સ્ત્રીની સામે જોવું, સ્ત્રી સાથે હસવું, સ્ત્રીનું સ્મરણ કરવું, સ્ત્રીનો સ્પર્શ કરવો, સ્ત્રીની વાત સાંભળવી, સ્ત્રીની સાથે વાત કરવી, સ્ત્રીની સાથે એકાંતમાં વસવું, અને સ્ત્રીની સાથે મૈથુન કરવું. એ સ્ત્રીની આઠ રતિ એટલે આઠ પ્રકારનું મૈથુન કેહેવાય છે; તેને જે તજે તે બ્રહ્મચર્ય કહેવાય. (૧૪)

अथ क्षमालच्छन–छप्पय.

कोहु करे नुकशान, कोहु देवे मुख गारी;
कोहु करे उपक्रोश, कोहु जाये कभि मारी.
कोहु करे अपमान, को कहे बैन करारी;

ऐसें असह्य अपार, दुख देवेको भारी.
बिना खेद वपुसो सूब सहे, सबलहुते निज गातंही;
याकों उचरतहे सब छमा, यौगी जन अवदातही. ॥ १५ ॥

ટીકા—કોઈ આવીને નુકશાન કરે, અને કોઈ મુખેથી ગાળ દિયે, વળી કોઈ નિંદા કરે, કોઈ મારી જાય, અથવા કોઈ અપમાન કરે, કોઇ કઠણુ વચનો કહે, તથા સહન ન થાય તેવું કઠોર દુઃખ દે,-તે સર્વે પોતે બળવાન છતાં ખેદવિના પોતાના શરીરમાં સહન કરે, તેને સર્વે નિર્મળ યોગી જનો ક્ષમા કરી કહે છે. (૧૫)

अथ धृतिलच्छन–दोहा.

सुख दुखमें धीरज धरी, रहे सदा निज काय;
डरे न कोतें दिल विशे, धृति सो चारु कहाय. ॥ १६ ॥

ટીકા—સુખમાં અને દુઃખમાં હમેશાં પોતાની કાયામાં ધીરજ ધારીને રહે, અને કોઈથી મનમાં ડરે નહીં-તે ધૃતિ કહેવાય. (૧૬)

अथ दयालच्छन–पादाकुलक छंद.

तन मन वचनें बनी दयाला, करत सबे जियके प्रति पाला;
कोदिन काहु न दिल्ल दुखावे, सोय दया सब लोक कहावे. ॥ १७ ॥

ટીકા—શરીરથી, મનથી, અને વચનથી દયાળુ થઇને સર્વે જીવનું પ્રતિપાલણ કરે, અને કોઈ દિવસ કોઇનું મન દુખાવે નહીં-તેને સર્વે લોકો દયા કહે છે. (૧૭)

अथ आर्जवलच्छन–पादाकुलक छंद.

कोमलता उर अंतर राखे, कोमल बैन वदनतें भाखे;
कोमल नजरें सर्व निहारे, आर्जव याकों नाम उचारे. ॥ १८ ॥

ટીકા—પોતાના મનમાં કોમળતા રાખે અને મુખેથી પણ નમ્ર વચન બોલે, તથા કોમળ નજરથી સર્વે સામું જુવે-તેનું નામ આર્જવ કહે છે. (૧૮)

अथ मिताहारलच्छन–पादाकुलक छंद.

न्याद तामसी निकट न जावे, सात्विक भोजन नित्ये पावे;
वातें चौथा भाग बचावे, मिताहार सो सर्व कहावे. ॥ १९ ॥

ટીકા—તામસી અન્ન એટલે કળથી, અડદ, તુર્લ, તેલ, લશણ, ડુંગળી, ગાજર, હીંગ વિગેરેની પાસે કોઈ દિન જાય નહીં—એટલે ખાય નહીં; અને હમેશાં સાત્વિક ભોજન એટલે ઘઊં, ચોખા, મગ, તુવર, સાકર, ખાંડ, દૂધ, ઘી, વિગેરે ખાય અને હમેશાં જે પોતાનો આહાર હોય-તેમાંથી ચોથો ભાગ બચાવે એટલે જરાક ઉણો રહે-તેને સર્વે મિતાહાર કહે છે. (૧૯)

अथ शौचलच्छन—पादाकुलक छंद.

मृतिका जलतें तन शुचि कीजें, ज्ञानहितें मन मैल तजीजें;
बाह्यांतर इमि शुद्ध रहीजें, शौच वाहिकों नाम कहीजें. ॥ २०॥

ટીકા—માટી અને પાણીથી શરીર શુદ્ધ કરિયે, તથા જ્ઞાનથકી મનનો મેલ તજિયે; એમ બાહેરથી અને અંદરથી શરીરે શુદ્ધ રહીએ-તેનું નામ શૌચ કહીએ. (૨૦)

अथ दशविधिनियमबर्नन—चोपाइ.

तप संतोष रु आस्तिक दान, पूजा श्रवन सिद्धांतहि कान;
लाज मती जप होम लखाय, सो दश नियमा भेद कहाय. ॥ २१ ॥

ટીકા—તપ, સંતોષ, આસ્તિક, દાન, પૂજા, સિદ્ધાંત વાક્યશ્રવણ, લાજ, મતિ, જપ અને હોમ; એ દશ નિયમના ભેદ કહેવાય છે. (૨૧)

तत्र प्रथमतपलच्छन—चोपाइ.

शब्द स्पर्श रसरुपहि गंध, पंच विषय इंद्रियके बंध;
जाका त्याग करे जन कोय, साधु सबे तप कहतहि सोय. ॥ २२ ॥

ટીકા—શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ એ પાંચ વિષય ઇંદ્રિયોના બંધ છે-તેનો કોઈ જણ ત્યાગ કરે તેને સર્વે સાધુજનો તપ કહે છે. (૨૨)

अथ संतोषलच्छन—दोहा.

पावे जे प्रारब्धतें, तामें माने तोष;
लेश न राखे लालसा, सो जानो संतोष. ॥ २३ ॥

ટીકા—જે કોઈ પ્રારબ્ધથી પામે તેમાં સંતોષ માને અને જરાય પણ વધારે લોભ રાખે નહિ-તે સંતોષ જાણો. (૨૩)

अथ आस्तिक्यलच्छन—पादाकुलक छंद.

उर अस्तित्व ईश्वरका माने, सत्यशास्त्र अरु श्रुतिकों जाने;
पूर्ण प्रतीति धर्मपर धारे, आस्क्यि याकों सर्व उचारे. ॥ २४ ॥

ટીકા—પરમેશ્વર સત્ય છે, એમ મનમાં માની વેદ તથા શાસ્ત્રોને સત્ય જાણે, તથા ધર્મપર પૂર્ણ વિસ્વાસ રાખે-તેને સર્વે આસ્તિકય કહે છે. (૨૪)

अथ दान लच्छन—दोहा.

धन धान्यादिक द्रव्य ईक, और दान उपदेश;
दोय भेद यह दानके, कहत बडे विबुधेश. ॥ २५ ॥

ટીકા—દ્રવ્ય અને અનાજ આદિકનું એક દાન, અને બીજું જ્ઞાન ઉપદેશનું દાન; એવી રીતે એ દાનના બે ભેદ મોટા પંડિતો કહે છે. (૨૫)

अथ पूजालच्छन–दोहा.

इक पूजाहे मानसिक, इक षोडश उपचार;
अैसें अरचाके उभय, भेद भनत नरनार. ॥ २६ ॥

ટીકા—એક તો મનથકી પૂજા કરવી તે, અને બીજી ષોડશોપચારે કરી પૂજા કરવી તે; એમ અર્ચનના બે ભેદ સર્વે સ્ત્રી પુરૂષો કહે છે. (૨૬)

अथ सिद्धांतवाक्यश्रवणलच्छन–पादाकुलक छंद.

आगम अरु उपनीषद बानी, वाकों वदत सिद्धांतहि ज्ञानी;
सोय सुने श्रवणे जन जेही, श्रवण सिद्धांत कहावत वेही. ॥ २७ ॥

ટીકા—વેદ અને ઉપનિષદ્ (વેદાંત)ની જે વાણી તેને જ્ઞાની પુરૂષો સિદ્ધાંત-વાક્ય કહે છે, તે જે માણસ કાને સાંભળે તે સિદ્ધાંત શ્રવણ કહેવાય. (૨૭)

अथ लज्जालच्छन–दोहा.

लाज गुरुन अरु लोककी, मनमें राखि सदाय;
करेन निंदित कर्मकों, लज्जा सोय कहाय. ॥ २८ ॥

ટીકા—ગુરૂજન અને લોકોની લાજ મનમાં હમેશાં રાખીને નિંદા થાય તેવું કર્મ કરે નહિ–તે લાજ કહેવાય. (૨૮)

अथ मतिलच्छन–पादाकुलक छंद.

नाना सुख छिति स्वर्ग निहारी, असत अनित उर ताकों धारी;
सत्य सदा पर ब्रह्म विचारे, याकों मति सब लोक उचारे. ॥ २९ ॥

ટીકા—પૃથ્વીપરનાં અનેક પ્રકારનાં અનેક સુખ અને સ્વર્ગનાં સુખ જોઇને તેને ઝુઠાં અને નાશવાન્ મનમાં ધારીને, હમેશાં એક સત્ય એવા બ્રહ્મનો વિચાર કર્યા કરે–તેને સર્વે લોકો મતિ કહે છે. (૨૯)

अथ जपलच्छन–पादाकुलक छंद.

मंत्र यथाविधि गुरुतें पाई, रटन करत सो जाप कहाई; याके भेद उभय परमानो, वाचिक और मानसिक मानो. जपे जीहसों वाचिक धारो, मानसिक मनमांहि विचारो; वाके पुनि हे द्वै द्वै भेदा, सोइ सुनो सबही बिन खेदा. उच्चैःअरु उपांशु कहावे, वाचिक के सो भेद सुहावे; ध्यानयुक्त बिन ध्यानहि कीजें, मानासिक के भेद सो लीजें. दीर्घ उचार सु उच्चैःमानो, मंद उचार उपांशु प्रमानो; ध्यानयुक्त सो ध्यान सहिता, ध्यान विना सो ध्यान रहिता. ॥ ३० ॥

ટીકા—ગુરૂ પાસેથી વિધિ પ્રમાણે મંત્ર પામીને તેનું રટણ કરે તે જાપ અથવા જપ કહેવાય. તેના બે ભેદ છે–એક વાચિક જપ, અને બીજો માન-

સિક જપ; તેમાં જે જીભથી જપે-તે વાચિક જપ કહેવાય, અને મનમાં જપે તે માનસિક જપ કહેવાય. તેના પણ વળી બબે ભેદ છે, તે સર્વે ખેદ વિના સાભળો. ઊચ્ચૈ જપ અને ઉપાંશુ જપ જે કહેવાય છે, તે વાચિક જપના ભેદ છે તથા ધ્યાનયુક્ત અને ધ્યાન વિના જે જપ કરિયે તે માનસિક જપના ભેદ છે; જે દીર્ઘ ઉચ્ચારથી એટલે તાણીને જપ કરે-તે ઊચ્ચૈ જપ માનવો, અને જે ધીમે ધીમે ઉચ્ચાર કરીને જપ કરે-તે ઉપાંશુ જપ પ્રમાણવો; વળી ધ્યાનયુક્ત તે ધ્યાનસહિત કહેવાય, અને જે ધ્યાનવિના તે ધ્યાનરહિત કહેવાય. (૩૦)

अथ होमलच्छन–दोहा.

आज्यरादिकको होमइक, श्रुतितें शुचिमें होय;
अरपे इंद्रिय ब्रंह्ममें, होम दूसरो सोय. ॥ ३१ ॥

ટીકા—એક તો વેદ મંત્રથી અગ્નિમાં ઘી આદિકનો હોમ થાય છે-તે હોમ કહેવાય છે, સિવાય બ્રહ્મમાં ઇંદ્રિયોને અર્પણ કરે-તે બીજો હોમ કહેવાય. (૩૧)

दोहा.

योग अंग यम प्रथम कहि, दूजा नियम बताय;
तीजा अब आसन कहों, सुनो सर्व श्रुति मांय. ॥ ३२ ॥

ટીકા—યોગનું પ્રથમ અંગ યમ કહીને બીજું અંગ નિયમ બતાવ્યું; હવે ત્રીજું આસનનું અંગ કહું છું-તે સર્વે કાનદઇને સાંભળો. (૩૨)

अथ योगकातीसराअंगआसनवर्ननयथा–चोपाइ.

योग कलाके तीजा अंग, उचरत योगी आसन चंग; आसनतें मन स्थिरता पाय, व्याधि रहे नहि वपुके मांय. क्षुधा त्रषा नहि वृद्धी पाय, आलस्य अलगी रहे सदाय; अैसे आसन उत्तम जेह, सोय कहूं तुमकों धरि नेह. लख चौराशी जीव कहाय, एते आसन भेद लखाय; सो सब जाने शंकर देव, और न जाने उनके भेव. लख प्रति आसन लेइ इकेक, किये प्रगट चौराशी नेक; सो सव कहत न आवे पार, उनमें उत्तम सोहे चार. सिद्ध पद्म अरु सिंह कहाय, भद्र सहित पुनि चार सहाय; सो तुमकों अब देहु बताय, सर्व शिखो तुम ध्यान लगाय. ॥ ३३ ॥

ટીકા—યોગ વિદ્યાનું જે ત્રીજું અંગ છે,-તેને યોગીઓ મનોહર આસન કહે છે, જેનાવડે મન સ્થિરતાને પામે છે તથા શરીરમાં રોગ રહેતો નથી; તેથી ભૂખ અને તૃષા વૃદ્ધી ન પામતાં હમેશાં શરીરથી આળસ અળગી રહે છે, એવાં જે ઉત્તમ આસન તે તમને પ્રેમ કરીને કહુછું. ચોરાશી લાખ જીવ કહેવાય છે-એટલા આસનના ભેદ છે, તે સર્વે એક મહાદેવજી જાણે છે-બીજા

કોઈ એના ભેદ જાણતા નથી. તે ચોરાશી લાખ જીવ પ્રત્યે એકેક આસન લઇને સુંદર ચોરાશી આસન પ્રગટ કર્યાં છે, તે સર્વે કહેતાં પાર આવે નહિ-પણ તેમાં ચાર શ્રેષ્ટ છે; તે એ કે-સિદ્ધાસન, પદ્માસન, સિંહાસન, અને ભદ્રાસન, એમ ચાર શોભે છે; જે તમને હમણાં બતાવુછું-તેને તમે સર્વે ધ્યાન લગાડીને શીખો. (૩૩)

अथ सिद्धासन लच्छन–कवित्त.

लिंग अरु गुदा बीच, शीवनी सुहात तापें; वामपाय एडी धरी, दाबीकें द्रढाईयें. और पाय दछनकी, एडी धरी मेहमपें; हृदय समीप हनु स्थिर करी ठांईयें. इंद्रिय संयम करी, स्थानुसम स्थिर व्हेके; भृकुटिके मध्य महा, द्रष्टि द्रढ लाईयें. सिद्ध कहे सागरये, सर्वतें सुभग महा; मोक्षहिके देनवारे, सिद्धासन गाईयें. ॥ ३४ ॥

ટીકા—લિંગ અને ગુદાની વચમાં જે શીવણી નાડી શોભે છે, તેનીપર ડાબા પગની પાની ધરી તેને દાબીને દ્રઢ કરીએ; અને બીજા જમણા પગની પાની લિંગપર ધરીને છાતીપર દાઢીનો અગ્ર ભાગ સ્થિર કરીને ઠેરવિયે; પછી સર્વે ઇંદ્રિયોનો નિગ્રહ કરી-ઝાડના થડની પેઠે સ્થિર થઇને બે ભૃકુટિની વચ્ચમાં દ્રષ્ટિને લાવી દ્રઢ કરિયે. સિદ્ધ કહે છે કે હે સાગર! એ સર્વેથી અતિ ભાગ્યવાન મોક્ષને આપવાવાળું સિદ્ધાસન કહિયે. (૩૪)

अथ पद्मासन लच्छन–कवित्त.

वाम ऊरु मूल धरी, दछन चरन एडी; दछन उरुकेपर; वामपाय ठानीकें. पीठपें फिराई पान, दछनतें दाहे अरु, वामेवाम पायग्रहो, अंगूठा स्व जानीकें. छातीपें सुभग महा, ठोढी ठहराई ठीक; द्रष्टि द्रढ धारो नाशा अग्रपरे आनिकें. सोई सर्व योगी कहे, व्याधिके हरन हार; पुनीत पद्मासनही, बानीतें बखानीकें. ॥ ३५ ॥

ટીકા—ડાબા પગની સાથળના મુળમાં જમણા પગની પાની ધરવી અને જમણા પગની સાથળના મૂળમાં ડાબા પગની પાની મૂકીને પછી વાંસાપર બન્ને હાથ ફેરવી, બાદ જમણા હાથથી જમણા પગનો અંગુઠો અને ડાબા હાથથી ડાબા પગનો અંગુઠો પકડો; વળી છાતીપર અતિસુંદર દાઢીને ઠીક ઠેરાવી નાકના અગ્ર ભાગપર દ્રષ્ટિ આણીને દ્રઢ ધારણ કરો. તેને સર્વે યોગીઓ વાણીથી વખાણીને રોગને હરવાવાળું પવિત્ર પદ્માસન કહે છે. (૩૫)

अथ सिंहासन लच्छन–कवित्त.

वृषणके नीचे नाडी, शीवनी लसत ताकें; दक्षिन तरफ वाम, पाय एडी धारियें. वाम और दाहे पद, एडीकों अचल धरी; पिंडीपें दो मान धरी,

अंगुरी पसारियें. आनन उघारी जिह, बाहिर निकारी पुनि; नाशिकाके अ-ग्रपर द्रष्टि द्रढ धारियें. ऐसें अभिराम महर, योगिनकों अर्चनीय; सिध्ध कहे सिंहासन, आश्यतें उंचारियें. ॥ ३६ ॥

ટીકા—વૃષણની નીચે શીવણી નાડી શોભે છે, તેની જમણી તરફ ડાબા પગની પાની રાખિયેં, અને શીવણી નાડીની ડાબી તરફ ડાબા પગની પાનીને અચલ ધારી, પછી પીંડીની ઉપર બન્ને હાથ મૂકીને તેની આંગળીઓ પહોળી કરીએ; તથા મ્હોડું ફાડી જીભ બહાર કાઢીને વળિ નાકના અગ્ર ભાગપર દ્રષ્ટિને દ્રઢ કરીને ધારિયે, સિદ્ધ કહે છે કે-આ અતિ ભાગ્યવાન્ યોગીઓને પૂજવાલાયક મુખથકી સિંહાસન કહિયે. (૩૬)

अथ भद्रासन लच्छन—कवित्त.

वृषणके नीचे नाडी, शीवनी रहत ताके; वाम भागें वामपाय, एडीनकों आनियें. दाहिने सुभागे पायं, दाहिनेकी एडी धरी; उभय अचल करी. मजुं मन मानिये. पार्श्वके समीप पाय, आई रहे आगें ताकों; दोय करें जोडी द्रढ, स्थिर करी ठानियें. सिध्ध कहे सोइ सर्व, रोगके हरन हारे; भद्रकारी भव मांही, भद्रासन जानियें. ॥ ३७ ॥

ટીકા—વૃષણની નીચે શીવણી નાડી રહે છે, તેના ડાબા ભાગમાં ડાબા પગની પાનીને આણિયે, અને શીવણી નાડીના જમણા ભાગપર જમણા પગની પાની ધરીને તે બન્નેને અચલ કરી મનમાં મનોહર માનિયે; વળી પડખાની સમીપ જે આગળ આવીને પગ રહે-તેને બન્ને હાથથી મજબૂત પકડીને સ્થિર કરી રાખિયે. એમ સિદ્ધ કહે છે કે-તે સર્વે રોગને હરવાવાળું અને જગત્‌માં કલ્યાણકરનારૂં ભદ્રાસન જાણિયે. (૩૭)

दोहा.

यम नियमासन वरनिकें, कहे सर्व यहि बेर;
मनन करों मन वाहिकों, और कहेंगे फेर. ॥ ३८ ॥

ટીકા—યમ, નિયમ અને આસન વર્ણવીને સર્વે આ વખતે કહ્યાં; તેનું મનમાં મનન કરો. બીજાં અંગ વળી હવે પછી કહેશું. (૩૮)

गाहा.

यम नियमासन भेदं, सागर प्रति सुखदाय सिध्धे कहे;
एका शित्य भिधानं, पूर्ण प्रविन सागरो लहरं. ॥ ३९ ॥

ટીકા—યમ, નિયમ અને આસનના સુખદાયક ભેદ સાગર પાસે સિદ્ધે કહ્યા, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની એકાશીમી લહર સંપૂર્ણ થઈ. (૩૯)

इतिश्रीप्रवीनसागरग्रंथेयमनियमासनभेदकथननाम एकाशीतितमो लहरं ॥८१॥

लेहेर ८२ मी.

अथ प्राणायामादिशेषपंचांगकथन प्रसंगोयथा, अथ सिध्धप्रतिसागरोक्त–दोहा.

यम नियमासन जे कहे, लहे सोय मनमांय;
और योगके अंग सब, कहो सिद्ध सुखदाय. ॥ १ ॥

ટીકા—યમ, નિયમ અને આસન જે કહ્યાં–તે વિચારીને મનમાં ગ્રહણ કર્યાં, પણ હે સિદ્ધેશ્વર! તે સિવાય બીજા યોગનાં સુખદાયક જે અંગ હોય તે કૃપાકરીને કહો. (૧)

सागरप्रतिसिद्धोक्त योगकाचौथाअंग प्रानायाम कथनंयथा–दोहा.

चौथा अंगहि योगका, प्रानायाम प्रभाय;
सो सुखदा तुम सर्वकों, विधितें देहु बताय. ॥ २ ॥

ટીકા—ત્હારે સિદ્ધ કહે છે કે, યોગનું ચોથું અંગ પ્રાણાયામ શોભે છે, તે સુખકર અંગ તમો સર્વેને વિધિથી બતાવી આપું છું. (૨)

अथ प्राणायाम लच्छन कथनंयथा–पादाकुलक छंद.

पूरक रेचक कुंभक प्राना, कृत नाडीतें जे मनमाना;
प्रानायाम कहत उन नामा, तोहि बतावूं सो अभिरामा. ॥ ३ ॥

ટીકા—પ્રાણના મનગમતા જે ઇંડા, પિંગલા નાડીથકી પૂરક, રેચક અને કુંભક કરે તેનું નામ પ્રાણાયામ કહે છે; તે ઉત્તમ રીતે તમને બતાવુંછું. (૩)

अथ पूरक लच्छन–दोहा.

बाह्य पवनकों अैंचिकें, भरे पेटके मांहि;
पूरव वाकों कहतहे, योगी सर्व सराहि. ॥ ४ ॥

ટીકા—બાહેરના વાયુને ખેંચીને પેટની અંદર ભરે–તેને સર્વે યોગીઓ વખાણીને પૂરક કહે છે. (૪)

अथ रेचक लच्छन–दोहा.

उदर भरे हुय पवनकों, बहिर निकासे मंद;
रेचक वाकों कहतहे, जेहे बुध्धि बुलंद. ॥ ५ ॥

ટીકા—પેટમાં ભરેલા વાયુને ધીમે ધીમે બાહેર કાઢે–તેને વિશાળ બુદ્ધિવાળા રેચક કહે છે. (૫)

अथ कुंभकलच्छन–दोहा.

पूरक करिकें पेटमें, कुंभ समाने कोय;
रोकी राखत वातकों, कुंभक कहियें सोय. ॥ ६ ॥

ટીકા—ઘડાની પેઠે કોઈ પેટમાં ભરીને. વાયુને રોકી રાખે-તેને કુંભક કહિયે. (૬)

अथ कुंभकअष्टभेदाभिधानकथनं—छप्पय.

सूर्यभेद कहि प्रथम, द्वितिय उज्जायी मानो;
तीजाहे सीत्कारि, शीतली चौथा जानो.
भस्त्रिका पंचम भांख, भ्रामरी षष्टम लहिये;
मूर्छा सप्तम गिनो, प्लाविनी अष्टम कहिये.
यह कुंभक अष्ट प्रकारतें, रोध करी निज प्रानको;
पुनि मुद्राबंध लगाईकें, शुध्ध करो हिय स्थानको. ॥ ७ ॥

ટીકા—પ્રથમ સૂર્યભેદન કુંભક, બીજો ઉજ્જાયી કુંભક; તીજો સીત્કારી કુંભક; ચોથો શીતળી કુંભક, પાંચમો ભસ્ત્રિકા કુંભક, છઠ્ઠો ભ્રામરી કુંભક, સાતમો મૂર્છા કુંભક, અને આઠમો પ્લાવિની કુંભક કહિયે. એ આઠ પ્રકારના કુંભકથી પોતાના પ્રાણનો રોધ કરીને અને વળી મુદ્રાબંધ લાવીને હૃદય સ્થાનને શુદ્ધ કરો. (૭)

अथ प्रसंगावसाय दशमुद्रा नाम कथनं—चोपाई.

महा मुद्रा अरु महा बंध, महा वेध लसे सुख संध; खेचरी उडीयान सुहाय, मूल बंध जालंधर भाय. विपरीत करनी वज्रोलीय, शक्ति चलन दशमी कमनीय; वा दशमें त्रिय बंध कहाय, सो तुमकों पुनि देहू बताय. उडियानरु जालंधरबंध, लसत तीसरे पुनि मुलबंध; वातें कुंडलि जाग्रत होय, खुले सुषुम्ना मारग सोय. ॥ ८ ॥

ટીકા—મહામુદ્રા, મહાબંધ, મહાવેધ સુખ સાધનાર શોભે છે; અને ખેચરી, ઉડ્ડીયાન, મૂળબંધ, જાલંધરબંધ વિપરીત કરની, વજ્રોલી, સિવાય દશમી મનોહર શક્તિ ચાલન છે; તે દશ મુદ્રાના ત્રણ બંધ કહેવાય છે. જે તમને બતાવી આપું છું. ઉડ્ડીયાનબંધ, જાલંધરબંધ, અને તૃતીય મૂળબંધ, તેનાથકી કુંડલિ જાગ્રત થાય છે, અને જે સુષુમ્ના માર્ગ છે-તે તેનાથી ખુલ્લે છે. (૮)

अथ नाडी वर्नन—दोहा.

नाडी अति वपुमें लसे, वामें दश प्रधान;
नाम कहूं उनके अबे, सुनो सबे निज कान. ॥ ९ ॥

ટીકા—શરીરમાં ઘણીક નાડીઓ છે, તેમાં મુખ્ય દશ નાડીઓ છે, તેનાં હમણાં નામ કહું છું-વાસ્તે તમારા કાને સાંભળો. (૯)

अथ दश नाडी भेदाभिधान कथनं-कुंडलिया छंद.

इंडा पिंगला सुषुमनी, गांधारी गिजगात; हस्तिजिह्वा पूषा अरू, यशस्विनी अवदात. यशस्विनी अवदात, अलंबुपा पुनि कीजे; कहू कहो कमनीय, चारू शंखिनी लीजे. यह दश नाडी चक्र, लखे सो त्यागे पीडा; वामें उत्तम तीन, सुषुमना पिंगली इंडा. ॥ १० ॥

ટીકા—ઇંડા, પિંગલા, સુષુમ્ના, ગાંધારી, હસ્તિજિહ્વા, પૂષા, યશસ્વિની, અલંબુષા, કુહૂ અને શંખિની; એ દશ નાડી ચક્રને જે જાણે-તે દુઃખથી મુક્ત થાય, એટલુંજ નહિ પણ વળી તે દશ નાડીમાં ઇંડા, પિંગલા અને સુષુમ્ના એ ત્રણ નાડી શ્રેષ્ટ છે. (૧૦)

अथ दशनाडीकेदशस्थानवर्नन-कवित्त.

नाशा वाम पुटे इडा, पिंगला दक्षिन पुटें; मध्यमें बसत सोय, सुषुमना मानियें. गांधारी हे वाम द्रगें, दाहि द्रगें हस्ति जिह्वा, पूषाकान दक्षिनमें, प्रेम तें प्रमानियें. वाम कानें यशस्विनी, आननमें अलंबुषा; कहू लिंग शंखिनी-सो, मुलद्वारें मानियें. ऐसे दश नाडी दश, द्वारमें निवास करी; रहत सदाय सोय, चित्तहिमें जानियें. ॥ ११ ॥

ટીકા—નાકના ડાબા છિદ્રમાં ઇંડા નાડી વહે છે, તથા જમણા છિદ્રમાં પિંગલા નાડી વહે છે, અને તે બન્નેની વચમાં જે વસે છે-તે સુષુમ્ના નાડી માનીએ. ડાબી આંખમાં ગાંધારી નાડી વહે છે, તથા જમણી આંખમાં હસ્તિજિહ્વા નાડી વહે છે; તેમજ જમણા કાનમાં પૂષા નાડી વહે છે, અને ડાબા કાનમાં યશસ્વિની નાડી વહે છે; મુખમાં અલંબુષા નાડી વહે છે, અને લિંગમાં કુહૂ નાડી વહે છે, તથા મૂળદ્વારમાં શંખિની નાડી વહે છે-એવી રીતે દશ નાડી દશ દ્વારમાં વાસકરીને હમેશાં રહે છે-તે મનમાં જાણિયે. (૧૧)

तत्र त्रयश्रेष्टनाडीकथन-दोहा.

आदी यह दश नाडिमें, पढत सबे परबीन;
इडा पिंगला सुषुमना, उत्तम हे यह तीन. ॥ १२ ॥

ટીકા—એ દશ મુખ્ય નાડીઓમાં સર્વે ચતુર પુરૂષો કહે છે કે-ઇંડા, પિંગલા અને સુષુમ્ના એ ત્રણ નાડીઓ શ્રેષ્ટ છે. (૧૨)

अथ तीननाडीस्थानदेवकथनं-कवित्त.

नाशा वाम विवरमें, रहतहे इडा नाडी; चंद्रमाहे स्वामी ताको, मनहीमें मानियें. दाहिने विवर वसे, पिंगलासो नाडी ताके; दिवाकर देवबर, बानीतें बखानियें. मध्यमें रहत सोइ, सुषुमना नाडी ताके; पावक पुनीत देव,

प्रेमतें प्रमानियें. वरमें इडा पिंगलाकों, मंदकरि प्रानायामें; सुषुम्ना चलावे
तबे, सिद्धकाज जानियें. ॥ १३ ॥

ટીકા—નાકના છિદ્રમાં ઇંડા નાડી રહે છે-તેનો સ્વામિ ચંદ્રમા ચિત્તે કરી માનિયે, અને નાકના જમણા છિદ્રમાં પિંગલા નાડી રહે છે-તેનો સ્વામિ શ્રેષ્ઠ સૂર્યદેવને વાણિથી વખાણિયે; અને તે બન્નેની વચ્ચમાં જે રહે છે-તે સુષુમ્ના નાડી તેનો સ્વામિ પવિત્ર અગ્નિદેવ પ્રેમથી પ્રમાણિયે. તેમાં ઇંડા અને પિંગલા નાડીને પ્રાણાયામથી મંદ કરી એક સુષુમ્ના નાડીને ચલાવે-ત્હારે ઇચ્છિત કાર્ય સિદ્ધ થાય એમ જાણવું. (૧૩)

अथ शरीरस्थदशवायुबर्नन–दोहा.

पवन रहतहे पिंडमें, वाके हे दश भेद;
प्रसंग पाय वह कहतहों, सुनो सर्व तजिखेद. ॥ १४ ॥

ટીકા—શરીરમાં જે વાયુ રહે છે-તેના દશ ભેદ છે, તે પ્રસંગ પામીને કહુંછું માટે સર્વે તમો ખેદ મૂકીને સાંભળો. (૧૪)

अथ शरीरकेदशवाताभिधानकथन–पादाकुलक छंद.

प्रान अपान समान उदाना, व्यान सहित यह पंचहिमाना;
नाग कूर्म कृकल देव दत्ता, दशम धनंजय वात भनंता. ॥ १५ ॥

ટીકા—પ્રાન, અપાન, સમાન, ઉદાન, અને વ્યાન સહિત એ પાંચ વાયુને પ્રાણ કહે છે; સિવાય બાકીના નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એ પાંચ વાયુ મળીને શરીરના દશ વાયુ કહેવાય છે. (૧૫)

अथ शरीरकेदशवायुकेदशस्थानकथनं–कवित्त.

हृदयमें प्रान पुनि, गुदामें अपान रहे; बहुरि रहत व्यान, व्यापी सब गातहे.
नाभिमें अपान अरु, कंठमें उदान रहे; नाग उदगार निज, अंगे उपजातहे.
पलक उधारे कूर्म, कृकल करत क्षुधा; देवदत्त देह मांहि, जृंभन जगातहे.
दशमा दुखद वात, धनंजय होय तबे; प्रथम कथित पंच, प्रान मरजातहे. ॥ १६ ॥

ટીકા—હૃદયમાં પ્રાણ વાયુ રહે છે, ગુદામાં અપાન વાયુ રહે છે, તેમજ સર્વે શરીરમાં વ્યાન વ્યાપીને રહે છે; નાભિમાં અપાન વાયુ રહે છે, કંઠમાં ઉદાન વાયુ રહે છે, તેમ નાગ વાયુ આપણા શરીરમાં ઓડકાર ઉપજાવે છે; કૂર્મ વાયુ આંખનાં પોપચાં ઉઘાડે છે, અને કૃકલ વાયુ ભૂખ લગાડે છે; વળી દેવદત્ત વાયુ શરીરમાં બગાસાં આણે છે; તથા દશમો દુખદાયક ધનંજય વાયુ જ્હારે પ્રગટે છે-ત્હારે પ્રથમ કહેલા પાંચ પ્રાણવાયુ મરી જાય છે. (૧૬)

अथ शरीरस्थषटचक्रअनुक्रमबर्नन–पादाकुलक छंद.

प्रथम चक्र आधार बिराजे, मूलद्वारमें सोइ भ्राजे; "वशषस" वर्ण बलित

दल चारा, सोहत सबतनुके आधारा. स्वाधिष्ठान चक्रबिय धारों, लिंग स्थान उनके निरधारो; वाके षटदल चारु सुहावे, "बभमयरल" षट वर्ण रहावे. तीजा मनिपुर चक्र कहावे, नाभीस्थलमें सोइ रहावे; दश दलके दश वर्ण विचारो, "डढणतथदधनपफ" मन धारो. अनाहत् चक्र हृदयमें राजे, द्वादश दल अरु अक्षर भ्राजे; कातें ठलग बारह मानो, द्वादश दलमें सोइ प्रमानो. पंचम चक्र विशुद्ध विराजे, कंठ स्थानमें सोइ भ्राजे; षोडश दल उनहीके राजे, सोरह "स्वर" पुनि वामें छाजे. षष्ठम अज्ञा चक्र कहावे, दोय भ्रोंहके मध्य रहावे; द्वै दल वाके विमल सुहावे, "हंस" वर्ण पुनि वांहि रहावे. यह षट चक्र वेधके जावे, ब्रह्मरंध्र तब वेही पावे; सोइ सुषुम्ना गतितें लीजें, और उपाय न उनकों कीजे. यातें प्रानायाम अनूपा, आज शिखावों तुमकों भूपा; सोइ शिखो तुम सुहृद सातें, सिद्ध बनेगो काज वातें. ॥ १७ ॥

ટીકા—પ્રથમ આધાર ચક્ર શોભે છે–તે મૂળદ્વારમાં બિરાજે છે; અને તેની "વશષસ" અક્ષરો સહિત ચાર પાંખડિયો છે, અને તે સર્વે શરીરના આધારરૂપે શોભે છે. તેમાં બીજું સ્વાધિષ્ઠાન ચક્ર છે–તેનું સ્થાનક લિંગ દેશમાં છે અને તેની સુંદર છ પાંખડીઓ દીપે છે, તેમાં "બભમયરલ" એ છ અક્ષરો રહે છે. ત્રીજું મણિપૂર ચક્ર કહેવાય છે, અને તે નાભિસ્થળને વિશે રહે છે; તેની દશ પાંખડીઓના "ડઢણતથદધનપફ" એ દશ અક્ષરો વિચારીને મનમાં ધારણ કરો. ચોથું અનાહત ચક્ર હૃદયમાં રહે છે, તેની બાર પાંખડીઓ અને બાર અક્ષરો છે; તેમાં કથી ઠ લગીના "કખગઘઙચછજઝઞટઠ" એ બાર અક્ષરો છે; તે બાર પાંખડીઓમાં રહે છે. પાંચમું વિશુદ્ધ ચક્ર શોભે છે–તે કંઠ સ્થાનને વિશે બિરાજે છે, તેની સોળ પાંખડીઓ શોભે છે, તેમાં સોળ સ્વર એટલે "અઆઇઈઉઊઋૠઌૡએઐઓઔઅંઅઃ" છે. છઠું આજ્ઞા ચક્ર કહેવાય છે–તે બે ભ્રૂકુટિની વચ્ચમાં રહે છે; અને તેની પવિત્ર બે પાંખડીઓ શોભે છે, તેમાં વળી "હંસ" એ બે અક્ષરો રહે છે. એ છ ચક્ર ભેદીને જ્હારે જાય ત્હારે–બ્રહ્મરંધ્રને પામે; તે સુષુમ્ના ગતિથી લહિયે. એ સિવાય બીજો એનો એકે ઉપાય નથી. એથી હે રાજા! આજ તમને પ્રાણાયામ શિખવું–તે તમે સાતે મિત્રો શિખો, જેવડે તમારૂં કામ સિદ્ધ થશે. (૧૭)

अथ प्रानायामकरनविधिकथनयथा—पादाकुलक छंद.

पूरक प्रान करी ईडासें, यथाशक्ति करि कुंभक खासे;
मंदमंद मनो मन भाते, करियें रेचक सो पिंगलातें.
पुनि पिंगलातें पूरक करियें, कुंभक काय यथाविधि धरियें;

पुनि ईडातें रेचकें कीजें, सो विधि प्रानायाम भनी जें. ॥ १८ ॥

ટીકા—ઇંડા નાડીથી પ્રાણને પેટમાં પૂરક કરીને પછી તેને પોતાની શક્તિ પ્રમાણે ખાસી રીતે કુંભક કરી, ધીમે ધીમે મનને ગમે તેવી રીતે તેનો પિંગલા નાડીથી પેટમાં પૂરક કરીને-શક્તિ પ્રમાણે કાયામાં ધારણ કરી-કુંભક કરી, પછી વળી ધીમે ધીમે ઇંડા નાડીથી રેચક કરે,-તેને પ્રાણાયામની રીત કહિછે. (૧૮)

अथ प्रानायामानियमलक्षन—पादाकुलक छंद.

जिति मात्राके पूरक कीजें, वातें चौगुनौं कुंभक लीजें;
कुंभक्तें अध रेचक जानो, नियम यह प्रानायाम मानो. ॥ १९ ॥

ટીકા—જેટલી માત્રાનો પૂરક કરીએ, તેથી ચારગણો કુંભક કરીએ અને કુંભકથી અર્ધ રેચક કરીએ. એ રીતે પ્રાણાયામનું નિયમછે. (૧૯).

अथ मात्रालक्षन—दोहा.

मंद शिघ्र बिन पानकों, जानूपेंहि फिराय;
चुटकी दे हत कालकों, कहत मात्र मुनि राय. ॥ २० ॥

ટીકા—અતિ ઉતાવળે નહિ તેમ અતિ ધીમે પણ નહીં; એવી રીતે જે હાથને ગુંટણ પર ફરતો કરીને ચપટી વગાડતાં જે વાર લાગે-એટલા વખતને મુનિવરો માત્રા કહેછે. (૨૦)

अथ प्रानायामलच्छन—कवित्त.

सोरहसु मात्र तक, इडातें पूरक करी; चौसठलों कुंभक, करत निज गातही. पिंगलातें रेचक करत, पुनि बत्तीसलों; फेर पिंगलातें पुनि, अैसें उलटातही. अैसें चार बेर जबें, एक साथ करतहे; तबे प्रानायाम, एक होत अवदातही. अैसे प्रानायाम नित्य, सांझ सुबो मध्य दिने; अस्सी अस्सी करे सोइ, पापकों बिलातही. ॥ २१ ॥

ટીકા—સોળ માત્રા સુધી ઈડા નાડીથી પ્રાણનો પેટમાં પૂરક કરી પછી ચોસઠ માત્રા સુધી પોતાના શરીરમાં કુંભક કરે; અને ત્યારબાદ પિંગળા નાડીથી બત્રીશ માત્રા સુધી રેચક કરે; વળી એમજ ફરીને પિંગલા નાડીથી ઉલટાવે અર્થાત્ પિંગલા નાડીથી સોળ માત્રા સુધી પૂરક અને ચોસઠ સુધી કુંભક કરી ઇંડા નાડીથી બત્રીશ માત્રા સુધીમાં રેચક કરે. એમ ચારવાર જ્હારે એક સાથે કરે, ત્હારે એક પ્રાણાયામ થાય. એમ હમેશાં સાંઝ સવાર અને બપોરે એંશી એંશી પ્રાણાયામ કરે-તે પાપને મસડે. (૨૧)

पुनःअन्यमत्तेअन्यप्रानायामलक्षन कथनं—कवित्त.

सोरह प्रणव मन, जपे एते कालतक; इडातें पूरक करी, उदर भरतहे. चौ-

सठ पणवलगि, कुंभक करीकें पुनि; बत्तीसलों पिंगलातें, रेचक करतहे. फेर. उलटाइयाकों, पिंगलातें पुरी प्रान; इडातें निकारे तैसें, कुंभक करतहे. ऐसे चार बेरं जबे, करे एक संगतबे; याकों एक प्रानायामं, योगी उच्चरतहे.॥२२॥

ટીકા—સોળવાર મનમાં ઓંકાર જપે એટલા વખત સુધી ઇંડા નાડીથી પ્રાણનો પૂરક કરી પેટ ભરે, અને ચોસઠ ઓંકાર મનમાં જપે એટલા વખત સુધી તે પ્રાણનો કુંભક કરીને, તથા બત્રીશ ઓંકાર જપતા સુધીમાં પિંગલા નાડીથી રેચક કરે; વળી તેને ફરીને ઉલટાવીને સોળ ઓંકાર સુધી પિંગલા નાડીથી પ્રાણને પેટમાં પૂરી ચોસઠ ઓંકાર સુધી તેને ધારણ કરી, બત્રીશ ઓંકાર સુધીમાં ઇંડા નાડીથી બાહેર કાઢે. એવી રીતે ચારવાર જ્હારે સામટી રીતે કરે-ત્હારે એને યોગીઓ એક પ્રાણાયામ કહેછે. (૨૨)

अथ "योगकापंचमअंग" प्रत्याहारलच्छनं-कवित्त.

शब्दकों ग्रहत श्रुति, रूपकों ग्रहत नेंन; गंधकों ग्रहत नासा, विमल विख्यातहे. रसना ग्रहत रस, स्पर्शकों चहत त्वचा; ऐसो व्यवहार उन, पंचको प्रभातहे. याकों अटकाय सब, ईंद्रिय संकोच करी; चित्तहीकी साथ सदा, स्थिरता ग्रहातहे. विबुध वदत वाकों, प्रीतें प्रत्याहार पुनि; कुर्म अंग सम सोई, वपुमें विभातहे. ॥ २३ ॥

ટીકા—શબ્દને કાન ગ્રહણ કરેછે, રૂપને નેત્ર ગ્રહણ કરે છે, ગંધને નાસિકા ગ્રહણ કરેછે-તે ચોખ્ખી રીતે પ્રખ્યાતછે; વળી જીભ રસને ગ્રહણ કરે છે, અને સ્પર્શને ત્વચા ચહાયછે-એવો વ્યવહાર એ પાંચે ઇંદ્રિયોનો શોભેછે. તેને અટકાવીને સર્વે ઇંદ્રિયોનો સંકોચ કરી મનની સાથે કાયમ સ્થિરતા ગ્રહણ કરાવેછે-તેને પ્રેમથી પંડિતો પ્રત્યાહાર કહેછે. અને તે કાચબાના અંગની પેઠે શરીરમાં શોભેછે; એટલે જેમ કાચબો પોતાના પગાદિક અંગને શરીરની અંદર સંકોચી લિયેછે-અને મરજી પડે ત્હારે બાહેર કાઢેછે. તેમ યોગીયે પોતાની ઇંદ્રિયોને મરજી આવે ત્હારે અંગોમાં સંકોચી લેછે, અને મરજીમાં આવે ત્હારે તેનો ઉપયોગ કરેછે. (૨૩)

अथ "योगकाषष्टमअंग" धारणालछन-दोहा.

ईच्छा करि दृढ इष्टकी, वामय बनिकें कोय;
मनन करी मन सोग्रहे, कहे धारणा सोय. ॥ २४ ॥

ટીકા—ઇષ્ટ પામવાની મનમાં દૃઢ ઇચ્છા કરીને પછી તેરૂપ થઇ કોઈ તેનો ખૂબ વિચાર કરી મનમાં ગ્રહણ કરે-તેને ધારણા કહેછે. (૨૪)

धारणा भेद कथन-दोहा.

पंचतत्वकी पंच विधि, कहे धारणा सर्व;

सो संबही तुमसें कहूं, सुनो सबे तजि गर्व. ॥ २५ ॥

ટીકા—સર્વે પાંચ તત્વની પાંચ રીતથી ધારણા કહે છે. તે સર્વે તમને કહુંછું-તેને ગર્વ છોડીને તમો સર્વે સાંભળો. (૨૫)

अथ पंचतत्वकेनामकथनं यथा–चोपाइ.

भू जल तेज पवन आकाश, पंचतत्व यह जानो ख्वास;
यां पांचेकीं पांचहि भात, धरत धारणा सबही गात. ॥ २६ ॥

ટીકા—પૃથ્વીતત્વ, જળતત્વ, તેજતત્વ, વાયુતત્વ, અને આકાશતત્વ એ પાંચ તત્વ જાણો. અને એ પાંચે તત્વની પાંચ પ્રકારે સર્વે શરીરમાં ધારણા ધારે છે. (૨૬)

अथ पंचतत्वकेंशरीरमेंस्थानबर्नन–अलक छंद.

पंचतत्वके तनमें स्थानहि, सोइ करों अबतुमकों जानहि; पदतें जानूलगि भू स्थानहि, जानूतें गुदलों जलमानहि. गुदतें हियलों अग्नि जानहि, हियतें भ्रुवलों पवन प्रमानहि; भ्रुवतें ब्रह्मरंध्रतक वातहि, यों पांचोकें स्थानक गातहि. वामें करो जिहि तत्वकी धारण, ता थलमें करि प्रान निवारण; देव बीज उन साथ विचारहि, करो धारणा यों सुखकारहि. ॥ २७ ॥

ટીકા—વળી પાંચ તત્વનાં જે શરીરમાં સ્થાનકછે, તેની હવે તમને જાણ કરૂંછું. પગથી તે ગુંટણ સુધી પૃથ્વીતત્વનું સ્થાનક છે; ગુંટણથી ગુદા સુધી જળતત્વનું સ્થાનકછે; ગુદાથી તે છાતી સુધી અગ્નિતત્વનું સ્થાનક છે; છાતીથી ભૃકુટિ સુધી વાયુતત્વનું સ્થાનકછે; અને ભૃકુટિથી તાળવા સુધી વાતતત્વનું સ્થાનક છે. એમ પાંચે તત્વનાં શરીરમાં સ્થાનક છે. તેમાં જે તત્વની ધારણા કરે તે તત્વના સ્થાનમાં પ્રાણનો રોધ કરી તેની સાથે દેવ, બીજનો વિચાર કરીને સુખકારક ધારણા કરો. (૨૭)

अथ तत्रप्रथमपृथ्वीतत्वकीधारणाकथनं–पादाकुलक छंद.

चौकौना आकार अपारा, देव विधाता बीज मकारा,
पीत वरन भूथल धरिप्राना, पंचघटी विरमी उन थाना;
ध्यान धरे विधिकामन मांही, स्थंभन करि मनका पुनि वांही,
सो छिति तत्वहिको जयपावे, धरा धारणा सोय कहावे. ॥ २८ ॥

ટીકા—ચોખંડો આકાર દેવ બ્રહ્મા અને બીજ મંત્ર મકાર અક્ષર, તથા પીળો રંગ એવું ચિંતવન કરીને પૃથ્વી તત્વના સ્થાનકને વિશે પ્રાણ અને મનને સ્થિર કરી, તે સ્થળે પાંચ ઘડી સુધી રહી–ચિત્તમાં બ્રહ્માનું ધ્યાન ધરે, તે પૃથ્વીતત્વનો જય પામે છે; તથા તે પૃથ્વીતત્વની ધારણા કહેવાયછે. (૨૮)

अथ जलतत्वकीधारणाकथनं–पादाकुलक छंद.

आकृति आध शशी सम छाजे, बीज बहुरि वंकार बिराजे;
श्वेत बरन शुभ फटिकसमाने, प्रान धरी पुनि जलके स्थानें.
पंच घटी विरमी उन थाना, चित्त धरे नारायन ध्याना;
सो जल तत्वहिको जय पावे, अंबु धारणा सोय कहावे. ॥ २९ ॥

ટીકા—અર્દ્ધચંદ્ર જેવો આકાર તથા બીજ વકાર અક્ષર, અને સુંદર સ્ફટિક મણિજેવો શ્વેત રંગ એવું ચિંતવન કરીને જળતત્વના સ્થાનને વિશે પ્રાણ અને મનને સ્થિર કરી, તે સ્થળે પાંચ ઘડી સુધી રહી મનમાં નારાયણનું ધ્યાન ધરે-તે જળતત્વનો જય પામે છે; અને તે જળતત્વની ધારણા કહેવાય છે. (૨૯)

अथ तेजतत्वकीधारणाकथनं–पादाकुलक छंद.

ओपतहे आकार त्रिकौना, बीज मंत्र रंकार सलौना;
लाल बरन माणिक्य समाने, प्रान धरी पावकके थानें.
पंच घटी विरमी उन थाना, रुद्रहिके मन धारत ध्याना;
तेज तत्वको सो जय पावे, तेज धारणा सोय कहावे. ॥ ३० ॥

ટીકા—ત્રિકોણ આકાર, બીજ મંત્ર રકાર, તથા માણિક્યજેવો લાલરંગ એવું ચિંતવન કરીને અગ્નિતત્વના સ્થાનકને વિશે પ્રાણને સ્થિર કરી, તે સ્થળે પાંચ ઘડી સુધી રહી મનમાં રૂદ્રનું ધ્યાન ધરે; તે તેજતત્વનો જય પામે છે; અને તે તેજતત્વની ધારણા કહેવાયછે. (૩૦)

अथ वायुतत्वकीधारणाकथनं–पादाकुलक छंद.

षट कौना आकार विराजे, बीज मंत्र यंकारहि छाजे;
वर्ण विराजत मेघ समाने, प्रान धरी पुनि मारुत थानें.
पंच घटी विरमी उन थाना, इश्वरके उर धारत ध्याना;
वायु तत्वका सो जय पावे, वायु धारणा सोय कहावे. ॥ ३१ ॥

ટીકા—ષટકોણ આકાર, બીજ મંત્ર યકાર, તથા મેઘના જેવો રંગ એવું ચિંતવન કરીને વાયુતત્વના સ્થાનકને વિશે પ્રાણને સ્થિર કરી, તે સ્થળે પાંચ ઘડી સુધી રહી મનમાં ઈશ્વરનું ધ્યાન ધરે-તે વાયુતત્વનો જય પામે છે; અને તે વાયુતત્વની ધારણા કહેવાય છે. (૩૧)

अथ आकाशतत्वकीधारणाकथनं–पादाकुलक छंद.

विमल विराजत गोलाकारा, बीज मंत्र पुनिहे हंकारा;
श्वेत वर्ण मणि स्फटिक समाने, प्रान धरी अंबरके थानें.

पंच घटी विरमी उन थाना, चित्त धरत शंकरके ध्याना;
व्योम तत्वका सो जय पावे, व्योम धारणा सोय कहावे. ॥३२॥

ટીકા—ગોળ આકારે, બીજ મંત્ર હૈંકારે, તથા સ્ફટિક મણિ જેવો શ્વેતરંગ એવું ચિંતવન કરી આકાશ તત્વના સ્થાનકને વિશે પ્રાણને સ્થિર કરી, તે સ્થળે પાંચ ઘડી સુધી રહી મનમાં શંકરનું ધ્યાન ધરે-તે આકાશતત્વનો જય પામેછે; અને તે આકાશતત્વની ધારણા કહેવાયછે. (૩૨)

अथ पंचतत्वकीपंचधारणाकेनामकथनं—स्रग्विणी छंद.

स्तंभनी द्रावनी दाहनी कीजियें, औरही शोषनी भ्रमनी लीजियें;
पंचये तत्वकी पंचहे धारणा, योगके साधकें रोज विचारणा. ॥ ३३ ॥

ટીકા—સ્તંભની, દ્રાવની, દાહની, શોષની, અને ભ્રામની એ પાંચ તત્વની પાંચ ધારણાછે. તે યોગ સાધન કરનારાઓએ હમેશાં વિચારવી.(૩૩)

अथ "योगिकासप्तमअंग"; ध्यानलच्छन—पादाकुलक छंद.

सब संकल्प विकल्प तजीकें, अखंड वृत्ति हरिमांहि सजीकें;
कृत समरन उन एकहि धारा, ध्यान कहत उनकों जग सारा. ॥३४॥

ટીકા—સર્વે સંકલ્પવિકલ્પ છોડીને પરમેશ્વરમાં અખંડ વૃત્તિ સજીને તેનું હમેશાં એક ધારાએ સ્મરણ કરે-તેને સર્વે જગત્ ધ્યાન કહેછે. (૩૪)

अथ ध्यानकेचतुर्भेदकथनं—दोहा.

सोय ध्यान पुनि चार विधि, कहत महा मुनिराय;
सो सबही तुमसें कहूं, सुनो सर्व श्रुति मांय. ॥ ३५ ॥

ટીકા—તે ધ્યાન વળી ચાર પ્રકારનું મોટા મુનિયો કહેછે. તે સર્વે તમને કહું-તેને યથાવિધિપે કાનેકરી શ્રવણ કરો. (૩૫)

अथ ध्यानकेचारनामकथनयथा—चोपाइ.

प्रथम ध्यान पादस्थ कहाय, दूजा पुनि पिंडस्थ सुहाय;
तीजाहे रुपस्थ लखीत, चोथा ध्यानहि रुपातीत. ॥ ३६ ॥

ટીકા—પ્રથમ પાદસ્થ ધ્યાન, બીજું પિંડસ્થ ધ્યાન, ત્રીજું રૂપસ્થ ધ્યાન, અને ચોથું રૂપાતીત ધ્યાન કહેવાયછે. (૩૬)

अथ तत्रप्रथमपदस्थध्यानकथनं—सवैया.

श्रीपति पाय छबी सुख दायक, अंतरमें अवरेखि सदाही;
चिंतन सोय त्रिलोकि करे पुनि, चित्त अखंड धरी उन मांही.
और विचार वितर्क तजी सब, मंत्र जपे करि कुंभक वांही;
यों निशि वासर ध्यान करे उर, सोइ पदस्थहि ध्यान कहांहीं. ॥३७॥

ટીકા—લક્ષ્મીપતિ શ્રી વિષ્ણુના પગની સુખદાયક છબિ મનની અંદર ઓળખીને તેની સામું જોઇ-અખંડ વૃત્તિ તેમાં દ્રઢાવીને નિરંતર તેનું ચિંતવન કરે, ને બીજા સર્વ વિચાર તેમ વિતર્ક છોડીને કાયામાં ત્હાં કુંભક કરી મંત્ર જપે; એમ રાત દિવસ મનમાં ધ્યાન કરે-તે પાદસ્થ ધ્યાન કહેવાય. (૩૭)

अथ पिंडस्थध्यानकथनंयथा—पादाकुलक छंद.

शोधन करि षट चक्रस्व अंगा, काया पुनीत करीअति चंगा;
ध्यान उरें प्रभु तनका धारे, वाकों ध्यान पिंडस्थ उचारे. ॥ ३८ ॥

ટીકા—પોતાના શરીરના ષટચક્રનું સંશોધન કરી, કાયાને ઘણી સારી પવિત્ર કરી પ્રભુના પિંડ (શરીર)નું મનમાં ધ્યાન ધારે-તેને પિંડસ્થ ધ્યાન કહે છે. (૩૮)

अथ रुपस्थध्यानकथनंयथा—कवित्त.

भ्रुवमें धरीकें ध्यान, स्फुलिंग प्रथम पेखि; दीपक रु दीपमाला, विमल विचारियें. उडु अभिराम अरु, दामिनीकी द्युति पुनि; चंद्र और सूरजकों, यथाक्रम धारियें. यातें उर उपजत, प्रभाको प्रकाश तवे; जग्त सबे ज्योतिमय, ध्यानमें निहारियें. ऐसें हरि रुपहिको, ते जो मय ध्यान धरी; लखेसो रुपस्थ ध्यान, आस्यतें उच्चारियें. ॥ ३९ ॥

ટીકા—બે ભૃકુટિની વચ્ચમાં ધ્યાન ધરીને પ્રથમ અગ્નિકણને જોઇએ; બાદ દીવો અને દીપમાલાનો નિર્મળ વિચાર કરિયે, ત્હાર પછી મનોહર તારાઓ, વીજળીની કાંતિ, ચંદ્રમા અને સૂર્યને અનુક્રમે ધારણ કરિયે; એથી મનમાં તેજનો પ્રકાશ ઉપજે-ત્હારે સર્વે જગત્‌ને જ્યોતિમય ધ્યાનમાં નિહાળિયે. એમ પરમેશ્વરના રૂપનું તેજોમય ધ્યાન ધરીને જોઇએ-તેને મુખથકી રૂપસ્થ ધ્યાન કહિયે. (૩૯)

अथ रुपातीतध्यानकथनंयथा—कवित्त.

निरंजन निराकार, वर्णतें वर्जित महा; व्योमके समान सबे, व्यापीके विभातहे. ऐसें अभिराम उर, इश्वरको रुप धारी; वामें मनो वृत्ति द्रढ, आपही लगातहे. तबे तन भान भूली, तदाकार बनि आप; सुखद समाधी मांहि, लीन होइ जातहे. अखंड आनंद मय, योगनिंद्रा याकों कहे; सोइ रुपातीत ध्यान, परम प्रख्यातहे. ॥ ४० ॥

ટીકા—કલંક વગરનો અને આકાર રહિત તથા શ્યામ, શ્વેતાદિક રંગથી દૂર, વળી આકાશની સમાન સર્વે સ્થળે વ્યાપીને શોભનાર-એવા મનોહર ઇશ્વરનું મનમાં રૂપ ધારીને, તેમાં મનની વૃત્તિને પોતે દ્રઢ કરે-ત્હારે શરીરનું ભાન ભૂલીને પોતે તેરૂપ (ઇશ્વરરૂપ) થઇને સુખદાયક સમાધીમાં લીન થઇ

જાય છે, તેને નિરંતર આણંદમય યોગ નિંદ્રા કહે છે; અને તેજ પરમ પ્રખ્યાત એવું રૂપાતીત ધ્યાન છે. (૪૦)

अथ "योगकाअष्टमअंग;" समाधीलच्छन द्रष्टांतालंकार–कवित्त.

धाता ध्येय भाव तजि, बने एक रूप जैसें; नीरधिमें नदी मिलि, नीरधि व्हे जातहे. जलधिके जल जैसें, लून व्हेकें जूदे भये; फेर जलपाइ जल, रूप होइ जातहें. तैसें आप अद्वैततें, अलगभे सोइ फेर; अद्वैतकों मिलि रूप, अद्वैतकों पातहे. विबुध वदत वाकों, उपाधि रहित सोइ; अखंड आनंमय, समाधी सुहातहे. ॥ ४१ ॥

ટીકા—ધ્યાતા (ધ્યાન કરનાર) અને ધ્યેય (ધ્યાન કરવા યોગ્ય) ભાવ તજીને એકરૂપ થાય; જેમ સમુદ્રમાં નદી મળીને સમુદ્ર થઈ જાય છે, જેમ સમુદ્રનું જળ મીઠું થઇને જાદું થયેલુ ફરીને જળને મળી જળરૂપ થઈ જાય છે; તેમ એક અદ્વૈતથી પોતે જુદા થયા–તે ફરીને અદ્વૈતને મળી અદ્વૈતરૂપ પામે છે, તેને પંડિતો કહે છે કે તેજ ઉપાધિરહિત અખંડ આનંદમય સમાધી શોભે છે. (૪૧)

पुनः सवैया द्रष्टांतालंकार.

सागरकों मिलिकें सरिता जिमि, सागरकों धरि रूप सुहावे;
क्षीरहिकों मिलिकें जिमि नीरहि, क्षीरकों रूप ललीत धरावे.
त्यों चिद्कों मिल द्वैत तजी मन, अद्वैतरूप अनूप उपावे;
सिद्ध कहे सुन सागर सो शुभ, बीन उपाधि समाधि कहावे. ॥४२॥

ટીકા—સાગરને મળીને જેમ નદી સાગરનું રૂપ ધારણ કરી શોભે છે; દૂધને પાણી મળીને જેમ મનોહર દૂધનું રૂપ ધારે છે; તેમ ચિદ્ઘનને મળીને મનમાંથી દ્વૈતભાવ તજીને મનોહર અદ્વૈતરૂપ ઉપજાવે છે; સિદ્ધ કહે છે કે હે સાગર! તે મહા ઉપાધિવિનાની સમાધી કહેવાય છે. (૪૨)

पुनःकवित्त.

नीरमें मिलत नीर, क्षीरमें ज्यों क्षीर मिले; सिंधुमें सरिता मिल, सिंधु व्हे विभातहे. आज्यहिमें आज्य मिलि, ओपत अभेद मुनि; दहनकी ज्वाला मांहि, दीप मिल जातहें. तेलहिमें तेल मिलि, रहतहे एक रूप; नीरमें निमक मिलि, नीरसें दिखातहे. तैसें तजि द्वैत भाव, ब्रह्ममें मिलत मन; सोइ सुखरूप महा, समाधी कहावहे. ॥ ४३ ॥

ટીકા—જેમ જળમાં જળ મળે, દૂધમાં દૂધ મળે, અને સમુદ્રમાં નદી મળી સમુદ્ર થઈ શોભે છે; વળી જેમ ઘીમાં ઘી મળી એકરૂપ થઈ શોભે છે;

જેમ અગ્નિની જવાળામાં દીવો મળી જાય છે; જેમ તેલમાં તેલ મળીને એકરૂપ થઈ રહે છે; જેમ પાણીમાં મીઠું મળીને પાણી જેવું થઈ દેખાય છે; તેમ દ્વૈતભાવ તજીને મન બ્રહ્મમાં મળી એકરૂપ થાય-તે અતિ સુખરૂપ સમાધી કહેવાય. (૪૩)

पुनःभुजंगी छंद.

मिली क्षीरमें नीरवां रुप राजे; चिदानंदमें त्यों मिली आप भ्राजे; नही साधको सिद्ध भेदा रहावे, उपाधी विनासो समाधी कहावे. नही सीत उष्णादिहे ज्ञान वाकों, नही प्यास क्षुधा लगे अंग ताकों; नही कर्मके धर्म वांकों रहावे, उपाधी बिनासो समाधी कहावे. नही स्वप्न सूप्ती थरू जागताहे, नही पंच्च वीषै अनूरागताहे; नही ध्येय धाता वहांही सुहावे, उपाधी बिनासो समाधी कहावे. नही दुःख सुखं रहे देह वाके, नही शोकं रु हर्षु हे हीय ताके; नही ज्ञान अज्ञान वामें सुहावे, उपाधी बिनासो समाधी कहावे. नहीं वांहि व्यापार इंद्रिय ओपे, नही राग औ द्वैषसो लात कोपें; नही मोह मूर्छा तनूमें धरावे, उपाधी बिनासो समाधी कहावे. नहीं भूत प्रेतादि संचार वांही, नही वात वन्हीजुको त्रास नांही; नही सर्प सिंहादिकी शंक लावे, उपाधी बिनासो समाधी कहावे. नही शत्रु औ मित्रकें भेद वांही, रहे एक अद्वैतरूपें सदाही; नही भिन्नभावा तनूमें धरावे, उपाधी बिनासो समाधी कहावे. ॥ ४४ ॥

ટીકા—જેમ દૂધમાં પાણી મળીને તેરૂપ થઈ શોભે છે-તેમ પોતે બ્રહ્મમાં મળીને તેરૂપ થઈ શોભે; ત્યારે ત્યાં સિદ્ધ કે સાધક ભેદ રહેતો નથી, તે ઉપાધિ વિનાની સમાધી કહેવાય છે. વળી તેને સીતળ ગરમાદિકનું ભાન રહેતું નથી અને તેના અંગમાં ભૂખ કે તૃષા લાગતી નથી, તેમ તેને કર્મના ધર્મ રહેતા નથી, તે ઉપાધિ વિનાની સમાધી કહેવાય છે. તથા તેને સ્વપ્ન નિંદ્રા અને જાગવાપણું નથી, તેમ શબ્દાદિ પાંચ વિષયમાં પ્રીતિપણું નથી, અને ત્યાં ધ્યેય કે ધાતા પણ રહેતાં નથી-તે ઉપાધી વિનાની સમાધી કહેવાય છે. તેના શરીરમાં દુઃખ કે સુખ રહેતાં નથી તેમજ તેના હૃદયમાં શોક કે હર્ષ નથી, વળી તેમાં જ્ઞાન કે અજ્ઞાન પણ નથી-તે ઉપાધિ વિનાની સમાધી કહેવાય છે. વળી ત્યાં ઇંદ્રિયનો વ્યવહાર શોભતો નથી, તેમજ તે કોઈ પર પ્રેમ કે દ્વેષ લાવતો નથી, તથા શરીરમાં મોહ કે મૂર્છા ધરાવે નહીં-તે ઉપાધિ વિનાની સમાધી કહેવાય છે. જ્યાં ભુત પ્રેતાદિકનો પ્રવેશ થતો નથી તેમજ વાયુ અને અગ્નિનો ત્યાં ભય નથી, તથા તે સર્પ અને સિંહાદિક ઘાતકી પશુની શંકા લાવે નહીં-તે ઉપાધિ વિનાની સમાધી કહેવાય છે; ત્યાં

શત્રુ કે મિત્રના ભેદ નથી, ફકત એક અદ્વૈતરૂપે હમેશાં રહે છે અને શરીરમાં ભિન્નભાવ (દ્વૈતભાવ) ધારે નહીં–તે ઉપાધિ વિનાની સમાધી કહેવાય છે. (૪૪)

दोहा.

अष्ट अंग यह योगके, तुमकों दिये बताय;
जो चाहों निज चित्तमें, तो, साधो मनलाय. ॥ ४५ ॥

ટીકા—એ યોગનાં આઠ અંગ તમને બતાવી દીધાં, તેને જો તમે અંતઃકરણથી ચહાતા હો તો મન લાવીને તેની સાધના કરો. (૪૫)

गाहा.

सागरकों कहि सिद्धें, प्रानायामतें समाधि लों सबे;
द्वय-अशीति अभिधानं, पूर्ण प्रबिन सागरो लहरं. ॥ ४६ ॥

ટીકા—સાગરને સિદ્ધે પ્રાણાયામથી સમાધી સુધી સર્વે યોગવિદ્યા કહી, તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની બાશીમી લહર સંપૂર્ણ થઇ. (૪૬)

इतिश्रीप्रबीनसागरग्रंथेप्रानायामादिकयोगकेपंचअंगकथननाम द्विअशीतितमो लहरं ॥ ८२ ॥

लेहेर ८३ मी.

अथ महारात्रिऔधिसंपाद्यमनछापुरगमनप्रसंगोयथा—दोहा.

अष्ट अंग हठयोगके, सुनि शोची मनमांय;
सिद्ध प्रती सागर कहे, शीश नमाइ पाय. ॥ १ ॥

ટીકા—એ પ્રકારે હઠયોગનાં આઠ અંગ સાંભળી, તેનો મન સાથે વિચાર કરી સાગર સિદ્ધના પગમાં મુસ્તક નમાવી સિદ્ધને કહેછે કે, (૧)

अथ सिद्धप्रतिसागरोक्तयथा—पादाकुलक छंद.

सुनो सिद्ध इक अरज हमारी, करि करुणा तुम हमपर भारी; अष्ट-योगके भेद बेताये, सों सबही हम पूरन पाये. साधत सो बहु कालहि जावे, त्यों लगि क्यों हम कष्ट सहावे; बीतत पल इक पक्ष प्रमाने, पक्ष बने पुनि वर्ष समाने. यों आतुर भे चित्त हमारे, क्यों करिकें सो स्थिरता धारे; योग सधेमें स्थिरता चहियें, सोपल एक न हमही लहियें. और योगमें श्रेष्ट बखाने, सोय समाधी नींद समाने; वामें सुख कछु हम नहि जाने, ताकों योगी क्यों शुभ माने. सोइ सधे जे होय निकामी, हमतो हे दिन रात सकामी; यातें उनकों हम नहि साधे, हमतो एक प्रबीन अराधे. पाइ प्रबीन बसी कैलासें,

रहियें रोज सदा शिव पासें; जो न मिलेंगे सो मन माने, तो हम हरपे ह-त्या ठांने. यों कहिकें मुख आह उचारी, दीर्घ निसासा मुखतें डारी; आप भये उरमांहि उदासी, विरह व्यथा तब वपुमें भासी. ॥ २ ॥

ટીકા:—હે યોગેશ્વર! અમારી એક અરજ સાંભળો. આપે અમારીપેર ભારે દયા કરીને યોગના આઠ ભેદ બતાવ્યા, તે સર્વ અમે પૂર્ણ પાંમ્યાં છીએ. પરંતુ તે સાધતાં તો ઘણો વખત જાય—ત્હાંલગણ અમે કષ્ટ કેમ સહન કરિયે? કેમકે એક પળ જાય છે તે એક પખવાડિયા સમાન લાગે છે; અને વળી પખવાડિયું તો એક વર્ષ જેવડું થઈ પડયું છે. એમ અમારૂં મન આતુર થયું છે તે કેમ કરીને ધીરજ ધારે? વળી યોગ સાધવામાં તો સ્થિરતા અવશ્ય જોઇએ; અને તે સ્થિરતા એક પળ પણ અમે રાખી શકીએ તેમ નથી. વળી યોગમાં જેને શ્રેષ્ટ વખાણે છે તે નિંદ્રા જેવી સમાધી છે; તેમાં અમે કાંઈ સુખ જાણતા નથી. તેને યોગીઓ કેમ સારી માનતા હશે? તેતો જે નિષ્કામી હોય તે સાધે. અને અમે તો રાતદિવસ સકામી (ઇચ્છાવાળા) છિયેં, એથી એને અમે સાધશું નહીં—પણ અમેં તો એક કળાપ્રવીણને આરાધશું. અને કળાપ્રવીણને પામીને કૈલાસમાં વસી હમેશાં સદાશિવ પાસે રહાશું. તે અમારા મનનું માન્યું જો નહિ મળે—તો પછી અમે શંકરપર મરશું. એમ કહીને મુખમાંથી "હાય! હાય!!" એવો ઉચ્ચાર કર્યો, તથા મુખથકી મ્હોટો અને લાંબો નિસાસો નાખ્યો. તેમજ પોતે મનમાં ઉદાસી થયા; બાદ તેજ વખતે શરીરમાં વિરહની પિડા પ્રગટી ઉઠી. (૨)

अथ सागरविरहव्यथावर्नन—मोतीदाम. छंद.

जगी वपुमें विरहानल ज्वाल, तनू जरि स्याम भये तिंहि काल; चली द्रगतें अँसुवानकि धार, गरोभर आय गयो इहि बार. बदी न शकें मुखतें कछु बैन, निमेष तजे तिहि बेरहि नेन; भरे मुखतें अति सास उसास, जरे उनतें सब आशहि पाश. तपी तन तापहितें तलफंत, बिना जल ज्यों पृथुरोम भुरंत; मनो बिछुरेहि जुराफकि जोरि, किधों अथयो राशि आज चकोरि. किधो निज हारन काष्ट गुमाय, किधो विरहा चकवा निशि पाय; किधों बिछुरे सरमान मराल, किधों मनि शीश गुमाइहि व्याल. यहे गति सागरकी बनि वांहि, यथा विंधिसो बरनी किमि जाहि; तजी तिहिमें तनके सब भान, गिरे छितिपें पुनि काठ समान. तबे षट मित्रहिं सत्वर धाय; लिये गिरती ग्रहि सागर काय; क्षमाहि क्षमा मुख बांनि उचारि, लगे तन शिंच गुलाबके वारि. भये इमि एक मुहूरत वांहि, तबे शुधि सागरकों कछु आहि; यहे लखिकें सबके मन मांहि, दया उपजीं ततकाल तहांहि. ॥ ३ ॥

ટીકા—સાગરના શરીરમાં વિયોગરૂપી અગ્નિની જ્વાળા ઉત્પન્ન થઈ; તેથી સાગરનું શરીર તેજ વખતે બળીને શ્યામ થઇ ગયું! અને આંખેથી આંસુઓની ધારા ચાલી. સિવાય એકેદમે કંઠ ગળગળો થઈ ગયો, અને તે એવી દશાને પ્રાપ્ત થયો કે મુખમાંથી કોઈ વેણ બોલી શકે નહીં. ત્હાં અધૂર્યમાં પુરૂં આંખથકી પલકું તજ્યું—એટલે ડોળા ફાટયા; અને મુખથકી ઉસાસા નિસાસા તેમજ સ્વાસોશ્વાસ ભરવા માંડ્યો, તે અતિ ગરમ હોવાથી આસપાસ નહેલી સર્વે બળવા લાગ્યા. શરીર તાવથી તપીને તરફડવા લાગ્યું,-તે જેમ પાણી વિના માછલું તરફડતું હોયને શું? અથવા જાણે જુરાફાની જોડી જૂદી પડી હોયને શું? કે જાણે આજ ચકોરને ચંદ્રમા આથમ્યો હોયને શું? કે જાણે હારિન પક્ષીએ પોતાના પગમાં પકડેલું કાષ્ટ ખોયું હોયને શું? કે રાત્રે ચકવાપક્ષી વિયોગ પામ્યા હોયને શું? કે માનસરોવરથી હંસ જૂદો પડયો હોયને શું? કે સર્પે માથાની મણિ ગુમાવી હોયને શું? એવી ગતિ ત્હાં સાગરની થઈ. તે બરાબર કેમ વર્ણવી જાય? તેટલામાં તો શરીરનું સર્વે ભાન તજીને સૂકા કાષ્ટની પેઠે સાગર પૃથ્વીપર મૂર્છાગત થઈ પડયા. ત્હારે છયે મિત્રો એકદમ વેંધે દોડી આવી સાગરની પડતી કાયાને અદ્ધર ઝીલી લીધી, અને મુખેથી "ખમા ખમા" એમ વાણી બોલીને બેભાન થયેલા સાગરના શરીરપર ગુલાબજળ છાંટવા લાગ્યા. એમ એક મુહૂર્ત વિત્યું-ત્હારે સાગરને કાંઈક શુદ્ધિ આવી. એ જોઈ સર્વેના મનમાં તે સમયે દયા ઉપજી. (૩)

दोहा.

जैसी गति इत अब्धिकी, तैसी तित परवीन;
सिद्ध लखी निज ज्ञानतें, आप भये दुख लीन. ॥ ४ ॥

ટીકા—જેવી ગતિ આંહી સાગરની થઈ, તેવીજ ગતિ ત્હાં પ્રવીણની થઈ. તે સિદ્ધ નિજજ્ઞાનથી જોઇને પોતે દુઃખમાં ગરકાવ થયા. (૪)

दंपतिके दुख देखिकें, ग्राव गलत तिहि ठौर;
क्यौंन गले तब मनुष मन, ऐसें कौन कठोर. ॥ ५ ॥

ટીકા—તે સ્ત્રી પુરૂષનાં દુઃખ જોઇને જે ઠેકાણે પત્થર પણ ગળે; ત્હારે મનુષ્યનું મન તે કેમ ન ગળે? એવો કઠણ તે કોણ હોય? (૫)

तोटक छंद.

लखि सागर पीर सबे द्रगही, नभमें स्थिर होइ गये खगही; पवमान भये पुनि थीर तहां, दुरदीन भइ दिशि अष्ट वहां. नहि घांस लिये पशुही मुखमें, सब जीवहि लीन भये दुखमें; सरिता सबनें गति मंद किये, विधि वारधिके पुनि थीर भये. जड चैतन सो सब थीर भये, इमि आलममें अति

शोक छये; षट मित्र महा मन खेद करे, उनके द्रगतें अति नीर झरे. वह सिद्ध त्रिलोकि लही छिनमें, अति लाय दया अपने मनमें; प्रति सागिर यों मुख बैन कहे, तुम कष्ट नही हम जात सहे. तिनतें इक और उपाय करे; जिनतें तुम्हरे सब काज सरे; हम जाय उमा अरु संभुकने, तुम्हरे दुखकी सब बात भने. सुनि सोय दया दिलमें धरिहे, पुनि शाप वृथा तुम्हरे करिगे; उत जाइ इते फिर आउ हमें, इति बेर धरो दिल धैर्य तुमें. ॥ ६ ॥

टीका—સાગરની સર્વે પિડા આંખ્યે જોઇને આકાશમાં પક્ષીઓ સ્તબ્ધ થઈ ગયાં! પવન પણ ત્હાં સ્થિર થઈ ગયો—ઉપરાંત આઠે દિશાઓ અંધગંધ થઈ ગઇ! પશુઓ મુખમાં ચારો લેતાં નથી. એમ સર્વે જીવ દુ:ખમાં લીન થઈ ગયાં! વળી સર્વે નદીઓએ પોતાની ગતિ મંદ કરી, અને સમુદ્રના તરંગો પણ ઉછળતા સ્થિર થયા. તેમ જડ અને ચૈતન્ય સર્વે સ્થિર થયાં. એ પ્રકારે જગત્માં અતિ ઘણો શોક ફેલાઈ રહ્યો! ત્હાં છયે મિત્રો મનથી અતિશય ખેદ કરવા લાગ્યા. તેમની આંખ્યોમાંથી આંસુનો પ્રવાહ વ્હેવા લાગ્યો, જે જોઇને તેજ વખતે સિદ્ધ પોતાના મનમાં ઘણીજ કરૂણા લાવીને સ્વમુખે સાગર પ્રત્યે વચન બોલ્યા કે—આ તમારૂં કષ્ટ મહારાથી સેહન થતું નથી. તેથી એક બીજો ઉપાય કરિયે કે જેથી તમારૂં સર્વે કામ થાય. તે એ કે,—હું ઉમયા અને માહેશ પાસે જાઉં અને તમારી સર્વે દુ:ખની વાત કહું. જે સાંભળીને તે ભોળાશંભુ મનમાં દયા ધરશે અને તમારો શાપ મુક્ત કરશે. વાસ્તે ત્હાં જઇને હું પાછો અહિં ફરીને આવું એટલી વાર તમે મનથી ધીરજ ધરો. (૬)

चोपाइ.

यों कहि सिद्ध चले आकाश, जित राजतहे गिरि कैलास; वां कछु काज मिले सुर साथ, कृत आपसमें बैठे गाथ. आज महीमें शोक छवाय, वातें दिशि दुरदीन लखाय; वामें सिद्ध गये तिहि ठौर, बात किये सब करी निहोर. आगें दिय तुम गनकों शाप, मानव देह धरी उन आप; पूरन प्रेमी राजत सोय, रही न शके पल जूदे दोय. वाकों विरह दियो बहु काल, क्यों करि सोय सहे विकराल; वातें कष्ट लहे यह काय, सो नहि सबतें देख्यो जाय. यातें शोकहि छितिमें छाय, यह कारन हम इतही आय; दोष लघुमें दीरघ दंड, देवौ घटे न तुमें परशुखंड. सो सुनिकें उमया मन मांय, उपजीकें अति करुणा छाय; कहन लगे तब शिवकों आप, क्षमा करो अब उनकों शाप. ठेर लियो पुनि अपनी पास, कृपा करीकें उनपें खास; सो सुनि

संकर करुणा लाय, सिद्ध प्रत्यें पुनि बोले वाय. जाऔ कहो तुम उनकों येह, धीर धरों तुम अपनी देह; आवेंगी अब जे शिवरात, तबे बुलावेंगे साक्षात. नेनतरंगे किय शिवअंन, रहियो जाय वहां उसरैन; महपूजा करियों महारात, मोद धरी मनमें अवदात. वां भेजेंगे दिव्य विमान, उनपें चढि आयो इस थान; सो सुनि सिद्ध सुरा मुद पाय, सब सबके स्थानक प्रति धाय. ॥ ७ ॥

ટીકા—એટલું કહીને સિદ્ધ આકાશમાં અંતરધ્યાન થયા, બાદ જહાં કૈલાસ પર્વત શોભે છે-ત્હાં કાંઈ કામ પ્રસંગે દેવ સમાજ મળ્યો હતો તે માંહોમાંહે બેઠાબેઠા વાત કરતા હતા-કે આજે પૃથ્વીને વિશે શોક ફેલાઈ રહ્યો છે, જેના યોગથી દિશાઓ અંધગંધ દેખાય છે. તેટલામાં તે સમાજમાં સિદ્ધ ગયા અને શ્રી શંકરની બે હાથ જોડી સ્તુતિ કરીને સાગરની સર્વે વાત કહી કે હે ભગવન્! આગળ આપે હમેશાં પાસે રહેવાવાળા વિચિત્રાનંદ નામે ગણને શ્રાપ આપ્યો છે, તેથી તેણે મનુષ્યા દેહ ધરી છે; તથાપિ તેઓ પૂર્ણ પ્રેમી છે, તેથી તે સ્ત્રી પુરૂષ એક પળવાર પણ જૂદાં રહી શકે તેમ નથી. તેને હે સ્વામિન્! આપે ઘણીજ લાંબી મુદતનો વિયોગ દીધો છે—તે ભયંકર વિરહ કેમ કરીને સહન કરી શકે? વાસ્તે તેઓ કાયામાં અતિશય કષ્ટને પામે છે-જે કોઈથી જોયું જતું નથી. આ પ્રેમનિમગ્ન દંપતીની વિરહ પિડા નિહાળી પૃથ્વીપર શોક ફેલાઈ રહ્યો છે, અને એજ કારણને માટે હું પણ અહિં આપ કૃપાળુ પાસે આવ્યો છું. હે દયાનિધે! અલ્પ ગુન્હાને માટે મહાન દંડ દેવો આપને યોગ નથી. વિગેરે શોકમય અર્જ સાંભળીને જોગમાયા પાર્વતીજીના મનમાં અતિ દયા પ્રગટી આવી ત્હારે શિવપ્રત્યે પોતે કહેવા લાગ્યાં કે હે શંકર! હવે તેના શ્રાપનું નિવારણ કરી તેમની પ્રત્યે દયામય દૃષ્ટિએ જોઈ આપણી સેવામાં બોલાવી લ્યો. જે સાંભળી શિવજી તે દંપતીપર દયા લાવી સિદ્ધ પ્રત્યે બોલ્યા કે-જાઓ તમો એને કહો કે તમો મનમાં ધીરજ ધરો, હવે જે શિવરાત્રી આવશે એટલે તમોને અત્રે બોલાવશું. તમોએ જે નેનતરંગ ગામમાં શિવમંદિર બાંધ્યું છે ત્હાં જઈને રાત રહેજો, અને મનમાં અતિશય હર્ષ ધરીને તે મહા રાત્રીએ મહાપૂજા કરજો. પછી ત્હાં સુ-ભગ વિમાન આવશે જેમાં બેશીને તમે અત્રે આવજો. એટલી આંજ્ઞા સાંભળી સિદ્ધ અને દેવગણો ઘણોક હર્ષ પામી સર્વે પોતપોતાના સ્થાનક પ્રત્યે ગયા. (૭)

चरनाकुल छंद.

सिद्ध आइ पुनि सागंर पासे, कही हकीकत सर्व हुलासे; दूर करो अब दिलकी चिंता, प्रसन्न भये तुम शाप नियंता. महारात्रि अब जेही आवें, ता दिन तुमकों पास बुलावे; यातें तुम मनछापुर जाऔ, सर्व प्रविनकों बात ज-

नाओ. आगें औधि कुसुमकों दिने, वर्ष विते आवनकें कीने; सत्य करो अब. जाकें सोइ, सज्जन बैन वृथा नहि होइ. वातें नेन तरंगहि जाई, रहो रात्रि शिं-वलों पुनि वांही; वां भेजेंगे संभु विमाना, उनतें गिरि कैलासें जाना. अबमें जाय प्रबीन मनाउं, तुम आनेकी खबरि सुनाउं; यातें पुनि मुझ स्थानक जैहों, महा रात्रिपर वांही आैहो. तोलों यह शिव मंत्र उचारो, आदि पुनि ओंकारकों धारो; यों काहिकें सिद्धें सुख दाये, शिव पंचाक्षर मंत्र शिखाये.॥८॥

ટીકા—જે પછી સિદ્ધ સાગર પાસે આવી સર્વે હકીકત હર્ષથી કહીને કહ્યું કે-હવે મનની ચિંતાને દૂર કરો, કેમકે તમને શ્રાપ આપનાર શ્રી શંકર તમારીપર રાજી થયા છે. તથા હવેની જે મહારાત્રી આવશે-તે દિવસે તમને પાસે બોલાવશે. વાસ્તે તમો મનછાપુર જાઓ, અને સર્વે વાત કળાપ્રવીણને જણાવો. કેમકે આગળ તમે કુસુમાવળીને અવધી આપી છે કે "એક વર્ષ વિત્યે ફરીને આવશું" તે હવે જઈને સત્ય કરો, કેમકે સજ્જન પુરૂષોનાં વચન વૃથા થાય નહીં. ત્હારે પછી નેનતરંગ જઈ શિવરાત્રી સૂધી ત્હાં રહેજો. ત્હાં શંકર વિમાન મોકલશે તે વિમાનમાં બેશી કૈલાસ પર્વતપર સિધારજો. હવે હું જઇને કળાપ્રવીણને ચેતાવું છું તથા તમારી આવવાની ખબર સંભળાવું; જે પછી હું મહારે સ્થાનકે જઈશ. પરંતુ મહારાત્રિને દિવસે હું ત્હાં આવીશ એટલો સમય તમો આ શિવમંત્રનો ઉચ્ચાર કરો અને તે મંત્રના આદ્યમાં ઓંકારને ધારો, એમ કહીને સિદ્ધે સુખદાયક શિવનો પંચાક્ષર મંત્ર શિખવ્યો. (૮)

अथ शिवकेपंचाक्षरमंत्रकथन—दोहा.

"नमःशिवाय" शुभ यंत्र यह, आदि धरी ओंकार;
जाप जपो निशिदिन सदा, हर्ष हृदयमें धार. ॥ ९ ॥

ટીકા—"નમઃ શિવાય" એ શુભ મંત્રની આદિ 'ૐ'કાર ધરીને હૃદયમાં હુલ્લાસ આણીને રાતદિવસ તેનો જાપ જપ્યા કરો. (૯)

कविवाच—दोहा.

शीखीकें सब मंत्र यह, परी सिद्धके पाय;
कहन लगे करजोरिकें, मोद धरी मनमांय. ॥ १० ॥

ટીકા—સિદ્ધની આજ્ઞા પ્રમાણે સાતે મિત્રોએ મંત્ર શિખી, સિદ્ધને પગે પડી મનમાં હર્ષ આણીને હાથ જોડી કહેવા લાગ્યા કે, (૧૦)

सिद्धप्रतिसागरोक्त—दोहा.

अहो सिद्ध हमरंकपें, दया धरी दिलमांय;
यत्न करीकें अमितविधि, शुद्धि सुखदायक लाय. ॥ ११ ॥

ओधि दिये शिवरात्रिकी, कब आवैगी सोय;
इतने दिन क्यों जायगें, अहर अब्दसें होय. ॥ १२ ॥

ટીકા—હે સિધ્ધેશ્વર ! અમો રાંકપર મનમાં દયા ધરીને અનેક પ્રકારે પ્રયત્ન કરી આપ સુખદાયક ખબર લાવ્યા; વળી હે મહારાજ ! મહારૂદ્ર ભગવાને જે શિવરાત્રીની અવધિ આપી છે, તે ક્યારે આવશે અને એટલા દિવસ કેમ જશે ? કેમકે એક દિવસ તે વર્ષ સમાન વિતે છે. (૧૧-૧૨)

सागरपतिसिद्धोक्त-दोहा.

जन्महितें अवलों जिते, जैसे वर्ष विताय;
तैसे थोरे दिन कढो, धीर धरीकें काय. ॥ १३ ॥

ટીકા—ત્હારે સિદ્ધ કહે છે કે જન્મથી તે હમણાં સુધી જેટલાં વર્ષ વિતાવ્યાં છે, તેમ થોડા દિવસ કાયામાં ધીરજ ધરીને કાઢો. (૧૩)

कविवाच-दोहा.

यों कहि वातें सिद्ध पुनि, मनछापुरिमें जाय;
प्रेम सहित परबीनकों, सबही बात सुनाय. ॥ १४ ॥

ટીકા—એટલું કહીને ત્હાંથી વળી સિદ્ધ મનછાપુરમાં જઇને પ્રેમ સહિત કળાપ્રવીણને સર્વે વાત સંભળાવી. (૧૪)

दोहा.

ज्यों विषहरके मंत्रतें, विष उतरी शुद्धि पाय;
त्यों सुनि वचनहि सिद्धके, पाय प्रवीन शुध्धि काय. ॥१५॥

ટીકા—તેથી જેમ વિષ ઉતારનારના મંત્રથી વિષ ઉતરીને શુદ્ધિ પામે છે; તેમ સિદ્ધનાં વચન સાંભળીને કળાપ્રવીણ ચોંકીને શરીરે શુદ્ધિ પામી. (૧૫)

सागरकी शुध्धि पायकें, मुदित भइ मन मांय;
ओधि सुनी शिवरात्रिकी, फूल गइ पुनि काय. ॥१६॥

ટીકા—સાગરની ખબર પામીને મનમાં હર્ષિત બની, ઉપરાંત શિવરાત્રીની અવધિ સાંભળી ઘેલી થઈ ગઈ અથવા તો તે હર્ષથી કાયામાં ફુલી ગઈ. (૧૬)

शिव पंचाक्षर मंत्र पुनि, सिध्ध सुनांइ कान;
विधि बतांय सर्व जपनकी, आपगये निज स्थान. ॥१७॥

ટીકા—વળી શિવ પંચાક્ષર મંત્ર સિધ્ધે કાનમાં સંભળાવીને તે જપવાની સર્વે વિધિ બતાવી પોતે પોતાને સ્થાનકે ગયા. (૧૭)

चोपाई.

सागरकी शुध्धि पाय प्रवीन, दाने बहू दुरवलकों दीन; वंध्या जैसे पावे बा-

ल, नंगा जैसें पावे शाल. लोभी जैसें पावे धन्न, भाविक पावे ज्यों भगवन्न; आशक जैसे मौशुक पाय, अंधाकों ज्यों अक्षी आय. प्यासा जैसे पावे नीर, भूख्या जैसें पावे खीर; जैसे किसिका नाव गुमाय, पीछा सोय अनामत आय. तैसे शुध्धि सागरकी पाय, मुदित बनी वाला मनमांय; कियें सदावृत गामे गाम, प्रपा बनाइ ठामे ठाम. इश मंत्रको जपंती जापं, हर्ष धरी पुनि मनमें आप; सागर आवनकी लखि राह, हौंस धरी बैठी मनमांह. ॥१८॥

ટીકા—સાગરની ખબર પામીને કળાપ્રવીણે ગરિબોને બહુ દાન દીધું તથા જેમ વાંઝણી બાળકને પામે, નાગો જેમ મૂલ્યવાન શાલને પામે, લોભી જેમ ધનને પામે, ભાવિક ભક્ત જેમ ભગવાનને પામે, આશક જેમ માશુકને પામે, આંધળાને જેમ આંખ્યો આવે, તૃષાતુર જેમ પાણી પામે, ભુખ્યો જેમ ખીરને પામે; તથા જેમ કોઈનું ખોવાયેલું વહાણ પાછું અનામત આવી મળે; તેમ સાગરની ખબર પામીને કળાપ્રવીણ મનમાં રળિયાત થઈ. તેની ખુશાલીમાં ગામે ગામે સદાવ્રત બાંધ્યાં તથા ઠેકાણે ઠેકાણે પરબો મંડાવી; વળી અંતરમાં હર્ષ ધરીને શિવમંત્રનો જાપ જપતી અને સાગરના આવવાની વાટ જોતી મમતાઈથી હોંસધરીને બેઠી. (૧૮)

दोहा.

सुरतानंद पहारतें, मिलिकें साते मित्त;
मनछापुरिपें गमनके, किय विचार निजचित्त. ॥ १९ ॥

ટીકા—પછે પણ સુરતાનંદ પહાડપર સાતે મિત્રોએ મળીને મનછાપુરી તરફ ચાલવાનો પોતાના મનમાં વિચાર કર્યો. (૧૯)

करि विचार वातें सबे, आये बद्रीनाथ;
किय दर्शन हरदेवके, साते मिलिकें साथ. ॥ २० ॥

ટીકા—પછી સર્વે બદ્રીનાથ સમિપે આવી ત્હાં સાતે મિત્રોએ મળીને શ્રી બદ્રીનાથ મહાદેવનાં દર્શન કર્યાં. (૨૦)

पंच दिवस पुनि वां रही, करि दर्शन सब देव;
मनछापुरिमें चलनकों, तत्पर व्हे ततखेव. ॥ २१ ॥

ટીકા—તથા પાંચ દિવસ ત્હાં રહીને બીજા સર્વે દેવોનાં દર્શન કર્યાં જે પછી મનછાપુર તરફ ચાલવાને તરત તૈયાર થયાં. (૨૧)

पादाकुलक छंद.

बद्रिनाथतें द्वादश दीना, गिरि गहवरमांही पथकीना; आय तबे हरद्वारहि स्याना, पंच सप्तती कोश प्रमाना. पंच दिवस पुनि वां ठहरीकें, देव

सर्वके दर्श करीकें; तीन दिवस लों चाले वातें, कोश पचीश भले मन भाते. शाहरनपुर तबे पुनि आये, सो सबहीके मनमें भाये; द्विदिने वातें कोष अठारा, मुझफर नगरें आये सारा. वातें विचरे दो दिन जैसें, मिरत पूरमें आये तैसें; कोस अठास्ह सोय कहावे, देखत दिलमें मोह उपावें. दो दिन वातें विचरे जैसें, आय गाजियाबादहि तैसें; चौदह कोश कहावत सोइ, लखिकें राजी व्हें सब कोइ. सात कोश चलिकें पुनि वातें, आय हस्तिनापुरमें साते; पंच दिवस पुनि वां ठहरीकें, जमनां जलके पान करीकें. वाते कियदिन पंच प्रयाना, पौतालीस पुनि कोश प्रमाना; आय तब अलवरमें सोइ, पेखि पतभ अति हर्षित होइ. वातें चलि षट वासर वेही, आय नगार जयपुरमें गेही; कोश यह अठतालीस जानो, मंजु नगर यह मनमें मानो. पंच घोस गति वातें कीने, आय किशनगढ तब रस भीने; सो पुनि छत्तीस कोश प्रमानो, मारवाडमें सोइ बखानो. वातें चलि इक दिन नव कोशं, अजमेर आय धरि उर हौसं; पुष्कर तिर्थ लसत उन ठामें, पंच दिवस विरमें पुनि तामें. ॥ २२ ॥

ટીકા—બદ્રીનાથથી બાર દિવસ સુધી જ્હારે પહાડ અને વનોમાં પંથ કર્યો-ત્હારે હરદ્વારે પહોંચ્યા; જેનું પંચ્યોતેર ગાઉનું પ્રમાણ છે. ત્હાં પાંચ દિવસ રહીને સર્વે દેવોનાં દર્શન કરી વળી ત્રણ દિવસ સુધીમાં પચીશ ગાઉ ચાલ્યા-એટલે શાંહરનપુર આવ્યા; જે સર્વેના મનમાં ભાવ્યું. ત્હારકેડે બે દિવસે અઢાર ગાઉ મુઝફ્ફરનગર આવી લાગ્યા; વળી ત્હાંથી બે દિવસની મુસાફરી કરી મિરતપુરમાં આવ્યા; જેનું અંતર અઢાર ગાઉ કહેવાય છે. અને તે જોતાં મનમાં મોહ ઉપજાવે છે. ત્હાંથી બે દિવસ જેવા ચાલ્યા તેવાજ ગાજિયાબાદ આવ્યા, તે ચોદ ગાઉ કેહેવાય છે. તે જોઇને સર્વે દીલથી રાજી થયા. ત્હાંથી વળી સાત ગાઉ ચાલીને સાતે જણ હસ્તિનાપુર એટલે દિલ્લીહીમાં આવ્યા; ત્હાં પાંચ દિવસ રહીને જમનાજીના જળનું પાન કરી, વળી ત્હાંથી પાંચ દિવસ સુધી ચાલી પીસતાળીસ ગાઉના અંતરે સુંદર અલવરમાં આવ્યા. બાદ છ દિવસ સુધી ચાલીને અડતાળીસ ગાઉને છેટે ચિત્તને ચોરનાર જયપુર નગરમાં આવ્યા, ત્હાંથી પાંચ દિવસે રસમાં ભીંજાયેલા કિશનગઢે આવી લાગ્યા, જેની વચ્ચેનું છત્રીસ ગાઉનું અંતર છે, અને તે શહેર મારવાડમાં મશહુર છે. ત્હાંથી એક દિવસે નવ ગાઉ ચાલીને મનમાં હોંસ ધરી અજમેરે આવી પહોચ્યા-જહાં પુષ્કર તિર્થ શોભે છે. ત્હાં પાંચ દિવસ રહ્યાં. (૨૨)

चोपाइ.

पुष्करतें पुनि सत्वर धाय, पक्ष एक मग मांहि बिताय; अर्बुद गिरिपें आ-

घे सोय, कोस पचानवे वातें होय. दो दिन ठहरीकें वा देश, किये दर्शन अंबा अचलेश; मतें चाली चौबीश कोस, मगें बिताइ चारहि घोस. सिध्धपूरमें सबही आय, नेह धरीकें नंदिमें न्हाय; वां विरमीकें पांचहि दीन, सर्व देवके दर्शन कीन. वातें चाले जोजन अष्ट, च्यार दिवसलों भोग्गि कष्ट; आय अहंमदावादहि सोय, विरमे वासर पुनि वां दोय. वातें चालीकें षट घोस, आय पुनि अठतालीश कोस; पार्य तवे परबीनकें गाम, मनछापुरी जेह ललाम. ॥ २३ ॥

ટીકા—પુષ્કરરાજથી ઉતાવળા ચાલી એક પખવાડિયું રસ્તામાં વિતાવી આબુ પર્વતપર આવ્યા-જે ત્હાંથી પંચાણું ગાઉ થાય છે. તે ઠેકાણે બે દિવસ રહી આદ્યશક્તિ અંબાજી અને અચળેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. ત્હાંથી વળી ચાર દિવસે ચોવીશ ગાઉ ચાલીને સિદ્ધપુરમાં આવ્યા, અને પ્રેમ ધરીને સરસ્વતી નદીમાં નહાયા; ત્હાં પાંચ દિવસ રહીને સર્વે દેવનાં દર્શન કર્યાં. વળી ત્હાંથી આઠ જોજન એટલે બત્રીશ ગાઉ કષ્ટતાથી ચાર દિવસે ચાલી અમદાવાદમાં આવ્યા, અને ત્હાં વળી બે દિવસ રહ્યા, જે કેડે છ દિવસ સુધી ચાલીને અડતાળીસ ગાઉ પહોચ્યા, ત્હારે કળાપ્રવીણનું ગામ જે મનોહર મનછાપુર છે-તેને પામ્યા. (૨૩)

सोरठा.

प्रतन प्राबिन आराम, उतरेथे आगें जहां;
कीने वांहि मुकाम, सांझ समे पुनि आइकें ॥ २४ ॥

ટીકા—અને પ્રવીણનો જે પુરાતની બાગ હતો-જેમાં આગળ આવી ઉતર્યા હતા; તેજ બાગમાં સાંઝ વખતે આવી મુકામ કર્યો. (૨૪)

हरिगीत छंद.

मिलि मित्र साते बाग मांही, रात बिताइ बातमें; तब मालिनी फुल लेन आंही, प्रेम धरिकें प्रातमें. उन पेखि योगी परखि लीने, आयथे आंगे वही; इमि जान उरें जायनेरे, वंदनाकीनी जहीं. तब एक बोले मंद हसिकें, कुशलहो तुम अंगमें; हम आय इतही अब्द एकें, स्नान करिकें गंगमें. महिपाल आदिक कुशलहे सब, लोक येही गामके; पुनि कुशलहे तन कुसुमके अरु, सर्व उनके धामके. तुम जाव उनकी पासतो असीस हमारी कीजियो; हम आयंहे कल जायगे कल, खबर येही दीजियो. तब मालिनी मुख बोलि अैसें, बात कहूं अब जायकें; फिर सोय कहिगे वेहि तुमकों, सर्व कहुंगी आयकें. इमि बोलि मुखतें, मालिनी गइ, सुमन ले दरबारमें; जब जाय नवमी

देहरीतवं, कुसुम आ उन द्वारमें. सब मालिनीके फ़ूल लेकें, आप चलि अंदर जहीं; तब योगि सातो आवनेकी, बात सरवे उन कहीं. ॥ २५ ॥

ટીકા—સાતે મિત્રોએ મળીને બાગમાં વાતો કરતાં રાત વિતાવી, પછી સવાર થતાં માલણ જ્યારે પ્રેમ ધરી ફુલ લેવા આવી, તેણે યોગીઓને જોઈ ઓળખી લીધા કે 'આગળ એ આવ્યા હતા' એમ મનમાં જાણીને યોગીઓની પાસે જઈ વંદના કરી; ત્હારે તે સાતમાંથી એક યોગી મંદહાસ્ય કરીને બોલ્યો કે કેમ-શરીરે કુશળ તો છો? વળી કહ્યું કે અમે કાશીએ જઈ ગંગાજીમાં સ્નાન કરી એક વર્ષે અત્રે પાછા આવ્યા છીએ, તો આ નગરવાસી લોક અને રાજા આદિક સર્વે કુશળ તો છેને? તેમજ કુસુમાવળીનું શરીર અને તેનાં સર્વે સંબંધી કુશળ છેને? તથા જો તમે એની પાસે જાઓ તો અમારી આશીશ દઈ કહેજો કે-અમે અત્રે કાલ આવ્યા છીએ અને આવતી કાલે જાશું. ત્હારે માલણ મુખથી એમ બોલી કે હમણાંજ હું જઇને સમાચાર કહું છું અને વળી તે કહેસે તે સર્વે આવીને આપને નિવેદન કરીશ, એટલું બોલી માલણ ફુલ લઈ દરબારમાં ગઈ. ત્હાં નવસી દેરીએ પહોચી એટલે કુસુમાવળી આવી ફુલની છાબ લઇને પાછી ફરી-ત્હારે માલણે સાત યોગીઓ આવ્યાની સર્વે વાત કહી સંભળાવી. (२५)

दोहा.

सोय सुनी कुसुमावली, किय मालिनकों वाय;
हम आवत उन दरसकों, कहो योगिकों जाय. ॥ २६ ॥

ટીકા—જે સાંભળી તરતજ કુસુમાવળીએ માલણને કહ્યું કે તમે યોગીને જઇને કહેજો કે હું એમનાં દર્શન કરવાને આવુંછું. (२६)

यों उचरी रनवास जा, कहीं प्रविनकों बात;
सागर आये कलइतें, हमकों सोय बुलात. ॥ २७ ॥.

ટીકા—એટલું બોલી અંતઃપુરમાં જઈ કળાપ્રવીણને સર્વે હકીકત કહી કે કાલે અત્રે મહારાજા સાગર આવ્યા છે અને તેમણે મને બોલાવી છે. (२७)

तोटक छंद.

सुनि सागर आवन वात जबे, मन मोदित व्हे परबीन तबे; अति फ़ूल गइ तन वा छिनमें, नहि गात्त समात्तहि चोलिनमें. तनु सात्विक भाव भये तबही, अति रोम उठे वपुमें सबही; बदले पुनि रंग सबे तनके, पुनि काय छुटे कन स्वेदनके. मुदके अँसुवां द्रग आय रहे, कछु कंपनता मिज कंठय लहे; तुतरान लगे मुख बोलनतें, तंव शैन करे द्रग लोलनतें. कुसुमावलिकों समुझाइ तबे, नहि शुध्धि रही तन आप जबे; तुमं जाइ वहां हम हाल भँखो,

हम क्यों करिकें अब पत्र लखों. हमरे करि वंदन सागरकों, कहियो लिख भेजन कागरकों; मनुहार करी कहियो ठहरे, लिखिगे हम पत्र मिटे कहरे. कहियो हम हाल सबे दिनके, पुनि ल्यांइ सँदेश कहो इनके; सुनि चक्रि चढी कुसुमा विचरी, जित सागरहे उत जा उतरी. ॥ २८ ॥

ટીકા—સાગરની આવવાની વધામણી સાંભળતાંજ કળાપ્રવીણ મનમાં હર્ષિત થઈ અને શરીરમાં તેજ ક્ષણે અતિશય એવી ફુલી ગઈ કે કાંચળીમાં અંગ સમાતું નથી. વળી તેજ સમયે શરીરમાં સાત્વિકભાવ પ્રગટયો તથા શરીરનાં રોમેરોમ ખડાં થઈ ગયાં, એટલુંજ નહિ પણ બદનનો સર્વે રંગ બદલાઈ ગયો. અંગમાંથી પરશેવાનાં બિંદુ ઝરવા લાગ્યાં, હર્ષનાં આંસુઓ આંખ્યોમાં સ્ફુરી આવ્યાં, અને શરીર કાંઈક ધ્રુજવા લાગ્યું; મુખે બોલવામાં તોતળાવા લાગી, ચંચળ નયનો ઇસારો કરવા લાગ્યાં, એ પ્રકારે જ્હારે પોતાના શરીરમાં શુદ્ધિ રહી નહીં-ત્હારે કુસુમાવળીને સાનમાં સમજાવ્યું કે તમો ત્હાં જઈ મારી સર્વે હકીકત તેમને કહો; હાલ હું કેમ કરીને પત્ર લખું ? વળી તેમને (!) મ્હારી વંદના કરીને કાગળ લખી મોકલવાનું કેહેજો, અને મનુહાર કરી રહેવાનું કહેજો; તથા જ્હારે મારી પિડા મટશે કે તુરત પત્ર લખીશ. વળી મ્હારા સર્વે દિવસની હકીકત ગુજારી એમનો સંદેશો લાવીને મને કહેજો. તે સાંભળ્યા પછી કુસુમાવળી રથમાં બેસીને ચાલી, તે જહાં સાગર હતા-ત્હાં જઈ ઉતરી. (૨૮)

दोहा.

आय योगिपें मालिनी, आवन कुसुम सुनाय;
पाछें फिरि त्यों कुसुम रथ, सागर सानिध आय. ॥ २९ ॥

ટીકા—માલણ યોગી પાસે આવી કુસુમાવળીને આવવાનું સંભળાવી પાછી ફરે છે એટલામાં તો કુસુમાવળીનો રથ સાગર પાસે આવી લાગ્યો. (૨૯)

कुसुम आय सागर कनें, अति दीनी आशीश;
स्नेह सहित तब सागरें, निरखी नमाये शीश. ॥ ३० ॥

ટીકા—સાગર સમીપે આવીને કુસુમાવળીએ ઘણી આશિષ્ય દીધી; ત્હારે સાગરે પ્રીતિયુક્ત સામું જોઈને માથું નમાવ્યું. (૩૦)

सागरकों तब स्नेहतें, कुशल बूझिकें काय;
प्रेम धरी परबीनके, सब संदेश सुनाय. ॥ ३१ ॥

ટીકા—પછી કુસુમાવળીએ સાગરને સ્નેહથી શરીરે ક્ષેમકુશળતા પુછી પ્રવીણનો ઉમળકાથી સર્વે સંદેશો કહી સંભળાવ્યો. (૩૧)

सागरने तब स्नेहतें, बूझे हाल प्रबीन;
क्लेशसहित कुसुमें तहां, यथायोग्य सब कीन. ॥ ३२ ॥

ટીકા—તે વખતે સ્નેહથી સાગરે પ્રવીણના સમાચાર પુછયા, ત્હારે કુસુમાવળીએ દુઃખની સાથે યથાયોગ્ય સર્વે કહ્યું. (૩૨)

सागर सुनि सो कानमें, उरमें बनी उदास;
आह उचारी आंस्यतें, डारे दीर्घ निसास. ॥ ३३ ॥

ટીકા—જેને કાનમાં સાંભળી મનમાં ઉદાસ થઈ મુખથકી "હાય! હાય!!" એવો શબ્દ ઉચારીને મ્હોટો નિસાસો નીખ્યો. (૩૩)

कहन लगे पुनि कुसुमकों, अब नहि अमित विलंब;
प्रभा नाथतें प्रसन्न भे, शंकर अरु जगदंब. ॥ ३४ ॥

ટીકા—તથા કુસુમાવળીને કહેવા લાગ્યા કે હે બ્રહ્મબાળા! હવે ઘણી વાર નથી; કેમકે પ્રભાનાથ સિદ્ધથકી શંકર અને ઉમયાજી પ્રસન્ન થયાં છે. (૩૪)

यों कहि आदी अंतलों, बात कही बिस्तार;
महा रात्रिके प्रांतमें, हे अपनो उध्धार. ॥ ३५ ॥

ટીકા—એટલું કહીને આદિથી તે અંત સૂધીની સર્વે વાત વિસ્તારીને કહી મહારાત્રિના સવારમાં આપણો ઉદ્ધાર છે–એમ પણ જણાવ્યું. (૩૫)

यातें यह उर राखिकें, उरमें धारि उमंग;
आयो सब उन अवधिपें, नीके नेन तरंग. ॥ ३६ ॥

ટીકા—વાસ્તે એ વાત મનમાં રાખીને ઉરમાં અતિ ચાહનાથી તે અવધિપર સર્વે સુભગ એવા નેનતરંગ ગામે આવજો. (૩૬)

भौर भयें हम जायगें, ईततें उतही स्थान;
सज्ज करन सब साजकों, थोरेदिन अब जान. ॥ ३७ ॥

ટીકા—અને હવે થોડા દિન રહ્યા છે એમ જાણીને સર્વે સામાન તૈયાર કરવાને અમે આંહીથી તે સ્થળે પ્રાતઃકાળ થતાં પલાયણ કરીશું. (૩૭)

रजा लेइ तब रायकी, कुसुम आय दरबार;
प्रेम धरी परबीनकों, बात कही बिस्तार. ॥ ३८ ॥

ટીકા—પછી મહારાજાની આજ્ઞા લઈ કુસુમાવળી દરબારમાં આવી તથા હર્ષયુક્ત વદને પ્રવીણને વિસ્તાર સહિત સર્વે વાત કહી સંભળાવી. (૩૮)

मुदित बनी महादेवनें, औधि किये शिवराति;
उसदिन जाना आपनें, नेन तरंग अवदात. ॥ ३९ ॥

ટીકા—મહાદેવજીએ પ્રસન્ન થઇને આપણા માટે શિવરાત્રીની અવધિ ઠરાવી છે, તે દિવસે આપણે પવિત્ર એવા નેનતરંગ ગામે જવું પડશે. (૩૯)

भव भेजेंगे भायतें, वालिंम वांहि विमान;
वामें चाढिकें सुर्वकों, जानाहे शिव स्थान. ॥ ४० ॥

ટીકા—તે ઠેકાણે ઉત્તમ વિમાન મહાદેવજી અવેકરીને મોકલશે; તેમાં ચઢીને આપણે સર્વેને શિવસ્થાનકે જાવું છે. (૪૦)

सो सुनिकें परवीन मन, शिवनिशि राह निहार;
शिव पंचाक्षर मंत्रको, करती आस्य उच्चार. ॥ ४१ ॥

ટીકા—તે સાંભળીને કળાપ્રવીણ મનમાં શિવરાત્રીની વાટ જોતી શિવના પંચાક્ષર મંત્રનો મુખથકી ઉચ્ચાર કરવા લાગી. (૪૧)

गाहा.

औधि पाय शिवरात्री, बद्रिकाश्रमतें मनछापुर आयें;
त्रय अशीति अभिधानं, पूर्ण प्रविन सागरो लहरं. ॥ ४२ ॥

ટીકા—સાગર શિવરાત્રીની અવધિ પામીને બદ્રિકાશ્રમથી મનછાપુર આવ્યા; તે સંબંધી પ્રવીણસાગર ગ્રંથની ત્રાશીમી લહર સંપૂર્ણ થઈ. (૪૨)

इतिश्रीप्रवीनसागरग्रंथेशिवरात्रयवाधिसंपाद्यबद्रीकाश्रमात्मनसापुर्यागमनकथनंनाम त्रिअशीतितमो लहरं ॥ ८३ ॥

लेहेर ८४ मी.

अथ प्रवीनसागरादिककैलासवासकरनप्रसंगोयथा—चोपाइ.

प्रात भये मनछापुरि मांय, नेनतरंग मग सातो धाय; थोरे दिनमें सोइ आय, जित शंकरके स्थान सुहाय. अघ्य उग्रकों वंदन कीन, अर्चकने तब आशिश दीन; सागरनें तब बूझी बात, कहो सुनेह नगर कुशल लात. अर्चकनें तब कीनीं बात, योगी व्हे जब गे तुम सात; तबहीतें तुम्हरे पितु मात, कष्ट सहतहे अति निज गात. भोजन भुक्त करे इक बार, तुम आवन आशा उर धार; पल प्रति डारे दीर्घ निसास, रहत सदा उर आप उदास. तैसे चंद्रकला दिन रात, बहुधा वपुमांही बिल लात; और सबे तुम्हरे परिवार, शोक करतहे चित्त अपार. सर्व प्रजा पुनि व्हे दिलगीर, याद करी द्रग लावत नीर; योंहि करत जब गे चहुमास, रैयत संब्रही रहत उदास. ऐसेमें इक भो आनंद, शशीकलाने जायो नंद; तातें तोष सबे तनु पाय, किंचित दुख तुम्हरे बिसराय. सोय सुनीकें सातो मित्त, प्रसन्न भये अति अपने चित्त; उनकों दी तब मोती माल, उतरे जा निज बाग विशाल. जान भये

यह सरवें लोक, आय तिहां तब थोके थोक; प्रणिधि पठाय रजा ले राज, नेहनगर शुध्धि देने काज. ॥ १ ॥

ટીકા—મનછાપુરૂમાં સવાર થયું ત્હારે સાતે મિત્રો નેનતર અને રસ્તે ચાલ્યા અને થોડા દિવસમાં જહાં શંકરનું દેવાલય શોભે છે—ત્હાં આવી પહોચ્યા; બાદ શિવ સમીપે આવી વંદના કરી—એટલે પૂજારીએ આશિર્વાદ આપ્યો. પછી સાગરે તેને વાત પુછી કે નેહનગરની કુશળતાની સારી વાત કહો. ત્હારે પૂજારીએ જવાબ આપ્યો કે જ્હારે આપ સાતે જણ યોગી થઇને સિધાવ્યા ત્હારથી તમારાં માબાપ પોતાની કાયામાં ઘણું દુઃખ સહન કરે છે. તેમજ તમારી પાછા આવવાની આશા મનમાં ધરીને દિવસમાં એક વખત અન્ન જમે છે, અને પળે પળે મ્હોટા નિસાસા નાખે છે, તથા હમેશાં પોતે મનમાં ઉદાસી રહે છે. વળી ચંદ્રકળા પણ શરીરમાં રાત દિવસ બહુજ કલ્પાંત કરે છે; ઉપરાંત સર્વ પરિવાર મનમાં અતિશય શોક ધરે છે. સર્વે રૈયત પણ દિલગીર થઈ તમને સંભારીને આંખ્યોમાં આંસુ લાવ્યા કરે છે. એમ કરતાં જ્હારે ચાર મહિના વિત્યા અને રૈયત સર્વે ઉદાસ રહ્યા કરે છે;—પરંતુ એવામાં પ્રભુકૃપાયે એક હર્ષ થયો; તે એકે-ચંદ્રકળાએ એક મહા તેજસ્વી પુત્ર પ્રસવ્યો. તેથી સાતે મિત્રો પોતાના મનમાં અતિશય પ્રસન્ન થયા અને તેને મોતીની માળા ભેટ આપી પોતાના વિશાળ બાગમાં જઈ ઉતારો કર્યો. આ વાતની લોકોને જાણ થતાં તેમનાં ટોળે ટોળાં ત્હાં આવવા લાગ્યાં. પછી મહારાજા સાગરની રજા લઈ નેહનગર ખબર આપવા માટે એક કાસદને મોકલ્યો. (१)

दोहा.

प्रणिधी पहुंची प्रेमतें, नेहनगरके मांय;
सागरके पितु मातकों, सागर आय सुनाय. ॥ २ ॥

ટીકા—કાસદ પ્રેમથી નેહનગરે પોહોંચીને સાગરના માબાપને સાગર આવ્યાની વધામણી આપી. (૨)

तोटक छंद.

शुधि सागरकी पितु मात सुनी, मनमें मुदता प्रगटी दुगुनी; सरपाव दिये उनकों उमदा, वनि चंद्रकली सुनिकें समुदा. अति उत्सव कीय सु हर्ष धरी, बहु बांटि वहां उरमें मिसरी; पुनि दीननकों अति दान दिये, प्रति द्वारन तोरन बांध लिये. सब लोक अशोक भये मनमें, सुनि चारु बधाइ नृपांगनमें; सजि सैन चले परिवार सबे, लिय चंद्रकुला सुत साथ तबे. पुनि प्रेम धरी अति आप दिलें, कितने उर लोकहि साथ चले; करतें दर मज्जल आ-

य तहां जित सागरके सब साथ रहा. मिलि सागरकों परिवार सबे, मनमोद महा पुनि पाय तबे; लखि मात पिता सुत चंद्रकला, उपजे उर सागर हर्ष भला. ॥ ३ ॥

ટીકા—સાગર આવવાના સમાચાર સાંભળીને માત પિતા મનમાં ઘણાં રળિયાત થયાં, અને કાસદને ઉમદા સરપાવ બક્ષીસ કર્યો. વળી પોતાના સ્વામિ આવ્યાની ખબર પામીને ચંદ્રકળાની ખુશાલીનો પણ પાર રહ્યો નહીં, તેથી મહા ઉમંગથી હર્ષ ધરીને ઉત્સવ રચ્યો. તથા નેહનગરમાં ઘણીજ સાકર વેંહેચી, ગરિબ લોકોને ઘણાં દાન દીધાં, તથા નગરમાં ઘેર ઘેર દ્વારપ્રત્યે તોરણ બંધાવ્યાં, તેમ રાજ આંગણામાં હર્ષની વધામણી સાંભળીને સર્વે લોકો મનમાં શોકરહિત થયાં, તેમજ ફોજ તયાર કરી સર્વે પરિવાર સહિત શિવમંદિર તરફ ચાલ્યાં; સાથે ચંદ્રકળા તથા તેનો પુત્ર પણ છે. તે સમે કેટલાક શેહેરના લોકો પોતાના મનમાં અતિ પ્રેમ ધરીને સાથે ચાલ્યાં અને દર મજલ કરતાં જહાં કુંવર રસસાગરનો સર્વે સાથ રહ્યો છે-ત્યાં આવી લાગ્યાં. બાદ સાગરને સર્વે પરિવાર મળીને મનમાં ઘણોજ હર્ષ તે વખતે પામ્યા. અને માબાપ, પુત્ર ને ચંદ્રકળાને જોઇને સાગરના મનમાં ઘણોજ હર્ષ ઉલટી આવ્યો. (૩)

दोहा.

सागरकों मिलि सर्व जन, कहत करी आदेश;
पूर्ण भइ तुम औधि अब, सबे उतारो भेष. ॥ ४ ॥

ટીકા—સાગરને સર્વે જણ મળીને આદેશ (પ્રણામ) કરીને કહે છે કે, હવે તમારી અવધિ પુરી થઈ છે માટે આ સર્વે યોગીનો વેશ ઉતારો. (૪)

सागरोक्त-अलक छंद.

भेख उतारनकी सुनि सागर, कहन लगे सबकों रतिलाकर; साधनहे हमरेहि अपूरन, शिव निशिके दिन होयगें पुरन. वादिन वनिगे भेख उतारन, और सजेंगे चारु सिंगारन; वां तक हम बसिगे इत ठांवहि, सिद्धि सुखद उर इछित पावहि. यों कहिकें सबकों समुझायहि, रोक लिये उनकों पुनि वांयहि; आप उरें परवीन संभारत, और मुखें शिव मंत्र उचारत. ॥ ५ ॥

ટીકા—યોગીનો ભેખ (વેષ) ઉતારવાનું સાંભળીને સાગર સર્વેને પ્રીતિયુક્ત કહેવા લાગ્યા કે-હજી અમારૂં સાધન અધૂરૂં છે તે શિવરાત્રીને દિવસે પુરૂં થશે, માટે ભેખ તે દિવસે ઉતારવાનું બનશે-જે પછી શરીરે સુંદર શૃંગાર ધારણ કરશું. ત્યાં સુધી અમે આ ઠેકાણે મનમાં ઇચ્છેલી સુખ સિદ્ધી પામવાને રહેશું; એવું કહી સર્વેને સમઝાવ્યા તથા તેઓને પણ શિવરાત્રી સુધી ત્યાં રોકયા. પોતે મનમાં પ્રવીણને સંભારે છે, અને મુખેથી શિવમંત્ર ઉચ્ચારે છે. (૫)

दोहा.

महस करत शिवरात्रिमें, सागर नेन तरंग;
सोय सुनी उत आत जन, उरमें धरी उमंग. ॥ ६ ॥

ટીકા—એવી રીતે મહારાજા રસસાગર નેનતરંગ ગામમાં શિવરાત્રીનો મહોત્સવ કરે છે; તે ખબર સાંભળીને ઘણાંક માણસો મનમાં અતિ ઉમંગ ધરીને ત્હાં આવવા લાગ્યાં. (૬)

भुजंगी छंद.

महारात्रिमें सागरं मोद धारी, करे पूजनं प्रेमतें त्रीपुरारी; यहे बात फैली सवे ठौर भारी, सुनी लोक वां आन लागे अपारी. जबे आइ नेरे महारात्रि जानी, प्रबीनं तबे तातसों भंखि बानी; महा होत उद्धर्ष नेनं तरंगा, वहां जानकी चित्त मेरे उमंगा. करो शासनं तो हमें वां सिधावे, करी दर्श महादेवके मोद पावे; सुनी सोय आज्ञा दिये तुर्त तातें, चली सैन साथें लइकें प्रभातें. लिये संगमें दास दासी अपारी, लिये कार्यके काजही मंत्रि चारी; लिये पालकी स्यंदनं चारु केते, लिये ब्रह्मकंन्या पुनी साथ हेतें. लइ साज एते चली रुद्रस्थानें, मिलेकों उरें नाम उत्साह ठानें; रहे द्योस चारो महारात्रि आगें, पहूंचे तबे वां महा प्रेम पागे. ॥ ७ ॥

ટીકા—મહારાત્રીના ઉત્સવમાં સાગર હર્ષ ધરીને પ્રેમથી શંકરનું મહાપૂજન કરે છે એ વાત સર્વે ઠેકાણે ફેલાઈ ગઈ તથા ત્હાં લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. અને જ્હારે શિવરાત્રી પાસે આવી જાણી–ત્હાં કળાપ્રવીણે પોતાના પિતાશ્રીને કહ્યું કે નેનતરંગ ગામે મ્હોટો ઉત્સવ થાય છે–ત્હાં જવાની મ્હારા મનમાં અતિ હોંસ છે, માટે જો આપ આજ્ઞા આપો તો હું ત્હાં જાઉં; તથા શ્રી મહાદેવનાં દર્શન કરીને હર્ષ પામું. તે સાંભળીને તુર્ત તેના પિતાયે રજા આપી. એટલે કળાપ્રવીણે સાથે ફોજ લઇને પ્રાતઃકાળે પલાયણ કર્યું. સાથે અનેક દાસ દાસીઓ તથા કામકાજને માટે ચાર કારભારી લીધા વળી કેટલાક સુંદર રથ અને પાલખીઓ પણ સાથે લીધી, તેમજ ઘણીક પ્રીતિ કરીને કુસુમાવળીને પણ સાથે લીધી. એટલો સરંજામ લઇ રાજકુંવરી શિવસ્થાનક ભણી ચાલી. રસ્તે ચાલતાં મનમાં પતિને મળવાનો ઉત્સાહ આણે છે, એવી રીતે જહાં શિવરાત્રી આડા ચાર દિવસ બાકી રહ્યા–ત્હાં અતિ પ્રેમમાં ભીંજાયેલ રાજબાળા નેનતરંગ ગામે શિવમંદિરે આવી પહોંચી. (૭)

दोहा.

शिव मंदिर सान्निध्यमे, उतरे तम्बु तनाय;
राह लखत शिवरात्रिकी, उर उत्कंठा लाय. ॥ ८ ॥

ટીકા—પછી શિવાલયની સમીપમાં તંબુ તણાવીને ઉતર્યાં, અને મનઃમાં ઉત્કંઠા લાવીને શિવરાત્રીની વાટ જુવે છે. (૮)

कवित्त.

ज्यों ज्यों निशि आत नेरे, औधिकी अनूप त्यों त्यों; आनंद अमित होय, चित्तें सरसातहे. जैसें बनी बना लखि, वासर विवाह नेरे; आपुसमें उर महा, वासना वढातहे. बंना जाने कबे मेरी, बनरीको ग्रेहों कर; बनी जाने. कबे कर, बनाको ग्रेहातहे. तैसें तिहि काल तहां, सागर सु जानहिकों, उमंग अपार महा, उरें अधिकातहे. ॥ ९ ॥

ટીકા—જેમ જેમ અવધિની અનુપમ રાત્રી નજદિક આવતી જાય છે, તેમ તેમ બન્નેના મનમાં આનંદ વધતો જાય છે; જેમ પરણવાને તૈયાર થયેલાં વર વહુ લગ્નનો દિવસ નજદીક જોઇને પરસ્પર એક બીજાં મનમાં અતિ વાંચ્છના વધારે છે, તે એવી રીતે કે-વર જાણે કે ક્યારે મ્હારી વહુનો હાથ ગ્રહણ કરૂં અને વહુ જાણે કે ક્યારે વરનો હાથ પકડાશે! તેવીજ રીતે તે સમે ત્હાં સાગરે અને કળાપ્રવીણને મનમાં ઘણોક ઉમંગ વધતો જાય છે. (૯)

पद्धरी छंद.

इमि करत घोस शिवरात आय, तब संघ चार कोसें छवाय; मिलि सबेय मनुष शिव स्थान आय, शिव गान करत मन मोद लाय. बहु बाद्य बीन आदिक बजाय, अरु अबिर गुलाल अतिहि उडाय; वांहिं करत नाच वेस्या विचित्र, लखि सोय बनत केते ज्यु चित्र. पुनि दीपमाल प्रगटी अमान, अति लसत सोय तारे समान; लखि सोय चित्त हरखाइ देव, कितनेक आय शिव करन शेव. उस समय लसत शिव स्थान भास, जनू इंद्रपूर इत व्हे प्रकाश; अति आय विप्र पूजा करंत, उरमें अपार उत्साह धरंत. यह समय सिद्ध इत ठौर आय, लखि सोय मित्र सातें वहांय; करजोरि शीश चरने नमाय, अति मोद आप मन मांहि पाय. ॥ १० ॥

ટીકા—એમ કરતાં શિવરાત્રીનો દિવસ આવ્યો, ત્હાંતો ચાર ગાઉ ફરતો સંઘનો વિસ્તાર થયો. તે સર્વે મનુષ્યો મળીને શિવમંદિરે આવ્યાં અને મનમાં હર્ષ લાવીને શિવના ગુણનું ગાયન કરવા લાગ્યાં. કંઈક જનો વિવિધ જાતની વીણા આદિક વાજીંત્ર વગાડવા લાગ્યા; કંઈક અબીલ-ગુલાલ ઘણોક ઉડાડવા મંડયા; તે મધ્યે નાયકાઓ વિચિત્ર નૃત્ય કરવા લાગીઓ, જે જોઇને કેટલાક તો જેમ ચિત્ર હોયને? તેવા સ્તબ્ધ થઈ ગયા. વળી ત્હાં દીપમાળા પ્રગટી તે આકાશના તારાઓના જેવી શોભવા લાગી; તે જોઇને કેટલાક સુરગણો અતિ હર્ષધરી શિવની સેવા કરવા ત્હાં ઉતરી આવ્યા. તે સમે શિવાલયનો

દેખાવ અર્પ્યો તે શોભવા લાગ્યો કે જાણે ઈંદ્રનું નગર આંહી આવીને પ્રકાશ થયું હોયને શું ? એમ દીપવા લાગ્યું. તથા ત્હાં અનેક બ્રાહ્મણો આવીને પૂજા કરે છે, અને મનમાં અતિશય ઉત્સાહ લાવે છે. એટલામાં સિદ્ધ પણ તે ઠેકાણે આવ્યા; તેમને જોઈ સાતે મિત્રોએ હાથ જોડી સિદ્ધના પગમાં મુસ્તક નમાવી મનમાં પોતે ઘણોજ હર્ષ પામ્યા. (૧૦)

दोहा.

सिद्ध समीपें इशकी, मिलिकें सातो मित्त;
पूजा करिकें पूर्ण पुनि, विनयकरत धरि प्रीत. ॥ ११ ॥

ટીકા—પ્રભાનાથ સિદ્ધની સન્મુખ સાતે મિત્રોએ મળીને શંકરની પૂજા પુરી કરી; બાદ પ્રેમધરીને વિનય કરવા લાગ્યા કે, (૧૧)

अथ शंकरस्तुति–त्रिभंगी छंद.

गिरिजाके स्वामी, अंतरयामी, निर्मल नामी, सुखकारी; लाइ रति अंगा, नाचत चंगा, धरी उमंगा, अति भारी. सुख संपतिदायक, पूजन लायक, भूतहि नायक, भय हारी; तनुपं गजखाला, ओढ विशाला, मुंडन माला, गल धारी. गौरे तन भारी, विभुती धारी, हर्ष अपारी, हिय धारी; विग्रह करि भारी, त्रीपुर जारी, कीर्त्ति भरी, बिसतारी. दमके शशि भाला, वपु बिकराला, बिलसत व्याला, भयकारी; नेहें भित अंगा, रहतहि नंगा, पीवत भंगा, अति भारी. अंधकके नाशन, उमा बिलासन, मरघट आशन, नित धारी; तपस्या तन धारन, अधम उद्धारन, प्रेम प्रसारन, सब टारी. कीटादिक केते, प्रानी जेते, पोषत तेते, मुद धारी; वाहन वृषधारी, करुनाकारी, जटा अपारी, शिर धारी. रतिनाथ प्रजारे, द्रगकी झारें, क्रोध अपारे, मन धारी; हरनौटा चाहक, त्रीपुर दाहक, नेह निबाहक, नर नारी. लक्ष्मादिक सिद्धी, पुनि नवनिद्धि, आदिक ऋद्धी, अधिकारी; हठयोग प्रकाशी, बिघन बिनाशी, जन अभिलाषी, सुखकारी. रजता चलवासी, तंत्र प्रकाशी, हृदय हुलासी, सब भारी; वरदान दिवैया, गंग धरैया, दुःख हरैया, अति भारी. नाथनके नाथं, जोरी हाथं, साते साथं, रति लारी; यह अरज उचारी, दिलसो धारी, लहो उधारी, करुधारी. ॥ १२ ॥

ટીકા—પાર્વતીના પતિ, સર્વેના મનમાં વસનારા, પવિત્ર નામવાળા અને સુખને કરનારા, તથા અંગમાં પ્રીતિ લાવી ઉમંગ ધરી–અતિ મનોહર રીતે નૃત્ય કરનારા, સુખ તથા સંપતિને દેવાવાળા, પૂજવાને યોગ્ય–અને ભૂતોના નાયક, ભયને હરવાવાળા, શરીરપર વિશાળ ગજખાલને ઓઢનારા,

માથાઓની માળાને ગળામાં ધરનારા, હૈયામાં અપાર હર્ષ ધરીને, ગૌર શરીરમાં ભારે ભસ્મ લેપન કરનારા, ભારે લડાઈ કરીને ત્રણ શેહેરોને બાળી અતિ કીર્ત્તિ વિસ્તારનારા,-તથા જેના કપાળમાં ચંદ્રમા ઝળકે છે, અને ભય કરનારા વિકરાલ સર્પ જેના શરીરમાં વિલાસ કરે છે-એવા, અને હમેશાં પ્રેમથી અંગે નગ્ન રહેનારા, અતિ ભારે ભાંગ પીનારા, અંધકાસુર દૈત્યનો નાશ કરનારા, પાર્વતીની સાથે વિલાસ કરનારા, અને મશાણમાં હમેશાં રહેનારા, તથા શરીરમાં તપને ધારણ કરનારા, પાપી જનોનો ઉદ્ધાર કરનારા, સર્વે ઠેકાણે પ્રેમને ફેલાવનારા, તથા કીટ આદિક કેટલાએક જેટલા પ્રાણી છે-તેટલાનું હર્ષ ધરીને પોષણ કરનારા, વળી પોઠિયાંનું વાહનવાળા, દયા કરનારા, માથાપર અપાર જટા ધારણ કરનારા, મનમાં ઘણોક ક્રોધ ધારીને નેત્રની જવાળાથી કામદેવને બાળ્યો-એવા, અને હરણના બચ્ચાને ચાહાનારા, ત્રિપૂરાસુરને બાળનારા, સ્ત્રી પુરૂષોના પ્રેમને નિભાવવાવાળા, તથા લક્ષ્મી આદિ અષ્ટ સિદ્ધી અને નવ નીધ્ધિ આદિ જે સ્મૃધ્ધિ-તેના ઉપરી, હઠયોગને પ્રકાશ કરનારા, વિઘ્નનો વિનાશ કરનારા, અભિલાષી જનોને સુખ દેવાવાળા, તથા કૈલાસ પર્વતપર વસનારા, તંત્રને પ્રકાશનારા, સર્વના હૃદયને ભારે હર્ષ કરનારા, અને વળી વરદાનને દેવાવાળા, ગંગાને ધરનારા, અતિભારે પિડાને હરનારા, એવા હે નાથોના નાથ! તમને હાથ જોડીને અમે સાતે મિત્રો સાથે પ્રીતિ લાવીને આ અરજ કરિયે છીએ; તે મનમાં સ્વીકારીને અમારો હાથ ઝાલી ઉદ્ધારી લ્યો. (૧૨)

प्लवंगम छंद.

भइ प्रार्थना पूर्ण, गये अध रातही; तबे शिवा अरु संभु, मुदित व्हे गातही. भेजे धरिकें भाव, गिरि कैलासतें; स्वर वेस्या गन वृंद, कथत जय आस्यतें.. लाये सोय विमान, साथे वहोतहे; वाकी छबि छितिमांय, झलाझल होतहे. सोय लखी सब लोक, अचंभा पायकें; पेखत पुनि पुनि वांहि, मोद मन लायकें. ॥ १३ ॥

ટીકા—અદ્ધ રાત્રી ગઈ-એટલે પ્રાર્થના પૂરી થઈ; તે વખતે શિવ પાર્વતી ઘણાંક પ્રસન્ન થયાં. અને કૈલાસ પર્વતથી ભાવ ધરીને અપ્સરાઓ તથા ગણના સમૂહોને મુખેથી "જય જય" કરતા મોકલ્યા. તેઓ સાથે ઘણાંક વિમાનો લાવ્યા છે-તેની શોભા પૃથ્વી ઉપર જળહળવા લાગી; તેથી સર્વે લોકો અચરજ પામીને મનમાં હર્ષ ધરી વારે વારે જોવા લાગ્યા. (૧૩)

दोहा.

आय विमान अकाशतें, सेंव देखत सुखदाय;
तब परबिन कुसुमावली, संभु सदनमें आय. ॥ १४ ॥

टीका—सर्वे जुवे तेम आकाश मार्गे सुखकर विमानो आव्यां, त्हारे कळाप्रवीण अने कुसुमावळीए शिव मंदिरमां प्रवेश कर्यो. (१४)

कवित्त उपमालंकार द्रष्टांतालंकार.

गिरिवर तोरी महा, नदिनीके तोय जैसे; मिलतहे वेगें महा, जलधिकों जायकें. तंतुहिके बंध तोरीं, अंगमें उमंग धरी; मतंगकों मिले जैसे, धेनुंकाही धायकें. रावनके वंध तोरी, हरषतें हनु जैसें; रामहिकों मिले आय, लंककों जरायकें. तैसें लोक लाज अरु, कुलहीकी कानि तोटी; प्रेमतें प्रवीन मिली, सागरकों आयकें. ॥ १५ ॥

टीका—जेम नदीनुं जळ मोटा पर्वतने तोडी अति वेगथी जइने समुद्रने मळे छे; अने जेम दोरनां बंध तोडीने मनमां उमंग धरी हाथणी दोडीने हाथीने भेटे छे; जेम अंगमां रावणना बांधेला बंध तोडीने लंकाने बाळी-हरखथी हनुमानजी रामचंद्रजीने आवीने मळ्या,-तेम लोकनी लाज अने कुळनी मर्यादा तोडी प्रेमथी कळाप्रवीण सागरने आवी मळी. (१५)

दोहा.

प्रेम धरी परबीन जब, मिलि सागरकों आय;
पांन ग्रही तब परस्पर, शिव मंदिरमें जाय. ॥ १६ ॥

टीका—ज्हारे प्रेम धरीने कळाप्रवीण सागरने आवी मळी, त्हां एकबीजां परस्पर हाथ पकडी शिवमंदिरमां जइने:—(१६)

षोडशही उपचारतें, पूजा करि पुन राय;
हर्ष धरी निज हृदयमें, शिवकों शीश नमाय. ॥ १७ ॥

टीका—फरीने सोळ उपचारथी शिवपूजन करी पोताना मनमां रळियात थई श्री शंकरने शीश नमाव्युं. (१७)

इतनेमें सत्वर तहां, सप्त मित्र सखि दोय;
नवके नौतम तन भये, पेखतही सब कोय. ॥ १८ ॥

टीका—एटलामां जोतजोतां त्हां सात मित्र अने बे सखी एम नवे-जणनां सर्वे कोई देखतां नौतम शरीर थयां. (१८)

दिव्य देह बनि देवसी, प्रगटी तनमें ज्योति;
शीतल चंद्र समान सों, जगमग जगमग होति. ॥ १९ ॥

टीका—नवे जणनी देवना जेवी दिव्य देह थई; अने शरीरमां कांति प्रगटी ते चंद्रमाना जेवी शीतळ छतां जगमग जगमग जळहळवा लागी. (१९)

जेकरी छंद.

अरुणोदय इतनेमें भये, हर्ष धरी तब सबही हिये;

सागर पितु माताकों नये, आशिश तब उनहीने दिये. ॥ २० ॥

ટીકા—ત્હાંતો મળસકું થયું, ત્હારે સર્વે જણ હૃદયમાં ઉમંગ ભરી સાગરનાં માબાપને નમ્યાં; એટલે તેણે આશિશ દીધી. (૨૦)

दोहा.

पीछें जाय विमानमें, वैठीके सब साथ;

सागर कछु कहने लगे, मात पिताकों गाथ. ॥ २१ ॥

ટીકા—પછી સર્વે સાથે જઇને વિમાનમાં બેશી સાગરે પોતાના માબાપને કંઈક વાત કહેવા લાગ્યા,-(૨૧)

पादाकुलक छंद.

देवैहमें सब हरगिरिवासी, सेव करत शंकरकी खासी; चूक परी कछु करतही सेवा, शाप दिये तब उनही देवा. तातें जन्म लिये तुम गेहें, पुत्र नही पर हम किसिकेहे; शाप औंधि पूरनै भई आजे, आय विमान तबे हम काजें. यातें जात हमें कैलासें, होहु उदास न आप हियासें; राज करो तुम्हरे तुम जाइ, कष्ट धरो न कछू मन मांइ. आपति जो कबही तुम आवे, याद करो हमकों तब भावें; आइ हमें दुख दूर करेंगें, धान्य धनं भंडार भरेंगे. चंद्रकला मति यों पुनि कीने, होहु नही तुम हियतें हीने; पुत्र तुम्हारांहे अब छोटा, पालन करिकें करहू मोटा. व्हेहे सोय बडा परतापी, कीर्ति लहेगा शत्रु उथापी; याकों राज्य तिलक तुम देंगे, पीछें हम बोला तुम्ह लेंगे.॥२२॥

ટીકા—અમે સર્વે કૈલાસના રહેવાસી દેવ છિયે, અને શ્રી શંકરની મનોહર સેવા કરીએ છીએ; પણ શિવાર્ચનમાં કાંઈક ચૂક પડતાં તે દેવાધિદેવે અમને તે કસુર માટે શ્રાપ દીધો, તેના યોગેકરીને અમે તમારે ઘરે જન્મ લીધો હતો; પરંતુ અમે કોઈના પુત્ર નથી. આજે અમારા શ્રાપની અવધિ પુરી થઈ એટલે અમને લેવાને વિમાન આવ્યાં છે; જે માર્ગે અમો કૈલાસમાં જઇયે છીએ, માટે આપ મનમાં ઉદાસ થશો નહીં, અને તમો સુખે જઇને તમારૂં રાજ કરો, તથા મનમાં કાંઇએ કષ્ટ ધરશો નહીં. છતાં ક્યારેય જો તમારે આપત્તિ આવી પડે તો તેજ વખતે અમને ભાવે કરીને યાદ કરજો—એટલે અમો આવીને તુર્ત તમારૂં દુઃખ દૂર કરશું. તેમજ ધન ધાન્યના ભંડાર ભરી દેશું. વળી ચંદ્રકળા પ્રત્યે એમ કહ્યું કે—તમે હૈયામાં જરાય હીજરાશો નહીં, કારણ હાલ તમારો પુત્ર ન્હાનો છે,—તેને પાલણ કરીને મ્હોટો કરો. તે અતિ પ્રતાપી થશે અને શત્રુનો નાશ કરીને કીર્તિ પામશે. બાદ જહારે તમે એને રાજ્યતિલક કરશો ત્હાર પછી અમે તમને કૈલાસમાં બોલાવી લઈશું. (૨૨)

प्रवीनोक्त-छपय.

प्रधान प्रति तब बैन, पडे परबीन बहांइ;
द्रग देखत तुम जेह, सोय मनछापुर जाइ.
हम पितु मातु पास, बात यथारथ कहियों;
हम जावत कैलास, शोक न तुम चित लहियो.
जब भक्ति करी हम भव भवा, तब पाये यह वासकों;
तिमि भक्ति करे सो पायगे, हरक गिरि कैलासकों. ॥ २३ ॥

ટીકા—હવે પ્રધાન પ્રત્યે ત્હાં કળાપ્રવીણ વચન બોલી કે-જે તમે આંખ્યે જુવો છો તે મનછાપુરમાં જઇને મ્હારા માબાપ પાસે જેવી છે તેવી સર્વે વાત કહેજો; અને વિશેષમાં એટલું સૂચવજો કે હું કૈલાસમાં જાઉં છું માટે તમો મનમાં જરાએ શોક પામશો નહીં; જહારે અમે શિવ અને પાર્વતીની ભક્તિ કરી તો આ નિવાસને પામ્યાં છિયે, તેમ જે ભક્તિ કરશે તે શિવના કૈલાસ પર્વતને પામશે. (૨૩)

दोहा.

ऐसे कहि इत ठौरतें, व्योम चलाय विमान;
सर्व गये कैलासमें, सिद्ध सहित शिव स्थान. ॥ २४ ॥

ટીકા—એટલું કહી રહ્યા પછી ત્હાંથી વિમાન આકાશમાં ચલાવ્યું ને સિદ્ધસહિત સર્વે કૈલાસમાં શિવનેસ્થાનકે ગયાં. (૨૪)

चोपांइ.

सर्व भवा भव पासे जाय, प्रेम धरीकें लागे पाय; तब उसने आशीशहि दीन, रोज रहो तुम रसमें लीन. बहुरि वसीकें गिरि कैलास, रोज भोगवो भोग विलास; फेरन पैहो विरह बलाय, साथ रहोगे इतहि सदाय. जन्म धरी पुनि जगके मांय, किये चरित्र तुमे जिहि काय; सोय चरित्रके ग्रंथ बनाय, गुनी गायगे मोद बढाय. ऐसी सुनि हर उमया बानि, मोद सबे निज मनमें ठांनि; सिद्धादिक आयेथे जेह, करी प्रनाम गये सब गेह. पीछे हर उमयाके पाय, नमी नबे जन लेहि रजाय; सब सबकेही स्थानक जाय, रहे सदा उर आनंद लाय. ॥ २५ ॥

ટીકા—એમ સર્વે શિવ પાર્વતીની પાસે જઇને પ્રેમ ધરી પગે લાગ્યાં; ત્હારે તેમણે આશીશ દીધી કે, હમેશાં તમે રસમાં લીન રહો. વળી કૈલાસ પર્વતમાં રહીને નિરંતર નવીન ભોગ વિલાસ ભોગવો, અને ફરીને વિરહરૂપી બલાને નહિ પામતાં આંહી સદાય સર્વે સાથે રહેશો—એટલુંજ નહિ પણ જગ-

ત્માં તમોએ જન્મ ધરીને જેજે શરીરે ચરિત્ર કર્યાં હશે; તે ચરિત્રોને ગ્રંથથી ગુંથી ગુણીજનો હર્ષ વધારીને ગાશે. એવી ઉમા માહેશની વાણી સાંભળી સકળ સમાજે પોતાના મનમાં હર્ષ આણ્યો. બાદ સિદ્ધ આદિક દેવગણે શ્રી શંકરને પ્રણામ કરી સર્વે પોતાના સ્થાન પ્રત્યે ગયા. ત્હાર પછી નવેજણાં શિવ પાર્વતિને નમીને રજા લઈ-સૌ સૌને ઘેર જઈને સદાય મનમાં આણંદ લાવીને રહ્યાં. (૨૫)

दोहा.

सागर और प्रवीन हिय, नित्य नवल धरि नेह;
बिलसत रातो दिवसहे, बसी आपने गेह. ॥ २६ ॥

ટીકા—ત્હાર કેડે સાગર અને કળાપ્રવીણ મનમાં નિરંતર નવનવો નેહ ધરીને પોતાને મેહેલે રહી રાતદિવસ વિલાસ કરવા લાગ્યાં. (૨૬)

कविवाच—चोपाइ.

जब सागर कैलास सिधार्य, तब उनके पितु माता जाय; स्थापित शिवको शीश नमाय, आप रहे निज पुरमें जाय. उते मिलेथे जन पुनि और, सोय गये सब सबके ठौर; प्रबिन सँगाते जे जन आय, सोय सबे मनछापुर जाय. बात सबे नृप पासें कीन, सोय सुनी व्हे अचरज लीन; किंचित मोद भरी मन मांय, किंचित अंग उदासी छाय. बोले ऐसें मुखतें सोय, होने हार मिथ्या नहि होय; हम उर सूनु मिलनकी आश, सोय बसी पुनि जा कैलास. काम न आवे इच्छा कोय, इश्वर जेह करे सो होय; सागर और कलापरवीन, गे कैलासें सो रस लीन. सोय सुनी सब पुरके लोक, बात करे मिलि थोके थोक; धन्य प्रद्दीप धरापें भूप, जाके सागर पूत्र अनूप. धन्य पुनि नीतिपालहि राय, बेटी जिस परबीन कहाय; अचल कीर्त्ति अवनीमें छाय, बसे बहुरि कैलासें जाय. ऐसी बात करिके लोक, गये सबे सब सबके ओक; सोय सबे हम उरमें भाय, तबे हमें यह ग्रंथ बनाय. ॥ २७ ॥

ટીકા—સાગરના કૈલાસે સિધાવ્યા પછી તેમનાં માત પિતા જઇને સાગરના સ્થાપેલા શિવને શીશ નમાવીને પોતે પોતાના પુરમાં આવી રહ્યાં. સિવાય ત્હાં જે બીજા લોકો મળ્યા હતા, તે સર્વે સૌ સૌને ઠેકાણે ગયાં. તેમજ કળાપ્રવીણની સાથે આવેલાં માણસોએ મનછાપુરમાં જઇને સર્વે બનેલી વાત રાજા પાસે કહી; તે સાંભળી રાજા અચરજમાં લીન થઈ ગયા! તથા મનમાં કાંઈક હર્ષ ધરીને પછી વળી કાંઈક અંગમાં ઉદાસી લાવ્યા, અને મુખથકી એમ બોલ્યા કે જે થવાનું છે તે મિથ્યા થાય નહીં; કેમકે મ્હારા મનમાં જે પુત્રીને મળવાની આશા હતી-તેતો જઇને કૈલાસમાં વસી. અર્થાત્ કોઈની

કારેલી ઈચ્છા કામ આવતી નથી, માત્ર જે પરમેશ્વર કરે તેજ થાય છે; એમ બોલીને રહ્યા. સાગર તથા કળાપ્રવીણ તે પ્રેમ રસમાં ભીંજાયલાં કૈલાસે ગયાં. તે વાત સાંભળીને સર્વે નગરવાસી લોકોનાં ટોળે ટોળાં મળી વાતો કરવા લાગ્યા કે-આ પૃથ્વીપર પ્રદીપ રાજાને ધન્ય છે કે જેને સાગર જેવા ભાગ્યવાન પુત્ર થયા; તેમજ વળી નીતિપાળ રાજાને પણ ધન્ય છે કે જેની કળાપ્રવીણ કુંવરી કેહેવાઈને પૃથ્વીમાં અચળ કીર્તિ ફેલાવી છેવટે કૈલાસમાં જઈ વસ્યાં, એવી વાતો કરીને સર્વે લોકો સૌ સૌને ઘેર ગયાં તે સર્વે મ્હારા મનમાં ગમવાથી મેં આ ગ્રંથ બનાવ્યો. (૨૭)

अथ ग्रंथ[illegible]थनं—दोहा.

जैसें यह अवनी परे, सागर और प्रबीन;
ग्रंथ रचन करि कल्पना, कीने ग्रंथ नवीन. ॥ २८ ॥

ટીકા—એમ આ પૃથ્વીપર સાગર અને કળાપ્રવીણની ગ્રંથ રચવા માટે કલ્પના કરી નવીન ગ્રંથ કર્યો. (૨૮)

आशक माशुक के अमित, [illegible] सुखदाय;
एक ग्रंथ अस रचनकी, चाह भइ मन मांय. ॥ २९ ॥
सात मित्र मिलिकें तबे, धारी हृदय हुलास;
प्रेम प्रसारनके लिये, कीने ग्रंथ प्रकाश. ॥ ३० ॥

ટીકા—આશક માશુકના અનેક સુખદાયક કીસ્સા જોઈને એવો એક નૂતન ગ્રંથ રચવાની મનમાં ચાહના થઈ. ત્યારે સાતે મિત્રો મળીને મનમાં હર્ષધરી પ્રેમ પ્રસારવાને આ ગ્રંથ પ્રકાશ કર્યો. (૨૯-૩૦)

जैसें जलधीके विशे, अति धुनि नीर समाय;
तैसें ग्रंथ अनेकको, यामें सार समाय. ॥ ३१ ॥

ટીકા—જેમ સમુદ્રમાં અનેક નદીઓનાં નીર સમાય છે, તેમ આ ગ્રંથમાં અનેક ગ્રંથોનો સાર સમાવ્યો છે. (૩૧)

चिंतामनि सम सर्वकों, आवनकों अति काम;
अमित ग्रंथ अवलोकि यह, रचना कीन ललाम. ॥ ३२ ॥

ટીકા—ચિંતામણિની પેઠે સર્વને અતિશય કામ આવવાને માટે અનેક ગ્રંથો જોઈ આ ગ્રંથની સુંદર રચના કરી છે. (૩૨)

कवित्त.

जैसें कल्पतरु तरे, चिंतवे सो पावे तहां; तैसें यह ग्रंथ मांहि, चिंतवैसो पायगे. भोगी पाये भोग अरु, योगी जन योग पावे; प्रेमी जन पाइ प्रेम, मोद मन लायगे. रस अलंकार छंद, कवि केते पावे अरु; चतुर सोपाइ चतु-

राइ, हरखायगे. ऐसे अभिराम यह, प्रवीन सागर मांहिं; जोइ चित्त धारे सोइ, प्रेमुहितें पायगें. ॥ ३३ ॥

ટીકા—જેમ કલ્પવૃક્ષ તળે જે ચિંતવે તેને પામે છે, તેમ આ ગ્રંથમાં જે વિષય ચિંતવશે તે પામશે. કેમકે ભોગી પુરૂષો આ ગ્રંથમાંથી ભોગ વિલાસને પામશે; યોગીજનો યોગવિદ્યાને પામશે; તેમજ પ્રેમીજનો પ્રેમલીલાને પામીને મનમાં હર્ષ લાવશે, વળી કંઈક વિયો રસ, અલંકાર, અને છંદોને પામશે, તથા ચતુર પુરૂષો ચતુરાઇને પામી રાજી થશે. એમ આ મનોહર પ્રવીણસાગર ગ્રંથમાં જે મનમાં ચિંતવશે તે પ્રેમથકી પામશે. (૩૩)

दोहा.

सागर सो श्री क्रष्णहे, राधा सोयं प्रवीन;
चातुर चित्तं विनोदकों, ग्रंथ अनूठा कीन. ॥ ३४ ॥

ટીકા—આ ગ્રંથમાં રસસાગરરૂપે શ્રીકૃષ્ણ છે, અને કળાપ્રવીણ તે રાધાજી છે; ફકત ચતુર જનોના ચિત્તના વિનોદને માટે આ અપૂર્વ ગ્રંથ કર્યો છે. (૩૪)

आरंभे यह ग्रंथके, लहर तीजितें वांय;
चरित्र राधा क्रष्णके, रचन हमे मनलाय. ॥ ३५ ॥

ટીકા—આ ગ્રંથના આરંભમાં અમે ત્રીજી લહરથી ત્યાં રાધા કૃષ્ણના ચરિત્ર રચવાનો વિચાર મનમાં લાવ્યા. (૩૫)

पै प्रभुकों नहि योग्यहे, कष्ट भोगनो काय;
यों जानी निज उर विशे, यातें नाम फिराय. ॥ ३६ ॥

ટીકા—પણ કાયામાં વિરહાદિક કષ્ટ ભોગવવાં પરમેશ્વરને યોગ્ય નહીં એમ અમારા મનમાં જાણીને એથી રાધાકૃષ્ણનાં નામ ફેરવ્યાં. (૩૬)

बर्नत राधा क्रष्णकों, यह मन संका लाय;
शिव गनकी करि कल्पना, अभि नव ग्रंथ बनाय. ॥ ३७ ॥

ટીકા—રાધાકૃષ્ણની લીલા વરણવતાં એ મનમાં શંકા લાવીને શિવના ગણની કલ્પના કરી નવિન ગ્રંથ રચ્યો. (૩૭)

बोध नही कछु काव्यके, ज्ञान नही कछु और;
तदपी कीने ग्रंथ यह, निज मन रंमन बहोर. ॥ ३८ ॥

ટીકા—અમને કવિતાનો કાંઈ બોધ નથી અને વળી બીજું પણ કાંઈ જ્ઞાન નથી; તોપણ અમારા મનની ગમ્મતને માટે આ ગ્રંથ ગુંથ્યો છે. (૩૮)

जैसी मति हम उर लसी, तैसी बानि उचारि;
चूक होय जो वाहिमें, तो कवि लेहु सुधारि. ॥ ३९ ॥

ટીકા—જેવી બુદ્ધિ અમારા મનમાં રહી છે, તેવી વાણી અમે ઉચ્ચારી છે; તેમાં જો કાંઈ ભૂલ હોય તો—હે કવિયો! તમો સુધારી લેજો. (૩૯)

साहा.

प्रहारात्रिं मद ठानी, सागर गे कैलास सबकों लहीः.
चतुरा शिस्य भिधानं, पूर्ण प्रबिन सागरे लहः. ॥ ४० ॥

ટીકા—શિવરાત્રીને દિવસે ઉત્સવ કરીને સાગર સર્વેને લઇ કૈલાસ ગયા; તે સબંધી પ્રવીણસાગર ગ્રંથની ચોરાશીમી લહર સંપૂર્ણ થઈ. (૪૦)

इतिश्रीप्रवीनसागरग्रंथेशिवरात्रीउत्सवऔरसागरादिकैलासगमनकरनः नाम चतुराशीतितमो लहरं ॥ ८४ ॥

इतिश्री. प्रबीनसागर ग्रंथ समाप्तं.